
# પ્રવચનસાર પ્રવચન

## ભાગ ૪



ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# પ્રવચનસાર પ્રવચન

(ભાગ–૪)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર
પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૬૮-૬૯ની સાલના શબ્દશઃ સળંગ પ્રવચનો)
(ગાથા-૯૭ થી ૧૨૨)

પ્રકાશક
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
મુંબઈ

વિક્રમ સંવત
૨૦૮૦

વીર સંવત
૨૫૫૦

ઈ. સન
૨૦૨૪

**પ્રકાશન**
શ્રી જંબુદ્વીપ દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા
મહોત્સવ, સોનગઢ, તા. ૨૫-૧-૨૦૨૪

**પ્રાપ્તિ સ્થાન**
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com, email-info@vitragvani.com

**ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

ઉપરોક્ત મંગલાચરણમાં શાસનનાયક મહાવીરસ્વામી બાદ શ્રી ગૌતમ ગણધરને નમસ્કાર કરી જેમને ત્રીજા નંબરે નમસ્કાર કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ વર્તમાન જૈનશાસનના શાસનસ્તંભ છે, જેમણે મૂળ મોક્ષમાર્ગને શાસ્ત્રમાં જીવંત રાખી અનેકાનેક ભવ્ય જીવો પર અસીમ ઉપકાર કર્યો છે. સાંપ્રત જૈનસમાજ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવથી સુચારુરૂપે પરિચીત છે જ. તેમ છતાં તેમના પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને તેઓશ્રી પ્રત્યે ઉપકાર વ્યક્ત કર્યા વિના રહી શકાતું નથી. શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવ પ્રણીત પંચ પરમાગમોમાં 'પ્રવચનસાર' શાસ્ત્ર 'દ્વિતીય શ્રુતસ્કંધ'નાં સર્વોત્કૃષ્ટ આગમોમાંનું એક છે. ભગવાન કુંદકુંદાચાર્યના મહિમા દર્શાવતાં અનેક શિલાલેખો આજે પણ મોજૂદ છે. તેમનાં લખેલાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે.

મહાવિદેહક્ષેત્રમાં વિદ્યમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની પ્રત્યક્ષ દિવ્ય દેશના સાંભળી ભરતમાં આવીને ભગવાન કુંદકુંદાચાર્યદેવે અનેક શાસ્ત્રોની રચના કરી છે. જિનશાસનના અનેક મુખ્ય સિદ્ધાંતોનાં બીજ આ 'પ્રવચનસાર' શાસ્ત્રમાં રહેલાં છે. અતઃ આ 'પ્રવચનસાર' ગ્રંથ છે એ ભગવાન શ્રી સીમંધરસ્વામીના દિવ્ય સંદેશા જ છે. ત્રણ વિભાગમાં વિભાજીત થયેલ આ ગ્રંથમાં વસ્તુ સ્વરૂપને સમજાવતાં મૂળભૂત સિદ્ધાંતોનું પ્રતિપાદન થયેલ છે, જે મુમુક્ષુજીવને મહામિથ્યાત્વરૂપી અંધકારને નષ્ટ કરવા માટે દિવ્ય પ્રકાશ સમાન જ છે.

મહા મિથ્યાત્વથી પ્રભાવિત આ દુષમકાળમાં આવા સર્વોત્કૃષ્ટ પરમાગમોનાં સિદ્ધાંતો સમજવાનું અજ્ઞાનીજીવોનું ક્યાં સામર્થ્ય હતું? પરંતુ ભરતક્ષેત્રના અહોભાગ્યે તથા ભવ્યજીવોને તારવા, આ મિથ્યાત્વના ઘોર તિમિરને નષ્ટ કરવા એક દિવ્ય પ્રકાશ થયો! એ છે કહાન ગુરુદેવ!! પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનાં એક અજોડ રત્ન છે! જેમણે સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા ગૂઢ પરમાગમોના રહસ્યોને ઉકેલ્યા. જેમનાં ઘરમાં આગમો ઉપલબ્ધ હતાં તેમને પણ આગમો ઉકેલવાની શક્તિ નહોતી, એવા આ દુષમકાળમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ પ્રભાવના યોગે ઘરે-ઘરે મૂળભૂત પરમાગમોનાં સ્વાધ્યાયની પ્રણાલિકા શરૂ થઈ. દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત ઈત્યાદિ અનેકાનેક વસ્તુસ્વરૂપને સ્પષ્ટ કરતાં સિદ્ધાંતોનો પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રકાશ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં વચનાનુસાર 'પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનો એક અચંબો જ છે. પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ હતી. પંચમકાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે.' ઈત્યાદિ અનેકાનેક બહુમાનસૂચક વાક્યો પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ

પ્રતિભાને વ્યક્ત કરે છે. એવાં ભવોદધિતારણહાર, નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક મૂળ પરમાગમો ઉપર પ્રવચનો આપી દિવ્ય અમૃતધારા વરસાવી છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવું એ આ મનુષ્યજીવનનો અમૂલ્ય આનંદસભર અવસર છે. પ્રસ્તુત ગ્રંથમાં શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર, ઈ.સ. ૧૯૬૮-૬૯માં ચાલેલ પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવેલ છે. તૃતીય ભાગમાં જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપનની ૭૪ થી ૯૬ ગાથા સુધી ચાલેલા ૨૯ પ્રવચનોને સમાવિષ્ટ કરવામાં આવેલ છે.


પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબ સાઈટ (**www.vitragvani.com**), **vitragvani app, vitragvani YouTube channel** જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલે પાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કરકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી સુધીરભાઈ શાહ, સુરત તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ, મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ<br>
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,<br>
વિલે પાર્લા, મુંબઈ



ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય દેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ‘જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.’

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : ‘શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.’ એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ ‘મોક્ષમાર્ગ પ્રકાશક’ ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ‘સ્ટાર ઑફ ઇન્ડિયા’ નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : ‘હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.’ સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૦૯૪ | ૧૩-૧૨-૧૯૬૮ | ગાથા-૯૭ | ૦૦૧ |
| ૦૯૫ | ૧૪-૧૨-૧૯૬૮ | ગાથા-૯૭ | ૦૧૫ |
| ૦૯૬ | ૧૫-૧૨-૧૯૬૮ | ગાથા-૯૭-૯૮ | ૦૩૦ |
| ૦૯૭ | ૧૬-૧૨-૧૯૬૮ | ગાથા-૯૮ | ૦૪૬ |
| ૦૯૮ | ૧૭-૧૨-૧૯૬૮ | ગાથા-૯૮-૯૯ | ૦૬૨ |
| ૦૯૯ | ૧૮-૧૨-૧૯૬૮ | ગાથા-૯૯ | ૦૭૭ |
| ૧૦૦ | ૧૯-૧૨-૧૯૬૮ | ગાથા-૯૯ | ૦૯૨ |
| ૧૦૧ | ૨૦-૧૨-૧૯૬૮ | ગાથા-૧૦૦ | ૧૦૮ |
| ૧૦૨ | ૨૧-૧૨-૧૯૬૮ | ગાથા-૧૦૦ | ૧૨૩ |
| ૧૦૩ | ૨૨-૧૨-૧૯૬૮ | ગાથા-૧૦૧ | ૧૩૮ |
| ૧૦૪ | ૨૩-૧૨-૧૯૬૮ | ગાથા-૧૦૧-૧૦૨ | ૧૪૫ |
| ૧૦૬ | ૨૫-૧૨-૧૯૬૮ | ગાથા-૧૦૨ | ૧૫૭ |
| ૧૦૭ | ૨૬-૧૨-૧૯૬૮ | ગાથા-૧૦૨-૧૦૩-૧૦૪ | ૧૭૨ |
| ૧૦૯ | ૨૮-૧૨-૧૯૬૮ | ગાથા-૧૦૫-૧૦૬ | ૧૮૮ |
| ૧૧૦ | ૨૯-૧૨-૧૯૬૮ | ગાથા-૧૦૬-૧૦૭ | ૨૦૨ |
| ૧૧૧ | ૩૦-૧૨-૧૯૬૮ | ગાથા-૧૦૭ | ૨૧૫ |
| ૧૧૨ | ૩૧-૧૨-૧૯૬૮ | ગાથા-૧૦૮ | ૨૨૯ |
| ૧૧૩ | ૦૧-૦૧-૧૯૬૯ | ગાથા-૧૦૮ થી ૧૧૦ | ૨૪૨ |
| ૧૧૪ | ૦૨-૦૧-૧૯૬૯ | ગાથા-૧૧૧ | ૨૫૫ |
| ૧૧૫ | ૦૩-૦૧-૧૯૬૯ | ગાથા-૧૧૧ | ૨૫૯ |
| ૧૧૬ | ૦૪-૦૧-૧૯૬૯ | ગાથા-૧૧૧-૧૧૨ | ૨૭૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૧૭ | ૦૫–૦૧–૧૯૬૯ | ગાથા–૧૧૨–૧૧૩ | ૨૮૮ |
| ૧૧૮ | ૦૬–૦૧–૧૯૬૯ | ગાથા–૧૧૩–૧૧૪ | ૩૦૧ |
| ૧૧૯ | ૦૭–૦૧–૧૯૬૯ | ગાથા–૧૧૪ | ૩૧૪ |
| ૧૨૦ | ૦૮–૦૧–૧૯૬૯ | ગાથા–૧૧૫ | ૩૨૮ |
| ૧૨૧ | ૦૯–૦૧–૧૯૬૯ | ગાથા–૧૧૫–૧૧૬ | ૩૪૪ |
| ૧૨૨ | ૧૦–૦૧–૧૯૬૯ | ગાથા–૧૧૬ થી ૧૧૮ | ૩૫૮ |
| ૧૨૩ | ૧૧–૦૧–૧૯૬૯ | ગાથા–૧૧૮–૧૧૯ | ૩૭૨ |
| ૧૨૪ | ૧૨–૦૧–૧૯૬૯ | ગાથા–૧૧૯–૧૨૦ | ૩૮૭ |
| ૧૨૫ | ૧૩–૦૧–૧૯૬૯ | ગાથા–૧૨૦–૧૨૧ | ૪૦૨ |
| ૧૨૬ | ૧૪–૦૧–૧૯૬૯ | ગાથા–૧૨૧–૧૨૨ | ૪૧૫ |

ॐ
श्री वीतरागाय नमः

# પ્રવચનસાર પ્રવચન

(ભાગ-૪)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઈ.સ. ૧૯૬૮ની સાલના શબ્દશઃ પ્રવચનો)

**માગશર વદ ૮, શુક્રવાર, તા. ૧૩.૧૨.૧૯૬૮**
**ગાથા-૯૭, પ્રવચન-૯૪**

આ પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ અધિકાર. ૯૬ ગાથા પૂરી થઈ. દરેક પદાર્થ પોતાના સ્વરૂપે છે એ ગાથા પૂરી થઈ. દરેક આત્મા, દરેક પરમાણુઓ, કાળાણુ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એટલા અનંત છે એ પ્રત્યેક પોતાના ગુણ-પર્યાયથી દ્રવ્ય છે અને દ્રવ્યથી ગુણ-પર્યાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવથી દ્રવ્ય છે અને દ્રવ્યથી ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. પોતપોતાનું સ્વરૂપનું અસ્તિત્વ પોતામાં સમાપ્ત થાય છે. પરની સાથે કાંઈ સંબંધ નથી. એમ સ્વરૂપ અસ્તિત્વની વ્યાખ્યા બહુ સરસ કર્તા, કર્મ, કરણની (કરી).

હવે સાદશ્ય અસ્તિત્વ. આ જગતમાં બધું છે. પછી ભલે વિવિધ પ્રકારના દ્રવ્ય હોય, મૂર્ત કે અમૂર્ત ઘણાં હોય, પણ બધા 'છે' એમાં સમાઈ જાય છે. 'છે' એમાંથી કોઈ બાકી રહેતું નથી કે ભાઈ કોઈ છે અને કોઈ નથી. એ છે પોતે છે અને પોતે નથી એમ નહિ. અનેકાંત પણ પોતે પોતાથી છે અને પરથી નથી એમ અનેકાંત છે. પણ પોતે પોતાથી છે અને પોતે પોતાથી નથી એવું અનેકાંત હોય? સમજાણું? એ વાત સિદ્ધ કરે છે. પ્રત્યેક પદાર્થ પોતે પોતાથી છે ઈ છે જ. પોતે પોતાથી નથી એમ નહિ. એમ દરેક પદાર્થ પોતે સત્‌માં સમાઈ જાય છે. સત્ કહેતાં સાદશ્ય અસ્તિત્વ મહાસત્તા અને એમ કહીને મહસત્તા કહેતા, મહાસત્તા નામનો કોઈ પદાર્થ એક થઈને બધું સળંગ છે એમ નહિ. પણ જેવો એક

સત્તા છે બીજું હોવું, ત્રીજું હોવું, એવા હોવાપણાની અપેક્ષાએ તેને સત્ કહેવામાં આવે છે. કહો, આવશે જુઓ! ૯૭.

**વિધવિધલક્ષણીનું સરવ-ગત ‘સત્ત્વ’ લક્ષણ એક છે,**
**-એ ધર્મને ઉપદેશતા જિનવરવૃષભ નિર્દિષ્ટ છે. ૯૭.**

અહીંથી ઉપડે છે જુઓ! ‘**વિધવિધલક્ષણીનું...**’ લક્ષણ વિધવિધ છે દરેકનાં.

ઋષભદેવ ભગવાને આમ કહ્યું છે. કારણ કે ઋષભદેવ ભગવાન આ ચોવીસીના પહેલા તીર્થંકર છેને. એમણે વસ્તુનો સ્વભાવ આવો વર્ણવ્યો છે, વસ્તુનું સ્વરૂપ આવું વર્ણવ્યું છે. ઉપર એનો મૂળ પાઠ.

**इह विविहलक्खणाणं लक्खणमेगं सदित्ति सव्वगयं।**
**उवदिसदा खलु धम्मं जिणवरवसहेण पण्णत्तं।।९७।।**

જિનવર ભગવાને આ કહ્યું છે ઋષભદેવ પરમાત્માએ. જુગલિયાનો કાળ પૂરો થયો અને ત્યારે વસ્તુનું સ્વરૂપ વર્ણવવામાં ઋષભદેવ ભગવાન જ પહેલા હતા. એથી આચાર્ય મહારાજે (એમ કહ્યું કે) આ વાત ભગવાન મહાવીરથી છે એમ નહિ, પણ પરમાત્મા પહેલા તીર્થંકર થયા તેણે આ રીતે વિવિધ લક્ષણવાળા દ્રવ્યોનું એક લક્ષણ છે એમ ભગવાને વર્ણવ્યું છે. દરેક દ્રવ્યના ભિન્ન-ભિન્ન લક્ષણ હોવા છતાં, જડનું લક્ષણ ભિન્ન, ચૈતન્યનું લક્ષણ ભિન્ન. અથવા એક એક ચૈતન્યનું એક એક લક્ષણ ભિન્ન. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ લક્ષણ એનાથી લક્ષ એમ અને ગુણ-પર્યાય લક્ષણ અને એનું દ્રવ્ય લક્ષ, એવા વિવિધ પ્રકારના લક્ષણવાળા દ્રવ્યો હોવા છતાં એના એક સત્ લક્ષણમાં એ બધું સમાઈ જાય છે. ‘છે’ એવું લક્ષણ બધું એમાં છે, એમાં કોઈ ‘નથી’ એમ આવતું નથી. ઝીણું છે આ જરી. એટલે કે કોઈ એમ કહેતું હોય... ઈ કહે છે જુઓ!

‘**અન્વયાર્થ :- ધર્મને ખરેખર ઉપદેશતા...**’ એ ધર્મને ખરેખર કહેનારા ભગવાન, ધર્મને ખરેખર કહેનારા ‘**જિનવરવૃષભે...**’ જિનવરોમાં શ્રેષ્ઠ તીર્થંકર એમ પણ અર્થ કર્યો છે. ‘**આ વિશ્વમાં વિવિધ લક્ષણવાળાં** ભિન્ન-ભિન્ન લક્ષણવાળાં (**ભિન્ન ભિન્ન સ્વરૂપ-અસ્તિત્વવાળાં સર્વ**) **દ્રવ્યોનું,...**’ એટલે પહેલું એની સામે લીધું પહેલું સ્વરૂપ અસ્તિત્વ. હવે કહે છે. ‘**દ્રવ્યોનું, સત્ એવું સર્વગત લક્ષણ...**’ ‘છે’ એવું મહાસત્તાનું લક્ષણ, સર્વમાં વ્યાપનારું લક્ષણ ‘(**સાદશ્ય અસ્તિત્વ**) **એક કહ્યું છે.**’ બધાનું ‘છે’ એવું એક લક્ષણ કહ્યું છે.

‘**ટીકા :- આ વિશ્વમાં વિચિત્રતાને વિસ્તારતા...**’ વિચિત્રતા નામ ‘(**વિવિધપણું-અનેકપણું દર્શાવતા**),...’ ભિન્ન ભિન્ન દર્શાવતા. કોઈ દ્રવ્ય મૂર્ત છે, કોઈ અમૂર્ત છે, કોઈ ચેતન છે, કોઈ અચેતન છે. કોઈ સિદ્ધ છે, કોઈ સંસારી છે, કોઈ નિગોદ છે, કોઈ એક રજકણ છે, કોઈ ઘણાં રજકણનો સમુદાયરૂપ પિંડ છે. એ બધા ભિન્ન ભિન્ન લક્ષણવાળા હોવા છતાં તેનું એક લક્ષણ આ છે. શેઠી! ‘છે’, સિદ્ધ પણ છે, નિગોદ પણ છે, એકેન્દ્રિય

છે, બે ઈન્દ્રિય છે, ત્રણ ઈન્દ્રિય છે, ચૌ ઈન્દ્રિય છે, પંચેન્દ્રિય છે, મૂર્ત છે, અમૂર્ત છે, ચેતન છે, અચેતન છે. એમ ઘણાં કહેશે. જુઓ! **'અન્ય દ્રવ્યોથી વ્યાવૃત્ત રહીને વર્તતા...'** દરેક વસ્તુ બીજી ચીજથી જુદી રહીને વર્તતી. દરેક આત્મા, દરેક રજકણ, દરેક કાળાણુ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, છ (દ્રવ્ય). એ દરેક વસ્તુ બીજી ચીજથી જુદી રીતે વર્તતી, જુદી રહીને વર્તતા. બે થઈને એક રહીને વર્તતા એમ નહિ. સમજાણું કાંઈ?

અન્ય દ્રવ્યોથી જુદું-છૂટું રહીને, ભિન્ન રહીને, પ્રત્યેક પદાર્થ બીજા પદાર્થથી છૂટો રહીને. આત્મા આત્મામાં, કર્મ અને રજકણ અને બીજા આત્માઓથી આ આત્મા છૂટો રહીને, જુદો રહીને વર્તનારો છે. કહો, એક ઘરમાં બધા ભેગા થાય તો બાપ-દીકરો એકબીજાના વર્તનવાળા વર્તે કે નહિ એકબીજાથી? અહીં તો નજીકની અહીં વાત કરી. આ શરીરના રજકણો અને આત્મા. કહે છે કે એકબીજા જુદા પોતપોતામાં વર્તે છે. શરીરમાં આત્મા વર્તતો નથી અને આત્મામાં શરીર વર્તતું નથી. શરીરનો એક એક રજકણ છે તેમાં બીજો રજકણ વર્તતો નથી. સમજાણું કાંઈ? જુઓ!

**'અન્ય દ્રવ્યોથી...'** જુદું-છૂટું-ભિન્ન **'વ્યાવૃત્ત રહીને વર્તતા...'** દરેક આત્મા, દરેક રજકણ, દરેક કાળાણુ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ (એવા) ભગવાને છ દ્રવ્ય જોયાં અને એ સંખ્યાએ અનંત જોયા. એ અનંત છે તે દરેક પોતપોતામાં પરથી ભિન્નપણે વર્તે છે. **'અને પ્રત્યેક દ્રવ્યની સીમા બાંધતા...'** પ્રત્યેક દ્રવ્યની મર્યાદા પોતામાં છે એમ હદ બાંધતા. પોતાની મર્યાદા પરમાં છે એમ નહિ. વ્યાવૃત્ત રહીને જુદું કહીને કહ્યું, નાસ્તિથી કહ્યું. **'અન્ય દ્રવ્યોથી વ્યાવૃત્ત રહીને વર્તતા અને પ્રત્યેક દ્રવ્યની સીમા બાંધતા...'** પોતે પોતાની મર્યાદામાં રહેતા. આત્મા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયની મર્યાદામાં, પરમાણુ એના દ્રવ્ય-ગુણ-પર્યાયની મર્યાદામાં, કોઈની સીમા પરમાં જાય અને કોઈની સીમા પરમાં જાય એમ છે નહિ. આ ઝાઝા ભાગીદાર ભેગા થઈને તો એકબીજા કામ કરતા હશે કે નહિ? અલગ-અલગ છે. કોઈ પદાર્થ કોઈ પદાર્થની સીમા ઓળંગીને પરની સીમામાં જાય, પોતાનું ક્ષેત્ર છોડીને પરના ક્ષેત્રમાં જાય એવું કોઈ બને જગતમાં? એમ કહે છે. મગનભાઈ! આહા..હા..! સીમાની મર્યાદા છે અહીં.

મુમુક્ષુ :- પોતાના ક્ષેત્રમાં થઈને પાડોશીના ક્ષેત્રમાં જાય છે.

ઉત્તર :- કાંઈ જાતો નથી. પોતાના ક્ષેત્ર પોતામાં રહે છે. એનું ક્ષેત્ર એનામાં રહે છે. કહો, સમજાણું કાંઈ? દરેક વસ્તુ પોતપોતાની મર્યાદામાં રહી છે. આત્મા પોતાના દ્રવ્ય-ગુણ અને પર્યાયની સીમામાં રહેલો છે. આ કર્મનો એક એક રજકણ એની દ્રવ્ય, ગુણ અને પર્યાયની સીમામાં-મર્યાદામાં રહેલો છે, કોઈની મર્યાદા ઓળંગીને કોઈમાં જાય એવું વસ્તુનું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એવા વિશેષલક્ષણભૂત...'** જુઓ! પહેલાની વ્યાખ્યા સિદ્ધ કરે છે આગલાની સાથે.

**'એવા વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વ વડે...'** પોતાના સ્વરૂપે પોતે રહેલા છે. એક એક આત્મા પોતાના દ્રવ્ય-ગુણ સ્વરૂપે, પર્યાય સ્વરૂપે રહેલા છે. બીજો આત્મા એના દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપે રહેલો છે. એક એક પરમાણુ અહીંયાં રહેલો એના પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય (સ્વરૂપે રહેલો છે). દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુ, ગુણ એટલે અવિનાભાવી ત્રિકાળી સ્વભાવ, ઓલો સ્વભાવવાન અને એની વર્તમાન અવસ્થા, એની મર્યાદામાં એક એક દ્રવ્ય પોતપોતામાં રહ્યું છે અને એ વર્તી રહ્યું છે. એ રીતે દરેક દ્રવ્ય પોતાના સ્વરૂપના હોવાપણા **'વડે લક્ષિત થતા હોવા છતાં,...'** પોતપોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયની સીમામાં, પોતામાં રહ્યા એવું લક્ષે જાણવામાં આવવા છતાં. આ કહેવાનું શું કારણ છે? કે કોઈ એક જ આત્મા માને તો એમ નથી, કોઈ એક જ જડ જ માને જગતમાં એમ નથી, તેમ કોઈ એક આત્મા અને એક જડ છે (એમ) એક એક માને એમ પણ નથી, તેમ કોઈ અનેક આત્મા અને જડ અનેક પ્રકારના એક જ જાતના માને એમ નથી. સમજાણું? મગનભાઈ!

એક જ આત્મા માને તો એમ પણ નથી, એક જ જગતમાં અચેતન પદાર્થ જ છે એકલો એક જ એમ પણ નથી, તેમ એક જ આત્મા અને એક જડ છે એમ પણ નથી, તેમ અનેક આત્મા અને અનેક જડ એક જાતના જડ છે એમ પણ નથી. મગનભાઈ! જડ પણ વિવિધતાવાળું છે. કોઈ મૂર્ત છે, કોઈ અમૂર્ત છે. સમજાય છે? પુદ્‌ગલ છે, કોઈ ધર્માસ્તિ. એ જડ છે ખરા, પણ જડ એક જ જાતના છે એમ નહિ, તેમ જડ એક જ છે એમ નહિ. પોતપોતાના સ્વરૂપ અસ્તિત્વમાં મર્યાદામાં રહ્યા છતાં બધાનું લક્ષણ એ રીતે એક હોવા છતાં ભિન્ન લક્ષણથી લક્ષિત થાય છે. જુઓ!

**'લક્ષિત થતાં હોવા છતાં, સર્વ દ્રવ્યોનું, વિચિત્રતાના વિસ્તારને અસ્ત કરતું,...'** શું કહે છે હવે જુઓ! દરેક પદાર્થ વિશેષલક્ષણભૂત સ્વરૂપ અસ્તિત્વ વડે લક્ષિત થતાં હોવા છતાં. પ્રત્યેક પદાર્થ પોતપોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયે જાણવામાં આવતા છતાં. આ નવરા કોણ આવું કોણ કહેશે? ..ભાઈ! આવો ધર્મનો ભગવાને ઉપદેશ ઋષભદેવ ભગવાનથી ચાલ્યો આવે છે. ચાલ્યો આવે છે અનંતકાળથી, પણ આ કાળમાં ઋષભદેવ પરમાત્મા તીર્થંકરે વસ્તુની આવી સ્થિતિ જોઈ અને એ રીતે વિવિધતાની વાત ભગવાનની વાણીમાં આવી. **'સર્વ દ્રવ્યોનું, વિચિત્રતાના વિસ્તારને અસ્ત કરતું,...'** શું કહે છે હવે? પ્રત્યેક પદાર્થ પોતાના સ્વરૂપના અસ્તિત્વમાં અને સીમામાં રહેવા છતાં, ભિન્ન-ભિન્નપણું તેનું અસ્ત કરતું. **'દ્રવ્યોનું, વિચિત્રતાના વિસ્તારને...'** ભિન્ન ભિન્ન છે. આ એક ચેતન છે અને આ જડ છે અને જડના અનેક પ્રકાર એવા બધાં ભિન્ન ભિન્ન પ્રકારનું **'વિસ્તારને અસ્ત કરતું,...'** નાશ કરતું. **'સર્વ દ્રવ્યોમાં પ્રવર્તીને વર્તતું...'** સર્વ પદાર્થમાં સત્‌પણું એમ વર્તતું **'અને પ્રત્યેક દ્રવ્યની બંધાયેલી સીમાને અવગણતું,...'** ખબર ન પડે? એય..! શેઠી!

**'પ્રત્યેક દ્રવ્યની બંધાયેલી...'** પ્રત્યેક પદાર્થ પોતપોતામાં છે અને પરમાં નથી. એ

ભલે હો. સમજાય છે? પણ સત્ કહેતા એ સીમાઓ બધી તૂટી જાય છે. 'છે' આ છે... આ છે... આ છે... એક એકની સીમામાં રહેલું જે સત્ સામાન્યપણે કહેતા એ એક એકપણે રહેલું એકલું જુદું એ સત્ કહેતા એની ગણતરી આવતી નથી. એની અવગણના થઈ જાય છે. સીમાને અવગણતું. ભગવાનજીભાઈ! આવું તે કોઈ દિ' ત્યાં (સાંભળ્યું ન હોય). છે બધું. છે, મિથ્યાત્વ પણ છે, સમકિત પણ છે, સિદ્ધ પણ છે, કેવળજ્ઞાની છે, મતિજ્ઞાની છે, અભવિ છે, ભવિ છે, પરમાણુ છે, ધર્માસ્તિ છે, અધર્માસ્તિ (છે). એ પ્રત્યેક પોતપોતાના વિશેષ લક્ષણે લક્ષિત હોવા છતાં બધી વિચિત્રતાના વિસ્તારને આથમી દેતું સત્ 'છે' એમ કહેતા બધી સીમા ભિન્ન ભિન્ન છે તેને સત્ તે ગણતું નથી. 'છે' બધું એટલું બસ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દર્શનની સત્તા તોડી નાખે.

ઉત્તર :- તોડી નાખેની વ્યાખ્યા? તોડી નાખેની વ્યાખ્યા શું કીધી? કે જીવ છે, પુદ્ગલ છે, આ છે. પોતાના ભિન્ન ભિન્ન લક્ષણે લક્ષિત હોવા છતાં, 'છે' એ બધાનું જુદું પાડવું એ 'છે'માં રહેતું નથી. 'છે' એમાં જુદું પાડવું રહેતું નથી. આ પણ છે... આ પણ છે... આ પણ છે... એમ.

મુમુક્ષુ :- ... દેડકું જાણે?

ઉત્તર :- દેડકું જાણે, હા. એય..! ભગવાનજીભાઈ! ભગવાનજીભાઈએ પ્રશ્ન કર્યો નહોતો પરમ દિ' ઓલા શિવભૂતિનો? પહેલી રાત્રે. એના અંતરમાં અવ્યક્તપણે મારું ભિન્ન સત્ત્વ છે, પણ આ 'છે' અને બીજા 'છે' એમ એના ખ્યાલમાં નથી? 'છે' એવો ખ્યાલમાં છે કે નથી એવો ખ્યાલમાં છે? હું છું, આ છે, આ છે એ મારામાં નથી, પણ એનામાં છે. તો છે પણ આ 'છે'... આ 'છે'... આ 'છે'... એ 'છે'માં ભિન્ન ભિન્નતાની વિચિત્રતા રહેતી નથી. 'છે'માં બધું સમાઈ જાય છે. સમજાણું કાંઈ? ઠીક! ભાઈ! એ અવ્યક્તપણે એનું પોતાપણું 'છે' ભિન્ન એમ લક્ષિત જાણવામાં હોવા છતાં, બીજા પણ 'છે' એ 'છે'માંથી નીકળી નથી જતા. એમ. મારામાંથી ભલે નીકળી જાય, પણ 'છે'માંથી નીકળતા નથી. સમજાણું કાંઈ? જુઓને, સંતોએ ટીકાઓ કરી જંગલમાં રહીને. હેતુ છે, પ્રત્યેક પદાર્થ 'છે'... 'છે'... 'છે'... એક જાતના નથી, વિવિધ પ્રકારના છે અને ઘણા છે. બે વાત. દ્રવ્ય એક નથી, ઘણાં છે અને એક જાતના નથી, વિવિધ જાતના છે. એ સિદ્ધ કરવાને આ મહાસત્તા લીધી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

જુઓ! '**પ્રત્યેક દ્રવ્યની બંધાયેલી સીમાને અવગણતું,...**' એટલે કે તું છો અને હું છું. ભિન્ન ભિન્ન છે એમ ન રહ્યું. સત્પણે તે છે, સત્પણે જડ છે, સત્પણે ચૈતન્ય છે, સત્પણે.. ચૈતન્ય જીવ. લ્યો! સમજાય છે? તો ચેતન જીવમાં જેટલા જીવ છે એ ચેતનમાં આવી જાય છે. એક એકનું ચેતન જીવ... ચેતન જીવ... ચેતન જીવ.. એ એના લક્ષણે લક્ષિત

બરાબર છે. સમજાણું કાંઈ? પણ ચેતન તે જીવ એમ કહેતા બધા જીવ તે ચેતન તે જીવ એમાં આવી જાય છે. ઓલું એક ચેતન તે જીવ એ મર્યાદા રહેતી નથી પછી. આહા..હા..! ચૈતન્ય તે જીવ. ચૈતન્ય લક્ષણે લક્ષિત તે જીવ. એ એક લક્ષણ થયું. પણ ચેતન તે જીવ, ચેતન તે જીવ ઈ એકને જ બતાવે છે? જેટલા ચૈતન્ય છે તે ચૈતન્ય તે બધા જીવ છે. એમ એકની મર્યાદાને તોડીને ચૈતન્ય તે જીવ બધા એમાં સમાઈ જાય છે. કહો, સમજાણું કાંઈ?

મૂર્ત તે પુદ્ગલ. એક એક પરમાણુ પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવના લક્ષણે લક્ષિત ભિન્ન હોવા છતાં, એક એક પરમાણુ પોતાના ગુણપર્યાયના લક્ષણે લક્ષિત ભિન્ન હોવા છતાં, મૂર્ત તે દ્રવ્ય, એ સત્તા એક દ્રવ્યની ભિન્ન રાખતું નથી. બધા સમાઈ જાય છે. જેટલા મૂર્ત દ્રવ્યો પુદ્ગલ છે એ બધાય મૂર્ત દ્રવ્ય વ્યાપક છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક પ્રશ્ન સવારમાં યાદ આવ્યો હતો. આવ્યો હતોને, ઓલું નહિ છ દ્રવ્યનું આવ્યું હતુંને? છ દ્રવ્યમાં કેટલાક કાળને નથી માનતાને કાળ. તો અહીં કીધું છેને શ્લોકમાં. પહેલા આવી ગયું છે કે આત્મા જ્ઞાનપ્રમાણ છે, જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે, જ્ઞેય લોકાલોક પ્રમાણ છે. ત્રણ બોલ આવી ગયા છે. આવ્યા છે ચંદુભાઈ? પહેલા.

ભગવાન આત્મા એક એક હોં ભિન્ન. જ્ઞાનપ્રમાણ છે (અર્થાત્) જ્ઞાન પ્રમાણે વ્યાપક છે. જ્ઞાન તે જ્ઞેય પ્રમાણે છે. જેટલા જ્ઞેયો છે તેનું જ્ઞાન છે, એવડું જ્ઞાન છે. એથી અનંતગણું છે એ એકકોર રાખો. સમજાણું? અને જ્ઞેય તે લોકાલોક છે. તો લોકાલોકમાં તો છએ દ્રવ્ય જેટલા છે કાળાણુ આદિ બધું આવી ગયુંને? જો એમાંથી એકાદ કાળાણુ દ્રવ્યને કાઢી નાખે તો જ્ઞેય બહુ થોડા થયા, તો એનું જ્ઞાન પણ થોડું તો જ્ઞાનનો ધરનાર જીવ પણ થોડો થયો. શેઠી! આ તો હીરા-માણેકથી બીજી જાતની પરીક્ષા છે ઝીણી. આહા..હા..! આ ચૈતન્યરત્ન છે.

કહે છે... શું કહ્યું સમજાણું આમાં? કે ચૈતન્ય છે. શું કીધું હતું હમણાં? આત્મા જ્ઞાનપ્રમાણ છે એમ કહ્યું. જ્ઞાન જ્ઞેય પ્રમાણ છે. અહીં તો હવે જ્ઞેય વિવિધ પ્રકારના છે, અનેક જાતના છે એ જાતના જેટલા જ્ઞેય છે તેને એવી એવી જાતનું જ્ઞાન અહીં જાણે. જ્ઞાન જડને જડ જાણે, ચૈતન્યને ચૈતન્ય જાણે, જડના અનંતતાને અનંત જાણે, ચૈતન્યની અનંતતાને અનંત જાણે. છતાં એક એક લક્ષણે ભિન્ન એમ પણ જાણે અને અનંત છે તેને 'છે' બધા એ રીતે પણ જ્ઞાન જાણે. એ કહેશે હમણાં ભાઈ નીચે. નીચે આવશે. હજી તો આપણે સત્ છે એ પદાર્થને સિદ્ધ કરે છે. પછી કથન અને જ્ઞાન બેય એમાં સિદ્ધ થાય છે, એમ. આવે છેને. સિદ્ધ તો એ કરવું છેને.

મુમુક્ષુ :- કાળલબ્ધિમાં...

ઉત્તર :- એ તો આવી ગયું. એ તો વાત થઈ ગઈ પહેલી. ના, ના, એ વાત થઈ

હમણાં. થઈ ગઈ. અહીં તો કથનની વાત સિદ્ધ કરશે હવે. એ તો વાત થઈ ગઈ હમણા. કે કાળાણુ જ્યારે નથી તો એટલા જ્ઞેય નથી, તો એ જ્ઞેય નથી તેટલું અહીં જ્ઞાન કરવાની તાકાત પણ નથી. એટલે જ્ઞાન કરવાની એટલે જ્ઞાન જ્ઞેય પ્રમાણે છે, તો જ્ઞાને થોડા માન્યા તો જ્ઞાન એટલું થોડું થયું. સમજાય છે? અને જ્ઞાન થોડું થયું તો જ્ઞાનની જે પૂર્ણતાનો સ્વભાવ છે એ પૂર્ણતા રહી નહિ. એટલે જીવ પણ અપૂર્ણ જ્ઞાનવાળો જીવદ્રવ્ય પણ એવો થયો. આ કારણે અહીંયાં આ વાત સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

વિવિધ પ્રકારના દ્રવ્યો અનેક હોવા છતાં પણ વિવિધ પ્રકારના છે. તો વિવિધ પ્રકારના જડ એકકોર ચૈતન્ય છે, જડ પાંચ છે. પાંચ જડમાં વિવિધતા છે. એક મૂર્તનું આખું સ્વરૂપ છે, બીજા અમૂર્ત છે. અમૂર્તમાં પણ વિવિધ છે. એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, આકાશ અને કાળ એવી વિવિધતા છે તો એક એક દ્રવ્ય પોતપોતાના લક્ષણે લક્ષિત હોવા છતાં, સત્ કહેતા એ મર્યાદા 'છે'માં ભિન્ન ભિન્ન મર્યાદા રહેતી નથી. એવું મહાસત્નું જ્ઞાન જ્ઞાન પોતે કરે છે. સમજાણું કાંઈ? ભાઈ! આ તો વીતરાગનો માર્ગ એવો છે. આખી દુનિયાથી જુદી જાત છે અને આ રીતે આત્મા જ્યાં સુધી ન જાણે ત્યાં સુધી એને આત્માનો પત્તો ખાય નહિ. આમ તો આત્મા આત્મા તો સૌ કરે છે બધા. એમ નહિ. સર્વજ્ઞ પરમેશ્વરે જોયેલો આત્મા અને જેટલા સામર્થ્યવાળો છે તેટલો આત્મા. સમજાણું કાંઈ? આ જ્ઞેયો જે અનંત છે એની વિવિધતા અને અનેકતા. વિવિધતામાં વિચિત્રતા ભિન્ન ભિન્ન અને અનેકતામાં અનેક. એવું એનું સ્વરૂપ છે તેવું જ્ઞાન બરાબર એ રીતે જાણે છે. સમજાણું કાંઈ?

કહે છે, પ્રત્યેક દ્રવ્ય પોતપોતાના જુદાં લક્ષણે લક્ષિત હોવા છતાં. '**સર્વ દ્રવ્યોનું, વિચિત્રતાના વિસ્તારને અસ્ત કરતું,...**' એટલે વિચિત્રતા ન રહેતા એક સત્માં સમાઈ જાય છે. '**સર્વ દ્રવ્યોમાં પ્રવર્તીને વર્તતું...**' 'છે'... 'છે'... 'છે'... એ બધા દ્રવ્યમાં રહે છે. એનું એ સત્ નહિ, પણ સત્ છે-છે એ બધા દ્રવ્યમાં વર્તે છે. '**સર્વ દ્રવ્યોમાં પ્રવર્તીને વર્તતું,...**' એનું એ સત્ નહિ, પણ 'છે'... 'છે'... છેપણું બધામાં વર્તી રહ્યું છે. '**પ્રત્યેક દ્રવ્યની બંધાયેલી સીમાને અવગણતું,...**' 'છે' એમાં એક એક જુદું છે એમ એમાં ન હોઈ શકે. '**સત્ એવું જે સર્વગત સામાન્યલક્ષણભૂત...**' દેખો! ઓલામાં આવ્યું હતુંને પહેલું? '**વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વ વડે લક્ષિત થતાં હોવા છતાં,...**' હવે એને તોડીને અહીં કહે છે '**સર્વ દ્રવ્યોમાં પ્રવર્તીને વર્તતું...**' એવું જે '**સર્વગત સામાન્યલક્ષણભૂત...**' સર્વમાં વ્યાપેલું સર્વગતલક્ષણ. 'છે'... 'છે'... 'છે'... 'છે'... સમજાણું કાંઈ? એમાં તો સદશતા આવી કે નહિ? 'છે'... 'છે'... 'છે'માં સદશતા આવીને. આ પણ છે... આ પણ છે... આ પણ 'છે'... આ પણ 'છે'... એમાં 'નથી' એવું ક્યાં આવ્યું? 'નથી' આવ્યું તો વિસદશ્ય થઈ જાય.

'**સર્વગત સામાન્યલક્ષણભૂત સાદશ્ય-અસ્તિત્વ તે ખરેખર એક જ જાણવું.**' 'છે'

એવું એક જ લક્ષણ. બધું 'છે', 'છે' બધું. ઓહો..હો..! સિદ્ધો છે, નિગોદ છે, આ જૂઠા બોલનારા છે, સાચા બોલનારા પણ છે એ બધું સાદશ્ય અસ્તિત્વ છે. સમજાણું કાંઈ? ઊંધી માન્યતાવાળા છે, સવળી માન્યતાવાળા છે, સાધક છે, બાધક (છે). નથી એમ નહિ. ઓલા કેટલાક કહે છે કે ભાઈ, અમારે-તમારે કાંઈ મેળ ખાતો નથી. મેળ ખાય છે. તમે પણ છો અને અમે પણ છીએ, એ રીતે સાદશ્ય અસ્તિત્વ છે. કહો, નવરંગભાઈ! કાંઈ મેળ છે? મેળ છેને. નથી કોણે કીધું? તમે પણ છો, અમે પણ છીએ, આ પણ છે અને આ પણ છે. 'છે'માં મેળ ખાય છે.

મુમુક્ષુ :- એક મત નથી એમાં પણ મેળ ખાય છે.

ઉત્તર :- એક મત નથી આમાં ને આમાં એક મત એ પણ છે. એ 'છે'માં આવે છે કે 'નથી'માં આવે છે? શશીભાઈ!

આ તો આચાર્યે જુઓ! પ્રવચનસાર છે આ. અને જ્ઞેયનું સ્વરૂપ આવું છે. જ્ઞેય પ્રત્યેક દ્રવ્ય પોતપોતાની સીમામાં રહેવા છતાં, છેપણું એ બધા સીમાને તોડીને બધામાં વ્યાપે છે. આરે..! આ તો સર્વજ્ઞની પાઠશાળા છે. સર્વજ્ઞે કહેલો પાઠ તત્ત્વનો કેવો છે એ નહિ સમજે તો એનું સ્વરૂપપણાનું માહાત્મ્ય કેવડું છે એકનું અને એ સ્વરૂપનું અસ્તિત્વ ભિન્ન કેટલું છે એમ નહિ આવી શકે એના હૃદયમાં. સમજાણું? આટલું બધું હોવા છતાં આત્મા એક સમયના જ્ઞાનમાં બધાને જાણી જાય છે. 'છે' તરીકે જાણે છે કે 'નથી' તરીકે જાણે છે? આહા..હા..!

મુમુક્ષુ :- એક નાનો છે અને એક મોટો છે.

ઉત્તર :- નાનો-મોટો કાંઈ નથી. કોણ નાનો-મોટો છે? છે એમાં નાનો-મોટો ક્યાં આવ્યું? આકાશ છે, આ પરમાણુ છે. ક્ષેત્ર નાનું અને મોટું એમાં 'છે'માં ક્યાં આવ્યું? 'છે'. પરમાણુ 'છે', આકાશ સર્વવ્યાપક 'છે'. ધર્માસ્તિ લોકવ્યાપક પણ 'છે'. 'છે' એમાં નાના-મોટાપણું ક્યાં આવ્યું? 'છે' એમાં આ નાનું છે અને મોટું એમ આવ્યું નહિ. છે એ છે. સમજાણું કાંઈ? આહા..હા..! સંસ્કૃત ટીકા સારી કરી. શું કાલે પૂછ્યું હતુંને તમને? શું કીધું હતું? એમ ઠીક! શું સંસ્કૃતનું કામ છે અહીં? તમે શું કીધું? ના પાડી. અહીં બહુ હુશિયાર કીધાને તો એણે પૂછી લીધું અહીં એમ. હવે શું કામ છે બોલવામાં? બોલી શકે છે કોણ? બોલી શકે એ 'છે', ન બોલી શકે એવું 'છે'. આહા..હા..! અરે..! ભગવાન!

તારું તો સ્વરૂપ ભગવાન જ્ઞાનસ્વરૂપ છે એમાં આવી વિવિધતાના સત્તાવાળા રહેલા અનેક પ્રકારના પદાર્થોને, અનેક એટલે ઘણાં, વિવિધ એટલે ભિન્ન-ભિન્ન, બધાને જાણવું તે તારો સ્વભાવ છે. કોઈને ઉત્પન્ન કરવું કે કોઈથી તારામાં કાંઈ થવું એવું કોઈ સ્વરૂપ છે નહિ. તારામાં પણ 'છે', બધાને જાણવાનો સ્વભાવ એ પણ છે. સામાન્યપણે બધા 'છે' એમ પણ જાણવાનો સ્વભાવ છે. ભિન્ન-ભિન્ન સ્વરૂપ અસ્તિત્વ છે દરેકનું. પોતાના લક્ષમાં સમાય છે એમ પણ જાણવાનો સ્વભાવ છે. આહા..હા..! એ પણ 'છે'ને? આ પણ 'છે'ને

ભાઈ! સમજાય છે? ઊંધા માનનારા બે ને બે ત્રણ માનનારા પણ 'છે'ને. બે ને બે ચાર માનનારા પણ 'છે'ને. બે ને બે એક માનનારા પણ છેને. બે ને બે બાવીસ માનનારા પણ છેને. બે ને બે ચાર માનનારા પણ છેને, બે ને બે ત્રણ માનનારા પણ છે, ન સમજે એ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'સર્વગત સામાન્યલક્ષણભૂત સાદશ્ય-અસ્તિત્વ તે ખરેખર એક જ જાણવું.'** 'છે' બધું બસ એક. એક વાત થઈ. પદાર્થ છે એની વાત થઈ. **'એ રીતે સત્ એવું કથન...'** 'છે' એવું કથન પણ સામાન્યમાં સમાઈ જાય છે. 'છે' એમ કીધું. વાણીમાં બધું આવી ગયું. કહો, સમજાય છે કાંઈ? આ માણસો હુશિયાર છે એમ કીધું. વાણીમાં આવ્યું લ્યો. તો હુશિયાર તરીકે બધા વ્યાપક આવી ગયા. હુશિયારીમાં ફેરફાર ભલે હો, સમજાણું કાંઈ? 'છે' એમાં આવી ગયું. કહો, આ કવિઓ બધા કવિતમાં હુશિયાર છે. હુશિયાર છે તો હુશિયારમાં બધા આવી ગયા. હુશિયારી કેવી ઓછી-વત્તી એ પ્રશ્ન એમાં નથી કાંઈ. 'છે' વકીલો બધા કાયદાના જાણનાર છે. એમાં બાકી શું રહ્યું. ઓછા-વત્તા જાણનાર છે, જાણનાર 'છે' એટલી વાત થઈ. કહો, સમજાણું કાંઈ?

**'સત્ એવું કથન...'** પહેલું શું આવ્યું? **'સત્'** એવા પદાર્થ. 'છે' બધું બસ, એકરૂપ એ સત્‌માં બધા પદાર્થ સમાય ગયા. કોઈ ભિન્ન રહી ગયું નહિ. એમ સત્ ભાષા. સત્ 'છે' સત્ 'છે' એ ભાષામાં પણ સર્વ સત્ આવી ગયા વાણીમાં. વાચકમાં પણ સર્વ સત્ આવી ગયા. એમાં કોઈ છે અને કોઈ નથી એમ આવ્યું નહિ. **'અને સત્ એવું જ્ઞાન...'** ત્રણે લઈ લીધા લ્યો. શબ્દ આગમ, પદાર્થ આગમ, જ્ઞાન આગમ. આવે છેને? પંચાસ્તિકાયમાં આવે છેને. શબ્દ, અર્થ અને જ્ઞાન. શબ્દ પણ 'છે' સત્. એ સત્ શબ્દમાં બધું વ્યાપક આવી ગયું વાણીમાં. પદાર્થ 'છે' એમાં બધા પદાર્થ આવી ગયા અને સત્‌નું જ્ઞાન. જુઓ! સત્ એવું જ્ઞાન, બધું છે એવું જ્ઞાન પાછું અહીં. દેખો! જ્ઞાનમાં પણ બધું 'છે' એમ ખ્યાલમાં આવ્યું છેને? જ્ઞાન 'છે' એમાં બધું છે એમ ખ્યાલમાં આવ્યું છે. તો જ્ઞાન પણ 'છે' સત્ એકરૂપે. દેખો!

**'સત્ એવું જ્ઞાન સર્વ પદાર્થોનો પરામર્શ કરનારું છે.'** સર્વ પદાર્થોને ખ્યાલમાં લેતું, સર્વ પદાર્થને સ્પર્શ કરતું, કોઈ પદાર્થને બાકી નહિ રાખતું, સર્વ પદાર્થનો વિચાર કરતું, સર્વ પદાર્થને લક્ષમાં લેતું, સર્વ પદાર્થને સ્મરણમાં આવતું. એટલા અર્થ કર્યા છે ભાઈએ-પંડિતજીએ. એમણે અર્થ કર્યા તો એટલું લાગુ પાડવું જોઈએને. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! સત્ એવું કથન, સત્ એવા પદાર્થો અને સત્ એવું જ્ઞાન. ભાષા જુઓ! જ્ઞાન છે એ બધાનું 'છે' જ્ઞાન એવું જ્ઞાન 'છે'. દેખો! વાણી 'છે', જ્ઞાન 'છે', પદાર્થ 'છે'. ઓહો..હો..! જ્ઞાન છે. ત્રણકાળ ત્રણલોકના જેટલા પદાર્થ 'છે' તેટલું જ અહીં જ્ઞાન છે એ જ્ઞાન એવડું જ્ઞાન સત્ છે. સમજાણું કાંઈ? 'છે' શબ્દમાં બધું સમાઈ જાય છેને. વાણીમાં કાંઈ બાકી રહે છે?

'છે' પદાર્થમાં કોઈ પદાર્થ બાકી રહી જાય છે? એમ છે એવું અહીં જ્ઞાન એમાં બધું જ્ઞાન આવી જાય છે. જ્ઞાન 'છે', શબ્દ 'છે', પદાર્થ 'છે'. આહા..હા..! સમજાણું કાંઈ?

સર્વનું એ જ્ઞાન છે, આનું જ્ઞાન છે... આનું જ્ઞાન છે... આનું જ્ઞાન છે... આનું જ્ઞાન છે... એમ નહિ. જ્ઞાન 'છે' બસ. સમજાય છે? આ જીવનું જ્ઞાન છે, આ જડનું જ્ઞાન છે, આનું અહીં. જ્ઞાન જ્ઞાનમાં છે, પણ છ દ્રવ્યનું જ્ઞાન છે, આનું જીવોનું જ્ઞાન છે, આનું જ્ઞાન એમ (નહિ), જ્ઞાન છે. બધા દ્રવ્યોનું જ્ઞાન 'છે' એવું પોતાના જ્ઞાનમાં 'છે' એમાં બધું છે એમાં જ્ઞાન આવી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સર્વનું જ્ઞાન થઈ ગયું, સર્વજ્ઞાન થઈ ગયું. સર્વ પદાર્થમાં સત્ છે એમ કીધું, વાણીમાં સત્ 'છે' એમ થયું. જ્ઞાન છે. સર્વનું જ્ઞાન છે એ 'છે'માં આવી જાય છે. સર્વનું જ્ઞાન છે, ઈ 'છે'માં આવી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ આમાં? પદાર્થો 'છે' એ સત્‌માં આવી જાય છે. કોઈ છે, કોઈ નથી અને એના એ છે અને નથી એમ ન આવે કહે છે. જુઓ! ચાર ભંગ ઉતારશે.

અહીં જ્ઞાન છે. જેટલા પદાર્થ છે તેટલા પદાર્થનું જ્ઞાન એમ નહિ પણ જ્ઞાન છે, બસ. આહા..હા..! સર્વનું જ્ઞાન છે. આનું જ્ઞાન... આનું જ્ઞાન... આનું જ્ઞાન... એમ નહિ. જ્ઞાન છે. સમજાણું કાંઈ? વાણીમાં છે એમાં બધું આવી ગયું. વાણીનું અહીં જ્ઞાન છે અને 'છે' પદાર્થ જેટલાં છે એનું પણ જ્ઞાન છે. તો જ્ઞાન 'છે' એમાં એક જ પ્રકાર રહી ગયો, 'છે' એવો. જ્ઞાન છે એવું. આ વાણીનું જ્ઞાન, આ પદાર્થનું જ્ઞાન કે આ જીવનું જ્ઞાન કે આનું જ્ઞાન એમ નહિ. જ્ઞાન 'છે'. સમજાણું કાંઈ? જ્ઞાન 'છે', એમાં જ્ઞાનમાં 'છે'માં જ બધું આવી જાય છે. એને કાંઈ જ્ઞાન ઓછું છે કે વધારે એમ પ્રશ્ન અહીં છે નહિ. જ્ઞાન 'છે' બસ, એકરૂપ જ્ઞાન છે. એ જ્ઞાનમાં બધું સમાઈ જાય છે. પોતાના દ્રવ્ય-ગુણ, પોતાની પર્યાય, પરના દ્રવ્ય-ગુણ બધું. ઓહો..હો..! કઈ રીતે વાત કરી જુઓ તો ખરા!

આવડું જ્ઞાન 'છે' એ 'છે'માં એ બધું જ્ઞાન આવી ગયું એકમાં. મગનભાઈ! સમજાણું કાંઈ આમાં? અનેક પ્રકારના પદાર્થોનું જ્ઞાન એમ નહિ. જ્ઞાન 'છે' બસ. સત્ જ્ઞાન 'છે', સત્ પદાર્થ 'છે', સત્ વાણી 'છે', એકરૂપ 'છે' એટલું. એટલું જ અહીં જ્ઞાન છે. સત્ જ્ઞાન છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? જ્ઞાનનો પર્યાય અથવા ગુણ છે. એ 'છે' માં ઓછું-વત્તું ત્યાં પ્રશ્ન જ નથી. ઓછા-વત્તાના લક્ષણે લક્ષિત ભલે હો, એક એક ભિન્ન પાડતા. 'છે' એમાં કોઈ ફેરફાર છે નહિ. 'છે' સમજાણું કાંઈ? એ જ્ઞાનમાં કોઈ બાકી રહેતું નથી, ઓછું-વત્તું એમાં નથી. જ્ઞાન 'છે' બસ 'છે'.

**'સત્ એવું કથન અને સત્ એવું જ્ઞાન સર્વ પદાર્થોનો પરામર્શ કરનારું છે.'** જ્ઞાન સર્વ પદાર્થોને પરામર્શ કરનારું, વાણી સર્વ પદાર્થને ખ્યાલમાં કહેનારી, પદાર્થ સર્વ પદાર્થને ખ્યાલમાં બતાવનારો, સત્ સર્વ પદાર્થને બતાવનારો, વાણી સત્ સર્વને કહેનારી, જ્ઞાન સર્વ પદાર્થને જાણનારું. છેને એમાં જુઓ! **'જ્ઞાન સર્વ પદાર્થોનો પરામર્શ કરનારું છે.'** સ્પર્શ

કરનારું. બધાને સ્પર્શ કરનારું એટલે જ્ઞાન બધાને જાણે બસ એટલું. આહા..હા..! લ્યો આ મહાસત્તામાં આ સ્વીકાર આવ્યો. આહા..હા..! જુઓને આમાં. સમજાણું આમાં? જ્ઞાન છે એમાં બધા પદાર્થનું એકસાથે છે એમ આવ્યું. આનું ને આનું એમ નહિ. બધા પદાર્થને જાણે છે એવું અહીં જ્ઞાન છે. એવું આ એક એક આત્માનું જ્ઞાન છે એમ કહે છે લ્યો! આહા..હા..! શેઠી! થોડા થોડા વિચાર સાથે કરતા જાવ તો ઠીક પડે. નવરંગભાઈ!

એ પોતે જ્ઞાન 'છે' એ સર્વ પદાર્થને ખ્યાલમાં લેનારું છે. સમજાય છે? સર્વ પદાર્થનો વિચાર, લક્ષ, સ્મરણ અથવા સ્વરૂપને સર્વ પદાર્થને સ્પર્શનારું છે. 'છે'... 'છે'... એમાં બધું આવી જાય. સમજાણું કાંઈ? વિકલ્પ છે એનું જ્ઞાન છે, રાગ છે એનું જ્ઞાન છે, દ્રવ્ય છે એનું જ્ઞાન છે, ગુણ છે એનું જ્ઞાન છે, જડ છે એનું જ્ઞાન છે. એમ નહિ ભિન્ન ભિન્ન. જાણે. વાણી સત્ છે. પદાર્થ સત્ છે. એમાંથી કોઈ બાકી રહેતું નથી. સત્માંથી કોઈ પદાર્થ બાકી રહેતો નથી. સત્ વાણીમાંથી કોઈ કથન બાકી રહેતું નથી. સત્ જ્ઞાનમાં કોઈ જ્ઞાન બાકી રહેતું નથી. આહા..હા..! એ છે કે નહિ એમાં? જુઓને! અમારા પંડિતજીએ અર્થ કર્યો છેને નીચે જુઓ.

પરામર્શ શબ્દ છે કે નહિ? એટલે શું? બધાને સ્પર્શનારું એટલે અડે છે એમ કરવું છે પરામર્શ એટલે? કોઈ પદાર્થ જ્ઞાનમાંથી જાણવા બાકી રહેતો નથી. જાણવું એટલું 'છે' બસ. સમજાણું કાંઈ? આ કેવળીનું જ્ઞાન એ જાણે, આનું જ્ઞાન જાણે, નિગોદને જાણે, પણ એ જ્ઞાન છે એટલું જ છે બસ આવું. આહા..હા..! ભલે શ્રુતજ્ઞાન હોય, પણ એ જ્ઞાન 'છે'. એ જ્ઞાન બધા પદાર્થને સ્પર્શનારું છે. આહા..હા..! પૂરું એમ નથી અત્યારે પ્રશ્ન. ભાઈ! પૂરું કે થોડું એ નહિ. 'છે'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- થઈ રહ્યું. પરિપૂર્ણ જ છે. આહા..હા..!

જ્ઞાન 'છે' એ 'છે'માં 'નથી' એવું ક્યાં આવ્યું? અને કાંઈક છે અને કાંઈક નથી એમ પણ ક્યાં આવ્યું? તેમ કહી શકાતું નથી એમ પણ ક્યાં આવ્યું? એમ કહે છે. ચાર ભંગ પાડશે. સમજાણું કાંઈ? પદાર્થો છે—એ સત્માં આવી ગયું બધું. વાણીમાં સત્ કથન એમાં આવી ગયું. જ્ઞાનમાં સત્ 'છે' જ્ઞાન 'છે' એમાં બધું આવી ગયું, કાંઈ બાકી રહેતું નથી. એટલે? કે સત્ પદાર્થ છે અને કો'ક અસત્ છે એમ નથી. તેમ પદાર્થ એનો એ સત્ 'છે' અને અસત્ પણ છે એમ પણ નથી. તેમ પદાર્થ આવો છે એ કહી શકાતો નથી એવો નથી. 'છે' એમ કથનમાં આવી ગયુંને ભાઈ! વાચ્યમાં આવી ગયું કથન એમ કહે છે. અવાચ્ય છે એમ પણ નથી. કોઈ કહી શકાય છે અને કોઈ નથી કહી શકાતું એમ પણ નથી અહીં તો કહે છે. આહા..હા..! ભારે સંગ્રહ કર્યો છે. આચાર્યોએ કેવી વાત કરી છે અને કેવી વાત સમાડી છે! અરે..! એને પોતાને ગંભીરતાથી વિચારવાની જરૂર છે. એણે તો બહુ

કર્યું છે! સમજાણું?

કહે છે કે વસ્તુ છે એ 'છે'માં લોકાલોકમાં કોણ ચીજ બાકી રહી ગઈ? કે કોઈ છે પદાર્થ અને કોઈ નથી. 'નથી' એવો પદાર્થ હોય? પદાર્થ 'છે' ઈ કહે છે જુઓ! **'જો તેમ ન હોય તો (અર્થાત્ જો તે સર્વપદાર્થપરામર્શી ન હોય) તો...'** સર્વપદાર્થમાં સત્‌પણું, સત્‌પણું એકપણું અને સત્‌પદાર્થનું જ્ઞાન, એવું **'તો કોઈ પદાર્થ સત્ (હયાતીવાળો) હોવો જોઈએ, કોઈક અસત્ (હયાતી વિનાનો) હોવો જોઈએ,...'** હોવો જોઈએ અને વળી નહિ હયાતીવાળો હોવો જોઈએ. સમજાણું કાંઈ? આહા..હા..! કો'ક હોવાવાળો અને કો'ક નહિ હોવાવાળો શું? કે નહિ હોવાવાળો પદાર્થ. સમજાણું કાંઈ?

**'કોઈ સત્ તથા અસત્ હોવો જોઈએ,...'** એનો એ પદાર્થ સત્ અને એનો એ અસત્ એમ. પોતાથી સત્ અને પરથી અસત્ એ અહીં વાત નથી. એ તો એનું સ્વરૂપ છે. આ તો કહે કે છે એમાંથી જો કાઢી નાખો કાંઈક કે કો'ક છે અને કો'ક નથી તો તેમ હોઈ શકે નહિ. એનો એ પદાર્થ છે અને એનો એ પદાર્થ નથી એમ પણ હોઈ શકે નહિ. **'અને કોઈ સત્ તથા અસત્ હોવો જોઈએ, અને કોઈક અવાચ્ય હોવા જોઈએ;...'** જુઓ! અહીં કાઢી નાખે છે. વાચ્યમાં હોય છે, અવાચ્ય.. ભાઈ! અવાચ્ય છે નહિ, એમ કાઢી નાખે છે જોયું! સત્ છે એ શબ્દમાં બધું વાચ્ય આવી ગયું કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે એમાં બાકી શું રહ્યું વાચ્યમાં? 'છે' એવું વાચ્ય છે, 'છે' એવા પદાર્થ છે, 'છે' એવું આખું જ્ઞાન છે અહીં. સમજાણું કાંઈ?

આવું છે એવું જ્ઞાન સત્‌પણે જ્યાં કબુલે, ત્યાં પછી આનું જ્ઞાન અને ફલાણાનું જ્ઞાન અને કાંઈક જ્ઞાન છે અને કાંઈક નથી એમ પણ નથી. અને એ જ્ઞાનમાં અવાચ્ય છે એટલે ન જાણી શકે એવું પણ નથી. જ્ઞાન ભગવાન આત્મા એ જ્ઞાન છે, કેવળજ્ઞાન છે, બીજાનું 'છે', આનું 'છે'... આનું 'છે'... આ પણ જ્ઞાન છે, એ જ્ઞાનમાં બધું આવી જાય છે. સમજાણું કાંઈ? ભારે ભગવાનની વાત! આવા ધર્મનો ઉપદેશ દેનારા ઋષભદેવ ભગવાન આમ કહેતા હતા અથવા જિનવરોમાં શ્રેષ્ઠ એવા તીર્થંકરો આમ કહે છે. આહા..હા..!

**'પરંતુ તે તો વિરુદ્ધ જ છે.'** કોઈ પદાર્થ હો અને કોઈ પદાર્થ કહેવો અને ન હો અને પદાર્થ એક છે અને બીજો નથી એમ નથી, તેમ એક પદાર્થમાં કંઈક છે અને કંઈક નથી એમ પણ ન હોય. તેમ તે પદાર્થ અવાચ્ય, ભાઈ! કાંઈ કહી શકાતું નથી શું છે? એમ પણ ન હોય. આહા..હા..! શશીભાઈ! અલૌકિક વાત કરી છે, હોં! ગંભીરતા ઘણી ભરી છે એમાં. કોઈ સત્ વિનાનો-હયાતી વિનાનો, હયાતી વિનાનો પદાર્થ એટલે શું? કોઈક સત્-અસત્ એનો એ હોવાવાળો અને એનો એ નહિ હોવાવાળો. પોતાથી નહિ હોવાવાળો હોં! એમ. પોતાથી હોવાવાળો અને પોતાથી નહિ હોવાવાળો. આ તે કાંઈ હોય? 'છે' એમાં વળી કાંઈક નથી અને કાંઈક છે એમ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ૫૦-૫૦ ટકામાં.

ઉત્તર :- ૫૦ ટકા. સોએ સો ટકા રાખે નહિ સત્‌ના? આખું છે... આખું છે... આખું છે...

'**પરંતુ તે તો વિરુદ્ધ જ છે. અને આ (સત્ એવું કથન અને જ્ઞાન સર્વપદાર્થ પરામર્શી હોવાની વાત) તો સિદ્ધ થઈ શકે છે,...**' સત્ એવું કથન અને સત્‌નું જ્ઞાન સર્વ પદાર્થને જાણનારું જ્ઞાન, જ્ઞાન છે... છે... છે... એવું એ વાત સિદ્ધ થઈ શકે છે '**વૃક્ષની જેમ.**' જુઓ હવે. '**જેમ ઘણાં અને બહુવિધ...**' બે શબ્દ પડ્યા છે. ઝાડ એક નહિ, પણ ઘણાં અને એક પ્રકારના નહિ, પણ ઘણાં પ્રકારના. બેમાં શું ફેર પડ્યો? ભગવાનજીભાઈ! શું ફેર પડ્યો બેમાં? ઘણાં અને બહુવિધ. એક જાતના ઘણાં ઈ ઘણામાં આવે અને વિવિધ જાતના એ બહુવિધમાં આવે. મોટો ફેર છે એક એકમાં. સમજાણું કાંઈ? આ કાંઈ શબ્દ ઓલા ધારી રાખેલી વાત અહીં કામ ન આવે. 'ઘણાં' એ અનેકપણું બતાવે છે. 'બહુવિધ' ભિન્ન ભિન્ન જાતના બતાવે છે. સમજમેં આયા? એકથી વધારે બતાવે છે અને બહુવિધ ઘણી જાતના બતાવે છે. જેમ ઘણાં નીમના ઝાડ એકલા. આ નીમ શું કહેવાય? આંબા. આંબાના એક જ હોય તો એ ઘણાં છે. એ 'ઘણાં' છે એમ આવ્યા, પણ બહુવિધ ન આવ્યા એમાં. બહુવિધ... એટલે ઘણાં એકલા આંબાના ઝાડ છે ઘણાં એમ આવ્યું, પણ બહુવિધ એટલે વન છે એમાં આંબાના પણ ઝાડ છે, પીપળાના છે, જાંબુના છે, કેરીના કે બીજા અનેક જાતના, એ વિવિધ જાતના છે તે બીજા પ્રકારમાં આવ્યા. સમજાણું કાંઈ? આહા..હા..! આવા દૃષ્ટાંત દઈને પણ વસ્તુને સત્ સમજાવવા માગે છે, ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- પહેલા આમાં તો દાખલો સમજાતો નથી.

ઉત્તર :- લ્યો! દાખલો સમજાતો નથી.

'**ઘણાં બહુવિધ વૃક્ષોને...**' બે વિશેષણ વાપર્યા. વૃક્ષો તો વૃક્ષો. પણ ઘણાં અને ઘણી જાતના.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ભિન્ન ભિન્ન છેને.

'**એવા વૃક્ષોને પોતપોતાના વિશેષલક્ષણભૂત...**' દરેક વૃક્ષનું પોતપોતાનું વિશેષ લક્ષણભૂત '**સ્વરૂપ-અસ્તિત્વના આલંબનથી ઊભું થતું...**' એક એક વૃક્ષનું પોતાના સ્વરૂપના આલંબને, એના આધારે, એને કારણે '**ઊભું થતું જે અનેકત્વ તેને,...**' અનેકત્વ તેને. ભિન્ન ભિન્ન છેને તેમાં અનેકપણું આવ્યું. '**સામાન્યલક્ષણભૂત સાદૃશ્યદર્શક વૃક્ષપણા વડે ઊભું થતું એકત્વ તિરોહત કરે છે,...**' ભારે! આહા..હા..! શું પણ જ્ઞાનગોષ્ઠી કરી છેને! આહા..હા..! કહે છે કે વૃક્ષો છે, ઘણાં છે. છે એ તો ઠીક, પણ ઘણાં છે. ઘણી જાતના છે. એમાં એક એક વૃક્ષનું પોતાનું સ્વરૂપ જે છે એનાથી થતું અનેકપણું. એક એક વૃક્ષ એવા અનેકપણું એમાં આવે છે. પણ એ અનેકપણું તેને '**સામાન્યલક્ષણભૂત સાદૃશ્યદર્શક**

**વૃક્ષપણા વડે...'** સમાનપણું-સરખાપણું છે એમાં સરખાપણું વૃક્ષ છે, વૃક્ષ છે. 'વૃક્ષ છે' એ બધું સમાનપણું આવી ગયું. એમાં પછી ભિન્ન-ભિન્નપણું રહ્યું નહિ. ભિન્ન જાત પણ ન રહી અને ભિન્નપણું ન રહ્યું.

'**સામાન્યલક્ષણભૂત સાદશ્યદર્શક...**' છેને? સાદશ્ય--'**સમાનપણું, સરખાપણું.**' દેખાડનારું, સરખાપણું દેખાડનારું, સામાન્યલક્ષણભૂત સરખાપણું દેખાડનારું '**વૃક્ષપણા વડે ઊભું થતું...**' સાદશ્ય—'છે' એવા સરખા દેખાડનારા વૃક્ષપણા વડે એકત્વ તિરોહિત થઈ જાય છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! '**તિરોહિત કરે છે,...**' એકત્વપણું તે તિરોહિત કરે છે. '**આચ્છાદિત; અદશ્ય.**' કરે છે. દેખો! એ અનેકત્વને એકત્વ ઢાંકી દે છે એમ કહે છે. અનેકપણાને એકપણું ઢાંકી દે છે એમ કહે છે. આવી ભાષા! કહે છે, વૃક્ષ ઘણાં અને ઘણી જાતના. એ એક એક વૃક્ષનું પોતાના સ્વરૂપનું અસ્તિત્વ છે એ અપેક્ષાએ બધા અનેક છે, પણ સાદશ્ય અસ્તિત્વ વડે 'છે' એવા ઝાડના છે એવા અપેક્ષાથી અનેકપણું તેને 'છે' એવું એકપણું, 'છે' એવું એકપણું અનેકપણાને ઢાંકી દે છે, અનેકપણું ત્યાં રહેતું નથી. એકપણું છે. છે... છે... છે... છે... છે... છે... એમ. સમજાણું કાંઈ? આહા..હા..! આવી ધર્મની કથા કેવી હશે આ!

ભાઈ! ભિન્ન ભિન્ન છે, જાત ઘણાં. દ્રવ્યો એક જાતના નથી અને એક જ નથી. બધા દ્રવ્ય એક નથી એમ સિદ્ધ કરવું છે, ભાઈ! દ્રવ્ય એક જ છે એમ નથી, તેમ દ્રવ્ય એક જાતના છે તેમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? મૂર્ત છે, કોઈ અમૂર્ત છે, કોઈ ચેતન છે, કોઈ અચેતન છે. એવી વિવિધ પ્રકારની જાતવાળા અને અનેક છે. એવું જ વસ્તુનું સ્વરૂપ છે, પણ એ અનેકપણું બતાવનારું એક-એક વૃક્ષનું સ્વરૂપ તેને સાદશ્ય અસ્તિત્વ વડે, 'છે' એવા સરખાપણું વૃક્ષ છે, 'વૃક્ષ છે' એ અનેકપણાને 'છે' એવું એકપણું ઢાંકી દે છે, મુખ્યપણું રહેતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**થતું એકત્વ...**' શું? '**સાદશ્યદર્શક વૃક્ષપણા વડે ઊભું થતું એકત્વ...**' એમ. બધું સરખાપણું દેખાડનારા વૃક્ષપણા વડે ઉત્પન્ન થતું એટલે એકપણું જણાતું એ અનેકપણાને ઢાંકી દે છે. આ ૯૭મી ગાથા ચાલે છે. મગનભાઈ! ૯૭મી ગાથા છેને આ. ઓહો..હો..! આચાર્યોને એટલા કથનકાળે કંટાળો ન આવ્યો અને આ સાંભળતા એને કંટાળો આવે કે આ તો એકનું એક છે અને ફલાણું. એમ નથી. ભગવાન! તારી મોટી ભૂલ થાય છે. તને સત્‌ના વિસ્તારની ખબર નથી. આહા..હા..! સંસ્કૃતમાં ગોઠવવામાં વાણી આવી જુઓને અલૌકિક!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનેકપણા ત્યાં લક્ષમાં રહેતા નથી.

મુમુક્ષુ :- અનેકપણા ગયા ઔર અનેક તરહકા...

ઉત્તર :- એ સબ સબ અનેકપણા ચલા ગયા. અનેક અને અનેક જાત સબ ગયા.

અનેકપણું દ્રવ્યનું અને અનેક જાતનું દ્રવ્યપણું. સાદશ્યદર્શક-સરખું દેખાડનારા ભાવથી બધું એકમાં સમાઈ જાય છે, ભિન્ન રહેતું નથી. આહા..હા..! ભારે! કહો, હીરાલાલજી! આ તો બહુ ઝીણું આવ્યું આજ તમે આવ્યાને. આજ તો કુંદકુંદાચાર્ય મહારાજની તિથિ છેને. આચાર્ય મહારાજ. ભગવાન કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલા ભગવાન પાસે જઈને આવ્યા પછી આ શાસ્ત્ર રચ્યા છે. મહા ગંભીર ગૂઢ ભાવ આવો ભાવ બીજે ક્યાંય છે નહિ. ઓલા કહે, અમારામાં ભર્યું છે બધું. ભાઈ ઠીક! કોણ ના પાડે. હવે એ ક્યાં મૂકને પડતું, કીધું, હવે એ. આહા..હા..! સમજાય છે?

**'તેમ ઘણાં બહુવિધ દ્રવ્યોને પોતપોતાના...'** હવે દાખલો દ્રવ્ય ઉપર આવશે. આ વૃક્ષ આપ્યો, હવે દ્રવ્ય ઉપર જરી આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૯, શનિવાર, તા. ૧૪.૧૨.૧૯૬૮**
**ગાથા-૯૭, પ્રવચન-૯૫**

બીજો પેરેગ્રાફ ચાલે છે, નહિ? ગાથા-૯૭. પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન. જ્ઞાનમાં જણાય એવા જ્ઞેયોનું સ્વરૂપ કેવું છે? એમ કહે છે. પહેલા ઝાડનો દાખલો આપ્યો જુઓ. ફરીને એ લ્યો ચાર. છેને બીજો અધ્યાય? બીજો પેરેગ્રાફ ફરીને લઈએ ઓલા ઝાડની સાથે મેળવવા. 'જેમ-તેમ' છે ખરુંને એટલે.

**'જેમ ઘણાં બહુવિધ વૃક્ષોને...'** ઘણાં એ બહુપણું બતાવે છે અને બહુવિધ અનેક પ્રકારના બતાવે છે. બહુ ઘણુંપણું બતાવે છે અને બહુવિધ અનેક પ્રકારના બતાવે છે ઝાડ. એમ બહુ આંબાના હજાર ઝાડ હોય તોપણ એને બહુ કહેવાય, પણ એને બહુવિધ ન કહેવાય. બહુવિધ તો એમાં પીપળાના, લીંબડાના આદિ બધા ઝાડ હોય એને બહુ અને ઘણાં-વિધ બહુવિધ-ઘણાં પ્રકારના. **'ઘણાં બહુવિધ વૃક્ષોને પોતપોતાના વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું...'** દરેક ઝાડ પોતાના અસ્તિત્વમાં રહેલું છે, પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહેલું છે. એના **'અવલંબનથી ઊભું થતું જે અનેકત્વ...'** ઘણાં અને અનેક જાતના ઝાડમાં અનેકપણું દેખાય છે, અનેકપણું દેખાય છે. દ્રવ્યમાં પછી ઉતારશે વધારે. **'તેને સામાન્યલક્ષણભૂત સાદશ્યદર્શક...'** સરખું કહેવાપણું. ઝાડ, વૃક્ષ એમ સામાન્યલક્ષણથી

સરખું દેખાડનાર એવા '**વૃક્ષપણા વડે ઊભું થતું એકત્વ...**' વૃક્ષ છે એવું એકત્વ ઘણાં અને ઘણાં પ્રકારના અનેક પ્રકારને ઢાંકી દે છે. સમજાય છે કાંઈ? ઢાંકી દે એટલે? એને જુદું દેખાડતું નથી. ઝાડ (કહેતા) એમાં બધું આવી ગયું. ઘણાં અને ઘણાં પ્રકારના ભિન્ન ભિન્ન હોવા છતાં, ઝાડ નામથી ઘણાં અને ઘણાં પ્રકારના એ વાત લક્ષમાં રહેતી નથી. ઝાડ એમાં બધું આવી ગયું. આ તો એક દૃષ્ટાંત છે હોં! પછી દ્રવ્યમાં ઉતારશે.

'**વૃક્ષપણા વડે ઊભું થતું એકત્વ તિરોહિત કરે છે,...**' અનેકપણું લક્ષમાં રહેતું નથી. વૃક્ષપણું કહેતાં એકપણું લક્ષમાં રહે છે. વૃક્ષ... વૃક્ષ... વૃક્ષ... બધું. ઓલું અનેક પ્રકાર અને ઘણાં એ વૃક્ષપણું સામાન્યને સમાનપણાના દેખાડનારા એવા વૃક્ષપણા વડે એકપણું જોતાં અનેકપણું તેમાં લક્ષમાં આવતું નથી. એથી એકપણામાં અનેકપણું ઢંકાઈ જાય છે. આ શું હશે! પછી દ્રવ્યમાં ઉતારશે હોં! આ તો હજી દૃષ્ટાંત છે.

મુમુક્ષુ :- પણ દૃષ્ટાંત જ સમજવો કઠણ પડે છે.

ઉત્તર :- દૃષ્ટાંત સમજવો કઠણ છે. શેઠી! કહ્યુંને ઘણાં એટલે અનેક અને ઘણાં પ્રકારના એટલે ઘણી જાતના. એ બધા અનેકસ્વરૂપે એક એક સ્વરૂપે અનેક છે. એક એક સ્વરૂપે દરેક અનેક છે. છતાં વૃક્ષપણું સામાન્યલક્ષણભૂત સાદશ્યદર્શક કહેવામાં શબ્દ દ્વારા એ અનેકપણું ત્યાં મુખ્ય લક્ષમાં રહેતું નથી. ત્યાં એકપણું વૃક્ષ છે એવું લક્ષમાં રહે છે બધા વૃક્ષની અંદર. કારણ કે વૃક્ષપણું બધામાં સમાય છે.

'**તેમ...**' હવે એટલું તો કાલે આવ્યું હતું. '**તેમ ઘણાં...**' એટલે ઘણાં દ્રવ્યો. દ્રવ્ય એટલે વસ્તુઓ. આત્મા અનંત, પરમાણુ અનંત એ ઘણાંમાં એટલું આવે કે ઘણાં છે એટલું. અને બહુવિધમાં ચેતન, અચેતન, મૂર્ત, અમૂર્ત એ બહુવિધમાં આવે. અમૂર્ત એવા આત્માઓ ઘણાં, મૂર્ત એવા પરમાણુ ઘણાં, અમૂર્ત એવા કાળાણુ ઘણાં, અમૂર્ત એવું આકાશ, ધર્માસ્તિ અને અધર્માસ્તિ એક-એક. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરના જ્ઞાનમાં આ છ દ્રવ્ય સંખ્યાએ અનંત, જાતિએ છ, પણ આમ અનેકપણે, અનેક દ્રવ્યો ઘણાં પ્રકારના અને ઘણાં હોવા છતાં... એક વાત એમાં.

'**પોતપોતાના વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું જે અનેકત્વ,...**' શું કહે છે? દરેક દ્રવ્ય પોતપોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયના અસ્તિત્વમાં છે. દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે એની શક્તિનો સ્વભાવ અને પર્યાય એટલે વર્તમાન થતી હાલત નામ દશા. વસ્તુ ત્રણ પ્રકારે હોય છે. કોઈપણ ચીજ હોય તે વસ્તુ એટલે દ્રવ્ય. પહેલા વસ્તુ કીધી, પછી એનો સ્વભાવ હોય કે નહિ? વસ્તુ છે તો (એનો) સ્વભાવ (છે). એટલે જેમ આત્મવસ્તુ (છે) તો એનો સ્વભાવ એટલે ગુણ જ્ઞાન, દર્શન આદિ અનંતગુણ અને એની અવસ્થા એમાં સમાય છે. દરેક વસ્તુ પોતપોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી અનેકપણે દ્રવ્યો છે એમ દેખાય છે. એનો અર્થ એ છે કે કોઈ દ્રવ્યની પર્યાયથી કોઈ દ્રવ્યની પર્યાય છે

અનેકપણામાં એમ નથી. ન સમજાણું? એય..! શેઠી! શેઠી ના જ પાડે છે. વન્સ મોર કરો. ફરીને. આપણે ક્યાં એમ જવા દઈએ એમ નથી વાત. સમજાય છે?

જુઓ! જુઓ આ પાંચ આંગળા છે. પાંચ છેને પાંચ? હવે પાંચપણે પાંચ છે, પાંચપણે પાંચ છે. તો આની અવસ્થા આને લઈને, આની અવસ્થા આને લઈને એમ ન હોય. કારણ કે પાંચ પાંચપણે છે, પાંચ પાંચપણે છે. તો વસ્તુ વસ્તુપણે છે, વસ્તુના ગુણપણે છે અને વસ્તુની અવસ્થાપણે છે. તો છેમાં આ છે આને લઈને અને આ છે આને લઈને એમ અનેક સત્‌ના અનેકપણાના અસ્તિત્વમાં એમ બનતું નથી.

ફરીને. એમ છ દ્રવ્ય અને સંખ્યાએ અનંત. અનેકપણું છેને અહીંયાં? ઘણાં દ્રવ્યો. કારણ કે ભગવાન આત્મા એવા અનંતા આત્માઓ છે. આ પોઈન્ટ આ વસ્તુ છે, આ કાંઈ મૂળ ચીજ નથી. આનો ટૂકડો કરતાં-કરતાં છેલ્લો પોઈન્ટ રહે એને પરમાણુ કહે છે વસ્તુ જડ. તો એવા પણ અનંત છે. આત્મા અનંત છે. હવે બીજા છે અસંખ્ય આદિ એક કોર. એ અનંત છે તે અનેકપણું બતાવે છે. અનેકપણું બતાવે તો અનેક અનેકપણે રહીને અનેકપણું બતાવે છે. એકબીજા એકબીજાના થઈને અનેકપણું બતાવી શકે નહિ. શું કીધું?

આ પાંચ છે એ પાંચપણાને પોતાપણે રહીને બતાવે છે. એ પાંચમાં આ આનું થઈને અને આ આનું થઈને પાંચપણું બતાવી શકતા નથી. એમ જેટલા પદાર્થ જગતમાં છે અનંત, એ અનંત-અનંત પ્રત્યેક પોતપોતાની સ્થિતિથી ભિન્ન-ભિન્નપણું બતાવે છે. એટલે પરના અસ્તિત્વને લઈને આનું અસ્તિત્વ અથવા પરની પર્યાય વર્તમાન અવસ્થાને લઈને આની અવસ્થાનું સત્‌ એમ અનેકપણામાં બની શકતું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કોઈની પર્યાય કોઈથી નહિ?

ઉત્તર :- જુઓને, આ અનેકપણું સિદ્ધ શી રીતે કરે છે આ? આત્મા વસ્તુ છે. ચિદાનંદ આત્મા વસ્તુ શાશ્વત છે. 'છે' એ કોઈની કરેલી નથી, નાશ નથી. 'છે'. પણ 'છે' એની શક્તિ, જ્ઞાન દર્શન, આનંદ એ ગુણ છે અને એની વર્તમાન અવસ્થા. એક એવા અનંતા આત્માઓ. એમ એક એક પરમાણુ દ્રવ્ય રજકણ પોઈન્ટ, એનો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, એની શક્તિ ગુણ કાયમ રહેનારી અને આ એની અવસ્થા આ ધોળી, રાતી આવી થાય. એ પણે અનંત અનંતપણામાં પોતપોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયપણે અનંત છે. એમાં આને લઈને આ છે, આને લઈને આ છે એમાં આવતું નથી. નવરંગભાઈ! તમારા ઈંજેક્શનને લઈને ન્યાં રોગ મટે છે એમ નથી આવતું એમ કહે છે આમાં.

મુમુક્ષુ :- દુનિયા ડૉક્ટરને ન માને.

ઉત્તર :- દુનિયા ગાંડી ન માને. દુનિયાને ભાન કે દિ' છે? એય..! શું કહે છે? ઈંજેક્શનના રજકણો એના અસ્તિત્વમાં છે. શરીરના રજકણો એના અસ્તિત્વમાં છે અને એના અસ્તિત્વમાં આ રજકણની અવસ્થા છે અને ઈંજેક્શનની અવસ્થા એના રજકણની અવસ્થામાં છે, હાલત.

એ છે એટલું. છે અનેકપણું એટલું બતાવે છે. છે અનેકપણું ક્યારે રહે? કે આનાથી આ અને આનાથી આ એમ હોઈ શકે નહિ. બરાબર છે?

મુમુક્ષુ :- છે એમ છે.

ઉત્તર :- છે એમ જ છે. એના લક્ષમાં આમ આવવું જોઈએ એમ કહે છે. આ મહાસત્તાનો અર્થ અનેકપણું તો છે ગૌણપણે, કહે છે. એકપણું મુખ્યમાં આવે છે, અનેકપણું ગૌણમાં આવે છે. જ્યારે અનેકપણું મુખ્ય થાય છે ત્યારે એકપણું ગૌણમાં જાય છે. પણ અનેક છે એનું છેપણું ક્યારે રહે? અનેક એટલે અનંત. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ એ છે અનંત અનંત. અનંત જે રીતે એક સમયે આમ અનંત છે. એમાં અનંત પોતપોતાના સ્વરૂપ અસ્તિત્વને લઈને છે, બીજો એના સ્વરૂપના હોવાપણાને લઈને છે, ત્રીજો એના સ્વરૂપના હોવાપણાને લઈને છે. એ રીતે અનેક સિદ્ધ થાય છે. આને લઈને આ અને આને લઈને આ (એમ હોય) તો અનંતપણાની અનંતતા રહેતી નથી. સમજાણું કાંઈ? ભારે ભાઈ! આવું ધર્મનું સ્વરૂપ સમજવું પડતું હશે?

મુમુક્ષુ :- અમારે લીલોતરી ન ખાવી એવું ...

ઉત્તર :- હવે ધૂળ લીલોતરી કોણ ખાતો હતો? એ તો જડ પરવસ્તુ છે. લીલોતરીની પર્યાય પોતાના અસ્તિત્વમાં છે. ખાનારના અસ્તિત્વમાં અહીં જે ચાલે છે એના અસ્તિત્વમાં લીલોતરીની અવસ્થા છે? નહિતર એના અનંત રજકણો અને આ અનંતા રજકણો ભિન્ન સિદ્ધ કેમ થાશે? સમજાણું કાંઈ? કહો, સમજાણું કાંઈ? કોની અસર ચાલે?

અહીં એ તો સિદ્ધ થાય છે. આ પાંચ છે. આમાં આનું હોવાપણું અને આમાં આનું નહિ હોવાપણું. ત્યારે એની અસ્તિ સિદ્ધ થાય કે આનું આનું હોવાપણું અને આનું આનું હોવાપણું તો બે અસ્તિ સિદ્ધ શી રીતે થશે? બે અસ્તિ ભિન્ન સિદ્ધ શી રીતે થશે? 'છે' એવા બે સિદ્ધ શી રીતે થશે? આ આનાથી છે, આ આનાથી નથી, આ આનાથી છે, આનાથી નથી. ત્યારે તો બે છે (એમ) સિદ્ધ થશે, નહિતર બે સિદ્ધ થશે જ નહિ. સમજાણું કાંઈ? આ તો ન્યાય લોજિકથી એને સમજવું પડશે તત્ત્વ શું છે ઈ. એમ તત્ત્વ સમજ્યા વિના મૂર્ખાઈ ભરેલો અનાદિ ચાલ્યો જાય છે એને માટે આ જ્ઞાન કરાવે છે. જ્ઞેયનું જ્ઞાન કરાવે છે. જે જ્ઞેય અનંતપણે, અનેકપણે જણાય છે તે જ્ઞેય અનેકપણે પોતપોતાના સ્વરૂપથી રહેલા છે.

અહીં મારે તો ઓલા જ્ઞાનમાં વધારે નાખવું છે હોં! જ્ઞાન સર્વજ્ઞ બસ. મને તો એમાં વધારે થઈ ગયું મગજ. ઘોળાતું હતું બહુ. આ અનેકપણું... વસ્તુ છે એ અનેકપણે અનેકપણું ક્યારે રહે? કે પ્રત્યેક એક એક પોતા વડે રહે તો અનેકપણું રહે, પણ પ્રત્યેક એક બીજા વડે રહે અને બીજો આના વડે રહે તો પ્રત્યેક અનંત ભિન્ન-ભિન્ન છે તે રહેતા નથી. બરાબર? લોજિકથી, ન્યાયથી બરાબર છે કે નહિ? અવાંતરસત્તા પહેલી કહે છે અને પછી મહાસત્તા

કહે છે.

તો કહે છે, **'ઘણાં બહુવિધ...'** ઝાઝાં અને ઘણી જાતના. બહુવિધ એટલે ઘણી જાતના. ઝાઝા એટલે દ્રવ્યો ઘણાં અને ઘણી જાતના એટલે ચેતન, અચેતન, મૂર્ત, અમૂર્ત. સમજાય છે કાંઈ? **'ઘણાં બહુવિધ દ્રવ્યોને...'** એટલે વસ્તુને, વસ્તુને. **'પોતપોતાના વિશેષલક્ષણભૂત...'** પોતપોતાના વિશેષલક્ષણભૂત **'સ્વરૂપઅસ્તિત્વના અવલંબનથી ઊભું થતું જે અનેકત્વ...'** દેખો, હવે અહીં આનો અર્થ આટલો છે. દરેક દ્રવ્ય પોતપોતાના સ્વરૂપઅસ્તિત્વથી રહેલું છે. બીજાના સ્વરૂપઅસ્તિત્વથી (નથી રહેલું). તો સ્વરૂપ અસ્તિત્વ પર્યાય પણ સ્વરૂપ અસ્તિત્વમાં આવી કે નહિ?

મુમુક્ષુ :- ત્રણ થઈને થાય છેને.

ઉત્તર :- ત્રણ થઈને જ એનું સ્વરૂપનું અસ્તિત્વ છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય.

દરેક વસ્તુ વસ્તુ તરીકે કાયમ સત્ અને અવિનાશી, એની શક્તિઓ જે ગુણ છે એ પણ અવિનાશી. જેમ સાકર વસ્તુ. પણ સાકરનો સ્વભાવ ગુણ શું? કે મીઠાશ. તો સાકર જેમ કાયમ રહે છે એમ મીઠાશ પણ કાયમ છે. હવે એની અવસ્થા જે ઓછા, વત્તા, ગળપણાની અવસ્થા દશા એ પર્યાય છે. તો એ પર્યાય એનાથી છે, ગળપણ એનાથી છે, સાકર એનાથી છે. એ પર્યાય પાણીને લઈને મોળી, મીઠી ઓછી થઈ છે એમ નથી. સમજાણું કાંઈ? ભગવાનભાઈ! ઓહો..હો..!

અહીં તો આમાં દ્રવ્યનું આવું. એવું જ દરેક અનેકત્વપણે છે એને એકપણે બતાવે છે. 'છે'.. 'છે' સામાન્ય છે. એમાંથી કોઈ નીકળી ન જાય. તો છે સત્ એ એક થઈ ગયું. ઓલું બધું અનેક છે એ સ્વરૂપ અસ્તિત્વ છે. 'છે' એ મહાસત્તા. બધું છે... બધું છે... બધું છે... 'છે'માં કોઈ નથી અને કોઈ છે એમ હોઈ શકે? 'છે' એમાં કોઈ નથી અને કોઈ 'છે' એમ હોઈ શકે? કોઈ પદાર્થ છે અને કોઈ પદાર્થ નથી. નથી એટલે શું? 'છે'. એમાં આત્મા 'છે', પરમાણુ 'છે', આત્માના ગુણો 'છે', આત્માની અવસ્થા 'છે', પરમાણુ 'છે', એના ગુણો 'છે', એની અવસ્થા 'છે', આકાશ 'છે', એના ગુણ 'છે', એની અવસ્થા 'છે'. એમ છએ દ્રવ્યનું દ્રવ્ય 'છે', ગુણ 'છે' અને પર્યાય 'છે'. સમજાય છે કાંઈ? મગનભાઈ! હવે એમાં આનાથી આ એવા અનેકપણાના સત્ એમાં રહેતું નથી, પછી મહાસત્‌માં પણ એ નથી રહેતું. કારણ કે અનેકપણાને એક લક્ષણે ઓળખાવે છે.

મુમુક્ષુ :- મટાડી નથી દેતું.

ઉત્તર :- મટાડી નથી દેતું એને. સત્ છે, છે.. આ છે... છે... એમ કરીને અનેકપણાને એકપણા દ્વારા બતાવે છે. સમજાણું કાંઈ? અનેકપણું મટી નથી જતું અંદરમાંથી. અનેકપણું 'છે' એમાં છે... છે... છે... એ સર્વવ્યાપક છે એ બધે લાગુ પડી જાય છે. કોઈ છે અને કોઈ નથી એમ હોઈ શકે? જગતમાં પદાર્થો કોઈ છે અને કોઈ પદાર્થ છે અને નથી, પદાર્થ

છે અને નથી. એનો અર્થ શું? સમજાણું કાંઈ?

**'ઘણાં બહુવિધ દ્રવ્યોને... '** એટલે વસ્તુને **'પોતપોતાના વિશેષલક્ષણભૂત... '** પોતપોતાના ગુણ-પર્યાય લક્ષણ અને દ્રવ્ય તે લક્ષ. છેને? એમ **'પોતપોતાના વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું...'** જાણવામાં આવતું **'જે અનેકત્વ,...'** આ અનેકપણું સિદ્ધ કર્યું પહેલું. સમજાણું કાંઈ? **'તેને સામાન્યલક્ષણભૂત સાદશ્યદર્શક...'** લ્યો! સમાનપણું-સરખાપણું બતાવવું એટલે? 'છે'. આત્મા છે, પરમાણુ છે, આકાશ છે, ગુણ છે, અવગુણ છે, પર્યાય છે, મિથ્યા છે, અજ્ઞાન છે. 'છે' એમાંથી ક્યો નીકળી જાય? સમજાણું કાંઈ? **'વિશેષલક્ષણભૂત સ્વરૂપ...'** **'સામાન્યલક્ષણભૂત સાદશ્યદર્શક સત્‌પણા વડે (-સત્ એવા ભાવ વડે, હોવાપણા વડે,...'** સત્‌ની વ્યાખ્યા બીજી. **'(-સત્ એવા ભાવ વડે, હોવાપણા વડે,...'** સત્‌નો અર્થ કરે છે. **'છેપણા વડે ઊભું થતું એકત્વ તિરોહિત કરે છે.'** અનેક છે તેને 'છે' એવા લક્ષણ સામાન્ય દેખવાની સમાનતાની અપેક્ષાએ અનેકપણું તેને લક્ષમાં રહેતું નથી. 'છે' એવું લક્ષમાં આવે છે. સમજાણું કાંઈ? ભાઈ! આ તો ન્યાયથી સમજવું પડશે એને. ન્યાય નિ ધાતુ છે. નિ એટલે વસ્તુનું સ્વરૂપ છે તેવું તેને (જ્ઞાનને) લઈ જવું, દોરી જવું. ધર્મ એમને એમ થઈ જતો નથી. અજ્ઞાનપણે આ બેઠા, ધર્મ થઈ ગયા. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ભગવાનના દર્શન કર્યા, લ્યો થઈ ગયો ધર્મ. ધર્મ એમ નથી થાતો કહે છે. કેમ? કે ભગવાનના દર્શન. ભગવાન છે એનું અસ્તિત્વ એનામાં છે. આના દ્રવ્ય-ગુણ-પર્યાયનું અસ્તિત્વ આનામાં છે. ભગવાનના અસ્તિત્વની પર્યાયને લઈને અહીંયાં અસ્તિત્વની પર્યાય થઈ (એમ માને તો) એણે વસ્તુને ભિન્નપણે માની જ નથી. નવરંગભાઈ!

એ આજે મોટર નીકળી હતી સામે. કો'ક ભાવનગરની હતી. હવે અમેરિકા બહુ જાય છેને માણસો ભણવા. હું દિશાએ જઈને નીકળ્યો ત્યારે મોટર (નીકળી હતી). દેરાવાસી હશે કોઈ. ઊભી રાખી હતી. ઊભા હતા દર્શન કરવા. આ મારે જાય છે પરદેશમાં. ભગવાનના દર્શન કરવા જવા છે. આ દર્શન મળી ગયા. બિચારાએ મોટર ઊભી રાખી. ભગવાનના દર્શન કરીને જાય તો અમેરિકામાં સરખું થાય, ભણીને આવે. ઈ કહે છે. આમાં ઈ કહે છે. જે ભગવાન છે એ ભગવાનમાં છે. ભગવાન ભગવાનમાં રહ્યા છે, ભગવાન આત્મા છે તો આત્માનું એનું દ્રવ્ય, એની શક્તિ અને એની અવસ્થા. ભગવાન ભગવાનના થઈને રહ્યા છે, ભગવાન બીજાના આત્માના થઈને રહ્યા નથી. અને બીજાનો આત્મા પોતાપણે થઈને રહ્યો છે, એ બીજાપણે થઈને રહેતો નથી. કેમ હશે? મીઠાલાલજી! આ દેરાસર.. એ બોલે નહિ. આ મંદિર કરાવવા, આ દેરાસર બધા (કરવા), શું પછી એમાં એનાથી ન થાય તો? ભાઈ! એ છે. એ છે, આ પણ છે. જ્યારે શુભભાવ હોય છે તે છે. ઓલું પણ છે, પણ એનાથી શુભભાવ થાય છે અને શુભભાવને લઈને સામે એનું અસ્તિત્વ છે એમ

નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ન્યાયથી સમજવું પડશે. વસ્તુની ભિન્નતા છે એનું સ્વરૂપઅસ્તિત્વ સૌ સૌને કારણે છે અને 'છે' એ અપેક્ષાએ બધું સમાઈ જાય છે. 'છે' એમાંથી કોઈ નથી એમ ન હોઈ શકે.

મુમુક્ષુ :- શુભભાવ...

ઉત્તર :- શુભભાવ હો. તો બીજો ભાવ નથી થતો?

મુમુક્ષુ :- શુભભાવ નહિ હોય તો મંદિર પણ નહિ હોય.

ઉત્તર :- એમ કોણ કહે છે? બીજા ભાવ નથી થતા? શું કહે છે? કોઈ સમયે પોતાના ભાવ વિના રહે છે? કોઈ પદાર્થ પોતાની વર્તમાન દશા વિના રહે છે? સ્વરૂપઅસ્તિત્વ કહે છે શું? કોઈપણ પદાર્થ વસ્તુ કાયમ અને એની શક્તિ કાયમ અને એની વર્તમાન અવસ્થા. તો વર્તમાન અવસ્થા વિનાનું સ્વરૂપ રહી શકે? તો કયે વખતે અવસ્થા નથી? પણ એમ કે ભગવાનની હાજરીમાં શુભભાવની અસ્તિ થઈ અને પહેલા (નહોતી). એમ છે જ નહિ. એમ અહીં સિદ્ધ કરે છે. એને લઈને ઈ અને તારે લઈને તું. 'છે' એ અપેક્ષાએ બધું સમાઈ જાય છે. તું પણ છો, એ 'છે', એ 'છે'. સમજાણું કાંઈ? આહા..હા..!

પરજીવની દયા પાળવાનું અસ્તિત્વ... પર જીવ બચે છે, એની પર્યાયનું અસ્તિત્વ એનામાં છે. તારો ભાવ થયો દયાનો વિકલ્પ, તો એને લઈને ત્યાંનું અસ્તિત્વ રહ્યું છે જીવવાનું? અને એના અસ્તિત્વમાં થયું જીવવાનું, માટે અહીં વિકલ્પનું અસ્તિત્વ થયું? એમ છે જ નહિ. કહો, સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! સર્વજ્ઞ વીતરાગમાર્ગ લક્ષમાં એને લેવો. ઓહો..હો..! 'છે' અનેકપણું ઢંકાઈ જાય છે. ઢંકાઈ જાય (છે) એટલે લક્ષમાં રહેતું નથી, ગૌણ થઈ જાય છે. અનેક છે ત્યાં એકપણું ગૌણ થઈ જાય છે. એકપણું ગૌણ થતાં એકપણું અંદર સત્‌પણું છે એ કાંઈ ચાલ્યું નથી જતું અને અનેકપણામાં એક કહેતા અનેકપણું ગૌણ થતાં અનેકપણું ચાલ્યું નથી જતું, પણ 'છે' એમાં બધું સમાઈ જાય છે. અને એનો શબ્દ કહેવો સત્ વાણી. બધું 'છે' એ વસ્તુ છે. વાણી કહી વાણી છે. તો 'છે' એમાં બધું સમાઈ જાય. બધી ચીજોને એણે બતાવી છે.

મુમુક્ષુ :- એક છે એ બધી ચીજને બતાવે?

ઉત્તર :- એક છે એ બધી ચીજોને બતાવી છે. જેમ સાકર છે. સાકર શબ્દ છે. તો સાકર શબ્દ છે એ સાકરને બતાવે છે. સાકરનું અસ્તિત્વ છે એમ બતાવે છે. આનું અસ્તિત્વ અહીં, ત્યાંનું અસ્તિત્વ ત્યાં. વાણી છે, 'છે' એમ કહે છે. આ જગત 'છે', જગત 'છે'. તો 'છે' એ શબ્દે આખું પૂરું જગતનું 'છે' એ બતાવે છે. કે 'છે' એમાં કોઈ નથી એમ બતાવે? પણ નથી એ વસ્તુ હોય શેની? આહા..હા..! જરી મગજને કેળવવું પડશે એને ભાઈ, વસ્તુ સમજવા. આ તો જુદી જાતની કેળવણી. એય..! ડોક્ટર! તમારા ભણતર-બણતર બીજી જાતના હોય છે બધા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ બધી જુદી જાત છે. કહો, સમજાણું કાંઈ?

આમ વસ્તુ અનેક અનેકપણે રહીને, અનંત-અનંતપણે રહીને સ્વરૂપે રહેલી છે. એટલે પોતે અનેક અનેકપણામાં બીજા અનેકને કારણે એનું સ્વરૂપઅસ્તિત્વ છે, વર્તમાન કાર્ય છે કે વર્તમાન દશા છે—એમ હોઈ શકતું નથી. તેમ 'છે' કહેતા બધું સમાઈ જાય છે, કાંઈ બાકી રહેતું નથી. એમ 'છે' એવું જ્ઞાન. આહા..હા..! જુઓ! એ સર્વજ્ઞ. આ જગતમાં બધા પદાર્થો વસ્તુ, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ બધું છે ત્રિકાળ. ત્રિકાળ છે. વાણી કહે છે 'છે' બધું આવી ગયું. જ્ઞાનમાં બધું છે એવું એક સત્ જ્ઞાન છે. સત્ જ્ઞાન છે. એક જ્ઞાન. એક સત્ જ્ઞાનમાં બધું જણાઈ જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં જ સમજવું.

જ્ઞાન એક સત્ છે, એક સત્ છે, એક સત્ છે. જ્ઞાનના કાંઈ ટૂકડા પડે છે? કે આનું જ્ઞાન... આનું જ્ઞાન નહિ ને આનું જ્ઞાન. જ્ઞાન 'છે'એ બધાનું જ્ઞાન છે. બધાનું જ્ઞાન છે એ એક સત્ જ્ઞાન છે, સત્ જ્ઞાન છે. ૪૮ ગાથામાં આવે છેને ભાઈ નહિ ઓલી? કે આ બધા દ્રવ્ય છે એમાં એક જ્ઞાતા જીવ છે. એક જ્ઞાતા જીવ છે. બીજી રીતે ત્યાં વાત કરી. બીજી રીતે કરીને મૂળ તો વસ્તુનું સ્વરૂપનું પૂર્ણ સામર્થ્ય આદિ બતાવે છે અને સ્વતંત્રતા સિદ્ધ કરે છે. આહા..હા..! આ જગતમાં પદાર્થો બધા છે. કહો, આ બધા છે. હવે એમાં જાણનારો તો આત્મા છે એક. તો એક જાણનાર પોતાને અને પરને બધાને જાણે છે. બધું છે, અનેક, અનેકપણું સિદ્ધ થઈ ગયું. 'છે' એ સામાન્ય સમાનપણાના, સરખાપણા વડે 'છે' એમ બતાવ્યું. હવે બધું છે, અનેક છે એ વાક્યે અનેકપણાને બતાવ્યું. છે એ બધું સામાન્યપણે બતાવ્યું. હવે એક એક દ્રવ્ય-ગુણ-પર્યાયનું એક એકનું જ્ઞાન એ પૃથક્-પૃથક્ છે એમ પણ બતાવ્યું અને 'છે' એ બધું. એક છે. આખું જ્ઞાન એક છે. સત્ જ્ઞાન એક છે, સત્ જ્ઞાન એક છે. તો જે જ્ઞાનમાં જેટલા જ્ઞેયો સત્ 'છે' તે સંબંધીનું જ્ઞાન એકરૂપ સત્ છે. આનું જ્ઞાન જુદું અને આનું જ્ઞાન જુદું એવું છે નહિ. અને એ જ્ઞાનનું એ જ્ઞાન. કારણ કે સર્વજ્ઞ છે એ સત્ 'છે', એ પણ સત્માં આવી જાય છે. આહા..હા..! સત્ 'છે' બધું તેનું જ્ઞાન એકરૂપ, એનું જ્ઞાન બધા સત્માં પાછું સર્વજ્ઞ પોતે પર્યાય છે એ સત્ છે એનું જ્ઞાન. સમજાય છે? મગનભાઈ!

સર્વ 'છે' પદાર્થ, છે એવી વાણી, 'છે' એવું એક જ્ઞાન. સાકર છે એ સાકર પદાર્થ. સાકર છે એવો એક શબ્દ શબ્દ. સાકર છે એવો શબ્દ. સાકર છે એવો એક પદાર્થ. બે થયા ભિન્ન. હવે સાકર છે એવું અહીં જ્ઞાન. જ્ઞાનમાં આવે છે કે સાકર છે. જ્ઞાન જાણે છે કે સાકર છે. સાકર પદાર્થ ભિન્ન છે, જ્ઞાન એનું ભિન્ન છે અને સાકર શબ્દ પણ સાકરથી

ભિન્ન છે, જ્ઞાનથી પણ સાકર શબ્દ ભિન્ન છે. પણ જ્ઞાનમાં એ સાકર શબ્દનું જ્ઞાન, સાકર પદાર્થનું જ્ઞાન અને એ જ્ઞાનનું જ્ઞાન. આહા..હા..! સમજાય છે કાંઈ?

એમ ભગવાન આત્મા, કહે છે કે એક જ્ઞાનરૂપ છે, એક જ્ઞાન સત્ છે જગતમાં. એક જ્ઞાન સત્ છે. આહા..હા..! એક જ્ઞાન, અનંત સત્. એ સત્‌માં જેમ સમાઈ જાય છે, વાણીમાં 'છે' એમ કહેતા બધું કથનમાં આવી જાય છે. એમ જ્ઞાન 'સત્ છે' એમ કહેતા એ જ્ઞાનમાં સંપૂર્ણ જ્ઞાન આવી જાય છે. સંપૂર્ણ જ્ઞાન આવી જાય છે. જુઓ! સર્વજ્ઞસ્વભાવ એમાં સત્ 'છે' એમ સર્વજ્ઞ જ્ઞાન એમાં આવી જાય છે. આવી સત્તાનો જેને સ્વીકાર થાય... 'છે'... સર્વજ્ઞ છે, એનો ગુણ છે. સર્વજ્ઞ તો પર્યાય થઈ કે છે જ્ઞાન. ગુણ છે, દ્રવ્ય છે, કેવળીઓ છે, આ નિગોદ છે, અજ્ઞાની છે, આ અધૂરા જ્ઞાની છે, સાધક છે. બધા 'છે' એમાં આવી જાય છે કે નહિ? બધા સાધકનું જ્ઞાનમાં સતરૂપે જ્ઞાન આવી જાય છે. સાધકનું જ્ઞાન, સાધ્યનું જ્ઞાન, કેવળીનું જ્ઞાન, પોતાનું. એ છે જ્ઞાનમાં કોઈ ભેદ પડતો નથી પછી કે આ સાધકનું જ્ઞાન આ અને સાધ્યનું જ્ઞાન આ અને પરમાણુનું જ્ઞાન. છે જ્ઞાન બસ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાન જાણે એક જ સત્, એક જ વાત. જાણવાપણાનું એકપણું છે. જાણવાપણે સત્ એક છે. જાણવાપણાના બે ભાગ છે ત્યાં? એનો અર્થ (કે) સર્વજ્ઞ એકરૂપ સત્ છે. સમજાણું કાંઈ? ભાઈ! આ તો પદાર્થ સર્વજ્ઞ વિજ્ઞાન પદાર્થ પાઠ છે. આ જગત શીખે છે તમારા એ બધા તમારા સમજવા જેવા હોં ગોટેગોટા. એઈ..! ડૉક્ટર!

મુમુક્ષુ :- એ સંયોગી જ્ઞાન બતાવે છે.

ઉત્તર :- સંયોગી એટલે ખોટું. સમજાણું કાંઈ? આ તો વાસ્તવિક વાસ્તવિકતા, સત્યતા, યથાર્થતા. જે પદાર્થ જે રીતે છે તે રીતનું જ્ઞાન અને જે પદાર્થ જે રીતે છે તેનું જ્ઞાન પણ તે પ્રકારનું જ્ઞાન પણ સત્ એક પ્રકારે જ્ઞાન. આહા..હા..! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ક્યા બાત હુઈ?

ઉત્તર :- ક્યા બાત હુઈ? એમ કરીને વન્સમોર કરે છે. ફરી કહો એમ કહે છે. ફરી કહો અમને. ક્યા બાત હુઈ? એમ કહે છે.

એમ કહ્યું કે આ છે વસ્તુ બધી. 'છે' એનું જ્ઞાન છે કે નહિ? તો જ્ઞાન પણ 'છે' કે નહિ? જ્ઞાન 'છે'. એમાં જ્ઞાન 'છે' એમાં આનું જ્ઞાન, આનું જ્ઞાન એવા ભેદ પડે છે? 'છે'. એટલે સર્વજ્ઞ છે એમ સિદ્ધ થઈ ગયું. જ્ઞાનનો પર્યાય આત્માની દશા સર્વજ્ઞ છે એવો સ્વભાવ સિદ્ધ થાય છે. અને એ સર્વજ્ઞ સિદ્ધ થતાં એને વર્તમાન સર્વજ્ઞપણું નથી તેથી તેના દ્રવ્યમાં સર્વજ્ઞ સત્તા છે એ સિદ્ધ થઈ જાય છે. સમજાણું કાંઈ? અને દ્રવ્ય એટલે વસ્તુમાં સર્વજ્ઞ સત્તા સિદ્ધ થતાં તેના જ્ઞાને જ્યારે સર્વજ્ઞ સત્તાનો સ્વીકાર કર્યો (ત્યારે) સમ્યગ્દર્શન થઈ જાય છે. ત્યાં સતરૂપી પર્યાય પણ એ રીતે સમ્યગ્દર્શનની થાય છે. મહા

આવા સત્‌ને સ્વીકાર કરતાં સમ્યગ્દર્શનની પર્યાયમાં બધા સત્‌નો સ્વીકાર થઈ ગયો. બધા તત્ત્વો જ્ઞેય, જ્ઞાન. લ્યો! એય..! જ્ઞાન અને જ્ઞેય ઓલું આવે છેને? જ્ઞેય અને જ્ઞાનનું જ્ઞાન સમકિત. એ વળી અત્યારે યાદ આવ્યું. જ્ઞેયનું જ્ઞાન શ્રદ્ધા, સમકિત છે. આહા..હા..! આવે છેને. આ રીતે બરાબર છે.

દૃષ્ટિનો વિષય એક અને આટલા બધા જ્ઞાન! આટલા બધા? સાંભળને! વસ્તુ તો એક છે. એ તો પહેલું કીધું. સર્વજ્ઞ સ્વભાવ એક કીધો. એ તો કીધો. સર્વજ્ઞ છે, જ્ઞાન છે એક જ વાત. જ્ઞાન છે એક પ્રકાર. જ્ઞાન છે. એક પ્રકારનો અર્થ સર્વજ્ઞ સ્વભાવ. એમ વસ્તુ છે, સર્વને કહેનારું એક વચન છે, એમ સર્વને જાણનારું એ પ્રકારનું એક જ્ઞાન છે. આહા..હા..! વસ્તુ આવી છે, ભાઈ! એને સમજવી પડશે, જો સુખી થવું હોય તો. આ બધા દુઃખના રસ્તા છે ચાર ગતિના. સમજાય છે? એય..! ડૉક્ટર! એમ.એ.ના પૂંછડા એ બધા દુઃખના રસ્તા છે હોં! લાખ-લાખ રૂપિયા પેદા થાય અને ધૂળ પેદા થાય એમાં ક્યાંય ધૂળમાંય નથી ત્યાં. હેરાન-હેરાન થઈને અમેરિકા જાય અને ઢીંકણે જાય બધા હેરાન-દુઃખી જાય છે. અમને તો એવું લાગે આ બિચારા રખડે છે. ક્યાં મોટા ધોળા શરીર અને મોટા ટોપા પહેરે. પણ ટોપો છે, શરીર છે અને તું છો કે નહિ? તું છો કે નહિ? તે કેવડો તું છો? બધામાં ભળ એવો નહિ. બધાને જાણ એવું સત્ તારું એક છે, ભાઈ! આહા..હા..! ગજબ વાત કરી છે!

અહીં તો બધું સાધકનું જ્ઞાન અને સિદ્ધનું જ્ઞાન, જ્ઞાન એકરૂપ છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? સાધકનું જ્ઞાન પણ જ્ઞાન છે, એ છે પૂરું જ્ઞાન છે. એ પણ પૂરું જ્ઞાન છે. સમજાણું કાંઈ? આ પણ સર્વ જ્ઞાન. શ્રુતજ્ઞાનમાં પણ સર્વ જ્ઞાન છે, સર્વ જ્ઞાન છે. એ પરોક્ષ, પ્રત્યક્ષ એ કાંઈ નહિ, સર્વ જ્ઞાન છે. કારણ કે આખું જે સર્વજ્ઞ છે, આ બધું છે એવું જે જ્ઞાન અને એ બધામાં આત્મા છે, એ આત્મામાં પણ આ પર્યાય જે સર્વજ્ઞ સિદ્ધ થાય છે તે પર્યાય દ્રવ્યમાંથી આવે છે. કારણ કે એ પર્યાય પહેલી નહોતી અને આવી એટલે દ્રવ્ય પોતે સર્વજ્ઞસ્વભાવી છે, એની સત્તા સર્વજ્ઞસ્વભાવી છે. સર્વજ્ઞ સત્તા સ્વભાવની પ્રતીત થતાં એનું આવડું મોટું સત્ છે, એટલે બધું મહાસત્ છે એમ એને જ્ઞાનની પર્યાયમાં પ્રતીત થઈ જાય છે.

મુમુક્ષુ :- એમાં આવું બધું આપ્યું છે?

ઉત્તર :- એમાં આપ્યું છે એ બધું. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આપે કીધી એ વાત .. અમને જમાવી દીધી.

ઉત્તર :- લે, કોઈ જમાવી દેતું હશે કોઈને. તો તો પછી તમારું હોવાપણું અને આનું હોવાપણું બે જુદું રહેતું નથી. તમારા હોવાપણામાં તમારે તમારે હોવાપણે રહેવાનું છે. મારા હોવાપણામાં મારામાં હોવાપણું અને વાણીનું હોવાપણું વાણીમાં હોવાપણે. કોઈને લઈને કોઈ જમે તો બે અનેક રહેતા નથી. ન્યાયથી સમજશો કે નહિ? લોજિક ન્યાય. 'નિ' ધાતુ છે

ન્યાયમાં નિ (ધાતુ છે).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મતલબ સિદ્ધ ઉસમેં હોતા હૈ કિ પ્રત્યેક સ્વતંત્ર અપને સે હૈ ઉસમેં મતલબ સિદ્ધ હોતા હૈ. પરસે મતલબ સિદ્ધ હોતા નહીં. ક્યોંકિ પર અપને મેં નહીં, અપન પરમેં નહીં. આહા..હા..! ભારે વાત ભાઈ!

આ સંસ્કૃત ટીકા આવડી મોટી કરીને કાંઈ ત્યાં મફત બેઠા હશે મુનિઓ? વીતરાગી મુનિ જંગલમાં સિંહની જેમ આનંદની સાથે મજા કરે છે, અતીન્દ્રિય આનંદની સાથે લહેર કરે છે સિદ્ધ ભગવાનની સાથે અંદર. પોતાનો સિદ્ધ ભગવાન હોં! કહે છે કે મારું અસ્તિત્વ તો મારે લઈને છે, એ ભગવાનનું અસ્તિત્વ એને લઈને છે. એના અસ્તિત્વની પર્યાયને લઈને મારા પર્યાયનું અસ્તિત્વ છે, તો અનેકપણું રહેતું નથી. અનેકપણું સ્વરૂપનું અસ્તિત્વ તે ભિન્ન-ભિન્ન રહેતું નથી. ભિન્ન-ભિન્ન છે અને રહેતું નથી (એટલે) દૃષ્ટિ મિથ્યા થઈ જાય છે. સમજાણું કાંઈ? આરે.. આરે..!

આ 'છે'. આ 'છે' એમ કહો પહેલું. હું છું, આ છે, આ છે. એનો અર્થ થઈ ગયો કે 'છે' એ પૃથક્ પૃથક્ છે. પૃથક્ પૃથક્ છે એ પૃથક્ પૃથક્ 'છે'નું રહેવાપણું બીજા પૃથક્ બીજી ચીજ છે એને લઈને હોય તો પૃથક્-પૃથક્પણાનું હોવાપણું સ્વરૂપથી રહેતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગના મહાસિદ્ધાંતો, મહાસિદ્ધાંતો. અવાંતરસત્તા, મહાસત્તા શું કહે છે આ? સમજાણું કાંઈ? ઓલામાં તો ભિન્ન-ભિન્ન પાડ્યું છે. સત્તા.. એક એક પર્યાય પણ મહાસત્તા જણાય, પછી એના અંશો પણ વિશેષ. દ્રવ્ય આખું એક મહાસત્તા, દ્રવ્ય આખું એક મહાસત્તા અને દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ તે અવાંતરસત્તા. એવું સત્તા સ્વરૂપે એક. એ બીજી રીતે છે, અહીં બીજી રીત છે. કહો, સમજાય છે કાંઈ?

વસ્તુને ભિન્ન ભિન્ન રીતે તેની પૃથક્તાની સ્વતંત્રતા અસ્તિની અને બીજી ચીજોની પણ સ્વતંત્રતા તેને લઈને એ બધું સિદ્ધ કરે છે, ભાઈ! આમ છે. આમ છે એમાં તું બીજી રીતે માન તો જ્ઞાન ખોટું છે. ત્યાં બીજા દ્રવ્યો એક થઈ જતા નથી. બીજાને લઈને બીજામાં કાંઈ થતું નથી, પણ તારું જ્ઞાન ખોટું (થઈ જાય છે). કારણ કે જ્ઞાનનો વિષય જે છે એ ખોટો તેં માન્યો. એ વિષય એવો છે જ નહિ. આનાથી આ થાય એ વિષય જ્ઞાનનો છે જ નહિ. જ્ઞાનનો વિષય તો આ 'છે'... આ 'છે'... આ 'છે'... આ 'છે'... આ 'છે'. જો જ્ઞાનનો સાચો વિષય હોય તો અજ્ઞાન કહેવાય નહિ. ત્યારે જ્ઞાને આમ જાણ્યું છે કે આ 'છે'... આ 'છે'... આ 'છે'... આ 'છે'... આ 'છે'... આ 'છે'... આને લઈને આ છે એમ નથી. એટલે આને લઈને આમ છે એવો જે વિષય કર્યો એ વિષયમાં નથી તેથી એનું જ્ઞાન ખોટું થાય છે. સમજાણું કાંઈ?

આવે છે નહિ બંધ અધિકારમાં? વિષય નથી. શું? આને બચાવી શકું એવો કોઈ વિષય

જ નથી. બીજા જીવને બચાવી શકું એ જ્ઞાનનો વિષય જ નથી. જ્ઞાનનો વિષય તો, છે એમ જાણવું એ એનો વિષય છે. છતાં એમ માને કે આને બચાવું તે જ્ઞાનનો વિષય નથી અને માને છે તે અજ્ઞાન જ છે અને અજ્ઞાનનો કોઈ વિષય સાચો હોઈ શકે નહિ. અજ્ઞાનનો વિષય સાચો હોય જ નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ! કપુરભાઈ! જરી ઝીણું પડશે, પણ હવે જરી સાંભળવું તો પડેને.

આ 'સર્વ' ઉપર વિચાર બહુ ચાલ્યા હતા. આ સર્વ. સર્વ. શું કહે છે આ? જ્ઞાન છે. લ્યો! સત્ કથન છે અને સત્ એવું જ્ઞાન સર્વ પદાર્થને પરામર્શ કરનારું. કથન સર્વને બતાવે છે અને જ્ઞાન સર્વને જાણે છે. એક જ્ઞાન. આ સર્વના જાણનારા છેને એ પણ છે. આ એને આ જ્ઞાન એકરૂપે સત્ છે એમાં એ બધાને જાણે એક જ્ઞાન છે. આ સર્વજ્ઞ છે, એનું આ જ્ઞાન જુદું અને આ સર્વજ્ઞનું જ્ઞાન અહીં. અહીં સર્વજ્ઞનું જ્ઞાન છે. સર્વજ્ઞો છે અનંત, કેવળીઓ લાખો, સિદ્ધો અનંત એ બધા છે. એ છે એ પદાર્થ થઈ ગયા અને જ્ઞાનમાં પણ એ બધું જ્ઞાન છે, એકરૂપ થઈ ગયું. આ જ્ઞાન એક છે, બસ. બધા અનંત સંબંધીનું, બધા દ્રવ્યનું, બધા જ્ઞાનનું અને બધાનું એ છે જ્ઞાન એક પ્રકારે જ્ઞાન. વાણી એક પ્રકારે છે. વસ્તુ બધી સત્ સત્ એક પ્રકારે. 'છે' એવો એક પ્રકાર છે. 'નથી' એવો કોઈ પ્રકાર હોઈ શકે નહિ. એમ જ્ઞાનમાં એકરૂપ પ્રકાર જ છે. સર્વજ્ઞપણું એક જ્ઞાન છે, એમાં ઓછાપણું કે સર્વને ન જાણે એવું કોઈ હોઈ શકે જ નહિ. સમજાણું કાંઈ?

જેમ બધું છે એમાં કોઈ ઓછા સત્ છે એમ થઈ શકે નહિ. બધા છે એમાં સર્વજ્ઞો છે, નિગોદ છે, પરમાણુ છે, સ્કંધ છે, અભવિ છે, ભવિ છે. એ તો બધું છે. એ બધું જેમ છે તેમ તેના સ્વરૂપે પૂરા છે અને એ બધા પૂરાનું અસ્તિત્વનું જ્ઞાન અહીંયા એક જ જ્ઞાન પૂરું છે. એક જ જ્ઞાન પૂરું છે. જે જ્ઞાન છે. એમાં પછી આનું ને આનું એમ નહિ. છે જ્ઞાન બસ એટલું. સમજાણું કાંઈ? થોડો થોડો વિચારવાનો અવકાશ તો રહે છે વચ્ચે.

મુમુક્ષુ :- આનું આનું...

ઉત્તર :- આનું આનું કાંઈ છે જ નહિ. અહીં કહે છેને. જ્ઞાન જ છે બસ એક ચીજ. અહીં તો કીધું. એક સત્ જ્ઞાન છે એમ કીધું. અહીં ક્યાં (આનું આનું) કીધું? સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ!

પ્રમેય અનંત છે જ્ઞેયો. આ જ્ઞેયનો અધિકાર ચાલે છેને. તો જ્ઞાનપણે જ્ઞેય છે પોતાનું. બધા જ્ઞેય છે. એ બધાનું જ્ઞાન તો એક જ છે, એકરૂપ જ છે. આવો જ અસ્તિપણાનો સ્વભાવ સ્વરૂપઅસ્તિત્વનો પ્રત્યેકનો ભિન્ન-ભિન્ન છે જીવનો. સમજાણું કાંઈ? આહા..હા..! આવા સર્વજ્ઞ છે એવું જ્ઞાન સિદ્ધ થતાં એને એ પર્યાયમાં વર્તમાન છે એવું પૂર્ણ નથી, છે એવું સર્વપણે છે એમ શ્રુતજ્ઞાનમાં આવ્યું, પણ પ્રત્યક્ષપણે પૂર્ણ સત્ છે એવું નથી, તો એવું પૂર્ણ છે એને આશ્રયે જતાં, પૂર્ણ છે એને આશ્રયે જતાં પૂર્ણ પ્રત્યક્ષ થઈ જાય

છે. પૂર્ણ છે એવું જ્ઞાન થતાં સાધક થાય છે અને પૂર્ણના લક્ષે એકાગ્ર થતાં સાધ્યની પૂર્ણ દશા પ્રગટ થઈ જાય છે. છે તો એ પણ પૂરું અને આ પણ પૂરું. પણ આ પરોક્ષ પૂરું, ઓલું પ્રત્યક્ષ પૂરું. સમજાણું કાંઈ? ભારે ભાઈ! એ કરતાં એકેન્દ્રિયની દયા પાળવી, ચોવિહાર કરવો, કંદમૂળ ન ખાવા (એમ કહે) એ તો સમજાય. ધૂળેય સમજાય નહિ એમાં. એ તો પરનું ખાઉં છું અને પરનું પીઉં છું એ વાત જ ખોટી છે. પરપદાર્થને ખાઈ શકે આત્મા? એનું અસ્તિત્વ જુદું એને ખાવું એટલે એને તોડવું? પરનું અસ્તિત્વ છે એને ખાવું એટલે શું એની પર્યાયને તોડવી?

મુમુક્ષુ :- બટકા ન કરવા?

ઉત્તર :- બટકા એટલે શું? બટકાની વ્યાખ્યા શું? એક રોટલી છે એ અનંતા રજકણનું અસ્તિત્વ છે. હવે છૂટું પડે છે કટકા એ પણ અનંતા રજકણનું અસ્તિત્વ છે. એ તો એના અસ્તિત્વમાં રહેલી અવસ્થા છે. કાંઈ બીજાને લઈને કટકાનું અસ્તિત્વ છે એમ છે જ નહિ. ભારે વાતું ભાઈ! કહો, કાંતિભાઈ! આમાં છે નહિને? વળી ..ભાઈ કહે. એમાં તો ઘણું ભર્યું છે ભાઈ, આપણને કાંઈ કાઢતા આવડે છે? ઓહો..હો..!

કુંદકુંદાચાર્યની કથન શૈલી અને એની પદ્ધતિને સમાવી દેવાનું તારું જ્ઞાન અને બધા પદાર્થ અલૌકિક છે! પણ એણે જરી જ્ઞાનને કેળવવું પડે. લોટને કેળવ્યા વિના રોટલી થાતી નથી. થાય? એમને એમ લોટ બાંધીને રોટલી કરવા જાવ તો થાય? કરો રોટલો. કર્યા તો થયા. રોટલી નહિ થાય, ચૂંથાઈ જશે. એ કેળવે જરી અંદર તેલ નાખીને, પછી રોટલી કરે. એમ જ્ઞાનને યથાર્થપણા રીતે કેળવવું જોઈએ. એમને એમ આ જ્ઞાન, આ જ્ઞાન જાણે એમ નહિ કહે છે. કેમ એની યથાર્થતા છે અને યથાર્થતામાં યથાર્થપણું સત્ સામે શું છે? અને એમાં આ જ્ઞાનનું આવડું મોટું યથાર્થ કેમ છે અને કેમ હોવું જોઈએ એમ એણે નક્કી કરવું પડશે. મગનભાઈ! આહા..હા..! લ્યો આ છોકરાઓને જરી ઓલું પડે. છોકરાઓને આ સમજવાનું છે. ભણી ભણીને એ બધામાં કાંઈ ન મળે માલ. ધૂળધાળી ને વા પાણી.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાણા, એની વાણીમાં આવ્યું કે બધું છે. વાણી સત્ છે. વસ્તુ બધી અનંત આત્માઓ, અનંત પરમાણુ છ દ્રવ્ય છે. 'છે'. પણ એનું જ્ઞાન બધું પૂરું છે. આહા..હા..! પ્રમેય આવડા હોય અને પ્રમેયનો જાણનાર ન હોય તો પ્રમેય આવા છે એમ કહ્યું કોણે? સમજાય છે? ડુંગર ઉપર અગ્નિ બળે છે. અગ્નિથી આમ થાય એ જોયા વિના કહ્યું કોણે? એમ આ જગતમાં આ છે આત્મા, એમ જાણ્યા નથી તો કહ્યા કોણે? જાણ્યા હોય એ કહે કે આમ છે... આમ છે... આમ છે... આમ છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

તો કહે છે કે તારા આત્માનો જ જ્ઞાનસ્વભાવ સત્ છે. એટલે કે સત્ જ્ઞાન છે. એટલે કે જેટલા પદાર્થ ભગવાને કહ્યા અનંતા—અનંતા સિદ્ધો, અનંતા નિગોદો, અનંતા એકેન્દ્રિય,

બે ઈન્દ્રિય આદિ એ બધા સંબંધીનું તારું એકરૂપ જ્ઞાન તારામાં છે. એવી જ્ઞાનની અંદર પ્રતીતિ થવી, એ સર્વજ્ઞસ્વભાવી ભગવાન આત્મા છે એને આશ્રયે પ્રતીતિ થાય છે. એ સિવાય એની પ્રતીતિ—સમ્યગ્દર્શન થાય નહિ. આમ માની લે (કે) દેવ-ગુરુ-ધર્મને માનીએ એ સમકિત છે. એની બધી વાતું ખોટી. દેવ-ગુરુ-ધર્મ. દેવ-ગુરુ તો પર છે. સમજાણું કાંઈ? પર તારામાં આવતા નથી અને તું ત્યાં જાતો નથી. સ્વરૂપઅસ્તિત્વમાં કોઈ એકબીજા ભેગા ભળતા નથી. એ.. ન્યાલભાઈ!

મુમુક્ષુ :- આ જ્ઞાનમાં કેળવ્યું કહેવાય?

ઉત્તર :- જુઓને, શું થાય છે આ? લોટને કેળવ્યું કહેવાય. જ્ઞાનને કેળવ્યું કહેવાય? લોટને કેળવીને ખાખરો કરે છે તો કેવો કરતા હશે? હળવે-હળવે આમ પાતળો. બહુ પાતળા ખાખરા કરેને, હળવે હળવે, નહિતર તૂટી જાય. શેકાઈ જાય તો નીચે કાણું પડી જાય. ધ્યાન રાખે હોં! થાય તો એને લઈને, આને લઈને નહિ. ધ્યાન રાખવાનો પર્યાય જે છે જ્ઞાનનો આના અસ્તિત્વમાં છે અને પુડલાના પર્યાયનું સ્વરૂપઅસ્તિત્વ ત્યાં છે. તો એના પર્યાયને લઈને એની પર્યાય આને લઈને જ્ઞાન તારું હતું એથી ત્યાં પુડલાની પર્યાય થઈ તો એના સ્વરૂપે અસ્તિત્વ તો એ રહ્યું નહિ. આને લઈને ત્યાં અસ્તિત્વ થયું એમ હોઈ શકે નહિ ત્રણ કાળમાં. કહો, સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આ. આવો ધર્મ હશે વીતરાગનો? ભાઈ! જૈનધર્મમાં તો દયા પાળવી, વ્રત કરવા, આંબેલ કરવા, અપવાસ કરવા, શેત્રુંજયની જાત્રા કરવી, સમ્મેદશિખર ગયા લ્યો! ધૂળેય નથી, સાંભળને. એ તો બધી રખડપટ્ટી છે. આવો આત્મા છે એને જાણ્યા વિના એને કોઈ દિ' સમ્યગ્દર્શન અને ધર્મ થાતો નથી. મોહનભાઈને ભાઈ ઓલા પંચાધ્યાયીનો બહુ .. છે હોં. શું નામ? તમારે દાદાને. પંચાધ્યાયી છેને એ પુસ્તક. ગયા હતા અમે એક ફેરી. ત્યાં આવતાને રાજકોટ તો પ્રશ્ન બહુ કરતા. પંચાધ્યાયી છે, એક લોજીકનો ગ્રંથ છે ધાર્મિક. છે તમારા ઘરે પડ્યો હશે ત્યાં. તમારે ક્યાં કામનો છે? પણ એ ડોસા પાસે હશે. પંચાધ્યાયીનું એક પુસ્તક. ભાઈ નહિ આ? કહે છેને ભાઈએ વાંચ્યું છે. મોહનભાઈએ બહુ વાંચ્યું છે. અહીં વીરજીભાઈ બહુ વાંચતા. વીરજી વકીલ ત્યાં જામનગર. અને મોહનભાઈ પહેલા વાંચતા હતા. અમે ૮૮માં ગયા હતા ધોરાજી તો બહુ ત્યાં... ધોરાજીમાં છેને સ્થાનકવાસીના અપાસરે. વ્યાખ્યાન થાય. પંચાધ્યાયીમાં, આ બધા પંચાધ્યાયીમાં ઘણાં ન્યાય ભરેલા છે. ન્યાયથી. સમજાય છે? હવે એ તો અંતર અભ્યાસ કરીને અંતર વિચારમાં ઉતરે તો સમજાય એવું છે. આ કાંઈ ધર્મ એવો નથી કે બહારથી એમને એમ થઈ જાય ધર્મ.

ધર્મ તો આત્માનો આનંદસ્વભાવ, આનંદસ્વભાવ. આત્મા આનંદસ્વરૂપ છે. એ આનંદ પ્રગટ કરવા માગે છે સુખ. સુખી થાવું છેને? સુખી થાવું છેને? સુખ થવું તે ધર્મ છેને? સુખી થવું તે ધર્મ છેને? ધર્મ થવો તે સુખી છેને. ધર્મ કરશે તો સુખી થશે એમ નથી

કહેતા? ઓલા મેલામાં લખે ત્યારે. મરી જાય ત્યારે લખે છેને. ધર્મ કરશે તો સુખી થશે. અમારે કાંઈ લેવા દેવા ન મળે. ધર્મ કરશે તે સુખી થશેની વ્યાખ્યા? કે આત્મામાં વીતરાગી દૃષ્ટિ પ્રગટ કરશે અને વીતરાગી દશા પ્રગટ કરશે તે સુખી થશે એમ એનો અર્થ છે. હવે એ વીતરાગી દૃષ્ટિ અને વીતરાગી સુખ ક્યાંથી આવે છે? એ અંતર આત્મામાં પડ્યું છે એમાંથી આવે છે. કારણ કે એ સર્વજ્ઞસ્વભાવી સત્ત્વ જ એવડું છે. આત્મા બધા દ્રવ્યોને જાણે તે પોતાના અપેક્ષાથી, પરની અપેક્ષા વિના, એવું જે સ્વરૂપ જ એનું નિરપેક્ષ તત્ત્વ છે. એવો સર્વજ્ઞસ્વભાવ ભગવાન આત્માનો એની અંદરમાં પ્રતીતિ થવી ત્યારે વીતરાગી દૃષ્ટિ, વીતરાગી સ્વસંવેદનજ્ઞાન અને આનંદના અંશની શાંતિ (પ્રગટે) એને ધર્મ કહેવામાં આવે છે. ધર્મ આ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જુઓ! અહીં આટલે જ આવ્યું હજી તો. શું કીધું? 'સત્પણા વડે...' '**અનેકત્વ તેને, સામાન્યલક્ષણભૂત સાદશ્યદર્શક સત્પણા વડે ઊભું થતું એકત્વ તિરોહિત કરે છે.**' સત્ છે એમ કહેતાં અનેકપણું ત્યાં લક્ષમાં રહેતું નથી. તિરોહિતનો અર્થ એ. ગૌણનો કરશે આગળ હોં. '**વળી જેમ તે વૃક્ષોની બાબતમાં, સામાન્યલક્ષણભૂત સાદશ્યદર્શક વૃક્ષપણાથી ઊભા થતા એકત્વ વડે તિરોહિત થતું હોવા છતાં...**' શું કહે છે હવે? ઘણાં વૃક્ષો ભિન્ન-ભિન્ન હોવા છતાં એને વૃક્ષપણાના એકરૂપે બતાવતા, અનેકપણાનું ત્યાં ગૌણપણું થવા છતાં... થવા છતાં '**(પોતપોતાના) વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું અનેકત્વ સ્પષ્ટપણે પ્રકાશમાન રહે છે...**' શું કીધું? કે વૃક્ષ. વૃક્ષ કીધું બસ. એમ એકપણું બતાવવા છતાં દરેક વૃક્ષના સ્વરૂપનું ભિન્ન-ભિન્ન હોવાપણું તે તેનો નાશ થતો નથી. સમજાણું કાંઈ?

ધર્મનું આવું સ્વરૂપ ભારે ઝીણું ભાઈ! એ તો એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, ત્રેઈન્દ્રિયા, ચૌ ઈન્દ્રિયા, પંચેન્દ્રિયા .. જાવ. મિચ્છામી દુક્કડમ. કાંઈ ભાન ન મળે તારા એકેન્દ્રિયના. સાંભળને. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય જીવ જ નથી. જીવ તો જ્ઞાનસ્વરૂપી જીવ છે. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય તો પુદ્‌ગલની પર્યાયની અપેક્ષાએ કહ્યું, કાં ખંડખંડ જ્ઞાનની અપેક્ષાએ કહ્યું. એનો જે આત્મા છે એ તો જ્ઞાનસ્વરૂપ અખંડાનંદ જ્ઞાન છે એને આત્મા કહેવામાં આવે છે. એ આત્માને ન હણવો ક્યારે થાય? કે એ આત્મા પોતે આવડો છે એનું જ્ઞાન કરે અને પોતામાં ઠરે ત્યારે એને આત્મા ન હણવો એમ કહેવામાં આવે. નહિતર જીવિયા વહોરવીયા તસ્સ મિચ્છામી દુક્કડમ. મારા સ્વરૂપનું જીવન છે એને મેં નાશ કર્યો. પણ નાશ કર્યો (એની) તને ખબર નથી કેમ નાશ કર્યો અને કેમ થાય? મોહનભાઈ! કપુરભાઈ! આવે છે કે નહિ ઈચ્છામી પડિક્કમણામાં? તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં અપ્પાણં.. અપ્પાણં શું તું બોલે છે ખબર છે? કાંઈ ભાન છે તને? તાવકાયં ઠાણેણં. આ શરીરને આમ રાખું. સાંભળને. આ શરીર રજકણનું છે કે નહિ? શરીર રજકણોનું અસ્તિત્વ છે કે નહિ? એ અસ્તિત્વની પર્યાય એના

અસ્તિત્વથી થાય છે કે તારાથી થાય છે? આમ તારાથી થયું? તો આના સ્વરૂપઅસ્તિત્વનો તેં નાશ કર્યો. મોહનભાઈ! એય..! ભગવાનજીભાઈ! બધું બહુ સાંભળ્યું છે ત્યાં ભાવનગર. એ તો હવે અહીં ઠર્યા છે. પહેલા તો ભડકે એવું હતું અહીંથી. પહેલા ધીમેથી, શાંતિથી...

આ તો વીતરાગનો માર્ગ છે સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો. એ કાંઈ આલીદુઆલી સાધારણ માને એવી વસ્તુ છે નહિ. ત્રણ કાળ ત્રણ લોક જેણે ભગવાને જ્ઞાનમાં જાણ્યા અને એણે ઈન્દ્રો અને ગણધરની સમક્ષમાં આજે વાણી અંતરથી નીકળી, એમાં ભગવાને તો આ કહ્યું છે. સમજાણું કાંઈ? ભાઈ! તું ભગવાન છોને. લે! એઈ..! ભગ એટલે જ્ઞાન, વાન એટલે લક્ષ્મી. ભગ એટલે જ્ઞાન. ભગનો અર્થ જ્ઞાન થાય છે, ઘણાં અર્થ થાય છે. ભગવાન. ભગ એટલે જ્ઞાન, વાન એટલે લક્ષ્મી. જ્ઞાનવાન. તું જ્ઞાનવાન છો. ચૈતન્યપ્રકાશનું પૂર નૂર તું આત્મા છો. આ તું નહિ. 'છે' જ્ઞાનથી પ્રત્યક્ષ જ્ઞાન થાય એવી તારી તાકાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો વિકલ્પ ઉઠે છે દયાનો, ફલાણાનો એ બધું છે, પણ તું એનો જાણનાર એકરૂપે છો એમ કહે છે અહીં. વિકલ્પમાં નથી, પરમાં નથી, તારું જ્ઞાન ત્યાં નથી અને તે વિકલ્પનું અસ્તિત્વપણું, પરનું અસ્તિત્વપણું તારામાં-જ્ઞાનમાં આવી ગયું નથી. સમજાણું કાંઈ?

કહે છે કે '**વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું અનેકત્વ સ્પષ્ટપણે પ્રકાશમાન** રહે છે (-આબાદ રહે છે,...' એક વૃક્ષ કીધું, માટે અનેક વૃક્ષપણું વિલય થઈ જાય છે એમ નથી. એનું એકપણું બતાવતા બધું સમાન સદશ્યપણે બતાવ્યું છે, પણ એકપણું વયું જતું નથી. સમજાય છે, '**તેમ...**' દ્રવ્યની વાત આવશે લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૦, રવિવાર, તા. ૧૫.૧૨.૧૯૬૮**
**ગાથા-૯૭-૯૮, પ્રવચન-૯૬**

... આ છે. બતાવી જોડે વાત. '**તેમ સર્વ દ્રવ્યોની બાબતમાં પણ,...**' છે? એટલે શું કહ્યું? શું માથે દૃષ્ટાંત ગયો છે? કે આ જગતમાં જે આ વૃક્ષો છે વૃક્ષો, એ ઘણાં વૃક્ષોની અપેક્ષાએ વૃક્ષનું એક-એકપણાનું સ્વરૂપ તે ભિન્ન-ભિન્ન છે, પણ ઘણાં વૃક્ષોની અપેક્ષાએ વૃક્ષ કહો, તો એ વૃક્ષપણામાં બધા છે... છે... છે... એમાં બધા સમાઈ જાય છે. એમ હવે આ વસ્તુ છે વસ્તુ. આ આત્મા, બીજો આત્મા એવા અનંત આત્માઓ અને આ રજકણો પોઈન્ટ, જે આ પરમાણુ. કહે છે, '**તેમ સર્વ દ્રવ્યોની...**' દ્રવ્ય એટલે વસ્તુ. દ્રવ્ય એટલે

વસ્તુ. આત્મા, પરમાણુ આદિ અનંત વસ્તુઓ છે. તેની '**બાબતમાં પણ, સામાન્ય લક્ષણભૂત સાદશ્યદર્શક સત્‌પણાથી ઊભા થતા એકત્વ વડે તિરોહિત થતું હોવા છતાં...**' એટલે શું કહે છે? કે આમ 'છે', આત્મા 'છે', અનંત 'છે', પરમાણુ અનંત 'છે'. એમાં સામાન્ય લક્ષણથી- સરખાપણાના દૃષ્ટાંતથી સમાનપણું જોતા એ બધું સત્ છે 'છે' એમાં સમાઈ જાય છે. છતાં તેનું વિશેષ એક એકનું સત્ જુદું છે એ કાંઈ એમાં નાશ થતું નથી.

આ વસ્તુ જગતમાં 'છે' એને કોઈએ ઊપજાવી નથી એમ કહે છે. 'છે' એને કોઈ ઊપજાવે નહિ અને ન હોય તે કોઈ નવું થાય નહિ અને છે તેનો નાશ નહિ, ન હોય તેનું હોવું થાય નહિ. આ મહાસિદ્ધાંત. જે 'છે' એનું રૂપાંતર થાય, પણ 'છે' એનો સર્વથા અભાવ થાય કે બિલકુલ નથી એની બિલકુલ ઉત્પત્તિ થાય એવું વસ્તુનું સ્વરૂપ હોઈ શકે નહિ. શેઠી! કપુરભાઈ! સમજાય છે કાંઈ? 'છે' એમ કહેવું, છે. તો એ 'છે' એમ કહેવું તો એ 'છે' નહોતું ગયા કાળમાં તો 'છે' ક્યાંથી આવ્યું? અને 'છે' એની અવસ્થા રૂપાંતર થાય, પણ 'છે' એનો ભવિષ્યમાં અભાવ થાય તો 'છે' એ રહ્યું નહિ. તેમ બની શકે નહિ.

પહેલો એ સિદ્ધાંત સિદ્ધ કરે છે અહીંયાં કે જગતની અંદર જેટલા આત્માઓ અને જેટલા પરમાણુઓ પોતાના સ્વરૂપે ભિન્ન ભિન્ન હોવા છતાં, 'છે'-પણાના સદશ્યમાન લક્ષણ વડે બધું 'છે' તેમ અનેકપણાને ઢાંકીને એકપણું પ્રસિદ્ધ કરે છે. એમ એકપણું પ્રસિદ્ધ કરવા છતાં ભિન્ન-ભિન્ન આત્મા ને રજકણોનું પોતાનું હોવાપણું પરથી ભિન્ન છે એનો એમાં કાંઈ નાશ થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે આ 'છે' એને કોઈ ઉત્પન્ન કરનાર ભગવાન છે એમ છે નહિ. પ્રફુલ્લભાઈ! ઠીકને તમારો પ્રશ્ન? અને 'છે' જેટલી સંખ્યા એટલી સંખ્યાઓ અનાદિ-અનંત રહે છે. 'છે'ની સંખ્યામાં એક ઘટાડો થાય કે વધારો થાય એમ બની શકતું નથી. છતાં 'છે' એટલા દરેક દ્રવ્યો પોતપોતાના સ્વરૂપના ગુણપર્યાયને ધારણ કરીને (રહેલાં છે). એ પછી લેશે પછીની ગાથામાં. ગુણ એટલે એની શક્તિ અને એની અવસ્થા વર્તમાન. તેને ધારણ કરીને રહેલા છે. કોઈને કારણે રહ્યા છે એમ દરેક વસ્તુનું હોવાપણું બીજાને કારણે હોઈ શકે નહિ. ન્યાય સમજાય છે કાંઈ?

એટલે કહે છે કે '**સર્વ દ્રવ્યોની બાબતમાં સામાન્યલક્ષણભૂત સાદશ્યદર્શક...**' સમાનપણું, સરખાપણું દેખાડનાર 'છે'. એમ કીધું 'છે'. તો સરખાપણું દેખાડવામાં '**ઊભા થતા એકત્વ વડે...**' એમાં એકપણું થાય છે, એકપણું. એકપણા '**વડે તિરોહિત થતું...**' એટલે કે અનેકપણું ભિન્ન-ભિન્ન છે એ 'છે' એવા લક્ષણ દ્વારા ભિન્ન-ભિન્નપણું ઢંકાઈ જાય છે. ઢંકાઈ એટલે એનું લક્ષ રહેતું નથી. છે... છે... છે... છે... છે... છે... સમજાણું આમાં? હજી તો 'છે' એ વસ્તુ કેવી છે? એ અનાદિ-અનંત છે. જેટલી સંખ્યાએ છે એટલા સંખ્યામાં છે, પછી એ ચીજની શક્તિ અને અવસ્થા શું? જે કાંઈ હોય એની પછી વ્યાખ્યા હોયને? જે કંઈ હોય એની વ્યાખ્યા હોયને કે એ શું છે ત્યારે ચીજ? એની શક્તિ શું છે? એની

દશા શું છે? એનું ક્ષેત્ર કેટલું છે? સમજાય છે? એ પલટી શકે છે કે નહિ કાયમ રહીને? પણ છે એમ નક્કી થયા પછી આ વિશેષ વ્યાખ્યા એની થઈ શકેને? પણ વસ્તુની જ જ્યાં ખબર નથી કે છે એટલે શું? આ બધું છે ક્યાંથી? છે ક્યાંથી એટલે શું? છે ક્યાંથી? છે એ ક્યાંથી એટલે શું? 'છે' તો છે જ. સમજાણું કાંઈ?

તો કહે છે કે 'છે' એવા સમાનદર્શકપણા દેખતા ભિન્ન ભિન્ન છેપણું એવું ત્યાં ઢંકાઈ જવા છતાં અને છે... છે... છે... તેનું એક લક્ષમાં એકપણું આવવા છતાં એની ભિન્નતાની અનેકતા તેનો એમાં અભાવ થતો નથી. ન્યાય સમજાય છે કાંઈ? ન્યાયથી આ તો લોજિકથી તો વાત ચાલે છે. ન્યાય-'નિ' ધાતુ છે. એને જે સ્વરૂપ છે તે તરફ જ્ઞાનને લઈ જવું એનું નામ ન્યાય કહેવાય છે.

તો અહીં આચાર્ય મહારાજ એ સિદ્ધ કરે છે કે સમાનપણે એક છે, સત્ છે એમ એકપણું હોવાથી અનેકપણું ઢંકાઈ જતું હોવા છતાં '**(પોતપોતાના) વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું અનેકત્વ સ્પષ્ટપણે પ્રકાશમાન રહે છે.**' એટલે કે 'છે' એમ કહેતા ભિન્ન-ભિન્નપણાની અનેકતા તેમાં ન દેખાય છતાં, ભિન્ન-ભિન્નપણાનું અનેકપણું તેમાં અભાવ થતો નથી. દરેક આત્મા અને દરેક પોઈન્ટ પરમાણુ છે એ પોતાથી છે, પરને લઈને નહિ. પરને લઈને પોતે નહિ અને પોતાને લઈને પર નહિ. એવું જ એનું સ્વરૂપ છે, નહિતર એનું 'છે'-પણું રહેતું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પણ છેટું રહે તો...

ઉત્તર :- લે, ત્યારે આ વસ્તુ વિના સત્ ત્રિકાળ પોતાથી છે એમ નક્કી થયા વિના એની શક્તિ અને ગુણની સંભાળ કરશે કોણ? જેને 'છે' વસ્તુ પોતાથી, પોતા વડે, પરને લઈને નહિ, તો સ્વતંત્ર છે તો એની શક્તિ અને અવસ્થા શું? શક્તિ અને કાર્ય શું? ગુણ અને કામ શું? એ વસ્તુનો ગુણ અને કામ એટલે અવસ્થા શું? પણ છે એની પછી વ્યાખ્યા થાય કે આનો ગુણ આ. જડ છે તો એનો ગુણ? કે આનો રંગ, ગંધ, રસ, સ્પર્શ ગુણ છે અને એનું કાર્ય વર્તમાન અવસ્થા થવી તે એનું કાર્ય છે. તો આત્મા 'છે', 'છે'. 'છે' તો અનાદિ-અનંત છે. છે તેને કોઈ બીજાથી છેપણું હોઈ શકે નહિ. એ 'છે' તો પછી એના ગુણ શું? 'છે' તો એના બીજા ગુણ કરતા આના ગુણનું પૃથક્પણું શું? કે 'છે', તો એનામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણ છે. તો 'છે' એનું વર્તમાન કાર્ય શું? કે વર્તમાન એનું પરિણમવું, એ અવસ્થાનું થવું તે તેનું કાર્ય અને તે તેની દશા છે. આ દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણમાં વસ્તુ સમાપ્ત થાય છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! મોટા ગોટા જ મૂળ છે એમાં વાંધા છે. કોક કહે કે ઈશ્વરે આ બનાવ્યું, કોક કહે એક જ આત્મા છે, કોક કહે એક જડ જ છે, વળી કોક કહે એક આત્મા અને એક જડ છે. બધી વાત ખોટી છે.

અનંત આત્મા છે અને અનંત જડ છે. છેપણાની અપેક્ષાએ સમાનપણું દેખાવા છતાં

તેની ભિન્નતાની સ્વરૂપ અસ્તિત્વતાનો અભાવ અને નાશ થતો નથી. કહો, સમજાય છે કાંઈ? વસ્તુ શું છે એની ખબર ન મળે અને વસ્તુ છે તો વસ્તુનો કોઈ સ્વભાવ હોય કે નહિ? વસ્તુ છે, 'છે' એ તો છે. તો પછી છેમાં કોઈ સ્વભાવ (છે કે નહિ)? જેટલો કાળ 'છે' આ વસ્તુ રહે છે એટલો કાળ એનો કોઈ સ્વભાવ હોય કે નહિ? વસ્તુ અને સ્વભાવવાન વસ્તુ. એનો સ્વભાવ 'છે' એટલો કાળ સ્વભાવ રહે અને 'છે' એવામાં વર્તમાનકાળનું કાંઈ કાર્ય ન હોય તો એ દ્વારા આ છે એમ જાણવું શી રીતે? સમજાણું કાંઈ? ભિન્ન છે આ બીજાથી એમ જાણવું શી રીતે? પ્રત્યેક પદાર્થ કાયમ હોવા છતાં, પરથી નહિ હોવા છતાં, સ્વમાં પોતાના ગુણ હોવા છતાં, પરથી નહિ બદલવા છતાં, પોતાથી બદલે તેવું તેનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? ભગવાન કર્તા છે અને એક જ છે એમ નથી. જો ભગવાન કર્તા તો ભગવાનનો કર્તા કોણ?

મુમુક્ષુ :- એનો કર્તા શું?

ઉત્તર :- કર્તા, પછી કોઈ વસ્તુ હોય એ કર્યા વિનાનું હોય તો પછી એનો કોણ કર્તા? એટલે 'છે' એનો કોઈ કર્તા હોઈ શકે નહિ. શશીભાઈ!

અને બીજી રીતે હવે આપણે ઓલા જ્ઞાન ઉપરથી લઈએ. તો કહે છે જેટલા એને જાણનારું જ્ઞાન પૂરું છે. તો એમ કહેવાય છે કે એક વસ્તુ છે આત્મા, તો એમાં જ્ઞાન પૂરું જ્ઞાન છે એનો ગુણ તો એની અવસ્થા પૂરી છે. ધ્યાન રાખજો જરી હોં! એ અવસ્થા પૂરી છે તો... જે ત્રણ કાળ ત્રણ લોકમાં છે એણે જાણ્યું. કેમકે જાણવાનો જેનો સ્વભાવ છે એ પૂરું જાણે અને પૂરું જાણે એટલે ત્રણ કાળ ત્રણ લોકને જાણે. અને ત્રણ કાળ ત્રણ લોકને જાણે એટલે જાણનાર જ્યારે ત્રણ કાળનો જાણનાર સિદ્ધ થયો, પછી ભૂતકાળમાં આ કર્તા હતો અને પછી (કાર્ય) થયું એ એમાં રહેતું નથી. બરાબર છે? નવરંગભાઈ! એક આત્માને પરમેશ્વર ઠરાવો સર્વજ્ઞ, કોઈપણ આત્માને પૂર્ણ સર્વજ્ઞ ત્રિકાળદર્શી ઠરાવો તો એમાં એ આવી ગયું કે એણે ત્રણ કાળને જાણ્યા, પણ ત્રણ કાળમાં કોઈ ચીજને એણે કરી એવું તો ન આવ્યું. કારણ કે કરી તો એણે ભૂતકાળ જાણ્યો નહિ, જ્યારે થઈ પછી એને જાણ્યું અને થયું. તો ભૂતકાળમાં તો એ હતી નહિ, તો ત્રણ કાળ જાણ્યા એ તો રહ્યું નહિ.

મુમુક્ષુ :- ત્રિકાળવેત્તા કોઈ નથી.

ઉત્તર :- ત્રિકાળવેત્તા કોઈ સિદ્ધ ન થયો. શશીભાઈ! ન્યાય સમજાય છે આમાં? આ લોકોને ઓલા બહારના એના પ્રોફેસરો શીખવેને ત્યાં ખોટી ગપાગપ ત્યાં કલાક-બબ્બે કલાક સાંભળે. આહા..હા..! હોય ગપ્પ બધી વાતું ત્યાં.

આ વસ્તુ સર્વજ્ઞથી સિદ્ધ થઈ અને એના જ્ઞાનમાં ભાવથી બેસી શકે એવી આ ચીજ છે. જ્યારે એક આત્માને એમ સિદ્ધ કરો કે પરમેશ્વર છે. કેવો છે ઈ? અલ્પજ્ઞ છે કે સર્વજ્ઞ? સર્વજ્ઞ. સર્વજ્ઞ. તો સર્વનો જાણનાર છેને? ત્યારે સર્વ વસ્તુ છે કે નહિ? સર્વ વસ્તુ છે

એનો જાણનાર થયોને? કે સર્વ વસ્તુ છે એનો કરનાર થયો? નવરંગભાઈ! ન્યાય સમજાય છે આમાં? કોઈપણ પરમેશ્વર લક્ષમાં લ્યો કે પરમેશ્વર અમારા તો ત્રિકાળજ્ઞાની હતા. પરમેશ્વર તો પૂરા જ્ઞાની હોયને, કંઈ અધૂરા હોય કાંઈ? પૂરા એટલે? કે ત્રિકાળજ્ઞાની. બહુ સારી વાત છે. ત્રિકાળજ્ઞાનીમાં શું સિદ્ધ થયું? કે કોઈ કાળમાં કોઈ ચીજ નહોતી એણે બનાવી. એટલે વર્તમાન અને ભવિષ્યના જ્ઞાની હતા એમ થયા? ત્રિકાળજ્ઞાની એમ સિદ્ધ કરવા જાઓ ત્યાં ત્રિકાળ વસ્તુ સામે હતી એને એણે જાણી. એણે કરી નથી અને અનંત ન હોય તો સર્વજ્ઞ પોતે સિદ્ધ થતા નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આ તો બધી મહેનત કરવી પડશે. કોઈ સરળ માર્ગ છે? એમ ભાઈ પૂછતા હતા પ્રફુલ્લભાઈ. આ પૈસા તો જેમ તેમ રળી ગયા હશે ઓલા વિના, પણ આમાં કોઈ સહેલો માર્ગ છે કે પૈસાથી થઈ જાય, શરીરથી થઈ જાય? એ ચીજ એવી નથી. આ તો ચીજ કોઈ શરીરથી અને પરથી તદ્દન ભિન્ન છે. કીધુંને.

શરીર છે, આત્મા છે, બીજા આત્માઓ હો, હોવાપણામાં ભલે સમાઈ જતું હોય બધું, સાદશ્ય સમાનના લક્ષે, પણ પોતપોતાનું હોવાપણું, સમાન કહેતા હોવાપણાની ભિન્નતા ન હોય તો સમાનપણું એમ ક્યાંથી આવ્યું? સમજાય છે કાંઈ? પ્રવિણભાઈ! આહા..હા..! આત્મા પોતાના સ્વરૂપે ભિન્ન પોતાનું હોવાપણું ધરાવે છે. કોઈને કારણે નહિ, કોઈથી નહિ. કોઈ ચીજ આને કારણે નહિ અને એ ચીજ આને કારણે નવી અવસ્થા ધારણ કરે એવું નહિ. દરેક પદાર્થ પોતાના સત્ દ્રવ્ય તરીકે કાયમ અને એની શક્તિરૂપ ગુણથી કાયમ અને વર્તમાન બદલવાના કાર્યથી પરિણમનથી પણ કાયમ. એટલે એના બદલવા માટે બીજાની જરૂર પડે એમ છે નહિ. રવિન્દ્રભાઈ! કહો, સમજાય છે આમાં? એ અહીં સિદ્ધ કરે છે. વિષય એવો છે જરી.

'છે' એમ સમાનતા સમાઈ જતા હોવા છતાં **'એકત્વ વડે તિરોહિત થતું હોવા છતાં વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું અનેકત્વ સ્પષ્ટપણે પ્રકાશમાન રહે છે.'** લ્યો! એ વાત ત્યાં સિદ્ધ કરી.

હવે બીજી. **'(ઘણાં (અર્થાત્ સંખ્યાથી અનેક) અને બહુવિધ...'** ઘણાં અને બહુવિધ. હવે અર્થ કરે છે. પહેલો અર્થ નહોતો કર્યો. અહીં કર્યો વળી અર્થ. કેમ અહીં કર્યો? અહીં તો પહેલા ઘણાં અને બહુવિધ પહેલી લીટી આવી છેને. ઠીક! પહેલા આપણે પહેલો પેરેગ્રાફ શરૂ કરતા પહેલી લીટી આવી ગઈ છે કે જેમ ઘણા અને બહુવિધ. ઘણાં અનેકપણું બતાવે છે અને બહુવિધ અનેક જાતના, અનેક પ્રકારપણું બતાવે છે. ઘણાં અનેકપણું બતાવે છે અને બહુવિધ અનેક જાતિની ભિન્નતા બતાવે છે. સમજાય છે? જુઓ કહે છે. **'(ઘણાં (અર્થાત્ સંખ્યાથી અનેક) અને બહુવિધ (અર્થાત્ આમ્રવૃક્ષ, અશોકવૃક્ષ, ઈત્યાદિ અનેક પ્રકારનાં) વૃક્ષોનું પોતપોતાનું સ્વરૂપ અસ્તિત્વ ભિન્ન ભિન્ન હોવાથી...'** દરેક ઝાડનું પોતાનું સ્વરૂપનું

હોવાપણું બીજા ઝાડથી જુદું જુદું હોવાથી, **'સ્વરૂપ અસ્તિત્વની અપેક્ષાએ તેમનામાં અનેકપણું છે,...'** દરેક ઝાડ પોતાના સ્વરૂપે છે તેથી બધા ઝાડ અનેક ભિન્ન ભિન્ન છે. સમજાણું કાંઈ?

**'પરંતુ વૃક્ષપણું કે જે સર્વ વૃક્ષોનું સામાન્ય લક્ષણ છે...'** વૃક્ષપણું. એમાં અનેક પણ આવી ગયા અને અનેક જાત પણ આવી ગઈ. બધું. આંબાના ઝાડ, લીંબડાના ઝાડ, પીપળાના ઝાડ, જાંબુના ઝાડ એ ઘણાંવિધ અને ઘણાં-અનેક અને ઘણાવિધ (એટલે) ઘણી જાત પણ છે, વૃક્ષ છે એમ કીધું તો ઘણી જાત અને ઘણાં છે એમાં બધું સમાઈ જાય છે. 'છે' એમાં કોઈ બાકી રહેતું નથી. **'સ્વરૂપ-અસ્તિત્વની અપેક્ષાએ તેમનામાં અનેકપણું છે, પરંતુ વૃક્ષપણું કે જે સર્વ વૃક્ષોનું સામાન્ય લક્ષણ છે અને જે સર્વ વૃક્ષોમાં સાદશ્ય (સમાનપણું) બતાવે છે...'** છે... છે... વૃક્ષ... વૃક્ષ... વૃક્ષ... વૃક્ષ... વૃક્ષ... વૃક્ષ... બતાવે છે. કાંઈ વૃક્ષને ઠેકાણે પત્થર... પત્થર... પત્થર... બતાવે છે ત્યાં? આંબાના ઝાડ, પીપળાના ઝાડ, લીંબડાના ઝાડ, પણ વૃક્ષપણું બધામાં બતાવે. એવા વૃક્ષપણામાં સમાનદર્શકની અપેક્ષાએ... સમજાય છે?

**'સ્વરૂપ-અસ્તિત્વ ભિન્ન ભિન્ન હોવાથી સ્વરૂપ-અસ્તિત્વની અપેક્ષાએ તેમનામાં અનેકપણું છે, પરંતુ કે જે સર્વ વૃક્ષોનું સામાન્ય લક્ષણ છે અને જે સર્વ વૃક્ષોમાં સાદશ્ય (સમાનપણું) બતાવે છે તેની અપેક્ષાએ સર્વ વૃક્ષોમાં એકપણું છે; આ એકપણાને મુખ્ય કરીએ...'** જુઓ! સમાનપણું 'છે'-'છે' એને મુખ્ય કરીએ **'ત્યારે અનેકપણું ગૌણ થાય છે;...'** દરેક ભિન્ન ભિન્ન છે તેને લક્ષમાં રહેતું નથી. **'તેવી રીતે ઘણાં અને બહુવિધ દ્રવ્યોનું...'** હવે આવ્યું. ઘણાં એટલે વસ્તુ ઘણી છે દ્રવ્યો. ઓલા ઝાડની વાત હતી. એમ વસ્તુ ઘણી અને ઘણાં પ્રકારની છે. એક અમૂર્ત છે આત્મા, આ મૂર્ત છે-એ ઘણાં પ્રકાર કહ્યા. એ ઘણાંમાં સંખ્યા આવી અને બહુવિધમાં ઘણી જાત આવી. એક જ આત્મા છે એમ નહિ. એમ અનેક આત્મા છે તે અનેક આત્મા જ એકલા છે એમ નહિ. અનેક આત્મા છે અને આત્માથી ભિન્ન જાતવાળા અનેક પરમાણુ પણ છે. એ ભિન્ન જાત થઈ. જુઓ! કેટલું સિદ્ધ કરે છે! કોઈ એક જ આત્મા માનતા હોય તો એમ વસ્તુ નથી. કોઈ એકલા જડ જ માને તો એમ વસ્તુ નથી. તેમ કોઈ એક આત્મા અને એક જડ માને તોપણ એમ છે નહિ. એમ અનંત આત્મા અને અનંત પરમાણુઓ સમાનપણે, સદશ્યપણે એક દેખાવા છતાં ભિન્ન-ભિન્નતાના સ્વરૂપનું અસ્તિત્વ કોઈ છોડતા નથી. સમજાય છે કાંઈ?

**'સર્વ વૃક્ષોમાં એકપણું છે; આ એકપણાને મુખ્ય કરીએ ત્યારે અનેકપણું ગૌણ થાય છે; તેવી રીતે ઘણાં...'** અનંત વસ્તુ. અનંત આત્મા અને અનંત પરમાણુઓ છે. એ ઘણામાં આવ્યું એટલું. **'બહુવિધ (અર્થાત્ છ પ્રકારનાં)...'** છે. છ દ્રવ્ય છે. ભગવાને

જોયેલા છ દ્રવ્ય. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક આકાશ. છ સ્વભાવવાળા છ દ્રવ્ય છે જગતમાં. તો અનેક પ્રકારના થયા એ. ઘણાં એ સંખ્યામાં અનેક થયા અને બહુવિધમાં અનેક પ્રકાર આવ્યા. આત્મા છે, જડ છે, આકાશ છે, ધર્માસ્તિ છે, કાળાણુ છે.

**'દ્રવ્યોનું પોતપોતાનું સ્વરૂપ-અસ્તિત્વ ભિન્ન ભિન્ન હોવાથી...'** દરેક આત્મા અને દરેક પરમાણુનું હોવાપણું સ્વરૂપે પોતાથી છે, પરથી ભિન્ન અને પોતાથી ઠીક હોવાથી સત્ **'સ્વરૂપ-અસ્તિત્વની અપેક્ષાએ તેમનામાં અનેકપણું છે,...'** સ્વરૂપે હોવાની અપેક્ષાએ દરેક પદાર્થ અનેકપણે અનેક છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'પરંતુ સત્પણું (-હોવાપણું છે એવો ભાવ) કે જે સર્વ દ્રવ્યોનું સામાન્ય લક્ષણ છે...'** છે... છે... છે... છે... છે... છે... એમાં કોઈ છે અને કોઈ નથી એમ હોય? કોઈ છે અને કોઈ નથી? નથી એવો પદાર્થ જ ન હોય. 'છે' આત્મા છે, અનેક છે, અનેક જાત છે, અનેક જાત એટલે ચૈતન્ય છે, અચેતન છે, મૂર્ત છે, અમૂર્ત છે. કહો, સમજાણું કાંઈ? આ મગજને થોડું કેળવવું પડે એવું છે, જયંતિભાઈ! વેપારીને જરી ઓલામાં બહુ મહેનત ન હોય વેપારમાં કાંઈ. આ તો લોજિક ન્યાયથી વસ્તુને સિદ્ધ કરે છે અને એ રીતે અસ્તિત્વ વસ્તુનું સ્વરૂપ છે. એવું જ્યાં સુધી એને શ્રદ્ધામાં ન આવે, ભિન્ન-ભિન્ન જાત અને અનેક એવી શ્રદ્ધામાં ન આવે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ પરસમય છે એમ કહેશે. પછી કહેશે. સમજાણું કાંઈ?

**'અને સર્વ દ્રવ્યોમાં સાદૃશ્ય બતાવે છે તેની અપેક્ષાએ સર્વ દ્રવ્યોમાં એકપણું છે;...'** સાદૃશ્યની અપેક્ષાએ એકપણું. એક થઈ ગયું નથી બધું, એમ કહે છે. એક જ આત્મા બધે વ્યાપક છે એમ છે જ નહિ, હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! **'આ એકપણાને મુખ્ય કરીએ ત્યારે અનેકપણું ગૌણ થાય છે. વળી આ પ્રમાણે જ્યારે સામાન્ય સત્પણાને મુખ્યપણે લક્ષમાં લેતાં સર્વ દ્રવ્યોની એકત્વની મુખ્યતા થવાથી અનેકત્વથી ગૌણ થાય છે, ત્યારે પણ તે (સમસ્ત દ્રવ્યોનું સ્વરૂપ-અસ્તિત્વસંબંધી) અનેકત્વ સ્પષ્ટપણે પ્રકાશમાન જ રહે છે.)'** લ્યો! **'(આ પ્રમાણે સાદૃશ્ય શક્તિનું નિરૂપણ થયું.)'**

હવે સિદ્ધ કરે છે. શું કરે છે? **'સર્વ દ્રવ્યોથી દ્રવ્યાંતરની ઉત્પત્તિ હોવાનું...'** આમાં તો બે સિદ્ધ કર્યું. અનેક (અને) અનેક જાતના. એ વસ્તુનું સત્પણું એવું જ છે. એ રીતે ન માને તો એની દૃષ્ટિમાં ભૂલ છે, પરસમય છે, મિથ્યાદૃષ્ટિ છે, મૂઢ છે. એને આત્માનો લાભ કે ધર્મનો લાભ થતો નથી. સમજાણું કાંઈ? હવે **'દ્રવ્યોથી દ્રવ્યાંતરની ઉત્પત્તિ હોવાનું...'** એટલે એક વસ્તુથી બીજી વસ્તુ ઊપજે એમ બને નહિ કોઈ દિ' ત્રણ કાળમાં.

મુમુક્ષુ :- ... કરે છે.

ઉત્તર :- શું કરે છે? કહો, નૌતમભાઈ! આ વીજળીનું કરે છે ઈ? એઈ..! શેઠી! આ

શેઠીએ હીરા-માણેકનું કર્યું હતું ઈ? નહિ બોલે એ. અત્યારે નહિ બોલશે. એકદમ બોલે એવા નથી.

એક વસ્તુથી બીજી વસ્તુની ઉત્પત્તિ થઈ શકે નહિ. કેમકે વસ્તુ સ્વતઃસિદ્ધ છે એને માટે બીજા દ્રવ્યની જરૂર હોય તો ઉત્પન્ન થાય એવું વસ્તુનું સ્વરૂપ હોઈ શકે નહિ. દ્રવ્ય એટલે વસ્તુ. દ્રવ્ય શબ્દ કેમ કહ્યો? દ્રવતિ ઈતિ દ્રવ્યં. જેમ પાણી પોતે પાણીપણે રહી અને પ્રવાહના તરંગને છોડે છે એમ. તરંગ ઉઠે છે. એમ દ્રવ્ય દ્રવ્યપણે રહી અને દ્રવે છે. અવસ્થાને પ્રવહે છે, વહે છે. અવસ્થા વર્તમાન નવી નવી અવસ્થાનું વહન કરે છે માટે તેને દ્રવ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એક તો એક. એક તો એક એટલે? '**દ્રવ્યોથી દ્રવ્યાંતરની...**' વસ્તુથી અનેરા પદાર્થની '**ઉત્પત્તિ હોવાનું...**' નિષેધ કરશે. '**દ્રવ્યથી સત્તાનું અર્થાંતરપણું હોવાનું ખંડન કરે છે...**' બે ખંડન કરે છે હવે. એક છે એક વસ્તુ, એનાથી બીજી વસ્તુની ઉત્પત્તિ થવી તેનું ખંડન કરે છે કે એ બની શકે નહિ. છે ચીજ એ બીજી ચીજને છે-પણાને બનાવે એમ હોઈ શકે નહિ. કારણ કે એ પણ છે અને આ પણ છે. એટલે દ્રવ્યથી અનેરા દ્રવ્યની, વસ્તુથી અનેરી ચીજની ઉત્પત્તિ થાય એ જૂઠી વાત છે. એક (વાત થઈ).

દ્રવ્ય એટલે વસ્તુ છે. વસ્તુ છે એનો સત્તા ગુણ છે, હોવાપણું એની શક્તિ છે. અસ્તિત્વ રહેવાપણું એનો ગુણ છે. વસ્તુ છે આત્મા અને એમાં અસ્તિત્વ નામની શક્તિ છે—ગુણ છે. અને પરમાણુ છે હોવાપણે એમાં અસ્તિત્વ નામનો ગુણ છે. તો કહે છે કે '**દ્રવ્યથી સત્તાનું અર્થાંતરપણું...**' વસ્તુથી એની સત્તાના ગુણનું અનેરાપણું '**ખંડન કરે છે...**' વસ્તુથી સત્તા ભિન્ન હોઈ શકે જ નહિ. વસ્તુ અને વસ્તુની સત્તા તે એકરૂપ છે. શું કીધું સમજાણું કાંઈ આમાં? હવે આવું તો આ પ્રવચનસાર વાંચ્યું છે કે નહિ આ? ઝાઝો કાળ આમાં ગાળ્યો છે કે નહિ? ઝાઝો કાળ ઓલામાં ગાળ્યો છે એમાં. કહો, સમજાણું કાંઈ? એમાં બોલે નહિ ઈ. નાસ્તિ નહિ બોલે, એ અસ્તિથી બોલે—વાત કરશે.

અન્ય પદાર્થ, જુદો પદાર્થ એટલે શું કહે છે? ભગવાન આત્મા પોતે વસ્તુ એ બીજી ચીજને બનાવે, ઉત્પત્તિ કરે એમ બની શકે નહિ. નથી એની શી રીતે ઉત્પત્તિ કરે? અને છે એની શી રીતે ઉત્પત્તિ કરે? છે એની ઉત્પત્તિ શી? અને ન હોય એની ઉત્પત્તિ શી? તો આ એક આત્મા બીજાને ઉપજાવે, એક આત્મા રજકણને ઉપજાવે, એક રજકણ બીજા રજકણને ઉપજાવે, એક રજકણ આત્માને ઉપજાવે, અચેતન ચૈતન્યને ઉપજાવે, કોઈ દિ' બની શકે નહિ. સમજાય છે કાંઈ?

બીજી વાત. જે વસ્તુ છે એનામાં અસ્તિત્વ નામનો ગુણ છે. વસ્તુ તો છે એટલું થયું, પણ છે એની શક્તિ શું? કયા ગુણને લઈને એ છે? અસ્તિ નામના, સત્ નામના, સત્તા નામના ગુણને લઈને છે. પણ એ સત્તા નામનો ગુણ દ્રવ્યથી અનેરી શક્તિ નથી. સત્તા નામનો ગુણ દ્રવ્યથી અનેરા પ્રદેશવાળી ચીજ નથી. એની ને એની એ ચીજ છે. આહા..હા..!

પ્રવિણભાઈ! ઓલા (કહે), ભગવાન-ભગવાન કરો, ભગવાન-ભગવાન જપો તો થઈ જશે. ધૂળેય નહિ થાય સાંભળને. રામ... રામ... રામ... રામ... કરો. રામ-રામમાં પછી મરા-મરા થઈ જાય છે. સમજ્યા વિનાના થોથા. સમજાણું કાંઈ? 'બુદ્ધિ વિનાના બાવા થયા, ભવસાગરમાં બુડી મુઆ.' તત્ત્વ શું છે એનું ભાન ન મળે અને થઈ ગયા બાવા અને ત્યાગી. રખડવાના છે કહે છે. સમજાણું કાંઈ?

જેવું વસ્તુનું સ્વરૂપ સ્વતઃસિદ્ધ છે એમ વસ્તુનો સત્તા ગુણ પણ તેના સાથે સ્વતઃસિદ્ધ છે. સત્તા ગુણના અંશો જુદા અને વસ્તુના અંશો જુદા એમ હોઈ શકે નહિ. જેમ એક વસ્તુ છે, તો બીજી વસ્તુને ઊપજાવે એમ હોઈ શકે નહિ. કેમકે બીજી વસ્તુના પ્રદેશ જુદાં છે. એમ વસ્તુ છે એ સત્તા ગુણને ઉપજાવે નહિ, કેમકે એના પ્રદેશ એક છે. આહા..હા..! શેઠી! આ તો પદાર્થવિજ્ઞાન સર્વજ્ઞથી સિદ્ધ થયેલી વાત છે. પદાર્થ પાઠ શીખવે છેને ઓલા છોકરાઓને. બહારના શીખે ઈ શીખવે. ગડીયા હાંકે જાય બોલીને પરીક્ષા દેવા માટે. આ તો સર્વજ્ઞ પરમેશ્વર જ્યારે ત્રિકાળી સત્‌ને જગતના પદાર્થો છે તો તેના જાણનારા સર્વજ્ઞ પણ તે કાળે સદાય હોય છે. જ્યારથી સર્વ છે ત્યારથી સર્વના જાણનાર પણ ત્યારથી જ છે.

મુમુક્ષુ :- તો આ નક્કી કોણ કરે?

ઉત્તર :- તો આ પ્રમેય અનંત છે કે આટલા છે એ કોણે કહ્યું? સમજાણું કાંઈ? જ્યારથી સર્વ છે, ત્યારથી સર્વના જાણનાર ભગવાન પણ અનાદિ છે. આ સર્વ છે તો સર્વને જાણનાર સાથે જ છે. આ પહેલા સર્વ છે અને પછી સર્વના જાણનાર પછી થાય એમ હોઈ શકે જ નહિ. આરે.. આરે..! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? અને સર્વજ્ઞ પહેલા અને પછી વસ્તુ એમ હોઈ શકે નહિ. એ તો સિદ્ધ કર્યું કે સર્વ જ્ઞાન છેને અહીંયાં? સર્વ જ્ઞાન. તો સર્વ જ્ઞાન તો અહીંયાં સર્વ વસ્તુ તો પહેલી છે કે નહિ? છે ત્યારે અહીં જાણી કે કર્યા પછી જાણી? કરે કોણ? સમજાણું કાંઈ?

**'દ્રવ્યથી સત્તાનું અર્થાંતરપણું હોવાનું ખંડન કરે છે (અર્થાત્ કોઈ દ્રવ્યથી અન્ય દ્રવ્યની ઉત્પત્તિ થતી નથી અને...'** એક ચીજથી બીજી ચીજ ઊપજતી નથી **'અને દ્રવ્યથી અસ્તિત્વ કોઈ જુદો પદાર્થ...'** વસ્તુથી (જુદો નથી). 'છે' એવા દ્રવ્યથી 'છે' એવો ગુણ જુદો હોઈ શકે નહિ. **'એમ નક્કી કરે છે) :-'** ૯૮. મૂળ શ્લોક.

**दव्वं सहावसिद्धं सदिति जिणा तच्चदो समक्खादा।**

**सिद्धं तध आगमदो णेच्छेदि जो सो हि परसमओ।।९८।।**

હરિગીત નીચે છે. ઓલો મૂળ શ્લોક છે બે હજાર વર્ષ પહેલાં કુંદકુંદાચાર્યનો કરેલો. દિગંબર મુનિ હતા, સંત જંગલમાં વસતા હતા આનંદકંદમાં. ભગવાન મહાવિદેહમાં બિરાજે છે સીમંધર પરમાત્મા ત્રિલોકનાથ કેવળજ્ઞાની. એની પાસે ગયા હતા. આઠ દિ' ત્યાં રહ્યા હતા. સમજાય છે કાંઈ? ત્યાંથી સીધા ત્યાંથી અહીં આવીને આ શાસ્ત્રો રચ્યા છે. પહેલા

પણ જ્ઞાન હતું. વીર પરમાત્માની પરંપરામાં ઊપજેલા સંત-મુનિ હતા. એથી પહેલા તો જ્ઞાન યથાર્થ હતું, પણ વિશેષ ભગવાન પાસે પરમાત્મા વર્તમાન બિરાજે છે (ત્યાં ગયા હતા). એ જ પરમાત્મા તે વખતે બે હજાર વર્ષ પહેલાં બિરાજતાં હતાં. હજી પણ કરોડો-અબજો વર્ષ બિરાજશે. એટલું એનું આયુષ્ય છે દેહમાં. પછી દેહ છૂટી જશે. પછી સિદ્ધ પરમાત્મા થશે. અત્યારે અરિહંતપદે છે. ણમો લોએ સવ્વ અરિહંતાણંમાં. પછી ણમો લોએ સવ્વ સિદ્ધાણંમાં આવશે. તો અરિહંતપણે બિરાજમાન છે ત્યાં આગળ ભગવાન પાસે ગયા હતા. ક્ષેત્રનું આવ્યું હતું, સિદ્ધ પાસે કેમ જવાય? પણ એની મોજૂદગી છે, પરમાત્મા (બિરાજે છે). મહાવિદેહ ક્ષેત્ર છે દૂર. ત્યાં આગળ મોજૂદગી તે દિ' હતી અને અત્યારે પણ બિરાજે છે. સર્વજ્ઞ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જેને જ્ઞાન છે, અનંત આનંદનો અનુભવ—વેદન કરી રહ્યા છે. દેહ છે, વાણીનો યોગ છે. એ દેહ અને વાણી છૂટી જશે ત્યારે એકલા સિદ્ધ થશે. ણમો લોએ સવ્વ સિદ્ધાણં. એ ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં કોઈ સંપ્રદાયની ચીજ નથી. વસ્તુના સ્વરૂપની સિદ્ધિની સ્થિતિ છે ઈ. આ જૈનોને ણમો લોએ અરિહંતાણં... નમો અરિહંતાણં. ઓલો કહે, અમારે ણમો ઈશ્વરાણં. શશીભાઈ! એમ નથી.

વસ્તુના સ્વરૂપની શક્તિની સ્થિતિનું પૂરું પ્રગટ થવું એ વસ્તુનો સ્વભાવ છે. એવા ભગવાનને દેહ અને શરીર હોવા છતાં તેની પૂર્ણ દશા પ્રગટ થાય છે એવી દશાવાળા આત્માને અરિહંત કહેવામાં આવે છે અને શરીરાદિ છૂટી જાય એવી દશાવાળાને સિદ્ધ કહેવામાં આવે છે. એ ણમો અરિહંતાણં પહેલું પદ અને ણમો સિદ્ધાણં (બીજું પદ). જૈનમાં જન્મ્યા એને પાંચ પદની ખબર ન મળે હજી એને. ણમો અરિહંતાણં શું હશે અને ણમો સિદ્ધાણં શું હશે. કહો, સમજાણું કાંઈ? અને પછી ત્રણ પદ છે એ સ્વરૂપના સાધકપણામાં પૂર્ણ કેવળદશા થઈ નથી, પણ કેવળદશાની ભાવનામાં વર્તનારા એવા ત્રણને આત્માની દશાવાળા એને આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

૯૮ (ગાથા). ઓલો મૂળ શ્લોક છે એનું આ હરિગીત કર્યું છે અમારા પંડિતજીએ. આ પંડિત છે અમારા હિંમતભાઈ. એમણે કર્યા છે ચાર શાસ્ત્રોના ગુજરાતી. મૂળ શ્લોકને અડીને હરિગીત કર્યું છે. હરિગીત છે. આત્મા હરિ. અજ્ઞાન અને રાગ-દ્વેષને હરીને જ્ઞાન અને વીતરાગતા પ્રગટ કરે એવો આત્મા હરિ. એ આત્મા પોતે હરિ. આ હરીના ગાણા એને હરિગીત કહેવામાં આવે છે. હરિ કોઈ કર્તા-ફર્તા નહિ હોં બીજો. આત્મા જ પોતે હરિ છે. અજ્ઞાન અને વિકારને હણી-હરી જ્ઞાન અને વીતરાગતા તેના સ્થાનમાં પ્રગટ કરે તેને હરિ એવો આત્મા કહેવામાં આવે છે. એ આ હરિગીત છે આ શ્લોકનું નામ. શું કહેવાય ઈ? દેશી.

**દ્રવ્યો સ્વભાવે સિદ્ધ ને 'સત્'—તત્ત્વતઃ શ્રી જિનો કહે,**
**એ સિદ્ધ છે આગમ થકી, માને ન તે પરસમય છે. ૯૮.**

જુઓ! ત્રણે નાખી દીધું ભાઈ! દેવ, પદાર્થ અને શાસ્ત્ર. ત્રણે આવી ગયા એક શ્લોકમાં.

**દ્રવ્યો સ્વભાવે સિદ્ધ ને 'સત્'—તત્ત્વતઃ શ્રી જિનો કહે,**

સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવ સત્ છે એમ તત્ત્વથી યથાર્થપણે વસ્તુ છે એમ કહે છે. તત્ત્વથી છે. **એ સિદ્ધ છે આગમ થકી,** ભગવાનની વાણી થકી એ સિદ્ધ છે. ભગવાને જાણ્યું છે અને છે, પણ વાણીથી પણ એ સિદ્ધ છે.

**એ સિદ્ધ છે આગમ થકી, માને ન તે પરસમય છે. ૯૮.**

આ રીતે ન માને અને ન ઓળખે તે પરસમય નામ અણાત્મા છે, મિથ્યાદૃષ્ટિ છે, ચાર ગતિમાં રઝળવાના લક્ષણવાળા છે. કહો, શેઠી! દુનિયાના ડહાપણ કરવા બેસેને તો એવા ઉતરે એમાં. નૌતમભાઈ! આ વાત કહે તો કહે, શું કહે છે આ? બફમ થઈ જાય છે બધું. ભાઈ! તારા ઘરની અને તારા હોવાપણાની અને જે રીતે છે એવા જાણેલાની અને જે રીતે છે એવા જાણીને કહેનારા આગમની અને પદાર્થની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

એનો અન્વયાર્થ. શબ્દાર્થ છેને નીચે. 'દ્રવ્ય...' એટલે વસ્તુ. આત્મા, આ પરમાણુ પોઈન્ટ જડ આદિ બધાને દ્રવ્ય કહીએ. એ '**સ્વભાવથી સિદ્ધ...**' સ્વતઃસિદ્ધ છે એમ કહે છે. કેમકે અનાદિ-અનંતપણાના સ્વતઃને કોઈ કારણ હોઈ શકે નહિ. સ્વભાવથી સિદ્ધ. વસ્તુ છે આત્મા, પરમાણુઓ છે, એમ છ દ્રવ્ય છે, સ્વભાવસિદ્ધ છે, સ્વભાવથી સિદ્ધ છે અને '**(સ્વભાવથી જ) સત્ છે એમ જિનોએ...**' વીતરાગદેવે પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્માએ '**તત્ત્વતઃ કહ્યું છે;...**' તત્ત્વતઃ એ વસ્તુ છે એમ કહ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**એ પ્રમાણે આગમ દ્વારા...**' સર્વજ્ઞની વાણી દ્વારા એ પદાર્થો ભિન્ન ભિન્ન અનંત અને જાતિએ અનેક એમ સિદ્ધ થાય છે, એમ સિદ્ધ છે. એ '**આગમ દ્વારા સિદ્ધ છે; જે ન માને...**' આ રીતે વસ્તુની અનેકતાને, ભિન્ન-ભિન્ન અનંતને અને 'છે' અપેક્ષાએ સામાન્યને ન માને '**તે ખરેખર પરમસમય છે.**' મૂઢ જીવ છે કહે છે. પરસમય એટલે એના આત્મામાં આવ્યો નથી. એ અણાત્મામાં અજ્ઞાનભાવમાં ઊભો છે એમ કહે છે. સમજાણું કાંઈ? હવે એની ટીકા. ટીકા છેને?

'**ટીકા :- ખરેખર દ્રવ્યોથી દ્રવ્યાંતરોની ઉત્પત્તિ થતી નથી,...**' આ મહાસિદ્ધાંતો. દ્રવ્ય એટલે વસ્તુથી દ્રવ્યાંતર નામ અંતર એટલે અનેરા દ્રવ્યની, એક વસ્તુથી અનેરા દ્રવ્યની. દ્રવ્યાંતર. દ્રવ્ય એટલે વસ્તુથી દ્રવ્યાંતર—અનેરા દ્રવ્યની ઉત્પત્તિ થતી નથી. કહો, સમજાણું કાંઈ? અહીં તો ભગવાનથી આ ઉત્પત્તિ થતી નથી, એક દ્રવ્યથી બીજા દ્રવ્યની ઉત્પત્તિ થતી નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? 'છે'તેનો કોઈ કર્તા હોતો નથી. શેઠી! આહા..હા..! આમ માને છે ઓઘે-ઓઘે, પણ એનો જે સ્વભાવ છે તે રીતે એના જ્ઞાનમાં આવવું જોઈએ. આમ તો ભગવાન અમારા કહે છે, કોઈ કર્તા નથી. પણ કર્તા નથી એનું કારણ? અમારા

ભગવાન એમ કહે છે કોઈ કર્તા નથી. પણ ભગવાન કર્તા નથી એનું કારણ શું? કે કોઈપણ ચીજથી, કોઈપણ ચીજ ઉત્પન્ન થાય એમ બનતું નથી. માટે કોઈ ચીજ કોઈ ચીજનો કર્તા એમ હોઈ શકતું નથી. સમજાણું કાંઈ? હજી એનું છેપણું પણ સ્વયંસિદ્ધ નક્કી ન કરે, પરાધીન પરને લઈને થાય તો એને ધર્મ કરવાનું પણ પરને લઈને થાય. ઓલો કરાવે તો થાય. પોતાને આધીન રહે નહિ. સમજાણું કાંઈ?

'**ખરેખર દ્રવ્યોથી...**' એટલે જેટલા અનંત પદાર્થો છે એના એક દ્રવ્યથી દ્રવ્યાંતર. દ્રવ્યાંતર એટલે અંતર. પોતાથી અનેરા દ્રવ્યની, એક વસ્તુથી અનેરી વસ્તુની ઉત્પત્તિ થતી નથી. એટલો ન્યાય (આપ્યો). હવે કારણ આપે છે. '**કારણ કે સર્વ દ્રવ્યો સ્વભાવસિદ્ધ છે.**' દરેક પદાર્થ સ્વતઃ સ્વભાવથી સિદ્ધ છે. પોતાના ભાવવાળું છે, ભાવથી જ એ સિદ્ધ છે. પરને લઈને સિદ્ધ છે એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? સર્વ વસ્તુ સ્વભાવથી સિદ્ધ છે. પોતાના સ્વ-ભાવ, પોતાના સ્વભાવ. સત્‌ને સિદ્ધ કરવું છેને અહીંયાં. સત્‌ના સ્વભાવથી જ એ પોતે સિદ્ધ છે. આહા..હા..! વસ્તુ સ્વભાવવાન છે એ એના સત્‌ના સત્‌ના હોવાપણાના સ્વભાવથી જ સિદ્ધ છે. બીજાના હોવાપણાને લઈને સિદ્ધ છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(તેમનું) સ્વભાવસિદ્ધપણું તો...**' વસ્તુના સ્વભાવનું હોવાપણું તો... અને સ્વભાવના હોવાપણા વડે સિદ્ધ છે એથી '**તેમના અનાદિનિધનપણાને લીધે છે;...** ' એ સ્વભાવસિદ્ધપણું તો એ વસ્તુના અનાદિ અનંતપણાને લઈને છે. અનાદિ. સ્વભાવને લઈને સિદ્ધ છે તેથી તે વસ્તુ અનાદિ છે અને અનંત રહેશે. અનાદિ-અનંતપણાને કારણે સ્વભાવથી વસ્તુ સિદ્ધ છે. નહોતી અને થઈ એ તો અનાદિ રહેતું નથી, અનાદિ રહેતું નથી તો કોઈએ કરી એમ છે એમ બનતું નથી. સમજાણું કાંઈ? કેટલી નયથી સિદ્ધ કરે છે જુઓને! '**ખરેખર દ્રવ્યોની દ્રવ્યાંતરથી ઉત્પત્તિ થતી નથી,...**' વસ્તુ છે તે બીજી વસ્તુથી ઊપજે નહિ. કેમ? કે સર્વ દ્રવ્ય સ્વભાવસિદ્ધ છે. પોતાનો ભાવ છેને? વસ્તુ છે એનો ભાવ છેને સત્‌પણું. સત્‌પણું-હોવાપણું. હોવાપણાના ભાવથી સિદ્ધ છે, હોવાપણાના ભાવથી તે વસ્તુ છે. કેમ? '**સ્વભાવસિદ્ધપણું તો તેમના અનાદિનિધનપણાને લીધે છે;...**' એનું સ્વભાવસિદ્ધપણું છે એ તો અનાદિપણાને કારણે, અનાદિ-અનંતપણાને કારણે સ્વભાવસિદ્ધ છે. સ્વભાવસિદ્ધ છે તે સ્વયંસિદ્ધ છે. એને કોઈની ઉત્પત્તિ છે (કે) કોઈથી ઉત્પત્તિ છે નહિ. ભારે વાત ભાઈ આમાં!

ભાઈ! અમને હવે દયા પાળવાનું, વ્રત પાળવાનું કાંઈક કહોને ફટ દઈને. હવે આવી વાતું! પણ જે છે એમ હજી જાણ્યા વિના કોની દયા અને કોણ વાત? એ અહીં કહે છે. પરની દયા પાળવાનો પર્યાય તું કરી શકતો નથી એમ કહે છે. દ્રવ્યથી દ્રવ્યાંતરની ઉત્પત્તિ થતી નથી. એક દ્રવ્યથી બીજા દ્રવ્યની, બીજા ગુણની અને એની અવસ્થાની ઉત્પત્તિ બનતી

નથી. સમજાણું કાંઈ? કહો, આ મંદિર તો બનાવી શકે કે નહિ? તો કોણ કરશે આ બધું? ઈ એમ કહે છે, ભાઈ! દ્રવ્યથી દ્રવ્યાંતરની ઉત્પત્તિ થતી નથી. કેમકે વસ્તુ સ્વભાવસિદ્ધ હોવાને કારણે. અને સ્વભાવસિદ્ધ હોવાને કારણે અનાદિ-અનંતપણાને લઈને. અનાદિ-અનંત પણાને, સ્વભાવસિદ્ધપણાને કારણે દ્રવ્ય સ્વતઃસિદ્ધ છે.

અનાદિ-અનંત કેમ કહ્યું? અનાદિનિધન. અણ આદિ અને નિધન એટલે અંત થાય છે અંત. અણ આદિ અને અનિધન એટલે અંત નહિ. જેની શરૂઆત નહિ, એનો નાશ નહિ. જે વસ્તુ છે એની શરૂઆત નહિ કેમકે અનાદિ છે. કેમકે સ્વભાવસિદ્ધ છે. સ્વભાવસિદ્ધ છે તે અનાદિ છે અને સ્વભાવસિદ્ધ છે તે અનાદિ છે તે એમને એમ અનંત કાળ રહેશે, અનિધન છે. એનું નિધન એટલે મૃત્યુ થશે નહિ. આવું ક્યાં શીખવા જાય? ડોશીયું આ સામાયિક કરનાર, પોષા કરનાર આવું શીખવા ક્યાં જાતી હશે? એય..! એને ધર્મ થાતો હશે કે નહિ? આ પોષા કરો અને પડિક્કમણા કરો, લ્યો મુહપતિ બાંધીને બેસી જાવ. ઓલો કહે ભગવાનની પૂજા કરો. પણ શું ચીજ છો તું? પૂજામાં ક્યો ભાવ થાય છે? એ ભાવ તારાથી થાય છે કે પરથી થાય છે? એના ભાન વિના તારો પૂજાનો ભાવ શું છે એનું જ્ઞાન તો તને નથી. સમજાણું કાંઈ?

**'દ્રવ્યોથી દ્રવ્યાંતરોની...'** બીજા દ્રવ્યની ઉત્પત્તિ થતી નથી. કેમકે સ્વભાવસિદ્ધપણાને લીધે એમ છે અને સ્વભાવસિદ્ધપણું તો અનાદિ-અનંતપણાને લીધે જ છે. સ્વભાવસિદ્ધપણું તો-સ્વભાવ હોવાપણું તો અનાદિ-અનંતપણાને લઈને છે.

મુમુક્ષુ :- મોટરો નવી જાતની કરે.

ઉત્તર :- ધૂળેય નથી. મોટર કોણ કરે? મોટર એ શું છે? એ પુદ્‌ગલની પર્યાય છે. પરમાણુઓની એક અવસ્થા છે મોટર. આ મોટર પહેલી નહોતી અને થઈ એમ કહે છે. એ તો પરમાણુ જે રજકણ પોઈન્ટ છે એ સ્વભાવસિદ્ધ વસ્તુ છે. એની અવસ્થા થઈ તે મોટરની અવસ્થા. એ કાંઈ નવી ક્યાં છે એમાં?

મુમુક્ષુ :- ઘણી નવી શોધો થઈ છે.

ઉત્તર :- નવી ધૂળેય શોધો નથી કાંઈ.

જે જે પદાર્થ છે તે તે ગુણવાળો, શક્તિવાળો છે. શક્તિવાળો છે તે ભિન્ન ભિન્ન અવસ્થાને ક્ષણે ક્ષણે ધારણ કરે છે. એમાં એ અવસ્થાને બીજો ધારણ કરે અને આણે કરી ને આ નહોતી અને થઈ એમ છે ક્યાં? કહો, આ શું તમારા રેકોર્ડિંગ, આ ઊડે છે રોકેટ ને ફલાણું આ રેકોર્ડિંગ એ બધું નવું નથી કહે છે. સાંભળને. વસ્તુ છે એ દ્રવ્ય છે, દ્રવ્ય છે તે સ્વભાવસિદ્ધ છે.

**'સ્વભાવસિદ્ધપણું તો તેમના અનાદિનિધનપણાને લીધે છે; કારણ...'** જુઓ! **'કે અનાદિનિધન સાધનાંતરની અપેક્ષા રાખતું નથી,...'** એ અનાદિ-અનંત સત્ છે

તે બીજા સાધનની અપેક્ષા રાખતું નથી, કે બીજું હોય તો આ હોય એમ બની શકતું નથી. શશીભાઈ! એકદમ લોજિકથી તો ન્યાય વાત કરે છે, પણ હવે કોઈ દિ' મહેનત જ કરી નથી, સમજવાની દરકાર કરી નથી.

મુમુક્ષુ :- મહાસિદ્ધાંતની વાત છે.

ઉત્તર :- મહાસિદ્ધાંતની વાત છે. એ અસ્તિત્વ આવ્યું ત્યારે બોલ્યા ઈ. નથી સમજાણું, નહોતું સમજાણું એ ન બોલ્યા. કહો, સમજાણું કાંઈ? મહાસિદ્ધાંત છે. આહા..હા..! કેટલી વાત કરે છે ટૂંકામાં!

વસ્તુ છે તે અનેરી વસ્તુને ઊપજાવી શકતી નથી. એક વાત. કેમ? કે સર્વ દ્રવ્યો, બીજા પણ દ્રવ્યો કે તું, એ બધી સ્વભાવસિદ્ધ છે. એટલે તારાથી પર થાય અને પરથી તું થા એવું સ્વભાવમાં હોઈ શકે નહિ. સ્વભાવ અસ્તિત્વ છે, 'છે' સ્વભાવ છે. 'છે' સ્વભાવને કારણે તું બીજાને ઊપજાવી ન શકે. કારણ કે એ સહજ સ્વભાવવાળું છે. તું 'છે' સ્વભાવવાળો એટલે તને પણ કોઈ ઊપજાવી શકે એમ છે નહિ. અને '**સ્વભાવસિદ્ધપણું તો તેમના અનાદિનિધનપણાને લીધે છે;...**' અનાદિ-અનંત વસ્તુ છે. આત્મા અનાદિ-અનંત છે, પરમાણુ અનાદિ-અનંત છે. અનાદિપણા અને અનંતને કારણે સ્વભાવસિદ્ધ છે, એને કોઈ ઊપજાવે ને કોણ નવું બનાવે? તો કહે, આ નવું-નવું બનાવે છેને? કીધુંને આ શું? રોકેટ ને ફલાણું ને ઢીંકણું. ધૂળેય નથી સાંભળને. એ તો પર્યાય છે, અવસ્થા છે. વસ્તુ તો અનાદિ-અનંત છે. એની શક્તિઓ પણ અવિનાશી સત્તા ગુણ એ અનાદિ-અનંત છે. એની અવસ્થાનું હોવું પણ પરિણમન અનાદિ-અનંત છે એમાં. બદલવું એ કાંઈ નવું છે? એમ બન્યું, એમ બન્યું છે. એમાં નવું શું છે? સમજાણું કાંઈ? એ તો પર્યાય તો કહેશે હમણા. ઉત્પન્ન થાય એ પર્યાય છે, પણ ઉત્પન્ન થાય એ દ્રવ્ય નથી એમ કહેશે. નવું ઉત્પન્ન થાય એ પર્યાય છે, એ તો વસ્તુની અવસ્થા છે. નવું શું કર્યું દ્રવ્યે? અનેરું દ્રવ્ય ક્યાં થયું એમાં?

મુમુક્ષુ :- શૂન્યમાંથી ઊભું થાય.

ઉત્તર :- શૂન્યમાંથી ઊભું થાય? અમારે કહેતા એક. વિશાશ્રીમાળી વાણિયા હતાને. મોતી. મોતી શું કહેવાય? વાણી. શૂન્યમાંથી મૌન અને મૌનમાંથી ધૂન અને ધૂનમાંથી આ નીકળ્યું બધું. બોટાદમાં હતા. ઘણાં વર્ષની વાત છે હોં આ તો. ૧૯૭૦ની સાલથી વાત કરતા એ હોં! ૭૦ની સાલ દીક્ષા લઈને પહેલું ચોમાસું હતુંને ત્યાં. શૂન્ય હતું. શૂન્યમાંથી મૌન થયું અને મૌનમાંથી ધૂન થયું. ધૂનમાંથી આ બધું થયું. અરે..! આવા ને આવા ગપ્પ મારે.

મુમુક્ષુ :- બધાયમાં 'ન' આવ્યો છે.

ઉત્તર :- શૂન્ય, મૂન, ધૂન એમ બોલ્યો હતો. વિશાશ્રીમાળી સ્થાનકવાસી હતા. આમ શ્રીમદ્‌ને માને પણ આમ કાંઈ ખબર નહિ. શૂન્યમાંથી થાતું હશે? અભાવમાંથી ભાવ થાતો

હશે? કાંઈ નથી એમાંથી ભાવ થાય એનો અર્થ શું પણ? સમજાણું કાંઈ?

'**કારણ કે અનાદિનિધન...**' અનાદિનિધન છેને? જુઓ નીચે છે. '**આદિ અને અનંત રહિત. (જે અનાદિ-અનંત હોય તેની સિદ્ધિ માટે અન્ય સાધનની જરૂર નથી.)**' અનાદિ-અનંત હોય તેને સાધન, અંતર-અનેરા સાધન, અંતર એટલે અનેરૂં. સ્વરૂપે છે તેને અનેરા સાધનની અપેક્ષા હોતી નથી. ઓહો..હો..! જ્ઞેય સિદ્ધ કરે છે જુઓ આ. જ્ઞેયતત્ત્વ. દરેક જ્ઞેયતત્ત્વ છે એ આ રીતે છે. હવે કહે છે જુઓ! આ છે શી રીતે? '**સાધનાંતરની અપેક્ષા રાખતું નથી, ગુણપર્યાયાત્મક એવા પોતાના સ્વભાવને જ—કે જે મૂળ સાધન છે તેને—ધારણ કરીને સ્વયમેવ સિદ્ધ થયેલું વર્તે છે.**' જુઓ! જુઓ એક ન્યાય. ચાર લીટીમાં તો કેટલું ભરી દીધું! વસ્તુ છે એ બીજી ચીજને ઊપજાવે નહિ, કેમકે સ્વભાવસિદ્ધ છે. સ્વભાવસિદ્ધપણું તો અનાદિઅનંતપણાને લીધે છે અને અનાદિ-અનંતપણાને લઈને બીજા સાધનની અપેક્ષા એને હોઈ શકે નહિ, બીજા કારણની અપેક્ષા હોઈ શકે નહિ. સાધન એટલે કારણ.

'**ગુણપર્યાયાત્મક એવા પોતાના સ્વભાવને જ...**' જુઓ! હવે વસ્તુ જે છે આત્મા કે પરમાણુ વસ્તુ જે છે એ ગુણપર્યાયસ્વરૂપ (છે). ભાષા દેખો! કોઈપણ આત્મા, એને જ્ઞાનાદિ ગુણ હોય છે અને પર્યાય એટલે અવસ્થા હોય છે. ગુણ ને પર્યાયને ધારણ કરનારી એ ચીજ છે. આહા..હા..! પરમાણુ છે આ પરમાણુ એ બીજાને ન ઊપજાવે એ સ્વભાવસિદ્ધ છે. એ સ્વભાવસિદ્ધ અનાદિપણાને લીધે છે. અનાદિપણાને લીધે એને બીજા સાધનને બીજાના ઉત્પત્તિના કાળની જરૂર નથી અને એ પરમાણુ એ રજકણોમાં વર્ણ, ગંધ, રસ ગુણ છે અને એની અવસ્થા લીલી આદિ લાલ (થાય) એ ગુણપર્યાયને ધારણ કરીને સ્વયંસિદ્ધ રહેલી છે. આહા..હા..!

'**ગુણપર્યાયાત્મક એવા પોતાના સ્વભાવને જ...**' જુઓ! ગુણપર્યાયસ્વરૂપ એવા પોતાના સ્વભાવને. ઓલું સ્વભાવસિદ્ધ કીધું હતુંને? ગુણપર્યાયસ્વરૂપ. વસ્તુ હોય તેનો ગુણ હોયને? વસ્તુ હોય એની શક્તિ-સ્વભાવ હોયને. વસ્તુ તો વસ્તુ થઈ—સાકર. તો સાકરણનો પણ સ્વભાવ શું કાયમ રહેનારો? કે ગળપણ, સફેદાઈ વગેરે. એમ આત્મા. તો આત્મા છે પણ આત્માનો સ્વભાવ શું? સ્વભાવ? કે એનો જ્ઞાન-દર્શન-આનંદ આદિ સ્વભાવ અને એની અવસ્થા એનો સ્વભાવ. ગુણને, અવસ્થાને ધારણ કરતું દ્રવ્ય સદા ટકી રહેલું છે. સમજાણું કાંઈ? ગુણપર્યાયસ્વરૂપ એવા, એમ પાછું. એ દ્રવ્ય છે તો ગુણપર્યાયને એમ ન કહેતા. ગુણપર્યાયસ્વરૂપ એવા પોતાના સ્વભાવને. ભાષા દેખો.

ભગવાન આત્મા પોતાનો ગુણ જે જ્ઞાન-દર્શન-આનંદ અને પર્યાય એટલે અવસ્થા. એવા ગુણપર્યાયસ્વરૂપ એવો આત્મા. એ પોતાના સ્વભાવને '**કે જે મૂળ સાધન છે...**' એ ગુણપર્યાય મૂળ સાધન છે. બહુ ટૂંકી ભાષામાં (કહે છે). આ આત્મા વસ્તુ છે. છે એનો સ્વભાવ

છે. છે એ સ્વભાવથી અનાદિ-અનંત છે. અનાદિ-અનંતને કારણે એના બીજા સાધનની, કારણની જરૂર નથી. એક વાત. અને એ પોતે, વસ્તુ છે એ પોતે કાયમી ગુણ અને વર્તમાન અવસ્થા-હાલત એના વડે પોતે છે. એ સ્વરૂપે છે. ગુણ અને પર્યાયસ્વરૂપ છે, કાયમ રહેનારી શક્તિ અને વર્તમાન અવસ્થા એ સ્વરૂપે (રહેલી છે). '**એવા પોતાના સ્વભાવને જ—કે જે મૂળ સાધન છે...**' કે આ ગુણ અને પર્યાય આ દ્રવ્યના છે એમ સિદ્ધ કરનારા. જુઓ! બીજું સાધન ન કહ્યું, પણ એ દ્રવ્યના મૂળ સાધન ગુણ અને પર્યાય મૂળ સાધન છે. સમજાણું કાંઈ? આ તો બધા મગજવાળા હોય એને સમજાતું હશે? વેપારીને સમજાતું હશે આવું? ઓલા કહે લોજિક જે ભણતા હોય એને સમજાય. વેપારી વેપાર કરી જાણે. એમ હોય? આત્મામાં બધામાં શક્તિ છે.

મુમુક્ષુ :- વેપારી બહુ અક્કલવાળા હોય છે.

ઉત્તર :- એ તો કેટલાક અક્કલવાળા હોય, કેટલાક ન હોય. બધા હોય એવું કાંઈ નથી. અક્કલવાળા (છે) માટે પેદા કરે છે એમ છે? પ્રફુલભાઈ! એક વાત થઈ ગઈ હતી. બહુ અક્કલવાળા વધારે હોય તો પેદા વધારે કરે એમ હશે? અક્કલના ખાં હોય તો પેદા ન કરે અને અક્કલના બારદાન હોય તો વધારે પેદા કરે. એની સાથે કાંઈ સંબંધ છે? એ વસ્તુનું આવવું-જાવું એને કારણે છે, આને કારણે છે નહિ. છોકરાઓ છે. છોકરાઓ તમે સાંભળો, ધ્યાન રાખો એટલે બીજે ધ્યાન ન જાય. કોકનો પગ લાંબો થાતો હોય તો અહીં ધ્યાન રાખે તો લાંબાનો ખ્યાલ ન આવે. કોક નડતો હોય તો પગ-બગ? પણ ધ્યાન અહીં રાખે તો એ નડેનો ખ્યાલ પણ ન આવે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે તું તારા ગુણપર્યાય સ્વરૂપના સ્વભાવને ધારણ કરીને વર્તતું દ્રવ્ય છે. આહા..હા..! એક એક પોઈન્ટ પરમાણુ પણ તેના ગુણપર્યાયના સ્વભાવને, ગુણપર્યાયસ્વરૂપ એવા પોતાના સ્વભાવને કે જે ગુણપર્યાય એની શક્તિ અને અવસ્થા તેને સાધન એને દ્રવ્યનું સિદ્ધ કરવાનું છે. '**તેને—ધારણ કરીને સ્વયમેવ સિદ્ધ થયેલું વર્તે છે.**' સ્વયં એ પોતાથી છે એમ સિદ્ધ થયેલું એ વસ્તુ વર્તે છે. આહા..હા..! કેટલી વાત કરી છે ચાર લીટીમાં વસ્તુને સિદ્ધ કરવાની!

શું કહ્યું? કે જે વસ્તુ છે એ બીજી વસ્તુને ઉત્પન્ન કરી શકે નહિ. એક વાત. કેમ? કે એ વસ્તુ છે એ દરેક સ્વભાવસિદ્ધ છે. સ્વભાવસિદ્ધ છેને? વસ્તુ તો સ્વભાવવાન થઈ. આ સ્વભાવસિદ્ધ વસ્તુ છે. સ્વભાવસિદ્ધને કારણે અનાદિ-અનંત છે. અનાદિ-અનંતને કારણે, અનાદિ-અનંતના કારણે અનાદિ-અનંતને બીજા સાધનની જરૂર નથી અને એના સાધનની જરૂર નથી તો હવે એનું સાધન (શું)? બીજા સાધનની જરૂર નથી તો હવે સાધન? એમ કહે છે. એ ભગવાન આત્મા અને પરમાણુ એક એક તેના ગુણ અને પર્યાયસ્વરૂપ છે સ્વભાવ એનો, શક્તિ-તત્ત્વ, વસ્તુનું જે સત્ત્વ એટલે ગુણ અને અવસ્થા, એ ગુણપર્યાયસ્વરૂપ એવા

પોતાના સ્વભાવને કે જે મૂળ સાધન છે ગુણપર્યાય. દ્રવ્યને સિદ્ધ કરવાને એના ગુણપર્યાય સાધન છે, વસ્તુને સિદ્ધ કરવાને અનેરું કોઈ સાધન છે, અનેરું દ્રવ્ય છે—એમ છે નહિ. કે આ વસ્તુ છે માટે, ઈશ્વર છે માટે આ થયું છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

**'મૂળ સાધન છે તેને—ધારણ કરીને સ્વયમેવ સિદ્ધ થયેલું વર્તે છે.'** આ રીતે જો સમજે તો પોતાનો આત્મામાં ગુણપર્યાય શું છે? ગુણ શું છે એની દૃષ્ટિ કરે અને એ પર્યાય નિર્મળ થાય તેને ધર્મ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૧, સોમવાર, તા. ૧૬.૧૨.૧૯૬૮**
**ગાથા-૯૮, પ્રવચન-૯૭**

આ પ્રવચનસાર, ૯૮ ગાથા. જ્ઞેય-જ્ઞેયતત્ત્વ. જ્ઞાનમાં જણાવાયોગ્ય જ્ઞેયતત્ત્વ કેવા સ્વરૂપે છે એનું વર્ણન કરે છે. એમાં આ ગાથામાં તો એમ સિદ્ધ કરે છે કે કોઈ પદાર્થ બીજા પદાર્થથી ઉત્પન્ન થતો નથી. સમજાય છે કાંઈ? જેટલા દ્રવ્યો છે અનંત એમાં કોઈ દ્રવ્યથી એટલે વસ્તુથી બીજી વસ્તુ ઉત્પન્ન થતી નથી. કહો, બરાબર હશે કે નહિ આમાં? શેઠી! બાપથી દીકરો ઉત્પન્ન થાય છેને? કહે છે કે એ આત્માથી બીજો આત્મા ઉત્પન્ન ન થાય અને એક આત્માથી બીજો રજકણ ઉત્પન્ન ન થાય અને એક રજકણથી બીજો રજકણ ઉત્પન્ન ન થાય. એવું એનું સ્વરૂપ જ છે. કહો, સમજાય છે કાંઈ? એક બોલ એ અને બીજો બોલ એ સિદ્ધ કરે છે આમાં કે જે વસ્તુ છે એમાં સત્તા નામનો ગુણ છે, અસ્તિત્વ નામનો ગુણ છે. એ વસ્તુ અને અસ્તિત્વ નામનો હોવાપણાનો ગુણ કાંઈ વસ્તુથી જુદો નથી. સમજાય છે કાંઈ?

એક દ્રવ્યથી બીજું દ્રવ્ય જેમ જુદું છે અને એનાથી ઉત્પન્ન થતું નથી, એમ એક દ્રવ્યથી સત્તાગુણ ઉત્પન્ન થાય એમ નથી. સમજાય છે કાંઈ? દ્રવ્ય જે વસ્તુ છે એમાં સત્તા નામનો ગુણ છે. એ ગુણ દ્રવ્યથી ઉત્પન્ન થાય કે ગુણથી દ્રવ્ય ઉત્પન્ન થાય, ગુણથી દ્રવ્ય ઉત્પન્ન એટલે ગુણી ઉત્પન્ન થાય એમ નથી. દ્રવ્ય અને એની સત્તાનો ગુણ તે અભેદ એક પ્રદેશી

છે. એના પ્રદેશ જુદા નથી. સમજાય છે કાંઈ? આવે છેને જુઓ! ફરીને ટીકા. ટીકા ફરીને લ્યો.

ટીકા છેને ૯૮ ગાથા. '**ખરેખર દ્રવ્યોથી...**' એટલે વસ્તુથી જે કાંઈ પદાર્થ છે તેથી '**દ્રવ્યાંતરોની...**' દ્રવ્ય-અંતર એટલે અનેરા દ્રવ્યની, વસ્તુ છે તેનાથી અંતર એટલે અનેરું, એક વસ્તુથી અનેરા દ્રવ્યની '**ઉત્પત્તિ થતી નથી.**' કહો, સમજાય છે કાંઈ? એક વાત. '**કારણ કે સર્વ દ્રવ્યો સ્વભાવસિદ્ધ છે.**' દરેક આત્મા, દરેક પરમાણુ તેના સ્વભાવથી જ સિદ્ધ છે, એના સ્વભાવથી જ હોવાપણે છે. એને બીજાને લઈને છે એમ છે નહિ. પ્રવચનસાર છે આ. સર્વજ્ઞ ભગવાનની વાણીનો સાર છે. એક પદાર્થ બીજા પદાર્થથી ઉત્પન્ન ન થાય એનું કારણ કે દરેક પદાર્થ સ્વભાવસિદ્ધ છે. પોતાનો જે સ્વભાવ છે એનાથી જ એ સિદ્ધ છે એથી બીજાથી સિદ્ધ થઈ શકે, ઉત્પન્ન થઈ શકે એમ નથી.

હવે ત્રીજી વાત. '**સ્વભાવસિદ્ધપણું તો...**' આત્માનું અને પરમાણુઓનું, વસ્તુનું સ્વભાવસિદ્ધપણું તો '**તેમના અનાદિનિધનપણાને લીધે છે;...**' તે વસ્તુ અનાદિ-અનંત છે તેથી તેના સ્વભાવસિદ્ધપણાને... આ કારણે સ્વભાવસિદ્ધ તે વસ્તુ છે. અનાદિ-અનંત સ્વભાવસિદ્ધ છે એને કારણ હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ? બધું ઝીણું છે આ. મનસુખભાઈ! ઓલા ખજૂરના વાડિયાનું ફેરફાર કરે એવું (નથી). જરી મગજ કેળવવું જોઈએ આમાં. ઓલો એકનો એક ધંધો કરે અને એની એ વાતું કરે એટલે એમાં કાંઈ નવું ન હોય. પણ એ તો ભાવ એનો કર્યા કરે કે આનું આ છે ને આનું આ છે. ખારેકોની જાત હોય બહુ લ્યોને એની. પણ કેટલી જાત? કાંઈ પાંચસો, બસ્સો, હજાર જાત હોય ખારેકોની? ન હોય.

અહીં કહે છે કે અહીં તો અનંત જાતના આત્માઓ, જાત એટલે? ભિન્ન-ભિન્ન અને તે તે આત્માથી બીજો આત્મા થાય એમ નહિ. એટલે કોઈ ઈશ્વર આત્મા છે અને એનાથી આત્મા થાય છે એમ હોઈ શકે નહિ. તેમ કોઈ કહે કે ભાઈ, ઘણાં જડ ભેગા થાય અને એમાંથી આત્મા ઊભો થાય. કેફી વસ્તુ ઊભી થાય છે કે નહિ? ઘણી ચીજો ભેગી થાય અને કેફ એમાંથી મદ-મદ નથી (થાતો)? ઘેન દારૂ ઉત્પન્ન થાય છેને. એમ ઘણી ચીજો ભેગી થઈને (આત્મા નથી થતો). જુઓ! આ ઘડિયાળ છે કે નહિ? ઘડિયાળ ભેગી થઈને જુઓ આ ચાલે છે એ જીવ ઊભો થયો કે નહિ? એમ કહ્યું હતું એક ફેરી. સમજાય છે? જીવ ઊભો થયો. એક હતો, શાંતિભાઈનો સાળો. આ શાંતિભાઈ નહિ અમદાવાદવાળા? શાંતિલાલ મંગળદાસ આઠ કરોડ, દસ કરોડ રૂપિયાવાળો છેને. એના સાળા હતા. તો એક ફેરી ૭૭માં ગયા હતા ભાવનગર. તે આવ્યો હતો ઈ કહે, મહારાજ! આ ઘડિયાળમાં જીવ છે અને અમારે સંચો છે મીલનો એમાં પણ જીવ છે. જીવ વિના ચાલે શી રીતે? ઠીક! આ જૈનમાં જન્મેલા મોટા કરોડોપતિના સાળા. શું કહો છો, કીધું, આ તમે? ભાઈ કરોડપતિના

સાળા તે કાંઈ...

મુમુક્ષુ :- આબરૂવાળી વાત ન કહેવાય.

ઉત્તર :- ન કહેવાય? પણ મોટા ઘરે દીકરી આપી હોય તો? કાંઈ મોટું ઘર હોય તો દીકરી લેને ઓલા? એવું પણ કાંઈ નથી. પણ આ તો સાધારણ બુદ્ધિ બહુ. બીજા ઓળખતા હશે, સ્થાનકવાસી હતા. આ જુઓ સંચો ચાલે છે અમારી મીલનો એમાં જીવ છે કે નહિ? જીવ વિના શી રીતે ચાલે? શું કહો છો તમે, કીધું, આ? પણ કહે અમથા પરમાણુ પડ્યા હોય તો ચાલે છે? ભેગા થાય તો આમ થાય. માટે એ જીવ છે. આ તમે શું કહો છો? ૭૭ની વાત છે.

એમ અહીંયાં કહે છે, વસ્તુ છે એક આત્માથી બીજો આત્મા ઉત્પન્ન ન થાય, એક આત્માથી એક પરમાણુ પણ ઊપજે નહિ, એક પરમાણુથી આત્મા ઊપજે નહિ અને ઘણાં પરમાણુથી આત્મા ઊપજે નહિ અને ઘણાં પરમાણુથી કે એક પરમાણુથી પરમાણુ પણ ઊપજે નહિ. કેમકે સ્વભાવસિદ્ધ છે એ વસ્તુ. પોતે પોતાના સ્વભાવથી, સત્તાગુણથી તે સિદ્ધ છે. હોવાપણાના સ્વભાવથી સિદ્ધ છે એમ કહે છે. હોવાપણાના સ્વભાવથી તે સિદ્ધ છે. અને '**(તેમનું) સ્વભાવસિદ્ધપણું તો તેમના અનાદિઅનંતપણાને લીધે છે;...**' અનાદિ-અનંત તેનો સ્વભાવ છે એવા સ્વભાવને કોણ ઉત્પન્ન કરે? '**કારણ કે અનાદિનિધન...**' અનાદિ-નિધન. નિધન (સાથે) 'અ' લેવો અંદર. અનાદિ અને અનિધન. જેની આદિ નથી તેનું મૃત્યુ નથી એવા '**સાધનાંતરની અપેક્ષા રાખતું નથી,...**' સાધનાંતરની. જે અનાદિઅનંત હોવાપણે વસ્તુ છે એને બીજા સાધન અનેરા સાધનની એને જરૂર હોતી નથી. સમજાય છે કાંઈ? આ વાસ્તવિક તત્ત્વના ભાન વિના આ બધી ગડબડ ગડબડ ચાલી છે અનેક પ્રકારે. છે કે નહિ ૯૮મી ગાથામાં?

'**અનાદિઅનંત...**' જે વસ્તુ અનાદિ-અનંત હોય તે બીજા સાધનની અપેક્ષા રાખતું નથી. અને '**ગુણપર્યાયાત્મક એવા પોતાના સ્વભાવને જ—**' જુઓ! ઓલું સ્વભાવસિદ્ધ કહ્યું હતુંને પહેલું? '**કારણ કે સર્વ દ્રવ્યો સ્વભાવસિદ્ધ છે.**' એની વ્યાખ્યા. '**સ્વભાવસિદ્ધપણું તો તેમના અનાદિનિધનપણાને લીધે છે; કારણ કે અનાદિનિધન સાધનાંતરની અપેક્ષા રાખતું નથી.**' ગુણ-પર્યાયસ્વરૂપ. વસ્તુ છે તે ગુણ નામ શક્તિ અને પર્યાય નામ અવસ્થા. એ ગુણ-પર્યાયસ્વરૂપ વસ્તુ છે. '**ગુણપર્યાયાત્મક એવા પોતાના સ્વભાવને જ—કે જે મૂળ સાધન છે...**' દેખો! વસ્તુનું મૂળ સાધન સિદ્ધ થવામાં તેના ગુણ અને તેની પર્યાય છે. ગુણ કાયમ રહેનારા, પર્યાય અવસ્થા. એ ગુણ અને અવસ્થા તે વસ્તુને સિદ્ધ કરવાને સાધન છે. આ તો બધી વેપારીથી બીજી જાત છે એમાં થોડી, મનસુખભાઈ! એય..! મનુભાઈ! વેપારીથી બીજી જાત કીધી એટલે શું કીધું વળી? વેપારમાં બહુ એમ કે કાંઈ મગજ ન કેળવવું પડે. એવી આ ચીજ નથી, આ ચીજ બીજી છે થોડી.

શેઠી! આ બધા હીરા-માણેકના વેપાર કરતા, લ્યો!

મુમુક્ષુ :- વેપારી બુદ્ધિ તો લગા સકતા હૈ.

ઉત્તર :- લગા સકતા હૈ. ઈ કોણ ના પાડે છે? પણ કેટલાક વેપારી એવા હોય છે કે વેપારની એની એ વાત, એની એ વાત દરરોજ હોય એટલે બહુ એમાં કેળવણી નવું કરવું પડે નહિ. તમારે તો હીરા-માણેકમાં નવું પણ કરવું પડે તર્ક. પણ એનો એ ધંધો એનો એ ભાવ, અને એની એ વાતું વારંવાર હોય એમાં કાંઈ ન હોય. આપણે માસ્તર કહેતાને. માસ્તરને આખો દિ' એનું એ ભણાવવાનું હોય. શું કહેતા ઈ? પંતુ. માસ્તરોને પંતુ કહે. પંતુને એનું એ ભણાવવું અને એની એ વાત, એને કાંઈ શીખવાનું નહિ.

મુમુક્ષુ :- છોકરા નવા નવા હોયને.

ઉત્તર :- છોકરા નવા હોય એમાં શું થયું? ભાવ તો એનો એ હોય. એક ને એક, બે ત્રણ, ચાર, પાંચ, ક, કા, એ, બી, સી, ડી એના એ શબ્દ, એમાં કાંઈ બીજું હોય નહિ. કાંઈ હોય તો આ માસ્તર બતાવે લ્યો!

**'ગુણપર્યાયાત્મક એવા પોતાના સ્વભાવને જ...'** દરેક આત્મા અને દરેક પરમાણુ આ પોઈન્ટ રજકણ એ પોતાના ગુણ એટલે કાયમ અવિનાશી સ્વભાવ અને પર્યાય એનાથી મૂળ સાધનથી વસ્તુ સિદ્ધ છે. એ સ્વભાવસાધનથી સિદ્ધ છે. બીજા સાધનથી સિદ્ધ છે નહિ. **'તેને—ધારણ કરીને...'** દરેક વસ્તુ પોતાના કાયમના ગુણ અને અવસ્થાને ધારણ કરીને **'સ્વયમેવ સિદ્ધ થયેલું વર્તે છે.'** પોતાથી સિદ્ધ નામ અસ્તિપણે તે આત્મા અને પરમાણુ વર્તે છે. એને બીજાની કોઈની જરૂર છે નહિ. કહો, કેમ હશે? ...ભાઈ! ધ્યાન રાખવાની જરૂર પડે કે નહિ પણ આ મકાન-બકાન. બીજા સાધનની જરૂર. એ વિના એ વસ્તુ શી રીતે રહે? આ નવું નવું ઊપજાવે છેને, અત્યારે કહે છે આ રોકેટ ને ફલાણું-ઢીંકણાની વાતું બહુ કરે છે. એક તો લેખ આવ્યો છે. પેલામાં આવ્યો છે. આમાં પણ આવ્યો છે પાછો. ઓલો ચીમનભાઈ કેવા? ..સુખલાલે લેખ લખ્યો છે. આ તો કાંઈ નવું નવું કરે છે. પરંપરા વાતને તોડી નાખે એવી વાતું લાગે છે. એવું લખે છે વળી. જેતપુરવાળા એવું લખે છે. સમજાણું કાંઈ? જરી અંદર અશ્રદ્ધાનો વિષય બતાવે છે.

અહીં કહે છે કે દરેક વસ્તુ સ્વયમેવ પોતાના સ્વભાવથી હોવાવાળી સિદ્ધ છે. એના ગુણપર્યાયના સ્વભાવથી (સિદ્ધ છે), એને બીજાની કોઈ જરૂર નથી. હવે વાત. એટલું તો કાલે આવી ગયું હતું. આ તો ફરીને લીધું. આ શું આવે છે એની ખબર પડેને. આ આવ્યા છેને પાછા નવા. વયા જવાના છે. ચાર લીટીનું નવું લીધું. કહો, સમજાણું કે નહિ કાંઈ? હવે વાત સિદ્ધ કરે છે. ત્યારે ઉત્પન્ન થાય છેને નવું નવું? નવી નવી અવસ્થા આ રોકેટ ને ફલાણું આમ પહોંચે, ઢીંકણું આમ જાય, ફલાણું આમ થાય. એવું નહોતુંને, એ શું છે એ?

**'જે દ્રવ્યોથી ઉત્પન્ન થાય છે તે તો દ્રવ્યાંતર નથી,...'** જે કોઈ વસ્તુથી ઉત્પન્ન

થાય તે બીજું દ્રવ્ય નથી. સમજાણું કાંઈ? દ્રવ્યોથી એટલે વસ્તુથી જે ઉત્પન્ન થાય એ અનેરું તત્ત્વ નથી. **'કદાચિત્કપણાને લીધે પર્યાય છે,...'** એ તો કોઈ કાળે ઉત્પન્ન થનારી (પર્યાય છે). કોઈ કાળે એટલે એક પર્યાય કાંઈ સદાય છે? એમ. છેને? કદાચિત્કનો અર્થ નીચે અર્થ કર્યો જુઓ. **'કદાચિત્-કોઈવાર હોય એવું; અનિત્ય.'** પર્યાય કોઈ વાર હોય છે. ત્યારે પર્યાય તો ત્રણે કાળે છે. એમ અહીં નથી લેવું. પર્યાય એકની એક ત્રણે કાળે નથી. સમજાણું કાંઈ? કહે છે કે **'જે દ્રવ્યોથી ઉત્પન્ન થાય છે...'** એકલા લોજિક ન્યાય છે. કાલે ભાઈ કહેતા હતા આપણા રવિન્દ્રભાઈ. બુદ્ધિવાળો માણસ છેને. આ તો શાસ્ત્રમાં એકલા લોજિક જ ભર્યા છે, ન્યાય જ ભર્યા છે આચાર્યે. રવિભાઈ છેને. સમજાણું કાંઈ? આ હિંમતભાઈના. આ તો બધા લોજિકથી વાત એકદમ ન્યાયથી સિદ્ધ જ કરે છે. ન્યાય જ ભર્યા છે કહે આમાં. કાલે હતાને રવિવાર હતો એટલે.

શું કહ્યું? કે વસ્તુથી ઉત્પન્ન થાય, દ્રવ્યોથી ઉત્પન્ન થાય, વસ્તુથી ઉત્પન્ન થાય તે અનેરું દ્રવ્ય નથી. પણ વસ્તુથી ઉત્પન્ન થાય તે કાળે નવી જાતની પર્યાય છે. એ પર્યાય ઉત્પન્ન થાય દ્રવ્યથી. કાંઈ દ્રવ્યથી અનેરું દ્રવ્ય ઉત્પન્ન થતું નથી. સમજાણું કાંઈ? તો એ જે દ્રવ્ય છે એનાથી ઉત્પન્ન તો એની પર્યાય થાય એમ કહે છે. બીજા દ્રવ્યથી ઉત્પન્ન થાય તો તે દ્રવ્યથી એની પર્યાય ઉત્પન્ન થાય, એમ. સમજાણું કાંઈ? બીજાનો આત્મા બીજાના દ્રવ્યની ઉત્પત્તિ કરે એમ ન હોય. એમ આવે છે કે નહિ એમાં ઈ?

**'દ્રવ્યોથી ઉત્પન્ન થાય છે તે તો દ્રવ્યાંતર નથી, કદાચિત્કપણાને લીધે પર્યાય છે;...'** એ તો પર્યાય છે. વસ્તુથી ઉત્પન્ન થાય એ તો અવસ્થા છે, એની પર્યાય છે, એની હાલત છે, એ દ્રવ્યની પર્યાય છે, એ દ્રવ્ય પોતાની પર્યાયને ઉત્પન્ન કરે છે. કહો, સમજાણું કાંઈ? બીજું દ્રવ્ય દ્રવ્યને ઉત્પન્ન કરે નહિ, પણ બીજું દ્રવ્ય બીજાની પર્યાયને ઉત્પન્ન કરે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, આ બરાબર સાચું હશે આ? મનુભાઈ! બીજું દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાય ઉત્પન્ન કરે નહિ? તો આ બધા સંચા-બંચા કરો છોને ત્યાં. સંચાની બધી ધ્યાન રાખો, ત્યાં સંચાની પર્યાય નવી નથી થાતી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો એ દ્રવ્ય છે એ એની પર્યાયને ઉત્પન્ન કરે છે. જોડે મનુભાઈ ધ્યાન રાખે છે માટે પર્યાય ત્યાં ઉત્પન્ન થાય છે? એની તો એના દ્રવ્યની પર્યાય એનામાં થઈ, એ દ્રવ્ય એની પર્યાયને ઉત્પન્ન કરે, એનું દ્રવ્ય એની પર્યાયને ઉત્પન્ન કરે. મનુભાઈ! છેને તમારો સંચો ઓલો કાંઈક. ગયા હતાને જોવા? મનસુખભાઈ! શું કાંઈક હતુંને એનું? બોલ બેરીંગનું. આપણને કાંઈ બહુ ખબર ન પડે. એ પર્યાય જે ઉત્પન્ન થાય છે ત્યાં, એકરૂપ દેખાતી નથી, નવી-નવી (થાય છે) એ તેનું દ્રવ્ય જે છે તે પર્યાયને ઉત્પન્ન કરે છે. એ દ્રવ્યથી દ્રવ્ય થતું નથી, એ દ્રવ્યથી બીજું દ્રવ્ય થતું નથી, પણ એ દ્રવ્ય બીજાને પર્યાયને

ઉત્પન્ન કરતું નથી. સમજાણું કાંઈ?

**'જે દ્રવ્યોથી ઉત્પન્ન થાય છે...'** ભાષા કેવી ન્યાયથી સિદ્ધ કરે છે વાત! એકલા ન્યાય ભર્યા છે તત્ત્વના. આ વસ્તુ આમ છે ભાઈ! તને ખબર નથી. બીજાથી બીજું દ્રવ્ય ન થાય, પણ બીજા દ્રવ્યથી બીજાની પર્યાય પણ ન થાય. આહા..હા..! જુઓ! આ શરીર છે એ રજકણો છે. હવે એની આ અવસ્થા થાય છે એ દ્રવ્યે ઉત્પન્ન કરી છે, એ દ્રવ્યથી ઉત્પન્ન થાય, એ ઉત્પન્ન થાય તે એની પર્યાય છે. દ્રવ્યથી ઉત્પન્ન થઈ તે નવું દ્રવ્ય નથી કાંઈ, નવી ચીજ નથી. સમજાય છે કાંઈ? જેમ પાણી ઠંડુ હતું અને ઊનું થયું. ઠંડું હતું અને ઊનું થયું. એ પાણીની ઊની પર્યાય પાણીએ કરી છે. સમજાય છે? એને અગ્નિએ કરી છે એમ છે નહિ. પાણીને તો અગ્નિ ઉત્પન્ન ન કરે, પણ પાણીની ઊની પર્યાયને પણ અગ્નિ ઉત્પન્ન ન કરે, એ પાણીની ઊની પર્યાયને એ પાણીના દ્રવ્યે ઉત્પન્ન કરી છે. ત્યારે કહે, એકરૂપે તો દરરોજ પરિણમે છે એ. દરરોજ પરિણમે છે પણ ભિન્ન ભિન્ન પર્યાય છે એની. એની એ પર્યાય કાયમ હોય છે એમ છે નહિ. માટે કદાચિત્ અનિત્યપણાને ઉત્પન્ન કરે તે નિત્ય દ્રવ્ય તે અનિત્યપણાને ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ? ઝઘડા જગતના બધા મટી જાય એવું છે આમાં જો સમજે તો. મેં આને કર્યું અને મેં આને ઉપજાવ્યું. નહોતું ને ઉપજાવ્યું. કેવા વિજ્ઞાન અત્યારે નીકળ્યા છે. નહોતા ને ઉપજાવ્યા છે, આમ કર્યા છે, તેમ કર્યા છે. ધૂળેય નથી ઉપજાવ્યા સાંભળને. એ વખતે તેના એ દ્રવ્યની એ પર્યાય દ્રવ્યે ઉત્પન્ન કરી છે. શું બીજાના વિજ્ઞાને એનું જ્ઞાન આવું થયું માટે એ દ્રવ્યની પર્યાય એણે બીજા વૈજ્ઞાનિકે ઉત્પન્ન કરી છે? વૈજ્ઞાનિક જે છે એ એના પોતાના દ્રવ્યની પર્યાયને ઉત્પન્ન કરે, બીજાની દ્રવ્યની પર્યાય એ દ્રવ્ય ઉત્પન્ન કરે, બીજાના દ્રવ્યની પર્યાય વૈજ્ઞાનિક ઉત્પન્ન કરે નહિ. શેઠી! હીરા-માણેકને સાફ કરે કે નહિ? લ્યો!

મુમુક્ષુ :- અપને ... કુછ નહીં ચલતી.

ઉત્તર :- કુછ નહીં ચલતી. અપને?

મુમુક્ષુ :- આપના રાજમાં.

ઉત્તર :- ત્યારે કોના રાજમાં ચાલે? અપના રાજમાં ન ચાલે. પણ એ તો ખબર નથી પડતી ત્યાં ઓલા કાપે ત્યાં. નહોતું કીધું ભાઈએ? નિલમણી હોય. એ કહેતા હતા ભાઈ ગોદિકા. આમ કરીએ ત્યાં કરવું હોય કાંઈક ફટ ઊડી જાય બીજું. એ હુશિયાર માણસ ઓલો મહિનાનો ત્રણ હજાર રૂપિયા લે છે. એનું પણ કાંઈ ચાલે નહિ. અમારે એ પચ્ચીસ હજારનો હોય એ લાખનો થઈ જાય સરખો ઉતરે તો અને લાખનો પચ્ચીસ હજારનો થઈ જાય. એટલું એક આમ થઈ જાય તો લાખ ઊપજાવે એના પચ્ચીસ થઈ જાય. તોપણ અમારે કાંઈ નહિ. એ તો એમ થવાનું હોય. પચ્ચીસ હજારના લાખ થઈ જાય અને લાખના પચ્ચીસ હજાર થઈ જાય. આવો ધંધો. બે-પાંચ દસ પેદા કરે, પચ્ચીસ-પચાસ એવું અમારે ન હોય કાંઈ.

મુમુક્ષુ :- .. તો ઠીક.

ઉત્તર :- હા, એની દ્રવ્યની પર્યાય એણે ઉત્પન્ન કરી છે. આણે એનો વિકલ્પ કર્યો કે આમ થાય. એ વિકલ્પનો પર્યાય એણે ઉત્પન્ન કર્યો. એ પર્યાયને ઉત્પન્ન એ દ્રવ્યે કરી. કહો, આમાં આ બધા સઈ (દરજી) લોકો તો હુશિયાર ત્યારે આમ કપડા-બપડા સીવે કે નહિ? મોહનભાઈ! આ કપડા કેવા સીવે છે જુઓને બરાબર આમ મગઘી મૂકીને, ફલાણું કરીને. લટકતો. હવે તો વયું ગયું લાગે છે. પહેલાં તો મગઘી મૂકતાને લાલ. પહેલા પહેરતા. ઓલા લાલ નાખતા આમ જરી. મગઘી મૂકીને પાછો ઉપરનો એનો છેડો ભાગ દેખાય નહિ. બેય બાજુનો દાબી દે અંદરમાં. ત્યારે સારું રહેને. નહિતર રૂંવાટી જેવું દેખાય. તો એ તો હુશિયાર માણસ કરી શકે કે નહિ ઈ? કહે છે કે એ પરમાણુએ તે પ્રકારની પર્યાય તે પરમાણુએ ઉત્પન્ન કરી છે. ત્યાં મોહનભાઈનું જ્ઞાન કામ આવતું નથી એમ કહે છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? ત્યારે કહે, નવી અવસ્થા દેખાય છેને? પહેલી નહોતીને? પહેલી નહોતી તો પર્યાય છે એની. કદાચિત્ ઉત્પન્ન થાય એવી અવસ્થા છે. એ રજકણથી અવસ્થા ઉત્પન્ન થાય, બીજાથી થાય છે એમ છે નહિ.

**'જેમકે...'** દાખલો આપ્યો છે. **'દ્વિ-અણુક વગેરે...'** એક પરમાણુના બે પરમાણુ ભેગા થાય ત્યારે નવી પર્યાય થઈ. પર્યાય થઈ. એક પરમાણુરૂપે હતો, બે પરમાણુની પર્યાયપણે થયો એ દ્રવ્યે પર્યાય ઉત્પન્ન કરી છે. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- બે દ્રવ્યે ભેગા થઈને કરીને?

ઉત્તર :- બે એક થયા? ના, સ્વામી એકઠા તો છે જ નહિ. બે કહ્યાને. પણ અહીં તો દૃષ્ટાંત આપ્યો (જેથી) લોકોને ખ્યાલ આવે કે એક પરમાણુ પોતાની પર્યાયપણે હતો, એ બીજે સમયે બીજો પરમાણુ બે ભેગા થઈને દ્વિ-અણુસ્કંધની પર્યાય ઉત્પન્ન કરી. એ દ્રવ્યે ઉત્પન્ન કરી છે. કહો, સમજાણું કાંઈ? આ પ્રશ્ન ૨૦૦૬ સાલમાં થઈ ગયેલો પાલિતાણા. કે પર્યાયમાંથી પર્યાય ઉત્પન્ન થાય કે નહિ? ત્યારે કહે, થાય. કેમ? કે દસ પરમાણુની જે પર્યાય છે એ પાંચ ભેગા થાય તો પંદર પરમાણુની પર્યાય દ્રવ્યમાંથી પર્યાય થઈ, પર્યાયમાંથી પર્યાય થઈ. કહો, બરાબર છે? એક પરમાણુ છે એ બે પરમાણુપણે થયો, તો પહેલી પર્યાય હતી પરમાણુની એમાંથી બે પરમાણુની પર્યાય ઉત્પન્ન થઈ. પર્યાયમાંથી પર્યાય ઉત્પન્ન થઈ. ભાઈએ જવાબ આપ્યો હતો મોટા નામ ધરાવનારે. એ કહે, નહિ, પર્યાયમાંથી પર્યાય થાય. સમજાણું? દસ કે પંદરનો દાખલો આપ્યો હતો. દસ પરમાણુની પર્યાય છે. અહીં બે પરમાણુનો દાખલો આપ્યો છે. એક પરમાણુ છે એની પર્યાય છે. પછી બીજે સમયે બે પરમાણુના સ્કંધની પર્યાય તે દ્રવ્યે ઉત્પન્ન કરી છે, એ દ્રવ્યે ઉત્પન્ન કરી છે. બીજાએ ભેગા થઈને ઉત્પન્ન કરી છે એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

લાડવાનો પર્યાય જે ઉત્પન્ન થયો, પહેલો લોટ આદિ છૂટો હતો, પછી આમ ભેગો

થયો. કહે છે કે એ પરમાણુએ તેની પર્યાય ઉત્પન્ન કરી છે. લાડવા વાળનારે આમ આમ કરનારે એની પર્યાય ઉત્પન્ન કરી છે એમ છે નહિ. એનો આમ કરનારો એના આંગળાની પર્યાયને પોતાના રજકણથી તે પર્યાય ઉત્પન્ન રજકણે કરી છે. અંદર જીવ છે માટે એણે આંગળા આમ કર્યા એમ પણ છે નહિ. ભારે વાત! બે પરમાણુની પર્યાય થઈ એ પરમાણુએ ઉત્પન્ન કરી છે. પર્યાયમાંથી પર્યાય થઈ નથી. પરમાણુની પહેલી એક પર્યાય હતી, એ બીજે સમયે બે પરમાણુ ભેગા થઈને પરમાણુએ દ્રવ્યની પર્યાય ઉત્પન્ન કરી છે. સમજાણું કાંઈ?

'**તથા મનુષ્ય વગેરે.**' લ્યો! આ મનુષ્ય. જુઓ ઓલામાં 'વગેરે' છેને? બે અણુ વગેરે. બે, ત્રણ, ચાર, પાંચ, છ આમ સ્કંધરૂપે થાય એ દ્રવ્ય પોતાની પર્યાયને ઉત્પન્ન કરે, સ્કંધની પર્યાયને પરમાણુ ઉત્પન્ન કરે છે. એ સ્કંધની પર્યાયને બીજો ઉત્પન્ન કરે છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હો, તો દરેક પરમાણુ અપની પર્યાય કો સ્કંધ મેં ઉત્પન્ન કરતે હૈ અપને સે. પર કે કારણ સે નહીં.

બે, ત્રણ, ચાર. બે અણુ વગેરે છેને. અનંત આદિ સ્કંધો ભેગા થાય. લાડવો થાય, આ લાકડું થાય, આ ફલાણું થાય, બધું જુઓને. એ કહે છે કે એ પરમાણુએ પોતે પોતાની નવી પર્યાય ઉત્પન્ન કરી છે. કહો, સમજાય છે કાંઈ? ખીલા થાય, ચૂંક થાય, આ કપડું થાય ભેગું થઈને, જુઓને આ બધી પર્યાય થઈ છેને. આ અનંત પરમાણુની પર્યાય છે આ કપડું. તો એ અનંત પરમાણુની પર્યાય એ રજકણે ઉત્પન્ન કરી છે. એ સ્કંધે ઉત્પન્ન કરી છે. પહેલી પર્યાય અમુક હતી અને પછી થઈ એ સ્કંધે રજકણે ઉત્પન્ન કરી છે. કહો, સમજાણું કાંઈ?

'**તથા મનુષ્ય વગેરે.**' લ્યો હવે. આ મનુષ્ય છેને. આત્મા અને મનુષ્ય (પર્યાય) બે ભેગા. જીવે પોતાની પર્યાય ઉત્પન્ન કરી, શરીર રજકણે એને ઉત્પન્ન (કરી છે). મનુષ્યપણું અસમાન જાતિ પર્યાયને ઉત્પન્ન કરનાર એ દ્રવ્ય પોતે છે. કહો, કહીએ છીએને વધારે. આ મનુષ્યની આ પર્યાય છેને જુઓ આ. આ પર્યાય છે કે નહિ? અંદર આત્મા છે. તો આત્મા અને મનુષ્ય બે અસમાન જાતિ જોડે. છતાં એ અસમાન જાતિની પર્યાય તે તે આત્માએ અને તે તે સ્કંધે ઉત્પન્ન કરેલી છે. કર્મને લઈને આ પર્યાય થઈ છે એમ નથી એમ કહે છે. કર્મના રજકણે તેની પર્યાયને ઉત્પન્ન કરી છે અને આત્માની મનુષ્યગતિના ઉદયની જે પર્યાય છે એ જીવે ઉત્પન્ન કરી છે અને સ્કંધની આ પર્યાય છે તે પરમાણુએ ઉત્પન્ન કરી છે. બે ભેગા થઈને એક થયા એમ નથી, પણ અસમાન જાતિ તરીકે તે તે દ્રવ્યે તે તે અવસ્થાને ઉત્પન્ન કરી છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને, મુનિએ જંગલમાં રહીને, વીતરાગભાવમાં રહીને આ વાત વર્ણવી છે. એ વર્ણવી છે એમ કહેવું એ વ્યવહાર છે. સમજાય

છે કાંઈ? આહા..હા..! કેટલો વખત દીધો હશે આમાં? ટીકા તો એમને એમ ચાલતી આવે છે. પરમાણુની પર્યાય પલટતી... પલટતી... પલટતી... પલટતી... જૂના પરમાણુની જે પર્યાય છે, નવી પાછી પર્યાય થઈ એ પરમાણુએ નવી કરી છે. નવા અક્ષરે લખેને પાછા જૂનું થઈ જાય એટલે. નવા અક્ષરે લખે એ તો માણસે કરી છે કે નહિ? કે ના. એ પરમાણુએ તે તે પર્યાયને ઉત્પન્ન કરી છે.

'**દ્રવ્ય તો અનવધિ...**' વસ્તુ તો મર્યાદા વિનાની ત્રણે કાળે છે. પર્યાય તો તે સમયે ઉત્પન્ન થાય છે. વસ્તુ '**અનવધિ (મર્યાદા વિનાનું),...**' મર્યાદા વિનાની. '**ત્રિસમય-અવસ્થાયી (ત્રણે કાળે રહેનારું) હોવાથી ઉત્પન્ન ન થાય.**' વસ્તુ ત્રણે કાળે રહેવાથી વસ્તુ ઉત્પન્ન ન થાય. પર્યાય ઉત્પન્ન કદાચિત્ થઈ માટે ઉત્પન્ન થાય. જાધવજીભાઈ! આ બધું આમાં મગજ કેળવાય ત્યારે માંડ સમજાય હોં! આ તો બહુ સાદું છે. પણ લોકોને જરી અભ્યાસ ન હોયને, શું કહે છે આ? તદ્દન સાદી વાત છે. એક વસ્તુ બીજી વસ્તુને ઊપજાવે નહિ, ઊપજે તો તે દ્રવ્યની પોતાની પર્યાય છે. સમજાય છે? તે તે દ્રવ્યની પર્યાય છે. એ દ્રવ્યે ઉત્પન્ન કરી છે. ઉત્પન્ન કરવું હોય તો પર્યાય ઉત્પન્ન થાય, પણ દ્રવ્ય ઉત્પન્ન થતું નથી.

'**(ત્રણે કાળે રહેનારું) હોવાથી ઉત્પન્ન ન થાય.**' જુઓ! શું સિદ્ધ કર્યું? મનુષ્યપણાની પર્યાય અને આત્માની પર્યાય તે દ્રવ્યે ઉત્પન્ન કરી, પણ દ્રવ્ય કોઈ દિ' ઉત્પન્ન થાય એમ છે નહિ. દ્રવ્ય તો ત્રિકાળ છે. ત્રણે કાળના સમયે રહેનારું છે. એક વાત. હવે બીજી વાત. એ દ્રવ્યથી દ્રવ્યાંતર ન થાય, પણ દ્રવ્યથી થાય તો પર્યાય થાય એમ સિદ્ધ કર્યું. પાઠમાં તો એટલું છે કે એક દ્રવ્યથી બીજું દ્રવ્ય થાય નહિ. તો વિશેષ એમાં નાખ્યું કે થાય છેને કાંઈક? સમજાણું કાંઈ? કે થાય છે તે તે દ્રવ્યની પર્યાય છે. એ નાખ્યું વધારે. દ્રવ્યથી દ્રવ્ય ઉત્પન્ન થતું નથી.

હવે સત્તાની વાત કરે છે. '**હવે એ રીતે જેમ દ્રવ્ય,...**' એટલે વસ્તુ આત્મા અને પરમાણુઓ '**સ્વભાવથી જ સિદ્ધ છે,...**' સ્વભાવથી જ સિદ્ધ છે '**તેમ (તે) સત્ છે એવું પણ તેના સ્વભાવથી જ સિદ્ધ છે એમ નિર્ણય હો,...**' જેમ વસ્તુ છે એમ એનો સત્ સત્ ગુણ છે. એ પણ સ્વભાવસિદ્ધ છે. '**સત્ છે એવું પણ તેના સ્વભાવથી...**' સત્ એટલે ગુણ. '**તે સત્ છે એવું પણ તેના સ્વભાવથી જ સિદ્ધ છે એમ નિર્ણય હો,...**' એમ નિર્ણય હો કે સત્તાનો ગુણ પણ સ્વભાવથી સિદ્ધ છે. '**કારણ કે સત્તાત્મક એવા પોતાના સ્વભાવથી નિષ્પન્ન થયેલા ભાવવાળું છે...**' લ્યો! એ દ્રવ્ય કેવું છે? કે સત્તાસ્વરૂપ એવા પોતાના સ્વભાવથી ઉત્પન્ન થયેલા ભાવવાળું તે સત્ દ્રવ્ય છે. પોતાના સત્તા નામના ભાવવાળું તે સત્ દ્રવ્ય છે. સત્ છે તે ભાવ છે અને દ્રવ્ય છે તે ભાવવાન છે. વસ્તુ છે તે ભાવવાન છે અને સત્ છે તે તેનો ભાવ છે.

પણ સત્ સ્વતઃ છે. જેમ દ્રવ્ય સ્વતઃ છે એમ સત્ ગુણ પણ સ્વતઃ છે. એ ગુણ અને ગુણીનો કાંઈ ભેદ છે નહિ. પ્રદેશભેદ નથી. નામભેદ કહેશે પર્યાયભેદ. સમજાણું કાંઈ?

એ દ્રવ્ય જેમ સિદ્ધ છે સ્વભાવથી, એમ સત્ છે એવું પણ તેના સ્વભાવથી જ સિદ્ધ છે '**એમ નિર્ણય હો, કારણ કે સત્તાત્મક એવા પોતાના સ્વભાવથી...**' પ્રાપ્ત થયેલા ભાવવાળું છે. સત્તાસ્વરૂપ એવા પોતાના સ્વભાવથી. જુઓ! સત્ એનો સ્વભાવ છેને સત્તા? ગુણ છેને ગુણ? સત્તા નામના ગુણના સ્વભાવથી પ્રાપ્ત થયેલા ભાવવાળું છે. '**(-દ્રવ્યનો સત્ છે એવો ભાવ...**' દેખો! '**(-દ્રવ્યનો સત્ છે એવો ભાવ દ્રવ્યના સત્તાસ્વરૂપ સ્વભાવનો જ બનેલો-રચાયેલો છે).**' કઠણ છે. વસ્તુનો સત્ છે એવો ભાવ. એમ કહેવું છેને. ઓલો દ્રવ્ય તો ભાવવાન છે.

મુમુક્ષુ :- ... હવે સત્ સિદ્ધ કરે છે.

ઉત્તર :- હા, સત્ સિદ્ધ કરે છે હવે. દ્રવ્ય સત્ છે, 'છે' સત્ છે. અસ્તિ છે. એવો જે દ્રવ્યનો અસ્તિભાવ એ દ્રવ્યના સત્તાસ્વરૂપ સ્વભાવનો જ બનેલો છે, એ સત્તાસ્વરૂપ સ્વભાવનો જ બનેલો છે. સત્તાસ્વરૂપ કોઈ જુદું છે નહિ. ભારે! સમજાણું કાંઈ?

વસ્તુ છે એને સ્વયંસિદ્ધ છે કઈ રીતે એ સિદ્ધ કરે છે. એમ એનો સત્તાગુણ પણ સ્વયંસિદ્ધ છે. એ કાંઈ નહોતો અને સત્તા થઈ ગુણ એમ છે નહિ. કે દ્રવ્ય હતું ને સત્તાગુણ નહોતો. દ્રવ્ય હતું અને અસ્તિત્વ ગુણ નહોતો. ભાવવાળું દ્રવ્ય હતું, પણ ભાવ નહોતો. સમજાય છે આમાં? ભાવવાળું દ્રવ્ય હતું, પણ ભાવ નહોતો એમ બની શકે નહિ. ભાવ અને ભાવવાન વસ્તુ એક જ સાથે છે. ભારે ભાઈ! આમાં કાંઈ ઓલા સામાયિક કરીને, પડિક્કમણા કરીને બેસે એમાં આને સમજવાની જરૂર પડે? કરી નાખો ઈચ્છામી પડિક્કમણું. જીવિયાઓ વવરોવિયા તસ્સ મિચ્છામી દુક્કડમ. જાવ. પણ તસ્સ મિચ્છામી દુકકડમ કરનાર કોણ? એમાં વિકલ્પ શું? એ ભાષામાં પર્યાય થાય છે કોની? એની ખબર વિના કો'કનો કો'કનો સ્વામી થાય તો મિથ્યાત્વભાવને સેવે. તસ્સ મિચ્છામી દુક્કડમ, એ તો ભાષાની પર્યાય થઈ અને ભાષાના રજકણે તે ઉત્પન્ન કરી, આત્માએ ઉત્પન્ન કરી નથી. અને એ ભાષાના હોવાપણાનો સત્‌ગુણ પણ ભાવવાન પરમાણુની સાથે જ તેનો સત્ ગુણ સાથે છે. ભાવવાન હતો અને ભાવ નહોતો એમ છે નહિ. આરે..!

'**દ્રવ્યથી અર્થાંતરભૂત સત્તા ઉત્પન્ન નથી...**' હવે એને કહે છે જુઓ! જે કાંઈ આત્મા અને પરમાણુઓ છે એનાથી અનેરા-અનેરું... અર્થાંતર એટલે અનેરો અર્થ એવી સત્તા ઉત્પન્ન નથી. વસ્તુથી અનેરી સત્તા અસ્તિત્વ ગુણ ઉત્પન્ન નથી. ભાઈ! એકલા ન્યાય ભર્યા છે. ઝીણા પડે માણસને. '**દ્રવ્યથી...**' એટલે વસ્તુ. આત્મા અને પરમાણુ આદિ. '**અર્થાંતરભૂત...**' એટલે અનેરા અર્થવાળી. એવી સત્તા અનેરી સત્તા છે એમ નથી. દ્રવ્યથી સત્તા અનેરી છે એમ નથી. અનેરો અર્થ છે, દ્રવ્યથી સત્તા નામનો ગુણ અનેરો અર્થ છે, અનેરો પદાર્થ છે

એમ નથી. સમજાય છે કે નહિ? નેમિદાસભાઈ! પણ આનું પાછું પૂછે તો શું કરવું રાતે? રાતે રહેવાના છે કે નથી રહેવાના?

**'દ્રવ્યથી અર્થાંતરભૂત સત્તા ઉત્પન્ન નથી...'** શું કહે છે પણ આ? કહે છે કે જે વસ્તુ છે એમાં સત્તા નામનો ગુણ છે એ વસ્તુથી અનેરી ચીજ નથી, અનેરો પદાર્થ નથી. તે સત્ અને સત્તા એક જ સ્વરૂપે છે. સત્ તે દ્રવ્ય છે અને સત્તા તેનો ગુણ છે એ એક સ્વરૂપે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ હજી ચર્ચશે, હજી ઘણી ચર્ચશે વાતને. આહા..હા..! ક્યાં માણસને દરકાર ન મળેને ઓલી વસ્તુની, પછી આ કરતા આપણે સામાયિક કરી નાખોને. શેની સામાયિક? ધૂળની? અજ્ઞાનમાં સામાયિક ક્યાંથી આવી? અજ્ઞાન સામાયિક. અજ્ઞાન સામાયિક એટલે મિથ્યાત્વભાવ. સામાયિક કરીને બેઠા. આ પરમાણુની પર્યાય મારી છે અને આ હું બોલું તે હું છે અને આમ મેં કર્યું છે, આ શરીરની અવસ્થા મેં કરી છે. એ કહે છે કે પરમાણુની અવસ્થાથી આમ થઈ છે, તારાથી આમ થઈ નથી. એક વાત. અને પરમાણુ જે છે એ દ્રવ્ય છે અને એનો જે સત્તા નામનો ગુણ છે એ નવો ઉત્પન્ન થાય છે અથવા દ્રવ્યથી અનેરી સત્તાની શક્તિ છે એમ નથી. દ્રવ્યનો સત્‌ગુણ જે સત્તાગુણ છે દ્રવ્યથી અભિન્ન છે. સમજાણું કાંઈ? આ તો વસ્તુસ્થિતિ છે એવી સિદ્ધ કરવા માટે ઘણાં ન્યાયથી એ વાતને સાબિત કરે છે.

**'દ્રવ્યથી...'** એટલે વસ્તુથી **'અર્થાંતરભૂત...'** એટલે અનેરો અર્થ. અર્થ-અંતર. અનેરા અર્થભૂત **'સત્તા ઉત્પન્ન નથી (-બની શકતી નથી,...'** દ્રવ્યથી સત્તા અનેરી બની શકતી નથી, દ્રવ્યથી સત્તા નામનો ગુણ અનેરો ઘટતો નથી, દ્રવ્યથી સત્તા નામનો ગુણ બીજો અનેરો **'યોગ્ય નથી)...'** અનેરો છે તે યોગ્ય નથી. આવો ધર્મ કઈ જાતનો? આ તો અમે ધર્મ સાંભળવા (આવ્યા છીએ). હવે ઈ ગમે એમ હોય અમારે શું કામ છે? પણ તારે નક્કી કરવું છે કે નહિ તું ક્યાં છો? તું ક્યાં છો અને એ ક્યાં છે? હવે એ છે એનામાં, તું છો તારામાં. હવે તારામાં પણ સત્તા નામનો જે ગુણ છે એ દ્રવ્યથી અનેરી ચીજ નથી એમ કહે છે. જેમ બીજી ચીજ તારાથી અનેરી છે, બીજી ચીજ તારાથી અનેરી છે અને એનાથી તું અનેરો છે, એમ વસ્તુથી સત્તાગુણ અનેરો છે (એમ નથી) અને અનેરાથી દ્રવ્ય અનેરું છે (એમ નથી). ન્યાલભાઈ! આવું કાંઈ અપાસરામાં કોઈ દિ' (સાંભળ્યું હતું)? ઝાઝા વર્ષ તો ત્યાં એણે ગાળ્યાને. તમે તો નવા થઈને ત્યાં પોરબંદર હતા. કહો, સમજાણું આમાં? આહા..હા..!

ભાઈ! તારું હોવાપણું—એ દ્રવ્યનું હોવાપણું એ સત્તા ગુણને લઈને છે. ત્યારે એ સત્તા ગુણ છે એ વસ્તુથી અનેરી કોઈ અનેરો પદાર્થ ભિન્ન ચીજ છે માટે સત્તા છે એમ નથી. સત્‌નું સત્તાપણું પોતાના ગુણથી જ સત્ છે અને ગુણથી પોતે દ્રવ્ય છે અને દ્રવ્યથી પોતે ગુણ છે. ભાવવાળાથી ભાવ છે અને ભાવથી ભાવવાળો છે. બે જુદા પડી શકતા નથી.

કહો, સમજાણું કે નહિ? ઘરે વાંચો છો કે નહિ આ? નેમિદાસભાઈ! શું કહે છે? આહા..હા..!

**'કે જેના સમવાયથી...'** શું કહે છે? વસ્તુ જે છે આત્મા, પરમાણુ વસ્તુ (છે) અને એમાં એક સત્તા નામનો ગુણ અનેરો છે કે જે અનેરાથી સત્ દ્રવ્ય સત્તાવાળું થયું. અનેરી સત્તા છે તેથી સત્ દ્રવ્ય સત્તાવાળું થયું એમ નથી. આ તો ભગવાને કહેલો પદાર્થપાઠ છે. આહા..હા..! સમજાણું કાંઈ? દ્રવ્ય-ગુણ-પર્યાયની વાત નહોતી કીધી ઓલામાં? આમાં નહોતું આવ્યું? આમાં આવ્યું હતુંને કે આ સોનગઢથી શરૂ થઈ છે. એ બિચારા લખે છે. આ દ્રવ્ય-ગુણ-પર્યાયની વાત જ સોનગઢથી શરૂ થઈ ત્યારે આપણામાં માથાકૂટ જાગી હવે. ભાંગજડ જાગી ભાંગજડ કે ભાઈ ગુણના પણ પર્યાય હોય, દ્રવ્યના પણ હોય અને ગુણના. આપણે અત્યાર સુધી તો દ્રવ્ય પર્યાય માનતા. પણ હવે અહીં નીકળ્યું જ્યારથી સોનગઢથી ત્યારથી આપણામાં કોઈ પંડિત, મુનિઓ પણ ગુણના પર્યાય માનવા લાગ્યા છે. પણ વસ્તુ શું? એનો ગુણ શું? એની પર્યાય શું? ત્રણની ખબર ન મળે, તો કોનાથી જુદો છું અને કોનાથી એક છું એની ખબર ન મળે. કહે છે કે આ આત્મા અનેરા પદાર્થ અન્ય છે એનાથી જુદો છે, પણ એના સત્તા નામના ગુણથી જુદો નથી. સમજાણું કાંઈ?

**'કે જેના સમવાયથી...'** શું કીધું? વસ્તુથી અનેરાભૂત કોઈ સત્તા નામનો ગુણ નથી કે જેથી અનેરા સત્તા ગુણથી દ્રવ્યનું સમવાય સંબંધથી, સંયોગ સંબંધથી **'તે સત્ હોય.'** એ વાત એમ છે નહિ. **'(આ વાત સ્પષ્ટ સમજાવવામાં આવે છે :)'** આ ઓલા રામજીભાઈના વકીલો અને કોર્ટના કાયદા હોય એવા બધા હશે આ? આ પદાર્થના કાયદા છે. સમજાણું કાંઈ? આ તો ત્રણ કાળમાં ન ફરે એવા કાયદા. અભ્યાસ હોવો જોઈએ. વકીલ થાય તો કાયદાનો અભ્યાસ કરતા હશે કે નહિ? એમ આત્માનું જ્ઞાન કરવું હોય તો આ બધો અભ્યાસ કરવો જોઈએ.

મુમુક્ષુ :- ભગવાનના કાયદા છે.

ઉત્તર :- ભગવાનના કાયદા છે આ. સમજાણું કાંઈ? કહો, છગનભાઈ! બધી આ ગાથા જ બહુ (ઝીણી છે). ૯૯ જરી આવશે. એ આવે તો ઝીણી, પણ બહુ સમજવા જેવી છે. આ પણ સમજવા જેવી પણ જરી ઝીણી પડે.

એક દ્રવ્યથી બીજું દ્રવ્ય ઉત્પન્ન ન થાય. એક સિદ્ધાંત. એક દ્રવ્યથી બીજું દ્રવ્ય ઉત્પન્ન ન થાય. કેમકે બે દ્રવ્ય સ્વભાવસિદ્ધ છે. સ્વભાવસિદ્ધપણું તો અનાદિ-અનંતપણાને લઈને છે. અને તેથી તેને સાધનાંતર-બીજા સાધનની દ્રવ્યને સિદ્ધિ કરવા માટે જરૂર નથી. પણ તે દ્રવ્યને તેના ગુણપર્યાયથી ધારણ કરેલું છે, તેથી તે દ્રવ્યના ગુણ અને પર્યાય મૂળ સાધન સિદ્ધ કરવાને છે. બીજા દ્રવ્યના સાધને આ સિદ્ધ કરવાનું છે નહિ. હવે એક દ્રવ્યમાં સત્તા નામનો ગુણ છે. ઓલાએ કાઢ્યું છેને. પંચાધ્યાયીમાં નથી? સત્તા સત્ લક્ષણં. સત્ માત્રં એ. સત્તા, સત છે ને દવ્વં. 'તત્ત્વં સત્ લક્ષણં સત્ માત્રં' એમ છે. તત્ત્વં સત્ લક્ષણં.

એ ભેદ પાડ્યો. એ અહીંયાં બતાવશે ભેદ પર્યાયનયે. સત્ માત્રં. એ દ્રવ્ય છે એ સત્ માત્રં છે. વસ્તુ તે સત્તા ગુણમાત્ર જે છે. આમાંથી જ કાઢ્યું છે. ૮મી ગાથા છેને. પંચાધ્યાયીનો ૮મો શ્લોક છે.

**तत्त्वं सल्लाक्षणिकं सन्मात्रं वा यतः स्वतः सिद्धम्।**
**तस्मादनादिनिधनं स्वसहायं निर्विकल्पश्च।।८।।**

એમ ઘણા શબ્દ છે. સમજાણું કાંઈ? શું કહ્યું આ? વસ્તુથી વસ્તુનો ગુણ જુદો નથી. વસ્તુનો ગુણ અહીંયાં કોણ લેવો છે? એક અસ્તિત્વ ગુણ લેવો છે. હોવાપણાનો ગુણ અસ્તિત્વગુણ. છ ગુણ આવે છેને? છોકરાને શીખવાડે છે ઓલા પ્રશ્નોત્તરમાળામાં, જૈનસિદ્ધાંત પ્રવેશિકામાં. અસ્તિત્વ ગુણ,... દ્રવ્ય કોને કહેવું? કે ગુણોના સમૂહને દ્રવ્ય કહેવું. ગુણ કોને કહેવો? કે દ્રવ્યના સર્વ ભાગમાં અને સર્વ હાલતમાં રહે તેને ગુણ કહેવો. પર્યાય કોને કહેવી? કે દ્રવ્યનો વિકાર તેને પર્યાય કહેવાય. વિકાર એટલે વિશેષ દશા. એ સૂત્ર બાંધ્યા છે એમાં. છોકરાઓને શીખવે છે. એ આમાંથી જ કાઢી છે બધી વાત. સમજાણું કાંઈ? પછી? કે અસ્તિત્વગુણનું શું કાર્ય? કે જે દ્રવ્ય કોઈ કાળે નવું ઉત્પન્ન થાય નહિ અને છે તેનો નાશ થાય નહિ, માટે અસ્તિત્વ ગુણને કારણે આ છે.

એ અહીં કહે છે કે અસ્તિત્વ ગુણને અને દ્રવ્યને અનેરા પદાર્થપણું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ધ્યાન રાખે તો સમજાય એવું છે હોં! ભલે બોલી શકે નહિ એમ કો'ક કહે માણસ. સમજાય છે પણ બોલી શકે નહિ. ભીખાભાઈ એમ કહે કેટલીક વાર. લોચા વળી જાય. લોચા વળે કાંઈ નહિ. એ અંદર બરાબર સમજાતું નથી માટે લોચો વળી જાય. સમજાણું? એમાં લોચા વળી જાય કોઈ દિ' શાક લેવા ગયો હોય ને એમ કહે કે શાક લાવજો એમ કહેતો હશે ત્યાં? સાકરની દુકાને એમ કહે કે કપડા આપજો? લોચા વળી જતા હશે ત્યાં? જે વાત બરાબર બેઠી હોય એના લોચા શેના વળે? ભગવાનજીભાઈ! શાકની દુકાને જઈને ઊભો (કહે) કાપડ આપજો ભાઈ. લોચા વળી ગયા. ખ્યાલ ન રહ્યો. મને ખ્યાલમાં છે કે હું કાપડ લેવા આવ્યો છું. ખ્યાલમાં છે પણ આમ બોલાઈ ગયું કે કાપડ આપજો. એમ વાસ્તવિક તત્ત્વ જો ખ્યાલમાં હોય તો એની ભાષા કરતા કદાચ એને વાર લાગે, પણ એને ભાવે એવી રીતે કે બરાબર હોય તે આવે. સમજાણું કાંઈ?

તો કહે છે કે દ્રવ્યને હોવાપણાની જે શક્તિ ગુણ છે એ હોવાપણું તે અનેરા દ્રવ્યથી અનેરો અન્ય પદાર્થ નથી અને એમ બની શકતું નથી. ત્યારે કહે અનેરો છે અને એના સમવાયના સંબંધથી દ્રવ્ય સત્ થાય છે. સત્ દ્રવ્ય જે છે એના સત્તા ગુણનું અનેરાપણું છે અને અનેરાપણાના ગુણથી દ્રવ્યને સંબંધ થતા તે દ્રવ્ય સત્તાવાળું થાય છે. એમ છે? કે ના. ભારે વાત ભાઈ!

હવે '**પ્રથમ તો...**' હવે ન્યાય આપે છે જરી હોં! આ કાયદા કાઢે છે અંદરથી. પહેલા તો '**સત્‌થી સત્તાનું યુતસિદ્ધપણા વડે અર્થાંતરપણું નથી,...**' સત્‌થી એટલે દ્રવ્યથી.

સમજાણું? સત્ એટલે દ્રવ્ય. જુઓ હેઠે છે. '**હોતું—હયાત—હયાતીવાળું અર્થાત્ દ્રવ્ય.**' પહેલાં તો દ્રવ્યથી સત્તાનું એટલે એના અસ્તિત્વગુણનું યુતસિદ્ધપણું એટલે જોડાણપણું વડે અર્થાંતરપણું—જોડાણ વડે અનેરાપણું દ્રવ્યથી સત્તાનું સિદ્ધ થતું નથી. એકલા ન્યાય મૂક્યા છે. કહો, આ વાંચે છે કે નહિ ઘરે? આ વાંચ્યું હશે કે નહિ કેટલાએ? મોહનભાઈ! આ વાંચ્યું હશે કે નહિ? ઓલા મોહનભાઈ તો આવ્યા નથી હજી. તમે વાંચ્યું છે કે નહિ ઘરે કોઈ દિ'? શું કીધું ત્યારે આ?

સત્‌થી એટલે કોઈપણ ચીજથી—દ્રવ્યથી એનું સત્તા નામના ગુણનું યુતસિદ્ધ એટલે જોડાપણું, જોડાણપણા વડે અનેરાપણું છે એમ સિદ્ધ થતું નથી. લ્યો! યુતસિદ્ધ જુઓ નીચે છે. જુઓ! '**સત્તા=હોવાપણું; હયાતી.**' '**યુતસિદ્ધ=જોડાઈને સિદ્ધ થયેલું; સમવાયથી-સંયોગથી સિદ્ધ થયેલું.**' જેમકે એક લાકડુ છે એને ખીલો માર્યો એ જોડણથી સંબંધ થયો. અથવા દંડ અને દંડી. એક લાકડી છે, જુઓ આ લાકડી. તો આ દંડી માણસ અને લાકડી, તો દંડને લઈને દંડી કહેવાણો. દંડને લઈને દંડી કહેવાણો. એમ સત્તા ગુણને લઈને આત્મા સત્તાવાળો આની પેઠે છે? શું કીધું? દંડ નામ લાકડી, દંડી નામ લાકડીનો પકડનાર. તો દંડ છે એના વડે દંડવાળો થયો, દંડી—દંડવાળો. એમ સત્તા નામની ચીજ, એને લઈને આત્મા ભિન્ન, જેમ લાકડી ભિન્ન છે એમ ઓલો ભિન્ન છે, એમ સત્તા નામનો ગુણ, એને લઈને સત્તા ભિન્ન છે, દ્રવ્ય ભિન્ન છે. સત્તાગુણને ભિન્ન લઈને આત્મા સત્તાવાન થયો, દંડ અને દંડીની પેઠે. એમ છે? (નહિ). આહા..હા..! સમજાણું કાંઈ?

પ્રથમ તો દ્રવ્યથી ગુણનું સંબંધપણા વડે '**અર્થાંતરપણું નથી,...**' જુદું હતું અને જોડે થયું માટે અર્થાંતર છે એમ નથી. '**કારણ કે દંડ અને દંડીની માફક...**' જુઓ! દાખલો. લાકડી અને લાકડીવાળો. લાકડી અને લાકડીવાળો બે જુદા છે. લાકડી અને લાકડીવાળો બે જુદા છે એમ સત્તા અને સત્તાવાળો બે જુદા એમ નથી. સમજાણું કાંઈ? આ કાંઈ મુંબઈમાં ચાલે? એય..! હિંમતભાઈ! શું માંડી છે? કહેશે આ.

મુમુક્ષુ :- મુંબઈના માણસો બુદ્ધિવાળા છે.

ઉત્તર :- બુદ્ધિવાળા પણ આ કાંઈ ઓલા હજારો માણસ, પાંચ-દસ હજાર જ્યાં ભેગા થાય. એને આ શું કહે છે? દંડ ને દંડી શું કહે છે પણ આમાં?

અહીં તો એમ સાબિત કરે છે કે દંડ અને દંડી જેમ જુદા છે અને સંબંધે તેને દંડના સંબંધે દંડી કહેવામાં આવે છે. એમ આત્મા અને સત્તા ગુણ જુદા છે. અને જુદા ગુણ એટલે સત્તા ગુણ જુદા વડે આત્મા સત્તાવાળો છે એમ નથી. આહા..હા..! સમજાય એવું છે હોં! ન સમજાય એવું નથી પણ હવે ખ્યાલમાં તો લેવું પડેને. ન સમજાય એવું હોય? કેવળજ્ઞાન પામે એવો આત્મા છે, ઈ આ ન સમજે એમાં શું છે?

પહેલાં એ વાત છે. જુઓ! પહેલી વાત કરે છેને આ? સમજાય છે? '**તાવત્**' '**તાવત્**'

છેને અંદર? 'तावत्' 'तावद्युतसिद्धत्वेनार्थान्तरत्वं'. જુદા છે નહિ માટે અર્થાંતરપણું સિદ્ધ થતું નથી. **'તેમની બાબતમાં યુતસિદ્ધપણું જોવામાં આવતું નથી.'** શું કીધું? દંડ અને દંડીની ભિન્નતા વડે... જેમ દંડવાળો દંડી કહેવાય છે એમ સત્તાવાળું દ્રવ્ય સત્તા ભિન્ન છે અને સત્તાવાળું દ્રવ્ય એમ ભિન્ન જોવામાં આવતું નથી. લ્યો! જોવામાં આવતું નથી એમ કહે છે.

**'(બીજું,) અયુતસિદ્ધપણા વડે પણ તે બનતું નથી.'** હવે બીજી વાત લીધી. અનેરું છે અને જોડાણ થયું એમ પણ નથી. આમાં આ છે, આમાં આ છે. એમ. દ્રવ્યમાં સત્તા છે. આ દ્રવ્યમાં સત્તા છે જુઓ! **'(અર્થાત્ દ્રવ્યમાં સત્તા છે) એવી પ્રતીતિ થતી હોવાથી તે બની શકે છે એમ કહેવામાં આવે તો (પૂછીએ છીએ કે)...'** પહેલું નક્કી કરો હજી પાછું. સાંભળો.

અહીં તો કહે છે કે જુદું હતું અને એ વડે આ જુદો સત્તાવાન કહેવાણો એમ તો નથી, પણ ત્યારે કહે, અયુતસિદ્ધ છે. એ સત્ તે દ્રવ્યસહિત છે, છતાં તે જુદાં (છે). કારણ કે સત્તા અને સત્તાવાન એટલું તો કીધું કે નહિ? આમાં છે, દ્રવ્યમાં સત્તા છે, દ્રવ્યમાં સત્તાગુણ છે એમ કીધું કે નહિ? વસ્તુમાં સત્તા છે. વસ્તુ હોવાવાળા ગુણવાળી છે. વસ્તુ હોવાવાળા ગુણવાળી છે એટલો તો ભેદ પાડ્યો કે નહિ? એમ કહીએ તો? કહે છે. **'એવી પ્રતીતિ થતી હોવાથી તે બની શકે છે એમ કહેવામાં આવે તો (પૂછીએ છીએ કે) આમાં આ છે...'** દ્રવ્યમાં સત્તા છે, વસ્તુમાં અસ્તિત્વ ગુણ છે. **'એવી પ્રતીતિ શાના આશ્રયે થાય છે?'** શા કારણે એવી પ્રતીતિ તને ખ્યાલમાં આવે છે? એમ કહે છે.

**'ભેદના આશ્રયે થાય છે (અર્થાત્ દ્રવ્ય અને સત્તામાં ભેદ હોવાને કારણે થાય છે) એમ કહેવામાં આવે તો (પૂછીએ છીએ કે), ક્યો ભેદ?'** સત્તા અને સત્તાવાન ભેદને આશ્રયે 'આમાં આ છે' એમ જો તને લાગતું હોય તો એ ભેદ ક્યા પ્રકારનો? આમાં આત્મામાં સત્તા છે. આત્મામાં સત્તા નામનો અસ્તિત્વ ગુણ છે એમ તને લાગતો હોય ભેદ, તો એ ભેદ કેવા પ્રકારનો? આત્મામાં સત્તા છે, આત્મામાં સત્તા છે, પરમાણુમાં સત્તા છે, ગુણીમાં ગુણ છે એવો ભેદ જે દેખાય છે તો એ ભેદ ક્યા પ્રકારનો? અમે તને પૂછીએ છીએ. શિષ્યને પૂછે છે.

**'ભેદના આશ્રયે થાય છે. એમ કહેવામાં આવે તો (પૂછીએ છીએ કે), ક્યો ભેદ? પ્રાદેશિક કે અતાદ્ભાવિક?'** એ સત્તા ગુણના પ્રદેશો જુદા અને દ્રવ્યના જુદા એ રીતે ભેદ છે? કે અતાદ્ભાવિક? ગુણ તે ગુણી નહિ અને ગુણી તે ગુણ નહિ એ અપેક્ષાએ ભેદ છે? કે પ્રદેશભેદ છે? ભારે વાત ભાઈ! કહો, બાબુભાઈ! સમજાય છે આમાં? પણ આવું વ્યાખ્યાન ક્યાંથી આવ્યું? વ્યાખ્યાન તો જેવું હોય અંદરથી (એવું આવે). આમ અપવાસ કર્યા હતા. ભગવાને સાડા બાર વર્ષ સખે કરીને ખાધું નહિ, પાણી કરીને પાણી પીધા નહિ,

સખે કરીને સૂતા નહિ. આહા..હા..! એવું બોલે છે વ્યાખ્યાન શરૂ કરેને. ભગવાન બાર વર્ષ અને પંદર દિ' સખે કરીને સૂતા નહિ, ખાવાનું કરીને ખાધું નહિ, પાણી કરીને પાણી પીધા નહિ, ત્યારે બાપા આ કર્મ ખપ્યા છે. બધી ગપેગપ્પ. ભગવાનજીભાઈ! વ્યાખ્યાન એમ આવે. કોણ ખાય? કોણ પીવે? ને કોણ છોડે? સાંભળ તો ખરો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, આ બધા સાંભળવા બેસે. સખે ખાધા નહિ ત્યારે તેને ધર્મ થયો અને કેવળજ્ઞાન થયું છે. દુઃખ થયું હશે ભગવાનને? કાંઈ ખબર ન મળે. સખે કરીને સૂતા નહિ, એમ બોલે. સખે કરીને સૂતા નહિ, અન્ન કરીને અન્ન ખાધા નથી, બાપા! પાણી કરીને પાણી પીધા નથી. એવી તપસ્યાઓ કરી ત્યારે કેવળ થયા. એઈ..! આ બધા એના સેક્રેટરી રહ્યા કલકત્તાના.

મુમુક્ષુ :- બધાય એમ જ છેને, એના એકલાનું ક્યાં છે?

ઉત્તર :- પણ એ અત્યારે મોઢા આગળ કહેવાય છેને. સમજાણું કાંઈ? હવે તો આ છોકરાઓએ સંભાળ્યું છે મનસુખભાઈએ. એકલા હતાને એ તો ત્યાં. એ વખતે તો એકલા હતાને. તમે ક્યાં ત્યાં સામું જોતા હતા પહેલા? નહોતા ભેગા તે દિ'. ભુરાભાઈ ભળ્યા હતા. અને હું ગયો હતો એક ફેરી વહાણમાંથી એક કોર ઉભા હતા. એય..! ઓલાપણે છે એમ બતાવ્યું હતું એણે, ખબર છે? ૨૦૧૦ની સાલમાં. એઈ..! મનસુખભાઈ! મેં કીધું કે ક્યાં? કે ઓલેપણે છે એમ બતાવ્યું હતું. એ જાણે કાંઈ લેવાદેવા નહિ, કોઈ અન્યમતિ હોય એ રીતે બતાવ્યું હતું એમણે. સાચું હશે? એ... મનુભાઈ! મનુભાઈને ખબર નહિ હોય, મનસુખભાઈ હતા ત્યાં. હું કાંઈક વહાણે જોવા કાંઈક જઈ ચડ્યો હતો ત્યાં આહાર કરીને ફરવા. મેં કીધું કે અહીંયાં કાંઈક... છોકરાઓ નથી ભળ્યા.

શું કીધું? શિષ્યને પૂછે છે કે અમે પૂછીએ છીએ કે આ આત્મા છે વસ્તુ કે પરમાણુ એમાં સત્તા નામનો ગુણ છે. તો એ ગુણ જુદો હતો અને જોડાણ થયું એ તો ન બની શકે. એ તો કબુલ કર્યું, પણ એ જુદો છે એ કેવી રીતે? જુદો છે તો કેવી રીતે? કે આમાં આ છે. આત્મામાં સત્તા છે, પરમાણુમાં સત્તા છે. એ રીતેને? હા, તો એ રીતે. તો એમાં રીતેમાં ભેદનો પ્રકાર ક્યો તારે કહેવો છે? આમાં આ છે. એટલે એના પ્રદેશભેદથી આમાં આ છે? કે આ ભાવ તે આ નહિ એ રીતે તું કહેવા માગે છો? આત્મામાં સત્તા નામનો ગુણ છે એ સત્તા નામના ગુણને અને આત્માને કોઈ અંશો ભેદ છે? ક્ષેત્ર ભેદ છે? કે આમાં આ છે એટલે ગુણ તે ગુણી નહિ અને ગુણી તે ગુણ નહિ એવા અતદ્ભાવની અપેક્ષાએ આમાં આ છે એમ ભેદ પાડે છો? એ ભાગ પાડે છો તો બરાબર છે કહે છે. પણ એનો પ્રદેશભેદ કરતો હોય તો એ વાત સાચી નથી. એના પણ હજી બે ભાગ પાડશે પાછા. પાડેને, આ તો વસ્તુની સિદ્ધિ કરવી છેને. આહા..હા..!

**'પ્રાદેશિક તો નથી,...'** પ્રાદેશિક નથી એટલે? સત્તા નામના ગુણના પ્રદેશ જુદાં અને સત્ દ્રવ્યના પ્રદેશ જુદા એમ તો છે નહિ. **'કારણ કે યુતસિદ્ધપણું તો પૂર્વે જ રદ કર્યું છે.'** પહેલું ના પાડી છે. જુદા હતા અને ભેગા થયા એ બનતું નથી. **'અતાદ્ભાવિક કહેવામાં આવે...'** જુઓ! અતદ્ભાવ છે નીચે. **'દ્રવ્ય અને સત્તામાં પ્રદેશભેદ નથી, કારણ કે પ્રદેશભેદ હોય તો યુતસિદ્ધપણું આવે—જે પ્રથમ જ રદ કર્યું છે.' 'દ્રવ્ય તે ગુણ નથી, ગુણ તે દ્રવ્ય નથી—આવા દ્રવ્યપણાના ભેદને અતાદ્ભાવિક ભેદ કહેવામાં આવે છે. દ્રવ્ય અને સત્તામાં આવો ભેદ કહેવામાં આવે તો તે યોગ્ય જ છે.'**

**'કારણ કે જે દ્રવ્ય છે તે ગુણ નથી એવું (શાસ્ત્રનું) વચન છે. પરંતુ (અહીં પણ ધ્યાનમાં રાખવું કે) આ અતાદ્ભાવિક ભેદ 'એકાંતે આમાં આ છે' એવી પ્રતીતિનો આશ્રય નથી,...'** એકાંતે એમ નથી. આમાં આ છે (એમ) એકાંતે નથી. એમાં બે નય પડે છે. પર્યાયનયે જુઓ તો આમાં આમ છે. દ્રવ્યથી જુઓ તો એ વસ્તુ એમ જ છે એકલી. વિસ્તાર લેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૨, મંગળવાર, તા. ૧૭.૧૨.૧૯૬૮**
**ગાથા-૯૮-૯૯, પ્રવચન-૯૮**

આ જગતમાં જ્ઞાનમાં જણાય એવા જ્ઞેયતત્ત્વનું વાસ્તવિક શું સ્વરૂપ છે તેનું કથન છે. એમાં દ્રવ્ય અને સત્તાગુણ બે વચ્ચે (શું સંબંધ છે તે કહે છે). પરની સાથે તો કાંઈ સંબંધ નથી એ વાત તો સિદ્ધ કરી. કોઈ દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે કાંઈ સંબંધ નથી. એમ કોઈ દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે ઉત્પત્તિ કે એક દ્રવ્યથી બીજા દ્રવ્યની ઉત્પત્તિ થાય એમ છે નહિ. અહીં તો હવે કહે છે કે એક દ્રવ્યમાં જે સત્તા નામનો ગુણ છે કે જેને સંબંધ છે દ્રવ્ય સાથે, એ સંબંધમાં પણ જુદો ગુણ હતો અને દ્રવ્ય સાથે સંયુક્ત થાય છે એમ નથી. સમજાય છે કાંઈ? દરેક વસ્તુ આત્મા કે પરમાણુ સ્વતંત્ર છે, એના પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહેલ છે. અને તે ચીજને બીજી ચીજની સાથે કાંઈ સંબંધ નથી. સ્વતંત્ર બધી ચીજો પોતાને

કારણે ગુણ-પર્યાયથી રહેલી છે.

હવે અહીં કહે છે કે ગુણથી રહેલી છે એમ ચીજ જે કીધી (તો) વસ્તુ આત્મા આનંદગુણથી છે કે સત્તાગુણથી છે એમ કહેતા સત્તા ગુણ કાંઈક જુદો હતો અને આત્મા જુદો હતો માટે સત્તાગુણથી છે એમ નથી. સમજાણું કાંઈ? યુતસિદ્ધ. જુદા હતા અને બે ભેગા થયા એમ નથી. યુતસિદ્ધ એટલે જોડાણ થવું. એમ. જેમ લાકડીને અને દંડીને જોડાણ છે. દંડથી દંડી કહેવાય, એમ સત્તાગુણથી ગુણી કહેવાય એવો એ ભેદ નથી. દંડ અને દંડીનો જેમ ભેદ છે એવો આત્મા કે પરમાણુ સત્તા ગુણથી તે છે એ દંડી-દંડના જેવો ભેદ નથી. કારણ કે ઓલી ચીજ તો બે જુદી છે. સમજાય છે? ત્યારે કહે કે અયુતસિદ્ધપણું કહ્યુંને અતદ્‌ભાવપણે? અતદ્‌ભાવ છે. **'કહેવામાં આવે તો તે ઉપપન્ન (ઉચિત) જ છે,...'** અતદ્‌ભાવપણે છે ભેદ. વસ્તુ છે અને એનો સત્તા નામનો ગુણ છે. અતદ્‌ભાવ છે. એ વિના આ નહિ અને આ વિના આ નહિ. અતદ્‌ભાવ છે, તદ્‌ભાવ એ નથી. એટલે ભાવ ગુણ તે ગુણી નથી અને ગુણી તે ગુણ નથી. એ બરાબર છે. **'જે દ્રવ્ય છે તે ગુણ નથી એવું (શાસ્ત્રનું) વચન છે.'** આત્મા છે તે સત્તાગુણરૂપ નથી અને સત્તાગુણરૂપ છે તે આત્મા નથી. એ બરાબર છે કહે છે. છતાં એમાં એક બીજો ફેર છે કહે છે.

**'પરંતુ (અહીં પણ એ ધ્યાનમાં રાખવું કે) આ અતદ્‌ભાવિક ભેદ...'** અતદ્ એટલે કે ગુણ તે ગુણી નથી, ગુણ તે ગુણી નથી એવો અતદ્‌ભાવિક ભેદ. અતદ્ એટલે તે નહિ એવો ભેદ, ગુણ નહિ તે ગુણી, ગુણ નહિ તે ગુણી. ગુણી જુદો અને ગુણ જુદો એમ જે અતદ્‌ભાવ ભેદ કહ્યો, એકાંતે આમાં આ છે. આત્મામાં સત્તા, આત્મામાં સત્તા છે. **'એકાંતે આમાં આ છે એવી પ્રતીતિનું...'** કારણ નથી. એકાંતે આત્મામાં સત્તા છે, પરમાણુમાં સત્તા છે એવી પ્રતીતિનું કારણ નથી. ઝીણી વાત તો છે થોડી.

**'કારણ કે તે (અતદ્‌ભાવિક ભેદ)...'** એટલે કે સત્તા નામનો ગુણ આત્મા સાથે અતદ્‌ભાવ છે. એમ કહેતા પણ **'સ્વયમેવ (પોતે જ) ઉન્મગ્ન અને નિમગ્ન થાય છે.'** વસ્તુ અને વસ્તુનો ગુણ, વસ્તુ અને વસ્તુનો ગુણ, આત્મા અને સત્તાગુણ, આત્મા ને આનંદ નામનો ગુણ એમ કહો. આત્મામાં આનંદગુણ, જેમ એક ચીજથી બીજી ચીજ જુદી છે એમ આત્મા અને આનંદગુણ જુદા નથી, છતાં અતદ્‌ભાવ છે. કેમકે ગુણી જે દ્રવ્ય તે ગુણ નથી અને ગુણ આનંદ તે આત્મા નથી અને આત્મા તે આનંદ નથી એવો ભેદ છે. સમજાય છે કાંઈ? છતાં એ પણ એકાંતે આમાં છે—આત્મામાં આનંદ છે, આત્મામાં આનંદ છે એવો એકાંતે ભેદ નથી. એવી પ્રતીતિનું કારણ નથી. ભારે વાતું ભાઈ! **'કારણ કે તે (અતદ્‌ભાવિક ભેદ) સ્વયમેવ (પોતે જ) ઉન્મગ્ન અને નિમગ્ન થાય છે. તે આ પ્રમાણે :'** દૃષ્ટાંત આપે છે. અતદ્‌ભાવ એટલે આત્મામાં આનંદ છે અને આનંદસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે એ બે ભેદની અપેક્ષાએ દ્રવ્યથી અને પર્યાયથી અતદ્‌ભાવ ભેદમાં પણ ઉત્પન્ન થાય છે.

'**જ્યારે દ્રવ્યને પર્યાય પ્રાપ્ત કરાવવામાં આવે**...' જ્યારે દ્રવ્યને પર્યાય પ્રાપ્ત કરે, '**પહોંચે છે એમ પર્યાયાર્થિક નયથી જોવામાં આવે**),...' ૧૮૫ પાને ત્રીજી લીટી. ઝીણો છેને વિષય, આખું તત્ત્વ એવું સત્ છે કે એ સત્ ગુણ અને સત્ત્વ દ્રવ્ય અથવા સત્ દ્રવ્ય અને સત્તા ગુણ, એ કાંઈ સત્તાગુણ જુદો હતો અને જોડાણો છે એમ તો નથી. છતાં સત્તાગુણ અને ગુણીમાં અતદ્ભાવ ભેદ છે. કેમકે ગુણ તે ગુણી નથી અને ગુણી તે ગુણ નથી. એ ઠીક છે. પણ છતાં એ અતદ્ભાવ ભેદ પણ એકાંતે અતદ્ભાવ ભેદ, એકાંતે આમાં આ નથી અને આમાં આ છે એમ નથી. આહા..હા..!

જુઓ! શું કહે છે? '(**જ્યારે દ્રવ્યને પર્યાય પ્રાપ્ત કરે છે—પહોંચે છે.**) **એમ પર્યાયાર્થિક નયથી જોવામાં આવે**), **ત્યારે જ—'શુક્લ આ વસ્ત્ર છે**,...'' દાખલો. ધોળું આ વસ્ત્ર. જુઓ! ભેદ પડ્યો. ધોળું આ વસ્ત્ર છે. એમ સત્તા, સત્તા તે દ્રવ્ય છે, આનંદ તે આત્મા છે, આનંદ તે આત્મા છે. '**શુક્લ આ વસ્ત્ર છે, આ આનો શુક્લત્વગુણ છે**...' અને આ ગુણ આનો એટલે વસ્ત્રનો શુક્લત્વગુણ છે. '**ઈત્યાદિની માફક-ગુણવાળું આ દ્રવ્ય છે**,...' આનંદવાળું આ દ્રવ્ય છે અને આ આનંદ આ દ્રવ્યનો ગુણ છે. આનંદવાળું દ્રવ્ય છે અને આ આનો એટલે, આ આનો એટલે આનંદગુણ આ આનો એટલે દ્રવ્યનો ગુણ છે. સમજાણું કાંઈ? શેઠી! વાંચતા આવ્યા કે નહિ તેથી પૂછ્યું પહેલું. વાંચીને આવ્યા?

હવે કહે છે કે જુઓ! ગુણવાળું આ દ્રવ્ય છે. '**શુક્લ આ વસ્ત્ર છે**,...' એમ ગુણવાળું આ દ્રવ્ય છે અને આ આનો ગુણ છે. વસ્ત્રનો આ શુક્લ ગુણ છે. એમ આનંદવાળું દ્રવ્ય છે અને આ દ્રવ્યનો આનંદગુણ છે. '**એમ અતદ્ભાવિક ભેદ ઉન્મગ્ન થાય છે.**' એ અતદ્ભાવિક ભેદ મુખ્યપણે જણાય છે. અતદ્ભાવિક ભેદ મુખ્યપણે ઉપર આવીને જણાય છે કે આ ગુણ આનંદવાળું દ્રવ્ય છે અને આ દ્રવ્યનો આનંદગુણ છે. આનંદગુણવાળો આત્મા છે, આનંદગુણવાળો આત્મા છે અને આ આનંદ આ આત્માનો ગુણ છે. ભારે! કહો, આનંદગુણ પરમાં તો પોતાનો નથી, કહો, સમજાણું કાંઈ? કહો, શેઠી! પૈસામાં, સ્ત્રીમાં, આબરૂમાં, કુટુંબમાં આનંદગુણ નથી. એ તો નથી તો નથી તો નથી થઈ ગયું હવે. પણ હવે આત્મામાં આનંદગુણ છે એના બે પ્રકાર. આ ગુણ આત્માનો છે અને આ ગુણનો ધરનાર દ્રવ્ય છે એ અતદ્ભાવ ભેદમાં પણ પર્યાયદૃષ્ટિએ ભેદ પાડતા તે ગુણની મુખ્યતા ભેદથી થતાં દ્રવ્યથી આ દ્રવ્યનો ગુણ આનંદ છે આનો. આ દ્રવ્યનો આનંદ અને આ આનંદ આનો, એ પર્યાયદૃષ્ટિએ ભેદ પાડતાં તેનું મુખ્યપણું જણાય છે. સમજાણું કાંઈ?

'**પરંતુ જ્યારે દ્રવ્યને દ્રવ્ય પ્રાપ્ત કરાવવામાં આવે**...' વસ્તુને વસ્તુ તરીકે અભેદ સિદ્ધ કરવામાં આવે. '(**અર્થાત્ દ્રવ્યને દ્રવ્ય પ્રાપ્ત કરે છે—પહોંચે છે એમ દ્રવ્યાર્થિક નયથી જોવામાં આવે**), **ત્યારે સમસ્ત ગુણવાસનાના ઉન્મેષ જેને અસ્ત થઈ ગયા છે**...' ગુણનું વલણ, ભેદનું વલણ (અર્થાત્) આત્મા આનંદ છે એવા ભેદનું વલણ અસ્ત

થઈ ગયું છે. ‘**એવા તે જીવને—‘શુક્લ વસ્ત્ર જ છે’...**’ જુઓ! ફેર પડ્યો. ઓલું શુક્લ આ વસ્ત્ર છે એમ હતું, આ શુક્લ વસ્ત્ર જ છે. સમજાય છે કાંઈ? ઈત્યાદિમાં આવું દ્રવ્ય જ છે, એ આત્મા આનંદ જ છે, આત્મા આનંદ જ છે. આત્માનો આનંદગુણ છે અને એ ગુણ દ્રવ્યનો છે અને એનો ગુણ તે આ આનંદ છે. એ તો ભેદદૃષ્ટિએ, પર્યાયદૃષ્ટિએ એ વાત મુખ્યપણે ગણવામાં આવે છે. પણ અભેદદૃષ્ટિએ આત્મા આનંદ છે, આત્મા જ આનંદ છે, આત્મા જ આનંદ છે, આત્માનો આનંદગુણ છે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

‘**આવું દ્રવ્ય જ છે...**’ એટલે? આત્મા આનંદસ્વરૂપ જ છે, આત્મા આનંદસ્વરૂપ જ છે ‘**એમ જોતાં સમૂળો જ અતાદ્‌ભાવિક ભેદ નિમગ્ન થાય છે.**’ આનો આ ગુણ અને આ ગુણ આનો, એ વાત પર્યાયદૃષ્ટિમાં મુખ્યપણે જણાય. દ્રવ્યદૃષ્ટિમાં તે વાત ગૌણ થઈ જાય છે, ડૂબી જાય છે, તેમાં ભેદ દેખાતો નથી. કહો, અમુલખભાઈ! આમાં કાંઈ લાકડામાં આવી વાત આવતી હશે ત્યાં? લાકડામાં પણ એમ છે. લાકડાનો એક એક રજકણ છેને એને એ રજકણને સત્તા હોવાવાળો પરમાણુ, હોવાવાળો પરમાણુ એમ કહેવું એ ભેદ થયો. સમજાય છે? પણ એ પોતે દ્રવ્ય છે, દ્રવ્ય સત્તાસ્વરૂપ જ છે એ અભેદ થઈ ગયો. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા અને આવી વાત. મૂળ તો ગોટો ઉઠ્યો છે પરને અને બધાને એક માનવામાં. અને વસ્તુમાં પણ ગુણ અને ગુણી ખરેખર ગુણી છે તે દ્રવ્ય છે અને ગુણ છે તે સ્વભાવ છે. સ્વભાવ અને સ્વભાવી પ્રદેશભેદ નથી, પણ સંખ્યાએ, નામભેદે ભેદ છે. તો નામભેદે પર્યાયભેદે વિચારતા, આત્માનો આનંદગુણ છે અને એ ગુણ આત્મામાં રહેલો છે એમ ભેદ પાડતા પર્યાયદૃષ્ટિથી તેની મુખ્યતા ગણવામાં આવે છે. દ્રવ્યદૃષ્ટિથી આનંદસ્વરૂપ જ આત્મા છે. સમજાય છે? જુઓ! ‘**આવું દ્રવ્ય જ છે...**’ આનંદ જ આત્મા છે. સમજાણું કાંઈ?

આનંદ આત્માનો પરમાં તો નથી, પણ આત્માનો આનંદ છે એમ પણ નથી એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? આત્માનો આનંદ આ રાગમાં, પુણ્યના વિકલ્પમાં, શરીરમાં, વાણીમાં તો નથી, સમજાણું કાંઈ? પણ આ આત્માનો આનંદ છે અને આ ગુણ આત્માનો છે અને આત્માનો આ ગુણ છે, આ ગુણ આત્માનો અને આ આત્માનો ગુણ છે એ તો ભેદદૃષ્ટિએ તેની મુખ્યતાથી જણાય છે. પણ અભેદદૃષ્ટિથી કહીએ તો આ આનંદ જ છે, આત્મા આનંદ જ છે. આનંદગુણ એનો છે એમ નહિ, (આત્મા) આનંદ જ છે. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ આમાં? નેમિદાસભાઈ!

મુમુક્ષુ :- સ્વભાવ નીકળી ગયો...

ઉત્તર :- સંયુક્ત નીકળી ગયું હવે. અહીં તો સ્વભાવ અને સ્વભાવવાનમાં પણ બે પ્રકાર. સ્વભાવ અને સ્વભાવવાન કહેવું એ પર્યાયદૃષ્ટિના કથને મુખ્યપણું થાય છે. વસ્તુ દૃષ્ટિએ

સ્વભાવ અને સ્વભાવવાન એક જ છે. એ વસ્તુ જ એવી છે. એમ કે વસ્તુ સત્તાસ્વરૂપ છે, વસ્તુ સત્તાસ્વરૂપ છે, વસ્તુ આનંદસ્વરૂપ છે, વસ્તુ શાંતસ્વરૂપ છે. શાંતિ આત્માનો ગુણ છે એમ કહેવો એ વ્યવહાર છે, ભેદ છે. પર મારા છે એ તો વસ્તુમાં છે નહિ. આહા..હા..! કહો, સમજાય છે?

ખરેખર તો દયા, દાન અને વ્યવહારનો વિકલ્પ ઉઠે ભક્તિનો શુભરાગ એ આત્માનો છે એ તો નથી જ, એ તો નથી જ, કહે છે. આહા..હા..! આ તો આત્મામાં વીતરાગી ગુણ છે, વીતરાગી ગુણ છે. આત્મા વીતરાગી ગુણ ધરનાર છે, સ્વભાવવાન છે અને વીતરાગ એનો સ્વભાવ છે. આત્માનો વીતરાગ સ્વભાવ છે અને આત્મા વીતરાગસ્વભાવ ધરનાર છે. પણ વીતરાગ સ્વભાવ આત્માનો છે અને એ આત્માનો વીતરાગ સ્વભાવ ગુણ છે એ પણ પર્યાયદૃષ્ટિએ, ભેદદૃષ્ટિએ જણાવવામાં આવે છે. વસ્તુદૃષ્ટિએ વીતરાગ સ્વભાવ જ આત્મા છે, વીતરાગ સ્વભાવ જ આત્મા છે. આહા..હા..! અભેદ છે. સ્વભાવ, સ્વભાવવાન ભેદ નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ! જુઓ! આવું વસ્તુનું સ્વરૂપ ભેદથી અને અભેદથી બરાબર જાણવું જોઈએ. આનંદ આત્માનો છે અને આત્માનો એ ગુણ છે, આનંદ આત્મામાં છે અને આનંદ તે ગુણ છે ગુણીનો એ બધો ભેદ છે. એટલો પણ ભેદ પર્યાયદૃષ્ટિએ છે. પરની સાથેનો સંબંધ તો કાંઈ છે નહિ. આહા..હા..! ઓહો...! સમજાણું કાંઈ?

પણ ભગવાન આત્મા... કહે છે, 'આવું દ્રવ્ય જ છે...' આત્મા જ આનંદસ્વરૂપ છે. આત્મા સત્તાસ્વરૂપ છે, 'સત્ લક્ષણં દ્રવ્ય', સત્ લક્ષણવાળું (દ્રવ્ય) એ ભેદની દૃષ્ટિએ કથન છે. દ્રવ્ય સત્સ્વરૂપ છે. સત્ લક્ષણં સત્માત્રં. દ્રવ્ય સત્સ્વરૂપ જ છે એ વાસ્તવિક કથન નિશ્ચયનું છે. હવે આમાં દયા પાળવી ને વ્રત પાળવા અને ભક્તિ કરવી એ કાંઈ રહેતું નથી એમ કહે છે. એય..! પરની દયા પાળવી, કહે છે કે પર્યાય તો એની છે એમાં તું શું એનું કર?

મુમુક્ષુ :- દયા ન પાળે?

ઉત્તર :- કોણ પાળે? પરદ્રવ્યની પર્યાય એની સત્તામાં છે, તારી સત્તામાં નથી, તારી સત્તા ત્યાં એની પર્યાયને ક્યાં પહોંચી વળે? તારી સત્તાનો અંશ પરની પર્યાયમાં ક્યાં પહોંચી વળે કે તેની સત્તાની-દ્રવ્યની પર્યાયની તું દયા પાળ? આહા..હા..! સમજાણું કાંઈ? અને એ દયાનો વિકલ્પ જે છે એ પણ વાસ્તવિક તાદાત્મ્ય સ્વભાવ જીવનો નથી. તાદાત્મ્ય સ્વભાવ તો અરાગી પરિણામ વીતરાગભાવ તે આત્માનો સ્વભાવ છે. પણ એ આત્માનો વીતરાગ સ્વભાવ કહેવો એ પણ પર્યાયદૃષ્ટિએ કથન છે. આહા..હા..! ગુણી અને ગુણનો ભેદ લક્ષમાં લેવો એ પણ વિકલ્પ ઉઠે છે કહે છે. આહા..હા..!

ભગવાન ગુણી છે અને આનંદ અને વીતરાગભાવ એનો ગુણ છે. કહે છે કે ગુણી ગુણનો ભેદ પણ પર્યાયદૃષ્ટિએ ભેદ ઉત્પન્ન થાય. એવું લક્ષ કરતા તો વિકલ્પ અને રાગની

ઉત્પત્તિ થાય છે. આહા..હા..! પણ વસ્તુ જ વીતરાગસ્વરૂપ છે, આત્મા જ આનંદસ્વરૂપ છે, આત્મા સત્તાસ્વરૂપ છે, આત્મા શાંત વીતરાગસ્વભાવ ચારિત્રસ્વરૂપ છે. એ અભેદદૃષ્ટિ થતાં વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિ થાય છે એમ કહે છે. નવરંગભાઈ! ભારે વાતું ભાઈ! હવે આવી માથાકૂટ કરવી... ન્યાલભાઈ! માથાકૂટ નથી, બાપુ! તારી ચીજ પરથી તો જુદી પડે છે, પણ તારી ચીજ ગુણ-ગુણીથી જુદી પડે એ પણ વાસ્તવિકતા નથી એમ સિદ્ધ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એમ જોતાં સમૂળો જ અતાદ્ભાવિક ભેદ નિમગ્ન થાય છે.'** આત્મા જ આનંદસ્વરૂપ છે, આત્મા જ સત્તાસ્વરૂપ છે, આત્મા જ હોવા સ્વરૂપે છે. **'એમ જોતાં સમૂળો જ અતાદ્ભાવિક ભેદ...'** આ અતદ્ એટલે નહિ એવો ભેદ ડૂબી જાય છે, ભેદ રહેતો નથી. આવા પુસ્તકમાં પાનામાં ક્યાંય આવે નહિ, સાંભળવામાં આવે નહિ ક્યાંય અપાસરે, દેરાસરે જાય ત્યાં.

મુમુક્ષુ :- અર્થ જ આવડે નહિ.

ઉત્તર :- અર્થ ન આવડે. લ્યો! ધીરૂભાઈ (કહે છે).

**'એ રીતે ભેદ નિમગ્ન થતાં...'** સમજાય છે? આત્મા જ આનંદ છે એમાં અભેદ થતાં ભેદ ડૂબી જાય છે, ભેદનું લક્ષ રહેતું નથી. છે? **'એમ જોતાં સમૂળો જ અતાદ્ભાવિક ભેદ નિમગ્ન થાય છે...'** અતદ્ભાવપણું અયુતસિદ્ધ, ભલે જોડાણ નહિ, પણ 'આ આવું' એનો ભાવ ડૂબી જાય છે, 'આ આનું' એમાં રહેતું નથી. **'તેથી બધુંય એક દ્રવ્ય જ થઈને રહે છે.'** એ આનંદરૂપ જ આત્મા, વીતરાગસ્વરૂપ આત્મા, સત્તાસ્વરૂપ આત્મા, શાંતસ્વરૂપ આત્મા એમ થઈને વસ્તુ સિદ્ધ થાય છે. આહા..હા..!

**'અને જ્યારે ભેદ ઉન્મગ્ન થાય છે,...'** હવે શું કહે છે જરી? જ્યારે ભેદ એટલે? આત્મા આનંદ છે, આત્મા તે આનંદગુણવાળો છે અને એ ગુણ આત્માનો છે એમ ઉન્મગ્ન થાય છે, દેખાય છે મુખ્યપણે. **'તે ઉન્મગ્ન થતાં તેના આશ્રયે થતી પ્રતીતિ પણ ઉન્મગ્ન થાય છે,...'** ભેદ દેખાય છે. **'તે (પ્રતીતિ) ઉન્મગ્ન થતાં અયુતસિદ્ધત્વજનિત અર્થાંતરપણું ઉન્મગ્ન થાય છે,...'** ભેદભાવ જણાય છે. **'ત્યારે પણ...'** ભેદભાવ જણાતા વખતે પર્યાયદૃષ્ટિએ પણ **'દ્રવ્યના પર્યાયપણે ઉન્મગ્ન થતું હોવાથી,...'** એ દ્રવ્યની પર્યાયપણે તે મુખ્યપણે જણાતું હોવાથી. **'જેમ જળરાશિથી જળકલ્લોલ વ્યતિરિક્ત નથી...'** જેમ જળના ઢગલાથી જળની અવસ્થા જુદી નથી. **'(અર્થાત્ સમુદ્રથી તરંગ જુદું નથી) તેમ-દ્રવ્યથી વ્યતિરિક્ત હોતું નથી.'** દ્રવ્યથી આનંદ જુદો નથી, દ્રવ્યથી સત્તા જુદી નથી. જાધવજીભાઈ! આવું તો કાંઈ ધારધીરમાં આવતું હશે ક્યાંય? અપાસરામાં આવે નહિ. સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો, ભક્તિ કરો, જાવ. ક્યાંય ધૂળેય નથી, તું કોણ છો અને કેવડો અને ક્યાં છો એના ભાન વિના. સમજાણું કાંઈ? અહીં તો કહે કે પરની ભક્તિ અને

પરનું સ્મરણ રાગ એ તારા સ્વરૂપમાં નથી. આહા..હા..! તારા સ્વરૂપમાં રહેલો આનંદ પણ આત્માનો આનંદ છે એમ કહેવું, ક્હે છે (એમાં) વિકલ્પ ઉઠે છે, ભેદ પડે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**દ્રવ્યના પર્યાયપણે ઉન્મગ્ન થતું હોવાથી,...**' જોયું! દ્રવ્યની પર્યાય છે કહે છે. ગુણ દ્રવ્યનો છે. એ દ્રવ્યનો ગુણ (છે). '**જેમ જળરાશિથી જળકલ્લોલ વ્યતિરિક્ત નથી...**' છતાં તે ગુણ દ્રવ્યથી જુદો નથી. '**(અર્થાત્ સમુદ્રથી તરંગ જુદું નથી) તેમ—દ્રવ્યથી વ્યતિરિક્ત હોતું નથી.**' ગુણ. ઓહો..હો..! આપણે તો અહીંયા આનંદ સાથે વધારે મેળવવાનું છે. આત્માનો આનંદ પરમાં નથી, શરીરમાં નથી, વાણીમાં નથી, પૈસામાં નથી અને પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે એમાં તે આનંદ ધર્મ નથી. હવે આનંદ ધર્મ અને ધર્મી આત્મા, આ આનંદ આનો ગુણ છે, આ દ્રવ્યમાં ગુણ રહે છે, આનંદ આનો ગુણ છે અને આ દ્રવ્યનો ગુણ છે—એટલો ભેદ પાડવો પણ પર્યાયદૃષ્ટિએ મુખ્યપણે જણાય. ત્યાં પણ એવો ભેદ વિકલ્પ ઉઠે છે. એવા ભેદમાં પણ વિકલ્પ ઉઠે છે, પુણ્યનો બંધ થાય છે, એમાં ધર્મ થતો નથી. આહા..હા..!

આ ગુણીનો આનંદ છે, આ ગુણી આનંદવાન છે, અતીન્દ્રિય આનંદ રસવાળો છે. આ અતીન્દ્રિય આનંદ તેનો ગુણ છે. કહે છે, એવો ભેદ લક્ષમાં લેતા પણ (વિકલ્પની ઉત્પત્તિ થાય છે). પરની વાત તો એક કોર રહી, ભગવાનની ભક્તિ અને ભગવાનનું સ્મરણ તો ક્યાંય રહી ગયું. કારણ કે એ તો બીજો શુભરાગ અને અજીવમાં જાય છે. ભારે વાત ભાઈ! એ.. નવરંગભાઈ! હવે પાણીનું ગળવું શેમાં જાતું હશે? એનું અસ્તિત્વ એમાં જાય. એનું અસ્તિત્વ એનામાં જાય. આત્માના અસ્તિત્વમાં એ નથી. હવે આત્માના અસ્તિત્વમાં સત્તા નામનો ગુણ છે કે આનંદ નામનો ગુણ છે એવો ગુણ અને સત્તા તે આત્માનો છે એ ભેદ પાડવો પણ વિકલ્પ છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ આનંદ તે આત્મા છે. એ આનંદ તે જ આત્મા, દ્રવ્ય જ આનંદસ્વરૂપ છે, દ્રવ્ય જ વીતરાગસ્વરૂપ છે, વીતરાગસ્વરૂપ ગુણ અને ગુણી—એમ નહિ. આત્મા જ આનંદસ્વરૂપ છે એવી દૃષ્ટિ કરતા, અભેદ દૃષ્ટિ કરતાં નિર્વિકલ્પ સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે. એ માટે આ કહેવામાં આવે છે. આ કાંઈ એકલી વાતું કરવા માટે નથી. ઓહો..હો..!

મુમુક્ષુ :- ઈ આમા નથી આપ્યું.

ઉત્તર :- એ આપ્યું છે આમાં, જયસેનાચાર્યની ટીકામાં છે.

મુમુક્ષુ :- સમસ્ત ભેદવાસના.

ઉત્તર :- એ ભેદવાસના વિલય થઈ ગઈ. જુઓ! '**ગુણવાસનાના ઉન્મેષ જેને અસ્ત થઈ ગયા છે...**' છેને? ગુણવાસનાના ઉન્મેષ જેને અસ્ત થઈ ગયા છે. '**એવા તે જીવને—'શુક્લ વસ્ત્ર જ છે'...**' આ દ્રવ્ય જ આવું છે. ભેદવાસનાના વિકલ્પ જેનો નાશ થઈ

ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક જ દ્રવ્ય માનનાર ચૈતન્ય કે એક જ પરમાણુ માનનાર કે એક જ ચૈતન્ય અને એક પરમાણુ માનનાર ભિન્ન-ભિન્ન એવું પણ નથી. તેમ અનંત આત્માઓ, અનંત પરમાણુ માનનાર હોવા છતાં એક એક દ્રવ્યમાં અનંત ગુણવાળું આ દ્રવ્ય અને એ દ્રવ્યના અનંતા ગુણો એ છે બરાબર, પણ એવો ભેદ પાડવો, એ પ્રદેશ અભેદ છે એમાં ભેદ પાડવો (એમાં) વિકલ્પ ઉઠે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- નિર્બાધ અનુભવની વાત થઈ.

ઉત્તર :- નિર્બાધ અનુભવ કરવામાં આત્મા જ આનંદસ્વરૂપ, આત્મા જ આનંદસ્વરૂપ, આ દ્રવ્ય જ આનંદસ્વરૂપ. વસ્તુ જ વીતરાગસ્વરૂપ, વસ્તુ જ શાંતસ્વરૂપ, વસ્તુ જ સત્તાસ્વરૂપ, વસ્તુ વીતરાગમૂર્તિ વસ્તુ એવી દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન અને નિર્વિકલ્પ શ્રદ્ધા કહેવાય છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ!

સ્વરૂપાચરણ આ ચારિત્રની મોટી તકરારું આવી છે લ્યો! હવે પક્ષ પડી ગયા. હવે ઓલો આનો.. આટલી ખબર નહોતી આટલા વર્ષમાં તમને? સ્વરૂપ આત્મા છે એનું ચારિત્ર છે એ ચારિત્ર આચરણ છે. આનું આચરણ કહેવું એ પણ ભેદ છે. આત્મા આચરણસ્વરૂપ જ, આનંદસ્વરૂપ, ચારિત્રસ્વરૂપ જ છે. આહા..હા..! હજી તો અહીંયાં સ્વરૂપાચરણ ચારિત્ર ચોથે ન માનવું (એમ કહે છે). અરે..! ભગવાન! શું કરે છે તું? આહા..હા..! ક્યાં વસ્તુ રહી? એ તો હવે આ સોનગઢને લઈને બધી ચર્ચા ઉભી થઈ, નહિતર તો બધું પડ્યું હતું એમને એમ. હલતું નહોતું કાંઈ. એ ભાંગજડ ઊભી થઈ આમાં પણ, દિગંબરમાં પણ. આહા..હા..!

કહે છે કે ભાઈ! વસ્તુ છે કે નહિ? આત્મા પદાર્થ છે કે નહિ? એ પદાર્થ પોતે પોતામાં ઠરે છે, ઠરે છે. એવો એક વીતરાગ ગુણ છે કે નહિ? તો કહે છે કે વીતરાગ ગુણ ઠરે છે ત્યારે જ્યારે ઠરે છે અભેદપણે ત્યારે વીતરાગી પર્યાય પ્રગટ થાય છે કે નહિ? અને પ્રગટ પર્યાય થાય છે તે અભેદસ્વરૂપ છે. એ પર્યાય તે જ આત્મા છે. સ્વરૂપાચરણ પર્યાય તે જ આત્મા છે એમ કહે છે અહીં. આહા..હા..! ઓલામાં આવ્યું છેને એ? આપણે ૩૨૦ ગાથામાં આવ્યુંને. શુદ્ધાત્માભિમુખ પરિણામ અને શુદ્ધ ઉપયોગ તે પર્યાય નામ છે. ભાઈ આવ્યા છેને? ઓલો કહે ના. શુદ્ધાત્માભિમુખ પરિણામ જુદા અને શુદ્ધોપયોગ જુદા. પણ આ આચાર્ય કહે છે કે શુદ્ધાત્માભિમુખ પરિણામ. શુદ્ધ આત્માની સન્મુખ પરિણામ એમ કહો કે ઉપયોગ શુદ્ધ કહો, બેય એક નામ છે. ત્યારે ઓલો કહે નહિ. ત્યારે સામે આ પંડિત કહે છે, પણ આ આચાર્ય એક કહે છે અને તું નહિ (કહે છે), આ શી રીતે તારું માનવું અમારે? આપણે ૩૨૦ ગાથામાં કાળાદિ .. ભવ્યત્વશક્તિ પ્રગટ આવે છેને? એ આમાં મૂક્યું છે, જૈનસંદેશમાં આવ્યું છે. જૈનસંદેશમાં. ભાઈએ કૈલાસચંદજીએ. પહેલા આવ્યું હતું કૈલાસચંદજીનું પહેલા આવ્યું હતું. કૈલાસચંદજીનો લેખ જુદો છે. મખનલાલજી પણ આ પ્રમાણે સ્વરૂપાચરણ

છે એમ માને છે. એ વાંધા બેયને ઉઠ્યા છે. એનો લેખ જુદો મૂક્યો. જુદો લેખ છે, આનો જુદો લેખ છે. બેય જુદા છે.

અરે..! ભગવાન! શું કરે છે તું? આત્મા છે તો આત્મામાં ચારિત્ર ગુણ છે. એમ અહીં કહેતા, આત્મા ચારિત્રગુણવાળો છે અને ચારિત્ર ગુણ તે આત્માનો છે એટલો ભેદ પાડવો એ પણ, કહે છે, પાલવતો નથી અહીં. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા રાગવાળો છે કે પુણ્યવાળો છે કે પરવાળો છે એ તો છે જ નહિ. આત્મા આસ્રવવાળો છે, આત્મા આસ્રવવાળો છે એ દૃષ્ટિ જ મિથ્યાત્વ છે. આહા..હા..! આત્મા પુણ્ય-પાપના વિકલ્પવાળો છે એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. એણે, આત્મા છે એવો જાણ્યો નથી. પણ આત્મા વીતરાગસ્વરૂપવાળો છે એ કહે છે કે ભેદ છે અહીં તો હજી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કેમકે વીતરાગ ગુણ અને ગુણી બેના કાંઈ પ્રદેશો-અંશો કોઈ જુદા નથી. કે વીતરાગભાવના ક્ષેત્રના અંશો જુદા અને આત્માના અંશો-પ્રદેશ જુદા એવી ચીજ છે કોઈ? એ તો નામભેદે, સંજ્ઞાભેદે, કથનભેદે ભેદ છે, વસ્તુમાં ભેદ નથી. આહા..હા..!

વીતરાગસ્વરૂપ આત્મા. આનંદ... આ દ્રવ્ય આનંદસ્વરૂપ છે, આ દ્રવ્ય આનંદસ્વરૂપ છે, એનું સ્વરૂપ જ આનંદ છે એમ. વળી આનંદસ્વરૂપવાળો છે અને આનંદ એનો ગુણ છે, વીતરાગ સ્વભાવવાળો છે, વીતરાગ સ્વભાવ એનો ગુણ છે એ પર્યાયભેદ થઈ ગયો કહે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? છતાં કહે છે, દ્રવ્યની પર્યાયપણે ઉન્મગ્ન થતું, તરતું આવતું તે વખતે પણ '**જેમ જળરાશિથી જળકલ્લોલો વ્યતિરિક્ત નથી...**' ભલે જુદું આમ કહે, પણ કાંઈ પર્યાય દ્રવ્યથી જુદી નથી. શું કીધું સમજાણું? વીતરાગ પર્યાય પ્રગટી તે આત્માની છે એમ ભેદ પાડીને વ્યવહાર નિમગ્ન, ઉન્મગ્ન દેખાવા છતાં, ઉપર દેખાવા છતાં તે પર્યાય કાંઈ ભેદ પડી માટે દ્રવ્યની નથી અને દ્રવ્યથી જુદી છે એમ નથી. ભેદથી કથનકાળે પણ તે પર્યાય તેનાથી જુદી છે એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભેદ વખતે જુદી છે.

ઉત્તર :- ભેદ વખતે જુદી છેને એ તો. ભેદ થયો એનો અર્થ જ એ થયો કે એનો એ ભેદ છે, એનો એ અંશ છે એમ. એનાથી જુદી નથી એમ સિદ્ધ કરવું છે. આહા..હા..!

પ્રવચનસાર છે આ તો. સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્માની દિવ્યધ્વનિ નીકળી એ દિવ્યધ્વનિ તે પ્રવચન આગમ અને એનો આ સાર. સમજાણું કાંઈ? સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય સમયસાર. એને પણ સમયસાર કીધું છે. બધાને સમયસાર. અષ્ટપાહુડ એ સાર છે. અષ્ટસાર, પ્રાભૃતસાર. બધા સાર, સાર અને સાર. ગોમ્મટસાર. લ્યો! ક્ષપણાસાર, લબ્ધિસાર આવે છે કે નહિ? આહા..હા..!

કહે છે કે, ભાઈ! તારું હોવાપણું બે રીતે છે? એક સત્તાગુણપણે હોવાપણું અને દ્રવ્યનું હોવાપણું એમ બે રીતે હોવાપણું છે? એમ કહે છે, એમ કહે છે. આનંદપણે હોવાપણું,

ગુણપણે હોવાપણું અને ગુણીપણે હોવાપણું, આનંદનો ધરનારપણે હોવાપણું અને આનંદનું આનંદપણે હોવાપણું એવા બે ભાગ છે એમાં? વસ્તુ પોતે આનંદમય છે, વસ્તુ જ આનંદમય છે, એ આનંદસ્વરૂપ જ વસ્તુ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

વસ્તુ અને ગુણ એમાં નામભેદ પડે, કારણ કે વસ્તુ એક છે અને ગુણ અનંત છે. છતાં અનંત ગુણ અને એ ગુણ વિનાની ચીજ એ શું પણ? ગુણ વિનાની ચીજ શું? અને ચીજ વિનાના ગુણ શું? સમજાણું કાંઈ? એક વિના અનંત શું અને અનંત વિના એક શું? એક જ છે સર્વે-બધું ભગવાન આત્મા. અતીન્દ્રિય આનંદસ્વરૂપ જ આ દ્રવ્ય છે. આ અતીન્દ્રિય આનંદ આ દ્રવ્યનો આ ગુણ છે એમ નહિ. આ દ્રવ્યનો આ ગુણ છે અને આ ગુણવાળું દ્રવ્ય છે (એમ ભેદ નહિ). કહો, આસ્રવવાળું દ્રવ્ય છે, શરીરવાળો આત્મા છે, કર્મવાળો આત્મા છે, કાઠિયાવાડી આત્મા છે. રાજકોટનો આત્મા ખરો કે નહિ? રાજકોટનો નહિ? આહા..હા..! કહે છે, આત્મા આત્માનો છે. આ આત્મા આત્માનો છે, એ કહે છે, ભેદ પાડીને તારે શું કામ છે? એમ કહે છે અહીં તો. આહા..હા..!

એ આવે છેને સર્વવિશુદ્ધમાં? જ્ઞાયક જ્ઞાયકનો છે એટલે શું પણ? એટલે શું? આત્મા આત્માનો એટલે શું? એ તો છે ઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં આ રીતે નાખ્યું, ત્યાં એ લીધું, વસ્તુ તો એની એ સમજાવે છે. આત્મા આત્માનો છે, આત્મા આનંદવાળો છે. પણ આત્મા આત્માવાળો છે એનું કામ શું તારે પ્રયાજન છે એમાં? એવો ભેદ પાડીને તારે સિદ્ધ શું કરવું તારે? તારું પ્રયોજન એમાં સિદ્ધ શું થાય છે? આત્મા-આત્મા છે. આત્મા તે આનંદસ્વરૂપ જ છે, વીતરાગસ્વરૂપ જ છે, સત્તાસ્વરૂપ જ છે, સ્વભાવસ્વરૂપ જ છે. એમાં પ્રયોજન સિદ્ધ થાય છે. કેમકે એમ કહેતા એની વીતરાગ દૃષ્ટિ પોતાને પ્રગટ કરવી છે એ પ્રયોજન આ રીતે સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો હજી (એમ કહે છે), ભગવાનને દેખીને સમકિત થાય. અહીં તો કહે છે, ગુણ-ગુણીના ભેદને દેખીને સમકિત ન થાય. એમ કહે છે. લે! ભગવાનને દેખીને સમકિત થાય નહિ? અરે! ભારે વાત ભાઈ! પણ પોતાનો ગુણી અને ગુણ એવો ભેદ દેખે તોપણ સમકિત થાય નહિ. આહા..હા..! દ્રવ્યની પર્યાયપણે ભલે દેખાતું હોય, છતાં તે દ્રવ્યથી તે પર્યાય જુદી નથી. લ્યો! એ ૯૮ પૂરી થઈ. અહીં થોડી લીટી.

'**આ પ્રમાણે હોવાથી...**' આ પ્રમાણે હોવાથી '**(એમ નક્કી થયું કે) દ્રવ્ય સ્વયમેવ સત્ છે.**' સત્ સત્તાવાળું સત્ છે એમ નહિ. સત્તાવાળું દ્રવ્ય છે. સત્ કહો કે દ્રવ્ય કહો. એ દ્રવ્ય સ્વયમેવ સત્ છે, પોતે જ સત્ છે, દ્રવ્ય પોતે જ આનંદ છે, દ્રવ્ય પોતે જ વીતરાગસ્વરૂપ છે. છેને છેલ્લું. '**આમ જે માનતો નથી તે ખરેખર પરસમય જ માનવો.**' એ મિથ્યાદૃષ્ટિ કહ્યો. લ્યો, ત્યાં આવી ગઈ વાત. આ આત્મા સત્સ્વરૂપ જ છે, આનંદસ્વરૂપ જ છે એમ માનતો નથી અને આત્મા અને સત્તા બે ભિન્ન છે એમ માને તે પરસમય

મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી. માટે મિથ્યાદષ્ટિ છે.

મુમુક્ષુ :- પણ મિથ્યાદષ્ટિ કેમ?

ઉત્તર :- લે! એ ઠીક કહ્યું. પ્રકાશ થયો નથી પછી અંધારું કેમ કહેવું એને? ચીમનભાઈ! પ્રકાશનો અભાવ છે એને અંધારું શું કરવા કહેવું? પણ પ્રકાશનો અભાવ એ અંધારુ જ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. વિકલ્પમાં છે. વિકલ્પમાં છે ત્યાં સુધી સમ્યગ્દષ્ટિ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ નથી ત્યાં સુધી મિથ્યાદષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ?

એનો સરવાળો લીધો જુઓ આ. આહા..હા..! '**यस्त्वेवं नेच्छति स खलु परसमय एव द्रष्टव्यः**' ૯૮માં છેલ્લું સંસ્કૃત પદ છે. આવી જે વસ્તુ તે સત્‌સ્વરૂપ જ છે. વસ્તુ તે આનંદસ્વરૂપ છે. આ સતરૂપ બધા દ્રવ્યને સિદ્ધ કરે છે. એટલે ગુણસ્વરૂપ જ ગુણી છે. વળી ગુણસ્વરૂપ ગુણ જુદો અને ગુણી એમ નહિ. એ ગુણી ગુણસ્વરૂપ જ છે. સત્‌માત્રં છે, સત્‌માત્રં છે, આનંદમાત્ર આત્મા છે. એમ નથી માનતો તે મિથ્યાદષ્ટિ છે. આનંદ, સત્તાગુણને અને સત્‌ને જુદા માને તે મિથ્યાદષ્ટિ છે એમ કહે છે. આહા..હા..! ભારે વાતું ભાઈ! કૈલાસચંદજીએ લખ્યું, આ ઠીક કે કોકને-પોતાથી વિરુદ્ધને પાધરા મિથ્યાદષ્ટિ જૈનમાં નાખી દેવો. લખ્યું છે. એનો અર્થ શું? સત્ય છે કે નહિ એમ નક્કી કરવું જોઈએને. અપૂર્ણતાને પૂર્ણ માન્યું એ જ મિથ્યાત્વ છે એમ કહે છે. માને છેને?

મુમુક્ષુ :- ભેદ..

ઉત્તર :- એ ભેદ સુધી સત્ નથી. ભેદ સત્ છે જ નહિ.

મુમુક્ષુ :- અપૂર્ણ...

ઉત્તર :- હા, અપૂર્ણ. એ મગનભાઈ કહેતાને, પહેલા કહેતા હતા ઘણા વર્ષ પહેલા. ૧૯૮૨ની સાલમાં કે બીજા ધર્મને અપૂર્ણ કહો.

મુમુક્ષુ :- શ્રીમદ્‌માં આવે છે.

ઉત્તર :- હા, આવે છેને. ખબર છેને. ખબર હતી તે દિ'. ૮૨ની સાલમાં વઢવાણ ચોમાસું હતું ત્યારે મગનભાઈ (કહે), અપૂર્ણ કહો. કીધું, નહિ વિરુદ્ધ છે. તત્ત્વથી તદ્દન વિરુદ્ધ ધર્મ છે. વીતરાગ સર્વજ્ઞથી સિદ્ધ થયેલા તત્ત્વો એનાથી કોઈપણ અપૂર્ણ વાત આડીઅવળી કહે એ બધી વિપરીત છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પૂર્ણ એ કહે તો આને અપૂર્ણ છે એટલે શું? જરી મીઠી ભાષાથી વાત કરી

છે. છેને. મોક્ષમાળામાં છે. મોક્ષમાળામાં છે. છે તે દિ' ખબર છે, ૮૨ની સાલમાં એ વાત ચાલી. ચર્ચાઓ ઘણી ચાલેને અમારે. પોપટભાઈ સાથે બહુ ચાલતી હતી. પોપટલાલ સુખલાલ વઢવાણ.

હવે આ ૯૮ પૂરી થઈ. હવે ૯૯ બહુ સરસ છે ગાથા. એ ૯૯. બે ૯ ભેગા થયા. '**હવે ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક હોવા છતાં દ્રવ્ય 'સત્' છે એમ દર્શાવે છે :-**' એ દ્રવ્ય પોતે પરિણામ જ છે, સત્ જ છે એમ કહે છે. 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્' અને 'સત્ દ્રવ્ય લક્ષણં' એમ જે કીધું હતું એ હવે કહે છે કે ઉત્પાદ, વ્યય અને ધ્રુવ તે સત્ દ્રવ્ય છે અને તે સત્ છે. એ દ્રવ્ય પોતે જ પરિણામ સત્ પરિણામરૂપ છે. પરિણામના ત્રણ પ્રકાર, પણ એ પોતે સત્ પરિણામરૂપ છે એમ. દ્રવ્ય પોતે જ ગુણરૂપ છે. વસ્તુ પોતે સત્તાગુણરૂપ છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! આવું સાંભળવા પણ નવરા થાય (નહિ). કથા હોય તો વાત સારી લાગે લ્યો એ. એક રાજા હતો અને પછી રીસાણો. આ રાજા તને રીસાણો, સાંભળને. તારું અભેદ તત્ત્વ છે એનાથી ભેદમાં ગયો તો અભેદથી રિસાણો છે. સાંભળને. એની વાત ચાલે છે આ. આહા..હા..!

મુમુક્ષુ :- જૂનું રહ્યુંને.

ઉત્તર :- જૂનું.

**सदवट्ठिदं सहावे दव्वं दव्वस्स जो हि परिणामो।**
**अत्थेसु सो सहावो ठिदिसंभवणाससंबद्धो।।९९।।**

દ્રવ્યો અનંત. પરમાણુ, આત્મા અનંત. સત્તા સ્વભાવ વિશેષે...

**દ્રવ્યો સ્વભાવ વિષે અવસ્થિત, તેથી 'સત્' સૌ દ્રવ્ય છે;**
**ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશયુત પરિણામ દ્રવ્યસ્વભાવ છે. ૯૯.**

એ સત્નો સ્વભાવ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ છે એમ કહે છે.

અર્થ કહીએ અર્થ લ્યો. એ સ્વભાવ એટલે સત્તા નામનો સ્વભાવ અથવા ગુણ બધા. એમાં '**અવસ્થિત (હોવાથી)...**' રહેતું, ટકેલું હોવાથી. સ્વભાવમાં રહેલું દ્રવ્ય છે તેથી દ્રવ્ય સત્ છે, તેથી દ્રવ્ય જ સત્ છે. સત્તાને લઈને સત્ છે એમ નહિ, દ્રવ્ય જ સત્ છે. '**દ્રવ્યનો જે ઉત્પાદવ્યયધ્રૌવ્ય સહિત પરિણામ,...**' વસ્તુનો જે સત્નો ઉત્પાદ-વ્યયરૂપ જે પરિણામ તે '**પદાર્થોનો સ્વભાવ છે.**' દ્રવ્ય સત્માં છે, દ્રવ્ય સત્સ્વરૂપ છે અને એ સત્ ઉત્પાદવ્યયધ્રુવસ્વરૂપ છે. એટલે દ્રવ્ય પણ ઉત્પાદવ્યયસ્વરૂપમાં છે. સમજાણું કાંઈ? આ ટીકામાં વિસ્તાર આવશે. આ તો ટૂંકા અર્થ છેને શબ્દાર્થ.

'**ટીકા :- અહીં (વિશ્વને વિષે)...**' આ ચૌદ બ્રહ્માંડ જગતને વિષે '**સ્વભાવમાં નિત્ય અવસ્થિત હોવાથી...**' એ સ્વભાવમાં કાયમ રહેલો હોવાથી '**દ્રવ્ય 'સત્' છે.**' આત્મા દ્રવ્ય, પરમાણુ દ્રવ્ય, છએ દ્રવ્ય એ સ્વભાવમાં, વસ્તુ તેના સ્વભાવમાં, સ્વભાવવાન

તેના સ્વભાવમાં એમ કહે છે. સ્વભાવમાં નિત્ય કાયમ રહેતું હોવાથી દ્રવ્ય જે સ્વભાવવાન તે સત્ છે. સ્વભાવમાં કાયમ રહેતું હોવાથી તે દ્રવ્ય સત્ છે. દ્રવ્ય સત્ છે. દ્રવ્ય સત્ લક્ષણવાળું છે એમ નહિ. આહા..હા..! ભારે ઝીણું ભાઈ આવું! સાંભળવા માટે માણસ કહે શું અમે ભાઈ ધર્મ કરો. (આ બધું) મૂકોને. કહોને, ધર્મ કેમ થાય? ઈ જ કહે છે કે ધર્મ કેમ થાય? કે જે ધર્મની પર્યાય તારે પ્રગટ કરવી છે, એવો જે ધર્મ ગુણ છે અને આત્મા ગુણી છે એમ નહિ. એ ગુણી ધર્મસ્વરૂપ જ છે. એ ગુણી ધર્મી ધર્મસ્વરૂપ જ છે. એવી દૃષ્ટિ થતાં ધર્મની પર્યાય પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

આ વિશ્વને વિષે—જગતની અંદર ચૌદ બ્રહ્માંડમાં, સ્વભાવમાં એટલે વસ્તુનો જે સ્વભાવ છે સત્તા કે આનંદ વગેરે. અહીં સત્તા નથી લેવું. '**નિત્ય અવસ્થિત હોવાથી...**' દ્રવ્યસ્વભાવમાં કાયમ રહેલું હોવાથી. દ્રવ્ય એટલે વસ્તુ સ્વભાવમાં કાયમ રહેલી હોવાથી. પરમાણુ એના સ્વભાવમાં કાયમ રહેલો હોવાથી, ભગવાન આત્મા એના સ્વભાવમાં કાયમ રહેલો હોવાથી. તે '**દ્રવ્ય 'સત્'** છે.' તેથી તે દ્રવ્ય સત્ છે. સ્વભાવમાં કાયમ રહેલું હોવાથી તે દ્રવ્ય સત્ છે. '**સ્વભાવ દ્રવ્યનો ધ્રૌવ્ય-ઉત્પાદ-વિનાશની એકતાસ્વરૂપ પરિણામ છે.**' લ્યો! '**ठिदि**' શબ્દ પડ્યો છે ખરોને પહેલો. '**ठिदिसंभवणाससंबद्धो**' ત્યાં ઉત્પાદવ્યયધ્રુવ કાઢી નાખ્યું. ત્યાંથી '**ધ્રૌવ્ય-ઉત્પાદ-વિનાશની એકતાસ્વરૂપ પરિણામ છે.**' શું કીધું સમજાણું કાંઈ?

વસ્તુ સત્ સ્વભાવમાં, વસ્તુ સ્વભાવમાં રહેલી કાયમ હોવાથી, વસ્તુ કાયમ પોતાના સ્વભાવમાં રહેલી હોવાથી વસ્તુ સત્ છે. સત્તા નામનો ગુણ છે. તો કહે છે કે ગુણ સ્વભાવ છે અને સ્વભાવમાં વસ્તુ કાયમ રહેલી છે. સ્વભાવમાં વસ્તુ કાયમ રહેલી છે. કાયમ રહેલીમાં ભેદ ક્યાં રહ્યો? એમ કહે છે. માટે વસ્તુ પોતે સત્ છે. સમજાણું કાંઈ? અને વસ્તુ પોતે સ્વભાવ છે, વસ્તુ પોતે સત્ છે, વસ્તુ પોતે આનંદ છે, આત્માને માટે. પરમાણુ માટે વસ્તુ પોતે રંગ, ગંધ, રસ સ્વભાવ છે, પરમાણુ પોતે એના સ્વભાવમાં કાયમ રહેલો હોવાથી વસ્તુ પોતે વર્ણ-રંગ, ગંધ, રસ, સ્પર્શ સ્વભાવમય છે. વસ્તુ પોતે વર્ણ, ગંધ, રસ, સ્વભાવમય છે. એ સત્ છે. હજી તો ઓલા પાઠ બોલતા હોય એના અર્થની ખબર ન હોય. અને એમાં અર્થ પાછા એના ભાવ કાઢવા તો ક્યાંય (દૂર રહ્યા). વિહુઈરયમલા આવ્યું હતુંને? સામાયિક હંમેશા કરીને બેસે. ઓલી ઘડિયાળ હોયને. રેતી પૂરી થઈ જાય ઉપરથી હેઠે પડીને. સામાયિક પૂરી. ઘડિયાળમાં આવે છે જોયું છે કે નહિ? એય..! ઘડી-ઘડી. ઉપર હોયને હેઠે પડીને પૂરું થાય, થઈ ગયી સામાયિક. લ્યો! ન્યાલભાઈ! ઘડિયાળું-બડિયાળ રાખ્યું હતું કે નહિ ઘરે? કાચની ઘડિયાળ ન આવે? ઘડી-ઘડી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખ્યાલ આવે. આમ .. એટલે પૂરી થઈ રહી છે. એમ ક્યાંક અટકી નથી

ગયુંને ઓલામાં. આહા..હા..! આને સામાયિક કહે. ક્યાં સામાયિકની ભાન પણ નથી હજી. હજી દૃષ્ટિની સામાયિકની ખબર નથી ત્યાં સ્થિરતાની સામાયિક આવી ક્યાંથી તારે? સમજાણું કાંઈ? આહા..હા..!

'**સ્વભાવ દ્રવ્યનો...**' '**સ્વભાવમાં નિત્ય અવસ્થિત હોવાથી દ્રવ્ય 'સત્' છે.**' અને તે '**સ્વભાવ દ્રવ્યનો ધ્રૌવ્ય-ઉત્પાદ-વિનાશની એકતાસ્વરૂપ પરિણામ છે.** ' એકતાસ્વરૂપ પરિણામ પાછું. એ સત્તા સ્વભાવ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ સ્વરૂપ પરિણામ છે. સત્તાસ્વરૂપ આખું ઉત્પાદ્, વ્યય, ધ્રુવસ્વરૂપ પરિણામ છે. હવે દૃષ્ટાંત પહેલો આપી અને પછી એનો સિદ્ધાંત સિદ્ધ પછી કરશે. '**જેમ દ્રવ્યનું વાસ્તુ...**' લ્યો! દ્રવ્યનું વાસ્તુ આવ્યું. '**દ્રવ્યનો સ્વ-વિસ્તાર;...**' વાસ્તુ એટલે '**દ્રવ્યનો સ્વ-વિસ્તાર; દ્રવ્યનું-સ્વક્ષેત્ર; દ્રવ્યનું સ્વ-કદ;...**' કદ-કદ. એ પદાર્થનું કદ. કદ એટલે પહોળું. દ્રવ્ય પહોળું કેટલું? આત્મા, પરમાણુ આદિ દ્રવ્યો જે છે એ પહોળા કેટલા? એનું કદ કેટલું? કદ. એનું ક્ષેત્ર, એનો વિસ્તાર. એ '**દ્રવ્યનું સ્વદળ.**' લ્યો, ભારે અર્થ કર્યા છેને જુઓ!

આત્મા છે એ દ્રવ્ય, એનો સ્વવિસ્તાર ક્ષેત્ર. દ્રવ્યનું સ્વક્ષેત્ર, દ્રવ્યનું સ્વકદ અને દ્રવ્યનું સ્વદળ તે '(**વાસ્તુ = ઘર; રહેઠાણ;...**' લ્યો ઠીક! એ દ્રવ્યનું સ્વકદ તે તેનું ઘર. એનું એ ઘર છે. આત્મા અસંખ્ય પ્રદેશી સ્વક્ષેત્ર એનું સ્વકદ, સ્વક્ષેત્ર, સ્વદળ એ એનું ઘર છે. કહો, આ બાયડી, છોકરાનું ઘર એ ઘર તારું નથી એમ કહે છે. લ્યો! એમ કહે છેને, આ મારી ઘરવાળી. એમ કહે છે કે નહિ? ઓલા શું કહે? ઘરવાળા. એમ કહેતા હશે કાંઈક. અહીં કહે છે કે ઘરવાળી, ઘરવાળો બહાર ન રહે એમ કહે છે. ભગવાનજીભાઈ! આત્માનું સ્વ અસંખ્ય પ્રદેશ જે છે એ એનું ઘર છે, એ વાસ્તુ છે. વસ્તુનું ઘર તે વાસ્તુ. આહાહા..! ભગવાન આત્મા એનું સ્વક્ષેત્ર અસંખ્ય પ્રદેશ. આ પરમાણુ એક પરમાણુનું સ્વક્ષેત્ર એક પ્રદેશ. આકાશનું સ્વક્ષેત્ર અનંત પ્રદેશ, ધર્માસ્તિનું સ્વક્ષેત્ર અસંખ્ય પ્રદેશ, અધર્માસ્તિનું અસંખ્ય પ્રદેશ, કાળાણુનું એક-એક પ્રદેશ. એમ દરેકનું સ્વક્ષેત્ર...

દ્રવ્યનું વાસ્તુ એટલે દ્રવ્યનું ઘર, એટલે દ્રવ્યનું રહેઠાણ, એ વસ્તુનું રહેઠાણ. લે! રહેનાર કાંઈક રહેઠાણમાં રહેને? કે વસ્તુનું રહેઠાણ, એનું ઘર એ અસંખ્ય પ્રદેશ. એ '**નિવાસસ્થાન;...**' એ આત્માના અસંખ્ય પ્રદેશ એનું નિવાસસ્થાન. નિવાસસ્થાન. ક્યાં નિવાસ કરો છો? એમ નથી કહેતા? ભાઈ! અહીંયાં કરીએ છીએ, વડીયા હમણા નિવાસસ્થાન છે. એય..! પોરબંદર નિવાસસ્થાન છે. કહે છે, ના. દ્રવ્યનું નિવાસસ્થાન તો એનું ક્ષેત્ર છે—એના પ્રદેશો છે. એક પ્રદેશવાળાને એક અને અસંખ્યવાળાને અસંખ્ય. એક, અસંખ્ય, અનંત—ત્રણ. સમજાણું કાંઈ?

વસ્તુ છે આત્મા એનું વાસ્તુ, વાસ્તુ એટલે? દ્રવ્યનો સ્વવિસ્તાર. વસ્તુનું સ્વક્ષેત્ર, દ્રવ્યનું સ્વદળ-દળ, એ વાસ્તુ. એ દ્રવ્યનું '**ઘર,...**' એ દ્રવ્યનું '**રહેઠાણ;...**' એ દ્રવ્યનું '**નિવાસસ્થાન;...**' એ દ્રવ્યનો '**આશ્રય...**' અને દ્રવ્યની '**ભૂમિ;...**' એ દ્રવ્યનું ક્ષેત્ર ભૂમિ.

ભારે અર્થ કર્યા. છે આવે છે શબ્દકોષમાં અર્થ ભર્યા હોય તો પંડિતજી ભરેને, સ્પષ્ટ કરે કે નહિ? આટલા બધા ઓલામાં છે? જયચંદ્ર પંડિતમાં છે? હેમરાજજીમાં? ન હોય. બરાબર છે. એ શેનો અર્થ ચાલે છે? દ્રવ્યનું વાસ્તુ એનો અર્થ ચાલે છે. દ્રવ્ય એટલે છ દ્રવ્ય. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ દ્રવ્ય. એનું વાસ્તુ એટલે રહેઠાણ, એનું નિવાસસ્થાન, એનું ઘર, એનું દળ એ અસંખ્ય પ્રદેશ આત્માના. પરમાણુનો એક પ્રદેશ, આકાશના અનંત પ્રદેશ એ એનું ઘર છે. કહો, મોહનભાઈ! આ મોરબી ઘર નહિ એમ કહે છે. આહા..હા..!

આત્મા એના અસંખ્ય પ્રદેશ છે. એ અસંખ્ય પ્રદેશ એનું વાસ્તુ કહેવાય. વસ્તુનું વાસ્તુ, વસ્તુનું વાસ્તુ, વસ્તુનું ક્ષેત્ર, વસ્તુનું કદ, વસ્તુનું દળ અને વસ્તુનું ઘર. ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશમાં નિવાસ કરે છે. પોતાના અસંખ્ય પ્રદેશની ભૂમિમાં નિવાસ કરે છે. ક્યા મહેલમાં વસો છો? એમ કહે છેને? અસંખ્ય પ્રદેશના મહેલમાં વસીએ છીએ. લ્યો! આહા..હા..! આ એની ભૂમિ જુદી પાડી. સૌની ભૂમિ જુદી પાડેને છોકરાઓની, કે આ ભૂમિ તારી અને આ ભૂમિ તારી. આટલા ખેતર આમ તારા, વચ્ચે નાખો વંડી. તારે આમથી ચાલવું અને તારે આમથી ચાલવું.

મુમુક્ષુ :- એમ બધાએ પોતાના ભાગ પાડ્યા.

ઉત્તર :- ભાગ પાડ્યા. અહીં તારા આત્માના ભાગ પાડ્યા. તારું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ, પરમાણુનું ક્ષેત્ર એક પ્રદેશ, ધર્માસ્તિનું અસંખ્ય પ્રદેશ, આકાશનું અનંત પ્રદેશ. સૌના ક્ષેત્રમાં સૌ દ્રવ્ય વસે છે. સૌની ભૂમિમાં સૌ વસે છે. કોઈની ભૂમિમાં કોઈ વસતો નથી.

મુમુક્ષુ :- મહેમાન થઈને જાય.

ઉત્તર :- મહેમાન-બહેમાન (થઈને) જતો નથી. મહેમાન કેવા? સમજાણું કાંઈ?

અહીં કાગળ લેવો અને દેવો વાત છે જ નહિ, કહે છે. અહીં તો ગુણી ગુણમાં વસેલો છે. પોતાના સત્તા સ્વભાવમાં વસેલો છે. એ અસંખ્ય પ્રદેશી એનો સ્વભાવ છે પ્રદેશનો. ક્ષેત્ર સિદ્ધ કરવું છે. આહા..હા..! એવી વાત છે.

હવે, એ બે વાત કરી. દ્રવ્યનું વાસ્તુ એટલી. એ '**સમગ્રપણા વડે એક હોવા છતાં,...**' આખાપણે એક છે. '**છતાં વિસ્તાર-ક્રમમાં પ્રવર્તનારા તેના જે સૂક્ષ્મ અંશો તે પ્રદેશો છે,...**' પણ એનો વિસ્તાર થતાં આત્માનું સ્વક્ષેત્ર અસંખ્ય પ્રદેશ એ સમગ્ર. એ સમગ્ર અસંખ્ય પ્રદેશ. પણ એમાં સમગ્ર અસંખ્ય પ્રદેશ એક હોવા છતાં, તેમાં વિસ્તાર ક્રમથી આ. આમ વિસ્તાર ક્રમથી. એમાં વિસ્તાર ક્રમથી '**તેના જે સૂક્ષ્મ અંશો તે પ્રદેશો છે,...**' એક-એક આત્માનો પ્રદેશ તે સૂક્ષ્મ અંશ છે. વિસ્તાર આમ એક હોવા છતાં સૂક્ષ્મ અંશો એક-એક પ્રદેશ તેને પ્રદેશ કહેવામાં આવે છે. હવે એનો ભાગ પાડશે જરી. વિસ્તારથી આવશે.

(શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૪, બુધવાર, તા. ૧૮.૧૨.૧૯૬૮**
**ગાથા-૯૯, પ્રવચન-૯૯**

૯૯ ગાથા. પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ અધિકાર. ટીકા ફરીને. '**અહીં (વિશ્વને વિષે) સ્વભાવમાં નિત્ય...**' દરેક વસ્તુનો જે સ્વભાવ છે સત્તા, હોવાપણું જે એનો સ્વભાવ, સત્‌નું સત્તા એવું સ્વરૂપ, સત્ એટલે દ્રવ્ય, દ્રવ્યનો સત્તા એવો જે સ્વભાવ એમાં '**નિત્ય અવસ્થિત હોવાથી...**' દ્રવ્ય એમાં નિત્ય અવસ્થિત રહે છે. સમજાય છે? સ્વભાવ એટલે દરેક આત્મા, દરેક પરમાણુ આદિ જેટલા દ્રવ્ય છે એ પોતાના સત્તા નામનો સ્વભાવ અથવા ગુણ સ્વભાવ એમાં નિત્ય અવસ્થિત હોવાથી, સ્વભાવમાં સ્વભાવવાન નિત્ય અવસ્થિત હોવાથી '**દ્રવ્ય 'સત્' છે.**' એને લઈને દ્રવ્ય સત્ છે. સમજાણું આમાં? બોલે તો ન આવડે એવું છે. તમને કંઈ પૂછે ઝટ દઈને.. શું કીધું?

આ જગતમાં જેટલા દ્રવ્યો છે વસ્તુ અનંત, એ દરેક દ્રવ્ય એટલે વસ્તુ પોતાના સ્વભાવમાં... એટલે સ્વભાવવાન દ્રવ્ય છે. એ સ્વભાવમાં એનો જે સત્તા આદિ ગુણ-સ્વભાવ છે એ સ્વભાવમાં નિત્ય અવસ્થિત હોવાથી. કાયમ સ્વભાવમાં સ્વભાવિક દ્રવ્ય વસ્તુ રહેવાથી એ દ્રવ્ય સત્ છે. એને લઈને એ દ્રવ્ય સત્ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સ્વભાવ દ્રવ્યનો, સ્વભાવ જે દ્રવ્યનો સ્વભાવ કીધો તે '**ધ્રૌવ્ય-ઉત્પાદ-વિનાશની એકતાસ્વરૂપ પરિણામ છે.**' એ સ્વભાવ દરેક આત્મા અને દરેક પરમાણુઓનો, જે સ્વભાવમાં નિત્ય અવસ્થિત દ્રવ્ય રહ્યું છે તે સ્વભાવ દ્રવ્યનો ધ્રુવ-ઉત્પાદ-વિનાશ (અર્થાત્) ટકવું-ઉપજવું અને નાશ થવું એ ત્રણેની એકતાસ્વરૂપ એવો એ પરિણામ છે. એકતાસ્વરૂપ એવો એ ગુણ છે. સમજાણું કાંઈ?

હવે એ વાતને સિદ્ધ કરવા મૂળ પાઠની સાથે એનો પહેલો દાખલો આપે છે, દૃષ્ટાંત આપે છે. '**જેમ દ્રવ્યનું વાસ્તુ...**' એટલે દરેક આત્મા અને દરેક પરમાણુ એવું દ્રવ્ય, એનું વાસ્તુ એટલે દ્રવ્યનું, પોતે '**દ્રવ્યનો સ્વ વિસ્તાર...**' દ્રવ્યનું વાસ્તુ એટલે દ્રવ્યનો સ્વવિસ્તાર. આત્મા દ્રવ્ય એનું વાસ્તુ એ અસંખ્ય પ્રદેશ એનો વિસ્તાર. પરમાણુ દ્રવ્ય છે એનો એક પ્રદેશી વિસ્તાર. આકાશ, આકાશ દ્રવ્ય છે એનો અનંત પ્રદેશી સ્વવિસ્તાર. અથવા એ '**દ્રવ્યનું (સ્વ)ક્ષેત્ર,...**' અથવા એ '**દ્રવ્યનું (સ્વ)કદ...**' અથવા '**દ્રવ્યનું (સ્વ)દળ...**' એ વ્યાખ્યા દ્રવ્યનું વાસ્તુ એટલાની કરી. હવે જુદો પાડીને વ્યાખ્યા કરે છે. વાસ્તુ જુદું પાડીને.

વાસ્તુ એટલે ઘર. આત્માનું ઘર, અસંખ્ય પ્રદેશ તે એનું ઘર છે. આ ઘર નહિ ઓલા તમારા મોમ્બાસાના,એમ કહે છે. સોનગઢનું નાનું ઘર છે. ત્યાં તો દોઢ લાખ ઊપજે છે

વ્યાજ-ભાડાના એની વાત છે. હવે અહીં આટલો નાનો ખોબો કરીને રહે એમાં શું? કહો, સમજાણું આમાં? એય..! શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ ઘર ઉસકા હૈ. પરમાણુનું ઘર એક પ્રદેશ, આકાશનું ઘર અનંત પ્રદેશ, આત્માનું ઘર અસંખ્ય પ્રદેશ, ધર્માસ્તિનું અસંખ્ય પ્રદેશ, અધર્માસ્તિનું અસંખ્ય પ્રદેશ, કાળાણુનું એક પ્રદેશ. તો આ ક્ષેત્ર અને મોમ્બાસાના ક્ષેત્ર ક્યાં ગયા ત્યારે હવે? એ એના પરમાણુનું ક્ષેત્ર એમાં છે. એ.. મલુકચંદભાઈ! એને મોટા મોટા મકાન કરાવે છે છોકરો ત્યાં. ૨૨-૨૨ માળના. એક પ્રદેશ કા ક્ષેત્ર વહ પ્રદેશ. પરમાણુ દ્રવ્ય એના સ્વભાવમાં રહેલો છે, પરમાણુ દ્રવ્ય એના સત્તા સ્વભાવમાં રહેલો છે એનું સ્વક્ષેત્ર એ પ્રદેશ. વિસ્તાર કા અર્થ? એક પ્રદેશ એટલો વિસ્તાર. પહોળું એમ કહેવું છે પહોળું. એક પ્રદેશી પહોળું. આત્મા અસંખ્ય પ્રદેશી પહોળો. આકાશ અનંત પ્રદેશી પહોળું. અને દ્રવ્યનું વાસ્તુ એ આત્માનું ઘર અસંખ્ય પ્રદેશ, આત્માનું રહેઠાણ અસંખ્ય પ્રદેશ. જયપુર નહિ એમ કહે છે.

'રહેઠાણ;...' એ આત્માનું નિવાસસ્થાન અસંખ્ય પ્રદેશ. નિવાસસ્થાન નિવાસસ્થાન. નિ-વાસ-રહેવાનું, વિશેષે વાસ-રહેવાનું, નિવાસ વિશેષે વાસ-રહેવાનું સ્થાન એ અસંખ્ય પ્રદેશ છે. પરમાણુનું નિવાસસ્થાન એક પ્રદેશ છે. આહા..હા..! જુઓને, કેટલી સ્પષ્ટતા કરી છે! એ આત્માના અસંખ્ય પ્રદેશ, આત્માનો આશ્રય. આ ગુણનો આશ્રય આત્મા. '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થને આશ્રયે થાય. આ તો કહે કે આત્માને એના અસંખ્ય પ્રદેશ આશ્રય. અસંખ્ય પ્રદેશનો આશ્રય દ્રવ્ય એમ નહિ. સમજાણું કાંઈ? જેને આધારે રહેલ છે એ સ્વભાવમાં રહેલું છે દ્રવ્ય. તો સ્વભાવ છે એ અસંખ્ય પ્રદેશી છે આત્માનો. આત્માનો. એને એ, જેને જે હોય એટલો. અને તે એની ભૂમિ છે. આત્માની ભૂમિ, આત્માની ભૂમિકા. એ અસંખ્ય પ્રદેશ એની ભૂમિ છે. એટલી વાત થઈ. એ દ્રવ્યની વાસ્તુની વ્યાખ્યા થઈ. વસ્તુનું વાસ્તુ, વસ્તુનું ઘર, વસ્તુનું રહેઠાણ, વસ્તુનું નિવાસસ્થાન, વસ્તુનું સ્વક્ષેત્ર ને કદ ને દળ.

એ દ્રવ્યનું વાસ્તુ '**સમગ્રપણા વડે (અખંડપણા વડે) એક હોવા છતાં,...**' આત્મા અસંખ્ય પ્રદેશી એટલે એક જ છેને આમ અખંડપણે. અસંખ્ય પ્રદેશ તે અખંડ છે. '**સમગ્રપણા વડે (અખંડપણા વડે) એક હોવા છતાં, વિસ્તાર-ક્રમમાં પ્રવર્તનારા...**' દેખો હવે. વિસ્તાર ક્રમમાં પ્રવર્તનારા '**તેના જે સૂક્ષ્મ અંશો તે પ્રદેશો છે,...**' સમજાણું કાંઈ? જેમ અસંખ્ય પ્રદેશ છે એ સમગ્રપણે એક છે આમ અખંડ, છતાં તે વિસ્તાર ક્રમમાં, પહોળામાં ક્રમે-ક્રમે રહેતા. જ્યાં એક પ્રદેશ છે ત્યાં બીજો નથી, બીજો ત્યાં ત્રીજો નથી. આમ પહોળાઈમાં હોં પહોળાઈમાં. ચોડાઈમાં—પહોળાઈમાં જ્યાં એક પ્રદેશ છે ત્યાં બીજો નથી, બીજો છે ત્યાં ત્રીજો નથી. એમ વિસ્તાર ક્રમમાં, પહોળાઈના ક્રમમાં, આમ પહોળાઈના ક્રમમાં '**પ્રવર્તનારા તેના જે સૂક્ષ્મ અંશો તે પ્રદેશો છે,...**' આ તો ભાઈ ઝીણી વાત તત્ત્વને સિદ્ધ કરી

છે આખી. આમાં બધું ક્રમબદ્ધ સિદ્ધ થશે. એમાં જ વાંધા કાઢે છે કે એ તો ક્રમ તમે કહો છો, પણ દોરો તોડી નાખ્યો તો આડુંઅવળું થઈ જાય. તૂટી ન જાય. હારનો દોરો છૂટી જાય તો પછી એમ કે આડુંઅવળું થઈ જાય. ઓલો મણકો-મણકો. એમ કહે છે. આવા ને આવા. દ્રવ્યને તોડી નાખવું છે એને તો. કહો, સમજાણું આમાં?

'**તેમ...**' એ દૃષ્ટાંત આપ્યો. એ તો દૃષ્ટાંત આપ્યો હોં ક્ષેત્રનો. આમ પહોળાઈ ક્ષેત્રની. '**સમગ્રપણા વડે એક હોવા છતાં તેના વિસ્તાર-ક્રમમાં પ્રવર્તનારા તેના જે સૂક્ષ્મ અંશો તે પ્રદેશો છે, તેમ દ્રવ્યની વૃત્તિ સમગ્રપણા વડે...**' હવે આમ-આમ. આ પહોળાઈ છે, આમ લંબાઈ છે. એ લંબાઈમાં સમગ્રપણે દ્રવ્યની વૃત્તિ. જુઓ! '**વર્તવું તે; હોવું તે; હોવાપણું; હયાતી.**' '**સમગ્રપણા વડે એક હોવા છતાં,...**' આમ દ્રવ્યનું લંબાઈપણે થવું તે સમગ્રપણે એક હોવા છતાં. '**પ્રવાહક્રમમાં પ્રવર્તનારા...**' ઓલા વિસ્તાર ક્રમમાં પ્રવર્તનારા હતા. ક્ષેત્રમાં તો વિસ્તાર ક્રમમાં આમ (પહોળા). આ દ્રવ્યની વૃત્તિ, હોવું, હોવાપણું ત્રિકાળી '**સમગ્રપણા વડે એક હોવા છતાં, પ્રવાહક્રમમાં...**' લંબાઈના ક્રમમાં '**પ્રવર્તનારા તેના જે સૂક્ષ્મ અંશો તે પરિણામો છે.**' કહો, બરાબર છે? આ વિસ્તાર ક્રમ જે અહીં છે આત્મા અસંખ્ય પ્રદેશી વસ્તુ એ સમગ્રપણે એક હોવા છતાં તેનો ક્રમ પડેને? આ પ્રદેશ... આ પ્રદેશ... આ પ્રદેશ... આ પ્રદેશ... એમ. પણ એ ક્રમ કાંઈ કાળક્રમ નથી એમાં. કાળક્રમ નથી, આમ પ્રવાહક્રમ નથી. એક સાથેનો આ પછી આ.. આ.. એમ વિસ્તાર ક્રમ છે. આમ વિસ્તાર ક્રમ છે. વિસ્તાર ક્રમનો છેલ્લામાં છેલ્લો અંશ તેને પ્રદેશો કહેવામાં આવે છે. એમ બધામાં છે. એમ દ્રવ્યની વૃત્તિ આમ કાયમ દ્રવ્ય ટકે છે, આત્મા કાયમ, એમ પરમાણુ કાયમ, એમ કાયમ ટકવાની અપેક્ષાએ એકપણું હોવા છતાં, તેના પ્રવાહક્રમમાં ક્રમે ક્રમે થનારા લંબાઈના કાળમાં, લંબાઈના પ્રવાહમાં... સમજાણું કાંઈ?

'**પ્રવાહક્રમમાં પ્રવર્તનારા...**' પ્રવાહક્રમમાં પ્રવર્તનારા, લંબાઈના પ્રવાહક્રમમાં રહેનારા '**તેના જે સૂક્ષ્મ અંશો તે પરિણામો છે.**' બહુવચન લીધું છેને બધું. આખા ઓલામાં પ્રદેશ લેવા છેને બધા? અહીં પણ બધા પરિણામો લેવા છે. '**તેના જે સૂક્ષ્મ અંશો તે પરિણામો છે.**' આ ગાથા બહુ અલૌકિક છે! શેઠી! ત્યાં વાંચી હોય તો તમને સમજાય એવી નથી ઘરે. વાંચીને આવ્યા છે કે નહિ આ? ન કહે. વાંચીને આવડે છે કે નહિ એમ નથી કહ્યું. વાંચીને આવ્યા છે કે નહિ એટલું કહ્યું. વાંચીને આવે તો ખબર પડે. એ મીઠા માણસ છે એટલે ઝટ બોલે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**જેમ વિસ્તારક્રમનું કારણ પ્રદેશોનો પરસ્પર વ્યતિરેક છે,...**' શું કહે છે? જે આત્મા છે. આ લ્યો. માળા લ્યો ભાઈ આપણે. જુઓ છેને આ માળા. આ માળા રાખી છે. શ્રીચંદજીએ લાવીને હાજર કરી છે. શ્રીચંદ લાવ્યા છે? હા, એ લાવે છે હરવખતે. જુઓ આ માળા છે કે નહિ? હવે આમ જો વિસ્તાર ક્રમ લઈએ તો આમ તો અખંડ છે, પણ

વિસ્તાર ક્રમમાં એક માળા(માં), એક મણકો તે બીજા મણકારૂપે નથી. ખરું કે નહિ? એક મણકો બીજા (રૂપે નથી). એમ વિસ્તાર ક્રમમાં તેના... 'તેના' આવ્યું કે નહિ? પ્રવર્તનારા. આમ એક પછી એક પ્રવર્તનારા. **'તેના જે સૂક્ષ્મ અંશો...'** એટલે આ એક એક અંશ તે. એ એમ થઈને બધા પ્રદેશો (થઈને) માળા છે. આ આખા મણકા આમ છે આમ ક્ષેત્રથી હોં. **'તેમ દ્રવ્યની વૃત્તિ...'** હવે આમ લંબાઈપણું હવે આમ. આમ જ કહેશે નીચે. આમ લંબાઈ છે જુઓ, હવે આમ એક પછી એક કાળ. કાળ પછી કાળ. આ ક્ષેત્રમાં તો આમ હતું, હવે લંબાઈમાં આમ.

જેમ વૃત્તિ પ્રવાહપણે એક હોવા છતાં. આમ એક હોવા છતાં એક પછી એક... એક પછી એક.. કાળ પછી કાળ એમ લેવું. **'પ્રવાહક્રમમાં પ્રવર્તનારા...'** લંબાઈના ક્રમમાં આવનારા, થનારા, પ્રવર્તનારા **'તેના સૂક્ષ્મ અંશો તે પરિણામો છે.'** આ પરિણામ... આ પરિણામ... આ પરિણામ... પરિણામ... પરિણામ... પરિણામ... આમ ભવિષ્ય. આમ લંબાઈની અપેક્ષાએ. કહો, સમજાણું કાંઈ? આવું બધું સમજવું પડતું હશે? જાધવજીભાઈ! આવું તો ત્યાં ક્યાંય હતું કલકત્તામાં? ત્યાં શેઠાઈ કરી કે આવો શેઠ, આવો શેઠ. મોઢા આગળ કરે જાવ. આવું સમજવું પડતું હશે? પણ તું કેટલામાં છો? ક્યાં છો? ક્ષેત્રથી, કાળથી, પ્રવાહથી એ વસ્તુ શું છે એને નક્કી કરવી પડશે કે નહિ? સમજાય છે કાંઈ?

તો કહે છે કે **'તેના સૂક્ષ્મ અંશો તે પરિણામો છે. જેમ વિસ્તારક્રમનું કારણ પ્રદેશોનો પરસ્પર વ્યતિરેક છે,...'** જુઓ આમ. આમ છે આમ. હવે આ આમાં નહિ, આમ નહિ, એકબીજામાં અભાવ છે. વ્યતિરેક છેને? ભેદ છે. એકનો બીજામાં અભાવ. એક પરિણામ તે બીજા પરિણામ નથી. તેથી દ્રવ્યના પ્રવાહમાં ક્રમ છે. એ તો નાખ્યું એણે. વ્યતિરેક ઓલામાં નાખ્યું. પણ અહીંથી લ્યો પહેલેથી. **'વિસ્તારક્રમનું કારણ પ્રદેશોનો પરસ્પર વ્યતિરેક છે,...'** પરસ્પર અભાવ. આમાં આ નહિ... આમાં આ નહિ. એમ જીવના એક પ્રદેશમાં બીજો નહિ, બીજામાં ત્રીજો નહિ એમ વ્યતિરેક ભિન્ન-ભિન્ન છે. સમજાણું?

**'તેમ પ્રવાહક્રમનું કારણ...'** આમ લંબાઈનું. **'પરિણામોનો પરસ્પર વ્યતિરેક છે.'** કહો. આ પરિણામ તે આ નહિ, આ તે આ નહિ. એમ એક પછી એક પરિણામ પ્રવાહ ક્રમે ચાલે છે. પરિણામ એટલે અવસ્થા, પરિણામ એટલે આત્માની વર્તમાન અવસ્થા. એ ક્રમે-ક્રમે લંબાઈમાં એકસાથે હોવા છતાં એક એક અવસ્થાને તેને પ્રવાહક્રમનો અંશ પરિણામ કહે છે.

મુમુક્ષુ :- ... સબ પ્રદેશ જો હૈ ઉનકા પરિણમન હોતા હૈ?

ઉત્તર :- એ ક્યાં પ્રશ્ન છે અહીં? એ તો પરિણમન તો એકસાથે હોય છે. પરિણમનની વાત નથી. અહીં તો અસંખ્ય પ્રદેશ છે એમાં એક પ્રદેશ(નો) બીજામાં અભાવ, બીજામાં ત્રીજાનો અભાવ એકસાથે છે. પરિણમનની અહીં વાત નથી. પરિણમન તો કાળમાં જાય

છે એ.

મુમુક્ષુ :- કાળની વાત છે.

ઉત્તર :- એ કાળની તો પછી પરિણામમાં આવે. એ પ્રદેશમાં એ ન આવે. પ્રદેશ તો એટલો કે આમ છે. છે એમાં એકમાં બીજો નહિ, બીજામાં ત્રીજો નહિ. એ અપેક્ષાએ એમાં વ્યતિરેક છે. વ્યતિરેક છે એટલે જુદા છે. જુદા એટલે ભેદ છે. હવે એના પરિણમન થાય અસંખ્ય પ્રદેશમાં જેટલા અનંત ગુણો છે, અનંતા ગુણો છે એનું જે અને એ પોતે અસંખ્ય પ્રદેશ પણ જે પરિણમે છે અસંખ્ય પ્રદેશે એક પછી એક, એક પછી એક, એ સમગ્ર પરિણામનું એકરૂપ હોવા છતાં તેના ક્રમમાં એકેક પરિણામ જે છે તે તે પરિણામને અહીંયાં કાળ અપેક્ષાએ પરિણામ કહે છે, લંબાઈ અપેક્ષાએ પરિણામ કહે છે અને એક પરિણામમાં બીજાનો અભાવ માટે વ્યતિરેક કહે છે. એક પરિણામમાં બીજો પરિણામ હોય નહિ. આ તો સાદી વાત છે. એમાં કાંઈ (ન સમજાય એવું નથી). પણ મહેનત કે દિ' કરી છે? અમથા એમને એમ કાળ ગાળ્યા છે હોં. કહો, સમજાય છે કે નહિ આમાં? નેમિદાસભાઈ! બહુ ઓલું ન હોય. આમ ત્યાં કહેતા હશો પાંજરાપોળમાં કામ કરે ત્યાં? ત્યાં તો ઝપટ બોલાવતા હોય ત્યાં તો.

મુમુક્ષુ :- આપની પાસે તો વિનયથી બોલવું પડેને.

ઉત્તર :- એટલે હળવેથી બોલે છે એમ. કહો, સમજાણું આમાં?

કહે છે, તલનો લાડવો હોય છેને આખો. તલનો લાડવો. તો આ તલ આ રૂપે, આ તલ આ રૂપે નથી. એના ક્ષેત્રમાં એકસાથે છે. ખરું કે નહિ? પણ એનું જે પરિણમન થાય આમ લાડવો નવો છે એ પાછો જૂનો થતો જાયને? એ પરિણામ થાય એક પછી એક, એક પછી એક, એક પછી એક પરિણામ થાય. અને તે જેમ એક તલમાં બીજો તલ નહિ અને બીજા તલમાં ત્રીજો નહિ એ પ્રદેશ અપેક્ષાએ વ્યતિરેક એટલે જુદાઈ અને એના પરિણમનમાં નવાનું જૂનું હતું એમાં એક પરિણામથી બીજા પરિણામમાં વ્યતિરેક એટલે જુદાઈ. આ પરિણામની અપેક્ષાએ લંબાઈમાં જુદાઈ, ઓલા ક્ષેત્ર અપેક્ષાએ પ્રદેશમાં જુદાઈ.

મુમુક્ષુ :- એક વાત માની લે...

ઉત્તર :- બધી વાત જ એવી છે આ.

મુમુક્ષુ :- ચૌડાઈ કી અપેક્ષા સે તો સમજ મેં આ ગયા, લંબાઈ કી અપેક્ષા...

ઉત્તર :- હા, હવે લંબાઈ. લંબાઈની અપેક્ષાએ નથી સમજતા? એક પછી એક પરિણામ થાય છે. પરિણામ થાય છે કે નહિ? પ્રવાહરૂપ અનાદિ-અનંત પરિણમન થાય છે કે નહિ? તો એમાં ક્રમસર પરિણમન થવું એ ક્રમરૂપ પરિણામ (થાય) એ પરિણામ છે અને તે પરિણામમાં બીજા પરિણામનો અભાવ (છે). ક્રમ પરિણામ થયાને. એમાં એકસાથે ક્યાં થયા? એટલે એક પરિણામમાં બીજાનો અભાવ છે. સમજાણું આમાં? સમજાય છે કે નહિ? એય..! ...ભાઈ! આ પણ સાંભળે નહિ બરાબર. ધ્યાન રાખતા હશે ત્યાં?

આ વસ્તુનું ક્ષેત્ર કેવડું છે? કે અસંખ્ય પ્રદેશી. એ એનો સત્તા સ્વભાવ એમાં એ રહેલું દ્રવ્ય. હવે એના અસંખ્ય પ્રદેશનો દાખલો આપ્યો છે અહીં. સિદ્ધ તો બીજું કરવું છે. ત્રણ પરિણામવાળું દ્રવ્ય સિદ્ધ કરવું છે, ત્રણ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું સત્ અને સત્ તે દ્રવ્ય એમ સિદ્ધ કરવું છે આગળ. પણ એને સિદ્ધ કરતા પહેલા દાખલારૂપે (કહ્યું કે) અસંખ્ય પ્રદેશ આત્માના (છે) તે એક પ્રદેશ બીજા રૂપે નથી એમ વર્તમાનમાં ને વર્તમાનમાં એક પ્રદેશમાં બીજાનો વ્યતિરેક- જુદા (છે). આમ ત્રિકાળ પરિણામ થાય એમાં એક પરિણામમાં બીજા પરિણામનો વ્યતિરેક-ભિન્ન. કારણ કે પ્રવાહ ક્રમમાં ચાલે છે. આમ ક્રમે ક્રમે પરિણામ થાય છે. સમજાણું કાંઈ?

હવે **'જેમ તે પ્રદેશો...'** હવે બધો આખો અધિકાર જ એવો સરસ છે. ઝીણો નહિ કહેતા સરસ કીધો છે. ભગવાનજીભાઈ! બહુ સરસ. લ્યો અમારે ભગવાનજીભાઈ (કહે છે). મૂળ વસ્તુ છે આ. એણે નક્કી તો કરવું પડેને કઈ રીતે છે ઈ? આહા..હા..! સર્વજ્ઞ વીતરાગ સિવાય આવું તત્ત્વ હોઈ શકે નહિ ક્યાંય. અને તત્ત્વનો સ્વભાવ જ આવો છે. શું કહ્યું આટલામાં? પહેલી બે લીટીમાં વસ્તુ કીધી. પહેલી (વાત) કે વસ્તુ જે છે, દરેક પદાર્થ છે, આત્મા એક એક જુદો, પરમાણુ એક એક જુદો, કાળાણુ એક એક જુદો, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ. દરેક વસ્તુ છે એના સત્તા નામનો હોવાપણાના સ્વભાવમાં તે અવસ્થિત નિત્ય રહે છે. સમજાણું? તેથી તે દ્રવ્ય સત્ છે અને તે સત્તા નામનો ગુણ-સ્વભાવ તે ધ્રુવ, ઉત્પાદ, વિનાશની એકતાસ્વરૂપ પરિણામ છે. ત્રણનું એકરૂપ પરિણામ તે સત્તા ગુણ છે. સત્તા એક, ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. સત્તા રહે, નવી અવસ્થા થાય, જૂની (જાય)—એ ત્રણનું એકતાસ્વરૂપ તે સત્તા નામનો સ્વભાવનો પરિણામ છે. એ એક વાત થઈ.

હવે દ્રવ્યનો વાસ્તુ. આ તો દાખલો છે હવે તો. આ વસ્તુ જે છે આત્માસ પરમાણુ. એ વસ્તુ પોતે છે એનું દ્રવ્યનું વાસ્તુ એનું સ્વક્ષેત્ર, એનું સ્વકદ રહેઠાણ અસંખ્ય પ્રદેશ આમ. જેને જેટલા હોય. એ સમગ્ર એક હોવા છતાં એક પ્રદેશમાં બીજા પ્રદેશનો અભાવ છે. કહો, વિસ્તાર ક્રમમાં પ્રવર્તનારા. અહીં એક પ્રદેશ છે તે અહીં છે... અહીં છે... અહીં છે... ભિન્ન-ભિન્ન છે. વિસ્તાર ક્રમથી વર્તે છે. આમ ક્ષેત્રના પહોળાઈથી બધા પ્રદેશો વિસ્તારથી ક્રમે વર્તે છે. એક પ્રદેશમાં બધા આવી ગયા છે? અસંખ્ય પ્રદેશ એટલે એક પ્રદેશમાં બધા પ્રદેશ આવી ગયા છે? વિસ્તારમાં આ પ્રદેશ... આ પ્રદેશ... આ પ્રદેશ... વિસ્તાર ક્રમથી વર્તનારા, રહેનારા તેને પ્રદેશો કહે છે. તેમ લંબાઈ દ્રવ્યની આમ લંબાઈ. આ પહોળાઈની વાત કરી ચોડાઈની-વિસ્તારની. આમ દ્રવ્ય કાયમ રહીને, સત્તા નામનો ગુણ પણ કાયમ રહીને, કારણ કે એમાં તો દ્રવ્ય છે, એના જે પરિણામ થાય છે લંબાઈમાં (એ) સમગ્ર તરીકે પરિણામ અખંડ છે એક, છતાં પ્રવાહક્રમમાં એક પછી એક પરિણામ થાય તે બધા પરિણામો ક્રમબદ્ધ છે. અને તેમાં એક પરિણામમાં બીજા પરિણામની જુદાઈ છે, ભિન્ન છે. કહો, સમજાણું?

**'જેમ તે પ્રદેશો પોતાના સ્થાનમાં સ્વરૂપથી ઉત્પન્ન...'** જુઓ! હવે આ પ્રદેશ છે આ એક. આ એક પ્રદેશ છે. આ આત્માનો એક પ્રદેશ લેવો. એ **'સ્વ-રૂપથી ઉત્પન્ન...'** કારણ કે એની હયાતી લક્ષમાં આવે છે એટલે ઉત્પન્ન **'ને પૂર્વરૂપથી વિનષ્ટ હોવાથી...'** પૂર્વની અપેક્ષાએ તે અભાવ. આ ભાવરૂપે નથી, આ ભાવરૂપે આ નથી. પોતાના ભાવરૂપે છે અને આ ભાવરૂપે નથી. માટે પૂર્વની અપેક્ષાએ તે વ્યય, પોતાની અપેક્ષાએ તે ઉત્પાદ. **'પૂર્વરૂપથી વિનષ્ટ હોવાથી તથા સર્વત્ર (બધેય) પરસ્પર અનસ્યૂતિથી રચાયેલા...'** હવે એમાં તો એક-એકને એમ કીધું. પણ સમુચ્ચય તો એ બધું છે... છે... છે... છે... બધું છે એકસાથે.

**'પૂર્વરૂપથી વિનષ્ટ હોવાથી તથા સર્વત્ર પરસ્પર અનસ્યૂતિથી...'** એકબીજાના સંધિવાળા હોવાથી અન્વયપૂર્વક જોડાણ છે, સંબંધપૂર્વક જોડાણ છે. **'સર્વ પરિણામો પરસ્પર અન્વયપૂર્વક (-સાદશ્યસહિત)...'** સાદશ્ય છેને બધા પરિણામ? લ્યો! **'ગૂંથાયેલા (જોડાયેલા) હોવાથી તે બધા પરિણામો એકપ્રવાહપણે છે તેથી તેઓ ઉત્પન્ન કે વિનષ્ટ નથી.)' 'રચાયેલા એકવાસ્તુપણા વડે અનુત્પન્ન-અવિનષ્ટ હોવાથી ઉત્પત્તિ-સંહાર-ધ્રૌવ્યાત્મક છે,...'** સમજાય છે? **'અનુત્પન્ન-અવિનષ્ટ હોવાથી...'** એ ધ્રુવ થઈ ગયું. પૂર્વ રૂપથી વિનષ્ટ, સ્વરૂપથી ઉત્પન્ન અને સંધિથી બધું અનુસ્યૂતિ ગણવાથી તે ધ્રુવ. એટલે અનુત્પન્ન અને અવિનષ્ટ થયું. ત્રણે આવી ગયા. શું ત્રણ આવ્યા?

એ **'પ્રદેશો પોતાના સ્થાનમાં સ્વ-રૂપથી ઉત્પન્ન...'** એ ઉત્પાદ. **'પૂર્વરૂપથી વિનષ્ટ હોવાથી...'** તે વિનાશ અને બધે સળંગની અપેક્ષાએ ધ્રુવ. એટલે અનુત્પન્ન અવિનષ્ટ. ઉત્પન્ન થયું નથી અને પૂર્વની અપેક્ષાએ વ્યય થયો નથી અને પોતાની અપેક્ષાએ ઉત્પન્ન થયું નથી. છે... છે... છે... છે... બધા એમ લઈ લીધા ધ્રુવ તરીકે. એ અપેક્ષાએ હોવાથી. એટલી વાત થઈ ગઈ. હવે ત્રણને ભેગું કરે છે જુઓ એ. કે પોતાની અપેક્ષાએ ઉત્પન્ન છે તે ઉત્પત્તિ, પરની અપેક્ષાએ વિનષ્ટ છે તે સંહાર, છે... છે... છે... છે... છે...ની અપેક્ષાએ ધ્રુવાત્મક છે.

મુમુક્ષુ :- કાંઈ આમાં સમજાય એવું નથી.

ઉત્તર :- બધું સમજાય એવું છે. આમાં સાદી વાત અને સાદી ભાષા આવે છે. દરકાર જ કરી હતી કે દિ'? એય..! મલૂકચંદભાઈ!

મુમુક્ષુ :- પ્રદેશ જહાં કે તહાં હૈ.

ઉત્તર :- પ્રદેશ જહાં કે તહાં. પણ એ પ્રદેશમાં એકબીજા પ્રદેશનો અભાવ છે. છતાં એક એક પ્રદેશની અપેક્ષાએ આમ જોઈએ તો એક પ્રદેશ આમાંથી કોઈપણ લ્યો એક, તો કહે છે કે આમ છે સીધો માટે ઉત્પાદ. પૂર્વનો અભાવ થઈને થયો એમાં અભાવ છે માટે વ્યય. એનેને એને વ્યય. અને આ છે... આ છે... આ છે... આને લઈને અભાવ અને આને લઈને ભાવ એવું ન ગણીએ તો છે... છે... છે... છે... છે... ધ્રુવ છે. સમજાણું

કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? જુવાનિયાને પૂછીએ ભાઈ, ઓલા ઝવેરમાંથી આવે છે. શું કીધું વળી? પૂર્વની શું કીધું, વાત કરીને. એક એકને ગણતા છે. બીજાની અપેક્ષાએ નથી અને એને આમ બધું છે છે અપેક્ષાએ ધ્રુવ છે. આટલી વાત તો સ્પષ્ટ થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આ લાદી જ છેને. આ નથી લાદી? ચોકઠા લ્યો. એ તો એનું એ થયું. આ લાદીનો એક એક ભાગ છે આ લાદીનો. આ લ્યો. આ લાદી છે. હવે આનું લક્ષ કરતાં તે ઉત્પાદ કહેવાય. કારણ કે આમ અસ્તિપણે દેખાય. અને પૂર્વની અપેક્ષાએ તે અભાવ છે તો એને ને એને નાસ્તિ કહેવાય. એક ને એકને હોં! અને સળંગ અનુત્પન્ન અવિનષ્ટ. પોતાની અપેક્ષાએ ઉત્પન્ન હતું એ ન રહ્યું, પરની અપેક્ષાએ વિનષ્ટ એ ન રહ્યું. અનુત્પન્ન અવિનષ્ટ. બધું છે... છે... છે... કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરિણમન એ પ્રશ્ન પછી આવશે. આ ક્યાં વાત છે? અહીં તો હજી પ્રદેશનો દૃષ્ટાંત સિદ્ધ કરે છે. હજી દૃષ્ટાંત સમજાવીને પછી પરિણામ સમજાવે છે. દૃષ્ટાંત સમજવામાં ન આવે તો પરિણામ શી રીતે સમજે? આ અમારે ભાઈ ચંદુભાઈ કહે કે લાદીથી સમજાવો. આ લાદી છે. આ બેઠા છે મીઠાલાલજી એ લાદીનો એક ભાગ છે. લાદી સળંગ છે બધી, છે સળંગ છેને? આમ સળંગ છે કે આમ ઉભી છે? આમ ઊભી હોય તો આમ આમ સળંગ છે. એ કાંઈ કાળે પરિણમન થાય તે ઉભું કહેવાય. વિસ્તારે આમ રહે તેને ઉભું કહેવાય નહિ. હવે જ્યાં એક લાદી છે ઈ, આ બધું તો સળંગ છે. સળંગ છે? સળંગની અપેક્ષાએ લાદી બધી છે. હવે એમાં એક એક ભાગ જ્યારે લ્યો ત્યારે એનું લક્ષ કરતાં એ જાણે 'છે' એમ લક્ષમાં આવ્યું ઉત્પાદ તરીકે. પૂર્વની આ લાદીની અપેક્ષાએ નથી ઉત્પન્ન થઈ એટલે અભાવ થયો એનો. અને ઉત્પન્ન અને અભાવ નહિ, ભાવ અને અભાવ નહિ, બધો એક એક છે. ભાવ નહિ અને અભાવ નહિ. બધું છે... છે... છે... છે... બધું. એમ કરીને અન્વય સંબંધે બધા ધ્રુવ છે એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? મગનભાઈ! આ તમે તો ઘણી લાદીયું નખાવી છે ત્યાં બે મકાનની. ઘણાને પૂછ્યું મકાનમાં કેમ ન રહ્યા? ત્યાં કાંઈક અપશુકન થયા માટે રહ્યા નહિ. ઘણી વાત તો માણસો કરે ઘણા પ્રકારની, હોય એ ખરું. આ જૂનું મકાન કર્યું એમાં ઠીક ન પડ્યું. એ વાતું માણસો કરે છે. આપણે તો કોક વાત કરે એ સાંભળીએ. આપણને ક્યાં ખબર છે? એમ કે ત્યાં ઠીક ન પડ્યું એટલે નવું કરવું હવે. એ પણ કોણ કરે? આમાં એમ કહે છે.

મુમુક્ષુ :- એના ક્રમમાં થાય છે એમાં ઈ રહે છે.

ઉત્તર :- એ ક્ષેત્ર પણ એના ક્રમમાં ગોઠવાણું છે અને એનું પરિણમન પણ ક્રમમાં આમ થવાનું છે. એ... ન્યાલભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય કાંઈ નથી. આ મંદિર ન સાંભળ્યું આમાં? ન્યાલભાઈ! મોટું મંદિર થાય છે. સાંભળ્યું હમણાં? ૨૦૦ માણસ મરી ગયા. આ હમણા સવારમાં. મુહૂર્ત જોઈને કર્યું હશે કે નહિ? ત્યાં તો વળી મોટા સાધુ મુહૂર્ત જોનારા. ખાં. બહુ જ્યોતિષ બહુ પાક્કા. હવે એમાં ઓલો શેઠિયો મળી ગયો હોય પાંચ-દસ લાખ ખર્ચનારો તો ઓહો..હો..! લાવો. દસ લાખનું મોટું મંદિર છે. પાંચ-છ મહિના પહેલા નહોતું. એકદમ તૈયાર કર્યું. હજારો માણસો કામ કરે છે. એમાંથી ઘણાં-લાખો ખરચતા હોય. એટલે જ્યોતિષ કોઈએ જોઈ દીધું હશે સાધુએ એના માનેલા. સમજાય છે? જ્યોતિષ બરાબર આમ કરીને. છતાં પડ્યું. ૨૦૦ મરી ગયા.

મુમુક્ષુ :- જોવામાં ભૂલ થઈ હશે.

ઉત્તર :- ભૂલ. આહા..હા..! એ સમયની પર્યાય એમ જ થવાની હતી. પછી વાતું કોઈ કરે કે ભાઈ આ ઉઘડું આપ્યું હશે માટે ઓલી શું કહેવાય? સિમેન્ટમાં કાંઈ હવાઈ ગઈ હશે, ગાંગડા થઈ ગયા હશે, દગડાઈ કરી હશે એમ કહેવાય. અહીં પડ્યું નહોતું? આપણે અમરેલી નહિ? અમરેલી. .. ભાઈ આપણા. હેમકુંવર બહેનના ખાસ, નરભેરાભાઈના ખાસ માણસ. મિસ્ત્રી પોતે. બે બેઠા ખાવા ત્યાં પડ્યું માથે. બેય મરી ગયા. ખલાસ થઈ ગયા. માંડ માંડ કેટલે વખતે કાઢ્યા. કારણ કે મોટો ૩૦૦-૪૦૦ મણનો પથરો પડ્યો. કાઢવા શી રીતે? આહા..હા..! એ સ્થિતિ-અવસ્થા તે પરમાણુની તેના ક્રમમાં, પરિણામમાં પ્રવાહક્રમમાં આવતી તે તે પર્યાય ઉત્પન્ન થઈ એમ કહેવાય, પૂર્વની અવસ્થાએ વ્યય કહેવાય. છે... છે... છે... છે... છે... છે... પરિણામની અપેક્ષાએ તેને ધ્રુવ કહેવાય. આહા..હા..! એથી ઓલામાં લગાવ્યું હતુંને આપણે. કર્તા-કર્મમાં ભાઈ નહિ? શું આવ્યું? એઈ..! શું આવ્યું ૭૬મી ગાથામાં?

મુમુક્ષુ :- પ્રાપ્ય-વિકાર્ય-નિર્વૃત્ય.

ઉત્તર :- પ્રાપ્ય-વિકાર્ય-નિર્વૃત્ય ઈ. પ્રાપ્ય તે ધ્રુવ છે તે સમયનું. વિકાર્ય તે બદલ્યું છે વ્યય થઈને અને ઉત્પાદ તે ઉત્પન્ન થયો છે. સમજાણું કાંઈ? દરેક દ્રવ્યનો પર્યાય તે વખતે ધ્રુવ જ છે એટલે એ જ છે અને એ જ છે અને એ જ હતો અને એ જ પ્રાપ્ત છે. પૂર્વની અપેક્ષાએ તેને વિકાર્ય કીધો, વિનાશ કીધો, પોતાની અપેક્ષાએ તેને ઉત્પાદ કીધો. એમ અહીંયાં વાસ્તુની વાત છે.

'**તેમ તે પરિણામો...**' હવે એ આત્માના અને પરમાણુના જે પરિણામ થાય છે તે '**પોતાના અવસરમાં સ્વરૂપથી ઉત્પન્ન...**' પોતાના અવસરમાં તે પરિણામ ઉત્પન્ન થયા, આમ દેખાણા, આમ છે એમ થયાને? આમ વર્તમાન છે એટલે ઉત્પન્ન. '**પૂર્વરૂપથી વિનષ્ટ...**' પૂર્વનું રૂપ આમાં નથી માટે એ અપેક્ષાએ તેને અભાવરૂપ, અભાવરૂપ, વિનષ્ટરૂપ કહેવામાં આવે છે. '**તથા સર્વત્ર પરસ્પર અનસ્યૂતિથી રચાયેલા...**' અન્વયપૂર્વક જોડાણ. આની

સાથે આ જોડાણ, આની સાથે આ જોડાણ. જોડાણમાં કાંઈ ત્રુટક છે? એટલે '**પરસ્પર અનસ્યૂતિથી રચાયેલા એક-પ્રવાહપણા વડે અનુત્પન્ન-અવિનષ્ટ...**' એ પરિણામ અનુત્પન્ન. એક લક્ષમાં લે તો ઉત્પન્ન. એને પરની અપેક્ષાએ લે તો અનુત્પન્ન. પણ એકને લક્ષમાં લેતા છે... છે... છે... છે... છે... છે... છે... છે... તો એ અનુત્પન્ન અને અવિનષ્ટ ધ્રુવ. તો એક એક પરિણામને આવા ત્રણ લાગુ પડે છે. બહુ આટલી સાદી વાત છે જરી ખ્યાલ રાખવો જોઈએ. સમજાણું કાંઈ આમાં?

'**ઉત્પત્તિ-સંહાર-ધ્રૌવ્યાત્મક છે,...**' '**એક-પ્રવાહપણા વડે અનુત્પન્ન-અવિનષ્ટ હોવાથી ઉત્પત્તિ-સંહાર-ધ્રૌવ્યાત્મક છે. વળી...**' હવે વ્યતિરેક બતાવે છે. એ તો ફક્ત એની ભિન્ન-ભિન્નતાનું ઉત્પાદ-વ્યય-ધ્રુવ તરીકે બતાવ્યું. હવે એકબીજાના પરિણામમાં એક બીજાનો અભાવ (છે) એમ કહેશે. '**જેમ વાસ્તુનો...**' એટલે ક્ષેત્ર '**જે નાનામાં નાનો અંશ...**' આત્મા અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર એનો એક પ્રદેશ '**પૂર્વપ્રદેશના વિનાશસ્વરૂપ છે...**' પૂર્વ પ્રદેશ એમાં આવ્યો નથી. આમ લક્ષમાં લેતા હોં! પરિણામની અપેક્ષાએ વાત નથી. કીધુંને સીધા આટલા છે એ ૧૦૮ મણકા છે. આમાં અસંખ્ય પ્રદેશ છે. આમાં (માળામાં) ૧૦૮ મણકા છે, આમાં (-આત્મામાં) અસંખ્ય પ્રદેશ છે. એમાં અસંખ્ય મણકા લઈ લેવા એકસાથે આમ. એકસાથે અસંખ્ય મણકા. એક પ્રદેશ જે છે '**નાનામાં નાનો અંશ પૂર્વપ્રદેશના વિનાશસ્વરૂપ છે...**' પૂર્વપ્રદેશની અપેક્ષાએ તે અભાવસ્વરૂપ છે.

અને '**તે જ (અંશ)...**' એટલે કે તે જ અંશ એટલે '**ત્યારપછીના...**' ત્યારપછીનો એટલે ઓલો વિનાશ થયો એ એ પછીનો ઈ. એમ. સમજાણું કાંઈ? આને વિનાશની અપેક્ષાએ... કીધુંને? પૂર્વ પ્રદેશની અપેક્ષાએ વિનાશ કીધો એને ને એને. એક પ્રદેશને પૂર્વ આ બીજો. પૂર્વ એટલે કાળભેદ નથી. પહેલો પ્રદેશ હતો એની અપેક્ષાએ આને વિનષ્ટ કીધો અને તે જ અંશને, પૂર્વ એટલે ઓલો વિનાશ થયો એની અપેક્ષાએ તેને ઉત્પાદસ્વરૂપ કહ્યો. સમજાણું કાંઈ? 'ત્યારપછી'ની વ્યાખ્યા એ છે કે પૂર્વે વિનષ્ટ થયો ત્યારપછીનો. પોતે છે એના પછીનો અહીં નહિ. પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ છે. એ ત્યારપછીનો એટલે વિનષ્ટ થયો એની અપેક્ષાનો ઈ તે ઉત્પાદ છે. કેટલું આમાં યાદ રહેશે? રાત્રે પ્રશ્ન થયો. એક ફેરી રાત્રે પ્રશ્ન કર્યો ત્યારે નહોતા અહીં. નથી આવ્યા, થાક્યા છે. ઠીક! કહો, સમજાણું આમાં? રાત્રે પૂછશે તો આવડશે કે નહિ એટલે ધ્યાન રાખે વધારે. આહા..હા..!

તારા ઘરનું હોવાપણું. ઓલા મકાન કરે છો ચારેય દિશાઓ નથી લખતા? લખે છે કે નહિ? એય..! હરજીવનભાઈ! આ મકાન મફતલાલનું નથી અને અદ્ધરથી નથી. પણ અમુક સ્થાનમાં પૂર્વમાં આ, પશ્ચિમમાં આ, ઉત્તરમાં આ, દક્ષિણમાં આ. લિખિતંગ લક્ષ્મીચંદ પાનાચંદ. મફતલાલ ઘેલાભાઈ એમ નથી. લખનારો મફતલાલ ગાંડો એમ નથી. એમાં કાંઈક લખે છેને. હું મારા ઓલાથી કહું છું, નહિ? સુધબુધપૂર્વક લખું છું. એવું બધું આવે છે. આપણે કોઈ

દિ' કર્યું નથી હોં. આ વાંચ્યું હોય કોક કહેતા હોય તો. કહો, સમજાણું કાંઈ? હવે તો આમાં પણ આવે છે. આ પત્રો આવે છેને એમાં પણ. આ પત્રો છાપે છેને છાપામાં. હું મારા ઓલાપૂર્વક લખું છું કે આ મારો આ પત્ર છે. એમાં પણ આવે છે.

એ વસ્તુની સત્તા વિસ્તારરૂપે અને એનું પરિણમનરૂપ કેવું છે એને સિદ્ધ કરે છે. દરેક પદાર્થ એનું ક્ષેત્ર કેટલું? એને સમજાવીને એના કાળક્રમે પરિણામ સમજાવે છે. અને પછી તેના ત્રણેય પરિણામરૂપ ધ્રુવ છે તેમાં રહેલું દ્રવ્ય છે, તે દ્રવ્યને તે પછી સમજાવશે. સમજાણું કાંઈ? પાઠનો જે સિદ્ધાંત છે એ પછી સમજાવશે. એને સમજાવ્યા પહેલા આ વાત એને ખ્યાલમાં આવે તો ઓલી વાત એને સમજવામાં સહેલી પડે માટે આ વાત કરી છે. આહા..હા..! આચાર્યે જુઓને! દિગંબર મુનિઓ વીતરાગ મુનિ. કહો, સમજાય છે કે નહિ આમાં? એ.. દેવશીભાઈ! તમે તો પથરા બહુ નાખ્યા છે ઓલામાં. ઈ એક પથરો છે આમ કહે છેને આમ? એ પથરાનું વર્તમાન લક્ષ લ્યો તો પૂર્વની અપેક્ષાએ તે વ્યય કહેવાય, એની અપેક્ષાએ તેને ઉત્પાદ. ત્યાર પછીનો એટલે શું? કે આ ઉત્પાદ છે એના પછી એમ નહિ, ઉત્પાદ છે એના પછીનો (નહિ), પણ જે પહેલાનો છે એના પછીનો એ. સમજાણું કાંઈ? કેવી ટીકા કરી છે! ગજબ કરી છેને!! સંસ્કૃત, પાછા વ્યાકરણના નિયમો સહિત ભાવને ઊભો કર્યો છે અંદરથી. ઓહો..હો..! પરમાણુની પર્યાય છે હોં એ તો. એને મુનિએ કરી નથી. પરમાણુની પર્યાયમાં એવું થઈ ગયું છે. ભાવ એનો એની પાસે છે, એ તો નિમિત્ત છે. પણ પરમાણુમાં આવી પર્યાય ઊભી થઈ ગઈ જુઓને. ઓહો..હો..!

'**જેમ વાસ્તુ...**' એટલે ક્ષેત્ર, એનો '**નાનામાં નાનો અંશ પૂર્વપ્રદેશના વિનાશસ્વરૂપ છે તે જ (અંશ) ત્યારપછીના...**' એટલે વિનાશ પછીનો પોતે એ એના '**ઉત્પાદસ્વરૂપ છે તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકવાસ્તુપણા વડે...**' છે... છે... છે... આ ઉત્પન્ન અને વિનાશ એમ લક્ષમાં ન રહ્યું. છે... છે... છે... જોડાણ .. એવા વસ્તુ અનુભયસ્વરૂપ છે. '**અનુભયસ્વરૂપ છે,...**' અનુભય એટલે ઉત્પન્ન-વ્યય નહિ. ધ્રુવ છે. '**તેમ...**' આ તો એકલા સિદ્ધાંત કહેવાય છે. નહિતર ઓલી આમાં તો એકવાર છ વાર ચાલ્યું હતું, છ દિવસ. એય..! વળી પાછા રામજીભાઈ કહે આ વખતે કેટલું ચાલશે? ચાલે કેટલું અહીં તો. તે દિ' તો બહારના દાખલા કોઈ ઝાઝા આપ્યા હોય, કારણ કે બધા હોય. આમાં તો હવે ઘણીવાર વંચાઈ ગયું છે. હવે આમાં દાખલા દે શું? દાખલા તો આપ્યા. હારનો દાખલો આપ્યો. લાદીનો આપ્યો. ભાઈએ ચંદુભાઈએ અમારે કીધું એટલે વળી. ચંદુભાઈ કહે કે લાદીનો આપો તો ઠીક સમજાશે. કહો, સમજાણું કાંઈ?

જુઓ, આ ઘડિયાળના આંકડા છે. એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, બાર. એકસાથે છે કે આઘાપાછા છે? એકસાથે છે કે આઘાપાછા એટલું નથી સમજાતું? એકસાથે છે બધા આમ. એકસાથે છે કે આઘાપાછા? આઘાપાછા ન હોય તો એક પછી એક આઘાપાછા છેને.

તો આઘાપાછા એટલે કાળની અપેક્ષાએ આઘાપાછા છે એમ. આઘાપાછા એટલે એક છે ત્યાં બે નથી એટલે આઘાપાછા છે એમ લાગે એને. પણ એમ નથી. અહીં તો છે આમ બાર. હવે એ માંહ્યલો એક આંકડો લ્યો એક. એકનું લક્ષ જાય વિસ્તારથી તો એકની અપેક્ષાએ પોતે ઉત્પાદ છે. એકનું વિનષ્ટ બારની અપેક્ષાએ તેનો અભાવ છે. અને એક, બે, ત્રણ, છે... છે... છે... તો એને ને એને અનુત્પન્ન અને અવિનષ્ટ કહેવામાં આવે છે. એકને જ અનુત્પન્ન અને અવિનષ્ટ કહેવામાં આવે છે. એ રીતે બધા પ્રદેશને કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...ઉસીમેં તીન ઘટા દેતે હૈં.

ઉત્તર :- એક એક મેં ત્રણ ઘટાના હૈ. છે કે નહિ જુઓ આમ? છે કે નહિ ત્યાં? એકસાથે બધા બાર છે. એમ આત્મામાં એકસાથે અસંખ્ય પ્રદેશ છે આમ એકસાથે. આ જરી ક્ષેત્ર ફેર થોડો થોડો વચમાં. અહીં ક્ષેત્ર ફેર નથી. એક... એક... એક... નજીક... નજીક... નજીક... હવે એમાં એક પ્રદેશ ખ્યાલમાં લ્યો તો એક પ્રદેશ ખ્યાલમાં લીધો એ અપેક્ષાએ ઊપજ્યો એમ કહેવાણું લક્ષમાં અને પહેલાની અપેક્ષાએ એને વિનષ્ટ કહેવાણું. પણ એ વિનષ્ટ અને ઊપજવું બે લક્ષ છોડી દ્યો તો છે... છે... છે... છે... એમ દરેકને છે-છે લાગુ પડે છે.

**'તેમ પ્રવાહનો જે નાનામાં નાનો અંશ...'** ઓહો..હો..! વીતરાગી સંતોએ કરૂણાથી કેટલું ભર્યું છે! ભાઈ! તું તારા ક્ષેત્રમાં છો અને તારા પ્રદેશો શાશ્વત છે. સમજાય છે? એ તો એક પરિણામને સમજાવવા માટે અમે આ પ્રદેશનો દાખલો આપીએ છીએ. આત્માના અને પરમાણુના પ્રવાહ ક્રમે જે પરિણામ થાય છેને અવસ્થા એક પછી એક, એક પછી એક. **'પ્રવાહનો જે નાનામાં નાનો અંશ...'** પ્રવાહનો જે નાનામાં નાનો ભાગ તે **'પૂર્વપરિણામના વિનાશસ્વરૂપ છે...'** વર્તમાન પરિણામે થયા. આત્માના કેવળજ્ઞાન પરિણામ થયા. સમજાય છે? તો એ ઉત્પન્નસ્વરૂપ છે, પૂર્વ પરિણામના વિનાશસ્વરૂપ છે, પોતાની અપેક્ષાએ નાનો અંશ, તેનો પણ **'નાનામાં નાનો અંશ પૂર્વપરિણામના વિનાશસ્વરૂપ છે...'** એ પોતે પરિણામ. **'તે જ ત્યારપછીના પરિણામના ઉત્પાદસ્વરૂપ છે...'** પહેલાના ચાર જ્ઞાનનો નાશ થયો અને કેવળજ્ઞાન થયું એ અપેક્ષાએ તેને ઉત્પાદસ્વરૂપ કહેવામાં આવે છે. પહેલાનો નાશ થયાની અપેક્ષાએ ત્યારપછીનો તે અંશ એમ. ત્યારપછીનો તે અંશ. **'ત્યારપછીના પરિણામના ઉત્પાદસ્વરૂપ છે...'** કેવળજ્ઞાન. **'તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકપ્રવાહપણા વડે અનુભયસ્વરૂપ છે.'** કેવળજ્ઞાન, મતિજ્ઞાન અથવા શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન... કેવળજ્ઞાન... કેવળજ્ઞાન... કેવળજ્ઞાન... કેવળજ્ઞાન... કેવળજ્ઞાન... રહેશે એમાં. તો એ પરિણામમાં છે અપેક્ષાએ અનુત્પન્ન અવિનષ્ટ. ઉત્પાદ-વ્યય નહિ. છે... છે... છે... ધ્રુવ થઈ ગયું એમાં. એક એનું લક્ષ લેતા 'છે' એમ કહેવાણું એટલે ઉત્પાદ થઈ ગયો, પરની અપેક્ષાએ નથી તો વિનષ્ટ થઈ ગયો. વિનષ્ટ (ઉત્પન્નનું) લક્ષ ન રાખો (અને) એ છે... છે... છે... છે... છે...(એમ જુઓ) તો બધા ધ્રુવ છે. કહો, સમજાય છે કાંઈ? આમ ભાષામાં

બહુ કાંઈ કઠણાઈ નથી આવતી, સમજવામાં કઠણાઈ લાગે તો એની વાત જુદી છે એને.

મુમુક્ષુ :- એટલે?

ઉત્તર :- એટલે કે ભાષા સાદી આવે છેને છતાં સમજવામાં કઠણાઈ કેમ લાગે? એમ કહેવાય છે. એય..! કાંતિભાઈ! એ તો બધા ભણેલા મોટા કહેવાય. સાધારણને પણ... આમાં માણસને એમ થાય છે કેટલીક વાર કે અમુક વાત તો અમે પકડી ન શકીએ. ઈ વાત જ એને પકડવા દેતું નથી. ગમે તે વાત હોય તો અમે જાણી શકીએ. ન જાણી શકીએ એવો પ્રશ્ન જગતમાં છે ક્યાં? સમજાય છે કાંઈ? એમ એને થાય તો આ વાત સમજવામાં એને સહેલી પડે. આહા..હા..! માથું ફરી જાય છે. માથું ફરતું નથી, આ તો સ્વભાવ છે એવો સવળો થઈ જાય છે. સમજાણું કાંઈ?

**'પ્રવાહનો જે નાનામાં નાનો...' 'તેમ...'** તેમ એટલે ઓલા ક્ષેત્રના ભાગની અપેક્ષાએ પ્રવાહનો લંબાઈમાં થતાં પરિણામ. આમ પરિણામ થાય કે નહિ? કે પરિણામ એકસાથે બધા હોય? પ્રદેશો એકસાથે હોય અને પરિણામ એક પછી એક હોય. **'પ્રવાહનો નાનામાં નાનો અંશ...'** વળી એકનો નાનો અંશ અને ક્ષેત્રનો એક નાનો અંશ અને કાળનો એક નાનો અંશ. જુઓ! એ વીતરાગમાર્ગ તો જુઓ! ઓલો તો પોટલે આત્મા જાણો, આત્મા જાણો. પણ આત્મા છે એનું ક્ષેત્ર કેટલું? સમજાય છે?

શ્રીમદ્દે પ્રશ્ન કર્યો હતો. કીધુંને એક પત્ર છે એમાં. ઓલો પત્ર યાદ આવ્યો હોં અત્યારે પાછો. બપોરે યાદ ન આવ્યો. ઓલું એક ઠેકાણે છે એ પત્રમાં. શ્રેણિક રાજા જો આમ કરે તો આજ્ઞા ભંગ થઈ જાય. ના, ના, એમ નથી. આજ્ઞા છોડીને.. એમ કાંઈક છે પત્ર. એક પત્ર લખ્યો છે, સૂર્યરામ ત્રિપાઠી. એ વખતે શ્રીમદ્દના વખતમાં વેદાંતના જાણનારા હતા. એના ઉપર એક પત્ર લખેલો કે વસ્તુની સ્થિતિ કોઈપણ પદાર્થની આપણે સિદ્ધ કરવા માગશું તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સિદ્ધ થશે. સમજાય છે? આમાં છે એ. છે? કેટલામું છે ઈ? મનસુખરામ ત્રિપાઠી. પાઠ છે તો મનસુખરામ ત્રિપાઠી આની કોર, પણ એ બીજો પત્ર છે. અહીં છે જુઓ. 'આ વેળાએ લઘુત્વભાવે એક પ્રશ્ન કરવાની આજ્ઞા લઉ છું.' શ્રીમદ્દ કહે છે. 'આપને લક્ષગત હશે.' કેવી શૈલી શ્રીમદ્દની હતી! નથી જાણતા એમ ન કહેતા આપને લક્ષગત હશે 'કે પ્રત્યેક પદાર્થની પ્રજ્ઞાપનીયતા, પ્રત્યેક પદાર્થનું જ્ઞાન અને પ્રત્યેક પદાર્થનું કથન ચાર પ્રકારે છે.' સમજાણું? ૨૨થી ૨૪ વર્ષની અંદરનો છે પત્ર.

દ્રવ્ય તેનો વસ્તુ સ્વભાવ. ગુણ-પર્યાય સ્વભાવ. દ્રવ્ય એને કહીએ. ક્ષેત્ર કંઈપણ તેનું વ્યાપવું. વ્યાપવું પહોળું વિસ્તાર. ઉપચારે કે અનુપચારે. ઉપચારમાં આકાશમાં વ્યાપતું અને અનુપચારે પોતાના ક્ષેત્રમાં એમ લીધું છે. કાળથી એ વાત નથી અર્થ કર્યો એમણે. સૂક્ષ્મ છેને. ભાવ તેના ગુણાદિક ભાવથી. 'કોઈપણ પદાર્થને ચાર પ્રકારે તેને વિચારી શકાય.' જાણી શકાય, કહી શકાય. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી. દ્રવ્ય એટલે વસ્તુ, ક્ષેત્ર એટલે પહોળાઈ,

કાળ એટલે અવસ્થા, ભાવ એટલે ગુણ. 'હવે આપણે આત્માની વ્યાખ્યા પણ એ વિના ન કરી શકીએ તેમ છે.' હવે 'આપણે' એમ કરીને. તમે એમ નહિ. આપણે એમ કરીને નાખે છે. 'હવે આપણે આત્માની વ્યાખ્યા પણ એ વિના ન કરી શકીએ તેમ છે. આપ જો એ પ્રજ્ઞાપન.. આત્માની વ્યાખ્યા અવકાશવાનો અવસર દર્શાવો...' એનું જ્ઞાનની કથની આત્માની વ્યાખ્યા અવકાશ અનુકૂળ આપને હો. અવકાશ. પાછું એમ તરત ... એમ નથી કહ્યું. 'અવકાશ અનુકૂળ દર્શાવો તો સંતોષનું કારણ થાય. આમાંથી એ અદ્‌ભૂત વ્યાખ્યા નીકળી શકે તેમ છે.' જુઓ! કારણ કે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સિદ્ધ થાય તેનો ભાવ અનંતગુણો સ્વતંત્ર છે અને પર્યાય સ્વતંત્ર છે અને દ્રવ્ય સ્વતંત્ર એમ સિદ્ધ બધું થાય. બધા દ્રવ્ય એક છે એમ હોઈ શકતું નથી. સમજાણું કાંઈ? જો આત્માની વ્યાખ્યા કરવા માંડો તો દ્રવ્યથી એક જ હોય. પછી .. જુદું જુદું લાગે છે એ થાતું નથી, રહેતું નથી. સમજાણું? આ કહ્યું. વડીયા-વડીયા. આ દાખલો આપ્યો હતોને વડીયામાં? .. છેને આ? લાઠીવાળા. ઘણું વાંચન જૂનું એટલે આ વાત બેસતી નથી હવે. નવું પેસી શકતું નથી. ન્યાય આપે તોપણ બેસે નહિ. પછી ઓલું ઘટ્ટ થઈ જાયને ઘટ્ટ.

'આમાંથી એક અદ્‌ભૂત વ્યાખ્યા નીકળી શકે એમ છે.' જુઓ! વસ્તુને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે નક્કી કરતા. વસ્તુની જુદાઈ, વસ્તુની પહોળાઈ, વસ્તુનો ગુણ અને એટલામાં જ રહ્યો છે અને એની થતી અવસ્થા એક સમયની છે—એવી અદ્‌ભૂત વ્યાખ્યા આમાંથી નીકળે એવી છે, એમ લખ્યું છે. સમજાણું કાંઈ? એના માણસો પણ આવા છે તો વિચાર કરતા નથી કેટલાક. કેટલાક હોં! વસ્તુ આમ છે. એક દ્રવ્ય પોતે ગુણ-પર્યાયનો પિંડ છે, ક્ષેત્ર તેનો પ્રદેશ છે, કાળ તેની અવસ્થા છે, ભાવ તેનો ત્રિકાળી રહેનારો ગુણ છે. આમ જો નક્કી કરે તો એને પોતાના અસ્તિત્વની જ જુદાઈ એને ભાસે અને બીજાના અસ્તિત્વની પોતાથી જુદાઈ ભાસે.

'પણ આપના વિચારો ... એમ ગણી આ પ્રયાચન કર્યું છે.' પ્રયાચન એટલે યાચના કરી છે. સમજાણું કાંઈ? આ તો ૨૨ વર્ષ-૨૩ વર્ષે છે. શેઠી! ૮૨ વર્ષે પણ વિચાર કરીને બેસવું કઠણ પડે માણસને. ઘરનો દાગીનો કેટલો પહોળો, કેટલા ચકદા, કેટલા હીરા, કેટલા માણેક મૂક્યા હોય એ બધી ખબર હોય કે નહિ એને? લાખનો એક લાવ્યો હોય. લાખ રૂપિયાનો, આ જુઓને કહેતા હતા અઢી લાખનો. તમારા બતાવતા હતાને ગોદિકા? અઢી લાખનો હીરો. એ તો પોતે કાંઈ એવો માણસ નથી. છોકરો કહેતો હતો. ઓલો છેને શું કહેવાય? સુધીર. ઓલો દાખલો આપ્યો હતોને એક ફેરી મેં? વ્યાખ્યાનમાં આપ્યો હતો જયપુર દાખલો આપ્યો હતો કે જુઓ તીર્થંકરના શરીર એવા ઊંચા હોય છે કે એ આત્મા એવો ઊંચો હોય છે કે એનો ડાબલો ઊંચો હોય છે. એ ભલે કેવળજ્ઞાન પામવાના છે તે આત્માનો હીરો એ કાંઈ સાધારણ રહી શકે નહિ. કોથળામાં ન રહે હીરા. હીરા કોથળે ન રોકાય. નાણા

હોય કોથળામાં. હીરા માટે ડાબલીયું તેને રહેવાના સ્થાન પાક્કા આકરા જોવે. ભગવાન આત્મા એ તીર્થંકરનો આત્મા એ વખતે જ્યારે સર્વજ્ઞ થવાનો છે એનું શરીર પણ દૃઢ, મજબુત અલૌકિક હોય છે. જાણે એકવાર આમ પાણી નાખે. હજાર કળશા નાખે. અહીં તો જન્મે અને એક કળશો નાખે તો મરી જાય. ઓલા જન્મે ઈન્દ્ર આવીને. એક કળશો કેટલો? આઠ માઈલનો લાંબો. એવા એક હજાર અને આઠ.

મુમુક્ષુ :- કેટલી નદીયું થાય?

ઉત્તર :- અરે..! પાણીના પૂર ચાલે હેઠે. ભગવાન તો બેઠા છે. આહા..હા..! જુઓ તો એક શરીર પણ પુણ્ય પ્રકૃતિ. આત્માની તો વાત શું કરવી? શરીરનું દળ, શરીરનું કદ પણ આવું થઈ ગયું છે. ઓહો..હો..! ત્યારે એ ઘરે આવીને એ કહે, મહારાજ! તમે દાખલો નહોતો આપ્યો? કે ઊંચા આત્માનો... એમ આ હાર અઢી લાખનો છે એની ડાબલી છે. ડાબલી ઊંચી હતી પહોળી, પહોળી ડાબલી હતી. અઢી લાખનો હાર હતો .. ઝીણા-ઝીણા હીરા હતા અને સોનાનો દોરો હતો. ડાબલી ઊંચી છે આમ. ત્યાં તો આમ દાબે તો ક્યાં ઓલું થઈ જાય, પણ ખાડામાં હાર દેખાય, આમ પડ્યો હોય હાર ત્યાં આમ જ દેખાય. ડાબે તો અડે જ નહિ. ઉપરથી અડે નહિ. માખણ જેવો. છોકરો બાળકને સૂવાડે તો સુંવાળામાં સુવાડે છે કે નહિ? બાળક સુંવાળું હોય બિચારું તાજુ હોય તો સારા સારા સુંવાળા લૂગડામાં રાખે, દાબે તોપણ ઓલું ન થાય. નવું શરીર છેને. ઓલાને જાણે પોતાની ચીજ છેને ઊંચી, તો એને કાંઈ દબાણ ન આવવું જોઈએ. છે તો પથરા. એવી ચીજ માટે આ ડાબલો હોય ઊંચો કહે છે. એમ આ એક એક દ્રવ્યને સમજવા માટે એને કળા જ્ઞાન ખીલવવું જોઈએ. આહા..હા..! ચૈતન્ય હીરો ક્યાં છે? કેવો છે? કેટલે ક્ષેત્રે કેવા પરિણામ છે? બાપુ! એ વાત.,, એ વાત તો દરેક દ્રવ્યની વ્યાખ્યા છે. આહા..હા..!

મુમુક્ષુ :- પરિચય લાંબો જોઈએને.

ઉત્તર :- લાંબો પરિચય જોઈએ. ઓલો બહુ પરિચય ઘણા કાળનો છે. આહા..હા..!

લ્યો! '**પૂર્વ પરિણામના વિનાશસ્વરૂપ છે તે જ ત્યારપછીના પરિણામના ઉત્પાદસ્વરૂપ છે...**' એ તે એટલે પહેલાની અપેક્ષાએ ઉત્પાદ છે એમ. ત્યારપછીનો અર્થ એ. પહેલાની અપેક્ષાએ તે ઉત્પાદ છે. '**તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા...**' અન્વય જોડાણથી '**એકપ્રવાહપણા વડે...**' છે... છે... છે... છે... છે એમાં લક્ષ જુદું પાડવું નથી. છે... છે... છે... તો અનુભય છે. ઉત્પાદ-વ્યય વિનાનો છે... છે... છે... આટલું તો આચાર્ય મહારાજે ગાથામાં કહેલા ભાવને સહેલો પડે એ માટે સમજાવવા માટે દાખલો આપ્યો છે. પાઠમાં આ નથી. સમજાણું કાંઈ?

પાઠની વ્યાખ્યા હવે આવે છે, મૂળ શ્લોકની વ્યાખ્યા. અહીં તો અમે તો પહેલા આ બધું લેતા. પછી પંડિતજીએ પછી ફેરવ્યું. કહે, આમ છે. વાત સાચી કીધું ભાઈ! નહિતર

તો બધા પરિણામ ઉપર લેતા. પર્યાય... પર્યાય... પર્યાય... પણ આ પરિણામ એટલે ગુણ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ પરિણામ એટલે ગુણ છે એમ આવ્યુંને? ગુણ લીધુંને જુઓને. ગુણ છે એ. એ પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ સત્તા તે ગુણ છે. સમજાણું કાંઈ? એ ગુણમાં રહેલો આત્મા ત્રિકાળ નિત્ય અવસ્થિત છે એને હવે સિદ્ધ કરે છે. કહો, સમજાણું આમાં? આ દાખલો સમજાણો હોય એને આ હવે સિદ્ધાંત સમજતા ઠીક પડે એ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૫, ગુરુવાર, તા. ૧૯.૧૨.૧૯૬૮**
**ગાથા-૯૯, પ્રવચન-૧૦૦**

૯૯ ગાથા. પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ અધિકાર. છેલ્લો પેરેગ્રાફ છે. '**આ પ્રમાણે...**' માથે કહ્યું એ. '**સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામપદ્ધતિમાં વર્તતું દ્રવ્ય સ્વભાવને નહિ અતિક્રમતું હોવાથી...**' શું કહ્યું જુઓ! દરેકના પરિણામ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એમ સિદ્ધ કર્યું હતુંને પરિણામનું? એક એક પરિણામ પોતાની અપેક્ષાએ ઉત્પાદ, પૂર્વની અપેક્ષાએ વ્યય છે... છે... છે.. અનુસ્યૂતિની અપેક્ષાએ ધ્રુવ બધું. એ જ્યારે એક એક પરિણામમાં આ રીતે ઉતાર્યું, ત્યારે કહે છે કે '**આ પ્રમાણે સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામપદ્ધતિમાં...**' એ સ્વભાવ જ એ સત્તા ગુણનો છે કે એનું ત્રિલક્ષણ પરિણામ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણ લક્ષણ પરિણામ પદ્ધતિ એટલે પરંપરામાં એમ. ત્રણ લક્ષણ પરિણામ '**(પરિણામોની પરંપરામાં) વર્તતું દ્રવ્ય...**' એ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એવું જે સત્તાગુણરૂપ પરિણામ, દ્રવ્યનો સત્તા એવો જે ગુણ એમાં દ્રવ્ય રહ્યું છે. હવે એ સત્તા ઉત્પાદ, વ્યય અને ધ્રુવ પરિણામવાળી છે. તો અહીં કહે છે કે એ સત્તામાં જ્યારે ઉત્પાદ-વ્યય-ધ્રુવ પરિણામ છે તો દ્રવ્યમાં પણ એ રીતે ઉત્પાદ, વ્યય અને ધ્રુવ છે. કારણ કે દ્રવ્ય એ સ્વભાવને ઓળંગતું નથી. સમજાણું?

ફરીને. પૂર્વે કહ્યું હતું કે ભઈ, દરેક દ્રવ્ય એક પરિણામે છે અને બીજા પરિણામે નથી. આ એની સાથે વાત છે. પરિણામ માટે તો ઓલા પ્રદેશનો દાખલો આપ્યો હતો એ પરિણામ

માટે. હવે એ પરિણામને સિદ્ધ કરીને અહીં પાછું દ્રવ્યને, દ્રવ્યને ત્રણ લક્ષણ પરંપરા ચાલે છે એ અહીં સિદ્ધ કરવું છે પાઠમાં તો. સમજાણું કાંઈ? શું આમાં સમજાય? પણ આ કોઈ બોલે નહિ. મોઢામાં લાગે નહિ કાંઈ. સમજાય છે કે નહિ એમ લાગે નહિ. જુઓ! એ શેઠને પૂછો એ કહ્યું. પહેલું કહ્યુંને. પાઠમાં ન આવ્યું પાઠમાં? કે '**सदवट्ठिदं सहावे दव्वं दव्वस्स जो हि परिणामो।**' સત્‌રૂપી સ્વભાવમાં અવસ્થિત રહ્યું છે દ્રવ્ય તેથી તેને સત્ કહેવામાં આવે છે. લ્યો, આ તો સમજાય એવું છે કે નહિ? સત્તા નામના ગુણમાં, ગુણ એટલે સ્વભાવમાં રહેલું દ્રવ્ય તેથી તેને સત્ અને સત્તા કહેવામાં આવે છે. અને એ દ્રવ્યના જે પરિણામ, એ સ્વભાવ તે દ્રવ્યના પરિણામ છે. એ સત્તા, સત્તા તે ગુણ છે. ગુણમાં રહેલું દ્રવ્ય છે અને એ સત્તાને અહીંયાં 'પરિણામ' શબ્દ વાપર્યો છે. સમજાણું કાંઈ?

સત્તા એ દ્રવ્ય સ્વભાવ છે અને એ સત્તા એ દ્રવ્યના પરિણામ છે, એમ. અને એ પરિણામ '**अत्थेसु**' એટલે પદાર્થને વિષે. એ ધર્મ છેને? સત્તા ધર્મ છેને? એ ધર્મી સાથે અભેદ છેને. વસ્તુ સાથે અભેદ છે સત્તા. તો એ સત્તાને વિશે જો એનો સ્વભાવ છે તે '**ठिदिसंभवणाससंबद्धो**' ટકવું, સંભવવું, ઉત્પન્ન થવું અને નાશ એનો એની સાથે સંબંધ છે. સમજાણું કાંઈ? એ દાખલો કીધો હતો નહિ પછી? એનો દાખલો આપ્યો પછી તો. ભાઈ! આત્માના પ્રદેશ છે વિસ્તાર ક્રમ અસંખ્ય પ્રદેશ અંદર, એમાં જે એક પ્રદેશ, સામાન્યપણે તો બધું અસંખ્ય પ્રદેશી છે એકરૂપ, પણ જ્યારે એના ભેદ પાડીએ વિસ્તાર ક્રમના ત્યારે એક પ્રદેશમાં બીજો નથી અને બીજામાં ત્રીજો નથી. બરાબર છે? અને તે તે પ્રદેશ ઉપર લક્ષ જતાં તે પ્રદેશને ઉત્પાદ કહીએ, પૂર્વની અપેક્ષાએ અભાવ થઈને થયો માટે વ્યય કહીએ, એને ધ્રુવ કહીએ. એમ બધાને એ પ્રમાણે લઈ લેવું.

એમ આત્મામાં પ્રવાહ ક્રમમાં. જેમ આ પ્રદેશમાં લીધું એને પ્રવાહ લંબાઈમાં... શું લાંબુ હશે દ્રવ્ય? કોક કહેતું હતુંને કાલે? ચંદુભાઈ! આ દ્રવ્ય છે એ ટકતું ત્રિકાળ એમને એમ છે. એટલે વસ્તુ છે કોઈપણ આત્મા કે પરમાણુ. એના જે પરિણામ છે એ પરિણામ એક પછી એક, એક પછી એક થનારા ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. હવે જે છે એ પરિણામનું લક્ષ કરીએ તો એ પરિણામ ઉત્પાદરૂપે છે, એ પરિણામનું લક્ષ કરીએ પૂર્વની અપેક્ષાએ એને વ્યય કહીએ અને એ પરિણામને અનુત્પન્ન અને અવિનાશી, નાશ અને ઉત્પન્ન લક્ષ ન કરતા છે... છે... છે.... છે... તો બધા પરિણામ 'છે' એમ સિદ્ધ કર્યા. સમજાણું કાંઈ? આ તો સહેલું છે હવે. હજી ઠીક છે ઈ કહે છે.

એ રીતે જે સ્વભાવ છે... ત્યારે હવે અહીં દ્રવ્યને વર્ણવે છે. એ તો પરિણામની વ્યાખ્યા કરી. પર્યાયની અને ઓલા પ્રદેશની. પ્રદેશની વ્યાખ્યા પરિણામને સમજાવવા (કહી) અને પરિણામને સમજાવીને હવે આ દ્રવ્ય પોતે પોતાના સત્‌માં છે અને એ સત્તાનો ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવ છે, તો સત્તાનો જ્યારે ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવ છે તો દ્રવ્યનો પણ

એ સ્વભાવ છે. એમ સિદ્ધ કરે છે. કહો, નવરંગભાઈ! આમાં તો...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ જુદી છે? એનો સ્વભાવ છે. સ્વભાવમાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ થાય છે એ દ્રવ્યમાં પણ છે. એટલે એમાં જ છે એમ. સમજાણું કાંઈ?

આવું સર્વજ્ઞનું કહેલું તત્ત્વ આ રીતે એને છે એમ એને જાણવું જોઈએ. એમાં કાંઈ પણ આડોઅવળો ફેરફાર થાય તો એ સત્ દૃષ્ટિમાં નહિ આવે. કારણ કે એવું જ એ સત્ છે. સમજાય છે કાંઈ? અને સર્વજ્ઞ પરમાત્મા સિવાય આ વાત ક્યાંય હોઈ શકે નહિ આવી. ઓઘે-ઓઘે વાત કરે પણ હવે ઓઘામાં કૂટાય, એમાં સત્ય હાથ આવે નહિ. ઓઘા કૂટે નથી કહેતા? આ ઓઘા શું ઘાસના ઓઘા કૂટે એમાંથી કાંઈ દાણા નીકળે? ઓઘા હોયને તમારે આ ખેતરમાં. મોટા ઓઘા ફોતરાના ઘાસ. એમાંથી કાંઈ દાણો નીકળે? મોટા આખા ખેતરના ખેતર કૂટે તો શું થાય? દાણો એમાં કાંઈ છે? દાણો તો દાણામાં રહી ગયો.

એમ વસ્તુ છે આત્મા, એમ પરમાણુ, એમ ધર્માસ્તિ, અધર્માસ્તિ. તો અહીં કહે છે કે વસ્તુ પોતે છે એને અસંખ્ય પ્રદેશ ક્ષેત્રથી વિસ્તાર ક્રમ સિદ્ધ કર્યો કે એક જ પ્રદેશી જીવ નથી. એને વિસ્તાર ક્રમે ઘણાં પ્રદેશ છે. ભલે આંકડો ન આવ્યો. સમજાય છે? પણ વિસ્તાર ક્રમ એટલે ઘણા પ્રદેશ છે એમ સિદ્ધ કર્યું. એક જ અંશ છે એમ નહિ. ભલે અસંખ્ય શબ્દ આવ્યો નથી એમાં. સમજાય છે કાંઈ? વિસ્તાર એમ કરીને કહી દીધું. વસ્તુ છે એના પ્રદેશો છે વિસ્તાર છે આ. અને એ વિસ્તારમાં પણ અસ્તિ અને નાસ્તિ કેવી રીતે ઘટે છે? કે એક પ્રદેશમાં બીજાનો વ્યતિરેક-જુદાઈ છે. ત્યારે અસંખ્ય સિદ્ધ થાય છે. અસંખ્ય એટલે વિસ્તાર સિદ્ધ ક્યારે થાય? કે એકમાં બીજો ન હોય તો વિસ્તાર સિદ્ધ થાય. એમ અસંખ્ય પછી. સમજાણું કાંઈ?

અને એ રીતે આત્માના પરિણામ એક સમયના જે કોઈ પરિણામ લક્ષમાં લ્યો તો એ પરિણામ તે કાળના ઉત્પન્ન, સંભવિત તે જ પરિણામ હતા. સમજાય છે? આ સંભવમાંથી કાઢ્યું. પાઠમાં સંભવ શબ્દ પડ્યો છેને. મૂળ તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કરવું છે, પણ ઉત્પાદ સંભવ એ સંભવ છે. એ ઉત્પાદ... એ ઉત્પાદ.. સંભવ સંભવવું. સમ્યક્ પ્રકારે એ થવું, એ જ થવું, એનું એ જ થવું, તે તે સમયે તે પ્રકારનું તે જ થવું. ૯૯-૯૯ છે કે નહિ? સમજાણું કાંઈ? આત્મા કે પરમાણુમાં જે પર્યાય ભવે—થાય છે તે સંભવિત, તે જ સંભવિત, તે જ હોવાની, તે જ થાય છે.

મુમુક્ષુ :- સંભવિતમાં તો થાય ન થાય એવો અર્થ છે.

ઉત્તર :- ના ના. એ ખોટે ખોટા છે બધાય. એ તો અમારે ચાલતું ત્યાં. મોક્ષમાર્ગપ્રકાશકમાં સંભવ છેને. એ ચાલતું અમારે દામોદર શેઠ સાથે. એ કહે, સંભવિત લાગે છે, સંભવિત લાગે છે એમ કહે છે. મલ્લિનાથ આમ સંભવ લાગતું નથી. સ્ત્રીનો, ફલાણું, ઢીંકણું એમ

કહે છે. ભાઈ હવે એ સંભવિતમાં બધું યથાર્થતા છે એમ કહે છે. સમજાણું કાંઈ?

અહીં તો સંભવ ઉપર જરી ભાઈએ પ્રશ્ન કર્યો હતોને રાત્રે? આમાંથી ક્યાંથી કાઢવું આ? પૂર્વ અવસરના સમય પૂર્વના અને વર્તમાનના વર્તમાનમાં, ભવિષ્યના ભવિષ્યમાં. એ આઘાપાછા નથી. આ દ્રવ્યનો, દરેક દ્રવ્યનો તે તે પર્યાયનો તે સંભવિત-જે થવાનો છે સમ્યક્ પ્રકારે જે રીત છે તે પ્રકાર ત્યાં થાય છે. અને તેના પહેલાનો ત્યાં વ્યય થાય છે. અને ટકવું કાયમ ધ્રુવપણે રહે છે. એ તો પરિણામની વાત કરી. હવે એ પરિણામને ત્રણ લક્ષણ પરિણામવાળો પરંપરામાં દ્રવ્ય વર્તે છે એમ સિદ્ધ કરે છે. આ ગાથાનો હવે સિદ્ધાંત અહીં આવે છે, જુઓ! ભાઈ! જરી ધ્યાન તો આપવું પડે આમાં તો કાંઈ... કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- .. સમજાવવું પણ પડેને.

ઉત્તર :- વારંવાર તો અર્થ કર્યો હતો એનો. શું કર્યો હતો નવરંગભાઈ! ઘૂંટે એમ કહે છે લ્યો! એ તો વારંવાર એ ઘૂંટે એમ કહ્યું હતું એમાં. એને વારંવાર ધ્યાન રાખે એમ. શું કીધું? શું કીધું? શું કીધું?

મુમુક્ષુ :- એ સમજ્યા પછી જ ઘૂંટેને.

ઉત્તર :- સમજ્યા પછી ઘૂંટે શું? એ તો થઈ ગયું. આ તો સમજવા પહેલાની વાત છે. સમજ્યા પછી શું ઘૂંટે? ક્યાં ગયા? શેઠી નથી આવ્યા? કહો, સમજાણું આમાં?

આ ૯૯ ગાથા. સંભવ, નાશ, સ્થિતિ, સંભવ, નાશ સંબંધ. સ્વભાવને... સ્વભાવને. સ્થિતિ, સંભવ, નાશ સંબંધ. સ્વભાવ તેનો સત્તા ગુણ, સત્તા તેને પરિણામ કીધું. પરિણામ તેને ત્રણ પ્રકારના લક્ષણવાળું તે પરિણામ કીધું. તે સત્તા ત્રણ પ્રકારના લક્ષણવાળું તે પરિણામ કીધું. એક લક્ષણવાળું પરિણામ નહિ. એટલે ત્રણ લક્ષણવાળું કીધું એટલે એ ગુણ થઈ ગયો. નવરંગભાઈ! સમજાણું કાંઈ?

**'આ પ્રમાણે સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામ...'** જ્યારે સ્વભાવનો જ આ રીતે ત્રિલક્ષણ પરિણામ. જુઓ! ભાઈ! આ વસ્તુની સ્થિતિ છે. આ રીતે સર્વજ્ઞમાર્ગમાં જ હોય. અનાદિનું સત્ય આ રીતે જ વર્તી રહ્યું છે. એથી એને સ્પષ્ટીકરણ મુનિઓ કરે છે. માટે એમ ન સમજવું કે આ ક્યાં આવી મૂકી? એમાં વસ્તુની સ્થિતિ આનાથી અન્યથા કહેનારા હોય તો એને એ સાચું ન લાગે અને આ સાચું લાગે એ માટે આનો વિસ્તાર આચાર્યે કર્યો છે. સમજાય છે કાંઈ? કુદૃષ્ટિથી અને સત્‌ના વિરોધી, સત્‌થી વિપરીત કહેતા હોય એનાથી બચવા માટે આનું જ્ઞાન કરે તો બચી શકે, નહિતર બચી શકશે નહિ. જ્યાં ત્યાં ગોટો વાળશે. આ પણ સાચું છે અને આ પણ સાચું છે અને આ પણ સાચું છે.

**'આ પ્રમાણે સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામ...'** એ પરિણામ ગુણ છે. ત્રણ લક્ષણવાળો જે ગુણ એની પદ્ધતિમાં એ **'(પરિણામોની પરંપરામાં)...'** એ સત્તાના જે

પરિણામ થયા એની પરંપરામાં. 'વર્તતું દ્રવ્ય...' હવે જુઓ! '**વર્તતું દ્રવ્ય સ્વભાવને નહિ અતિક્રમતું...**' એનો સત્તા નામનો જે સ્વભાવ છે તેના ત્રણ લક્ષણ પરિણામ છે અને તે સત્તાને તે દ્રવ્ય છોડતું નથી. તે સત્તા નામના ગુણને તે દ્રવ્ય અતિક્રમ-ઓળંગતું નથી. ઓળંગતું નહિ હોવાથી. લ્યો! છોડતું નહિ હોવાથી. '**સત્ત્વને...**' એટલે દ્રવ્યને. જુઓ! સત્ત્વ લીધું અંદર. સત્‌પણું અભેદનયે દ્રવ્ય છે. સત્‌પણું તો અભેદનયે દ્રવ્ય છે. '**સત્ત્વને ત્રિલક્ષણ જ...**' ત્રણ લક્ષણવાળું.. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણ લક્ષણવાળું.. ત્રિસ્વરૂપ-ત્રયાત્મક '**અનુમોદવું—**' લ્યો! અનુમોદનની વ્યાખ્યા. '**આનંદથી સંમત કરવું.**' આહા..હા..! જુઓ!

ત્યાં એમ કહે છે કે દરેક દ્રવ્યનો સ્વભાવ જે સત્તા—હોવાપણું તે ત્રણ લક્ષણવાળા પરિણામવાળું છે એ પરિણામ. સત્તા એ ત્રણ લક્ષણ ઉત્પાદ અને વ્યય અને ધ્રુવના સ્વભાવવાળું એ પરિણામ એટલે ગુણ છે. એ ગુણમાં વર્તતું દ્રવ્ય, સ્વભાવમાં વર્તતું દ્રવ્ય એવું જે સત્ત્વ એને ત્રણ લક્ષણે અનુમોદવું. ત્રણ લક્ષણે જાણતા તેને આનંદ આવે એમ કહે છે. આહા..હા..! અનુમોદવું એટલે સમજાણું કાંઈ? કે જ્યારે એનો સ્વભાવ જે સત્ છે, એના જ્યારે આ ત્રણ લક્ષણરૂપ પરિણામ થયા એ ગુણના, તો એ ગુણમાં રહેલું દ્રવ્ય છે તો એને પણ ત્રિલક્ષણ જ અનુમોદવું, ત્રણ લક્ષણ જ બરાબર માનવું. કહો, સમજાણું આમાં? આમ તો સાદી ભાષા છે. પણ ભાષા કાંઈ ઘરમાં ચાલે છે? કાંઈ છોકરા સાથે ચાલે છે ભાષા ઈ? આહા..હા..! આ છોકરામાં શું, અપાસરે ક્યાં ચાલે છે આવી વાત અત્યારે? આહા..હા..! આવી ક્યાં ... કહે છે આ સભા ખુશી થાય એવી વાત કરીએ જેથી રાજી થાય. વાહ! વાહ! ધર્મકથા કરનાર. હવે આમાં કાંઈ શું આ કહે છે?

એ કહે છે વાસ્તવિક સત્‌નું સત્ત્વપણું, સત્‌નું સત્ત્વ. ભગવાન આત્મા સત્ છે, એનું સત્ત્વ જે સત્તાગુણ છે. આહા..હા..! એ સત્ત્વ જે સત્તા નામનો ગુણ છે એને અહીં પરિણામ કહ્યા છે અને પરિણામ છે તે ગુણ છે અને એ ગુણને ત્રણ પ્રકારના પર્યાયવાળો એ સ્વગુણ છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવવાળો એ ગુણ છે અને એ ગુણમાં વર્તતું દ્રવ્ય પણ તે પ્રકારે પરંપરાની પદ્ધતિમાં પરિણામમાં એ દ્રવ્ય જ વર્તે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પરંપરાએ એટલે?

ઉત્તર :- એમને એમ ચાલ્યા જ જાય છે. જેમ ક્રમે ક્રમે પરિણામ થાય છે એમાં દ્રવ્ય પણ એમ જ વર્તે છે એમ.

જુઓ! '**ત્રિલક્ષણ...**' પરિણામ એવો ગુણ એવી એની પરંપરા. પરિણામોની પરંપરા. ત્રિલક્ષણ પરિણામ. ત્રણ લક્ષણ પરિણામ કીધાને ઓલા સત્તાને. એની પરંપરામાં વર્તતું દ્રવ્ય. એ પરંપરા એ દ્રવ્ય વર્તે છેને? સ્વભાવમાં દ્રવ્ય વર્તે છે કે નહિ? અને સ્વભાવ તે ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. સ્વભાવ તે ઉત્પાદ, વ્યય અને ધ્રુવ છે અને એમાં દ્રવ્ય વર્તે છે. બહુ લોજિકથી વાત છે જરી. સમજાણું કાંઈ? ઓલો રવિન્દ્ર કહેતો હતો રવિન્દ્ર હોં, ભારે! આ વાત તો

લોજિકથી બધી વાત કરે છે. મગજવાળા હોય તો એને બેસે એવી, એકદમ ન્યાયથી બેસે એવી વાત છે. રુચિવાળાને બેસી જાય. મગજ કાંઈ વધારે ન હોય તો એનું કાંઈ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

નિઃસંદેહ નિઃશંક થઈ જા કે આ ત્રિલક્ષણી પરિણામવાળું દ્રવ્ય એનું અનુમોદન એટલે ત્યાં દૃષ્ટિ ઠરાવ એમ કહે છે. સમજાય છે કાંઈ? એ પરિણામના ત્રણ લક્ષણ એમાં વર્તતું દ્રવ્ય તે ત્રિલક્ષણી દ્રવ્યને અનુમોદવું. દ્રવ્યને ત્રણ લક્ષણવાળું જાણવું. એ દ્રવ્ય પોતે લક્ષ કરતાં એના ત્રણ (લક્ષણ)—નવી અવસ્થાથી ઉત્પન્ન થયું, જૂની અવસ્થાથી નાશ થયું, સદશ સ્વભાવથી રહ્યું. એ ત્રણ પરિણામરૂપી સ્વભાવમાં દ્રવ્ય વર્તે છે. એમ દ્રવ્યને ત્રણ લક્ષણવાળું માન્ય રાખવું. સમજાણું કાંઈ? છેને સામે પાઠ છે કે નહિ? આ પાઠનો અર્થ થાય છે કે નહિ? કોનો અર્થ થાય છે આ? શેઠ કહેતા હતા બિચારા શાંતિપ્રસાદ હોં. આ લોકો આમ કહે છે, પણ મહારાજ તો શાસ્ત્રના પાઠનો અર્થ કરીને બતાવે છે. બિચારાને બીજી કાંઈ ખબર ન હોય. એટલી તો ખબર હોય. આ તો પાઠનો શબ્દ બોલે છેને. આ એનો અર્થ થાય, આ એનો અર્થ થાય. લોકો આ રીતે બધા કેટલાક કહે છે. ઘરનું કહે છે ઘરનું. એટલું જરી.. શાંતિપ્રસાદ. આહા..હા..! અહીં તો કેટલી સમાવી દીધી છે વાત!

'**આ પ્રમાણે સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામપદ્ધતિમાં (પરિણામોની પરંપરામાં) વર્તતું દ્રવ્ય સ્વભાવને નહિ અતિક્રમતું...**' ઓલું ત્રિલક્ષણ પરિણામપદ્ધતિ કીધીને? ત્રણ લક્ષણ પરિણામપદ્ધતિ. પદ્ધતિનો અર્થ પછી પરંપરા કહ્યો. પરંપરા. પણ મારે તો બીજું કહેવું છે. હું તો અટક્યો હતો ત્યાં કે ત્રિલક્ષણ પરિણામપદ્ધતિ, પરિણામપદ્ધતિ એટલે કે પરિણામની હારમાળા, પરિણામોની હારમાળા. સત્તાના જે ત્રણ પ્રકારના લક્ષણવાળા પરિણામ એની હારમાળા. ત્રિલક્ષણ પરિણામ પદ્ધતિ એટલે પરિણામ, ત્રિલક્ષણ પરિણામવાળો સ્વભાવ. આ તો ત્રિલક્ષણ પરિણામ જે છે એ પરિણામ એક એક પર્યાયને લાગુ પડે છે કે એ પરિણામ ત્રણે સત્તાને ત્રણને લાગુ પડે છે? એમ. શું કહ્યું સમજાણું? ભાઈ!

આ ત્રિલક્ષણ પરિણામ, ત્રિલક્ષણ પરિણામ એક એક પર્યાયને લાગુ પડે છે. ત્રિલક્ષણ પરિણામ તો ત્રણ લક્ષણ પરિણામવાળું તો દ્રવ્ય છે, સત્તા છે. ત્રણ લક્ષણ પરિણામવાળી તો સત્તા છે. સમજાણું? ત્રિલક્ષણ પરિણામ, ત્રણ લક્ષણવાળી સત્તા એ પદ્ધતિમાં-એ સત્તાની પરંપરામાં આમાં આમાં વર્તતું દ્રવ્ય તે સ્વભાવને નહિ અતિક્રમતું હોવાથી. શું કહું છું સમજાય છે? વસ્તુ છે એનો એ સ્વભાવ સત્તા ગુણ-પરિણામ, એના ત્રણ લક્ષણ. એકના ત્રણ લક્ષણ. હવે એકના ત્રણ લક્ષણ એટલે? અવસ્થાથી ઊપજે નવી, જૂની અવસ્થાથી જાય, ટકે ધ્રુવ. એવી જે સત્તા નામના ગુણની ત્રણ પરિણામ લક્ષણવાળું સ્વરૂપ, ત્રણ પરિણામ લક્ષણ મૂળ તો ગુણ થયો, ગુણ થયો. ત્રણ લક્ષણવાળો તો ગુણ થયોને. કાંઈ ત્રણ લક્ષણવાળી એક પર્યાય ન થઈ. ત્રણ લક્ષણ પરિણામ પદ્ધતિ. એટલે ત્રણ લક્ષણ પરિણામ એટલે એક

પર્યાયને ત્રણ લક્ષણ ન લાગુ પડે.

મુમુક્ષુ :- તમે લાગુ પાડ્યાને.

ઉત્તર :- ક્યાં? એ બીજી વાત છે. એ અહીં નથી લાગુ પડતું. ત્યાં તો બીજી વાત સિદ્ધ કરી છે. એ તો સિદ્ધ કરવા માટે વાત કરી હતી. શાસ્ત્ર તો આ છે. આ ગાથાનો અર્થ તો આ છે. ગાથા. ઓલી તો વાત સિદ્ધ કરી હતી. સમજાય છે કાંઈ આમાં?

**'આ પ્રમાણે સ્વભાવથી જ...'** અહીં પ્રશ્ન ક્યાં ઉઠ્યો? કે ત્રિલક્ષણ પરિણામ. તે ત્રણ લક્ષણ પરિણામવાળું તો સત્તા થઈ. ત્રણ લક્ષણ પરિણામવાળો પર્યાય ન થાય. એક એક પર્યાય ત્રણ લક્ષણવાળી નથી. એટલે હવે એક એક પર્યાય આમ વર્ત્યા કરે છે એમ ન લેતા, ત્રણ લક્ષણ પરિણામવાળું દ્રવ્ય એ પોતે એની પદ્ધતિમાં એમને એમ વર્ત્યા કરે છે. એવું એમાં વર્તતું દ્રવ્ય, એમ. ત્રિલક્ષણ પરિણામ એવી પદ્ધતિની પરિણામોની અથવા એ પરિણામની, દ્રવ્યની, ઓલા સત્તાની અને એના જે પર્યાય ત્રણ, એના પરિણામમાં પરંપરાએ વર્તતું દ્રવ્ય સ્વભાવને નહિ અતિક્રમતું. એ સત્તાના ત્રણ લક્ષણવાળા જે ભાવ છે એમાં એ વર્તે છે તે દ્રવ્ય પણ તેને ઓળંગતું નથી. દ્રવ્ય એમાં વર્તે છેને સત્તામાં? દ્રવ્ય સત્તામાં વર્તે છેને કે દ્રવ્ય જુદું વર્તે છે? ક્યાં વર્તે છે દ્રવ્ય? દ્રવ્યમાં દ્રવ્ય વર્તે છે કે દ્રવ્ય સત્તામાં વર્તે? એના સ્વભાવમાં વર્તે છે એ તો સિદ્ધ કર્યું પહેલું.

સ્વભાવવાન એ તો થયું. પણ હવે શેમાં છે એ? સ્વભાવમાં છે. સ્વભાવમાં છે. સ્વભાવ શું છે? કે સત્તા છે. સત્તા શું છે? ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત પરિણામ છે. ત્રણ લક્ષણી સત્તા. સમજાણું કાંઈ? ભારે ભાઈ! ઓલું તો ઈચ્છામી પડિક્કમણું કરીને દયા પાળવી. એય..! ભગવાનભાઈ! વ્રત પાળવા, લ્યો આ મંદિર કરવું, બિચારા જુઓ કેટલો ફેર થઈ ગયો કાલે? એ ઓલા મંદિરમાંથી નથી થયું હોં, કાંઈક ઉપર થયું છે બીજું. સમ્મેદશિખરની રચના ઉપર કરતા હશે. આપણે ગયા હતા તે દિ' વાત કાંઈ થતી નહોતી. કોણ જાણે કોઈએ કીધું નહિ. હમણા જ ગયા હતા. ત્યાં ઉપરથી થયું છે. ઓલું તો વચમાં મંદિર છે. ઉપર કાંઈક થયું. શેત્રુંજય રોવે છે એમ આવ્યું છે. બહુ દુઃખ થયુંને, મરી ગયા બિચારા. એકદમ પડ્યું. આહા..હા..! બાપુ! કાંઈ અકસ્માત તો છે જ નહિ. એના ક્રમમાં એ પરિણામ એ જ ઉત્પન્નના સંભવતા અને એ જ વખતના પૂર્વ પર્યાયનો વ્યય હતો, ધ્રુવ છે એ પરિણામ સત્તામાં દ્રવ્ય ચાલ્યું આવે છે આમને આમ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અહીં ગુણ લેવાના?

ઉત્તર :- અહીં ગુણ. પરિણામ એટલે ગુણ. પરિણામ એટલે સત્તા. સત્તા નામનો ગુણ તેને અહીંયાં પરિણામ કીધો છે. ૧૦૯માં કીધું પાછું. ૧૦૯માં કીધુંને ચોખ્ખું ત્યાં. ૧૦૯માં તો ચોખ્ખું કીધું છે. એ તો વાત થઈ ગઈ છે પહેલી. **'દ્રવ્ય સ્વભાવમાં...'** ૧૦૯. **'દ્રવ્ય સ્વભાવમાં નિત્ય અવસ્થિત હોવાથી સત્ છે—'** લ્યો! એ શબ્દ અહીંનો. ૧૦૯. **'દ્રવ્ય**

**સ્વભાવમાં નિત્ય અવસ્થિત હોવાથી સત્ છે—એમ પૂર્વે (૯૯મી ગાથામાં) પ્રતિપાદિત કરવામાં આવ્યું છે; અને (ત્યાં) દ્રવ્યનો સ્વભાવ પરિણામ કહેવામાં આવ્યો છે.'** દેખો! દ્રવ્યનો સ્વભાવ પરિણામ કહ્યો છે. એ પરિણામ ઉત્પાદ-વ્યય એમ નહિ. **'દ્રવ્યનો સ્વભાવ પરિણામ કહેવામાં આવ્યો છે. અહીં એમ સિદ્ધ કરવામાં આવે છે કે જે દ્રવ્યના સ્વભાવરૂપ પરિણામ છે, તે જ 'સત્'થી અવિશિષ્ટ...'** અસ્તિત્વથી એકમેક. જુઓ! **'(અસ્તિત્વથી કોઈ બીજો નહિ એવો) ગુણ છે.'** એ સત્તા નામનો ગુણ છે. જેને ત્યાં પરિણામ કહ્યા એને અહીં સત્તા નામનો ગુણ કહ્યો છે. અસ્તિત્વ ગુણ-અસ્તિત્વ ગુણ. સમજાણું કાંઈ?

અરે! જ્ઞાનની ગોષ્ઠી પણ ઊંચી છે! એના જ્ઞાનમાં એ વાતને લક્ષમાં લઈ અને એનું મનન કરવું, એનો વિચાર ગોઠવવો જોઈએને અંદર ન્યાયથી કે આ વસ્તુ છે એને ગુણ છે. એ ગુણ સ્વભાવ છે એને પરિણામ કીધા છે, એમાં દ્રવ્ય વર્તે છે. તો એનો પરિણામ ઓલો પરિણામ ગુણને કીધોને તો એ પરિણામ પાછા કેવા છે? ત્રણ લક્ષણવાળો છે એ ગુણ. એ ગુણ જ ત્રણ લક્ષણવાળો છે. સ્થિતિ, સંભવ, ઉત્પાદ, ટકવું, ઉપજવું, નાશ થવું. એક સમયે ત્રણની એકતા છે. એમ થયુંને પાછું? ઓલામાં આવી ગયુંને ઈ આપણે? માથે આવી ગયું અર્થમાં. દ્રવ્યનો ધ્રુવ ઉત્પાદ વિનાશની એકતાસ્વરૂપ પરિણામ છે. ત્રણનો એકરૂપ ગુણ છે, ત્રણનો એકરૂપ ગુણ છે. ઉત્પાદનો જુદો ગુણ, વ્યયનો જુદો ગુણ, ધ્રુવનો જુદો એમ નથી. સમજાણું કાંઈ? ઘણાંને તો નવું જેવું હોય, કેટલાકે ન સાંભળ્યું હોય એને. સમજાણું કાંઈ?

આ આત્મા છે એનો પોતાનો સ્વભાવ સત્તા છે. એ સત્તા ત્રણ લક્ષણવાળી છે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. એવા ત્રણ લક્ષણવાળી સત્તા એમાં આત્મા રહેલો છે. એ એના ઘરમાં રહેલો છે એમ કહે છે. એ તો આવી ગયોને વિસ્તાર, વાસ્તુમાં. બીજે ક્યાંય રહેલો નથી. શરીરમાં નથી, કર્મમાં નથી, રાગમાં નથી, એ પોતે પોતાના અસંખ્ય પ્રદેશરૂપી ઘર, એનો જે સત્તા નામનો જે સ્વભાવ એમાં રહેલો છે. આહા..હા..! આ તો ઘણા ખેતર હોય, ઘણા મકાન હોય તો એટલામાં રહેલો પડ્યો પાથર્યો નથી? નથી દાખલો આવતો? એક યોજનમાં રાજા નીકળ્યો. આવે છે કે નહિ? મોટો પડાવ કરીને નીકળેને. એક યોજનમાં રાજા આવી ગયો. રાજા ક્યાં આવી ગયો એમાં? રાજા તો ત્યાં છે. એમ આત્મા. આ બધું લશ્કર એનું છે. એનું લશ્કર ક્યાં છે? સૌનું સૌનું જુદું જુદું છે. કહો, આને પરિવાર મોટો, પૈસા મોટા, મકાન ઘણાં. શું કહે છે? હામ, દામ ને ઠામ. અહીં તો કહે છે, એના હામ અને ઠામ એની પાસે છે. એનું ઠામ પણ એની પાસે છે, બહાર છે નહિ. એનું બળ એની પાસે. સામ, દામ-લક્ષ્મી એની પાસે, ઠામ-એનું ક્ષેત્ર એની પાસે. કહો, આહા..હા..!

**'સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામપદ્ધતિમાં વર્તતું દ્રવ્ય...'** એ ત્રણ લક્ષણવાળો

સત્તા ગુણ એની પરંપરામાં વર્તતું '**દ્રવ્ય સ્વભાવને નહિ અતિક્રમતું હોવાથી...**' તે આત્મા અથવા પરમાણુ તેના સ્વભાવને નહિ છોડતા હોવાથી સત્ત્વને એટલે સત્‌ને એટલે દ્રવ્યને '**ત્રિલક્ષણ જ અનુમોદવું—**' પણ સ્વભાવના આવા ત્રણ લક્ષણ છે તો આ એમાં રહેલું દ્રવ્ય છે એ એના ગુણને છોડતું નથી, તો દ્રવ્યને પણ ત્રણ લક્ષણવાળું માનવું. કહો હવે તો સાદી ભાષા થઈ કે નહિ? આહા..હા..! ભાવ ગંભીર પણ એમાં ખ્યાલ રાખે તો પકડાય એવું છે. કેમ? અરૂણભાઈ! સમજાય એવું છે કે નહિ?

વસ્તુ દ્રવ્ય, સત્તા સ્વભાવ, સત્તા ઉત્પાદ-વ્યયવાળો પરિણામ. એ પરિણામ છે સત્તા. ઉત્પાદ-વ્યયવાળો પરિણામ. એ પરિણામમાં રહેલું દ્રવ્ય, પરિણામ પણ આમ જ્યારે ત્રણ પરિણામવાળો સ્વભાવ છે એમાં રહેલું દ્રવ્ય પણ ત્રણ પરિણામવાળું અનુમોદવું. એને પણ ત્રણ પરિણામવાળું જાણવું. જેવો એનો સત્તા ગુણ છે એવો જ એ આત્મા છે. એના સત્તા ગુણના જેમ ત્રણ લક્ષણ છે, એમ દ્રવ્ય એટલે ભગવાન આત્મા, પરની સત્તાથી જુદો, પોતાની સત્તામાં ત્રણ લક્ષણના પરિણામમાં પરંપરા વર્તે છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ભારે!

એ રીતે '**મોતીના હારની માફક.**' લ્યો હવે મોતીનો હાર આવ્યો. '**જેમ જેણે (અમુક) લંબાઈ ગ્રહણ કરેલી છે...**' જુઓ આ! આ છેને લંબાઈ. '**અમુક લંબાઈ ગ્રહણ કરેલી છે એવા લટકતા...**' લટકતા, આ લટકતા. લંબાઈ તો આમ પણ હોય, પણ આમ લટકતા. '**લટકતા મોતીના હારને વિષે, પોતપોતાનાં સ્થાનોમાં પ્રકાશતાં...**' એક-એક મોતી પોતપોતાના સ્થાનમાં છે. જ્યાં આ છે ત્યાં આ નથી, આ છે ત્યાં આ નથી. જ્યાં... જ્યાં... જ્યાં... જ્યાં... એ પોતપોતાના સ્થાનમાં છે. પોતપોતાના સ્થાનમાં છે કે નહિ? ૧૦૮ દાણા પોતપોતાના સ્થાનમાં છે કે બીજાના સ્થાનમાં છે? એનું સ્થાન ફરતું હશે? તોડી નાખે તો ફરે.

મુમુક્ષુ :- તો એ હાર ન કહેવાય.

ઉત્તર :- તો પછી હાર ન કહેવાય. શું પણ..? દાખલા આપે હારનો અને પછી કહે હારને તોડી નાખીએ તો? તોપણ એ તો હાર જ ન કહેવાય. તોડ્યો એ તો એક એક મોતી જુદું (થઈ ગયું). એને હાર ક્યાં કહેવો છે અહીંયાં? એના સંબંધે તો દોરાનો આખો છે જુઓ! આ હાર છે, આ દોરો સળંગ છે, એક-એક મોતી જુદું છે. આ હાર છે તે દ્રવ્ય છે, દોરો છે તે ગુણ છે અને મોતી છે તે પર્યાય છે. એક... એક... એક... એક... એક... હવે અહીંયાં ક્ષેત્રની વાત કરે છે પહેલી.

'**જેમ જેણે (અમુક) લંબાઈ ગ્રહણ કરેલી છે એવા લટકતા મોતીના હારને વિષે, પોતપોતાના સ્થાનોમાં પ્રકાશતાં...**' પોતપોતાના સ્થાનમાં જણાતા, પ્રકાશતાં '**સમસ્ત મોતીઓમાં,...**' સમસ્ત મોતીઓમાં. પોતપોતાના સ્થાનમાં પ્રકાશતા.. '**પોતપોતાના**

**સ્થાનોમાં...**' સમસ્ત મોતીમાં પ્રકાશતા એમ કહે છે. બધા જેટલા દાણા છે એ પોતપોતાના સ્થાનમાં સમસ્ત પ્રકાશે છે. કે આડાઅવળા પ્રકાશે છે? જાધવજીભાઈ! પોતપોતાના સ્થાનમાં છે.

મુમુક્ષુ :- એ મોતી હોય ત્યાં મોતીનો પ્રકાશ હોયને.

ઉત્તર :- એ પ્રકાશ એટલે અસ્તિ બતાવે છે એમ.

'**પોતપોતાના સ્થાનોમાં પ્રકાશતાં...**' એટલે પોતાની હયાતી બતાવતા ત્યાં ત્યાં સ્થાનમાં તેની. '**સમસ્ત મોતીઓમાં, પછી પછીનાં સ્થાનોએ પછી પછીનાં મોતીઓ પ્રગટ થતાં...**' દેખો! સામાન્ય કરીને પછી કહ્યું કે સમસ્ત પછી પછીના સ્થાનોએ. જેમ અહીં અહીં લીધું. તો આ પછી આ.. આ.. એમ સ્થાનોમાં. '**પછી પછીના સ્થાનોએ પછી પછીનાં મોતીઓ પ્રગટ થતાં હોવાથી અને પહેલાંપહેલાંના મોતીઓ નહિ પ્રગટ થતા હોવાથી...**' જેને આમાં લક્ષ લીધું આ દાણા ઉપર, તો હવે ગયા એ કાંઈ ફરીને આવવાના નથી અને આ છે એ આવ્યા નથી. પછી-પછીમાં પ્રકાશે છે, પહેલા-પહેલામાં પ્રકાશે છે. આ દાણાનું એક લક્ષ કરો તો પહેલામાં પહેલા પ્રકાશે છે અને પછીમાં એ પછી પ્રકાશે છે. પછીના પહેલામાં આવી જાય અને પહેલામાં પછીના આવી જાય એમ છે નહિ. સમજાણું કાંઈ? ભારે!

'**પછી પછીના સ્થાનોએ પછી પછીનાં મોતીઓ પ્રગટ થતાં હોવાથી અને પહેલાંપહેલાંના મોતીઓ નહિ પ્રગટ થતા હોવાથી...**' થયું? પ્રગટ અને નહિ પ્રગટ એમ લીધું ઓલા ઉત્પાદ-વ્યયની અપેક્ષાએ. '**બધેય પરસ્પર અનુસ્યૂતિ રચનારો દોરો અવસ્થિત હોવાથી...**' લ્યો! પણ બધે એના જોડાણરૂપ જે દોરો છે. દોરો અંદર જોડાણ(રૂપ) દોરો. મોતી તો અહીં છે એ અહીં નહિ અને અહીં છે તે અહીં નહિ, પણ દોરો તો સળંગ વ્યાપી ગયો છે બધે. એમ '**દોરો અવસ્થિત હોવાથી...**' એ દરેક મોતીમાં દોરો કાયમ એકપણે રહેવાથી '**ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે;...**' ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે. પોતપોતાનાં સ્થાનમાં પ્રગટ છે, બીજાના સ્થાનમાં પ્રગટ નથી એટલે ઉત્પાદ-વ્યય થયો અને ત્યાં ત્યાં તે પ્રકાશે એટલે ધ્રુવ થયો, એવું ત્રિલક્ષણપણું દોરો ગુણ લીધો ત્યાં. '**અવસ્થિત હોવાથી ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે;...**' એટલો તો હારનો દાખલો આપ્યો. ઉતારવું છે આત્મામાં. એ કાંઈ મૂળ પાઠમાં નથી. એ તો દાખલો આપીને મૂળ પાઠની વાત સિદ્ધ કરે છે.

'**તેમ જેણે નિત્યવૃત્તિ ગ્રહણ કરેલી છે...**' દેખો! આત્માએ નિત્ય નામ કાયમ, નિત્ય ટકવાપણું, નિત્ય હયાતી, સદા વર્તવું જેણે ગ્રહણ કર્યું છે એટલે કે છે. દરેક દ્રવ્ય પોતાના વસ્તુથી નિત્યવૃત્તિ ગ્રહણ કરેલી છે. કાયમ ટકવાપણું જેણે ધારણ કર્યું છે. દ્રવ્ય કાયમ ટકવાપણે છે કે કોઈ વખતે છે અને નથી એમ છે? કહો, સમજાણું? દ્રવ્ય છે એ કોઈ વખતે ટકે છે અને કોઈ વખતે નથી એમ છે? કે કાયમ ટકવાપણે છે? આ મરી જાય

ત્યારે ટકવાપણું ક્યાં રહે છે? કોણ મરે? એ તો મનુષ્યની પર્યાય બદલી, દેવની પર્યાય થઈ. આત્મા તો એમને એમ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેમ જેણે નિત્યવૃત્તિ...**' એટલે દ્રવ્યે—વસ્તુએ નિત્ય નામ કાયમ ટકવું એવું જેમાં છે '**એવા રચાતા દ્રવ્યને વિષે,...**' એવા રચાતા દ્રવ્યને વિષે. હવે અહીં પરિણામની વાત કરવી છે. ઓલું સ્થાન હતું, ક્ષેત્ર હતું. '**પોતપોતાના અવસરોમાં પ્રકાશતા...**' દેખો! જે સંભવ નામ ઉત્પાદ છે પર્યાયનો તે તે પોતપોતાના સ્વકાળમાં. આપણે જરીક અર્થ કર્યો છે આમાં ભાવાર્થમાં. '**દરેક પરિણામ સ્વ-કાળમાં પોતાના રૂપે ઊપજે છે,...**' ભાવાર્થની ત્રીજી લીટી. અહીં તો સંભવ ઉપર વજન છે. એને સંભવ હોય ત્યાં વ્યય હોય છે અને વ્યય હોય ત્યાં ધ્રુવ હોય છે. ત્રણે એક સમયે હોય છે. કાંઈ ફેર છે? એમ. એક વસ્તુ લાવે તો પાછા કેટલી કિંમતની છે? કેટલી ટકશે? કેટળો કાળ ટકશે? હવે કેટલી લાંબી વાતું કરે છે! એ તો નાશવાન છે. ટકવાનું માને તો નાશ થઈ જશે ફટ દઈને લ્યો. ઓહો..હો..! જુઓને સવારે બિચારા ગયા હશે ગરીબ માણસો. હવે ખબર હશે એના છોકરાને કે આ મરી જશે આજે? બે રૂપિયા લાવતા હોય દાડીયાના. હાય.. હાય..! કોઈ ઘાયલ થઈ ગયા હોય એ પચ્ચીસ-પચાસ દિ' કાઢે. એ બધું પૈસા ગયા, ઓલું ગયું, ઓલું ગયું. આ બધું જુઓ નાશવાન. પર્યાય પલટે છે તે તે કાળે.

'**પોતપોતાના અવસરોમાં પ્રકાશતા...**' તે પર્યાય તે કાળે પોતાને કારણે પ્રકાશી છે. સમજાણું કાંઈ? ઓલામાં એમ હતું લંબાઈ ગ્રહણ કરેલી છે એમ હતું. આમાં નિત્ય વૃત્તિ ગ્રહણ કરેલી છે એમ લેવું છેને. ત્રિકાળ આમ ઊંચું. એટલે? એ કાળ છે. ઓલામાં એ (હતું કે) લંબાઈ ગ્રહણ કરી, એમ. આમ લાંબો છે એમ. '**એવા રચાતા (પરિણમતા) દ્રવ્યને વિષે,...**' કાયમપણું જેમાં નિત્યપણું ટક્યું છે '**એવા રચાતા દ્રવ્યને વિષે,...**' દ્રવ્યને વિષે, પરિણમતા દ્રવ્યને વિષે '**પોતપોતાના અવસરોમાં પ્રકાશતા...**' હવે આવો તો ચોખ્ખો લેખ છે. દરેક દ્રવ્યને પોતપોતાના અવસરમાં, કાળમાં, કાળમાં, પોતપોતાના કાળમાં પ્રકાશતા. પણ એમ જ હોયને. સ્વકાળથી છે અને પરકાળથી નથી. ત્યારે એક સમયનો જે પર્યાય છે તે સ્વકાળે થયો, ખલાસ થઈ ગયો. સમજાણું કાંઈ?

'**પોતપોતાના અવસરોમાં પ્રકાશતા સમસ્ત પરિણામોમાં,...**' બધા પરિણામ હોં પણ પાછા. '**પોતપોતાના અવસરોમાં પ્રકાશતા સમસ્ત પરિણામોમાં,...**' આહા..હા..! ત્રણે કાળના પરિણામમાં પોતપોતાના અવસરે પ્રકાશતા, પ્રગટ થતાં '**પછીપછીના અવસરોએ પછીપછીના પરિણામો પ્રગટ થતા હોવાથી...**' સમજાણું? પહેલા થઈ ગયા એ હવે નહિ પ્રગટ થાય. પછીના પછી થશે, પહેલાના થઈ ગયા. સમજાણું કાંઈ? '**સમસ્ત પરિણામોમાં, પછીપછીના અવસરોએ પછીપછીના પરિણામો પ્રગટ થતા હોવાથી અને પહેલાંપહેલાંના પરિણામો પ્રગટ નહિ થતા હોવાથી...**' જુઓ! પરિણામ ઉત્પાદ થાય

છે, ગયા છે એ થઈ રહ્યું—વ્યય થઈ ગયા છે, નવા નવા થાય એ પછી થશે, આના પછી થશે, પહેલા થયા એ નહિ, પછી થશે એ નવા.

‘**પ્રગટ નહિ થતા હોવાથી તથા બધેય પરસ્પર અનુસ્યૂતિ...**’ નામ જોડાણથી. એક પરિણામને બીજા પરિણામનું જોડાણરૂપ ભાવ ‘**રચનારો પ્રવાહ અવસ્થિત (-ટકતો) હોવાથી ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે.**’ એ દ્રવ્યનું પણ ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે. લ્યો! સમજાણું કાંઈ? હોવાવાળો ગુણ જ્યારે ત્રણ લક્ષણવાળો છે અને એમાં રહેલો આત્મા પણ તે જ રીતે ત્રણ લક્ષણવાળો છે. પોતપોતાના સમયે ત્યાં પરિણામ પ્રકાશે છે. પહેલા તો એમ લીધા કે બધા પરિણામ ત્રણે કાળના પોતપોતાના સમયે પ્રકાશે છે. હવે પ્રકાશે છે એ પ્રકાશી ગયા એ પૂર્વે ગયા, નથી થયા એ પછી. પછી થશે તે પહેલા નહિ આવે અને પહેલા થયાં એ પછી આવશે નહિ. એમને એમ ઊભા છે એમ કહે છે ત્રણ કાળના પરિણામ. ઓહો..હો..! એક દ્રવ્યના ત્રણ કાળના પરિણામ સર્વજ્ઞે જોયા હશે કે નહિ? અનંત દ્રવ્યના જોયા છે એમણે તો. જ્યાં જ્યાં જે પરિણામ ત્રણ કાળના પરિણામ, સમસ્ત પરિણામ હોવાથી કીધુંને. જુઓ!

‘**એવા રચાતા દ્રવ્યને વિષે, પોતપોતાના અવસરોમાં પ્રકાશતા સમસ્ત પરિણામોમાં,...**’ બધા અનંત આત્માઓ, અનંતા પરમાણુઓ એના પરિણામો જે ત્રણ કાળમાં જ્યાં જ્યાં થવાના તે તે કાળમાં, ‘**પછીપછીના અવસરોએ પછીપછીના પરિણામો પ્રગટ થતા હોવાથી...**’ લ્યો! ભવિષ્યના તો પછીના થાય અને ‘**પહેલાંપહેલાના પરિણામો નહિ પ્રગટ થતા હોવાથી તથા બધેય પરસ્પર...**’ અન્વય જોડનારો દોરો પ્રવાહ ઓલામાં હતો. એમ અહીં પ્રવાહ અસ્તિત્વ હોવાથી ‘**અનુસ્યૂતિ રચનારો પ્રવાહ અવસ્થિત હોવાથી...**’ ઓલામાં દોરો હતો. ‘**ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે.**’ આત્મા ત્રણ લક્ષણપણે પ્રસિદ્ધિ નામ સિદ્ધ થાય છે. પરમાણુ ત્રણ લક્ષણે પ્રસિદ્ધ નામ સિદ્ધ થાય છે. એમ કાળાણુ એક એક તે ત્રણ લક્ષણે સિદ્ધ થાય છે. આહા..હા..! જુઓ! આ જ્ઞાનપ્રધાન સમ્યગ્દર્શનનો અધિકાર છે.

મુમુક્ષુ :- .. આવી ગયાને?

ઉત્તર :- હા, ત્રણ પર્યાય થઈને એક ગુણ છે. અને એ ગુણમાં આત્મા રહ્યો છે, માટે આત્મા પણ ત્રણ લક્ષણવાળો છે. કેટલું આમાં યાદ રાખવું? ઘરની વાત હોય એ યાદ રહે. આ તો યાદ રહે નહિ, આ તો અંદર ભરાઈ જાય એવી વાત છે. યાદ રાખવું છે ક્યાં? સમજાણું કાંઈ?

ભાઈ! આ પરમાણુ જે છે એક રજકણ જુઓ પોઈન્ટ છેને પરમાણુ? એ પરમાણુ સત્ કેમ કહેવાય છે? કે સત્તા ગુણમાં રહેલો માટે સત્ કહેવાય છે. એ પરમાણુ એક એ સત્ કેમ કહેવાય છે સત્? કે સત્તા નામના ગુણનો સ્વભાવ છે, ગુણસ્વભાવ એમાં રહેલો

માટે સત્તા. અને એ પરમાણુમાં એ સ્વભાવ તે પરિણામ છે એના. સત્તા તે એના પરિણામ છે. અને એ પરિણામ ગુણ છે એ અર્થ છે, અર્થ છે તે દ્રવ્યથી ભિન્ન નથી. માટે અર્થમાં વર્તતા સ્વભાવમાં સ્થિતિ, સંભવ અને (વિનાશ), સ્થિતિ, સંભવ અને વિનાશ એવા સંબંધવાળી એ સત્તા છે. એ સત્તામાં વર્તતો પરમાણુ પણ ત્રણ લક્ષણવાળું છે. કહો, સમજાણું કાંઈ?

ઓલા કહે છે, પર્યાયને ફેરવવાનો અવસર ન રહેવા દીધો. શ્રદ્ધાગુણ વળી એ કીધું. એ કહે બધું ફેર પણ. ફરે કોણ? છે એમાં છે. આહા..હા..! આ તો જ્યાં હોય ત્યાં પર્યાય થાય તે તે જ થાય, ત્યારે શ્રદ્ધાને પણ ફેરવાય. પણ એ થાય એમ નક્કી કરવા જા ત્યાં તારી દૃષ્ટિ ફરી જાય. સાંભળને. અહીંયાં અનુમોદવું શું કહે છે? જે આ પ્રમાણે છે તે પર્યાય તે દરેક ત્રણકાળમાં જેટલા પરિણામ તે તે સ્થાને, તે તે કાળે થશે. પૂર્વના પૂર્વે ગયા, પછીના પછી (આવશે). એમ ત્રણ લક્ષણવાળી જે સત્તા તેમાં વર્તતું દ્રવ્ય પણ ત્રણ લક્ષણવાળું જ છે. એ દ્રવ્યના જ એ પ્રકારે પરિણામો વહ્યા કરે છે. આહા..હા..! ઝીણું પડે એટલે ઝાઝી સભા આમાં બેસે નહિ. ઝાઝી સભા આમાં ભેગી થાય નહિ. આપણે તો જેટલા હોય એટલા સાંભળ્યા જ કરે બીજું અહીં શું કરે? કેમ ઓલા તો ન સાંભળે તો ભાગે, ઉઠે કે આ શું માંડી આવી? અરે..! માંડી છે તારી, સાંભળને. તું કેવડામાં છો? કેવી સત્તામાં છો? એ સત્તાનું સ્વરૂપ શું છે? અને એનું ઉત્પાદ-વ્યય-ધ્રુવ જે લક્ષણ છે એનાથી કાયમ પરિણમી રહ્યા છે, એમાં તું છો, તું છે માટે એ પ્રકારના લક્ષણ પણ તને લાગુ પડે છે એમ કહ્યું છે. સમજાણું કાંઈ? કહો, સમજાણું આમાં? નેમિદાસભાઈ! બંગલાના અસ્તિત્વમાં આત્મા નથી અને આત્માના અસ્તિત્વમાં બંગલો નથી એમ કહે છે. સાચી વાત હશે?

મુમુક્ષુ :- આ શી રીતે સિદ્ધ થયું?

ઉત્તર :- આ સિદ્ધ ન થયું? બંગલાનો એક એક રજકણ છે એની સત્તામાં રહેલો છે. એ સત્તાનું સ્વરૂપ પરિણામ એ પરિણામ સત્તા. એનું સ્વરૂપ તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. એક સમયમાં એકતારૂપ છે અને એ સત્તામાં વર્તતું દ્રવ્ય છે તો તેના પણ આ રીતે પરિણામ એક સમયમાં ત્રણ થાય, એમ ત્રણે કાળ થાય છે. આઘા-પાછા થાતાં નથી. ભારે આચાર્યે વાત કરી છે, ઓહો..હો..! સમજાણું? દ્રવ્યને વિષે આવું વર્તે છે માટે **'બધેય પરસ્પર અનુસ્યૂતિ રચનારો પ્રવાહ અવસ્થિત હોવાથી ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે.'** લ્યો!

**'ભાવાર્થ :- દરેક દ્રવ્ય સદાય સ્વભાવમાં રહે છે...'** જુઓ! આવ્યું. **'દરેક દ્રવ્ય સદાય સ્વભાવમાં...'** એટલે પોતાનો ભાવ. પોતે ભાવવાન છે. અહીંયાં અસ્તિત્વ સ્વભાવમાં રહે છે. એમ બધા ગુણ છે એમ અહીં રહે છે એમ. અહીં તો અસ્તિત્વની એક ગુણની વાત કરી. છે સિદ્ધ કરવું છેને. **'દરેક દ્રવ્ય...'** એટલે આત્મા અને પરમાણુ દરેક **'સદાય સ્વભાવમાં રહે છે તેથી...'** તે દ્રવ્યને સત્ કહેવાય છે એમ કહે છે. **'તે સ્વભાવ ઉત્પાદવ્યયધ્રૌવ્યસ્વરૂપ પરિણામ છે.'** તે સ્વભાવ. સમજાણું કાંઈ? દરેક વસ્તુ અથવા

દ્રવ્ય સદાય પોતાના સ્વભાવમાં (રહેલું છે). પણ ભાવવાન તે એનો સ્વભાવવાન કીધો. પણ સ્વભાવવાન સ્વભાવમાં હોય કે સ્વભાવની બહાર હોય? સ્વભાવવાન સ્વભાવવાનમાં છે. એમ હોય? બીજા એમ કહે છે, સ્વભાવવાન સ્વભાવવાનમાં છે. સ્વભાવવાન સ્વભાવમાં છે. દ્રવ્ય દ્રવ્યમાં છે. પણ દ્રવ્ય શું છે ઈ? એનો અસ્તિ સ્વભાવ છે, સત્તા સ્વભાવ છે, સત્તા ગુણ છે, સત્તા એનો પરિણામ છે. એમાં એ દ્રવ્ય રહેલું છે. આહા..હા..!

'દરેક **દ્રવ્ય સદાય**...' નિત્ય આવ્યું હતુંને? એ '**સ્વભાવમાં રહે છે તેથી 'સત્' છે. તે સ્વભાવ ઉત્પાદવ્યયધ્રૌવ્યસ્વરૂપ પરિણામ છે.**' લ્યો! તે ગુણ ઉત્પાદવ્યયધ્રુવસ્વરૂપ પરિણામ એટલે ગુણ છે. '**જેમ દ્રવ્યના વિસ્તારનો નાનામાં નાનો અંશ તે પ્રદેશ છે,...**' જેમ દ્રવ્યનો વિસ્તાર, અસંખ્ય પ્રદેશી આત્મા એનો વિસ્તાર છે. એમાં '**નાનામાં નાનો અંશ તે પ્રદેશ છે,...**' એક અંશ છે અંશ. '**તેમ દ્રવ્યના પ્રવાહનો...**' દ્રવ્યના પ્રવાહનો આમ. પરિણામ થાય પ્રવાહ. એના '**નાનામાં નાનો અંશ...**' '**પ્રવાહનો નાનામાં નાનો અંશ...**' પાણીના લોઢ ચાલેને પાણીના લોઢ આમ એક પછી એક પ્રવાહ પાણીનો, એમ પર્યાયનો પ્રવાહ ચાલે છે. એ '**પ્રવાહના નાનામાં નાનો અંશ તે પરિણામ છે.**' ક્ષેત્રના વિસ્તારમાં નાનામાં નાનો અંશ તે પ્રદેશ છે અને '**દ્રવ્યના પ્રવાહનો નાનામાં નાનો અંશ તે પરિણામ છે,...**'

'દરેક **પરિણામ સ્વકાળમાં પોતાના રૂપે ઊપજે છે,...**' ઓલામાં છે એ? એમાં નહિ હોય. એમાં ન હોય. એ તો બહુ સાધારણ ભર્યું છેને. 'દરેક **પરિણામ સ્વકાળમાં પોતાના રૂપે ઊપજે છે,...**' પરિણામ સ્વકાળમાં પોતાના રૂપે ઊપજે છે. આત્મામાં જેટલા પર્યાય છે તે તે સમયના પર્યાયમાં તે તે પર્યાયરૂપે પર્યાય ઊપજે છે. કાંઈ દ્રવ્યરૂપે છે એ? ગુણરૂપે છે? પર્યાયરૂપે ઊપજે છે. પોતાનો કાળ જે છે તે પર્યાય તે કાળે ત્યાં પોતાના રૂપે, પોતાના સ્વરૂપે, પોતાની રીતે, પોતાના પ્રકારે ઊપજે છે. એનો સ્વકાળ છે એ. માણસ એમ કહે કે સ્વકાળ આમ થઈ જાય તો થઈ રહ્યું બધું, નિશ્ચય થઈ ગયું. નિશ્ચય જ છે. તારે નિશ્ચય કરવાનો છે. વસ્તુમાં તો છે.

'દરેક **પરિણામ સ્વકાળમાં પોતાના રૂપે ઊપજે છે,...**' ત્યારે થવા કાળે થાશે, અમારે પણ ધર્મ થવાનો હશે તે દિ' સ્વકાળે થાશે. એમ કહે તો? પણ એ ધર્મના પરિણામ કોના છે? એ ગુણના છે ગુણના. મિથ્યાત્વનો નાશ, સમકિતની ઉત્પત્તિ, સદશપણે રહેવું એ ગુણના પરિણામ અને એક ગુણમાં વર્તતું દ્રવ્ય છે. સમજાણું કાંઈ? માટે દ્રવ્ય પણ એ પ્રમાણે નક્કી કરે ત્યારે તેને પૂર્વના પરિણામનો વ્યય, નવાનો ઉત્પાદ અને ધ્રુવપણું. એટલે જે સમયે જે ઉત્પાદ છે, તે જ સમયે તે જ દ્રવ્યનો ઉત્પાદ થાય એ દ્રવ્યમાં લક્ષ થયું તો, તો એને ખ્યાલમાં આવ્યું. દ્રવ્યમાં લક્ષ થયું તો ખ્યાલમાં આવ્યું કે આ સમયે આ ઉત્પન્ન થયું. દ્રવ્યમાં લક્ષ નહોતું તો એને ખ્યાલમાં નહોતું. કયા કયા પરિણામે ક્યા

ક્યા કાળે ક્યાં ઊપજે છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નવી વાત કરી.

ઉત્તર :- ફરીને કહીએ. આ તો અનુમોદવું આવ્યુંને જરી? અનુમોદવું, આનંદથી સંમત કરવું એટલે લાંબો ખ્યાલ કર્યો કે આત્મા એના સમકિત પર્યાયથી ઉત્પન્ન થયો, મિથ્યાત્વથી નાશ થયો અને સમકિતની પર્યાયના સ્વકાળનું પરિણામ છે એ, એ સ્વકાળની અવસ્થા છે. એ સ્વકાળની અવસ્થામાં જે પરિણામ થયા, પૂર્વના ગયા અને ધ્રુવપણે છે શ્રદ્ધા આદિ અમુક. એ ગુણનું સ્વરૂપ છે એ, સમકિતનું સ્વરૂપ છે, શ્રદ્ધા નામના ગુણનું સ્વરૂપ છે, શ્રદ્ધા નામના ગુણનું સ્વરૂપ છે, શ્રદ્ધા નામનો ગુણ તેને પરિણામ કહીએ, સ્વભાવ કહીએ, તો એના ત્રણ પ્રકારના ભેદ પરિણામ તેનું લક્ષણ કહીએ, ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. તો એ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ જે શ્રદ્ધા નામનો ગુણ છે એના ત્રણ લક્ષણ છે અને તે કાળે તેમાં થાય છે. શેમાં? તે કાળે તે થાય છે. શેમાં? કે અહીં તો ગુણમાં કીધા. પણ ગુણમાં વર્તે છે દ્રવ્ય, એટલે દ્રવ્યમાં થાય છે. સમજાણું કાંઈ?

કેવળજ્ઞાનરૂપી પર્યાય તે કાળે થાય. એ કાળે થાય એ એના જ્ઞાનગુણનો તે કાળનો ઉત્પાદ છે જ્ઞાનગુણનો. ગુણ છેને એ પરિણામ છે પરિણામ. એટલે જેમ સત્તા પરિણામ, એમ આ જ્ઞાન પણ ગુણ. એ ગુણનો કેવળજ્ઞાન પર્યાય પરિણામ છે. એ પરિણામ ગુણનો પરિણામ છે અને એ ગુણમાં રહેલું દ્રવ્ય છે. એટલે દ્રવ્યનું લક્ષ અને ધ્યાન થાય ત્યારે આ પરિણામ એને ઉત્પન્ન થાય. સમજાણું કાંઈ?

'**દરેક પરિણામ સ્વ-કાળમાં પોતાના રૂપે ઊપજે છે,...**' 'સંભવ' શબ્દ પડ્યો છેને મુખ્ય તો, એ ઉત્પત્તિને બતાવે છે. ઉત્પત્તિ તે તે કાળના પરિણામને બતાવે છે. કાંઈ ઉત્પત્તિ એક સમયમાં બીજી અને ત્રીજી એવી ઉત્પત્તિ હોય? એક સમયમાં એક પરિણામની ઉત્પત્તિ હોય. અનંતા ગુણ છે, અનંતા ગુણ છે એ સ્વભાવ છે. એક ગુણમાં ત્રણ પરિણામ છે—ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. તો એ ગુણમાં ત્રણ પરિણામ છે તે તે કાળે છે. તો તે તે કાળે છે તેમાં ગુણ વર્તે છે અને એ ગુણમાં ગુણી વર્તે છે. માટે દ્રવ્યનું લક્ષ થતાં તે તે પરિણામ તે કાળે ઊપજે છે એનું એને સાચું જ્ઞાન થાય છે.

મુમુક્ષુ :- દ્રવ્ય પર્યાય..

ઉત્તર :- દ્રવ્ય પોતે પર્યાયપણે પરિણમે છે એમ.

મુમુક્ષુ :- ફેરવી શકાયને ઈ?

ઉત્તર :- ના. એ ફેરવે જ ક્યાં? પ્રશ્ન જ ક્યાં છે આ? ફેરવવાનો પ્રશ્ન જ ક્યાં છે? જે કાળે જે પરિણામ થાય છે. શેમાં? કે ગુણની પર્યાયમાં. હવે એ પર્યાય તે કાળે થાય છે, તે જ કાળે છે સ્વકાળે. થયું? તો એ પર્યાય કોની છે? કે ગુણની. ગુણમાં કોણ રહેલો છે? કે આત્મા. તો આત્માનું જ્યાં લક્ષ કરે તે સમયે જે પરિણામ થવાના તે થાય તેને

જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ભાઈ આવો ધર્મ. આ સમકિતની વ્યાખ્યા છે હોં. ધર્મીને સમકિતમાં આવો પ્રતીતભાવ આત્માનો આવે છે. આથી વિરુદ્ધ ફેરફાર આવે તો સમકિત રહેતું નથી એમ કહે છે.

જે સમયે તેના પરિણામ ગુણના, તે સમયના તે પરિણામ સંભવ. બીજા સમયના બીજે, ત્રીજા સમયના ત્રીજે. યથાસ્થાને આખા જેટલા છે તે તે સ્થાનમાં તે. તે તે સ્થાનમાં તે. અને એ પરિણામ પૂર્વના ગયા તે આવવાના નથી અને પછીના થયા તે થયા નથી. પછી-પછી થશે. એવું જે ગુણનું રૂપ તે દ્રવ્યનું જ સ્વરૂપ છે, દ્રવ્ય જ એમાં રહેલું છે. દ્રવ્ય જ એ જાતનું પરિણમે છે. દ્રવ્યના પણ એ જાતના સત્... કારણ કે દ્રવ્ય તો સત્ છે, પણ સત્તાને લઈને સત્ છેને? એકલું સત્ જુદું છે, સત્તા ગુણ વિનાનું સત્ જુદું છે. દ્રવ્ય છે અને સત્તા ભિન્ન છે. તો દ્રવ્ય છે એ સત્તા વિના સત્ છે એમ થયું ક્યાંથી? સત્તા વિના અસ્તિત્વ છે એમ થયું ક્યાંથી? ભાઈ! આ તો વીતરાગમાર્ગ એવો છે. જરી સૂક્ષ્મ (ઉપયોગ) કરીને સમજે તો પકડાય એવો છે. નહિતર એમ લાગે કે આ શું કહે છે આ? એકની એક વાત લાગે. એકની એક નથી. ભિન્ન-ભિન્ન વાત છે. સમજાણું કાંઈ?

‘**પોતાના રૂપે ઊપજે છે, પૂર્વ રૂપથી નાશ પામે છે...**’ એ ત્યાં સિદ્ધાંત છે આખો. ‘**પૂર્વ રૂપથી નાશ પામે છે...**’ એ તો બરાબર છે. અને ‘**સર્વ પરિણામોમાં એકપ્રવાહપણું હોવાથી...**’ પરિણામ તો એક પ્રવાહે આમ ચાલે છેને. ‘**દરેક પરિણામ ઉત્પાદ-વિનાશ વિનાનો એકરૂપ-ધ્રુવ રહે છે.**’ પરિણામ ધ્રુવ રહે છે હોં! ‘**દરેક પરિણામ ઉત્પાદ-વિનાશ વિનાનો એકરૂપ-ધ્રુવ રહે છે.**’ છે... છે... છે... એમ. ‘**વળી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં સમયભેદ નથી,...**’ કે ઉત્પાદ પહેલો થાય, વ્યય પછી થાય, વ્યય પહેલો થાય, ઉત્પાદ પછી થાય, ધ્રુવ પછી રહે એમ નથી. ‘**ત્રણે એક જ સમયે છે. આવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક પરિણામોની પરંપરામાં...** ’ આવા ઊપજવા, બદલવા અને ટકવાના ગુણની પરંપરાના પરિણામો એટલે આની અપેક્ષાએ. ‘**દ્રવ્ય સ્વભાવથી જ સદાય રહેતું હોવાથી...**’ દ્રવ્ય પોતાના સ્વભાવ સદાય રહેતું હોવાથી ‘**દ્રવ્ય પોતે પણ, મોતીના હારની માફક, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે.**’ લ્યો એ સિદ્ધ કર્યું. આવશે હવે વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૧, શુક્રવાર, તા. ૨૦.૧૨.૧૯૬૮**
**ગાથા-૧૦૦, પ્રવચન-૧૦૧**

૯૯ ગાથા પૂરી થઈ. પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપનની ૯૯ પૂરી થઈ. ૧૦૦, ૧૦૦મી ગાથા. **'હવે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનો પરસ્પર અવિનાભાવ દૃઢ કરે છે :-'** ૯૯માં એમ આવી ગયું કે દરેક દ્રવ્ય જે છે દ્રવ્ય, વસ્તુ એ એના ગુણમાં રહેલી છે. સત્ સત્તામાં (રહેલું છે). સત્તા નામનો ગુણ છે એમાં એ રહેલી છે. એટલે દ્રવ્ય પોતે જ એ કારણે સત્ છે. અને એ ગુણ છે એ ઉત્પાદ-વ્યય-ધ્રુવના લક્ષણવાળો ગુણ છે. અને એ ઉત્પાદ-વ્યયને ભિન્ન-ભિન્ન સિદ્ધ કર્યું. દરેક દ્રવ્યમાં જે સમયે ઉત્પાદ થવાનો છે તે સમયે જ થાય. તે સમયે પૂર્વનો વ્યય થાય, તે સમયે ધ્રુવતા તો છે જ. એટલે દરેક દ્રવ્યની વ્યસ્થિત ક્રમબદ્ધ પર્યાય છે એમ સિદ્ધ કરે છે અહીં. જુઓ! એ આવ્યું તમારે. એ કાલે આવ્યું નહોતું. બહુ નહોતું આવ્યું, થોડું તો કહ્યું હતું. કહો, સમજાણું કાંઈ?

દરેક આત્મા કે પ્રત્યેક પરમાણુ ભગવાને જેટલા છ દ્રવ્ય જોયા—અનંત આત્માઓ, અનંત ગુણા પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, આકાશ. દ્રવ્યમાં જે સમયે જે પર્યાય સંભવ નામ ઉત્પન્ન થવાનો હોય તે થાય. આગળનો ગયો એ થાય નહિ, ભવિષ્યનો થવાનો હોય ત્યારે ભવિષ્યમાં થાય. આઘા-પાછા પરિણામ ન થાય એમ સિદ્ધ કર્યું. કોઈપણ દ્રવ્યના આઘા-પાછા, આડા-અવળા પર્યાય ન થાય. ક્રમપ્રવાહમાં, ક્રમપ્રવાહમાં, જે સમયે જે પ્રવાહનો પરિણામ આવ્યો, તે જ સમયે આવવાનો. બીજે સમયે બીજો, ત્રીજે સમયે ત્રીજો, ગયા કાળનો, ગયા કાળમાં. ઓહો..હો..! સમજાય છે કાંઈ? એ ૯૯માં કહ્યું.

હવે કહે છે કે **'ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યનો પરસ્પર અવિનાભાવ...'** એક વિના બીજું ન હોય અને બીજા વિના પહેલું ન હોય એનું નામ અવિનાભાવ. એ કહે છે જુઓ!

**ण भवो भंगविहिणो भंगो वा णत्थि संभवविहीणो।**
**उप्पादो वि य भंगो ण विणा धोव्वेण अत्थेण।।१००।।**

એનું હરિગીત.

**ઉત્પાદ ભંગ વિના નહીં, સંહાર સર્ગ વિના નહીં;**
**ઉત્પાદ તેમ જ ભંગ, ધ્રૌવ્ય-પદાર્થ વિણ વર્તે નહીં. ૧૦૦.**

**'અન્વયાર્થ :- ઉત્પાદ ભંગ વિનાનો હોતો નથી...'** સમજાય છે કાંઈ? એટલે કે સમ્યગ્દર્શનની ઉત્પત્તિ એ મિથ્યાદર્શનના નાશ વિના હોતી નથી એમ કહે છે. સમજાણું કાંઈ? **'ઉત્પાદ ભંગ વિનાનો હોતો નથી અને ભંગ ઉત્પાદ વિનાનો હોતો નથી;...'**

મિથ્યાત્વનો નાશ સમકિતની ઉત્પત્તિ વિના હોતો નથી. એક જ સમયે છે. '**ઉત્પાદ તેમ જ ભંગ ધ્રૌવ્ય પદાર્થ વિના હોતા નથી.**' એ સમકિતની ઉત્પત્તિ અને મિથ્યાત્વનો નાશ એ એનો આધાર ચૈતન્ય દ્રવ્ય. ધ્રુવ વિના એ બે પર્યાય હોઈ શકે નહિ. આ તો આત્માનો દાખલો આપ્યો. સમજાણું કાંઈ?

જુઓ હવે ટીકામાં. '**ખરેખર સર્ગ...**' સર્ગ એટલે ઊપજવું. '**ઉત્પાદ; ઉત્પત્તિ**' એ '**સંહાર વિના હોતી નથી...**' સંહાર અને સર્ગ લ્યો! જન્મવું એ મરણ વિના હોતું નથી એટલે ઉત્પાદ એ વ્યય વિના હોતો નથી. આત્મામાં સમ્યગ્દર્શનનો ઉત્પાદ જે કાંઈ ક્ષણે પર્યાય છે તે ઉત્પાદ. એ પહેલાના મિથ્યાત્વરૂપી ઉપાદાનના નાશ વિના... છેને ઓલો કાંઈક દાખલો નથી ઓલા? કાર્ય શું કહે છે? ક્ષય ક્ષય. ઉપાદાનનો ક્ષય તે કાર્યનું કારણ છે. કાર્યનું કારણ છે હોં! ઓલામાં મૂક્યું છે. તત્ત્વમીમાંસામાં અને ઓલામાં પણ છે ઘણું કરીને. સમજ્યા? છે કે નહિ? નામ યાદ આવતું નથી. પૂર્વ ક્ષણનો ક્ષય, ઉપાદાનનો નાશ તે જ ઉત્પત્તિનું કારણ. સમજાણું કાંઈ? આ તો એકદમ લોજિકથી સત્‌ને સિદ્ધ કરે છે.

દરેક દ્રવ્ય સત્‌માં છે અને સત્ ત્રણ લક્ષણવાળું છે અને એના પરિણામ પણ ત્રણ લક્ષણવાળા અહીં તો વર્ણવ્યા. ત્રણને ત્રણ લક્ષણવાળા વર્ણવ્યા. કેને કેને? પરિણામને ત્રણ લક્ષણવાળું. પરિણામ દરેક દ્રવ્યનું જે સમયનો પરિણામ તે પરિણામ ઊપજવાની અપેક્ષાએ ઉત્પાદ, પૂર્વની અપેક્ષાએ વ્યય, સામાન્ય દ્રવ્ય વ્યાપક છે એ અપેક્ષાએ ધ્રુવ. એ પરિણામના ત્રણ લક્ષણ વર્ણવ્યા, દરેક દ્રવ્યના. એ ત્રણ પરિણામ સત્તા નામના ગુણના છે. પાછા એ ત્રણ સત્તા નામના ગુણના ત્રણ વર્ણવ્યા. નવી અવસ્થા ઊપજે, પુરાની જાય અને ગુણપણે રહે એ સત્તાના ત્રણ વર્ણવ્યા. એ સત્તામાં દ્રવ્ય વર્તે છે માટે દ્રવ્યના પણ ત્રણ લક્ષણ છે. એનું હરિગીત. જુઓ! આ સર્વજ્ઞે કહેલું તત્ત્વ. આવી વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય હોઈ શકે નહિ. કારણ કે એવું સત્ છે, એવું એની પ્રતીતિમાં, જ્ઞાનમાં, દૃષ્ટિમાં આવવું જોઈએ.

કહે છે, '**ખરેખર સર્ગ...**' એટલે ઉત્પત્તિ. '**સંહારના નાશ વિના હોતો નથી...**' મિથ્યાત્વનો નાશ ન થાય અને સમકિતની ઉત્પત્તિ થાય એમ બને? ઘટ બનવામાં ઘટની ઉત્પત્તિ તે પિંડના નાશ વિના ઘટની ઉત્પત્તિ હોઈ શકતી નથી. સમજાણું કાંઈ? ઘડો બને છેને? તો ઘડાની એ ઉત્પત્તિ કહેવાય, ઉત્પાદ થયો માટીમાં તે સમયનો ઉત્પાદ. તે ઉત્પાદ ભંગ વિના હોતો નથી. પૂર્વના પિંડના વ્યય વિના, નાશ વિના ઉત્પાદ થતો નથી. કહો, સમજાણું કાંઈ?

'**અને સંહાર સર્ગ વિના હોતો નથી;...**' લ્યો! સંહાર નામ મિથ્યાત્વનો નાશ એ સમકિતની ઉત્પત્તિ વિના હોતો નથી. સંહાર ઉત્પત્તિ વિના હોતો નથી અને ઉત્પત્તિ સંહાર વિના હોતી નથી. અવિનાભાવ સંબંધ છે. '**સંહાર સર્ગ વિના હોતો નથી;...**' મિથ્યાત્વનો નાશ એ સમકિતની ઉત્પત્તિ વિના હોતો નથી. એના સિદ્ધાંત કરશે હોં! હજી તો ન્યાય

સાધારણ આપે છે. અને **'સૃષ્ટિ અને સંહાર...'** સૃષ્ટિ પહેલી જે સર્ગ કીધું હતુંને સર્ગ? એને સૃષ્ટિ કીધી—ઉત્પત્તિ, સૃષ્ટિ—ઉત્પત્તિ **'અને સંહાર સ્થિતિ વિના હોતા નથી,...'** સમકિતની ઉત્પત્તિ, મિથ્યાત્વનો નાશ એ વસ્તુની ધ્રુવતા વિના, ધ્રુવ વિના એ બે સંભવતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સૃષ્ટિ અને સંહાર...'** ઉત્પત્તિ અને વ્યય ધ્રુવ વિના હોતા નથી. કેવળજ્ઞાનની ઉત્પત્તિ અને પૂર્વ શુક્લધ્યાનની પર્યાયનો વ્યય, એ વ્યય વિના ઉત્પત્તિ કેવળજ્ઞાનની હોતી નથી અને કેવળજ્ઞાનની ઉત્પત્તિ, પૂર્વના શુક્લધ્યાનની પર્યાયના વ્યય વિના કેવળજ્ઞાનની ઉત્પત્તિ હોતી નથી. અને ઉત્પત્તિ અને વ્યય ધ્રુવ વિના હોતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તો દરેક દ્રવ્યનું આમ છે. એમાં એક દ્રવ્ય બીજાનો ઉત્પાદ કરે એ તો રહેતું નથી. સમજાણું કાંઈ? બીજાની દયા પાળી શકે એવો ઉત્પાદ આત્મામાં કરી શકતો નથી એમ કહે છે. એમ બીજાને મરવાનો વ્યય, વ્યય પર્યાયનો થાય તેને બીજો કરી શકે એમ નથી. એનાથી એના ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એનામાં છે. એનામાં છે એ બીજો એનો ઉત્પાદ, વ્યય અને ધ્રુવ કરી શકે એમ છે નહિ. આહા..હા..! સમજાણું?

**'સૃષ્ટિ અને સંહાર સ્થિતિ વિના હોતા નથી, સ્થિતિ...'** એટલે ધ્રુવતા. વસ્તુની ધ્રુવતા, ચૈતન્યનું સત્તાનું કાયમ રહેવું. જેમ કેવળજ્ઞાનની ઉત્પત્તિ, શુક્લધ્યાનના પર્યાયનો વ્યય અને ચૈતન્યની શક્તિનું કાયમ રહેવું. એમ સમકિતની ઉત્પત્તિ, મિથ્યાત્વનો નાશ, ચૈતન્ય દ્રવ્યનું કાયમ રહેવું. એક વિના બીજા હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આ ભેદજ્ઞાન બતાવે છે. પરથી તારું નહિ અને તારાથી પરમાં નહિ. તારામાં તારામાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એક સમયમાં અવિનાભાવે એકબીજાની અપેક્ષા રાખીને થાય છે. સમજાણું કાંઈ? **'સ્થિતિ...'** એટલે ધ્રુવપણું, આત્માનું-ચૈતન્યની સત્તાનું ધ્રુવપણું એ **'સર્ગ અને સંહાર વિના હોતી નથી.'** સમકિતની ઉત્પત્તિ અને મિથ્યાત્વનો નાશ એ વિના ધ્રુવતા રહેતી નથી. કેવળજ્ઞાનની ઉત્પત્તિ અને શુક્લધ્યાનની પર્યાયનો નાશ ચૈતન્યની ધ્રુવતા વિના બનતા નથી. સમજાણું કાંઈ?

હવે ખુલાસો કરે છે. **'જે સર્ગ છે તે જ સંહાર છે,...'** એટલે જે ઉત્પાદ છે તે જ સમયમાં સંહાર છે એમ. તે જ સંહાર છે એટલે તે જ સમયે સંહાર છે. જે ઉત્પત્તિ છે—સમ્યગ્દર્શનની ઉત્પત્તિ કે ચારિત્રની ઉત્પત્તિના પરિણામ તે જ સંહાર છે, અચારિત્રનો નાશ છે, મિથ્યાત્વનો નાશ છે. સમકિતની ઉત્પત્તિ તે જ મિથ્યાત્વનો નાશ, ચારિત્રની ઉત્પત્તિ તે અચારિત્રનો નાશ. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનની ઉત્પત્તિ એ પહેલા શુક્લધ્યાનના પર્યાયનો નાશ. **'જે સર્ગ છે તે જ સંહાર છે,...'** અરે..! કેટલા ન્યાયથી મૂક્યું છે! કહો, સમજાય છે કે નહિ આમાં? આ કહે છે કે હીરા-માણેકના પર્યાયને ઉત્પન્ન નથી કરી શકતો એમ કહે છે. આજ શેઠી નથી આવ્યા. બાબુભાઈને કીધું. કાંઈ કરી શકતો નથી પર્યાયનું એમ

કહે છે. એનો પર્યાય પરમાણુનો ઉત્પાદ જ્યારે થાય આમ જવાનો, આમ ચાલવાનો, તે ઉત્પાદ એના પૂર્વના પર્યાયના વ્યય વિના ઉત્પાદ થાય નહિ. આના વિના આ થાય નહિ એમ નથી કીધું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરે છે કોણ? એ જ કહે છે અહીં. જુઓ! શું કીધું? સમજાણું કાંઈ?

એનો ઉત્પાદ. આ જુઓ ઉત્પાદ છે આ પર્યાય દાખલા તરીકે જુઓ. આ થયોને આ. એ આંગળી આમ વક્ર હતી. દાખલો આપ્યો છે હોં ક્યાંક આમાં. વક્રત્વનો ક્યાંક છે ખરો. આંગળીનું વક્રપણું એમ કે સમજ્યાને? આમ છેને? આનો સંહાર, આનો ઉત્પાદ. એ આના વક્રતાના સંહાર વિના આનો ઉત્પાદ ન થાય અને ઉત્પાદ વિના એ ઉત્પાદને સંહાર ન હોય તો ઉત્પાદ થાય નહિ અને ઉત્પાદ સંહારની ધ્રુવતા ન હોય તો બે બને નહિ. સમજાણું કાંઈ? એનો અર્થ એ કે કોઈપણ દ્રવ્યની પર્યાય એના વ્યય વિના ન હોય કે એના ધ્રુવ વિના ન હોય, પણ બીજા વિના ન હોય એમ નહિ એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

કર્મ છે પર્યાય કર્મની, એ પણ ઉત્પત્તિ જે કર્મમાં જે થઈ એ ઉત્પાદ પૂર્વની સત્તાના કર્મમાં પડ્યા છે એના વ્યય વિના ઉત્પત્તિ વિપાકની ન થાય અને એનો સંહાર ન હોય તો ઉત્પત્તિ ન થાય. અને ઉત્પત્તિ ન હોય અને સંહાર થાય એમ બને નહિ. કર્મ સત્તામાં પડ્યું છે આમ સત્તારૂપ ત્યાં સુધી બીજી સ્થિતિ છે. ઉદયમાં આવ્યું ત્યારે ઉત્પાદ થયો વિપાકરૂપે. ઉત્પાદ થયો ત્યારે કર્મની સત્તારૂપે હતો એનો વ્યય વિના ઉત્પાદ ન હોય, એમ ઉત્પાદ વિના ઓલો વ્યય પણ હોય નહિ. ઉદયના વિપાક વિના ઓલો સત્તાનો વ્યય હોઈ શકે નહિ અને બે વિના ધ્રુવતા હોય નહિ, ધ્રુવતા બે વિના હોય (નહિ). એના ને એનામાં હોય, પણ બીજાને લઈને આ હોય એમ છે નહિ. ભારે વાતું ભાઈ! નવનીતભાઈ! આહા..હા..! એ અવિનાભાવ એના ને એના દ્રવ્યમાં કહ્યા છે અને એમ છે, પણ બીજાની ઉત્પત્તિ આના વ્યય વિના, આની હાજરી વિના ન હોય એમ નથી. કહેશે ખરા આગળ. અંતરબાહ્ય સાધન. સમજાણું કાંઈ? કહો, નેમિદાસભાઈ! કહે છે કે પાંજરાપોળના ઢોરની અને વનસ્પતિનો ઉત્પાદ એ એના વ્યય વિના ન હોય, એના પર્યાય અને વ્યય વિના ન હોય. એ કાંઈ નેમિદાસ વિના ન હોય એમ છે નહિ. એમ કહે છે. અહીં બેઠા છે તો ત્યાં ચાલે છે કે નહિ? ચાલનારો તો ચાલે છે બધે. આહા..હા..!

મુમુક્ષુ :- ... સમયભેદ નથી.

ઉત્તર :- સમયભેદ નથી. તે જ સંહાર છે. જે સમયે ઉત્પાદ તે સમયે વ્યય. જે સમયે વ્યય તે સમયે ઉત્પાદ. જે સમયે ઉત્પાદ-વ્યય તે સમયે ધ્રુવ. સમયના ત્રણ ભેદ નથી. એક જ સમયે ત્રણ છે એ સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાય છે? 'સ્થિરતા એક સમયમેં ઠાણે ઊપજે વિણસે તબહિ.' આનંદઘનજીમાં આવે છે. 'સ્થિરતા એક સમયમેં ઠાણે

ઊપજે વિણસે .. ઉલટપલટ.' ઉલટપલટ. ઉત્પાદ ઉલટપલટ છેને. 'ઉલટપલટ ધ્રુવ સત્તા રાખે યા હમ સુનહિ ન કબહી, અબધુ નટ નાગરકી બાજી, ક્યા જાને બામણ કાજી?' બ્રાહ્મણના વેદ અને કાજીના કુરાન આ તત્ત્વને શી રીતે જાણે? આહા..હા..! સમજાણું કાંઈ? કેટલું ભર્યું છે થોડા સિદ્ધાંતમાં!

**'જે સર્ગ છે તે જ સંસાર છે,...'** સમય બતાવે છે એમ કહે છે. જે ઉત્પાદનો સમય છે તે જ સંહારનો સમય છે. સંહારનો સમય બીજો અને ઉત્પાદનો સમય બીજો એમ છે નહિ. માટીના ઘડાનો ઉત્પાદ અને પિંડાનો વ્યય, પિંડાના વ્યયનો પહેલો સમય, ઉત્પાદનો પછી સમય એમ નથી. સમજાણું કાંઈ? એમ સમ્યગ્દર્શનની ઉત્પત્તિનો સમય તે જ મિથ્યાત્વના નાશનો સમય છે. મિથ્યાત્વનો નાશ પહેલે સમયે થાય અને બીજે સમયે સમકિત થાય એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને સમકિતની પર્યાય પહેલી થાય અને પછી મિથ્યાત્વનો નાશ થાય એમ પણ નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

**'જે સર્ગ છે તે જ સંહાર છે,...'** અહીં તો એ સિદ્ધ કર્યું છે. કર્મ પણ દ્રવ્ય છેને જગતના? તો એનો એક એક રજકણનો જે ઉત્પાદ વિપાકનો છે એ પૂર્વના વ્યયથી છે, એનાથી. આત્માએ રાગ ટાળ્યો માટે ત્યાં ટળવું પડ્યું એમ નથી, એમ કહે છે. રાગનો ટાળવાનો ક્ષય, વીતરાગપણાની ઉત્પત્તિ, ધ્રુવપણાનું રહેવું એને કારણે કર્મને નાશ થવું પડ્યું, કર્મની પર્યાયને બદલવું પડ્યું એમ નથી. કારણ કે એના પણ એક ક્ષણમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણ પરિણામવાળું દ્રવ્ય વર્તે છે. સમજાણું કાંઈ? અને એ કર્મના ઉદયનો પાક તેનો ઉત્પાદ કર્મની પર્યાયમાં થયો, પૂર્વની સત્તાનો વ્યય થયો, ધ્રુવપણે રહ્યું. એને કારણે અહીંયાં વિકારની ઉત્પત્તિ થાય એમ નથી. ઉત્પત્તિ વિકારની અને અણવિકારી પર્યાયનો ઉત્પત્તિ ન થાય અથવા પૂર્વની પર્યાયનો નાશ અને વિકારી પર્યાય.. પૂર્વની વિકારી પર્યાયના વ્યય વિના નવી વિકારી પર્યાય ઉત્પન્ન થાય નહિ, પણ કર્મનો ઉદય ન હોય અને વિકારી પર્યાય થાય નહિ એમ નથી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? મોટો ગોટો અત્યારે તો ચાલે છે. કર્મને લઈને આ થાય, કર્મની લઈને આ થાય.

(સંવત) ૨૦૦૬ સાલમાં એ ચાલ્યું હતુંને અમારે ત્યાં પાલિતાણામાં નહિ. અહીં તો ચર્ચા ચાલતી હતી અને માણસો ઘણા... ત્રિલોકનાથ તીર્થંકરે કર્મને લઈને રખડ્યા એમ કહ્યું છે. તમે કહો છો કે પોતાના દોષને લઈને રખડ્યા. લાવો ચર્ચા કરીએ. કોની સાથે ચર્ચા? અહીં તો એ કહે છે કે આત્મામાં વિકારની ઉત્પત્તિ એના પૂર્વના વિકારી પરિણામના નાશ વિના ન થાય. પણ કર્મના ઉદયને લઈને વિકારની ઉત્પત્તિ થાય, (અથવા) એના વિના ન થાય એમ નથી. ભાઈ! કર્મ પરદ્રવ્ય છે, જીવ એનાથી પરદ્રવ્ય છે પોતાનું. એટલે આ દ્રવ્યમાં જે ઉત્પાદ થાય એ કર્મની અપેક્ષા રાખીને ઉત્પાદ થાય એમ નથી. એના ઉત્પાદ એનો વ્યયની અપેક્ષા રાખીને ઉત્પાદ થાય અને તે ઉત્પાદ અને વ્યય ધ્રુવની અપેક્ષા રાખીને

થાય. પરની અપેક્ષા રાખીને ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે નહિ. એના ઉત્પાદ-વ્યય-ધ્રુવ એનામાં અને આના ઉત્પાદ-વ્યય-ધ્રુવ આનામાં. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! વક્ર ક્યાંક હતું ખરું હોં! ક્યાં?

મુમુક્ષુ :- ૧૯૭.

ઉત્તર :- ઓહો..હો..! ત્યાં સુધી વયું ગયું! અંગુલીદ્રવ્ય હા એ લ્યો. ૧૯૭ પાને છે. **'अङ्गुलिद्रव्यस्य वक्रपर्यायवत्संसारिजीवस्य मरणकाले ऋजुगतिवत् क्षीणकषाय-चरमसमये केवलज्ञानोत्पत्तिवदयोगिचरमसमये मोक्षवच्चेत्येकस्मिन्समय एव।'** અહીં બીજી લીટી અંગુલીવક્ર. આ આંગળી છે એની વક્રતાના નાશ વિના આંગળીની ઉત્પત્તિનું સીધાપણું હોઈ શકે નહિ, પણ આત્માને લઈને વક્રતાનો નાશ અને આત્માને લઈને ઉત્પત્તિ આની થાય સીધાની એમ નથી. સમજાણું કાંઈ? **'જે સર્ગ છે તે જ સંહાર છે, જે સંહાર છે તે જ સર્ગ છે;...'** એટલે? કે જે વિપરીત માન્યતાનો સંહાર છે તે જ સમ્યગ્દર્શનનો ઉત્પાદ છે તે સમયે. જે સર્ગ છે તે સંહાર છે અને જે ઉત્પત્તિ તે સંહાર છે તે જ સ્થિતિ છે. સમ્યગ્દર્શનની ઉત્પત્તિ, મિથ્યાત્વનો નાશ અને વસ્તુનું ધ્રુવપણું. શ્રદ્ધા-ગુણ આદિ શક્તિનું ધ્રુવપણું. એ ત્રણે એક જ સમયમાં છે. ધ્રુવનો કાળ જુદો, ઉત્પાદનો જુદો, વ્યયનો જુદો ત્રણકાળમાં હોઈ શકે નહિ.

મુમુક્ષુ :- ભાવભેદ.

ઉત્તર :- ભાવભેદ હોય ભલે, પણ એનો ક્ષણભેદ નથી, ક્ષણભેદ નથી. કહો, સમજાણું કાંઈ? ત્રણના ત્રણ લક્ષણો છે એ અપેક્ષાએ ભાવ જુદા છે, પણ સમય જુદો નથી. આહા..હા..!

આવું તત્ત્વ! વસ્તુ-વસ્તુ ભગવાન આત્મા, પોતાના સ્વરૂપની નજર કરતા એનો ઉત્પાદ જે સમ્યક્નો થાય, કહે છે કે પૂર્વના મિથ્યાત્વના વ્યય વિના ન થાય. અને ચારિત્રનો ઉત્પાદ થાય, આત્મામાં વીતરાગી પરિણતિનું ચારિત્ર જ્યારે થાય ત્યારે પૂર્વના અચારિત્રના વ્યય વિના ચારિત્રની પર્યાય થાય નહિ. બીજો કહે કે અમારે અચારિત્ર તો ગયું નથી, પણ ચારિત્ર થયું છે. એમ બને નહિ. અચારિત્રના પરિણામ... એ પણ છે હોં! એમાં અંદર છે ક્યાંક. ચારિત્રનો દાખલો આપ્યો છે સમજ્યાને ત્યાં. ટીકામાં છે ટીકામાં ક્યાંક. ચારિત્ર. છે જુઓ ત્યાં એ ૧૯૭માં જ છે. **'यथेदं चारित्राचारित्रपर्यायद्वये भङ्गत्रयभेदेन दर्शितं'** ૧૯૭ છે. સમજાણું કાંઈ? આ તો ભાઈ ધર્મકથા છે, આ તો શાંતિથી સમજીને પકડવા જેવી છે. આ કોઈ વાર્તા નથી કે જાવ એક આ રાજા થયો અને રાણી થઈ ને રિસાણા ને પકડ્યા. પછી મનાવવા ગયા. આહા..હા..! ભાઈ! તું કોણ અને તે કોણ? લ્યો, ઓલું આવ્યું હતુંને ભાઈ? તું તે ને. શું આવ્યું હતું? મોતીલાલ. હું, તું, તે ને આ. ખોટેખોટા બધાય. વ્યાખ્યાનમાં આવતા બિચાર પહેલા તો હા પાડતા, બધી હા. પણ પછી મગજ ન મળે ને થઈ ગયા બાવા. લૂગડા ફેરવ્યા ત્યાં લોકો (કહે) જય મહારાજ. થઈ રહ્યું જાવ. મોતીલાલ હતા, ઓળખતા?

દશાશ્રીમાળી વાણિયા.

અહીં તો કહે છે, ભગવાન! જે ઉત્પત્તિ છે તે સમયના તે પરિણામની, તે દ્રવ્યની, તે જ પૂર્વના પર્યાયના વ્યયસહિત જ ઉત્પત્તિ હોય છે. વ્યય ન થાય અને ઉત્પત્તિ થાય એમ બનતું નથી. અને સંહાર વ્યય થાય અને ઉત્પત્તિ ન થાય એમ બનતું નથી. તેમ તે જ સમયે છે એમાં બીજો સમય નથી.

**'જે સર્ગ અને સંહાર છે...'** ધર્મની ઉત્પત્તિનો સમય છે તે જ પાપના અથવા અધર્મના સંહારનો સમય છે. તે જ સ્થિતિ છે, તે જ આત્માની ધ્રુવતા છે. એટલે ધ્રુવ આત્મા છે. ધ્રુવ આત્મા ટકતું, ચારિત્રની પર્યાય ઉત્પત્તિ, અચારિત્રનો વ્યય—ત્રણે એક સમયની અંદર છે. કહો, સમજાણું કાંઈ? ભગવાન સિદ્ધને, સિદ્ધના પર્યાયનો ઉત્પાદ તે સંસારના પર્યાયના વ્યયપૂર્વક હોય છે. ઉદયભાવ. ઉદયભાવ છેલ્લો હોય છે એ સંસાર છે. એનો વ્યય એ જ સિદ્ધપદની ઉત્પત્તિ, એ ઉત્પત્તિ તે જ વ્યય અને એ વ્યય અને ઉત્પત્તિનું કારણ ચૈતન્ય અન્વય ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મા તે. એ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એક સમયમાં દરેક દ્રવ્યને લાગુ પડે છે. આનો દાખલો (આપ્યો) એમ સર્વ દ્રવ્યમાં લઈ લેવું. આહા..હા..!

આ તો હું કરું... હું કરું... જ્યાં હોય ત્યાં. દેરાસર મેં બનાવ્યા, ફલાણું મેં બનાવ્યું, પુસ્તક મેં બનાવ્યા. ધૂળેય નથી બનાવ્યું. મિથ્યાત્વ બનાવ્યું છે, સાંભળ! કહો, સમજાણું કાંઈ? આટલા પૈસા મેં... શાહુકાર પાસેથી પૈસા ખંખેરાવીને દાન કરાવીએ. આ કહે છે કે હરામ તારામાં એ શક્તિ હોય તો. તારો પર્યાય તારાથી ઉત્પન્ન થાય. મિથ્યાત્વની ભ્રમણા માની કે આ પરદ્રવ્ય, હું પરદ્રવ્યનું આમ કરી શકું, હું પરદ્રવ્યનું આમ કરી શકું, પરદ્રવ્યને હું ફેરવી શકું, પરદ્રવ્યને એવી શિખામણ આપું કે દાનના પૈસા લઈ શકું એની પાસેથી. આ બધી માન્યતા મિથ્યાત્વની ઉત્પત્તિ છે. એને પૂર્વના મિથ્યાત્વનું વ્યય છે. ધ્રુવતા તો આત્મા છે. એક સમયમાં ત્રણેય છે. સમજાણું કાંઈ?

**'જે સ્થિતિ છે તે જ સર્ગ ને સંહાર છે.'** જે સમયે ધ્રુવ છે તે જ સમયે ઉત્પાદ અને વ્યય છે. ચૈતન્ય ધ્રુવ છે જ્ઞાયક ભગવાન, ચૈતન્ય ધ્રુવ જે છે તે જ સમયે નવી અવસ્થાની ઊપજવું અને જૂની અવસ્થાનું જવું તે જ સમયે છે, સમય તો બીજો નથી. સમજાણું કાંઈ? **'તે આ પ્રમાણે : જે કુંભનો સર્ગ છે...'** લ્યો દાખલો જ આવ્યો. એ કુંભ નામ ઘડો. કુંભ, પાણી જેમાં રહે. કુંભની ઉત્પત્તિ છે **'તે જ મૃત્તિકાપિંડનો સંહાર છે,...'** તે જ એટલે સમય તે જ છે, બીજો સમય નથી. મૃત્તિકાપિંડનો સંહાર પહેલો થાય અને ઘડો પછી થાય એમ છે નહિ. **'કારણ કે ભાવનું ભાવાન્તરના અભાવસ્વભાવે...'** જુઓ! ભાવ એટલે કુંભારની ઉત્પત્તિરૂપ ભાવનું... ઘડાની, ઘડાની ઉત્પત્તિરૂપ ભાવનું અથવા સમ્યગ્દર્શનરૂપ ઉત્પત્તિ ભાવનું, **'ભાવનું ભાવાન્તરના...'** અભાવ. એનાથી અનેરો ભાવ એનો અભાવ. સમજાણું કાંઈ? ઘડાની ઉત્પત્તિ એના એ ભાવનું, એ ઘડાની ઉત્પત્તિના ભાવનું

ભાવાન્તર (એટલે) અનેરો ભાવ જે પિંડાનો વ્યય એ અનેરો ભાવ છે. ઘડાનો પર્યાય એનાથી અનેરો ભાવ પિંડની પર્યાય, એ ભાવાન્તર. એનો અભાવ. ભાવાન્તર-ઉત્પાદના ભાવ સિવાય વ્યયનો ભાવ જે આ ભાવથી અનેરો ભાવ છે. ઉત્પાદના ભાવથી વ્યયનો ભાવ અનેરો છે. એટલે ઉત્પાદનો ભાવ, ઉત્પાદનો ભાવ એ ભાવથી અનેરા ભાવના અભાવ વિના. અનેરો ભાવ એટલે વ્યય, એનો અભાવ ન હોય અને અહીં ઉત્પાદ થઈ જાય એમ બનતું નથી. ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ?

'**ભાવનું...**' એટલે જે ઉત્પન્ન થયો તે '**ભાવાન્તરના અભાવસ્વભાવે અવભાસન છે...**' દેખો! '**(અર્થાત્ ભાવ અન્યભાવના અભાવરૂપ સ્વભાવે પ્રકાશે છે-દેખાય છે).**' બીજી રીતે જુઓ! આત્મામાં સમ્યગ્દર્શનનો ઉત્પાદ એ ભાવ. એ ભાવથી અનેરો ભાવ પૂર્વનો મિથ્યાત્વભાવ. એ ભાવથી અનેરો ભાવ મિથ્યાત્વભાવ. એ ભાવના અભાવ વિના આના સ્વભાવની ઉત્પત્તિ સમ્યક્‌ની હોઈ શકતી નથી. ભાવાંતરના અભાવ વિના. ત્રણ શબ્દો છે. જે પર્યાય સમ્યગ્દર્શનનો ભાવ, એનાથી અનેરો ભાવાંતર જે મિથ્યાત્વભાવ, તેનો અભાવસ્વભાવ. તેનો અભાવસ્વભાવે ભાવનું પ્રસિદ્ધ દેખાવું થાય છે. ભાવથી અનેરા ભાવના અભાવસ્વભાવે ભાવનું ભાસન દેખાય છે. યાદ પણ રાખવું આમાં તો. આમાં તો સહેલી વાત છે, આમાં કાંઈ બહુ (ઝીણી વાત નથી). સમજાણું કે નહિ?

આત્મામાં ધર્મની વીતરાગી પર્યાયનો ભાવ ઉત્પાદ (થાય) એ ઉત્પાદ અનેરો ભાવ. પહેલો રાગભાવ, પહેલો રાગભાવ, એ અનેરો ભાવ. એ રાગભાવના અભાવ વિના, એ ભાવ અનેરો ભાવ એનો અભાવ, ભાવનો અનેરો ભાવનો ભંગ-એનો અભાવ, એના અભાવ વિના આ ભાવનું પ્રતિભાસવું થતું નથી અથવા ભાવના અભાવ-બીજો અનેરો ભાવ એના અભાવમાં ઉત્પત્તિનું ભાવનું ભાસન થાય છે. આમાં સાંભળવા પણ નવરા ન થાય. ઓલી તો જાવ દયા પાળો, કરી દ્યો ભક્તિ અને કરો મંદિર લ્યો! નવનીતભાઈ! એઈ..! ન્યાલભાઈ! તમારી સામું જોવે છે ચંદુભાઈ. ભક્તિ કરજો ભગવાનની, પાંચ લાખ ખરચી નાખો જાવ. ધૂળમાંય નથી સાંભળને હવે. તારા પાંચ લાખ ખરચાવે કોણ? એ તો પાંચ લાખનો એક એક પરમાણુ તે વખતે ઉત્પાદ થઈ અને વ્યય થઈને ધ્રુવપણે એને કારણે ટક્યો છે. તારે કારણે પરમાણુ બહાર જાય છે? તારે કારણે પૈસા ખર્ચાય છે? મૂઢ છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આ વસ્તુનું સ્વરૂપ આવું અલૌકિક સત્ છે ભાઈ! વસ્તુ જ એવી છે.

'**કુંભનો સર્ગ છે તે જ મૃત્તિકાપિંડનો સંહાર છે,...**' હવે કુંભનો સર્ગ તે ભાવ છે. એ ભાવ થયોને? ઉત્પત્તિરૂપ. એનાથી ભાવાંતર (એટલે) એ ભાવથી અનેરો ભાવ. અનેરો ભાવ એટલે પહેલો વ્યય. લ્યો! દરબાર આવ્યા તમારે. આહા..હા..! જુઓ! આ આત્મા છે. આપણે આત્મામાં વધારે ઠીક પડે. આત્મા છે એ ધ્રુવરૂપ ચૈતન્ય સત્તાવાળું ધ્રુવ તત્ત્વ. હવે એમાં કહે છે કે ધર્મની ઉત્પત્તિ સમ્યગ્દર્શનની કે ચારિત્રની જે ઉત્પત્તિરૂપ ભાવ, એનાથી

અનેરો ભાવ અચારિત્ર કે મિથ્યાત્વ, એ અનેરા ભાવના અભાવ વિના—એ અનેરા ભાવના નાશ વિના આ ભાવની ઉત્પત્તિનું ભાસન હોતું નથી. અથવા એના અભાવથી આનું અવભાસન થાય છે. એક જાય ત્યારે બીજું થાય છે. છે એમ કીધું છેને અહીં તો. અવભાસન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ઘડાની પર્યાય ભાવ, એનાથી અનેરો ભાવ જે પિંડ, તેનો અભાવ એવા અભાવસ્વભાવે ઘડાની ઉત્પત્તિનું અવભાસન થાય છે. આહા..હા..! ભારે વાત ભાઈ! આવું દ્રવ્ય છે. આહા..હા..! આ તો બહુ ભાવનું બરાબર છે શબ્દો. ભાવાંતર એટલે અનેરા ભાવનો અભાવસ્વભાવે અવભાસન છે, દેખાય છે. ઘડાની ઉત્પત્તિ તેનાથી વિરોધ પિંડભાવના અભાવસ્વભાવે ઘડાની ઉત્પત્તિ દેખાય છે. એમ આત્મામાં સમ્યગ્દર્શનની ઉત્પત્તિ એનાથી અનેરો મિથ્યાત્વનો ભાવ એના અભાવ-સ્વભાવે સમ્યગ્દર્શન પ્રકાશે છે, દેખાય છે. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પાણી ઊનું થયું ઊનું. ઊનાની ઉત્પત્તિ. એનો અનેરો ભાવ ટાઢો. એના ભાવના અભાવસ્વભાવે ઊનાપણું પ્રતિભાસે છે. અગ્નિને કારણે ઊનું છે એમ પ્રતિભાસતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઉપાદાન કારણની વાત થઈ.

ઉત્તર :- આ ઉપાદાન કારણની જ વાત છે. પાઠમાં પણ ઉપાદાન છે બધે ઠેકાણે, ઘણે ઠેકાણે પર્યાય ઉપાદાન. જુઓ! '**तर्ह्युपादानकारणरहितानां खपुष्पादीनामप्युत्पादो भवतु।**' જયસેનાચાર્યની સંસ્કૃત ટીકામાં છે. સમજાણું કાંઈ? આ તો તત્ત્વજ્ઞાન સર્વજ્ઞનું છે. પરમેશ્વર વીતરાગ દેવ ત્રિલોકનાથ પરમાત્માએ દિવ્યધ્વનિ દ્વારા ઈન્દ્રો અને મહેન્દ્રો, નરેન્દ્રો, ગણેન્દ્રો-ગણના ઈન્દ્ર મુનિઓ, એની સમીપમાં આ વાત કરી હતી ભગવાને. સમજાય છે? આ કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા, આઠ દિન સાંભળીને, આવીને આ બધું રચ્યું છે. કહો, સમજાણું કાંઈ? કહો, જાધવજીભાઈ!

'**ભાવનું ભાવાન્તરના અભાવસ્વભાવે અવભાસન** છે...' લ્યો! એક દાખલો એ કીધો. દરેકમાં. સમજાણું? આ ટોપી છે ટોપી જુઓ! એ ટોપી છેને ત્યાં આમ નીચે અમથી પડી હોય સાધારણ. એની ઉત્પત્તિ, નીચે પડી તેના વ્યય વિના એની આ ઉત્પત્તિ સરખી ગોઠવાય નહિ. એટલે ઉત્પત્તિના ભાવને એના વ્યયનો જે ભાવ છે (એ) એનાથી અનેરો ભાવ છે. અનેરાભાવના અભાવસ્વભાવે ઉત્પત્તિનો ભાવ દેખાય છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો એને કારણે થઈ છે એમ કહે છે અહીં તો. આંગળીને કારણે નહિ, આત્માને કારણે નહિ. બાપુ! એવી વસ્તુ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? દરબાર ટોપી નથી રાખતા? નહિ રાખતા હોય. કહો, સમજાણું આમાં? આહા..હા..!

દેવપણાનો ઉત્પાદ તે તે ગતિ પૂર્વની હોય એ ગતિના અભાવ વિના એટલે દેવગતિનો

ઉત્પાદ, બીજી ગતિનો જે ભાવ હતો એ ઓલાનાથી અનેરો ભાવ થયો. એના અભાવસ્વભાવે દેવગતિની ઉત્પત્તિ દેખાય છે. કર્મને લઈને દેવગતિ થઈ એમ દેખાતું નથી એમ કહે છે અહીં. કહો, સમજાણું કાંઈ?

શ્રેણિકરાજાનો જીવ સમકિત છે અને તીર્થંકરગોત્ર બાંધેલું છે. અહીંથી જ્યારે છૂટ્યા, દેહ છૂટ્યો ત્યારે નરકમાં જાય છે. અજ્ઞાની એમ કહે છે કે કર્મના કારણે, આનુપૂર્વીના કારણે અહીંથી આમ જાય છે. ભગવાન કહે છે કે પૂર્વની પર્યાયનો વ્યય થયો, નવી પર્યાયનો ઉત્પાદ. એ ઉત્પાદ અહીંથી ગતિનો થયો એ વ્યય વિના ન હોય અને એ વ્યય ઉત્પાદ વિના ન હોય. એ પછી આવશે. અહીંથી જાય છે એનો પોતાનો પર્યાયનો ઉત્પાદ છે રસ્તામાં. સમજાણું કાંઈ? એ પર્યાયનો ઉત્પાદ, પૂર્વના પર્યાયના અનેરો ભાવ પૂર્વનો પર્યાય, એના અભાવભાવસ્વભાવે ઉત્પાદ ભાસે છે. કર્મને લઈને ઉત્પાદ ભાસે છે એમ છે નહિ. ભારે વાત ભાઈ! કહો, સમજાણું કાંઈ? ભગવાનભાઈ! અગિયારમે ગુણસ્થાને કર્મનો ઉદય આવે છે માટે પડે છે એમ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ઉદય આવતો નથી.

ઉત્તર :- એમ નહિ. ઉદય પછી આવ્યો, પણ પછી આવ્યો એમાં તો એને આવતો જ નથી. પછી એ પોતાના પરિણામને પ્રાપ્ત થયા રાગને, ત્યારે પૂર્વની અરાગી પર્યાયનો નાશ થઈને આ રાગની ઉત્પત્તિ થઈ. કર્મનો ઉદય થઈને રાગની ઉત્પત્તિ થઈ એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવું બાપુ તત્ત્વ ઝીણું છે. વીતરાગનું આવું તત્ત્વ જાણ્યા વિના એક તત્ત્વમાં બીજા તત્ત્વનો ખીચડો કરશે (તો) મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવું તો ચાલે નહિ સાધારણ માણસને. ઓલા તો રાજી થાય બહારથી. ઊંધી શ્રદ્ધા, ઊંધી પ્રરૂપણા અને ઊંધો પ્રવાહ. સમજાણું કાંઈ?

'**વળી જે મૃત્તિકાપિંડનો સંહાર છે...**' માટીના પિંડનો નાશ તે જ કુંભની ઉત્પત્તિ છે. તે જ કુંભની ઉત્પત્તિનો સમય છે. '**કારણ કે અભાવનું...**' શું કહે છે? હવે જુઓ ઓલામાં. ઓલામાં ભાવનું ભાવાન્તરના અભાવ વિના અભાવસ્વભાવે પ્રતિભાસે એમ કહ્યું હતું. અભાવનું એટલે પિંડના નાશનું '**ભાવાન્તરના ભાવસ્વભાવે...**' એ સિવાય બીજો ભાવ, ઉત્પત્તિના ભાવાન્તરના સ્વભાવે '**અવભાસન છે...**' પિંડનો નાશ એ અનેરો ભાવ જે ઘડાની ઉત્પત્તિ તેના ભાવના સ્વભાવે પ્રતિભાસન છે. '**અભાવનું ભાવાન્તરના ભાવસ્વભાવે અવભાસન છે (અર્થાત્ નાશ અન્યભાવના ઉત્પાદરૂપ સ્વભાવે પ્રકાશે છે).**' લ્યો! નાશ થાય તે એનરા ભાવે પ્રકાશે છે, ઉત્પાદના ભાવે પ્રકાશે છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વનો નાશ, એ અનેરો ભાવ સમકિત એના ભાવપણે તેનો નાશ પ્રકાશે છે. આહા..હા..!

એક એક સમયના ત્રણ અંશનો સ્વતંત્ર છે આત્મા કે પરમાણુ. કોઈના કોઈને લેવા-

દેવા નથી. ઓલા ઈશ્વરકર્તા માને તો ના પાડે. આ કહે, અમે પરના કર્તા છીએ. બેય એક સરખા છે. બેય એક સરખા મિથ્યાદષ્ટિ છે વિપરીત દષ્ટિવાળા. અહીં તો કહે છે કે એની પર્યાય બીજા પર્યાયથી થાય એવું નથી. પણ એનો પર્યાય પૂર્વના પર્યાયના અભાવ વિના ન થાય અને પૂર્વનો પર્યાયનો અભાવ એનાથી અનેરા ભાવ વિના ન થાય. ઉત્પત્તિ વિના સંહાર ન થાય અને સંહાર વિના ઉત્પત્તિ ન થાય. આ તો દરેક દ્રવ્યની વાત છે હોં! આ તો આપણે આત્મામાં ઉતારી, બાકી પરમાણુમાં છે, દરેકમાં છે, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ બધામાં એમ છે.

'**વળી જે કુંભનો સર્ગ...**' છે. ઉત્પત્તિ ઘડાની ઉત્પત્તિ. '**પિંડનો સંહાર છે તે જ મૃત્તિકાની સ્થિતિ છે,...**' તે જ માટીનું હોવાપણું છે, માટીનું ધ્રુવપણું છે. '**કારણ કે વ્યતિરેકો...**' છેને નીચે? '**ભેદ; એકબીજારૂપે નહિ હોવું તે; 'આ તે નથી' એવા જ્ઞાનના નિમિત્તભૂત ભિન્નરૂપપણું.**' ભિન્નભિન્નપણું તે અન્વયને અતિક્રમતા નથી. ઉત્પાદ અને વ્યય ભિન્ન ભિન્નપણું તે અન્વય ધ્રુવને છોડતા નથી. ધ્રુવ વિના એ ઉત્પાદ અને વ્યય હોઈ શકે નહિ. આત્મા વિના સમકિતની ઉત્પત્તિ અને મિથ્યાત્વનો નાશ હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**કુંભનો સર્ગ અને પિંડનો સંહાર છે તે જ મૃત્તિકાની સ્થિતિ છે, કારણ કે વ્યતિરેકો અન્વય...**' નામ સળંગ ચાલે છે તત્ત્વ, તેને વ્યતિરેક ભિન્ન-ભિન્ન અવસ્થાઓ ઉત્પાદ-વ્યયની તે અન્વયને છોડીને થાય એમ બનતું નથી. કહો, ઉત્પાદ અને વ્યય... આત્મામાં સમકિત દર્શનનો ઉત્પાદ, મિથ્યાત્વનો નાશ એ આત્મા વિના બનતો નથી એમ કહે છે. આત્માના ધ્રુવ વિના એ બનતું નથી. પણ જોડે... સમજાણું કાંઈ? લ્યો! આમાં તો એ આવ્યું, પહેલા રાગ હતો તો સમકિતની ઉત્પત્તિ થઈ એમ ન થયું. રાગનો અભાવ થઈને. મિથ્યાત્વ આદિ રાગ કષાય છેને? અભાવ થઈને ભાવનું ભાસન છે. ઓલા અભાવનું ભાસન એ ભાવનું ભાસન અને ભાવનું ભાસન આના અભાવને લઈને છે. અભાવનું ભાસન અનેરા ભાવના પ્રતીતિને લઈને છે. અનેરો ભાવ ભાસે ત્યારે ઓલા ભાવનો અભાવ હોય છે. એકલા સિદ્ધાંતો છે આમાં. કેટલું! એક એક દ્રવ્યના એક એક સમયના. આહા..હા..! કોનામાં જા અને કોણ તારામાં આવે? મફતનો (માને કે) શરીરને હું આમ રાખું, શરીરને આમ રાખું. શરીરનો પરમાણુ છે તે તેની પર્યાયે ઉત્પન્ન થાય છે. તે પૂર્વના વ્યયના અનેરો ભાવ એનો વ્યય, એના અભાવસ્વભાવે તે ઉત્પાદ દેખાય છે અને એનો સંહાર અનેરો ભાવ જે ભાવ ઉત્પાદ એના ભાવના અભાવે એનો અભાવ દેખાય છે. ઓલાને અભાવે ભાવ ભાસે છે. ભાવના ભાસે અભાવ ભાસે છે. સમજાણું કાંઈ?

'**વ્યતિરેકો અન્વયને અતિક્રમતા નથી.**' નીચે વ્યતિરેક કર્યું છેને? વ્યતિરેક એટલે જુદાઈ. ઉત્પાદ-વ્યયની જુદાઈ. એકનું બીજારૂપ નહિ હોવું. આ તે નથી એવા જ્ઞાનના નિમિત્તભૂત

ભિન્નપણું ઉત્પાદ-વ્યય, તે વ્યતિક્રમ અન્વય વિના વ્યતિરેકો એ વ્યતિરેકો અન્વયને છોડતા નથી. ઉત્પાદ અને વ્યય ધ્રુવને છોડતા નથી. એમ કહે છે. ધ્રુવ વિના ઉત્પાદ-વ્યય હોઈ શકે નહિ. કહો, બરાબર છે? ધ્રુવ વિના ઉત્પાદ-વ્યય હોઈ શકે નહિ. એના ધ્રુવ વિના, પણ બીજાના હયાતી વિના ઉત્પાદ-વ્યય હોઈ શકે નહિ એમ નથી. બીજાની હયાતી વિના આનો ઉત્પાદ-વ્યય થઈ શકે નહિ એમ નથી. એના ધ્રુવ વિના એનો ઉત્પાદ-વ્યય ન થાય, બીજાના ધ્રુવ વિના એનો ઉત્પાદ-વ્યય ન થાય એમ છે નહિ. આહા..હા..! લ્યો! સમજાણું કાંઈ?

આમ ડગલું પડે છે આમ. તો એ ડગલું આમ છે અને આમ થાય છે. તો કહે છે કે એ ડગલાની પર્યાયની ઉત્પત્તિ પૂર્વના વ્યયના અભાવસ્વભાવે ભાસે છે અને સંહાર એનાથી અનેરો જે ઉત્પત્તિનો ભાવ, તેના ભાવના ભાવથી તે અભાવ ભાસે છે. અને ભાવ અને અભાવ એ પરમાણુ કાયમ છે એનાથી ભાસે છે. ઓલો આત્મા અંદર છે માટે શરીરને આમ કરે છે એમ નથી. આહા..હા..! ભારે વાત! સમજાણું? ભગવાનજીભાઈ! શાસ્ત્રમાં આવે કે જોઈને ચાલવું, શું કહેવાય? ઈર્યાસમિતિ. ધોંસરા પ્રમાણે ચાલવું. અહીં કહે છે, ભાઈ! ચાલવાની પર્યાય કોની અને તારી પર્યાય કોની? તને ખબર છે?

મુમુક્ષુ :- ચાલવાની પર્યાય તો પુદ્ગલની છે.

ઉત્તર :- પુદ્ગલની છે એ તો. તું તો ખ્યાલ રાખ કે આમ થાય છે એટલું. આમ થાય છે એટલું અથવા આમ નથી થતું એટલું. એમ જાણે. પણ આને કરી શકે, એ પગને ઉંચો રાખી શકે, નીચે જીવ છે માટે જ્ઞાન અહીં થયું કે અરે..! નીચે જીવ માટે પગ ઉંચો કરો. કહે છે, એ વાત તદ્દન જૂઠી છે. પગના ઉત્પાદનું ઉપજવું તેના પૂર્વના વ્યયના ભાવે થાય છે અને એનો વ્યય ઉત્પાદને ભાવે થાય છે અને એ ઉત્પાદ-વ્યય પરમાણુની ધ્રુવતાને લઈને થાય છે, બીજાને લઈને થાતો નથી. ભારે વાત ભાઈ! જાધવજીભાઈ! આવા તો એકડા સાંભળ્યા પણ નહિ હોય ત્યાં કલકત્તે. નહિ? અપાસરામાં સાંભળ્યા નથી? આહા..હા..! એવી વાત છે. સર્વજ્ઞે સ્વતંત્રતા, જેવું સત્ છે, જેવું સત્ સ્વતંત્ર છે તેને પ્રસિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ઈશ્વર વિના જગત ન હોય એમ નહિ. એમ એક દ્રવ્ય વિના બીજા દ્રવ્યનો ઉત્પાદ ન હોય એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? હા, એનો ઉત્પાદ એના પૂર્વના ભાવના અભાવ વિના ન હોય અને એનો અભાવ નવી પર્યાયના ભાવના પ્રગટ વિના એનો અભાવ ન હોય અને એ ભાવ અને અભાવ તેની ધ્રુવતા વિના ન હોય. પણ બીજાને ટકવાને કારણે, કે બીજો ત્યાં ઉપસ્થિત છે માટે ઉત્પાદ-વ્યય થાય છે (એમ નથી). એનું ધ્રુવ ઉપસ્થિત છે એને કારણે ઉત્પાદ-વ્યય ત્યાં થાય છે. ભારે કામ ભાઈ! આ તો આખી દુનિયાના અભિમાન લઈને બેસે. આનું કરી દઉં, આનું કર્યું, આ કર્યું ને આ કર્યું. મરી ગયો મિથ્યાત્વમાં. ભ્રમણા ક્ષણે ક્ષણે મિથ્યાત્વને પોષે કે આની દયા પાળી, એનું મેં આ કર્યું, આનું મેં આમ કર્યું,

હું આમ બોલ્યો, એ બોલવાથી ઓલાને આમ થયું, ઢીંકણું આમ થયું. તો આવી જે માન્યતા ક્ષણે ક્ષણે મિથ્યાત્વને પોષે એ પૂર્વના મિથ્યાત્વનો વ્યય કરીને મિથ્યાત્વની પર્યાય નવી થાય છે, બહારને કારણે નહિ. સમજાણું કાંઈ?

**'વળી જે મૃત્તિકાની સ્થિતિ છે...'** માટીની ધ્રુવતા છે. **'તે જ કુંભનો સર્ગ અને પિંડનો સંહાર છે, કારણ કે વ્યતિરેકો દ્વારા જ અન્વય પ્રકાશે છે.'** ભાષા. જુદી જુદી ઉત્પાદ-વ્યય એ ધ્રુવતાને છોડતા નથી એ પહેલું કહ્યું. અને અહીં કહ્યું કે **'કારણ કે વ્યતિરેકો દ્વારા જ...'** ઉત્પાદ-વ્યય દ્વારા જ અન્વય ધ્રુવતા જણાય છે. ઉત્પાદ-વ્યય દ્વારા કે આ ઉત્પાદ અને વ્યાય આનો એ ધ્રુવતા જણાય છે એમ કહે છે. આહા..હા..! ભગવાનનું તત્ત્વ જુઓ તો ખરા. ભગવાનનું એટલે આત્માનું તત્ત્વ. એ એવું તત્ત્વ છે. નવી અવસ્થાનો ઉત્પાદ, જૂનાનો વ્યય એ વ્યતિરેક દ્વારા જ અન્વય પ્રકાશે છે. એના દ્વારા આ ધ્રુવ છે, આત્મા ધ્રુવ છે એમ જણાય છે. **'અન્વય = એકરૂપતા; સદશતા; 'આ તે જ છે' એવા જ્ઞાનના કારણભૂત એકરૂપપણું.'** સમજાણું કાંઈ?

ઘડાનો (ઉત્પાદ) અને પિંડનો સંહાર એ કારણ કે એ સંહાર છે, **'સ્થિતિ છે તે જ કુંભનો સર્ગ અને પિંડનો સંહાર છે, કારણ કે...'** ભિન્નતા **'દ્વારા જ અન્વય પ્રકાશે છે.'** ભિન્ન ભિન્ન ઉત્પાદ અને વ્યય દ્વારા, તે સમયનો ભિન્ન-ભિન્ન ઉત્પાદ અને વ્યય તે દ્વારા ધ્રુવતા પ્રકાશે છે. સમકિતની ઉત્પત્તિ અને મિથ્યાત્વનો નાશ એ વ્યતિરેકો દ્વારા, ભિન્ન ભિન્ન અવસ્થા થઈ તે દ્વારા 'આત્મા છે' એમ પ્રકાશે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનની ઉત્પત્તિ, મિથ્યાત્વનો નાશ એ વ્યતિરેક છે એ દ્વારા. પહેલું એમ હતું વ્યતિરેકો અન્વયને ઓળંગતા નથી. ભિન્ન-ભિન્ન અવસ્થા ધ્રુવને છોડતા નથી. અહીં કહે છે કે વ્યતિરેક દ્વારા અન્વય સિદ્ધ થાય છે. ઉત્પાદ-વ્યય દ્વારા આ ધ્રુવ છે એમ પ્રકાશે છે. ભારે પલાખા આકરા. છે તો બહુ સહેલો, પણ માણસને અભ્યાસ નથીને અને એ રીતે એનું કાંઈ ચાલતું નથી. આ તો કરો... કરો.. આ કરો.. ને આ કરો, પૂજા કરો, સ્નાનસ્તોત્ર કરો, ફલાણું કરો, ઢીંકણું કરો.

અહીં તો કહે છે કે એક એક પરમાણુ પોતાના અવસ્થાથી નવો ઊપજે એ પૂર્વના વ્યય-અભાવથી એટલે પૂર્વના ભાવના અભાવથી અને પૂર્વનો ભાવનો અભાવ એ નવા ભાવની ઉત્પત્તિને પ્રકાશતો નાશ થાય છે અને એ બે પર્યાયો અન્વયને છોડતા નથી અને બે પર્યાયો અન્વયને પ્રસિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? શું કહ્યું? એ ઉત્પાદ-વ્યય એની ધ્રુવતાને પ્રકાશે છે. એનો ઉત્પાદ-વ્યય જોડે આ નિમિત્ત હતું એને પ્રકાશતું નથી એમ કહે છે ભાઈ! કે જોડે એક આ કુંભાર હતો માટે આ ઘડાની ઉત્પત્તિનો પ્રકાશ કે વ્યયનો, એ દ્વારા કુંભારની હયાતી પ્રકાશે છે એમ નહિ. ઘડાની ઉત્પત્તિ અને ઘડાના પિંડનો વ્યય એ દ્વારા માટી પ્રકાશે છે, પણ કુંભાર ત્યાં હતો એવું પ્રકાશે છે એમ નહિ એમ કહે છે. આહા..હા..! ઉત્પાદ-

વ્યય દ્વારા ધ્રુવતા, તેનું ધ્રુવ જે છે એ પ્રકાશે છે, પણ એ ઉત્પાદ દ્વારા આ માટીના ઘડાનો કરનાર હતો, ચાકડો હતો એને પ્રકાશે છે એમ નથી. કારણ કે માટીના ચાકડામાં એક એક પરમાણુ પણ નવી અવસ્થાથી પ્રકાશે છે, જૂની અવસ્થાથી વ્યય થાય છે અને અન્વય એટલે ધ્રુવતા વિના હોતા નથી, બે. અને એ વ્યતિરેક દ્વારા એટલે એની ધ્રુવતાની પ્રસિદ્ધિ દેખાય છે. વ્યતિરેક દ્વારા એ ધ્રુવતા ભાસે છે, વ્યતિરેક દ્વારા કુંભાર જોડે હતો એમ ભાસતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

સારા મોતીના દાણા જેવા અક્ષર પડેને ચોપડામાં. પડે એમ કહ્યું. કરે કોણ? અક્ષર પડે. કહે છે કે એ અક્ષર મોતીના દાણાનો ઉત્પાદ, પૂર્વની વ્યયના કારણે થયો છે. એનાથી અનેરો ભાવ એના અભાવથી મોતીના દાણાની પર્યાય થઈ છે અને બીજો અભાવ મોતીના દાણાની પર્યાયના ભાવને કારણે ઓલાનો અભાવ થયો છે અને એ ભાવ અને અભાવ અન્વયને છોડતા નથી. એ પરમાણુ જે ધ્રુવ તેને છોડતા નથી અને ભાવ અને અભાવ એ વ્યતિરેકો અન્વયને પ્રકાશે છે. અહીં પરમાણુ પરમાણુ છે એમ પ્રકાશે છે. જોડે લખનારો છે એમ પ્રકાશતું નથી. એય..! કાંતિભાઈ! તમારે નામું બહુ લખવું પડતું હશે. આહા..હા..! જુઓ તો ખરા. કહો, સમજાણું આમાં? ઓલો હુશિયાર માણસ હતો માટે મોતીના દાણા જેવા અક્ષર પડ્યા એમ કાંઈ પ્રકાશતો નથી એમ કહે છે.

મુમુક્ષુ :- કાંઈક તો લાગુ પડેને.

ઉત્તર :- કાંઈ લાગતું નથી, મફતનો મંડ્યો છે. અજ્ઞાનપણે મફતનો ચોંટ્યો છે પરનો સ્વામી થવા. સ્વતંત્ર વસ્તુ તેનો કોણ સ્વામી થાય? એક એ (પોતે) સ્વામી અને વળી બીજો એનો સ્વામી, એકના બે ધણી? સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે પર્યાય દ્વારા જ અન્વય પ્રકાશે છે. પર્યાય દ્વારા, અનિત્ય પર્યાય દ્વારા ધ્રુવ છે એમ પ્રકાશે છે, પણ અનિત્ય પર્યાય પલટી માટે આવું થવાનું જોડે હતો માટે આ પ્રકાશે છે એને એમ નથી. નિમિત્ત છે એ પણ એના પોતાના પર્યાયને પ્રકાશે છે પૂર્વની પર્યાયના વ્યયથી અને તે વ્યયના અભાવે ભાવનો ભાવ થાય છે અને વ્યય અને ઉત્પાદ તે અન્વય વિના એટલે તે પરમાણુ વિના હોતા નથી. સમજાણું? અને એ પરમાણુને બતાવનારા વ્યય અને ઉત્પાદ છે, પણ એ પરમાણુ બતાવનાર બીજો કોઈ છે એની સાથે તત્ત્વ, એમ નથી. સમજાણું કાંઈ?

જ્ઞાનાવરણીયનો ઉદય, જુઓ! જ્ઞાનાવરણીયનો ઉદય જ્ઞાનને આવરે એમ શબ્દ પડ્યો છેને શાસ્ત્રમાં. જ્ઞાનાવરણીય જ્ઞાનને આવરે. એ વાત એમ નથી. એ તો ફક્ત નિમિત્ત કોણ હતું એ જણાવ્યું છે. નહિતર જ્ઞાનાવરણીયના પરમાણુઓ છે એ ઉદય આવ્યા એ એનો ઉત્પાદ એનામાં જડમાં. અને પૂર્વની સત્તામાં કર્મ હતા, કર્મ સત્તાનો વ્યય થઈને ઉત્પન્ન થયો અને એ બે એના પરમાણુ ધ્રુવ વિના થતા નથી અને એ બે એની ધ્રુવતાને બતાવે છે,

કર્મના રજકણની ધ્રુવતાને બતાવે છે. અહીંયાં આત્મા વિકારનો કરનાર છે માટે (એ કર્મ છે) એમ બતાવતું નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! કહો, સમજાણું કે નહિ આમાં?

મુમુક્ષુ :- પ્રવાહબંધ કાર્ય ચાલે છે.

ઉત્તર :- હા. એ તો ૯૯માં કહી ગયા. જે સમયે પૂર્વના થયા અને ભવિષ્યના થાય ભવિષ્યમાં. સમજાય છે? અને અહીં તો હવે એની સિદ્ધિ કરે છે એક વિના બીજું હોય નહિ. જ્યારે જ્યારે જે પરિણામો ઉત્પન્ન થાય ત્યારે પૂર્વના વ્યય વિના હોય નહિ અને વ્યય વિના ઉત્પાદ હોય નહિ, ઉત્પાદ વિના, વ્યય વિના અન્વય હોય નહિ અને અન્વય ઉત્પાદ વિના હોય નહિ એમ. આહા..હા..! એટલી વાત!

આવી વાત વસ્તુની સ્થિતિ છે એવી જ્યાં સુધી એને જ્ઞાનમાં ન આવે ત્યાં સુધી સ્વતંત્રતાની સૂઝ પડે નહિ. લ્યો! મિથ્યાત્વને ઉપાદાનકારણ કહ્યું. એય..! ઉપાદાનકારણનો અર્થ એનો વ્યય, એનો અભાવ તે સમકિતની ઉત્પત્તિનું કારણ છે. ઓલા કહે, ઉપાદાનકારણ... સદશ કાર્ય થાય. એ તો અભાવ થાય ત્યારે જ ઓલો ઉત્પાદ થાય, ઉત્પાદ થાય ત્યારે જ એનો અભાવ એમાં તે સમયે થાય અને ભાવ અને અભાવ બેનો આધાર તો ધ્રુવ છે. એના વિના ભાવ-અભાવ થાય નહિ અને ભાવ-અભાવ ધ્રુવતાને પ્રકાશે, ધ્રુવતાને પ્રકાશે છે—અન્વયને પ્રકાશે છે—કાયમ રહેતું દ્રવ્ય જે એને પ્રકાશે છે. જોડે હતો કોઈ માટે એને પ્રકાશે છે એમ નથી. કહો, જગજીવનભાઈ! આમાં શું આ ડાહ્યા થઈને કેટલું કરે છે નહિ ગામમાં? નથી કરતા? સરકારે મંજુર રાખ્યું કહે છે. હશે કાંઈક. જે.પી.નો ઈલ્કાબ. કહો, અહીં તો સાદા માણસ લાગે છે. કહો, આ કહે કાંઈ કરી શકતો નથી. ઓલા વોરા કહે છે કે અમારે જગજીવનભાઈ આવે તો તકરાર મટાડી દીધી. લ્યો! એક વોરો નહોતો આવ્યો? અમે ત્યાં ગયા હતા. લોટિયા વોરા. કુંડલામાં.

મુમુક્ષુ :- .. કરતા હશે?

ઉત્તર :- કોણ જાણે શું હશે? જગજીવન બાવચંદ કહેવાય શ્વેતાંબરમાં અગ્રેસર કર્તા. આ અમારે જગજીવન આવે. લોટિયા વોરા કહે અમારે તકરાર હતી, એ કહે અને ઊભા રહે (એટલે) અમારે કાંઈ ન બોલાય. તો કો'કને લઈને કો'ક થાતું હશે કે નહિ?

મુમુક્ષુ :- એ તો ના જ પાડેને. વોરાને પૂછવું જોઈએને.

ઉત્તર :- વોરાને શું ખબર છે કે આ તકરારનો પર્યાય ભાંગવાનો તે દિ' સંપનો પર્યાય ઉત્પન્ન થવાનો તે પરમાણુમાં છે. એના આત્મામાં છે એ તો. આહા..હા..! વીતરાગ માર્ગ સર્વજ્ઞ પરમેશ્વરે જોયેલા તત્ત્વો અને એ તત્ત્વનું સ્વરૂપ આવું જ છે એમ લોજિક-ન્યાયથી-અનુભવથી સિદ્ધ થઈ શકે છે. હવે, **'અને જો આમ જ (-ઉપર સમજાવ્યું તેમ જ) ન માનવામાં આવે તો...'** હવે શું દોષ આવે એ વિશેષ કહેશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૨, શનિવાર, તા. ૨૧.૧૨.૧૯૬૮**
**ગાથા-૧૦૦, પ્રવચન-૧૦૨**

આ ૧૦૦ ગાથા. પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન. અહીં સુધી આવ્યું જુઓ. '**અને જો આમ જ (-ઉપર સમજાવ્યું તેમ જ) ન માનવામાં આવે તો...**' ત્યાંથી આવ્યું છે. ૧૯૧ પાનું. છે? નવું છે આ. '**જો આમ જ ન માનવામાં આવે તો...**' એટલે શું? આમ જ ન માનવામાં આવે તો એટલે શું? પહેલા માથે કહી ગયા છે કે કોઈપણ વસ્તુ છે જગતમાં, આત્મા, પરમાણુ આદિ પદાર્થ, તો આ આત્મા છે એની નવી પર્યાયમાં ઊપજે ધર્મની. આત્મા છે એનું ભાન થઈને સમ્યગ્દર્શનરૂપી ધર્મની પર્યાય ઊપજે એ વ્યયના કારણ વિના ન ઉપજે, પૂર્વની અવસ્થાનો અભાવ થાય તો એ અવસ્થા થાય. ખરેખર તો એ ઉત્પાદ તે વ્યય છે. કેમકે ધર્મની અવસ્થા ઉત્પન્ન થઈ એ પૂર્વની અવસ્થાનો નાશ કરીને ઉત્પન્ન થઈ. એટલે અવસ્થાનું જે ધર્મનું ઉત્પન્ન થવું... કોઈ એમ કહે કે અમારે ધર્મ કરવો છે, તો ધર્મ એટલે આત્માના શુદ્ધ પરમાત્મસ્વરૂપ પોતાનું છે એની રુચિ, એનું પરિણમન કરવું એનું નામ ધર્મ. સમજાય છે કાંઈ? શેઠી!

આત્મા પરમસ્વરૂપ આનંદ જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એવો પરમસ્વરૂપ એવો નિજ આત્મા એની દૃષ્ટિ, રુચિનું પરિણમન એ ઉત્પાદ સમ્યગ્દર્શનનો છે એનું નામ. એ ઉત્પાદ પૂર્વના મિથ્યાત્વના પરિણામના નાશ વિના હોઈ શકે નહિ અને એ નાશ ઉત્પાદ વિના હોઈ શકે નહિ. મિથ્યાત્વનો નાશ, એનો અભાવ એ ઉત્પાદના ભાવને બતાવે છે એટલે વ્યય પણ ઉત્પાદ વિના હોઈ શકે નહિ. ઉત્પાદ વ્યય વિના ન હોઈ શકે, વ્યય ઉત્પાદ વિના ન હોઈ શકે અને વ્યય અને ઉત્પાદ ધ્રુવ ચીજ ન હોય તો વ્યય અને ઉત્પાદ શેમાં થાય? કાયમ વસ્તુ ન હોય, ધ્રુવ ચીજ ન હોય, આત્મા પરમાત્મસ્વરૂપ એની રુચિ અને દૃષ્ટિનું પરિણમન એ ઉત્પાદ, મિથ્યાત્વના વ્યયથી (થાય છે). મિથ્યાત્વનો વ્યય સમકિતના ઉત્પાદને કારણે. હવે એ સમકિતનો ઉત્પાદ અને મિથ્યાત્વનો નાશ આધાર ચીજ ન હોય તો કોને આધારે થાય? એટલે સમકિતની ઉત્પત્તિ, મિથ્યાત્વનો નાશ, આત્માનું ધ્રુવપણું રહેવું, ધ્રુવપણે રહેવું. એ ધ્રુવ વિના ઉત્પાદ-વ્યય નહિ, ઉત્પાદ વિના ધ્રુવ નહિ, ઉત્પાદ વિના વ્યય નહિ, વ્યય વિના ઉત્પાદ નહિ, ઉત્પાદ વિના ધ્રુવ નહિ અને ધ્રુવ વિના ઉત્પાદ-વ્યય નહિ. સમજાય છે કાંઈ? આ ધર્મ પહેલો એને સમજવો પડશે એમ કહે છે.

કોઈપણ પદાર્થમાં નવી અવસ્થા ઊપજે એમ કહેવું, ત્યારે પહેલા નહોતી અને થઈ કહેવું, તો એ થઈ શેમાંથી? કહે છે કે, પૂર્વનો ભંગ થયો મિથ્યાત્વ અને અજ્ઞાન આદિનો ત્યારે નવી અવસ્થા ઉત્પન્ન થઈ. કેમકે પૂર્વની અવસ્થાનો નાશ એ જ ઉત્પન્ન થવાનું કારણ છે.

અને મિથ્યાત્વનો નાશ થયો કે રાગ અને પરદ્રવ્યની રુચિ, પરદ્રવ્ય મારા છે, રાગ, પુણ્ય-પાપના વિકલ્પો, શરીર, વાણી જે આત્માના નથી, એ મારા છે, પરદ્રવ્ય મારા છે એવી જે રુચિનો મિથ્યાત્વભાવ એ સમકિતની પર્યાયની ઉત્પત્તિ વિના એનો સંહાર સિદ્ધ થતો નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનની ધર્મ પર્યાયના ઉત્પાદના કારણ વિના મિથ્યાત્વનો વ્યય નામ નાશ થાય એમ બને નહિ. સમજાય છે કાંઈ? આવી ચીજનું સ્વરૂપ છે. એવું સ્વરૂપ જ્યાં આગળ જાણવામાં એની દૃષ્ટિમાં ન આવે અને મથ્યા કરે કાંઈક ધર્મ કરવા બહારમાં, તો એ કાંઈ ધર્મ થાતો નથી. સમજાણું કાંઈ?

એ કહ્યું છે જુઓ! **‘અને જો આમ જ (–ઉપર સમજાવ્યું તેમ જ) ન માનવામાં આવે...’** કે ધર્મની ઉત્પત્તિ અધર્મના નાશથી છે, અધર્મનો નાશ ધર્મની ઉત્પત્તિથી છે, ધર્મની ઉત્પત્તિ અને મિથ્યાત્વ અધર્મનો નાશ ધ્રુવથી છે અને ધ્રુવનું પ્રકાશવું, ધ્રુવનું પ્રકાશવું એ ઉત્પાદ-વ્યયના વ્યતિરેક ભિન્ન-ભિન્ન અવસ્થાથી આ ધ્રુવ છે એમ એ અવભાસે છે. એમ ન માનવામાં આવે. જુઓ! **‘તો ‘અન્ય સર્ગ છે,...’’** ઉત્પત્તિનો ભાવ ક્યાંક છે, સંહારનો ભાવ ક્યાંક છે, સમકિતની ઉત્પત્તિ ક્યાંક થાય, મિથ્યાત્વનો સંહાર ક્યાંક થાય અને ધ્રુવતા ક્યાંક રહે. ન્યાયથી એકદમ તત્ત્વને સિદ્ધ કર્યા છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રણકાળનું જેને જ્ઞાન છે એ જ્ઞાનમાં પોતાનું તત્ત્વ અને પરનું તત્ત્વ પૃથક્ જે જણાણું એનું આવું સ્વરૂપ છે એમ જગતને જણાવવા એની વ્યવસ્થિતિ શું છે જડ-ચૈતન્યની એ બતાવે છે. જે રીતે છે એવો ખ્યાલમાં ન આવે તો સાચી પ્રતીતિ થાય નહિ. સમજાય છે કાંઈ?

એથી કહે છે કે એક એક આત્મા... **‘જો આમ જ ન માનવામાં આવે તો ‘અન્ય સર્ગ છે, અન્ય સંહાર છે, અન્ય સ્થિતિ છે’ એવું આવે છે (અર્થાત્ ત્રણે જુદાં છે એવું માનવાનો પ્રસંગ આવે છે).’** ત્રણ જુદાં એમ માનવામાં આવે છે. ઉત્પાદ ક્યાંક થાય, વ્યય ક્યાંક થાય, ધ્રુવ ક્યાંક રહે. ત્રીજો ધ્રુવ રહે, પહેલો ઊપજે અને બીજો વ્યય થાય અને ત્રીજો ધ્રુવ રહે. સમજાણું કાંઈ? એમ બને નહિ. એની ને એની પર્યાય ઊપજે, પૂર્વની વ્યય થાય અને ધ્રુવ રહે એ વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ધર્મની ઉત્પત્તિ એના વ્યય વિના નહિ અને ધ્રુવ વિના નહિ, પણ પર વિના ધર્મની ઉત્પત્તિ નહિ એમ નહિ. સમજાણું કાંઈ? ધર્મની ઉત્પત્તિ શુદ્ધ ચિદાનંદ છું એવી અંતર ઉત્પત્તિ દૃષ્ટિની એ મિથ્યાત્વના નાશ વિના અને ધ્રુવના આધાર વિના થાય નહિ. પણ પરના આધારથી સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય એવું વસ્તુનું સ્વરૂપ છે નહિ. સમજાણું આમાં? એમ મિથ્યાત્વનો નાશ એ પરથી થાય એમ નથી. મિથ્યાત્વનો નાશ પણ ઉત્પાદના કારણે સંહાર થાય છે અને સંહાર ધ્રુવની અંદર પર્યાયમાં થાય છે. તો મિથ્યાત્વનો નાશ પણ તેના ઉત્પાદ અને ધ્રુવ વિના નહિ, પણ મિથ્યાત્વનો નાશ પર ચીજના સદ્‌ભાવથી થાય એમ છે નહિ.

મુમુક્ષુ :- પર વિના ન થાય.

ઉત્તર :- આ કીધુંને પર વિના ન થાય. દેવ-ગુરુ-શાસ્ત્ર છે માટે અહીં સમ્યગ્દર્શન થાય એમ નથી એમ કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર છે તો એના ઉત્પાદ-વ્યય-ધ્રુવ એની પાસે છે. અરિહંતના, અરિહંતનો આત્મા લ્યો તો, એને જે કેવળજ્ઞાનની ઉત્પત્તિ અને પૂર્વ શુક્લધ્યાનનો જે પર્યાય હતો તેનો વ્યય. શુક્લધ્યાનના પર્યાયના વ્યય વિના કેવળજ્ઞાનની ઉત્પત્તિ નહિ અને કેવળજ્ઞાનની ઉત્પત્તિ વિના શુક્લધ્યાનના પર્યાયનો વ્યય નહિ અને ઉત્પાદ-વ્યય તેના ધ્રુવપણા વિના એના ઉત્પાદ-વ્યય નહિ અને ધ્રુવપણું તે ઉત્પાદ-વ્યય એને ધ્રુવપણે પ્રકાશે કે આ ઉત્પાદ કોના? કે આ ધ્રુવના છે. ત્રણે એક જ ચીજ છે.

મુમુક્ષુ :- આત્માના અભાવ વિના નહિ એ વાત રહી ગઈ.

ઉત્તર :- કીધુંને એ. દેવ-ગુરુ-શાસ્ત્ર કહી દીધું વચ્ચે. દેવ-ગુરુ વિના ધર્મની પર્યાય ઉત્પન્ન થાય. એ ન હોય તો ન થાય એમ છે નહિ. આત્મા ધ્રુવ અને વ્યય ન થાય તો ઉત્પન્ન ન થાય. એક કાયમ રહેવાનું, એક અભાવરૂપ કારણ ન હોય તો ભાવની પર્યાયની ઉત્પત્તિ થાય નહિ, પણ બીજાઓ ન હોય તો અહીં ન થાય એમ કાંઈ છે નહિ. અને બીજા છે માટે અહીં થાય (એમ નથી), સામે દેવ-ગુરુ-ધર્મ અને શાસ્ત્ર સામે પડ્યા છે માટે અહીં સમ્યગ્દર્શન થાય એમ નથી. સમજાણું કાંઈ? દરબાર! ભારે!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો ઝાઝા માણસો હોય એ હિન્દીમાં ન સમજે. હિન્દીમાં આવું નીકળતું નથી. સવારમાં કહે તો ચાલે, અત્યારે તો (ગુજરાતી ચાલશે). સમજાય છે કાંઈ?

'**એમ થતા (શા દોષો આવે તે સમજાવવામાં આવે છે) :**' શા દોષ આવે એમ. શું કહે છે? ત્યાં ધર્મની ઉત્પત્તિનો પર્યાય અધર્મના નાશ વિના નહિ, અધર્મનો નાશ ધર્મની ઉત્પત્તિ વિના નહિ અને ધર્મનો ઉત્પત્તિ અને અધર્મનો નાશ ધ્રુવ વિના નહિ. સમજાણું? બધું એક જ સમયે પોતાથી સિદ્ધ છે. એમ ન માનવામાં આવે તો શું દોષ આવે? એ સિદ્ધ કરે છે. '**કેવળ સર્ગ શોધનાર કુંભની...**' ઘડાની ઉત્પત્તિનો એકલો માનનાર કે ઘડો ઊપજ્યો, ઘડો ઊપજ્યો. છેને? કેવળ ઉત્પત્તિ શોધનાર કુંભની. કુંભ એટલે ઘડો. દાખલો આપે છે. ઘડાની ઉત્પત્તિને એકલાને માનનાર '**(-વ્યય અને ધ્રૌવ્યથી જુદો એકલો ઉત્પાદ કરવા જનાર ઘડાની),...**' માટીના પિંડનો વ્યય, માટીનું ધ્રુવ એનાથી જુદો એકલો ઘડાનો ઉત્પાદ કરવા જનાર ઘડાની '**ઉત્પાદાનકારણના અભાવને લીધે,...**' પિંડપણું જે, પિંડપણું છે પહેલું માટીનું એનો અભાવ, એનો ઉત્પાદન કારણ અભાવ. કારણ કે એ વ્યય છે એના કારણનો અભાવ હોય તો ઉત્પત્તિ થાય નહિ. પિંડાના વ્યયના અભાવમાં ઘડાની ઉત્પત્તિ થાય નહિ. એમ મિથ્યાત્વના પર્યાયના નાશ વિના સમકિતની પર્યાયની ઉત્પત્તિ થાય નહિ. કહો, સમજાણું કાંઈ?

કેવળ ઉત્પત્તિ શોધનાર એટલે ઉત્પત્તિને જ માનનાર (એટલે કે) કેવળ ઉત્પાદ (જ

માનનાર). ઘડો ઊપજ્યો. શું થઈને? શું રહીને ઘડો ઊપજ્યો? શું થઈને, શું રહીને એ ઘડો ઊપજ્યો? શું થઈને? કે પિંડનો નાશ થઈને અને માટીનું રહેવું થઈને, માટીનું રહેવું થઈને. માટીનું રહેવું થઈને, માટીના પિંડનો અભાવ થઈને ઘડાની ઉત્પત્તિ થઈ. કહો, બરાબર છે? એમ આત્મામાં સમ્યગ્દર્શનની ઉત્પત્તિ એ મિથ્યાત્વના અભાવથી થાય અને ધ્રુવને લઈને થાય. બે કારણ ન હોય તો ઉત્પત્તિ એકલી થાય નહિ. એકલી ઉત્પત્તિ શોધનાર... જુઓ!

સમ્યગ્દર્શનના ધર્મની અવસ્થા એકલી જ ઉત્પન્ન શોધે તો '**(-વ્યય અને ધ્રૌવ્યથી જુદો...**' એટલે મિથ્યાત્વનો નાશ અને આત્માની ધ્રુવતા એના વિના જુદો એકલો સમકિતનો ઉત્પાદ કરવા જનારને '**ઉત્પાદનકારણના અભાવને લીધે,...**' મિથ્યાત્વનો નાશ એ સમકિતની ઉત્પત્તિનું કારણ છે. એ કારણના અભાવને લઈને ઉત્પત્તિ જ ન થાય, સમ્યગ્દર્શન જ થાય નહિ. સમજાણું કાંઈ? આ તો એકલા લોજિકથી વસ્તુને ન્યાય માર્ગ, '**न्यावयम**' માર્ગ એમ કહે છે. આવે છે. પાંચમાં શ્રમણસૂત્રમાં આવે છે આ લોકોના. .. '**न्यावयम**'. '**न्यावयम**' માર્ગ છે. ન્યાયથી, લોજિકથી, જ્ઞાનથી, અનુભવથી, આગમથી સિદ્ધ થાય એવો માર્ગ છે. આ કાંઈ ન અનુભવમાં આવે એવો માર્ગ નથી. સમજાણું કાંઈ?

કહે છે, '**ઉત્પાદનકારણના અભાવને લીધે,...**' ઉત્પત્તિનું કારણ કોણ? વ્યય. ધર્મની ઉત્પત્તિ થાય તેનું કારણ કોણ? વ્યય. એનું કારણ પર નહિ એમ કહે છે. ઘણે ઠેકાણે આવે છે (કે) આ વેદનીયનું બહુ દુઃખ ભોગવે નારકી તો સમકિત થાય. ભગવાનના દર્શનને લઈને સમકિત થાય, જાતિસ્મરણને લઈને સમકિત થાય, બીજાના ઉપદેશને લઈને સમકિત અધિગમાત (થાય). આવે છે કે નહિ? કહે છે કે એ તો નિમિત્ત શું હતું એનું જ્ઞાન કરાવ્યું છે, એનાથી ઉત્પન્ન થતું નથી. સમજાણું કાંઈ?

અહીં તો એક ચારિત્રના સ્વરૂપની રમણતારૂપ ચારિત્ર. ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એની પ્રતીતિ થઈને એમાં રમણતારૂપ ચારિત્ર. તો કહે છે કે એ ચારિત્રની ઉત્પત્તિ, અચારિત્રના નાશ અને ચારિત્રનો આધાર ધ્રુવ, ધ્રુવ અને વ્યય વિના તે એક ભાવ કોઈ રીતે સિદ્ધ થતો નથી. કહો, સમજાણું કાંઈ? એ ચારિત્ર, પર નગ્નપણું કર્યું છે કે આવું કર્યું છે માટે ચારિત્ર થાય એમ નથી એમ કહે છે. સાધુપણું હોય ત્યાં નગ્નપણું હોય ખરું. સમજાય છે? વસ્ત્ર-પાત્ર હોય અને સાધુપણું પ્રગટે અંદરમાં એ ત્રણકાળમાં હોઈ શકે નહિ. પણ એ વસ્ત્ર-પાત્ર છૂટ્યા અને નગ્નદશા થઈ માટે ચારિત્રદશા થઈ એમ નથી. સમજાણું કાંઈ? એ ચારિત્રદશાની ઉત્પત્તિ વીતરાગ પર્યાય શુદ્ધ ભગવાન ચિદાનંદ આત્મા એમાં અંતરમાં દૃષ્ટિ કરીને રમણતા (થાય) એવી જે ચારિત્રદશાની ઉત્પત્તિ, એ અચારિત્રનો વ્યય અને ધ્રુવતાના અભાવે ચારિત્રની ઉત્પત્તિ સંભવતી નથી. કહો, સમજાણું કાંઈ?

'**કેવળ સર્ગ શોધનાર કુંભની...**' એમ કેવળ ઉત્પત્તિ શોધનાર ચારિત્રની, એમ કેવળ ઉત્પત્તિ શોધનાર સમકિતની. આ તો એકલા સિદ્ધાંતો છે. એને જરી મગજમાં કેળવવા પડશે.

આ બધા આડાઅવળા ગપ્પા મારે છેને? આનાથી આમ ધર્મ થાય, આનાથી આમ થાય, આનાથી આમ થાય. કહે છે કે તારાથી થાય, ધ્રુવથી થાય, વ્યયના કારણથી થાય. લે. સમજાણું કાંઈ? **'ઉપાદાનકારણના અભાવને લીધે, ઉત્પત્તિ જ ન થાય; અથવા તો...'** એ વ્યયની અપેક્ષા મૂકી. હવે ધ્રુવની. **'અથવા તો અસત્‌નો જ ઉત્પાદ થાય.'** ધ્રુવ ન હોય અને ઉત્પત્તિ થાય તો અસત્‌નો ઉત્પાદ થાય. બે કારણ મૂક્યા. સમજાણું કાંઈ? ધર્મની ઉત્પત્તિનો વીતરાગીભાવ એ પૂર્વના અજ્ઞાનના વ્યય વિના અને ધ્રુવ વિના ન થાય. એક વાત. કેમ? કે જો ઉત્પાદના કારણના અભાવને લીધે ઉત્પત્તિ જ ન થાય. અથવા તો ઉત્પત્તિ કહો અ ધ્રુવ ન હોય તો ધ્રુવ વિના ઉત્પત્તિ થઈ તો અસત્‌ની ઉત્પત્તિ થાય. સમજાણું કાંઈ? વાંચ્યું છેને આ? વાંચીને આવ્યો છો કે એમને એમ? વાંચે છે. સમજાણું આમાં?

મુમુક્ષુ :- વાંચે તોપણ સમજાય એવું ક્યાં છે?

ઉત્તર :- સમજાય એવી બહુ સીધી વાત છે, પણ જરી નજર તો કરવી પડે કે નહિ આમાં? બહાર ભમતું હોય, આ મહેન્દ્રભાઈ આવે છે, ઢીંકણું આવે છે, હીરા એમાં જાય, તો આ સમજાય નહિ બરાબર. કહો, સમજાણું આમાં? શું કહ્યું?

કોઈપણ દ્રવ્ય નામ અનંત આત્માઓ છે, અનંત પરમાણુઓ છે, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ એમાં વર્તમાનમાં તેની નવી અવસ્થાની ઉત્પત્તિ એ પૂર્વના અવસ્થાના અભાવ વિના ન થાય અને નવી અવસ્થાનો આધાર ધ્રુવ ન હોય તો એના વિના ન થાય. બેની વાત કરી. વ્યય ઉત્પાદક કારણના અભાવ વિના ન થાય. સમજાય છે? **'ઉત્પત્તિ જ ન થાય; અથવા તો અસત્‌નો જ ઉત્પાદ થાય.'** ઓલો સત્ ધ્રુવ તો નથી. સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં ધ્રુવ આત્મા તો નથી અને એકલો ઉત્પાદ ગોતવા જાય છે. તો સત્‌નો ઉત્પાદ ન થયો એ તો અસત્‌નો ઉત્પાદ થયો. નહોતું અને સમ્યગ્દર્શન અધ્ધરમાં ઉત્પન્ન થયું. સમજાણું કાંઈ?

**'અથવા તો અસત્‌નો જ ઉત્પાદ થાય.'** બેયની સામે મૂક્યા. એકલા ઘડાની ઉત્પત્તિને શોધવા જતાં વ્યય અને ધ્રુવથી જુદો એકલો ઉત્પાદ કરવા જનાર એને ઉત્પાદન કારણ વ્યય, એના અભાવને લીધે ઉત્પત્તિ ન થાય અથવા તો સત્‌નો આધાર નથી (અને) અદ્ધરથી ઉત્પત્તિ થાય. અસત્‌ની ઉત્પત્તિ થાય. પણ એમ બની શકતું નથી. **'જો કુંભની ઉત્પત્તિ ન થાય તો બધાય ભાવોની ઉત્પત્તિ જ ન થાય...'** એમ કહે છે પાછા. બધા દ્રવ્યોમાં પર્યાય જ ઊભી ન થાય. બધા દ્રવ્યમાં પૂર્વના વ્યયના કારણ વિના અને ધ્રુવના આધાર વિના પર્યાય કોઈ દ્રવ્યમાં ઉત્પન્ન ન થાય. ઘડાની ઉત્પત્તિ ન થાય, એમ બધા દ્રવ્યમાં નવી અવસ્થા ઉત્પન્ન થાય નહિ અને વ્યયકારણ અને ધ્રુવકારણ વિના એ ઉત્પન્ન થાય જ નહિ. સમજાણું કાંઈ?

એક માણસ એમ કહે, અમને જો મિથ્યાત્વનો નાશ તો થયો છે, પણ સમ્યક્ થયું નથી. તો કહે છે ખોટી વાત છે તારી. મિથ્યાત્વનો નાશ એ સમકિતની ઉત્પત્તિને બતાવે છે. અમને સમકિત થયું, પણ મિથ્યાત્વનો નાશ થયો નથી. કહે છે કે સમકિતની ઉત્પત્તિ મિથ્યાત્વના નાશને બતાવે છે. આ ઉત્પાદ તે નાશને બતાવે છે અને નાશ તે ઉત્પાદને બતાવે છે. સમજાણું કાંઈ?

'**જો કુંભની ઉત્પત્તિ ન થાય તો બધાય ભાવોની...**' એટલે જેટલા દ્રવ્યો જગતમાં છે એમાં કોઈ દ્રવ્યમાં ઉત્પત્તિ પર્યાયની થાય નહિ. કારણ કે વ્યય અને ધ્રુવ તો છે નહિ. '**(અર્થાત્ જેમ કુંભની ઉત્પત્તિ ન થાય તેમ વિશ્વના કોઈ પણ દ્રવ્યમાં કોઈ પણ ભાવનો ઉત્પાદ જ ન થાય એ દોષ આવે); અથવા (૨) જો અસત્‌નો ઉત્પાદ થાય...**' ધ્રુવ વિના ઘડો થયો, માટી વિના ઘડો થઈ ગયો, માટી વિના ઘડો થયો. આત્મા વિના સમકિત થયું, આત્મા વિના ધર્મ થયો. એમ બને નહિ એમ કહે છે. એમ આ મિથ્યાત્વમાં પણ એમ છે હોં પાછું! આ તો સમકિતની વાત કરીએ છીએ. મિથ્યાત્વની ઉત્પત્તિ પૂર્વના મિથ્યાત્વના નાશ વિના ન થાય. નવો મિથ્યાત્વનો ભાવ ઉત્પન્ન થાય એ જૂના મિથ્યાત્વના નાશ વિના ન થાય અને આત્માના આધાર વિના ન થાય. સમજાણું કાંઈ? મિથ્યાત્વનો નાશ એ બીજા આત્માઓએ કાંઈક કહ્યું અને સાંભળ્યું માટે મિથ્યાત્વનો નાશ થાય છે, એ ન હોય તો આ ન થાય એમ નથી. સમ્યગ્દર્શનના ઉત્પાદ વિના મિથ્યાત્વનો નાશ નહિ અને મિથ્યાત્વના નાશ વિના સમકિતની ઉત્પત્તિ નહિ અને સમકિતની ઉત્પત્તિ અને મિથ્યાત્વનો નાશ ધ્રુવ વિના નહિ.

'**જો અસત્‌નો ઉત્પાદ થાય તો વ્યોમપુષ્પ વગેરેનો પણ ઉત્પાદ થાય...**' લ્યો! આકાશના ફૂલ. કહો, સમજાણું? આ મરિચીનું પાણી છેને શું કહેવાય? મૃગજળ. એ મૃગજળમાં સસલાના શીંગડાનું વહાણ બનાવી, આકાશના ફૂલ નાખી અને વંધ્યાપુત્ર પોતે એ વહાણને... શું કીધું એમાં? પાણીમાં હંકારે છે. શું કીધું? ઝાંઝવાના પાણીમાં સસલાના શીંગડાનું વહાણ કરી, આકાશના ફૂલ ભરી વંધ્યાસુત એમાં હંકારે છે. એ ચારેય ખોટા છે કહે છે. સમજાણું કાંઈ? પાણી કેવું કીધું? ઝાંઝવાનું. એ ઝાંઝવાનું પાણી હોય નહિ, વંધ્યાનો પુત્ર હોય નહિ, આકાશને ફૂલ ન હોય અને સસલાના શીંગડાનું વહાણ હોય નહિ. એ વ્યોમપુષ્પ કીધું છેને આમાં જુઓ! સમજાણું? ઓલામાં નાખ્યું જરી હોં ઓલાએ. આકાશમાંથી સમજ્યાને? ફૂલના મુગટ બનાવે. એવું નાખ્યું છે ઓલાએ જરી. આમાં છેને. પુષ્પ છેને. એ તો આવે છે ઓલામાં. આકાશનો ફૂલનો વાંઝણીનો પુત્ર મુગટ બનાવે. એમ કહે છે, ઉત્પાદ વિના જો વ્યય થાય... સમજાય છે? અને ધ્રુવ વિના જો ઉત્પાદ થાય (તો) અસત્ ઉત્પાદ થાય. આકાશના ફૂલ નથી અને ફૂલ ઉત્પન્ન થઈ જાય. આકાશ વસ્તુ જ નથી અને એના વિના ફૂલ ઉત્પન્ન થઈ જાય. પણ આકાશ એમાંથી ફૂલ ઉત્પન્ન થાય નહિ. આકાશ તો આકાશની

પર્યાયમાં અરૂપી વસ્તુ છે. સમજાણું કાંઈ?

**'અસત્‌નો ઉત્પાદ થાય...'** એટલે કે નથી તેનો ઉત્પાદ થાય, તો વાંઝણીનો પુત્ર ઉત્પન્ન થાય અને સસલાના શીંગડાનું વહાણ થાય અને ઝાંઝવાના પાણીમાં એ આકાશના ફૂલનો વેપાર કરવા નીકળે. આહા..હા..! કહો, સમજાણું આમાં? આહા..હા..! જ્યાં આત્મા છે ત્યાં, કહે છે કે ગોતતો નથી. જ્યાં છે ત્યાં ગોતતો નથી. રાગમાં, પુણ્યમાં, પરમાં છે પર્યાયમાં ગોતે છે. એ આકાશના ફૂલની જેમ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો સ્વભાવ ધ્રુવ, એમાં શોધે તો તેને એની નિર્મળ પર્યાય પ્રગટ થાય ધર્મની. પણ બહાર શોધે પુણ્ય-પાપમાં (તો એ) આકાશ પુષ્પવત્ છે. અસત્‌ની ઉત્પત્તિ થાય એમ છે નહિ. છે એમાંથી શોધે તો ઉત્પન્ન થાય એમ કહે છે. છે આત્મા જ્ઞાયકભાવ એમાં શોધે તો ઉત્પત્તિ થાય, પણ આત્મા જ નથી અને ધર્મની ઉત્પત્તિ થાય, આકાશના ફૂલની પેઠે, વંધ્યાના પુત્રની પેઠે ખોટું છે બધું. સમજાણું કાંઈ? આહા..હા..! એને શાંતિ જોઈતી હોય, નિર્દોષતાની ઉત્પત્તિ જોઈતી હોય, તો નિર્દોષતા સદોષના નાશ વિના હોઈ શકે નહિ અને તે નિર્દોષતા ધ્રુવના આધાર વિના હોઈ શકે નહિ, પર્યાય દ્રવ્ય વિના હોઈ શકે નહિ, પર્યાય દ્રવ્ય વિના હોઈ શકે નહિ, દ્રવ્ય પર્યાય વિના હોઈ શકે નહિ એ પછી લેશે. પર્યાય દ્રવ્ય વિના હોઈ શકે નહિ. વસ્તુ નથી અને પર્યાય થાય, આકાશના ફૂલ થઈ જાય. ભારે ગોઠવી વાત હોં! સમજાણું?

મુમુક્ષુ :- બહુ કિંમતી વાત છે.

ઉત્તર :- બહુ અલૌકિક વાત છે. દ્રવ્યનું તત્ત્વ જ આવું છે એને અંતરમાં બેસવું જોઈએ કે હું આત્મા છું. આત્મા ત્રિકાળી સત્ શાશ્વત વસ્તુ છે. અને શાશ્વતનો સ્વભાવ પણ શાશ્વત આનંદ અને જ્ઞાન છે. એને શોધું તો એમાંથી પર્યાય પ્રગટ થાય, એને આધારે પ્રગટ થાય અને પૂર્વના વ્યયને કારણે પ્રગટ થાય. કહો, સમજાણું કાંઈ? પણ પરને કારણે ધર્મ પ્રગટ થાય એ વસ્તુના સ્વરૂપમાં નથી અને તું માન તો મિથ્યાત્વ છે કહે છે. સમજાણું કાંઈ?

**'અર્થાત્ શૂન્યમાંથી પણ પદાર્થો ઉત્પન્ન થવા માંડે...'** કારણ કે ધ્રુવ વિના પર્યાય ઉત્પન્ન થઈ, ટકતા તત્ત્વ વિના અવસ્થા સમકિતની ઉત્પન્ન થઈ, તો તો પછી શૂન્યમાંથી પણ પદાર્થ ઉત્પન્ન થાય. ખાલી કાંઈ નથી અને પાધરો ઊપજવા માંડશે પદાર્થ. એમ બની શકે નહિ. છે એમાંથી બની શકે એમ કહે છે. ધ્રુવ ભગવાન આત્મા ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... અનાદિ-અનંત એવું સ્વરૂપ એનું ધ્રુવ છે. એ છે એમાંથી ઉત્પન્ન થાય, ધ્રુવ નથી ને ઉત્પન્ન થાય? સમજાણું કાંઈ? બીજી રીતે ઉત્પાદનું કારણ ખરું ધ્રુવ છે, ઓલું તો વ્યય અભાવનું કારણ છે એમ કીધું. ભાઈ! વ્યય છે એ તો અભાવ કારણ છે. આ સદ્‌ભાવ કારણ છે. શું કહ્યું?

ફરીને. આત્મામાં મિથ્યાત્વનો વ્યય-નાશ અને સમકિતની ઉત્પત્તિ. એ તો ઓલાનો અભાવ

થયો. અભાવ થયો તો ઉત્પત્તિ થઈ, એ તો એકની એક ચીજ છે એમ. પણ એ ઉત્પત્તિનો આધાર કોણ? ખરો ભાવ કોણ? આ તો અભાવ થઈ ગયો. ધર્મની ઉત્પત્તિનો આધાર ધ્રુવ છે. આહા..હા..! એ એની હયાતી છે. વ્યય તો અભાવ થઈને થયું. સમકિતની ઉત્પત્તિ મિથ્યાત્વનો અભાવ થઈને થઈ, પણ ઉત્પત્તિનો આધારભાવ કોણ? ધ્રુવભાવ જે છે ત્રિકાળ એનાથી સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે. એનાથી ન થાય તો આકાશના પુષ્પની પેઠે શૂન્યમાંથી પણ ફૂલ પાકવા લાગે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ઝીણું પડે હોં ત્યાં તમારા મુંબઈમાં. એય..! મહેન્દ્રભાઈ!

મુમુક્ષુ :- નહિ પડે.

ઉત્તર :- નહિ પડે? પણ આવું અહીં ચાલે. ત્યાં આવું કરવા જાય ૧૦-૧૦ હજાર માણસમાં તો, આ શું કહે છે? વ્યયમાંથી ઉત્પાદ. ઉત્પાદ તે જ વ્યય અને વ્યય તે જ ઉત્પાદ અને ઉત્પાદ-વ્યય તે ધ્રુવ અને ધ્રુવ તે જ ઉત્પાદ-વ્યય. એ જ એક જ ચીજ છે, કહે છે, ત્રણ થઈને. અનેરી ઉત્પાદની ચીજ, વ્યયની બીજી ચીજ અને ધ્રુવની ત્રીજી ચીજ એમ હોઈ શકે નહિ. વસ્તુને સિદ્ધ કરે છે. એવી જ વસ્તુ છે. કહો, સમજાણું કાંઈ? એક બોલ કહ્યો.

હવે **'કેવળ સંહાર આરંભનાર મૃત્તિકાપિંડનો,...'** માટીના પિંડનો સંહાર જ શોધવા જાય.. એ સંહાર માટીના પિંડનો નાશ, માટીના પિંડનો નાશ. સમજાય છે? **'કેવળ સંહાર આરંભનાર મૃત્તિકાપિંડનો,...'** માટીના પિંડનો કેવળ એકલો સંહાર જોવા જાય, માટીના પિંડનો નાશનો એકલો સંહાર જોવા જાય તો ઉત્પાદ અને ધ્રુવ રહિત એકલો વ્યય કરવા જનાર, ઘડાની ઉત્પત્તિ અને ધ્રુવતા માટી એના રહિત એકલો વ્યય કરવા જનાર, મૃત્તિકા પિંડનો નાશ કરવા જનાર **'સંહાર કારણના અભાવને લીધે,...'** ઉત્પાદ છે તે સંહારનું કારણ છે. ઉત્પાદ છે તે સંહારનું કારણ છે અને ઉત્પાદ સંહાર કારણનો જ્યાં અભાવ છે, ઉત્પાદ સંહાર કારણનો (અભાવ) છે... નીચે સંહાર થાય છે એનું કારણ ઉત્પાદ છે. એ ઉત્પાદ છે એ સંહાર કારણ છે એના અભાવને લીધે. એટલે ઉત્પાદને લીધે, ઉત્પાદના અભાવને લીધે સંહાર જ ન થાય. સમજાણું કાંઈ? પહેલા ઉત્પાદ સાથે મેળવ્યું, હવે સંહાર સાથે મેળવે છે. એકલો સંહાર વ્યય... વ્યય... વ્યય... માને તો એ વ્યયનું કારણ તો ઉત્પાદ છે. ઉત્પાદ થયા વિના વ્યય શી રીતે થયો? ઉત્પાદના કારણના અભાવે સંહાર કોઈ રીતે થઈ શકતો નથી. કહો, સમજાણું કાંઈ? **'સંહાર જ ન થાય;...'** સંહાર જ સાબિત થાય નહિ.

**'અથવા તો સત્‌નો જ ઉચ્છેદ થાય.'** બેય આધાર મૂક્યા. ઉત્પાદનો અભાવ હોય તો સંહાર ન થાય અને ધ્રુવનો અભાવ હોય તો સત્‌નો જ ઉચ્છેદ થાય. સમજાણું કાંઈ? એ શું કીધું? **'અથવા તો સત્‌નો જ ઉચ્છેદ થાય.'** એ શું કરવા કહ્યું? એ કોની સાથે

મેળવ્યું? ... કોણે? તમારા મદદ કરનારા છે. શેઠિયાનું લાજ રાખવા. નથી આવડતું ન થાય. રાખો થોડું. સમજાણું કાંઈ?

શું કીધું? કે કેવળ આત્મામાં મિથ્યાત્વનો નાશ ઇચ્છે તે, જેમ માટીના પિંડનો નાશ, એમ કેવળ મિથ્યાત્વનો નાશ ઇચ્છે તે, સમકિતની ઉત્પત્તિ જે છે તે સંહારનું કારણ છે અને ઉત્પત્તિ ન માને તો ઉત્પત્તિના અભાવને કારણે મિથ્યાત્વનો નાશ કોઈ રીતે થઈ શકે નહિ. એક બોલ એની સાથે ગયો. અને સંહાર જો એકલો ધ્રુવ વિના માને તો સત્‌નો અભાવ થઈ જાય છે. પર્યાયનો સંહાર છે. આ તો ધ્રુવ વિના માને તો ધ્રુવનો સત્‌નો જ નાશ થઈ જાય છે, સત્ રહેતું નથી. બહુ લોજિકથી એટલી વાત કરી છે.

**'સંહાર ન થાય અથવા તો સત્‌નો જ ઉચ્છેદ થાય.'** ધ્રુવનો જ નાશ થઈ જાય. સમજાણું કાંઈ? કેમકે એકલો નાશ માનવા જાય (અને) ધ્રુવ નહિ, તો સત્‌નો નાશ થઈ જાય. ધ્રુવ છે જુદું એને આશ્રયે સંહાર થયો છે, એને આશ્રયે ઉત્પાદ થયો છે એ તો જાણતો નથી. આહા..હા..! ભારે ભાઈ! આ વાણિયાને આવું? આ તો લોજિકથી, યુક્તિથી, ન્યાયથી તો સિદ્ધ કરે છે. આહા..હા..! કેવળ એકલો નાશ ઇચ્છે કોઈપણ પદાર્થનો, તો એક તો એ કે નાશ તેના ઉત્પાદના અભાવને કારણે નાશ ન થાય અને નાશ થાય તો ઓલો ધ્રુવનો નાશ થઈ જાય, એકલો ગોતવા જાય તો. માટે એનો સંહાર એકલો ગોતે એની વાત ખોટી તદ્દન છે.

**'જો મૃત્તિકાપિંડનો સંહાર ન થાય તો બધાય ભાવોનો સંહાર જ ન થાય...'** તો કોઈપણ પદાર્થ છે તેનો અભાવ પર્યાયનો થાય જ નહિ. આખી દુનિયાના પદાર્થમાં પર્યાયનો અભાવ થાય છે, જો મૃત્તિકાપિંડનો અભાવ ન થતો હોય પર્યાય(નો), તો આનો પણ અભાવ થાય નહિ. સમજાણું કાંઈ? વિશ્વના કોઈપણ દ્રવ્યમાં કોઈપણ ભાવનો વ્યય ન જ થાય એ દોષ આવે. એક વાત. અથવા સત્‌નો ઉચ્છેદ થાય. સંહાર કીધોને એકલો સંહાર, એકલો સંહાર. તો ધ્રુવ વિનાનો સંહાર તો સત્‌નો નાશ થઈ ગયો. સત્‌નો નાશ થાય તો ચૈતન્ય વગેરેનો પણ ઉચ્છેદ થાય. જુઓ! આધાર આપ્યો બધામાં. પરમાણુ આદિનો આપ્યો. ચૈતન્ય જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... ધ્રુવ છેને. જાણનાર... જાણનાર... જાણનાર... સત્ જ્ઞાન છે, સત્ શાશ્વત જ્ઞાન છે. એ જો સત્‌નો નાશ થાય એટલે કે ધ્રુવ વિના સંહાર થાય તો ધ્રુવનો જ નાશ થઈ ગયો. સમજાય છે? તો ચૈતન્ય જે ધ્રુવ છે ચૈતન્યપણું એનો સંહાર થઈ ગયો. સમજાણું આમાં?

**'(અર્થાત્ સર્વ દ્રવ્યનો સમૂળગો વિનાશ થાય...'** એકલો નાશ ગોતવા જતાં કોઈ સત્ રહે નહિ, ઉત્પત્તિ રહે નહિ, સંહાર એટલે બધું સંહાર થઈ ગયું. પણ એમ બની શકે નહિ. સમજાણું કાંઈ? આમાં મગજ પહોંચાડવાનું છે આ. ત્યાં બોલવાનું નથી આ કે ઝપટ મારે કે આમ છે ને તેમ છે. આ તો જરી મગજ પહોંચાડવાની વાત છે અંદર. ... બોલે

તો આમ ભણકાર વાગે. ઓલા બીજા તો ... આ બોલે તો બોલશો નહિ ત્યાં. ઝપટ લાગે અવાજમાં. સાંભળો! એમ કહે ત્યાં. કહે છેને એ? કર્યું હતું નહિ એક ફેરી? શાંતિ રાખો. એ તો અવાજ એનો જાય તો બધા (શાંત થઈ જાય) એમ હશે? પણ એ અવાજને કરી શકે અને થાય માટે આ સમજી શકાય એમ નથી. આ ચીજ જુદી છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? અવાજનું ઉત્પન્ન થવું તે ભાષાવર્ગણાની પર્યાય. ઉત્પન્ન. એ ઉત્પન્ન ભાષાવર્ગણાની, ભાષાપર્યાય નહોતી, વર્ગણાના વ્યય વિના ભાષાની પર્યાય ઉત્પન્ન થાય નહિ, અને પર્યાયમાં રજકણોની ધ્રુવતા ન હોય તો થાય નહિ. સત્‌નો નાશ થઈ જાય. અને સંહાર એકલો ગોતવા જાય, વર્ગણાની પર્યાયનો નાશ. ભાષાની પર્યાય ઉત્પન્ન વિના, ઉત્પન્ન ભાવ વિના ઓલો ભાવ નાશ ક્યાંથી આવ્યો? સમજાણું? અને સત્‌ની હયાતી વિના નાશ કોનો થયો? સત્‌નો નાશ થઈ ગયો? રજકણોનો નાશ થઈ ગયો ભાષાનો? આહા..હા..! સમજાણું કાંઈ? આ કહે કે ભાષાની પર્યાય અમે કરીએ છીએ. મૂઢ છો?

મુમુક્ષુ :- ગોઠવી ગોઠવીને તો બોલવું પડે.

ઉત્તર :- કોણ ગોઠવે? ગોઠવે કોણ? ભાષાની પર્યાય છે એ રજકણોની ધ્રુવતા છે અને ભાષાવર્ગણા જે છે, વર્ગણા એટલે ભાષાના રજકણોનો સમૂહ, ભાષાના રજકણનો સમૂહ, એ સમૂહનો વ્યય થઈ અને પર્યાય ભાષાની ઉત્પન્ન થાય અને રજકણો ધ્રુવ રહે, ભાષાની ઉત્પત્તિનું કારણ, ભાષાની ઉત્પત્તિનું કારણ, વર્ગણાની પર્યાયનો નાશ અને ધ્રુવતાનું રહેવું. ભાષાની ઉત્પત્તિનું કારણ આત્મા એમ છે નહિ. શેઠી! ભારે વાત છે! આ તો સર્વજ્ઞનો વિજ્ઞાન પાઠ છે. આહા..હા..! ભાષા કરી જોયું! ભાષા તો જડ છે. કહે છે કે આત્મા વિના ઉત્પન્ન થાય. એના ધ્રુવ રજકણ વિના ભાષા ન થાય એમ કહે છે. શું કીધું સમજાણું આમાં? એ ભાષા આત્મા વિના થાય, પણ ભાષાની પર્યાય એ એના ધ્રુવપણાના રજકણ વિના ન થાય. અને ભાષાની પર્યાય પૂર્વની ભાષાવર્ગણાનો અભાવ થઈને થાય. અભાવ ન થાય અને ભાવ થાય એમ બને નહિ. ભારે વાત ભાઈ! આ રોટલીની ઉત્પત્તિ થાય છેને રોટલી લ્યો!

મુમુક્ષુ :- ખાખરાની ઉત્પત્તિ લ્યો.

ઉત્તર :- ખાખરાની ઉત્પત્તિ લ્યો ભાઈ એનો ખાખરો. એ ખાખરાની પર્યાયની ઉત્પત્તિ થાય એ પહેલું (હતું) ગોરણું-ગોરણું એનો વ્યય થઈને ઉત્પત્તિ થાય. આનો વ્યય ન થાય અને ખાખરાની પર્યાય થાય એમ બને નહિ અને ખાખરાની પર્યાય થાય અને લોટની પર્યાય જે પૂર્વે ગોરણાની હતી એનો નાશ ન થાય તોપણ ઉત્પત્તિ થાય નહિ અને રોટલીની પર્યાયની ઉત્પત્તિનું કારણ ગોરણાના પિંડનો વ્યય અને પરમાણુનો આધાર. એનાથી રોટલાની પર્યાય થઈ. એને કારણે રોટલીની પર્યાય થઈ. કોના? ઓલા રજકણનો આધાર. તાવડીથી નહિ, અગ્નિથી નહિ, ડાહી બાઈ થઈ છે માટે નહિ. આરે..! આરે..! ભારે વાત!

મુમુક્ષુ :- આ સિદ્ધાંતમાં ધર્મ શું આવ્યો?

ઉત્તર :- એ ધર્મ આ કહીએ છીએને. ધર્મ આ કીધુંને. ધર્મનો સ્વભાવ ઉત્પન્ન થાય તે કોની પાસેથી થાય? અને કોનો નાશ થઈને થાય? કોનો અભાવ થઈને થાય? અને કોનાથી અને કોના આધારે થાય? એ વાત લીધી. એ તો પહેલી વાત કરી ગયા હતાને. સમજાણું કાંઈ? આહા..હા..! આધાર એનો એકનો. ઓલાના અભાવનું કારણ. ધર્મ જે આત્મા સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એનું અંદર ભાન થવું તેનો આધાર ધ્રુવ છે અને પર્યાયમાં પૂર્વના મિથ્યાત્વનો અભાવ એક કારણ કહેવાય એ વ્યવહાર. સમજાય છે? વ્યવહાર કારણ છે એ. કહો, સમજાણું એમાં? અહીં તો હજી ત્રણને એક સિદ્ધ કરશે. પછી એકમાં તો કાઢી નાખશે. એ ઉત્પાદ ઉત્પાદને કારણે, વ્યય વ્યયને કારણે, ધ્રુવ ધ્રુવને કારણે એમ લેશે. સમજાણું કાંઈ? લ્યો! બે બોલ થયા. ઉત્પાદ વ્યય અને ધ્રુવ વિના ન હોય, વ્યય ધ્રુવ અને ઉત્પાદ વિના ન હોય. બે વાત થઈ. બે વાત થઈને?

'**કેવળ સ્થિતિ પ્રાપ્ત કરવા જનારી મૃત્તિકાની,...**' સાડા ત્રણ થઈ ગયા. '**કેવળ સ્થિતિ...**' માટીની ધ્રુવતા શોધનાર. માટી છે તે એકલી ધ્રુવ જ છે એમ જે નિર્ણય કરવા જાય તો '**મૃત્તિકાની, વ્યતિરેકો સહિત સ્થિતિનો-અન્વયનો-તેને અભાવ થવાને લીધે,...**' એ પર્યાયો, દ્રવ્ય પર્યાય વિના ન હોય. સમજાણું? એકલું ધ્રુવ ગોતવા જાય તો દ્રવ્ય પર્યાય વિના, ધ્રુવ પર્યાય વિના ન હોય એમ કહે છે. શું કીધું? એકલો આત્મા ગોતવા જાય ધ્રુવ, તો એની પર્યાય સમકિતની ઉત્પત્તિ અને મિથ્યાત્વનો નાશ એ વ્યતિરેક પર્યાય વિના ધ્રુવની સિદ્ધિ થઈ શકે નહિ. એકલા ધ્રુવને માને એમાં બે તો પર્યાય આવ્યા નહિ, પર્યાય વિના શેમાંથી ઉત્પાદ-વ્યય થયો? સમજાણું કાંઈ? આ તો માટીનો દાખલો આપ્યો છેને વ્યવહાર લોકને સમજાય.

'કેવળ...' ટકતો પ્રાપ્ત કરવા. માટી ટકી છે, ટકી રહેલી છે એમને એમ. '**કેવળ સ્થિતિ...**' છેને? એના જ અર્થમાં કર્યું છેને, નીચે જુઓ. '**(ઉત્પાદ અને વ્યય વિનાનું) એકલું ધ્રુવપણું; એકલું ટકવાપણું; એકલું અવસ્થાન. (અન્વય વ્યતિરેકો સહિત જ હોય છે તેથી ધ્રૌવ્ય ઉત્પાદવ્યયસહિત જ હોય, એકલું હોઈ શકે નહિ. જેમ ઉત્પાદ (અથવા વ્યય) દ્રવ્યનો અંશ છે—સમગ્ર દ્રવ્ય નથી, તેમ ધ્રૌવ્ય પણ દ્રવ્યનો અંશ છે—સમગ્ર દ્રવ્ય નથી.)**' એટલે શું કીધું? ધ્રુવ ઉત્પાદ વિના ન હોય એમ કહે છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ થઈને આખું દ્રવ્ય પ્રમાણનું દ્રવ્ય થાય છે. આ પ્રમાણના દ્રવ્યની વાત આવી. કહો, સમજાણું આમાં? વસ્તુ જે છે માટી એકલી ધ્રુવ ગોતવા જાય, તો પિંડનો નાશ અને ઘડાની ઉત્પત્તિ વિના માટી સિદ્ધ થતી નથી. કોનામાં થયો પણ ઘડો અને કોનામાં થઈ વ્યય અવસ્થા? પોતાની અવસ્થા વ્યય થઈ? પોતે ઊપજ્યો એમાં આખો? આહા..હા..! ભારે વાત ભાઈ!

કહે છે, કેવળ આત્માનું ટકવું શોધવા જાય ધ્રુવ અને ધર્મની પર્યાયની ઉત્પત્તિ અને મિથ્યાત્વનો નાશ, એવા વ્યતિરેક નામ ભિન્નતાના પર્યાયો વિનાનો એકલો ધ્રુવ ગોતવા જાય તો મળશે નહિ. કાં તો અન્વય એટલે ધ્રુવનો નાશ થાય. **'અભાવ થવાને લીધે, સ્થિતિ જ ન થાય;...'** ધ્રુવ જ ન રહે. **'અથવા તો ક્ષણિકનું જ નિત્યપણું થાય.'** કહો, ધ્રુવ વિના એકલો પર્યાય, એકલો ધ્રુવ ગોતવા જાય, એકલો ધ્રુવ તો પર્યાયને ધ્રુવપણું માનશે. કારણ કે વ્યતિરેકો ભિન્ન પડે તો એને જ ધ્રુવપણું માનશે. કાં ધ્રુવનો અભાવ થાય. જુઓ! **'વ્યતિરેકો સહિત સ્થિતિનો...'** વ્યતિરેક બે પ્રકારના—વ્યય અને ઉત્પાદ. અથવા ક્ષણિક. વ્યય વિના ધ્રુવની સ્થિતિ ન રહે અને નિત્ય વિના એનું ક્ષણિકપણું થઈ જાય. નિત્યપણું ન હોય તો ચિત્તનું ક્ષણિકપણું, આ ચિત્ત છેને વિચાર કરે એટલો જ આત્મા થઈ જાય. સમજાણું કાંઈ? જરી ઝીણું થઈ જાય. ઝીણું છે.

કેવળ આત્માનું ટકવું જ ગોતવા જાય, અહીં આપણે માટીનું. કેવળ માટીની ધ્રુવતા માટી છે ધ્રુવ-ધ્રુવ-ધ્રુવ ગોતવા જાય તો મૃતિકાની ધ્રુવતા... **'વ્યતિરેકો સહિત સ્થિતિનો અભાવ થવાને લીધે,...'** ઉત્પત્તિ ઘડાની અને પિંડનો નાશ એ બે વ્યતિરેક વિના એકલી માટી હોઈ શકે નહિ, એકલી માટી ધ્રુવ રહી શકે નહિ, માટી એકલી ધ્રુવ હોઈ શકે જ નહિ. ઉત્પાદ અને વ્યય સહિત જ માટી ધ્રુવ હોય છે. એકલું ધ્રુવ ઉત્પાદ અને વ્યય વિના ગોતવા જાય તો એ ધ્રુવતા જ રહેશે નહિ. સમજાણું? **'અથવા તો ક્ષણિકનું નિત્યપણું થાય.'** આ બીજો (દોષ આવે). કહો. સ્થિતિમાં ધ્રુવ જ ન થાય. લ્યો! ધ્રુવ જ ન રહે. ક્ષણિકનું નિત્યપણું થાય. એ પર્યાય ઉત્પત્તિ નિત્ય થઈ જશે. એકલું ધ્રુવ ગોતવા જાય, ક્ષય માન્યો નહિ, આ પર્યાય ધ્રુવ થઈ જશે. પર્યાય તેને નિત્ય કાયમ રહેશે. એમ થાય નહિ.

**'જો મૃત્તિકાની સ્થિતિ ન થાય તો બધાય ભાવોની સ્થિતિ ન થાય...'** કહો, ધ્રુવપણું જો માટીનું ન રહે અને ઘડાની ઉત્પત્તિ અને વ્યય વિના તો બધાય ભાવોની સ્થિતિ ન રહે. ધ્રુવપણું કાંઈ રહે નહિ. **'(અર્થાત્ જો માટી ધ્રુવ ન રહે—ન ટકે, તો માટીની જેમ વિશ્વનું કોઈ પણ દ્રવ્ય ધ્રુવ જ ન રહે—ટકે જ નહિ એ દોષ આવે); અથવા (૨) જો ક્ષણિકનું નિત્યપણું થાય...'** ક્ષણિક વસ્તુને, ધ્રુવ નથી અને એકલો ધ્રુવ ગોતવા જાય તો ઉત્પાદ-વ્યય જ ધ્રુવ થઈ ગયું એને તો. ઉત્પાદ-વ્યય સહિતનું ધ્રુવ છે એ તો રહ્યું નહિ. **'ક્ષણિકનું નિત્યપણું થાય તો ચિત્તના ક્ષણિક ભાવોનું પણ નિત્યપણું થાય (અર્થાત્ મનનો દરેક વિકલ્પ પણ ત્રિકાળિક ધ્રુવ બને એ દોષ આવે).'** કહો, સમજાણું કાંઈ?

**'માટે દ્રવ્યને...'** દ્રવ્ય એટલે વસ્તુને. ભગવાન આત્મા હો કે એક રજકણ પોઈન્ટ હો, **'દ્રવ્યને ઉત્તર ઉત્તર વ્યતિરેકોના સર્ગ સાથે,...'** નવી-નવી અવસ્થાની ઉત્પત્તિની સાથે. **'પૂર્વ પૂર્વ વ્યતિરેકોના સંહાર સાથે...'** પૂર્વ પૂર્વની અવસ્થાના વ્યય-સંહાર-અભાવ

સાથે. '**અન્વયના અવસ્થાન સાથે...**' અને કાયમ રહેવું, કાયમ રહેવું, ટકવું, ધ્રુવ રહેવું તેની સાથે. સમજાણું કાંઈ? '**અવિનાભાવવાળું,...**' છે. લ્યો! અવિનાભાવવાળું છે. એટલે માટીની સ્થિતિ, ઘડાની ઉત્પત્તિ અને પિંડનો નાશ બધું અવિનાભાવી—એક વિના બીજું હોઈ શકે નહિ. અ-વિનાભાવ. એક વિના બીજું હોઈ શકે નહિ અને બીજા વિના પહેલું હોઈ શકે નહિ. એનું નામ અવિનાભાવ કહેવામાં આવે છે. ઉત્પાદ ન હોય તો વ્યય ન હોય, વ્યય ન હોય તો ધ્રુવ ન હોય, ધ્રુવ ન હોય તો ઉત્પાદ ન હોય, ધ્રુવ ન હોય તો વ્યય ન હોય. કારણ કે એકબીજા અવિનાભાવ સંબંધે પડ્યા છે. પરની સાથે કાંઈ સંબંધ નથી, પણ પોતાના વ્યય-ઉત્પાદ સાથે તો અવિનાભાવ સંબંધ છે. વ્યય વિના ઉત્પાદ નહિ, ઉત્પાદ વિના વ્યય નહિ, ઉત્પાદ વિના ધ્રુવ નહિ, ધ્રુવ વિના ઉત્પાદ નહિ, પણ બીજા વિના ઉત્પાદ-વ્યય નહિ અને બીજા વિના વ્યય નહિ, અને બીજા વિના ધ્રુવ નહિ (એમ નથી).

ભાઈ! તમારો અમારે આધાર છે. માણસ નથી કહેતા? કોઈનો આધાર કોઈને નથી અહીં તો એમ કહે છે. ભગવાન! તું વસ્તુ છો કે નહિ? વસ્તુ છે કે નહિ? સત્ છે કે નહિ? સત્ છે તો શાશ્વત છે કે નહિ? શાશ્વત વસ્તુનો આધાર એની પર્યાયને છે. અવસ્થા ભુંડી થવી, ભલી થવી એનો આધાર તો ધ્રુવ છે. જુઓ! અહીં તો ધ્રુવ આધાર કીધો હોં મિથ્યાત્વને પણ. (દ્રવ્ય) છે તો થાયને. એકલો અદ્ધર ક્યાંથી થાય? આહા..હા..! આવું દ્રવ્યનું પોતાનું સ્વરૂપ છે. એવું બધા દ્રવ્યનું સ્વરૂપ છે. એને જ્યાં ત્યાં એમ થઈ જાય છે કે હું છુંને તો આ બધા પદાર્થની વ્યવસ્થાની અવસ્થા ઉત્પન્ન થાય છે. મારી હાજરીમાં આ બધા પદાર્થની વ્યવસ્થા સરખી રહે છે.

મુમુક્ષુ :- જોવામાં આવે છે.

ઉત્તર :- શું જોવામાં આવે છે? કાંઈ જોવામાં આવતું નથી. એ અવસ્થા તેનામાં થાય અને ઓલો છે એ એનામાં. આને લઈને ત્યાં વ્યવસ્થાની અવસ્થા થાય એ વસ્તુમાં માલ કાંઈ નથી. ભ્રમણા છે અજ્ઞાનીની. આહા..હા..! કેમ કાંતિભાઈ! નામુ-બામું લખે તો સરખું રહે કે નહિ ત્યાં?

મુમુક્ષુ :- કોણ લખે?

ઉત્તર :- એ લખે છે એમ કહે છે. સાડા અગિયારસોનો પગાર મફતનો મળે? સરખું લખે, સરખું બરાબર ધ્યાન રાખે, એના ટાઈમે ટાઈમ જાય તો પૈસા મળેને. અહીં તો ના પાડે છે. આહા..હા..! કોઈનો એક પૈસાનો પરમાણુ, એક પૈસો છે એ અનંતા રજકણનો પર્યાય છે. એ પૈસાની રજકણમાંથી ઉત્પત્તિ એ પહેલા રજકણમાં પૈસાની પર્યાય નહોતી અને બીજી અવસ્થા તેનો નાશ થઈને પૈસો થયો છે અને એ પૈસાની ઉત્પત્તિ તેના ધ્રુવને આધારે, રજકણો કાયમ એને આધારે પૈસો થયો છે, બીજાને આધારે પૈસો આવ્યો છેને એ વાત ખોટી એમ કહે છે. એય..! જુગરાજજી! આહા..હા..! ભાઈ! ત્યાં હુશિયાર માણસ

થડો સાચવે દુકાનનો તો એને લઈને પૈસા સરખા આવે. તો અહીં ના પાડે છે કે તારી વાત જૂઠી છે તદ્દન. કારણ કે તું એક તત્ત્વ છો તો તારામાં વિકલ્પ ઉઠ્યો ત્યારે, એ વિકલ્પ ઉઠ્યો-ઉત્પાદ, પૂર્વના વિકલ્પનો વ્યય એ કારણ ખરું અને તેના વ્યયમાં ધ્રુવતા આત્માની. તો એ ત્રણેય અવિનાભાવ ખરા, પણ તારો રાગ આવ્યો માટે પૈસા આવ્યા એવો અવિનાભાવ સંબંધ નથી. કેમ હશે? મહેન્દ્રભાઈ!

મુમુક્ષુ :- સબ ભિન્ન હૈ.

ઉત્તર :- ભિન્ન હૈ? ભઈ, હુશિયાર માણસને તો બહુ અભિમાન હોય. આનું કર્યું ને આનું કરી દઈએ, આનું કરી દઈએ, લોકોને આમ કરી દઈએ. સમજાણું કાંઈ?

અહીં તો ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એક દ્રવ્યના અવિનાભાવી છે એ સિદ્ધ કરે છે. પ્રત્યેક દ્રવ્યના પોતપોતાનો એક સમયનો જે પર્યાય ઉત્પન્ન થાય તે પૂર્વના પર્યાયના અભાવે થાય અને એ પર્યાય ધ્રુવને આધારે થાય. આ બે વિના ઉત્પાદ ન હોય. અને વ્યય પણ ઉત્પાદ કારણ વિના વ્યય ન હોય અને ધ્રુવ વિના વ્યય ન હોય. બે વિના વ્યય ન હોય. એમ ધ્રુવ. ઉત્પાદ-વ્યય વ્યતિરેક ભિન્ન ભિન્ન અવસ્થા, ભિન્ન ભિન્ન અવસ્થા વિના એકલો અન્વય ગોતવા જાવ તો નહિ મળે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! ટૂંકી પણ ઊંચી. નવરંગભાઈ! આહા..હા..! આવું સત્ છે, ભાઈ!

માટે દરેક દ્રવ્યને, દરેક પરમાણુને, દરેક આત્માને '**ઉત્તર ઉત્તર વ્યતિરેકોના સર્ગ સાથે,...**' જુઓ! ઓહોહો..! આમાં તો એમ પણ કહ્યું,.. આ મોટો ગોટો ચાલે છેને અત્યારે? કે આત્મામાં કર્મને લઈને વિકાર થાય. અહીં કહે છે કે જૂઠી વાત છે. કેમકે વિકારની પર્યાયની ઉત્પત્તિ તારા પૂર્વની અવસ્થાના વ્યયથી થાય છે. કર્મના ઉદયને લઈને વિકાર થાય છે એવું વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા..! ભારે આકરી વાત. ૨૦૦૬ સાલમાં મોટી તકરાર થઈ હતીને ત્યાં પાલિતાણા. રામવિજય ત્યાં હતા. આત્માના વિકારથી આત્મા રખડે છે. એ કહે કે કર્મથી રખડે છે એમ ભગવાન કહે છે. કરો ચર્ચા. કોની સાથે કરે ચર્ચા? અરે! ભગવાન! ભાઈ! કર્મ તો પરદ્રવ્ય છે, આત્મા પરદ્રવ્ય છે. આત્માના વિકારની ઉત્પત્તિનું કારણ બીજું દ્રવ્ય છે એમ તો અહીં ના પાડે છે. એ ઉત્પત્તિનું કારણ, મિથ્યાત્વની ઉત્પત્તિનું કારણ પૂર્વના મિથ્યાત્વનો વ્યય છે અને આત્માનો આધાર એટલે એ આત્મામાં થાય છે, એ કાંઈ પરમાં થાતો નથી, પરને લઈને થતો નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! એક તત્ત્વને પણ જેમ છે એમ બેસે નહિ, ઊંધી દૃષ્ટિ, ઊંધી શ્રદ્ધા અને પછી માને કે અમે જૈન શાસ્ત્રને માનીએ છીએ. ભાઈ! બાપુ! માર્ગ બીજો ભાઈ! ત્યાં કોઈ શરણ આપે એવું નથી. આહા..હા..!

એ વિકારની ઉત્પત્તિ પણ તારાથી અને પૂર્વના વિકારનો વ્યય પણ તારાથી, કર્મનો નાશ થયો માટે વિકારનો નાશ થયો એમ નહિ. આહા..હા..! ઓલા કહે છેને, કેવળજ્ઞાનાવરણીયનો નાશ થયો તો કેવળજ્ઞાન ઊપજ્યું. ભાઈ! એમ નથી. ભાઈ! એમ નથી. આહા..હા..!

કેવળજ્ઞાનાવરણીયનો નાશ થયો તો કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ એમ નથી. કેવળજ્ઞાનાવરણીયનો નાશ એ પરમાણુમાં એ કર્મની અવસ્થારૂપ હતી એ અકર્મરૂપ અવસ્થા થઈ. એ નાશ (થઈને) પછી અકર્મ અવસ્થા થઈ. અકર્મ અવસ્થાનું કારણ વ્યય છે. સમજાણું? અકર્મ અવસ્થાનું કારણ વ્યય છે, પણ આના કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ કેવળજ્ઞાનાવરણીયનો (અભાવ થયો એ) છે નહિ. ભારે વાત ભાઈ! ભાઈએ મૂક્યું છે નહિ એક ઠેકાણે નહિ? અકર્મ. કર્મ જે અવસ્થા છે એની તો અકર્મ અવસ્થા થાય છે પછીની. પછીની તો એમાં અકર્મ અવસ્થા થાય. એને લઈને કેવળજ્ઞાન થાય એમ ક્યાંથી આવ્યું? આહા..હા..! શું કીધું સમજાણું કાંઈ આમાં? ન સમજાય એમ ન જાણવું. સમજાણું કાંઈ? ઝીણું પડે એમ ન માનવું. આહા..હા..!

કહે છે કે ભાઈ! મોહના કર્મનો નાશ થાય તો અહીં વીતરાગતા થાય. ભગવાન ના પાડે છે એમ કહે છે. મોહકર્મ છે એ કર્મની અવસ્થારૂપે છે. એ બીજે સમયે જ્યારે મોહકર્મની અવસ્થામાં અકર્મ પર્યાય થવાની હોય છે ત્યારે અકર્મની અવસ્થા એને કારણે થાય. એ અકર્મની અવસ્થાની ઉત્પત્તિનું કારણ કર્મ અવસ્થાનો વ્યય અને કર્મ અવસ્થાના વ્યયનું કારણ એ ઉત્પત્તિ અવસ્થા, અને વ્યય અને ઉત્પત્તિનું કારણ એના પરમાણુ ધ્રુવ. આત્માએ રાગ ઘટાડ્યો માટે ત્યાં મોહ નાશ થયો એમ કારણ નથી, અહીં તો એમ કહે છે. આહા..હા..! આત્માએ વીતરાગભાવ કર્યો, માટે કર્મ નાશ થયા એમ નથી. સમજાણું કાંઈ? ભારે વાત! આ તો દાખલા બધાય હોં! આખી દુનિયાના દાખલા આ તો. આ તો સિદ્ધાંત છે. પછી દાખલા તો જ્યાં ઉતારવા હોય ત્યાં ઉતરી જાય.

આટલા મોટા પંડિતો ભણીને એમ કહે છે લ્યો! કેવળજ્ઞાનાવરણીયનો નાશ થાય તો કેવળજ્ઞાન થાય એમ કહો, પણ કેવળજ્ઞાન થાય તો કેવળજ્ઞાનાવરણીયનો નાશ થાય એમ ન કહો. પણ એમ પણ નથી અહીં તો. સાંભળ. બોલવામાં એમ આવે કે ભાઈ આત્મા કેવળજ્ઞાન પ્રગટ કરે તો કેવળજ્ઞાનાવરણીયનો નાશ થાય. એ વાત અહીં નથી, લે. આત્મા પોતાની કેવળદશા પ્રગટ થાય એ પૂર્વની અપૂર્ણ દશા અથવા શુક્લધ્યાનનો પર્યાયનો વ્યય થઈને થાય છે અને એ ઉત્પત્તિનો આધાર દ્રવ્ય છે ધ્રુવ છે. કર્મનો અભાવ થયો માટે કેવળજ્ઞાન થયું એમ છે નહિ. ભારે ભાઈ! ભારે વાતું ભાઈ! આ વાત ચાલતી નથીને. લોકોએ બહારમાં એવા ગૂંચાવી દીધા બિચારાને.

મુમુક્ષુ :- પર સાથે.

ઉત્તર :- પર સાથે માથા ફોડીને મરી ગયો. આ દયા પાળી ને વ્રત પાળ્યા. જાત્રા નવ્વાણું કરે. નીચેથી ઉપર જાય અને ઉપરથી નીચે ઉતરે. નવ્વાણું કરીએ. ધૂળેય નથી સાંભળને હવે. જાત્રા ક્યાં થાય એની તને ખબર નથી. સમજાણું કાંઈ?

અહીં કહે છે... આહા..હા..! આવા શબ્દો અત્યારે ઘણા આવે છે. રાગનો નાશ તે વીતરાગતાની ઉત્પત્તિનું કારણ છે. રાગનો સદ્‌ભાવ તે વીતરાગતાની ઉત્પત્તિનું કારણ નથી.

તો રાગ છે માટે એનાથી ધર્મની પર્યાય થાય એમ નથી એમ કહે છે અહીં તો. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના આનંદસ્વરૂપમાં જ્યાં દૃષ્ટિ કરી, ત્યાં પૂર્વનો જે રાગભાવ નાશ થાય છે અને અરાગભાવની દશા ધર્મ પ્રગટે છે. એ રાગનો નાશ-અભાવ તે વીતરાગ પર્યાયની ઉત્પત્તિનું કારણ. પણ રાગનો ભાવ તે વીતરાગ પર્યાયની ઉત્પત્તિનું કારણ કોઈ દિ' હોઈ શકે નહિ. સમજાણું? અને એ વીતરાગ પર્યાયનું કારણ નિમિત્ત છે એમ નહિ. એ વીતરાગ પર્યાયનું કારણ ધ્રુવ આત્મા છે. ઓલાના અભાવરૂપ કારણ છે અને આ ધ્રુવરૂપ ભાવ કારણ છે. બીજાને કારણે વીતરાગતા આવી જાય, ભગવાનના દર્શનથી, ભગવાનની મૂર્તિ અને ભગવાનને સાંભળવાથી, અહીં ના પાડે છે કે એમ નથી. કહો, સમજાણું કાંઈ? એક શુભભાવ હોય છે ત્યારે નિમિત્ત ઉપર લક્ષ જાય છે. છતાં એ શુભભાવની ઉત્પત્તિ એને લઈને થઈ નથી. પ્રતિમાને લઈને શુભની ઉત્પત્તિ થઈ નથી. પૂર્વની પર્યાય અશુભનો વ્યય થઈને શુભની ઉત્પત્તિ થઈ છે અને શુભનો આધાર આત્મા છે. એ વસ્તુ આધાર નથી. ભારે વાત! સમજાણું કાંઈ? આ તો પરમસત્ય. એમાં ક્યાંય આડુઅવળું કરે તો થઈ શકે નહિ.

'**વ્યતિરેકોના સંહાર સાથે અને અન્વયના અવસ્થાન સાથે અવિનાભાવવાળું, જેને નિર્વિઘ્ન (અબાધિત) ત્રિલક્ષણપણારૂપ લાંછન પ્રકાશમાન છે...**' લ્યો! ચિહ્ન. '**એવું અવશ્ય સંમત કરવું.**' દરેક પદાર્થમાં નવી અવસ્થા ઉપજે, જૂની જાય ક્ષણે-ક્ષણે, ધ્રુવ રહે એવું ત્રણ લક્ષણવાળું એક સત્ સંમત કરવું. એના ને એના અવિનાભાવ સાથે. બીજાની સાથે સંબંધ છે નહિ. લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૩, રવિવાર, તા. ૨૨.૧૨.૧૯૬૮**
**ગાથા-૧૦૧, પ્રવચન-૧૦૩**

૯૯ ગાથા થઈ ગઈ. ૧૦૦મી થઈ ગઈ. ૧૦૦ થઈ ગઈ ૧૦૦. ૧૦૧. પ્રવચનસાર. જ્ઞેય નામ જ્ઞાનમાં જણાવાલાયક તત્ત્વનું શું સ્વરૂપ છે તે કહે છે. સમજાણું? જગતના પદાર્થો જે જ્ઞાનમાં જણાય તેવા જ્ઞેય. પોતે જ્ઞેય છે અને પર પણ જ્ઞેય જ્ઞાનમાં જણાવાલાયક છે. એવા જ્ઞેયની વ્યવસ્થાની સ્થિતિ શું છે? સર્વજ્ઞે જોયેલી અને વસ્તુની સ્થિતિ કેમ છે એનું આ કથન છે. ૧૦૧.

'**હવે ઉત્પાદાદિકનું દ્રવ્યથી અર્થાંતરપણું નષ્ટ કરે છે...**' શું કહે છે? કોઈપણ આત્મા કે પરમાણુ... કંઈક ભલું કરવું હોય ધર્મ, ધર્મ કરવો હોય તો એ ધર્મ શું ચીજ છે? કે ધર્મ એ શાંતિની વીતરાગ પર્યાયની ઉત્પત્તિ તે ધર્મ છે. સમજાણું કાંઈ? ધર્મ એ વીતરાગ અવસ્થા, શુદ્ધ અવસ્થાની ઉત્પત્તિ તે ધર્મ. હવે જ્યારે ઉત્પત્તિ છે, નવું થાય છે, તો કેમ જૂનું જાય પણ ખરુંને? જૂનું જે અધર્મ નામ રાગ આદિ પર્યાય હતી તેનો વ્યય થાય છે, અભાવ થાય છે ત્યારે આ થાય છે. એ વસ્તુની સ્થિતિ જ આવી છે એમ કહે છે. એથી વસ્તુને ત્રણ અંશવાળા પર્યાયોવાળી છે અને ત્રણે પર્યાયો દ્રવ્યને આશ્રયે થઈ એ વાત સિદ્ધ કરે છે.

કોઈપણ પદાર્થની પર્યાય પરને આશ્રિત નથી. પર્યાય એટલે અવસ્થા, અવસ્થાને આશ્રયે પર્યાય, પર્યાયને આશ્રયે છે. પરને આશ્રયે કાંઈ નથી. આત્માને ધર્મ કરવો હોય તો એ ધર્મની પર્યાય અવસ્થા છે, નવી છેને? નથી કરેલી છેને? નથી કરેલી અને થઈ. આત્મા આનંદસ્વરૂપ, ચિદાનંદસ્વરૂપ છે એવું જે ભાન થવું એ ધર્મની પર્યાય છે. તો કહે છે કે ધર્મની પર્યાય ઉત્પાદ છે. એ ઉત્પાદને પરની અપેક્ષા હોતી નથી. હા, એને પૂર્વની અવસ્થાની વ્યયની અપેક્ષા વ્યવહારથી છે. પૂર્વની અવસ્થાનો અભાવ તે નવી અવસ્થાનો ભાવ એનું કારણ છે અને નવી અવસ્થાના ભાવને ધ્રુવ કારણ છે. ઓલું વ્યવહારકારણ છે, ધ્રુવ નિશ્ચયકારણ છે. પર તો વ્યવહારકારણ પણ નથી, ભાઈ! સમજાય છે કાંઈ? એ અસદ્ભૂત છે. આહા..હા..! જુઓ તો ખરા તત્ત્વની સ્થિતિ!

ભગવાન આત્મા જે જ્ઞાન અને આનંદનું ધ્રુવ સત્ તત્ત્વ શાશ્વત છે, એવા અનંત આત્માઓ, એમ પરમાણુ પણ વસ્તુ, એ આત્મા અંદર જ્ઞાન અને આનંદની ધ્રુવતાથી ભરેલું તત્ત્વ વસ્તુ છે. એમાં નવી અવસ્થાનું થવું, તો કહે છે કે ધર્મ અવસ્થાનું થવું કે શાંત અવસ્થાનું થવું એને કોઈ પરની અપેક્ષા નથી. જો અપેક્ષા હોય તો પૂર્વનો વ્યયનો અભાવ એટલી વ્યવહારની અપેક્ષા છે. સમજાણું કાંઈ? અને એને ધ્રુવની અપેક્ષા ખરી છે. વસ્તુ ધ્રુવ છે, સત્ છે, શાશ્વત છે, અણકરાયેલું તત્ત્વ છે તો એની ઉત્પત્તિની પર્યાય માટે ધ્રુવ ખરું કારણ છે. સમજાણું કાંઈ? વ્યય વ્યવહારકારણ છે સદ્ભૂત વ્યવહાર, આ નિશ્ચયકારણ છે. પરવસ્તુ તો અસદ્ભૂત કારણ તરીકે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કહો, નવરંગભાઈ! હવે આ તો નિશ્ચય અને વ્યવહાર પાછા આમાં નાખ્યા. ઓલા વ્યવહાર-વ્યવહાર કરે છેને? ભગવાન! એમ નથી. એ વ્યવહારનો અર્થ એટલો છે કે આત્મા કે કોઈપણ પરમાણુ, એક-એક પરમાણુ આ પોઈન્ટ છે, અસ્તિ છે, દેખાય છેને. અસ્તિ દેખાય છેને. છે એમ દેખાય છે કે આકાશના ફૂલ છે? છે તો એ એક અંશરૂપ એ નથી, ઘણા અંશનું મળેલું સંયોગી તત્ત્વ છે આ. કારણ કે આના કટકા થઈ શકે છે અને જે એનો પોઈન્ટ છેલ્લો રહે, જેના બે કટકા ન થાય એવું એક અસ્તિ તત્ત્વ એના પરમાણુનું છે. અસ્તિ-અસ્તિ છે. એ તત્ત્વની અંદર પણ નવી અવસ્થા

લોહીરૂપે પર્યાય થવી અને પૂર્વની રોટલી, દાળની પર્યાયનો વ્યય થવો અને પરમાણુપણે રહેવું એ પર્યાયની ઉત્પત્તિમાં આત્મા નિમિત્ત છે (માટે) એમ પર્યાય થાય છે એમ નથી. એ પર્યાયની ઉત્પત્તિમાં બહુ તો પૂર્વની પર્યાયનો વ્યય અને ધ્રુવતાનું કારણ. બસ. પ્રકાશચંદજી! ભારે વાત આ. સમજાય છે કાંઈ?

'**ઉત્પાદાદિકનું...**' ઉત્પાદ નવી અવસ્થાનું થવું, જૂનીનું જવું, સદશતાનું રહેવું. એ દ્રવ્યથી અનેરી ચીજ નથી કોઈ. વસ્તુની વસ્તુની ચીજ જ છે એ. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણ થઈને સત્ (છે), સત્ નામ સ્વરૂપ છે. '**(અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય દ્રવ્યથી જુદા પદાર્થો નથી એમ સિદ્ધ કરે છે) :—**' લ્યો! ૧૦૧.

**उप्पादट्ठिदिभंगा विज्जंते पज्जएसु पज्जाया।**
**दव्वम्हि संति णियदं तम्हा दव्वं हवदि सव्वं।।१०१।।**
**ઉત્પાદ તેમ જ ધ્રૌવ્ય ને સંહાર વર્તે પર્યયે,**
**ને પર્યયો દ્રવ્યે નિયમથી, સર્વ તેથી દ્રવ્ય છે. ૧૦૧.**

ગાથા બહુ સારી છે. ૧૦૧ છે.

'**અન્વયાર્થ :- ઉત્પાદ, સ્થિતિ અને ભંગ...**' એટલે દરેક દ્રવ્યની અંદર, દરેક વસ્તુની અંદર નવી અવસ્થાનું થવું સમયે સમયે. આત્મામાં સમ્યગ્જ્ઞાન સ્વસંવેદનનું થવું. ઓલામાં દર્શન ઉતાર્યું છે ભાઈ જયસેનાચાર્યે. પહેલામાં દર્શન, આમાં જ્ઞાન, બેમાં ચારિત્ર. ત્રણેય ભિન્ન ભિન્ન ઉતાર્યા છે. આમાં જ્ઞાન ઉતાર્યું છે, પહેલા દર્શન કહ્યું. જ્ઞાન—સ્વસંવેદનજ્ઞાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે, રાગસ્વરૂપ નથી, પરરૂપ નથી એવું જે જ્ઞાન સ્વરૂપનું સ્વસંવેદન જ્ઞાનની પર્યાય એ ઉત્પાદ. એ ઉત્પાદ છે. સ્થિતિ—તે જ્ઞાનનું સ્વરૂપ છે ધ્રુવ એ તો એનું ટકવું છે. ઉત્પાદ છે સ્વસંવેદનજ્ઞાનનું જાણવું, જ્ઞાન જાણ્યું, જ્ઞાન જાણ્યું, પહેલું રાગ અને અજ્ઞાનને જાણતો, એ જ્ઞાન જાણ્યું કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એની પર્યાય અવસ્થામાં જ્ઞાનની વેદન પર્યાય, જ્ઞાનનો જાણવાનો પર્યાય થયો એ ઉત્પાદ. સ્થિતિ-એ પર્યાય ધ્રુવથી થઈ છે. ધ્રુવનો અંશ છે એનાથી એ સ્થિતિ છે.

'**ભંગ,...**' પૂર્વની પર્યાયનો વ્યય-નાશ. આ તો મૂળ તત્ત્વ છે. એને સમજવા માટે અનંતકાળથી એણે વાસ્તવિક તત્ત્વને જોયું અને સાંભળ્યું નથી. સમજાય છે કાંઈ? એમને એમ ઉપર ને ઉપર વાતું ધર્મને નામે પણ ચલવી છે, પણ વાસ્તવિકતા એણે કોઈ દિ' કરી નથી. ભગવાન આત્મા... કહે છે, ધર્મની પર્યાય સ્વસંવેદન જે ઉત્પન્ન, અજ્ઞાનના પર્યાયથી નાશ અને ધ્રુવ જ્ઞાનગુણરૂપે ધ્રુવ એ પર્યાયમાં વર્તે છે. અવસ્થાઓમાં, ભેદમાં વર્તે છે. જુઓ! ભાષા કેવી કરી છે! પર્યાયોમાં વર્તે છે. પર્યાય પર્યાયમાં વર્તે છે. સમજાય છે? '**પર્યાયો નિયમથી દ્રવ્યમાં હોય છે,...**' એ ત્રણ ભેદો—ઉપજવું, વ્યય અને ધ્રુવ એ ત્રણ દ્રવ્ય વસ્તુ જ છે. કોઈ દ્રવ્યથી ભિન્ન ચીજ નથી, વસ્તુથી જુદી ચીજ નથી.

'ટીકા :- **ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ખરેખર પર્યાયોને આલંબે છે અને તે પર્યાયો દ્રવ્યને આલંબે છે...'** એ અર્થ કર્યો ગાથાનો. ગાથાનો અર્થ કર્યો. '**(અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પર્યાયોના આશ્રયે છે...'** શબ્દ આવ્યો ખરોને? '**ધ્રૌવ્ય ખરેખર પર્યાયોને આલંબે છે...'** પર્યાયોને આલંબે છે એટલે કે '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પર્યાયોના આશ્રયે છે...'** શું કહ્યું? ભગવાન આત્મા જ્ઞાનનું, સમ્યગ્દર્શન આદિની પર્યાયનું પ્રગટ થવું એ પર્યાયને આશ્રયે છે, પર્યાય છે, એ પર્યાય છે. અને પૂર્વની મિથ્યા શ્રદ્ધાનો નાશ થવો એ પણ પર્યાય છે અને ધ્રુવ એ પણ આખા દ્રવ્યનો એક અંશ છે.

આ તો પરમાત્મા થવાની વાત છે. ભગવાન થવું હોય એને આવો આત્મા છે એમ જાણવું જોશે. રખડવાના રાંકા થઈને રખડે છે ચોર્યાસીમાં. દુઃખી... દુઃખી... દુઃખી... સમજાણું કાંઈ? એ પૈસાવાળા દુઃખી, નિર્ધન દુઃખી, રાજા દુઃખી, શેઠ દુઃખી, રંક દુઃખી, દેવ દુઃખી. ભગવાન આત્મા પોતાના આનંદસ્વરૂપની સંભાળ ને અંતરમાં ન જતા એ પુણ્ય અને પાપના ભાવોનું કરવું અને એના ફળને ભોગવવું (એમાં) એકલું દુઃખ છે. પણ એને દુઃખ લાગતું નથી. કેમકે દુઃખ વિનાની ચીજ શું છે આનંદ એનું એને ભાન નથી. એટલે આમ લાગે છે કે અમે સુખી છીએ. ધૂળમાંય નથી, સાંભળને! ધૂળમાંય નથી એટલે ધૂળથી નથી અને ધૂળમાં પણ નથી એમ કહે છે. આહા..હા..! એ પુણ્યના પરિણામમાં સુખ નથી. પૈસામાં તો ક્યાં રહ્યું? ધૂળમાં ક્યાં રહ્યું? બાયડી-છોકરા-કુટુંબમાં તો ક્યાં રહ્યું? એ તો પર છે ભગવાન! ભગવાનદાસજી! આહા..હા..!

તારો સુખભાવ તો પુણ્યના પરિણામમાં પણ નથી, તારો (સુખ)ભાવ પાપના ભાવમાં પણ નથી. ભગવાન! તારો સુખભાવ તો આત્મામાં ગુણ-ભાવપણે પડ્યો છે. એ સુખનું અવલંબન લઈને જે પર્યાય ઉત્પન્ન આનંદની થાય તે ઉત્પાદ, ઉત્પાદને આશ્રયે છે. અને પૂર્વનો જે દુઃખનો પર્યાય મિથ્યાત્વનો હતો—રાગ મારો, રાગ(નું) એકત્વ, પરદ્રવ્ય મારું એવી એકત્વબુદ્ધિ હતી એનો વ્યય. એ વ્યય વ્યયને કારણે છે અપેક્ષાએ પર્યાય. અને એ સુખનો ગુણ રહ્યો ધ્રુવપણે એ ધ્રુવ ધ્રુવપણે છે. ત્રણ પર્યાયો ત્રણ પર્યાયને આશ્રયે છે. આહા..હા..! નવનીતભાઈ! આહા..હા..! ભારે!

એ '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પર્યાયોને આશ્રયે છે...'** ઓહો..હો..! આત્મા અને પ્રત્યેક પરમાણુ એની થતી અવસ્થા નવી, એ નવી અવસ્થા પર્યાયને આશ્રયે છે, એને આશ્રયે છે. જૂની અવસ્થા જવી છે એ એને આશ્રયે છે, વ્યય વ્યયને આશ્રયે છે. અને બેમાં ધ્રુવપણું અંશ રહેવું એ ધ્રુવને આશ્રયે છે. ત્રણે ભાગ પર્યાયને આશ્રયે છે—ભેદને આશ્રયે છે. એ સમજાય એવું છે હોં. ધ્યાન રાખવું જોઈએ. પણ કેટલાક એમ કહે, આપણને વાણિયાને આપણી જાડી બુદ્ધિ અને મહારાજ મોટી ઝીણી વાતું કરે એ રામજીભાઈ જેવા બુદ્ધિવાળાને સમજાય એમ માણસ માને છે. એ.. નવનીતભાઈ! કેટલાકે એમ માંડી વાળ્યું હોય છે. આપણે

વેપારી. આપણને આ? આહા..હા..! ક્યાં ગયા ધીરૂભાઈ? ધીરૂભાઈને પૂછ્યું હતું કાલે. કીધું, આ તો સાદામાં સાદી ભાષા આવે છે. વસ્તુ ઊંચી છે. પણ આમાં સમજવા માટે એને કોઈ ભાષાની મુશ્કેલી પડે એમ નથી. સમજાણું કાંઈ?

આ વસ્તુ છે, આત્મા છે કે નહિ? હવે છે તો પરથી જુદો છે કે પરથી એક છે? પરથી જુદો છે તો એ આત્મામાં થાય છે શું? સમજાય છે? કહે છે કે એ આત્મામાં નવી નવી અવસ્થા થાય છે કે નહિ? પહેલી હતી એની એ રહે છે? એ નવી નવી અવસ્થા થાય તે નવી અવસ્થા પર્યાયને આશ્રયે (થાય), એને આશ્રયે પર્યાય છે. જૂની અવસ્થા જાય તે.. પહેલા એકબીજા વિના નહોતું એમ સિદ્ધ કર્યું, હવે અહીં પોતપોતાને કારણે સિદ્ધ કરે છે. પછી ત્રણે દ્રવ્યને આશ્રયે (છે એમ કહેશે).

મુમુક્ષુ :- જુદું જુદું આવે છે.

ઉત્તર :- જુદું જુદું (નહિ), એની એ વાતનું સ્પષ્ટીકરણ આવે છે. એની એ વાતનો વિરોધ કરીને આવતું નથી. જુદું જુદું આવે એટલે એનું વ્યાખ્યાન નથી. જુદું જુદું આવે એટલે સ્પષ્ટકરણની વિશેષતા આવે એમ કહો. નવરંગભાઈ! અમારે ફાવાભાઈ હતા એ કહેતા કે આજે સવારે એક ધાર્યું હોય એ બીજું, બપોરે (બીજું આવે). પણ ભાઈ બધું કઈ અપેક્ષાએ (છે) એ બધું જાણવું જોઈએ. સાધારણ બુદ્ધિ, વેપાર કરતા હોય પુણ્યને લઈને, એમાં આવું સાંભળે ત્યાં, ઓય માળું આ તો પકડાતું નથી. એ પુણ્યને લઈને વેપાર હોં! ચીમનભાઈ! ડહાપણને લઈને નહિ. આહા..હા..! આ શેઠ રહ્યા લ્યોને. આ રહ્યા શેઠ. તમારે ૫૦-૬૦-૬૦ લાખ શું પુરુષાર્થથી ભેગા કર્યા છે? શું છે? દરબાર! આ રહ્યા અમારે. અહીં તો કેટલાક સાધારણ પણ આવ્યા છે ગામમાંથી.

કહે છે કે એક એક પરમાણુનો પર્યાય જે ઊપજે છે આમ ઊપજે છે, એની ઉત્પાદક્રિયા ઉત્પાદને આશ્રયે છે. બીજો જીવ હોય તો આમ ધક્કો મારે તો પરમાણુ ચાલે એમ છે જ નહિ એમ કહે છે. પ્રકાશચંદજી! આહા..હા..! અરે! જગતને તત્ત્વની ખબર ન મળે અને તત્ત્વથી વિરુદ્ધ માનીને ધર્મ થાય એમ માની લે. સમજાણું? અમે મંદિર બનાવ્યા, અમે પુસ્તક બનાવ્યા, અમે દુનિયાને ઉપદેશ દઈએ છીએ, એ ઉપદેશ અમે દઈએ છીએ. ભગવાન! એ બધી કર્તાબુદ્ધિ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? કારણ કે મંદિરનો પર્યાય એના પરમાણુથી ઉત્પન્ન થયેલો પૂર્વની વ્યય થઈને, ધ્રુવપણું રહીને. બીજો ત્યાં કહે કે ભાઈ, રમણિકભાઈ ત્યાં હતા બરાબર ધ્યાન રાખનારા માટે થયું એમ છે નહિ. પહેલા હતા મણિભાઈ, હવે રમણિકભાઈ આવ્યા છે. કહો, સમજાણું કે નહિ? આહા..હા..! કોણ બનાવે?

એની ઉત્પત્તિ તે તે દ્રવ્યના (આશ્રયે થાય છે). વસ્તુ છે કે નહિ? એ છે કે નહિ? છે તો એનો નાનામાં નાનો અંશ છે એ દ્રવ્ય કહેવાય છે. આ તો બધી સંયોગી ચીજ ભેગા થઈને છે, પણ મૂળ ચીજ છે એ તો ભિન્ન છે અંદર. એક એક પરમાણુમાં પૂર્વની

અવસ્થા જે અમુક જાતની હતી, એનો વ્યય થઈને, અભાવ થઈને નવી અવસ્થા થઈ. તે નવી અવસ્થાનો ઉત્પાદ ઉત્પાદને આશ્રયે છે, જૂની અવસ્થાનો વ્યય વ્યયને આશ્રયે છે, એનું ધ્રુવપણું ધ્રુવને આશ્રયે છે. એ ત્રણે પર્યાયને આશ્રયે છે. પરને આશ્રયે નહિ. લે! કેમ હશે? ચંદુભાઈ! આ તો બધા ઘણા કામ કરનારા છે. મંત્રી ને સેક્રેટરી ને શું ઘણા નામ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો એ જ કહે છે. કોનું કામ? કામ કોનું? પોતાનું કે પરનું? પરનું પર્યાયનું કામ પર કરે, તારું કામ તું કર. પ્રકાશચંદજી! જગતને તત્ત્વ શું છે (એની ખબર નથી). ભાઈ! બાપુ! આહા..હા..!

કહે છે, '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પર્યાયોના આશ્રયે છે...**' અવલંબે છે એટલે આશ્રયે છે. આહા..હા..! એક ટૂકડો મૂકીને આખો સિદ્ધાંત જગતનો (સિદ્ધ કરે છે). ભગવાન આત્માને શાંતિ જોઈતી હોય તો એણે શાંતિનું શોધન અંતરમાં કરવું પડશે, ધ્રુવમાં. કેમકે શાંતિની ઉત્પત્તિ ધ્રુવના લક્ષે થાય છે, છતાં તે ઉત્પત્તિ ઉત્પત્તિને આશ્રયે છે. આહા..હા..! ઉત્પાદનું કારણ ઉત્પાદ છે, ઉત્પાદનું કારણ વ્યય જે કહ્યું હતું તે વ્યવહાર છે. ઉત્પાદનું કારણ ધ્રુવ કહ્યું હતું એ પણ નિશ્ચય છે. પણ અપેક્ષા થઈ ગઈ. જુઓ તો ખરા! સત્ દ્રવ્ય લક્ષણં. સત્ તે વસ્તુનું લક્ષણ છે અને સત્ તે ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્ત છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ જે છે એ ત્રણ પર્યાયને આશ્રયે છે. આહા..હા..! ... સિદ્ધ કર્યું છે! સમજાય છે? સંતોએ, દિગંબર મુનિઓએ સનાતન સત્યને જાળવી રાખ્યું છે. આહા..હા..! આવા પુસ્તક બન્યા. સર્વજ્ઞની પરંપરાનો જે પંથ હતો એ પંથને પ્રગટ કરી, પ્રસિદ્ધ કરીને શાસ્ત્રમાં એ પ્રસિદ્ધ કર્યો છે.

કહે છે કે, પોતાના ધર્મની પર્યાય, પર્યાયને આશ્રયે છે. કહો, આ અધર્મનો નાશ એ પણ અપેક્ષિત છે. .. ધર્મની પર્યાય ધર્મને કારણે છે. ધ્રુવને કારણે કહ્યું એ અપેક્ષિત છે. એઈ..! ધ્રુવને ધ્રુવપણે રાખ્યો. ધ્રુવને ધ્રુવપણે. વસ્તુ છે કે નહિ? છે કે નહિ? છે... છે... છે... છે... છે... છે... છે... છે કોઈ દિ' નહોતીને થઈ એમ નથી, છે તે કોઈ દિ' નહિ રહે એમ નથી. છે તે છે. એ ધ્રુવપણું ધ્રુવને કારણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલા તો કહે કે ભાઈ! ભગવાન હોય તો અહીં ધર્મ થાય, ભગવાનની ભક્તિ કરે તો ધર્મ થાય. એ અહીં ના પાડે છે. નવનીતભાઈ! બીજા શાસ્ત્રમાં તો કોણ નિમિત્ત હતું એ જ્ઞાન કરાવ્યું છે. આનાથી વિરુદ્ધ કોઈ દિ' વાત હોય બીજે? ...

ભગવાન! આ તો ભગવાન આત્માનો માર્ગ છે, ભાઈ! જે પરમાણુઓમાં તે તે સમયનો ઉત્પાદ... કોઈ એમ કહે કે અમે પાણીમાં લાલ રંગ નાખ્યો માટે પાણી લાલ થયું. ભગવાન! (એમ ન હોય). કારણ કે લાલ રંગનો જે પર્યાય છે એ એના પરમાણુથી ઉત્પન્ન થયેલો એ પર્યાય છે અને એના ઉત્પાદથી અહીં પાણી લાલ થાય એ તો એને કારણે નથી, પણ

એનો રંગ ગુણ જે ધ્રુવ છે એ ધ્રુવને રંગ ગુણ ધ્રુવ છે. આહા..હા..! ધ્રુવ ધ્રુવને .. લાલ પર્યાય લાલની અપેક્ષાએ થઈ છે. પૂર્વની ધોળી હતી એનો નાશ થયો છે એ વ્યય. ત્રણે પર્યાયના ભેદમાં વર્તે છે. પ્રકાશચંદજી! હાય..! હાય..! આવું સ્વરૂપ ભગવાન સર્વજ્ઞનું! સીધી વાત છે. કોઈ આમાં મુશ્કેલી પડે એવી વાત નથી. સત્ છે એવું સરળ છે, એવી સહજ વાત છે. પણ હવે એની દરકાર જ કોઈ દિ' કરી નથી. આ બધી બહારમાં હા હો ને હા હોની હરિફાઈમાં મરી ગયો. બહારમાં સાધુ થાય તો, માણસ કેટલું થયું? આમને સામૈયા કેટલા થયા? ઓલાને મોટું થયું, મારે નાનું. મરી ગયો એમાં. ભગવાન! તારે આ જોવે છે કે તારે તારો આત્મા જોવે છે? બે પાલવે નહિ. એક મ્યાનમાં બે રહી શકે નહિ. નવનીતભાઈ! શું પણ વાત! ભગવાનના ભેટા થવાની વાતું છે.

કહે છે કે ભગવાન! જગતના જેટલા તારાથી ભિન્ન પદાર્થ છે તેની તે તે ક્ષણે અવસ્થાની વ્યવસ્થા છે, પર્યાયને આશ્રયે પર્યાય છે એ તારાથી કાંઈ કરાય અને તારાથી રહે અને તારાથી ઉત્પન્ન થાય એ છે નહિ. હવે તારે પરમાં જોવાનું રહ્યું નથી. તારામાં જે અવસ્થા થાય એ તારાથી અવસ્થા (થાય), અવસ્થા અવસ્થાને આશ્રયે છે. આહા..હા..! કેટલું સ્પષ્ટ કર્યું! કારણ કે સત્ દ્રવ્ય છે અને સત્‌નું લક્ષણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. એ ત્રણે સત્ થયા. સત્ છે એને કોઈ હેતુ હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાય. ધ્યાન રાખે તો સમજે. આમાં કોઈ એવી ભાષા નથી, આ કોઈ સંસ્કૃત કે વ્યાકરણ કે મોટી ગૂંચવાળી. ઓલાને પૂછ્યું કે સંસ્કૃત આવડે છે? તો અમારે પંડિતજી કહે ના. સંસ્કૃત બોલતા આવડે છે? હવે શું છે પણ? સંસ્કૃત આવડે ન આવડે આવ્યા હતાને. ભાઈ! સંસ્કૃતની સાથે શું કામ છે? આહા..હા..! હવે સંસ્કૃત તો પોપટ પણ બોલે શીખવો તો. એથી શું થયું? ભગવાન આત્મા એ જ્ઞાનસ્વરૂપ છે, તો એના જ્ઞાનની ઉત્પત્તિનો પર્યાય, તેનો ઉત્પત્તિનો જ્ઞાનનો પર્યાય ઉત્પત્તિના આશ્રયે ઉત્પાદ છે, પૂર્વના અજ્ઞાનનું વ્યય તે એને આશ્રયે છે, ગુણરૂપી ધ્રુવ છે ધ્રુવને આશ્રયે. એ ત્રણ ભેદ પડ્યા. એ ત્રણ પર્યાયો થઈ. ત્રણ પર્યાયને આશ્રયે... સમજાણું કાંઈ?

'**અને પર્યાયો દ્રવ્યના આશ્રયે છે;...**' એ ત્રણ પણ વસ્તુના આશ્રયે છે, કહે છે. એ કંઈ વસ્તુથી જુદા નથી. વસ્તુ જે દ્રવ્ય છે ત્રિકાળી એના એ ત્રણ અંશ છે. પર્યાય પર્યાયને આશ્રયે છે, પછી પર્યાય દ્રવ્યને આશ્રયે છે. સમજાણું કાંઈ? એને આલંબે છે એટલે એમાં રહેલી છે, એને આશ્રયે છે. સમજાણું કાંઈ? પર્યાયો દ્રવ્યને આશ્રયે છે. '**તેથી આ બધુંય એક જ દ્રવ્ય છે,...**' એમ. '**દ્રવ્યાંતર નથી.**' વસ્તુથી અનેરી ચીજ એ નથી. ઉત્પાદ થાય તો વસ્તુનો છે, વસ્તુની ઉત્પાદ અવસ્થા. વસ્તુ નહિ, પર્યાયની ઉત્પત્તિ. અને અવસ્થા જાય એ પર્યાયની જાય છે. ધ્રુવનો એક અંશ છે દ્રવ્યનો. ત્રણ ભાગ થઈને ... અહીં પ્રમાણજ્ઞાનનું દ્રવ્ય વર્ણવ્યું છે હોં! ..ભાઈ!

એક કોર એમ કહે, ભગવાન આત્મા પરિણામ પરિણામિકભાવે ધ્રુવ છે. એ ધ્રુવ છે તે પરિણમતો જ નથી. પર્યાય પરિણમે છે. .. અવસ્થાનું થવું, જવું... થવું-જવું... થવું-જવું... એ ધ્રુવ ઉપર પર્યાયમાં થાય છે. ધ્રુવ પરિણમતું નથી. એ દૃષ્ટિના વિષય, દૃષ્ટિનો ધ્યેય ધ્રુવ આખું બનાવીને પર્યાયમાં પરિણમન પર્યાયનું છે, દ્રવ્યનું નથી. આ જ્ઞાનપ્રધાન કથન કરીને તે તે પદાર્થના ત્રણ અંશો અંશને આશ્રયે છે અને એ અંશો દ્રવ્યને આશ્રયે છે. સમજાણું કાંઈ? આરે.. આરે..! ભારે કથનપદ્ધતિ! સમજાણું કાંઈ? આ પણ સત્ય છે અને એ પણ સત્ય છે. કઈ અપેક્ષાએ?

દ્રવ્ય છે ભગવાન આત્મા, વસ્તુ ધ્રુવ. ધ્રુવ જે છે એ તો અપરિણામિકભાવે છે. અપરિણામિકભાવે પરિણામિક. એ શું? નહિ બદલતા ભાવે પરિણામિક. લ્યો ઠીક! વસ્તુ છે .... ઉત્પાદ-વ્યય અને ધ્રુવના ત્રણ અંશો ગણો તો પર્યાયના છે... .. એ કરતા આ જુદી ચીજ છે. ઓલામાં તો ગપેગપ હાંકે. ... આ એમ નથી, ભગવાન!

આ તો પરમ સત્યનું ઉદ્‌ઘાટન છે. સમજાણું કાંઈ? પરમ સત્યનું ઉદ્‌ઘાટન થાય છે. ભાઈ! પરમ સત્ તારું આવું છે. એ પરમ સત્ જગતના તત્ત્વો સત્ છે. સમજાય છે કાંઈ? એટલે કોઈના તારા સિવાયના આત્માઓ અનંત અને અનંત પરમાણુઓ એ અવસ્થાનો ઉત્પાદ એને આશ્રયે છે, તારે આશ્રયે બિલકુલ નથી. માટે બીજાને જ્ઞાનની પર્યાય સમજાવી દઉં એ વાત પણ મિથ્યા અહંકાર છે. આહા..હા..! ભારે વાત ભાઈ! એની અવસ્થાનો ઉત્પાદ તો એ છે. એ તો જડ છે. જડથી ઉત્પન્ન... ... ભાઈ! આ તો ધીરજના ઘર છે. વાદવિવાદે આ પાર પડે એવું નથી.

**(નોંધ :— ૩૨ મિનિટ પછી બરાબર સમજાતું નથી.)**

**પોષ સુદ ૪, સોમવાર, તા. ૨૩.૧૨.૧૯૬૮**
**ગાથા-૧૦૧-૧૦૨, પ્રવચન-૧૦૪**

૧૦૧નો ભાવાર્થ. કહે છે કે '**બીજ, અંકુર અને વૃક્ષત્વ એ વૃક્ષના અંશો છે.**' દૃષ્ટાંત આપે છે. બીજ છે અને એ અંકુર છે અને વૃક્ષત્વ ધ્રુવપણું, વૃક્ષનું ધ્રુવપણું એ વૃક્ષના અંશો છે, વૃક્ષરૂપ નથી. આખું વૃક્ષ નથી એ. સમજાય છે કાંઈ? એમ એ બીજનો નાશ, અંકુરનો ઉત્પાદ, વૃક્ષનું ધ્રુવપણું ત્રણેની સ્થિતિ એકસાથે છે એક સમયમાં. આત્મામાં કેવળજ્ઞાનની ઉત્પત્તિનો સમય, પૂર્વના ચાર જ્ઞાન અથવા શુક્લધ્યાનની પર્યાયનો નાશનો સમય અને ધ્રુવનો સમય એક છે. (અંશ) ત્રણ છે, સમય એક છે. સમજાણું કાંઈ? '**આ રીતે નાશ બીજને**

**આશ્રિત છે,...'** જુઓ! આત્મામાં પૂર્વની અજ્ઞાન અથવા મિથ્યાત્વદશાનો નાશ, એ નાશ દશાને આશ્રિત છે. સમજાણું કાંઈ? એવું જ એ જ્ઞેયનું સ્વરૂપ છે. પરને આશ્રયે છે કે કર્મ ઘટ્યા, દર્શનમોહ ગયો માટે મિથ્યાત્વનો નાશ છે એમ નથી. સમજાણું કાંઈ?

**'નાશ બીજને આશ્રિત છે, ઉત્પાદ અંકુરને આશ્રિત છે અને ધ્રૌવ્ય વૃક્ષત્વને આશ્રિત છે; નાશ-ઉત્પાદ-ધ્રૌવ્ય બીજ-અંકુર-વૃક્ષથી ભિન્ન પદાર્થરૂપ નથી.'** બીજનું નાશ થવું, અંકુરનું ઉત્પન્ન થવું, વૃક્ષનું ધ્રુવપણું રહેવું એ કોઈ વૃક્ષથી જુદા ત્રણ ભાવ નથી. **'વળી બીજ-અંકુર-વૃક્ષત્વ પણ વૃક્ષથી ભિન્ન પદાર્થરૂપ નથી.'** જેમ નાશ-ઉત્પાદ અને ધ્રુવ બીજ-અંકુરથી ભિન્ન પદાર્થ નથી, એમ બીજ-અંકુર-વૃક્ષત્વ પણ વૃક્ષથી ભિન્ન પદાર્થ નથી. સામ સામા લીધા. **'આ બધાંય, એક વૃક્ષ જ છે.'**

**'એ જ પ્રમાણે નષ્ટ થતો ભાવ,...'** હવે દ્રવ્યમાં ઉતારે છે. બહુ સિદ્ધાંત એટલો સિદ્ધ કર્યો છે કે દરેક દ્રવ્યની પર્યાય એ વર્તમાન છે એને પછીની પર્યાયમાં એનો નાશ છે એ નાશ છે તે નાશના જ કાળમાં હોય એમ કહે છે. સમજાણું કાંઈ? પોપટભાઈ! કહે છે કે મિથ્યાત્વનો નાશ તેના કાળે જ હોય ઈ, અને સમકિતનો ઉત્પાદ પણ તેના જન્મક્ષણ-ઉત્પત્તિને તે ક્ષણે જ હોય તે સમકિત અને શ્રદ્ધા ગુણનું ત્રિકાળપણું, ધ્રુવપણું તે કાળે જ હોય. સમજાય છે કાંઈ? શ્રદ્ધાગુણનું ધ્રુવપણું. શ્રદ્ધાગુણ છે એનો જે ધ્રુવ અંશ છે ધ્રુવપણું, એ ત્રિકાળ છે. કાયમ એટલે ધ્રુવ. પણ સમકિતની ઉત્પત્તિની ક્ષણ એ તે કાળની છે. મિથ્યાત્વની વૃત્તિનો ક્ષય તે તે કાળે છે, ધ્રુવ તે કાળે છે. એ ત્રણે એક સમયે હોવા છતાં ત્રણે સ્વતંત્ર છે. ત્રણ અંશો છે, ત્રણ દ્રવ્ય નથી. સમજાણું કાંઈ?

એમાં તો **'નષ્ટ થતો ભાવ, ઊપજતો ભાવ અને ટકતો ભાવ એ દ્રવ્યના અંશો છે.'** વસ્તુ છે એની નવી અવસ્થાનું ઊપજવું, જેમ કે ઘટનું ઉપજવું અને માટીના પિંડનો નાશ અને માટીનું ધ્રુવપણું એ ત્રણે દ્રવ્યના જ અંશો છે. **'નષ્ટ થતા ભાવનો નાશ,...'** મિથ્યાત્વભાવ નષ્ટ થતા ભાવનો નાશ, **'ઊપજતા ભાવનો ઉત્પાદ અને ટકતા ભાવનું ધ્રૌવ્ય એકીસાથે છે. આ રીતે નાશ નષ્ટ થતા ભાવને આશ્રિત છે,...'** તે સ્વરૂપે છે એમ. આમાં તો .., ઉપાદાન, ... **'નાશ નષ્ટ થતા ભાવને આશ્રિત છે,...'** .. તેનો નાશ છે. ... જે ક્ષણે નાશનો કાળ તે જ ક્ષણે થાય છે. ક્રમ થઈ ગયો. સમજાણું કાંઈ? મિથ્યાત્વના નાશ કાળે, રાગ હતો પહેલો એનો પણ અભાવ થઈ ગયો છે. સમ્યગ્દર્શનની ઉત્પત્તિ એ રાગ પહેલો હતો, માટે અહીં ઉત્પત્તિ થઈ એમ નથી. મિથ્યાત્વ અને રાગ આ જે મિથ્યાત્વ, અવ્રત આદિના અંશનો મેલ છે તેનો અભાવ નાશ, અને સમ્યગ્દર્શનની ઉત્પત્તિનો ક્ષણ બેય એક જ છે. એટલે વ્યવહાર રાગ હોય તો સમકિત થાય એ વાત એમાં રહેતી નથી. શેઠી!

જે ક્ષણે જે ક્ષણે પૂર્વની પર્યાયનો રાગ છે તે ક્ષણે ... તે જ ક્ષણે સમ્યગ્દર્શન આદિની

પર્યાય ઉત્પાદ તે જ ક્ષણે.. એટલે એને ક્ષણે જો યોગ્યતા છે તે કાળે .. વ્યયના કાળે વ્યય થયો. ... થવા માટે .. એમ રહેતું નથી. સમજાણું કાંઈ? તેમ એમ કહ્યુંને જુઓ! નાશ થતાં ભાવને આશ્રિત, ઉત્પાદને આશ્રિત, ધ્રુવને આશ્રિત. નાશ ઉત્પાદ-ધ્રુવ ભાવોથી ભિન્ન પદાર્થ નથી. એટલે કે તે તે ભાવનો નાશ, તે તે ભાવને કાળે તે ક્ષણ છે. એ વિશેષ.. ૧૦૨માં. જન્મક્ષણ. જન્મક્ષણ. આહા..હા..! જે ઉત્પત્તિનો ક્ષણ છે તે જ નાશનો ક્ષણ છે, તે ધ્રુવનો ક્ષણ છે. ... ત્યાં સુધી.. સ્વસન્મુખ દૃષ્ટિના અનુભવ વિના ક્યાં ઠરવું એ ચારિત્ર એને હોઈ શકે નહિ. ચારિત્ર વિના એની પૂર્ણ મુક્તિ આનંદની હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ?

કહે છે, **નષ્ટ થતા ભાવનો નાશ.** એ નાશ **નષ્ટ થતા ભાવને આશ્રિત.** એટલે નાશ થતો ભાવ નાશ સ્વરૂપે છે એમ કહે છે. એ ઉત્પાદ સ્વરૂપે નથી. ઉત્પાદ સ્વરૂપનો ભાવ ઉત્પાદ સ્વરૂપે છે, પરના સ્વરૂપે છે કે પરને લઈને છે એમ છે નહિ. આહા..હા..! ભારે કઠણ! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા વસ્તુ તો અનંતગુણનો પિંડ પોતે છે. હવે એમાં કહે છે કે પૂર્વ અવસ્થાનો વ્યય કોઈપણ ક્ષણે તે તે ક્ષણમાં પૂર્વની અવસ્થાનો નાશ તે નાશના કાળે અને નાશના ભાવે અને નાશના સ્વરૂપે જ છે. વજુભાઈ! નિમિત્તને લઈને નહિ. સમજાણું કાંઈ? કહો, દાસ! ... અને ઉત્પાદનો કાળ છે ધર્મનો કે અધર્મનો જે કાળે જેમ હોય તે. તે તે ઉત્પાદનો કાળ છે તે જ ઉત્પાદને કાળે તે ઉત્પાદ થાય છે. એટલે એનો કાળ જ એ છે. એટલે ક્રમબદ્ધ પણ થઈ ગયું અને ઉપાદાન થઈ ગયું. તેને ક્ષણે થાય છે તે એટલે નિમિત્ત હોય તો થાય એમ રહ્યું નહિ. પંડિતજી! અને જે ક્ષણે નાશ છે તે ક્ષણે ઉત્પાદ છે. એમ કહેતા કે પૂર્વે રાગની મંદતા અને મિથ્યાત્વભાવ હતો એનો વ્યય થઈને સમ્યક્‌ની ઉત્પત્તિ થઈ એ સમકિતની ઉત્પત્તિ ઉત્પત્તિના કાળે ઉત્પાદના સ્વરૂપે સ્વતઃ થાય છે. પૂર્વના કારણે રાગનો નાશ થયો માટે નહિ, પણ પૂર્વે રાગ હતો માટે આ ઉત્પત્તિ સમ્યક્‌ની થઈ એમ વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ? .. ક્રમબદ્ધ આવી ગયું, ઉપાદાન-નિમિત્ત આવી ગયું, નિશ્ચય-વ્યવહાર આવી ગયો. પંડિતજી! ઝઘડા ઉઠાવે છેને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિમિત્ત દૂસરા હો, હો ઉસમેં ક્યા હૈ? વહ તો અભી કહેંગેં ૧૦૨મેં. ૧૦૨મેં કહેંગેં, પણ નિમિત્ત હૈ તો ઉત્પત્તિ હોતી હૈ ઐસા નહીં. ઉસકી હાજરી હો. હૈ નિમિત્ત તો અપની પર્યાય સે ઉત્પન્ન હૈ. નિમિત્ત એની પૂર્વની પર્યાયથી વ્યય છે, નિમિત્તનું ધ્રુવપણું એને કારણે. એક સમયની ત્રણ વસ્તુ એનામાં છે. એને લઈને અહીં ત્રણ અવસ્થા છે એમ નથી. પંડિતજી! સૂક્ષ્મ બાત બહુત હૈ. ... ઉત્પાદ નહિ. ઉત્પાદ તો .. પર્યાય ઉત્પાદ સમયે હોતી હૈ. હૈ વહ દૂસરી બાત. સમજાય છે કાંઈ?

કહે છે કે **'નાશ નષ્ટ થતા ભાવને આશ્રિત છે,...' 'આ રીતે નાશ નષ્ટ થતા**

**ભાવને આશ્રિત છે,...'** મિથ્યાત્વનો નાશ છે... એ પરમાણુમાં એક સમયની ઠંડી અવસ્થા છે એમાં પાણીની ઠંડી અવસ્થા છે. ગરમ પાણી (થયું), નિમિત્ત મળ્યું અગ્નિનું, તો ઠંડીની ઊની અવસ્થા થઈ એ કહે છે કે ઠંડી અવસ્થાનો વ્યયનો કાળ એનો પોતાનો છે. અગ્નિને કારણે નહિ. અને ઠંડીમાંથી ઉષ્ણ પર્યાયનો ઉત્પાદનો ક્ષણ તેને કાળે છે. અગ્નિને કારણે નહિ. સમજાણું કાંઈ? અને ધ્રુવપણું એ તો ઠીક એને સમજાવવા. વાંધા ઉત્પાદ અને વ્યયના છે જગતના. જગતના વાંધા. સમજાણું કાંઈ? ન્યાયથી તુલના કરીને શું છે એ ખ્યાલમાં તો લેવું પડશે કે નહિ એને?

તો કહે છે, **નષ્ટ થતા ભાવનો નાશ એ નાશ થતા ભાવને આશ્રિત છે.** ઉપરથી લઈ લેવું. ઊપજતા ભાવનો ઉત્પાદ, ઉત્પાદ ઊપજતા ભાવને આશ્રિત છે. એ પહેલા આવી ગયું છે. દરેક પદાર્થમાં વર્તમાન અવસ્થા જે ઉત્પન્ન થાય એ ઉત્પન્નને આશ્રયે ઉત્પન્ન સ્વરૂપે છે. પરના સ્વરૂપે નથી અને પરના સ્વરૂપથી થતું નથી. શેઠી! આ પુણ્યથી ધર્મ થાય એ તો વાત ઘણી આઘી રહી ગઈ. દૂર રહી ગઈ. કષાય મંદ હો, ... ના પાડે છે, પણ થતું હોય તો ના શું કરવા પાડે? ... અહીં તો .. લોજીક-ન્યાયથી સિદ્ધ થાય છે **'न्यावयम'** - ન્યાય ઐસે ખચડપચડ કર માનના ઐસી ચીજ નહીં. જ્ઞાનમાં યથાર્થપણું ભાસીને માનના એનું નામ ન્યાય છે. પદાર્થ મેં રાગકી મંદતા થી પહેલી, વહ ભી ઉસકા ઉત્પાદ થા. ઔર ઉત્પાદ ઉત્પાદ કે સમયમેં થા ઔર કષાયકી મંદતા ઔર મિથ્યાત્વકી પર્યાયકી ઉત્પત્તિ પહલી થી ઉસકા વ્યય. તો વ્યય કે કારણ સે વ્યય હુઆ હૈ ઔર વહી સમય એક સમયમેં સમકિતકી પર્યાય ઔર સ્વરૂપના અંશની સ્થિરતાનો અંશ એ જ ઉત્પાદનો કાળ હતો તે ઉત્પાદ ક્ષણે થયો છે. સમજાણું કાંઈ?

આ બધી હોંશુ કરીને, લાદીયું કરીને, મકાન કરીને, ઢીંકણું બધી હોંશુ ઉડી જાય એવું છે. બહુ ધ્યાન રાખ્યા માટે .. થાય. તમારે મોટા પથરાનું છે. બધા જુદા જુદા છે. શેના ધંધા પણ, કહે છે, સાંભળ તો ખરો. એ ચીજ છે કે નહિ? તો ચીજનું અસ્તિત્વ છે તો અસ્તિત્વના ત્રણ અંશો છે. ..ના ત્રણ અંશો છે. એક .. અસ્તિત્વ, .. એક ટકવારૂપ અસ્તિત્વ. એ ત્રણે અંશો એક સમયમાં તે તે દ્રવ્યના તેનામાં તેના સ્વરૂપે તેને કારણે થાય છે. કહો, ..દાસજી! આ બધા ધંધાબંધા કરતા હશે ૪૦ હજારના. હાથ ભી ઊંચા નહીં કર સકતા આત્મા ક્યોંકી હાથકી પર્યાય ઉસકી હૈ. હાથ કા પરમાણુ હૈ પરમાણુ. વહ પરમાણુ કા પુંજ એની પૂર્વની અવસ્થાનો... આમ રહ્યુંને? એ તો આ પૂર્વની અવસ્થાનો આ આંગળીમાં વ્યય, વ્યયને સ્થાને જ છે. વ્યયને કાળે જ છે. અને આ ઉપર જે આમ થયો, આમ થયો એ પણ ઉત્પાદ-ઉત્પાદને ક્ષણે જ છે. ઉત્પાદ અને આ પણ જે ઊંચી થઈ એ એનો પર્યાય જે આમ હતો એ ઊંચી થવાનો કાળ, એના પર્યાય પહેલાની પર્યાયનો વ્યય વ્યયને કાળે ત્યાંથી ઊંચી થઈ અને તે જ ક્ષણે ઊંચીનો ઉત્પાદ છે તેને કાળે છે. ધ્રુવપણું તેના

કાળમાં તેનામાં છે. આંગળીને લઈને આ ઊંચી થઈ છે એમ ત્રણ કાળમાં છે નહિ. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? ન્યાયથી પહેલું વિચારીને, તુલના કરીને સમજવું પડશે કે એમ ને એમ .. સાંભળને!

કહે છે કે નાશ થતા ભાવને આશ્રિત, **નષ્ટ થતા ભાવનો નાશ** એ નાશ થતાને આશ્રિત છે, ઉત્પાદ ઉપજતા ભાવને આશ્રિત છે, ધ્રુવ ટકતા ભાવને આશ્રિત છે. એ '**નાશ-ઉત્પાદ-ધ્રૌવ્ય તે ભાવોથી ભિન્ન પદાર્થરૂપ નથી.**' સમજાય છે? એ ભાવોથી તે ભિન્ન પદાર્થ નથી એમ કહે છે. શું કીધું? ઉત્પાદભાવ, વ્યયભાવ, ધ્રુવભાવ તે ભાવોથી તે વસ્તુ જુદી નથી. એમ પહેલા તો કહે છે હજી. ભારે વાત ભાઈ! શું કીધું સમજાય છે કાંઈ? આત્મા ત્યાં મનુષ્ય ગતિમાં પર્યાય છે. હવે આ મનુષ્યગતિ એટલે આ શરીર નહિ હોં! આ તો માટી-જડ છે. મનુષ્યગતિનો અંદર ઉદયભાવ છે એને ગતિ કહેવાય છે. એ ગતિનો વ્યય, સમય એક જ છે. અને એ વ્યયને કાળે વ્યય થયો છે. સમજાય છે? કોઈ ઝેર દઈ દીધું આમ થયું માટે ત્યાં દેહની છેલ્લી સ્થિતિ છે એમ નથી. સમજાય છે કાંઈ? અકાળે મૃત્યુ થાય છે એમ નથી. એમ કહે છે. ભારે વાત ભાઈ! સમજાય છે? એનો જીવનકાળ તો હતો, પણ અકસ્માત થઈ ગયો, મોટરમાં કચડાઈ ગયો. એમ નથી. સમજાય છે કાંઈ?

એ ગતિના ઉત્પાદનો બીજે ક્ષણે વ્યયનો કાળ છે, તે વ્યયનો કાળ વ્યયને કાળે ... એ જ સમયે દેવ ગતિની ઉત્પત્તિ .... સમજાણું કાંઈ? ધ્રુવની ઉત્પત્તિ એનો ક્ષણ છે એનો એ. એ ક્ષણે ઊપજે છે. મનુષ્યનો વ્યયનો કાળ સમય એક જ છે અને ધ્રુવપણું જીવનું. કહો, સમજાણું કાંઈ? '**નષ્ટ થતા ભાવનો નાશ,...**' નાશ થતા ભાવને આશ્રિત '**ઊપજતા ભાવનો ઉત્પાદ...**' ઉત્પાદ ઉપજતા ભાવને આશ્રિત અને ધ્રુવ ટકતા ભાવને આશ્રિત. એમ કહ્યું હતુંને? ટકતા ભાવનું ધ્રુવ, એમ ધ્રુવ ટકતા ભાવને આશ્રિત. નાશ અને ઉત્પાદ-ધ્રુવ તે ભાવો તે ભાવોથી ભિન્ન નથી. શું કીધું? ક્યા ભાવ? દ્રવ્યથી ત્રણ ભિન્ન નથી એમ? શું સાંભળ્યું? .. એટલે? .. ઉત્પાદને આશ્રયે વ્યય અને .. એ ભાવો તેનાથી તે પદાર્થ જુદા .. યાદ રાખે છે. કહો, પ્રાણભાઈ! બુદ્ધિ તો બધી સમજવા જેવી હોય, પણ એ તો પુણ્ય હોય તો બધું થાય. પણ આમાં તો બુદ્ધિનું કામ પણ નથી, આમાં તો રુચિનું કામ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, એક કોઈપણ પરમાણુમાં, કોઈપણ આત્મામાં કે સિદ્ધમાં પણ હોં! આહા..હા..! એ ભગવાનમાં પણ ત્રણ છે એક સમયમાં. ત્યાં પણ છેડો છોડ્યો નહિ પર્યાયે? એક જણો એમ કહેતો હતો. ભગવાનમાં પણ હજી પર્યાય વળગી રહી? અરે! સાંભળ તો ખરો. તને ખબર નથી. સિદ્ધ ભગવાનનો એક સમયનો જે કેવળજ્ઞાનનો પર્યાય છે એ બીજે સમયે વ્યયનો કાળ તે વ્યય થાય છે એ કેવળજ્ઞાનના પર્યાયનો વ્યય થાય છે. લે! કેવળજ્ઞાનનો વ્યય! આ તે ક્યાંની વાત? સાંભળ તો ખરો. કેવળજ્ઞાન પર્યાય છે. કાંઈ કેવળજ્ઞાન ગુણ

નથી. એ તો ત્રિકાળી જ્ઞાનગુણ ત્રિકાળ ધ્રુવ છે તે ગુણ છે. સમજાણું કાંઈ? એ કેવળજ્ઞાનનો પર્યાય વર્તમાન જે છે એ બીજે સમયે પણ વ્યયનો કાળ છે. કેવળજ્ઞાનની પર્યાયનો વ્યય કાળે, એક બીજી પર્યાય કેવળજ્ઞાનની ઉત્પત્તિનો એ જ કાળ. કેવળજ્ઞાનની પર્યાય નવી ઊપજે. ... કેવળજ્ઞાનનો પર્યાય એ .. થાય. એ જ સમયે નવા કેવળજ્ઞાનની પર્યાયની ઉત્પત્તિ અને જ્ઞાનગુણની ધ્રુવતા તે સમયે છે. એક સમયે ત્રણ છે ભગવાનને પણ. કહો, એટલે શું કહ્યું? કે આ જાણવાના પદાર્થ જ્ઞાનમાં જણાય, માટે જાણવાના પદાર્થ પલટે છે માટે તેનું પલટવું થાય છે એમ નથી. સુજાનલમજી! આહા..હા..! સમજાણું કાંઈ? ત્રણલોકને જાણે. આહા..હા..! અહીંથી જેમ પલટતું જાય ત્યાં એને પલટવું પડે. એમ કહે છે ઓલા હોં. જ્ઞેયને આધીન જ્ઞાનનું પલટવું. જ્ઞેય અહીં પલટે તો ત્યાં પલટાવું જોઈએ. અરે..! સાંભળને! .. જ્ઞેય આધીન જ્ઞાન હૈ. જ્ઞાન જ્ઞેય પ્રમાણે છે. જ્ઞાન છે એ જ્ઞેય પ્રમાણે. જ્ઞાન છે તે આત્મા પ્રમાણે છે અને જ્ઞાન છે તે જ્ઞેય પ્રમાણે છે, જ્ઞેય છે તે લોકાલોક (પ્રમાણ) છે. .. તો પાઠ છે. એટલે શું પણ? એટલે શું? લોકાલોક જે જ્ઞેય છે એ એનો પલટવાનો કાળ છે, માટે અહીં જ્ઞાનની પર્યાય એને કારણે પલટે છે? ભારે વાતું ભાઈ!

કેવળજ્ઞાની પરમાત્માનો પણ એક સમયનો જ્ઞાનનો પર્યાય બીજે સમયે રહે નહિ. એવો ને એવો ભલે ઉત્પન્ન થાય. કેવળજ્ઞાનનો પર્યાય, પણ એ પહેલે સમયે એ બીજે સમયે રહે જ નહિ. એ કેવળજ્ઞાનના પર્યાયનો વ્યયનો કાળ પણ તેને કારણે છે એમ કહે છે અને ઉત્પાદનો કાળ લોકાલોક પલટ્યા એવું અહીં જ્ઞાન થાય પોતાને કારણે, પણ એ ઉત્પાદનો કાળ તો .. સમજાણું કાંઈ? .. છે. ... હવે એ લોઢામાં કાટના વ્યયનો કાળ, પ્રકાશના ઉત્પત્તિનો કાળ, લોઢાની ધ્રુવતાનો કાળ પોતાને કારણે છે, છરી પડી માટે કાટનો વ્યય થયો એમ નથી. આવું જ્ઞેયનું સ્વરૂપ છે એથી વિપરીત માને તો મિથ્યાદૃષ્ટિ થાય એમ કહે છે. ભારે વાત! સમજાય છે કાંઈ? ..ભાઈ! આવે છેને આ? ... સત્તા જે અખંડ છે તેની પર્યાય વ્યયનો કાળ એનો પોતાનો છે. .. વ્યય થયો છે તેમ નથી. અને સત્તાની ઉત્પત્તિ હતી અને વ્યય .. ઉત્પત્તિ અને ઉત્પન્નનો કાળ પોતાના સ્વરૂપે પોતાથી ઉપજ્યો છે. ... સાધુ નામ ધરાવનારા પણ પાગલ. .. ભગવાનનું આમ છે. અરે..! સાંભળને. સર્વજ્ઞનું આગમ એમ કહે છે. આહા..હા..! સર્વજ્ઞ એમ કહે અને એની આગમ વાણી એમ કહે છે. રાગાદિ આત્મસ્વભાવ નહિ, આત્મા નહિ. ભગવાને આત્માનો કહ્યો. એ વ્યવહારે કહ્યો, એ નિશ્ચય નથી. વ્યવહારે કહ્યો તે નિશ્ચય (માને એ) મિથ્યાદૃષ્ટિ મૂઢતા છે. જુઓ! આમાં જાણવું પડે નિહાલભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ ન ચાલે. હા એ ઠીક છે. આ ઠીક કાઢ્યું. એમ કે પહેલું કાંઈક ફેરફાર હોય અને પછી ... ભગવાન કહે સાચું. પણ સાચું એને સૂઝ્યા વિના સાચું ક્યાંથી આવ્યું?

ભગવાને તો સાચું જ કીધું છે. ... ન ચાલે. આનંદઘનજી કહે છે. આનંદઘનજી સ્તુતિમાં કહે છેને. '... આગમથી નથી ..' આગમથી. 'આનંદઘન પ્રભુ મારું માનો તો સાચું કરીને જાણું. સંતો જિન .. મનડું ... મનડું કિમ હી ન બાજે, તેમ જેમ જતન કરીને રાખું તેમ તેમ અળગું ભાગે .. જિન. મનડું કેમ હિ ન, મનડું .. આણ્યું એ આગમથી મતિ આણો. આનંદઘન કહે મારું આણો તો...' હું નિર્વિકલ્પ એ અહીં મને થાય તો જાણું કે .. મનને જીત્યું છે. તો જીત્યાનો ખ્યાલ મને આવે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આગમથી શ્રદ્ધા એ ધારણાની શ્રદ્ધા એ વાસ્તવિક નહિ. આગમથી એવી શ્રદ્ધા તો અનંતવાર કરી. એની અંદર શ્રદ્ધાની ઉત્પત્તિ (કે) આત્મા મનના વિકલ્પથી પાર છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા વિકલ્પથી ભિન્ન છે. એ તો સવારે આવે છેને. એનાથી જુદું તત્ત્વ છે એમ અંદર જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય તરીકે જાણીને સમ્યક્‌ની ઉત્પત્તિ થાય ત્યારે એણે મનને રુંધ્યું કહેવાય. સમજાણું કાંઈ? આહા..હા..! તો સાચું એમ. મારું છે તો સાચું માનું, નહિતર નહિ એમ કહે છે. થઈ રહ્યું એ તો ચાર ગતિમાં રખડે છે. .. ઘણું પાછું પ્રરૂપ્યું હોય. ઘણાને એમ કહ્યું હો આ માર્ગ છે. ત્યાં જઈને કહેવું. સમજાણું?

શ્રીમદ્ પાસે એક સાધુ આવ્યો. એ વાત મૂકી છેને શ્રીમદ્‌માં. વાત સાચી છે તો હવે મારે શું કરવું? .. જ્યાં જ્યાં ઊંધી પ્રરૂપણા કરી ત્યાં જાવું કે મેં અત્યાર સુધી કીધું હતું તે ઊંધું હતું. એ મારાથી બને એવું નથી. ત્યારે કહે, ડુંગરથી પડ તોપણ બીજું થાય એવું નથી લે! શ્રીમદ્‌માં આવે છે એ. શ્રીમદ્ પાસે ગયા. અત્યાર સુધી ...? મારે શું કરવું? સાધુ કહે. હવે બહુ પ્રરૂપણા ઊંધી કરી. તો જ્યાં જ્યાં આચાર્ય અને સાધુપણુ મનાવીને મોટો થઈને બેઠો હતો પાટે અને કહેતો હતો કે અમે કહીએ એ સાચું. ત્યાં જઈને કહે કે અમે કીધું એ ખોટું છે. હાય.. હાય... એ ભાઈસાહેબ મારાથી થાય એવું નહિ. તો પર્વતથી પડ, મરી જાય તો બીજું થાય એવું નથી. તારી શ્રદ્ધા બદલવી હોય તો આટલું હજી માન મૂકીને શ્રદ્ધા બદલતો નથી એ અંદરમાં શ્રદ્ધા બદલે? પહેલાનું હઠ રાખીને બદલવું છે એમ કહે છે. પહેલાનું માન્યું શું કરવું? એના ઉપર કાપ મૂકવો. જૂઠી વાત હતી અમારી. અમે સત્‌ને સમજ્યા નહોતા. એમ કહેવું જોઈએ એણે. હાય.. હાય..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, નબળાઈ નહિ, વિપરીતતા. નબળાઈ તો ભાનસહિત રાગની મંદતા ઉત્પન્ન થાય તેને નબળાઈ કહેવાય છે. અહીં તો વિપરીતતા છે. રાગને ધર્મ મનાવ્યો છે, પરને લઈને મારામાં પર્યાય થાય, મારી પર્યાય પરને લઈને, સહાયથી પરમાં થાય. સમજાય છે? અમે ધર્મી છીએ, મિથ્યાત્વના ત્યાગી છીએ, સમકિતના અંગીકાર કરેલા છે, અસંયમને છોડનારા છીએ, સંયમને અંગીકાર અધિકારી.. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- નબળાઈ...

ઉત્તર :- આગે નહીં વિપરીતતા હી સબ હૈ ઉસમેં. એ નબળાઈમાં પણ વિપરીતતા આવે એમ કહે. હમ ઐસા ન માનતે થે. ચારિત્રની નબળાઈ દૂસરી હૈ. સમકિત હોતા હૈ... ચારિત્રમોહ કા ઉદય મેં રાગ આતા હૈ, ભોગ-વાસના હોતી હૈ, હો. નબળાઈ હૈ. અહીંયાં તો વાસના હૈ ઠીક હૈ એવી વાસના અપને સે ઠીક હોતા હૈ અથવા આ વાસના ટળે અને રાગ મંદ કરું તો મને ધર્મ થાય. એવી માન્યતા છે (તો) મહા મિથ્યાત્વની વાત છે. ... ભરત ચક્રવર્તી છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યા દેખાય. રાગ હોય છે વાસનાનો. એ જાણે છે કે રાગ છે એ મારું સ્વરૂપ નથી. નબળાઈથી આવે છે. હું એનો સ્વામી નથી, હું એનો ધણી નથી, હું તો એનો જ્ઞાતા છું. સમજાય છે? આ તો અજ્ઞાની રાગની મંદતા કરીને પણ મારું છે અને મને લાભ થાય એમ માને છે. એ તો મહામિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? એય..! પ્રાણભાઈ! આવી વાત! વાડામાં તો ઊભા રહેવા દે નહિ. એય..! ..ચંદભાઈ!

હો-હો કરતો હતો હવે હાલને હો-હો શું કરે? વોસરે-વોસરે. શું છે પણ તને? આ કોઈ માનતું નથી તમને. આ બધી સભામાં અત્યારે .. કોઈ ના પાડે એવું નથી. ૮૫ની વાત નહોતી? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ. ૮૫માં કહ્યું હતું બોટાદમાં. ત્યાં તો સભા મોટી અને બોટાદમાં માન બહુ હતુંને અમારું. પંદરસો-પંદરસો માણસ સભામાં. ખીચોખીચ બહારમાં. બહાર સભા. બારીમાં નીચે બેસે આખી શેરી. આમ કહ્યું ત્યાં એક સાધુ કહે વોસરે-વોસરે. જે ભાવે તીર્થંકર(ગોત્ર) બંધાય એ ભાવ ધર્મ નહિ. આ અધર્મ છે કહે લે. હાય.. હાય.. અરર...! તે રાગ છે કે શું છે એ? .. બાંધવાનું કારણ તો રાગ છે. રાગ ધર્મ છે? ભગવાનજીભાઈ! ૮૫ની વાત છે. ૪૦ વર્ષ થયા. ૧૫ ને, ૨૫. એ પોષ મહિનો હતો લ્યો ભાઈ! એ પોષ મહિનો હતો હોં! શું છે પણ? વિકલ્પમાત્ર રાગ અને દોષ છે એ નહિ કબૂલ ત્યાં સુધી તારી દૃષ્ટિ સવળી થશે નહિ. એમાં પછી ભાઈસાહેબ પોતે લૂખો આહાર કરવો, લૂખા પાણી સેવું, એક જ .. તો મરી જા તો શું થાય લ્યો! બાર-બાર મહિના અપવાસ કરીને મરી જાય, સંથારો કરીને મરી જાય, પણ અભિપ્રાય બદલ્યા વિના અને આ માન મૂક્યા વિના તારી દૃષ્ટિ સવળી થશે નહિ. કહો, ઝવેરચંદભાઈ! એ તો સંઘના અગ્રેસર હતા. કુંડલા. કહો, સમજાણું કાંઈ? ચાલો કહે ખોટું છે.

અહીં તો કહે છે જુઓ! પાંચેય આમાં સિદ્ધ થઈ ગયા. ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધ પાંચેય વસ્તુ છે. જે એનો નાશ થવાનો કાળ તે જ તેનું સ્વરૂપ છે. એ ઉત્પાદનો કાળ તે તે પર્યાયનું તે તેનું સ્વરૂપ અને તે તેનો કાળ અને તે તેનો ભાવ. ધ્રુવ ધ્રુવને કાળે, ધ્રુવ તો ત્રિકાળ છે. એક સમયના ત્રણ અંશો ત્રણે કાળના અનંતા દ્રવ્યમાં આ રીતે થઈ રહ્યા છે. જે રીતે જ્ઞેયનું સ્વરૂપ છે અને એનાથી વિરૂદ્ધ માને કે આનાથી અહીં થાય અને આનાથી આમ થાય, પણ એ બધો મિથ્યાત્વ ભ્રમ અજ્ઞાનનો ભાવ છે.

એમાં અનંત સંસાર નિગોદના રસ્તે પડવા જેવી રીત છે. કહો, સમજાણું કાંઈ?

**'નાશ-ઉત્પાદ-ધ્રૌવ્ય તે ભાવોથી ભિન્ન પદાર્થરૂપ નથી.'** હવે પછી. એ પર્યાયની વાત થઈ. **'વળી તે ભાવો પણ દ્રવ્યથી ભિન્ન પદાર્થરૂપ નથી.'** એ ગાથાના છેલ્લા શબ્દનો અર્થ કર્યો આખો. **'उप्पादट्ठिदिभंगा विज्जंते पज्जएसु'** અને **'पज्जाया दव्वम्हि संति णियदं'** સમજાણું કાંઈ? કહે છે. **'વળી તે ભાવો...'** તે ભાવો એટલે? તે તે દ્રવ્યની ઉત્પત્તિનો ભાવ, વ્યયનો ભાવ અને ધ્રુવ ભાવ. તે તે ભાવો તે ભાવથી જુદા નથી અને તે તે ભાવ દ્રવ્યથી જુદા નથી. સમજાણું કાંઈ? પાઠ એ છેને માથે દ્રવ્યાંતર. એ સિદ્ધ કરવું છેને. મૂળમાં છે. અર્થાંતરપણું નષ્ટ કરે છે. અર્થાંતરપણું. વસ્તુથી અનેરું દ્રવ્ય છે ઉત્પાદ-વ્યય-ધ્રુવ એમ છે. આહા..હા..! કેટલી વાત! સંતો જંગલમાં રહી મુનિઓ અમૃતના અનુભવ કરતા કરતા વિકલ્પ આવ્યો, વાણીને કારણે વાણી પરિણમી ગઈ છે. કહો, સમજાણું કાંઈ? ૧૦૧ થઈ ગઈ.

**'માટે આ બધાંય, એક દ્રવ્ય જ છે.'** ત્રણનો સરવાળો કર્યો. ક્યા ત્રણનો? કે દરેક પદાર્થમાં તે સમયનો વ્યય અને તે સમયનો ઉત્પાદ અને ધ્રુવ-તે ભાવો તે ભાવસ્વરૂપ છે. તે ભાવ કાંઈ બીજા પદાર્થ છે એનાથી એમ છે નહિ. અને તે ત્રણ ભાવ દ્રવ્યથી ભિન્ન નથી. સમજાણું? દ્રવ્યથી ભિન્ન પદાર્થ નથી. કહ્યું. બે. માટે બધાય એક દ્રવ્ય જ છે. એ ત્રણે થઈને એક દ્રવ્ય છે. પ્રમાણનું દ્રવ્ય ત્યાં લેવું છેને. સમજાણું કાંઈ? પ્રમાણજ્ઞાનનું દ્રવ્ય. દ્રવ્યાર્થિકનું દ્રવ્ય નહિ. સમજાણું કે નહિ? સુરેન્દ્રનાથજી!

'હવે **ઉત્પાદાદિકનો ક્ષણભેદ નિરસ્ત કરીને તેઓ દ્રવ્ય છે એમ સમજાવે છે** :-' **'નિરસ્ત કરીને = દૂર કરીને; નષ્ટ કરીને; ખંડિક કરીને; નિરાકૃત કરીને.'** એટલા અર્થ કર્યા.

**समवेदं खलु दव्वं संभवठिदिणाससण्णिदट्ठेहिं।**
**एक्कम्मि चेव समये तम्हा दव्वं खु तत्तिदयं।।१०२।।**
**ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશસંજ્ઞિત અર્થ સહ સમવેત છે**
**એક જ સમયમાં દ્રવ્ય નિશ્ચય, તેથી એ ત્રિક દ્રવ્ય છે. ૧૦૨.**

એનો અન્વયાર્થ. આ તો આપણે હળવે-હળવે લઈએ છીએને બધું વિસ્તારથી. કહો, સમજાણું આમાં? હવે. એનો અન્વયાર્થ. ૧૦૨નો અન્વયાર્થ. **'દ્રવ્ય એક જ સમયમાં...'** એ શબ્દાર્થ. ચીમનભાઈને બહુ ઝીણું પડશે. સાંભળે તો ખરા. આમાં આવે. ઓલામાં તો આવ્યા નહિ. ઝીણું તો પડે, પણ સાંભળવું પડશે. આ વિના ધૂળમાં કાંઈ નથી ત્યાં. રૂપિયામાં કે ધૂળમાં નથી. હેરાન થાય છે હેરાન.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નાખે ક્યાં? લીધા છે કે દિ' કે નાખે? કોણ કહે છે કે લીધા? આત્માની

પર્યાયમાં આત્માનો પર્યાય ઉત્પન્ન થાય. એને લીધો કહેવાય. પરવસ્તુ લેવાય છે? જુગરાજજી! આ તો .. બીજી જાતની છે. આહા..હા..! અનંતકાળમાં એણે સાચી સત્યતા શું છે એનું ભાન જ કર્યું નથી. મૂઢતા જ સેવી છે.

કહે છે, એ દ્રવ્ય છેને. અન્વયાર્થ. દ્રવ્ય એટલે વસ્તુ હોં! **'એક જ સમયમાં ઉત્પાદ, સ્થિતિ અને નાશ નામના અર્થો સાથે...'** એ પોતે પદાર્થ છે એમ કહે છે. સમજાય છે? પર્યાય પણ અર્થ છે, પર્યાય પણ પદાર્થ છે, પર્યાય પણ વસ્તુ છે એમ કહે છે. ૮૭મી ગાથામાં આવી ગયું છે. દ્રવ્ય પણ અર્થ છે, ગુણ પણ અર્થ છે, પર્યાય પણ અર્થ છે. અર્થ કેમ? કેમ? દરેક વસ્તુને દ્રવ્ય, ગુણ અને પર્યાયને અર્થ કહેવામાં આવે છે. અર્થ કેમ? કે એ દ્રવ્ય પોતાની પર્યાયને પ્રાપ્ત ને પહોંચી વળે છે. એ પર્યાય દ્રવ્યને પ્રાપ્ત કરે છે માટે તેને અર્થ કહેવામાં આવે છે. આ શું? કહો, કપુરભાઈ!

કહે છે કે આત્મા છેને એ આત્માને અર્થ કહીએ, એને જ્ઞાન, દર્શન આદિ ગુણો તેને અર્થ કહીએ અને એની વર્તમાન અવસ્થાને અર્થ કહીએ. એ પોતાની પર્યાય છે તેને આત્મા પ્રાપ્ત કરે. પણ આત્મા પરમાણુને પ્રાપ્ત કરે, પૈસાને પ્રાપ્ત કરે, શરીરને પ્રાપ્ત કરે, ધર્મને પ્રાપ્ત કરે એવું વસ્તુમાં છે નહિ. કહો, પ્રાણભાઈ! આ શેરબજારમાં ચાલે કાંઈ? એમ કહે છે. ધમાલ ચાલતી હોય શેરબજારમાં. ધૂળેય કરતો નથી. એ તો અહીં કહેવાય છે. અર્થ શબ્દ વાપર્યો છેને. ઉત્પાદ, સ્થિતિ, નાશના અર્થો. અર્થો એને કહેવાય છે. કેમ અર્થ કહેવાય છે? એ ૮૭મી ગાથામાં આવી ગયું છે. આ આત્મા છેને અંદર એ વસ્તુ છે. તો એને અર્થ કહીએ. કેમ? કે તે આત્મા અર્થ પોતાની પર્યાયને પ્રાપ્ત કરે છે. એથી એને અર્થ કહેવામાં આવે છે. અર્થ એટલે આ લક્ષ્મી અર્થ નહિ. ધર્મ, અર્થ અને કામ. આવે છેને? એ અર્થ અહીં નહિ. આત્મા છે એ પોતે અર્થ છે. કેમ અર્થ છે? કે એના ગુણ અને પર્યાયને પ્રાપ્ત અને પહોંચી વળે છે માટે તેને અર્થ કહેવામાં આવે છે. એ આત્મા પરની પર્યાયને, પરના દ્રવ્યને પહોંચી વળે છે એવું ત્રણકાળમાં છે નહિ. કહો, લાલજીભાઈ! ...

... આવ્યા હતા મારી પાસે. તમારી પાસે નહિ? મારી પાસે આવ્યા હતા. જોવા ગયા હતાને કાલે ત્યાં. દોઢ લાખનું મકાન કરવું. ૮૦ ને ૪૦નું કીધું આ સમાશે ક્યાં? દોઢ લાખનું. ઓલા કરવા. સમયસારની ટીકાઓ લખવી છે આરસપહાણના પત્થરમાં. એટલે આ નાનું મકાન પડે છેને એટલે એક તો થયું કે ૫૦ હજારનું બીજું કરવું પડે ૪૦ હજારનું. એટલે એ પણ મુંબઈને ખાતે જઈને અક્ષર લખે બેય થાય. પણ આ નાનું પડે છે એટલે મોટું તો કરવાનો ભાવ હતો. મેં કીધું ભાઈ ત્યાં જાશે. વચલું કરો કહે વચમાં. અક્ષરો સંચેથી લખાવશે એમ. નીચે તો માણસ જઈ શકે. કહે છે. થવાનું હશે ત્યારે થાશે. એ કાંઈ કોઈનું કર્યું થાય છે એમ છે નહિ. ભારે વાત ભાઈ! એય..! વાત લાવ્યા હતા પહેલા. આગમ મંદિર. ઓલું તમે જોયું છે? કુંભોજનું? ત્યાં બધા સમયસારને ચિતરાયેલા છે. આવ્યા હતાને

ભાઈ. કુંભોજ સમવસરણમાં. કોલ્હાપુર નહિ. બાહુબલી. જે સમવસરણ છેને એ ચારેકોર આરસપહાણમાં છે ઘણું કરીને. .. જોયા છેને અમે ગયા ત્યારે. બે વાગ્યા. .. આ જોઈ આવ્યા હતા. ... છે બધા સમયસાર. એનો ઉત્પાદનો પર્યાય તે કાળે તેને કારણે થાય એમ કહે છે. કહો, રમણિકભાઈ! તમારા વિકલ્પને કારણે નહિ. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- પણ પરની વ્યવસ્થા તો કરવી જોઈએને?

ઉત્તર :- કોણ કરે છે? ધૂળ કરે છે? એય..! ભગવાનજીભાઈ! ભાઈ! એક એક પરમાણુ અને એક એક આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ ભગવાને એને એક એકને અર્થ કહ્યો છે. અર્થ કીધોને? તો એનો ઉત્પાદ પણ અર્થ છે. તે તે સમયની તે પર્યાય ઉત્પાદને ભગવાન અર્થ કહે છે. કેમકે ઉત્પાદ દ્રવ્યને પહોંચી વળે છે, એ ઉત્પાદ પરને પહોંચી વળે છે એમ નથી. અને એનો પૂર્વનો પર્યાયનો વ્યય થાય છે એ વ્યયને અર્થ કહે છે. કેમકે એ વ્યય દ્રવ્યને પહોંચે છે અને ધ્રુવ, એ વસ્તુ ધ્રુવ છે એ ધ્રુવ પર્યાયને પહોંચે છે, પર્યાયને પ્રાપ્ત કરે છે. એ ધ્રુવ પરની પર્યાયને પ્રાપ્ત કરે છે એવું વસ્તુમાં છે નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ભારે સિદ્ધાંત ઝીણા! ભાઈ! આ તો આત્માના કલ્યાણની વાત છે. જેણે કલ્યાણ કરવું હોય એને માટે આ સમજવું જોઈએ. બાકી રખડતો દુઃખી... દુઃખી... દુઃખી... થઈને ક્યાંય સુખની ગંધ પણ નથી. દુઃખ અને આકુળતાના મોટા ઉકરડા ભર્યા છે. આકુળતાના ઉકરડા છે. આત્મામાં આનંદ સ્વરૂપ છે, કહે છે કે એનાથી ઊલટી દૃષ્ટિ કરીને આકુળતાની જે ઉત્પત્તિ કરે છે એ ઉત્પત્તિને પણ અર્થ કહીએ છીએ. એ પૈસો નહિ. એને અર્થ કહીએ છીએ. આ ધંધો કરો... આ કરો.. એવી વૃત્તિ ઉઠે છેને આકુળતા. એ આકુળતાને અર્થ કહીએ. કેમ? કે દ્રવ્યને પ્રાપ્ત કરે છે, દ્રવ્યને જણાવે છે એ. એ આકુળતા પરને જણાવતી નથી. લે! .. આ તો બીજી જાતની વાત છે. પંડિતજી! વાત જ કોઈ બીજી જાતની આ તો. ભગવાનના ઘરની વાતું બાપા!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દુઃખ જ કારણ. દુઃખકી ઉત્પત્તિ હોતી હૈ વહ અપને કારણ સે. ઉસકો દુઃખકી ઉત્પત્તિ કો અર્થ કહતે હૈ. ભાષા ન સમજાય ને હિન્દીની. કે આત્મામાં આ મને મળ્યું, આ હું કરું એવો ભાવ. એય..! ચીમનભાઈ! એ ભાવ દુઃખ છે, એ આકુળતા છે, એને અર્થ કહે છે. ભગવાન એને અર્થ કહે છે. અર્થ એટલે? એ આકુળતા દ્રવ્યને કારણે થઈ છે, પોતાને કારણે એ આકુળતા દ્રવ્યને જણાવે છે કે આ જીવદ્રવ્ય છે. એ આકુળતા પરને કારણે છે નહિ. ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? બીજી અપેક્ષા. આ તો એનો પર્યાયનો અર્થ છે તેથી આ દ્રવ્યને જણાવે, લક્ષ કરાવે છે. લક્ષ એટલી વાત. સમજાણું કાંઈ? અહીં તો એનો પર્યાય એનો સિદ્ધ કરવો છેને અત્યારે તો? પરથી ભિન્ન દ્રવ્યને સિદ્ધ કરવું છે. વિકલ્પથી ભિન્ન દ્રવ્યને.. પ્રકાર છે.

અત્યારે તો જે ચીજ છે પ્રત્યેક પોતપોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળી એ પરથી ભિન્ન છે એટલું સિદ્ધ કરવું છે અને સવારનો અધિકાર તેમાં વિકલ્પની ઉત્પત્તિ જે થાય એ ત્રિકાળ સ્વભાવની અપેક્ષાએ તેનાથી ભિન્ન છે એમ સિદ્ધ કરવું છે. બે પ્રકારના ભેદજ્ઞાન છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીંયાં તો કહે છે, તારો આત્મા તેમાં અવસ્થા જે નવી થાય એ એના સ્વરૂપે છે અને એના સ્વરૂપે છે, પૂર્વની અવસ્થાનો વ્યય એના સ્વરૂપે છે, ધ્રુવ એના સ્વરૂપે. તેને અહીંયાં અર્થ કહેવામાં આવે છે. ત્રણને અર્થ કહેવામાં આવે છે. કેમ? કે તે તે પર્યાય તે તે દ્રવ્યને પહોંચે છે એ પર્યાય ઉત્પાદ દ્રવ્યને જણાવે છે, દ્રવ્યને પહોંચે છે, એ પર્યાય પરને પહોંચે છે એમ વસ્તુમાં છે નહિ. માને અજ્ઞાની ભ્રમણાથી, વિકલ્પ ઉઠ્યો એ વિકલ્પની પર્યાય દ્રવ્યને જણાવે છે કે આ દ્રવ્ય છે એટલું. એ વિકલ્પ પર્યાયને અર્થ કેમ કહ્યો? કે દ્રવ્યને પ્રાપ્ત કરે છે માટે. એ વિકલ્પ પૈસાને પ્રાપ્ત કરે છે કે બીજાની અનુકૂળતા મેળવે છે એ ત્રણકાળમાં નથી એમાં. એય..! પોપટભાઈ! માળે ભારે વાત! લાલજીભાઈ! આ બધા પૈસાવાળા ઘણા બેઠા હોય મોટા-મોટા. પૈસાવાળા કહેવાય છેને. પૈસાવાળા કહેવાય? શું કહેવું? એય..! સુમનભાઈ!

કહે છે '**ઉત્પાદ, સ્થિતિ અને નાશ નામના અર્થો સાથે ખરેખર સમવેત (એકમેક) છે; તેથી એ ત્રિક ખરેખર દ્રવ્ય છે.**' એનો અર્થ ખુલાસો નીચે. વાત તો એમ કહે છે કે એક એક પરમાણુ પોઈન્ટ, લક્ષ ભિન્ન કહો. પરમાણુ જુદો, આત્મા જુદો. એક એક પરમાણુ જુદો. એક એક પદાર્થમાં જે નવી અવસ્થાનું ઊપજવું એને અર્થ કહીએ, જૂની અવસ્થાનો વ્યય થાય તેને અર્થ કહીએ, ધ્રુવ તેને અર્થ કહીએ. ત્રિક થઈને ત્રણ પર્યાય નાશ અર્થ સાથે સમવેત છે. ત્રણ એક સાથે જ છે એમ કહે છે. ત્રણે એક. ..નો સમય જુદો, વ્યયનો સમય જુદો, ધ્રુવનો જુદો એમ નથી. સમજાણું કાંઈ? માટીમાંથી ઘડાની ઉત્પત્તિનો સમય એ જ સમય પિંડના નાશનો, એ જ ... ત્રણ સમય છે .. માટે બે સમય છે એમ નથી. આહા..હા..! ભારે વાત ભાઈ!

શું કીધું? દરેક વસ્તુમાં ઉત્પાદ-વ્યયનો સમય પણ એક અને ધ્રુવનો પણ એક. કોઈ એમ કહે કે ઉત્પાદ-વ્યય તો પર્યાય છે અને ધ્રુવ કાયમ રહે છે. માટે સ્વસમય ભિન્ન ગણોને એના. અથવા ઉત્પાદ ઉત્પાદ અને વ્યય બે અને ધ્રુવ ત્રણ એમ ત્રણ સમય ગણો. એ કહેશે શંકાકાર. પુણ્યનો વ્યય થાય, વચમાં ધ્રુવ તો માટી રહે. વચમાં ધ્રુવતા માટી રહે. એમ અમને તો દેખાય છે. માટીનો ઘડો ઊપજે, માટી વચમાં ધ્રુવ રહે. બેયના .. કાળ જુદા છે એમ અમને તો લાગે છે. સાંભળને હવે. સમજાણું કાંઈ?

કહે છે કે '**ઉત્પાદ, સ્થિતિ અને નાશ નામના અર્થો સાથે ખરેખર સમવેત (એકમેક) છે;...**' ત્રણે એક છે એમ કહેવું છે. '**સમવાયવાળું; તાદાત્મ્યપૂર્વક જોડાયેલું; એકમેક.**' '**તેથે એ ત્રિક ખરેખર દ્રવ્ય છે.**' ત્રણ થઈને દ્રવ્ય છે, ત્રણ થઈને ત્રણ દ્રવ્ય છે એમ

છે નહિ. કહે છે રાગ લેવો હોય તો તારી પર્યાયનો, છોડવો હોય તો તારી પર્યાયનો અને ટકવો હોય તો તારે કારણે. સમજાણું કાંઈ? એવા બીજા કારણોનો કાંઈ સંબંધ એમાં છે નહિ. એવી જ્ઞેયની સ્વતંત્ર સ્થિતિ અને મર્યાદા છે. એવી સ્થિતિ અને મર્યાદાથી વિરૂદ્ધ માને તો મિથ્યાદષ્ટિનો પાખંડનો અજ્ઞાનનો... નિગોદમાં જાય તેમ લાગે છે. ભલે રાગની મંદતાથી પછી સાધુપણાની ક્રિયા કરતો હોય, પંચ મહાવ્રતની આદિ નગ્નમુનિ થઈને. સમજાણું કાંઈ? પણ દૃષ્ટિમાં જ્ઞેયના ત્રણ અંશો સ્વતંત્ર તે તે સમયની તેની મર્યાદાના, કોઈથી કોઈ નહિ એવી જેને તત્ત્વાર્થ.. શ્રદ્ધા નથી એને સમકિત નથી તો એને સાધુપણું તો હોય જ નહિ. એ વાત પછી આવી જશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૫, મંગળવાર, તા. ૨૪.૧૨.૧૯૬૮**
**ગાથા-૧૦૧-૧૦૨, પ્રવચન-૧૦૫**

(નોંધ :— ૧૦૪ નંબરનું પ્રવચન રિપિટ થાય છે.)

**પોષ સુદ ૬, બુધવાર, તા. ૨૫.૧૨.૧૯૬૮**
**ગાથા-૧૦૨, પ્રવચન-૧૦૬**

... એમ જાણ્યા વિના ધર્મ થાય શેમાં? ધર્મ કાંઈ શરીર, વાણીમાં જડમાં છે? ધર્મ તો આત્મામાં થાય છે. આત્મા કેટલો કાળ રહેનાર છે? ધર્મની ઉત્પત્તિનો કાળ શું છે? અને તે ક્ષણે અધર્મના નાશનો કાળ શું છે? એ કાળ-સમય ત્રણેનો એક છે, ત્રણનો સમય જુદો નથી. સમજાણું કાંઈ? એવી રીતે વસ્તુનું સ્વરૂપ છે એ રીતે શ્રદ્ધા-જ્ઞાન કરે, તો તેને સ્વદ્રવ્ય તરફની દૃષ્ટિ થતાં સમ્યગ્દર્શનરૂપી ધર્મ થાય, નહિતર ધર્મ થાય નહિ. આ સમ્યગ્દર્શનનો વિષય છે. કહો, ઝીણું તો છે. આપણે ઝીણું તો અહીં ચાલે છે. અનંતકાળથી એણે સમજણ જ કરી નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જાડું-જાડું બધું આ દયા પાળી ને વ્રત કરવા, આ પૂજા કરવી અને ભક્તિ એ બધી જાડી વાતું છે. એ તો પુણ્યભાવ છે, એ કાંઈ ધર્મ નથી. ધર્મ તો અલૌકિક, અપૂર્વ ચીજ છે.

જે આત્મામાં શુદ્ધ ધ્રુવ ચૈતન્ય આનંદ આદિ ધ્રુવ છે એની નવી અવસ્થા ઊપજે, પુરાની જાય અને ધ્રુવપણે ટકે એવું તત્ત્વનું સ્વરૂપ છે. કહો, શેઠી! ધર્મ કાંઈ બહારમાં થાતો

નથી, તેમ ધર્મ કાંઈ ત્રિકાળી દ્રવ્યમાં ધર્મ રહેતો નથી, થનારો ધર્મ. સમજાય છે કાંઈ? ધર્મ જે થાય છે એ એની દશામાં થાય છે. આત્માની દશામાં થાય છે અને અધર્મ જાય છે એ પણ એની દશામાં એ જાય છે. અને ધર્મ કરનારો રહે છે એ પણ એ ક્ષણે ત્રિકાળી તત્ત્વ રહે છે. સમજાણું કાંઈ? લોકોને નવરાશ ક્યાં કેટલાકને તો કાંઈ. આ હવે આ ધર્મ-બર્મ... રળીએ, ખાઈએ, પીએ ને મરીએ.

મુમુક્ષુ :- ખાઈ-પીને જીવીએ કે મરીએ?

ઉત્તર :- મરીએ. ત્યાં ક્યાં, મરવાનો છેને પાછો ત્યાં ક્યાં રહેવાનો છે? પછી જાય ચોર્યાસીના અવતારમાં રખડવા. સમજાણું કાંઈ? પ્રાણભાઈ! જુઓને તમારે ત્યાં હા-હો કેટલું એને છે ત્યાં શેરબજારમાં. એક ફેરી ગયા હતા, એક ફેરી ગયા હતા એની શેરબજારમાં મુંબઈ, મોટી ઓફિસ ને ઓહો..! શેઠિયા મોટા. બહાર નીકળે તો હો-હા.. હો-હા... આહા..હા..!

અહીં તો પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ કહે છે, કે વસ્તુ જે અનંત આત્માઓ છે (અને) અનંત પરમાણુઓ છે અનંતગુણા છે આ જડ, એવા અસંખ્ય કાળાણુ બીજા છે, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એવા ભગવાને છ દ્રવ્ય જોયા છે પરમેશ્વરે કેવળીએ. એમાં એક એક દ્રવ્યનું સ્વરૂપ, એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રિકોટીસ્વરૂપ—ત્રણ પ્રકારે જોયું છે. નવી અવસ્થાથી ઊપજે, જૂનાથી જાય અને વસ્તુ ટકે. એ પ્રત્યેક છૂટા-છૂટા હોય છે, પ્રત્યેક ભિન્ન ભિન્ન હોય છે. લે એ શું? આમાં અહીં લખ્યું છે. ભાઈ આમાં જુઓ. '(એકેક છૂટાંછૂટાં) વર્તતા હોવા છતાં...' શું કહ્યું? કહે છે, કે દરેક આત્મામાં અને પરમાણુઓમાં સમયની નવી અવસ્થા થાય, જૂની અવસ્થા જાય, ધ્રુવપણે રહે. એ પ્રત્યેક એક એક તો છૂટા વર્તે છે. છતાં એ ત્રણનું સ્વરૂપ તો દ્રવ્યસ્વરૂપ છે. આ દ્રવ્યસ્વરૂપ શું ને આ શું? દરબાર!

કહે છે કે... આપણે અન્વયાર્થ આવી ગયો છે. હવે ટીકા છે. એમાં શંકાકારની શંકા છે ટીકામાં. જ્યારે ભગવાન આચાર્યોએ, સંતોએ એમ કહ્યું કે ભાઈ! વસ્તુ એવી છે ચીજ, આત્મા કે પરમાણુ, એમાં નવી અવસ્થા જ્યારે ધર્મની, શાંતિની, આનંદની કે અજ્ઞાનની જે ઉત્પન્ન થાય તે જ ક્ષણે પૂર્વની એક દશા છે તો નાશ થાય અને તે જ ક્ષણે તેનું ટકનારું ધ્રુવતત્ત્વ તે ક્ષણે હોય છે. એ પ્રત્યેક એક સમયમાં ત્રણ હોવા છતાં, એક સમયે હોવા છતાં ત્રણ છે. સમય એક હોવા છતાં ત્રણ છે. કહો, બાબુજી! વાંચ્યું છે? આ વાંચો છો તમે ત્યાં? ક્યાં? મુંબઈ વાંચો છો તમારી મેળે ઘરે વાંચો છો કોઈ દિ'? બહુ ન આવ્યું. સૌની હાજરી તો લેવી પડે કે નહિ? એઈ..! શેઠી! મુંબઈમાં ધડાધડ હીરા-માણેક ધંધા કરતા હોય, હવે આ વાંચવાની નવરાશ હોય નહિ. મરી જાય, ત્યાં ધૂળમાં નથી કાંઈ.

આ આત્મા આનંદમૂર્તિ છે. અતીન્દ્રિય આનંદપણું એનામાં ધ્રુવ રહ્યું છે અને જ્યારે અંતર દૃષ્ટિ થતાં ધર્મની આનંદદશા પ્રગટ થાય, અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય તે જ ક્ષણે પૂર્વના દુઃખની દશાનો નાશ થાય અને તે જ ક્ષણે આનંદરૂપી ધ્રુવતા પ્રત્યેક ભિન્ન-ભિન્ન

હોવા છતાં એક સમયે ત્રણ રહે. સમજાણું કાંઈ? એ વાત શબ્દાર્થમાં કહી. હવે ટીકા કહે છે જુઓ!

'**ટીકા :- (પ્રથમ શંકા ઉપસ્થિત કરવામાં આવે છે :)**' છે ટીકા? '**અહીં (વિશ્વમાં),...**' તમે ત્રણ વાત કરો છો, પણ અમને તો એવું લાગે છે કે... શિષ્ય કહે છે. અહીં વજન છે '**વસ્તુની...**' ત્યાં વજન છે. '**વસ્તુની જે જન્મક્ષણ હોય તે,...**' અજ્ઞાનીની દલીલમાં વસ્તુથી (વાત) ઉપાડી છે એણે. સમજાણું કાંઈ? એ કહે છે કે વસ્તુની જે જન્મક્ષણ હોય એટલે કે એક મકાન ઉત્પન્ન થાય કે ઘડો ઉત્પન્ન થાય એની જન્મક્ષણ હોય તો એ જન્મથી જ વ્યાપ્ત છે. તે સમયની તેની અવસ્થા તે સમયમાં રહેલી છે. તે સમયમાં સમયપૂરતી રહેલી છે. સમજાણું કાંઈ? અને '**સ્થિતિક્ષણ અને નાશક્ષણ ન હોય...**' કારણ કે જે ઊપજે છે વસ્તુ એમાં વસ્તુ ટકી અને વસ્તુ નાશ થઈ એ (એક) સમય કેમ હોઈ શકે? એમ શિષ્યની શંકા છે. શંકા સમજાય છે પહેલી? પોપટભાઈ! શંકા સમજાય છે એમ પહેલું પૂછ્યું.

શંકા એમ કહે છે કે વસ્તુ જે છે કોઈપણ ચીજ ઘડો, રોટલી, મકાન, શરીર, વાણી કે કોઈપણ ચીજ ઊપજે-ઊપજે એ વખતે ટકતી ક્યાંથી હોય? અને ટક્યા પછી નાશ થાયને. હજી થઈ નથી ત્યાં નાશ ક્યાંથી થાય? થાય, પછી થોડી વાર ટકે, જન્મક્ષણ ઉત્પત્તિનો ક્ષણ થોડી વાર ટકે પછી નાશ થાય. ઊપજે અને નાશ થાય. વચ્ચે ટકવું જુદું છે, ઊપજવું જુદું અને નાશનું જુદું. ત્રણ પ્રકાર જુદાં છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એની વાત જ ખોટી છે. એ વાત વસ્તુની કરે છે. અહીં વાત કરવી છે પર્યાયની. સમજાણું કાંઈ? પર્યાય ઊપજે, પર્યાયથી નાશ અને એક અંશરૂપી ધ્રુવ એમ વાત કરવી છે. તો આ દલીલ કરે છે કે વસ્તુ ઊપજે. લ્યો! ભાઈ, આ ઘડો ઊપજ્યો. હવે ઘડો ઊપજ્યો હોય એ વખતે ઘડો ટકે? અને ઘડો ઊપજ્યો એ વખતે ઘડો નાશ થાય? એમ ઈ કહે છે. છે? જુઓ!

'**વસ્તુની જે જન્મક્ષણ હોય...**' વસ્તુની જન્મ નામ ઉત્પત્તિનો કાળ છે તે તેના ઉત્પત્તિના કાળથી રહેલો છે. એમ જે ઊપજી ચીજ તે કાળે ટકતો કાળ એનો નથી અને તે કાળે તેનો નાશ કાળ નથી એમ અજ્ઞાનીની દલીલ છે. પણ એ દલીલ કરે તો ખરો. જરી આ વિચારીને આમ તો કરે છે. આ તો કાંઈ વિચાર જ ન મળે, ઓઘે-ઓઘે ભગવાન કહે એ સાચું. ત્વમેવ સત્યં... કહેતા હતાને તમારે. નથી આવ્યા? શરીરે ઠીક નહિ હોય. ન્યાલભાઈ પડી ગયા હતા. એને પણ થઈ ગયા છે ૮૬ વર્ષ. ત્વમેવ સત્યં, ત્વમેવ સત્યં કરીએ, પણ શેનો સત્યં? જ્ઞાનમાં વસ્તુ શું છે ભગવાન કહે છે. .. ત્વમેવ સત્યં. શેનો સત્યં ત્વમેવ? જગરાજજી! સમજાણું કાંઈ?

કહે છે કે જે વસ્તુ ઊપજે એ કાળ અને એનો ટકવાનો કાળ અને એનો નાશનો કાળ એક ન હોય, એક ન હોય એમ શિષ્ય કહે છે. એની દલીલ છે. જુદી જુદી હોય, ઊપજવાનો કાળ જુદો, પછી ટકવાનો કાળ જુદો, પછી વસ્તુનો નાશનો કાળ જુદો, એમ કહે છે. પણ જરી વિચારીને કહે છે તો ખરો. ભલે ઊંધું પણ કાંઈક વિચારે તો છે. આ તો કાંઈ વિચાર જ ન મળે. કાંઈ જાણે શું થઈ રહ્યું. સંસારના કામમાં વિચાર કરીને કરે, પણ આ વસ્તુ શું છે આત્મા? પરમાણુ શું છે? આ ઊપજે છે શું? નવું-નવું થાય છે શું? નવું થાય છે તો કોઈ વસ્તુ થાય છે? કે નવું થાય છે તો કોઈ દશા થાય છે? કાંઈ થાય છે, બદલે છે. તો બદલે છે તો વસ્તુ આખી બદલે છે? કે કોઈ દશા બદલે છે? અને એ બેમાં ટકનારું તત્ત્વ પાછું કાયમ ટકે છે. એ શું ટકનારું તત્ત્વ કોઈ બદલવાના, નાશના ક્ષણ વિનાની જુદી ચીજ છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચોખવટ કર્યા વિના એને સમજાય શી રીતે? એ કહે છે જુઓ.

'**જે સ્થિતિક્ષણ હોય...**' જેમકે એ ચીજનું ટકવું હોય, ચીજ ઊપજી એનું ટકવું હોય, રહેવું હોય '**તે, બન્નેના અંતરાળમાં...**' હોય. કારણ કે ઊપજ્યા પછી ટકે, પછી નાશ થાય. એમ અજ્ઞાનીની દલીલ છે. આહા..હા..! શું કહે છે આ? ભગવાન વીતરાગ જુઓ આ જ્ઞેય અધિકાર વર્ણવે છે. અને જેવું એ સ્વરૂપ જ્ઞેયનું છે, આત્માનું પરનું એવું બરાબર એના જ્ઞાનમાં ન આવે અને વિપરીત જ્ઞાન રહે તો એનું મિથ્યાત્વદશાનું મિથ્યાત્વપણું ટળે નહિ અને મિથ્યાત્વ ટળ્યા વિના ધર્મ થાય નહિ. સમજાણું કાંઈ? '**દૃઢપણે રહેતી હોવાથી, જન્મક્ષણ અને નાશક્ષણ ન હોય;...**' કારણ કે વસ્તુ છે એ ટકે છે એ વખતે ઉત્પત્તિ કેમ હોય? ટકવાકાળે ઉત્પત્તિ કેમ હોય અને ટકવાકાળે નાશ કેમ હોય? એમ અજ્ઞાનીની દલીલ છે. '**અને જે નાશક્ષણ હોય...**' ઘડો ફૂટ્યો એ નાશનો કાળ છે.

'**તે, વસ્તુ ઊપજીને અને ટકીને પછી નાશ પામતી હોવાથી,...**' કારણ કે નાશ વખતે ઊપજી નથી અને નાશ વખતે ટકતી નથી. ભારે વાત ભાઈ! '**ઊપજીને અને ટકીને પછી નાશ પામતી હોવાથી, જન્મક્ષણ અને સ્થિતિક્ષણ ન હોય.**' શું કીધું સમજાણું? ટકતી ચીજને ઉત્પત્તિ ન હોય અને ટકતી ચીજનો નાશ ન હોય. ઉત્પન્ન ચીજનું ટકવું ન હોય અને ઉત્પન્ન ચીજનો નાશ ન હોય. નાશ ચીજનો ઉત્પત્તિ ન હોય, નાશ ચીજનું ટકવું ન હોય એમ કહે છે.

'**આમ દલીલથી વિચારતાં ઉત્પાદાદિકનો ક્ષણભેદ હૃદયભૂમિમાં ઊતરે છે...**' આ જ્ઞાનમાં તો એવું જણાય કે વસ્તુ ઊપજે, પછી થોડી વાર ટકે, પછી નાશ થાય એવું તો અમને સમજાય છે, હૃદયમાં ઉતરે છે વાત. .. શું થાય છે? ભાન ન મળે. '**(અર્થાત્ ઉત્પાદનો સમય, સ્થિતિનો સમય અને નાશનો સમય ભિન્ન ભિન્ન હોય, એક ન**

**હોય—એમ વાત હૃદયમાં બેસે છે).'** ત્રણનો એક જ કાળ હોય એ વાત બેસતી નથી, પણ ત્રણનો જુદો જુદો કાળ હોય એમ બેસે છે.

જુઓ! આ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિના વિષયનું સ્વરૂપ ભાઈ! ઝીણી વાત છે, બાપા! પરમેશ્વર વીતરાગ કેવળજ્ઞાનીએ... આમ તો બધા બોલે સાંજ-સવાર મંગળિકમાં, કેવળી પણ્ણંતો ધમ્મો શરણં, કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. પણ શું કેવળી પણ્ણંતો છે? અને અધર્મ શું છે? અને વસ્તુ શું છે એની ખબર નથી. ખબર વિના શું ધર્મ તને છે? અહીં તો વીતરાગ પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા અરિહંતદેવ જેને ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન એક સમયમાં હતું એણે ભગવાને છ દ્રવ્ય જોયા. એ છ દ્રવ્યનું સ્વરૂપ એક એક સમયમાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ સ્વરૂપ છે એમ જોયું. એટલે કે કોઈની ઉત્પત્તિની દશા કોઈથી ન થાય અને ઉત્પત્તિનો કાળ હોય તેનો જ કાળ તે વખતે પૂર્વની અવસ્થાનો નાશ કાળ હોય. સમજાણું કાંઈ? એ વાત વર્ણવે છે જુઓ.

'**(હવે ઉપરની શંકાનું સમાધાન કરવામાં આવે છે :)**' ઓલાએ વસ્તુથી ઉપાડી છે વાત. વસ્તુ ઊપજે એ વખતે ટકે નહિ, વસ્તુ ઊપજે તે વખતે નાશ ન થાય, વસ્તુ ટકે ત્યારે ઊપજે નહિ, ટકે ત્યારે નાશ ન થાય. ઊપજે, થોડી વાર ટકે, પછી નાશ થાય. ઊપજે અને નાશ વચ્ચે ટકતું હોય, પણ ઊપજવા વખતે ટકે અને ટકવા વખતે નાશ થાય અને નાશ થવા વખતે ઊપજે? દલીલ વિચારીને મૂકી છે હોં! બાપુ! વસ્તુનું સ્વરૂપ એવું છે. સમજાણું કાંઈ? ત્યારે હવે જવાબ આપે છે. સાંભળ!

'**એ પ્રમાણે ઉત્પાદાદિકનો ક્ષણભેદ હૃદયભૂમિમાં તો જ ઊતરે,...**' ઊપજવું, નાશ થવું અને ટકવું એવા ત્રણનો ક્ષણભેદ, કાળભેદ જ્ઞાનમાં ત્યારે જણાય કે '**જો દ્રવ્ય પોતે જ ઊપજે છે,...**' એમ હોય તો. દ્રવ્ય ઊપજે કોઈ દિ'? વસ્તુ ઊપજે નવી? જે જગતમાં ચીજ છે એ તો અનાદિની છે. કોઈએ કરી છે? ભગવાન કર્તા છે કોઈનો? સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! વીતરાગનો માર્ગ બહુ સૂક્ષ્મ છે. જગતમાં ક્યાંય એની સાથે મેળ ખાય એવું નથી. પણ એ વાત સંપ્રદાયમાં પણ ચાલતી નથી. એમને એમ ઓઘે કરો દયા પાળો, વ્રત પાળો, ભક્તિ કરો ધર્મ થાશે. સમજાણું કાંઈ? એ દયા એટલે શું? એ ખબર છે એને? દયા પાળવી એટલે શું? એ શેમાં થાય છે ભાવ? દયા પાળવાનો ભાવ શેમાં થાય છે? પર જીવે એમાં થાય છે? કે પોતામાં થાય છે? અને થાય છે તો એ શું સ્વરૂપ છે એનું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ કોણ દયા કોની કરે? એ તો એમ કહે છે કે તારા દયાના ભાવના ઊપજવાનો કાળ છે શુભરાગનો એ તારાથી છે. ઓલા જીવ્યા માટે છે એમ છે નહિ અને તારા ઊપજવાનો ભાવ કાળ છે, માટે ત્યાં જીવે છે એમ નથી. એ અહીં સિદ્ધ કરે છે.

આહા..હા..! ભારે ઝીણું ભાઈ! જાદવજીભાઈ! બરાબર વાત. પણ કોઈ દિ' ત્યાં કલકત્તામાં કાંઈ વિચારી નહોતી, નહિ?

મુમુક્ષુ :- એવો મોકો મળ્યો નથી.

ઉત્તર :- મોકો મળ્યો નથી. એ જ કહે છે. વાત કરે છે. ત્યાં તો રૂપિયા રળવા અને એય.. ધારધીર કરવી, લાખો રૂપિયા દેવા, આઠ આના, બાર આના ઊપજાવવા. હવે આઠ આના અને બાર આના ચાલતા નથી નહિ? હવે રૂપિયો, દોઢ અને બે ચાલે છે કહે છે. ત્રણ ટકા! બે ટકા તો કહેતા હતા એક ફેરી. ત્રણ ટકાના રૂપિયા.. આહા..હા..! ત્રણ ટકા તો અહીં ચાલે છે—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર.

ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે શુદ્ધ ચિદાનંદ જ્ઞાનાનંદ મૂર્તિ કહી છે. એનો અંતરમાં અનુભવ કરીને પ્રતીત કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. એનું જ્ઞાન કરવું, બીજાનું છોડીને એનું જ્ઞાન કરવું તે સમ્યગ્દર્શન રત્ન છે અને એ સ્વરૂપમાં રમણતાનો આનંદ લેવો એ ચારિત્ર રત્ન છે. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્ન એને કહે છે. સમજાણું કાંઈ? એ ત્રણ રત્નનું વ્યાજ એવું ચડે કે વધીને કેવળજ્ઞાન થઈ જાય! શેઠી! આ તો હેરાન-હેરાન થઈ જાય. ત્રણ ટકા આપ્યા હોય તો ખુશી થઈ જાય. આપે પણ નહિ પાછા એવા હોય કેટલાક. મૂડી જાય. કેમ આત્મારામ! આપ્યા છેને એને. આપ્યા હશે ઓલાએ. ક્યાં ગયા આત્મારામજી? બે હજાર આપ્યા હશે. ત્યાં લેવા ગયા તો રૂપિયાના ત્રણ. ૧૨ મહિને ૩૬ રૂપિયા ભરવા. ૧૦૦માં ૩૬.

અહીં તો કહે છે, ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ એમ ફરમાવે છે, ભાઈ! વસ્તુ ઊપજે, વસ્તુ નાશ થાય, વસ્તુ ટકે એવા ત્રણ પ્રકાર અમે તો કહ્યા નથી. તું ક્યાંથી આવી દલીલ લાવ્યો? અમે તો વસ્તુની અવસ્થા ઊપજે, એ પૂર્વની અવસ્થા જાય અને પોતે તે જ કાળે ટકે. અમે તો પર્યાયોના ભેદોની વાત અમે તો કરી છે. તું તો વસ્તુની વાત કરે છો. કહો, શેઠી! આહા..હા..! કહે છે, એ દ્રવ્ય પોતે જ ઊપજે. આત્મા નવો ઊપજે? આત્મા નવો ઊપજે? અમેં ક્યાં કીધું તને આત્મા ઊપજે એમ? અમે તો તને, આત્મા વસ્તુ છે જ્ઞાનાનંદ સ્વરૂપ ધ્રુવ, એમાં પર્યાય ઊપજે, અવસ્થા ઊપજે, ધર્મ ઊપજે, શાંતિ ઊપજે સ્વરૂપની, એની તો અમે પર્યાયની અવસ્થાની ઉત્પત્તિની વાત અમે કરી છે, અમે વસ્તુની ઊપજવાની વાત કરી નથી. પંડિતજી!

કહે છે, એ ઉત્પાદાદિકનો કાળભેદ જ્ઞાનમાં તો જ ઉતરે **'જો દ્રવ્ય પોતે જ ઊપજે...'** વસ્તુ પોતે ઊપજતી હોય, નહોતી અને થાય અને વસ્તુ પોતે જ ટકતી હોય, ઊપજ્યા વિનાની, નાશ વિનાની વસ્તુ એકલી જુદી ટકતી હોય **'અને પોતે જ નાશ પામે છે...'** વસ્તુ પોતે જ નાશ પામતી હોય. **'એમ સ્વીકારવામાં આવતું હોય. પરંતુ તે તે સ્વીકારવામાં આવ્યું નથી.'** સમજાણું કાંઈ? આવું તે કાંઈ મુંબઈ-બુંબઈમાં ચાલે? એય..! મહેન્દ્રભાઈ!

આ બધા ભેગા થયા ૧૦-૧૦ હજાર માણસ. શું કહે છે? કાંઈ ખબર ન મળે. બિચારાને કાંઈ વિચાર ન મળે. એમને એમ ઓઘેઓઘે પડ્યા હોય. વસ્તુ શું છે? એનો માર્ગ શું છે? શ્રદ્ધા શું કહેવાય? શ્રદ્ધાનો નાશ, મિથ્યાત્વનો નાશ કેમાં થાય? શેમાં થાય? ખબર ન મળે. કીધુંને.

એક જણને કીધું હતુંને. ઘણાં વર્ષ પહેલા પૂછ્યું હતું. કીધું, આ સામાયિક થઈ એ શું દ્રવ્ય હશે, ગુણ હશે કે પર્યાય? સાધુ (હતા) લૂગડાવાળા. એ મારા ગુરુએ મને શીખવ્યું નથી. ઠીક! એ વળી ત્રસ, સ્થાવરનું પૂછ્યું હતું. એલા! સામાયિક કરો છો તમે એ સામાયિક શું છે? એ ક્યાં રહે છે ખબર છે તને? જુગરાજજી! ક્યાં રહે છે શું, આ બેસે નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... ભાઈ! તને ખબર નથી. સામાયિક તો એને કહીએ કે જેમાં વીતરાગપણાની દશા ઉત્પન્ન થાય, એ આત્મામાં ઉત્પન્ન થાય. એ કાંઈ લૂગડા અને શરીર આમ .. મૂકે નમો અરિહંતાણં કરીને તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં.. બેઠો માટે સામાયિક ઉત્પન્ન થાય એમ નથી. એય..! પ્રાણભાઈ! ઈચ્છામી પડિક્કમણું જાવ, તસ્સ મિચ્છામી દુક્કડમ... જીવિયા વહોરવિયા... એમ કાંઈ મિચ્છામી દુક્કડમ ન થાય.

આત્મામાં આનંદસ્વરૂપ ભગવાન એની દશામાં પરમાં સુખ છે એવી જે માન્યતા, એવો જે મિથ્યાત્વભાવ તેનો નાશ થઈને, એના સ્થાનમાં સમ્યક્ શ્રદ્ધાની ઉત્પત્તિ થાય, મિથ્યાત્વનો નાશ જાય, સ્વરૂપ કાયમ રહે એ સમકિતરૂપી પર્યાય થાય તેને સમકિત સામાયિક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ... પ્રાણભાઈ!

'**પોતે જ નાશ પામે છે એમ સ્વીકારવામાં આવતું હોય. પરંતુ તે તો સ્વીકારવામાં આવ્યું નથી. પર્યાયોનાં જ ઉત્પાદાદિક છે...**' વસ્તુનો ઘડો અમે કહીએ છીએ. વસ્તુ ઊપજે, વસ્તુ નાશ થાય, એકલી વસ્તુ ટકે એવું તો અમે કહ્યું નથી. એમ હોઈ શકતું નથી. '**(એમ સ્વીકારવામાં અને સિદ્ધ કરવામાં આવ્યું છે); ત્યાં ક્ષણભેદ ક્યાંથી હોય? (ન જ હોય.) તે સમજાવવામાં આવે છે :**' જુઓ! લોજિક-યુક્તિથી ભગવાનનો માર્ગ છે. પરમેશ્વરે એમને એમ મનાવી નથી દીધું. ન્યાયથી, યુક્તિથી, લોજિકથી, ન્યાય જેવું સ્વરૂપ છે એને '**न्यावयम**' એમ કહે છે. પાંચમાં શ્રમણસૂત્રમાં આવે છે. '**न्यावयम**' ન્યાયથી અમે વાત કરીએ છીએ, ન્યાયથી સમજો. સમજ્યા વિના તમારું અજ્ઞાન ટળશે નહિ.

હવે દૃષ્ટાંત જુઓ આવ્યું હવે. નિમિત્તને નાખ્યું આમાં. આચાર્ય નાખે છે. દૃષ્ટાંત આપે છે. નાખ્યું એટલે છે, બતાવે છે, હાજરી બતાવે છે. સંસ્કાર શબ્દ છેને. એ તો આમાં વધારે .. આમાં તો ભલે હો. શું કહે છે? '**જેમ કુંભાર, દંડ,...**' દંડ હોયને એને લાકડી ઘડો બનાવવા માટે. '**ચક્ર (ચાકડો) અને દોરી વડે...**' દોરી હોયને. '**વડે કરવામાં આવતા સંસ્કારની હાજરીમાં,...**' કહે છે કે ઘડો થવામાં આ નિમિત્તની હાજરી હતી. એને સંસ્કાર કહે છે. એ નિમિત્તના સંસ્કાર. નિમિત્તના સંસ્કાર નિમિત્તમાં. સમજાણું કાંઈ? '**કુંભાર, દંડ,**

**ચક્ર અને દોરી...'** એ સંસ્કારની હાજરી એટલે આમ આમ કરે છે કુંભાર એટલે ચાકડો ચાલે છે એ સંસ્કારની ઉપસ્થિતિ એટલે નિમિત્ત.

**'જે રામપાત્રની જન્મક્ષણ હોય છે,...'** જે રામપાત્રની ઉત્પત્તિ (થઈ), રામપાત્ર ઊપજ્યું. શકોરું આપણે કહે છે. આ રામપાત્ર-રામપાત્ર. સમજાણું કાંઈ? એ રામપાત્ર કહેવાય આમ. એક બાઈ એવી હતીને કે ભગવાનનું નામ જ ન લેવું. પછી એને કોઈ રીતે મરતા ટાણે એને આ બતાવ્યું કે કોઈ રીતે રામપાત્ર બોલે છે? રામ-રામ એટલે આત્મારામ હોં! ડોશીમાં આ શું છે? કે શકોરું. રામપાત્ર આવે તો વળી આત્મારામ થઈ જાય અંદરમાં. એટલે એ પણ નહિ, શકોરું છે. એટલે અહીં રામપાત્ર લીધું છે. સમજાય છે કાંઈ? આહા..હા..! એ છેને. અહીં તો રામપાત્ર આત્મા છે. 'નિજપદ રમે સો રામ કહીએ.' સમજાય છે કાંઈ? નિજપદ રામની ઉત્પત્તિ, રામની પાત્રની જન્મક્ષણ. આ તો રામપાત્ર છે. શકોરાની વાત ચાલે છે હોં!

જ્યારે રામપાત્ર વાસણ ઊપજ્યું, **'તે જ મૃત્તિકાપિંડનો નાશક્ષણ હોય છે...'** તે જ ક્ષણે પૂર્વે માટીનો પિંડ હતો તેનો નાશ થઈ ગયો. **'અને તે જ બન્ને કોટિમાં...'** એટલે બન્ને પ્રકારમાં. **'(માટીપણું તો પિંડરૂપ પ્રકારમાં તેમ જ રામપાત્રરૂપ પ્રકારમાં-બન્ને પ્રકારમાં રહેલું છે.)' 'માટીપણાની સ્થિતિક્ષણ હોય છે;...'** લ્યો! બરાબર છે? શું કીધું? અહીં રામપાત્રનો દાખલો આપ્યો, ઘડાનો નહિ. ઘડાનો પહેલા આવી ગયો છેને એટલે. આ રામપાત્ર ઉત્પન્ન થયું માટીમાંથી રામપાત્ર. કોડિયું કોડિયું લ્યો કોડિયું. એ કોડિયાની ઉત્પત્તિ, પૂર્વનો માટીનો પિંડ હતો તેનો વ્યય-અભાવ, માટીની ધ્રુવતા ત્રણે એક સમયમાં છે. કોડિયાની ઉત્પત્તિ, માટીના પિંડનો તે જ ક્ષણે (વ્યય). વ્યય વિના ઉત્પત્તિ શી રીતે થઈ? અને તે જ ક્ષણે માટીની ધ્રુવતા. સમય તો ત્રણેનો એક છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'તેમ...'** આ તો દૃષ્ટાંત આપ્યો. **'અંતરંગ અને બહિરંગ સાધનો વડે કરવામાં આવતા સંસ્કારની હાજરીમાં,...'** આત્મામાં અને પરમાણુ દરેકમાં અંતરંગ સાધન તો તે તે દ્રવ્યનો, તે તે યોગ્યતાનો પર્યાય. આત્મામાં ધર્મની સમ્યગ્દર્શનની ઉત્પત્તિ તે અંતરંગ કારણ છે, તે અંતરંગ સાધન છે. અંતર સાધન વડે સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે. અને બાહ્યમાં દર્શનમોહના નિમિત્તનો અભાવ થાય છે. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ! આવો વીતરાગ માર્ગ હશે? અમે તો ક્યાંય સાંભળ્યો નથી. છ કાયની દયા પાળો, એકેન્દ્રિયની, બે ઇન્દ્રિયની, ત્રણ ઇન્દ્રિયની. એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, ત્રિઇન્દ્રિયા, ચૌઇન્દ્રિયા... આવું અમે સાંભળતા હતા. બાપુ! એ તો વાતું બધી બહારની છે. તત્ત્વની દૃષ્ટિના ભાન વિના એ બધા થોથા છે. સમજાણું કાંઈ?

આત્મા પોતામાં પોતાની દૃષ્ટિ કરીને આત્મારામ પોતાની પર્યાયને પ્રગટ કરે તે જ ક્ષણે પૂર્વની પર્યાયનો નાશ છે અને તે જ ક્ષણે આત્મારામની ધ્રુવતા છે, તે જ ક્ષણે નિમિત્તની

ત્યાં ઉપસ્થિતિ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત હોય છે એને. અને એ વાત કરે છે કે આત્મા આવો છે એવા નિમિત્તપણાની ઉપસ્થિતિ છે અને ત્યાં આત્માના સંસ્કારની પોતાની ઉત્પત્તિ પોતાથી થાય છે, એ પોતાના અંતરંગ સંસ્કાર છે. અંતરંગ સાધન વડે સંસ્કાર છે, ઓલા બહિરંગ સાધન વડે સંસ્કાર છે. પણ બહિરંગ વસ્તુ ઉપસ્થિત હાજરી છે. કહો, પંડિતજી! જુઓ! અહીં બેય નાખ્યા.

મુમુક્ષુ :- બેય સાધનો વડે કરવામાં આવતા સંસ્કાર.

ઉત્તર :- હા હા. એ કરવામાં આવતા સંસ્કાર. ઓલું એને કારણે થાય, આ આને કારણે. બેય સાથે છેને.

**'અંતરંગ અને બહિરંગ સાધનો વડે કરવામાં આવતા સંસ્કારની હાજરીમાં,...'** એમ છેને? શબ્દ એમ છે કે નહિ? જુઓ! **'अन्तरङ्गबहिरङ्गसाधनारोप्यमाणसंस्कारसन्निधौ'** જુઓ! સંસ્કૃત છે ચોથી લીટી. **'अन्तरङ्गबहिरङ्गसाधनारोप्यमाणसंस्कारसन्निधौ'**.

મુમુક્ષુ :- ઉપાદાન-નિમિત્ત બેયની હાજરીમાં થાય છે.

ઉત્તર :- હોય છે. કોણે ના પાડી? બેય નથી? બેયના સંસ્કાર નામ નિમિત્તના સંસ્કાર એના સ્થાનમાં, આના સંસ્કાર આના સ્થાનમાં. પણ હોય છે એટલું. ઘડો થતાં કુંભારનો હાથ આમ આમ થાય એ એના સંસ્કાર એનામાં છે. ઘડાની પર્યાય માટીની પર્યાયમાંથી થાય એ પોતાથી થાય છે, એ સંસ્કાર પોતાના છે. બેયની ઉપસ્થિતિ છે એટલું જ્ઞાન બતાવ્યું. અત્યાર સુધી સ્વતંત્રતા પર્યાયની બતાવી હતી, હવે નિમિત્તને વિષે સમજાવ્યું. સમજાણું કાંઈ? ઘડાની પર્યાયને માટી પ્રાપ્ત કરે છે. આ રામપાત્રની પર્યાયને માટી પ્રાપ્ત કરે છે. કુંભાર પ્રાપ્ત કરતો નથી. પણ કુંભારની ત્યાં હાજરી છે એટલી વાત છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

**'અંતરંગ અને બહિરંગ સાધનો વડે કરવામાં આવતા સંસ્કારની હાજરીમાં,...'** ભગવાન આત્મામાં, કહે છે કે આત્મામાં શુદ્ધતાના સંસ્કારથી ઉત્પન્ન થતો ધર્મ એ કાળે અશુદ્ધતાનો વ્યયનો કાળ છે અથવા કર્મના નિમિત્તનો વ્યયનો અભાવનો (કાળ છે). એ પણ ત્યાં નિમિત્તરૂપે છે ખરા. સમજાય છે કાંઈ? ઝીણું છે આમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો સાધન કીધું છેને એને. બીજું નિમિત્ત કોણ પણ? બીજું કોણ અંતરંગ? અંતરંગ નિમિત્ત બીજું કોણ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, એ અહીં વાત નથી. અહીં તો પોતાની પર્યાયથી ઉત્પન્ન થાય એમ કહે છે. એ તો એ સિદ્ધ કરવું છે. બેમાં વળી ત્રીજું ક્યાંક રહી જાય એમ તો અહીં બાકી રાખવું નથી. હા, પણ એ સાધન છેને. એ કુંભારનું નિમિત્તમાં ગયું. અહીં તો અંતરંગની

બીજી વાત કરે છે. અંતરંગ ઉપાદાન-નિમિત્તની વાત છેને અહીં તો. .. અંતરંગ કારણ છેને. એ અંતરંગ કારણ છે એ નિમિત્ત કારણ છે. અંતરંગ નિમિત્ત કારણ છે. સમજાણું કાંઈ? નિમિત્ત એટલે ઉપાદાનને પણ નિમિત્ત કહેવાય છેને. કારણ છેને? કહો, અહીં તો એની ને એની પોતાના અંતરંગ સંસ્કાર અને બાહ્ય કુંભારની ઉપસ્થિતિ.

જુઓ! '**અંતરંગ અને બહિરંગ સાધનો વડે કરવામાં આવતા સંસ્કારની હાજરીમાં,...**' અહીં ક્યાં એક જ કર્મની વાત છે? આમાં તો અનંતા દ્રવ્યની વાત છેને. છએ દ્રવ્યની વાત છે. આમાં ક્યાં કર્મના અંતરંગ સંસ્કાર ને કર્મ અંતરંગ ને બાહ્ય નોકર્મ એની અહીં વાત નથી. એક પરમાણુમાં પણ એક રોટલીની ઉત્પત્તિ થાય, રોટલી એ ઉત્પત્તિના કાળમાં એનો પોતાનો અંતરંગ સાધનના સંસ્કાર એના છે યોગ્યતાના અને બાહ્ય તાવડી આદિનું નિમિત્ત છે. બે ઉપસ્થિતિ છે. થાય છે પોતામાં, પણ આ નિમિત્ત છે એ નિમિત્તથી થાતું નથી. (નિમિત્તથી) થતું નથી પણ નિમિત્ત છે તેને નિમિત્ત કહેવામાં આવે છે. એ થાય છે નહિ, એ છે એમ કહે છે ઈ. સાધન.

'**હાજરીમાં, જે ઉત્તર પર્યાયની જન્મક્ષણ હોય છે, તે જ પૂર્વ પર્યાયની નાશક્ષણ હોય છે અને તે જ બન્ને કોટિમાં રહેલા દ્રવ્યપણાની સ્થિતિ હોય છે.**' એમ કીધું. બહિરંગ સાધન કરવામાં સંસ્કારની હાજરીમાં, એમ કીધું છેને? લોકો ખેંચે ખરા.

મુમુક્ષુ :— પાકું કરવા.

ઉત્તર :— ના, ના. પાકું જરીએ નથી. એય..! આ લાકડી ઊંચી થાય છે જુઓ. આ છે. ભગવાન તો કહે છે કે એ દ્રવ્ય વસ્તુ છે. અનંત પરમાણુનો પિંડ આ સ્કંધ છે સ્કંધ. હવે એ ઉત્પત્તિની, આમ ઉત્પત્તિનો જે ક્ષણ છે એ ક્ષણમાં અંતરંગ સાધનના સંસ્કાર એના છે. અને આ આંગળી છે એ બાહ્ય નિમિત્તના સંસ્કાર છે. બે હોય છે. બેનું પ્રમાણજ્ઞાન કરાવ્યું છે. પણ આની પર્યાય આના વિના થઈ છે.

મુમુક્ષુ :- કરવામાં આવી.

ઉત્તર :- એ કરવામાં આવીનો અર્થ? કે છે. પણ એનો આમાં અભાવ છે અને આનો એમાં અભાવ છે. ભાવ છે બેયનો? આનો આમાં ભાવ છે? આનો આમાં ભાવ છે, આનો આમાં ભાવ છે? દોનોં કા દોનોં કા અપને મેં ભાવ હૈ. વાત એ સૂક્ષ્મ છે.

આંગળીનો ભાવ લાકડીમાં ગરી ગયો? દેવ-ગુરુ-શાસ્ત્રે કહ્યું કે ભાઈ! આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, ભાઈ! તારો આનંદ તારામાં છે લ્યો! ઠીક! વાણી આવી. હવે એ વાણીનો ભાવ વાણીમાં રહ્યો. અને એને જ્યારે સમજ્યો કે હું આનંદ છું એવી પર્યાય પ્રગટ થઈ એના અંતરંગ સંસ્કાર. ઓલું નિમિત્ત છે. એ નિમિત્તનો ભાવ ઓલામાં ગરી ગયો છે? અને એનો ભાવ અહીં આવી જાય છે? બસ, છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એઈ..! બાબુજી! સુનતા નહીં. સુનતા કા પ્રશ્ન ક્યા? સુનતે હૈ વહ એક કાલ હૈ સમજને કા પર્યાય કા કાલ હૈ. વહ સમજને કી પર્યાય કા કાલ હૈ ઉત્પન્ન હુઆ, વહી કાલ સુનને કા પર્યાય હૈ. હૈ દો. હૈ તો હો. પરંતુ ઉત્પન્ન તો અપને મેં અપની પર્યાય સે હોતા હૈ, પર સે હોતા નહીં. જુગરાજજી!

મુમુક્ષુ :- અંતરંગ સ્વભાવ.

ઉત્તર :- ઉસકા ભાવ હૈ ન. ક્યા દૂસરે કા ભાવ ઉસમેં હૈ? પોપટભાઈ! આહા..હા..! વાત તો બાપુ! તત્ત્વનું સ્વરૂપ એવું છે. અહીં તો અત્યાર સુધી તો ઉત્પાદ ઉત્પાદને કારણે, પોતાને કારણે બતાવ્યું સિદ્ધ કર્યું. હવે એક નિમિત્તને મેળવ્યું. પાઠમાં એમ કાંઈ નથી, પણ નિમિત્તને મેળવ્યું કે છે જુદી ચીજ એમ એટલું. બીજી ચીજ સમજાવી છે. લ્યો! સમજાણું કાંઈ?

આત્મા અનંતગુણનો પિંડ પ્રભુ છે આત્મા. જ્ઞાન, દર્શન, આનંદ જે ભગવાનને અનંત જ્ઞાન પ્રગટે છે, પરમેશ્વરને અનંત આનંદ પ્રગટે છે, પરમેશ્વરને અનંત વીર્ય અને અનંત દર્શન એ ક્યાંથી આવ્યા? ક્યાંય બહારથી આવે એમ છે? એ આત્મામાં છે, અનંત જ્ઞાન, દર્શન, આનંદ એ ધ્રુવ છે. હવે ધ્રુવની દૃષ્ટિ, ધ્રુવ એટલે ટકતું તત્ત્વ છે, એ ટકતા ઉપર દૃષ્ટિ આપતા એના સંસ્કારમાં સમ્યગ્દર્શન અને ધર્મની પર્યાય પ્રગટ થાય છે. આ વાત છે. ધર્મની પર્યાયમાં સંસ્કાર પોતાના છે અને વાણીના, દેવ-ગુરુનું નિમિત્તપણું એમાં છે. બેય છે ખરું. બેયની હાજરી કીધીને. સન્નિધિ શબ્દ વાપર્યો છે કે નહિ? બેની હાજરીમાં. આમાં જ ગોટો છેને આ પંડિતોનો. પંડિતજી! આમાં ગોટા હૈ સબ પંડિત કા બહુત. સબ પંડિત કી બાત નહીં કરતે. યે ભી પંડિત હૈ. સમજાય છે કાંઈ? આહા..હા..!

**'અંતરંગ અને બહિરંગ સાધનો વડે કરવામાં આવતા સંસ્કારની હાજરીમાં,...'** આહા..હા..! કેવી સૂક્ષ્મ વાત! જેને અંદર મગજમાં ઉતારવી કઠણ પડે. શું કહે છે આ? આવું તે વીતરાગ માર્ગમાં આવું હશે? બાપુ! વીતરાગ માર્ગમાં જ આ છે. સર્વજ્ઞ સિવાય, પરમેશ્વર વીતરાગ સિવાય આવું સ્વરૂપ ત્રણકાળમાં બીજે ઠેકાણે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આનંદઘનજીએ કહ્યું હતું નહિ? એક ફેરી કીધું હતુંને. 'સ્થિરતા એક સમય મેં ઠાને ઊપજે વિણસે તબ હી.' આનંદઘનજી થઈ ગયાને? 'સ્થિરતા એક સમય...' શ્વેતાંબરમાં આનંદઘનજી થયા છે. એણે એક ભજન કર્યું આ. સ્થિરતા એટલે ટકવું. સ્થિરતા એટલે ધ્રુવ-ટકવું. તત્ત્વનું ટકવું. પરમાણુનું પરમાણુપણે, આત્માનું આત્માપણે. 'સ્થિરતા એક સમયમેં ઠાને ઊપજે-વિણસે તબ હી.' નવી અવસ્થા ઊપજે, જૂની અવસ્થા જાય. 'ઊપજે વિણસે તબ હી, ઉલટપલટ ધ્રુવ સત્તા રાખે.' નવી ઊપજે, જૂની જાય. ઉલટપલટ થઈ ગયું, આ તો ઉલટપલટ. 'ઉલટપલટ ધ્રુવ સત્તા રાખે યા હમ સુની ન કબહી, અબધુ નટનાગરકી બાજી. ક્યા જાને બામણ કાજી?' એ વાતને બ્રાહ્મણના વેદો અને કાજીના કુરાન શું જાણે એ વાતને?

સમજાય છે કાંઈ? આહા..હા..! 'ક્યા જાને બામણ કાજી? અબધુ નટનાગરકી બાજી.' નટ આત્મા નાગરીક ચોર્યાસીમાં રખડતો નાગરીક. આહા..હા..! સમજાય છે? એને ક્ષણે ક્ષણે નવી અવસ્થા ઉત્પન્ન થાય છે, એને જૂની અવસ્થા તે જ ક્ષણે જાય છે અને તે ક્ષણે તત્ત્વ ટકતું રહે છે. આવી સ્થિતિનું વર્ણન સર્વજ્ઞ પરમેશ્વર સિવાય ક્યાંય હોઈ શકે નહિ. વીતરાગ પરમાત્મા તીર્થંકરદેવ એ સિવાય આ વાત કોઈ ઠેકાણે, કોઈ ધર્મમાં, સ્થાનમાં ક્યાંય હોઈ શકતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો!

**'અંતરંગ અને બહિરંગ સાધનો વડે કરવામાં આવતા સંસ્કારની હાજરીમાં, જે ઉત્તર પર્યાયની જન્મક્ષણ હોય છે,...'** એટલે શું? નવી અવસ્થાનો ઉત્પત્તિ કાળ હોય. જેમ કે રામપાત્રનો ઉત્પત્તિકાળ. એમ આત્મામાં, એમ પરમાણુમાં. સમજાય છે કાંઈ? એક એક પરમાણુ છેને. જુઓ! આ લોટનો પર્યાય હતો પહેલો આ પરમાણુનો. લોટ લોટ— આટો. એ પર્યાયની લોહી પર્યાય થઈ જુઓ આ લોહી. લોહી છેને આ લોહીની પર્યાય છેને. તો કહે છે કે લોહી પર્યાય છે, લોટથી જુદી ઉત્તર પર્યાય નવી. એ ઉત્તર પર્યાયની ઉત્પત્તિ જન્મક્ષણ હોય **'તે જ પૂર્વ પર્યાયની નાશક્ષણ હોય છે...'** એ પૂર્વ પર્યાયનો લોટ આદિ હતો કે બીજી અવસ્થા એનો નાશ થઈ ગયો તે ક્ષણે.

**'અને તે જ બન્ને કોટિમાં રહેલા દ્રવ્યપણાની સ્થિતિક્ષણ હોય છે.'** એ ઊપજ્યું, અવસ્થા ગઈ એમાં પરમાણુનું ટકવું બંનેમાં સાથે એક સાથે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ દ્રવ્ય છે જગતના તત્ત્વો છે જડ. આ જડનું તત્ત્વ છે જગતનું. એ આત્મા એમાં ઉત્પાદ કરી શકે, આમ ફેરવી શકે એ આત્મામાં છે નહિ એમ કહે છે. મૂઢ માને છે અજીવને જીવ. આમ બોલે ઘણીવાર. અજીવને જીવ માને તો મિથ્યાત્વ. પચ્ચીસ મિથ્યાત્વ આવેને? ભગવાનભાઈ! જીવને અજીવ માને તો મિથ્યાત્વ. પણ જીવ-અજીવ કોને કહેવા? સમજાણું કાંઈ? આ આંગળીને આમ ચાલી અને આ જીવ બીજો હતો એને આમ બચાવ્યો. એવી આ પર્યાય જે થઈ એ પર્યાયનો ઉત્પત્તિ તો જડના પરમાણુમાં થઈ છે, એને લઈને ઓલાને બચવાની પર્યાય પરમાં થઈ છે એમ છે નહિ અને આત્માને લઈને આ પર્યાય આમ થઈ છે એમ નથી એમ કહે છે. ભારે વાત! સમજાણું કાંઈ? આ બધા શું તમારે લાદીમાં ભાત-ભાત પાડવી હોય તો એવી ભાત પાડી શકે છે કે નહિ? કેટલી લાદી પાડે મોટી! લાદી છેને ત્યાં? શું છે તમારે થાણામાં? લાદી. આને છે પ્લાસ્ટિક. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... ઉસકી તો બાત નહીં. અભી તો યહ પર્યાય ઉત્પન્ન હુઈ. ઐસા એક એક પરમાણુ મેં લેના. આ તો અનંત પરમાણુ કા પિંડ હૈ. ઉસ પરમાણુ-પોઈન્ટ આખિર કા જિસે ભગવાન પરમાણુ કહે છે, એ પરમાણુમાં પણ જે ઉત્તર પર્યાયનો કાળ ઊપજવાનો છે તે જ કાળ પૂર્વની અવસ્થાનો નાશ છે. તે જ કાળ ટકવાનો છે. એ પરમાણુ પોતાથી

પર્યાયથી ઊપજે, પૂર્વની અવસ્થાથી નાશ થાય અને ધ્રુવપણે રહે. બાહ્ય ભલે ચીજ બીજી ઉપસ્થિતિ હોય, બેનું જ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! લ્યો! આમાંથી કાઢે પંડિતો. એય..! જુઓ! આ નિમિત્તની હાજરીમાં થાય. પણ હાજરીમાં થાય એનો અર્થ શું? એ આવ્યું તો થયું એમ છે? આવ્યું તો થયું એમ છે? છે. નિમિત્ત આવ્યું તો થયું, આવ્યું તો થયુંનો અર્થ કે પહેલું નિમિત્ત આવ્યું અને પછી થયું એમ છે? આવ્યુંનો કાળ પહેલો અને થયાનો કાળ પછી એમ છે કાંઈ?

આત્મામાં જેમ શાંતિ, આત્મા શાંતિનું સ્વરૂપ છે, આત્મા શાંતિનો સાગર છે. ભગવાન આત્મા તો વીતરાગસ્વરૂપ છે. જો વીતરાગસ્વરૂપ ન હોય તો વીતરાગસ્વરૂપ પર્યાય પ્રગટ ક્યાંથી થાય? વીતરાગ પર્યાય જે કેવળજ્ઞાન પ્રગટ થાય છે વીતરાગદશા, એ ક્યાંથી આવે? બહારથી આવે છે? એ આત્મામાં વીતરાગ સ્વભાવ પડ્યો છે ધ્રુવ, એ ધ્રુવ છે. એ ક્ષણે વીતરાગી પર્યાય પ્રગટે છે તે કાળમાં જ પૂર્વના રાગની પર્યાયનો નાશ છે અને વીતરાગી (ભાવની)ની ધ્રુવતા છે. એક ભાગની ધ્રુવતા છે. વસ્તુને ઊપજે અને વસ્તુનો નાશ, વસ્તુની ધ્રુવતા ક્યાં કહી તને? પર્યાય ઊપજે, પૂર્વની પર્યાય જાય, ઉત્તર પર્યાય ઊપજે. ભવિષ્યની પર્યાય જાય, પોતાનું ટકવું થાય, નિમિત્તપણે બીજી ચીજ હો. પણ નિમિત્ત ચીજ હોય અને અહીં થયું ત્યાં કાળભેદ છે? જેમ અહીં કાળભેદ નથી... શેમાં? વસ્તુમાં નવી અવસ્થા ઊપજી, જૂનીનો વ્યય અને ધ્રુવ એના ત્રણનો કાળભેદ છે નહિ. એમ નિમિત્તનો કાળભેદ છે નહિ. એમ કહે છે અહીં. તો કાળ સાથે એમ બતાવે છે ભાઈ! અરે.. ભારે વાત! સમજાણું કાંઈ? આમાં મગજને કાંઈક કેળવવું પડે એવું છે. રોટલીના લોટને પાધરો બાંધીને રોટલી કરતી નથી બાયું. કરે છે? આ લોટ બાંધ્યો અને કરે? કેળવે પહેલી એને. તેલ નાખીને કેળવે તો રોટલી થાય, નહિતર થોથા થાય, સરખા ન થાય એમાં એ.

મુમુક્ષુ :- .. પડેને.

ઉત્તર :- આ તો દૃષ્ટાંત છે. લોટને કેળવી શકે છે આત્મા? એ ક્યાં પ્રશ્ન છે અહીંયાં? એમ આત્માના જ્ઞાનને કેળવવું પડે એમ કહેવું છે. એમને એમ સાંભળી લીધું, જાણી લીધું એમ નહિ. સમજાય છે કાંઈ?

ઓહો..! આ ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ કેવળજ્ઞાનનો પિંડ છે આત્મા ધ્રુવ. એનાથી લક્ષ કરતા સ્વસંવેદન સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ થાય તે ધર્મ છે. પૂર્વનો અજ્ઞાનભાવનો નાશ થાય તે જ ક્ષણ ધર્મના સ્વસંવેદનની ઉત્પત્તિનો કાળ છે, તે જ જ્ઞાનના ઉત્પત્તિના કાળે ધ્રુવપણું આખું જ્ઞાનનો પિંડ છે તે જ કાળે છે અને તે જ કાળે સામે નિમિત્ત પણ સાંભળવા આદિના હોય છે. બસ, કાળ એક જ છે. કહો, શેઠી! સુના ને હોતા હૈ યે નહીં રહા. સુનને કા કાલ ઔર ઉત્પત્તિ કા કાલ દો એક સમયમેં હૈ. સમય સમયને વહેંચ્યો છે ભગવાને તો ભાઈ! આહા..હા..! લોકોને તત્ત્વની ખબર ન મળે પછી અંધાધુંધી ચાલી. પછી ધર્મની સમજણ

વિનાના વાડા, એકબીજા વાડા બાંધ્યા અને એકબીજાએ કડાકૂટી બાંધી. વીતરાગ તત્ત્વ સર્વજ્ઞ કહે છે એવું હોય તો વાસ્તવિક તત્ત્વમાં વિરોધ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

**'વળી જેમ રામપાત્રમાં,...'** રામપાત્ર ઊપજ્યું અહીં. **'મૃત્તિકાપિંડમાં...'** નાશનું. **'માટીપણામાં...'** ધ્રુવમાં. **'ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય પ્રત્યેકપણે વર્તતા હોવા છતાં...'** બરાબર છે? ત્રણ થયાને પ્રત્યેક. એમ આત્મામાં ધર્મની ઉત્પત્તિનો સમય, પ્રત્યેક ભિન્ન, ભાવ ભિન્ન હોં! સમય એક. પૂર્વના મિથ્યાત્વનો સમય એ, ભાવ ભિન્ન, ધ્રુવ, સમય એક, ભાવ ભિન્ન. **'પ્રત્યેકપણે (એકેક છૂટાંછૂટાં) વર્તતા હોવા છતાં...'** ભારે વાત ભાઈ! આહા..હા..! શું કહે છે? કે માટીમાંથી રામપાત્ર થયું. પૂર્વના માટીના પિંડનો, પિંડનો વ્યય થયો અને માટીનું ધ્રુવપણું. ત્રણપણે પ્રત્યેક પ્રત્યેક, એક એક પ્રત્યેક છૂટાં છૂટાં છે. છૂટાં એટલે કે અવસ્થાઓ ત્રણ એક નથી, અવસ્થા ત્રણ એક નથી. પંડિતજી! અવસ્થા પ્રત્યેક ભિન્ન ભિન્ન. અરે..અરે..! શાંતિથી, ધીમેથી ભગવાન શાસ્ત્રકાર શું કહે છે...

આ પ્રવચનસાર છે. ભગવાનની વાણીનો સાર છે. પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં. મહાવિદેહક્ષેત્રમાં વર્તમાન પરમેશ્વર સીમંધર પ્રભુ બિરાજે છે. તીર્થંકરો મહાવીર આદિ તો મોક્ષમાં પધાર્યા છે. એ તો સિદ્ધ થઈ ગયા. હવે એને શરીર-વાણી નથી. આ ભગવાનને તો વાણી છે હજી. એ વાણીમાં આમ આવ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! કુંદકુંદાચાર્ય મહારાજ સંવત્ ૪૯માં દિગંબર મુનિ થયા. ભગવાન પાસે ગયા હતા. આઠ દિન ત્યાં રહ્યા હતા. ભગવાન હજી બિરાજે છે. ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યા છે. સમજાણું કાંઈ? જાદવજીભાઈ! ૬૦-૬૦, ૬૫-૬૫ વર્ષમાં સાંભળવાનું મળે નહિ, હવે કે દિ' સમજે એ? આખો દિ' એમને એમ આ કર્યું, આ મૂક્યું, આ દીધું, આ લીધું, કર્તાબુદ્ધિ પરની. પરની પર્યાય પરથી થાય, છતાં કર્તાબુદ્ધિ એમાં સલવાઈ જાય, બહિર્દૃષ્ટિ રહે, અંતર ધર્મ થાય નહિ. આહા..હા..!

કહે છે, **'પ્રત્યેકપણે વર્તતા હોવા છતાં...'** ભાષા જુઓ તો ખરા. આહા..હા..! રામપાત્ર પ્રત્યેક ભિન્ન છે, માટીનો પિંડ ભિન્ન છે, માટીની ધ્રુવતા ભિન્ન છે. એક પ્રત્યેક વર્તતા છતાં... એમ આત્મામાં સમ્યક્ચારિત્રની ઉત્પત્તિ-સ્વરૂપની રમણતાનો ભાવ, અચારિત્રનો નાશ અને સ્વરૂપની ધ્રુવતાનું ટકવું એ ત્રણે પ્રત્યેક છે, ત્રણે પ્રત્યેક છે, ત્રણે છૂટા છે. ત્રણ એક થઈ ગયા નથી. પર્યાયપણે ત્રણ છે, ત્રણ પર્યાયપણે ત્રણ એક નથી. પર્યાયપણે ત્રણ એક નથી. પર્યાયપણે ત્રણ છે. સમજાણું કાંઈ? અરે.. ભારે! આ તો બધી વકીલાતની કોર્ટની પેઠે આવું ચાલતું હશે? ચીમનભાઈ! રામજીભાઈ કોર્ટમાં મૂકતા હશે એ તો બધું સમજવા જેવુંને? આ તો કોર્ટથી વાત કરે છે ભગવાન તો. ન્યાય કોર્ટથી વાત ચાલે છે. સાંભળ એકવાર તત્ત્વને. શું વસ્તુનું સ્વરૂપ સર્વજ્ઞની કોર્ટમાં શું સિદ્ધ થયું છે? સમજાણું કાંઈ? દાખલો આપે કે નહિ? ફલાણે ઠેકાણે આ કેસ આમ પાસ કર્યો હતો, ફલાણે થયું હતું એમાં મૂક્યું

હતું એમ કહે લોકો. વિલાયતમાં આમ એનો કેસ થયો હતો. ત્યારે માને. ઠીક! વિલાયતમાં આ રીતે આનો કેસ શું કહેવાય? ફેંસલો. જજમેન્ટ-ફેંસલો આપ્યો હતો. માટે એ પ્રમાણે અહીં (કરવું). અહીં કહે છે કે સર્વજ્ઞ ભગવાને ત્યાં ફેંસલો આપ્યો છે મહાવિદેહક્ષેત્રમાં. સમજાણું કાંઈ? એય..! બાબુજી!

પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર મહાવિદેહમાં વીસ તીર્થંકરદેવ વિદ્યમાન બિરાજે છે. ત્યાં ફેંસલો થયેલી આ વાત છે. માટે તારો ફેંસલો એ પ્રમાણે કરવો જોઈએ. ત્યારે મળતું કહેવાયને. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' આવે છેને. 'આગળ જ્ઞાની થઈ ગયા અને વર્તમાનમાં હોય, થાશે કાળ ભવિષ્યમાં અને માર્ગભેદ નહિ કોઈ.' શ્રીમદ્ રાજચંદ્ર બોલે છેને એમાં? આત્મસિદ્ધિ. 'આગળ જ્ઞાની થઈ ગયા અને વર્તમાનમાં હોય,' એટલે પોતે પણ હોય. 'થાશે કાળ ભવિષ્યમાં અને માર્ગભેદ નહિ કોઈ.' કહો, દરબાર! આવે છે? આત્મસિદ્ધિ વાંચી છે કે નહિ? વાંચી છે.

એક એક પરમાણુમાં અને એક એક આત્મામાં નવી અવસ્થાથી ઊપજવું, જૂની અવસ્થાથી જવું, ધ્રુવથી ટકવું, ત્રણ પ્રત્યેકપણે, ત્રણ જુદા-જુદાં અવસ્થાએ એટલે ભેદથી, ત્રણ ભેદ હોવા છતાં '**ત્રિસ્વભાવસ્પર્શી માટીમાં તેઓ સમસ્તપણે એક સમયમાં જોવામાં આવે છે;...**' સમજાણું કાંઈ? લોઢું છે. લોઢામાં આમ છરી પડી. કહે છે કે છરીનું નિમિત્ત સંસ્કાર છે, નિમિત્તપણું છે. એથી ત્યાં કાટનો નાશ થયો એમ નહિ. કાળ એક જ છે. એ લોઢાની છરીના નિમિત્ત સંસ્કાર કહેવાય અને એમાં કાટના નાશનો કાળ છે, એ વખતે એ કાટમાંથી પ્રકાશ ઉત્પત્તિનો કાળ છે, એક લોઢાની ધ્રુવતા છે. એમ પ્રત્યેક ત્રણ હોવા છતાં, ત્રણે જુદાં જુદાં હોવા છતાં લોઢાપણે તો એક જ છે. એક છે લાકડું અને એક છે સોનું અને એક છે માટી-એમ છે ત્રણ? ઉત્પન્ન થયો તે પ્રકાર તે લોઢું અને નાશ થયો તે અથવા ઉત્પન્ન થયું તે સોનું, નાશ થયું તે લોઢું, ટક્યું તે ત્રાંબુ. (એમ નથી.) સમજાણું કાંઈ?

'**ત્રિસ્વભાવસ્પર્શી...**' જુઓ! ઓલો એક એક સ્વભાવી છે. આહા..હા..! કેટલી વાત કરી છે! ઓહો..હો..! આચાર્યોએ જંગલમાં રહીને ઓહો..હો..! વસ્તુ, પ્રત્યેક વસ્તુમાં એક એક સમયે ભિન્ન અવસ્થા, ઉત્પન્ન થવા છતાં, પૂર્વનો વ્યય થવા છતાં, ધ્રુવપણું એ ત્રણે પ્રત્યેકપણે વર્તતા છતાં, દ્રવ્ય છે એ તો ત્રિસ્વભાવસ્પર્શી છે. પર્યાય એક સ્વભાવસ્પર્શી છે. પર્યાય એક સ્વભાવભાવ સ્પર્શી છે, વસ્તુ ત્રિસ્વભાવસ્પર્શી છે. અરે.. આ જોને ભાઈ! સમજાણું કાંઈ? '**એક સમયમાં જ જોવામાં આવે છે,...**' ઓલા માટીમાં. '**તેમ ઉત્તર પર્યાયમાં,...**' નવી અવસ્થામાં કોઈપણ દ્રવ્યમાં '**પૂર્વ પર્યાયમાં અને દ્રવ્યપણામાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય પ્રત્યેકપણે વર્તતાં હોવા છતાં...**' દરેક દ્રવ્યની વાત થઈ હવે. ઓલી માટીનો દાખલો આપીને.

'**ત્રિસ્વભાવસ્પર્શી દ્રવ્યમાં...**' જુઓ! '**ત્રણે સ્વભાવને સ્પર્શનારું.** (દ્રવ્ય ઉત્પાદ,

**વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે સ્વભાવને ધારે છે.)**' ધારે છે, સ્પર્શે છે એ ત્રણરૂપ છે. કહો, સમજાણું? '**તેઓ સમસ્તપણે એક સમયમાં જોવામાં આવે છે.**' જુઓ! એક સમયમાં જોવામાં આવે છે એમ અહીં તો કહે છે. આહા..હા..! વજુભાઈ! એક સમયમાં જોવામાં આવે છે. છદ્મસ્થ એમ કહે (કે) એક સમયમાં જોવામાં આવે છે? છદ્મસ્થનો ઉપયોગ અસંખ્ય સમય સિવાય કામ ન કરે, અહીં તો એક સમયમાં જોવામાં આવે છે. સાંભળને. અમારા જ્ઞાનમાં, ન્યાયમાં એ ઉતરે છે એમ કહે છે. જ્ઞાનમાં એ ઉતરે છે. ઓલો કહે, જ્ઞાનમાં આમ જ ઉતરે, આ કહે અમારા જ્ઞાનમાં આમ ઉતરે છે. આહા..હા..! એ આવું જાણે એને પરદ્રવ્યની પર્યાય ઉત્પન્ન કરું એ અભિમાન ટળી જાય. અને પરનું બગાડી દઉં એના પણ અભિમાન મટી જાય અને મારો સુધારો પરથી થાય એ પણ દૃષ્ટિ મટી જાય. અને મારું ભુંડું કરનારા બીજા છે એવી દૃષ્ટિ એની ટળી જાય. મારા દુશ્મન કોણ? સજ્જન કોણ? સૌની પર્યાયે સૌ છે. કહો, છગનભાઈ! શું હશે આ બધું? આ કાર્યકર્તાઓ તો હુશિયાર હોય તો કાર્ય નહિ કરી શકતા હોય?

મુમુક્ષુ :- હુશિયાર જ..

ઉત્તર :- મૂર્ખ કાંઈ બેસાડાતા હશે ત્યાં? રામજીભાઈને બેસાડે, તમને બેસાડે ત્યાં કોર્ટમાં? રામજીભાઈ દલીલ કરે શકે? નહિ. જુઓ આ દલીલ કરનાર હતો કે નહિ દલીલ કરનાર? દલીલ કોણ કરે? એ તો જડની દશા છે. જડનો ઉત્પાદ પણ ભાષામાં એને કારણે છે. પોતાની ભાષાની વર્ગણાનો પર્યાયનો નાશ એ કાળ છે. રજકણો તે પ્રત્યેક હોવા છતાં એક એક ભાવે રહેલા છતાં માટી તરીકે ત્રિસ્પર્શી એક દ્રવ્ય છે એ. આહા..હા..! ભારે વાત ભાઈ!

એ '**દ્રવ્યમાં તેઓ સમસ્તપણે એક સમયમાં જોવામાં આવે છે.**' આવો નિર્ણય કરે એને પ્રત્યેક દ્રવ્યની એક એક સમયની ભિન્નતા ભાસે છે અને કોઈને લઈને કોઈ થાય એવું લાગે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૭, ગુરુવાર, તા. ૨૬.૧૨.૧૯૬૮**
**ગાથા-૧૦૨-૧૦૩-૧૦૪, પ્રવચન-૧૦૭**

૧૦૨ ગાથા. પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાનપન. છેલ્લો પેરેગ્રાફ છે. '**વળી જેવી રીતે રામપાત્ર,...**' માટીનું ઉત્પત્તિરૂપ રામપાત્ર. '**મૃત્તિકાપિંડ...**' પૂર્વનો જે માટીનો પિંડ તેનો વ્યય '**અને માટીપણામાં...**' એ ધ્રુવ. એમાં '**વર્તનારાં...**' રામપાત્રમાં ઉત્પાદ વર્તે છે,

મૃત્તિકાપિંડમાં વ્યય વર્તે છે અને માટીપણામાં ધ્રુવ. એ બધા માટી જ છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? માટીમાંથી રામપાત્રની પર્યાય ઉત્પન્ન થઈ, પિંડના પર્યાયનો વ્યય થયો, માટીપણું રહ્યું. એ ત્રણે વર્તનારા હોવા છતાં ત્રણે તો માટી જ છે, કોઈ જુદી ચીજ નથી.

'**તેવી જ રીતે...**' દરેક આત્મામાં, દરેક પરમાણુમાં, દરેક પદાર્થમાં '**ઉત્તર પર્યાય,...**' નવી અવસ્થા જે થાય, પૂર્વ અવસ્થા જે જાય '**અને દ્રવ્યપણામાં વર્તનારાં...**' ઉત્તર પર્યાયમાં વર્તતો ઉત્પાદ, પૂર્વ પર્યાયમાં વર્તતો વ્યય અને દ્રવ્યપણામાં વર્તતું ધ્રુવ-એ દ્રવ્ય જ છે. ત્રણે થઈને એક જ છે, અન્ય પદાર્થ નથી. એ દાખલા તો આવી ગયા છે બધા ઘણાં. ક્યોં સમજમેં આયા કિ નહીં? થોડા-થોડા કહે છે.

જેમ આત્મામાં નવી પર્યાયથી ઉત્પન્ન થાય શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ વગેરે. આત્માના અવલંબનથી જે શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની ઉત્પત્તિ થાય એ ઉત્પાદ ઉત્પાદમાં વર્તે છે અને પૂર્વનો પર્યાય જે મિથ્યાત્વ અથવા રાગાદિના પરિણામ જાય, વ્યય થાય તે પોતાના વ્યયમાં વર્તે છે અને દ્રવ્યપણું ધ્રુવ છે એ ધ્રુવમાં વર્તે છે. આત્માનું ધ્રુવપણું રહે છે ઈ. જે ત્રણેપણે વર્તના છતાં એ ત્રણે આત્મા જ છે, ત્રણે કોઈ જુદી ચીજ નથી. સમજાણું કાંઈ? શું એમાં કહ્યું પણ ઈ? એ ઉત્પાદ વર્તે આત્મામાં કે પરમાણુમાં તે ઉત્પાદ વર્તનારો એનામાં પોતાપણે વર્તે છે, પરને લઈને નહિ, પરમાં નહિ. એમ દરેક દ્રવ્યમાં પૂર્વની અવસ્થાનો વ્યય તે તેમાં વર્તે છે, પરને લઈને નહિ, પરને લઈને નહિ, પરમાં નહિ. વ્યય વ્યયમાં વર્તે છે એમ કહે છે. આહા..હા..! અને ધ્રુવ ધ્રુવ દ્રવ્યમાં વર્તે છે. એ ધ્રુવ કાંઈ પરમાં વર્તે છે અને પરને લઈને વર્તે છે એમ નથી. કહો, સમજાણું આમાં? હવે એ ૧૦૨ ગાથા પૂરી થઈ.

મુમુક્ષુ :- ધ્રુવ દ્રવ્ય મેં જાતા હૈ?

ઉત્તર :- ધ્રુવ હૈ ન. વહ દ્રવ્ય હૈ ન સામાન્ય, એક અંશ. ઉત્પાદ-ઉત્પાદ મેં વર્તતા હૈ, પર્યાય પર્યાય મેં વર્તતી હૈ, ધ્રુવ ધ્રુવ મેં વર્તતા હૈ. તીનોં દ્રવ્ય હૈં. દ્રવ્યપણામાં છેને? દ્રવ્ય જ છે, એ દ્રવ્ય જ છે.

જુઓ! આ વાત એવી છે કે જેવું સત્‌નું સ્વરૂપ છે એ રીતે પ્રત્યક્ષ સિદ્ધ કરે છે. દરેક પદાર્થ ઉત્તર પર્યાય નામ નવી અવસ્થાથી ઊપજે તો એ ઊપજવાના જ ભાગમાં પડ્યો છે એ ભાગ. સમજાય છે કાંઈ? જૂની પર્યાયથી નાશ થાય તો તેમાં એ વર્તી રહ્યો છે. ઉત્પાદમાં નહિ, પરમાં નહિ, ધ્રુવમાં નહિ. અને ધ્રુવપણું ધ્રુવમાં વર્તે છે, એ ધ્રુવપણું ઉત્પાદમાં નહિ, વ્યયમાં નહિ. ત્રણે એ રીતે વર્તતા હોવા છતાં તે ત્રણે દ્રવ્ય જ છે. અનેરી ચીજ કોઈ નથી. કહો, સમજાણું આમાં? એ દાખલા તો ઘણાં અપાઈ ગયા છે આમાં. આ તો એનો સરવાળો અહીં કર્યો.

'**હવે દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અનેકદ્રવ્યપર્યાય દ્વારા વિચારે છે :—**' એ તો એક એક દ્રવ્યની વાત કરી પ્રત્યેકની ભિન્ન-ભિન્ન. હવે? ૯૩મી ગાથામાંથી શરૂ કર્યું હતું.

દ્રવ્યપર્યાય, દ્રવ્યની પર્યાય, વસ્તુની અવસ્થા. તો ત્યાં એક દ્રવ્યની પર્યાયને વર્ણવી નથી જુદી. એથી અહીં દ્રવ્ય-પર્યાયનું વર્ણન કરવું છે અહીં. એથી એક દ્રવ્ય નહિ પણ ઘણાં દ્રવ્યો સમાનજાતિ કે અસમાનજાતિની પર્યાય થાય તેને દ્રવ્યપર્યાય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પહેલા સાંભળ્યા વિના શું ખબર (પડે) ૯૩માં શું ગયું હતું? દરબાર! ૯૩માં શું ગયું હતું સાંભળ્યું છે?

૯૩ ગાથામાં એમ ગયું હતું પહેલીમાં કે દ્રવ્યપર્યાય અને ગુણપર્યાય એમ વાત ચાલી હતી ત્યાં. તો દ્રવ્યપર્યાય એટલે વસ્તુની દ્રવ્યપર્યાય એને એક-એક દ્રવ્યની પર્યાય ભિન્ન એમ નહોતી લીધી. દ્રવ્યપર્યાયને સામુદાયિક બે-ત્રણ આદિ પરમાણુની પર્યાય અથવા જીવ અને મનુષ્ય દેહાદિ અસમાન, એવી રીતે દ્રવ્યની પર્યાયનું વર્ણન અનેક દ્રવ્યના સાથના સંયોગથી થાય તેને દ્રવ્યપર્યાય ગણવામાં આવી છે અને ગુણપર્યાય તો ભિન્ન-ભિન્ન છે, ઈ કહેશે આગળ. ગુણ પરિણમે છે એ બધા ગુણના પર્યાય દ્રવ્યના જ છે એમ કહેશે. સમજાણું કાંઈ? બહુ સ્પષ્ટ કર્યું છે. એટલું પણ જરી મગજને કાંઈક નવરાશ લઈને અંદર વિચાર કરવો જોઈએ.

મુમુક્ષુ :- કામ ઘણું હોય અને નવરાશ ન મળે તો કરવું શું?

ઉત્તર :- મરવા માટે તો નવરાશ મળશે કે નહિ? રોગ આવ્યો એવો આકરો કે બાર મહિના ખાટલે પડ્યું રહેવું પડશે. હાડકું વધે છે પાછળ. બેઠાનું હાડકું વધી જશે, થઈ જશે કોર્ડ મોટી લાંબી. સૂઈ રહો બાર મહિના. થાય છે કે નહિ? પણ અમે તો બધા ઘણા જોયા છેને. પણ એનો અર્થ થયો કે ત્યાં પડ્યો રહે છે કે નહિ? એમ. ફુરસદ મિલતી હૈ કિ નહીં? હાં, યહ બાત કહના હૈ. બાર મહિના, બે વર્ષ રહેવું પડશે ડૉક્ટર કહે. એ ચિત્તલ હતા. ચિત્તલ શું કહેવાય? લીલીયા. લીલીયામાં હતા એક મગનભાઈ. ખાટલામાં પડ્યા રહેવું પડશે. કેટલી વાર? જુવાન માણસ, પરણેલા. આમને આમ સૂઈ રહેવાનું. હેં! જુઓ! ઉઠશો તો ઈ હાડકું વધી જશે તો પછી બધું કાંઈ નહિ થાય. એ મેળ ક્યાં જશે? મેળ નહિ. સૂતા સૂતા ખાય અને સૂતા સૂતા પીવે. નવરાશ છે કે નહિ ત્યાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એને નવરાશ તો મળીને એને. આ કામ બીજા કામ બધા પડ્યા રહ્યા ત્યાં. આના વિના ધંધો નહિ થાય અને આના વિના દુકાન નહિ ચાલે. જાધવજીભાઈ! ધારધીર કોણ કરશે? ફલાણું કોણ કરશે? એ બધું પડ્યું રહ્યું. સૂતા સૂતા ચોપાનિયા વાંચે અને સૂતા સૂતા.. આમ પણ ફરાય નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી પછી. આ તો... એવી રીતે જોયેલું હતું હોં. ઘણા વર્ષ પહેલાની વાત. (સંવત) ૧૯૮૪ની સાલની વાત છે.

એ કહે છે કે ભાઈ! વસ્તુ છે જગતમાં આત્માઓ છે, પરમાણુઓ છે. હવે એમાં

પરમાણુઓમાં બે-ત્રણ-ચાર પરમાણુઓ એકઠા થઈને, (એક-એકની) પર્યાય છે ભિન્ન, પણ એનો સ્કંધરૂપ પર્યાય જે દેખાય છે એ સમાનજાતિ દ્રવ્યપર્યાય તેને કહેવામાં આવે છે. એ સમાનજાતિ દ્રવ્યપર્યાય બીજાથી થઈ નથી અને તેની પર્યાય બીજામાં જાતી નથી. સમજાણું કાંઈ? લાડવો થાય છે અનેક પરમાણુની સમાનજાતિની પર્યાય છે એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? એ લાડવાની સમાનજાતિની પર્યાય બીજો હાથવાળો કે બીજો છે એને (લઈને) થઈ નથી એમ કહે છે. શું કીધું? પ્રાણભાઈ! લાડવો બીજાએ વાળ્યો એમ નથી એમ કહે છે. બીજો આત્મા ઓલો માણસ આમ આમ કરતો હોય ઈ. એનાથી લાડવાની પર્યાય (થઈ નથી). કેમ કે સમાનજાતિના પરમાણુઓ પોતાથી પર્યાયરૂપે ત્યાં પરિણમે છે એમ કહે છે. કહો, પોપટભાઈ! આ લાદીની પર્યાય કોઈએ કરી નથી ત્યાં ઓલા ધ્યાન રાખનારે, એમ કહે છે. એ સમાનજાતિના પરમાણુઓ એકઠા થઈને તેની લાયકાતવાળા હોય એ તેની એક જગ્યાએ એકક્ષેત્રાવગાહે થઈને સમાનજાતિરૂપે અવસ્થા ધારણ કરે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સબ અલગ અલગ, પરંતુ સમાનજાતિ એક હોકર હુઈ તો ઉસકો સ્કંધ કહને મેં આતા હૈ. વહ સ્કંધ કી બાત હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમય એક. દોનોં કા સમય (એક). સ્કંધપર્યાય વિભાવ હુઈ ન સાથમેં. હૈ તો સબ ભિન્ન. એમ આત્મા અને મનુષ્યદેહ બે ભેગા એ અસમાનજાતિ. આત્મા ભિન્ન જાત છે, આ ભિન્ન જાત છે. છતાં એક ક્ષેત્રે આની પર્યાય, આની પર્યાય એક ક્ષેત્રે અસમાનજાતિરૂપે કહેવાય છે. એ બીજો આત્મા કરે છે, કર્મને લઈને અહીં થાય છે એમ નથી, એમ અહીં કહે છે. શરીરની પર્યાય અને આત્માની પર્યાયનો સંયોગ અસમાનજાતિની પર્યાય બીજા કર્મે કરી કે બીજાઓ કરે છે અને બીજા રાખે તો રહે અને બીજા ન રાખે તો ન રહે એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભિન્ન-ભિન્ન હૈ. એકસાથ હૈ તો અસમાનજાતિ દ્રવ્યપર્યાય કહનેમેં આતી હૈ.

મુમુક્ષુ :- વક્ત એક હૈ.

ઉત્તર :- સબ કા વક્ત એક હી હૈ ન. વક્ત તો દૂસરા હૈ કહાં?

**'હવે દ્રવ્યના...'** એટલે વસ્તુના. ઊપજવું, નવી અવસ્થાથી ઊપજવું, જૂની અવસ્થાથી ટળવું અને ટકવાના ભાગથી ટકવું એ **'અનેકદ્રવ્યપર્યાય દ્વારા,...'** અનેક વસ્તુના સંયોગ દ્વારા પર્યાયને અહીંયાં કહેવામાં આવે છે.

पाडुब्भवदि य अण्णो पज्जाओ वयदि अण्णो।
दव्वस्स तं पि दव्वं णेव पणट्ठं ण उप्पण्णं।।१०३।।
ઊપજે દરવનો અન્ય પર્યય, અન્ય કો વિણસે વળી,
પણ દ્રવ્ય તો નથી નષ્ટ કે ઉત્પન્ન દ્રવ્ય નથી તહીં. ૧૦૩.

'**અન્વયાર્થ :- દ્રવ્યનો અન્ય પર્યાય ઉત્પન્ન થાય છે...**' કોઈ અન્ય પર્યાય, અન્ય કોઈ પર્યાય નષ્ટ થાય. '**પરંતુ દ્રવ્ય તો નષ્ટ પણ નથી, ઉત્પન્ન પણ નથી (-ધ્રુવ છે).**' જુઓ! અનેક દ્રવ્યપર્યાયની વ્યાખ્યા કરી. '**એકથી વધારે દ્રવ્યોના સંયોગથી થતો પર્યાય.**' નીચે ફૂટનોટ.

'**ટીકા :- અહીં (વિશ્વમાં) જેમ એક ત્રિ-અણુક સમાનજાતીય...**' જેમ એક. એકને જુદું પાડવું. '**ત્રિ-અણુક સમાનજાતીય...**' લ્યો, ત્રિ-અણુક સમાનજાતીય લીધી. બે અણુને ન લીધી. કેમ ન લીધું? બે અણુ એ સમાનજાતીય નથી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વૈસે લેતે હૈ, પરંતુ તીન સે લિયા હૈ, તીન સે લિયા હૈ. સમજાય છે કાંઈ?

'**જેમ એક...**' એટલું રાખ્યું પછી બહુ લાંબી ન કર્યું. '**ત્રિ-અણુક સમાનજાતીય અનેકદ્રવ્યપર્યાય વિનષ્ટ થાય છે...**' જુઓ! ત્રણ પરમાણુઓની જે પર્યાય સમાનજાતીય અનેક દ્રવ્યપર્યાય છે તે પર્યાયનો નાશ થાય છે '**અને બીજો ચતુરણુક (સમાનજાતીય અનેકદ્રવ્યપર્યાય) ઉત્પન્ન થાય છે...**' ચાર પરમાણુની પર્યાય ઉત્પન્ન થાય છે. જુઓ! એ પર્યાયમાંથી પર્યાય ઉત્પન્ન થઈ કે નહિ? શેઠીએ હજી બરાબર જવાબ ન આપ્યો. દરબારે જવાબ આપ્યો. પર્યાયમાંથી પર્યાય થઈ કે નહિ? તીન પરમાણુ કી પર્યાય થી વહ ચાર પરમાણુ કી પર્યાય હુઈ તો પર્યાય હૈ કિ નહીં વહ દોનોં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હુઈ. કહો, હોતી હૈ કિ નહીં? પણ એ ત્રણ પરમાણુની પર્યાય છે એ વિનષ્ટ થઈને ચાર પરમાણુની પર્યાય ઉત્પન્ન થઈ એમ કહે છે અહીંયાં. એમાં સિદ્ધાંત છે કે ભાઈ! કેટલા કહે છેને જુઓ! એ પ્રશ્ન કર્યો હતો નહિ તે દિ' ઓલા પંડિતો સાથે, કે આ બધા નિમિત્તો હોય તો આ બધું થાય. આ ઘડો કુંભાર હોય તો થાય, આ લાકડી સુતાર હોય તો થાય. તો કીધું ભાઈ, આ બે-ત્રણ-ચાર પરમાણુ અને અનંત પરમાણુનું એકઠું થાવું થાય છે, એમાં કોણ છે ભેગા તે એને લઈને થાય છે? સમજાણું કાંઈ? ઓલા પંડિત હતાને શું કહેવાય ઈ? પ્રોફેસર હીરાલાલ આવ્યા હતા મોટા ઓલા, આ ષટ્ખંડાગમની ટીકા કરનારા. મોટો ભણેલો ઘણો. પ્રશ્ન પછી ચાલતા હતા. આ ટેબલ છેને આપણે? એનો દાખલો આપ્યો. લ્યો આ ટેબલ છે એ વગર કર્યે થયું? એમ કે સુતાર હોય, સુતાર સમજ્યાને? શું કહેવાય? સુતાર હોય તો થાય. એ સુતાર ગયો અને રહ્યું છેને હવે. પણ થવા કાળે થઈ. એમ કહે

કે નહિ? કહે છે હમણા આ લોકો. આ દાખલો આવે છે ઓલામાં કે જ્યાં સુધી ઘડો ન થાય, ઘડો (પૂરો) થાય ત્યાં સુધી કુંભારના નિમિત્તની જરૂર (રહે), થયા પછી એની જરૂર નહિ. આ પત્રોમાં આવે છે, છાપામાં આવે છેને. એ બધો આખી વાતનો સિદ્ધાંત છે એમાં. સમજાણું કાંઈ? નિમિત્તની જરૂર ક્યાં સુધી? કે એ પર્યાય ન થાય ત્યાં સુધી એની જરૂર. ઘડો ન થાય ત્યાં સુધી કુંભારની ચાકડાની જરૂરિયાત છે. થયા પછી એની કાંઈ જરૂર નથી, માટે તે નિમિત્ત કાર્યમાં મદદ કરે એમ કહે છે ઈ. લોકાના ઘણા લેખ આવે છે. સમજાણું કાંઈ? નિમિત્તને સિદ્ધ કરનારાઓ (આવું લખે છે).

એ અહીં વાત કરે છે. સમજાણું કાંઈ? તું એમ કહે કે જ્યારે આનાથી થાય અને ઓલું ન હોય તો ન થાય, તો આ ત્રણ પરમાણુ જે સ્કંધરૂપે છે, તે ત્રણથી અનંત સુધી લઈ લેવું. અહીં ત્રણની વાત કરી છે, દર્શન, જ્ઞાન અને ચારિત્રનો પર્યાય છે, એનો વ્યય થઈને કેવળજ્ઞાન ચતુષ્ટય પ્રગટ થાય છે. એ વખતે વાત આવી હતી ત્યારે પહેલા. કહો, સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનો પર્યાય જે આત્મામાં થાય છે, એ રત્ન છેને ત્રિરત્ન? એનો નાશ થઈને. પણ એ એક દ્રવ્યની વાત છે. અને અહીં અનેક દ્રવ્યની વાત કરવી છે. એનો નાશ થઈને અનંત ચતુષ્ટય જે પ્રગટ થાય છે મોક્ષની પર્યાય આદિ... સમજાય છે? એમાં એક જ દ્રવ્યને આશ્રયે બધું છે. એમાં કોઈ બીજી ચીજ હતી માટે થાય છે એમ નથી, એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'અહીં (વિશ્વમાં) જેમ એક ત્રિ-અણુક સમાનજાતીય અનેકદ્રવ્યપર્યાય વિનષ્ટ થાય છે અને બીજો ચતુરણુક ઉત્પન્ન થાય છે પરંતુ તે ત્રણ કે ચાર પુદ્‌ગલો તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે...'** પરમાણુ નવા થયા છે? પરમાણુ નાશ થયા છે? એ તો ત્રણ પરમાણુનો સંયોગી પર્યાયનો વ્યય થઈ, ચાર પરમાણુની સંયોગી પર્યાયનો ઉત્પાદ થયો. એ કોણ છે? અહીં એ સિદ્ધ કરે છે. એ કોણ છે? કે એ તો એના અનેક દ્રવ્યની પર્યાયનું સ્વતંત્ર સ્વરૂપ છે. બીજાને કારણે એ થયું છે એમ છે નહિ. સમજાણું કાંઈ? એમ અનંત પરમાણુની પર્યાય જે પથરા આદિ છે એ વિનષ્ટ થઈને આ ખડકાય છે બધું ઉત્પાદ, એ કહે છે કે અનેક દ્રવ્ય સમાનજાતિના પરમાણુઓ પહેલી અવસ્થાનો વ્યય અને પછીનો ઉત્પાદ અને પરમાણુ તો એને કારણે થાય છે, બીજા કડિયા-ફડિયાને કારણે નહિ. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

આવા તો અનંતા પરમાણુનો ક્ષણે ક્ષણે ફેરફાર થાય છે. ત્યાં કોણ છે નિમિત્ત? સ્ત્રી, કુટુંબ, પરિવાર કે હુશિયાર, ચતુર, ડાહ્યો માણસ છે કોઈ ત્યાં? કડિયો હુશિયાર હોય તો ત્યાં કડિયો સારું કામ કરે, કુંભાર હુશિયાર હોય તો આમ ઘડા સારા બનાવે, ફલાણું કરે. ચતુરને શું કરવા ગોતવો પડે છે? એમ કહે છે. દલીલ છેને. ચતુર કુંભારને શું કરવા ગોતવો પડે છે? સારું કરવું હોય તો ચતુરને ગોતવો પડે. ધૂળેય ગોતવો નથી, સાંભળને! ઈ કહે

છે અહીં. તે ટાણે તેના સંયોગી પર્યાયનો સ્કંધનો માટીરૂપે અમુક પર્યાય હતી એની બીજી રૂપે પર્યાય જે થાય છે એ સમાનજાતીય પર્યાય પોતાને કારણે થાય છે. બીજાને કારણે નહિ. સમજાણું કાંઈ?

'(-ધ્રુવ છે), **તેમ બધાય સમાનજાતીય દ્રવ્યપર્યાયો...**' જુઓ! તેમ બધાય એટલે? ઓલો દૃષ્ટાંત આપ્યો. '**તેમ બધાય સમાનજાતીય...**' રોટલી થાય, લાડવો થાય, કટકો થાય, મકાન થાય, ઘડો થાય, સોનું થાય, વીંટી થાય, આ ચશ્મા થાય. સમજાય છે કાંઈ? એ બધાય પૂર્વના સમાનજાતીયના સંયોગી પર્યાય હતી તેનો વ્યય થઈને સંયોગ જાતિના વિશેષ પરમાણુની પર્યાય ઉત્પન્ન થાય એ પોતાને કારણે સ્વતંત્ર છે. એવું જ જ્ઞેયનું સ્વરૂપ છે. અહીં જ્ઞેયનો અધિકાર છે. ભારે કામ! એ કટકો થાય ઓલાનો એ છરી વિના થાય? કહો, શાક કાંઈ છરી વિના કપાય? પણ ભાઈ! અહીં તો કહે છે કે એ સમાનજાતીયના પરમાણુઓની જે પર્યાય હતી એનો વિનષ્ટ થઈને બીજી સમાનજાતીની પર્યાય ઉત્પન્ન થઈ, એનાં કોઈ બીજું કારણ હતું માટે થાય છે એમ નથી. હોય તોપણ એ નિમિત્તરૂપે હો, એ તો પહેલા કહેવાઈ ગયું છે, પણ એને લઈને અહીં થાય છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**એમ બધાય સમાનજાતીય...**' બધામાં શું બાકી રહ્યું? બે પરમાણુથી માંડીને જેટલા પરમાણુનો પૂર્વ જે સ્કંધરૂપે પર્યાય હોય એનો વિનષ્ટ થઈને પછીના સ્કંધરૂપે પર્યાય થાય એ '**બધાય સમાનજાતીય દ્રવ્યપર્યાયો વિનષ્ટ થાય છે...**' પૂર્વની પર્યાયથી. નવીથી '**ઉત્પન્ન થાય છે પરંતુ સમાનજાતિ દ્રવ્યો તો...**' નાશ અને ઉત્પન્ન થતા નથી. એ તો હંમેશા '**અનુત્પન્ન જ રહે છે...**' કહો, સમજાણું કાંઈ? એ પ્રશ્ન થયો હતો ત્યાં ૨૦૦૬ સાલમાં. કીધુંને ત્યાં? પાલિતાણે. કે ભાઈ પર્યાયમાંથી પર્યાય થાય. કેમ? કે દસ પરમાણુના સ્કંધની જે પર્યાય છે એ પરમાણુ સમાનજાતીય... એ સમાનજાતીય શબ્દ નહોતો ત્યાં, પણ પંદર પરમાણુની પર્યાય થઈ એ પર્યાયમાંથી પર્યાય થઈ. એમ જવાબ આપ્યો હતો. સમજાણું કાંઈ? કહો એ બરાબર છે કે નહિ? અમને તો બીજો જવાબ આપ્યો હતો ત્યાં. પરમાણુનું ન કરાય, શરીરનું કરાય. એમ કહ્યું હતુંને? સૂક્ષ્મનું ન કરાય એટલે પરમાણુનું ન કરાય, આનું કરાય. આણે વળી એમ જવાબ આપ્યો. પર્યાયમાંથી... એ ક્યાં કહે છે?

અહીં તો કહે છે, દસ પરમાણુની જે પર્યાય હતી સમાનજાતીય સ્કંધની (એ) નાશ થઈને પંદર પરમાણુની સમાનજાતીની પર્યાય પર્યાયમાંથી પર્યાય નથી થઈ, એનો વિનાશ થઈને ઓલી પર્યાય થઈ છે. ભારે વાત! મોટા આચાર્ય નામ ધરાવનારા આમ જવાબ આપતા. વસ્તુની ખબર ન મળે. વસ્તુ સમય સમયની, સમાન હો કે અસમાન હો કે એક હો. પોતાની વર્તમાન અવસ્થાથી ઉત્પન્ન થાય છે. એના ઉત્પન્નમાં કોઈ બીજા કારણે ઉત્પન્ન થાય છે એમ નથી. એનો ઉત્પાદભાવ ઉત્પાદથી જ વર્તી રહ્યો છે. વ્યયભાવ વ્યયથી વર્તી રહ્યો

અને ધ્રુવ ધ્રુવપણે વર્તી રહ્યું (છે) એવું જ જ્ઞેયનું સ્વરૂપ છે. આ રીતથી વિપરીત જ્ઞેયના સ્વરૂપને માને તો એની દૃષ્ટિમાં વિપર્યાસ છે. કહો, સમજાણું કાંઈ?

એક શીશપેન છે, જુઓ શીશપેનની પર્યાય છેને. અનેક સમાનજાતિ છેને? હવે એમાંથી આમ નીકળીને અણી નીકળીને ઓલી થઈ, તો એ બીજી રીતે સમાનજાતિની પર્યાય ઉત્પન્ન થઈ અને આ પર્યાયનો વિનાશ થયો. પરને કારણે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? છરીને કારણે નહિ. ભારે વાત આમાં. જુગરાજજી! સમજાણું? એ વસ્તુનું જ્ઞેયસ્વરૂપ જ એવું છે. અને તારું જ્ઞાન પણ એ રીતે જ્ઞેય છે તેમ જાણે તો જ્ઞાનમાં યથાર્થતા આવે. જ્ઞેયનું સ્વરૂપ છે એવું તારું, બીજું, બધાયનું. એથી વિપરીત ખ્યાલ રહે, તો વિપરીત માન્યતા રહે તો સ્વ તરફ દૃષ્ટિ થઈ શકે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો નયી હૈ. વહ તો ગયી. વહ તો નહીં હૈ. વહ તો આ ગયા પહલે. વહ તો આ ગયા. આ તો ઝાઝા સ્કંધનો દાખલો આપીને આખી દુનિયાના સ્કંધોનું વર્ણન કરે છે અને અસમાનજાતિ જીવ અને જડની વાત પણ ભેગી કરશે જુઓ!

‘**વળી જેમ...**’ જુઓ હવે. ‘**એક મનુષ્યત્વસ્વરૂપ અસમાનજાતીય...**’ આવી. ઓલી સમાનજાતીયની વાત હતી. હવે ‘**એક મનુષ્યત્વસ્વરૂપ અસમાનજાતીય દ્રવ્યપર્યાય વિનષ્ટ થાય છે...**’ જુઓ! જીવ છે અને સાથે દેહ છે. એવી ‘**મનુષ્યત્વસ્વરૂપ અસમાનજાતીય દ્રવ્યપર્યાય વિનષ્ટ થાય છે અને બીજો દેવત્વસ્વરૂપ (અસમાનજાતીય દ્રવ્યપર્યાય) ઉત્પન્ન થાય છે...**’ દેખો! મુનિ પોતાની પણ વાત ભેગી (કરે છે). દેહની સાથે આત્મા છે, પંચમકાળના મુનિ છીએ તો આ મનુષ્યત્વનો જ્યારે વ્યય થશે (પછી) દેવની પર્યાય ઉત્પન્ન થશે. આનો નાશ થઈને ઉત્પન્ન થશે. એ અસમાનજાતીય દ્રવ્યપર્યાય... આત્મા પણ ત્યાં છે અને આ શરીરની પર્યાયનો વ્યય થઈને, દેવની પર્યાય શરીરની પણ થશે. સમજાણું કાંઈ?

ફરીને? કહીએને ફરીને. મનુષ્યસ્વરૂપ અસમાનજાતિ છેને આ? આ દેહ અને આત્મા બે ભિન્ન ભિન્ન જાત છે. તો આનો વ્યય થયો, આનો વ્યય થયો અને બીજો દેવસ્વરૂપે ઉત્પન્ન થયો. દેવ પર્યાયપણે આત્મા અને શરીરની અવસ્થા પણ નવી થઈને શરીરની? આત્માની અવસ્થા નવી થઈ, દેવગતિનો પર્યાય થયો અને ઓલી શરીરની પર્યાય થઈ. કહે છે કે આનો નાશ થયો અને એનું ઉત્પન્ન થવું એ અસમાનજાતીયનું સ્વતંત્ર થાય છે. લ્યો આમાં તો ઓલા કર્મનું નિમિત્ત છે માટે આમ થાય છે એમ નથી. આહા..હા..! પૂછે છેને એ લોકો? કે શ્રેણિક રાજા ક્ષાયિક સમકિતી છે અને એને તો નરકમાં જવાનો ભાવ ન જ હોય. ક્ષાયિક સમકિતીને હોય? છતાં નરકમાં ગયા છે. કેમ? કે કર્મના કારણે એને ત્યાં ખેંચાવું પડ્યું છે. એમ નથી એમ કહે છે અહીં. એ મનુષ્યદેહ અને આત્મા અસમાનજાતીય ભાવોની પર્યાય

છે એનો નાશ થઈ, નરકની અંદર શરીર અને આત્મા અસમાનજાતીયની પર્યાય બીજી ઉત્પન્ન થઈ છે. એ પોતાને કારણે થાય છે, પરને કારણે નહિ, કર્મને કારણે નહિ. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? એકદમ ફરી જાય. એક સમયમાં અહીં, બીજે સમયે બીજાું. આનો વ્યય થઈને ગયો છે એમ. એ અસમાન આત્માની પર્યાય પલટી ગઈ અને શરીરની પર્યાય પલટી ગઈ. ત્યાં આત્માની પર્યાય ઊપજી દેવપણે અને શરીરની પર્યાય દેવના શરીરપણે, તો અહીંની પર્યાયનો વ્યય થયો અને ત્યાંનો ઉત્પાદ થયો. આત્મા તો છે તે છે. બેય ઠેકાણે સ્થાનમાં છે. છે? જુઓ.

**'પરંતુ તે જીવ ને પુદ્‌ગલ તો અવિનષ્ટ અને અનુત્પન્ન રહે છે,...'** પણ જીવ તો એનો એ અહીં ઉત્પન્ન પર્યાયનો નાશ થઈને ત્યાં ઉત્પાદ થયો, પરમાણુની આ પર્યાય નાશ થઈને દેવની પર્યાય ઉત્પન્ન થઈ. પરમાણુ તો એના એ છે. પરમાણુ તો ધ્રુવ રહે છે. કહો, સમજાણું આમાં? ઓહો..હો..! કેવો સમાવેશ! દુનિયાને ટૂંકામાં સમાવેશ કરીને આખું સ્વરૂપને વર્ણન કરવું છે. અહીંથી નરકમાં જાય ક્ષાયિક સમકિતી લ્યો. શ્રેણિક રાજા. એને તો ક્ષાયિક સમકિત છે. અને સમયે સમયે તીર્થંકરગોત્ર પણ બંધાય છે. ભાઈ! ભલે હો, પણ એ આત્માની પર્યાય આત્મામાં છે, શરીરની પર્યાય શરીરમાં છે. એ અસમાનજાતીય સંયોગી પર્યાય તેનો નાશ થાય છે, નવી સંયોગી પર્યાયનો ઉત્પાદ થાય છે એના કારણે. આત્માને, પુદ્‌ગલને કારણે, બીજાને કારણે નહિ. કહો, સમજાણું કાંઈ?

**'ઉત્પન્ન થાય છે. પરંતુ અસમાનજાતિ દ્રવ્યો તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે.'** પણ એ આત્મા અને પરમાણુ તો એમને એમ રહે છે. કાંઈ આત્મા અને પરમાણુ બીજા થઈ જાય છે? ત્યારે કોઈ કહે, મનુષ્યના પરમાણુની પર્યાય તો ગઈ. દેવના પરમાણુની પર્યાય તો બીજા પરમાણુ હતા. સમજાય છે? ભલે હો, એનું અહીં કામ નથી. અહીં અસમાનજાતિના પરમાણુઓ આત્માથી ભિન્ન. સમજાય છે? અને એવા અસમાનજાતિ. એ આત્મા એમ .. આ પરમાણુની પર્યાય બદલી અને બીજા પરમાણુની પર્યાય થઈ ત્યાં બીજી. એ અસમાનજાતીય પર્યાય બીજી થઈ. સમજાણું કાંઈ? પરમાણુ જ્યાં હતા ત્યાં હતા. પણ પર્યાય જે નવી થઈ એથી કાંઈ પરમાણુ નહોતા એમ છે? અને પરમાણુનો વ્યય થયો પર્યાયનો તો પરમાણુનો વ્યય થયો એમ છે? એ તો જીવ અને પરમાણુ તો છે. આહા..હા..! પડદો પડ્યો ફટ પરગતિનો. એમાં એ અસમાનજાતિના કારણે વિનષ્ટ અને ઉત્પન્ન થયેલું છે એમ કહે છે, સિદ્ધ કરે છે. ઓહો..હો..! કહો, સમજાણું આમાં?

ભગવાન લઈ ગયા ગતિમાં એ તો નથી કોઈ ઈશ્વરકર્તા એમ કહે છે. જ્ઞેયના સ્વરૂપનો કોઈ બીજો ઈશ્વરકર્તા તો નથી, પણ આવી પર્યાયના વિનષ્ટ અને ઉત્પન્નમાં પણ બીજો કર્મ પણ કર્તા નથી. કહો, સમજાણું આમાં? આહા..હા..! ઓલામાં આવે છેને? નાથ નાખી હોય બળદને તો ખેંચીને લઈ જાય, એમ આનુપૂર્વી કર્મ નરકમાં ખેંચીને લઈ જાય. અહીં

ના પાડે છે. એ તો નિમિત્ત છે. એ કાંઈ ખેંચીને લઈ જાય એવી એનામાં તાકાત નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આ પ્રમાણે પોતાથી (અર્થાત્ દ્રવ્યપણે) ધ્રુવ અને દ્રવ્યપર્યાયો દ્વારા ઉત્પાદવ્યયરૂપ એવા દ્રવ્યો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે.'** લ્યો! સમજાણું? આ પ્રમાણે, કહ્યું તે પ્રમાણે જીવ અને પુદ્‌ગલ અસમાન જાત, પુદ્‌ગલે પુદ્‌ગલ સમાનજાત. ચાર ગતિની સ્થિતિનું વર્ણન કર્યું અને પુદ્‌ગલો એકલા સમાનજાતીય પોતાની મેળાએ ઉત્પન્ન થાય છે એ પણ સિદ્ધ કર્યું. સમજાણું આમાં કાંઈ? પ્લાસ્ટિકનો કટકો છે એ જોડારૂપે સંધાય છે અને સંયોગ થાય છે, કોઈ બીજો કરનારો નથી એમ કહે છે. એની સંયોગી પર્યાય ઘણા પરમાણુની હતી એમાં ઓછાની થઈ કે ઘણાની ઘણી થઈ, પણ એનાથી એનો વિનષ્ટ અને એનાથી એનો ઉત્પન્ન એવી અસમાનજાતિનો પર્યાય ત્યાંથી થાય છે. બીજો છે માટે ત્યાં થાય છે એમ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

લોટના લોયાની. લોયો કહેવાયને? શું કહેવાય ઈ? ગોરણું. ગોરણાની પર્યાય સમાનજાતિ પરમાણુની છે. એનો વ્યય થઈને, અભાવ થઈને સમાનજાતિ. સમાનજાતિ છે ગોરણું. એની પર્યાય રોટલી થઈ એ સમાનજાતિથી થઈ છે. એ સમાનજાતિની પર્યાય રોટલીરૂપે થઈ છે. જોડે સ્ત્રી છે માટે સમાનજાતિની પર્યાય રોટલીરૂપે થઈ એમ નથી. આખી દુનિયાની વાત કરે છે અહીં. આહા..હા..!

મુમુક્ષુ :- અગ્નિ છે માટે પાણી ઊનું થયું.

ઉત્તર :- પાણી ઊનું થયું જ નથી એમ કહે છે. કહો, આ બધા વાંધા ઉઠાવે છેને. પાણીના રજકણો શીતપર્યાયપણે સ્કંધરૂપે સમાનજાતિપણે વર્તતા હતા તેનો વ્યય થઈને, ઉષ્ણપર્યાયપણે સમાનજાતિ સંયોગપર્યાય ઉત્પન્ન થઈ છે. અગ્નિને લઈને ઉષ્ણપર્યાય સંયોગી સમાનજાતિની ઉત્પન્ન થઈ છે એમ નથી. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધા કીધુંને ત્યાં? એ રીતે બધાય અસમાનજાતિ, એમ કીધુંને. ઓલામાં બધાય સમાનજાતિ, એમ બધા અસમાનજાતિ. બધી વાત. એ તો સિદ્ધાંત ઘડ્યા છે આ તો. સાધારણ વાત નથી આ. કે આ શું? એમાં મોટો સિદ્ધાંત છે આખો. આહા..હા..! સમજાણું કાંઈ?

ઝાઝા પરમાણુઓ સંયોગરૂપે હોય અને એ પર્યાયનો નાશ થઈ અને બીજા ઝાઝા પરમાણુરૂપે પર્યાય થાય, તોપણ કહે છે કે એ સમાનજાતિને લઈને પોતાને લઈને થઈ છે. બીજાએ ભેગા કર્યા માટે થઈ છે એમ નથી. ઓલા કહે છેને, પાણીના અંદરમાં લાલ રંગ નાખીએ તો લાલ પર્યાય થાય, પેશાબ નાખીએ તો એવી પર્યાય થાય. એ વાત ખોટી છે એમ કહે છે અહીં. ગોળ નાખીએ તો ગળી પર્યાય થાય, અફીણ નાખીએ તો કડવી પર્યાય થાય. એય..! આહા..હા..! ભાઈ! તને ખબર નથી. એક સરખી જાતના.. સમજાણું કાંઈ?

આવું અસ્તિત્વ જ્ઞેયનું સ્વતઃ છે એમ સિદ્ધ કરે છે. બીજાના અસ્તિત્વને લઈને આનું અસ્તિત્વ છે એમ છે નહિ. આહા..હા..! કહો, આખી દુનિયા ઈશ્વરે ઉત્પન્ન કરી એ ના પાડે કે એમ નહિ. અમે આ સ્કંધને ઉત્પન્ન કર્યા. હા. શું કહેવાય તમારા મોટરના પાર્ટ. ભાગ-ભાગ કહેવાયને એ? જુદા જુદા ભાગો. એ આમ કર્યું ને તેમ કર્યું, સાંધી દીધું, ઢીંકણું કર્યું, આમ સાંધે તો આમ થઈ જાય... આમ થઈ જાય... આમ થઈ જાય... કેટલા પાર્ટને સરખાવે તો એકદમ ચાલે.

કહે છે કે કોઈ સંયોગી સમાનજાતિના રજકણો બેથી માંડીને અનંત સ્કંધના મહાપિંડ દેખાય તે, પૂર્વના પરમાણુઓની સરખી જાતના સમાનજાતની પર્યાયથી નાશ થાય છે અને એવી ને એવી સમાનજાતિવાળા ઘણા પરમાણુની પર્યાયપણે સંયોગી ઉત્પન્ન થાય છે. એ સંયોગીનું ઉત્પન્ન થવું પણ પરને લઈને નહિ એમ કહે છે. આહા..હા..! એક પરમાણુની પર્યાયનું ઉત્પન્ન થવું પણ પરને લઈને નથી, તો સંયોગી પરમાણુની પર્યાયનું ઉત્પન્ન થવું પણ પરને લઈને નથી. આહા..હા..! એમ સિદ્ધ કરે છે. આહા..હા..! શું વાત! સમજાણું કાંઈ?

'**આ પ્રમાણે પોતાથી (અર્થાત્ દ્રવ્યપણે)...**' નીચે ખુલાસો કર્યો કે દ્રવ્ય બે ઠેકાણે લેવું. સમજ્યાને? ધ્રુવને પણ દ્રવ્ય કહેવાય અને ત્રણેના સમુદાયને પણ દ્રવ્ય કહેવાય. '**મુખ્યપણે બે અર્થમાં વપરાય છે : (૧) એક તો, સામાન્યવિશેષના પિંડને...**' એટલે પ્રમાણના વિષયને. '**વસ્તુને દ્રવ્ય કહેવામાં આવે છે; જેમ કે—'દ્રવ્ય ઉત્પાદવ્યયધ્રૌવ્યસ્વરૂપ છે.' (૨) બીજું, વસ્તુના સામાન્ય અંશને પણ દ્રવ્ય કહેવામાં આવે છે; જેમ કે—'દ્રવ્યાર્થિક નય' અર્થાત્ સામાન્યઅંશગ્રાહી નય. જ્યાં જે અર્થ ઘટતો હોય ત્યાં તે અર્થ સમજવો.**' અહીં તો કહે છે, દરેક વસ્તુ ધ્રુવ અને દ્રવ્યપર્યાયો દ્વારા ઉત્પાદ-વ્યયરૂપ એવા દ્રવ્યો ઉત્પાદ-વ્યયસ્વરૂપ છે. એ દ્રવ્યો જ ઉત્પાદ-વ્યયસ્વરૂપ એમ સિદ્ધ કરવું છે. એ પોતાનાથી પૂર્વની અવસ્થાનો વિનષ્ટ, ઉત્પાદ અને ધ્રુવ, એ દ્રવ્ય પોતે જ પોતાના સ્વરૂપે આ રીતે વર્તે છે. ચાહે તો અનંત સ્કંધો હોય, આખી દુનિયા પડી હોય. એક આકાશના પ્રદેશમાં અનંતા સ્કંધ છે. એક આકાશના પ્રદેશમાં અનંતા સ્કંધ છે. એમાંથી અનંત સ્કંધનો પર્યાય પલટીને બીજા અનંત સ્કંધની પર્યાય વિશેષ ઉત્પન્ન થાય, તોપણ કહે છે કે એ એનો પોતાનો જે દ્રવ્યપર્યાય સ્વભાવ છે. એ દ્રવ્યપર્યાય સ્વભાવ સિદ્ધ કરવો છે અહીંયાં. સમજાણું કાંઈ? ક્યાં ક્યાં નિમિત્ત હતું? કોણે હલાવીને કટકા કર્યા? કોણે ત્યાં ભેગા કર્યા? અહીં કહે છે કે મેં ભેગા કર્યા તો ભેગું થયું. એ તારી ભ્રમણા છે એમ કહે છે. સમજાણું કાંઈ? ૧૦૩ થઈ. એ દ્રવ્યપર્યાય દ્વારા એ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એ બધા દ્રવ્યની જ પર્યાય છે, એ વસ્તુનો જ ભાવ છે, એ વસ્તુના જ ત્રણે ભાવ છે. હવે વસ્તુના ગુણપર્યાય પણ દ્રવ્યના જ ભાવ છે એમ સિદ્ધ કરશે.

'**હવે દ્રવ્યના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એકદ્રવ્યપર્યાય દ્વારા વિચારે છે :—**' એક દ્રવ્ય

એટલે એના જ ગુણપર્યાયો (દ્વારા) વિચારે છે એમ. ઓલું સમાન-અસમાનની વાત કરી. જે ૯૩માં હતી એને વિશેષ સ્પષ્ટ કરી અહીંયાં, આખી દુનિયા સાથે.

**परिणमदि सयं दव्वं गुणदो य गुणंतरं सदविसिट्ठं।**
**तम्हा गुणपज्जाया भणिया पुण दव्वमेव त्ति।।१०४।।**
**અવિશિષ્ટસત્ત્વ સ્વયં દરવ ગુણથી ગુણાંતર પરિણમે,**
**તેથી વળી દ્રવ્ય જ કહ્યા છે સર્વગુણપર્યાયને. ૧૦૪.**

એ ગુણપર્યાયને દ્રવ્ય કીધું છે એમ કહે છે. દ્રવ્યના જ ગુણપર્યાય બધા છે. આહા..હા..! કેટલી વાત કરે છે! હવે તો અહીં કહે છે કે ઓલો ગુણ પલટે છેને? એ ગુણ પલટે છે એ દ્રવ્ય જ પલટે છે. એ દ્રવ્યના જ ગુણપર્યાય છે. સમજાણું કાંઈ? એ દાખલો આપે છે, જુઓ!

‘**અન્વયાર્થ :- સત્તા-અપેક્ષાએ અવિશિષ્ટપણે,...**’ અભિન્નપણે. અન્વયાર્થ. સત્તા-અપેક્ષાએ, હોવા અપેક્ષાએ અભિન્નપણે ‘**દ્રવ્ય પોતે જ ગુણમાંથી ગુણાંતરે પરિણમે છે...**’ ખુલાસો નીચે કરશે. ‘**(અર્થાત્ દ્રવ્ય પોતે જ એક ગુણપર્યાયમાંથી અન્ય ગુણપર્યાયે પરિણમે છે અને તેની સત્તા ગુણપર્યાયોની સત્તા સાથે અવિશિષ્ટ—અભિન્ન—એક** જ રહે છે),...’ તેની સત્તા ગુણપર્યાયોની સત્તા સાથે એક રહે છે. ‘**તેથી વળી ગુણપર્યાયો દ્રવ્ય જ કહેવામાં આવે છે.**’ દાખલો આપીને સિદ્ધ કરશે.

‘ટીકા :- **ગુણપર્યાયો એકદ્રવ્યપર્યાયો છે,...**’ શું કહે છે? દરેક પદાર્થમાં જેટલા ગુણો છે એ ગુણોની જે પર્યાય થાય છે તે દ્રવ્યપર્યાય જ છે. રાતાનું લીલું થવું એ ગુણ છે, પણ ગુણનું ગુણપણું છે એ રાતાની અવસ્થા લીલી થઈ એ દ્રવ્ય જ એ રીતે થયું છે. એ દ્રવ્યના જ ગુણપર્યાયો છે. ગુણ જુદો છે અને આ ગુણનું ગુણાંતર થાય છે એમ નથી. અભ્યાસ થોડો કરે તો આ સમજાય એવું છે, ભાઈ! એમાં દરેકમાં વિશિષ્ટતા છે દરેક વાતની હોં! ભિન્ન-ભિન્નતા ગાથા દીઠ છે. એમ નહિ કે એની એ વાત છે. એમ નથી. સામાન્યજનને એવું ને એવું લાગ્યા કરે. આંખ સાધારણ હોયને તો એવો ને એવો રંગ લાગ્યા કરે પણ જીર્ણ થાય છે એની ખબર પડે નહિ. આ નવું નવું છે એની ખબર ન પડે સામાન્યવાળાને નવી-નવી વાત કરે છે.

‘**ગુણપર્યાયો...**’ એટલે આત્માના ગુણની દશાઓ કે પરમાણુના રંગ, ગંધ આદિ અવસ્થાઓ તે એક દ્રવ્યપર્યાયો છે. તે એક દ્રવ્યની જ અવસ્થાઓ છે. સમજાણું કાંઈ? જુદી જુદી નથી. ‘**કારણ કે ગુણપર્યાયોને એકદ્રવ્યપણું છે...**’ એ ગુણની અવસ્થાને એકવસ્તુપણું છે, અનેકપણું નથી. ‘**(અર્થાત્ ગુણપર્યાયો એક દ્રવ્યના જ પર્યાયો છે કારણ કે તેઓ એક જ દ્રવ્ય છે—ભિન્ન ભિન્ન દ્રવ્યો નથી). તેમનું એક દ્રવ્યપણું...**’ દાખલો હવે આપે છે જુઓ! ‘**આમ્રફળની માફક છે.**’ એ આંબો કેરી-કેરી. ‘**(તે આ**

**પ્રમાણે :) જેમ આમ્રફળ...**' એ આંબાનું ફળ કેરી '**પોતે જ હરિતભાવમાંથી પીતભાવે પરિણમતું થકું,...**' એ કેરી વસ્તુ કહેવાય અને હરિતભાવમાંથી પીતપણું એ ગુણની પર્યાય કહેવાય. આ કેરી જ પોતે લીલા રંગમાંથી... પહેલી લીલી હોય છેને, પીળી થાયને પછી. '**પીતભાવે પરિણમતું થકું, પહેલાં અને પછી પ્રવર્તતા એવા હરિતભાવ અને પીતભાવ વડે પોતાની સત્તા અનુભવતો હોવાને લીધે,...**' એ તો પોતાની સત્તા દ્રવ્યની છે. કેરીની સત્તા છે. '**લીલોભાવ, લીલી અવસ્થા, લીલાપણું, પીતભાવ, પીળોભાવ, પીળીદશા. પહેલાં કેરીની લીલી અવસ્થા હોય છે, પછી પીળી થાય છે.**' છેને? એવા હરિતભાવ લીલી અવસ્થા છે, પછી પીતભાવ પીળી થાય છે. એ પોતાની સત્તા પોતાની હોવાપણાને અનુભવતું. પોતાનું હોવાપણું બીજું થઈ જાય છે એમ નથી. લીલીની પીળી થઈ એનું હોવાપણું બીજું થઈ જાય છે એમ નથી. ભારે ભાઈ! દ્રવ્ય તો એ ઠીક એ નહિ. આ તો ગુણપર્યાય પલટ્યો માટે સત્તા ભિન્ન છે એમ નથી. ગુણપર્યાય પલટી એ સત્તા દ્રવ્યની જ ગુણપર્યાય પલટી છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**હરિતભાવ અને પીતભાવની સાથે અવિશિષ્ટસત્તાવાળું હોવાથી...**' લ્યો! અભિન્ન સત્તાવાળું, એક જ સત્તાવાળું. કેરીની સત્તા લીલા અને પીળા ભાવની સત્તાથી જુદી નથી. કેરીનું હોવાપણું લીલા અને પીળા ભાવના હોવાપણાથી જુદું નથી. અભિન્ન છે. તેથી કેરી અને લીલો ભાવ, પીળો ભાવ એક જ વસ્તુ છે. ભિન્ન ભિન્ન વસ્તુ નથી. જુઓને ક્યાં નાખ્યું છે! અમારે ઓલા કહેતા કે એક સમયનો પર્યાય લીલો હોય... સમજાણું? અને બીજે સમયે જો કાળો થઈ જાય તો દ્રવ્ય જ બીજું થઈ ગયું. ભાઈ! એમ કહેતા. કાંઈ ખબર ન મળે. દ્રવ્ય-ગુણ-પર્યાયની કાંઈ ખબર ન મળે. સમજાણું કાંઈ? એક વસ્તુ છે પરમાણુ, એ પરમાણુમાં જો ધોળો રંગ હોય એક સમયનો, તો બીજે સમયે જો બે ગુણ ધોળો થઈ જાય, કે બીજે સમયે જો લીલો થઈ જાય. દ્રવ્ય ક્યાં રહ્યું? દ્રવ્ય જ નાશ થઈ ગયું. એમ કહેતા હતા. કાંઈ ખબર ન મળે. એ તો ગુણની પર્યાય પલટી છે. એમાં દ્રવ્ય બીજું ક્યાં થઈ ગયું છે? આહા..હા..! સમજાણું કાંઈ?

અરે..! વીતરાગી મુનિઓએ જંગલમાં રહીને આવી ટીકા (કરી). એ અમૃતના અનુભવનારા સંતોને આ એક વિકલ્પ ઉઠ્યો અને આ ટીકા બની ગઈ. જુઓ તો ખરા! એ કાંઈ નિરર્થક નવરા નહોતા. આહા..હા..! ભાઈ! જ્ઞેય એટલે જ્ઞાનમાં જણાવાયોગ્ય વસ્તુ, જે ગુણાંતરરૂપે થાય છે એ દ્રવ્ય જ એ રૂપે થાય છે. દ્રવ્ય જુદું રહી જાય છે અને ગુણાંતર બીજી અવસ્થા લીલાની પીળી થઈ એમ નથી એમ કહે છે મૂળ તો. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આમાં લૂખું લસ લાગેને. એટલે માણસ ભેગા થાય અને એક વાર્તા જો કરે સરખી. એક રાવણ હતો અને પછી એને માર્યો રામે અને લીધી લંકા, લાવ્યા સીતાને ઘરે. હા, ઈ વાત સમજાય કહે છે. કહો, સમજાણું કાંઈ? કહે છે કે સીતાના શરીરના પરમાણુઓ અને એનો

આત્મા, એ જે પર્યાય પલટે છે, લંકામાં હતો અને જ્યારે આવી અયોધ્યા તો એની પર્યાય પલટી એ એને કારણે પલટી છે. રામ તેને લાવ્યા નથી અને રામે તેને રાખી નથી એમ કહે છે અહીં તો. કહો, જગજીવનભાઈ!

કહે છે, '**અન્ય વસ્તુ નથી;...**' એક લીલામાંથી પીળી થઈ એ પોતાની સત્તાથી અભિન્ન રહીને તે થઈ છે. ભિન્ન સત્તા થઈ ગઈ છે કે ઓહો..હો..! લીલીની પીળી, લીલીની પીળી! આખી વસ્તુ બદલી ગઈ. વસ્તુ બદલી નથી. વસ્તુ તો એની છે. એના ગુણનો પર્યાય બદલ્યો છે. એ ગુણપર્યાય તે દ્રવ્યના છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વહેંચણી પણ. આખો રંગ બદલી ગયોને. લીલાનો પીળો થઈ ગયોને. એ તો ગુણની પર્યાય બદલી છે, એ કાંઈ દ્રવ્ય બીજું થઈ ગયું છે?

મુમુક્ષુ :- બીજી કેરી થઈ ગઈ?

ઉત્તર :- હા, કહે, તો બીજી થઈ જાય. પોકાર કરતા હતા ખૂબ. અમારા ગુલાબચંદજી એની સાથે. ગુલાબચંદજી કહે, ના એમ ન હોય હોં! દ્રવ્ય છે એ પોતાની પર્યાયે પલટે. પલટે તો છતાં દ્રવ્ય તો રહે એવુંને એવું. એવું ને એવું એટલું લાંબુ નહોતું, પણ દ્રવ્ય પોતે પલટે એમ. લીલીની પીળી થાતી. એમ કે આ થાય. એથી કાંઈ નાશ થઈ જતો નથી. એમ ચાલ્યું હતું બહુ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કહે, દેખોને ક્યાં લીલો રંગ અને ક્યાં પીળો! વસ્તુ જ ગઈને? વસ્તુ આખી વઈ ગઈ કે નહિ? ચાલી ગઈ કે નહિ? વસ્તુ કા અભાવ હોકર દૂસરી વસ્તુ હુઈ કિ નહીં? વહી વસ્તુ કા ગુણ, એ વસ્તુનો ગુણ પહેલી પર્યાયપણે હતો તે બીજી પર્યાયપણે થયો તે ગુણ થયો એ દ્રવ્યનો જ એક ભાગ છે. ગુણની સત્તા અને દ્રવ્યની સત્તા જુદી નથી એમ સિદ્ધ કરવું છે. એક વાત (કે) એક જ પદાર્થ છે. આહા..હા..! ભારે ભાઈ!

મુમુક્ષુ :- ગુણ બદલ્યો એ પર્યાય...

ઉત્તર :- એ તો ગુણ બદલ્યો દ્રવ્ય પોતે બદલ્યું છે. દ્રવ્ય બદલ્યું માટે ગુણ બદલ્યો એમ કહે છે ત્યાં. સમજાણું? હજી પછી કહેશેને છઠ્ઠામાં, નહિ? એમ કે ગુણ બદલે છે કે દ્રવ્ય? દ્રવ્ય બદલે માટે ગુણ બદલે છે, કાંઈ ગુણ જુદો બદલે છે એમ નથી. આહા..હા..!

એક આત્મા એમ કે મનુષ્યપણે હોય આમ ચક્રવર્તની પર્યાયપણે. એ જ્યાં સાતમી નરકે ગયો બ્રહ્મદત્ત લ્યો! ત્યાં પર્યાય ગઈ ગુણની પર્યાય પલટી વિકલ્પ થયો બીજી જાતનો. તો દ્રવ્ય પલટ્યું? કે દ્રવ્યનું જુદાપણું રહ્યું અને આ થયું? ના, એ ગુણનો પર્યાય તે દ્રવ્યનો જ પર્યાય છે. આહા..હા..! અહીં જુઓ તો બાદશાહ મોટો જાણે ભાવમાં હોં! બહારની વાત નથી. જ્યાં (મર્યો) ત્યાં રવ-રવ નરકમાં. શરીર જુદું, આત્માની પર્યાય જુદી, ભાવ જુદો થઈ ગયો. ઓહો..! સમજાણું કાંઈ? અહીં શરીરની અવસ્થા જુદી, ચક્રવર્તીનું શરીર

અને એના આત્માની પર્યાયમાં હું ચક્રવર્તી છું, આવા પુણ્ય આદિનો ભાવ. એ પલટતા એની અવસ્થા પલટી ગુણની ત્યાં જઈને એ ગુણની અવસ્થા બદલી એટલે કાંઈ દ્રવ્ય બીજું થઈ ગયું છે? દ્રવ્ય, ગુણની સત્તાથી અભિન્ન છે તેથી તે ગુણ પલટતા પોતે દ્રવ્ય જ એ રીતે થયું છે. એ સત્તાથી જુદું દ્રવ્ય છે નહિ. આહા..હા..! બહુ વાત ઓલી. સમજાણું કાંઈ?

ભાઈ! હવે અમને ધર્મ થાય એ કહોને, આવી વાત કરતા. એ જ કહે છે. સમજાણું? તને એમ થઈ જાય કે અંદરમાં અજ્ઞાન ટળીને જ્ઞાન થાય તો આખું દ્રવ્ય વયુ ગયું? આ તે શું થયું આ? એમ નથી. એમ કહે છે. તારો ગુણ શાંત વીતરાગભાવ હતો, એ રાગપણે થતો એ રાગનો નાશ થઈને વીતરાગભાવે થયો એ ગુણની સત્તા, દ્રવ્યની સત્તા છે. દ્રવ્ય એ રીતે પરિણમ્યું છે. એકદમ વીતરાગદશા (થઈ) માટે કોઈ દ્રવ્ય બીજું થઈ ગયું એમ નથી. શાંત.... શાંત... શાંત... શાંતરસ થયો. અકષાય શાંત. જે કષાયભાવ હતો તે નષ્ટ થઈ ચારિત્રગુણનો. શું કીધું? આત્મા એનો ચારિત્રગુણ. એ ચારિત્રગુણનો કષાયભાવનો પર્યાય હતો એ અકષાયભાવે થયો, અકષાયભાવે થયો એ ગુણનું પરિણમન તે દ્રવ્યનું જ પરિણમન છે. એ જીવ જ એ રીતે થયો છે. જીવ બીજો થઈ ગયો છે એમ નથી. આહા..હા..! પલટી ન ગયો? કહે છે. આ તો માણસ બદલી જ ગયો. એમ નથી કહેતા? એલા માણસ જ, પણ માણસની પર્યાય બદલી છે, દ્રવ્ય બદલ્યું નથી. દ્રવ્ય બદલ્યું નથી એટલે? અનેરું દ્રવ્ય નથી થઈ ગયું ઈ. એમ કહે છે.

એકવાર ક્રોધી... ક્રોધી... ક્રોધી... ક્રોધી... ક્રોધી... ધમધમાટ (કરતો હોય). જ્યાં બીજે ક્ષણે ક્રોધનો નાશ થઈને શાંત... શાંત... શાંત... (થઈ જાય). સમજાણું કાંઈ? કહે છે કે એ ચારિત્રગુણનો પહેલો પર્યાય કષાયપણે (હતો) અને બીજો પર્યાય અકષાયપણે (થયો) એ કોનો છે? એ ગુણની સત્તાવાળા દ્રવ્યનો જ એ છે. આહા..હા..! દ્રવ્ય બીજું નથી થઈ ગયું. દ્રવ્ય તો એનું એ છે. પર્યાયે બીજું દેખાય છે. પર્યાયે બીજું દેખાતા જાણે કે આત્મા જ બીજો આવ્યો હશે અંદરથી? આ શાંતરસના પરિણમનવાળો બીજો જ કોઈ આત્મા આવ્યો હશે અંદરથી? અકષાયના પરિણમનવાળો બીજો જ કોઈ દ્રવ્ય હશે? એમ નથી. સમજાણું કાંઈ? એ કષાયની પરિણતિની પર્યાયનો વ્યય થઈ, ગુણની પર્યાય છેને એ? અકષાય પર્યાયની ઉત્પત્તિ (થઈ) એ તો પોતાના ચારિત્રગુણની પરિણતિ એ દ્રવ્યની જ (પરિણતિ છે), પણ દ્રવ્ય કાંઈ આત્મા બીજો થઈ ગયો છે એમ નથી. આહા..હા..! એ તો અવસ્થા બીજી થઈ છે એમ અહીં સિદ્ધ કરવું છે. એકદમ રૂપ બદલી જાય આખું. ઓહો..હો..!

સિંહ જે ક્રૂર હોય. લ્યો! સમજાણું કાંઈ? ભગવાનના સમવસરણમાં આવે. શું થયું આ? આત્મા બીજો થઈ ગયો? ના. એના ગુણનો પર્યાય પહેલો શુભ રાગાદિથી ... હતો, મંદ રાગાદિરૂપે થયો, તો એ ગુણની પર્યાય પલટતા દ્રવ્ય તો એનું એ છે. એનો એ આત્મા ત્યાં છે. એલા પણ કાલે તો બહાર તો આવો ભાળ્યો હતો, અહીં તો આમ (શાંત દેખાય

છે). સમજાણું કાંઈ? એ દ્રવ્યની પર્યાય, ગુણની પર્યાય તે દ્રવ્યની જ પર્યાય છે એમ સિદ્ધ કરવું છે અહીં. ગુણના ઉત્પાદ-વ્યય-ધ્રુવ તે દ્રવ્યના જ ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! ભારે વાત ભાઈ! મૂળ વસ્તુ છે ઈ.

**'દ્રવ્ય પોતે જ પૂર્વ અવસ્થાએ અવસ્થિત ગુણમાંથી...'** દેખો! જોયું! **'અવિશિષ્ટસત્તાવાળું હોવાથી એક જ વસ્તુ છે, અન્ય વસ્તુ નથી;...'** તેમ દ્રવ્ય નામ વસ્તુ **'પોતે જ પૂર્વ અવસ્થાએ અવસ્થિત ગુણમાંથી...'** જુઓ! ખુલાસો કર્યો નીચે. બગડો. **'પૂર્વ અવસ્થાએ અવસ્થિત ગુણ = પહેલાની અવસ્થામાં રહેલો ગુણ; ગુણનો પૂર્વ પર્યાય; પૂર્વ ગુણપર્યાય.'** એમ. **'પૂર્વ અવસ્થાએ અવસ્થિત ગુણમાંથી...'** જેમ લીલા ગુણમાંથી **'ઉત્તર અવસ્થાએ...'** પીળી અવસ્થાએ-ગુણે પરિણમતું થકું. **'પૂર્વ અને ઉત્તર અવસ્થાએ અવસ્થિત તે ગુણો વડે પોતાની સત્તા અનુભવતું હોવો લીધે, પૂર્વ અને ઉત્તર અવસ્થાએ અવસ્થિત ગુણો સાથે અવિશિષ્ટસત્તાવાળું હોવાથી એક જ દ્રવ્ય છે,...'** દ્રવ્ય તો એનું એ છે. દ્રવ્યાંતર કાંઈ થઈ ગયું નથી. શાંત... શાંત... શાંત... શાંત... વીતરાગભાવે થઈ દશા, કષાયભાવે હતી, માટે દ્રવ્ય જ બીજું થઈ ગયું છે. આ તો કોઈ આત્મા જ બીજો થઈ ગયો. આત્મા બીજો થયો નથી કહે છે, આત્મા તો એનો એ છે એમ કહે છે. સમજાણું કાંઈ? ક્યાં એક નિગોદની દશા અને ક્યાં આઠ વર્ષે નીકળીને સિદ્ધની દશા! દશા પલટી ગુણની પર્યાય પલટી છે, એ કાંઈ દ્રવ્ય બીજું થઈ ગયું છે એમ નથી અને અનેરું કોઈ દ્રવ્ય એમાંથી આવ્યું (એમ નથી). સમજાણું?

એમ કહેતા હતા લ્યો અમારે. એમ કે દૂધ છે એ દૂધમાંથી આ દહીં થયુંને ખાટું. એ શું થયું? કે જે ખાટી પર્યાયવાળા પરમાણુ જે અંદર હતા એ બહાર આવ્યા. દૂધની પર્યાય પરિણમીને ખાટી થઈ છે એમ છે નહિ. જો એમ હોય તો દ્રવ્યનો નાશ થઈ જાય એમ કહે છે. એમ કહેતા લ્યો. એય..! ખીમચંદભાઈ! એ તો નાના અન્ય બધા. મોટા તમારા ગુરુ એ બધા હતા. ધીરૂભાઈ! આહા..હા..! ઐસા કહતે થે કિ દૂધ હૈ ન દૂધ? દૂધ મેં છાછ પડતી હૈ ન, મઠ્ઠા. પીછે જો ખટ્ટી પર્યાય હોતી હૈ વહ દૂધ પરમાણુકી પર્યાય પલટકર ખટ્ટી નહીં હુઈ, પરંતુ અંદર મેં ખટ્ટી પર્યાયવાલા પરમાણુ થા વહ બાહર આયા. આ તો દ્રવ્ય પલટી જાય એમ કહેતા હતા હોં ભાઈ! ભારે વાત કરતા હતા. અરર..! એક ગુણનો અનંત, બે ગુણ થઈ જાય? લીલાનો પીળો થઈ જાય? આહા..હા..! દ્રવ્યનો નાશ થઈ જાય. એ માટે કહ્યું છે આ. જગતમાં એવા માનનારા છેને. એ એક ક્યાં હતા, અનાદિના માનનારા છે. સમજાણું કાંઈ? એ દ્રવ્ય બીજું થઈ ગયું નથી. એ તો ગુણની પર્યાય પલટે તે દ્રવ્યની જ પર્યાય પલટી છે. દ્રવ્ય કાંઈ અનેરું થઈ જાય એમ નથી. એવું જ જ્ઞેયનું, દ્રવ્યનું, ચૈતન્યનું, જડનું સ્વયંસિદ્ધ આવું સ્વરૂપ છે. એવું એણે જ્ઞાનમાં નક્કી કરવું પડશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**નોંધ : પ્રવચન-૧૦૮ ઉપલબ્ધ નથી.**

**પોષ સુદ ૯, શનિવાર, તા. ૨૮.૧૨.૧૯૬૮**
**ગાથા-૧૦૫-૧૦૬, પ્રવચન-૧૦૯**

આ પ્રવચનસાર. ૧૦૫ ગાથા, જ્ઞેયતત્ત્વ અધિકાર. સત્તા અને દ્રવ્ય એક છે એ અહીં સિદ્ધ કરે છે. ગુણ જુદો હતો અને ગુણી સાથે જોડાણો ત્યારે ગુણી ગુણરૂપ થયો એમ નથી. સમજાણું કાંઈ? કારણ કે એકલું દ્રવ્ય છે એમાંથી આ ગુણની પર્યાય તો દેખાતી નથી ઝાઝી. આત્માની આત્માની લ્યોને અહીંયાં. તો એ કોઈ ગુણ જુદો હોય અને અંદર ચોંટે ત્યારે ગુણની પર્યાય વિશેષ દેખાય, એમ નથી. એ દ્રવ્ય જ પોતે ગુણસ્વરૂપ જ છે એમ સિદ્ધ કરવું છે અહીં. સમજાણું કાંઈ? સત્તાની વાત લીધી છે. વસ્તુ પોતે ગુણસ્વરૂપ જ છે. ગુણ જુદો છે અને ગુણી જુદો છે તેથી ગુણીમાં ગુણની દશા વિશેષ દેખાતી નથી અને જ્યારે ગુણ એના દ્રવ્ય સાથે જોડાય ત્યારે ગુણ વિશેષપણે દેખાય, માટે ગુણ જુદો છે એમ કોઈ કહેતું હોય તો એમ નથી. ન્યાય સમજાય છે કાંઈ? એ સત્તાની સાથે વાત કરી છે જુઓ.

કહે છે કે જો સ્વરૂપથી જ, પોતાથી જ દ્રવ્ય સત્ ન હોય... પહેલા ટીકાથી ઉપાડ્યું છેને? એ આવી ગયું છે એની વાત લેવાય છે. જે વસ્તુ છે એ પોતાથી જ હોવાપણે ન હોય તો વસ્તુ પોતે અસત્ ઠરે. સમજાણું કાંઈ? અને અસત્ હોય તે હોઈ શકે નહિ. વસ્તુ જ ન હોઈ શકે. બીજું, જો એ વસ્તુથી ગુણ જુદો હોય, સત્તા ગુણ જુદો હોય તો સત્તાથી જે દ્રવ્યને સિદ્ધ કરવું છે એવું જે સત્તાનું કામ એ તો સિદ્ધ થતું નથી. તો દ્રવ્ય ન રહે તેનો ગુણ પણ રહેતો નથી. આ બધા ન્યાય મૂક્યા છે. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? કહે તો પાછો બોલવામાં જવાબ આપવો પડશે કે નહિ? કોણ આપે? પોપટભાઈ આપે? નહિ. બોલ્યા જ નથી, ઈ જ કહું છું.

વસ્તુ છે જુઓ આ એક વસ્તુ. સમજાય છે? હવે એનામાં જે આ સુગંધ ગુણ છે એ ગુણ જુદો હતો અને આ વસ્તુ જુદી છે. જો એમ ઠરે તો એ સુગંધવાળું તત્ત્વ જ સિદ્ધ થતું નથી. એ વસ્તુ જ અસત્ ઠરે છે, સુગંધ વિનાની ચીજ જ અસત્ ઠરે છે. સમજાણું કાંઈ? અને સુગંધ જો એની સાથે જોડાણ ન હોય અને વસ્તુથી સુગંધ જ જુદી હોય, ઓલું સુગંધથી દ્રવ્ય જુદું, હવે દ્રવ્યથી સુગંધ જ જુદી હોય તો સુગંધનું જે કાર્ય

છે કે સુગંધપણું આને સિદ્ધ કરવું એ રહેતું નથી. તો સુગંધ પણ નિરર્થક જાય છે. સુમનભાઈ! ન્યાય છે કે નહિ આ લોજિકથી? તમે તો કરી શકો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગુણ નથી રહેતો એમ. દ્રવ્ય છે એ જો સત્તાવાળું ન હોય તો સત્ રહેતું નથી. દ્રવ્ય છે એ સત્તાવાળું, હોવાવાળા ગુણવાળું ન હોય તો સત્ રહેતું નથી. અસત્ થઈ જાય છે. અને દ્રવ્ય છે એનાથી સત્તા જુદી રહે તો સત્તા જુદીથી જે આ દ્રવ્યને સત્તા છે એવું સિદ્ધ કરવું છે એ જુદીથી સિદ્ધ થયું નહિ. એ સત્તા જ નિરર્થક જાય છે. સમજાણું કાંઈ?

'**પરંતુ જો દ્રવ્ય સ્વરૂપથી જ સત્ હોય...**' બીજો પેરેગ્રાફ. એ મણિભાઈને ન આવડે ઝટ. પણ આ બીજાને ન આવડે? મણિભાઈ! બોલતા ન આવડે. સમજાણું કાંઈ? '**પરંતુ જો...**' આત્મા કે પરમાણુ પોતે દ્રવ્ય પોતાના સ્વરૂપથી જ હોય. '**સ્વરૂપથી જ સત્ હોય...**' વસ્તુથી જ હોવાપણે હોય, વસ્તુથી જ હોવાપણે હોય '**તો ધ્રૌવ્યના સદ્‌ભાવને લીધે...**' તો તેના ધ્રુવપણાના સત્તાના સદ્‌ભાવને લીધે '**પોતે ટકતું થકું,...**' દ્રવ્ય પોતે રહેતું થકું '**દ્રવ્ય સિદ્ધ થાય છે...**' પ્રાણભાઈ! ન્યાયથી આ વાત છે બધી. ઓલા લોજિક ત્યાંના શીખે છેને લૌકિકના ખોટેખોટા ગપ્પા. આ તો અંદર તત્ત્વની વાત છે આ.

'**જો દ્રવ્ય સ્વરૂપથી જ સત્ હોય તો ધ્રૌવ્યના સદ્‌ભાવને લીધે...**' એટલે ટકવાના સદ્‌ભાવને લીધે '**પોતે ટકતું થકું...**' દ્રવ્ય એટલે છે દ્રવ્ય એમ સિદ્ધ થાય છે. '**ઉદિત થાય છે...**' એટલે પ્રગટ થાય છે એટલે છે એમ સિદ્ધ થાય છે. '**સત્તાથી અપૃથક્ રહીને પોતે ટકતું થકું,...**' શું કહે છે? બીજો બોલ. સત્તાથી (નહિ) જુદું રહીને દ્રવ્ય ટકતું થકું. અપૃથક્ એટલે જુદો નહિ રહીને ટકતું થકું. જુદું રહીને ટકે તો તો સત્ જ ન રહે. સત્તાથી દ્રવ્ય જુદું ન રહીને ટકતું થકું. '**એટલું જ માત્ર જેનું પ્રયોજન છે એવી સત્તાને ઉદિત કરે છે (અર્થાત્ સિદ્ધ કરે છે).**' સત્તાથી જુદું નહિ રહીને. કોણ? દ્રવ્ય. સત્તાથી જુદું નહિ રહીને ટકતું થકું, એટલું સત્તાનું પ્રયોજન હતું કે જે વસ્તુને 'છે' એમ સિદ્ધ કરવી પહેલી અને પછી સત્તા છે એમ સિદ્ધ કરવી. સત્તાએ દ્રવ્યને સિદ્ધ કર્યું, તો સત્તાનું પ્રયોજન દ્રવ્ય છે એમ સિદ્ધ થાય છે. એવી સત્તાને સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? ભારે ભાષા ભાઈ! આ વેપારીને જાણે એવું લાગે કે આ શું છે બધું? ભગવાનજીભાઈ! આવા લોજિક બધા ન્યાં તો આવ્યા હોય થોડા, વિલાયત ભણતા હોય... ફલાણું ને ઢીકણું.

એમ કહ્યું કે વસ્તુ પોતે જ જો છે તો પોતે સત્‌થી છે અને એથી દ્રવ્ય સિદ્ધ થાય છે. અને સત્તાથી જુદી નથી તેથી સત્તાનું પ્રયોજન પણ સિદ્ધ થાય છે કે દ્રવ્ય સત્તાથી છે. સમજાણું કાંઈ? એમ કહીને એમ કહે છે કે એ દ્રવ્ય પરથી નથી. સ્વની સત્તાથી છે અને એ સત્તાનું પ્રયોજન દ્રવ્યને સત્તા સિદ્ધ કરે છે. પરને લઈને દ્રવ્ય સિદ્ધ થાય છે,

પરને લઈને દ્રવ્ય સિદ્ધ થાય છે એમ નથી. સમજાણું કાંઈ? એ ટીકામાં નાખ્યું છે. બૌદ્ધ મતવાળા કહે છે કે સિદ્ધની પર્યાય છે, પણ દ્રવ્ય ઉપચારે છે. દ્રવ્ય ઉપચારે છે લખ્યું છેને. વસ્તુ છે તે વાસ્તવિક નથી, પર્યાય છે તે વાસ્તવિક છે. બૌદ્ધનો એ મત છે કે અવસ્થા તે વાસ્તવિક અસ્તિ છે, પણ વસ્તુ છે તે તો ઉપચારિક છે એટલે ખરેખર નથી. છે એમાં? છે અંદર જુઓ! 'સિદ્ધ પર્યાય .. અભાવે તો તો પછી સિદ્ધ પર્યાયનું ઉપાદાન કારણ દ્રવ્ય, એ દ્રવ્યના અભાવે સિદ્ધપર્યાય સત્તાએ ન સંભવતી.' તો સિદ્ધની પર્યાય સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ?

કેટલાક કહે છે, એવો મત છે કે પર્યાય અવસ્થા છે. પણ અવસ્થાને ધરનાર દ્રવ્ય નથી, વસ્તુ નથી. વસ્તુ તો ઉપચારથી કહેવામાં આવે છે. બાકી ખરેખર તો અવસ્થા તે જ વસ્તુ છે. સમજાણું કાંઈ? પર્યાયદષ્ટિવાળાને, વર્તમાન અવસ્થા દષ્ટિવાળાને અવસ્થા છે એમ બેસે છે, પણ અવસ્થાનો ધરનાર ત્રિકાળ છે એ વાત અમને બેસતી નથી. એ તો ઉપચારે હશે, ધ્રુવ હશે, ઉપચારે. વાસ્તવિક નહિ. કારણ કે લક્ષમાં પર્યાય આવે છેને અવસ્થા. વસ્તુ તો લક્ષમાં આવતી નથી. સત્તા એની ઉપર તો નજર ગઈ નથી. એટલે એની અવસ્થા જે વર્તમાન છે એ છે, એ ખરી પણ એ અવસ્થા વસ્તુ જે આખી છે એમ જે કહો તો ઉપચાર થાય છે, આરોપિત છે, ખરેખર વસ્તુ નથી. કારણ કે વસ્તુ હોય અંદર તો અમને જણાવી જોઈએને? ત્યારે એનો ઉત્તર કહે છે કે, ભાઈ! સિદ્ધપર્યાય જે છે અથવા કોઈપણ પર્યાય છે, કોઈપણ અવસ્થા છે એનું મૂળ ઉપાદાન કારણ ધ્રુવ ન હોય તો એ વિના પર્યાય આવી ક્યાંથી? સમજાણું કાંઈ?

કેવળજ્ઞાનની પર્યાય છે એમ કહ્યું માણસે. ભાઈ આ છે, પર્યાય છે. પણ પર્યાયનું કારણ જે દ્રવ્ય છે એ તો વાસ્તવિક નથી. કારણ કે એ કાંઈ દેખાતું નથી. દેખાતું નથી એટલે ખરેખર દ્રવ્ય નથી. ખરેખર તો અવસ્થા અંશ છે એ જ વસ્તુ છે. એમ માનનારને કહે છે કે અવસ્થા વર્તમાન છે એનું મૂળ કારણ જે છે ત્રિકાળી ધ્રુવ વસ્તુ, એના અભાવે અવસ્થા સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ? આમાં નૈયાયિકની વાત નાખી છે. છે ખરી સત્તા, પણ વસ્તુથી જુદી છે. સત્તા છે, ગુણ છે, પણ ગુણીથી જુદો છે. એ જુદો છે એ જ્યારે જોડાય છે દ્રવ્ય સાથે ત્યારે તે સત્તાવાન, ગુણવાન દ્રવ્ય થાય છે એમ કહે છે.

જુઓ! ઓલામાં દાખલો આપ્યો છે જુઓ! વૃક્ષ અભાવે ફળ ગયું. બૌદ્ધમાં. વૃક્ષ નથી અને ફળ છે એ ક્યાંથી લાવ્યો? પર્યાય છે અને દ્રવ્ય નથી તો ક્યાંથી લાવ્યો પર્યાય? ઝાડ નથી અને ફળ છે, અવસ્થા છે અને વસ્તુ નથી. તો વસ્તુ ઝાડ છે અને પર્યાય તેનું ફળ છે. વૃક્ષ વિના ફળ ન હોય, એમ ત્રિકાળી દ્રવ્ય વિના પર્યાય હોય નહિ. ભારે વાતું ભાઈ આ. આવું કાંઈ ચોપડામાં આવે નહિ. આવે ક્યાંય તમારે? યાદ પણ રહેવું મુશ્કેલ પડે છે. રાતે પૂછે તો હેં. હેં.. થઈ જાય. ઝટ જવાબ પણ નથી આપતા. સમજાણું કાંઈ?

આ તો સાદી ભાષાથી તો ચાલે છે વાત.

પછી નૈયાયિક એમ કહે છે કે વસ્તુ છે, પણ એનો સત્તા નામનો ગુણ જુદો છે, હોવાવાળો ગુણ જુદો છે. વસ્તુ છે, પણ જ્ઞાનગુણ છે એ જુદો છે. કેમકે જુદો ન હોય તો એમાંથી જ્ઞાનનું જોડાણ થાય ત્યારે જ્ઞાનપર્યાય પ્રગટ થાય છે. કેમ અત્યારે નવી જ્ઞાનની વિશેષ દશા દેખાતી નથી? કે એ ગુણ ને ગુણીનો સમવાય સંબંધ થાય છે ત્યારે વિશેષ દશા દેખાય છે. સમજાણું કાંઈ? એ તારી વાત ખોટી છે. સમજાણું કાંઈ? સત્તા સમવાય .. એ છે સત્તા એના પહેલાનું દ્રવ્ય તે છે કે નથી? જો છે તો સત્તા સંબંધ થઈ ગયો. જુદી સત્તા હતી અને દ્રવ્યને સંબંધ થાય ત્યારે સત્તા છે, ગુણ જુદો હતો અને ગુણી સાથે જોડાય ત્યારે ગુણી કહેવાય છે. તો ગુણી ચીજ છે કે નહિ? ગુણ જુદો એમ કહે તો ગુણી ગુણરૂપ છે કે નહિ? ગુણી છે કે નહિ? ગુણી છે તો સત્ થઈ ગયું. એ ગુણની સાથે સંબંધ અનાદિ છે. કાંઈ નવો સંબંધ છે એમ છે નહિ. કહો, સુરેન્દ્રકુમાર! ન્યાયથી વાત કરે છે આ. આહા..હા..! કહો, જગજીવનભાઈ! સમજાય છે કે નહિ? આ બધા વેપારીઓને આ બેસે કે નહિ? કે ન્યાય લોજિકથી આ બધા ભણેલા હોય એને જ બેસતું હશે? મગનભાઈ! શું આ બધું બેસે? રાતે પૂછે તો એં.. એં.. થઈ જાય લ્યો! એય..! વજુભાઈ! ત્યાં પલાખા કરવા હોય ઓલા હાથ જોડજો, આ કરજો, ફલાણું કરજો.

અહીં કહે છે કે જોડાણ કોનું કરવું છે તારે? ગુણ જુદો અને ગુણી જુદો એનું જોડાણ કરવું છે? તો ગુણ વિના એ ગુણી નહોતો? તો ગુણી હતો તો થઈ ગયો, ગુણવાળો થઈ ગયો. સમજાણું કાંઈ? અને ગુણ જુદો રહ્યો તો ગુણનું કાર્ય તો એ છે કે ગુણી એને કરવું, ગુણી એને સિદ્ધ કરવું એ. ગુણ જુદો રહ્યો તો ગુણી સિદ્ધ થયું નહિ. તો ગુણ જ નિરર્થક જાય છે. એ સત્તાની દલીલ એ ગુણ ગુણીની દલીલ છે એ બધી. સમજાણું કાંઈ?

'**માટે દ્રવ્ય પોતે જ સત્ત્વ (સત્તા) છે...**' વસ્તુ પોતે જ ગુણરૂપ છે, વસ્તુ જ હોવાપણાના ગુણવાળી છે, ગુણી જ ગુણવાળી છે, ગુણસ્વભાવે જ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**દ્રવ્ય પોતે જ સત્ત્વ (સત્તા) છે એમ સ્વીકારવું, કારણ કે ભાવ અને ભાવવાનનું...**' દેખો! સત્તા છે તે ભાવ છે અને પદાર્થ છે તે ભાવવાન છે. ભાવ એ ગુણ છે, ભાવવાન એ ગુણી છે. સમજાય છે કાંઈ? એટલે ભાવ અને ભાવવાનનું '**અપૃથક્‌પણા વડે...**' જુદા નહિ વડે '**અનન્યપણું...**' નામ એકપણું સિદ્ધ થાય છે. ગુણ અને ગુણીનું... સમજાણું કાંઈ? જુદાપણું નહિ હોવાથી, તે ગુણીથી ગુણ અનન્ય નામ એકમેક છે. અન્ય એમ નથી. અનન્યપણું છે, એકમેક છે. ગુણી અને ગુણ અનન્ય નામ એકમેક છે. જુદાપણું નથી માટે ગુણ અને ગુણી એકમેક છે. સમજાણું કાંઈ? આની પરીક્ષા લીધી હોય તો આકરી પડે હોં. એય..! ભગવાનજીભાઈ! લ્યો ભગવાનજીભાઈ બુદ્ધિવાળા માણસ, હા પાડે છે. ઓલા લાખો ૫૦-૫૦ લાખના ધંધા કરે છે તો એમાં કેટલું મગજ કામ કરતું

હશે? એટલે પરમ દિ' કહેતા'તા. જેઠાલાલ તમે નહોતો કહેતા ભાઈ? આટલો ૬૦-૬૦ લાખનો વહીવટ કરીએ તો બુદ્ધિ નહિ હોય? એ રહેવા દ્યો. એમ કહેતા હતા એક ફેરી જેઠાલાલ. ૬૦ લાખ રૂપિયાનો વહીવટ કરીએ એમ કે બુદ્ધિ નહિ હોય? ધૂળમાં ત્યાં બુદ્ધો શું કામ કરતો હતો? જુગરાજજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ વાત છેને. કહે છે, બાપુ! પરના કામમાં બુદ્ધિ હતી તો કામ વ્યવસ્થિત થયું એ તારો ભ્રમ છે. સમજાણું કાંઈ? આહા..હા..! તારા સંબંધે ત્યાં કામ થયા એ તને ભ્રમ છે. સવારમાં નહોતું આવ્યું? કે રાગ અને વિકાર મારા સંબંધે છે એ તને ભ્રમ છે. આહા..હા..! ભગવાન આત્મા સચ્ચિદાનંદ, જ્ઞાનાનંદ મૂર્તિ એને રાગના વિકલ્પનો સંબંધ છે, (એ) ભ્રમ છે. એમ પદાર્થમાં તારો સંબંધ હતો માટે આ છે (એમ) ભ્રમ તને છે આ. શું કહ્યું સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્યસ્વભાવ, આનંદસ્વભાવ એને દુઃખની દશા સાથે સંબંધ છે એ ભ્રમ છે તને. આનંદમૂર્તિને દુઃખનો સંબંધ કેમ હોઈ શકે? તો પછી દુઃખનો સંબંધ જ્યારે નથી તો તારા સંબંધે ત્યાં કામ થાય એવો પરમાં સંબંધ તારો છે એ આવ્યો ક્યાંથી? કહો, ધીરૂભાઈ! ધ્યાન રાખતા હશે કે નહિ કામકાજમાં ત્યાં સંસારના? ન ચાલે? આહા..હા..! વિકારી પરિણામને પણ સ્વભાવ સાથે સંબંધનો ભ્રમ, તો જગતના સ્વતંત્ર સત્ સ્વભાવો તે કાળે તેને કારણે ટકીને પલટે એની સાથે તારો સંબંધ છે, મોટો ભ્રમ છે. પ્રાણભાઈ! બહુ ધ્યાન રાખે છે પ્રાણભાઈ આમાં.. જવાબ દેતા ન આવડે ઝટ હોં. અમે જાણીએ તો ખરા કે મગજના સાધારણ છે. એય..! ચીમનભાઈ!

મુમુક્ષુ :- .. લાખો કમાણા.

ઉત્તર :- હા, લાખો કમાણા. હા. હા. એ તો કહ્યું હતુંને એક ફેરી ત્યાં. મુંબઈ માલ લેવા ગયા હતાને. એક હતો અમારે ગામના મૂળચંદભાઈ કરીને નોકર. ૮૦-૫૦ હજાર પેદા કરે છે તે દિ'ની વાત છે. ૬૬-૬૪-૬૫ની વાત છે. આમ થોડોઘણો માલ પડેલો. અને એ સામે ત્યાં હોટલ હતી ત્યાં બેઠો હતો. આ એવો હતો જરીક અમારે સમજ્યા એવો ગામનો. એ તો મરી ગયો.. એ પછી કહે, અમારા વતી માલ જેટલો લીધો હતો એમાંથી થોડી બે પેટી અમારી લઈને ત્યાં (રાખજો). ઘણી પેટી પડી હોયને વખારમાંથી. બે પેટી અમારા વતી.. આપણે ન લેવાય હોં! આપણે ચોર કહેવાઈએ. બે પેટી વધારે. પછી આમ જોયું તો કહે આ કોણ છે? આ ધંધો કોણ કરનાર છે? ત્યાં અમે દુકાને બેઠા હતા ત્યાં સામે ચા પીતો અંદર બેઠો. બુદ્ધિ જાડી હોં! પચાસ હજાર. તે દિ'ની વાત હોં! આ તો ૬૬-૬૪ની. એક વખતના ૫૦ હજાર રૂપિયા. અત્યારે તો તમારે ૧૬ (ગણા) એટલે કેટલા થયા? ૮ લાખ થયા. એય..! શેઠ! અત્યારે તો એના આઠ લાખ પેદા કરો તે દિ'ના ૫૦ હજાર એટલા છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા સાચી વાત છે. આ તો પુણ્ય રળે છે. નોકર પણ સમજવા જેવા છે, બુદ્ધિ સમજવા જેવી છે. મોટો કોડા જેવો હતો લાંબો. પાલેજથી માલ લેવા ગયેલા. એ વખતે વિચાર તો બધા ઘણાં આવતા હોં. આ જુઓને, ૫૦-૫૦ હજાર—અડધો લાખ. તે દિ' તો બહુ હતુંને શશીભાઈ! ૬૪ની સાલ એટલે કેટલા વર્ષ થયા? કહો, ૬૧ વર્ષ પહેલાં. બુદ્ધિ વિનાના પણ પેદા કરે છે. આમાં કાંઈ બુદ્ધિની જરૂર પડતી નથી. સમજાણું કાંઈ?

એમ આમાં તો બુદ્ધિની જરૂર પડે તત્ત્વની. જે જ્ઞાનસ્વભાવ છે તેનાથી જોડાણ થયું આત્માને માટે જ્ઞાતા છે આત્મા એમ નથી એમ કહે છે. જ્ઞાન કોઈ સ્વભાવ ભિન્ન છે અને સ્વભાવવાન ભિન્ન છે. ભાવ કીધુંને ભાવવાન અને ભાવ. જ્ઞાન ભાવ છે અને આત્મા ભાવવાન છે. તો જ્ઞાનભાવથી આત્મા જ્ઞાન ભાવવાન છે, જુદો છે અને ભેગું થયું ભાવમાં એમ નથી. એ તો જ્ઞાનભાવવાળો જ આત્મા છે જ્ઞાતા. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આવી!

મુમુક્ષુ :- કર્માનુસારી છે.

ઉત્તર :- એ તો કર્માનુસારી કહેતા હતા, એ તો ઠીક. એ તો પેદા થવામાં વિકલ્પ ઉઠે. પણ છતાં એની બુદ્ધિમાં કાંઈ ન મળે તોપણ એમ દેખાય કે ઓહો..! પાંચ-પાંચ લાખ પેદા કરે, દસ લાખ પેદા કરે છે. સમજાણું? ઓલા નરભેરામભાઈ એક વાત કહેતા હતા. એક વોરો હતો વોરો, બાબરાનો. સમજ્યાને? એ કાંઈક એવી ભાષા વાપરતા બહુ કહે. સમજ્યાને. ઊંટને.. કરતો કામ બહાર જઈને કેટલા લાખો પૈસા, ઘણા લાખો (કમાય). પછી એની વહુને પૂછે કે આ કોણ છે? આ ગામની દીકરી છે એ. એવી કાંઈક ભાષા બોલતો હતો. કાંઈ બોલતા પણ આવડે નહિ. પોપટભાઈ! બાબરાનો હતો એક વોરોજી હતો. ઘણા પૈસા. ઊંટનો વેપાર કરે. .. એમાં .. .. એ તો બુદ્ધિની વાત નથી ત્યાં, એ તો પૂર્વના પુણ્યને કારણે દેખે. એમાં દેખાય એમાં એને ક્યાં આવ્યું છે? આહા..હા..! હું બરાબર ધ્યાન રાખું છું. કડકાઈથી બેસું છું. બરાબર વ્યવસ્થા નોટુંમાં રાખું છું ત્યારે આ પેદા થાય છે. કેમ એમ નહિ હોય? આહા..હા..! બાપુ! પરપદાર્થને અને તારે શું સંબંધ છે? આહા..હા..! જ્યાં રાગને અને આત્માને સંબંધ નથી. આહા..હા..! આ તો સમજાય છે કે નહિ? .. ત્યાં વખત મળે છે મુંબઈમાં? મુંબઈમાં ઘરની છેને મોટર. સવારમાં એમ કહે ચા-પાણી જોવે. આવું-ન આવું નક્કી નહિ. બપોરે આવશું એકવાર. એય..! ક્યાં ગયા મોહનભાઈ? ત્યાં નાખવો પડાવ તમારે એને ઘરે. ચાલો સવાર, બપોરે બેય (ટાઈમ). કીધું?

મુમુક્ષુ :- દીકરો હોય એને ઘરે...

ઉત્તર :- એ વાત સાચી. આ કહે કે લ્યો હવે બપોરે રામજીભાઈએ પૂછ્યું હતું એમને

કે ભાઈ એકાદવાર આવી શકાય. લ્યો! મુંબઈમાં આવે અને એકાદવાર આવી શકાય તો આ કેવા લખણ તમારા? અહીં તો માંડ કો'ક દિ' આવે. આહા..હા..! અરે! આ ચીજ તે ક્યાં મળે? બાપુ! ભાઈ! આ વસ્તુ બીજે છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, ભગવાન! તું છોને પ્રભુ! એ તું છો એ ગુણથી છો? કે ગુણ ભિન્ન છે માટે તું છો? ગુણ ભિન્ન હોય તો એ વસ્તુ શું? વસ્તુમાં ભાવ તો આવ્યો નહિ. તો ભાવ વિના ભાવવાન શું? ભાવવાન શું? અને ભાવે આને ભાવવાન કર્યો એકલો ભાવ જુદો હતો ને કર્યો, તો ભાવનું ભાવવાનપણું, ભાવનું ભાવવાન જુદાપણું તો રહ્યું નહિ. જુદુંપણું એટલે ભાવ જુદો રહ્યો અને આને ભાવવાન કર્યો તો ભાવ જુદો રહ્યો જ નહિ. સમજાય છે કાંઈ? ભેગો થઈ ગયો. ગુણી થઈ ગયો એ. જ્ઞાન અને ભગવાન આત્મા અભિન્ન વસ્તુ છે. એથી જેને જ્ઞાન અને આનંદની દશા જોઈતી હોય એણે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી એમ કહે છે. સમજાણું કાંઈ?

**'કારણ કે ભાવ અને ભાવવાનનું અપૃથક્‌પણા વડે...'** ભાઈએ યાદ કર્યું, આપણે થયું હતુંને તે દિ'? અનન્યપણું છે. ભાવ અને ભાવવાન બે જુદા નથી. અનેરા-અનેરાપણું નથી. અનન્ય છે. એકમેક એક જ છે. આનો અર્થ બીજો હોં! આ પછીનો આવશે એવો અર્થ અહીં ન લગાડવો. નીચે ભાઈએ કર્યો છે પંડિતજીએ. **'દ્રવ્ય ભાવવાળું છે અને સત્તા તેનો ભાવ છે. તેઓ અપૃથક્ છે (પૃથક્ નથી) તે અપેક્ષાએ અનન્ય છે (અન્ય નથી). પૃથક્ત્વ અને અન્યત્વનો ભેદ જે અપેક્ષાએ છે તે અપેક્ષા લઈને તેના ખાસ (જુદા) અર્થો હવેની ગાથામાં કહેશે...'** ૧૦૬માં. **'તે અર્થો અહીં લાગુ ન પાડવા. અહીં તો અનન્યપણાને અપૃથક્‌પણાના અર્થમાં જ સમજવું.)'** એકમેકપણા ને જુદું નથી એવા અર્થમાં છે. બીજો અર્થ જુદો આવશે. પૃથક્‌ની વ્યાખ્યા પરદ્રવ્ય આવશે, ગુણ-ગુણીની અન્યની વ્યાખ્યા આવશે. અન્ય સિદ્ધ કરશે ત્યાં. અહીં અનન્ય છે-એકમેક છે. એ અપેક્ષાએ જુદી વસ્તુ ઓલી અન્ય કહેશે ત્યાં. ગુણ તે ગુણી નથી અને ગુણી તે ગુણ નથી. તે અતદ્‌ભાવે અન્ય છે, અતદ્‌ભાવથી અન્ય કહેશે, ઈ અહીં ન લાગુ પાડવું કહે છે. કેટલું યાદ રાખવું આમાં?

ઘડીકમાં અહીં કહે કે અનન્ય છે. ત્યાં કહેશે કે ગુણ ગુણીથી અન્ય છે. કેમકે અન્ય ન હોય તો તે ગુણ અને ગુણી નામ કેમ જુદા પડ્યા? સંજ્ઞા, સંખ્યા, લક્ષણે જુદું કેમ પડે છે? સમજાણું કાંઈ? અતદ્‌ભાવ તરીકે ગુણી અને ગુણ અન્ય છે, અન્ય છે. અહીં કહે છે કે ગુણ અને ગુણી અનન્ય છે. સમજાણું કાંઈ? અહીં બીજું સિદ્ધ કરવું છે. ગુણ-ગુણી અભેદ છે એમ સિદ્ધ કરવું છે અને ત્યાં પછી ગુણી-ગુણના પ્રદેશ અભેદ છે, માટે ગુણથી ગુણી પૃથક્ નથી. અન્ય તો છે, અતદ્‌ભાવ તો છે. જેવું એક ભાવનું સ્વરૂપ છે તેવું ત્રિકાળીનું સ્વરૂપ નથી અને જેવું ત્રિકાળીનું સ્વરૂપ છે તે એક ગુણનું સ્વરૂપ નથી. એ

અપેક્ષાએ અતદ્ભાવ, અન્યભાવ કહેવામાં આવે છે.

૧૦૬. **'હવે પૃથક્ત્વનું અને અન્યત્વનું લક્ષણ ખુલ્લું કરે છે :—'**

**पविभत्तपदेसत्तं पुधत्तमिदि सासणं हि वीरस्स।**

**अण्णत्तमतब्भावो ण तब्भवं होदि कधमेगं।।१०६।।**

ત્યાં જુદી અપેક્ષા કહેવી હતી. ત્યાં ગુણ-ગુણીના પ્રદેશ અભેદ છે માટે અન્ય નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? અહીં ભાવ અને ભાવવાન અન્ય છે એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! કહો! સમજાણું કે નહિ? ચીમનભાઈ! રાતે પૂછે તો આવડશે કે નહિ? એ બહુ ન આવ્યું લ્યો કહો! આમ આમ કર્યું. અમારે ચીમનલાલ ઠાકરશી, મંત્રી. ત્યાં વાંચનારા છેને અમારા મુંબઈમાં. હિંમતભાઈ ન હોય તો એ વાંચે. ભાઈ વાંચે, હીરાભાઈ વાંચે. વારાફરતી છેને કો'ક. વાંચનારને તો યાદ રહેવું જોઈએને, એમ કહેવું છે અહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં બીક લાગતી હશે કંઈ? અહીં તો ભગવાન તો કહે છે કે કોઈ કોઈની બીક કોઈને હોઈ શકે નહિ એમ કહે છે. આહા..હા..! ભાઈ આવ્યા હતા આજે બપોરે. એ બધી વાત ભૂલી જાવ, કીધું. ગયા કાળની વાત ભૂલી જાવ. આમ લખ્યું હતું. લખ્યું હતું. બહુ પ્રેમથી પછી વાત કરી. જુઓ, એનું ગુજરાતી હરિગીત.

**જિન વીરનો ઉપદેશ એમ—પૃથક્ત્વ ભિન્નપ્રદેશતા,**

**અન્યત્વ જાણ અતત્પણું; નહિ તે-પણે તે એક ક્યાં? ૧૦૬.**

**'અન્વયાર્થ :- વિભક્તપ્રદેશત્વ તે પૃથક્ત્વ છે...'** શું કીધું? આત્મા અને પરમાણુ, એક આત્મા અને બીજો આત્મા જેના પ્રદેશો જુદા તેને પૃથક્ કહેવામાં આવે છે. આત્મા વસ્તુ અને બીજો આત્મા, એ બેના પ્રદેશો, અંશો, ક્ષેત્ર જુદું છે માટે તેને પૃથક્ કહેવામાં આવે છે. આત્મા અને રજકણ એના પ્રદેશ ભિન્ન છે માટે તેને પૃથક્ કહેવામાં આવે છે. **'એમ વીરનો ઉપદેશ છે.'** એમ પરમાત્મા વીર પરમાત્મા ત્રિલોકનાથ ભગવાનનો આવો ઉપદેશ છે. **'અતદ્ભાવ (અતત્પણું અર્થાત્ તે-પણે નહિ હોવું) તે અન્યત્વ છે.'** તે-પણે ન હોવું તે અન્યત્વ છે. ગુણ તે ગુણીપણે નથી અને ગુણી તે ગુણપણે નથી. જુઓ! ત્યાં ગુણ-ગુણી એકમેક કહ્યું હતું. સમજાણું કાંઈ? **'(અતત્પણું અર્થાત્ તે-પણે નહિ હોવું)'** ગુણ તે ગુણીપણે ન હોય અને ગુણી તે ગુણપણે ન હોય. **'તે અન્યત્વ છે.'** એને અનેરાપણું (છે), પ્રદેશભેદ નથી છતાં ભાવભેદ છે, માટે અન્યત્વપણું એને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો અપાસરામાં ક્યાંય મળે નહિ, દેરાસરમાં મળે નહિ. ઈ તો આ બિચારા કહેતા હતા કે આ બધા અર્થ બહુ ઊંધા કરે છે. બાપુ! આ વસ્તુ બીજી છે. અર્થ બહુ ઊંધા કરે છે બધાય. .. છેને ઈ. એને સૂઝ પડે નહિ પછી સૂઝ પડે એવું કહે. વસ્તુ તો જેમ છે એમ રહે. કાંઈ સૂઝ પડે એવું કહે માટે વસ્તુ કાંઈ બીજી થઈ જાય?

'**જે તે-પણે ન હોય તે એક કેમ હોય?**' સત્તા તે ગુણીપણે નથી અને ગુણી તે સત્તાપણે નથી. '**તે એક કેમ હોય? (કથંચિત્ સત્તા દ્રવ્યપણે નથી અને દ્રવ્ય સત્તાપણે નથી માટે તેઓ એક નથી.)**' અપેક્ષાથી વાત છેને. ખુબી કહેશે હોં, દરેકની વાત. કારણ કે સત્તા તો એક ગુણ છે અને દ્રવ્યને આશ્રયે રહેલી છે. દ્રવ્ય કોઈને આશ્રયે રહેલું નથી. એટલો ફેર છે માટે સત્તા અને સત્તાવાનને અપેક્ષાથી અન્યપણું કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ટીકા :- વિભક્તપ્રદેશત્વ (ભિન્નપ્રદેશત્વ) પૃથક્ત્વનું લક્ષણ છે.**' શું કીધું? ભગવાન આત્મા અને બીજો આત્મા, આ કર્મ આદિ, એના બેયના પ્રદેશો, અંશો, ક્ષેત્રો, ભાવ, ભાગ, ક્ષેત્રનો ભાગ એ તદ્દ્ન જુદો છે. શરીરનું ક્ષેત્ર, આત્માનું ક્ષેત્ર બે તદ્દ્ન જુદા છે. શરીરનું ક્ષેત્ર આ અનંત પ્રદેશી એનું ક્ષેત્ર, આત્માનું અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર ભિન્ન છે બેયના ક્ષેત્ર. સમજાણું કાંઈ? ભિન્ન પ્રદેશપણું એ જુદાપણાનું લક્ષણ છે. '**તે તો સત્તા અને દ્રવ્યને સંભવતું નથી,...**' તે તો આત્મા અને તેની સત્તા બેના પ્રદેશો જુદા એમ સંભવતું નથી.

મુમુક્ષુ :- .. સિદ્ધ કરે છે.

ઉત્તર :- સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

'**કારણ કે ગુણ અને ગુણીને વિભક્તપ્રદેશત્વનો અભાવ હોય છે—**' ભગવાન આત્મા અને એનો ગુણ, બેને જુદા અંશોનો, પ્રદેશોનો અભાવ હોય છે. '**શુક્લત્વ અને વસ્ત્રની માફક.**' જુઓ! દૃષ્ટાંત આપીને સિદ્ધ કરે છે. ધોળાપણું અને વસ્ત્રની માફક. વસ્ત્ર અને વસ્ત્રનું ધોળાપણું. વસ્ત્ર અને વસ્ત્રનું ધોળાપણું બે પૃથક્ છે, અનન્ય છે એમ. પૃથક્ એટલે કે એનું અન્યપણું છે એમ. બે એક નથી. પ્રદેશભેદ નથી. પ્રદેશભેદ નથી એટલે જુદાપણું નથી પણ અન્યત્વ છે. કેમ અન્ય છે? '**જેમ જે શુક્લત્વના-ગુણના-પ્રદેશો છે...**' જુઓ! '**તે જ વસ્ત્રના-ગુણીના-છે...**' જે ધોળા ગુણના પ્રદેશો છે તે જ વસ્ત્રના અંશો છે. કે જુદા છે? અન્યપણું છે, પૃથક્ નથી. '**તેથી તેમને પ્રદેશવિભાગ (પ્રદેશભેદ) નથી,...**' ધોળાપણાને અને વસ્ત્રને એના પ્રદેશની જુદાઈ નથી. '**તેમ જે સત્તાના ગુણના-પ્રદેશો છે...**' સત્તા નામનો ગુણ છે જીવનો કે દ્રવ્યનો, એના જે પ્રદેશો તે દ્રવ્યના ગુણીના છે. '**તેથી તેમને પ્રદેશવિભાગ નથી.**' પ્રદેશની જુદાઈ નથી. હવે એને સિદ્ધ કરે છે. ન્યાય આપીને. જુદાપણું શું છે જુઓ!

'**આમ હોવા છતાં...**' જુદાં પ્રદેશ નહિ હોવા છતાં ગુણી અને ગુણને, ગુણને અને ગુણીને, જુદા અંશો નહિ હોવા છતાં '**અન્યત્વ છે,...**' અનેરાપણું તો છે. પૃથક્પણું નથી, પણ અનેરાપણું છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**કારણ કે અન્યત્વના લક્ષણનો સદ્ભાવ છે.**' કેમકે સત્તા અને ગુણીને અન્યત્વપણાના લક્ષણની હયાતી છે. અનેરાપણાનું લક્ષણ ત્યાં ઘટે છે. સત્તા નામનો ગુણ અને ગુણી બે વચ્ચે અનેરાપણામાં લક્ષણની હયાતી ઘટે છે.

પરથી ભિન્ન છે એવી રીતે એનો ગુણ (પરની જેમ) ભિન્ન છે એમ ભિન્ન નથી. પણ કોઈ અપેક્ષાએ એ ગુણ તે ગુણરૂપ છે અને ગુણી તે ગુણીરૂપ છે. એવું કોઈ અપેક્ષાએ બેમાં અન્યપણું સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ?

**'અતદ્‌ભાવ અન્યત્વનું લક્ષણ છે.'** હવે એની વ્યાખ્યા કરે છે જુઓ! અતદ્‌ભાવ કથંચિત્ તે **નહિ** હોવું, તેપણે **નહિ** હોવું, સત્તા તે ગુણીપણે **નહિ** હોવું, ગુણી તે ગુણપણે **ન** હોવું, દ્રવ્ય કથંચિત્ સત્તાપણે **નથી** અને સત્તા કથંચિત્ દ્રવ્યપણે **નથી**. માટે તેમને અતદ્‌ભાવ છે. અતદ્‌ભાવ—તે ભાવ **નહિ**, તે ભાવ **નહિ**. તદ્-તે ભાવ, નહિ. સમજાણું કાંઈ? આવી વાત વસ્તુને સિદ્ધ કરે છે. પરથી ભિન્ન અને પોતપોતાના ગુણ ગુણીથી પણ કથંચિત્ ભિન્ન અન્યત્વ. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ દાખલો હવે. **'તે તો સત્તા અને દ્રવ્યને છે જ,...' 'અતદ્‌ભાવ અન્યત્વનું લક્ષણ છે. તે તો સત્તા અને દ્રવ્યને છે જ, કારણ કે ગુણ અને ગુણીને તદ્‌ભાવનો અભાવ હોય છે...'** ગુણ અને ગુણીને તે ભાવનો અભાવ હોય છે. તે પણે હોવું, તે પણે હોવું તેનો અભાવ હોય છે.

દૃષ્ટાંત જુઓ હવે સિદ્ધાંત. **'શુક્લત્વ અને વસ્ત્રની માફક. તે આ પ્રમાણે : જેવી રીતે એક ચક્ષુ-ઈન્દ્રિયના વિષયમાં આવતો,...'** શુક્લત્વ. વસ્ત્રનો ધોળો ગુણ એ ચક્ષુ ઈન્દ્રિયના વિષયમાં ખ્યાલમાં આવે. **'બીજી બધી ઈન્દ્રિયોના સમૂહને ગોચર નહિ થતો...'** આંખથી ધોળો ગુણ દેખાય. કાનથી, નાકથી નહિ. જુઓ! એ ગુણની વ્યાખ્યા કરી. અને જે વસ્ત્ર છે... સમજાય છે? જુઓ! **'ગોચર નહિ થતો એવો જે શુક્લત્વગુણ છે...'** આંખને જાણવામાં આવે એવો શુક્લગુણ છે, બીજી ઈન્દ્રિયોથી ખ્યાલમાં ન આવે તેવો એ શુક્લગુણ છે. એ શુક્લગુણ છે **'તે સમસ્તઈન્દ્રિય-સમૂહને ગોચર થતું એવું વસ્ત્ર નથી,...'** વસ્ત્ર તો બધી ઈન્દ્રિયને ગમ્ય થાય છે. બધી ઈન્દ્રિયથી (ગમ્ય) છે વસ્ત્ર. ધોળાપણું, સુવાળાપણું વગેરે-વગેરે બધી ઈન્દ્રિયને લક્ષ (-ગોચર) વસ્ત્ર છે. એક ગુણ છે તે એક જ ઈન્દ્રિયનો વિષય છે, બીજી ઈન્દ્રિયનો વિષય નથી. વસ્ત્ર તો બધી ઈન્દ્રિયનો વિષય છે. જુઓ, બેય અન્યપણા થઈ ગયા. કહો, સમજાણું કાંઈ? જુઓને આચાર્યોએ આહા..હા..! કેટલું અનેકાંતપણું સિદ્ધ કરે છે! પરથી જુદો, પોતાના ગુણના પ્રદેશો ગુણીથી જુદા નહિ, છતાં ભાવ અને ભાવવાન કથંચિત્ અન્ય છે અને પૃથક્‌પણું નથી માટે અનન્ય છે. એ તો પહેલા કહી ગયા. સમજાણું કાંઈ? શું કીધું?

વસ્ત્ર છે એ વસ્તુ આખી થઈ અને ધોળો ગુણ એક ગુણ થયો. તો ધોળો ગુણ છે એ આંખથી જણાય. બીજી ઈન્દ્રિયથી જણાય? અને વસ્ત્ર છે એ પાંચ ઈન્દ્રિયથી જણાય છે. જુઓ! ભેદ પડી ગયો બેયમાં. ગુણ અને ગુણીમાં, ગુણ એટલે ધોળાપણું અને ગુણી એટલે વસ્ત્ર. એક જ ઈન્દ્રિયનો વિષય, તે બધી ઈન્દ્રિયનો વિષય એવું વસ્ત્ર. એનાથી જુદું પડી ગયું. આમાં જરી મગજ કેળવવાનું છે આ તો થોડું. આચાર્યોએ આવી જંગલમાં રહીને

(વાત કરી છે). આહા..હા..!

મુમુક્ષુ :- .. બઢીયા દિયા હૈ.

ઉત્તર :- બઢીયા દિયા હૈ. દૃષ્ટાંત બહુત બઢીયા દિયા હૈ. આહા..હા..!

જુઓ! અંદર અને અંદરની રમતું એને સિદ્ધ કરે છે. આહા..હા..! ભાઈ! તારા પદાર્થને પરપદાર્થ સાથે તો પૃથક્પણું છે. એની સાથે તો સંબંધ નથી, પણ તારામાં પણ ગુણી એવો અનંતગુણનો પિંડ અને ગુણ એવો એક, એ બેમાં અન્યપણું છે, અતદ્ભાવ છે. તે ભાવે તે બે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? આવું વ્યાખ્યાન મુંબઈમાં હોય તો કહે, શું કરે છે આ? બધા ભાગે, નહિ? શું માંડી છે? કહે. એય..! વજુભાઈ! લ્યો વજુભાઈ કહે. લોકોને અભ્યાસ ન મળે. નિશાળમાં આ જગતનો અભ્યાસ કરે છે પણ આ તત્ત્વ શું છે? બીજું તત્ત્વ શું છે? અનંત તત્ત્વો કઈ રીતે છે? તે તત્ત્વમાં પણ તત્ત્વનો ભાવ જે છે, વસ્તુનો ભાવ છે એ ભાવનું શું સ્વરૂપ છે? આખી ચીજનું શું સ્વરૂપ છે? એને અહીંયાં પ્રસિદ્ધ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

વસ્ત્રનું ધોળાપણું એક જ ઇન્દ્રિયનો વિષય છે, વસ્ત્ર બધી ઇન્દ્રિયનો વિષય છે. (શુક્લ), ચક્ષુ સિવાય ચાર ઇન્દ્રિયથી જણાય એવો નથી અને આ (વસ્ત્ર) તો બધી ઇન્દ્રિયથી જણાય એવો છે માટે બેમાં ભેદ પડી ગયો—અતદ્ભાવ થઈ ગયો. કહો, બરાબર છે? એમ કહ્યું કે આ વસ્ત્ર છે. લ્યો આ ધોળું વસ્ત્ર જુઓ! હવે આ ધોળાપણું જે છે એ તો એક આંખ દ્વારાનો વિષય થયો, અને આખું વસ્ત્ર છે... જુઓ! સ્પર્શથી પણ જણાય, સુગંધ પણ થાય. ગંધ મારે હોં જુદી જાતની કપાસની. ગંધ, સ્પર્શ, રસ બધી ઇન્દ્રિયનો વિષય આ થયો. આંખનો વિષય ખરો. પાંચેયનો થયો અને સફેદ છે એકલું એ તો એક જ ઇન્દ્રિયનો વિષય થયો. અને આખી ચીજ પાંચ ઇન્દ્રિયનો વિષય થયો. માટે એ અપેક્ષાએ ભેદ પડી ગયો. સમજાણું કાંઈ?

'**બીજી બધી ઇન્દ્રિયોના સમૂહને ગોચર નહિ થતો એવો જે શુક્લત્વગુણ છે તે સમસ્તઇન્દ્રિય-સમૂહને ગોચર...**' એટલે ગમ્ય '**થતું એવું વસ્ત્ર નથી,...**' ધોળાપણું તે વસ્ત્ર નથી. ધોળાપણું એક જ ઇન્દ્રિયનો વિષય છે. વસ્ત્ર પાંચેય ઇન્દ્રિયનો વિષય છે. એટલે પાંચેય ઇન્દ્રિયનો વિષયરૂપ વસ્ત્ર તે એક ઇન્દ્રિયના વિષયરૂપ નથી. અને એક ઇન્દ્રિયના વિષયરૂપ ધોળું તે પાંચ ઇન્દ્રિયના વિષયરૂપ વસ્ત્રપણે નથી. સમજાણું કાંઈ? શેઠી! '**તથા...**' સામે સમજે છે હવે. '**સમસ્તઇન્દ્રિયસમૂહને ગોચર થતું એવું વસ્ત્ર...**' સામે સામે લીધું. પહેલું અહીંથી લીધું. ધોળાપણું તે એક ચક્ષુ ઇન્દ્રિયને વિષય લક્ષમાં થતું તે ચાર ઇન્દ્રિયથી લક્ષમાં થતું નથી. વસ્તુ છે તે પાંચ ઇન્દ્રિયને લક્ષમાં આવે છે. માટે ફેર છે. હવે અહીંથી લે છે આમથી.

'**સમસ્તઇન્દ્રિયસમૂહને ગોચર થતું...**' વસ્ત્ર છે એ પાંચેય ઇન્દ્રિયથી ખ્યાલમાં આવતું.

**'એવું વસ્ત્ર છે તે એક ચક્ષુ-ઇન્દ્રિયના વિષયમાં આવતો, બીજી બધી ઇન્દ્રિયોના સમૂહને ગોચર નહિ થતો એવો શુક્લત્વગુણ નથી,...'** આહા..હા..! કહો, શેઠી! તમારા હીરા-માણેકમાં પણ આવી કસોટી નહિ આવતી હોય. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો આત્મા અને આત્માનો ગુણ, એની ને એની વાતું કરે છે અંદરની. સમજાય છે કાંઈ? કે આત્મા, એ પરવસ્તુથી તો એનો ગુણ અને ગુણી બેય જુદા. આ શરીરના રજકણો, વાણીના રજકણો, કર્મના રજકણો એનાથી તો આત્મા વસ્તુ જુદી. આત્માનો ગુણ પણ જુદો અને ગુણી દ્રવ્ય પણ જુદું. હવે એ ગુણ અને ગુણીની અંદરમાં પણ અતદ્ભાવ છે. એકભાવ નથી. એકભાવ જો હોય તો, કહે છે કે એક ગુણ તો એક જ ગુણ વિષય થાય એવો છે એનો. જેમ શુક્લપણું તો એક આંખથી જ દેખાય એવો છે અને વસ્ત્રપણું પાંચ ઇન્દ્રિયથી દેખાય એવું છે. એટલે પાંચ ઇન્દ્રિયથી દેખાય એવું વસ્ત્ર, એક ઇન્દ્રિયથી જણાય એવો શુક્લગુણ નથી. અને એક ઇન્દ્રિયથી શુક્લગુણ દેખાય એ પાંચ ઇન્દ્રિયથી દેખાય એ વસ્ત્ર એ નથી, એ ગુણી એ નથી. પોપટભાઈ! બધો અભ્યાસ જ કર્યો નથી, આ બધા એમને એમ હાંકે રાખ્યું છે એમને એમ. વાણિયાને કહે.. વાણિયા વેપારી કહેવાય, પણ આ વેપાર સમજ્યો નથી.

જુઓ! **'તેથી તેમને તદ્ભાવનો અભાવ છે;...'** આહા..હા..! ધોળું એવું વસ્ત્ર, ધોળું અને વસ્ત્ર બે જુદી ચીજ છે કહે છે. આ અપેક્ષાએ હોં! પ્રદેશ જુદા નથી, અંશ જુદા નથી, ક્ષેત્ર જુદું નથી, પણ ભાવફેર છે, અતદ્ભાવ છે. તો એ ભાવ આ નહિ અને આ ભાવ એ નહિ. કારણ કે શુક્લગુણ છે તે એક જ ઇન્દ્રિયનો વિષય છે અને વસ્તુ છે તે પાંચ ઇન્દ્રિયનો વિષય છે. પાંચ ઇન્દ્રિયનો વિષય તે એક ઇન્દ્રિયના વિષયરૂપ કેમ હોય? અને એક ઇન્દ્રિયનો વિષય તે પાંચ ઇન્દ્રિયના વિષયરૂપ કેમ હોય? માટે બેમાં અતદ્ભાવ છે. સમજાણું કાંઈ? જ્ઞાનગુણ છે એક જાણવા પૂરતું કામ કરે અને દ્રવ્ય તો અનંતા ગુણનું કામ કરે. જ્ઞાનનો ગુણ જે એક છે, અહીં પરની સાથે તો કાંઈ સંબંધ જ નથી એની વાત જ ન મળે હવે. આત્મા ભગવાન આત્મા છે એમાં જ્ઞાન આદિ અનંતગુણ છે, એ અનંતગુણનો ધરનાર દ્રવ્ય છે. એનો એક ગુણ છે એ એક જ ગુણનું કાર્ય કરે છે અને દ્રવ્ય છે તે અનંતગુણનું કાર્ય છે એનું. માટે એક ગુણ તે અનંતગુણના દ્રવ્યરૂપે નથી અને અનંતગુણનું દ્રવ્ય તે એક ગુણરૂપે નથી. સમજાણું કે નહિ આમાં? **'તેથી તેમને...'** તેમને એટલે? ગુણ અને ગુણીને અતદ્ભાવ (છે). **'તેમને તદ્ભાવનો અભાવ છે;...'** એટલે કે અતદ્ભાવ છે એમ. આહા..હા..! અતદ્ભાવ ને તદ્ભાવ ને... હવે દાખલો આપે છે જુઓ. ઓલો તો દાખલો હતો ઓલા વસ્ત્રનો અને ધોળાપણાનો. હવે ઉતારે છે દરેક દ્રવ્યમાં.

**'તેવી રીતે કોઈના આશ્રયે રહેતી,...'** સત્તા છે એ કોઈના આશ્રયે—દ્રવ્યને આશ્રયે રહે છે. સત્તા નામનો ગુણ આત્માને આશ્રયે રહે છે, તો દ્રવ્યને આશ્રયે રહે છે. એક વાત.

જુઓ ભેદ પાડે છે હવે. સત્તા કોઈને આશ્રયે રહેતી, દ્રવ્યને આશ્રયે રહેતી. '**નિર્ગુણ,...**' છે. સત્તામાં બીજો ગુણ નથી. એક ગુણમાં બીજો ગુણ ન હોય. નિર્ગુણ છેને? ગુણ વિનાની. ખુલાસો કર્યો છેને, હેઠે છે. જુઓ ખુલાસો કર્યો છે. '**સત્તા દ્રવ્યના આશ્રયે છે. દ્રવ્યને કોઈનો આશ્રય નથી. (જેમ વાસણમાં ઘી રહે છે તેમ દ્રવ્યમાં સત્તા રહેતી નથી...**' વાસણમાં ઘી રહે છે એ ઘી જુદું અને વાસણ જુદું. એમ '**સત્તા દ્રવ્યમાં રહેતી નથી (કારણ કે વાસણને અને ઘીને તો પ્રદેશભેદ છે); પરંતુ જેમ કેરીમાં વર્ણ, ગંધ વગેરે છે તેમ દ્રવ્યમાં સત્તા છે.)**' આહા..હા..! એ તારું હોવાપણું તારામાં છે, પણ ગુણરૂપે તું નહિ અને એક ગુણ તે ગુણીરૂપે નહિ. આહા..હા..! જુઓ તો. પરની સાથે તો કાંઈ લેવા-દેવા નથી પરદ્રવ્ય સાથે. સમજાણું કાંઈ? કર્મ સાથે, બાયડી, છોકરા, કુટુંબ, શરીર, વાણી, મન એ તો જગતના પદાર્થ એની સાથે તારે કાંઈ સંબંધ નથી. અહીં તો રાગ સાથે સંબંધ નથી, કાઢી નાખ્યો પછી પ્રશ્ન ક્યાં? આહા..હા..! ભગવાન આત્મા...

મુમુક્ષુ :- આવી વાત તો અમારે ચાલતી નથી.

ઉત્તર - નથી ચાલતી.

ચિદાનંદ પ્રભુ ધ્રુવ આનંદકંદ એને રાગને અને વિકલ્પને પણ સંબંધ નથી. વિભાવને સ્વભાવને સંબંધ કેમ હોય? સમજાણું કાંઈ? હવે અહીં તો એનો જે ગુણ છે એને અને ગુણીને એકરૂપ ભાવ નથી. સમજાણું કાંઈ? કેમ? કે ગુણ છે તે કોઈને આશ્રયે રહેતી સત્તા. લેવી છેને સત્તા, અને સત્તામાં ગુણ નથી બીજો. એક ગુણની બનેલી સત્તા, એક ગુણની બનેલી છે. એ વિશેષણ છે. છે? એ હેઠે. નિર્ગુણ — ગુણ વિનાની. '**સત્તા નિર્ગુણ છે, દ્રવ્ય ગુણવાળું છે. જેમ કેરી વર્ણગુણવાળી, ગંધગુણવાળી, સ્પર્શગુણવાળી વગેરે છે, પરંતુ વર્ણગુણ કોઈ ગંધગુણવાળો, સ્પર્શગુણવાળો કે અન્ય કોઈ ગુણવાળો નથી...**' કેરીમાં જે ગંધગુણ છે એ રસગુણવાળો છે નહિ. કેરી તો ગંધ અને રસ બધાવાળી છે. કેટલી ભેદજ્ઞાનની વ્યાખ્યા! છેને?

'**જેમ...**' હવે જુઓ. '**(કારણ કે વર્ણ કાંઈ સૂંઘાતો કે સ્પર્શાતો નથી);...**' કેરીનો પીળો રંગ એ કાંઈ સુંઘાતો અને સ્પર્શાતો નથી. '**વળી જેમ આત્મા જ્ઞાનગુણવાળો, વીર્યગુણવાળો વગેરે છે, પરંતુ જ્ઞાનગુણ કાંઈ વીર્યગુણવાળો કે અન્ય કોઈ ગુણવાળો નથી;...**' આત્મામાં જ્ઞાન છે એ જ્ઞાનગુણ કાંઈ વીર્યગુણ અને શ્રદ્ધાગુણ અને આનંદગુણવાળો છે? અને દ્રવ્ય તો બધા ગુણવાળું છે આખું. કહો, સમજાણું? આવું અમેરિકામાં ગયા હતા ત્યાં આવું આવ્યું હતું? નહોતું આવ્યુંને ત્યાં? ભાઈસાહેબ મોટા ભણેલા, મોટા કેટલા ભણેલા આવ્યા જુઓ! કહે છે, કેરીના... એક કેરીનો પીળો રંગ દેખો. તો પીળો રંગ તે કાંઈ કોઈ ગંધ અને સ્પર્શવાળો છે? ગંધ તો ગંધ છે એમાં કાંઈ સ્પર્શ નથી. અને કેરી? રસ, ગંધ, સ્પર્શ બધાવાળી છે. માટે એક ગુણ તે દ્રવ્યરૂપે નથી અને દ્રવ્ય તે ગુણરૂપે નથી. એટલો

બે વચ્ચે અતદ્‌ભાવ છે. સમજાણું?

'**જ્ઞાનગુણ કાંઈ વીર્યગુણવાળો કે અન્ય કોઈ ગુણવાળો નથી; તેમ દ્રવ્ય અનંત ગુણવાળું છે,...**' ભગવાન આત્મા તો અનંતગુણવાળો, એમ પરમાણુ અનંતગુણવાળો '**પરંતુ સત્તા ગુણવાળી નથી.**' એક સત્તા કાંઈ ગુણવાળી છે? વસ્તુ તો અનંત ગુણવાળી છે. સત્તા અનંતગુણવાળી નથી, એ તો એક જ ગુણવાળી છે. '**(અહીં, જેમ દંડી દંડવાળો છે, તેમ દ્રવ્યને ગુણવાળું ન સમજવું;...**' લાકડી હાથમાં રાખી માટે દંડવાળો કહેવાય. એમ સત્તા જુદી છે અને પકડી છે આત્માએ એમ નથી. સમજાણું કાંઈ? વજુભાઈ! ઘણીવાર આવતા હશો, પણ આવું નહિ આવ્યું હોય. કો'ક દિ' આવે એમાં કાંઈક વળી આવ્યું હોય તો પકડી લે. હવે બીજું આવું સાંભળ્યું ન હોય લ્યો. આવું ધર્મ સમજવામાં આ શું પણ અમારે કરવું?

ભાઈ! તું આત્મા છો એ પરપદાર્થથી ત્રણે કાળે જુદો છો. પણ તારો એક ગુણ, તે એક ગુણમાં બીજા ગુણો હોતા નથી. દ્રવ્યમાં અનંતા ગુણો છે. આહા..હા..! જુઓને કેવી રીતે સિદ્ધ કરે છે! સમજાય છે કાંઈ? તારે જો વસ્તુની દૃષ્ટિ કરવી હોય તો એક ગુણની દૃષ્ટિ નહિ ચાલે એમ કહે છે. જો તારે શાંતિ આદિ પ્રગટ કરવી હોય તો એક ગુણને લક્ષે નહિ થાય. કારણ કે એક ગુણના લક્ષે તો એક ગુણની જ પર્યાય આવશે, એમાં કાંઈ બીજી આવશે નહિ. આહા..હા..! પણ ભગવાન આત્મા અનંતગુણનો પિંડ છે. તો એનું લક્ષ કરવાથી અનંતા ગુણની નિર્મળ અવસ્થા એમાંથી આવશે. એક ગુણમાંથી આવશે નહિ. સમજાણું કાંઈ?

કેવો છે સત્તાગુણ? એક ગુણની બનેલી સત્તા છે. વિશેષણ છે એ તો. ખાસિયત, લક્ષણ, ભેદ, એક ધર્મ છે. વસ્તુનો ભેદક ધર્મ છે, વસ્તુને જુદી બતાવનારો એક ધર્મ છે. સત્તા. સમજાય છે કાંઈ? '**વિધાયક...**' છે. '**વિધાન કરનાર,...**' એ દ્રવ્યને રચનાર છે. સમજાણું કાંઈ? '**વૃત્તિસ્વરૂપ એવી જે સત્તા છે...**' '**વર્તવું તે; હોવું તે; હયાતી; ઉત્પાદવ્યયધ્રૌવ્ય.**' ત્રણે લીધા જોયા! વૃત્તિ, ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે લીધા. '**તે કોઈના આશ્રયે...**' હવે એક વાત. એ સત્તાના વિશેષણો કહ્યા. સત્તા કોઈ દ્રવ્યને આશ્રયે છે, ગુણ વિનાની છે, એક ગુણની બનેલી છે, વિશેષણવાળી છે, એટલે ખાસ ભેદક ધર્મવાળી છે, વિધાયક દ્રવ્યને રચનારી છે અને પોતે હયાતી ધરાવે ત્રણપણે એવી છે.

'**તે કોઈના આશ્રય વિના રહેતું,...**' દ્રવ્ય છે તે કોઈના આશ્રયે રહેતું નથી. એ દ્રવ્ય છે તે '**ગુણવાળું,...**' છે. ગુણ છે તે દ્રવ્યને આશ્રયે રહે છે. આ વસ્તુ છે તે કોઈને આશ્રયે નથી રહેતી. ગુણવાળું છે, '**અનેકગુણનું બનેલું,...**' છે. ઓલું તો એક જ ગુણ હતો. '**વિશેષ્ય,...**' છે. ઓલું વિશેષણ હતું, ખાસ લક્ષણ ભેદક હતું. આ તો વિશેષ્ય છે. છેને વિશેષ્ય. '**ખાસિયતોનો ધરનાર પદાર્થ; લક્ષ્ય; ભેદ્ય પદાર્થ—ધર્મી. (જેમ ગળપણ, સફેદપણું, સુંવાળપ વગેરે સાકરનાં વિશેષણો છે અને સાકર તે વિશેષણોથી**

**વિશેષિત થતો (-તે તે ખાસિયતોથી ઓળખાતો, તે તે ભેદોથી ભેદાતો) પદાર્થ છે, વળી જેમ જ્ઞાન, દર્શન, ચારિત્ર વીર્ય વગેરે આત્માનાં વિશેષણો છે અને આત્મા તે વિશેષણોથી વિશેષિત થતો (ઓળખાતો, લક્ષિત થતો, ભેદાતો) પદાર્થ છે, તેમ સત્તા વિશેષણ છે અને દ્રવ્ય વિશેષ્ય છે. (વિશેષ્ય અને વિશેષણોને પ્રદેશભેદ નથી એ ખ્યાલ ન ચૂકવો.)'** ઘણી (ચોખવટ) કરી. એવું **'વિશેષ્ય, વિધાયમાન (-રચનારું) અને વૃત્તિમાનસ્વરૂપ એવું દ્રવ્ય નથી,...'** સત્તા તે દ્રવ્ય નથી અને દ્રવ્ય તે સત્તા નથી. એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૧૦, રવિવાર, તા. ૨૯.૧૨.૧૯૬૮**
**ગાથા-૧૦૬-૧૦૭, પ્રવચન-૧૧૦**

પ્રવચનસાર, ૧૦૬ ગાથા, જ્ઞેય અધિકાર. આ જગતમાં જ્ઞાનમાં જણાય એવા જ્ઞેયો કેવા સ્વરૂપે છે એનું કથન કરતાં (કહે છે કે) પ્રત્યેક જ્ઞેય પરથી ભિન્ન છે. પરપદાર્થ અને કોઈ એક પદાર્થને કાંઈ ખરેખર સંબંધ નથી. એ તો ઠીક, અહીં તો કહે છે કે આત્મા વસ્તુ કે પરમાણુ આદિ જે વસ્તુ છે એનો એક ગુણ જે છે સત્તા નામનો અને જે જ્ઞેય પોતે વસ્તુ છે એ પણ સર્વથા તદ્ભાવરૂપે નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- તદ્ભાવ...

ઉત્તર :- તદ્ભાવ એટલે તે સ્વરૂપે નથી. એક જ સત્તા નામનો ગુણ અને ગુણી તે એક જ સ્વરૂપે નથી, બેયના સ્વરૂપ ભિન્ન-ભિન્ન છે. સમજાય છે કાંઈ? આ આત્મા અને પરપદાર્થ સાથે તો કાંઈ તદ્દન અભાવસ્વરૂપ, પરથી ભિન્ન તદ્દન એટલે એનું તો એના સાથેની વાત એક કોર પહેલેથી છોડી. પણ વસ્તુ જે છે આત્મા કે એક પરમાણુ, એમાં સત્તા હોવાપણાનો ગુણ એને લઈને સત્ છે. સમજાય છે? એ વાત પહેલા સિદ્ધ કરી ગયા કે સત્તા નામનો ગુણ છે એ તદ્દન જુદો હોય દ્રવ્યથી તો દ્રવ્યનું સત્પણું સિદ્ધ થતું નથી. અને સત્તા ગુણ જુદો હોય તો સત્તાનું જે કાર્ય-પ્રયોજન દ્રવ્યને હોવાપણે સિદ્ધ કરવું એ સત્તામાં રહેતું નથી. તેથી તે સત્તાનો ગુણ નિરર્થક જાય છે. શું કીધું સમજાણું?

આત્મા વસ્તુ છે, આ બધી ચીજ છે એ તો જુદી જુદી, પોતે આત્મા છે એ વસ્તુ

છે અનંતગુણનો પિંડ. એમાં એ સત્તા નામનો એક ગુણ છે. હવે કહે છે કે એ સત્તાગુણ વિનાનું જો એ તત્ત્વ હોય તો તે સત્ જ સિદ્ધ થતું નથી, અસત્ સિદ્ધ થઈ જાય છે. 'છે' એ દ્રવ્ય શી રીતે સિદ્ધ થશે? આ છે, 'છે' એ સત્તા નામના ગુણનો સંબંધ ન હોય તો 'છે' શી રીતે સિદ્ધ થશે? 'છે' સિદ્ધ નહિ થાય તો અભાવ થશે. વસ્તુનો અભાવ હોઈ શકે નહિ. ન્યાયથી જરી ઝીણી વાત છે. અને એ હોવાપણાનો ગુણ એ તો એનું સત્‌પણું છે. જે હોવાવાળો ગુણ જ જુદો હોય તો એ વસ્તુને સત્‌પણે સિદ્ધ કરનાર તો રહ્યું નહિ, તો વસ્તુ અસત્ થઈ ગઈ, વસ્તુનો અભાવ થઈ ગયો. એક વાત. અને સત્તાગુણ જો વસ્તુથી તદ્દન જુદો હોય તો તો સત્તાગુણથી જે આ દ્રવ્ય સિદ્ધ છે, એમ સત્ છે એમ સિદ્ધ કરવું હતું એ તો સત્તાગુણ જુદો (રહ્યો) એનાથી સિદ્ધ થયું નહિ. તો સત્તાનો પણ અભાવ થઈ ગયો. પોપટભાઈ! આ તો અત્યારે તો ઝીણું છે. સવારે તો...

મુમુક્ષુ :- મૂળ મુદ્દાનો માલ છે.

ઉત્તર :- મુદ્દાનો માલ હતો એટલે જરી એને... સમજાણું કાંઈ?

આ તો સાદી ભાષાથી સમજાય એવું છે કે આત્મા છે વસ્તુ અને એક સત્તા નામનો હોવાપણાનો ગુણ છે. હવે પરની સાથે તો સંબંધ કાંઈ નથી, પણ અહીં પોતે એકમેક છે એનો પણ તદ્‌ભાવ—એકરૂપે નથી એમ સિદ્ધ કરવું છે પાછું. શાંતિથી (સમજવા જેવી વાત છે). આ તો વસ્તુ અંતરમાં તદ્દન .. પરથી ભિન્ન તદ્દન. હવે એનામાં એ સત્તાગુણ છે, હોવાવાળો ગુણ, અસ્તિત્વગુણ, એ અસ્તિત્વગુણ જો ગુણી વસ્તુથી તદ્દન જુદો હોય તો આ વસ્તુને અસ્તિત્વ સિદ્ધ કરનાર તો રહ્યો નહિ, તો વસ્તુ અસત્ થઈ ગઈ, અસત્ થઈ ગઈ. અસ્તિત્વના ગુણના અભાવે વસ્તુ અસત્ થઈ ગઈ અને અસ્તિત્વ ગુણ જુદો હોય દ્રવ્યથી, તો અસ્તિત્વ ગુણથી સિદ્ધ કરવાનું તો 'આ સત્ છે' એમ છે, તો અસ્તિત્વ ગુણ એ જુદો રહે તો આને સિદ્ધ થયું નહિ, તો અસ્તિત્વ ગુણ નિરર્થક ગયો. મોહનભાઈ! કહો, પોપટભાઈ! બધું સમજવું પડશે હોં! આ બહારમાં એમને એમ ગાડા હાંકે રાખે. કહે છે, બધી વાતમાં અંતરમાં શું છે?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ એમ કહે છે કે, ભગવાન! તારે અને બીજા આત્માને અને તારે અને પરમાણુને અને તારે અને કર્મને કાંઈ સંબંધ નથી. પરદ્રવ્યને અને તારે શું સંબંધ છે? એ સ્વતંત્ર પદાર્થ છે. એનાથી તારામાં થાય અને તારાથી એમાં થાય એવું તો છે નહિ. સમજાણું કાંઈ? સાક્ષાત્ ભગવાન હો, તોપણ ભગવાનની હયાતીને લઈને તારામાં કાંઈ થાય એમ તો છે નહિ. સમજાણું કાંઈ? એથી પરપદાર્થથી તો તું જુદો છો. પણ તારામાં હવે બે પ્રકાર છે, એક એક ચીજમાં. વસ્તુ છે એ અનંતગુણનો પિંડ છે વસ્તુ અને સત્તા એક ગુણ છે. તો કહે છે... અને એમાં તો એવી વાત છે જરી કે એક ગુણ ઉપર લક્ષ જાય છે તારું, તો ગુણીની દૃષ્ટિ નહિ થાય. સમજાય છે કાંઈ? કેમકે એક ગુણનો ભાવ

અન્ય છે અને આખા ગુણીનો ભાવ અન્ય છે. ભાવ તરીકે એકરૂપ નથી. ધીરેથી... આ તો એવો માર્ગ છે, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો અને જોયેલો અને એ રીતે છે. એ રીતે છે. સમજાણું કાંઈ? એટલે એને એમ થતું હોય કે જાણે હું પરની દયા પાળી દઉં, પરને મારી.. એ તો તારામાં છે જ નહિને. પરની હયાતીનો અભાવ કે પર્યાયનો સદ્‌ભાવ એ તારે લઈને નથી, એ તો એને લઈને છે. સમજાણું કાંઈ?

ભગવાન અરિહંત, દેવ-ગુરુ-શાસ્ત્ર એ અન્ય છે. એ અન્યમાં તારું હોવાપણું ક્યાં છે? એમાં તો એનું હોવાપણું છે. એના હોવાપણામાંથી એને આવે, તારા હોવાપણામાંથી તને આવે. એના હોવાપણામાંથી તને આવે અને તારા હોવાપણામાંથી એને કાંઈક જાય એમ તો છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાતું ભાઈ! આવી માથાકૂટ કરતાં, દયા પાળો, વ્રત પાળો અને અપવાસ કરવા, ભક્તિ કરવી, મંદિર કરી નાખવા, થઈ રહ્યું જાઓ. ધૂળેય કર્યું નથી, માન્યું છે અજ્ઞાનથી. એના હોવાપણામાં શું છે અને પરના હોવાપણામાં શું છે એની એને ભિન્નતાની ખબર જ નથી. ભિન્નતાની ખબર હોય તો એની નજર પરમાંથી પોતામાં આવે.

અહીં તો પાછા બે ભાગ અંદરમાં પણ પાડે છે. કહે છે કે એ સત્તાગુણ છે એ વસ્તુ છે. એ વસ્તુ એને લઈને છે અને સત્તા ન હોય તો એ ગુણ રહેતો નથી (તો) વસ્તુ રહેતી નથી. પોતે સત્તા નિષ્પન્ન જાય છે, એના સત્તાનું પ્રયોજન સિદ્ધ કરવું છે કે આ છે એમ. હવે એટલું સિદ્ધ કર્યા પછી પણ ગુણી એવો આત્મા અને ગુણ એક, એ બેની વિધિ ને રીત ને ભાવ જ જુદા છે. એ આવ્યું છે અહીં જુઓ!

'**તેથી તેમને તદ્‌ભાવનો અભાવ છે.**' છેલ્લી બે લીટી છે. ૨૦૬ પાનું, ૨૦૬ પાનું. એની નીચે જે નોટ છે એના ઉપર બે લીટી. '**તેથી તેમને તદ્‌ભાવનો અભાવ છે.**' એ શબ્દનો અર્થ ચાલે છે. છે પોપટભાઈ? '**તેથી તેમને તદ્‌ભાવનો અભાવ છે.**' એટલે શું કહ્યું? કે આત્મા વસ્તુ આખી છે અને એમાં એ સત્તા નામનો ગુણ છે. એ ગુણનું સ્વરૂપ જુદું છે, ગુણીનું જુદું છે. સંખ્યાએ ફેર છે, ગુણ એક છે, ગુણી અનંત ગુણવાળું છે. નામફેર છે, સંખ્યાફેર છે, પ્રયોજનફેર છે, ભાવફેર છે. સમજાય છે? માટે સત્તાગુણને અને આત્માને કે ત્રિકાળી વસ્તુને તદ્‌ભાવનો અભાવ છે—એકભાવનો અભાવ છે—એક જ સ્વરૂપ બેયનું છે એવો અભાવ છે. આહા..હા..! પરની સાથ તો અભાવ, હવે ગુણ-ગુણીના તદ્‌ભાવનો અભાવ. ભારે વાત ભાઈ! આહા..હા..! આ માર્ગ સર્વજ્ઞ વીતરાગ સિવાય ક્યાંય એક અંશે બીજે ઠેકાણે સાચો ન હોય. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. કહે છે કે વસ્તુ એમ પરમાણુ એક એક પોઈન્ટ, અહીં તો બધાય દ્રવ્યની વાત છેને. પરમાણુ પણ એક દ્રવ્ય છે વસ્તુ, અનંતગુણનો પિંડ, એની સત્તા નામનો ગુણ, એ ગુણ અને ગુણી બેનો અતદ્‌ભાવ છે-તદ્‌ભાવનો અભાવ છે—બેના એક ભાવનો

અભાવ છે. '**આમ હોવાથી જ, જોકે સત્તા અને દ્રવ્યને કથંચિત્ અનર્થાંતરપણું છે...**' એટલે કે સત્તાને અને દ્રવ્યને અનેરા અર્થપણું-અનેરા પદાર્થપણું નથી. કહો, આ તો ધ્યાન રાખે તો સમજાય એવું છે. વજુભાઈ! સંસારમાં તો જાડી બુદ્ધિ ચાલે. પુણ્ય હોય તો થાય, એમાં કાંઈ બુદ્ધિનું કામ નથી. જાડી બુદ્ધિ હોય તો લાખો-કરોડો પેદા કરે છે. અને મોટી બુદ્ધિના ખાં હોય અને પાંચસો પેદા કરવા (પરસેવા ઉતરે). એ કાંઈ એની ચીજ નથી. એ તો પરચીજ છે. આ તો પોતાની ચીજમાં. ઓહો..હો..! એક એક પરમાણુ, એનો સત્તાગુણ અને એ પરમાણુ, બે વચ્ચે એકભાવ નથી. બે વચ્ચે એકભાવ નથી. તો વળી બે પરમાણુ વચ્ચે એકભાવ, બે આત્મા વચ્ચે એક ભાવ (ક્યાંથી હોય?).

સિદ્ધ ભગવાન બિરાજે છે એકસાથે. એક અંગુળના અસંખ્ય ભાગમાં અનંતા ત્યાં નિગોદના જીવ છે, ભગવાન બિરાજે છે ત્યાં. સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં. અંગુળના અસંખ્ય ભાગમાં અનંતા નિગોદના જીવ છે ત્યાં સિદ્ધ ભગવાનની સાથે, સિદ્ધ ભગવાનના પેટમાં. પોતાનો આત્મા આનંદસ્વરૂપે પરિણમેલો, આનંદનો અનુભવ એમાં. એની જગ્યામાં બીજા અનંતા જીવ છે નિગોદના. છતાં એક જીવ અને બીજા જીવ વચ્ચે તદ્દન અભાવ છે. એ સિદ્ધના આત્મા અને એમાં રહેલો નિગોદનો આત્મા તદ્દન અભાવ છે એકબીજાને. સમજાણું કાંઈ? નિગોદમાં નીચે બટાટા, શક્કરકંદ (એમાં) એક અંગુળના અસંખ્ય ભાગમાં અનંત આત્માઓ છે, છતા એક આત્મા અને બીજા આત્મામાં એકબીજાનો અભાવ છે. પણ હવે એક એક આત્મામાં સત્તા અને ગુણી વચ્ચેનો તદ્ભાવ એક નથી. બેનો એક નથી. જુઓ! સમજાય છે?

તદ્ભાવનો અભાવ '**આમ હોવાથી જ, જોકે સત્તા અને દ્રવ્યને કથંચિત્ અનર્થાંતરપણું છે...**' અનેરાપદાર્થપણું છે નહિ એમ. અનેરાપદાર્થપણું છે નહિ એમ. સમજાણું કાંઈ? '**તોપણ તેમને સર્વથા એકત્વ હશે એમ શંકા ન કરવી;...**' આહા..હા..! વસ્તુ અને એનો સત્તાગુણ જોકે અનેરાપદાર્થપણું એમાં નથી. છતાં સર્વથા એકત્વ છે (એમ પણ નથી). જુઓ, આ સ્યાદ્વાદ. સર્વથા એકત્વ છે એમ શંકા ન કરવી. '**કારણ કે તદ્ભાવ એકત્વનું લક્ષણ છે.**' કહે છે, તદ્ભાવ તે એકપણાનું લક્ષણ છે. '**જે તે-પણે જણાતું નથી તે (સર્વથા) એક કેમ હોય?**' તદ્ભાવ તો એકત્વનું લક્ષણ છે. તદ્ભાવ, તે-ભાવ તો એકત્વનું લક્ષણ છે. ગુણ અને ગુણીનો તદ્ભાવ નથી. એકત્વનું લક્ષણ એ તો તદ્ભાવ. એમાં આમ નથી.

'**તે-પણે જણાતું નથી...**' ગુણ તે ગુણીપણે જણાતો નથી, ગુણી તે ગુણપણે જણાતો નથી. '**તે-પણે જણાતું નથી તે (સર્વથા) એક કેમ હોય? નથી જ;...**' સર્વથા એક નથી. ગુણ અને ગુણી સર્વથા એક નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**પરંતુ ગુણ-ગુણીરૂપે અનેક જ છે...**' પણ સત્તા નામનો ગુણ અને ગુણી એ રીતે અનેક જ છે. એમ અર્થ છે. સમજાણું કાંઈ? જ્ઞાનગુણથી આત્મા જ્ઞાની છે એ બરાબર છે. જો જ્ઞાન (ગુણ) જુદો

હોય તો જ્ઞાની સિદ્ધ થતો નથી. અને ગુણીથી જ્ઞાન જુદો હોય તો તે જ્ઞાનથી જ્ઞાની થતો, એ જ્ઞાનનો જે સ્વભાવ હતો એ (નિરર્થક) જાય છે. એક વાત. છતાં તે જ્ઞાન અને ગુણી, એક ગુણ અને ગુણી એકભાવે નથી. સમજાણું કાંઈ? એકભાવે નથી. જોકે ગુણી આત્મા અને જ્ઞાનગુણમાં અનેરા અર્થપણું એમાં નથી, અનેરા પદાર્થપણું નથી એટલે પૃથક્પણું નથી. છતાં સર્વથા ગુણ અને ગુણી એક જ છે એમ નથી. આ બધા શબ્દો સમજવા કઠણ પડે, બોલવા કઠણ પડે એટલે પૂછીએ તો...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાંભળે છે, સાંભળવામાં ધ્યાન રાખે છે બરાબર.

લ્યો એ વાત થઈ. ગુણગુણીરૂપે અનેકત્વ. ઓહો..હો..! અનંત પદાર્થ અનંતપણે છે એ તો એકબાજુ રહ્યા, પણ આત્મા વસ્તુ અને એનો ગુણ, એ ગુણ અને ગુણી અનેકપણે છે, બે એક નથી. એક હોય તો ગુણ ગુણી થઈ જાય અને ગુણી ગુણરૂપે થઈ જાય. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ!

'**ભાવાર્થ :- ભિન્નપ્રદેશત્વ તે પૃથક્પણાનું લક્ષણ છે...**' શું કહે છે? કે પૃથક્ તેને કહીએ કે જેના અંશો, પ્રદેશો, ક્ષેત્ર જુદું હોય. આત્મા અને બીજો આત્મા, આત્મા અને એક પરમાણુ, એક પરમાણુ અને બીજો પરમાણુ એનું પૃથક્પણું છે, પૃથક્ત્વપણું છે. કેમકે ભિન્ન પ્રદેશો છે. ભગવાન આત્માના અસંખ્ય પ્રદેશ ભિન્ન છે અને બીજો આત્મા ત્યાં જ હોય છતાં તેના અસંખ્ય પ્રદેશ ભિન્ન છે. ત્યાં કર્મના અનંત પરમાણુ છે એના પ્રદેશો ભિન્ન છે, આત્માના પ્રદેશો ભિન્ન છે. એટલે આત્માને અને કર્મને પૃથક્પણું છે. કહો, સમજાણું કાંઈ?

'**અને અતદ્ભાવ તે અન્યપણાનું લક્ષણ છે.**' અતદ્ભાવ—તે ભાવ નહિ, તે અન્યપણાને સૂચવે છે. તે ભાવ નહિ તે અનેરાપણાને સૂચવે છે. '**દ્રવ્યને અને ગુણને પૃથક્પણું નથી છતાં અન્યપણું છે.**' સમજાણું કાંઈ? ભાઈ! આ દ્રવ્યાનુયોગનું તત્ત્વ સૂક્ષ્મ છે. જગતે-અજ્ઞાનીઓએ કહેલા પદાર્થો, એનાથી (ભિન્ન) સર્વજ્ઞે કહેલો પદાર્થ આ જાતનો છે અને એ રીતે પરથી ભિન્ન હોવા છતાં, ગુણગુણીપણે પણ એકભાવે નથી એવું જ સ્વરૂપ તત્ત્વમાં સર્વજ્ઞથી (સિદ્ધ છે). સમજાય છે કાંઈ? '**દ્રવ્યને અને ગુણને પૃથક્પણું નથી...**' ભગવાન આત્મા અને જ્ઞાનગુણ બેના પ્રદેશભેદ નથી છતાં અન્યપણું તો છે. કેમકે જ્ઞાનનું લક્ષ કરે તો જ્ઞાન થાય. અનંતગુણનો પિંડ દ્રવ્યનું લક્ષ કરે તો અનંતા ગુણની નિર્મળ પર્યાય થાય. એક ગુણને લક્ષ કરે તો જ્ઞાનની પર્યાય ભલે થાય અને વિકલ્પ થાય ભેગો. એટલે એ .. નથી એમ કહેવું છે. સમજાણું કાંઈ? તો અનંતગુણનો પિંડ એકરૂપ છે તેનું લક્ષ કરે તો અનંતા ગુણની નિર્મળ પર્યાય એક સમયે પ્રગટ થાય. સમજાણું કાંઈ? માટે એક ગુણ અને અનંતગુણ વચ્ચે તદ્ભાવ નથી, પૃથક્પણું નથી, પણ તદ્ભાવ નથી. આહા..હા..! સમજાણું

કાંઈ? ઝીણું બહુ આમાં. અજાણ્યા માણસને તો એવું લાગે, શું ભાઈ અમે તો ધર્મ સાંભળવા આવ્યા છીએ. આવો ધર્મ વીતરાગનો હશે? પરમેશ્વર કેવળજ્ઞાનીએ કહેલો આવો માર્ગ હશે? ઓલા કહે કંદમૂળ ખાવા નહિ, રાત્રે ચોવિહાર કરવો, દયા પાળવી, આમ કરવું, જોઈને ચાલવું એ સમજાય તરત. એમાં ધૂળેય સમજાય નહિ. જોઈને ચાલવું એ માનવું જ મિથ્યાત્વ છે કહે છે. શરીરને જોઈને ચલવતો હશે? આ જડની પર્યાય છે આ તો પૃથક્ છે. એને જોઈને ચાલવું, ધ્યાન રાખીને પગ મૂકવો, કહે છે કે પૃથક્ વસ્તુને ધ્યાન રાખીને પગ મૂકવો એ આવ્યું ક્યાંથી? છે ક્યાં આત્મામાં એ? એય..! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ પ્રશ્ન કહાં આયા? બેધ્યાન કિસમેં અપનેમેં યા પરમેં? કહો, પરમેં ધ્યાન રખના તો શરીરકી પર્યાય બરાબર ચલે ઐસા હૈ? શાસ્ત્રમાં એવું આવે ધોંસરા પ્રમાણે નજર રાખીને ચાલવું. ભાઈ! એ તો વ્યવહારના કથન છે, સાંભળને. સમજાણું કાંઈ? પગને નીચે જીવ હોય અને પગ ન પડે તો પગને ઊંચો કરી લેવો. એ શું આત્માની ક્રિયા છે? એ તો પૃથક્ દ્રવ્ય છે જડ. જડનું ઊંચાપણું થવું એવું પૃથક્પણે થાય છે, આત્માને લઈને નહિ. સમજાણું કાંઈ? શેઠી! એ માટે તો આ સમજાવે છે. પરદ્રવ્યની પર્યાય તો પૃથક્ ક્ષેત્ર છે. એની પર્યાય અને તેની સત્તામાં તું હાથ નાખ એ તારો અધિકાર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન પરમેશ્વર બિરાજમાન સમવસરણમાં, એને આમ હાથ જોડે. કહે છે કે ભાઈ! હાથ જોડવાની ક્રિયા પૃથક્ તારા તત્ત્વથી ભિન્ન છે. એ પ્રદેશ ભિન્ન છે અને તત્ત્વ ભિન્ન છે. માટે એની હાથ જોડવાની ક્રિયા તારાથી થઈ (એમ માને છે તો) મહામૂઢ છો, બેને એક માન્યા છે. નવનીતભાઈ! કહો, સમજાય છે કાંઈ? અમે હાથ જોડ્યા ભગવાનને, જય પ્રભુ! શું છે? શું થયું એમાં? શું વીત્યું એમાં? ભાઈ! તને ખબર નથી. હાથ છે એ આત્માના પ્રદેશથી પૃથક્ ચીજ છે આ. એના પ્રદેશો જુદા છે. માટે એ પ્રદેશોનું આમ થવું કે આમ થવું તારા અધિકારની વાત છે જ નહિ. પરની સત્તામાં તારી સત્તા કામ કરે એમ છે જ નહિ. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! આ ઓલા રાડું પાડે. એય..! આવું માનશે તો દયા નહિ પાળે. કોણ પાળે? સાંભળને હવે. આવું કરવા જશે તો આમ નહિ કરે. કરી શકે છે કોણ? ન કરે એનો પ્રશ્ન જ ક્યાં છે? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એનાથી શરીરના રજકણે રજકણ પૃથક્ છે, એના પ્રદેશો પૃથક્ છે. એટલે પૃથક્માં... તારામાં ગુણગુણીના ભેદમાં પણ એક ગુણરૂપે ગુણી નથી, ગુણી તે એકરૂપે નથી. એવો અંદર ભેદ છે તદ્ભાવનો. તદ્ભાવનો એમાં અભાવ છે. પરનો તો અભાવ છે... આહા..હા..! સમજાણું કાંઈ? પરનો તો તારામાં અભાવ છે, રાગનો પણ તારામાં ખરેખર અભાવ છે. સ્વભાવદૃષ્ટિની અપેક્ષાએ હોં! એક ગુણ અને આત્મા એક છે એમ પણ નહિ.

કારણ કે ગુણનું એક જ સ્વરૂપ છે અને ગુણીનું અનંતગુણનું એકરૂપ સ્વરૂપ છે. સમજાણું કાંઈ? .... એના પ્રદેશ જુદા છે માટે એનું હોવાપણું જુદું છે. એના હોવાપણા અને તારા હોવાપણામાં બિલકુલ અભાવ છે બે વચ્ચે. તો અભાવ છે તો તે વસ્તુની કોઈપણ ક્રિયાનું થવું, તેના અંદરમાં તેના સત્તાથી થાય છે. તારા હોવાપણાથી ત્યાં હોવાપણું આમ થાય છે એમ નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

અહીં કહે છે કે '**ભિન્નપ્રદેશત્વ તે પૃથક્પણાનું લક્ષણ છે...**' બધા પરમાણુએ પરમાણુ, આત્માએ આત્મા જુદે જુદા છે. કોઈના હોવાપણામાં બીજાના હોવાપણાનો અભાવ છે. એટલે આમ જે ક્રિયા થઈ એના હોવાપણામાં આત્માના પર્યાયનો અભાવ છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! પછી હવે કહે છે. '**અતદ્ભાવ તે અન્યપણાનું લક્ષણ છે. દ્રવ્યને અને ગુણને પૃથક્પણું નથી છતાં અન્યપણું છે.**' આહા..હા..! અંદરમાં ને અંદરમાં એક ગુણને અને ગુણીને અન્યપણું છે. જુઓ તો ખરા. પર તો અન્યપણું છે. આ તે કાંઈ વાત! સમજાણું કાંઈ? પર તો અન્યપણે છે, પણ એક ગુણી અને એક ગુણ વચ્ચે અન્યપણું છે. સમજાણું કાંઈ?

'**પ્રશ્ન :- જેઓ અપૃથક્ હોય તેમનામાં અન્યપણું કેમ હોઈ શકે?**' કહે છે કે ગુણ અને ગુણી પૃથક્ તો નથી. પૃથક્‌ની તો તમે ના પાડી. પૃથક્ તો પરદ્રવ્ય વચ્ચે પૃથક્તા છે. ગુણ અને ગુણી વચ્ચે પૃથક્તા તો નથી, જુદાઈ તો નથી, અપૃથક્ છે. અપૃથક્ હોય તેમનામાં અન્યપણું કેમ હોઈ શકે? આહા..હા..! ભગવાન આત્મા અનંતગુણનો પિંડ અસ્તિ એમાં એક જ્ઞાનગુણ છે, એમાં અપૃથક્ તો... કહે છે, એમાં પૃથક્ તો હોય એમાં અન્યપણું હોય. પૃથક્ નથી એટલે એક જ છે. વસ્તુ તો એક જ છે એમાં અન્યપણું કેમ હોઈ શકે? આહા..હા..!

'**ઉત્તર :- વસ્ત્ર અને સફેદપણાની માફક તેમનામાં અન્યપણું હોઈ શકે છે.**' જુઓ દૃષ્ટાંત કેટલો સીધો અને સાદો! '**વસ્ત્ર અને તેના સફેદપણાના પ્રદેશો જુદા નથી...**' પૃથક્ નથી. જુઓ! આ વસ્ત્ર છે અને આ સફેદાઈ છે આ સફેદાઈ, એના પ્રદેશો-અંશો જુદા નથી. '**તેમને પૃથક્પણું તો નથી.**' સફેદાઈને અને વસ્ત્રને જુદાપણું—પૃથક્પણું તો નથી. '**આમ હોવા છતાં સફેદપણું તો માત્ર આંખથી જ જણાય છે,...**' સફેદપણું તો એક આંખથી જ જણાય છે. ચાર ઇન્દ્રિયોથી જણાતું નથી માટે વસ્તુ જુદી થઈ ગઈ. '**અને વસ્ત્ર તો પાંચે ઇન્દ્રિયોથી જણાય છે.**' છેને? '**આંખથી જ જણાય છે, જીભ, નાક વગેરે બાકીની ચાર ઇન્દ્રિયોથી જણાતું નથી,...**' કોણ? આ ધોળાપણું. ધોળાપણું કાનથી જણાય નહિ, નાકથી જણાય નહિ, રસથી જણાય નહિ, સ્પર્શથી જણાય નહિ. એક વાત. '**અને વસ્ત્ર તો પાંચ ઇન્દ્રિયથી જણાય છે.**' જુઓ! અહીંથી જણાય છે ગંધપણું. ગંધ છે, રસ છે, સ્પર્શ છે. વસ્ત્ર પાંચ ઇન્દ્રિયથી જણાય છે આખું અને એક

ધોળાપણું એક ઇન્દ્રિયથી જણાય છે. બે ભિન્ન પડી ગયા. સમજાણું કાંઈ? કહો, શેઠી! ભારે વાત ભાઈ!

**'સફેદપણું તો માત્ર આંખથી જ જણાય છે, જીભ, નાક વગેરે બાકીની ચાર ઇન્દ્રિયોથી જણાતું નથી, અને વસ્ત્ર તો પાંચ ઇન્દ્રિયથી જણાય છે. માટે (કથંચિત્) વસ્ત્ર તે સફેદપણું નથી અને સફેદપણું તે વસ્ત્ર નથી.'** અરે..! ભારે વાત! એક ગુણ તે આખું દ્રવ્ય નથી અને એક દ્રવ્ય તે એક ગુણરૂપે નથી. આવું તો વ્યાખ્યાન સભામાં ઝીણું પડે. અહીં તો બધું વંચાય.... મુંબઈમાં આવું કરવા જાય તો શું બેસે? શું કરે છે આ? એય..! .. ઓલા માણસો હજારો ભેગા થાય. ચાલો.. ચાલો.. આ શું કહે છે વળી? સફેદપણું એક ઇન્દ્રિયનો વિષય ભલે ગમે તે હોય, અમારે શું કામ છે? વિષય તો તમે છોડાવા માગો છો. વિષય તો તમે છોડાવા માગો છો. વળી કહો છો, સફેદપણું તે આંખનો વિષય છે. ત્યારે અમારે આંખથી જોવુંને એને? ઈ અહીં ક્યાં કહે છે? અહીં તો ગુણ અને ગુણીની ભિન્નતા શું છે એ બતાવવા દાખલો આપે છે. સમજાણું કાંઈ?

**'વસ્ત્ર તો પાંચ ઇન્દ્રિયથી જણાય છે.'** તેનો એક ગુણ એક ઇન્દ્રિયથી જણાય. બેની ભિન્નતા થઈ ગઈ. પૃથક્ પ્રદેશ નથી છતાં અન્યપણું તો એમાં સિદ્ધ છે. આહા..હા..! આ તો શબ્દો પણ યાદ રહે એવા નથી. અભ્યાસ નહિને કોઈ દિ'. જાધવજીભાઈ! **'માટે વસ્ત્ર તે સફેદપણું નથી અને સફેદપણું તે વસ્ત્ર નથી. જો એમ ન હોય તો વસ્ત્રની માફક સફેદપણું પણ જીભ, નાક વગેરે સર્વ ઇન્દ્રિયોથી જણાવું જોઈએ;...'** વસ્ત્ર તે પાંચ ઇન્દ્રિયથી જણાય છે, સફેદપણું પણ પાંચ ઇન્દ્રિયથી જણાવું જોઈએ, જો એક હોય તો. એક હોય તો બે સરખી ઇન્દ્રિયથી જણાવું જોઈએ. સમજાણું કાંઈ? છે કે નહિ આમાં? જયંતિભાઈ! છે આમાં? કોઈ દિ' સાંભળ્યું ન હોયને.

**'જો એમ ન હોય તો વસ્ત્રની માફક સફેદપણું પણ જીભ, નાક વગેરે સર્વ ઇન્દ્રિયોથી જણાવું જોઈએ; પણ એમ તો બનતું નથી. માટે વસ્ત્ર અને સફેદપણાને અપૃથક્પણું હોવા છતાં...'** વસ્ત્રને અને ધોળાને પ્રદેશથી જુદાપણું નહિ હોવા છતાં ભાવભેદ તો છે એમ કહે છે. પ્રદેશભેદ નહિ હોવા છતાં ભાવભેદ છે એમ કહે છે. સમજાય એવું છે હોં! નથી સમજાય એવું નથી. પણ માણસને એવું થઈ ગયું કે અમને આવી ઝીણી વાત (ન સમજાય). પણ આત્મા કેવળજ્ઞાન લઈ શકે એવી તાકાતવાળો અને આવું ન સમજાય એમ હોય? એને ગાળ દેવા જેવું છે. તું આવો નથી, તું આવો નથી એમ ગાળ દેવા જેવું છે. એ.. શેઠી! આ અમને ન સમજાય એટલે આત્મા એવો સમજનારો નથી. એટલે આત્મા સમજનારો નથી એમ ગાળ દીધી આત્માને. **'માટે વસ્ત્ર અને સફેદપણાને અપૃથક્પણું હોવા છતાં...'** એટલે કે પૃથક્પણાના પ્રદેશો એમાં ન હોવા છતાં **'અન્યપણું છે એમ સિદ્ધ થાય છે.'**

**'એ જ પ્રમાણે દ્રવ્યને અને સત્તાદિગુણોને...'** જુઓ! આદિ ગુણો બધાને એક એકને લેવું. આદિ છેને (એટલે) એક એક ગુણને લેવું. **'અપૃથક્ત્વ હોવા છતાં...'** ભગવાન આત્મા અને એનો જ્ઞાન, દર્શન, આનંદગુણ, એ આનંદ આદિ ગુણો અને આત્મા એ જુદાં પૃથક્ પ્રદેશો બેના ન હોવા છતાં **'અન્યત્વ છે;...'** અનેરાપણું તો છે. ગુણી અને ગુણનું અનેરાપણું તો છે. **'કારણ કે દ્રવ્યના અને ગુણના પ્રદેશો અભિન્ન હોવા છતાં...'** ભગવાન આત્મા અને તેના ગુણોના અંશો-પ્રદેશો-ક્ષેત્ર જુદા નહિ હોવા છતાં **'અભિન્ન હોવા છતાં દ્રવ્યમાં અને ગુણમાં સંજ્ઞા-'** જુઓ! ગુણનું નામ ગુણ, દ્રવ્યનું નામ દ્રવ્ય. જુઓ! નામ ફેર થયો. **'સંખ્યા-'** ગુણ એક, દ્રવ્ય અનંતગુણ. **લક્ષણ-**સત્તાનું હોવાપણું, દ્રવ્યનું અનંતગુણનું ધારવું **'લક્ષણાદિ ભેદ હોવાથી (કથંચિત્) દ્રવ્ય તે ગુણપણે નથી અને ગુણ તે દ્રવ્યપણે નથી.'** આહા..હા..! સમજાણું કાંઈ? (પ્રવચનસાર) ઘણાં વખતનું વંચાયું નહોતું. હતા નહિ, લાલભાઈ હતા કે નહિ? ૧૯૫૧ની સાલનો પત્ર હતો સાકરચંદભાઈનો. એ નહોતા દ્રવ્ય-ગુણ-પર્યાયનું...? છાપામાં હતુંને, આ છાપું તે દિ'નું હતું. રામજીભાઈ પાસે પડ્યું છે. પછી અહીં આવી ગયું. કોણ જાણે ક્યાંથી અહીં આવી ગયું. છાપું હતું તો કેદિનું ૫૧ની સાલનું. જૈનજગત. મુંબઈ સમાચાર, મંગળવાર, તા.૨૮-૮-૫૧. સાકરચંદભાઈ કરીને દેરાવાસી શાસ્ત્ર અભ્યાસી હતા સુરતના. પછી અહીંનું ૫૧ કેટલા વર્ષ થયા? ૧૭ વર્ષ થયાને. ૧૭ વર્ષ પહેલા એક લેખ લખેલો કે ઊભી થતી નવી ભાંજગડ. એક ફેરી હતા કે નહિ? તે દિ' આ એક ફેરી વાંચ્યું હતું અહીં. નહોતા? તમે હતા. ઊભી થતી નવી ભાંજગડ.

હમણા દેરાવાસી જૈનોમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયની ભાંજગડ ઊભી થતી આવે છે. ૫૧ની સાલની વાત છે. મુંબઈ સમાચારમાં છે. એનું કારણ સોનગઢના સંત કાનજીસ્વામી છે. એમણે દિગંબર જૈનોના પંચાસ્તિકાય વગેરે આગમો અને સમયસાર વગેરે પરમાગમો વાંચવા શરૂ કર્યા. એ દિગંબર જૈન આગમ અને પરમાગમમાં મોટે ભાગે દ્રવ્ય, ગુણ અને પર્યાયની વિચારણા છે. શ્વેતાંબર જૈનોના ૩૦ કે ૪૫ આગમોમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયને બહુ જ સ્પષ્ટતાથી પ્રત્યક્ષ રીતે સમજાવેલ નથી. શ્વેતાંબર જૈનોમાં આજથી ૩૦૦ વર્ષ ઉપર થઈ ગયેલા યશોવિજય ઉપાધ્યાયજીએ દ્રવ્ય, ગુણ અને પર્યાયનું સવિગત વર્ણન કર્યું. આવું સ્પષ્ટ વર્ણન એમની અગાઉના કોઈ આચાર્યે કર્યું નથી. અહીંનુ બધું વાંચ્યુને પછી. ... એમાં વર્ણન કર્યું છે, પણ એના ઉપરથી દિગંબર... દિગંબરો કહે છે કે દ્રવ્ય અને ગુણના પર્યાયો જુદા જુદા પણ છે. શ્વેતાંબરો ગુણના જુદા પર્યાયો નહિ સ્વીકારતા, દ્રવ્ય અને ગુણને અભેદ ગણીને માત્ર દ્રવ્યના જ પર્યાય સ્વીકારે છે. એ લોકોની મોટી ચર્ચા. છેને, એની સાથે સંબંધ છે, આ વસ્તુની સાથે સંબંધ છે. સમજાણું?

આ બાબતમાં સોનગઢના કાનજીસ્વામીનો પ્રચાર કામ ઘણું જોરદાર હોવાથી... આ ૧૭ વર્ષ પહેલા લખ્યું છે. આ બાબતમાં સોનગઢના કાનજીસ્વામીનું પ્રચાર કામ ઘણું જોરદાર

હોવાથી હમણા શ્વેતાંબર જૈનના કોઈ કોઈ પંડિત મુનિવરોએ પણ દ્રવ્યના પર્યાયની પેઠે ગુણના પર્યાય પણ જુદા કર્યા હોય એવું માનવા લાગ્યા છે. હતું જ ક્યાં વાત જ ક્યાંય? સમજ્યાને? શ્વેતાંબરના ૪૫ મૂળસૂત્રમાં આ વસ્તુનું બહુ જ સ્પષ્ટીકરણ નહિ હોવાથી, તેમજ ટીકાઓમાં પણ નહિ હોવાથી આ નવી ભાંજગડ ઊભી થતી આવે છે. આટલા વર્ષ સુધી વિચાર પણ નહોતો કર્યો તમે? આ બાબતમાં સ્થાનકવાસી જૈનો પાસે કોઈ સ્વતંત્ર ગ્રંથ છે જ નહિ. દેરાવાસી જૈનો પાસે ત્રણ-ચાર ગ્રંથો છે. તેરાપંથીની થોડી વાત કરી છે. શ્વેતાંબર દેરાવાસી જૈન મુનિવરોએ હાલમાં આ વસ્તુનો અભ્યાસ શરૂ કર્યો છે. હવે શરૂ કર્યો. દ્રવ્ય, ગુણ અને પર્યાયનું યથાર્થ જ્ઞાન ન થાય ત્યાં સુધી સમકિત ઊગે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શ્વેતાંબરમાં કહે છે. યથાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન ન હોય ત્યાં સમકિત થાય નહિ. એય..! મગનભાઈ! સમજાણું આ? આ બધું સમજવું પડશે. એય..! તમારા ક્યાં ગયા?

... તો યશોવિજયજી ઉપાધ્યાય દ્રવ્યાનુયોગ તર્કણા રચનાર, ભવ્ય.. મહારાજ વગેરે કહે છે. એ બેય જણા કહે છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના યથાર્થ જ્ઞાન વિના સમકિત થાય નહિ. શ્વેતાંબરોના મૂળ સૂત્રોમાં ઘણી હકીકતો છે, તેમાં આ વસ્તુ ઉપર બહુ ભાર મૂક્યો જણાતો નથી. આટલો લેખ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ માટે તો લખ્યું છે આણે. સમજાણું? એથી ૮૦મી ગાથામાં આવ્યુંને? **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।'** **'जो जाणदि'** એ શ્લોક લીધો છે એ લોકોએ. પણ એનું આચરણ નથી. **'जो जाणदि अरहंतं'** અરિહંત ભગવાન પરમેશ્વરના દ્રવ્યને, ગુણને અને પર્યાયને જાણે **'सो जाणदि अप्पाणं'** એવો જ હું છું એમ આત્માને જાણે. **'मोहो खलु जादि तस्स लयं।'** તેનો મિથ્યાત્વનો નાશ થાય અને સમકિત થાય. કહો, સમજાણું કાંઈ? માટે આ દ્રવ્ય-ગુણ-પર્યાય યથાર્થ જાણવા જોઈએ, એ માટે આ વાંચ્યું. બે વાર મૂકે છે ઈ પહેલા. ભાઈ હતા કે નહિ? નહોતા? પહેલા વાંચ્યુ ત્યારે નહિ હોય. ... આટલી વ્યાખ્યા આમાં ઉતરી ગઈ. હેતુ તો એ હતો. કારણ કે ... કહો, સમજાણું? **'દ્રવ્ય તે ગુણપણે નથી અને ગુણ તે દ્રવ્યપણે નથી.'**

**'હવે અતદ્‌ભાવને ઉદાહરણપૂર્વક વિસ્તારે છે :—'**

**सद्दव्वं सच्च गुणो सच्चेव य पज्जओ त्ति वित्थारो।**
**जो खलु तस्स अभावो सो तदभावो अतब्भावो।।१०७।।**

**'સત્ દ્રવ્ય', 'સત્ પર્યાય', 'સત્ ગુણ'—સત્ત્વનો વિસ્તાર છે;**
**નથી તે-પણે અન્યોન્ય તેહ અતત્પણું જ્ઞાતવ્ય છે. ૧૦૭.**

'અન્વયાર્થ :- 'સત્ દ્રવ્ય' 'સત્ ગુણ' અને 'સત્ પર્યાય'' દેખો! એક વસ્તુમાં

ત્રણ. દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. એક સત્તાનો ત્રણ વિસ્તાર છે. ત્રણ સત્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? દ્રવ્ય સત્ વસ્તુ, ગુણ સત્ .. છે. દ્રવ્ય છે, ગુણ છે, પર્યાય છે. ત્રણ છે. **'એમ (સત્તાગુણનો) વિસ્તાર છે.'** એક જ ગુણનો ત્રણ વિસ્તાર છે. એક જ ગુણ ત્રણપણે છે, ગુણ ત્રણ નથી. સમજાણું કાંઈ? **'(તેમને પરસ્પર) જે તેનો અભાવ અર્થાત્ તે-પણે હોવાનો અભાવ...'** દ્રવ્ય તે ગુણ નહિ, ગુણ તે પર્યાય નહિ, પર્યાય તે ગુણ નહિ એવો જે અભાવ **'તે તદ્-અભાવ એટલે કે અતદ્ભાવ છે.'** દેખો! ત્રણેમાં એકબીજામાં ત્રણનો અભાવ. આ ગુણની સાથે પર્યાય નાખી પાછી. ગુણ અને દ્રવ્ય વચ્ચે અતદ્ભાવ બતાવવો છેને. હવે પાછી પર્યાય નાખી. ત્રણે નાખ્યા. એક વિસ્તાર વધારતા જાય છે. ગાથા દીઠ તેનું સ્પષ્ટીકરણ વિશેષ કરતા જાય છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પરથી પૃથક્ છે એ તો જુદું. હવે એનો એક ગુણ છે એ પણ અન્ય ભાવે છે, એકભાવે નથી એટલું તો સિદ્ધ કર્યું. હવે તો કહે છે, પર્યાય પણ ગુણભાવે નથી અને પર્યાય દ્રવ્યભાવે નથી અને દ્રવ્ય પર્યાયભાવે નથી અને ગુણ પર્યાયભાવે નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એય..! શેઠી! ૮૦ વર્ષે, ૮૧ વર્ષે હવે આ બધું ક્યાં નક્કી કરવા જાવું? દિગંબરની રાજધાની, જયપુર, ગાજે ધર્મ ત્યાં. જૈનપુરી. સાચી વાત છે, વાત તો એવી છે. આહા..હા..! આવું સ્વરૂપ સર્વજ્ઞ સિવાય અને દિગંબર સંતો સિવાય ક્યાંય છે નહિ. સમજાય છે કાંઈ? પછી માણસો અભિમાન ભલે કરે કે અમારામાં પણ છે. માનો બાપા! એ તો બોલ્યા હતાને ઓલા. પોતાની ખામી કેમ દેખાય?

કહે છે, એટલે કે અતદ્ભાવ છે. શું? કે વસ્તુ, એનો ગુણ, એની પર્યાય. એક સત્‌ના ત્રણ વિસ્તાર. ભગવાન આત્મા સત્ છે, એના ગુણો સત્ છે, એની અનંતી પર્યાયો સત્ છે. એક પરમાણુ છે, એ દ્રવ્ય સત્ છે, વર્ણ, ગંધ, રસ, અનંતગુણ સત્ છે, એની લીલી, રાતી આદિ પર્યાય સત્ છે. છતાં એક ભાવ બીજા ભાવપણે નથી. આહા..હા..! પરપણે તો નથી. આ કેટલું સિદ્ધ કરે છે! બાપુ! પરદ્રવ્યપણે તો નથી, પણ તારામાં રહેલા સત્ તે એક ભાવ તે બીજા ભાવપણે નથી. આહા..હા..! એવું વસ્તુનું સ્વતંત્ર સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

**'ટીકા :- જેમ એક મૌક્તિકમાળા,...'** જુઓ! નથી લાવ્યાને? ખબર હોય તો લાવેને. અમારે શ્રીચંદજી લાવે છે. ક્યાં ગયા શ્રીચંદજી? એને ખબર ક્યાં હતી? ૯૯માં આવે ત્યારે ખબર આવે કે ૯૯ ગાથામાં માળા આવશે. ૯૯ ગાથામાં માળા મૂકો. **'એક મૌક્તિકમાળા,...'** મોતીની માળા, મોતીનો હાર. એક મોતીનો હાર. સમજાણું? હાર છેને આમ જુઓને. મોતીની માળામાં. આખો હાર હોયને. ગાંઠો વાળો. એવું આપણે કરે છે નહિ? ભાઈ મૂળચંદજી. ભક્તિ કરે ત્યારે. આમ કરે છે માળા. મૂળચંદજી નહિ? નાચે છે ત્યારે. કરે છેને? **'એક મૌક્તિકમાળા,...'** એક વાત. **'હાર તરીકે, દોરા તરીકે, અને**

**મોતી તરીકે—એમ ત્રિધા (ત્રણ પ્રકારે) વિસ્તારવામાં આવે છે,...'** હાર તરીકે, દોરા તરીકે એ ગુણ, હાર તરીકે દ્રવ્ય, દોરા તરીકે ગુણ, મોતી તરીકે પર્યાય. **'તેમ એક દ્રવ્ય, દ્રવ્ય તરીકે, ગુણ તરીકે અને પર્યાય તરીકે—એમ ત્રિધા વિસ્તારવામાં આવે છે.'** આહા..હા..! સમજાણું કાંઈ?

**'વળી જેમ એક મૌક્તિકમાળાનો શુક્લત્વગુણ,...'** લ્યો! હવે ગુણ લીધો. ઓલું દ્રવ્ય લીધું હતું. હવે એક મૌક્તિકમાળાનો ધોળો ગુણ. હવે ગુણ ઉપર લીધું. પહેલું દ્રવ્ય ઉપર લીધું હતું. આખો જે હાર છે... સમજાણું? એ હાર તરીકે, દોરા તરીકે, મોતી તરીકે જુદો. એમ દ્રવ્ય દ્રવ્ય તરીકે, ગુણ તરીકે, પર્યાય તરીકે જુદું. હવે ગુણ. હવે એમાં એક જે મૌક્તિકમાળાનો શુક્લગુણ છે તે શુક્લ હાર, શુક્લ દોરો, શુક્લ મોતી. એ ગુણને ત્રણ પ્રકાર નાખ્યા. સમજાણું કાંઈ? શુક્લગુણ છે એ શુક્લ હાર. જુઓ ધોળો હાર, ધોળો દોરો, ધોળું મોતી. ગુણ ઉતારવો છેને અહીં તો. ઓલું દ્રવ્ય ઉતાર્યું હતું. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલી વહેંચણી અને કેટલું સિદ્ધ કરવું છે! એમાંને એમાં હોં! ભેગા ને ભેગા. પરની સાથે કાંઈ ન મળે. છતાં કહે છે, અંદરમાં પણ શુક્લ નામનો ગુણ, શુક્લ હાર, શુક્લ દોરો અને શુક્લ મોતી **'તેમ એક દ્રવ્યનો સત્તા ગુણ,...'** ઓલો ગુણ હતો ધોળો. એમ એક આત્મા અને એક પરમાણુનો સત્તા નામનો ગુણ એ **'સત્ દ્રવ્ય, સત્ ગુણ...'** હવે ગુણમાં ઉતારે છે. **'સત્તાગુણ, સત્ દ્રવ્ય, સત્ ગુણ અને સત્ પર્યાય—એમ ત્રિધા વિસ્તારવામાં આવે છે.'** સમજાણું કાંઈ?

જેમ હાર તે હાર, દોરો, મોતી એમ ત્રણ વિસ્તારવામાં આવે છે. દ્રવ્ય તે દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણમાં વિસ્તારમાં આવે છે. હવે ગુણ! એ દ્રવ્યની વાત કરી. હવે ગુણ જેમ શુક્લ ગુણ, શુક્લ વસ્ત્ર, શુક્લ ગુણ, શુક્લ દોરો. છેને? શુક્લ હાર, શુક્લ દોરો અને શુકલત્વ ગુણ અને શુક્લ મોતી. એમ એક દ્રવ્યનો. દ્રવ્યનો એક ગુણ, સત્તા ગુણ એક કોર રાખો હવે. સત્ દ્રવ્ય. એ સત્તા નામનો એક ગુણ, સત્ દ્રવ્ય, સત્ ગુણ, સત્ પર્યાય એમ ત્રિધા વિસ્તારવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'વળી જેવી રીતે એક મૌક્તિકમાળામાં જે શુક્લત્વગુણ છે તે હાર નથી,...'** હવે ત્રણપણે સિદ્ધ કર્યું, હવે આ નથી એમ સિદ્ધ કરે છે. જેમ મૌક્તિકમાળામાં જે શુક્લત્વગુણ છે તે હાર નથી, શુક્લ ગુણ છે તે **'દોરો નથી કે મોતી નથી,...'** એક શુક્લગુણ છે તે આખો હાર છે? એક દોરો છે? મોતી નથી. એક પર્યાયમાં આખો શુક્લગુણ આવતો નથી. **'અને જે હાર, દોરો કે મોતી છે તે શુક્લત્વગુણ નથી...'** અરસપરસ. અને હાર, દોરો, મોતી તે કાંઈ ધોળો ગુણ નથી. **'એમ એકબીજાને જે તેનો અભાવ અર્થાત્ તે-પણે હોવાનો અભાવ છે તે તદ્-અભાવ લક્ષણ અતદ્ભાવ છે કે જે (અતદ્ભાવ) અન્યત્વનું કારણ છે;...'** ધોળો ગુણ તે આખો દોરોમાં નથી, આખા દ્રવ્યમાં નથી અને

પર્યાય મોતીમાં નથી. તેમ એક સત્તા ગુણ તે સત્ દ્રવ્ય, સત્ગુણ, સત્ પર્યાય એ ત્રણ છે. તો એક દ્રવ્ય સત્ એ ગુણમાં નથી, ગુણ સત્ તે પર્યાયમાં નથી, પર્યાય છે તે ગુણમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એક સત્ ત્રણમાં થઈ ગયું. આ પર્યાય સત્ તે ગુણમાં નથી અને ગુણ સત્ તે દ્રવ્યમાં નથી. આહા..હા..! મુનિઓએ સંતોએ જંગલોમાં રહી વીતરાગી આનંદના અનુભવ કરતાં. મુનિ છઠ્ઠે ગુણસ્થાને છેને, આ વિકલ્પ ઉઠે છે. અતીન્દ્રિય આનંદનો અનુભવ છે જ્યાં મુનિ છે ત્યાં. બહારમાં નગ્નપણું, દિગંબરદશા, જંગલમાં વસે એ મુનિ હોય. સમજાણું કાંઈ? એને આ એક વિકલ્પ આવ્યો અને આ ટીકા આવી થઈ ગઈ. ટીકા પરમાણુની પર્યાયથી થઈ છે. એ તો કહેતા છેને, પરમાણુની પર્યાયની સત્તા અમારા વિકલ્પથી જુદી છે, અમારું જ્ઞાન વિકલ્પથી જુદું છે, વિકલ્પથી જ્ઞાન જુદું છે અને વિકલ્પથી પર્યાય પણ જુદી છે, એની સત્તા પૃથક્ છે. ટીકાની પર્યાયની રચના અમારા જ્ઞાન વડે થઈ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. નહિ, વસ્તુની સ્થિતિ એમ છે. લોકો એમ કહે છે. મોટા માણસ તો એમ કહે, કે અમે નથી કર્યું. ... કરી શકાતું જ નથી. એ તો ન કહ્યું? કે આત્મા એના પોતાના જ્ઞાનગુણમાં દ્રવ્યમાં જ્ઞાન, ગુણમાં જ્ઞાન, પર્યાય જ્ઞાન, તો એ જ્ઞાન કાંઈ ટીકાની પર્યાયમાં જ્ઞાન ગરી ગયું? એના પરમાણુમાં તો એ પરમાણુ જે છે એના એક પરમાણુમાં એનો સ્પર્શ ગુણ, દ્રવ્ય સ્પર્શ, ગુણ સ્પર્શ, પર્યાય સ્પર્શ. એની થઈ પર્યાય. એની પર્યાયના અસ્તિત્વમાં તો એના પરમાણુ એ પર્યાયની સત્તામાં ગયો છે. આત્માનો પર્યાય એની સત્તામાં ગયો છે? આહા..હા..! નવનીતભાઈ! બહુ સરસ! સમજાણું કાંઈ?

જુઓ! કહે છે, '**તે-પણે હોવાનો અભાવ છે તે તદ્‌-અભાવ લક્ષણ...**' જુઓ! '**તદ્‌-અભાવ લક્ષણ અતદ્‌ભાવ છે...**' એનું લક્ષણ અતદ્‌ભાવ છે '**કે જે (અતદ્‌ભાવ) અન્યત્વનું કારણ છે; તેવી રીતે એક દ્રવ્યમાં જે સત્તાગુણ છે તે દ્રવ્ય નથી,...**' સત્તા ગુણ એક તે આખું દ્રવ્ય છે? '**અન્ય ગુણ નથી...**' હવે પાછું એમ લીધું. તે સત્તા ગુણ એક છે તે અન્ય ગુણ નથી. આહા..હા..! સત્તા એક ગુણ છે તે અન્ય ગુણ નથી. '**તે પર્યાય નથી,...**' સમજાણું કાંઈ? એ ગુણ આખો એકલો પર્યાયમાં છે? '**અને જે દ્રવ્ય, અન્ય ગુણ કે પર્યાય છે...**' અન્ય ગુણ સત્તા સિવાયનો બીજો કોઈપણ ગુણ. '**જે દ્રવ્ય, અન્ય ગુણ કે પર્યાય છે તે સત્તાગુણ નથી—**' આહા..હા..! સત્તાગુણ તે જ્ઞાનગુણ નથી, જ્ઞાનગુણ તે સત્તાગુણ નથી. ઓહો..હો..! એકબીજાનો અભાવ. આનંદગુણ છે તે જ્ઞાનગુણ નથી, જ્ઞાનગુણ છે તે આનંદગુણ નથી. એ બે એક હોય તો અનંતપણું ગુણનું સિદ્ધ થતું નથી. સમજાણું કાંઈ?

'**એમ એકબીજાને જે...**' કોણ એકબીજું? દ્રવ્ય ને ગુણ ને પર્યાય. '**તેનો અભાવ**

**અર્થાત્ તે-પણે હોવાનો અભાવ છે તે તદ્અભાવ લક્ષણ અતદ્ભાવ છે...'** તદ્અભાવ લક્ષણ છે તે અતદ્ભાવ છે **'કે જે અન્યત્વનું કારણ છે.'** દ્રવ્ય સત્ છે તે ગુણ સત્ નથી, ગુણ સત્ છે તે પર્યાય સત્ નથી. અથવા સત્તા ગુણ છે એટલું દ્રવ્ય ભિન્ન છે, સત્તા ગુણ છે એનાથી જ્ઞાનગુણ ભિન્ન છે. સત્તાગુણની પર્યાય છે એટલું સત્ નથી. એકબીજામાં અભાવ છે. પર્યાયમાં ગુણનો અભાવ, ગુણમાં દ્રવ્યનો અભાવ, દ્રવ્યમાં ગુણનો અભાવ, ગુણમાં પર્યાયનો અભાવ. પરની સાથે તો અભાવ કેટલો! ક્યાંય ન મળે કહે છે. આહા..હા..! આ તો હજી પરદ્રવ્યનો કર્તા ન માને એ દિગંબર જૈન નહિ એમ કહે. અરે.. ભગવાન! શું કરે છે આ? કહો, સમજાણું કાંઈ? કરી શકે છે, વ્યવહારે પરદ્રવ્યનું કરી શકે છે. ભગવાન! એનો અર્થ શું પણ તારે કરવો છે? ભાઈ! પરની સત્તાના હોવાપણામાં તારું સત્તાપણું એમાં છે કે એની સત્તામાં બદલવાના પર્યાયમાં તું જઈને બદલાવ? શું થાય? એની અંતર દૃષ્ટિમાં જે કામ બેસતું હોય એ સિવાય બીજું કેમ બેસે એને?

અહીં તો કહે છે, એક એક વસ્તુનો એક એક ગુણ તે આખા દ્રવ્યપણે નથી, એક ગુણ અનેરા ગુણપણે નથી, એક ગુણ તે એની પર્યાયપણે નથી. એવું ત્રણ વચ્ચે અન્યત્વપણું, અતદ્ભાવ તેનું લક્ષણ એવું અન્યપણું સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? એવા ત્રણને પૃથક્-પૃથક્ રીતે જાણવા એનું નામ જ્ઞેયનું વાસ્તવિક સ્વરૂપ છે અને એ વાસ્તવિક સ્વરૂપ આ રીતે બેસે એને સમ્યગ્દર્શન થાય. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૧૧, સોમવાર, તા. ૩૦.૧૨.૧૯૬૮**
**ગાથા-૧૦૭, પ્રવચન-૧૧૧**

.... એનો ભાવાર્થ. ઝીણો વિષય છે. આત્માને, અનંતકાળથી એણે આ આત્મા શું છે? પરપદાર્થ શું છે? પર અને મારામાં ગુણો શું છે અને પર અને મારામાં પર્યાય શું છે? (એ યથાર્થપણે જાણ્યું નથી). સમજાણું કાંઈ? મારામાં મારું દ્રવ્ય એટલે વસ્તુ, એના ગુણો અને પર્યાય (રહેલાં છે). બીજા પદાર્થમાં તે તે પદાર્થનું દ્રવ્ય, તેના શક્તિ એટલે ગુણો અને તેની પર્યાય (રહેલાં છે). એ બીજાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં આત્મા નથી અને આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પર નથી. એટલું તો સાધારણ સિદ્ધ કર્યું. સમજાણું કાંઈ? શું કીધું? આ શરીરમાં

એક રજકણ-રજકણ છે આ રજકણ. એ છેને, આ રજકણ છે ધૂળ છે આ તો. એનો એક પોઈન્ટ જે રજકણ છે, એ રજકણ છે તે દ્રવ્ય છે, એનામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે તે ગુણો છે અને એની લીલી, ઠંડી અવસ્થા વગેરે એની પર્યાય છે. તો એ પોતે દ્રવ્ય પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં એની સત્તા સમાપ્ત થાય છે. એનું હોવાપણું બીજા દ્રવ્યને વિષે અંશે પણ છે એમ નહિ. એમ આ આત્માનું, વસ્તુ આત્મા છે પદાર્થ-વસ્તુ છે, તો કહે છે કે આત્મા જે દ્રવ્ય છે, અનંતગુણનો પિંડ એક દ્રવ્ય વસ્તુ છે. એનામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણ છે અને એની વર્તમાન થતી હાલત નામ અવસ્થા છે. એમાં એ છે.

આત્માની પર્યાય શોધવી હોય તો એની પર્યાયમાં મળે. ગુણ શોધવો હોય તો ગુણમાં મળે અને દ્રવ્ય શોધવો હોય તો અનંતગુણનો પિંડ તે દ્રવ્ય મળે. શેઠી! .. નાખ્યા. આ આત્મા છે. પરમાણુ આદિ આ તો પરવસ્તુ છે. આ તો જડ, માટી, ધૂળ છે એ તો જગતની ચીજ પર છે. એમાં મળે તો એની અવસ્થા મળે, એનો ગુણ મળે, કાં એનું તત્ત્વ મળે-દ્રવ્ય મળે. એમાં આત્મા ન મળે ક્યાંય. હવે આત્મા છે આ વસ્તુ, એ વસ્તુ છે ત્રિકાળ એમાં દ્રવ્ય મળે એટલે દ્રવ્ય આખા ગુણનો પિંડ દ્રવ્ય વસ્તુ મળે, એના ગુણમાં ગુણ મળે, અવસ્થામાં પર્યાય મળે. ત્રણે થઈને એક ચીજ આખી છે. સત્ દ્રવ્ય.. એ અધિકાર ચાલે છેને. સત્ દ્રવ્ય, સત્ ગુણ, સત્ પર્યાય સત્‌નો વિસ્તાર છે.

ભગવાન આત્મા સત્ દ્રવ્ય વસ્તુ, અનાદિ-અનંત વસ્તુ. સત્ ગુણ જ્ઞાનાદિ ગુણો. એમાં એક એક ગુણ અહીં લેવો છે. અને એની વર્તમાન અવસ્થા, હાલત, કાર્ય, દશા એમાં આત્મા છે. ત્રણમાં એનું હોવાપણું સમાપ્ત થાય છે. એનું હોવાપણું, એની સત્તા, એનું અસ્તિત્વ, એના દ્રવ્ય-ગુણ-પર્યાય સિવાય પરના પરમાણુ કે પરના આત્માના અંશમાં પણ એનું અસ્તિત્વ જરીએ નથી. કહો, સમજાય છે કે નહિ આમાં? બોલાય નહિ, નહિ? આવી સાદી ભાષાથી ચાલે છે. ઓલા સંચામાં ગરી ગયેલાને અંદરમાં સૂઝ પડતી નથી. એય..! મગનભાઈ! કહો. આમ નથી આમ? સાદી ભાષાએ ખ્યાલ નથી આવતો?

જુઓ! આ ચીજ છે. આ ચીજ છેને. આ શું છે? સુખડની લાકડી. અસ્તિત્વ ધરાવે છે કે નહિ? છે કે નહિ? છે. તો એનું હોવાપણું એ વસ્તુ છે એમાં છે. એમાં સુગંધ આદિ ગુણ છે એમાં હોવાપણું છે, એમાં એની વર્તમાન સુંવાળી કે સુગંધની વર્તમાન દશા પ્રગટ એમાં એ છે. પણ આ આંગળીમાં નથી. અહીં તો હજી... આહા..હા..! સમજાણું કાંઈ? આ તો અનંત રજકણનો પિંડ છે, કાંઈ મૂળ ચીજ નથી આ. ઘણા રજકણો ઝીણા પોઈન્ટ જે નાનામાં નાનો જેના બે ભાગ ન થાય એવું જે પરમ અણુ તત્ત્વ એના અનંત રજકણનો આ સંગ્રહ પિંડ દેખાય છે આ. છે કે નથી આ? છે કે નથી? છે. તો એનું હોવાપણું ત્રણમાં સમાપ્ત થાય છે. કાં એ વસ્તુ છે એ દ્રવ્યમાં, કાં એના ગુણો કાયમ રહે એવા વર્ણ, ગંધ, રસ, સ્પર્શમાં, કાં એની વર્તમાન સુંવાળી કે ગંધાદિની અવસ્થા. એ ત્રણમાં એનું હોવાપણું

પૂરું થાય છે. એના હોવાપણામાં બીજાનો અંશ આવે છે કે બીજાના અંશમાં એનું હોવાપણું છે, આ આંગળીની અવસ્થામાં એનું હોવાપણું છે એમ નથી. આ નથી સમજાતું આમાં? આ આંગળી છે એ આંગળીનું હોવાપણું, એના રજકણો છે એ દ્રવ્ય છે, એના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એની શક્તિના ગુણ છે અને હાલત આ લોહી આદિ આ અવસ્થા છેને વર્તમાન અવસ્થા લાલ. તો એની અવસ્થા, એનો કાયમ રહેનારો ગુણ, કાયમ રહેનારું દ્રવ્ય. એનું હોવાપણું ત્રણમાં પૂરું પડે છે. એના હોવાપણાનું ત્રણમાં પૂરું પડે છે. એ સિવાય આના હોવા માટે આના અંશમાં આનું કાંઈક હોવાપણું આનું છે કે આના અંશનું હોવાપણું આમાં છે એમ નથી. ભારે ભાઈ! તત્ત્વનો અભ્યાસ ન મળે કાંઈ. જગતના પલાખા શીખી ગયા. ભગવાનભાઈ! આ તત્ત્વનું શું વસ્તુ છે એનું જ્ઞાન નથી, એની ખબર નથી. દુનિયાની માંડી મોટી પડ. આનું આમ થાય ને આનું આમ થાય. પ્લાસ્ટિક આમ થાય, કૂચો આમ નીકળે ને ઢીંકણું આમ થાય. આહા..હા..!

અહીં તો કહે છે, એ કૂચો જે છે એ પણે અસ્તિ છે કે નહિ? અસ્તિ છે કે નાસ્તિ છે? નાસ્તિ હોય તો દેખાય નહિ. છે તે દેખાય છે. હવે છે એ વસ્તુ છે એનું જે દ્રવ્ય છે વસ્તુ-પદાર્થ, એમાં એ વસ્તુ છે. એનો ગુણ છે એમાં એ વસ્તુ છે. વસ્તુ હોય એનો કોઈ ભાવ હોય કે નહિ? વસ્તુ તો ભાવવાન છે. તો એનો ભાવ હોય કે નહિ? તો પરમાણુનો ભાવ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ ભાવ છે. તો ભાવ છે તો એની વર્તમાન કોઈ હાલત પ્રગટ દશા હોય કે નહિ? તો પ્રગટ દશા તે પરમાણુની કાળી, રાતી, સુંવાળી, કર્કશ એ એની અવસ્થા છે. એ પરમાણુ પદાર્થ પોતાના દ્રવ્યની હયાતીમાં, ગુણની હયાતીમાં, પર્યાયની હયાતીમાં તેનું હોવાપણું છે. કહો, આ નથી સમજાતું? ...ભાઈ! આ વાણિયાની જેવી વાત નથી, આ તો સાદી ભાષા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ખાનગી ચર્ચા કરે છે ત્યારે નથી બોલતા? ભાષા ખાનગી બોલે. ... આપણને સમજાય નહિ એવી ભાષા બોલે. એવી આ નથી. આ તો સીધી સાદી વાત છે. પણ કોઈ દિ' હું કોણ, પર કોણ એની ખબર જ નથી. આંધળે આંધળા (ચાલ્યા જાય છે).

કહે છે કે આનો આત્મા અહીં સમાપ્ત પામે છે. આ આત્મા છે અંદર એનું હોવાપણું તેના દ્રવ્ય એટલે વસ્તુમાં, એની શક્તિમાં-ગુણમાં અને એની અવસ્થામાં-એના એટલામાં એનું હોવાપણું છે. આનું હોવાપણું પરમાં ગરી જાય છે? કહો, પોપટભાઈ! આહા..હા..! અહીં તો એટલું નક્કી કર્યા પછી પણ ત્રણમાં એકબીજાનો અતદ્ભાવ છે એમ સિદ્ધ કરવો છે. આહા..હા..! સર્વથા અભાવ નહિ. જેમ પરની સાથે સર્વથા અભાવ છે, એમ અંદર દ્રવ્ય-ગુણ અને પર્યાય વચ્ચે સર્વથા અભાવ નહિ, પણ અતદ્ભાવ તો છે. આહા..હા..! ભારે વાત, બાપુ! આ તો તત્ત્વજ્ઞાન સર્વજ્ઞનો વિજ્ઞાન પાઠ છે આ. સમજાય છે કાંઈ? પદાર્થ વિજ્ઞાન પાઠ એ શીખ્યો જ નથી, એ સમજ્યો જ નથી. આંધળી દોડે આંધળા થઈને જુકાવ્યું

છે અનંતકાળથી. ચોર્યાસીના પરિભ્રમણમાં રખડી રહ્યો છે. સમજાય છે કાંઈ? દુઃખમાં દોટ મૂકી છે એણે દોટ. સંકલ્પ ને વિકલ્પ ને પુણ્યનો, પાપનો વિકાર જે ક્ષણિક દુઃખરૂપ દશા એમાં દોટ મૂકી છે, એમાં પોતે એકાકાર થઈ ગયો છે. પરમાં તો એકાકાર થાતો જ નથી. પર મારા માને કે પોતાને પરરૂપ માને તો એ રીતે થતો નથી, પણ પર મારા, હું એનો એવી માન્યતામાં એ રોકાયેલો છે, એમાં ઈ છે ખરો. શેઠી! ધર્મની વાત આવી કેવી?

શું કહે છે? ભાઈ! જરી ઝીણી વાત છે, બાપુ! તારું સત્ ક્યાં છે? તારું હોવાપણું ક્યાં છે? અને તારામાં ન હોવાપણાવાળા પદાર્થો ક્યાં છે અને તે પદાર્થના હોવાપણે તે કેમ છે? તે પદાર્થના હોવાપણામાં તે પદાર્થ કેમ છે? નવનીતભાઈ! આ તો ગુજરાતી સાદી ભાષામાં પેંથીએ પેંથીએ નાખીને વાત આવે છે. પણ હવે માણસને દરકાર જ ન મળે શું થાય? આ તેલ નથી નાખતા માથામાં? તો પેંથી કરે આમ. પાંચ-દસ લટે નાખે. અહીં તો એક એક વાળે તેલ નખાય છે. આહા..હા..! ખબર ન મળે આ વસ્તુની. હું ક્યાં છું? મને શું થાય છે? કેમ થાય છે? પરમાં શું થાય છે? પરમાં કેમ થાય છે? પરમાં હોવાપણું કેમ છે? સમજાણું કાંઈ? પરમાં હોવાપણું તો તેનું નથી એટલે કે પોતાનું સુખ પરમાં નથી.

હવે આ આપણે લઈએ. પોતે આત્મા છે એ પોતે વસ્તુ છે અને વસ્તુ છે તેનો આનંદ છે. જેમ આ વસ્તુ છે તેમાં સુંવાળી આદિ આ તો પર્યાય છે, પણ વર્ણ, ગંધ, રસની એ દશા તો વસ્તુ છે એમાં રંગ, ગંધ, રસ એનો ગુણ છે ત્રિકાળી. એમ આત્મા છે, વસ્તુ ત્રિકાળી છે, તો એનામાં આનંદ નામનો ગુણ જે અનાદિ-અનંત અવિનાભાવ, ભાવવાનનો એ ભાવ છે. ભાવવાન આત્મા, એનો અતીન્દ્રિય આનંદ એ એનો ભાવ છે. એ ભાવ ત્યાંથી મળશે. પણ એ આનંદને ગોતવા જાય શરીરમાંથી, સ્ત્રીમાંથી, કુટુંબમાંથી, પૈસામાંથી, આબરૂમાંથી (તો) નહિ મળે. તારો આનંદ અહીં છે, તારો આનંદ ન્યાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

પરમાં આનંદ ગોતવા જાય છે, તો પોતાના આનંદનું હોવાપણું ત્યાં છે? અને આનંદ ગોતે છે તો એનો અર્થ એ થયો કે આનંદની ક્યાંક હયાતી છે. સુખી થવું ગોતે છેને? મારે સુખ જોઈએ. તો એનો અર્થ થયો કે સુખની ક્યાંક હયાતી તો કબુલે છે. એક વાત. અને સુખ જોઈએ છે તો સુખનો ઉપાય પણ કાંઈક જાણે, માને છે. ક્યાં સુખ છે અને કેવો ઉપાય છે એની ખબર નથી. બરાબર છે? ન્યાયથી બરાબર છે કે નહિ? સુખ મારે જોવે છે, મારે સુખી થાવું છે. ભાઈ! તેં સુખની હયાતી તો માનીને? છે એને પ્રાપ્ત કરવું છે? છે એને મેળવવું છે કે નથી એને મેળવવું છે? ત્યારે સુખ છે એમ તો સિદ્ધ થયું. હવે ક્યાં છે? સુખ તો આત્મામાં છે, ભાઈ! તારું હોવાપણાનું સુખ એ બીજી ચીજમાં તારા હોવાપણાનું સુખ હોય? સમજાય છે કાંઈ? એટલે તારો આનંદ અને તારું સુખ તને જોઈતું હોય અને દુઃખનો નાશ કરવો હોય તો આ આત્મા વસ્તુ છે એમાં આનંદ છે. પણ

એ આનંદની અવસ્થામાં દુઃખ વર્તમાન છે. છે એની સત્તામાં. સમજાય છે કાંઈ?

આનંદગુણને દ્રવ્ય તરીકે છે, ગુણ તરીકે સ્વીકાર્યું અને પર્યાય તરીકે સ્વીકાર્યું. તો આનંદગુણ દ્રવ્ય તરીકે વસ્તુમાં છે, ગુણ ગુણ તરીકે છે, અનેરા ગુણ તરીકે નથી. અને એ ગુણની વર્તમાન પર્યાય એટલે અવસ્થા દુઃખરૂપ છે. એ દુઃખરૂપ અવસ્થા, આકુળતા એનામાં છે, એના અસ્તિત્વમાં છે. એ આકુળતાનું અસ્તિત્વ પરમાં નથી અને પરને લઈને નથી. હવે જેને સુખી થવું હોય કે ધર્મ કરવો (હોય), ધર્મ કરવો એટલે સુખી થવું. સુખી થવું એટલે આ સંયોગમાં સુખ છે એ તો ના પાડી. જેને સુખી થવું હોય એટલે ધર્મ કરવો હોય એટલે હિત કરવું હોય એટલે ઠીક કરવું હોય તો એવું ઠીક અને હિત એવું સુખ ક્યાં રહે છે?

તો કહે છે કે ભગવાન આત્મા વસ્તુ છે તો એ ભાવ એનામાં (રહેલો છે), આત્મા ભાવવાળો છે તો એનામાં આનંદભાવ એનામાં છે. આનંદભાવ એનામાં છે અને એ આનંદની અવસ્થા વર્તમાન, એની કોઈ દશા (છે ખરી)? કે એની દશામાં રાગ મારો, પુણ્ય મારા, શરીર મારું, એ નથી તેને મારું માને છે એવું જે અસત્ય મિથ્યાભાવ એ આનંદની ઊલટી દશા દુઃખરૂપ છે. આ તો સમજાય એવી વાત છે. અહીં કાંઈ શાસ્ત્રની બહુ ભાષા નથી આવતી. આ તો ચાલતી આપણી ભાષા ગુજરાતી કાઠિયાવાડી ઘરગથ્થુ. પણ ગણકાર જ કર્યો નથી એણે. સમજાય છે? નન્નુર થઈ ગયો છે નન્નુર. નૂર વિનાનો. સળવળતો નથી કે આ તે શું છે પણ આ? હું ક્યાં છું? કોણ છે? શું છે? મારું સ્વરૂપ ખરું શું છે? અને ખોટું શું થઈ રહ્યું છે એનો એણે વિચાર જ કર્યો નથી. સમજાણું કાંઈ?

તો અહીં કહે છે કે જ્યારે આનંદ જેને જોતો હોય, સુખ જેને સુખરૂપ થવું હોય, તો સુખ તો આત્માના ગુણમાં છે, એ ગુણમાં હયાતી આનંદની છે. એ આનંદનો ત્રણ રીતે વિસ્તાર થઈ શકે છે. દ્રવ્ય આનંદ, ગુણ આનંદ, એના સિવાયનો કોઈ ગુણ નહિ ભલે અને પર્યાય આનંદ. ત્યારે હવે પર્યાય આનંદમાં પર્યાય નથી અત્યારે સંસારમાં અજ્ઞાનીને. ત્યારે એને વિચાર કરવો પડે, આ આનંદ દ્રવ્ય છે, ગુણ છે અને પર્યાયમાં આનંદ જોઈએ. કારણ કે એ ત્રણેનું એકરૂપ જોઈએ. એને ઠેકાણે આનંદ અવસ્થામાં દેખાતો નથી અને દુઃખ, આકુળતા, સંકલ્પ-વિકલ્પ, આ કર્યું, આ મૂક્યું, આ લીધું, આ ભોગવ્યું, આ ખાઉં એવા વિકલ્પની જાળ દુઃખરૂપ છે, તો આનંદની અવસ્થા કેમ નથી? સમજાણું કાંઈ? આનંદ જ્યારે મારો જ સ્વભાવ અને ભાવ છે, તો મારા ભાવની દશા મારામાં કેમ નથી? શેઠી!

આનંદ, જો આત્માની પર્યાયમાં આનંદ હોય તો એને અતીન્દ્રિય આનંદની મીઠાશ આવે કે જે અતીન્દ્રિય આનંદની મીઠાશ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો, ક્રોડો ઈન્દ્રાણીના સુખ ઝેર જેવા લાગે. ભગવાન આત્મા અમૃતનો સાગર પ્રભુ સચ્ચિદાનંદ, શુદ્ધ જ્ઞાનાનંદ એના આનંદનો જો પર્યાયમાં, અવસ્થામાં સ્વભાવની દૃષ્ટિ કરી અને ભાવનું જે રૂપ કુરૂપ હતું એને સ્વભાવની દૃષ્ટિ કરી, સ્વભાવમાં સુરૂપ નામ આનંદની અવસ્થા આવે એને ધર્મ કહે છે. આહા..હા..!

મણિભાઈ! આવું પણ સહેલું પણ એવું કરી મૂક્યું છેને.

એ આનંદની અવસ્થા થાય એ પોતામાં થાય છે. એ સુખ છે, એ ધર્મ છે. એ ધર્મ કેમ નથી થયો? એ આનંદનો ગુણ અને ગુણનો ધરનાર દ્રવ્ય એ મારી હયાતી છે એમ એણે સ્વીકાર્યું નથી. એ તો દુઃખની અવસ્થાનો સ્વીકાર કાં પરનો સ્વીકાર, કાં પર મારા, એ પુણ્ય-પાપના વિકલ્પો છે એની પર્યાયમાં, પણ તેટલો અને તે હું એમ સ્વીકારવાથી એની દુઃખદશા મટતી નથી. બીજી ભાષાએ કહીએ તો પર્યાયદૃષ્ટિમાં પડ્યો તેને દુઃખ મટતું નથી. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? ચીમનભાઈ! આ તો બધી સાદી ભાષા આવે છે. આમાં કાંઈ બહુ પલાખા આકરા નથી. વજુભાઈ! કઠણ પડે થોડું. આહા..હા..!

અરે..! આ તો માટી જડ છે. ખબર નથી પડતી? આ તો રાખ થઈને (ઊડી જશે). છોડી છોડીને બાળશે જેમ .. પ્રાણી. આવતું નથી? 'ભજી લે ને કિરતાર, આ તો સત્‌નો છે સંસાર.' .. બહુ જોયું નહોતું. આ તો હમણા દૂધીબહેન ગુજરી ગયાને. એ ભાવનગર રહેતા હતાને. .. મોટર ત્યાં હતી ઓલા પુલ ઉપર. ત્યાં એને બાળતા હતા. અમારા ..ની વહુ. બે-ચાર જણા ઊભા હતા વાંસડા લઈને. આ કાલે ઉં.. ઉં.. કરતી હતી, આ શરીરમાં કાંઈક થાય. આ શું છે પણ આ?

ભગવાન! ઓલો આત્મા છેને ચૈતન્ય એ ચાલ્યો ગયો, આ તો માટી હતી. માટીની રાખ થઈ. વાંસડામાં કાંઈક કરતા હતા વાંસડા. કોણ હશે બે-ચાર જણા હતા. એ ટાંગો-ટાંગો આમ થઈ જાયને. હાથ-બાથ આમ નાખે. માથું પાછું આમ થઈ જાય તો આમ સરખું નાખે. એમ કરતા હતા. આ તો પર છે. આત્મા છે ઈ? એ શરીરની સત્તામાં આત્મા હતો? એની સત્તામાં હતો? એ તો પડ્યું રહ્યું. લોકો એમ કહે છે કે જીવ ગયો. એમ કહે છે કે નહિ? કે શરીર ગયું એમ કહે છે? તો એ જીવ શું ચીજ છે? એ જીવ પોતે પોતાની દ્રવ્ય વસ્તુ છે, એમાં આનંદ ને જ્ઞાન ને શાંતિ આદિ શક્તિનો ગુણ એમાં છે. એની અવસ્થામાં સંસારમાં પર મારું, એ અંશપણું તેટલો હું, ત્રિકાળી વસ્તુના સ્વભાવના સત્કાર અને આદર વિના પરથી મને લાભ થશે, પરથી મને સુખ થશે, પરથી મને દુઃખ થશે, પરને સુખ-દુઃખ હું પહોંચાડી શકું એવી જે મિથ્યા માન્યતા એ અસત્ય માન્યતા એ દુઃખરૂપ છે. એ વિકૃત અવસ્થા છે.

હવે જેને વિકૃત અવસ્થા દુઃખ ટાળવું છે... એ વિકૃત અવસ્થા દુઃખ (છે). લોકો સંયોગો પ્રતિકૂળ આવે એને દૂર હટાવવા માંગે છે. પણ એ તો કાંઈ દુઃખ છે જ નહિ. શું કીધું? આ રોગ આવે, આ નિર્ધનતા આવે. એ ક્યાં દુઃખ હતું? એ તો પરચીજ છે. દુઃખ ક્યાં છે એની ખબર નથી એને. એ વીંછી કરડ્યો, આ થઈ ગયું, એ નિર્ધનતા. એ તો પર ચીજ છે. એમાં દુઃખ રહ્યું છે તારું? એની હયાતીમાં દુઃખ તારું છે? તારી દશામાં તારું દુઃખ છે. એ દુઃખને હટાવવું અને ટાળવું હોય તો એનો ઉપાય શું? આ તો દુઃખના સંયોગો.

આ મૂકો. ધૂળેય નહિ જાય દુઃખ. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

કહે છે કે ભાઈ! તારો ભગવાન છેને આત્મા? એ વસ્તુ છે, હયાતી ધરાવે છે કે નહિ? હોય તે જણાય કે ન હોય તે જણાય? હોય એ જણાય કે ન હોય તે જણાય? આ જણાય છે કે નહિ? આ જ્ઞાન-જ્ઞાન, શ્રદ્ધા, અસ્તિ એ છે, છે તો એ વસ્તુ સત્ છે ત્રિકાળી. તો એ ત્રિકાળીમાં આનંદ, શાંતિ ને સુખ પડ્યું છે. એની દશામાં દુઃખ છે એ સંયોગને લઈને નહિ, સંયોગમાં નહિ, તારી દુઃખની દશા તારી અવસ્થામાં છે. એને ટાળવું હોય તો તો મારું હોવાપણું દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં છે એમ નક્કી કર. હવે નક્કી કરવાથી પરમાં દુઃખ છે અને પરને લઈને દુઃખ છે એ ટળી ગઈ વાત. હવે દુઃખ છે અવસ્થામાં, તો એ અવસ્થાનું દુઃખ ટાળવું શી રીતે? તો કહે છે, વસ્તુ જે ત્રિકાળ છે એમાં દુઃખ નથી. એના ગુણમાં દુઃખ નથી, જેમાં (દુઃખ) નથી તેની દૃષ્ટિ કર્યે આનંદ થાય અને દુઃખ ટળે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કૂવામાંથી આવે.

ઉત્તર :- કૂવામાંથી આવે કે કૂવામાં હોય એ અવેડામાં આવે કે કૂવામાં હોય ઝેર અને અવેડામાં આવે પાણી? કૂવામાં હોય મીઠું પાણી અને અવેડામાં આવે પેશાબ? એમ ભગવાન આત્મા આનંદની ખાણ છે, પ્રભુ! તને ખબર નથી ભાઈ! જે દુઃખ લાગે છે એ સંયોગનું નથી. હાય હાય રે..! હું દુઃખી થઈ ગયો, મને ક્યાંય સખ નથી. એ રોગ-બોગ આવે ત્યારે માનેને? રોવે, શૂળ ચડે છે, મને ક્યાંય ગમતું નથી. બહુ થાતું હતુંને? નહિ ભાઈ? પોપટભાઈનો દીકરો સુમનભાઈ ત્યાં હતાને. પોપટલાલ આપણે સંત કહેવાતા. ત્યાં હીરાભાઈના મકાનની નીચે. કાંઈક થતું હતું, પેટમાં એવું થાય. એના બાપની મા હતા ડોશી. ..બા. મા! મને શું થાય છે? મને ક્યાંય ચેન પડતું નથી. અંદર વળ ખાતો હતો. એપેન્ડિક્સની પીડા નહોતી, બીજી પીડા હતી. વળ ખાતો હતો, પવન નહોતો નીકળતો અને એવી પીડા... પીડા... પીડા... સુમનભાઈ, પોપટભાઈનો દીકરો. એની મા ડોશી હતા. ભાઈ! તને શું થાય છે? મા! શું કહું? શું કહું? ક્યાંય ચેન પડતું નથી મને અંદર. એ શું હશે? એ ચેન પડતું નથી ઈ શું હશે? તે દોષની દશા છે. સંયોગોને લઈને દોષ નથી, સંયોગોને લઈને દુઃખ નથી. સંયોગ તો ભિન્ન ચીજ છે. પણ સંયોગમાં ફેરફાર થતાં મને ફેરફાર થાય છે એવી એની માન્યતા તેને દુઃખરૂપ દશા પ્રગટ કરે છે. સમજાણું કાંઈ?

હવે કહે છે કે દુઃખદશા તે પર્યાય પૂરતી છે. ગુણમાં નથી, દ્રવ્યમાં નથી. એકબીજામાં અભાવ છે એ સિદ્ધ કરે છે. જુઓ તો ખરા એ કેવી રીતે સિદ્ધ કરે છે! સર્વથા અભાવ નહિ. પરનો જેમાં બિલકુલ અભાવ છે અને આત્માનો પરમાં બિલકુલ અભાવ છે. એમ ત્રણમાં બિલકુલ અભાવ એમ નહિ, પણ અતદ્ભાવ છે. પર્યાય તેટલો ભાવ ગુણ નથી, ગુણ તે ભાવ દ્રવ્ય નથી. જુઓ! એમ સિદ્ધ કરીને શું કરવા માગે છે? કે પર્યાય તેટલો

ગુણ નથી, ગુણ તેટલું દ્રવ્ય નથી, દ્રવ્ય તે તો ગુણ નથી, દ્રવ્ય તે પર્યાય નથી. તો પર્યાય એટલે અવસ્થામાં જે દુઃખદશા છે એ પર્યાય પૂરતી છે. સમજાણું કાંઈ? એ વસ્તુમાં અને વસ્તુના ગુણમાં નથી. માટે તારે દુઃખ ટાળવું હોય, સંસાર ટાળવો હોય, પરિભ્રમણ ટાળવું હોય, તો જે દ્રવ્ય અને ગુણ ત્રિકાળી છે તેની દૃષ્ટિ કર, એનો સ્વીકાર કર, એમાંથી આનંદની દશા આવતા દુઃખની દશા જશે, જન્મ-મરણ ટળશે, આનંદની દશા પ્રાપ્ત થશે. ન્યાયથી છે કે નહિ આમાં? પ્રવિણભાઈ! આમાં તો લોજિકથી વાત છે, આમાં કાંઈ કચરડી-મચરડીને વાત નથી. પણ દરકાર જ કરી નથી કોઈ દિ'. જગતના મોટા ડાહ્યાના દીકરા ફરે મોટા. ૧૦-૧૦ હજારના પગારદાર અને ૨૦ હજારના પગારદાર. કરોડપતિ, બે કરોડપતિ ને ધૂળપતિ. આહા..હા..! ઓલા કરોડપતિ, ઓલા જડનો પતિ. ભેંસનો પતિ પાડો હોય, એમ જડનો પતિ જડ તું છો. જડ બુદ્ધિ છે તારી. સમજાણું કાંઈ? એય..!

ભગવાન આત્મા અહીં તો જ્યાં ભાવાર્થ ઝીણો પડે એ પહેલા ઉપોદ્‌ઘાત કરીને હળવું કરી નાખીએ. સમજાણું કાંઈ? એય..! વજુભાઈ! હવે ભાવાર્થ. આ ઉપોદઘાત કર્યો. ઝીણું ન પડે એટલે ખ્યાલમાં આવે એ રીતે. '**એક આત્માને...**' હવે એક આત્મા લીધો અહીંયાં આત્મા.

મુમુક્ષુ :- ઉપોદ્‌ઘાત પણ ઝીણો પડે છે.

ઉત્તર :- ઝીણું પડે છે. આ તો સહેલું કરવા માટે કર્યું. વજુભાઈ! કઠણ પડે માટે સહેલું કરી નાખ્યું આ તો. આહા..હા..! મગજમાં ખ્યાલમાં આવે એ રીતે વાત આવી છે. ખ્યાલમાં આવી શકે કે આ રીતે આમ કહેવા માગે છે અને આમ છે. આમ કહેવા માગે છે અને આમ છે. શું થાય પણ?

'**એક આત્માને...**' હવે એક આત્મા લીધો. આ અનેક આત્માઓ છે, પરમાણુઓ અનંત છે. હવે એક આત્મા. '**એક આત્માને...**' ભાવાર્થમાં છેને. '**વિસ્તારકથનમાં...**' એટલે એનો વિસ્તાર કરીએ તો, એક આત્માના વિસ્તારના વાચકમાં એનું વાચ્ય વિસ્તારપણે કેવું છે? '**એક આત્માને વિસ્તારકથનમાં આત્મદ્રવ્ય તરીકે,...**' છે શેઠી? આત્મદ્રવ્ય તરીકે, વસ્તુ તરીકે. જેમ આ લાકડીનું કીધું હતું એમ. લાકડી વસ્તુ તરીકે, એના કાયમ રહેનારા ગુણ તરીકે અને એની અવસ્થા તરીકે—એ ત્રણપણે એક લાકડીનું સત્‌પણું ત્રણપણે વિસ્તાર પામ્યું છે. દ્રવ્યપણે, ગુણપણે, પર્યાયપણે. ત્રણપણે હોવાપણે તેનો વિસ્તાર છે. ત્રણપણે હોવાપણાનો તેનો વિસ્તાર છે. એ સિવાય ચોથાના અંશમાં જાય એવો એનો સત્‌નો વિસ્તાર નથી. કહો, ગીરધરભાઈ! આ તો સમજાય એવું છે. આહા..હા..! જુઓને, મુનિઓએ કેવી વાત કરી છે જંગલમાં રહીને! આનંદમાં ઝૂલતા હતા હોં! અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ... સમજાણું કાંઈ?

ખોળામાં અગ્નિ લઈ અને કહે કે મને શીતળતા આવતી નથી. ખોળામાં અગ્નિ લે. આ

બહુ ઠંડી હોય ત્યારે નથી કરતા? આ સગડી બાંધે અહીં. પરદેશમાં હોયને. સવારે નહોતી વાત કરી? બહુ ઠંડી હોયને તો બહાર નીકળે તો સગડી બાંધે. એટલે શું હૂંફ રહ્યા કરે ગરમ-ગરમ. ખોળામાં અગ્નિ લઈને સુખી થાવું. એમ પોતાની પર્યાયમાં પરપણું માની અને રાગથી દુઃખી થવું અને માને કે અમે સુખી છીએ. અગ્નિને ખોળામાં લીધી છે. એટલે શું? કે વસ્તુ છે એ તો ત્રિકાળી છે. એક.

**'આત્મદ્રવ્ય તરીકે, જ્ઞાનાદિગુણ તરીકે...'** હવે. એ જ્ઞાનાદિ એટલે આનંદ આદિ ગુણ તરીકે છે એનો સ્વભાવ. એનો સત્‌નો વિસ્તાર દ્રવ્ય તરીકે અને ગુણ તરીકે છે. **'અને સિદ્ધત્વાદિપર્યાય તરીકે—'** અહીં મુક્તિની વાત કરવી છેને? સિદ્ધ થયેલા એની પર્યાય તરીકે. અહીં પોતપોતાની પર્યાય તરીકે. **'એમ ત્રણ પ્રકારે વિસ્તારવામાં આવે છે. એ જ પ્રમાણે સર્વ દ્રવ્યો વિષે સમજવું.'** હવે શું કહે છે? કે જ્યારે આ આત્મા છે એ વસ્તુ છે કાયમી એ દ્રવ્ય તરીકે, એના આનંદ આદિ ગુણ તરીકે, અવસ્થા તરીકે એ ત્રણમાં એ સમાપ્ત થાય છે. હવે એવું જો એને જ્ઞાન થાય કે મારી પર્યાયમાં શું છે? ગુણમાં શું છે? દ્રવ્યમાં શું છે? પર્યાયમાં દુઃખ શું છે આ? ખેદ લાગે છે, અણગમો લાગે છે, બેચેની લાગે છે એ શું છે ચીજ? એ એની અવસ્થામાં છે, એ એની દશામાં છે, એના ગુણમાં અને દ્રવ્યમાં નથી. સમજાણું કાંઈ? અને તે બેચેનીની અવસ્થા... એનું હોવાપણું દ્રવ્ય તરીકે, આનંદનું દ્રવ્ય તરીકે, ગુણ તરીકે અને પર્યાય તરીકે. અત્યારે આનંદની પર્યાય તરીકે દુઃખભાવ થાય છે. દુઃખ લાગે છે અને દુઃખ છે એ આનંદની ઊલટી અવસ્થાનું અસ્તિત્વ એની દશામાં છે. એની દશાને લઈને એને દુઃખ લાગે છે, પરને લઈને નહિ.

સાતમી નરકમાં પડ્યો નારકી, રવ-રવ નરક છે ત્યાં ભારે દુઃખ સંયોગથી કહેવાય છે. એ સંયોગનું દુઃખ નથી. સ્વભાવ ભગવાન આત્મા તેનો આનંદ નામ અકષાય સ્વભાવ છે, વીતરાગ સ્વભાવ આત્માનો છે. એને રાગવાળો, પુણ્યવાળો, પાપવાળો કલ્પ્યો, માન્યો એ કષાય-મિથ્યાત્વ કષાય અગ્નિ છે. એ પર્યાયમાં અગ્નિ રાખી અને શીતળતા લેવી છે એ ન બને એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બીજી વાર ફરમાવો કહે છે. વન્સમોર-વન્સમોર કરે છે એ. ઓલા નાટકમાં કરેને. દો-દો વાર હોય તો માંડ પકડાય છે. જુઓ! વૃદ્ધ માણસ કેટલા? જૂના માણસ આ છે.

એમ કહ્યું કે જ્યારે મારો આત્મા વસ્તુ છે એ દ્રવ્ય છે. એ તો અનંતગુણનું એકરૂપ છે. અનંત શક્તિઓ અને ગુણનું એકરૂપ છે. જેમ સાકર. સાકર એકરૂપ છે. હવે એ સાકર દ્રવ્ય કહેવાય, પદાર્થ કહેવાય. એનો ભાવ, મીઠાશ, સફેદાઈ, સુંવાળપ એ એનો ગુણ કહેવાય અને એની અવસ્થા વર્તમાન મીઠી એ બધી અવસ્થા કહેવાય. તો સાકર આ ત્રણમાં સમાપ્ત

થાય છે. અને એનો મેલ થોડો હોય સાકરમાં. એ પણ એનામાં સમાવેશ પામે છે. સમજાણું કાંઈ? હવે જ્યારે આત્માને લઈએ તો કહે છે કે આત્મા વસ્તુ છે, આનંદ દ્રવ્ય, આનંદ ગુણ. ગુણને ઉતાર્યા હતાને, ત્રણ? ઓલા હારમાં નહોતું ઉતાર્યું? મૌક્તિકમાળા.

જુઓ આ મૌક્તિકમાળાનું છે. શુક્લગુણ, ધોળો ગુણ. શુક્લગુણ જુઓ બીજો છે. પહેલા દ્રવ્યથી ઉતાર્યું. પણ આપણે અત્યારે ગુણ તરીકે લેવું. પહેલી મૌક્તિકમાળા છે જુઓ! હાર તરીકે. આ હાર એટલે દ્રવ્ય, દોરા તરીકે સળંગ દોરો છે એ ગુણ અને મોતી તરીકે એક... એક... એક.. એક... અવસ્થા તે પર્યાય, પર્યાય એટલે અવસ્થાનો અંશ. હાર જે આખું દ્રવ્ય, આ દોરો સળંગ વ્યાપ્યો છે અંદર એ ગુણ અને એક એક મોતીની પર્યાય એ એની અવસ્થા. પર્યાય. છે? હવે ગુણ તરીકે લ્યો તો મૌક્તિકમાળાનો શુક્લગુણ. જુઓ, આ શુક્લ ધોળો ગુણ. ધોળો ગુણ, શુક્લ હાર-ધોળો હાર, ધોળો દોરો, ધોળું મોતી. પહેલા દ્રવ્યનું ઉતાર્યું, હવે એનો ધોળો ગુણ. ધોળો ગુણ છેને? તો ધોળા ગુણ તરીકે ધોળો હાર, ધોળો દોરો, ધોળું મોતી. એમ આત્મામાં આનંદ દ્રવ્ય, આનંદ ગુણ, આનંદની પર્યાય આનંદરૂપ જોઈએ, એને ઠેકાણે દુઃખની પર્યાય છે. એમ અત્યારે સમજાવે છે. સમજાણું કાંઈ?

કહે છે કે એની પર્યાયમાં દુઃખ છે. સંસારી પ્રાણીની દશામાં દુઃખની હયાતી છે. એ દુઃખની હયાતી સંયોગને લઈને નહિ, એ દ્રવ્ય-ગુણને લઈને નહિ. કેમકે એ દ્રવ્ય ભાવ તે ગુણ નહિ અને ગુણ તે દ્રવ્ય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કેમ મકનભાઈ! બધું આવું ઝીણું છે ભાઈ આ. આ રૂપિયામાં આ ક્યાંય હાથ આવે એવું નથી હોં! આ જુઓને રૂપિયાના એવા રસ લાગે છેને માણસને. ધૂળ છે, ઝેર છે ત્યાં. જ્યાં બે-પાંચ લાખ મળે ત્યાં કરો લાપસીના આંધણ. લોહીના આંધણ છે, સાંભળને. લોહીઉકાળો સમજ્યાને? લોહીઉકાળો છે, આવ્યા એની કલ્પના-કલ્પના આ આવ્યું, આ આમ થયું, હવે .. થયો. એ લોહીઉકાળા છે, રાગના ઉકાળા છે. અગ્નિના અંગારામાં શેકાય છે એ જીવ. આહા..હા..! કહો, સમજાણું આમાં? આ દાખલો આવી ગયો છે. ... કાલે કહ્યું હતું ખરુંને.

અને તે પાછું એમ કીધુંને જુઓ. જેવી રીતે એક મૌક્તિકમાળામાં જે શુક્લગુણ છે ધોળો ગુણ તે હાર છે? ધોળો ગુણ છે એ એકલો હાર છે? ધોળો ગુણ તે હાર નથી, દોરો નથી. આખો દોરો શુક્લગુણ એકલો છે? અને મોતી નથી. અને જે હાર, દોરો અને મોતી તે શુક્લગુણ નથી. એમ એકબીજાને વિષે તેનો અભાવ, તે પણે અભાવ, અતદ્ભાવ લક્ષણ અતદ્ભાવ છે. એ અન્યત્વનું કારણ છે. અનેરાપણાનું આટલું કારણ કે અતદ્ભાવ છે તે. પરથી અભાવ છે એવો આમાં અભાવ છે એમ નહિ. આહા..હા..! એ અભાવ નહિ. સમજાણું કાંઈ? કેવી વાતને સીધી-સાદી તરીકે સિદ્ધ કરી છે.

પરમેશ્વર સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવ જેના જ્ઞાનપર્યાયમાં ત્રણકાળ, ત્રણલોક અને પોતાનું સુખ પૂર્ણ જણાણું એ એની પર્યાયમાં છે, ભગવાન એની પર્યાયમાં છે, ભગવાનનો

ગુણ ગુણમાં છે, ભગવાનનું દ્રવ્ય દ્રવ્યમાં છે. આહા..હા..! સિદ્ધનો દાખલો આપ્યો છેને? દાખલો આપ્યોને જુઓને. સિદ્ધત્વ આદિ પર્યાય તરીકે. પરમાત્મા સર્વજ્ઞ પરમેશ્વર એનો ગુણ જે આનંદ ને જ્ઞાન દ્રવ્ય તરીકે, ગુણ તરીકે અને સર્વજ્ઞની પર્યાય તરીકે, એ ત્રણ ગુણનો વિસ્તાર છે. જેમ સત્ નામનો ગુણ છે-હયાતી નામનો ગુણ, એ સત્ દ્રવ્ય, સત્ ગુણ, સત્ પર્યાય એ સત્તાનો ત્રણ વિસ્તાર છે. આનંદ નામનો ગુણ—દ્રવ્ય આનંદ, ગુણ આનંદ, પર્યાય આનંદ એમ એનો વિસ્તાર જોઈએ. એને ઠેકાણે એની પર્યાયમાં દુઃખ છે. એ આ રીતે દ્રવ્ય, ગુણ અને પર્યાયનું જ્ઞાન કરે તો એને દુઃખ ટળી જાય. કહ્યું હતુંને, દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન થાય તો સમકિત થાય. લ્યો! આવ્યું હતુંને. કાલે આવ્યું હતું ને, નહિ? ... આવ્યો હતોને. ક્યાં ગયા? એ. એ એમ કહેતા હતાને. ... આ તો તેદુનું આવ્યું હતું. રામજીભાઈ પાસે પડ્યું હશે તો અહીં આવી ગયું. અમે રાખ્યું છે. આ વાંચીએ છીએને દ્રવ્ય-ગુણ-પર્યાયનું. સમજાણું કાંઈ?

સિદ્ધ પરમાત્માનો દાખલો આપ્યો છે. પરમેશ્વર સર્વજ્ઞ ભગવાન પરમાત્મા. કહે છે કે પરમાત્માનું દ્રવ્ય, એ દ્રવ્ય તરીકે, એનો ગુણ તરીકે અને એની નિર્મળ સિદ્ધત્વ વીતરાગી પર્યાય તરીકે, એનામાં એનું હોવાપણું છે. એ પરમાત્માનું હોવાપણું બીજા દ્રવ્યમાં નથી એટલે કે બીજા દ્રવ્યને એણે બનાવ્યા છે એમ છે નહિ. સમજાણું કાંઈ? કારણ કે એનું હોવાપણું ત્રણમાં પૂરું પડે છે. તો એના હોવાપણાને લઈને બીજાનું હોવાપણું છે એમ નહિ. જુઓ! કેવી રીતે સિદ્ધ કરે છે! સમજાણું કાંઈ? આ ચક્રવર્તીનું વ્યાજ કાઢવું હોયને તો વાણિયા કાઢે. દસ લાખ આપ્યા હોય ચાર આના તરીકે. અત્યારે ચાર આના નથી. અત્યારે રૂપિયો, દોઢ રૂપિયો, બે રૂપિયા એમ કહે છે તમારી વાતું. આપણે ક્યાં... દોઢ રૂપિયો તો સાધારણ આપે છે. સો રૂપિયે દોઢ. પહેલા સો રૂપિયે આઠ આના આપતા. બેંક બે આના આપતી, ત્રણ આના આપતી. દોઢ રૂપિયો. ઓહો..હો..! કોક વળી કહે બે, કોક કહે ત્રણ એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વળી જુદો. એ તો સલવાઈ ગયા છે ત્યાં. પણ આ તો... દોઢ-બે તો ઘણાં આપે છે. વ્યાજ આપે છે. મારે તો બીજું કહેવું છે. દસ લાખ આપ્યા હોય. ઈન્મટેક્સ હોયને. તો એનું એક દિ'નું વ્યાજ છે આ. એ વ્યાજ ચડાવીને બીજે દિ' એનું વ્યાજનું વ્યાજ અને પૈસા બેનું વ્યાજ કાઢે પાછું. વજુભાઈ સમજાણું કે નહિ? એનું નામ ચક્રવર્તી વ્યાજ કહેવાય. લાખ રૂપિયા હોય અને રૂપિયાનું વ્યાજ હોય તો કેટલા થયા જુઓને. હજારે દસ થયાને? કેટલા થયા? હજારે દસ, લાખે સો. શું થયું? હજાર રૂપિયે કેટલા? એક રૂપિયો. દસ થયાને દસ? એક હજારે દસ. સોએ એક, તો એક હજારે દસ, તો લાખે એક હજાર. એક હજાર, મહિનાના. તો મહિનાનું હજાર એનું કાઢે પાછું ૩૦ ગણું કાપીને. એ દિવસનું જે વ્યાજ આવે એ દસ લાખમાં ચડાવી એમ કરે. આ તો લાખમાં કરે, પછી

દસ લાખમાં કરે. એનું વ્યાજ કાઢે એ ઝીણું ન પડે એને. એય..! જાદવજીભાઈ! તમે બધું એ કર્યું જુઓને. એના પૈસાનો એ કરે છે ધંધો કલકત્તામાં. પૈસા આટલા દ્યો. પચાસ હજાર, દસ હજાર, આટલા વ્યાજ (લાવો). એનો ધંધો એ છે. કહો, સમજાણું કાંઈ? આ અમને કઠણ પડે. એય..! વજુભાઈ! બાપુ! આ તો તારા વ્યાજનું, તારું સ્વરૂપ જે મૂડી છેને દ્રવ્ય અને ગુણ, એનું વ્યાજ પર્યાયમાં કેટલું આવ્યું? એની પર્યાયમાં એનું માપ અને એનું કાર્ય કેટલું આવ્યું? એ કહે છે કે સરવાળો કાઢ્યો છે કોઈ દિ' તેં?

કહે છે '**એક આત્માને વિસ્તારકથનમાં આત્મદ્રવ્ય તરીકે...**' આ તો એક વસ્તુ લીધી, એવી પરમાણુ વગેરે. '**જ્ઞાનાદિગુણ તરીકે અને સિદ્ધત્વાદિપર્યાય તરીકે—એમ ત્રણ પ્રકારે વર્ણવવામાં આવે છે. એ જ પ્રમાણે સર્વ દ્રવ્યો વિષે સમજવું.**' એમ પરમાણુ, એક પરમાણુ પોઈન્ટ. આ હાર લ્યોને. તો હારને દ્રવ્ય તરીકે, એના ધોળા દોરાના ગુણ તરીકે અને એક એક મણકાની પર્યાય તરીકે. આ રીતે એનું ત્રણપણું સમાપ્ત પામે છે. ઘણી સાદી ભાષાથી વાત છે, પણ માણસને કોણ જાણે એવું લાગે છે અંદરથી. એકડા-બગડા શીખવા હોય તો એના મોટા અભ્યાસ કરવા હોય તો કરે, પણ આ સાચું તત્ત્વ કેમ છે એનું જે જ્ઞાન થાય, તો મારી દશામાં દુઃખ છે, હું સુખી નથી. સમજાણું કાંઈ?

શું દુઃખ છે? એ પૈસાવાળા દુઃખી, નારકી દુઃખી, દેવ દુઃખી. કરોડો રૂપિયાની જેને પેદાશ દિવસની હોય અને દીકરા મોટા યોદ્ધા જેવા છ-છ હાથના લાંબા અને... છ-છ હાથના લાંબા લ્યોને. આ રામજીભાઈને છ છોકરા છેને. છ છોકરા છે મોટા લાંબા અને બબ્બે કરોડનો ત્યાં છેને જયપુરમાં. બે કરોડનો સંચો ત્યાં લઈ ગયા હતા એક ફેરી. બે કરોડનો સંચો છેને .. જયપુરમાં છે. સાંજે લઈ ગયા હતા. પાછો અમારો ચોવિહારનો ટાઈમ, પાણી ન મળે, હવે શું કરવું? ત્યાં વળી અમારા આત્મારામ પાણી લાવ્યા. નહિ? ... આટલી ખબર હોત તો ન આવત, ... છેટે લઈ ગયા. પૈસા. આહા..હા..! ખુશી-ખુશી. સંચો જુદી જાતનો. એક તો મોટા ઓલા નીકળ્યા. જોયું હતું? બે કરોડ. આ ઓલા રેલના નહિ? થાંભલા. .. બે કરોડનું બનાવ્યું, દસ કરોડના બનાવવા છે. પગલાં કરાવ્યા. ઘણાને એમ છેને મહારાજના પગલા થાય તો આપણે પૈસા થાય. એને હજી કરાવવાના હશેને. જોઈને આવે ત્યાં સુધી કરવું શું? મારે ત્યાં આહાર કરવો. બધું નક્કી કરી ગયા. કહો, સમજાણું કાંઈ? ધૂળમાંય સુખ નથી મારા સાંભળને! તારા બે કરોડ ને દસ કરોડ ધૂળમાં. આકુળતા... આકુળતા... આકુળતા... હવે એ આકુળતાની અસ્તિ ક્યાં છે? એમ સિદ્ધ કરે છે. એ આકુળતાનું હોવાપણું પરમાં છે? પરથી છે? એ આકુળતાનું હોવાપણું તારી દશામાં છે. તો એ દશા તે ગુણ નહિ, ગુણ તે દ્રવ્ય નહિ, જુઓ આ ખુબી. આહા..હા..! જેથી દશા તે ગુણ નહિ, ગુણ તે દ્રવ્ય નહિ, તેથી દશા ફરી શકે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

હવે ગુણનું લીધું. '**વળી એક આત્માના હયાતીગુણ...**' એક દ્રવ્ય લીધું હતું, હવે

ગુણનું લીધું. એક આત્માનો હયાતીગુણ એ સત્તા. હયાત એ હયાતીગુણ એટલું લીધું. '**હયાત આત્મદ્રવ્ય, હયાત જ્ઞાનાદિગુણ...**' બીજા અનેરા ગુણ લીધા '**અને હયાતી સિદ્ધત્વાદિપર્યાય—એમ ત્રણ પ્રકારે વિસ્તારવામાં આવે છે.**' અહીં હયાતીને લીધો, આપણે આનંદગુણ લઈએ છીએ. કેમકે દુનિયાને આનંદ જોઈએ છેને, સુખી થાવું છેને. જ્યાં ત્યાં ઝાંવા નાખે છે. અહીંથી સુખ લઉં અહીંથી. પૈસામાં સુખ મેળવવા પરદેશમાં જાય. ત્યારે બાયડી-છોકરા જે અહીં પડ્યા રહે. ત્યાં સરખાઈ ન હોય તો મકાન-બકાન ન હોય તો શું કરે? મુંબઈમાં પણ જ્યાં સુધી ન મળે તો શું કરે? હોટલમાં કરે. ઉંબરો-બુંબરો ન મળે જ્યાં સુધી ત્યાં સુધી બાયડી-છોકરા અહીં રહે. એટલું તો પૈસા મેળવવામાં દુઃખના સુખરૂપી માનવા માટે આ છોડવું પડે છે. એય..! તમારે લાગુ પડે છે કે નહિ? બાપ ને દીકરો, આ બધું કર્યું. રાંધે બાયડી કોક રાંધે છે ને ખાય કોક. તમારે ત્યાં તમારું જાવ બેયનું. અહીં આવે ત્યારે .. કરે છે. કહો, સમજાણું? આ તો દૃષ્ટાંત છે. બધાને લાગુ પડે. આ તો દાખલો છે. નવનીતભાઈ અહીં છે અને છોકરો ત્યાં છે. છોકરાને પરણાવ્યો, પહટાવ્યો, આ બધા પાપ કરીને પૈસા થયા અને પછી એને આપવાના છે. અહીં કાંઈ શું થાય છે? અહીં કાંઈ મગજ કેળવવું છે? એય..! મહેન્દ્રભાઈ શું તમારે? મીઠાલાલજી! આ મહેન્દ્રભાઈ આવીને મદદ કરે એવું છે કાંઈ? આનું આમ થઈ ગયું, આનું આમ શું થાય છે તમારે? થાય છેને કાંઈક? .. થાય અંદર.

એ કહે છે કે ભાઈ! તારું જ્યાં હોવાપણું હોય ત્યાં તું છો. તારું જ્યાં નથી હોવાપણું ત્યાં તું છે નહિ. માટે પરથી સુખની આશા રાખવી, પરમાં તારું સુખ નથી માટે વૃથા છે. તારું સુખ તે તારા ગુણમાં હયાતી ભરેલી છે. તારી પર્યાયમાં વર્તમાન સુખ નથી, એને માટે હવે શું કરવું તારે? તે પર્યાય તે ગુણ નહિ, ગુણ તે દ્રવ્ય નહિ, દ્રવ્ય તે ગુણ નહિ, ગુણ તે પર્યાય નહિ. આહા..હા..! કેવી વાત છે જુઓને! સમજાણું કાંઈ? કહે છે, એ આનંદ નામનો ગુણ છે એને આનંદ દ્રવ્ય, હયાતીને ઠેકાણે આનંદ લેવો. આનંદ આદિ બીજા ગુણ લેવા હોં! અને હયાત પરમાત્માની પર્યાય. '**એમ ત્રણ પ્રકારે વિસ્તારવામાં આવે છે. એ જ પ્રમાણે સર્વ દ્રવ્યો વિષે સમજવું.**' ઓહો..હો..!

'**વળી એક આત્માનો જે હયાતીગુણ છે તે આત્મદ્રવ્ય નથી,...**' હવે નકાર... કરાવે છે. ઓલામાં અસ્તિરૂપે સિદ્ધ કર્યું. દ્રવ્યને અને ગુણને ત્રણના વિસ્તાર તરીકે સિદ્ધ કર્યું. હવે એકબીજાને નથી એમ સિદ્ધ કરે છે. જુઓ! આ .. જુઓ! ઓહો..હો..! આત્માનો જે સત્તા ગુણ છે તે આત્મદ્રવ્ય નથી. એ ગુણ છે તે આત્મદ્રવ્યસહિત છે? ગુણ છે તે જ દ્રવ્ય છે? સત્તા ગુણ છે તે જ્ઞાનગુણ નથી, સત્તાગુણ તે સિદ્ધપર્યાય નથી. એમ આનંદ ગુણ છે એ આત્મદ્રવ્ય નથી. આનંદગુણ છે એ બીજા ગુણો નથી, આનંદ ગુણ છે. વર્તમાન દુઃખપર્યાય તે આનંદગુણ એમાં નથી. આહા..હા..! અને જે આત્મદ્રવ્ય છે તે જ્ઞાનગુણ સિદ્ધત્વ

પર્યાય છે તે હયાતી ગુણ નથી. આત્મદ્રવ્ય છે તે જ્ઞાનાદિગુણ અને સિદ્ધત્વાદિપર્યાય તે હયાતી ગુણ નથી. **'એમ પરસ્પર તેમને અતદ્ભાવ છે કે જે અતદ્ભાવને લીધે...'** અતદ્ભાવને લીધે તેમાં અનેરાપણું સાબિત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એક દ્રવ્યનો ઓરડો, એક ગુણનો ઓરડો, એક પર્યાયનો ઓરડો. ત્રણ પોતે છે સંપદા. હવે એ કહે છે કે આત્મદ્રવ્ય તે ગુણ નથી, ગુણ તે પર્યાય નથી અને ગુણનો પર્યાય તે દ્રવ્ય નથી. એથી કરીને તારી વર્તમાન દશામાં દુઃખ જે છે એ ગુણ નથી. અને ગુણ તે દ્રવ્ય નથી, માટે દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડતા તેમાંથી આનંદગુણની પર્યાય આવતા તે દુઃખદશા નાશ થઈ શકે છે, કારણ કે દુઃખદશા તે ગુણ ને દ્રવ્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, સમજમેં આતા હૈ કિ નહીં? ગુજરાતી સમજમેં ન આવે. હિન્દી હમારી ભાષા નહીં હૈ ન. ગુજરાતી મેં જિતના સ્પષ્ટીકરણ આતા હૈ ઉતના હિન્દી મેં નહીં આતા. ઘરગથ્થુ ભાષા કાઠિયાવાડી અહીં છે. તેર વર્ષ અહીંયાં રહ્યા ઉમરાળે, નવ વર્ષ ત્યાં પાલેજ દુકાન ઉપર. ૨૨ વર્ષ ગુજરાતમાં કાઢ્યા. આ કાઠિયાવાડ કહેવાય અને ઓલું ગુજરાત કહેવાય લ્યોને. કહો, સમજાણું કાંઈ? દીક્ષા પછી બધા અહીં જ વર્ષ ગાળ્યા છેને. ..માં કોક દિ' જાવું. .. આવે પાછા મુંબઈથી. આહા..હા..! ભગવાન! શું કહે છે આ?

ભાઈ! તારો આત્મા એ દ્રવ્ય છે વસ્તુ, અનેક ગુણનું રૂપ, તે એક ગુણરૂપ નથી. એ એક ગુણરૂપ નથી, તે દ્રવ્ય એની પર્યાયરૂપે નથી. એની વર્તમાન અવસ્થા તે ગુણરૂપ નથી. અને એ પર્યાય તે દ્રવ્યરૂપ નથી. એમ કહીને એમ કહે છે કે તારે જો સુખ જોઈતું હોય અને દુઃખ ટાળવું હોય, તારી હયાતીમાં. તારી હયાતીમાં દુઃખ છે અને તારી હયાતીમાં ગુણ છે અને તારી હયાતીમાં દ્રવ્ય છે. એ દુઃખ ટાળવું હોય તો પરની સત્તા સાથે તારે કાંઈ જોવાનું રહ્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

સંસાર અને સંસરણ એ દુઃખદશા છે, ભ્રાંતિ છે એ ભ્રાંતિ દુઃખ છે. એ દુઃખની દશા તે ગુણ નથી, દુઃખની દશા તે દ્રવ્ય નથી. માટે તે દુઃખની દશા અનિત્ય અવસ્થામાં હયાતીમાં છે અને ત્રિકાળી દ્રવ્યનો આશ્રય કરતા એ ક્ષણિક દુઃખની દશાની હયાતી ટળી ત્યાં આનંદની હયાતી અવસ્થામાં આવે છે. તેને ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કે નહિ આમાં? આમાં સમજાણું કે નહિ? સમજ્યા ... નહિ. થોડું સમજ્યા. આહા..હા..!

**'આ ગાથામાં સત્તાનું ઉદાહરણ લઈને અતદ્ભાવને સ્પષ્ટ રીતે સમજાવ્યો.'** **'(અહીં એટલું વિશેષ છે કે જે સત્તાગુણ વિષે કહ્યું તે અન્ય ગુણો વિષે પણ યોગ્ય રીતે સમજવું.'** આપણે આનંદગુણ, જ્ઞાનગુણ, શ્રદ્ધાગુણ વગેરે ગુણમાં સમજવું. **'જેમ કે સત્તાગુણની માફક, એક આત્માના પુરુષાર્થગુણને...'** લ્યો! વીર્યબળ. આત્મામાં એક બળ ગુણ છે. આત્મામાં વીર્ય નામનો એક ગુણ છે. વીર્ય. રેત નહિ, આ શરીરની ધૂળ છે એ નહિ. ભગવાન આત્મામાં એક બળ નામનો ગુણ છે. એ આત્માના બળ નામના

ગુણને પુરુષાર્થથી આત્મદ્રવ્ય, એ પુરુષાર્થના બળવાળું આત્મદ્રવ્ય, બળવાળો ગુણ અથવા પુરુષાર્થી જ્ઞાનાદિગુણ-પુરુષાર્થ સિવાયનું. અને પુરુષાર્થી નિર્મળપર્યાય. **'એમ વિસ્તારી શકાય છે.'** એ આપણા પંડિતજીએ વિસ્તાર કર્યો છે. કહો, સમજાણું કાંઈ? અંદર નથી આ. આ અમારે પંડિતજી છે એણે વિસ્તાર કર્યો છે. કહો, સમજાણું કાંઈ?

**'અભિન્ન પ્રદેશો હોવાને લીધે આમ વિસ્તાર કરવામાં આવે છે,...'** શું કહે છે? આત્મા, એનો આનંદગુણ અને એની અવસ્થા, એ ત્રણેના પ્રદેશો તો એક છે. અંશો જુદા નથી, ક્ષેત્ર એનું એક છે. ભાવમાં અતદ્ભાવપણે છે. આહા..હા..! જુઓને કેટલું ભેદજ્ઞાન! જ્યારે પરરૂપે તું થયો નથી, પર તે તારારૂપે થયા નથી. એ તો બિલકુલ વાત જૂઠી એટલે તદ્દન કાઢી નાખવું. હવે તારા રૂપમાં ત્રણ રૂપ, એક દ્રવ્યરૂપ, એક ગુણરૂપ, એક પર્યાયરૂપ. તો પર્યાય તે ગુણરૂપ થઈ નથી, ગુણ તે દ્રવ્યરૂપ થયું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? માટે **'સંજ્ઞા-લક્ષણ-પ્રયોજનાદિ ભેદ હોવાને લીધે...'** એમ ભેદ છે કે પર્યાયનું નામ પર્યાય છે, ગુણનું નામ ગુણ છે, દ્રવ્યનું નામ દ્રવ્ય છે. એવા નામને લઈને **'પુરુષાર્થગુણને તથા આત્મદ્રવ્યને, જ્ઞાનાદિ અન્યગુણને કે સિદ્ધત્વાદિપર્યાયને અતદ્ભાવ છે કે જે અતદ્ભાવ તેમનામાં અન્યત્વનું કારણ છે.'** એ ભાવ નથી તે અન્યત્વનું કારણ છે. બીજાનો અભાવ છે તે અન્યત્વનું કારણ એ અહીં નથી. કહો, સમજાણું કાંઈ? વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૧૨, મંગળવાર, તા. ૩૧.૧૨.૧૯૬૮**
**ગાથા-૧૦૮, પ્રવચન-૧૧૨**

આ પ્રવચનસાર છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ એમને ત્રણકાળનું જ્ઞાન સર્વજ્ઞપણું પ્રગટ્યું, એમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા, એમાં વસ્તુનું સ્વરૂપ શું છે એ પ્રવચન નામ એમની દિવ્યધ્વનિ દ્વારા પ્રકાશ્યું એનો આ સાર છે. સમજાણું? પ્રવચનસાર. પ્ર એટલે ઉત્કૃષ્ટપણે વચનો જેના દિવ્ય અવાજ—દિવ્યધ્વનિ. એ ભગવાનની વાણીમાં તત્ત્વનું સ્વરૂપ શું છે એનો આ સાર છે. ઝીણું છે જરી, ઝીણું છે. અધિકાર અત્યારનો ઝીણો છે સવાર કરતા. સવારે

તો કાંઈ બહુ એવું નહિ, પણ લાગે ભાઈ શું થાય?

જુઓ! ૧૦૮ ગાથા. છે? મૂળ શ્લોક ઉપર.

**जं दव्वं तं ण गुणो जो वि गुणो सो ण तच्चमत्थादो।**
**एसो हि अतब्भावो णेव अभावो ति णिद्दिट्ठो।।१०८।।**

નીચે હરિગીત છે.

**સ્વરૂપે નથી જે દ્રવ્ય તે ગુણ, ગુણ તે નહિ દ્રવ્ય છે,**
**-આને અતત્પણું જાણવું, ન અભાવને; ભાખ્યું જિને. ૧૦૮.**

'**ટીકા :- એક દ્રવ્યમાં, જે દ્રવ્ય છે તે ગુણ નથી,...**' શું કહે છે હવે? આ જગતમાં અનંત આત્માઓ છે, અનંતા પરમાણુ આ રજકણ. આ એક વસ્તુ નથી. આ તો ઘણાં રજકણનો સ્કંધ, પિંડ દેખાય છે આ. એના કટકા કરતા... કરતા... કરતા... છેલ્લો અંશ રહે એને પરમાણુ-નાનો અણુ દ્રવ્ય કહેવામાં આવે છે. એવા આત્માઓ અનંત છે, અનંત પરમાણુઓ છે. બીજા ચાર છે જરી ઝીણા અરૂપી. એમ છ દ્રવ્ય ભગવાને જોયા. તો કહે છે કે દરેક વસ્તુ પરવસ્તુથી તો તદ્દન જુદી છે. શેઠી! આ આત્મા જે છે વસ્તુ તરીકે, એ આત્મા શરીર, કર્મ, વાણી એનાથી તદ્દન જુદી ચીજ છે. આનો એમાં અભાવ છે. સમજાય છે કાંઈ?

વસ્તુ ભગવાન આત્મા પ્રત્યેક દરેકનો, એમ દરેકનું રજકણ, એ દરેક બીજા પદાર્થથી તો તદ્દન અભાવસ્વરૂપે છે. આ આત્માનું હોવાપણું પરના અભાવસ્વરૂપે છે. પોતાના ભાવ સ્વરૂપે છે અને પરના અભાવસ્વરૂપે છે. એ પરને અને આત્માને કાંઈ સંબંધ છે નહિ. આહા..હા..! કહો, આત્માને દીકરો ન હોય, આત્માને બાયડી ન હોય, આત્માને શરીર ન હોય એમ કહે છે. શેઠી! શેઠીનું તો નામ લીધું. આ તો ભગવાન વસ્તુનું સ્વરૂપ એવું કહે છે અને એમ છે. પોતે આત્મા છે એ વસ્તુ છે. એ વસ્તુના ત્રણ ભાવ છે, ત્રણ પ્રકાર એકમાં. વસ્તુ જે આત્મા છે આથી તેને દ્રવ્ય કહેવામાં આવે છે, એનામાં જે ભાવ છે જ્ઞાન-દર્શન-આનંદ આદિ ભાવ તેને ગુણ કહેવામાં આવે છે અને એની વર્તમાન થતી અવસ્થાને પર્યાય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એમ દરેક વસ્તુ, આત્મા એમ દરેક પરમાણુ.

અહીં આપણે આત્મા પોતાનું દ્રવ્ય વસ્તુ, એના ગુણો અને એની પર્યાય એમાં એ છે. પણ પરવસ્તુ એનામાં નથી અને પરવસ્તુમાં એ નથી. તો જેવી રીતે હોવાપણે છે એમ હોવાપણે જો માને તો પરથી જુદો છે એમ એની પ્રતીત થાય. હવે એમાં પણ એકમાં પણ ત્રણ પ્રકાર છે પાછા ઝીણી વાત છેને. વીતરાગનું તત્ત્વ એવું છે સર્વજ્ઞ પરમેશ્વરનું એ ઝીણું છે. અહીં કહે છે કે આત્મા વસ્તુ છે. જેમ સોનું વસ્તુ છે, સોનું એ વસ્તુ. એમાં પીળાશ, ચીકાશ, વજન એ એના ગુણો અને એની કુંડળ, કડા આદિ એની અવસ્થાઓ. એમાં સોનાપણું સમાઈ રહ્યું છે. એમાં સોનું છે. એમાં સોનીનો બીજા બધાનો એમાં અભાવ

છે. એમ આત્મામાં દ્રવ્ય એટલે વસ્તુ, અનંતગુણનું એકરૂપ એવી વસ્તુ, અનંત ગુણો એટલે ભાવ અને એની અવસ્થા એ ત્રણમાં એ વસ્તુ છે. છતાં ગુણ તે દ્રવ્ય નથી અને દ્રવ્ય તે ગુણ નથી એવો અતદ્ભાવ બેને લાગુ પડે છે એમ કહે છે. આહા..હા..! નવનીતભાઈ!

વસ્તુ છે આત્મા દ્રવ્ય, એ દ્રવ્ય એટલે અનંતગુણનું એકરૂપ વસ્તુ. એ વસ્તુ છે તે એના ગુણો નથી અને ગુણ છે તે પર્યાય નથી, અવસ્થા. પર્યાય છે તે ગુણ નથી, ગુણ છે તે દ્રવ્ય નથી. ભારે વાત! સમજાય છે કાંઈ? એ વાત કરી કે બીજાથી ભિન્ન છે, પોતાના ત્રણના એકબીજામાં અતદ્ભાવ છે, તે ભાવ નહિ. સોનું છે (એ) સોના ભાવે છે-સોના સ્વરૂપે. એના જે પીળાશ, ચીકાશ ગુણ છે એ સ્વરૂપે સોનું નથી. અને કુંડળની અવસ્થા છે એ સ્વરૂપે સોનું નથી અને સોનાની અવસ્થા જે છે એ અવસ્થા ગુણ સ્વરૂપે નથી અને ગુણ તે દ્રવ્ય સ્વરૂપે નથી. આહા..હા..! એમ આત્મા પોતાના હયાતીમાં, હોવાપણામાં વસ્તુ જે છે ગુણ. જુઓ!

**'એક દ્રવ્યમાં,...'** એક દ્રવ્યમાં એ શબ્દ પડ્યો છે પહેલો. ટીકાનો. **'એક દ્રવ્યમાં,...'** એટલે આત્મામાં આપણે લઈએ અત્યારે. **'એક દ્રવ્યમાં,...'** આત્મા વસ્તુ છે તેમાં. **'જે દ્રવ્ય છે તે ગુણ નથી,...'** આહા..હા..! આત્મા એક વસ્તુ છે તે પરવસ્તુ તો નથી. પરવસ્તુ સ્વતંત્ર છે. શરીર, પરના રજકણો, બીજા આત્માઓ, બીજા રજકણો, એ તો સ્વતંત્ર છે. એ આત્મા છે એ પરવસ્તુ નથી. પણ આત્મા જે દ્રવ્ય છે તે ગુણરૂપ નથી. ભારે વાત ભાઈ! ઝીણી વાત છે, ભાઈ! વીતરાગનો માર્ગ દ્રવ્ય, ગુણ અને પર્યાય સર્વજ્ઞે કહેલા, પરમેશ્વરે કહેલા જાણવા. જેવા સર્વજ્ઞ પરમેશ્વરના દ્રવ્ય-ગુણ-પર્યાય છે એવા આત્માના છે એમ અંદર જાણી અને અંતરમાં દ્રવ્ય અને ગુણ પર દૃષ્ટિ આપી, વર્તમાન પર્યાયને તેમાં વાળી અને દ્રવ્ય-ગુણ-પર્યાયનું યથાર્થ જ્ઞાન કરે તો એને સમ્યગ્દર્શન તે ધર્મ થાય. સમજાણું કાંઈ?

જે રીતે છે તે રીતે તેને જ્ઞાનમાં લઈને પ્રતીત કરે તો તેને ધર્મની દશા પ્રગટ થાય. છતાં, કહે છે કે જે ધર્મની દશા જે અવસ્થા છે એ ત્રિકાળી ગુણરૂપ નથી અને ગુણ છે તે ત્રિકાળી દ્રવ્યરૂપ નથી. સમજાણું કાંઈ? કેમ ભગવાનજીભાઈ નથી આવ્યા? ભાવનગર ગયા છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! અત્યારે સંપ્રદાયમાં એ ચાલતી નથી. એ તો બહારમાં આ કરો, મૂકો, લ્યો ને દ્યો એમાં આખું સમાઈ ગયું છે. આ તો ભગવાન પરમાત્મા કહે છે કે કરવું અને મૂકવું તારી સત્તામાં તારે માટે હોય. પરચીજનું કરવું, મૂકવું એની સત્તા જુદી છે, એનું તારાથી કરવું મૂકવું થાય એ હોઈ શકે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ કરો, આ મૂકો, આ છોડો. પણ શું મૂકે? એની અંદર વસ્તુ એ નથી, પછી એમાં કરવું શું? આમાં એ ચીજ જ નથી પછી છોડવું શું? સમજાણું કાંઈ? આ હું છોડું છું, એનો અર્થ એ થયો કે એ મારામાં હતું અને માટે છોડું છું. તો અસત્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ

થઈ. સમજાણું કાંઈ? એ સમજાવે છે. પોપટભાઈ! આ મેં પૈસા છોડ્યા. એટલે શું? એની વ્યાખ્યા શું? પૈસાનું હોવાપણું તો પૈસામાં હતું. એના હોવાપણામાં તું નહોતો અને તારા હોવાપણામાં એ નથી, તો તારા હોવાપણામાં એ નથી તો આને છોડું છું એ આવ્યું ક્યાંથી? શેઠી!

મુમુક્ષુ :- મૂર્છા...

ઉત્તર :- મૂર્છા. એ ક્યાં મૂર્છા છૂટે, એ તો રાગ મંદ પાડે તો મૂર્છા છૂટે. પણ રાગ મંદ પાડવા છતાં આ છોડું છું એવી બુદ્ધિ છે એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનપણાનો ભાવ છે. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાત તો એવી છે, ભાઈ! આ વીતરાગ માર્ગ અનંતકાળથી એણે જાણ્યો નથી. વીતરાગ સંપ્રદાયમાં જન્મ લીધો અનંત વાર, પણ વીતરાગ સર્વજ્ઞદેવ, વસ્તુનું સ્વરૂપ સ્વતંત્ર, પરના અભાવસ્વરૂપ શું કહે છે એવી એણે દૃષ્ટિ યથાર્થ કરી નથી. ગોટા જ વાળ્યા છે એણે. આ બાયડી છોડું છું, આ છોકરો છોડું છું, તો એનું હોવાપણું તારામાં છે તો છોડ? સમજાણું કાંઈ? હા, તારામાં રાગાદિ છે એ પણ રાગનું અસ્તિત્વ પર્યાયમાં છે. એ ગુણરૂપ નથી રાગ. અને ગુણ દ્રવ્યરૂપ નથી. આહા..હા..! હવે જ્યારે એને રાગ છોડવો હોય અને છૂટવો હોય ત્યારે શું થાય? કે રાગ અસ્તિત્વ છે એની દશામાં, એ રાગ ગુણમાં નથી, એ ગુણરૂપ નથી, એ દ્રવ્યરૂપ નથી. એથી દ્રવ્ય અને ગુણની દૃષ્ટિ કરતાં, એમાં એકાકાર થતાં એ રાગ છૂટી જાય છે ત્યારે અરાગ દશા પ્રગટ થાય છે. એની રીત આ છે. સમજાણું કાંઈ? વજુભાઈ! બહુ ઝીણું પણ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હજી ફરીને કહો ઈ કહે છે. કહ્યુંને આ જુઓને! એ માટે તો આ સિદ્ધાંત ચાલે છે આખો. આવો અધિકાર સર્વજ્ઞ પરમેશ્વર સિવાય, કેવળજ્ઞાની સિવાય ક્યાંય હોઈ શકે નહિ અને તે પણ એના વાડાવાળાને એની ખબર નથી. એ.. પોપટભાઈ!

જ્યારે અહીં સિદ્ધ કર્યું કે આ દ્રવ્ય છે તે ગુણ નથી. છેને? તો પછી આ દ્રવ્ય છે તે પરવસ્તુ તો નથી. આ આત્મા છે એ આ રજકણરૂપે, દાળ, ભાત, રોટલા, શાક કે બાયડી-છોકરાપણે છે કે હું આ રોટલા છોડું? એની સત્તામાં નથી એને છોડવું શું? અને સત્તામાં નથી તેને ગ્રહવું શું? સમજાય છે કાંઈ? એ બીજી ચીજને હું છોડું છું એવી જે માન્યતા એ બીજી ચીજ 'મારી સત્તામાં છે' એમ માનીને છોડું છું તો મિથ્યાત્વભાવ, અજ્ઞાનભાવ છે. એને મિથ્યાત્વનું મહાપાપ લાગે છે. આહા..હા..! સમજાણું કાંઈ? .. મોટા શહેરમાં ન ચાલે હોં! મુંબઈ-બુંબઈ આવી વાત. ૧૦-૧૦ હજાર માણસ ભેગા થાય ત્યાં આવી વાત કરે તો શું કહે છે આ? એમ થાય. હીરાભાઈ! દહેગામમાં આવું ચાલે ત્યાં? ત્યાં તો અમુક જાતની વાત થાય.

વીતરાગ માર્ગ બાપુ એવો ઝીણો છે, એવો ઉત્તમ છે અને એવું સત્ય છે કે બીજે

ક્યાંય હોઈ શકે નહિ. આહા..હા..! જુઓને શું કહે છે એ? કહે છે કે આ આત્મા વસ્તુ છે તે દ્રવ્ય તે ગુણ નથી. બીજી ચીજ તો નથી, એની તો વાત શું કરવી? સમજાણું કાંઈ? આઠમ છે આજે તો દાળ-ભાત છોડું છું, રોટલા છોડું છું. એનું નામ જ મિથ્યાત્વ છે કહે છે. એય..! જાધવજીભાઈ! એનો અર્થ કે મારા હોવાપણામાં એ હતા માટે હું છોડું છું. એટલે મારા હોવાપણામાં હતા એ માન્યતા જ મિથ્યાત્વ, અજ્ઞાન છે. જાધવજીભાઈ! ભારે વાત ભાઈ! આ બધા સંથારા કરી કરીને મરી જાય પણ ભાન ન મળે કાંઈ. શેના સંથારા? અને શેના તારા ત્યાગ? સાંભળને!

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ જેને ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન એક સમયમાં થયું એ ભગવાન તો એમ ફરમાવે છે કે તારી ચીજમાં એ ચીજ છે જ નહિ. છે નહિ પછી છોડું-મૂકું એમાં રહેતું નથી. સમજાણું કાંઈ? હવે તારી ચીજમાં ત્રણ ભાગ. એક વસ્તુ ત્રિકાળી દ્રવ્ય, એનો દ્રવ્ય એટલે ભાવવાન, એના ગુણો એ ભાવ, એની અવસ્થા એ પર્યાય. તો કહે છે કે દ્રવ્ય છે એ સ્વરૂપે ગુણ નથી. આહા..હા..! ભાવવાન સ્વરૂપે ભાવ નથી. ... કહો, સમજાણું કાંઈ? વસ્તુ છે એ ભાવવાન છે એટલે દ્રવ્ય છે, તે ભાવસ્વરૂપે નથી. ગજબ વાત છે! વસ્તુ છે એ દ્રવ્ય છે એ ભાવસ્વરૂપ નથી. અને '**જે ગુણ છે તે દ્રવ્ય નથી—**' અને જે ભાવ છે આત્માનો જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણ તે દ્રવ્ય નથી.

'**એ રીતે જે દ્રવ્યનું ગુણરૂપે અભવન...**' વસ્તુનું ભાવરૂપે નહિ થવું, દ્રવ્યનું પોતાના ગુણરૂપે નહિ થવું. આહા..હા..! વસ્તુનું પરરૂપે નહિ થવું એ તો તદ્દન ભિન્ન રહી ગયું. સમજાણું કાંઈ? પ્રાણભાઈ! પ્રાણભાઈ! સમજાય છે આ? સમજાય છે. ભારે હુશિયાર માણસ છે. સટ્ટામાં તડામાર કરે ને ત્યાં આ કરો... આ કરો... આ કરો... શું છે? ભગવાન! આ વાણી છેને એ વાણીનો આત્મામાં અભાવ છે. વાણીના દ્રવ્યો રજકણો છે. એ રજકણોની હયાતી છે. એ આત્મામાં એની હયાતી નથી. તો આત્મામાં એ રજકણોની હયાતી નથી એવી ચીજને હું કરું છું, હું બોલું છું, મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એટલે કે મારી સત્તામાં એ છે એમ એણે માન્યા. મારા હોવાપણામાં ભાષા છે એમ માની. ભાષા ભાષાના હોવાપણામાં છે, મારા હોવાપણામાં એ ભાષા નથી. સમજાણું કાંઈ? ઝીણું છે, બાપુ! માર્ગ એવો છે એણે કોઈ દિ' જાણ્યો નથી. પછી કંટાળીને બીજું કરો, મૂકો પડતું આ. આવ્યા છે કે નહિ ન્યાલભાઈ? ભક્તિ કરવી ભગવાનની. થઈ રહ્યું. આવી માથાકૂટ મૂકી દેવી. ભગવાન આપણને તારી દેશે. ત્રણકાળમાં નહિ તારે લે, શું કહે છે?

ભગવાને એમ કહ્યું છે કે તારી હયાતીમાં હું નથી. ભગવાનની હયાતીમાં આ નથી અને આના હોવામાં એ નથી. તો આના હોવામાં એ નથી તો એ તને કેમ તારે? સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? આ તો સાદી વાત છે. આમાં કાંઈ બહુ એવી નથી પણ હવે એને... વજુભાઈ! આ કઠણ પડે છે, જુવાન માણસને ... બહુ સાદી ભાષાથી સત્

તત્ત્વ કહેવામાં આવે છે લ્યો! જુઓ! આ હાથમાં આ છે? આ હાથ છેને એમાં છે આ? હાથમાં હાથ છે અને આમાં આ છે. હાથ એમ કહે કે હું આને છોડું છું. એનો અર્થ શું? એણે માની હતી કે મારામાં છે, એમ માની તો છોડું છું એમ થાય. એમ આત્મામાં કર્મ નથી. તો કર્મને બાંધું છું અને કર્મને છોડું છું એ આત્મામાં નથી એમ કહે છે. ભારે વાત ભાઈ!

જે એમ માને કે રાગને કર્યો માટે હું કર્મ બાંધું છું. ભાઈ! એ ક્યાંથી આવ્યું? તારા હોવાપણામાં તો રાગ છે, અવસ્થામાં. ગુણમાં આનંદ આદિ છે, દ્રવ્યમાં અનંત ગુણનો રસકંદ એકલો છે. એમાં એ ચીજ ક્યાંથી આવી કર્મ કે કર્મને તું બાંધ? ણમો અરિહંતાણં. નમસ્કાર આવ્યો કર્મરૂપી વેરીને હણનાર. કહે છે કે તને ખબર નથી એના અર્થની. કર્મ જડ છે એ આત્મા હણે એ બનતું જ નથી એમ કહે છે અહીં. આહા..હા..! એઈ..! ભાઈ! એ તો નિમિત્તના કથનો છે. આત્મા પોતાના સર્વજ્ઞસ્વભાવ, આનંદસ્વભાવની સંભાળ કરતા રાગનો નાશ થાય છે ત્યારે કર્મની અવસ્થામાં તેને કારણે તેની સત્તામાં ઉત્પાદ જે હતો તેનો વ્યય એનામાં થાય છે. ઉત્પાદ પછી ધ્રુવ, સત્‌ને સિદ્ધ કરવું છેને? આહા..હા..! એમ છે. આત્મા પોતામાં વિકાર છે, અવસ્થામાં તો એ અવસ્થા પૂરતો વિકાર છે, કાંઈ ગુણરૂપ નથી થઈ ગયો એ. અને ગુણ છે તે દ્રવ્યરૂપ નથી થયો. એથી આત્મા જે અનંત આનંદ આદિનો ભંડાર ભગવાન છે, એનો અંતર સ્વીકાર અને આશ્રય કરવા જતાં, રાગ અને વિકારની ઉત્પત્તિ થતી નથી, એનો વિકાર નાશ કર્યો એમ કહેવામાં આવે છે. અને કર્મનો નાશ તો એને કારણે કર્મરૂપી અવસ્થા જે કર્મ જડમાં હતી એ બીજે સમયે અકર્મની અવસ્થા થઈ એ તો ઉત્પાદ-વ્યય કર્મ પુદ્‌ગલમાં થયા છે. કાંઈ તારે લઈને ત્યાં થયા છે એમ નથી. સમજાણું કાંઈ? પહેલે કોળિયે વાંધા અરિહંતાણંમાં. શશીભાઈ! ણમો અરિહંતાણં. નમસ્કાર હજો આઠ કર્મરૂપી વેરીને જેણે હણ્યો. ભગવાન અહીંયાં ના પાડે છે કે એમ નથી એનો અર્થ. એનો અર્થ એમ નથી. આહા..હા..!

અરિહંતમાં શું થયું અને કર્મમાં શું થયું? એ એકબીજાને લઈને નહિ એમ કહે છે. આત્મામાં... ભગવાન સર્વજ્ઞસ્વભાવ છે એનો આત્માનો એ દ્રવ્ય. દ્રવ્ય સર્વજ્ઞસ્વભાવી, ગુણ સર્વજ્ઞગુણ, એને પર્યાયમાં સર્વજ્ઞ પ્રગટ કર્યો. ત્રિકાળ દ્રવ્યની દૃષ્ટિ આપતા, ગુણનું અભેદપણું અંતર છે, છતાં તે ગુણ અને દ્રવ્ય એકરૂપ નથી થઈ ગયા. એવા દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતા, પર્યાયમાં અજ્ઞાન અને રાગ હતો તેનો નાશ થાય છે અને તેની અવસ્થામાં જ્ઞાન અને વીતરાગતા પ્રગટે છે એ પર્યાય છે એ તો. એ પર્યાય ગુણરૂપ થઈ નથી, એ ગુણ દ્રવ્યરૂપ થયું નથી. એ દ્રવ્ય પર્યાયરૂપ થયું નથી. આહા..હા..! અને તે પર્યાય આવી થવા છતાં કર્મની અવસ્થાનો નાશ કર્યો આ પર્યાયે એમ નથી. આહા..હા..! શું કરે? એની સત્તામાં નથી એને શું કરે? એમ કહે છે. સમજાય છે કાંઈ? ભારે વાતું ભાઈ! આવું કોણ સમજવાની દરકાર કરે? મૂકને

પડતું, દયા પાળો આપણે જાવ. દયા પાળવાની હોય? સાંભળ!

એક જીવ છે જીવતો શરીર અને આયુષ્યવાળો એને બચાવો. એટલે શું? એની વ્યાખ્યા શું? એ એમ જીવતો રહે, શરીરના સંબંધે રહે. એ ઉત્પાદ તો એનો છે. એનું ઊપજવું શરીરના આયુષ્યપણે ત્યાં રહેવું એ જીવને, એની ઊપજવાની અવસ્થા ઉત્પાદ તો એનામાં છે. એનો ઉત્પાદ તું કરી શક? તારી સત્તામાં છે એનો જીવવાનો ઉત્પાદ તે તું કરી શક? પોપટભાઈ! એવી વાત છે. આહા..હા..! એટલે જેણે એમ માન્યું કે આને હું જીવાડી દઉં છું, આની પર્યાયને બચાવું છું તો એ પર્યાયનો કર્તા સ્વામી થાય છે. એનામાં નથી એનો સ્વામી થાય છે. મૂઢ દૃષ્ટિ છે. મિથ્યાત્વનું પાપ લાગે છે એમ કહે છે. ભારે વાત! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, સ્પર્શનો તો આત્મામાં અભાવ છે, એવો અભાવ દ્રવ્ય-ગુણને વિષે નથી એમ સિદ્ધ કરવું છે, ભાઈ! આહા..હા..! આ ગાથામાં જેમ પરનો આમાં અભાવ છે, એવો દ્રવ્ય-ગુણ વચ્ચે અભાવ છે એમ નથી. પણ ગુણ તે દ્રવ્ય નથી, દ્રવ્ય તે ગુણ નથી એવો અતદ્ભાવ તો છે. ભારે વાત! સમજાણું કાંઈ? જુઓ! છે? જુઓ! આ ભગવાનના વાક્ય પ્રવચનમાં આમ આવ્યા હતા. આહા..હા..! '**એક દ્રવ્યમાં, જે દ્રવ્ય...**' એટલે વસ્તુ છે '**તે ગુણ નથી,...**' એનો જ્ઞાનાદિ ગુણ છે આત્માનો. દ્રવ્ય તે ગુણ નથી. કારણ કે દ્રવ્ય ભાવવાન છે, આ ભાવ છે. બેના નામભેદ પડી ગયાને? સંખ્યાભેદ પડ્યો. ગુણ (અનંત) છે, દ્રવ્ય અનંતગુણનો પિંડ એક છે.

'**જે ગુણ છે તે દ્રવ્ય નથી—એ રીતે જે દ્રવ્યનું ગુણરૂપે અભવન (-નહિ હોવું)...**' વસ્તુ છે તે ગુણરૂપે ન થતાં '**અથવા ગુણનું દ્રવ્યરૂપે અભવન...**' અને જે જ્ઞાન દર્શનના જે ગુણો છે એ દ્રવ્યરૂપે ન થતાં '**તે અતદ્ભાવ છે;...**' એ બે વચ્ચે અતદ્ભાવ—તે ભાવ નહિ. એટલી વાત છે. ગુણ તે દ્રવ્ય નહિ, દ્રવ્ય તે ગુણ નહિ. આહા..હા..! જુઓને, એક અંદરના અંદરના ભાગની વાતું આવે. બહારની તો ક્યાંય રહી ગઈ. સમજાણું કાંઈ? આહા..હા..! સંયોગો એની સત્તાની નજીક આવ્યા, સંયોગો આ લક્ષ્મી આદિ. એના હોવાથી નજીક આવ્યા. આ એમ માને છે કે મારી પાસે આવ્યા, મને આવ્યા, મારે માટે આવ્યા, મારામાં આવ્યા. કહે છે કે મિથ્યાત્વભાવ છે ભાઈ! તારા આત્માના સત્યનું ત્યાં ખૂન થાય છે. શું થાય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કો'કનું સત્ તમારે માટે આવતું હશે ન્યાં? મહેન્દ્રભાઈ તમારા માટે આવ્યા હશે અહીં? હીરા-માણેક... આહા..હા..! કહો, સમજાણું આમાં? અહો..! મારા ભાગ્ય કે દીકરો સારો આવ્યો. એ શું? સાંભળને. ભાગ્ય એટલે શું? દીકરો એટલે શું? ભાષા બોલ્યો પણ પણ એમાં કાંઈ વસ્તુ છે? ભાગ્ય એટલે કર્મ, કર્મ એટલે જડ. એ જડ તારામાં નથી. એય..!

પ્રાણભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મરી ગયો મફતમાં માની માનીને ખોટો, એમ કહે છે. કાઢી નાખ શલ્ય આખું. સમજાણું કાંઈ? મીંદડું કાઢતા ઊંટડું પેસે છે કહે છે. આ મેં છોડ્યું, આની મેં દયા પાળી એ ભાવ થયો, એ ભાવ એની સત્તામાં, પણ ભાવને લઈને એની (દયા) પાળી ત્યાં પુણ્ય થયું, પણ આની પાળી ત્યાં મિથ્યાત્વનું લાકડું પેઠું મોટું. આહા..હા..! સમજાણું કાંઈ?

સંયોગો મળતા સુખી થવું. એનો અર્થ કે એ સત્તાનું હોવાપણું મને આવ્યું. વિપરીત દૃષ્ટિ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અને સંયોગો ખસતા હું હીણો પડી ગયો, હું ગરીબ થઈ ગયો. કહે છે, ભગવાન! એ સંયોગો એને કારણે આવ્યા હતા, એને કારણે ગયા. એનાથી તું અધિક હતો, એનાથી હીણો થઈ ગયો (એમ માનતા તો) તદ્દન દૃષ્ટિમાં વિપરીતતા છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? માથું ફોડ્યું હોય એનો દાખલો લઈએ. એને વાત પહેલી. ઓલો કહે માથું ફોડે તો અધર્મ થાય, માથાને પાટાપિંડી કરે તો ધર્મ થાય. સાંભળ હવે. એની વાત સાંભળ. માથું છે એ તો અજીવતત્ત્વ જડ છે માટી. એને કોણ છોડે? એના હોવાપણાને કોણ ફોડે? એના હોવાપણામાં અભાવ કોનો થાય? એના હોવાપણાનો અભાવ થાય? અને એનું હોવાપણું આત્મામાં તો નથી, તો બીજો આત્મા એને ફોડે એ વાત સાચી નથી. ભારે વાત ભાઈ! ભાષા...

ભાઈ! શાંતિથી તત્ત્વનું તત્ત્વપણું શું છે એને એણે જાણવું જોઈશે. નહિતર અભિમાન થાશે ખોટા ભાઈ! અને અભિમાન તો ઠીક પણ અભિમાન અહંકારરૂપી મિથ્યાત્વભાવને ઉત્પન્ન કરશે. આહા..હા..! અનંતાનુબંધીનો એ કષાય છે ભગવાન! બાપુ! તને ખબર ન પડે. એ થોડો દોષ નથી પણ મોટો છે. આહા..હા..! કહે છે કે સામાનું માથું જે અજીવતત્ત્વ છે એને મેં ફોડ્યું... ફોડ્યું... તો કહે છે કે એના હોવાવાળા તત્ત્વો સંયોગરૂપે હતા એ છૂટા પડ્યા એ એના કારણે છૂટા પડ્યા છે. તારા કારણે છૂટા પડે નહિ. એક વાત. કેમકે તેના હોવાપણામાં તું નથી. હવે એને પાટાપિંડી કરે તો પાટાપિંડી પણ જડની અવસ્થા અજીવ તત્ત્વ સત્તાવાળા છે. એ હોવાવાળા તત્ત્વની અવસ્થાને તું ત્યાં ચોંટ અને કર એ તારી સત્તામાં નથી અને હું આ કરું છું, એ સત્તા તારામાં નથી છતાં તે સત્તા મારામાં છે એમ માની છે. આહા..હા..! ભારે વાત ભાઈ! નવનીતભાઈ! ન્યાયથી તો એણે સમજવું પડશેને ભાઈ! એમને એમ ધોકાપંતી ચાલે એ કાંઈ વીતરાગ માર્ગમાં ન ચાલે. સમજાણું કાંઈ?

મેં આની સેવા કરી, ભગવાન! ત્યારે કહે આમ કહેશો તો (કોઈ સેવા નહિ કરે). પણ કરે છે કોણ તે નહિ કરે? એનામાં ભાવ આવ્યો એ એની પર્યાયમાં અસ્તિ છે. એ પર્યાયની અસ્તિ તે ગુણમાં નથી અને ગુણની અસ્તિ તે દ્રવ્યમાં નથી અને પર્યાયની અસ્તિ છે રાગની, એ પરના પાટીપિંડીના અસ્તિત્વમાં આ અસ્તિત્વ જાય છે એમ નથી. કારણ કે પાટાપિંડીના

રજકણો જે રજકણ છે રજકણો એ દ્રવ્ય છે. એનામાં વર્ણ, ગંધ ગુણ છે, એની અવસ્થા તે પર્યાય છે. હવે એક એક રજકણના દ્રવ્ય-ગુણ-પર્યાય, બીજા રજકણના દ્રવ્ય-ગુણ-પર્યાયના અભાવરૂપે છે. સમજાણું કાંઈ? એય..! ભગવાનજીભાઈ! એ અમારા બધા પોષા-પડિક્કમણા કરનારા. એય..! રતિભાઈ! સંભળાય છે આ? સમજાય છે? સંભળાય છે એમ કીધું.

બાપુ! 'સર્વજ્ઞનો પંથ સુશર્ણ જાણી.' આવે છેને. 'સર્વજ્ઞનો પંથ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી. અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.' ભગવાન પરમેશ્વરે કહેલો આવો જે તત્ત્વનો ભાવસ્વભાવ ઓહો..! એક જ સિદ્ધાંત થયો કે આત્માના હોવાપણામાં તો દ્રવ્ય, ગુણ અને પર્યાય છે. એના હોવાપણામાં બીજી કોઈ ચીજ નથી. અને બીજી કોઈ ચીજમાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં એનું હોવાપણું છે. એના હોવાપણામાં બીજાનો અભાવ છે. જ્યારે બીજાનો એના હોવાપણામાં અભાવ છે તો એની પર્યાયને કરે એ ક્યાંથી બને? આહા..હા..! ભારે ઝીણું!

કહે છે, એક તો પરનો તો અભાવ છે. જુઓ! એક જીવને પોતાની ભૂલ કેવડી મોટી એનો એને ખ્યાલ પડતો નથી. એને તો એમ કે, આ મેં છોડ્યું, આ મેં મૂક્યું, મેં આમ કર્યું હતું, મેં આમ કર્યું. એને કેટલું પાપ લાગે છે એ પાપના હદની મર્યાદાની એને ખબર નથી. હોંશ બહુ આવે. ભાઈ! પરપદાર્થના ત્યાગ-ગ્રહણમાં પોતાને માનવો એ હોંશ મિથ્યાત્વની છે. નાથ! પ્રભુ! એવું છે. આહા..હા..! તું તો જ્ઞાનાનંદ સ્વરૂપ છોને પ્રભુ! તારામાં આ ગ્રહવું, મૂકવું એ એના દ્રવ્ય-ગુણમાં તો નથી, પણ એની અવસ્થાના અંશમાં એ પરનું ગ્રહવું-મૂકવું નથી. સમજાણું કાંઈ?

હવે કહે છે કે જેવી રીતે એક દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહેલું આત્મા તત્ત્વ, એ બીજા દ્રવ્ય-ગુણ-પર્યાયથી તો અભાવસ્વરૂપ છે. એવો અભાવ એક વસ્તુમાં દ્રવ્ય-ગુણ-પર્યાય છે તે ગુણ તે દ્રવ્ય નહિ, દ્રવ્ય તે ગુણ નહિ, પણ એ ઓલો (સર્વથા) અભાવ છે એવો આ અભાવ નહિ. સમજાણું કાંઈ? આ તો સાદી વાત છે. આ ભાષા કોઈ એવી નથી કે શાસ્ત્રની આકરી આવતી. આત્માનું હોવાપણું દ્રવ્યે, ભાવે એ ભાવવાન, ગુણે... દ્રવ્ય તે ગુણ નથી, ગુણ તે દ્રવ્ય નથી. તો કહે છે કે જેમ બીજી ચીજનો બિલકુલ આમાં અભાવ, આ ચીજનો બીજી ચીજમાં બિલકુલ અભાવ એવો ગુણ અને દ્રવ્ય વચ્ચે અભાવ નથી. સમજાણું કાંઈ? કેટલી વાતને વહેંચીને ... કરે છે.

કહે છે, '**ગુણનું દ્રવ્યરૂપે અભવન તે અતદ્ભાવ છે; કારણ કે આટલાથી જ અન્યત્વવ્યવહાર સિદ્ધ થાય છે.**' જુઓ! શું કહે છે? વસ્તુ ભગવાન આત્મા દ્રવ્ય અને જ્ઞાનાદિ ગુણ અને અવસ્થા. એમાં ગુણ તે દ્રવ્ય નહિ અને દ્રવ્ય તે ગુણ નહિ. એ એટલાથી અન્યત્વ વ્યવહાર, અન્યત્વનો વ્યવહાર આટલાથી બસ હદ સમાપ્ત થાય છે, એથી આગળ જતો નથી. આહા..હા..! કેટલી લોજિકથી સંતોએ જંગલમાં રહી, મહા દિગંબર મુનિઓ

વીતરાગના ઘોળાતા ભાવમાં પડ્યા હતા. મુનિ તો વીતરાગભાવમાં પડ્યા હોય છે. મુનિ રાગમાં ન હોય. આ વિકલ્પ ઉઠ્યો એમાં મુનિપણું નથી એમ કહે છે, ભાઈ! આહા..હા..! એ મુનિપણું શરીરની નગ્ન અવસ્થામાં નથી એમ કહે છે. શરીરની નગ્ન અવસ્થા મુનિને હોય, પણ એ નગ્ન અવસ્થાના હોવાપણામાં આત્માની અવસ્થા નથી. આહા..હા..! કપડા છોડે. કહ્યું હતુંને ભાઈ! ચાંદમલજી હતાને ઉદયપુરના બ્રહ્મચારી. અહીં કહે, કથામાં એમ આવે છે, ભગવાને મુનિ થયા ત્યારે કપડા છોડ્યા. ભગવાન! એ છોડ્યા એ તો નિમિત્તના કથન છે. કપડાનું હોવાપણું અનંતા રજકણવાળું, એના દ્રવ્ય-ગુણ-પર્યાયવાળું છે. એની હયાતીના ભાવને આત્મા આમ છોડે, દૂર કરે એમ ન હોય. અને નગ્નદશાપણું થયું એ મુનિદશા નહિ અને મુનિદશામાં નગ્નદશાનો અભાવ છે. આહા..હા..! સમજાય છે?

મુનિ અંતર મુનિ વીતરાગદશા છે, વીતરાગદશા છે. એમાં તો વિકલ્પનો .. પર્યાયમાં છે. પણ મુનિદશામાં શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય-ગુણનું ભાન અને શુદ્ધ પરિણમન એનો એ વિકલ્પ છે તે સમયે પર્યાયમાં, એ વિકલ્પનો આમાં અભાવ છે અને એ વિકલ્પમાં પરદ્રવ્યનો અભાવ છે. કપડાનું ન હોવું થયું એ વિકલ્પના અસ્તિત્વને લઈને થયું એમ નથી અને વિકલ્પનું હોવાપણાનું અસ્તિત્વ છે, માટે અહીં શુદ્ધતાની દશા વર્તે છે એમ નથી. સમજાણું કાંઈ? ભારે! એવું છે, બાપુ! અંતરના જ્ઞાનને સૂક્ષ્મ કરીને જે રીતે હોવાપણે ભગવાને કહ્યું, એ રીતે હોવાપણે જાણ્યે એને સમ્યગ્જ્ઞાન થાય. એથી વિપરીત એક અંશ પણ કરે તો મિથ્યાજ્ઞાન થાય અને રખડી મરે ચોર્યાશીના અવતારમાં. સમજાણું કાંઈ? ઓહો..હો..! કઈ રીતે વાત કરી છે જુઓ! સમજાણું?

એક જણા કહેતા હતા કે બીજી વાત તમારી સાચી લાગે છે, પણ આ અપવાસ કરવો, રોટલા ન ખાવા એ નિર્જરા નથી અને એ તપ નથી એ વાત અમને બેસતી નથી. એક આવ્યા હતાને ઓલા નહિ? વેજલકાવાળા, વેજલકાવાળા વડોદરા રહે છે. પછી કાંઈક આજે આવ્યા હશે. એણે પૂછ્યું, તમે કંઈક ધર્મ... તો કહે, .. પણ આ અપવાસ કરવો એ તપ છે કે નહિ? અને તપ તે નિર્જરા છે, નિર્જરા તે ધર્મ છે અને ધર્મ છે એ મોક્ષનો માર્ગ છે. સીધી વાત છે. એય..! કાંતિભાઈ! ભાઈ! એમાં ન્યાય સમજવો. એ રોટલા ન આવ્યા એ જીવ ન લાવ્યો કે નહોતા આવવાના અને ન આવ્યા? કારણ કે એનું હોવાપણું જુદું છે. અને છતાં એણે માન્યું કે મેં ન ખાધું માટે રોટલા નથી આવ્યા. મેં રાગનો વિકલ્પ કર્યો કે મારે આજ આહાર કરવો નથી. એવા વિકલ્પની હયાતી મેં કરી તેથી રોટલા અહીં ન આવ્યા. વાત તારી ખોટી છે. તારા વિકલ્પની હયાતીની સત્તામાં એ રોટલા, દાળ, ભાતની સત્તા ત્યાં નથી કે તું લાવ અને તું ખા. ભારે વાત! જુગરાજજી!

શેઠિયાઓને પણ બધું બેસવા માંડે છે હળવે-હળવે. એય..! પોપટભાઈ! આ વસ્તુ તો આ છે હવે. શેઠિયા બહારના. શેઠ તો આ સમજે. નહોતું આવ્યું ઓલામાં? આવ્યું હતુંને

શેઠિયામાં? એય..! મોહનભાઈ! શેમાં? શેઠિયાજીમાં. શું આવ્યું હતું એમાં? સંભાળે તે શેઠ. છે કે નહિ અહીંયાં? પહેલી ચોપડીમાં છે? .. પહેલું. ૧૩ પાને છે નહિ? જુઓ! શેઠિયા છેને અત્યારે, સરદાર શહેરમાં. ૪૦ વર્ષ પહેલા એના મામા પાસે ૬૦ લાખ રૂપિયા હતા. આને આપવા માંડ્યા ૬૦ લાખ. ૪૦ વર્ષ પહેલાના હોં. અત્યારે તો તમારી પાસે પચાસ લાખ હોય તો (સોળમાં ભાગનું) એમ ગણી લેવું. પચાસ લાખ હોય તો ત્રણ લાખ ગણવા. એમ ન થઈ જવું કે ઓહો..હો..! અમારે પચાસ લાખ થયા. એ પૂર્વના ત્રણ લાખ અને અત્યારના તમારા પચાસ લાખ સરખા. નવનીતભાઈ! તે દિ' ૬૦ લાખ આપવા માંડ્યા નહોતા લેતા. એ છે અત્યારે. એણે આ બનાવ્યું છે. 'ગુણીજન સંભાળે સો હી છે શેઠ, ગુણીજન' ગુણીજન એટલે આત્મા. અનંત આનંદ અને જ્ઞાનનો સ્વભાવ ભરેલો ભગવાન. એને 'સંભાળે સો હી છે શેઠ, અન્ય તો અનુચર જાણજો જી.' બીજા બધા અનુચર ભિખારી છે. .... આ છોકરો મરી જાય ત્યારે રોવે છેને બાયું. મારા પેટ.. મારા પેટ... હવે પેટ કે દિ' તારા હતા? સાંભળને. પેટ તો જડનું છે અને એ પેટ તારું હતું? આત્મા તારો હતો? તારામાં હતો એ આત્મા? પછી એને છોકરો મરી ગયેલો અઢી વર્ષનો. ગૃહસ્થ માણસ છે. પછી ઘણા આવે માણસો ત્યાં. પછી એની માને કહે તારે રોવું છે? ના. બાપા! બાપુજી આપણે ઘરે રોવાનું હોય? મડદું હતું અને આ ગાયન ગાયું, બનાવીને આપ્યું. 'ગુણીજન સંભાળે સો હી છે શેઠ.' પોતે આનંદ, જ્ઞાનસ્વરૂપ છે એની પર્યાય દ્વારા સંભાળ કરે એ શેઠ છે. 'બાકી અનુચર જાણજો જી, મારા જ્ઞાન.' હું તો જ્ઞાનસ્વરૂપ છું. પેટ-પેટ કેવા અને છોકરા કેવા? ભારે! મારી હયાતીમાં છોકરો છે અંદર? આ હયાતીમાં એનો આત્મા છે? સમજાણું કાંઈ? એની હયાતીમાં હોય એ એનું, એની સત્તામાં હોય એ એનું. એની સત્તામાં ન હોય એ એનું છે નહિ. જુઓને પૈસાવાળો થાય તો કહે અમે પૈસાવાળા, છોકરાવાળો તો કહે છોકરાવાળા.

... નહિ થવું તે ગુણ. દ્રવ્યરૂપે નહિ થવું તે ગુણ. ગુણ દ્રવ્યરૂપે ન થવું તે ગુણ. બસ. '**આટલાથી અન્યત્વવ્યવહાર (અન્યત્વરૂપ વ્યવહાર) સિદ્ધ થાય છે. પરંતુ દ્રવ્યનો અભાવ તે ગુણ,...**' જેમ એક ચીજમાં બીજીનો અભાવ તે વસ્તુ, એમ દ્રવ્યનો અભાવ તે ગુણ એમ નથી. નવનીતભાઈ! અભાવ નથી. અભાવ હોય તો તદ્દન બીજી ચીજ થઈ જાય. '**દ્રવ્યનો અભાવ તે ગુણ, ગુણનો અભાવ તે દ્રવ્ય—એવા લક્ષણવાળો અભાવ...**' જુઓ! આવા લક્ષણવાળો અભાવ '**તે અતદ્ભાવ નથી.**' આવા લક્ષણવાળો અભાવ તે અતદ્ભાવ કહેવામાં આવતો નથી. ભારે ન્યાયથી વાત કરી છે. ઓહો..હો..! આવું તત્ત્વ ભગવાનનું કાને શ્રવણ પણ ન કરે એ કે દિ' જુદા વિચારે અને કે દિ' જુદા માને. ખીચડે ખીચડો કરીને રખડી મરે. કહો, સમજાણું આમાં? કહો, સમજાણું કે નહિ? એય..! કિરચંદભાઈ! કિરચંદભાઈના દીકરા! આ સમજાય છે? આ બધું સાંભળ્યું પણ ન હોય. મુંબઈમાં ક્યાં

સાંભળવા જાય? આ કરવું ને આ કરવું. કીરચંદભાઈના દીકરા આવ્યા છે. વઢવાણવાળા છેને કીરચંદભાઈ. એને તો બહુ રસ હતો. એ તો નવરા નિવૃત્તિવાળા હતાને. આ તો બધા પ્રવૃત્તિવાળા. આહા..હા..! પ્રવૃત્તિ શેમાં કરી શકે? કહે છે. કહો, સુમનભાઈ! સંકલ્પ-વિકલ્પમાં કરી શકે. તેલમાં? તેલનો ચીચોડો કાઢવો. આહા..હા..!

ભગવાન! તારી હયાતીમાં તો તું છો. તારી પર્યાયની હયાતીમાં તું, ગુણની હયાતીમાં દ્રવ્ય. છતાં ત્રણનો ભાવ એકરૂપે બીજો ન થાય, પણ એવો એ અતદ્ભાવ નથી કે જેવો પરનો આમાં અભાવ અને આનો આમાં અભાવ, એવો ગુણ વચ્ચે અને દ્રવ્ય વચ્ચે અભાવ નહિ. આહા..હા..! કેટલી સ્પષ્ટતા કરે છે! સમજાય છે?

'**જો એમ હોય તો (૧) એક દ્રવ્યને અનેકપણું આવે,...**' જુઓ! ગુણ અને દ્રવ્ય વચ્ચે બિલકુલ અભાવ હોય, જેમ એક ચીજ અને બીજી ચીજ વચ્ચે બિલકુલ અભાવ છે તો અનેકપણું ત્યાં દ્રવ્યનું સિદ્ધ થાય છે, એમ આત્મા અને એના ગુણ વચ્ચે એવો જો અભાવ હોય તો એક દ્રવ્યના અનેક દ્રવ્ય થાય. એમ બની શકે નહિ. '**(૨) ઉભયશૂન્યતા થાય (અર્થાત્ બન્નેનો અભાવ થાય),...**' સમજાણું કાંઈ? એકબીજાનો અભાવ, તદ્દન અભાવ હોય તો એક આના વિના એ નહિ અને એના વિના આ નહિ તો તો બધી શૂન્યતા થઈ જાય. અથવા '**(૩) અપોહરૂપતા થાય.**' ત્યાગ થઈ જાય. કહેશે વિશેષ. '**તે સમજાવવામાં આવે છે :—**' કેટલી ન્યાયથી વાત કરી છે જુઓને! આ તો શાંતિથી સમજે તો પકડાય એવી વાતું છે. બહારમાં ઓલા આગ્રહ પકડીને બેઠા હોયને. અરે..! આમાં તો અમારા પોષા રહેતા નથી, અમારી સામાયિક રહેતી નથી. હવે સાંભળને! તારા પોષા અને સામાયિક કોણ છે એની ખબર નથી? એના પોષા એટલે ઓલો વિકલ્પ કર્યો જરી. આ ખાધું નહિ ચોવીસ કલાક આ એનો પોષો. ધૂળેય નથી પોષો, સાંભળને! એ તો રાગ છે. અને રાગને પોષણ આપ્યું તો મેં કર્યું, તો મિથ્યાત્વ છે. કહો. દુનિયાથી તો ઊંધું બહુ ભાઈ!

કહે છે, '**(દ્રવ્યનો અભાવ તે ગુણ અને ગુણનો અભાવ તે દ્રવ્ય એમ માનતાં પ્રથમ દોષ આ પ્રમાણે આવે :)**' પહેલો દોષ આ પ્રમાણે થાય. શું? '**(૧) જેમ ચેતનદ્રવ્યનો અભાવ તે અચેતનદ્રવ્ય છે,...**' બરાબર છે? ભગવાન આત્મા ચૈતન્ય વસ્તુ છે તેનો અભાવ તે આ જડ શરીર. આ ચૈતન્ય વસ્તુ છે એનો અભાવ તે આ શરીર. અને '**અચેતનદ્રવ્યનો અભાવ તે ચેતનદ્રવ્ય છે—**' આ શરીર અચેતન છે એનો અભાવ તે આત્મા. બરાબર છે? આ તો સાદી ભાષા છે. એમાં કાંઈ બહુ એવું નથી. સમયસારનું સાંભળ્યું હોયને.. .. વસ્તુની સ્થિતિ એવી છે. સમજાણું કાંઈ? વાસ્તવિક દ્રવ્ય, ગુણ અને પર્યાય ન જાણે તો એને સમ્યગ્દર્શન થાય નહિ, ધર્મ થાય નહિ એમ કહે છે. ક્યાંકનું ક્યાંક માનશે અને ક્યાંકનું ક્યાંક ખતવશે તો એની દૃષ્ટિ મિથ્યા થશે. મિથ્યાત્વમાં રહ્યો પછી સંસાર આ કરે તો એ જન્મ-મરણને વધારે છે. આહા..હા..!

'**જેમ ચેતનદ્રવ્યનો અભાવ...**' આમાં છેને ચૈતન્ય વસ્તુ, દ્રવ્ય-ગુણ-પર્યાયસહિત છે. એનો અભાવ તે આ જડ, એનો અભાવ તે કર્મ, એનો અભાવ તે વાણી, એનો અભાવ તે શરીર. બરાબર છે? '**અચેતનદ્રવ્યનો અભાવ તે ચેતનદ્રવ્ય છે—**' આ શરીર, કર્મ અને વાણી એનો અભાવ તે આ ચેતનદ્રવ્ય, એનો અભાવ તે ચેતનદ્રવ્ય. કહો, સમજાય છે કે નહિ આમાં? '**એ રીતે તેમને અનેકપણું (બે-પણું) છે,...**' કોને? એ આત્મા ચેતન છે તે અચેતન નથી. અચેતન છે તે ચેતન નથી. ચેતન દ્રવ્યનો અભાવ તે અચેતન. અચેતનનો અભાવ તે ચેતન. બે થઈ ગયા. અનેકપણું થઈ ગયું. અનેકપણું થઈ ગયુંને? '**તેમ દ્રવ્યનો અભાવ તે ગુણ,...**' એ રીતનો દ્રવ્ય નામ આત્મા, એનો ગુણ, એ દ્રવ્યનો અભાવ તે ગુણ અને '**ગુણનો અભાવ તે દ્રવ્ય—એ રીતે એક દ્રવ્યને પણ અનેકપણું આવે...**' જેમ ચૈતન્ય વસ્તુ એનો અભાવ તે અચેતન, અચેતનનો અભાવ તે ચેતન. બે દ્રવ્ય થઈ ગયા. અનેકપણું થઈ ગયું, એમ અનેકપણું થઈ ગયું. એમ જો દ્રવ્યનો અભાવ તે ગુણ અને ગુણનો અભાવ દ્રવ્ય, તો દ્રવ્ય અનેક થઈ ગયા. દ્રવ્ય એક છે એના અનેક થઈ ગયા. એક ગુણ રહ્યો, એક કોર દ્રવ્ય રહ્યું. એટલે ગુણ પણ દ્રવ્ય થઈ ગયું અને દ્રવ્ય પણ દ્રવ્ય થઈ ગયું. અનેકપણું થયું. એવું અનેકપણું આમાં છે નહિ. સમજાણું કાંઈ? કેવી વાત કરી છે! એની સત્યતાની પ્રસિદ્ધિ એના જ્ઞાનમાં આવે એ માટે આ દલીલ આપીને વાતને સિદ્ધ કરી છે. સાદી શૈલી આ છે. '**એ રીતે એક દ્રવ્યને પણ અનેકપણું આવે...**' કેમ? કે ચેતનનો અભાવ તે અચેતન જુદું થઈ ગયુંને દ્રવ્ય? અને અચેતનનો અભાવ તે ચેતન બીજું દ્રવ્ય થઈ ગયું. એમ દ્રવ્યનો અભાવ તે ગુણ તો બીજું દ્રવ્ય થઈ ગયું અને ગુણનો અભાવ તે દ્રવ્ય એ બે જુદી ચીજ થઈ ગઈ. બે દ્રવ્ય થઈ ગયા. અનેકપણું થઈ ગયું એમાં. એવી રીતે અનેકપણું થયું. '**(અર્થાત્ દ્રવ્ય એક હોવા છતાં તેને અનેકપણાનો પ્રસંગ આવે).**' એક વાત.

'**(અથવા ઉભયશૂન્યત્વરૂપ બીજો દોષ આ પ્રમાણે આવે :)**' '**જેમ સુવર્ણનો અભાવ થતાં સુવર્ણપણાનો અભાવ થાય,...**' શું દાખલો આપે છે? સોનું દ્રવ્ય છે અને સોનાપણું જે છે ગુણ પીળાશ, ચીકાશ, વજન એના ગુણ છે. સુવર્ણપણું, સુવર્ણ અને સુવર્ણપણું, દ્રવ્ય અને ગુણપણું એમ કહે છે. '**જેમ સુવર્ણનો અભાવ થતાં સુવર્ણપણાનો...**' સુવર્ણપણું એટલે એના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અથવા પીળાશ-ચીકાશનો પણ અભાવ થાય. '**સુવર્ણપણાનો અભાવ થતાં સુવર્ણનો અભાવ થાય...**' અને સુવર્ણપણાના પીળાશ, ચીકાશના ગુણનો અભાવ થતાં સોનાનો પણ અભાવ થાય. બરાબર છે? રતિભાઈ! નવા માણસ આવે એને એવું લાગે આ બધું શું વાંચે છે? આવ્યા છેને નાઈરોબીથી .. અમારે.

ભગવાનનો આવો માર્ગ છે, ભાઈ! પરમેશ્વર તીર્થંકર 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં' નથી

આવતું? સાંજ સવાર બોલે ઓલા મંગળિકમાં. કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. પણ કેવળી પણ્ણંતો કેવળીએ શું કહ્યું અને એ ધર્મ શું? જય ભગવાન! કાંઈ ખબર ન મળે. આહા..હા..! અજાણ્યા માણસને તો એવું લાગે કે આ શું અર્થ કરે છે! આ બધું કરીએ છીએ એનો તો ભુંસાડિયો વાળે છે. કેમ દેવશીભાઈ! જુઓ આ કણબી છે, જુઓ! કાનાતળાવના. ત્યાં સ્વાધ્યાય મંદિર કરવા માગે છે. કણબી છે. સ્વાધ્યાય મંદિર. ત્યાં આઘું આવ્યું છે. પહેલા આવવાના હતાને. આહા..હા..! એક બોલ થયો.

એમ આ '**સુવર્ણનો અભાવ થતાં...**' સુવર્ણપણું એટલે ભાવ. ભાવવાનનો અભાવ થતાં ભાવનો અભાવ થાય, દ્રવ્યનો અભાવ થતાં ગુણનો અભાવ થાય. સુવર્ણપણું એ ગુણ છે. અને સુવર્ણપણાનો અભાવ થતાં, ગુણનો અભાવ થતાં ભાવનો અભાવ થતાં સુવર્ણ એટલે ભાવવાનનો અભાવ થાય. '**એ રીતે ઉભયશૂન્યત્વ થાય,...**' એટલે ગુણ પણ ન રહે અને દ્રવ્ય પણ ન રહે, બેયનો અભાવ થાય. ઓલું એકમાં અનેક થાય એમ હતું, આ બેનો અભાવ થાય એમ કર્યું. સમજાણું કાંઈ? '**તેમ દ્રવ્યનો અભાવ થતાં ગુણનો અભાવ થાય, ગુણનો અભાવ થતાં દ્રવ્યનો અભાવ થાય—એ રીતે ઉભયશૂન્યતા થાય (અર્થાત્ દ્રવ્ય તેમ જ ગુણ બન્નેના અભાવનો પ્રસંગ આવે).**' માટે દ્રવ્ય અને ગુણ વચ્ચે, ચેતનદ્રવ્ય અને અચેતદ્રવ્ય જેવો અભાવ છે નહિ. એક દ્રવ્યને અને બીજા દ્રવ્ય વચ્ચે જે અભાવ છે એવો એક દ્રવ્ય અને એના ગુણ વચ્ચે એવો અભાવ નથી. અતદ્ભાવ છે, પણ એવો અભાવ નથી. ભારે વાત કરી છે! ત્રીજો બોલ આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૧૩, બુધવાર, તા. ૦૧.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૦૮-૧૦૯-૧૧૦, પ્રવચન-૧૧૩**

૧૦૮ ગાથા. પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ અધિકાર. શું કહે છે એમાં? કલ ક્યા આયા ખબર હૈ? શેઠી! ફરીને કહીએ. કાલે એમ આવ્યું. બે બોલ આવ્યા કે આ આત્મા છે એને પરવસ્તુ સાથે તો બિલકુલ અભાવ છે. દરેક દ્રવ્યને પરપદાર્થનો તો એમાં અભાવ છે. કહો, સમજાય છે કાંઈ? ઠંડી છેને. કહે છે પવનથી તો શરદી થાતી નથી એ તો અહીં ચાલે છે. સમજાણું કાંઈ? એમ કહે છે... આ તો ઝીણો અધિકાર છે. ભગવાને સર્વજ્ઞ પરમેશ્વરે જોયેલા તત્ત્વો

એ અનંત છે. એ અનંત છે એમાં એક દ્રવ્ય, બીજા દ્રવ્યનો એમાં અભાવ છે. એટલે એને ને એને કાંઈ સંબંધ નથી, તદ્દન ભિન્ન છે. આ આત્માને, આ શરીરને, કર્મને તો બિલકુલ સંબંધ નથી. એ નિમિત્ત નૈમિત્તિક સંબંધ એ સંબંધ જ નથી. એમાં અભાવ છે. કર્મનો, શરીરનો, વાણીનો, આ આત્મવસ્તુ છે એમાં અભાવ છે. એવો અભાવ, આત્મા ગુણી છે અને એમાં જ્ઞાન દર્શન ગુણ છે, તો એ ગુણ અને ગુણીનો અતદ્‌ભાવ ખરો. જે ગુણ છે તે દ્રવ્ય નથી અને દ્રવ્ય છે તે ગુણ નથી. તેમ અતદ્‌ભાવ એટલે તે ભાવ તે નહિ. ગુણ તે દ્રવ્ય નહિ અને દ્રવ્ય તે ગુણ નહિ એ બરાબર છે. પણ એનો અર્થ એવો નથી કે દ્રવ્યનો બિલકુલ અભાવ તે ગુણ અને ગુણનો બિલકુલ અભાવ તે દ્રવ્ય એમ નથી. કહો, સમજાણું કાંઈ?

એના લીધા ત્રણ બોલ. બે બોલ આવી ગયા છે. જો આ આત્મા છે એનો સત્તા નામનો જે ગુણ છે એ જો બિલકુલ જુદો હોય તો અનેક દ્રવ્ય થાય. કારણ કે દ્રવ્ય પણ દ્રવ્ય થાય, ગુણ પણ દ્રવ્ય અનેક થાય. તો એમ હોઈ શકતું નથી. એ પહેલો બોલ આવ્યો એમાં. બીજો બોલ કે ગુણી ગુણ વિના ન હોય અને ગુણ ગુણી વિના ન હોય. સોનું સોનાપણાના ગુણ વિના ન હોય અને સોનાપણું એ સોના વિના ન હોય. પણું એટલે ગુણ. પીળાશપણું સોના વિના ન હોય અને સોનું પીળાશ વિના ન હોય. જો એ તદ્દન જુદા થાય તો પીળાશ વિનાના સોનાનો અભાવ થાય અને સોના વિનાના પીળાશનો પણ અભાવ થાય. એમ આત્મા અને એની સત્તા ગુણ છે એ બિલકુલ એકબીજા જુદા હોય તો ગુણ વિના ગુણીનો અભાવ થાય અને ગુણી વિના ગુણનો અભાવ થાય. બેય શૂન્ય થાય. બે બોલ આવ્યા છે. બે બોલ આવ્યા છે હતા. એટલું યાદ રહ્યું નથી એટલે ફરીને કહો. કહો, પોપટભાઈ! ઓહો..હો..! કેટલી વાત કરે છે જુઓને! વસ્તુની સિદ્ધિ. સત્ પોતે પોતાથી છે, પરથી નથી. એમાં સત્ દ્રવ્ય, સત્ ગુણ અને સત્ પર્યાય, એવા ત્રણ ભેદ હોવા છતાં એ ગુણ અને ગુણીનો પર સાથેનો જે અભાવ છે એવો અભાવ નથી. સમજાણું કાંઈ?

ત્રીજો બોલ. '**અપોહરૂપતા નામનો ત્રીજો...**' તદ્દન જુદાઈનો ત્રીજો બોલ. '**જેમ પટ-અભાવમાત્ર જ ઘટ છે,...**' વસ્ત્રના અભાવમાત્ર ઘડો છે. વસ્ત્રના અભાવમાત્ર ઘડો છે. બરાબર છે? અને '**ઘટ-અભાવમાત્ર જ પટ છે...**' ઘડાના અભાવસ્વરૂપે જ પટ છે, વસ્ત્ર છે. '**(અર્થાત્ વસ્ત્રના કેવળ અભાવ જેટલો જ ઘડો છે અને ઘડાના કેવળ અભાવ જેટલું જ વસ્ત્ર છે)...**' બરાબર છે? આ લાકડી છે અને આ આંગળી છે જુઓ. આ લાકડી આંગળીના કેવળ અભાવરૂપ છે અને આંગળી લાકડીના કેવળ અભાવરૂપ છે. બરાબર છે કે નહિ? '**એ રીતે બન્નેને અપોહરૂપતા છે,...**' જો બિલકુલ વસ્તુમાં ગુણનો, જેમ વસ્ત્ર તે ઘટરૂપ નથી અને ઘટરૂપ તે વસ્ત્ર નથી, એમ જે દ્રવ્ય છે તે ગુણરૂપ નથી

અને ગુણ તે દ્રવ્યરૂપ નથી એમ આવે તો બેયને તદ્દન જુદાપણું ઠરે અને બે જુદા એ રીતે છે નહિ. ઘટ અને પટ જેમ જુદા છે એમ દ્રવ્ય અને ગુણ એવા જુદા નથી. કહો, સમજાણું કાંઈ?

છોકરાના આત્માને અને આ આત્માને બે વચ્ચે અભાવ છે. બરાબર છે? આ આત્માના અભાવમાત્ર એ આત્મા અને એ આત્માના અભાવમાત્ર આ આત્મા. પણ એવો અભાવ દ્રવ્ય અને ગુણ વચ્ચે નથી. એવો અભાવ દ્રવ્ય અને ગુણ વચ્ચે હોય તો તો ત્રણ દોષ કીધા. કાં અનેકપણું આવે, કાં બેની શૂન્યતા આવે, કાં તદ્દન બે જુદા ઠરે. આ તો સમજાય એવું છે હોં! '**એ રીતે બન્નેને અપોહરૂપતા છે,...**' એટલે બેનો વચ્ચે તદ્દન નકારાત્મક આવે. બે વચ્ચે તદ્દન નકારાત્મક નામ જુદાઈપણું આવે.

'**તેમ દ્રવ્ય-અભાવમાત્ર જ ગુણ થાય,...**' આત્માના અભાવમાત્ર જ સત્તા હોય અને જ્ઞાન હોય અને જ્ઞાનના અભાવમાત્ર જ આત્મા હોય. '**દ્રવ્ય-અભાવમાત્ર જ ગુણ થાય, ગુણ-અભાવમાત્ર જ દ્રવ્ય થાય—એ રીતે આત્મા પણ (દ્રવ્ય-ગુણમાં પણ) અપોહરૂપતા થાય...**' જુદાઈ આવે. નકારાત્મક આવે. બેયનું નકારપણું એટલે જુદું-જુદું બેયનું એમ થાય. તો એમ તો છે નહિ. '**(અર્થાત્ કેવળ નકારરૂપતાનો પ્રસંગ આવે).**' લ્યો! નીચે કર્યો છે જુઓ! '**અપોહરૂપતા = સર્વથા નકારાત્મકપણું; સર્વથા ભિન્નતા. (દ્રવ્ય અને ગુણમાં એકબીજાનો કેવળ નકાર જ હોય તો દ્રવ્ય ગુણવાળું છે, આ ગુણ આ દ્રવ્યનો છે—વગેરે કથનથી સૂચવાતો કોઈ પ્રકારનો સંબંધ જ દ્રવ્યને અને ગુણને ન બને.)**' પરની સાથે બિલકુલ સંબંધ નથી એમ એનો અર્થ છે. છે એનો અર્થ? એમ ગુણ અને દ્રવ્ય સાથે બિલકુલ સંબંધ નથી એમ નથી.

'**માટે દ્રવ્ય અને ગુણનું એકત્વ,...**' દ્રવ્ય અને ગુણ એક છે, બીજાની જેમ નથી '**અશૂન્યત્વ...**' અભાવ ન થાય અને જુદાં (ન) પડે, (ન) રહે એવા ઈચ્છનારે, જુદા ન પડે એવા ઈચ્છનારે '**યથોક્ત જ (જેવો કહ્યો તેવો જ) અતદ્‌ભાવ માનવાયોગ્ય છે.**' ફરીને. '**માટે દ્રવ્ય...**' એટલે આત્મા અને એનો હોવાવાળો ગુણ, એનું એકત્વ, બેનું એકપણું, અશૂન્યત્વ-બેનો અભાવ નહિ અને બેનું નકારાત્મક નહિ, એવા ઈચ્છનારે યથોક્ત જેવો કહ્યો એવો અતદ્‌ભાવ માનવાયોગ્ય છે. ગુણ તે દ્રવ્ય... પણ દ્રવ્ય તે ગુણ(ના) અભાવમાત્ર છે એમ નહિ. આહા..હા..! કેટલી વાત સિદ્ધ કરે છે! આવું સ્વરૂપ વસ્તુનું છે એ રીતે જે માને નહિ, એની દૃષ્ટિમાં વિપર્યાસ છે. અને વિપર્યાસ હોવાને લઈને એ દુ:ખની દૃષ્ટિ છે, મિથ્યાત્વ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આ બે તદ્દન જુદા થાય એટલું અને ઓલામાં અનેક થાય એમ થયું. અનેકપણું થાય. એકનું અનેક થાય, બીજામાં બેયની શૂન્યતા આવે, ત્રીજામાં બેય જુદા રહી જાય. ઓલા અનેક દ્રવ્ય થાય. અને આ ગુણ જુદો રહી જાય અને દ્રવ્ય જુદું રહી જાય એમ આવે. સમજાણું કાંઈ? આહા..હા..! આવા ધર્મની વાતમાં..

જાધવજીભાઈ! આવું સમજવું પડે? ભાઈ! તારું સત્ કેટલું ક્યાં છે? પરનું હોવાપણું ક્યાં છે? એનું નક્કી ન થાય ત્યાં એ પર પ્રત્યેની બુદ્ધિ ટળે નહિ અને પોતામાં પણ જે ગુણ છે તે આખું દ્રવ્ય નથી, પર્યાય છે તે આખો ગુણ નથી, એમ જો નક્કી ન થાય તો... પર્યાયમાં નવીનતા લાવવી હોય, સમ્યગ્દર્શન-જ્ઞાન એ દ્રવ્યને આશ્રયે આવે, પર્યાયને આશ્રયે આવે નહિ. કારણ કે પર્યાય જેટલું દ્રવ્ય નથી અને દ્રવ્ય જેટલું પર્યાય નથી. એથી દ્રવ્યની દૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન અને ધર્મની દશા થાય. પર્યાયની દૃષ્ટિ થતાં ધર્મદૃષ્ટિ થાય નહિ. સમજાણું કાંઈ? ભારે! આવી વાત સાધારણ હજારો માણસમાં મૂકે તો (એમ લાગે) આ શું છે? ... આહા..હા..! વસ્તુ તો આવી છે, ભાઈ! તત્ત્વનો સ્વભાવ જ આવો છે. એવો સ્વભાવ જ્યાં સુધી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પરમાંથી બુદ્ધિ ખસે નહિ અને પોતાના ગુણ જેટલો હું નથી પર્યાયમાં, પર્યાય જેટલો ગુણ નથી એમ નક્કી ... પર્યાયમાં સુધારો કરવા માટે દ્રવ્યનો આશ્રય લે નહિ. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં? દેવજીભાઈ! સમજાય છે. હુશિયાર માણસ છે.

'**હવે સત્તા અને દ્રવ્યનું ગુણ-ગુણીપણું સિદ્ધ કરે છે :—**' સત્તા તે ગુણ છે અને આત્મા તે ગુણી. એમ દરેક દ્રવ્યની વાત છે હોં! એ ૯૯ની ગાથા સાથે મેળ છે આને. ૧૦૯મી ગાથાનો ૯૯ની ગાથા સાથે મેળ છે.

**जो खलु दव्वसहावो परिणामो सो गुणो सदविसिट्ठो।**
**सदवट्ठिदं सहावे दव्वं ति जिणोवदेसोयं।।१०९।।**

આહા..હા..! જુઓને! કુંદકુંદાચાર્યને પણ .. જિનેશ્વરદેવનો આ ઉપદેશ છેને. વીતરાગ સર્વજ્ઞમૂર્તિ પ્રભુ એની વાણીમાં આ આવ્યું છેને ભાઈ! સમજાણું? નીચે હરિગીત.

**પરિણામ દ્રવ્યસ્વભાવ જે, તે ગુણ 'સત્'-અવિશિષ્ટ છે;**
**'દ્રવ્યો સ્વભાવે સ્થિત સત્ છે'-એ જ આ ઉપદેશ છે. ૧૦૯.**

જિનેશ્વર નીકળી ગયું. ઉપદેશ એવો છે. પદ કરવા જાવું છેને. .. કરતા ઓલો નીકળી ગયો એક વાત. .. ઉપદેશ. એમ ઉપદેશ હતોને.

ટીકા. એટલો જ શબ્દાર્થ છે એ જ ટીકામાં આવે છે. '**દ્રવ્ય સ્વભાવમાં નિત્ય અવસ્થિત હોવાથી સત્ છે—એમ પૂર્વે (૯૯મી ગાથામાં) પ્રતિપાદન કરવામાં આવ્યું છે;...**' શું કીધું? એ આત્મા છે એ પોતાનો સ્વભાવ જે નિત્ય છે, નિત્ય સ્વભાવ છે એમાં રહેલો છે. પરમાણુ જે છે આ પરમાણુ પોઈન્ટ એક રજકણ, એ રજકણ એના નિત્ય સ્વભાવમાં રજકણ રહેલો છે. સમજાણું કાંઈ? એ રજકણ એ પરમાણુ એના સ્વભાવમાં રહેલો છે. એ પરમાણુ આત્મામાં રહેલો નથી. કર્મનો એક પણ રજકણ એના નિત્ય સ્વભાવમાં, દ્રવ્ય એના નિત્ય સ્વભાવમાં રહેલું છે. એ કર્મનો એક રજકણ આત્મામાં રહેલો છે એમ નથી. કહો, બરાબર છે? જ્ઞાનાવરણીયની કર્મદશા, જ્ઞાનાવરણીયની કર્મદશા એના એ રજકણો, એના

ભાવરૂપી, સત્તારૂપી, સ્વભાવમાં એ રજકણો રહ્યા છે. આત્માની પર્યાયમાં કે ગુણમાં એ જ્ઞાનાવરણીય રહ્યા નથી. બરાબર હશે? તો જ્ઞાનાવરણીયે જ્ઞાનને રોક્યું એમ આવે છેને?

મુમુક્ષુ :- વ્યવહારી લોકોનું કથન છે.

ઉત્તર :- વ્યવહારી લોકોનું કથન છે ભાઈ! વસ્તુ તો નિમિત્ત બતાવવા માટે વાત છે. આહા..હા..! જુઓને કેટલી વાત સ્પષ્ટ છે! છતાં સ્વાધ્યાય કરતા નથી. સ્વાધ્યાય કરીને મધ્યસ્થથી સત્ય શું છે (એ નક્કી કરવું જોઈએ). આ તો ઓઘે-ઓઘે (માને). જ્ઞાનાવરણીયે જ્ઞાન રોક્યું અને જ્ઞાન પોતે સમ્યક્ પ્રગટ કરે એટલે કર્મનો નાશ આત્મા કરે. અહીં તો આ તો વળી કર્મનો નાશ થાય તો અહીં થાય એ વળી વધારે ઊંધું. પણ આ તો એક નમો અરિહંતાણં.. આત્મા પોતાની દશાને પ્રગટ કરે તો કર્મનો નાશ થાય એય ખોટી વાત છે. આત્મા પોતાની ધર્મની દશાને પ્રગટ કરે તો કર્મની અવસ્થામાં અકર્મરૂપ થવાની અવસ્થા એના કર્મના રજકણને લઈને થાય છે, આત્માને લઈને નહિ. આવી વાત! સમજાણું કાંઈ? એ તો વળી એમ કહે છે કે કેવળજ્ઞાનાવરણીયનો નાશ થાય તો કેવળજ્ઞાન થાય. કહો, શેઠી! તો ક્યા હરકત આયા ઉસમેં?

સ્વામીકાર્તિકિયાનુપ્રેક્ષામાં એમ આવ્યું કે પુદ્ગલની એવી શક્તિ છે કે કેવળજ્ઞાનાવરણીયે કેવળજ્ઞાનને રોક્યું. એવો પાઠ છે સ્વામીકાર્તિકિયાનુપ્રેક્ષામાં. એ તો પુદ્ગલમાં નિમિત્તપણું થવામાં કેવળજ્ઞાનની અવસ્થા જીવ પોતે રોકે છે ત્યારે નિમિત્ત થવામાં શક્તિ પુદ્ગલની ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ કઈ છે એ બતાવ્યું છે ત્યાં. સમજાણું કાંઈ? આહા..હા..! પરદ્રવ્યનો કર્તા ન માને. એ દિગંબર જૈન નથી. આવી તો ઈન્દોરમાં વ્યાખ્યા થઈ. ઓહો..હો..! નવનીતભાઈ! એવા પંડિત કહેતા હતા. અરે! ભગવાન! વસ્તુ છે એ પોતે પોતાની સત્તામાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહેલી છે. એ કંઈ પરદ્રવ્યના ગુણ-પર્યાયમાં રહેલી નથી. તો પછી પરદ્રવ્યના ગુણની પર્યાયને આ આત્મા નાશ કરે કે ઊપજાવે એ છે ક્યાં? આહા..હા..! કર્તા પરને ન માને... આહા..! એને .. આવી જાય. .. જુદા પડ્યા છેને. તમારાથી પ્રભાવના બહુ થઈ છે, તમે આવો પાછા. આહા..હા..! ચોથે ગુણસ્થાને સ્વરૂપ આચરણ ન હોય એ મોટી વાત. વાત માંડી છે હોં. .. તોપણ વાત માંડતા નથી. સ્વરૂપ આચરણ નથી એ તો વાત માંડી છે. આહા..હા..!

કહે છે કે, **'દ્રવ્ય સ્વભાવમાં નિત્ય...'** જે કોઈ આત્મા કે કોઈપણ આ પરમાણુ છે, ભગવાને છ દ્રવ્ય જોયા છે. કેવળી પરમાત્મા તીર્થંકરદેવ ત્રિલોકનાથ ભગવાને છ દ્રવ્ય જોયા છે જાતિ અપેક્ષાએ. સંખ્યા અપેક્ષાએ અનંત છે. સમજાય છે આમાં કાંઈ? જાતિ અપેક્ષા અને સંખ્યા અપેક્ષામાં શું ફેર પડ્યો? શું? જાતિ અપેક્ષાએ છ છે, સંખ્યા અપેક્ષાએ અનંત છે. એમાં ફડ ફડ થઈ ગયું લ્યો! કેમકે જાત છે છ. એક આત્મા જાત, એક પરમાણુ જાત—પુદ્ગલ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, આકાશ અને કાળ. જાત છ, પણ સંખ્યા અનંત છે. આત્મા અનંત છે, પરમાણુ અનંત છે, કાળાણુ અસંખ્ય છે. જુઓ આમાં ..

થઈ જાય છે આમાં ..ભાઈ! આ તો પૂછ્યું જરી શેઠને. શેઠિયાએ પાસે પૂછીએ તો ખરા ત્યાં કેટલી ધડામાર કરે છે અંદર. એ તો આ સુમનભાઈને એમ થઈ ગયું હતું હોં થોડું. કીધું ભાવ અને ભાવવાનમાં શું ફેર પડ્યો? એ થઈ જાય જરીક અહીં. એઈ..! અમારે શેઠ તો ના જ પાડે. શેઠી તો પાધરી ના પાડે. .. એમ કહે. એટલે યાદ નથી રહેતું એ વાત બહાર ન આવે. આ તો બહુ સાદી વાત છે. અને આમાં તો તદ્દન ન્યાયથી વાત છે. આ તો ચાર ચોપડી ભણેલો હોય, અમારે ધર્મચંદભાઈ કહે છેને કે ભાઈ ચાર ચોપડી ભણેલો હોય તો આ વાત અત્યારે પકડીને જાણી શકે. કાંઈ બહુ સંસ્કૃત-વ્યાકરણની જરૂર પડતી નથી. સમજાણું કાંઈ? ન્યાયથી પકડાતું નથી? આ તો બહુ સાદી ભાષા છે.

ભગવાને અનંત દ્રવ્યો વસ્તુ જોઈ. હવે એ દરેક વસ્તુ પોતાના સ્વભાવમાં રહેલી છે. કારણ કે વસ્તુ સ્વભાવવાન છે, તો વસ્તુ સ્વભાવમાં રહેલી છે. સાકર છે એ સ્વભાવવાન છે, ગળપણ એનો સ્વભાવ છે, તો એ સાકર ગળપણ સ્વભાવમાં રહેલી છે. કે કો'કના કડવા સ્વભાવમાં રહેલી છે? કે કોકના ભાવમાં રહેલી છે? દ્રવ્ય સ્વભાવમાં ભગવાન આત્મા અને એક એક પરમાણુ, નિગોદનો આત્મા હો, એક શરીરમાં અનંતા જીવ ભગવાને દીઠા. બટાટા, શક્કરકંદ, લસણ છેને? એક કટકી આટલી લ્યો રાઈ જેટલી તો, ભગવાને એમાં અસંખ્ય તો ઔદારિક શરીર દીઠા છે અને એક ઔદારિકમાં અનંત આત્મા. પણ એ બધાનું આયુષ્ય તો એકસરખું, શ્વાસ સરખો, આહાર સરખો, છતાં એક આત્મામાં બીજા આત્માનો બિલકુલ અભાવ છે. આહા..હા..! અને બીજી વાત. એમાં રહેલા છતાં, એક આટલામાં રહ્યા જુઓને! ઓહો..હો..! વીતરાગનો માર્ગ તો જુઓ! કે એક રજકણ જેટલામાં અનંત આત્માઓ છે એ એક એક આત્મા પોતાના સ્વભાવમાં રહેલા છે, બીજા આત્માને અડતા પણ નથી. આહા..હા..! સમજાણું? આ એવું જ્ઞેયનું સ્વરૂપ છે એમ બતાવવું છે. એ જીવ મારવા લાયક છે કે દયા પાળવા લાયક એ અહીં વાત નથી. એ જીવ જ્ઞાનમાં જાણવાલાયક છે. આ જ્ઞેય અધિકાર છેને. આવા આત્માઓ છે, આવા રજકણો છે એ જ્ઞાનમાં જાણવાલાયક છે. એને મારવા લાયક કે પાળવા લાયક એ વસ્તુમાં છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

છકાયના જીવ એ છકાય શરીરપણે નથી. એના જ્ઞાનસ્વભાવમાં રહેલા એ છે એમ કહે છે. કહ્યું છેને પ્રવચનસાર? છકાયના જીવ કહેવાયને? એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય આવે છેને? એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા, તેઇન્દ્રિયા, જીવિયા વહોરવિયા. કાંઈ સમજ્યા વિના એકેક ભાષા બધી. એય..! મોહનભાઈ! સામાયિક કરી હતી કે નહિ ભાષા? ઇચ્છામી પડિક્કમણું ઈરિયા.. નહિ કરી હોય? આવે છેને શું કહેવાય ઈ? ઇચ્છામી પડિક્કમણું. હા એ. .. વળી બાધા ન આવે. પણ એમાં કહે છે કે એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા એ જીવ નથી. એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા તો શરીરની વ્યાખ્યા છે. આહા..હા..! એનું જે શરીર છેને એકેન્દ્રિયનું શરીર એને નામે એકેન્દ્રિયા કીધા છે. પણ અહીં તો કહે છે કે એનું જે

શરીર છે અને એનો જે આત્મા છે, એનો આત્મા એના જ્ઞાનસ્વભાવ સ્વભાવમાં રહેલો છે. શરીરમાં રહેલો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

આ આત્મા છે એનો પોતાનો જે કાયમી, અસલી, નિત્ય સ્વભાવ છે સત્તા, જ્ઞાન-દર્શન-આનંદ એમાં આત્મા રહેલો છે, શરીરમાં નહિ. શરીરના એક એક રજકણ એના સ્વભાવમાં એ રજકણ રહેલો છે. એના રજકણના સ્વભાવમાં રજકણ રહેલો છે, એમાં આત્મા રહેલો નથી. આહા..હા..! જુઓને એક વાત. સમજાણું કાંઈ? તો કહે છે, વસ્તુ જે છે એ '**સ્વભાવમાં નિત્ય અવસ્થિત હોવાથી...**' આમાં કોઈ બુદ્ધિ બહુ હોય તો સમજાય એવું કાંઈ નથી હોં! એ તો રુચિ હોય તો સમજાય એને. ભણ્યો હોય થોડું ઘણું તો .. હોવું જોઈએને. વસ્તુ દ્રવ્ય જે છે એ સ્વભાવમાં નિત્ય અવસ્થિત, નિત્ય ટકેલી છે. તેથી '**સત્ છે—**' તેથી સત્ છે. સ્વભાવમાં રહેલી છે તેથી સત્ છે. સ્વભાવ સત્ છેને. અને એ સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રુવ કહેશે.

'**એમ પૂર્વે (૯૯મી ગાથામાં) પ્રતિપાદિત કરવામાં આવ્યું છે; અને (ત્યાં) દ્રવ્યનો સ્વભાવ પરિણામ કહેવામાં આવ્યો છે.**' દેખો ભાષા! એ દ્રવ્યનો સ્વભાવ જે ગુણ છે એને અહીંયાં પરિણામ કહ્યો છે. પરિણામ એટલે પર્યાય નહિ. સમજાણું કાંઈ? આત્મા પોતાના સ્વભાવમાં સત્તા નામના ગુણમાં રહ્યો છે અને એ સત્તા ગુણને પરિણામ કહ્યો છે અને એ પરિણામ '**उत्पादव्ययध्रौव्ययुक्तं सत्**' છે. સમજાણું કાંઈ? આત્મા પોતાના સત્તા અસ્તિત્વ નામના ગુણમાં રહ્યો છે એ પરિણામ છે અને તે પરિણામના ત્રણ રૂપ છે. ઉત્પાદ-નવી અવસ્થાએ ઊપજવું, જૂનુંનું જવું અને ધ્રુવ રહેવું—એ ત્રણરૂપ એક સત્ પરિણામ એમાં આત્મા રહેલો છે. એટલે ઉત્પાદ-વ્યય અને ધ્રુવમાં આત્મા રહેલો છે. આહા..હા..! ભારે વાતું ભાઈ!

આ તો વસ્તુની સ્થિતિ આવી છે અનાદિ. કોઈએ એને કરી નથી. એમ સર્વજ્ઞ પરમેશ્વરે જોયું અને તે પ્રમાણે આવ્યું અને કહ્યું. એમ એણે બરાબર જ્ઞાન કરીને જાણવું જોઈએ તો એને પર બુદ્ધિમાં, પરનું કરી દઉં, પરને રાખી દઉં, પરને સમજાવી દઉં, મારાથી પર સમજી જાય, મારાથી પર રહે એ બુદ્ધિ બધી છૂટી જાય છે અને હું ક્યાંક પરમાં રહ્યો છું અને પરને લઈને મારું રહેવું છે એ બુદ્ધિ ટળી જાય. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અને પરમાણુ એક એક રજકણ વસ્તુ પોતાના સ્વભાવમાં નિત્ય ટકી રહેલું હોવાથી તેને સત્ કહે છે અને તે પ્રતિપાદન ૯૯ (ગાથામાં) આવ્યું છે અને તે દ્રવ્યનો સ્વભાવ, નિત્ય અવસ્થિત સ્વભાવ તેને પરિણામ કહેવામાં આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પરિણામ શબ્દે ત્યાં ગુણ છે. પરિણામ શબ્દે ત્યાં પર્યાય એકલી નથી. એ ગુણના પછી ત્રણ પ્રકાર ભલે હો ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. પણ એ ગુણ છે પરિણામ, એમાં પરિણામી આત્મા રહેલો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાતું છે, બાપુ! ભેદજ્ઞાન છે આ.

આવું વાસ્તવિક તત્ત્વ ન સમજે એને મિથ્યાદષ્ટિપણું જાય નહિ, મિથ્યાભ્રમ જે છે (એ જાય નહિ). સમજાણું કાંઈ?

મારા હોવાપણામાં, મારા હોવાપણામાં અવળો સવળો ફેરફાર થાય, હું છું ત્યાં, પણ હું જ્યાં નથી એનામાં મારાથી સવળા-અવળાપણું કાંઈ થાય નહિ. આ વેપાર આદિના આ જે રજકણો પૈસા આવવા-જવા એ રજકણો એના નિત્ય સ્વભાવમાં રહેલા છે અને તેનો સ્વભાવ તે પરિણામ ગુણ છે અને એ ગુણ ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં એ રજકણ રહેલો છે, તારે લઈને ત્યાં રહ્યા છે એમ નથી. આ પૈસા મારે ત્યાં મારે માટે આવ્યા, મારે ઘરે પેટીમાં પડ્યા છે એ ખોટી વાત છે કહે છે. એય..! પોપટભાઈ! પેટી તે દિ'... શું કહેવાય? મોટો કહેવાય એને? લોઢાના ઊંચા તમારા. તિજોરી મોટી નથી આવતી? ગોદરેજનીને? ગોદરેજની. ગોદરેજની મોટી તિજોરી આવેને. પૈસા એમાં નથી. તારામાં નથી, એમાં પણ નથી. લ્યો પૈસા પૈસામાં (છે). ૫૦-૬૦ લાખ પડ્યા છે એ તમારા નથી? શેઠિયાના છે એમ કહે છે અહીંયાં. વાતું તો એમ કરે છે.

મુમુક્ષુ :- વ્યવહારી લોકો તો એમ જ કહેને.

ઉત્તર :- એ.. ચીમનભાઈ! શું છે આ? આ શાંતિભાઈમાં આ ચીમનભાઈ નથી એમ કહે છે. .. ઓલો જુદો રહે છે માટે? જુઓને સુમનભાઈ વયા ગયા હવે. આહા..હા..!

ભાઈ! એક વસ્તુ તેના ગુણમાં રહેલી છે. એક બીજી ચીજ પણ તેના ગુણમાં રહી છે. તારામાં રહી નથી, તારે માટે રહી નથી. પોપટભાઈ! પૈસાના એક એક રજકણો તેના સ્વભાવમાં એ રજકણો રહેલા છે. તારે માટે રહ્યા નથી, તારા થઈને રહ્યા નથી, એના થઈને રહ્યા છે એમ કહે છે. આહા..હા..! નવનીતભાઈ! આહા..હા..! અરે..! વીતરાગના તત્ત્વો કહેલા જેને સાંભળવા મળે નહિ એ બિચારા વિચાર કે દિ' કરે અને શ્રદ્ધા કે દિ' કરે? એમને એમ આંધળી દોડે વાડામાં મુઠીયું વાળી ઊંધી શ્રદ્ધાએ જાય ચાલ્યા. અવતાર ચાલ્યા જાય છે. આહા..હા..! જુઓને! સાહિત્યકાર મરી ગયો. આવો મોટો હુશિયાર હતોને. ખબર પણ ન પડી હોય ઉઠ્યો હશે ત્યાં સુધી આમ. અહીં દુઃખે છે. નીચે ઉતારીને દવાખાને લઈ જતા હતા. દવાખાને પહોંચ્યા પહેલા... કારણ કે એ તો એની પર્યાયમાં રહેલો આત્મા છે. એ કાંઈ શરીરમાં રહેલો નથી. તે શરીરમાં રહેલો જ નથી તો શરીરમાં નહોતો એવો જુદો પડીને પોતામાં રહ્યો છે ત્યાં એ. આહા..હા..!

ખરેખર શરીરની રોગ અવસ્થામાં પણ આત્મા રહ્યો નથી. આહા..હા..! રોગ અવસ્થા એ પરમાણુનો પરિણામસ્વભાવનો ઉત્પાદ છે. પરમાણુઓ ... અને નિગોદ અવસ્થાનું રહેવું એ પરમાણુની અવસ્થામાં છે. એ પરમાણુ એક એક પોઈન્ટ રજકણ છે, એનો ગુણ જે છે પરિણામ એમાં એ પરિણામી વસ્તુ રહેલી છે. એટલે નિરોગ અવસ્થાનું થવું, રહેવું પરમાણુ એમાં રહેલા છે. નિરોગતામાં આત્મા રહ્યો નથી. આહા..હા..! ભારે વાત! આ તો મને નિરોગતા

થઈ, હું સરોગ થયો. મૂઢ છો? ભારે વાતું ભાઈ! જુઓ! આ ભેદજ્ઞાન. એને રોગની અવસ્થાનું લક્ષ કરી અને દુઃખ થાય, એ દુઃખની અવસ્થામાં એ રહેલો છે. અત્યારે તો પરથી ભિન્ન કહેવું છેને. એનો જે આનંદગુણ છે, એ આનંદગુણ જે છે એમાં આત્મા રહેલો છે અને આનંદગુણના ત્રણ રૂપ છે. નવી અવસ્થાનું ઊપજવું, જૂનીનું જવું અને ધ્રુવ રહેવું. એ ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં આનંદ છે, એ આનંદમાં આત્મા છે. સમજાણું કાંઈ? કહો, ભગવાનજીભાઈ! ક્યાં ભગવાનજીભાઈ ગયા ક્યાંય? કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

'**અને (ત્યાં) દ્રવ્યનો સ્વભાવ પરિણામ કહેવામાં આવ્યો છે.**' ૯૯માં. '**અહીં એમ સિદ્ધ કરવામાં આવે છે કે—જે દ્રવ્યના સ્વભાવભૂત પરિણામ છે,...**' વસ્તુના સ્વભાવભૂત. પરિણામ નામ ગુણ છે '**તે જ સત્‌થી અવિશિષ્ટ...**' જુદો નહિ. અસ્તિત્વથી જુદો નહિ, એવો '**(અસ્તિત્વથી કોઈ બીજો નહિ એવો) ગુણ છે.**' એ ગુણ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું કીધું? કે જે એમ સિદ્ધ કરવામાં આવે છે કે દ્રવ્યના સ્વભાવભૂત જે પરિણામ છે તે જ, એ પરિણામ તે જ અસ્તિત્વથી જુદો નહિ એવો પોતે જ ગુણ છે. ભારે વાત ભાઈ! કેટલા ન્યાયથી વાત સિદ્ધ કરે છેને!

બીજાના હોવાપણાના ગુણમાં બીજો છે કહે છે. તારા હોવાપણાના ગુણમાં તું છો. છતાં બીજાના હોવાપણાના ગુણમાં એ છે એ મારામાં છે, મારે લઈને એ રહ્યા છે એ ભાવ ભ્રમણા અને મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? ૧૦-૧૦ હજાર... આ મીલવાળાને બહુ અભિમાન હોય. ૧૦-૧૦ હજાર માણસને પોષીએ છીએ. સમજાણું? એક જણાને કહ્યું કે પણ આ તમારે ઘરે આટલા પૈસા છેને કરોડો. હવે શું કરવા રળો છો? શું અમે રળવા માટે રળીએ છીએ? અમે તો સાત હજાર માણસનું ગુજરાન ચાલે માટે રળીએ છીએ. કેટલી વાત સાચી હશે એમાં? સાચી (ખરી) શું? મિથ્યાત્વભાવ સેવે એ સાચો. કારણ કે એ ભાવમાં એ રહેલો છે. મિથ્યાત્વભાવમાં એ રહેલો છે. એમ શ્રદ્ધાગુણમાં આત્મા રહ્યો છે અને શ્રદ્ધાગુણના ત્રણ રૂપ છે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એમાં એ રહેલો છે. પણ એ માને કે બીજાને નભાવું છું એ તદ્દન ભ્રમણા અને અજ્ઞાનભાવ છે. મૂઢ જેવાનો એ ભાવ છે. આહા..હા..! એમ નહિ હોય? હુશિયાર આ બધા પૈસા રળે. કહો, શેઠ! શું હશે આ? આ દુકાન-બુકાન મોટી કરી છેને પંદર દુકાન ને માર્કેટ. છોકરાઓ માટે તો કરતા હશે કે નહિ? આહા..હા..! હાથના પરમાણુ, પરમાણુઓ એના સ્વભાવમાં રહેલા છે. આત્મા પોતાના સ્વભાવમાં રહ્યો. હવે એ પોતે પોતામાં રહ્યો એ બીજાના સ્વભાવને અડે શી રીતે? સ્પર્શે શી રીતે? બે વચ્ચે તો અભાવ છે, એ તો વાત સિદ્ધ કરી. એવો અભાવ ગુણગુણી વચ્ચે નથી એ સિદ્ધ કરી. છતાં એ ગુણ તે ગુણમાં રહેલો આત્મા છે એ વાત અહીં સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

'**દ્રવ્યના સ્વરૂપની વૃત્તિભૂત એવું જે અસ્તિત્વ...**' શું કહે છે? દરેક આત્મા અને

દરેક પરમાણુના સ્વરૂપનું હયાત રહેવું, ટકવું એવું જે હોવાપણું '**દ્રવ્યપ્રધાન કથન દ્વારા સત્ શબ્દથી કહેવામાં આવે છે,...**' એ પોતે સત્ છે એમ. સત્ ગુણ, સત્ લક્ષણ અને દ્રવ્ય લક્ષ્ય એ તો ભેદદષ્ટિથી છે, પણ દ્રવ્યપ્રધાન કથનથી તે સત્ જ છે. સત્ માત્રં. આ આવ્યું આ. પંચાધ્યાયીમાં આવે છેને. સત્ લક્ષણં, તત્વં સત્ લક્ષણં સત્ માત્રવા. તો કહે છે કે જે વસ્તુ છે એ પોતાના ટકવારૂપી ગુણમાં જે અસ્તિત્વ છે એ વસ્તુપ્રધાન કથન દ્વારા એ પોતે સત્ છે, દ્રવ્ય જ સત્ છે. સત્‌ને લઈને સત્ છે એમ નહિ. દ્રવ્ય સત્ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**તેનાથી અવિશિષ્ટ (-તે અસ્તિત્વથી અનન્ય) ગુણભૂત જ દ્રવ્યસ્વભાવભૂત પરિણામ છે;...**' અસ્તિત્વથી અનન્ય ગુણભૂત જ, અસ્તિત્વથી જુદો નહિ, અસ્તિત્વથી જુદો નહિ. અવિશિષ્ટ છેને? અસ્તિત્વથી જુદો નહિ એવો ગુણભૂત જ દ્રવ્યસ્વભાવભૂત પરિણામ છે. એ દ્રવ્યસ્વભાવ અસ્તિત્વ એ જ ગુણભૂત પરિણામ છે. અસ્તિત્વથી જુદો કોઈ સત્ છે એમ છે નહિ. સંસારમાં મેટ્રીક ભણે એમાં માથા ફોડે છે લ્યો. કેટલો વખત ગાળે છે! આ જરી અભ્યાસ થોડો કરે તો એને ખબર પડે કે મારું ક્યાં છે ને તારું ક્યાં છે ને પરનું ક્યાં છે. આહા..હા..!

'**કારણ કે દ્રવ્યની વૃત્તિ ત્રણ પ્રકારના સમયને...**' વસ્તુનું હોવાપણું ત્રણ પ્રકારના કાળને. વસ્તુ એટલે આત્મા અને પરમાણુઓ તેનું હોવાપણું ત્રણ પ્રકારના કાળને—ભૂત, વર્તમાન અને ભવિષ્ય એવા ત્રણે કાળને '**સ્પર્શતી હોવાથી...**' નિત્ય ત્રિકાળ રહે છે એ. '**પ્રતિક્ષણે તે તે સ્વભાવે પરિણમે છે.**' દેખો પાછું, પરિણમે છે. સમજાણું કાંઈ? વસ્તુ દ્રવ્યનું હોવાપણું ત્રણ પ્રકારના કાળને સ્પર્શતી હોવાથી. દેખો! સમજાણું કાંઈ? ત્રણ પ્રકારના સમયને- ભૂત, ભવિષ્ય, વર્તમાન ને ભવિષ્ય એવા ત્રણે કાળને સ્પર્શતી હોવાથી, પોતાની પર્યાયને ભૂત, વર્તમાન, ભવિષ્ય એને સ્પર્શે છે ઈ. પરને (સ્પર્શતી નથી). સ્પર્શ આવ્યું શેઠ! પરમાણુને સ્પર્શે નહિ. છૂતા નહિ... એ વાત આવી. અહીંયાં તો રૂપી રૂપીકો સ્પર્શતા નહીં. અહીં તો એ કહે છે. એક રજકણ પોઈન્ટ જે રજકણ છે એ એના સ્વભાવમાં ત્રિકાળ રહ્યો છે અને એ સ્વભાવ ત્રિકાળી છે. એટલે ત્રિકાળી પર્યાયને એ સ્પર્શે છે. આહા..હા..! પરને તો અડતો પણ નથી. કહો, જાધવજીભાઈ! પૈસાને તો અડતો પણ નથી. આ ઊનું કહે છે કે જીભને અડતું નથી અને જીભની પર્યાય જીવને અડતી નથી એમ કહે છે. લ્યો! આહા..હા..!

આ ગળ્યાપણાનું અસ્તિત્વ છે કે નહિ? પરમાણુનો ગુણ જે રસ, રસ એની જે મીઠી પર્યાય એ ગુણનો ઉત્પાદ છે એમાં એ પરમાણુ રહેલો છે. એ ગુણની મીઠાશ આ જીભને અડતી નથી અને એ મીઠાશની પર્યાય જીવની પર્યાયને અડતી નથી. સમજાણું કાંઈ? તીખું મોઢું થયું એમ કહે છેને? તીખું મોઢું થયું નથી. તીખી તો તીખાની જે પર્યાય હતી એ થઈ છે. મોઢું જુદી અવસ્થા, તીખાની જુદી અવસ્થા, આત્માની જુદી અવસ્થા. તીખાપણે

પરિણમેલા પરમાણુઓ એના સ્વભાવમાં રહ્યા છે, મોઢાના પરમાણુ એના સ્વભાવમાં રહ્યા છે એટલે મોઢું તીખું થયું છે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ તીખાશ જીવને અડી છે (એ તો ક્યાંય રહી ગયું). આહા..હા..! ભારે ભાઈ ધર્મ આ! એ તીખાશનું હોવાપણું પરમાણુના રસગુણમાં રહેલો પરમાણુ છે અને એ રસગુણના ત્રણ પ્રકાર—ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. એવા પરિણામરૂપી ગુણમાં પરમાણુ રહ્યો છે, એ કાંઈ મોઢામાં રહ્યો નથી. મોઢાના પરમાણુ એના ગુણપર્યાયમાં રહ્યા છે, પરમાં રહ્યા નથી અને પરથી તે તીખું મોઢું થયું નથી. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંપૂર્ણ ઢંઢેરો છે. હા. આહા..હા..!

ભગવાનના જ્ઞાનમાં, એક એક દ્રવ્યના એક સમયમાં ત્રણ અંશો જ્ઞાનમાં આવ્યા. .. સર્વજ્ઞ પરમાત્મા. સમય એક અને ત્રણ અંશ. ભગવાન તારું સર્વજ્ઞપણું એથી સિદ્ધ થાય છે કે નાનામાં નાનો કાળ અને ત્રણ ભાગ. જેના કાળના ભાગ ત્રણ ન પડે, પણ એના ગુણના ત્રણ ભાગ પડ્યા—ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. એને જે જ્ઞાને જાણ્યું એ સર્વજ્ઞ સિવાય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? તો એ સર્વજ્ઞ ભગવાને આ રીતે દ્રવ્યનો સ્વભાવ જોયો છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્રિકાળી હૈ અને ત્રિકાળી અપને પર્યાય કો સ્પર્શતા હૈ. ભૂત, ભવિષ્ય અને વર્તમાન એવા પોતાની સત્તાગુણના પરિણામને પોતે સ્પર્શે છે, પરને તો સ્પર્શતો નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, કર્યા છે કે દિ' પણ?

ભગવાન કહે છે કે તું છ દ્રવ્ય છે એમ માને છો? છ દ્રવ્યને જાણવું, માનવું તો એક સમયની પર્યાયની તાકાત છે. સમજાણું કાંઈ? એક સમયની જ્ઞાનની પર્યાયની તાકાત છ દ્રવ્યને જાણવાની છે. હવે જ્યારે છ દ્રવ્યો તું જાણે છો તો છ દ્રવ્યનું સ્વરૂપ કેવી રીતે હોય છે? કે દરેક દ્રવ્ય પોતાના ગુણમાં રહ્યા છે અને એ ગુણ, ત્રિકાળી પર્યાયમાં એ ગુણ સ્પર્શીને રહેલો છે. એ રીતે દ્રવ્ય રહ્યું છે. એવા અનંતા એ રીતે રહ્યા છે. એ રીતે અનંતાને જાણે ત્યારે છ દ્રવ્યને સાચા જાણ્યા કહેવાય. સમજાણું કાંઈ? આમ તો બોલે છે નહિ ઓલા ૨૫ મિથ્યાત્વમાં? અજીવને જીવ માને તો મિથ્યાત્વ, જીવને અજીવ માને તો મિથ્યાત્વ, સાધુને કુસાધુ માને તો મિથ્યાત્વ. પણ એના અર્થની ખબર ન મળે કાંઈ, ગડિયા હાંકે જાય. સમજાણું કાંઈ?

નહોતું કહ્યું એક ફેરી ઓલા લોગસ્સનું? વિહા રોઈ મળ્યા. વિહુઈ રયમલા. આવે છેને?

અર્થની ખબર ન મળે અને લોગસ્સ વાંચે જાય. લોગસ્સમાં આવે છે કે નહિ? એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા. લ્યો! હજી અર્થની ખબર ન મળે એને ગુણ અને પર્યાયની ખબર ક્યાંથી લાવવી? સમજાણું કાંઈ? ઓલા દશા-વિશાને તકરાર હશે. તો દશાની ડોશી હતી તો એ બોલતી હતી આ. એમાં વિહુયરયમલા આવ્યું. ઓલા કહે કે આ ક્યાંથી? આપણી તકરારનું અહીં ક્યાંથી આવ્યું લોગસ્સમાં? તો કહે જુઓ તો ખરે. તો કહે આ તો વિહુયરયમલા છે. ભગવાને વિશેષે ટાળ્યા છે રજ અને મેલ. એ પણ વ્યવહાર છે. આહા..હા..! ભાષા તો જુઓ! રજ ટાળ્યા એ વ્યવહાર છે કહેવામાં અને મળ ટાળ્યો એ વ્યવહાર છે. ટળી ગયો છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? કારણ કે રજકણોની પર્યાયનો ઉત્પાદ હતો જે પ્રકારે કર્મની પર્યાયનો, એ બીજે સમયે અકર્મની પર્યાય થઈ એ તો પુદ્‌ગલને લઈને, એને લઈને થઈ છે. અને ભગવાને કેવળજ્ઞાન પ્રગટ કર્યું માટે ત્યાં અવસ્થા થઈ છે એમ નથી. કારણ કે એ અવસ્થામાં આ નહોતા. આહા..હા..! ધીરેથી... એય..! એકાંત છે... એકાંત છે... એ ભારે પોકાર. ભગવાન! એકાંત જ છે, તદ્દન જુદું એમ એકાંત છે. પોતે પોતાપણે છે અને પરપણે નથી. એકાંત પોતે પોતાથી છે ત્યારે પરપણે નથી એવો અનેકાંત એમાં સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ?

કહે છે, '**(તે વૃત્તિ અર્થાત્ અસ્તિત્વ) પ્રતિક્ષણે તે તે સ્વભાવે...**' તે તે દ્રવ્યનો, તે તે પરિણામનો ગુણ, તે તે ગુણના પરિણામ ઉત્પાદપણે પરિણમે છે, કાંઈ બીજાપણે પરિણમતો નથી. જેમાં રહ્યો હોય એમાં પરિણમે? કે જેમાં નથી એને એ પરિણમાવે અને પરિણમે? આહા..હા..! ભારે વાત ભાઈ! કહો, '**(આ પ્રમાણે) ત્યારે પ્રથમ તો, દ્રવ્યના સ્વભાવભૂત જ પરિણામ છે;...**' દરેક આત્મા અને દરેક પરિણામીનો એનો સ્વભાવ છે તે તે પરિણામ છે. '**અને તે (ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક પરિણામ), અસ્તિત્વભૂત એવી દ્રવ્યની વૃત્તિસ્વરૂપ હોવાને લીધે,...**' એ હોવાવાળો ગુણ તે દ્રવ્યના હોવાપણાના સ્વરૂપને લીધે '**સત્‌થી અવિશિષ્ટ એવો,...**' સત્‌થી જુદો નહિ એવો. '**દ્રવ્યવિધાયક (-દ્રવ્યને રચનારો) ગુણ જ છે.**' એ ઉત્પાદ-વ્યય અને ધ્રુવરૂપ પરિણામ દ્રવ્યને રચનારો ગુણ જ છે. સમજાણું કાંઈ? ઓલું તો પહેલેથી દીક્ષા લેવી હોયને તો (એમ કહે), સુખી.. શીખવે જાવ. ભગવાને .. જાવ. અને આહાર-પાણીમાં નિર્દોષ કેમ લેવા અને સદોષ કેમ એ શીખવો એ સાધુપણું લ્યો! સહેલું પડે લ્યો, ચીમનભાઈ કહે છે. એ લોકો એમ માને છે, બાપુ! ભાઈ! એને પહેલા શીખવવું જોઈએ કે તું ક્યાં છો? પર ક્યાં છે? અને તું જ્યાં છો ત્યાં તારું પરિણમન ચાલે છે અને બીજા જ્યાં છે ત્યાં તેનું પરિણમન ચાલે છે. તારે લઈને ત્યાં નહિ અને તેને લઈને તારામાં નહિ. સમજાણું કાંઈ?

દ્રવ્ય તે ગુણ જ છે. '**એ રીતે સત્તા ને દ્રવ્યનું ગુણ-ગુણીપણું સિદ્ધ થાય છે.**' લ્યો! (સત્તા)પણાનો જે અસ્તિત્વ નામનો ગુણ છે.... છ ગુણમાં નથી આવતું? છ ગુણમાં

આવતું? છ ગુણમાં આવે છે, સામાન્ય ગુણ. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ આવે છેને. દ્રવ્યત્વ, પ્રદેશત્વ. છ ગુણ આવે છે. છોકરાને શીખવવામાં આવે છે ઓલા સિદ્ધાંત પ્રવેશિકામાં.

એ '**દ્રવ્યનું ગુણ-ગુણીપણું સિદ્ધ થાય છે.**' આ રીતે. પોતાનો હોવાવાળો ગુણ અને આત્મા ગુણી, બેનું ગુણગુણીપણું સિદ્ધ થાય છે. પણ દ્રવ્ય જુદું અને ગુણ જુદો એમ સિદ્ધ થાતું નથી એમ કહે છે. ૧૦૯ થઈ. ૯૯મી ગાથા સાથે એનો સંબંધ કર્યો. ૯૯મી ગાથા જે આવી હતીને. કેમકે તે તે અવસરે તેના પરિણામ થાય. ગયા અવસરના પરિણામ ગયા અને ભવિષ્યના તે તે થાય. આડાઅવળા થાય નહિ. હારને દૃષ્ટાંતે. એમ અહીંયાં ત્રણ કાળ કીધાને. દરેક વસ્તુ એના અસ્તિત્વ ગુણમાં રહેલો અને અસ્તિત્વ ગુણને તેને અહીંયાં સત્‌ને પરિણામ કહ્યો છે અને એ અસ્તિત્વ ગુણ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળો છે. તેથી તેને જે ક્ષણે જે પર્યાય ઉત્પન્ન થાય એ પહેલા ન હોય અને જે ક્ષણે થાય તે પછી ન હોય. પછીનો પર્યાય પછીમાં અને પહેલાનો પર્યાય પહેલામાં. આહા..હા..! આવું સ્વરૂપ છે. ત્યારે ઓલા કહે એ પણ આમાં કાંઈ ફેરવવાનું રાખતા નથી લ્યો! ભાઈ! ફેરવવાની તારી દૃષ્ટિ ફેરવ એ ફેરવવાનું છે, બાકી તો છે એમ છે. આહા..હા..!

'**હવે ગુણ ને ગુણીના અનેકપણાનું ખંડન કરે છે :—**' ગુણ જુદો અને ગુણી જુદું એવું અનેકપણું નથી. સમજાય છે?

**णत्थि गुणो त्ति व कोई पज्जाओ त्तीह वा विणा दव्वं।**
**दव्वत्तं पुण भावो तम्हा दव्वं सयं सत्ता।।११०।।**
**પર્યાય કે ગુણ એવું કોઈ ન દ્રવ્ય વિણ વિશ્વે દીસે;**
**દ્રવ્યત્વ છે વળી ભાવ; તેથી દ્રવ્ય પોતે સત્ત્વ છે. ૧૧૦.**

દેખો! વિશ્વ. વિશ્વ (ક્યાંથી) કાઢ્યું? એ ભાવ છે. દ્રવ્યત્વ એ ભાવ છે એમ કહે છે. ગુણ છેને? તેથી દ્રવ્ય પોતે સત્ત્વ છે.

આહા..હા..! કેટલી કરૂણાથી કેટલું સ્પષ્ટીકરણ છે! આચાર્યોને કુંદકુંદાચાર્યને આવું સ્પષ્ટીકરણ બીજે ક્યાંય આવું હોઈ શકે નહિ. એક એક સમયમાં ત્રણ-ત્રણ પ્રકાર, ઉત્પાદ-વ્યય-ધ્રુવ, તેમાં રહેલું દ્રવ્ય એ એના ભાવમાં ઉત્પાદ-વ્યય કરે. બીજાના ભાવમાં શું કરે? બીજાનો ભાવ પણ એના ભાવમાં રહેલો એ ભાવવાન છે. તો એના ભાવનો ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં રહેલો ભાવ અને ભાવમાં રહેલો ભાવવાન બીજાના ઉત્પાદ-વ્યયને શું કરે? આહા..હા..!

'**ટીકા :— ખરેખર દ્રવ્યથી...**' એટલે વસ્તુથી '**પૃથગ્ભૂત (જુદું) ગુણ એવું કોઈ કે પર્યાય એવું કોઈ પણ ન હોય;...**' વસ્તુથી ગુણ જુદો અને વસ્તુથી પર્યાય જુદી એવું ન હોય. વસ્તુથી બીજી વસ્તુ જુદી હોય. વસ્તુથી તેનો ભાવ, દ્રવ્યનો દ્રવ્યત્વભાવ અને એની પર્યાય. દ્રવ્ય તે વસ્તુ, એનો દ્રવ્યત્વ ભાવ અને તેની પર્યાય, એ દ્રવ્ય વિના

હોય નહિ. પર વિના હોય નહિ એમ નહિ. પર વિના જ હોય. જુઓ! સમજાણું કાંઈ? નિમિત્ત વિના હોય નહિ, નિમિત્ત વિના હોય નહિ એમ કહે છે. અહીં તો કહે છે, દ્રવ્ય, ગુણ પર્યાય વિના હોય નહિ. સમજાણું કાંઈ?

'**દ્રવ્યથી પૃથગ્ભૂત (જુદું) ગુણ એવું કોઈ કે પર્યાય એવું કોઈ પણ ન હોય;- જેમ સુવર્ણથી પૃથગ્ભૂત તેની પીળાશ...**' સોનાથી જુદી તેની પીળાશ-ચીકાશ આદિ '**કે તેનું કુંડળપણું આદિ હોતાં નથી તેમ.**' સોનાથી સોનાપણાનો પીળાશ ગુણ અને કુંડળની અવસ્થા જુદી નથી. '**તેમ હવે તે દ્રવ્યના સ્વરૂપની વૃત્તિભૂત અસ્તિત્વ...**' એ તો ઓલાની સાથે કરી નાખ્યું. '**હવે તે દ્રવ્યના સ્વરૂપની વૃત્તિભૂત અસ્તિત્વ...**' વસ્તુના સ્વરૂપનું હોવાપણારૂપ અસ્તિત્વગુણ '**નામથી કહેવાતું જે દ્રવ્યત્વ...**' દ્રવ્યત્વ એટલે ગુણ. '**અસ્તિત્વ નામથી કહેવાતું જે દ્રવ્યત્વ...**' દ્રવ્ય અને દ્રવ્યત્વ. દ્રવ્ય વસ્તુ અને દ્રવ્યત્વ એનો ગુણ. અસ્તિત્વ એનું દ્રવ્યત્વ છે. સમજાણું કાંઈ? '**તે તેનો ભાવ નામથી કહેવાતો ગુણ જ હોવાથી,...**' તે દ્રવ્યત્વ એ તો ભાવવાન દ્રવ્ય, તેનો એ ભાવ. સ્વભાવવાન દ્રવ્ય તેનો એ ભાવ. તેના ભાવ નામથી કહેવાતો ગુણ જ હોવાથી '**શું તે દ્રવ્યથી પૃથક્પણે વર્તે છે?**' આહા..હા..! કેટલી વાત કરે છે! તેના ગુણથી તે દ્રવ્ય જુદું વર્તે છે? '**નથી જ વર્તતું. તો પછી દ્રવ્ય સ્વયમેવ (પોતે જ) સત્તા હો.**' વસ્તુ પોતે સત્‌રૂપે સત્તા હો. વસ્તુ જ પોતે સત્તાગુણરૂપે છે. સત્તા ગુણ અને ગુણી વસ્તુ પોતે સત્તારૂપ છે. એમ દરેક આત્મા અને પરમાણુ પોતે સત્તારૂપ છે. પરને અને એને કાંઈ સંબંધ છે નહિ. એમ ભેદજ્ઞાન કરે તો પરનું મમત્વ, એકત્વબુદ્ધિ ઊડી જાય અને સ્વમાં એકત્વ થાય.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૧૪, ગુરુવાર, તા. ૦૨.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૧૧, પ્રવચન-૧૧૪**

૧૧૦ ગાથા થઈ. ૧૧૧. '**હવે દ્રવ્યને સત્-ઉત્પાદ અને અસત્-ઉત્પાદ હોવામાં અવિરોધ સિદ્ધ કરે છે :—**' એના ઉપરનું છેને વાક્ય? છે? શેઠી! ક્યાં? બસ, બરાબર છે. આ ગયા. સર્વજ્ઞ પરમેશ્વર જેણે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જોયા પરમેશ્વરે, એમાં અનંત દ્રવ્ય જોયા ભગવાને પ્રત્યક્ષ. એ અનંત દ્રવ્યમાં અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ (જોયા). હવે એ દરેક દ્રવ્યનું સ્વરૂપ

શું છે વાસ્તવિક પોતાથી પોતામાં? પરથી નિરાળું. દરેક દ્રવ્યનું-તત્ત્વનું સ્વરૂપ પરથી અભાવસ્વરૂપ અને પોતાથી ભાવસ્વરૂપ. હવે એ પોતાથી ભાવસ્વરૂપના બે પ્રકાર—એમાં દ્રવ્યસ્વરૂપ અને પર્યાયસ્વરૂપ. ઘણી વાત તો બીજે આવી ગઈ છે. આ તો હવે અત્યારે એ કહે છે કે વસ્તુ જે છે એમાં જે પર્યાય ઉત્પન્ન થાય અવસ્થા એક સમયની, એ વસ્તુ છે એમાંથી થાય છે એ અપેક્ષાએ તે સમયની પર્યાય સદ્ભુત પર્યાય, હયાતી હતી તે થઈ એમ કહેવામાં આવે. અને પર્યાયથી જ્યારે જોઈએ તો પહેલા એ અવસ્થા નહોતી અને નવી થઈ એથી તે અવસ્થાની દૃષ્ટિએ પહેલી નહોતી અને થઈ એ અસત્ ઉત્પાદ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- એક જ ઉત્પાદ અને બે (નામ)?

ઉત્તર :- બે. એવી ચીજ છે કોઈ. લોકોને મળી નથી, સાંભળી નથી લોકોએ. સમજાણું કાંઈ?

એક આત્મા, એવા અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ. હવે એક આત્મા છે એ વસ્તુ છે વસ્તુ. તો કહે છે કે એના જે અનંતગુણ છે એ અન્વય શક્તિઓ છે સાથે રહેનારી. અને સમયે સમયે ભિન્ન-ભિન્ન અવસ્થા થાય, નવી-નવી અવસ્થા એ સમયે સમયે નવી, નવી અવસ્થા થાય તે, એને બે અપેક્ષા લાગુ પડે. એક તો છે માટે થઈ એ દ્રવ્યાર્થિકનયે. વસ્તુ હતી, હયાત હતી એમાંથી થઈ, છે એમાંથી થઈ. એ સદ્ભુત ઉત્પાદ. અને પહેલી અવસ્થા નહોતી, દ્રવ્ય હતું, પર્યાય નહોતી, નવી થઈ એથી તેને પર્યાય અપેક્ષાએ, નહોતી અને થઈ તેને તે જ દ્રવ્યની, તે જ પર્યાયને અસત્ ઉત્પાદ આ અપેક્ષાએ કહેવામાં આવે છે. વસ્તુ આવી છે. એવી વસ્તુની ખબર ન હોય તો એનું જ્ઞાન ખોટું, તેની શ્રદ્ધા ખોટી, એનો માર્ગ ખોટો. આહા..હા..! દુઃખી થાય દુઃખી એમ કહે છે. આહા..હા..! જે રીતે પદાર્થ છે એ રીતે જ્ઞાન ન થાય તો એનું અજ્ઞાન રહે. અજ્ઞાન એટલે દુઃખ, અજ્ઞાન એટલે દુઃખ અને એનું વાસ્તવિક જ્ઞાન થાય એ સુખ. સમજાય છે કાંઈ? એ જરી ઝીણી વાત (છે). એનો ઉપોદ્ઘાત આ કર્યો થોડો.

હવે એ શ્લોક જુઓ. એ દ્રવ્યને સત્ ઉત્પાદ કહ્યોને? અને અસત્ ઉત્પાદ હોવામાં અવિરોધ સિદ્ધ કરે, છતાં બેમાં વિરોધ છે નહિ. ૧૧૧. સોનેરી ગાથા છે આમાં.

**एवंविहं सहावे दव्वं दव्वत्थपज्जयत्थेहिं।**
**सदसब्भावणिबद्धं पादुब्भभावं सदा लभदि।।१११।।**

નીચે હરિગીત.

**આવું દરવ દ્રવ્યાર્થ-પર્યાયાર્થથી નિજભાવમાં;**
**સદ્ભાવ-અણસદ્ભાવયુત ઉત્પાદને પામે સદા. ૧૧૧.**

બધા લાઠીવાળાને બધું એવું લાગશે આજે. અભ્યાસ જ ન મળે. એય..! જયંતિભાઈ! તમારા લાઠીવાળાની છાપ એવી છે. ધંધા આડે નવરાશ ન મળે. એય..! ધીરૂભાઈ! એમાં

આ બધી ગાથા એવી આવી અત્યારે. બરાબર તમારાથી... ક્યાં ગયા ભવાનભાઈ? ત્યાં બેઠા છે. હવે એનો... હજી તો પકડી શકશે નહિ કે શું કહેવાય છે એ વાંધા છે. હવે એનો અન્વયાર્થ થોડો ટૂંકો કરીએ લ્યો જુઓ! છેને અન્વયાર્થ?

**'एवंविधं द्रव्यं' 'આવું (પૂર્વોક્ત) દ્રવ્ય...'** એટલે વસ્તુ. આત્મા, પરમાણુ આદિ જે વસ્તુ છે તે, **'સ્વભાવમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયો વડે...'** પોતાના સ્વભાવથી **'દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયો વડે...'** દ્રવ્યાર્થિક એટલે વસ્તુને સાબિત કરતા જે પર્યાય થાય, છે તેની પર્યાય થાય એ દ્રવ્યાર્થિકનયે અને નહોતી અને થઈ એ પર્યાયાર્થિકનયે **'સદ્‌ભાવસંબદ્ધ...'** દ્રવ્યાર્થિકનયે સદ્‌ભાવસંબંધ **'અને અસદ્‌ભાવસંબદ્ધ...'** પર્યાયાર્થિકનયે **'ઉત્પાદને સદા પામે છે.'** ઓહો..હો..!

મુમુક્ષુ :- એકેય શબ્દ...

ઉત્તર :- એકેય શબ્દ એના ઓલા ચોપડામાં આવ્યો નહિ. સાંભળ્યો ન હોય કોઈ દિ' કાંઈ. ધીમે ધીમેથી સાંભળવું, ધીરજ રાખવી.

સ્વયંભૂરમણસમુદ્રને તણખલા (વડે) પાણી કાઢી નાખવાને જેટલી ધીરજ જોઈએ એથી પણ અહીંયાં વધારે ધીરજ જોઈશે આમાં. સ્વયંભૂરમણસમુદ્ર જે અસંખ્યાત્ યોજનમાં પાણી ભર્યું છે એને... તણખલા સમજો છો? તિનકા. તિનકા નહીં સમજતે? ઘાસ કા ટૂકડા. તિનકા દ્વારા એક પાની કા બિંદુ નિકાલના, દૂસરા નિકાલના, અસંખ્ય યોજનમાં પાણી. એ તિનકા દ્વારા પાણી કા ઉલેચના. ઉલેચના ક્યા કહતે હૈં તમારે? ખાલી કરના. કિતની ધીરજ (ચાહિયે)! એકદમ ખાલી થઈ જાય, એકદમ ખાલી થઈ જાય... એમ ન થાય. સમજાય છે? એમાં ધીરજ જોઈએ, ત્યાં ધીરજ જોઈએ. શેઠી!

મુમુક્ષુ :- સમુદ્ર કા ખાલી કરના હૈ?

ઉત્તર :- હા. સમુદ્ર ખાલી કરવો એમાં શું છે? આ તો દૃષ્ટાંત છેને. કેટલી ધીરજ જોઈએ એને. એક બિંદુ ઉપાડીને બહાર કાઢવું, દૂસરા બિંદુ ઉપાડીને બાહર નિકાલના. અસંખ્ય યોજનમાં પાણી ભરચક ભર્યું. આખો તિરછો લોક છે જેટલો તિરછો લોક આ અસંખ્ય દ્વિપ સમુદ્રનું માપ, એમાંથી જેટલા વચમાં દ્વીપ સમુદ્ર છે એના કરતા સ્વયંભૂરમણ સમુદ્રનું પાણી ત્રણ યોજન અધિક છે. ક્યા કહા? જંબુદ્વીપ એક લાખ યોજન, બે લાખ લવણ સમુદ્ર, ચાર લાખ ધાતકી... એવા એવા અસંખ્ય દ્વીપ સમુદ્ર છે આમ સીધા. અસંખ્ય દ્વીપ અને અસંખ્ય સમુદ્ર છે. એમાં છેલ્લો એક સમુદ્ર સ્વયંભૂરમણ સમુદ્ર છે પાણીથી ભરેલો. એ પાણી કેટલું પહોળું છે આમ? સમજાય છે? કે અંદરના જેટલા દરિયા અને દ્વીપ એનું જે માપ આવે, એનાથી આનું માપ ત્રણ યોજન વધી જાય એટલું માપ છે. ઐસા સ્વયંભૂરમણ સમુદ્ર હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... એ તો અહીં રહી ગયો. અરે..! આ તો ઓલા કીડી જેવું થયું. કીડીથી પથરો એવડો મોટો ઉપડતો હશે પાંચ મણનો? .. તો અહીં રહ્યું નજીક. આ તો એના પછી. લાખ છે પછી બે લાખ, ચાર લાખ, આઠ લાખ, સોળ લાખ, બત્રીસ લાખ, એમ કરતા... કરતા... કરતા... જાય અસંખ્ય યોજન, એનો સમુદ્ર છેલ્લો છે. એ જેટલા દરિયાના દોરીથી માપ કરો, વચલામાં .. એના કરતાં એ સ્વયંભૂરમણ સમુદ્રનું માપ એના કરતાં ત્રણ યોજન વધી જાય એટલું પાણી છે. આ તો બધી સિદ્ધ થઈ ગયેલી વાત છે. આ કાંઈ (કલ્પના નથી). સર્વજ્ઞથી, સર્વજ્ઞ પરમેશ્વરથી ત્રણકાળના જ્ઞાનથી સિદ્ધ થઈ ગયેલી વાત છે. સમજાણું કાંઈ? કહો, પોપટભાઈ! ત્યાં ઉતારો કરે તો ન ચાલે ત્યાં. એમાં ધીરજ જોઈએ, ભાઈ! તત્ત્વ એવું છે અપૂર્વ કોઈ તત્ત્વ! એક એક પદાર્થ અપૂર્વ તત્ત્વ એવી ચીજ છે કે તે સર્વજ્ઞે જોઈ છે, સિદ્ધ છે અને અનુભવમાં આવી શકે એવી છે. પણ એને ધીરજ બહુ જોઈએ. સમજવા માટે એને ધીરજ બહુ જોઈએ. અને બીજા આગ્રહો બધા છોડી દઈ અને આ સત્ય આવું છે એવું સમજવા માટે એને અવકાશ અંદર હોવો જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ?

‘**ટીકા :- આ પ્રમાણે યથોદિત...**’ યથા-ઉદિત. જેવું માથે કહ્યું તેવું ‘**સર્વ પ્રકારે અકલંક લક્ષણવાળું,...**’ ‘**નિર્દોષ. (આ દ્રવ્ય પૂર્વે કહેલા સર્વ પ્રકારે નિર્દોષ લક્ષણવાળું છે.)**’ ‘**અકલંક લક્ષણવાળું, અનાદિનિધન...**’ ભગવાન આત્મા, એમ પરમાણુ એક એક પરમાણુ, અનંત પરમાણુઓ, અનંત આત્માઓ એક એકમાં સત્‌વાળું લક્ષણ અકલંક લક્ષણ છે. છે એ વસ્તુ પોતાથી, પરમાણુ પોતાથી છે, આત્મા પોતાથી છે, અનંત આત્મા પોતાથી છે. એવા ‘**અકલંક લક્ષણાવળું, અનાદિનિધન...**’ અણઆદિ અને અનિધન. આદિ નહિ અને એનો અંત નહિ. અનિધન એટલે મૃત્યુ નહિ. ‘**આ દ્રવ્ય સત્‌-સ્વભાવમાં...**’ પોતાનો આત્મા અને પરમાણુ એ સત્‌-સ્વભાવમાં, છે એવા અસ્તિત્વ ગુણમાં, છે એવા સત્‌ ગુણમાં ‘**ઉત્પાદ પામે છે.**’ અસ્તિત્વ સ્વભાવમાં નવી પર્યાયપણે, નવી અવસ્થાપણે ઉત્પાદ પામે છે. એક સમયમાં આવું દ્રવ્ય સત્‌ લક્ષણવાળું, નિષ્કલંક લક્ષણવાળું, છે એવા લક્ષણવાળું અસ્તિત્વગુણથી નિષ્કલંક છે એ સમય સમયમાં ઉત્પાદને પામે છે. નવી અવસ્થાથી ઊપજે છે દ્રવ્ય. આહા..હા..! સમજાણું કાંઈ?

‘**દ્રવ્યનો તે ઉત્પાદ,...**’ હવે આ આત્મા આપણે દાખલો, એમ બીજા બધા માટે છે. આત્મા છે એમાં અસ્તિત્વ ગુણ છે ત્રિકાળ રહેનારો. એવા સ્વભાવમાં આત્મા સમયે સમયે નવી અવસ્થાને પામે છે. સમયે સમયે જ્ઞાનની પર્યાય, શ્રુતજ્ઞાનની પર્યાય, કેવળજ્ઞાનની પર્યાય એક સમયે જે ઉત્પન્ન છે તે બીજે સમયે નવી થાય છે. સમજાણું કાંઈ? ‘**દ્રવ્યનો તે ઉત્પાદ, દ્રવ્યની અભિધેયતા વખતે...**’ શું કહે છે? એ વસ્તુ તો એ ઉત્પાદની, અવસ્થાની દ્રવ્યની અભિધેયતા વખતે (એટલે) દ્રવ્ય કહેવા માગે ત્યારે-વસ્તુને કહેવા માગે

ત્યારે-વસ્તુના કથનને કહેવાયોગ્યપણા કથનીને કાળે '**અભિધેયતા વખતે સદ્ભાવસંબંદ્ધ જ છે...**' શું કીધું? વસ્તુનો જે પર્યાય ઉત્પન્ન થાય છે એ વસ્તુની દૃષ્ટિએ જોઈએ તો એ પર્યાય છે એથી થયો છે, છે એથી થયો છે. દ્રવ્યાર્થિકનયે, દ્રવ્યદૃષ્ટિએ, કાયમ રહેનારા સત્‌ની અપેક્ષાએ, અવસ્થા થઈ તે 'છે' એમાંથી થઈ છે. સમજાણું કાંઈ? '**સદ્ભાવસંબદ્ધ જ છે...**' સત્‌ભાવસંબંધ છે.

'**અને પર્યાયની અભિધેયતા વખતે...**' જ્યારે અવસ્થા થઈ, પહેલી નહોતી એવી અવસ્થાના લક્ષે વાત કરીએ, એ અવસ્થાની દૃષ્ટિએ જો એને કહીએ તો '**અસદ્ભાવ સંબદ્ધ જ છે.**' તો તે પર્યાય પહેલી નહોતી અને નવી થઈ, અસદ્ભાવસંબંધ, પર્યાયને લક્ષે અસદ્ભાવસંબંધ કહેવામાં આવે છે. '**તે સ્પષ્ટ સમજાવવામાં આવે છે.**' કહો, સમજાણું કાંઈ? વાત તો આ કહેવી છે એ સમજાવશે હવે. આ કહેવી છે ઈ. અહીં તો એ કહેવું છે કે જે આત્મા છે સત્ ત્રિકાળ એની અવસ્થા નવી પર્યાય થાય છે, પર્યાય. જ્ઞાનની થઈ, શ્રદ્ધાની થઈ, શાંતિની થઈ એ અવસ્થા. એ વસ્તુદૃષ્ટિથી જો કહીએ તો હયાતીવાળું દ્રવ્ય છે તે થઈ છે, છે તે થઈ છે, છે તે ઉત્પાદપણે થયું છે. અને પૂર્વે એ અવસ્થા નહોતી, એ પહેલા એ અવસ્થા નહોતી, એ પહેલા એ પર્યાય નહોતી, એ પર્યાય નહોતી એ પર્યાયની અપેક્ષાએ અસત્ ઉત્પાદ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેમ આત્મામાં .. છે એમાંથી થયેલી પર્યાય છે. સમજાણું કાંઈ? (અપૂર્ણ પ્રવચન...)

**પોષ સુદ ૧૫, શુક્રવાર, તા. ૦૩.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૧૧, પ્રવચન-૧૧૫**

ફરીને શ્લોકથી જ લઈએ. ૧૧૧.

एवंविहं सहावे दव्वं दव्वत्थपज्जयत्थेहिं।
सदसब्भावणिबद्धं पादुब्भभावं सदा लभदि।।१११।।

આવું દરવ દ્રવ્યાર્થ-પર્યાયાર્થથી નિજભાવમાં;
સદ્ભાવ-અણસદ્ભાવયુત ઉત્પાદને પામે સદા. ૧૧૧.

'**હવે દ્રવ્યને સત્-ઉત્પાદ અને અસત્-ઉત્પાદ હોવામાં અવિરોધ સિદ્ધ કરે છે :—**' એનો અન્વયાર્થ. લેવું ત્યારે પછી બધું લેવુંને ફરીને.

'**અન્વયાર્થ :— આવું (પૂર્વોક્ત) દ્રવ્ય...**' એટલે કોઈપણ આત્મા અને કોઈપણ

પરમાણુ દ્રવ્ય. '**સ્વભાવમાં...**' અસ્તિ સ્વભાવમાં એમ. એના અસ્તિ સ્વભાવમાં, છે સ્વભાવમાં '**દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયો વડે સદ્‌ભાવસંબદ્ધ...**' સદ્‌ભાવસંબદ્ધ, સત્‌ભાવનો સંબંધ, સત્‌ભાવનો નિબદ્ધ, સત્‌ભાવનો નિબદ્ધ, દ્રવ્યની સાથે સત્‌ભાવનો નિબદ્ધ અને દ્રવ્યની સાથે અસત્‌ભાવનો સંબંધ, અસત્‌ભાવનો નિબદ્ધ '**ઉત્પાદને સદા પામે છે.**'

'**ટીકા :- આ પ્રમાણે યથોદિત સર્વ પ્રકારે અકલંક લક્ષણવાળું, અનાદિનિધન આ દ્રવ્ય સત્-સ્વભાવમાં (અસ્તિત્વસ્વભાવમાં) ઉત્પાદ પામે છે.**' 'છે' એવા સ્વભાવમાં ઉત્પાદને પામે છે. વસ્તુ 'છે' એવા સ્વભાવમાં ઉત્પાદને પામે છે. એક શબ્દ આ. હવે એ '**દ્રવ્યનો તે ઉત્પાદ, દ્રવ્યની અભિધેયતા વખતે...**' વસ્તુમાં જે પર્યાય ઉત્પન્ન થાય. દ્રવ્યનો ઉત્પાદ. દ્રવ્યનો ઉત્પાદ એટલે? કાંઈ દ્રવ્યનો ઉત્પાદ (એટલે) દ્રવ્ય ઊપજતું નથી. શબ્દ તો એ છે—દ્રવ્યનો ઉત્પાદ.

મુમુક્ષુ :- દ્રવ્ય તે.

ઉત્તર :- હા, પણ તે એટલે દ્રવ્યનો તે ઉત્પાદ. તે એટલે દ્રવ્યનો તે ઉત્પાદ એટલે દ્રવ્ય કાંઈ ઉત્પન્ન થતું નથી. દ્રવ્યનો તે ઉત્પાદ પર્યાય. દ્રવ્ય જ્યારે કહીએ, એ ખ્યાલમાં લઈએ ત્યારે સદ્‌ભાવ સંબંધ જ છે. એટલે કે એ પર્યાય થાય છે એ સદ્‌ભાવ સંબંધ છે. દ્રવ્યથી થયેલી છે. છે તે છે. છેથી થયેલી છે, છેથી થયેલી છે, છે તે છે. એઈ..!

મુમુક્ષુ :- દ્રવ્ય તો કહેવાયને, એમાં નવું શું?

ઉત્તર :- પર્યાય. છે દ્રવ્યમાં, દ્રવ્યમાં છે, દ્રવ્ય છે તે છે. એમ. ખરેખર દ્રવ્ય છે તો પર્યાય છે. છે-છે એમ. પર્યાય નથી અને છે (-થઈ) એ તો નથી અને છે થયું. પર્યાયની અપેક્ષાએ તો નથી અને છે. આ છે ને છે. શેઠી! એ તો એમ નહિ માને. છે સદ્‌ભાવ. પર્યાયનો ઉત્પાદ, છે એનો ઉત્પાદ, છે એનો ઉત્પાદ. ઉત્પાદ તો પર્યાયનો છે. છે એ કાંઈ દ્રવ્ય ઉત્પન્ન થાય છે? પણ ખરેખર તો દ્રવ્યમાં એ બધી શક્તિઓ પડી છે ઈ છે તે ઉત્પન્ન થાય છે. એ દ્રવ્ય એનું એ રહે છે એમ કહે છે. છે એ દ્રવ્ય દ્રવ્યમાં સળંગ દ્રવ્ય રહે છે. છે તે ઉત્પન્ન થાય છે. અને પર્યાયની એવા ટાણે અસદ્‌ભાવ સંબંધ. નથી તે ભાવનો સંબંધ. ઓલામાં શબ્દ એવો છેને? સદ્‌ભાવસંબંધ. છે તે ભાવનો સંબંધ. છે તે ભાવનો સંબંધ. આપણે અર્થ એમ કર્યો છે અંદર કે છે તે ભાવ સાથે સંબંધ. એમ છેને? ક્યાં આવ્યું? સદ્‌ભાવ નથી આવ્યું? ઓલી કોર આવ્યું. સંબંધવાળો એમ. '**હયાતી સાથે સંબંધવાળો, સંકળાયેલો. દ્રવ્યની વિવક્ષા વખતે અન્વય શક્તિઓને,** ઓલા ગુણો જે કાયમ છે તેને **મુખ્ય કરીને વ્યતિરેક વ્યક્તિઓને ગૌણ કરાતી હોવાથી દ્રવ્યને સદ્‌ભાવ સંબંધ ઉત્પાદ છે.**' છે તેનો ઉત્પાદ છે, છે તેનો ઉત્પાદ છે. દ્રવ્ય છે તેનો ઉત્પાદ એટલે પર્યાયપણે, દ્રવ્ય છે તે ઉત્પન્ન થાય છે, પર્યાયમાં ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? અને પર્યાયની અપેક્ષાએ નથી તેવા ભાવનો સંબંધ થાય છે. દ્રવ્યની અપેક્ષાએ છે

તેના ભાવનો સંબંધ થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આત્મા છે, છે, તો એમાં અનંતી પર્યાયો છે. તો છે તે ઉત્પન્ન થાય છે, છતી છે તેમાંથી ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :- છતી છે તે ઉત્પન્ન થાય છે અને છતી છે તો પરમાં ઉત્પન્ન થાય છે.

ઉત્તર :- એ છતી છે તે ઉત્પન્ન થાય છે. તેમાં ઉત્પન્ન થાય છે અને એનાથી ઉત્પન્ન થાય છે બધું એક જ છે અહીં તો. છે તે ભાવનો સંબંધ થાય છે. છે તો એમાં. દ્રવ્ય. તેનો સંબંધ થાય છે. એમ નિબદ્ધ છેને અહીંયાં? દ્રવ્યનો છે ભાવ તેનો સંબંધ થાય છે. એટલે ઉત્પાદ તરીકે તેનો સંબંધ થાય છે. પ્રગટપણે નહોતી, વસ્તુપણે છે, વસ્તુપણે છે વસ્તુ. એમાંથી છે એમાંથી પ્રગટ થાય અને સંબંધ થાય છે. સ્વભાવ સાથે તેનો સંબંધ થાય છે, દ્રવ્ય સાથે તેનો સંબંધ થાય છે. આવું વ્યાખ્યાન કોણ સાંભળે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સ્વભાવ પોતે એ રૂપે થયો છે એમ કહે છે. છતું છે તે થયું છે. નહોતું તે થયું એ પર્યાયમાં આવે. છે તે થયું એ દ્રવ્યમાં આવે એમ કહે છે. ઝીણું છે. સમજાણું કાંઈ? દ્રવ્યના કહેવા અને જાણવા કાળે સદ્‌ભાવ સંબંધ છે. છે ભાવનો સંબંધ છે, છે ભાવનો સંબંધ છે. એટલે કે અંદર છે તે ભાવ પ્રગટ થાય છે તેનો સંબંધ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

પર્યાયના કહેવા ટાણે તે પર્યાયનો અસદ્‌ભાવ (સંબંધ છે). નહોતા તે ભાવનો સંબંધ થાય છે. જુઓ! એ બેય પર્યાયને ભાવ શબ્દ વાપર્યો છે અહીં. ભાઈ! પર્યાયને 'ભાવ' શબ્દ વાપર્યો છે. પર્યાયને 'ભાવ' શબ્દ વાપર્યો છે. સદ્‌ભાવ સંબંધં. નિબંધં. સદ્‌ભાવ સંબંધં. નહોતો ને ભાવનો સંબંધ, છે ને ભાવનો સંબંધ. ધીમેથી સમજવું, આ તો ભાઈ એવી છે અંદરની. પરની સાથે કાંઈ સંબંધ નથી, પણ પોતામાં જે થાય છે તે સદ્‌ભાવ છે તે થાય છે. સદ્‌ભાવ છે તે થાય છે, છે તે થાય છે, અસ્તિ તે થાય છે. દ્રવ્ય અસ્તિ સ્વભાવમાં રહેલું છે અસ્તિ એમાંથી થાય છે, એમાંથી થાય છે. થાય છે પર્યાય. કાંઈ દ્રવ્ય થાતું નથી. સમજાણું કાંઈ? આમ સીધો અર્થ તો એવો લેશે કે દ્રવ્ય છે તે છે બધી પર્યાયમાં. અને પર્યાય નહોતી ને થઈ એ રીતે. મનુષ્ય તે જીવ, દેવ એ જીવ. એ જીવ તો ત્યાં ને ત્યાં એનો એ છે. દૃષ્ટાંત આપ્યો, એ તો દૃષ્ટાંત આપ્યો. ઉદાહરણ તરીકે એમ કહ્યું છેને? સંસ્કૃત ટીકામાં એમ લખ્યું છે. ઉદાહરણ તરીકે, પણ એ ઉદાહરણ એ વિકારનો આપ્યોને. બધાને વિકારપણું અહીં લાગુ પડે છે ખરેખર તો. દ્રવ્યમાં જે વિકારની ઉત્પત્તિ પણ છે તે ઉત્પન્ન થાય છે. નથી તે ઉત્પન્ન થાય છે પર્યાયની અપેક્ષાએ, નહોતું તે ભાવનો સંબંધ થાય છે. અસદ્‌ભાવ અસત્‌ભાવ સંબંધં, સત્‌ભાવ સંબંધ. સત્‌ભાવ નિબંધં, અસત્‌ભાવ નિબંધં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પાઠ છે ઈ. પાઠ નિબદ્ધ છે. બેય ઠેકાણે બતાવ્યું નહિ અમૃતચંદ્રાચાર્યનું? મૂળ ગાથા. નિબદ્ધ. નિ-બદ્ધ. 'નિ' ઉપસર્ગ છેને ભાઈ? નિ-બદ્ધ. એમ એકલો બંધ નથી કીધો. સદ્‌ભાવ નિબંધ. વિશેષપણે બંધ છે. પર્યાય છેને, પર્યાય કહેવી છેને અહીંયાં? નિબદ્ધ. વસ્તુ છે તે નિબદ્ધ, પર્યાયપણે ઉત્પન્ન થાય છે એ દ્રવ્ય સાથે, દ્રવ્ય છે તે નિબદ્ધ. તેનો પર્યાય તેની સાથે સંબંધ રાખે છે. દ્રવ્ય સાથે સંબંધ રાખે છે. છે તે ઉત્પન્ન થાય છે. અભ્યાસ જોશે આમાં. એમ ઉપરથી નહિ ચાલે એવું હવે. કહો, સમજાણું?

ઓહો..હો..! વસ્તુ વસ્તુમાં તો અનંત શક્તિઓ, અનંત પર્યાયોનું સ્વરૂપ શક્તિરૂપે પડ્યું છે. જેટલી પર્યાયો છે ત્રિકાળ એ બધાનો સમુદાય તે ગુણ છે અને અનંતગુણનો સમુદાય તે દ્રવ્ય છે. વસ્તુ છે એમાં અન્વય શક્તિ લીધી છેને સાથે? પર્યાય છે તે અન્વય શક્તિને પામે છે. સમજાણું કાંઈ? અન્વય શક્તિઓ પર્યાયને પામે છે. એ કહે છેને આ પહેલામાં? અન્વય શક્તિઓ પર્યાયને પામે છે. દ્રવ્યની અન્વય શક્તિઓ, વસ્તુ જે છે જેમ આત્મા, એનો જ્ઞાન-દર્શન જે અન્વય સાથે રહેનારી શક્તિઓ તે પર્યાયને પામે છે. સમજાણું કાંઈ? આ પહેલા બોલમાં ભાઈ! ઈ આવશે. એ સ્પષ્ટ સમજાવ્યું જુઓ!

'**જ્યારે દ્રવ્ય જ કહેવામાં આવે છે**—' વસ્તુ. '**પર્યાયો નહિ, ત્યારે ઉત્પત્તિવિનાશ રહિત,...**' કારણ કે દ્રવ્ય કહેવું છેને, અન્વય, અન્વય. '**ઉત્પત્તિવિનાશ રહિત,...**' કોણ? અન્વય શક્તિઓ. આત્મામાં જ્ઞાન-દર્શન-આનંદ જે છે એ ઉત્પત્તિવિનાશ રહિત છે. અન્વયશક્તિ. '**યુગપદ્ પ્રવર્તતી,...**' છે. એકસાથે રહેનારી શક્તિઓ છે. '**દ્રવ્યની નિપજાવનારી...**' છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર શક્તિઓ તે દ્રવ્ય સ્વરૂપે છે. દ્રવ્યને નિપજાવનારી એટલે દ્રવ્ય સ્વરૂપે છે. '**અન્વયશક્તિઓ વડે,...**' એવી અન્વય શક્તિ વડે '**ઉત્પત્તિવિનાશલક્ષણવાળી,...**' દ્રવ્ય જે છે તે અન્વય શક્તિ વડે, વસ્તુ જે છે એ અન્વય શક્તિ વડે, વસ્તુ જે છે તે ગુણો દ્વારા, ગુણ વડે. '**ઉત્પત્તિવિનાશલક્ષણવાળી,...**' હવે પર્યાય. એ પર્યાય. આના વડે પણ એમ. વસ્તુ છે તે અન્વય ગુણશક્તિ વડે ઉત્પત્તિવિનાશલક્ષણવાળી પર્યાયો '**ક્રમે પ્રવર્તતી,...**' '**ક્રમે પ્રવર્તતી, પર્યાયો...**' દેખો! ક્રમે થતી પર્યાયો. '**પર્યાયોની નિપજાવનારી તે તે વ્યતિરેકવ્યક્તિઓને...**' ભિન્ન-ભિન્ન અવસ્થા પર્યાયને નિપજાવનારી. એ '**વ્યતિરેકવ્યક્તિઓને પામતા દ્રવ્યને...**' કોના વડે? એ દ્રવ્યની નિપજાવનારી અન્વય શક્તિઓ વડે. ત્યાં વજન છે. એ વખતે, તેથી '**વ્યતિરેક વ્યક્તિઓને પામતા દ્રવ્યને...**' ભિન્ન-ભિન્ન અવસ્થા પામતા એવા દ્રવ્યને '**સદ્‌ભાવસંબદ્ધ જ ઉત્પાદ છે;...**' લ્યો! સમજાણું કાંઈ? સદ્‌ભાવ નિબદ્ધ, સદ્‌ભાવ નિબદ્ધ. સદ્‌ભાવ નિબદ્ધ બધે ઠેકાણે છે. સદ્‌ભાવ સંબંધ જ ઉત્પાદ છે. સદ્‌ભાવ નિબદ્ધ જ ઉત્પાદ છે. એ તો નિબદ્ધનો અર્થ સંબંધ (કહીને) ચોખ્ખો કર્યો છે. જરીક નિબદ્ધ અને સંબંધ. નિબદ્ધ—'નિ' ઉપસર્ગ છે અને એના સહિત બદ્ધ છે. અને સંબદ્ધમાં એમ

'સં' ઉપસર્ગ છે. 'સં' ઉપસર્ગ, અન્ય પ્રકારે બદ્ધ છે. નિ-વિશેષપણે ખાસ બદ્ધ છે. કહો, સમજાણું કાંઈ? સમજાય એમ પકડો સમજાય એમ ધ્યાન રાખીને. આ તો ભાઈ... આહા..હા..! હવે હા પાડી બધાયે.

મુમુક્ષુ :- કાંઈ સમજાય છે?

ઉત્તર :- એ કહેતા હતા એક જણ હોં! કે ઓલા મહારાજ ક્યારે આવશે? કાંઈ સમજાય છે? અમદાવાદના ઘણા માણસો (કહે), એ મહારાજ કે દિ' આવશે? નામ અમે ભૂલી ગયા છીએ. અરે..! બાપુ! સમજાય એવી વસ્તુ જ છે, સાંભળ! આહા..હા..!

'**સદ્‌ભાવસંબદ્ધ જ ઉત્પાદ છે;...**' '**सद्भावनिबद्ध एव**' એમ છેને? '**एव**' એટલે 'જ'. એનો અર્થ થયો. સમજાણું? દાખલો આપે છે. '**સુવર્ણની જેમ. તે આ પ્રમાણે : જ્યારે સુવર્ણ જ કહેવામાં આવે છે—**' સોનું-સોનું. '**બાજુબંધ વગેરે પર્યાય નહિ,...**' કુંડળ, કડા આદિ અવસ્થાનું સ્વરૂપ કહેવાનું નથી. સોનું કહેવામાં આવે છે '**ત્યારે સુવર્ણ જેટલું ટકનારી,...**' હવે એની શક્તિઓ. સુવર્ણ જ્યારે કહેવામાં આવે તો સુવર્ણ જેટલું ટકનારી, ઓલું દ્રવ્ય જેટલું ટકનારી. સમજાણું કાંઈ? '**જ્યારે સુવર્ણ જ કહેવામાં આવે છે—બાજુબંધ વગેરે પર્યાય નહિ, ત્યારે સુવર્ણ જેટલું ટકનારી,...**' એમ છેને? આ ટકનારી એમાં ન આવ્યું. ઉત્પત્તિ વિનાશ સહિત, યુગપદ્ પ્રવર્તતી, દ્રવ્યની નિપજાવનારી. પહેલામાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બરાબર છે. મારે તો બીજું કહેવું છે કે આમાં જે કીધુંને કે સુવર્ણ જેટલું.. યુગપદ્ પ્રવર્તતી સુવર્ણની.. '**ત્યારે સુવર્ણ જેટલું ટકનારી,...**' સુવર્ણ જેટલું ટકનારી. એ પહેલું કોની સાથે લાગુ પડ્યું? એમ. બસ એટલું. ... આશ્રયે. પહેલાની સાથે મળવું જોઈએને એની સાથે? ઓલામાં આવ્યુંને, જ્યારે દ્રવ્ય કહેવામાં આવે છે, પર્યાયો નહિ, ત્યારે ઉત્પત્તિ વિનાશરહિત, એમ. ઠીક એટલું લીધું છે. ત્યાં એમ લીધું ઉત્પાદ-વિનાશરહિત એ શબ્દ વાપર્યો છે. '**प्रभवावसानवर्जिता**' એમ છે. '**प्रभवावसानवर्जिता**'—ઉત્પત્તિ અને નાશમાં વર્જિત એટલો શબ્દ છે. અને સોનામાં એ પણ એ છે. '**प्रभवावसानलाञ्छनाः क्रमप्रवृत्ताः पर्यायनिष्पादिका व्यतिरेकव्यक्तीस्तास्ताः संक्रामतो द्रव्यस्य सद्भावनिबद्ध एव प्रादुर्भावः हेमवत्। तथा– यदा हमैवाभिधीयते नाङ्गदादयः पर्यायास्तदा हेमसमानजीविता...**' એ શબ્દ વાપર્યો છે. એમ વાપર્યો છે. '**हेमसमानजीवित**' એમ. ઓલામાં ઉત્પાદવિનાશરહિત એટલું. એની સાથે મળવું જોઈએને પાછું.

'**જ્યારે સુવર્ણ જ કહેવામાં આવે છે—બાજુબંધ વગેરે પર્યાયો નહિ, ત્યારે સુવર્ણ જેટલું ટકનારી,...**' કોણ? સોનાની શક્તિઓ. '**યુગપદ્ પ્રવર્તતી,...**' પીળાશ, ચીકાશ વગેરે. '**સુવર્ણની નિપજાવનારી...**' સોનાને સિદ્ધ કરનારી. '**અન્વયશક્તિઓ વડે,...**'

એટલું. અન્વય શક્તિ વડે. સોનામાં પીળાશ, ચીકાશ એ અન્વય શક્તિઓ વડે **'બાજુબંધ વગેરે પર્યાયો જેટલું ટકનારી,...'** પર્યાય. **'ક્રમે પ્રવર્તતી,...'** ક્રમે ક્રમે અવસ્થા થતી **'બાજુબંધ વગેરે પર્યાયની નિપજાવનારી તે તે વ્યતિરેક વ્યક્તિઓને પામતા સુવર્ણને સદ્ભાવસંબદ્ધ જ ઉત્પાદ છે.'** તે તે સોનામાં તે તે શક્તિઓ વડે ક્રમે-ક્રમે થતી પર્યાયો તેના સ્વભાવ, તેની સાથે સુવર્ણને તે વ્યક્તિથી પામતા, વ્યતિરેક અવસ્થાઓને પામતા સુવર્ણને સદ્ભાવસંબદ્ધ જ ઉત્પાદ છે, સત્ભાવસંબદ્ધ ઉત્પાદ છે. જે ભાવ છે તેનો પર્યાયનો ઉત્પાદ છે. આ તમે શીખ્યા હશો કે નહિ વ્યાકરણને? નહિ. હિંમતભાઈ જેટલું નહિ એમને? કહો, આપણને કાંઈ સંસ્કૃત આવડતું નથી. આપણે તો આ શબ્દોમાંથી કાઢીએ એમાંથી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

એમ આ ભગવાન આત્મા વસ્તુ જે છે એની શક્તિઓ જ્ઞાન, દર્શન, આનંદ છે તે વડે ક્રમે પ્રવર્તતી જે શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન આદિ અવસ્થાઓ સમકિત, ક્ષાયિક, ક્ષયોપશમ, ક્ષાયિક સમકિત વગેરે અવસ્થાઓ તેને અન્વય શક્તિ વડે પર્યાય પામે, તે સદ્ભાવ સંબંધ દ્રવ્યનો કહેવામાં આવે છે. તે દ્રવ્યના ઉત્પાદને સદ્ભાવ સંબંધ કહેવામાં આવે છે. ..ભાઈ! .. ઝટ ઝટ સમજાય. આ જરી વાર લાગે એવું છે. આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે દ્રવ્યનું વસ્તુનું સ્વરૂપ કહ્યું છે તે કેવું છે તે વર્ણવાય છે અને તે પોતામાં અને પોતાથી બધું આ છે. નવી પર્યાય થાય, તો કહે છે કે એ પોતાથી થઈ એટલે સદ્ભાવ સંબંધ કહેવામાં આવ્યો અને પર્યાય નહોતી અને થઈ માટે અસદ્ભાવ સંબંધ કહેવામાં આવ્યો. આહા..હા..! જુઓ તો કેવી શૈલી છે! સમજાણું કાંઈ? આ અધિકાર તો બહુ સૂક્ષ્મ ઝીણો છે. આ અધિકાર જ્ઞેય અધિકાર જૈનદર્શનનું રહસ્ય, વસ્તુના સ્વભાવનું રહસ્ય (છે). ઓહો..હો..! સત્‌ની સત્તા કેવી છે? વસ્તુ કેવી છે? કહો, સમજાણું? એ દ્રવ્યની વ્યાખ્યા કરી.

એટલે દ્રવ્ય જે છે એની અન્વય શક્તિઓ એટલે કાયમ રહેનારા ગુણો વડે ક્રમે પ્રવર્તતી પર્યાયને પામતા, તે પર્યાયને દ્રવ્યની સાથે સદ્ભાવ સંબંધ ઉત્પાદ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? દ્રવ્યાર્થિકનય છેને શબ્દ પાઠમાં? દ્રવ્યાર્થિક ... શબ્દ. થયું છે તે છે તે થયું છે, ક્યાંયથી નહોતું ને થાય એમ છે નહિ. એમ કહે છે.

મુમુક્ષુ :- બહારથી થયું...

ઉત્તર :- બહારથી થયું નથી. છે તે થયું છે, છે તે થયું છે. નવું લાગે આ પર્યાયનું. એમ બતાવે છે કે નવી પર્યાય લાગે તો એ શું છે? કે છે તે થયું છે એમ છે. વસ્તુની અપેક્ષાએ. આ થયું શું ત્યારે? નવી દશા થઈ, એમ કહે છે. કોઈપણ ક્ષણની નવી દશા થઈ એ શું છે? કે છે તે થઈ છે વસ્તુની દૃષ્ટિએ. પર્યાયની દૃષ્ટિએ નહોતું તે થયાનો સંબંધ થયો છે. આહા..હા..! વસ્તુસ્થિતિ જ એમ છેને. સમજાય છે કાંઈ?

જેમ આત્મામાં સમ્યગ્દર્શનની પર્યાય થઈ દ્રવ્યના લક્ષે. દ્રવ્યની શક્તિઓ વડે ક્રમે પામતી

સમ્યક્‌ની પર્યાય વ્યતિરેક, એને પામતું દ્રવ્ય સદ્‌ભાવ નિબદ્ધ પર્યાય ઉત્પત્તિ તેને કહેવામાં આવે છે. દ્રવ્યને લક્ષે જે સમ્યગ્દર્શનની પર્યાય થઈ એ દ્રવ્યના અન્વય શક્તિ જે અંદર શ્રદ્ધા-ગુણ આદિ પડ્યો છે એ ગુણ દ્વારા એ પર્યાય થઈ અને એ અન્વય શક્તિને તે પર્યાય પામે છે. જુદી ... નથી. એ શ્રદ્ધા-ગુણની સાથે સમ્યક્ પર્યાયનો સંબંધ છે, અન્વય શક્તિ સાથે સંબંધ રાખે છે, પરની સાથે સંબંધ રાખતો નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? કેટલાક કહેને, ભાઈ આપણને તો દેવ-ગુરુ-ધર્મ આપી દેશે. એની ભક્તિ કરો. આ રહ્યા આપણે નવનીતભાઈ. કહો, એય..! શેઠી! હજી બે-ચાર વાર કહો તો સમજવામાં બહુ આવી જાય સ્પષ્ટ એમ કહે છે. એટલેથી પતાવતા નહિ એમ કહે છે.

કહ્યુંને. વસ્તુ છે આત્મા એ વસ્તુ, એ દ્રવ્ય. એમાં ગુણો જ્ઞાન-દર્શન-ચારિત્ર-આનંદના એ સાથે રહેલા છેને. એકસાથે ગુણો રહ્યા છેને? કે એક પછી છે? ગુણો તો એકસાથે રહ્યા છે. ગુણો એકસાથે રહ્યા છે હોં! દ્રવ્યની સાથે એમ નહિ યુગપદ્. ગુણો એકસાથે રહ્યા છે એમ લેવું છે. દ્રવ્યની સાથે નહિ. ભાષા જુઓને શું છે જુઓને. '**ઉત્પત્તિવિનાશ રહિત, યુગપદ્ પ્રવર્તતી,...**' અન્વય શક્તિઓ છે. શું કીધું એમાં? કે વસ્તુ જે આત્મા છે એમાં જ્ઞાન દર્શન આદિ બધી શક્તિઓ યુગપદ્ એકસાથે પ્રવર્તે છે. આત્મા સાથે રહે છે એમ નહિ. સમજાણું કાંઈ? આત્મા છે એ વસ્તુ અને એમાં જે જ્ઞાન-દર્શન આદિ અન્વય શક્તિઓ, એ શક્તિ યુગપદ્ એકસાથે રહે છે, ગુણો એકસાથે રહે છે. અન્વય શક્તિ એકસાથે અનંત રહે છે. એવા શક્તિ દ્વારા, દેખો! એ શક્તિ દ્વારા નવી ઊપજી અવસ્થા સમ્યગ્દર્શનની ધર્મની એ કેવી છે? કે ઉત્પન્ન વિનાશવાવાળી છે. નવી ઉત્પન્ન થઈ, જૂનીનો નાશ થાય છે. ક્રમે પ્રવર્તતી છે. એ પર્યાય ક્રમે થાય છે. ઓલી શક્તિઓ યુગપદ્ હતી. શું કીધું? દ્રવ્યની ગુણો અને શક્તિઓ એકસાથે હતી અને પર્યાયો એકસાથે ન હોય, ક્રમે પ્રવર્તતી (હોય). એક વાત.

'**પર્યાયોને નિપજાવનારી...**' એ પર્યાય પર્યાયને સિદ્ધ કરે છે. પર્યાય કાંઈ ગુણને સિદ્ધ કરતી નથી. '**તે તે વ્યતિરેકવ્યક્તિઓ...**' નામ ભિન્ન પ્રગટતાઓ. વ્યક્તિ શબ્દ છેને? તે તે ભિન્ન પ્રગટતાઓ. જુઓ! વ્યક્તિ પ્રગટ થઈ છે. છેને નીચે? '**ભેદરૂપ પ્રગટતાઓ. (વ્યતિરેકવ્યક્તિઓ ઉત્પત્તિવિનાશ પામે છે, ક્રમે પ્રવર્તે છે અને પર્યાયોને નિપજાવે છે.**' શ્રુતજ્ઞાનનો દાખલો આપ્યો છે. '**શ્રુતજ્ઞાન,...**' પછી કેવળજ્ઞાન. શ્રુતજ્ઞાનની સાથે કેવળજ્ઞાન હોય? શ્રુતજ્ઞાનની સાથે કેવળજ્ઞાન હોય? અને જ્ઞાન ને દર્શન ને આનંદ બધા સાથે હોય. આત્મામાં ગુણો જ્ઞાન, દર્શન સાથે હોય, પણ શ્રુતજ્ઞાનની પર્યાય અને કેવળજ્ઞાનની પર્યાય સાથે ન હોય. કારણ કે એ પર્યાય ક્રમે પ્રવર્તતી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પર્યાય ભિન્ન ભિન્ન છે.

ઉત્તર :- ભિન્ન ભિન્ન છેને અવસ્થા? વ્યતિરેક પ્રગટતાઓ, ભિન્ન-ભિન્ન પ્રગટ થયેલી અવસ્થાઓ. પામતા દ્રવ્યને, એવા પામતા પદાર્થને સદ્‌ભાવસંબદ્ધ જ ઉત્પાદ છે. તે દ્રવ્યનો

સદ્ભાવ નિબદ્ધ છે-છતા ભાવનો સંબંધ છે, છે તેની પ્રગટતા થઈને એનો સંબંધ છે. તગડી-બગડીમાં કાંઈ મળે એવું છે ત્યાં? એની પ્રસિદ્ધિ.. બગડીના છેને એ? એ નિબદ્ધ અને સંબંધ એક જ છે. નિબદ્ધ. નિ-વિશેષે બદ્ધ. સંબંધ એમ. દ્રવ્ય સાથે પર્યાયનો સંબંધ. દ્રવ્ય સાથે, અન્વય શક્તિ સાથે એનો સંબંધ. સમજાણું કાંઈ? ઓહો..હો..! મુનિઓએ જંગલમાં રહીને સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગે કહેલા ભાવને કેવી રીતે ન્યાયથી સિદ્ધ કરીને (સમજાવ્યું છે). સમજાણું કાંઈ?

કોઈ એમ કહે કે અમારો જે ધર્મ છે પર્યાયધર્મ એ બહારથી આવે છે, કોઈથી મળે છે. એમ નથી એમ કહે છે. એ ધર્મની યોગ્યતાની શક્તિઓ અંદર પડી છે. એ શક્તિઓ વડે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શક્તિ, ધર્મ સ્વભાવ છેને એ? એ વડે પ્રગટ અવસ્થાઓ તે દ્રવ્યની સાથે સંબંધ ધરાવનારો સદ્ભાવ ઉત્પાદ પર્યાય કહેવામાં આવે છે. ભારે ઝીણું ભાઈ! ઓલા તો કહે બસ, ઈશ્વર છે, કર્તા માનો, ભક્તિ કરો. ઓલો કહે ગુરુને માનો, ભક્તિ કરો. ભગવાન કહે છે, એમ ક્યાંય નથી, લે સાંભળ. સમજાણું કાંઈ?

'**સુવર્ણની જેમ જ.**' સોનું તે કેવું છે? કે એના બાજુબંધ પર્યાયો નહિ, જ્યારે સોનું કહીએ ત્યારે અવસ્થા નહિ એમ કહે છે. સોનું દ્રવ્ય કહીએ ત્યારે અવસ્થા કુંડળ આદિ નહિ. ત્યારે સોનું જેટલી ટકનારી. એટલે ઓલામાં એમ આવ્યું હતું. ઉત્પાદ-વિનાશ વિનાની. અહીં એમ આવ્યું કે સોનું જેટલી ટકનારી. '**યુગપદ્ પ્રવર્તતી,...**' સોનામાં પીળાશ, વજન, ચીકાશ એક સાથે વર્તે છે. કે પીળાશ પછી અને ચીકાશ પછી એમ છે? '**યુગપદ્ પ્રવર્તતી, સુવર્ણને નિપજાવનારી...**' એ સુવર્ણને સિદ્ધ કરનારી. '**અન્વય શક્તિઓને...**' કોણ? પ્રવર્તતી એટલે. '**સુવર્ણને નિપજાવનારી...**' એ '**યુગપદ્ પ્રવર્તતી, સુવર્ણને નિપજાવનારી,...**' સોનાને સિદ્ધ કરનારી. '**અન્વય શક્તિઓને પામતા...**' જુઓ! એ પીળાશ, ચીકાશ, શક્તિઓ ગુણ વડે અવસ્થાઓની પર્યાયો જેટલી ટકનારી. ક્રમે પ્રવર્તતી બાજુબંધ આદિ એ પર્યાયને નિપજાવનારી તે ભિન્ન ભિન્ન પ્રગટતાઓ પામતા સુવર્ણને-સોનાને સદ્ભાવ સંબંધ જ ઉત્પાદ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એ દ્રવ્યની વ્યાખ્યા કરી.

હવે પર્યાયની. કાલે નહોતાને? નહોતા. આ બહુ ઝીણું-ઝીણું. પણ આજે આવી ગયું પાછું. રામજીભાઈ કહે લ્યો અમારે વેણીચંદભાઈ કાલે નહોતા. આ ભાઈ પણ નહોતા, ભગવાનજીભાઈ. આવવાનું હોય એ આવેને. કોણ લાવે અને કોણ કરે? આહા..હા..! બાપુ! વીતરાગ માર્ગ એવો છે. પરમેશ્વર તીર્થંકરદેવ, ત્રિલોકનાથ પરમાત્માએ કહેલો માર્ગ. એક એક વસ્તુ પોતાની શક્તિઓથી ભરેલી એકસાથે અને તે કાળે તેની પ્રગટ દશાઓ વડે અન્વય શક્તિને પામતી, અથવા પ્રગટ શક્તિ વડે તે દ્રવ્યને પામતી. ત્રણે લઈ લેવા. દ્રવ્ય તે તે ગુણો વડે, તે તે પ્રગટ શક્તિને પામતું દ્રવ્ય તેને તે દ્રવ્યમાં તે પ્રગટ અવસ્થાઓ સદ્ભાવ સંબંધ ઉત્પાદ કહેવામાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધી વસ્તુ છે, બધી વસ્તુ છે. એકે એકને અને એક એક દ્રવ્ય બધાને. આહા..હા..! કેટલી વાત કરી છે જુઓને! સમજાય છે કાંઈ? કહો, સમજ મેં આતા હૈ કિ નહીં ભૈયા? થોડા-થોડા સીખ લેના યહાં ગુજરાતી. શેઠી! આહા..હા..! છતાં એ એમ માને કે આ રોગની અવસ્થા મને થઈ, તો ભ્રમ છે તને, મિથ્યાત્વભાવ છે કહે છે. એ એમ કહે છે. કહો, પોપટભાઈ! આહા..હા..! .. શક્તિઓ છે. ધ્રુવવાન જે દ્રવ્ય, એની જે ધ્રુવ શક્તિઓ છે એ વડે નવી નવી જે સમ્યગ્દર્શન ધર્મ આદિની પર્યાયો પ્રગટ થાય તે ગુણ દ્વારા તે પર્યાયો દ્રવ્યને પ્રાપ્ત થાય છે, દ્રવ્યને પ્રાપ્ત થાય છે. પ્રગટ થયેલી દ્રવ્યને પ્રાપ્ત થાય છે. તે પર્યાયને દ્રવ્યનો સદ્ભાવ સંબંધ ઉત્પાદ કહેવામાં આવે છે. એમ જેમ સોનું, સોનું.

સોનું છે એ સોનામાં કાયમ ટકનારી પીળાશ, વજન, શક્તિઓ કાયમ ટકનારી છે. એકસાથે રહેનારી છે. સમજાય છે કાંઈ? અને સોનાને નિપજાવનારી છે. એમાં એ વડે કુંડળ આદિ જે પર્યાયો થાય, એ વડે કુંડળ આદિ પર્યાયો થાય તે પર્યાયો પ્રગટ વ્યતિરેક ભિન્ન ભિન્ન પ્રગટતાઓ તે સોનાને સિદ્ધ કરે છે, સોનાને પામે છે, એ સોનાને પામે છે. તેથી તે પર્યાયને સદ્ભાવ સંબંધ ઉત્પાદ કહેવામાં આવે છે. રાત્રે કેટલું કહેશો આમાં? એ તો હળવે હળવે સમજાય, એમ કંઈ ઝટ દઈને... તૈયાર થાયને. શેઠિયાને નિરાશ ન કરી દેવા. લ્યો અમારે નવનીતભાઈ કેટલું ધ્યાન રાખે છે, જુઓ! ઘણું એને યાદ રહે છે. કહો, સમજાણું કાંઈ? આ તો ત્રણ-ચાર વાર કીધું. શેઠે ત્રણ-ચાર વાર કીધું.

હવે પર્યાયની વાત. એમ પરમાણુ લ્યો પહેલો. આ એક પરમાણુ છે. એક પરમાણુ છેને. આ કાંઈ મૂળ ચીજ નથી. એક કટકો છેલ્લો પરમાણુ એને ભગવાન એમ કહે છે કે એ પરમાણુમાં જે રંગ, ગંધ, રસ, સ્પર્શ શક્તિઓ એકસાથે વર્તે છે રજકણમાં. એકસાથે શક્તિઓ વડે એમાં થતી ભિન્ન-ભિન્ન અવસ્થાઓ લાલ, લીલી, સુંવાળી, કાળી વગેરે, ભિન્ન-ભિન્ન અવસ્થાઓ વડે અન્વય શક્તિને પામતી, અન્વય શક્તિને પામતી, દ્રવ્યને પામતી તેને દ્રવ્ય કરે છે. પરમાણુને પામતી તે પ્રગટ અવસ્થાઓ પરમાણુરૂપ કરે છે. સમજાણું કાંઈ? આ લીલી આદિ અવસ્થા થાય છે, કહે છે કે સત્‌માંથી થાય છે અને અન્વય શક્તિ વડે તે થાય છે પ્રગટ અવસ્થાઓ, એમ કહે છે ત્યાં. બાકી ખરેખર એ અન્વય શક્તિમાં એની સત્તા હતી, પ્રગટ થઈ છે ત્યારે તે દ્રવ્યને પામે છે. તેથી તે સદ્ભાવ ઉત્પાદ દ્રવ્યનો કહેવામાં આવે છે. એ આત્માથી તેમાં કાંઈ થાતું નથી.

મુમુક્ષુ :- નવી વાત છે.

ઉત્તર :- નયી બાત હૈ.

મુમુક્ષુ :- આત્માથી કાંઈ થાતું નથી.

ઉત્તર :- વાત તો એ છે. આત્માથી શું, બીજા દ્રવ્યથી બીજાનું થાતું નથી એ મૂળ વાત છે. કહો, સમજાણું? હવે ત્રણ-ચાર વાર થઈ ગયું હોં!

અને જ્યારે... હવે બીજો બોલ. અસદ્‌ભાવ નિબદ્ધ, અસદ્‌ભાવ. પાછું એમ નથી. ક્યાં ગયા ચીમનભાઈ? અસદ્‌ભાવનો અર્થ કે પહેલો નહોતો એમ. એવો અસદ્‌ભાવ તે થયેલો ભાવ, નહોતો અને થયેલો. ભાવ છે તો ભાવ છે. નહોતો તો પહેલા પણ નહોતો. અત્યારે તો છે. અસદ્‌ભાવ સંબંધ, નહોતા તે ભાવનો સંબંધ. પાછો સંબંધ છે તો છે, એમ કહે છે. સમજાણું કાંઈ? અને જ્યારે પર્યાયો કહેવામાં આવે. વસ્તુ આત્મા અને પરમાણુઓ દ્રવ્યને ન કહેવામાં અને એની થતી ક્રમે ક્રમે થતી જુઓ! ક્રમે ક્રમે થતી અવસ્થાઓ. દેખો! એ એમાં એ જ આવે છે હોં! ક્રમે થતી અવસ્થાઓમાં એ જ આવે છે. એ આવવાની-થવાની તે અવસ્થા થાય છે, ક્રમે થતી અવસ્થામાં છે. સમજાણું કાંઈ?

વસ્તુને ન કહેતા એની અવસ્થા નહોતી તેને કહેવામાં આવે ત્યારે દ્રવ્ય નહિ, ત્યારે વસ્તુ નહિ. ત્યારે ઉત્પત્તિ વિનાશ જેનું લક્ષણ છે. એ પર્યાયનું તો ઉત્પાદ-વ્યય લક્ષણ છે. ઊપજે-જાય, ઊપજે-જાય, ઊપજે-અભાવ, ભાવ-અભાવ. ઉત્પત્તિ વિનાશ જેનું લક્ષણ છે. જેમ આત્મામાં. કે જેમ સમ્યગ્દર્શનની પર્યાય થઈ ઈ ઉત્પાદ. બીજે સમયે પાછો એનો વ્યય થઈને પાછો ઉત્પાદ બીજો થાય. ઉત્પાદ-વ્યય ધર્મની એક સમયની પર્યાય બીજે સમયે ન રહે. કેવળજ્ઞાનની એક સમયની પર્યાય બીજે સમયે ન રહે. એ કેવળજ્ઞાન પણ ઉત્પત્તિ વિનાશ જેનું લક્ષણ છે. આહા..હા..! ભારે વાત! એવી ક્રમે પ્રવર્તતી. શ્રુતજ્ઞાન હોય ત્યારે કેવળજ્ઞાન ન હોય અને કેવળજ્ઞાન હોય ત્યારે શ્રુતજ્ઞાન ન હોય. ક્ષયોપશમ સમકિત હોય ત્યારે ક્ષાયિક ન હોય અને ક્ષાયિક હોય ત્યારે ક્ષયોપશમ ન હોય. સ્વરૂપ આચરણની અંશ દશા જ્યારે થોડી હોય ત્યારે પૂરી યથાખ્યાત ચારિત્ર ન હોય. પૂરી યથાખ્યાત સ્થિરતા હોય ત્યારે સ્વરૂપ આચરણ અંશ દશા ન હોય. એ ક્રમે પ્રવર્તતી છે. ક્રમે થતી, ક્રમે પ્રવર્તતી, ક્રમે રહેતી.

'**ઉત્પત્તિ વિનાશ જેમનું લક્ષણ છે એવી, ક્રમે પ્રવર્તતી, પર્યાયોને નિપજાવનારી...**' એ ક્રમે પ્રવર્તતી પર્યાયને સિદ્ધ કરે છે એમ કહે છે. તે તે વ્યતિરેક વ્યક્તિઓ, તે તે ભિન્ન પ્રગટતાઓ, તે તે અવસ્થાની ભિન્ન ભિન્ન પ્રગટતાઓ વડે. દેખો! ઓલામાં અન્વય વડે હતું. અન્વય શક્તિઓ વડે હતું. આમાં વ્યતિરેક વ્યક્તિઓ વડે છે. દ્રવ્યના કથનમાં અન્વય શક્તિઓ વડે હતું, આમાં વ્યતિરેક વ્યક્તિઓ વડે છે. પર્યાયનું. '**ઉત્પત્તિવિનાશ રહિત,...**' હવે ધ્રુવ લ્યે છે. હવે અન્વય શક્તિને સિદ્ધ કરે છે. કે '**ઉત્પત્તિવિનાશ રહિત, યુગપદ્ પ્રવર્તતી, દ્રવ્યને નિપજાવનારી અન્વયશક્તિઓને પામતા...**' કોણ? ઓલી વ્યતિરેક વ્યક્તિઓ વડે. વ્યતિરેક ભિન્ન-ભિન્ન અવસ્થાની પ્રગટતા વડે. તે તે અન્વય શક્તિઓને પામતા દ્રવ્યને. અન્વય શક્તિએ ભિન્ન ભિન્ન અવસ્થાને પામતા દ્રવ્યને '**અસદ્‌ભાવસંબદ્ધ જ ઉત્પાદ છે;...**' નહોતી તે પર્યાયનો તેને ઉત્પાદ છે. તેને અસદ્‌ભાવ ઉત્પાદ—નથી તે ભાવનો સંબંધ થયો

એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યય છે એ તો ગયો પછી ઉત્પાદ થયો. ક્રમે થાય છે કે નહિ? પહેલી અવસ્થા હતી પછી બીજી અવસ્થા (થઈ) એ વખતે વ્યય થઈ ગયો છે. એટલે ક્રમે ક્રમે થઈ. શ્રુતજ્ઞાનનો વ્યય થઈને કેવળજ્ઞાન થાય. શ્રુતજ્ઞાન રહીને કેવળજ્ઞાન થાય? સમજાણું કાંઈ? એમ પરમાણુઓમાં પણ લીલી રંગની અવસ્થા હોય ત્યારે એને લઈને ધોળી અવસ્થા થાય? લીલી અવસ્થાનો વ્યય અને ધોળી અવસ્થાનો ઉત્પાદ. એ પર્યાયનો ઉત્પાદ અને નાશ સ્વભાવ છે અને એ ઉત્પાદનો સ્વભાવ એની શક્તિઓ અન્વય છે એ વ્યતિરેક દ્વારા, વ્યતિરેક વડે અન્વયને એટલે અન્વયને ન પામતા, પણ દ્રવ્યને પામતા. સમજાણું કાંઈ?

'**અન્વયશક્તિઓને પામતા દ્રવ્યને અસદ્ભાવસંબદ્ધ જ ઉત્પાદ છે;...**' અસદ્ભાવ સંબદ્ધ જ ઉત્પાદ છે. નહોતો એવા ભાવનો સંબંધ થયો એવો ઉત્પાદ છે. નહોતો એવા ભાવનો સંબંધ થયો, નિબદ્ધ થયો એવો ઉત્પાદ છે. આહા..હા..! ઠીક આ વિસ્તારથી લેવાણું. ઓલું રામજીભાઈ મૂકી દેતા ભાઈ! ફરીને ... કહો, સમજાણું કાંઈ? હવે '**સુવર્ણની જેમ જ.**' જુઓ આવે છે. '**તે આ પ્રમાણે : જ્યારે બાજુબંધ વગેરે...**' બાજુબંધ એટલે કડું-કડું. કડું, વીંટી, કુંડળ વગેરે. '**પર્યાયો જ કહેવામાં આવે છે—**' સોનાની પર્યાયો, અવસ્થાઓ કહેવામાં આવે અને '**સુવર્ણ નહિ,...**' આખું નહિ. '**ત્યારે બાજુબંધ વગેરે પર્યાયો જેટલું ટકનારી,...**' અવસ્થા જેટલું ટકનારી. કુંડળ હોય ત્યારે કડું નહિ, કડું હોય ત્યારે કુંડળ નહિ. એમ '**ક્રમે પ્રવર્તતી, બાજુબંધ વગેરે પર્યાયોની નિપજાવનારી તે તે વ્યતિરેક વ્યક્તિઓ વડે,...**' ભિન્ન-ભિન્ન પ્રગટતાઓ વડે. સોનાની અવસ્થાની ભિન્ન ભિન્ન પ્રગટતાઓ વડે. '**સુવર્ણ જેટલું ટકનારી,...**' હવે અન્વય શક્તિ આવી. એના વડે. '**સુવર્ણ જેટલું ટકનારી, યુગપદ્ પ્રવર્તતી, સુવર્ણને નિપજાવનારી અન્વય શક્તિઓને પામતા...**' ઓલી વ્યતિરેક. '**અન્વય શક્તિઓને પામતા સુવર્ણને અસદ્ભાવયુક્ત જ ઉત્પાદ છે.**' ત્રણે નાખી દીધા દેખો! સુવર્ણને નિપજાવનારી અન્વય શક્તિઓ વડે. ઓલી જે વ્યતિરેક વડે અન્વય શક્તિઓને પામતા સુવર્ણને અસદ્ભાવયુક્ત ઉત્પાદ છે.

ફરીને. આત્મામાં લઈએ હવે આત્મામાં. આત્મા છે તેની પર્યાય જ્યારે જાણો કે આ સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ પર્યાય. ત્યારે તે પર્યાયને કાળે, દ્રવ્યની વ્યાખ્યા નથી અત્યારે. હવે પર્યાય જે છે એ ભિન્ન ભિન્ન અવસ્થાઓ, ભિન્ન-ભિન્ન પ્રગટ અવસ્થાઓ, ભિન્ન ભિન્ન વ્યતિરેક, પ્રગટ વ્યતિરેક, ભિન્ન ભિન્ન પ્રગટ અવસ્થાઓ એ આત્માની અન્વય શક્તિઓને. અન્વય શક્તિઓ એટલું. અને ઓલી ભિન્ન ભિન્ન પ્રગટતાઓ વડે આત્માને પ્રાપ્ત કરે છે, આત્માને સિદ્ધ કરે છે. એ ભિન્ન ભિન્ન અવસ્થા દ્વારા, તે અવસ્થાને દ્રવ્ય સાથેનો અસદ્ભાવ સંબંધ—નહોતો અને ભાવ સંબંધ થયો, નહોતો સંબંધ પર્યાયમાં, પર્યાયમાં સંબંધ નહોતો અને થયો (એને)

અસદ્ભાવ સંબંધ ઉત્પાદ કહેવામાં આવે છે. મુંબઈમાં.... વાત સાચી. એ કોણ સાંભળે? નવનીતભાઈ! જાડી બુદ્ધિ ને સાધારણ માણસ. ત્યાં તો અમુક જાતની શૈલી હોય. રહેવું તો પાછું થોડું. પંદર દિ' રહેવું અને વ્યાખ્યાનમાં પાછા ઓલા ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે એ સમજે તો. આપણે અહીં આવું ચાલે, ત્યાં ચાલે કાંઈ? અહીં તો વર્ષો વર્ષથી ચાલ્યું આવે. ત્યાં પંદર દિ' રહેવું. કઈ વિચિત્ર વર્ણ ઓલી જાત, એક એક મગજના ભેજાવાળા માણસ. બધી જાતના. અહીં તો બધું ઝીણું હોય તો પણ ભાઈ! આપણે સાંભળવા આવ્યા છીએ તો આપણે છે એમ સમજવું. વીતરાગનો માર્ગ, બાપુ! ઝીણો છે, ભાઈ! દુનિયા કલ્પે છે, માને છે એવો નથી.

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ કહે છે કે ભાઈ! તારામાં જે દશા થાય એ દ્રવ્યના અન્વય વડે તે થયેલી, તે સુવર્ણને પામેલી, તે સદ્ભાવ સંબંધ ઉત્પાદ કહેવામાં આવે છે અને તે તે પર્યાયોને એકલી કહીએ તો તે તે પ્રગટ વ્યક્તિઓ વડે, પ્રગટ અવસ્થાઓ વડે અન્વય શક્તિને દ્રવ્યને સિદ્ધ કરે છે. તે દ્રવ્યને પામે છે પર્યાય. આહા..હા..! પરથી પમાતી નથી, પરને પામતી નથી, પરથી થતી નથી. નહોતો એવો ભાવ પણ પોતાથી થયેલો અસદ્ભાવ ઉત્પાદ થઈને થાય છે એમ કહે છે. એટલે શું?

જુઓ, અમે અહીં આવ્યા. દાખલો. અહીં આવ્યા ત્યારે અમને સાંભળવાનો જ્ઞાનનો પર્યાય થયો. જ્ઞાનનો પર્યાય. સમજાણું? પહેલા અમારે એ નહોતો. એ પર્યાય સાંભળવાથી થયો કે નહિ? એ અહીં ના પાડે છે. તે કાળે તે પર્યાય પહેલી નહોતી, એનો થયો ભાવ, એનો દ્રવ્ય સાથે સંબંધ રાખે છે. સાંભળવાના શબ્દો સાથે સંબંધ રાખતું નથી. આહા..હા..! એક જણો કહેતો હતો કે લ્યો અહીં અમને ભાવ થાતો નથી. ભગવાન પાસે જઈએ તો અમને એવો ભાવ થાય. અરે..! ભગવાન! સાંભળ તો ખરો. ભગવાન પાસે જાય ત્યારે તારો પર્યાય જે થયો છે એ પર્યાય તારામાં થયો છે? એને લઈને થયો છે? અને તારી સાથે સંબંધ રાખે છે કે એની સાથે સંબંધ રાખે છે? ભગવાન સાથે સંબંધ રાખે છે પર્યાય? આ દ્રવ્ય સાથે સંબંધ રાખે છે એમ ભાઈ સિદ્ધ કરવું છે. ભિન્ન ભિન્ન પર્યાયો દ્રવ્ય સાથે સંબંધ રાખે છે એમ કહેવું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એવી ચીજ છે. વસ્તુ એવી છે. સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે, આગમ ફરમાવે છે અને વસ્તુ એમ છે. લોકોને ખ્યાલમાં ન આવે અને ન સાંભળે એટલે કાંઈ વસ્તુ ફરી જાય? પરમેશ્વરે જે કહ્યું છે તે જ છે. પણ સાંભળવામાં ન મળે એટલે એને થઈ જાય, આ ભગવાને દીઠા માટે અમને ભાવ થયો. એ ખોટી વાત છે કહે છે. એ ભાવનો પર્યાય ક્રમે ક્રમે વ્યતિરેક ભિન્ન ભિન્ન અવસ્થા પ્રગટ થયેલી છે તારામાં. તારા કારણે ભિન્ન ભિન્ન

અવસ્થા પહેલી નહોતી અને થઈ એ તારે કારણે પર્યાયમાં થયું છે. અને એ પર્યાય અન્વય શક્તિને પામતી અથવા દ્રવ્યને પામે છે. દ્રવ્ય સાથે સંબંધ રાખે છે. ભગવાન સાથે સંબંધ રાખતો નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એટલું તો કાલે આવી ગયું હતું.

હવે કહે છે કે પર્યાય વખતે પણ દ્રવ્ય પર્યાયને છોડતી નથી અને દ્રવ્ય વખતે પણ દ્રવ્ય પર્યાયને છોડતું નથી. '**પર્યાયોની અભિધેયતા વખતે પણ,...**' એમ આવ્યુંને? અવસ્થા જ્યારે કહેવી હોય, આત્માની અવસ્થા, ભગવાનની પર્યાયની અવસ્થા, પરમાણુની અવસ્થા એ વખતે પણ '**અસત્-ઉત્પાદમાં...**' નહોતી અને અવસ્થા થઈ એમાં '**પર્યાયોને નિપજાવનારી તે તે...**' ભિન્ન ભિન્ન પ્રગટતાઓ, એટલું. ભિન્ન ભિન્ન પ્રગટતાઓ, બસ એટલું. '**યુગપદ્‌પ્રવૃત્તિ પામીને અન્વયશક્તિપણાને પામતી થકી...**' એ અવસ્થાઓ પણ પાછા ગુણ સાથે સંબંધ રાખે છે એમ કહે છે. '**યુગપદ્ પ્રવૃત્તિ પામીને અન્વયશક્તિપણાને પામતી થકી પર્યાયોને દ્રવ્ય કરે છે...**' પર્યાયોને દ્રવ્યરૂપ કરે છે. પર્યાય તે દ્રવ્યથી અભેદ થાય છે. કાંઈ ભિન્ન થઈ માટે બીજા સાથે સંબંધ રાખે છે એમ નહિ. આહા..હા..! વાસ્તવિક દ્રવ્ય, ગુણ અને પર્યાયનું જ્ઞાન નથી અને મોટો ગોટો ઉઠ્યો છે. વીતરાગ માર્ગમાં દ્રવ્ય કોને કહીએ? ગુણ કોને કહીએ? પર્યાય કોને કહીએ? વાસ્તવિક તત્ત્વ નહિ એટલે ગોટાળો આનાથી અહીં થાય અને આનાથી અહીં થાય ને આનાથી અહીં થાય. મોટો ગોટો મિથ્યાત્વનો છે. કહો, પોપટભાઈ!

'**(-પર્યાયોની વિવિક્ષા વખતે પણ, વ્યતિરેકવ્યક્તિઓ અન્વયશક્તિરૂપ બનતી...**' એમ સંબંધ રાખતી. '**થકી પર્યાયોને દ્રવ્યરૂપ કરે છે);...**' જુઓ! ત્રણે લઈ લીધું. પર્યાય, અન્વય અને દ્રવ્ય ત્રણે લઈ લીધા. પર્યાયને કાળે પણ તે પર્યાય ગુણનો સંબંધ રાખતી તે પર્યાય દ્રવ્ય કરે છે. પર્યાયોને દ્રવ્યરૂપ કરે છે. સમજાણું કાંઈ? પહેલી પર્યાયની વાત લીધી. ઓલામાં દ્રવ્ય લીધા હતા. ભાઈ! પહેલી દ્રવ્યની વાત હતી, પછી પર્યાયની હતી. અહીંથી ઉપાડ્યું. પર્યાય નહોતી ને થઈને, એટલે ત્યાંથી ઉપાડ્યું છે. છે-છે એમ કહીએ તો. નહોતું ને એકદમ થયું. અહીં નહોતું ને થયું તો શું છે? નહોતું ને થયું તે અન્વય સાથે સંબંધ રાખીને દ્રવ્યને સિદ્ધ કરે છે. આ દ્રવ્યની એ પર્યાય છે એમ સિદ્ધ કરે છે. એ પર્યાય નવી થઈ માટે કોકની છે અને કોક સાથે સંબંધ રાખે છે (એમ નથી). ભગવાન સાથે સંબંધ રાખે છે, સમ્યગ્દર્શન થયું માટે એ પર્યાય ભગવાન સાથે સંબંધ રાખે એમ નહિ. એ તારા અન્વયના ગુણોને પામતી તે પર્યાય દ્રવ્ય સાથે સંબંધ રાખે છે. આમાં તો ધ્યાન રાખે તો એક કલાક ક્યાંય બહાર જાય નહિ મગજ લ્યો! વેપાર સૂઝે નહિ. આહા..હા..!

'**જેમ બાજુબંધ વગેરે પર્યાયોની નિપજાવનારી...**' દાખલો આપે છે. '**તે તે વ્યતિરેકવ્યક્તિઓ...**' બસ એટલા. '**વ્યતિરેકવ્યક્તિઓ...**' ભિન્ન ભિન્ન પ્રગટતાઓ, ભિન્ન ભિન્ન પ્રગટતાઓ. સોનામાંથી ભિન્ન-ભિન્ન અવસ્થા કડું-કુંડળ થાય તે. '**યુગપદ્‌પ્રવૃત્તિ પામીને**

**અન્વયશક્તિપણાને પામતી થકી...**' યુગપદ્ પ્રવૃત્તિ પામીને અન્વય ગુણ સાથે પામતી '**બાજુબંધ વગેરે પર્યાયોને સુવર્ણ કરે છે તેમ.**' ત્રણે લઈ લીધું. પર્યાય કડા આદિ ભિન્ન ભિન્ન થઈ એના ગુણનો સંબંધ રાખતી સુવર્ણને સિદ્ધ કરે છે. એમ નથી કે આ પર્યાય ભિન્ન છે માટે સોનીથી થઈ એમ કહે છે. આહા..હા..! કુંડળમાંથી કડાની પર્યાય અન્વય શક્તિને પામતી સોનાને સિદ્ધ કરે છે. આ સોની છે માટે આ થઈ છે એમ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચેતન ન હોય... જડમાં ન હોય. આ તો એક દ્રવ્યની ક્રિયા બીજા દ્રવ્યમાં ન હોય. આહા..હા..!

આત્મામાં શુભભાવ થયો. વ્યતિરેક-પહેલી નહોતી અને ભિન્ન અવસ્થા થઈ. એ ભાવ એના ગુણ સાથે સંબંધ રાખતી દ્રવ્યને સિદ્ધ કરે છે. આ શુભભાવ થયો, આ ભગવાન હતા અને થયો, સામો જીવ બચ્યો માટે થયો એમ એની સાથે સંબંધ રાખતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? કેટલાક કહે છેને કે જો આપણે ભગવાનની ભક્તિ કરીએને તો જ્ઞાનાવરણીય ક્ષય થાય. સમજાણું? કહો, હવે એમાં ત્રણ બોલ. ભગવાન રહ્યા પર, એનો ભક્તિનો વિકલ્પ શુભ, એ શુભ વિકલ્પને પામતો જીવ છે એ પોતાના ગુણને પામી અને દ્રવ્યને સંબંધ રાખે છે, પર સાથે સંબંધ નથી. અને કર્મનો ક્ષય થાય એ કાંઈ શુભભાવથી નિમિત્ત થઈને ક્ષય થતો નથી. અને કર્મમાં પણ પૂર્વે અવસ્થા જે સત્તા કર્મની હતી અને ઉદય આવ્યો અને ઉદય વ્યય થઈ ગયો એ ક્રમે પ્રવર્તતી જે કર્મની અવસ્થા એ પોતે કર્મના ગુણ સાથે સંબંધ રાખીને કર્મને સિદ્ધ કરે છે. અહીં જોડે કેવળજ્ઞાન પામનારો સમકિત પામ્યો માટે આ ક્ષય થયું એમ પરને સિદ્ધ નથી કરતું એમ કહે છે.

કર્મનો ક્ષય જે થાય છે એ પર્યાય છે. એ ઉત્પાદ પહેલો હતો, પછી અકર્મ પર્યાય થઈ. એ ઉત્પત્તિ-વ્યયનો જે ક્રમે પ્રગટ અવસ્થાઓ છે એ અન્વય શક્તિને પામતી તે પરમાણુને સિદ્ધ કરે છે, એના પરમાણુને સિદ્ધ કરે છે. જોડે કોઈ કેવળજ્ઞાન પામ્યો એને સિદ્ધ કરતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આમ દૂર જઈને ત્યાં જાય છે. અન્વયરૂપ દ્રવ્ય એમ. ગુણ ને દ્રવ્ય. આ થયું માટે અહીં જાય છે. આ છે માટે અહીં સંબંધ થયો એમ નથી. પર્યાય તે ગુણ સાથે સંબંધ રાખે છે અને દ્રવ્યને સિદ્ધ કરે છે. કહો, સમજાણું કાંઈ? થોડું... થોડું... થોડું તો સાધારણ તો થયું. હવે એમાં પકડાય એમ પકડો. કહો, શેઠી! હજી આ ક્યાં અમારે મીણો ભણે છે.

'**તેમ. દ્રવ્યની અભિધેયતા વખતે પણ,...**' હવે બીજો બોલ. ત્યાં પહેલો હતો એ અહીં બીજો લીધો. ઓલો પહેલો ત્યાં દ્રવ્યનો હતો, પછી પર્યાયનો લીધો હતો. અહીંયાં હવે પહેલો પર્યાયમાં ઉતારીને દ્રવ્ય સાથે સંબંધ રાખીને, દ્રવ્યમાં ઉતારી પર્યાય સાથે સંબંધ

રાખે છે. '**દ્રવ્યની અભિધેયતા વખતે પણ, સત્-ઉત્પાદમાં...**' છે તેનો ઉત્પાદ થયો. '**દ્રવ્યની નિપજાવનારી શક્તિઓ...**' અન્વય શક્તિઓ. બસ એટલું. '**ક્રમપ્રવૃત્તિ પામીને...**' અન્વયશક્તિઓ ક્રમે પ્રવૃત્તિ પામીને. દેખો! એ ગુણો છે તે ક્રમે ક્રમે પ્રવૃત્તિપણાને '**તે તે વ્યતિરેકવ્યક્તિપણાને પામતી થકી દ્રવ્યને પર્યાયો (પર્યાયોરૂપ) કરે છે,...**' દ્રવ્યને પર્યાય સિદ્ધ કરે છે. આહા..હા..!

'**જેમ સુવર્ણની નિપજાવનારી અન્વયશક્તિઓ...** ' ગુણ એના-સોનાના ગુણ. '**ક્રમપ્રવૃત્તિ પામીને...**' ક્રમે પ્રવૃત્તિ પામીને. સોનામાંથી કુંડળ અને કડું. '**તે તે વ્યતિરેકવ્યક્તિપણાને પામતી થકી...**' ભિન્ન ભિન્ન પ્રગટતાને પામતી થકી '**સુવર્ણને બાજુબંધ આદિ પર્યાયમાત્ર કરે છે તેમ.**' સુવર્ણને બાજુબંધ આદિ પર્યાયમાત્ર કરે છે. કોકને પર્યાયમાત્ર કરે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? હવે એનો સરવાળો દેખો! '**માટે દ્રવ્યાર્થિક કથનથી સત્-ઉત્પાદ છે,...**' વસ્તુ છે તેનો ઉત્પાદ થયો તે દ્રવ્યાર્થિક નયથી છે તે ઊપજ્યું છે. '**પર્યાયાર્થિક કથનથી અસત્-ઉત્પાદ છે—**' અવસ્થા દૃષ્ટિથી જોઈએ તો તે ઉત્પાદ પહેલો નહોતો અને થયો. વસ્તુથી જોઈએ તો છે તે થયું છે. પર્યાયથી જુઓ તો નથી તે થયું છે. આહા..હા..! '**એ વાત અનવદ્ય (નિર્દોષ, અબાધ્ય) છે.**' આ નિર્દોષ છે. ઓલા નથી કહેતા કે અમે નિર્દોષ. ફલાણાની દયા પાળી તો નિર્દોષ અને સદોષ. તેરાપંથીમાં બહુ ચાલે ભાઈ! .. સદોષ કે નિર્દોષ. એ સદોષ-નિર્દોષ નહિ. આ વસ્તુની સ્થિતિ તે નિર્દોષ છે. અનવદ્ય કીધુંને. ઓલા સદોષ અને નિર્દોષ બહુ બોલ આવે એમાં તેરાપંથીમાં. આમ છે ને તેમ છે, ઢીંકણું છે. કાંઈ વસ્તુની ખબર ન મળે.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જે વસ્તુની સ્થિતિ કહે છે કે આ રીતે વસ્તુ છે તે નિર્વધ્ય છે-નિર્દોષ છે અને આવું માને તેને નિર્દોષ દશા પ્રગટ થાય એમ કહે છે. સમજાણું કાંઈ? ભાવાર્થ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૧, શનિવાર, તા. ૦૪.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૧૧-૧૧૨, પ્રવચન-૧૧૬**

આ પ્રવચનસાર. ૧૧૧ ગાથા. જ્ઞેય-જ્ઞેય. આ આત્મા અથવા પરમાણુ એક પોઈન્ટ એ શી રીતે પોતાના અસ્તિત્વમાં છે? એનું દ્રવ્ય વસ્તુ, એનો ગુણ અને પર્યાય પોતામાં કઈ રીતે છે? પરમાં નથી, પરથી નથી, પરને કરતું નથી, પરથી થતું નથી. કોઈપણ તત્ત્વ, આ આત્મા પોતાના દ્રવ્યમાં છે, દ્રવ્ય એટલે વસ્તુ, એના ગુણમાં છે શક્તિઓ, એની અવસ્થામાં

છે. એ અવસ્થા પરથી થતી નથી, પરને કરતી નથી, પરમાં થતી નથી, પરથી પોતામાં થતી નથી. હવે ત્રણમાં ને ત્રણમાં થાય છે એ વાત અહીં સિદ્ધ કરે છે. જુઓ!

'**પર્યાયોની અભિધેયતા વખતે પણ,...**' જ્યારે પર્યાય એટલે અવસ્થાની વાત કરીએ કે જેમ આત્મા એની વર્તમાન જ્ઞાન અવસ્થા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અવસ્થા, પરમાણુની લીલી, પીળી અવસ્થા. એ વખતે જ્યારે કહીએ, એ '**વખતે પણ, અસત્-ઉત્પાદમાં...**' એ પર્યાય પહેલી નહોતી અને નવી થઈ. એવા '**અસત્-ઉત્પાદમાં...**' જેમ આત્મામાં પહેલું કેવળજ્ઞાન નહોતું પર્યાયમાં. અવસ્થારૂપે થયું એ અસત્-ઉત્પાદ છે પર્યાયની અપેક્ષાએ. એવા '**અસત્-ઉત્પાદમાં પર્યાયોની નિપજાવનારી...**' એ પર્યાયને ઉત્પન્ન કરનારી. કોણ? ભિન્ન-ભિન્ન પ્રગટતાઓ. ભિન્ન-ભિન્ન.. વ્યતિરેક-ભિન્ન-ભિન્ન પ્રગટતા. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન એમ. સમ્યગ્દર્શન, ક્ષયોપશમ, ક્ષાયિક. ચારિત્રનો અંશ થોડો, વિશેષ. (એમ) ભિન્ન-ભિન્ન પ્રગટતાઓ એક એક આત્મામાં જે પર્યાય એટલે અવસ્થાઓની પ્રગટતા થાય છે તે '**યુગપદ્પ્રવૃત્તિ પામીને...**' એ ગુણની સાથે સંબંધ રાખીને. '**યુગપદ્પ્રવૃત્તિ પામીને અન્વયશક્તિપણાને પામતી થકી...**' એટલે તે પર્યાય દ્રવ્યની છે, એ પર્યાય દ્રવ્ય છે. મતિજ્ઞાન તે દ્રવ્ય છે, શ્રુતજ્ઞાન તે દ્રવ્ય છે, સમકિત તે દ્રવ્ય છે, ચારિત્ર તે દ્રવ્ય છે. એ પર્યાય દ્રવ્ય છે, એ પર્યાય પરદ્રવ્ય નથી એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**યુગપદ્પ્રવૃત્તિ પામીને...**' એટલે કે ભિન્ન ભિન્ન અવસ્થાઓ યુગપદ્ પ્રવૃત્તિ પામે એવી શક્તિપણાને પામતી થકી, અને ગુણ સાથે સંબંધ રાખતી થકી, '**પર્યાયોને દ્રવ્ય કરે છે...**' એ પર્યાય દ્રવ્ય છે, એ પર્યાય દ્રવ્ય છે એમ સિદ્ધ કરે છે. ઝીણું ખરું, ભાઈ! સમજાણું કાંઈ? મોડા આવ્યા એટલે જરી... અહીં તો ટાઈમસર... પાંચ મિનિટ વધી ગઈ. કહો, સમજાણું આમાં? આ પરમાણુ છેને આ પરમાણુ પોઈન્ટ રજકણ. એ રજકણ છે એમાં લાલ લોહીની અવસ્થા થઈ, અવસ્થા. આ લોહીની અવસ્થા છેને અત્યારે પરમાણુમાં? એ અવસ્થા ભિન્ન ભિન્ન અવસ્થા છે, ભિન્ન ભિન્ન પ્રગટતા. તે અવસ્થા તેના ગુણ સાથે સંબંધ રાખતી તેના દ્રવ્યને કરે છે. એ પર્યાય દ્રવ્યની છે એમ સિદ્ધ કરે છે. એ પર્યાય આત્માની છે એમ નહિ. સમજાણું કાંઈ?

આ અવસ્થા થાય છેને જુઓ આ. રૂપાંતર થાય છે દશાનું. તે તે અવસ્થા ભિન્ન ભિન્ન અવસ્થાઓ, ભિન્ન ભિન્ન પ્રગટતાઓ તેના ગુણને પામતી તે પર્યાય દ્રવ્યને કરે છે એટલે તે પર્યાય દ્રવ્યની છે. એ પર્યાય દ્રવ્ય છે એમ સિદ્ધ કરે છે. એ પર્યાય દ્રવ્ય છે એમ સિદ્ધ કરે છે, એ પર્યાય પરમાણુ છે એમ સિદ્ધ કરે છે. એ પર્યાય આત્મા છે એમ સિદ્ધ કરતું નથી. સમજાણું કાંઈ? ઝીણી ગાથા ઝીણી છેને.

એમ આત્મામાં સમ્યગ્દર્શન અને જ્ઞાનની અવસ્થા પ્રગટ થાય. સ્વરૂપ ચૈતન્યમૂર્તિ જ્ઞાતા એના લક્ષે સમ્યક્ ધર્મ શાંતિ ઉત્પન્ન થાય તે પર્યાય ભિન્ન ભિન્ન પ્રગટ થાય છે. એકસાથે

બધી પર્યાય હોતી નથી. એ સમ્યગ્દર્શન આદિ પર્યાય એનું સમ્યક્ શ્રદ્ધાગુણનો સંબંધ રાખતી એ પર્યાય જીવની છે અથવા એ પર્યાય દ્રવ્ય છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

મનુષ્ય આદિ થાય જીવ, ત્યારે મનુષ્ય તે જીવ છે એમ સિદ્ધ કરે છે. એમ કહે છે. આ શરીરની વાત નથી એની પર્યાયની. એ મનુષ્યની પર્યાય તે જીવ છે એમ સિદ્ધ કરે છે. પર્યાય દ્રવ્ય છે એમ સિદ્ધ કરે છે, પર્યાય આ દ્રવ્ય છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આ પર્યાય વખતની વાત છે. કહો, પોપટભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્મા કીધુંને. એ પર્યાય મનુષ્ય છે તે જીવ છે એમ કહેવાય છે કે મનુષ્ય છે તે અણઆત્મા જડ છે એમ કહે છે કોઈ? આ શરીર નહિ, એની ગતિનો પર્યાય. ગતિની જે અવસ્થા તે જીવ છે એમ કહે છે. કે જડ છે એમ કહે છે? સમજાણું કાંઈ? એ પહેલા બોલમાં છે આ. સમજાણું કાંઈ?

પર્યાયોના... જ્યારે કોઈપણ આત્મા અને રજકણની અવસ્થાની વ્યાખ્યા ચાલે. આ આત્મા વસ્તુ છે અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ, આ પરમાણુ એની જ્યારે અવસ્થાનું કથન ચાલે ત્યારે પણ. અસત્ ઉત્પાદમાં જે અવસ્થા નહોતી અને થઈ. પહેલી ઓલા.. સમજાય છે? ઓલા ભવમાં પણ મનુષ્ય હોય અને આ ભવમાં પણ મનુષ્યગતિ થાય. તો એ મનુષ્યગતિ છે એ પહેલી આ અત્યારે છે એ પૂર્વે નહોતી. હતી? આ પર્યાય હતી પૂર્વે? ભલે મનુષ્યપણું પૂર્વે હતું, પણ આ મનુષ્યપણું પૂર્વે નહોતું ગતિનું. તો આ મનુષ્યપણું જે અંદરમાં, મનુષ્યપણાની પર્યાય તરીકે અસત્ ઉત્પાદ થયો. પહેલી નહોતી અને થયો. અથવા એ અસત્ ઉત્પાદ એની કાયમ રહેનારા જીવની શક્તિઓને સંબંધ રાખતી એ પર્યાય જીવ છે, એ પર્યાય જીવ છે, મનુષ્ય જીવ છે એમ સિદ્ધ કરે છે. કહો, સમજાણું કાંઈ? આ તો બહુ સાધારણ વાત છે. કહો, સમજાણું કાંઈ? આ તો એનો પર્યાય એનો સંબંધ રાખે આમ કરે, એમ પહેલી વાત છે. પછી દ્રવ્યની લેશે. પછી આમ લેશે. આહા..હા..! પર્યાય ફરી માટે કો'ક દ્રવ્યની થઈ ગઈ એમ નથી. એ પર્યાય ભિન્ન ભિન્ન ફરી તે દ્રવ્ય છે, જીવ છે. પરમાણુની ભિન્ન ભિન્ન પર્યાય ફરી તે પરમાણુ છે. ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

'**પર્યાયોને દ્રવ્ય કરે છે...**' એટલે એ પર્યાય દ્રવ્ય છે એમ. એ પર્યાય દ્રવ્ય છે, એમ. મનુષ્યપણું તે જીવ છે. સમજાય છે? મતિજ્ઞાન તે જીવ છે, સિદ્ધપદ તે જીવ છે. સિદ્ધપર્યાય તે જીવ છે એમ. એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? દાખલો આપ્યો જુઓ! અંદર કૌંસમાં નાખ્યું. '**(-પર્યાયોની વિવક્ષા વખતે પણ,...**' ઈન્દુભાઈને નવું લાગે એવું છે તદ્દન. અભ્યાસ નહિને. આ તદ્દન ઝીણી વાત છે. બરાબર આવ્યા છે એ વખતે. એવો વિષય ઝીણો. કારણ કે અભ્યાસ જ નહિ ને તત્ત્વનો. શું આત્મા છે? શું જડ છે? એમાં શું થાય છે? અવસ્થા પર્યાય. કૌંસમાં છેને. અવસ્થાના કથન વખતે પણ. વિવક્ષા એટલે

કથન. 'વ્યતિરેક...' એટલે ભિન્ન ભિન્ન પ્રગટ દશાઓ જે આત્મામાં અને પરમાણુઓમાં થાય તે '**અન્વયશક્તિરૂપ બનતી...**' તે ગુણ સાથે સંબંધ રાખતી '**થકી પર્યાયોને દ્રવ્યરૂપ** કરે છે);...' એ પર્યાય દ્રવ્યરૂપ સિદ્ધ થાય છે, એ પર્યાય જીવ છે એમ સિદ્ધ કરે છે. જીવની પર્યાય જીવ છે એમ સિદ્ધ કરે છે. પરમાણુની પર્યાય પરમાણુ છે એમ સિદ્ધ કરે છે. એ પર્યાય તે દ્રવ્ય છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? ભિન્ન ભિન્ન અવસ્થા થઈ માટે અનેરું દ્રવ્ય, અનેરી દ્રવ્યની છે ઈ એમ નહિ. એમ કહે છે. ભાઈ! ભિન્ન ભિન્ન અવસ્થા થઈ, એકદમ કેવળજ્ઞાન થયું એટલે જાણે આ પર્યાય કોની? એ પર્યાય દ્રવ્ય છે, એ પર્યાય દ્રવ્ય છે, જીવ છે. સમજાણું કાંઈ?

એક પરમાણુમાં એકદમ લીલાનો, પીળો, લીલો હતો અને ધોળો રંગ થયો રજકણમાં, એકદમ વ્યતિરેક ભિન્ન ભિન્ન (થયા). તો એ શું છે? કે એ પર્યાય તેના રંગના ગુણ સાથે સંબંધ રાખતી એ પર્યાય દ્રવ્ય છે, એ પર્યાય દ્રવ્ય છે, એ પર્યાય તે પરમાણુ છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આ તત્ત્વદષ્ટિ એવો વિષય છે ઝીણો. કોઈ દિ' એણે અભ્યાસ કર્યો જ નથી અને એનું સ્વરૂપ તદ્દન ભિન્ન છે. આ રજકણે રજકણ તે ભિન્ન છે. આ રજકણની અવસ્થાને આત્મા કરે એમ નથી. આગળ કહેશે. સમજ્યાને? કર્તાકર્મમાં આવે છેને ક્યાંક? કરણ અને સાધન નથી આવતું ક્યાંક? ક્યાંક આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, એ નહિ. આ તો આમાં ને આમાં ક્યાંક. એ નહિ. એ જુદું. આ કર્મ.. ક્યાંક છે. છેને ક્યાંક છે ખરું. લ્યો, આ ૨૨૨ પાને. '**પર્યાયોના સ્વરૂપનું કર્તા,** કરણ **અને અધિકરણ હોવાને લીધે...**' ઈ. એ ગાથા ૧૧૩. ૧૧૩માં છે. '**જે પર્યાયોના સ્વરૂપનું કર્તા,...**' સ્વરૂપનું સાધન અને સ્વરૂપનો આધાર હોવાથી '**પર્યાયોથી અપૃથક્ છે...**' એ દ્રવ્ય તે પર્યાયથી અપૃથક્ છે. '**તેનો—અસત્-ઉત્પાદ નક્કી થાય છે.**' છે એમાં ૧૧૩માં છે. આમાં .. લીધા છે. અહીંથી ૧૧૧મી છેને ત્યાં આગળ સિદ્ધ કરતા જાય છે.

શું કહે છે? કે આ પરમાણુઓમાં રજકણમાં ભિન્ન-ભિન્ન અવસ્થા ભાળીને કોઈ એમ કહે કે એ અવસ્થા પરમાણુની નહિ પણ કો'કની છે. એમ નથી. કો'કની સમજ્યા? અન્યની. કો'ક એટલે અન્ય અમારી ભાષા કાઠિયાવાડી છે. એ નહિ સમજે. સમજાય છે કાંઈ? જુઓ! આ શીશપેન છેને. આમ અક્ષર પડે. અવસ્થા થઈ અવસ્થા. એ અવસ્થા જે અક્ષરની અવસ્થા થઈ તે અવસ્થા તે રજકણના ગુણ સાથે સંબંધ રાખે છે, પર સાથે નહિ. અને તે અવસ્થા પરમાણુની છે, દ્રવ્યની છે એમ સિદ્ધ કરે છે. તે અવસ્થા આત્માની છે અને આત્માએ કરી એમ સિદ્ધ નથી કરતા એમ કહે છે. સમજાણું કાંઈ?

પર્યાયોના કથન વખતે પણ વ્યતિરેક એટલે ભિન્ન ભિન્ન પ્રગટતાઓ ગુણની શક્તિરૂપ

બનતી એટલે સંબંધ રાખતી. આમ આની સંબંધ છે કે પર સાથે સંબંધ છે એને? બસ, એ પર્યાયોને દ્રવ્યરૂપ કરે છે. એ પર્યાય દ્રવ્ય છે, એ પર્યાય દ્રવ્ય છે. મતિજ્ઞાન તે જીવ છે, શ્રુતજ્ઞાન તે જીવ છે, શાંતિ તે જીવ છે, આનંદ તે જીવ છે.

આત્મામાં પહેલી દુઃખદશા હતી. ધ્યાન રાખો! દુઃખ છે અનાદિનું સંસારમાં, પર્યાયમાં. એની દશામાં દુઃખ જ છે અનાદિથી. બરાબર હશે? પૈસાવાળા તમે દુઃખી? પૈસાવાળાને લઈને નહિ. દુઃખ છે ત્યાં દશામાં. વિકલ્પ છે ને રાગ છે એ દુઃખ છે. દુઃખની દશા છે એમાંથી આનંદની દશા બીજી ભિન્ન પ્રગટ થઈ. બીજે કાળે, બીજે સમયે ભિન્ન આનંદ પ્રગટ થયો. સ્વરૂપ આનંદ છે એની દૃષ્ટિ કરતાં આનંદની અવસ્થા થઈ, એ ભિન્ન ભિન્ન અવસ્થા થઈ. પહેલી દુઃખ હતી, પછી આનંદ. એ અવસ્થા આનંદના ગુણ સાથે સંબંધ રાખતી, એ અવસ્થા જીવ છે, એ અવસ્થા જીવ છે એમ સિદ્ધ કરે છે. આનંદ અવસ્થા તે આત્મા છે એમ સિદ્ધ કરે છે. કહો, વજુભાઈ! સમજાણું કાંઈ? એ આનંદ અવસ્થા છે તે પૈસામાંથી આવી છે? કે ગુરુના શબ્દોમાંથી આવી છે? કે શાસ્ત્રોમાંથી આવી છે એમ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- કર્મના..

ઉત્તર :- કર્મ એને ઘરે રહી ગયું. કર્મનો અભાવ થયો માટે આનંદ અવસ્થા થઈ એમ એ અવસ્થા સિદ્ધ નથી કરતું. એ આનંદ અવસ્થા ગુણ સાથે, આનંદની દશા ગુણ સાથે આનંદને સંબંધ કરતી, જીવ છે એ આનંદ, એ આનંદ એ જીવ છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એમ અશાંતિ. અશાંતિ જે ક્રોધ, માન, માયાની અશાંતિ છે એ પણ પહેલી અશાંતિ થોડી હોય અને પછી વિશેષ થાય. તો કહે છે કે એ અશાંતિની જે અવસ્થા છે એ એના ગુણ સાથે સંબંધ રાખે છે અને તે અશાંતિ સિદ્ધ કરે છે કે આ અશાંતિ જીવ છે, એ અશાંતિ તે જીવ છે. એમ કહે છે. એ અશાંતિ તે જડ છે અને અશાંતિ તે પરમાણુ છે, એ અશાંતિ તે કર્મનો ઉદય છે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઘરમાંને ઘરમાં રમત?

ઉત્તર :- એની માટે તો માંડી છે આ. નવનીતભાઈ! પર સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! શું થાય? જગતને પોતાના સત્‌ની ખબર નથી, પરસત્‌ની ખબર નથી અને એને સુખી થાવું છે. સુખી થાવું છે એ ક્યાંથી સુખ થાય? સમજાણું કાંઈ?

'**પર્યાયોને દ્રવ્યરૂપ** કરે છે.' એટલે એ પર્યાય જીવ છે, એ પર્યાય જડ છે. જેની જેની હોય એમ. જેમ.. દાખલો જુઓ. '**બાજુબંધ વગેરે પર્યાયોની નિપજાવનારી...**' એ વીંટી અને કડું. બાજુબંધ એટલે કડું. કડા વગેરે વીંટી વગેરે અવસ્થાને '**નિપજાવનારી તે તે વ્યતિરેકવ્યક્તિઓ...**' વીંટી, કડું આદિ અવસ્થા સોનામાં થઈ. '**તે યુગપદ્‌પ્રવૃત્તિ પામીને...**' સોનાના પીળાશ, ચીકાશ, વજનની શક્તિઓના સંબંધ રાખીને '**અન્વયશક્તિપણાને**

**પામતી થકી...**' સંબંધ રાખતી '**બાજુબંધ વગેરે પર્યાયોને સુવર્ણ કરે છે તેમ.**' વીંટી તે સોનું છે, કડું તે સોનું છે, એમ (સિદ્ધ) કરે છે. વીંટી તે બીજી ચીજ છે એમ નહિ. સમજાણું કાંઈ? મૂળ તો દાખલો સોનાનો આપ્યો છે. મૂળ તો દરેક આત્મામાં કે દરેક પરમાણુમાં ભિન્ન ભિન્ન અવસ્થા જે ક્ષણે ક્ષણે થાય તે અવસ્થા ગુણ સાથે સંબંધ રાખતી દ્રવ્ય છે એમ સિદ્ધ કરે છે. આની પર્યાય તે સોનું જ છે. વીંટી તે સોનું છે. મતિજ્ઞાન તે જીવ છે, આનંદની અવસ્થા તે જીવ છે, લીલા રંગની અવસ્થા તે પરમાણુ છે. સિદ્ધની પર્યાય તે જીવ છે એમ સિદ્ધ કરે છે. નિગોદની પર્યાય તે જીવ છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! પરની સાથે કાંઈ સંબંધ ન મળે. સ્વતંત્ર બધા પદાર્થ એને કારણે પર્યાયરૂપે (થાય છે). ગુણનો સંબંધ રાખતા તે પર્યાય દ્રવ્યને પામે છે, તે પર્યાય દ્રવ્યરૂપ થાય છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ભારે કામ! એટલી વાત.

'**બાજુબંધ વગેરે પર્યાયોને સુવર્ણ કરે છે તેમ.**' તેમ. એમ કીધુંને? જેમ વીંટી, કડું એ પર્યાય સોનાની, સોનાના પીળાશ, ચીકાશ શક્તિઓને પામતી તે વીંટી તે સોનું છે એમ સિદ્ધ કરે છે. એ અવસ્થા કો'કના ગુણને પામતી, કો'કના દ્રવ્યને પામે છે એમ છે નહિ. કો'ક સમજો છો? હમણા આવી ગયા. કો'ક એટલે અન્ય. આપણી કાઠિયાવાડી સાદી ભાષા છે. કોઈની, કો'ક નહિ તો એમ કહો, કોઈની. સોનાની અવસ્થા પીળાશ સાથે સંબંધ રાખતી સોનું જ છે એમ સિદ્ધ કરે છે. પણ એ વીંટી છે એ લોઢાની છે કે પત્થરની છે એમ સિદ્ધ કરતું નથી. સમજાણું કાંઈ?

'**દ્રવ્યની અભિધેયતા વખતે પણ,...**' હવે વસ્તુ આવી. ઓલી પર્યાય હતી. આ આત્મા વસ્તુ છે, પરમાણુ વસ્તુ (છે). એ દ્રવ્યને જ્યારે કહીએ ત્યારે પણ '**સત્‌-ઉત્પાદમાં...**' એટલે કે છે તે ઉપજ્યું છે. છે તે ઉપજ્યું છે એવા '**સત્‌-ઉત્પાદમાં દ્રવ્યને નિપજાવનારી...**' વસ્તુને સિદ્ધ કરનારી. '**અન્વયશક્તિઓ...**' એ ગુણ જે છે દ્રવ્યના તે. દ્રવ્યના તે ગુણ. જેમ આત્માનો જ્ઞાન, દર્શન, આનંદ ગુણ તે. '**ક્રમપ્રવૃત્તિ પામીને...**' મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, '**ક્રમપ્રવૃત્તિ પામીને તે તે વ્યતિરેકવ્યક્તિઓપણાને પામતી થકી દ્રવ્યને પર્યાયો કરે છે,...**' એ દ્રવ્ય પર્યાય છે, એ દ્રવ્ય પર્યાય છે એમ સિદ્ધ કરે છે. ઓલું પર્યાય દ્રવ્ય છે એમ સિદ્ધ કર્યું. આ દ્રવ્ય પર્યાય છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

'**દ્રવ્યને પર્યાયો (-પર્યાયોરૂપ) કરે છે,...**' એમ. દ્રવ્યને પર્યાયરૂપ કરે છે એમ કીધુંને? એ દ્રવ્ય પર્યાય છે, એ દ્રવ્ય તે પર્યાય છે એમ. ઓલી પર્યાય તે દ્રવ્ય છે, આ દ્રવ્ય તે પર્યાય છે. પરસ્પર. આહા..હા..! આચાર્યોએ કેટલું ઓહો..હો..! દાખલો આપીને, સાદી કરૂણાબુદ્ધિથી કેટલી વાત સ્પષ્ટ કરી છે. કાલે હતુંને. ભાઈએ પૂછ્યું હતું સવારમાં આજે કે કાલે ૧૧૧મી ગાથામાં શું આવ્યું આ? સમજાણું? કોઈપણ વસ્તુ છે એની જે પર્યાય થાય છે એ ક્રમે ક્રમે થાય છે અને ગુણો છે તે અક્રમે એકસાથે રહે છે, એમ. અને તે

તે પર્યાય ઊપજતી, અન્વય શક્તિને સંબંધ કરતી તે દ્રવ્યપણે છે એમ. એનું દ્રવ્યપણું છે એમ સિદ્ધ કરે છે. અને એ દ્રવ્ય પોતાની શક્તિઓ વડે ભિન્ન ભિન્ન અવસ્થાને પામતી તે દ્રવ્ય તે પર્યાય છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? એના ખ્યાલમાં, એનો ભાવ ખ્યાલમાં આવવો જોઈએ. તો એ વાત એને ખ્યાલમાં આવે. સમજાય છે?

આ વસ્તુ છે આત્મા. એ આત્મામાં પહેલી જ્ઞાનની અવસ્થા અલ્પ હતી અલ્પ. પછી જ્ઞાનની અવસ્થા વિશેષ થઈ. તો કહે છે કે એ વિશેષ અવસ્થા છે તે અસદ્ ઉત્પાદ છે. કારણ કે પહેલી નહોતી અને પછી થઈ. કોની અપેક્ષાએ? કે પર્યાયની અપેક્ષાએ. અને દ્રવ્યની અપેક્ષાએ તો સત્ ઉત્પાદ છે. છે તે આવ્યો છે, છે તેમાંથી તે આવ્યું છે. સત્ તે દ્રવ્ય જ પોતે પરિણમ્યું છે. સત્ છે તે છે. છે તે છે. ઓલું નથી તે છે. સમજાણું કાંઈ? એવા સત્ ઉત્પાદ અને અસત્ ઉત્પાદની વ્યાખ્યા પહેલી કરી.

હવે એ અસત્ અને સત્ ઉત્પાદમાં એ ચીજ શું છે એમ સિદ્ધ કરે છે. અસત્ ઉત્પાદ આત્મામાં જે જ્ઞાન અવસ્થા ઓછી હતી એમાંથી વિશેષ થઈ એ અસત્ ઉત્પાદ થયો. એ અસત્ ઉત્પાદનો સંબંધ એના ગુણ સાથે છે, જ્ઞાન સાથે. જ્ઞાનનો ગુણ સાથે. અને ગુણ એ પર્યાય આ જીવ છે એમ સિદ્ધ કરે છે. આ જ્ઞાનપર્યાય વધી એ જીવ છે એમ સિદ્ધ કરે છે. વધી માટે કો'ક આવ્યું વચમાં અને વધી ગઈ છે એમ છે નહિ. આહા..હા..! ભારે ભાઈ! હવે અમારે ભાઈ સુખી થાવું છે એ વાત કરોને. ઈ વાત ચાલે છે આ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ છે એ એને ખબર નથી તેથી પરચીજની અનુકૂળતામાં સુખ માને છે, પ્રતિકૂળતામાં દુઃખ માને છે. એ સુખ-દુઃખની કલ્પના પરને લઈને નથી એમ કહે છે. એ કલ્પનાનો પર્યાય અસત્ પર્યાય એટલે પહેલો નહોતો અને થયો માટે અસત્ કહેવો. અને એ છે તે આવ્યું છે માટે સત્ પર્યાય કહેવી. પણ એ પર્યાયની વ્યાખ્યા હોય ત્યારે પણ પર્યાય તો દ્રવ્ય જ છે એમ સિદ્ધ કરવું છે અને દ્રવ્યની વ્યાખ્યા હોય ત્યારે એ દ્રવ્ય પર્યાય છે એમ માનવું. એ દ્રવ્ય પર્યાય છે એમ માનવું. સમજાણું કાંઈ?

જેમ આ મનુષ્ય છે. અંદર પર્યાય મનુષ્ય હોં! આ જડ (દેહ) નહિ. એ પર્યાયના લક્ષ વખતે પણ એ મનુષ્યગતિ તેના ગુણ સાથે સંબંધ રાખતી તે જીવ છે એમ સિદ્ધ કરે છે. પર્યાયના વખતે. અને દ્રવ્ય વખતે એ જીવદ્રવ્ય છે તે ગુણ સાથે સંબંધ રાખતું તે અન્વય સાથે એ મનુષ્યની ગતિની પર્યાય એ દ્રવ્ય તે પર્યાય છે, જીવ તે પર્યાય છે, જીવ તે મનુષ્ય છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? એકદમ મનુષ્ય મરીને દેવ થાય. સમજાણું? મનુષ્ય મરીને દેવ થાય. ત્યારે એ દેવની પર્યાય અંદર થઈ. કહે છે કે પહેલી નહોતી, પછી થઈ. પણ એ દેવની પર્યાયને એ અપેક્ષાએ અસત્ ઉત્પાદ કીધો. પણ પોતે દ્રવ્ય છે માટે થઈ છે, હયાતી છે માટે થઈ એ સત્ ઉત્પાદ છે. થયું? હવે જ્યારે દેવની પર્યાયની વ્યાખ્યા

વખતે પણ ભિન્ન ભિન્ન અવસ્થા હોવા છતાં તે પર્યાય ગુણ સાથે સંબંધ અંદર રાખતી જીવ છે એમ સિદ્ધ કરે છે. આ જીવ છે એમ સિદ્ધ કરે છે. દેવપર્યાય બીજી થઈ ગઈ માટે જીવની નથી અને જીવ નથી એમ નહિ. એકદમ ફરી ગયું જાણે ઓહો..હો..!

મનુષ્ય મરીને સ્વર્ગે જાય અને મનુષ્ય મરીને કીડો થાય લ્યો! ભાન ન મળે એટલે મનુષ્ય મરીને કીડો થાય કીડો. હવે કીડાનું શરીર ન લેવું એમાં, એની અવસ્થા લેવી. એ અવસ્થા જે કીડાની અંદર ગતિ થઈ એ પહેલી નહોતી મનુષ્ય વખતે. નવી થઈ. તો એ કીડાની અવસ્થાનો અસત્ ઉત્પાદ થયો. દ્રવ્યથી જોઈએ તો છે એમાંથી આવી અને છે તે થઈ છે. આહા..હા..! હવે એ જ્યારે કીડાની અવસ્થાની વ્યાખ્યા કરીએ ભિન્ન ભિન્ન અવસ્થાની, ત્યારે પણ એ અવસ્થા ગુણ સાથે સંબંધ રાખીને એ કીડો જીવ છે એમ સિદ્ધ થાય છે. પર્યાય હોં. જીવ છે એમ સિદ્ધ થાય છે. અને જ્યારે દ્રવ્યની વ્યાખ્યા કરીએ (તો) એ જીવ જે છે એ ગુણ સાથે સંબંધ રાખતો કીડાની પર્યાયને પામે છે તે જીવ છે તે પર્યાય છે, જીવ છે તે કીડો છે. ઓલો કીડો છે તે જીવ છે, આ જીવ છે તે કીડો છે.

પાછી ખૂબી તો એ કરી કે કર્મને લઈને કીડો થયો છે એમ નથી એમ સિદ્ધ કરે છે, ભાઈ! આ રાડેરાડ પાડે છેને બધા. જુઓ! શ્રેણિક રાજા સમકિતી હતા, આત્મભાન હતું. તીર્થંકરગોત્ર બાંધ્યું. હવે એને કાંઈ નરકમાં જવાનો ભાવ છે? કહે છે. એ કર્મ એને લઈ જાય છે એ ખોટી વાત છે એમ અહીં સિદ્ધ કરે છે. એ નરકમાં જે અહીંથી ગયા શ્રેણિક રાજા. ત્યાંથી નીકળીને તીર્થંકર થશે. પહેલી નરકમાં છે. ભાન છે ધર્મનું. પણ અહીંથી ગયા, કહે છે કે પહેલી અવસ્થા બીજી હતી અને પછી થઈ. અહીં મનુષ્યની હતીને? .. નારકીનો ઉત્પાદ થઈ ગયો ગતિનો. તો એ અસત્ ઉત્પાદ થયો. એ અસત્ ઉત્પાદ છે, ગુણ સાથે સંબંધ રાખતો એ જીવ છે. એ એ સમયનો એ જીવ છે, એ સમયનો એ જીવ છે. એ સમય કર્મને લઈને આ પર્યાય થઈ એમાં કર્મ છે એમ નથી. સમજાણું કાંઈ? એય..! વજુભાઈ! આ .. મોટા રાડું પાડે છે બધા. શું કહેવું છે?

અરે..! ભગવાન! સાંભળને બાપુ! શાંતિથી જો ભાઈ! તારા તળિયા તો તપાસ. ટાઢા છે કે ઊના નથી જોતા? ઓલા મરે ત્યારે બહુ ટાઢું થઈ જાયને. અમારે પ્રેમચંદભાઈ બહુ કહેતા. પ્રેમચંદભાઈ કહેતા. શરીર ટાઢું પડી ગયું છે. બચવાની .. છે. એમ કહી દે. પ્રેમચંદભાઈ હતાને. ... બહુ એને. એ મરી ગયા તો એક સેકન્ડમાં. એક સેકન્ડમાં. આમ જ્યાં પાણી પીવા આમ જ્યાં થયા તો ફૂ, ખલાસ મરી ગયા. બીજાને બહુ જોતા. આ ઠંડું પડી ગયું છે. શિવલાલ પટેલ વખતે કહેલું. બહુ ઠંડુ પડી ગયું છે. તળિયા જુઓ કે ઠંડા છે, તળિયા જુઓ તો ઊના છે. એમ કહે છે કે તારું તળિયું તેં જોયું? આ પર્યાય થવાનું તળ કોણ છે? નવી નવી અવસ્થા થાય એનું તળિયું કોણ છે? કે જીવ છે. કર્મ નહિ, પર નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, જુઓ! પાણી ઊનું થયું. પાણી ઊનું. પહેલા ઠંડી પર્યાય હતી, પછી ઊની થઈ. કહે છે કે ઊની પર્યાય અસત્ (ઉત્પાદ થયો). કારણ કે પહેલી ઠંડી વખતે નહોતી. અસત્ ઉત્પાદ થયો પર્યાયની અપેક્ષાએ. પણ દ્રવ્યની અપેક્ષાએ તો એ ઠંડી, ઊની અવસ્થા હતી તે જ આવી છે. તે થઈ છે. બીજી રીતે હવે. એ ઊની પર્યાય તે પરમાણુ છે એમ સિદ્ધ કરે છે. ઊની પર્યાય સ્પર્શ ગુણનો સંબંધ રાખતી, સ્પર્શ ગુણનો, પરમાણુ છે એમ સિદ્ધ કરે છે. એ ઊની પર્યાય અગ્નિ છે માટે સિદ્ધ કરે છે એમ નહિ. આહા..હા..! પાણીના પરમાણુને સિદ્ધ કરે છે, અગ્નિને સિદ્ધ નથી કરતું એ. ભાઈ!

રોટલી ઊની થાય છે, ઊની થઈ ઊની. કાચીની પાકી થઈ. એ કાચીની પર્યાયનો વ્યય, પાકીનો ઉત્પાદ. તો કહે છે કે એ ઉત્પાદ જે છે એ કાચીની અપેક્ષાએ પહેલી નહોતી માટે અસત્ કીધો. પણ ખરેખર પાકીનો પર્યાય તો દ્રવ્ય છે તેનાથી થયો. સત્ છે એમાંથી થયેલ છે. અને તે પર્યાય તેના ગુણ સાથે સંબંધ રાખતી તે પરમાણુ છે એમ સિદ્ધ કરે છે. તાવડીને લઈને આ સિદ્ધ છે એમ સિદ્ધ કરતું નથી એમ કહે છે. ભગવાનજીભાઈ! ભારે વાતું ભાઈ! આહા..હા..! જુઓને, કેવી રીતે વાત આચાર્યોએ દ્રવ્ય, ગુણ, પર્યાયને એવી રીતે કરી નાખી છે વાત.

શું આ પણ ધર્મકથા આવી કેવી? એના કરતા તો જીવ દયા પાળવી, કો'કને પૈસા દેવા, દેરાસર કરવું, રોટલા ન ખાવા, કંદમૂળ ન ખાવા. એ વાત જ ખોટી છે. ખાવા, ન ખાવાની અવસ્થા જીવમાં છે જ નહિ એમ કહે છે. ભાઈ! ખાવાનો વિકલ્પ છે એ તારી અવસ્થામાં છે, પણ ખાવા-પીવાની ક્રિયાની અવસ્થા તારામાં (નથી), એ અવસ્થા તો જડમાં છે. એ અવસ્થા પરમાણુને સિદ્ધ કરે છે, એ અવસ્થા પરમાણુને સિદ્ધ કરે છે. કટકા-બટકા થઈને થાય એ પરમાણુને સિદ્ધ કરે છે. એ અવસ્થા તારા રાગને સિદ્ધ કરતું નથી. આહા..હા..! અને તારો રાગપર્યાય તે ખાવાની ક્રિયાની પર્યાયને સિદ્ધ નથી કરતું. જીવ સિદ્ધ કરે છે. ચારિત્રગુણ સાથે સંબંધ રાખતો જીવને સિદ્ધ કરે છે. જીવ રાગ છે અને રાગ તે જીવ છે અહીં પર્યાયમાં. રાગ તે જીવ છે. દ્રવ્યમાં જીવ તે રાગ છે. જીવ તે ખાવાની પર્યાય છે અને ખાવાની પર્યાય થઈ તે જીવ છે એમ નહિ. આ તો સમજાય એવું છે હોં! આ કાંઈ બહુ એવું નથી. થોડું આકરું પડ્યું તો પૂછી લીધું હતું. આ યુગપદ્ પ્રવૃત્તિ શું છે આ? ચંદુભાઈને પૂછી લીધું થોડું. એણે તે દિ' વાંચ્યું હશેને તમારી સાથે બધું? આ યુગપદ્ પ્રવૃત્તિ શું? આમાં સાથે સાથે રહે છે એ કે નહિ? સાથે સાથે રહે છે એ. પર્યાયમાં સાથે સાથે રહે છેને? ગુણ દ્રવ્યમાં સાથે સાથે રહે છે. પર્યાય ક્રમે થાય છે, પણ ગુણ સાથે રહે છે અને તે ગુણ દ્રવ્યને સિદ્ધ કરે છે. ઓલો પર્યાય... સાથે રહીને પર્યાય દ્રવ્યને સિદ્ધ કરે છે એમ. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો સમજાય એવી વાત છે હોં! ન સમજાય એવી વાત નથી. પણ એને પરથી તદ્દન ભિન્ન પડે અંહકાર ત્યારે સમજાય આ. જ્યાં સુધી

એને અહંકાર છે કે પરની અવસ્થા હું કરી દઉં છું અને મારે લઈને એ અવસ્થા છે. મૂઢ છે કહે છે. એ અવસ્થા ભિન્ન-ભિન્ન થાય છે એ ગુણ સંબંધ રાખીને પરમાણુને એના દ્રવ્યને સિદ્ધ કરે છે. એ દ્રવ્ય છે, પર્યાય તે દ્રવ્ય છે એમ સિદ્ધ કરે છે. એ દ્રવ્ય એમ છે. એ પર્યાય બીજું દ્રવ્ય છે એમ સિદ્ધ કરતું નથી. આવું ભેદજ્ઞાન! સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વર સિવાય ક્યાંય આ વાત આવી રીતે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? લ્યો!

**'અન્વયશક્તિઓ ક્રમવર્તી પામીને...'** લ્યો! **'દ્રવ્યની અભિધેયતા વખતે પણ, સત્-ઉત્પાદમાં દ્રવ્યની નિપજાવનારી અન્વયશક્તિઓ ક્રમવર્તી પામીને તે તે વ્યતિરેકવ્યક્તિપણાને પામતી થકી દ્રવ્યને પર્યાયો કરે છે,...'** દ્રવ્યને પર્યાયરૂપ કરે છે. એટલે કે પર્યાય તે દ્રવ્ય છે અને અહીં કીધું કે દ્રવ્ય તે પર્યાય છે. દ્રવ્ય તે પર્યાય છે એમ સિદ્ધ કરે છે. દ્રવ્ય તે પર્યાય અને પર્યાય તે દ્રવ્ય, શું કહે છે પણ આ? ઓલા દ્રવ્ય-પર્યાય શબ્દ પણ સાંભળ્યા ન હોય કેટલાકે દ્રવ્ય-પર્યાય. ભગવાન કરે છે, નાખોને માથાકૂટ મૂકી દે. ન્યાલભાઈ! ભગવાન કરશે જાવ. ભગવાન કરી દેશે. ઓલા હીરાલાલ કહેતા હતા. હીરાભાઈ હતાને એક ખોજા. બાવળાના. બાવળાના ખોજા હતા હીરાભાઈ. શ્રીમદ્‌ના ભગત. આપણે તો કાંઈ નહિ. આપણે તો શ્રીમદ્‌ને ધાર્યા. એ તારશે હવે, આપણે કાંઈ ચિંતા છે જ નહિ. એય..! ન્યાલભાઈ! ન્યાં સાંભળ્યું હશે એવું તો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એમ. બાવળા છેને અમદાવાદ પાસે, નહિ? આ બાજુ વીસ માઈલ. ત્યાં બાવળાના ખોજા હતા એ. એને હિન્દુ મુસલમાનના નામ પડેને. એના મોટાભાઈનું નામ હીરાલાલ અને નાના ભાઈનું કાસમ. એવું નામ પડતાને એ લોકોમાં. હવે તો મુસલમાન બધા પાકા. એટલે એ હીરાભાઈ કહેતા. શ્રીમદ્‌ના ભગત હતા. હીરાભાઈ કહે, આપણે તો શ્રીમદ્‌ને પકડ્યા છે. બસ. હવે એને ચિંતા તારવાની, અમારે કાંઈ છે નહિ. અમારે તો આ ફલાણું દેરાસરમાં ન જાવું અને ફલાણા દેરાસરમાં જાવું એ નહિ અમારે તો કાંઈ. એમ કહેતા. દિગંબરે જાવું અને શ્વેતાંબરે ન જાવું એવું કાંઈ નહિ. આવા ને આવા. એય..! ન્યાલભાઈ! ભાઈ! એમ કોઈ તારે એવું નથી. ત્રણલોકના નાથને પકડ તોપણ વિકલ્પ છે, (તને) તારે એવું નથી લે કહે. ત્રણલોકના નાથ કેવળજ્ઞાની સાક્ષાત્ હોય અને મને તારશે એમ માન તો એ વિકલ્પ છે. એ તારશે નહિ. તારો તરવાનો ઉપાય, તારા બુડવાના ઉપાયનો વ્યય કરીને તારવાનો ઉપાય તું પ્રગટ કર, તે પર્યાય દ્રવ્યનો છે અને એ પર્યાય જીવે કર્યો એમ સિદ્ધ થશે. સમજાણું કાંઈ? અને એ પર્યાય જીવ છે અને જીવ તે આ પર્યાય છે એમ સિદ્ધ થાય છે. બીજો જીવ છે ત્યાં પર્યાય છે એમ નથી. આહા..હા..! એવી વાત છે, બાપુ! આહા..હા..! સમજાણું કાંઈ?

**'સુવર્ણને બાજુબંધઆદિ પર્યાયમાત્ર કરે છે.'** લ્યો! એ સોનું તે વીંટી છે, સોનું

તે વીંટી છે, સોનું તે કડું છે. આત્મા તે જ્ઞાન છે, આત્મા તે સિદ્ધ છે એમ સિદ્ધ કરે છે. અને તે બીજો આત્મા કીધો એ આત્મા સિદ્ધ એમ. બીજો આત્મા નહિ, બીજો જડ નહિ, બીજું દ્રવ્ય નહિ. આહા..હા..! ભારે પણ.

‘**માટે દ્રવ્યાર્થિક કથનથી સત્-ઉત્પાદ છે,...**’ સરવાળો તો આ કહેવો છે હવે. વસ્તુનું કથન કરીએ જ્યારે, તે છે તે ઉત્પન્ન થાય છે. હયાતીથી ઉત્પન્ન થાય છે. ‘**પર્યાયાર્થિક કથનથી અસત્-ઉત્પાદ છે—**’ પહેલો નહોતો અને થાય છે. ‘**એ વાત અનવદ્ય (નિર્દોષ, અબાધ્ય) છે.**’ એ નિર્દોષ છે, આ નિર્દોષ છે. આહાર નિર્દોષ છે કે નહિ? સદોષ છે કે નહિ? એ વાત નથી કહે છે અહીં. એ વખતે પણ આહાર નિર્દોષનો ભાવ કે તારો નિર્દોષ ભાવ વિકલ્પ છે કે નહિ નિર્દોષ લેવાનો? એ નિર્દોષ ભાવે છે વ્યવહારે. નિશ્ચયથી તો સ્વભાવનો આશ્રય લઈ નિર્મળદશા પ્રગટ થાય તે નિર્દોષ છે અને એ પર્યાય દ્રવ્યની છે અને દ્રવ્ય પર્યાય છે એ વાત નિર્દોષ છે.

નિર્દોષ આહાર આવ્યો માટે પરિણામ સુધર્યા. માણસ એમ કહે છે, અન્ન એવું મન અને પાણી એવી વાણી. એ ખોટી વાત છે કહે છે અહીં. સમજાણું કાંઈ? જુઓ માંસ ખાઈએ તો એની પર્યાય ભૂંડી થાય. પણ કહે છે કે એ માંસની પર્યાયની ક્રિયા છે એ તારી નથી, તારામાં થાતી નથી. હાય..! હાય..! ભારે જગતને આકરું પડે. ફક્ત તારો ભાવ જે માંસ ખાવાનો હતો વિકલ્પ, એની ઉત્પત્તિ તારા દ્રવ્યમાં થઈ છે અને તે તારા દ્રવ્યથી થઈ છે. એ વિકલ્પ તે દ્રવ્ય છે. સમજાય છે? એ વિકલ્પ તે દ્રવ્ય છે, જીવ છે અને દ્રવ્ય તે વિકલ્પ છે, એ જીવ તે વિકલ્પ છે, માંસ તે વિકલ્પ છે એમ છે નહિ. સમજાણું કાંઈ? છેને? સંસ્કૃતમાં છે જુઓ! ‘**इत्यनवद्यम्**’ સંસ્કૃત છે. મુનિ મહારાજ અમૃતચંદ્રાચાર્યદેવ કહે છે, આ વાત નિર્દોષ છે. સદોષના રહિત ભાવ સ્વરૂપનું નિર્દોષપણું છે. એમાં બીજી ઘાલમેલ કંઈ પાલવતી નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

‘**ભાવાર્થ :- જે પહેલાં હયાત હોય તેની જ ઉત્પત્તિને સત્-ઉત્પાદ કહે છે...**’ આત્મા છે એમાંથી પર્યાય થાય એ સત્-ઉત્પાદ છે. છે તે થયો, છે તે થયો. નહોતું ને થયું એમ નહિ. એમ પરમાણુમાં પણ પરમાણુ છે અને અવસ્થા થઈ એ સત્-ઉત્પાદ કહેવાય, સત્ હયાતવાળો ઉત્પાદ કહેવાય. ‘**અને જે પહેલા હયાત ન હોય તેની ઉત્પત્તિને અસત્-ઉત્પાદ કહે છે.**’ પહેલી દશા ન હોય અને પછી થઈ દશા, એ અવસ્થાની અપેક્ષાએ નહોતી અને થઈ એ પણ છે ખરી. નહોતી અને થઈ તેને અસત્-ઉત્પાદ કહે છે. ‘**જ્યારે...**’ આમાં તો નવરા... રામજીભાઈ કહે આ મુંબઈમાં ચાલે તો? નવનીતભાઈએ ના પાડી. આ કોણ સાંભળે? શું કહે છે આ તે? બેઠા બેઠા કંટાળી જાય. ભાઈ કહે છે એમ. અરે..! ભગવાન! શું થાય? વયુ જાય છે. બાપુ! આ વસ્તુ એવી છે કે વસ્તુની સ્વતઃ સિદ્ધિ કરે છે અને પરથી સિદ્ધિ તારી નહિ અને તારાથી પરની સિદ્ધિ નહિ. તું છો માટે આ શરીરની અવસ્થા

થાય છે, તું છો માટે પૈસા આવે ને જાય છે, તું દુકાને બેઠો માટે વ્યવસ્થા તારી પર્યાયની છે, માટે આ બધું સરખું ચાલે છે એમ નથી. સમજાણું કાંઈ? પોપટભાઈ! દુકાન ઉપર બરાબર ધ્યાન રાખીને બેસે માટે ત્યાં પૈસા આવે છે લાદીના ને પૈસા પેદા લાખો થાય છે એમ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- એ તો ખબર છેને, અહીં બેઠા ત્યાં આવે છે.

ઉત્તર :- ત્યાં આવે છે તો કોને આવે? ત્યાં આવે છે, આવે છે એમ માને છે. આહા..હા..! ભારે વાત! આપણે ધ્યાન રાખીએ, પથ્ય આહાર લઈએ તો શરીરની નિરોગ અવસ્થા રહે. એ વાત ખોટી છે એમ સિદ્ધ કરે છે અહીં. આ શરીરના પરમાણુઓ છે એ સરોગ અવસ્થારૂપે હોય. સરોગ એટલે એ તો કલ્પ્યું છે. એ તો એ અવસ્થા એનું સ્વરૂપ જ છે એ વખતનું. સમજ્યાને? પણ સરોગ અવસ્થા છે, પછી થાય નિરોગ. એ નિરોગ અવસ્થામાં દવા થઈ માટે નિરોગ અવસ્થા એમ સિદ્ધ નથી કરતું. એ નિરોગ અવસ્થા પરમાણુ છે એમ સિદ્ધ કરે છે. એ અવસ્થા તે પરમાણુ છે, એ અવસ્થા તે આ પરમાણુ (છે). એ અવસ્થા તે દવા પરમાણુ છે એમ સિદ્ધ કરતું નથી. કહો, સુરેન્દ્રભાઈ!

મુમુક્ષુ :- એ તો દવાના મોટા વેપારી છે.

ઉત્તર :- માટે એના ઉપર ગયું વજન વધારે. એ પછી કીધું ત્યારે યાદ આવ્યું દવાનું. સમજાણું કાંઈ?

સોનાનો દાગીનો છે. પડ્યો છે. હવે એ દાગીનો આમ જાય છે, જાય છે. કહે છે કે એ અવસ્થા જે થઈ એ અવસ્થા અસત્ છે. પહેલા આ બીજી અવસ્થા હતી, આમથી આમ થઈ. એ પર્યાયની અપેક્ષાએ અસત્ ઉત્પાદ છે. પણ એ અસત્-ઉત્પાદ દ્રવ્ય છે એમ સિદ્ધ કરે છે, એ પરમાણુ છે એમ સિદ્ધ કરે છે. કોઈ ચોર આવીને લઈ ગયો એમ સિદ્ધ નથી કરતો એમ કહે છે. ભારે વાત! એય..!

મુમુક્ષુ :- એ તો એને કારણે ગયુંને.

ઉત્તર :- એને કારણે. એનો પર્યાય ત્યાં પરમાણુને સિદ્ધ કરે છે. એનો પર્યાય જોડે ચોર છે એને સિદ્ધ નથી કરતું. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યવસ્થા તો વ્યવસ્થિત જ છે. વ્યવસ્થા કરે કોણ અને ન કરે કોણ? આહા..હા..!

ભગવાન! તારી ચીજમાં શું બને છે અને પરમાં શું બને છે? તેનું સ્વતંત્રપણું શું છે એની સાચી સમજણ વિના તેનું જ્ઞાન ખોટું છે અને ખોટું જ્ઞાન તે દુઃખદાયક છે, ખોટું જ્ઞાન તે ઝેરમય છે એમ કહે છે. આહા..હા..! સમજાય છે? અને માને કે અમે સુખી છીએ. ઝેરમય જ્ઞાન ખોટું એને માને કે અમે ઠીક છીએ. મિથ્યા ભ્રમમાં ઘૂંટાય છે એ જીવ. શું થાય? સમજાણું કાંઈ?

'**અને જે પહેલાં હયાત ન હોય તેની ઉત્પત્તિને અસત્‌-ઉત્પાદ કહે છે.**' પહેલી અવસ્થા નહોતી અને નવી થઈ અવસ્થાની દૃષ્ટિએ અસત્‌ છે. '**જ્યારે પર્યાયોને ગૌણ કરીને...**' અવસ્થાનું મુખ્યપણું ન કરીએ તો? '**દ્રવ્યનું મુખ્યપણે કથન કરવામાં આવે છે, ત્યારે તો જે હયાત હતું તે જ ઉત્પન્ન થાય છે...**' છે તે થયું, છે તે થયું. '**(કારણ કે દ્રવ્ય તો ત્રણે કાળે હયાત છે); તેથી દ્રવ્યાર્થિક નયથી તો દ્રવ્યને સત્‌-ઉત્પાદ છે.**' વસ્તુ દૃષ્ટિથી તો છે તે ઊપજે છે, છે તે થાય છે, છે તે છે. એમ. '**જ્યારે દ્રવ્યને ગૌણ કરીને પર્યાયોનું મુખ્યપણે કથન કરવામાં આવે છે, ત્યારે જે હયાત નહોતું તે ઉત્પન્ન થાય છે...**' નહોતું તે થાય છે. '**(કારણ કે વર્તમાન પર્યાય ભૂતકાળે હયાત નહોતો),...**' કહો, સમજાણું કાંઈ? '**તેથી પર્યાયાર્થિક નયથી દ્રવ્યને અસત્‌-ઉત્પાદ...**' કહેવામાં આવે છે.

'**અહીં એ લક્ષમાં રાખવું...**' એ છેલ્લાની વાત છે આ. '**દ્રવ્ય અને પર્યાયો જુદી જુદી વસ્તુ નથી; તેથી પર્યાયની વિવક્ષા વખતે પણ, અસત્‌-ઉત્પાદમાં, જે પર્યાયો છે તે દ્રવ્ય જ છે,...**' એ છેલ્લા પેરેગ્રાફમાં. આ ચાલ્યો ઈ, એનો ખુલાસો છે. '**તેથી પર્યાયોની વિવક્ષા પણ,...**' નવા નવા ઉત્પન્ન પર્યાયો થાય પરમાણુ કે આત્માના, એ દ્રવ્ય જ છે, એ વસ્તુ જ છે. '**અને દ્રવ્યની વિવક્ષા વખતે પણ, સત્‌-ઉત્પાદમાં, જે દ્રવ્ય છે તે પર્યાયો જ છે.**' જીવ છે તે અવસ્થા છે, પરમાણુ છે તે અવસ્થા છે. કહો, હવે સમજાણું કે નહિ બરાબર? ખેતશીભાઈ! આહા..હા..!

'**હવે (સર્વ પર્યાયોમાં દ્રવ્ય અનન્ય છે અર્થાત્‌ તેનું તે જ છે...**' દરેક અવસ્થા ભલે ભિન્ન ભિન્ન થાય આત્મામાં કે પરમાણુઓમાં. પરમાણુઓમાં લીલી, પીળી, ધોળી, સુંવાળી અવસ્થાઓ થાય, તોપણ પરમાણુ તો પરમાણુ જ છે. આત્મામાં ગતિ મનુષ્ય-દેવ આદિની થાય કે સિદ્ધ થાય તોપણ જીવ તો જીવ જ છે. '**માટે તેને સત્‌-ઉત્પાદ છે-એમ) સત્‌-ઉત્પાદને અનન્યપણા વડે...**' અનેરું નહિ. તે જ છે એ વડે '**નક્કી કરે છે :—**' ૧૧૨.

**जीवो भवं भविस्सदि णोरङमरो वा परो भवीय पुणो।**
**किं दव्वत्तं पजहदि ण जहं अण्णो कहं होदि।।११२।।**

નીચે.

**જીવ પરિણમે તેથી નરાદિક એ થશે; પણ તે-રૂપે**
**શું છોડતો દ્રવ્યત્વને? નહિ છોડતો ક્યમ અન્ય એ? ૧૧૨.**

એનો અન્વયાર્થ લઈએ. હળવે-હળવે તો આ ચાલે છેને. છેને અન્વયાર્થ એમાં? અન્વયાર્થ છેને.

'**અન્વયાર્થ :— જીવ પરિણમતો હોવાથી...**' આત્મા છે તે પર્યાયે બદલતો હોવાથી. આત્મા વસ્તુ છે તે અવસ્થાથી પરિણમતો, બદલતો, અવસ્થાંતર થતો હોવાથી '**મનુષ્ય,...**'

થાય. 'દેવ,...' થાય '**અથવા બીજું કાંઈ (-તિર્યંચ, નારક કે સિદ્ધ) થશે.**' સમજાણું કાંઈ? આત્મા નારકીની ગતિપણે ઊપજે. નીચે નરક છે નીચે સાત. ત્યાં નરકપણે ઊપજે ગતિ. નારકપણે ઊપજે-પરિણમતો થકો, પલટતો થકો. તે પલટતો થકો દેવ થાય કે બીજું કાંઈ. જીવ પરિણમતો થકો ઢોર થાય કે જીવ પરિણમતો થકો નારક કે સિદ્ધ થાય. પુરુષ મરીને સ્ત્રીનો દાખલો ભાઈ કહ્યો હતોને? બે દાખલા. ભાઈએ કહ્યા હતા. છેને બધા દાખલા તો હોયને. પુરુષ મરીને સ્ત્રી થાય, સ્ત્રી મરીને પુરુષ થાય. ભાવ કરે તે પ્રમાણે થાય છે. એમ કે ક્યાંય પુરુષ મરીને સ્ત્રી થાય એવું સાંભળ્યું નહોતું. ઓલા પંડિત કહે. સ્ત્રી મરીને પુરુષ થાય. પુરુષ મરીને સ્ત્રી થાય. માયા, કપટ, કુટીલતા કરે તો મરીને બાયડી થાય. બાયડી મરીને.. નરકમાં જાય. આહા..હા..! રાજા મોટો હોય. આત્માના ભાન વિના એ દારૂ, માંસના ખાવાના પરિણામ, એ અધર્મના પરિણામે પરિણમતો થકો નારકી થાય. આહા..હા..! સિંહાસનમાં બેઠો દેખાય. ખમ્મા-ખમ્મા આમ ચામર ઢાળતા હોય. આયુષ્ય પૂરું થયું, પરિણમતો થકો નારકીપણે પરિણમે.

સાતમી નરકે બ્રહ્મદત્ત ચક્રવર્તી. જેના પુણ્ય લોકમાં પાથર્યા પાથરે તો સમાય નહિ એટલા પુણ્ય હતા ચક્રવર્તીના. એ ભાવ પાપના કર્યા, મરીને સાતમી નરકે (ગયો). રવ રવ નરકે અત્યારે છે. ૩૩ સાગરની સ્થિતિએ છે. એક સાગરમાં અસંખ્ય અબજ... દસ ક્રોડાક્રોડી પલ્યોપમ ચાલ્યા જાય અને એક પલ્યોપમમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એવું સાતસો વર્ષનું (ચક્રવર્તીપણે) આયુષ્ય અને એક એક સમયે એક સમયનું અસંખ્ય વર્ષનું નારકીનું દુઃખ.

મુમુક્ષુ :- એક સમયની મજા.

ઉત્તર :- એક સમયની મજા માની. એના એક સમયના ફળ તરીકે અસંખ્ય વર્ષનું અપરીઠાણે રવ રવ નરકે દુઃખમાં બ્રહ્મદત્ત પડ્યો છે અત્યારે. સમજાણું કાંઈ? એવા નીકળ્યા છેને. કે આ બધું નારકી ને ઢોર ને એ બધા દેવને વાતું કરે છે જીવની સાથે એ બરાબર તર્કથી સિદ્ધ થાતી નથી. વળી કોઈ એમ કહે છે. આવા ને આવા લક્ષણ. આચાર્યોએ સર્વજ્ઞને સિદ્ધ કર્યા છે એનું લાંછન આપ્યું. સર્વજ્ઞે દીઠું જોયું એ કહેવું ખોટું છે. કેમકે અત્યારે બધું ખોટું પડે છે. અરે..! ભગવાન! શું કરે છે આ? આત્માને જાણ્યો એમ કહો. જૈનમિત્રમાં આવ્યું છે. ઓલો દૌલતરામ છેને. ચારિત્રના ગોતી ગોતીને લખ્યા છે. આચાર્યે સર્વજ્ઞથી બીજું બધું જાણ્યું એ વર્તમાન બિલકુલ ગપ્પ, અફીણ ખાનારો જેમ ગપ્પ બોલે છે એવું બધું ગપ્પ દેખાય છે. અરે..! ભગવાન! શું થાય બાપુ? હજી તું જો તો ખરો ભાઈ! આહા..હા..! આત્માનો સાક્ષાત્કાર કર્યો હશે એ સર્વજ્ઞ કહો એમ કહો. અરે..! પ્રભુ! શું કરે છે તું આ? દેવ, નારકી એમ કે વળી... દેવ-નારકીના લક્ષણો મનુષ્ય જેવા કહ્યા છે એ કાંઈ ન્યાયથી બેસતા નથી બરાબર. બધા .. અવતાર નાખ્યો. .. ચારિત્રનો? અરે..! પ્રભુ! શું કરે છે? ભાઈ! સર્વજ્ઞે તો બધું જોયું ભાઈ! અને બધું એમ જ છે. પણ હવે એને જ્યાં સુધી સિદ્ધ

ન થાય બહારથી, બીજાથી સિદ્ધ થાય એનાથી માને કે જુઓ આ ખોટું પડ્યું. બાપુ! કઈ રીતે સિદ્ધ કરે છે એ પણ હજી તને ખબર નથી. અત્યારે તો હવે ચંદ્રલોકમાં જઈ આવ્યા .. કરીને, ફલાણું કરીને, ઢીંકણું કરીને. આહા..હા..!

કહે છે કે મનુષ્ય મરીને દેવ થાય પરિણામ પ્રમાણે. મનુષ્ય મરીને ઢોર થાય પરિણામ પ્રમાણે, મનુષ્ય મરીને નારકી થાય અને મનુષ્ય મરીને દેવ થાય અને સિદ્ધ થાય. પોતાના શુદ્ધ પરિણામ કેવળજ્ઞાનના પ્રગટ કરે તો સિદ્ધ થાય. **'પરંતુ મનુષ્યદેવાદિક થઈને શું તે દ્રવ્યપણાને છોડે છે?'** વસ્તુ બીજી થઈ ગઈ છે? ગતિ ફરી એટલે વસ્તુ બીજી થઈ ગઈ? જીવ તો ઈનો ઈ છે. સમજાણું કાંઈ? કીડે, કાગડે અવતર્યો અને અહીં માણસ હતો, તે જીવ માણસ મરીને કાગડો, કૂતરો થયો એથી કાંઈ જીવ બીજો થઈ ગયો? જીવ તો ઈનો ઈ છે. જીવ મનુષ્યપણાની ગતિએ હતો તે કાગડે હતો, તે કૂતરે હતો, તે નરકમાં હતો. જીવનું જીવપણું ક્યાંય ગયું છે? **'નહિ છોડતો થકો અન્ય કેમ હોય? (અર્થાત્ તે અન્ય નથી, તેનો તે જ છે.)'** જે જીવ અહીં છે એ જ પરિણામ જેવા કરે તે પ્રમાણે નરકમાં જાય, એવા પરિણામ કરે તો ઢોર થાય, એવા પરિણામ કરે તો કીડી, કાગડો થાય, એવા પરિણામ કરે તો દેવ થાય, એવા પરિણામ કરીને મનુષ્ય મરીને મનુષ્ય પણ થાય. સમજાણું કાંઈ?

**'ટીકા :- પ્રથમ તો દ્રવ્ય દ્રવ્યત્વભૂત અન્વયશક્તિને સદા નહિ છોડતું થકું...'** વસ્તુ પોતાનો ભાવ જે દ્રવ્યત્વભૂત છે દ્રવવું એવી અન્વયશક્તિ-કાયમ રહેનારી શક્તિને સદાય નહિ છોડતું દ્રવ્ય. **'સત્ જ (હયાત જ) છે.'** વસ્તુ પોતાના દ્રવ્યત્વભૂત દ્રવવું, પરિણમવું, એવી અન્વય શક્તિ કાયમની છે તેને નહિ છોડતો થકો સત્ જ-હયાત જ વસ્તુ છે, ત્રિકાળ હયાત છે. **'અને દ્રવ્યને જ પર્યાયભૂત વ્યતિરેકવ્યક્તિઓનો ઉત્પાદ થાય છે...'** લ્યો! હવે આવ્યું. અને વસ્તુને જે પર્યાયભૂત વ્યતિરેક-ભિન્ન ભિન્ન વ્યક્તિ એટલે પ્રગટતા ઉત્પન્ન થાય છે **'તેમાં પણ દ્રવ્યત્વભૂત અન્વયશક્તિઓનું અચ્યુતપણું હોવાથી...'** ભિન્ન ભિન્ન અવસ્થાના કાળમાં પણ તે તે દ્રવ્યનું અન્વય એટલે શક્તિનું ભ્રષ્ટપણું નથી. ઘણાં અર્થ કર્યા છે એમાં. **'અન્વય શક્તિ તો અપતિત-અવિનષ્ટ-નિશ્ચળ...'** છે. કૌંસમાં.

વસ્તુ ભગવાન આત્મા, જેવા મિથ્યાત્વના, અજ્ઞાનના પરિણામ કરે તો એ પ્રમાણે નિગોદમાં પણ અવતરે. તો એ પરિણામમાં જતો કાંઈ દ્રવ્ય બીજો થઈ જાય છે? આત્મા તો એનો એ છે. દ્રવ્યનું દ્રવ્યપણું કાંઈ ચ્યુત થયું નથી. દ્રવ્યનું-વસ્તુનું વસ્તુપણું કાંઈ ભ્રષ્ટ થયું નથી. પર્યાયપણે પરિણમન છે એટલે પર્યાય બીજી થાય. સમજાણું કાંઈ? **'દ્રવ્યને જ પર્યાયભૂત વ્યતિરેક...'** નામ ભિન્ન ભિન્ન પ્રગટતાઓ તે **'ઉત્પાદ થાય છે તેમાં પણ દ્રવ્યત્વભૂત અન્વયશક્તિઓનું અચ્યુતપણું હોવાથી દ્રવ્ય અનન્ય જ છે...'** તે તો વસ્તુ એની એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'(અર્થાત્ તે ઉત્પાદમાં પણ અન્વયશક્તિઓ તો**

**અપતિત...'** છે. કાયમની શક્તિઓ તે નાશ થઈ નથી. '**વિનષ્ટ...'** થઈ નથી. '**નિશ્ચળ હોવાથી દ્રવ્ય તેનું તે જ છે, અન્ય નથી).'** કહો, સમજાણું?

આપણે ગીતાનો-રાજુલનો દાખલો. છે કે નહિ? આ વજુભાઈના દીકરાની દીકરી, રાજુલ. ગીતા હતી અહીં લુહાણાની દીકરી, જૂનાગઢમાં. લ્યો! વજુભાઈ કે લડકે કી લડકી હૈ. જાતિસ્મરણ હૈ. અભી નહીં હૈ પૂર્વ ભવ. ત્યાં ગોકળભાઈ છે લુહાણા એની દીકરી હતી. ગોકળ લુહાણા છે. મરીને અહીં આવી છે. સમજાણું કાંઈ? એ બોલી કે હું ગીતા છું, જૂનાગઢથી આવી છું. દ્રવ્ય તો એનું એ રહ્યું. ત્યાં હતો એ જીવ તે એ જીવ આ છે. કે બીજો? બીજો જીવ થઈ ગયો? અવસ્થા પરિણમન બદલ્યું. અમારા પંડિતજીએ પૂછ્યું ત્યારે એમ જવાબ આપ્યો એણે કે ત્યાં જઈને તારી માને બધાને ઓળખીશ? કહે હા. તું ગીતાને ઓળખીશ? ગીતાને ઓળખીશ નહિ, ગીતા તો આ રહી. ગીતાનો જીવ તો આ રહ્યો એમ બોલી. ગીતા તો આ રહી એમ કીધું જુઓ! પાંચ વર્ષને? તે દિ' પાંચ વર્ષને. બોલી હતી અઢી વર્ષે, પણ તમે પૂછ્યું હતું પાંચ વર્ષે. થયું હતું અઢી વર્ષે. પૂર્વ ભવ(નું જ્ઞાન) અઢી વર્ષે. પાંચ વર્ષે કીધું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લ્યો ઠીક. આમણે પૂછ્યું એના બાપના કાકાએ. રાજુલ! ત્યાં ગીતાને તું ઓળખીશ? તમે સમજતા નથી? લે, એ વળી નવું આવ્યું? લ્યો, આ તો તમે સમજતા નથી? ગીતા તો આ રહી. પાંચ વર્ષે. બોલી હતી અઢી વર્ષે. ત્યાં અઢી વર્ષે મરી ગઈ હતી ત્યાં છોડી એના માના ખોળામાં. અહીં ઊપજી સવા નવ મહિને. આ વળી નવું કાઢ્યું, ઈ આપણે સાંભળ્યું નહોતું. તમે સમજતા નથી? આ ગીતા છે. ગીતા તો અહીં રહી. ગીતા ત્યાં ક્યાં છે હવે? જીવ તો એનો એ છે. પર્યાય પલટે છે, કાંઈ એમાં દ્રવ્ય ભ્રષ્ટ થતું નથી. વિશેષ કહેશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૨, રવિવાર, તા. ૦૫.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૧૨-૧૧૩, પ્રવચન-૧૧૭**

૧૧૨ ગાથા. પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ (પ્રજ્ઞાપન અધિકાર). '**આ વાતને (ઉદાહરણથી) સ્પષ્ટ કરવામાં આવે છે :'** નીચે છે ૨૨૦ પાને. '**જીવ દ્રવ્ય હોવાથી...'** જુઓ! આ વસ્તુ છે તે દ્રવ્ય છે, પદાર્થ છે. '**અને દ્રવ્ય પર્યાયોમાં વર્તતું હોવાથી...'** છે? જુઓ!

'**દ્રવ્ય પર્યાયોમાં વર્તતું હોવાથી...**' અત્યારે એમ છે. ૩૨૦મી ગાથાની જેમ નથી કે દ્રવ્ય પર્યાયમાં ન આવે. અહીં તો દ્રવ્ય છે એ ધ્રુવ છે એ ઉપર પર્યાય થાય છે, ઉપર પર્યાય થાય છે, એ દ્રવ્ય પર્યાયમાં આવે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! વસ્તુ પોતે છે એ ધ્રુવ છે અને ઉપર પર્યાય જે થાય છે નવી-નવી... જુઓ! '**જીવ દ્રવ્ય હોવાથી...**' વસ્તુ તે દ્રવ્ય હોવાથી, ધ્રુવ અનાદિ-અનંત સત્ વસ્તુ હોવાથી અને '**દ્રવ્ય પર્યાયોમાં વર્તતું હોવાથી...**' એ વસ્તુ છે તે ક્ષણે ક્ષણે અવસ્થામાં આવતું હોવાથી અથવા પરિણમતું હોવાથી.

'**જીવ નારકત્વ,...**' નારકીપણાની પર્યાય, જીવદ્રવ્યમાં ધ્રુવમાં પર્યાય થાય છે. નારકીપણાની અવસ્થા એ ધ્રુવ વસ્તુ, સત્ જ્ઞાયકભાવ જે ત્રિકાળ વસ્તુ, તે નારકીની પર્યાયપણે, પર્યાયદૃષ્ટિએ, પર્યાય અપેક્ષાએ તે દ્રવ્ય પોતે પર્યાયમાં વર્તે છે એમ કહેવામાં આવે છે. છતાં એ પર્યાયરૂપ દ્રવ્ય નથી. દ્રવ્ય તો ભિન્ન છે. અહીં તો સિદ્ધ કરવું છે કે પર્યાયમાં વર્તે માટે સત્ ઉત્પાદ છે. જ્ઞેયપણું સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પોતે જીવ પોતાની નરકગતિની પર્યાયમાં વર્તે છે. એમ કહેતા શરીરમાં અને પરમાં એ વર્તતું નથી. સમજાય છે કાંઈ? વસ્તુ જે છે સત્ ચિદાનંદ ધ્રુવ, એ પર્યાય એની અવસ્થામાં વર્તે, પણ એ દ્રવ્ય કાંઈ શરીરમાં કે કર્મમાં કે પરમાં વર્તતું નથી. સમજાણું કાંઈ? પર્યાયમાં વર્તે તોપણ એની અવસ્થામાં વર્તે એમ કહે છે. વસ્તુ છે શાશ્વત જ્ઞાયકમૂર્તિ, ધ્રુવ સચ્ચિદાનંદ ધ્રુવ સ્વરૂપ એ પર્યાયમાં ભલે વર્તે એમ કહો પર્યાયથી, પણ એ શરીરમાં કે કર્મમાં તો વર્તતું નથી. સમજાણું કાંઈ?

'**નારકત્વ, તિર્યંચત્વ,...**' પશુપણે. પશુ એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિયની ગતિની પર્યાયપણે, પર્યાયપણે. ધ્રુવ ધ્રુવ છે એ પર્યાયપણે વર્તતું '**મનુષ્યત્વ,...**' મનુષ્ય એટલે આ શરીર નહિ. આ શરીર તો જડની પર્યાય છે. પરમાણુ ધ્રુવ છે, પરમાણુ પણ ધ્રુવ છે તો એની એ પર્યાયમાં પરમાણુ વર્તે છે. એ પરમાણુ કાંઈ આત્માની પર્યાયમાં વર્તે છે એમ નથી. સમજાણું કાંઈ? આ પરમાણુ છે જડ, વસ્તુ છેને? અસ્તિ દેખાય છેને આમ? ન હોય એ દેખાય? છે. એ છે એનો જે પોઈન્ટ એક એક રજકણ છે એ રજકણ એની અવસ્થામાં વર્તે છે, પર્યાયમાં વર્તે છે, પણ બીજા પરમાણુની પર્યાયમાં એ વર્તતું નથી. અને એ પરમાણુ પોતાની પર્યાયમાં વર્તતા, જીવની પર્યાયમાં વર્તતું નથી. સમજાણું કાંઈ?

'**મનુષ્યત્વ, દેવત્વ...**' પણે. દેવની પર્યાયપણે. દેવ એટલે શરીર નહિ. દેવગતિની ઉદય પર્યાય એ પણે, અરે..! '**સિદ્ધત્વમાંના...**' લ્યો ઠીક! સિદ્ધની પર્યાય જે મોક્ષની પર્યાય. આહા..હા..! વસ્તુ જે છે ચૈતન્ય ધ્રુવ જ્ઞાયકમૂર્તિ એવી શાશ્વત વસ્તુ, અણકરેલી, અવિનાશી એ ચીજ પોતે સિદ્ધની પરમાત્મદશા પર્યાયમાં વર્તે. લ્યો ઠીક! એ ધ્રુવ પણ એ સિદ્ધની પર્યાયમાં વર્તે. સિદ્ધદશા પણ પર્યાય છે. સમજાણું કાંઈ? ધ્રુવ દ્રવ્ય તો ત્રિકાળ દ્રવ્ય એમાં વર્તી રહ્યું છે. દ્રવ્યનું દ્રવ્યપણું આખું કાંઈ પર્યાયમાં આવ્યું નથી. આહા..હા..! જીવ.. આત્મા

કહો કે જીવ કહો, એની ચાર ગતિ અને પાંચમી મોક્ષદશા. જોકે સંસારદશાની ચાર ગતિ એ તો અનાદિ-સાંતરૂપ અવસ્થા અને સિદ્ધની સાદિ-અનંતરૂપ અવસ્થા. તો એ દ્રવ્ય પોતે વસ્તુ છે એની એક સમયની અવસ્થામાં સિદ્ધ આદિ કે ગતિ આદિની અવસ્થામાં વર્તે.

**'કોઈ એક પર્યાયે અવશ્યમેવ થશે—'** એ માંહ્યલા કોઈ એક પાંચ પ્રકારમાંથી, કોઈ એક પર્યાય અવશ્યમેવ પરિણમશે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા આનંદનો કંદ પ્રભુ છે એની ઉપર આ પર્યાય છે, કહે છે કોઈપણ પર્યાય વર્તશે એમ કહેશે. ચાહે તો ગતિની પર્યાય, ચાહે તો સિદ્ધની પર્યાય, કોઈ એક પણ ધ્રુવ ઉપર વસ્તુ, એની વર્તમાન અવસ્થાપણે વર્તશે અથવા પરિણમશે. વસ્તુ પોતે છે સત્ છે, એ કોઈપણ પર્યાયમાં પરિણમશે, પરિણમ્યા વિનાની એ ચીજ રહેશે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વસ્તુ જ્યારે ધ્રુવ છે, જે દૃષ્ટિનો વિષય ધ્રુવ છે, અખંડ આનંદમૂર્તિ છે તેને પકડવું દૃષ્ટિએ તે વસ્તુ. જેથી તે ધ્રુવની ઉપર આ પર્યાયો પલટ્યા કરે છે, છતાં ધ્રુવ તો ધ્રુવ રહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો એ સિદ્ધ કરવું છે કે વસ્તુ જે છે દ્રવ્ય (એ) કોઈપણ પર્યાયે જરૂર પરિણમશે. ચાહે તો નરકગતિપણે હો, મનુષ્યગતિપણે હો, ઢોરપણે હો કે દેવપણે હો કે સિદ્ધપણે હો, પણ એ પર્યાયપણે વસ્તુ પરિણમશે, જરૂર પરિણમશે. પરિણમ્યા વિનાની એ ધ્રુવદશા રહે નહિ એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? **'પરંતુ તે જીવ તે પર્યાયરૂપે થઈને...'** દેખો! ભગવાન આત્મા ચૈતન્ય ધ્રુવ એ પર્યાયરૂપ થઈને, ચાર ગતિની કોઈ પર્યાય કે સિદ્ધની પર્યાય એ(રૂપ) થઈને **'શું દ્રવ્યત્વભૂત અન્વયશક્તિને છોડે છે?'** ધ્રુવપણું જે અન્વય કાયમ રહેનારો ભાવ, તે કોઈપણ અવસ્થાપણે થતાં, તે અન્વયપણું, દ્રવ્યત્વપણું, ધ્રુવપણું છોડે છે? આહા..હા..! સમજાણું કાંઈ?

**'તે જીવ તે પર્યાયરૂપે થઈને...'** એ વસ્તુ તે અવસ્થારૂપે થઈને **'શું દ્રવ્યત્વભૂત...'** જે એનું દ્રવ્યપણું, ભાવપણું, ધ્રુવપણું, અન્વયશક્તિ કાયમ રહેનારો સ્વભાવ એને શું એ જીવ છોડે? પર્યાયમાં પરિણમે છતાં અન્વય શક્તિ ધ્રુવ તો કાયમ રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભગવાન આત્મા કાંઈ કર્મની પર્યાયપણે પરિણમે કે કોઈ શરીરની પર્યાયપણે પરિણમે એવો તો ત્રણકાળમાં નથી. એ તો પરમાણુ તે પર્યાયપણે પરિણમે એમ કહે છે. આ જગતના તત્ત્વો જડ છે આ, એ દ્રવ્ય છે પરમાણુ. તો એ પરમાણુ કોઈપણ પર્યાયે પરિણમશે. એની કોઈપણ અવસ્થારૂપે થશે. આ પરમાણુ છે જુઓ! રજકણો. અત્યારે લાલ અવસ્થારૂપે પરિણમ્યા છે, લોહીની અવસ્થારૂપે. એ પરિણમશે કોઈપણ પર્યાયપણે. કાળી, રાતી, લીલી, સુંવાળી, કાળી, વગેરે. પણ એમાં રજકણ જે અન્વય ધ્રુવ છે એ પોતાનું ધ્રુવપણું છોડશે? ભારે! સમજાણું કાંઈ?

એના ને એના બે અંશો. એક ત્રિકાળી ધ્રુવ અંશ અને એક વર્તમાન પરિણમનનો અંશ, બસ. એટલું એનું સત્ત્વ એટલામાં સમાઈ જાય છે. એનું ધ્રુવપણું અને એનો પરિણમનનો અવસ્થા અંશ બીજા સાથે કાંઈ વર્તે અને બીજામાં વર્તે એ ત્રણકાળમાં બનતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ! આ આંખ આમ ફરે છે કે નહિ? આંખ. કહે છે કે એના જે રજકણો છેને પરમાણુ આંખના રજકણો, એ કોઈપણ અવસ્થાએ કાળી, રાતી, લીલી, પીળી, કે કંપન્ન એવી પર્યાયે પરિણમશે, પરિણમશે. એ પરમાણુ પરિણમશે એ રીતે, આત્મા નહિ. આ આમ હલે છે એમાં એ રજકણો તે પર્યાયપણે પરિણમે છે, આત્મા નહિ, આત્મા તો ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? છતાં એ પરમાણુ એની કોઈપણ અવસ્થા કાળી, રાતી, ટાઢી, ઊનીપણે હો, પરિણમશે, થશે, જરૂર પરિણમશે. પણ છતાં તે પરમાણુનું દ્રવ્યપણું જે ધ્રુવપણું, જે અસ્તિપણું સત્ છે એ શું ભ્રષ્ટ થશે? નાશ થશે? આહા..હા..! સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા વસ્તુ તરીકે ધ્રુવ, દ્રવ્ય તરીકે ધ્રુવ એ કોઈપણ અવસ્થારૂપે હો, જરૂર હો. અવસ્થા વિના હોઈ શકે નહિ. છતાં શું દ્રવ્યપણું તે છોડશે? અવસ્થાપણે થઈ છતાં ધ્રુવપણું છે એ છૂટશે? અન્વય કાયમ રહેનારું તત્ત્વ અને સત્ત્વ એ કાંઈ અભાવ થશે? સમજાણું કાંઈ?

‘**તે પર્યાયરૂપે થઈને શું દ્રવ્યત્વભૂત અન્વયશક્તિને છોડે છે? નથી છોડતો. જો નથી છોડતો તો તે અન્ય કઈ રીતે હોય...**’ તો તે અન્ય રીતે કઈ રીતે હોય? ‘**કે જેથી ત્રિકોટિ સત્તા (-ત્રણ પ્રકારની સત્તા,)...**’ ત્રિકાળી સત્તા, ત્રણે કાળની રહેનારી સત્તા. ‘**જેને પ્રગટ છે એવો તે (જીવ),...**’ ત્રિકાળ રહેનારો એવો જે જીવ, ત્રિકાળ રહેનારું એવું જે તત્ત્વ, છે, છે ને છે એવો જે ભાવ, જીવદ્રવ્ય સ્વભાવ. ‘**જેને પ્રગટ છે એવો તે (જીવ), તે જ ન હોય?**’ ગમે તે પર્યાયમાં હો પણ તે ત્રિકાળ રહેનારું તત્ત્વ તે ન હોય, તે ન હોય એમ કેમ બને? તે તો ધ્રુવ તે ધ્રુવ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ત્રણ પ્રકારની સત્તા, ત્રિકાળી સત્તા જેને પ્રગટ છે એવો તે ‘**(જીવ), તે જ ન હોય?**’ અથવા ત્રણે કાળે હયાત એવો જીવ અન્ય નથી, તેનો તે જ છે. ગમે તે પર્યાયની અવસ્થાપણે હોવા છતાં વસ્તુ તો તેની તે છે, તેની તે છે. અન્ય થઈ ગઈ છે? સમજાણું કાંઈ? જુઓ! આવું દ્રવ્યનું સ્વરૂપ છે અને આવું દ્રવ્યનું સ્વરૂપ છે એ પર્યાયપણે પરિણમે છતાં તે પોતાનું દ્રવ્યપણું, ધ્રુવપણું છોડતું નથી એવું એને જ્ઞાન થવું જોઈએ. એ જ્ઞાનમાં આવું જ્ઞેય છે એમ આવવું જોઈએ. અને તેથી જ્ઞાનમાં એવું જ્ઞેય આવતા, જે પર્યાયપણે પરિણમે છે એનું લક્ષ તો ધ્રુવ ઉપર છે. સમજાય છે કાંઈ? એ ધ્રુવ ઉપર આ પર્યાય પરિણમે, બદલ્યા કરે છે છતાં, કહે છે કે ધ્રુવપણું છૂટી જશે? આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સમજાઈ જાય એવું જ છે.

ઉત્તર :- સમજાઈ એવું જ છે આ. આ વસ્તુ એ સમજે અને સમજીને અનંતા કેવળીઓ થઈ ગયા. સમજાણું કાંઈ?

તારે બહારના પરિણમનના કરનારા પરમાણુઓ એની પાસે શું કામ છે? બીજા આત્માઓ છે, બીજા આત્માઓ છે એ આત્મા પણ કોઈપણ ગતિ અને સિદ્ધ આદિની પર્યાયપણે તો પરિણમશે. છતાં તેનું ધ્રુવપણું કાંઈ અભાવ થઈ જાય છે? એ પરિણમશે તો એની પર્યાયના પરિણમનપણે પરિણમશે, કાંઈ તારી પર્યાયપણે પરિણમશે અને તને પરિણમવાશે? આહા..હા..! સમજાણું કાંઈ? અને તારું ધ્રુવપણું જે છે એ પર્યાયપણે હો, એથી કાંઈ પરની પર્યાયપણે થશે? અને પોતાની પર્યાયપણે થતાં શું તેનું ધ્રુવપણું છૂટી જાય છે? એમ છે. સમજાણું કાંઈ?

તેનો તે જીવ છે. જે જીવ નરકની પર્યાયમાં હતો તે જીવ અત્યારે મનુષ્યની પર્યાયમાં છે, વળી દેવની પર્યાયમાં જીવ તો એનો એ છે, પાછો સિદ્ધની પર્યાયમાં પણ જીવ તો એનો એ છે. સમજાણું કાંઈ? એ જીવ પોતાની ભિન્ન ભિન્ન અવસ્થાએ થવાં છતાં ધ્રુવપણું છોડતો નથી અને એ દ્રવ્ય બીજાની કોઈની અવસ્થાને અડતો પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ તો, કહે છે કે એની પર્યાયરૂપે પરિણમે એટલું એનું અડવું, સ્પર્શવું પર્યાયમાં થાય છે. આહા..હા..! એવી ચીજની ખબર નથી અને ક્યાં ધર્મ થાય? કઈ રીતે થાય એની ખબરું વિના, વિકલ્પ છોડી દ્યો લ્યો! ભાવથી અતીત આત્મા છે. પણ ભાવ એટલે શું? અતીત થયેલું શું સ્વરૂપ છે એમાં? સ્વરૂપ શું છે કે જે અતીત થઈને એમાં રહે? સમજાણું કાંઈ? વસ્તુ પણ એ ભાવસ્વરૂપ છે, ત્રિકાળી ભાવસ્વરૂપ. એનામાં કોઈપણ શુભ-અશુભ કે શુદ્ધ પર્યાય પરિણમ્યા વિના એ દ્રવ્ય રહેશે નહિ. ગતિની વાત લીધી, પણ શુભ કે અશુભ વિકલ્પ અથવા શુદ્ધ પર્યાયના પરિણમન વિના દ્રવ્ય નહિ રહે અને તે શુભ-અશુભ પરિણમવા છતાં તેનું ધ્રુવપણું છૂટી ગયું છે? ધ્રુવપણું એમાં આવી ગયું છે એટલા પર્યાયમાં? આહા..હા..!

કહે છે, અરે..! તારી મોક્ષમાર્ગની પર્યાય પરિણમે, લેને. સમજાય છે? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ધ્રુવ એની દૃષ્ટિ કરીને જે સમ્યગ્દર્શન, આનંદની દશા રૂપે પરિણમે, સમ્યક્ પ્રતીતિરૂપે થાય, સમ્યક્ સ્વસંવેદનની જ્ઞાનપર્યાયરૂપે થાય છતાં, તે થવા છતાં વસ્તુ જે છે ધ્રુવ એ છૂટી જશે? એ દરેક પર્યાયમાં તો સત્‌પણું કાયમ રહેશે. કહો, શેઠી! આહા..હા..! અરે..! એના દરબારમાં શું છે અને શું થઈ રહ્યું એણે કોઈ દિ' જોયું નથી. કરો ધર્મ, કરો. શું પણ ધર્મ ક્યાં થાય? ધર્મ કરનારો ધ્રુવ છે અને એની પર્યાયમાં વીતરાગી પર્યાય થાય તેને ધર્મ કહે છે. સમજાણું કાંઈ? વીતરાગી પર્યાયે પરિણમવું એ ધર્મ. કહે છે કે વીતરાગી પર્યાયે જરૂર પરિણમશે, છતાં વસ્તુપણું કાંઈ છૂટી જશે? વસ્તુ જે સત્ ધ્રુવ ચિદાનંદ અનાદિ-અનંત છે એનો અભાવ થશે? સત્ છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- જીવ મનુષ્ય-દેવાદિક...'** મૂળ આ સત્ ઉત્પાદની વાત છેને એમાં

નાખે છે. જુઓ! સત્ ઉત્પાદ છે એમ કહેવું છે માથે. જુઓ મથાળું હતુને. '**(સર્વ પર્યાયોમાં દ્રવ્ય અનન્ય છે અર્થાત્ તેનું તે જ છે માટે તેને સત્-ઉત્પાદ છે-એમ) સત્-ઉત્પાદને અનન્યપણા વડે નક્કી કરે છે :--** ' મથાળું, એ શ્લોકનું મથાળું. '**सदुत्पादमनन्यत्वेन निश्चिनोति—**' એમ કહે છે. સત્-ઉત્પાદ છે એમ સત્-ઉત્પાદને અનન્યપણા વડે નક્કી કરે છે. છે... છે... તે પર્યાયપણે ઊપજ્યું છે એમ કહે છે. છે તે પર્યાયપણે ઊપજ્યું છે. આહા..હા..!

'**ભાવાર્થ :- જીવ મનુષ્ય-દેવાદિક પર્યાયે પરિણમતાં છતાં...**' જીવ મનુષ્યની પર્યાય એટલે આ શરીર નહિ હોં! લોકો જે આ મનુષ્ય દેખે અને મનુષ્ય કહે ત્યાં આ શરીર સમજી લે છે. એ શરીર તો જડની પર્યાય છે. આ કાંઈ મનુષ્યગતિ, આત્માની જીવની ગતિની પર્યાય નથી આ. સમજાણું કાંઈ? આ છે એ તો શરીરની પરમાણુની પર્યાય-અવસ્થા છે, આ કાંઈ આત્માની અવસ્થા નથી. મનુષ્યપણું એટલે અંદર ગતિ. મનુષ્યને યોગ્યના જે ગતિના પરિણામ તે જીવ ધ્રુવ રહીને તે પર્યાયપણે આવે છે. સમજાણું કાંઈ? શરીરની પર્યાયપણે આવતો નથી અને શરીરની પર્યાયને પરિણમાવતો નથી એમ કહે છે. જુઓ! શરીરની કોઈપણ અવસ્થાના અંશમાં જીવનો અંશ પર્યાય ત્યાં આવતો જ નથી. એટલે શરીરને સારું રહેવું કે સારું રાખવું એ એની પર્યાયની સત્તાની બહાર વાત છે. એનાથી રહેતું નથી. સમજાણું કાંઈ?

અરે..! નિજઘરમાં સંપદા શું છે એની એને ખબર નહિ અને ભૂલીને બહાર ભટક્યા ભટક કરે છે. પણ કહે છે, ભલે બહાર ભટકે તો એની પર્યાયમાં, બહાર બીજે જાય નહિ એમ કહે છે. ભટકે તો એની પર્યાયમાં અવસ્થામાં, બહાર તો જતો નથી. આહા..હા..! આ બધા ધંધા-બંધામાં મોટા પાથરીને બેઠા છેને. ભગવાનજીભાઈ! આ બે બેઠા મોટા જુઓ. થાણામાં કેટલી મોટી ત્યાં જગ્યા છે. એને વળી મોટી જગ્યા મળી. કોની જગ્યા પણ? કઈ જગ્યામાં આત્મા વર્તે? જગ્યા છે એ પરમાણુના પિંડની એક અવસ્થા છે, તો એ અવસ્થામાં એ રજકણો વર્તે છે. છતાં એ રજકણે પોતાનું ધ્રુવપણું છોડ્યું છે? પર્યાયમાં વર્તતા છતાં ધ્રુવપણું છોડ્યું છે? એમાં આત્મા વર્તે છે એ વાત બિલકુલ ખોટી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જીવ મનુષ્ય-દેવાદિક...**' દેવાદિમાં સિદ્ધ પણ આવી ગયા. '**મનુષ્ય-દેવાદિક પર્યાયે પરિણમતા છતાં અન્ય થઈ જતો નથી,...**' કાંઈ અવસ્થા થઈ માટે જડ થઈ ગયો કે અનેરું દ્રવ્ય થઈ ગયું? એમ કહે છે. અવસ્થા થતાં કાંઈ અનેરી ચીજ થઈ ગઈ એમ છે નહિ. અવસ્થા થતાં અનેરી ચીજ થઈ ગઈ? '**પરિણમતા છતાં અન્ય થઈ જતો નથી, અનન્ય રહે છે, તેનો તે જ રહે છે;...**' એનો એ જ રહે છે. '**તેનો તે જ રહે છે; કારણ કે 'તે જ આ દેવનો જીવ છે, જે પૂર્વ ભવે મનુષ્ય હતો...''**

લ્યો! દેવમાં પણ ખ્યાલ આવે કે હું મનુષ્યમાં હતો તે દેવ પર્યાયરૂપે થયો હું. સમજાણું કાંઈ? **'આ દેવનો જીવ છે,...'** જુઓ! દેવનો જીવ છે. **'જે પૂર્વ ભવે મનુષ્ય હતો અને અમુક ભવે તિર્યંચ હતો એમ જ્ઞાન થઈ શકે છે. આ રીતે, જીવની માફક દરેક દ્રવ્ય પોતાના સર્વ પર્યાયોમાં તેનું તે જ રહે છે,...'** લ્યો! સિદ્ધાંત તો... આ તો દાખલો આપ્યો છે. એક એક પરમાણુ કર્મનો કે શરીરનો, દાળ-ભાતનો કે કોઈપણ દાગીના આદિનો કે આબરૂનો, એ પોતપોતાના સર્વ પર્યાયમાં તેનું તે જ રહે છે. કહો.

**'જીવની માફક, દરેક દ્રવ્ય...'** નામ દરેક વસ્તુ છે તે પોતાની બધી અવસ્થામાં તેનું તે જ રહે છે. તેની તે અવસ્થામાં તેનું તે જ રહે છે. **'અન્ય થઈ જતું નથી—અનન્ય રહે છે.'** એનું એ રહે છે. **'આમ દ્રવ્યનું અનન્યપણું હોવાથી...'** આ એનો સરવાળો કર્યો. **'આમ દ્રવ્યનું અનન્યપણું હોવાથી દ્રવ્યનો સત્-ઉત્પાદ નક્કી થાય છે.'** છે... છે... છે... તે પર્યાયમાં સત્‌પણે ઊપજે છે. પર્યાયપણે હોં! દ્રવ્ય તો ઊપજતું નથી. છે તે પર્યાયપણે ઊપજે છે એ સત્-ઉત્પાદ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એક જણો વળી એમ કહે કે આવું જો સમજીએ તો આપણે નિષ્ક્રિય થઈ જઈએ. એટલે આ બધું કરતા આવશું એમ. કરી શકે છે કે દિ'? કરતો આવશે. તને ભાન નથી કાંઈ. કહો, સમજાણું કાંઈ? આવું જો સમજે તો થઈ રહ્યું. આપણે કોઈનું કરી શકીએ નહિ, આપણે વેપાર પણ કરી શકીએ નહિ, કાંઈ કરી શકીએ નહિ. પણ તે દિ' કરી શકતો હતો તો કરી શકે, સાંભળ! એ માટે તો વાત ચાલે છે આ. સમજાણું કાંઈ? તું તારામાં કર કે તું તારા સિવાય બીજામાં કર? બીજા છે કે નહિ? કે તું એકલો છો? શરીર આદિ, કર્મ આદિ બધી ચીજો આ વસ્તુ વેપારની ચીજો, ધંધો આદિ જે ચીજો છે કે નહિ? એ ચીજો તેની અવસ્થામાં વર્તે છે, તેની તે અવસ્થામાં વર્તે છે અને તે વસ્તુ તેની તે વર્તે છે. એથી તેને અનન્ય રહેવાથી તેને સત્-ઉત્પાદ કહેવામાં આવે છે. એ તારે લઈને સત્-ઉત્પાદ એમાં છે એમ નહિ. અને તારો સત્-ઉત્પાદ તો છે... છે... છે... છે તે માટે પર્યાય થાય છે. તારા ઉત્પાદમાં પરને લઈને ઉત્પાદ છે એમ છે નહિ. ભારે વાતું ભાઈ!

સારો સંગ થાય તો પર્યાય સારી થાય. ખોટો સંગ થાય તો ખોટી પર્યાયમાં વર્તે. એમ ન બને? કહો, પ્રવચનસારમાં આવે છે એ તો નિમિત્તના કથન છે. એઈ..! એના માટે તો આવે છે અહીંયાં. લ્યો! કોને છોડે? શું એને દ્રવ્યપણું પર્યાયમાં આવ્યું એટલે છોડ્યું છે? અને એનું પરિણમન કોઈ સમયે જે થાય તે પરિણમન પર્યાયથી છૂટ્યું છે કે પરમાં આવે ને જાય? આહા..હા..! વસ્તુ છે એ વસ્તુપણું છોડે? બીજી વાત. તે પર્યાયપણે પરિણમે એટલે બીજે આવ્યો અને બીજે ગયો એમ છે એમાં કાંઈ? એ તો એની પોતાની પર્યાયમાં આવ્યો અને પોતાની પર્યાયમાં પરિણમ્યો તો અવશ્ય પરિણમશે. છતાં અહીં દ્રવ્ય તો તેનું તે છે. આહા..હા..! ભારે વાતું! કહે છેને સમવસરણમાં ગયા ને લાભ થાય. હવે ભારે

આકરું કામ. ભાઈ! તારી પર્યાયનું પરિણમન તો જરૂર કોઈ અવસ્થાનું તે કાળ છે તે પ્રમાણે થશે અને રહેનારો કાયમ રહેશે. રહેનારો તે કાંઈ વયો જાય છે? માટે થાય છે એ સત્-ઉત્પાદ, છે તેનો ઉત્પાદ છે, છે રહીને ઉત્પાદ થાય છે. એમ સત્ ઉત્પાદ એને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ ૧૧૨ ગાથા થઈ.

'**હવે અસત્-ઉત્પાદને અન્યપણા વડે** (અન્યપણા દ્વારા) **નક્કી કરે છે :-**' ઓલું અનન્યપણા વડે સત્‌ને નક્કી કર્યું, અનન્યપણા વડે સત્‌ને સત્ ઉત્પાદ નક્કી કર્યું. અનેરા-અનેરાપણે અસત્‌ને નક્કી કરે છે.

**मणुवो ण होदि देवो देवो वा माणुसो व सिद्धो वा।**
**एवं अहोज्जमाणो अणण्णभावं कधं लहदि।।११३।।**

**માનવ નથી સુર, સુર પણ નહિ મનુજ કે નહિ સિદ્ધ છે;**
**એ રીત નહિ હોતો થકો ક્યમ તે અનન્યપણું ધરે? ૧૧૩.**

'**અન્વયાર્થ :- મનુષ્ય તે દેવ નથી,...**' મનુષ્યની પર્યાય તે દેવની પર્યાય છે? મનુષ્યની પર્યાય અંદરમાં છે તે દેવની પર્યાય છે? નથી. '**અથવા દેવ તે મનુષ્ય કે સિદ્ધ નથી;...**' દેવની અવસ્થામાં મનુષ્યપણાની અવસ્થા કે સિદ્ધની અવસ્થા નથી. '**એમ નહિ હોતો થકો...**' એક પર્યાયમાં બીજી પર્યાયપણે નહિ હોતો થકો '**અનન્ય કેમ હોય?**' તેની તે વસ્તુ કેમ હોય? ભિન્ન ભિન્ન અવસ્થા છે. ઓલી વસ્તુની વાત કરી હતી પહેલી, હવે અહીંયાં પર્યાયમાં એકમાં બીજી ન હોય તો તેની તે, તે કેમ હોય? આહા..હા..! સમજાણું કાંઈ? અસત્-ઉત્પાદની વાત છે એ.

'**ટીકા :- પર્યાયો પર્યાયભૂત સ્વવ્યતિરેકવ્યક્તિના કાળે જ...**' ભાષા દેખો! જુઓ હવે. આત્મામાં કે એક એક પરમાણુમાં '**પર્યાયો...**' બહુવચન છે. દરેક આત્માની અને દરેક પરમાણુની અનેક પર્યાયો, અનેક અવસ્થાઓ. એક વાત. '**પર્યાયભૂત સ્વવ્યતિરેકવ્યક્તિના કાળે જ...**' એ પર્યાયરૂપ સ્વવ્યતિરેક. પર્યાયને વ્યતિરેક કહે છેને? ભિન્ન-ભિન્ન. ભિન્ન-ભિન્ન પ્રગટતાના કાળે જ '**સત્ (-હયાત) હોવાને લીધે...**' તે કાળે તે પર્યાય સત્ છે. સમજાણું કાંઈ? જુઓ! તે કાળે જે સમયનો જે પર્યાય છે તે કાળે તે જ કાળે તે પર્યાય સત્ છે. એ પર્યાય આઘા-પાછાના કાળે નથી. એ નથી, એ નથી એમ સિદ્ધ કરવું છેને? તેની તે નથી. જુઓ! સ્વકાળે. એ તો કહે કે તે પર્યાયનો સ્વકાળ, પણ એનો અર્થ જ એ છે. છેને. અહીં તો પણ સ્વકાળે જ એ પર્યાય (હોય), બીજી ન હોય એમ સિદ્ધ કરવું છે.

અન્યપણું એ અનન્ય નથી, અનેરું છે એમ સિદ્ધ કરવું છે, પણ જે કાળે જે પર્યાય સ્વકાળે છે, સત્ કાળે હોવાને લીધે '**તેનાથી અન્ય કાળોમાં અસત્ જ છે.**' બીજી પર્યાયમાં બીજી કાળે તે પર્યાયની હયાતી નથી. સમજાણું કાંઈ? વસ્તુ તરીકે તો દરેક પર્યાયમાં તેનું તે છે અને પર્યાય તરીકે એક સમયની પર્યાયમાં બીજી પર્યાય નથી, અન્ય પર્યાયમાં

આ પર્યાય નથી. સમજાણું કાંઈ? **'સ્વવ્યતિરેકવ્યક્તિના કાળે જ...'** પોતાની ભિન્નતાના પ્રગટતાના કાળે જ **'સત્ હોવાને લીધે તેનાથી અન્ય કાળોમાં અસત્ જ (-અહયાત જ) છે.'** મનુષ્યની પર્યાય અંદર છે અત્યારે, દેવની પર્યાયની અહયાતી છે. મનુષ્ય પર્યાયની હયાતી કાળમાં, મનુષ્ય એટલે દેહ નહિ, અવસ્થા અંદર ગતિ, એ ગતિની પર્યાયના કાળમાં તેનો સ્વકાળની સત્‌ની હયાતીમાં દેવની પર્યાય અત્યારે અહયાત છે. દેવની પર્યાય અત્યારે નથી. સમજાણું કાંઈ?

**'અન્ય કાળોમાં અસત્ જ (-અહયાત જ) છે.'** કહો, આ મનુષ્યની પર્યાય છે તે જ કાળે સિદ્ધની પર્યાય છે? સમજાણું કાંઈ? ઓલા એમ કહે, એ લોકો એમ માને છે કે મનુષ્યના વખતે પણ સિદ્ધની જ પર્યાય પ્રગટ છે, શુદ્ધ જ છે. વળી એક જણો એમ કહે. .. શું કહેવાય? દિલ્હીનો. વળી એમ લખે. ગમે તે લખે શું કરે? સ્વતંત્ર છે. અને એ વખતની પરમાણુની પર્યાય નીકળવાની હોય, પરિણમે એ પરિણમે છે એમાં એ ક્યાં પરિણમાવે છે અહીં? આહા..હા..! એ લોકો એમ સોનગઢવાળા માને છે કે સિદ્ધની જ પર્યાય છે શુદ્ધ. અશુદ્ધ પર્યાય છે જ નહિ અત્યારે. કહો. કે દિ' કીધું? સાંભળને! એ તો વસ્તુ તરીકે શુદ્ધ છે, પર્યાય તરીકે તો અશુદ્ધતા અત્યારે છે. સમજાણું કાંઈ?

**'અને પર્યાયોનો દ્રવ્યત્વભૂત અન્વયશક્તિ સાથે ગૂંથાયેલો...'** જે અવસ્થાઓ છે- મનુષ્યની, દેવની, મનુષ્યની, સિદ્ધની એવા અવસ્થાઓનો દ્રવ્યત્વભૂત અન્વયશક્તિ ત્રિકાળી એની સાથે ગૂંથાયેલો **'(એકરૂપપણે જોડાયેલો) જે ક્રમાનુપાતી (ક્રમાનુસાર) સ્વકાળે ઉત્પાદ થાય છે...'** દેખો! એ સ્વકાળે જ છે. ત્યાંથી કહેવું હતું પણ અહીંયાં ચોખ્ખું કર્યું. કહે છે, પર્યાયોનો અવસ્થાઓ જે થાય જીવની કે પરમાણુની, એક એક દ્રવ્યની એક એક આત્માની અને પરમાણુની એ અવસ્થાઓનો-અવસ્થાઓનો **'દ્રવ્યત્વભૂત અન્વયશક્તિ સાથે ગૂંથાયેલો છે...'** એકરૂપ જોડાયેલો છે એ પર્યાય અન્વય સાથે, દ્રવ્ય સાથે. **'ક્રમાનુપાતી સ્વકાળે ઉત્પાદ થાય છે...'** તે તે પરમાણુમાં અને તે તે આત્મામાં તે તે જ કાળે તે પર્યાય સ્વકાળે ઉત્પન્ન થાય છે. લ્યો! ક્રમબદ્ધ આવી ગયું. અહીંયા ક્રમાનુપાતી (આવ્યું). ક્રમે થવું તે તે કાળે તેનું થવું. હવે ક્રમાનુપાતી કહો, ક્રમબદ્ધ કહો, ક્રમસર કહો, ક્રમાનુપાતી કહો, ક્રમવાર કહો, ક્રમવર્તી બધું એક જ છે. આહા..હા..! એને દૃષ્ટિ દેવાની છે દ્રવ્ય ઉપર. સમજાણું કાંઈ? પર્યાય તો ક્રમસર ક્રમે થાય છે. ત્યારે કહે, થાશે એમાં અમારે શું કરવું? એ તો થશે જ. પણ થશે આ પર્યાય એવો જે નિર્ણય કરે તો એ શામાંથી? દ્રવ્ય તેમાં આવ્યું છે, પરિણમ્યું છે. તો દ્રવ્ય કેવું છે? તો દ્રવ્ય જ્ઞાયક સચ્ચિદાનંદ આનંદકંદ આત્મા છે. એની આનંદની દૃષ્ટિ થતાં, ક્રમેકાળે જે અવસ્થા થાય તેનો જીવ જ્ઞાતા-દૃષ્ટા રહે. કરનારો થાય નહિ. થાય તેને કરવું શું? અને ન થાય તેને કરવું શું? સમજાણું કાંઈ? વાતું બાપુ અંતરની તત્ત્વદૃષ્ટિ વિષય ઘણો સૂક્ષ્મ અને અલૌકિક છે. જેનું ફળ પરમાનંદની પ્રાપ્તિ છે.

સમજાણું કાંઈ?

કહે છે કે સ્વકાળે જ થાય. તો જીવની પર્યાય સ્વકાળે, પરમાણુની પર્યાય સ્વકાળે, છએ દ્રવ્યની (સ્વકાળે થાય). કોઈ એમ કહે કે જડમાં સ્વકાળે થાય, ચૈતન્યમાં નહિ. વળી જીવમાં પણ કોઈ કાળે થાય અને કોઈ કાળે ન થાય. એમાં જીવમાં પણ બે પ્રકાર, કોઈ કાળે નિયત કાળે થાય અને કોઈ વખતે અનિયત કાળે થાય. લ્યો! આવી વળી એક શ્રદ્ધા. આહા..હા..! એમ નથી, ભાઈ! દરેક વસ્તુનો સ્વકાળ જે પર્યાય છે એનો ત્રિકાળ તો સ્વકાળ ત્રિકાળ છે, પણ એનો એક સમયનો જે કાળ છે તે જ કાળે તે સત્ છે. પૂર્વને લઈને નહિ, પછીને લઈને નહિ, નિમિત્તને લઈને નહિ, દ્રવ્ય-ગુણને લઈને નહિ. સમજાણું કાંઈ?

'**પર્યાયોનો દ્રવ્યત્વભૂત અન્વયશક્તિ સાથે...**' અરે..! એનું જ્ઞાન તો કરે કે આ ચીજ આવી છે. એને કરવાનો વિકલ્પ નથી, એને કરવાનું જ્ઞાન સાથે પર્યાયને જોડવાનું છે. સમજાણું કાંઈ? એ પણ આ પર્યાયને જોડું એમ પણ નથી. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? વસ્તુ આખી આનંદકંદનો ધ્રુવ, ભગવાન ધ્રુવસ્વરૂપ ધ્રુવ એનું અંતર લક્ષ થતાં પરિણમન શુદ્ધ જ્ઞાનાનંદનું પરિણમન થાય એ ક્રમે થાય એવો નિર્ણય ધ્રુવની દૃષ્ટિએ થાય, પર્યાયની દૃષ્ટિએ નિર્ણય થાય નહિ. એવા તો ઝઘડા ઊભા કર્યા છેને જીવોએ. અનાદિથી એમ રખડ્યો છે. અરે..! એના દુઃખના અંત આવવાના કાળમાં પણ આવું ઊંધું (માર્યું) એણે. કાળ એટલે મનુષ્યભવ છે, મનુષ્યભવ તો ભવના અભાવ માટે છે આ. સમજાણું કાંઈ? બીજા ભવમાં તો આ સાંભળવાનું ક્યાં છે? વિચારવાનું ક્યાં છે? નિર્ણય કરવાનું ક્યાં છે? ઠરવાનું આત્મામાં ક્યાં છે?

કહે છે, '**ક્રમાનુપાતી (ક્રમાનુસાર)...**' લ્યો! ક્રમ અનુસાર. ક્રમ અનુસારની શું વ્યાખ્યા હશે? આ બધા ટિકિટ લેવા ઉભા નથી રહેતા? હમણા તો બહુ ઓલા રહે. ફિલ્મની ટિકિટ લેવા લાઈન કરે.

મુમુક્ષુ :- એમાં તો .. આડે ગરી જાય.

ઉત્તર :- જોર મારીને ગરે તો ધક્કો મારે બીજા. મોટો માણસ હોય તો જવા દે. પણ અહીં જવાય એવું નથી. મોટો માણસ હોય તો ઓલો લાજ રાખે કે ભાઈ, જરા જવા દો. મોટો રહ્યોને. ફિલમ જોવા આવ્યો એ મોટો શેનો પણ? ઠેકાણા વિનાના ત્યાં લાકડા જોવા આ ને આ ને આ ત્યાં. આહા..હા..! અરે..! ભગવાનને જોવાનો કાળ મૂકીને તું આ જોવા ક્યાં ઊભો રહ્યો? ભગવાન જ્ઞાનમૂર્તિને ટગ-ટગ કરતા જોવાનું તો ત્યાં છે. સમજાણું? એ અંદરને જોવે પોતાને તે મોટો છે. એમાં કોઈનું વચ્ચે વિઘ્ન નથી. કહો, એના ક્રમાનુસારમાં એ પર્યાયને પોતે દ્રવ્યમાં વળગે તો નિર્મળ પર્યાય પ્રગટ થાય. સમજાણું કાંઈ?

કહે છે કે, '**દ્રવ્યત્વભૂત અન્વયશક્તિ સાથે ગૂંથાયેલો (-એકરૂપપણે જોડાયેલો) ક્રમાનુપાતી...**' લ્યો! શું કહે છે? અન્વય સાથે ગૂંથાયેલો, એકરૂપ જોડાયેલો. જુઓ! પર્યાય...

પર્યાય... પર્યાય.. પર્યાય... દ્રવ્ય સાથે જોડાયેલી છે. સ્વકાળે ઉત્પન્ન થાય છે. તે પહેલી હતી નહિ, પહેલી હતી નહિ. અસત્-ઉત્પાદ સિદ્ધ કરવો છેને અહીં. નહોતી તે થઈ. થવા કાળે થઈ, નહોતી તે થઈ, થવા કાળે થઈ, એની થઈને રહી. એમ છે. એની થઈને રહી, દ્રવ્યની થઈને નહિ, પરની થઈને નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..! જુઓને કેવી ટીકા! પાઠ તો આટલો શબ્દ છે.

मणुवो ण होदि देवो देवो वा माणुसो व सिद्धो वा।
एवं अहोज्जमाणो अणण्णभावं कधं लहदि।।११३।।

તો તેનું તે કેમ હોય? તેનું તે કેમ હોય? તેનું તે કેમ હોય? અને તે તે છે ત્યાં. તેનું તે બીજું ન હોય. એમાંથી કાઢ્યું ઈ. ભાઈ! તેનું તે કેમ હોય? એમાંથી કાઢ્યું. આ તો પરમાત્માએ પરમેશ્વરે જોયેલો પદાર્થ, એ પદાર્થપાઠ છે આ. આહા..હા..! ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ એક સમયમાં સર્વજ્ઞપણે જોયું, એવો આ પદાર્થનો પાઠ છે. ભાઈ! તારી તે તે દ્રવ્યના તે તે કાળે થતી અવસ્થા અમે જ્ઞાનમાં જોઈ છે. તે તે કાળે એનો અંશ સ્વકાળે છે અને તે બીજે કાળે નથી, માટે તે એનો એ કેમ હોય? એમ સિદ્ધ કરવું છેને? સમજાણું કાંઈ?

જુઓ! આ શરીર છે જુઓ! તો આ શરીરની જે અવસ્થા છે (એ) એમનેે એમ લાગ્યા કરે છે એને. પણ એ પરમાણુની જે અવસ્થા.. રજકણ ધ્રુવ છે અને આ અવસ્થા, લાગે છે એવી ને એવી, પણ એમ કહે છે ના. ના. જે સમયની અવસ્થા ઉત્પન્ન થઈ તે અનેરા સમયે કેમ હોય? જુઓ! આ એક અસંખ્ય સમય વીતી જાય છે એમાં તો. તો જે અવસ્થા એ સમયે છે, તે સ્વકાળે પ્રગટ છે તે બીજે સમયે, તો એવીને એવી લાગે છે. કે એવી ને એવી નથી. સમજાણું કાંઈ? પહેલે સમયે જે થઈ એ બીજે સમયે ન હોય. એની એ ન હોય તો એમાં અનન્યપણું ક્યાં આવ્યું? એની એ છે એમ ન આવ્યું, એનું એ છે ન આવ્યું, અનેરું-અનેરું છે એમ આવ્યું. સમજાણું કાંઈ? તે અનેરું-અનેરું આવ્યું તે એને કારણે આવ્યું, આત્માને કારણે નહિ. સમજાણું કાંઈ?

આમ છે, આ અવસ્થા થઈ જુઓ. આમ છે, આમ થઈ. હવે આ થઈ તે એના સ્વકાળે એ પર્યાય દ્રવ્ય પરમાણુમાં થઈ છે. આ થઈ ત્યારે ઓલી પર્યાય નથી. તો એની એ અન્યમાં આવી છે, અન્યરૂપે થઈ છે એમ છે જ નહિ, એ તો બીજી થઈ છે. આમ થઈ ત્યારે બીજી અવસ્થા થઈ છે આની. સમજાણું? એ બીજી અવસ્થામાં ધ્રુવ તો દ્રવ્ય એનું એ રહ્યું, પર્યાય એની એ નહિ. સમજાણું કાંઈ? આંધળાને ચેષ્ટા જોવાનું ન મળે. ખરું કે નહિ?

સ્વકાળે ઉત્પાદ થાય છે. આહા..હા..! દરેક પરમાણુનું અને દરેક આત્માનું કાયમ રહીને ધ્રુવપણું હોવાથી તેની પર્યાયને સત્-ઉત્પાદ કહ્યો અને તેની તે પર્યાય તે કાળે છે તે બીજે સમયે તે નથી તો અનેરી-અનેરી કેમ ન હોય? તો અનેરી-અનેરી (થાય છે) માટે તેને અસત્-

ઉત્પાદ કહેવામાં આવે છે.

**'તેમાં પર્યાયભૂત સ્વવ્યતિરેકવ્યક્તિનું પૂર્વે અસત્પણું હોવાથી,...'** દેખો! તેમાં અવસ્થાભૂત ભિન્નતાની પ્રગટતાનું પૂર્વે અસત્પણું હોવાથી. પૂર્વે હતી? જે પર્યાય વર્તમાન છે એ પૂર્વે હતી? ઓલા કહેને તમારે શું કીધું? પ્રાગભાવ. પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ આવે છે કે નહિ? એય..! છોકરાઓ! આવડે છે? કોને આવડે છે? પ્રાગભાવ આવે છે કે નહિ? વર્તમાન પર્યાય પૂર્વમાં ન હોય તેને પ્રાગભાવ કહે છે. આવે છે ઓલા જૈનસિદ્ધાંત પ્રવેશિકામાં? કોણ શીખવે છે એ લોકોને? જૈનસિદ્ધાંત પ્રવેશિકામાં આવે છે. આવે છે? મોટો નથી એટલે કોણ ઓલો નાનો ક્યાં ગયો? એઈ..! કાંતાબેનનો ભાણિયો. બહાર છે? શું શીખ્યા ત્યાં? બહાર કેમ બેઠા છે આ બધા? થોડા અહીંયાં રાખ્યા છે. પ્રાગભાવ આવે છે કે નહિ? તમારે જૈનસિદ્ધાંતમાં આવે છે. નહિ આવ્યું હોય એને. પ્રાગભાવ એટલે? કોઈપણ દ્રવ્યની વર્તમાન પર્યાય તે પૂર્વે નહોતી માટે તેને પ્રાગભાવ, પ્રાગ નામ પૂર્વે, પ્રાગ નામ પૂર્વે, (પૂર્વે) નહોતી માટે તેને પ્રાગભાવ કહેવામાં આવે છે. અને વર્તમાન અવસ્થા ભવિષ્યમાં નહિ રહે માટે તેને પ્રધ્વંસાભાવ કહેવામાં આવે છે. જૈનસિદ્ધાંત પ્રવેશિકામાં આવે છે. સમજાણું કાંઈ? પરીક્ષા દેવા વખતે જ એ યાદ રાખવું કે આ વચમાં વ્યાખ્યાનમાં યાદ ન રાખવું? કહો.

શું કીધું? આ આત્મા અને આ પરમાણુઓમાં સ્વકાળે તેને કાળે તે અવસ્થા થાય. **'તેમાં પર્યાયભૂત સ્વવ્યતિરેક...'** પોતાથી ભિન્નતાની પ્રગટતાનું **'પૂર્વે અસત્પણું હોવાથી...'** પૂર્વે એ પર્યાય હતી નહિ. **'પર્યાયો અન્ય જ છે.'** અવસ્થા તો અનેરી-અનેરી થાય છે. એક સમયે હોય તે બીજે (સમયે) ન હોય. પૂર્વે હોય તે અત્યારે ન હોય, અત્યારે હોય તે પછી ન હોય. આહા..હા..! જુઓ! મનુષ્ય મટીને દેવ થાય. એક સમય. કહો, ક્યાં દેવની પર્યાય અને ક્યાં મનુષ્યની પર્યાય! મનુષ્યની પર્યાયનો વ્યય, દેવની પર્યાયનો ઉત્પાદ. દેવની પર્યાયકાળે તે પર્યાયનો પૂર્વે અભાવ હતો, અસત્ હતું. જુઓ! કીધું કે નહિ? પૂર્વે અસત્પણું હોવાથી. કહો, સમજાણું કાંઈ? લ્યો!

મનુષ્ય હોય અને મહાપાપ કર્યા હોય, તત્ત્વનો વિરોધ કર્યો હોય તો અહીં જ્યાં મનુષ્યની પર્યાય જ્યારે છે એ મરીને એકદમ નિગોદમાં જાય. એકેન્દ્રિય નિગોદ બટાટા-શક્કરકંદમાં ઊપજે. અહીં પંચેન્દ્રિયની પર્યાય હતી અંદર એ પર્યાયકાળે ઓલી પર્યાય નહોતી અને એ પર્યાયમાં આ પર્યાય નહોતી. પૂર્વની પર્યાય ત્યાં નિગોદના પર્યાયપણે થયો ત્યારે આ પર્યાય નહોતી. તો પછી તે અવસ્થા પૂર્વે હતી અને તેની તે છે એમ કહેવાતું નથી, એમ છે નહિ. આહા..હા..!

**'પર્યાયો અન્ય જ છે.'** એ પર્યાયો અન્ય જ છે, જુદી જ છે. **'માટે પર્યાયોના અન્યપણા વડે...'** અવસ્થાઓનું જુદાં-જુદાંપણા વડે **'દ્રવ્યનો—કે જે પર્યાયોના સ્વરૂપનું કર્તા,...'** જુઓ! હવે આવ્યું. દરેક પરમાણુ અને દરેક આત્મા એ અવસ્થાનો કર્તા એ દ્રવ્ય છે. તે તે પર્યાય તે કાળે હોય, પૂર્વે ન હોય, છતાં તે તે કાળની તે પર્યાયનો કર્તા દ્રવ્ય

છે. ભારે વાત નાખી. પાછી નાખી આ લ્યો! એમાંથી કાઢ્યું. સમજાણું કાંઈ? જુઓ! આ પર્યાય છે આમ, આમ થઈ. એ આ થઈ તેમાં ઓલી અવસ્થા નહોતી, માટે અનેરી થઈ. અને એને સ્વકાળે થઈ આ. એ અવસ્થાનો કરનાર કોણ? અંદર આત્મા છે માટે? આમ થઈ આત્મા છે માટે કર્તા? કે ના. એ પરમાણુની પર્યાયનો કર્તા પરમાણુ છે, આત્મા નહિ, એની ઇચ્છા નહિ, એનું જ્ઞાન નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

જે દ્રવ્યનો કે જે પર્યાયનો કર્તા, પર્યાયોના સ્વરૂપનો કર્તા, એનો કર્તા કોણ? છેલ્લો અસત્-ઉત્પાદ નક્કી થાય છે એમ. પર્યાયથી દ્રવ્ય અપૃથક્ છે એમ. તે પર્યાયથી દ્રવ્ય અપૃથક્ છે. સમજાણું? જુદો નથી. **'પર્યાયોના સ્વરૂપનું કર્તા,...'** ઓહો..હો..! દરેક સમયની આત્માની અવસ્થા, ગતિની અવસ્થાનો કર્તા જીવ છે એમ કહે છે. આગળ લેશે હોં! નામકર્મને લઈને આમ થાય એમ લેશે પછી આગળ. આવે છેને? ઈ દાખલો એ લોકો નાખે છે એ. જુઓ નામકર્મને પરાભૂત કરીને ગતિને બદલાવી દે છે, બીજી ગતિ કરે છે. એ તો નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવ્યું છે. અહીં તો આ કહે છે.

નરકની ગતિની પર્યાય તે કાળે... જેમ શ્રેણિક રાજા એની આ મનુષ્યની પર્યાય હતી. દેહ છૂટ્યો ત્યારે તેને રસ્તામાં જ નરકની પર્યાયનો ઉત્પાદ છે. તે નરકની પર્યાયના કાળે આ મનુષ્યની પર્યાય નહોતી તેથી અસત્ છે. અને અસત્ છે માટે અસત્નો ઉત્પાદ જે નહોતી ને થઈ, પણ નહોતી અને થઈ એ પર્યાયનો કર્તા કોણ? એ આત્મા છે. કેટલાક કહે છે કે જુઓ! શ્રેણિક રાજા સમકિતી હતા, તીર્થંકર થવાના છે. નરકમાં નથી જાવું એને. પણ કર્મ નરકમાં લઈ ગયા છે. એ વાત ખોટી છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ નરકગતિની પર્યાયનો જ્યારે ભાવ ઉત્પન્ન થયો તેનો કર્તા એ આત્મા છે, એનો કર્તા કર્મનો ઉદય નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? સ્વરૂપનો કર્તા.

જીવ આયુષ્ય પ્રમાણની સ્થિતિએ આ શરીરમાં રહે. એનો પર્યાય જે છે એ તે કાળે ઉત્પન્ન થયો એ પહેલો નહોતો એ સમયનો. એ સમયની પર્યાયનો કર્તા એ આત્મા છે. સમજાણું કાંઈ? તે તે સમયની પર્યાયનો રચનાર, રચનાર આત્મા છે. જુઓ, અહીં તો ગતિની મેલી અવસ્થાનો કર્તા સિદ્ધ કર્યો છે. સમજાણું કાંઈ? ગતિનો દાખલો આપ્યો છેને ભાઈ? અહીં ક્યાં શુદ્ધનો આપ્યો છે? ચાર ને પાંચ બધાનો આપ્યો છે. એટલે અશુદ્ધ પર્યાય તે કાળે ભિન્ન-ભિન્ન થઈ, તે તે કાળે હતી તે પહેલા નહોતી. જે બીજે સમયે થઈ તે પહેલા નહોતી, તેથી તેને અસત્-ઉત્પાદ (કહ્યું). હતી તે થઈ એમ નથી, નહોતી અને થઈ. અસત્-ઉત્પાદ—નથી અને ઉત્પન્ન થયું. પણ ઉત્પન્ન થયો એનો કર્તા આત્મા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કર્મ નહિ?

ઉત્તર :- કર્મ નહિ. આહા..હા..! જુઓને. કર્મ નહિ. ભાઈ! કર્મની પર્યાય જે થાય તેનો કર્તા તો કર્મ છે, રજકણો છે એના કર્તા. એની પર્યાયનો કર્તા આત્મા નહિ. આત્મા

રાગની પર્યાય કરે તો તે પર્યાય અશુદ્ધતા તે સમયે થઈ તેનો કર્તા આત્મા છે, કર્મનો ઉદય તેનો કર્તા નથી. અને સિદ્ધપર્યાય આત્મામાં થઈ તેનો કર્તા તે પર્યાય તે કાળે થઈ એમ પાછી, પહેલા નહોતી. તે કર્મનો ક્ષય થયો માટે સિદ્ધની પર્યાય થઈ એમ નથી.

મુમુક્ષુ :- બીજા શાસ્ત્રોમાં તો હોય છે.

ઉત્તર :- એ બીજા શાસ્ત્રમાં નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. આ નિશ્ચયનું જ્ઞાન હોયા વિના તેને નિમિત્તનું જ્ઞાન સાચું હોઈ શકે નહિ. આમ છે, પણ શું થાય? કોને સાથે એમાં...? ચોખ્ખી વાત છે, ચોખ્ખી સૂર્યના તેજ જેવી વાત છે. અરે..! કરો વાદ ને વિવાદ પછી કહે. ઠીક! ઓલા રામવિજયજી કહે, કર્મને લઈને આત્મા રખડે છે ત્રિલોકનાથ એમ કહે છે. માટે કરો ચર્ચા. અરે..! ભગવાન! ભાઈ! ત્રિલોકનાથ તો આમ કહે છેને આ. રખડવાની પર્યાયની કર્તા તો એ જીવ છે અને તે કાળે પરિભ્રમણનો જે વિકાર છે મિથ્યાત્વાદિ, તે પર્યાયનો કાળ છે તે થઈ છે અને તેનો કર્તા જીવ છે. કહો, રખડવાનો કર્તા કર્મ છે એમ ના પાડે છે અહીં. સમજાણું કાંઈ? ચાર ગતિ આવી કે નહિ આમાં? ગતિ એટલે રખડવું, ચાર ગતિ એટલે. વળી સિદ્ધ. એ તો કર્મનો ક્ષય થયો ત્યારે સિદ્ધ થયા. કે ના. ના. તે કાળે પોતાની પર્યાયનું પરિણમન જરૂર થાય તે પર્યાયનો કર્તા જીવ છે. કર્તા ઉપર આવ્યું છે. લ્યો બીજા બે બોલ આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૩, સોમવાર, તા. ૦૬.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૧૩-૧૧૪, પ્રવચન-૧૧૮**

૧૧૩ ગાથા. પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન. અધિકાર એ છે કે દ્રવ્યમાં અસત્ ઉત્પાદ થાય છે. ૧૧૨માં એમ હતું કે જે છે તે ઉત્પન્ન થાય છે અથવા દ્રવ્ય છે... છે... છે... છે... તે ઉત્પન્ન થાય છે. હવે આમાં અસત્ ઉત્પાદ (કહે છે). કોઈપણ આત્મા અને કોઈપણ પરમાણુ, પહેલી અવસ્થા ન હોય ત્યારે નવી થાય તેથી તેને અસત્ ઉત્પાદ કહેવામાં આવે છે. હવે ઈ ખૂબી શું છે? જુઓ! સત્-ઉત્પાદમાં આ ત્રણ નહોતા મૂક્યા. કર્તા-કરણ અને

અધિકરણ. આમાં મૂક્યા. કેમ? કે દરેક દ્રવ્યનો અનેરા-અનેરાપણે જે પર્યાય થાય છે, જેમ કે આ મનુષ્યની પર્યાય છે, પછી દેવની થઈ. તો એ દેવની થઈ તે પહેલી નહોતી અને થઈ. અને તે અનેરી પર્યાય અન્ય-અન્યપણે થાય માટે કોઈ બીજું કારણ હશે એનું? અનેરી-અનેરી થઈ એટલે કોઈ બીજું કારણ હશે? કે ના. અનેરી-અનેરી પર્યાયમાં કર્તા તે દ્રવ્ય, સાધન તે દ્રવ્ય, આધાર તે દ્રવ્ય. તે-તે સમયનો. સમજાણું કાંઈ? સમજાણું કે નહિ? બરાબર સમજશો તો... શેઠીને પૂછયું. શેઠી તો એમ કહે છે કે હજી વિશેષ કહો, ફરીને કહો એમ કહે છે. બહુ સરસ વાત છે.

એટલી એક સમયની, આત્મામાં કે પરમાણુઓમાં જેટલા દ્રવ્ય છે, તે વખતની પહેલી સમયમાં એ અવસ્થા નહોતી. બીજે સમયે અસત્ ઉત્પાદ એટલે નહોતો અને ઉત્પન્ન થયો, એવો જે દરેક સમયનો પર્યાય, ચાહે તો જીવને સમ્યગ્દર્શનનો પર્યાય અને સાથે શુભરાગનો પર્યાય (હો), પહેલા મિથ્યાદર્શનનો પર્યાય અને એની સાથે શુભરાગ એવો પર્યાય, પછી સમ્યગ્દર્શનની પર્યાય એ પહેલી નહોતી અને અસત્ ઉત્પન્ન થઈ. અને એની સાથે શુભવિકલ્પ રાગ પણ પહેલો નહોતો અને થયો. હવે કહે છે કે એ સમ્યગ્દર્શનની પર્યાય અને શુભવિકલ્પની પર્યાય એનો કર્તા દ્રવ્ય છે. સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શનની પર્યાય કે વિકલ્પની, એક સમયે બે પર્યાયના ભાગ, એનો કર્તા દ્રવ્ય છે. ધર્મની પર્યાયનો કર્તા અનેરી-અનેરી સમ્યગ્દર્શનની પહેલા સમયની પર્યાય અને બીજા સમયની (પર્યાય), જેમકે ક્ષયોપશમ સમકિતની પર્યાય તે ક્ષાયિક સમકિતની પર્યાય એ પહેલા નહોતી અને ક્ષાયિક સમકિતની પર્યાય એ અસત્ ઉત્પાદ પહેલી નહોતી ને થઈ, પણ તે ક્ષાયિક સમકિતની પર્યાયનો કર્તા દ્રવ્ય છે. ભગવાનની પાસે સમકિત ક્ષાયિક થયું માટે ભગવાન કર્તા છે એમ નહિ. સુના હૈ કિ નહીં? શેઠી! ક્ષાયિક સમકિત કેવળી સમીપમેં હોતા હૈ. કહે છે કે એ કથન નિમિત્ત કોણ હતું એનું છે. એ ક્ષાયિક સમકિતની પર્યાય જીવની અનેરી પહેલા સમયમાં નહોતી અનેરી-અન્ય થઈ, અન્ય થઈ માટે એનો કર્તા ને સાધન ને આધાર બીજો હશે એમ નથી. ભાઈ! ઓહો..હો..! આવી વાત!

કહે છે કે આત્મા,... પહેલા સમયમાં શુભજોગનો હતો વિકલ્પ એક. એ વખતે પણ કર્તા સાધન અને આધાર તો આત્મા જ હતો, કર્મ નહિ. એ રાગની ઉત્પત્તિ નવી થઈ, નહોતી અને થઈ માટે કર્મ હતું એવું અને તીવ્ર આવ્યું કર્મ માટે થઈ એમ નહિ. સમજાય છે કાંઈ? એ અશુભયોગની તીવ્રતા કે શુભજોગનો વિકલ્પ તે સમયનો અન્ય-અન્ય પહેલો નહોતો અને અનેરો થયો એ અનેરી પર્યાયનો એ આત્મા કર્તા છે. એ સમયનો એ સમયનો આત્મા કર્તા છે. અને એ રાગની પર્યાયનું સાધન—કરણ એ પણ આત્મા જ છે અને રાગની પર્યાયનો આધાર પણ આત્મા જ છે. ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પર્યાય કા ક્રમ ભી ધર્મ..

ઉત્તર :- પર્યાય કા ક્રમ પર્યાય મેં હૈ, દ્રવ્ય તો પર્યાયરૂપ હોતા હૈ. દેખો!

દ્રવ્યનો તેનો તે '**અસત્-ઉત્પાદ નક્કી થાય છે.**' એમ છેને? જુઓ! છે? '**અન્યપણા વડે દ્રવ્યનો—**' બીજી લીટી. '**અન્યપણા વડે દ્રવ્યનો—કે જે પર્યાયોના સ્વરૂપનું કર્તા, કરણ અને અધિકરણ હોવાને લીધે પર્યાયોથી અપૃથક્ છે તેનો—**' તે દ્રવ્યનો '**અસત્-ઉત્પાદ નક્કી થાય છે.**' શાંતિથી (સમજવું), આ તો અલૌકિક વાત છે. આ કોઈ વાર્તા-કથા સાધારણ નથી, ભાઈ! મોટા ઝઘડા. અત્યારે સર્વજ્ઞ સિવાય જગતમાં તત્ત્વોને નહિ સમજનારા કેટલી કલ્પનાથી તત્ત્વનું રૂપ કહે છે એ બધું જૂઠું છે. એક એક સમયની અવસ્થા, તે તે સમયની અવસ્થા, પહેલા નહોતી ને અન્ય થઈ, અન્ય થઈ માટે તેનું સાધન બીજો છે એમ નહિ. અન્ય થઈ માટે તેનો કર્તા અનેરો છે એમ નહિ. અન્ય અવસ્થા નહોતી ને થઈ માટે તેનો આધાર કોઈ બીજો છે એમ નહિ. આહા..હા..! ભગવાનજીભાઈ! આહા..હા..! જુઓ તો ખરા! આ વાત તે ક્યાંય (નથી). સર્વજ્ઞે જ્ઞેયનું સ્વરૂપ એક સમયમાં ત્રણ અંશો જોયા અને તે એને ખ્યાલમાં અને જ્ઞાનમાં બેસી જાય એવી વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એના દ્રવ્યનો કર્તા તો કોઈ નહિ. દ્રવ્ય જે છે વસ્તુ સત્ છે. છે એનો કર્તા કોણ હોય? પણ છે એવું જે દ્રવ્ય આત્મા અને પરમાણુ, એમાં છે એવી પર્યાય થઈ એને તો સત્ ઉત્પાદ કહ્યો. છે તે થયો, છે તે થયો. અથવા સળંગ પર્યાયમાં રહેનારો છે માટે થયો. હવે એમાં આ ન નાખ્યું ભાઈ! ભાઈ! એમાં ન નાખ્યું. કારણ કે છે (એ) ઉત્પન્ન થાય છે અંદરથી. તો એવું છે તો કર્તા-કર્મ એ. પણ અહીં નવું થયું, પહેલા નહોતું ને નવું થયું તો એમાં કાંઈક વિચિત્રતા-વિવિધતા આવી. વિવિધતા આવી કે પહેલું હતું કાંઈક, બીજું કાંઈક થયું. એકદમ સમ્યગ્દર્શન, એકદમ ક્ષાયિક કેવળજ્ઞાન. ત્યારે કહે છે કે પહેલા સમયમાં કેવળજ્ઞાન નહોતું અને પછી કેવળજ્ઞાન અસત્ ઉત્પાદ છે. એ કેવળનો પર્યાય નહોતો તે થયો, દ્રવ્યમાં અસત્ ઉત્પાદ છે. દ્રવ્યમાં નહોતું ને થયું પર્યાયે, પર્યાયની અપેક્ષાએ. તો એ કેવળજ્ઞાનનો જે પર્યાય થયો એને કોઈ અપેક્ષા પરની છે? કે જ્ઞાનાવરણીયનો ક્ષય કે ક્ષયોપશમ કે સંહનન મજબુત કે એવું કોઈ છે? સમજાણું કાંઈ? કે ના. એ કેવળજ્ઞાનની એક સમયની પર્યાય પહેલા નહોતી. ચાર જ્ઞાનની અવસ્થા હતી તે વખતે કેવળજ્ઞાન પર્યાય નહોતી. તે એ દ્રવ્ય અનેરી પર્યાયપણે થયું તો એ પર્યાયના કારણરૂપે દ્રવ્ય કર્તા છે, સાધન પણ આત્મા છે અને આધાર પણ આત્મા જ છે. એક સમયમાં ત્રણ રૂપે એ દ્રવ્ય જ થાય છે. આહા..હા..! કેટલી વાત કરી જુઓને! સમજાણું કાંઈ?

હવે આ એવા ઝઘડા ઊભા કરે છેને. મોટા લેખ (આવે). શુભયોગથી તો સમકિત થાય, શુભયોગથી આ થાય, શુભયોગથી આવું થાય, ફલાણું થાય. અરે..! ભગવાન! તને ખબર નથી, ભાઈ! શુભજોગ શુભજોગમાં રહ્યો, એનો પણ કર્તા જીવ ને સાધન ને આધાર. પણ જ્યારે સ્વલક્ષ થઈને સમ્યગ્દર્શન થયું ત્યારે શુભયોગ પૂર્વે હતો એ તો કર્તા ન રહ્યો.

જોયું! અને તે કાળે શુભવિકલ્પ છે એ પણ એનો કર્તા ન રહ્યો. સમજાય છે કાંઈ? કારણ કે એ સમ્યગ્દર્શનની પર્યાય અને સાથે શુભરાગ બાકી રહ્યો એ પર્યાયનો કર્તા તો આત્મા ઠર્યો. એ પર્યાયનું સાધન તો આત્મા દ્રવ્ય છે, એ પર્યાયનો આધાર તો આત્મા છે. શુભને આધારે શુદ્ધ પર્યાય થઈ છે એમ નથી. આહા..હા..! જુઓને કેવી વાત કરે છે! ભાઈ!

એ સમ્યગ્દર્શનનો પર્યાય એનો કર્તા શુભભાવ કે સમ્યગ્દર્શનના પર્યાયનું કરણ શુભભાવ, કે સમ્યગ્દર્શનનો પર્યાયનો આધાર શુભભાવ એમ તો કહ્યું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો એક સાધારણ જ્યાં વાત આવે ત્યાં બીજા ભગવાનની સાથે મેળવી દે બધા. ભગવાનનું અને એનું કહેવું સરખું છે, ફલાણું... અરે..! બાપુ! સર્વજ્ઞની (કહેલી) વસ્તુ, અને વસ્તુ એવી છે. સર્વજ્ઞે કાંઈ ચીજને કરી નથી. વસ્તુનું સ્વરૂપ જ એવું છે અને તે પણ એમ તો નથી ખ્યાલમાં આવતું? એનો એ રહીને અનેરી-અનેરી અવસ્થાએ થાય. એ અહીં સિદ્ધ કરવું છે. મનુષ્યપણાની પર્યાયનો વ્યય થઈ અને સિદ્ધ પર્યાય થાય છે. તો કહે છે કે એ સિદ્ધ પર્યાય દ્રવ્યમાં અનેરી છે પર્યાય અપેક્ષાએ. દ્રવ્ય અપેક્ષાએ તો દ્રવ્ય છે... છે... છે... છે... છે... છે... છે... તે થયું છે. પર્યાય અપેક્ષાએ તે સિદ્ધની પર્યાય અનેરી-અન્ય પહેલા નહોતી ને થઈ છે. ચૌદમા ગુણસ્થાન સુધી એ પર્યાય નહોતી. અસિદ્ધદશા હતી. ચૌદમા ગુણસ્થાન સુધી અસિદ્ધ પર્યાય હતી. એ પર્યાયનો કર્તા પણ આત્મા, એનું કરણ—સાધન આત્મા અને આધાર આત્મા. ચાર અઘાતિ કર્મ છે માટે અસિદ્ધપણાનો પર્યાય રહ્યો છે એમ નથી.

એમ કે જ્યાં સુધી અઘાતિ ચાર છે ત્યાં સુધી ભગવાનને પણ રોકાવું પડે છે. અરે..! ભગવાન! શું કહે છે? એને ત્યાં સુધી રોકાવું પડે છે જુઓ! મોટા-મોટા પંડિત કહે છે હોં! તમે એમ કહો કે નિમિત્તથી કાંઈ થાતું નથી તો ભગવાન કેમ રોકાણા ત્યાં? શું કરવા? અનંત કેવળજ્ઞાન થયું છે, અનંત વીર્ય પ્રગટ્યું છે. હવે એને શું કરવા એને રોકાવું પડે? ભાઈ! તમારે નિમિત્તની પ્રધાનતા લેવી પડશે. ચાર અઘાતિ કર્મ છે માટે રોકાણા છે. ભગવાન કહે છે કે એમ છે નહિ. શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરિહંત નહીં રહતે હૈં? દ્રવ્યકી પર્યાય રહતી હૈ ન યહાં. વહ પર્યાય ક્યોં રહી? અનંત વીર્ય પ્રગટા હુઆ હૈ ન. ક્યોં રહા? ક્યોં સિદ્ધ નહીં હો જાતે? નહીં હો જાતે કા અર્થ ક્યા? ભાઈ! નવી પર્યાયનો જે અસત્-ઉત્પાદ પહેલી નહોતી ને થઈ અને પહેલી થઈ, પહેલા નહોતી ને થઈ, પણ એ થઈને તે કાળે? તે થઈનો કર્તા તો દ્રવ્ય આત્મા છે. કર્મ-ફર્મ કર્તા નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ? એક-એક સમયની એક-એક દ્રવ્યની અનેરી અનેરી પર્યાય ઉત્પન્ન કાળમાં પણ તેને દ્રવ્ય કર્તા, દ્રવ્ય સાધન અને દ્રવ્ય આધાર છે. તેથી તે દ્રવ્યમાં તે પર્યાયનો અસત્-ઉત્પાદ નક્કી થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

નિમિત્ત અને ઉપાદાનમાં આ બધા નાખે. આજે મોટું આવ્યું છે. આ લોકો આમ માને છે. ભાઈ! ગમે તે માને, બાપુ! તું સમજને ભાઈ! તારી પર્યાયનો કર્તા તું બીજાને ઠરાવ એ વસ્તુનું સ્વરૂપ નથી. અરે..! તારી નિર્મળ પર્યાયને કાળે શુભ વ્યવહાર છે, એ રાગ છે તો નિશ્ચય પર્યાય સમકિતની છે એમ નથી. એ પર્યાય નિર્મળ અને રાગ તે ભિન્ન હોવા છતાં અને એના પર્યાયના અંશમાં છે. પરથી જુદું પાડવું છેને. સમજાય છે કાંઈ?

ભગવાન કેવળજ્ઞાની પરમાત્માનો પ્રતિજીવી ગુણ વિરુદ્ધપણે કેવળીને પણ પરિણમેલો છે, તે પર્યાયનો કર્તા તે આત્મા છે. એનું સાધન તો બીજું હોયને? કર્તા એ હોય, સાધન બીજું હોય. કહે છે કે ભાઈ! જે કર્તા છે એ જ એ પર્યાયનું સાધન છે અને એ જ એ પર્યાયનો આધાર છે. આહા..હા..! કહો, વજુભાઈ! કેટલું સ્પષ્ટ છે! જેટલા દ્રવ્યો જગતમાં અનાદિ અનંત દ્રવ્યો છે એ અનંત દ્રવ્યની એક સમયમાં જે અનંત ગુણની જે પર્યાય પહેલી નહોતી તે બીજે સમયે અનંતગુણની અસત્ પર્યાય થઈ. નહોતી અને થઈ અનંતગુણની. સમજાણું કાંઈ? એ અનંતગુણની પહેલી પર્યાય બીજી હતી અને પછી અનેરી થઈ. અનંતગુણની અનંત પર્યાય, અનંતગુણની અનંત પર્યાય તે તે પર્યાયનો કર્તા તે દ્રવ્ય, સાધન અને આધાર એ છે. સાધકમાં પણ રાગની હયાતી હોવા છતાં નિર્મળ સમ્યગ્દર્શનની પર્યાય થઈ એમાં એ પર્યાય ને રાગનો કર્તા તો દ્રવ્ય છે. રાગ કર્તા અને નિશ્ચય પર્યાય કાર્ય એમ તો નથી. સમજાણું કાંઈ? રાગ સાધન અને નિશ્ચય પર્યાય ત્યાં સાધ્ય છે એમ નથી. રાગ આધાર છે શુભનો માટે અહીં નિશ્ચય પર્યાય થઈ એમ નથી. કહો, સમજ મેં આતા હૈ ન ભૈયા? ઐસી તો બાત હૈ દેખો! ઓહો..હો..!

હજી તો કો'કની સેવા કરવી મહાધર્મ છે અને સેવા એ ભગવાને પણ કરી. એમાં આવ્યું છે. પહેલા પણ આવ્યું હતું, આમાં પણ આવ્યું છે આજે. ભગવાનને પૂછયું. મહારાજ! આપની સેવા ઊંચી કે બીજાની સેવા ઊંચી? બીજા બધાની સેવા પણ ઊંચી છે. કહો, સમજાણું? એવું કાંઈક આવ્યું છે. અમર ભારતી. અમર–અમર ભારતી. કાંઈક છે ખરું. એ સૂત્ર નાખ્યું છે હોં પાછું એમાં. એનું સૂત્ર નાખ્યું છે. ક્યાંક છે આમાં. એક શબ્દ છે. ભગવાને એમ કહ્યું. તે દિ' પહેલા એમ કહ્યું એક ફેરી. ક્યાંક છે આમાં જુઓ આ બાજુ છે. ગોતી કાઢજો, આ બાજુ છે ક્યાંક. ભગવાનને પૂછયું હોં! ભગવાને કહ્યું. ઠીક! અરે.. ભગવાન! જુઓ આમાં ક્યાંક છે. તે દિ' આવી હતી આ વાત એક ફેરી. કહો, આ મોટો પંડિત કહેવાય. અરે..! ભગવાન શું કરે છે? અને પાછું ગાંધીજીનું એક વાક્ય હશે એને મહાવીર સાથે મેળવ્યું. ગાંધીજીએ એમ કહ્યું હશે કોઈવાર કે ભાઈ! આપની નિંદા કરે અને આપની પ્રશંસા કરે તો તમે કોને ફૂલહાર પહેરાવો? ભાઈ! નિંદા કરનારને તો નહિ, પણ પ્રશંસા કરનાર, જો એ નિંદા કરનારનો વિરોધ કરે તોપણ મારી આજ્ઞાની બહાર થયો. એ તો બેય વિરુદ્ધ થયો. આ વાક્ય મહાવીરે કીધું એની સાથે મળે એવું છે. એમ લખ્યું છે. અરે..!

ભગવાન શું તું કહે છો? સમજાણું કાંઈ? આ મહાવીર અને બૌદ્ધના વાક્યો એવા વાક્યો ૨૫મે વર્ષે ગાંધીજીએ કહ્યા. અરે..! ભગવાન! ભાઈ! તું એમ રહેવા દે. વસ્તુની સ્થિતિ કોઈ બીજી છે, ભગવાન! સમજાણું કાંઈ? નવનીતભાઈ! નથુરામનો પેંડો સૌથી ન્યારો છે આ. એવું કહે છે હોં લોકો. આ મથુરા ગયા હતા ઈને? વચ્છરાજભાઈની દીકરી છે, વચ્છરાજભાઈની દીકરી છે ત્યાં. બે વાર ગયા હતા. એમ બાપુ! આ દ્રવ્યનો પેંડો સર્વજ્ઞે કહેલો જુદી જાતનો છે. કોઈ સાથે ક્યાંય અંશે મેળ ખાય એવો નથી. 'છે' બીજું એ અપેક્ષાએ મેળ ખાય. આહા..હા..! જુઓને કેટલી વાત કરી છે એક આટલા શબ્દમાં.

એક એક સમયની પરમાણુની હોં! કે સ્કંધની. અહીંથી જીવ સિદ્ધ થયો સિદ્ધ. એ પર્યાય ધર્માસ્તિકાય છે માટે ગતિ કરે છે આમ, એ પર્યાયનો કર્તા ધર્માસ્તિ છે એમ નથી, એમ કહે છે. અહીં સિદ્ધ થયા. સિદ્ધ તો અહીં થયા શુદ્ધ પૂર્ણ. એક સમયમાં ત્યાં. તો કહે છે કે એ ગતિ વચમાં થઈ એ ગતિ ધર્માસ્તિને લઈને થઈને? કે ના. એ પર્યાયનો કર્તા તો એનો આત્મા કરણ અને આધાર આત્મા છે. સમજાણું કાંઈ? શબ્દ એક મોટો મૂક્યો છે થોડો. મહાવીરે. કીધું? ઈ છે બસ ઈ. પ્રભુને કહા. જુઓ! કહે છે 'એક સાધક દૂસરે જો દીન દુઃખીયોંકી સેવા મેં લગા હૈ, રોગી ઔર વૃદ્ધોંકી સંભાલ કરને મેં જુટા હૈ, વહ આપકી સેવા, સ્મરણ ઔર પૂજન કે લિયે અવકાશ નહીં પાતા. રાત-દિન જબ દેખો, બસ ઉસકે સામને એક હી કામ હૈ જનસેવા. તો પ્રભુ! ઈન દોનોં મેં આપ કિસકો ધન્યવાદ દેંગે? પ્રભુને કહા, ગૌતમ! જો કોઈ વૃદ્ધ, રોગી, પંડિતોં કી સેવા કરતા હૈ, મૈં ઉસે હી ધન્યવાદ કા પાત્ર જાનતા હૂં. ... સૂત્ર ક્યાંકનું છે.

મુમુક્ષુ :- એ તો વ્યવહારની વાતું છે.

ઉત્તર :- વ્યવહારની વાત ક્યાં સાચી છે? કરી શકે છે કોણ કોની સેવા? કહો, ભગવાનને નામે આ. ભગવાનનું સૂત્ર મૂક્યું છે પાછું ક્યાંકનું. ક્યાંક હશે કોક ઠેકાણે. ... સેવા કરે તે ધન્ય છે. અહીં કહે છે કે કોઈની પર્યાય કોઈ કરી શકે નહિ. એય..! એ સ્થાનકવાસી સાધુ છે એક અમર. કવિ છે કવિ. વાંચેલું ઘણું. વાંચેલું છે એમ કીધું, ઘણું વાંચેલું છે. પણ આ વસ્તુસ્થિતિ ક્યાં છે? સમજાણું કાંઈ?

કોઈ સામો રોગી છે એ તો પરમાણુની અવસ્થા. હવે એ અવસ્થાને બીજો સુધારે કે બગાડે એ બીજી ચીજમાં કર્તા છે એનો? અને તેના શરીરમાં રોગ આદિ અવસ્થા છે એથી આત્મા રોગી છે, દુઃખી છે એમ ક્યાં છે? સમજાય છે કાંઈ? એને પોતાના સ્વરૂપના આનંદનું ભાન નથી એથી પરમાં ઝાંવા નાખીને દુઃખની દશા ઉત્પન્ન કરે છે. એ દુઃખની દશા ઉત્પન્ન કરે એનો કર્તા તો એ આત્મા છે, રોગની અવસ્થાનો કર્તા નથી. આમાં આવ્યું કે નહિ ઈ? રોગની અવસ્થા એનો દુઃખનો કર્તા છે? રોગ સાધન તો ખરુંને? નિમિત્ત તો ખરુંને? પણ નિમિત્તનો અર્થ શું? કાંઈ નહિ. એ બીજી ચીજ એક જાણવાલાયક છે. આહા..હા..! રોગ

છે એ જડની અવસ્થા. તો આત્મામાં દુઃખ થયું એના કર્તામાં કાંઈ દોકડા રોગના ખરા કે નહિ થોડા? પોણો સો દોકડા કર્તા જીવના અને પચ્ચીસ દોડકા રોગના એમ કાંઈ હશે? ઓલા પચાસ-પચાસ કહેતો હતો ઓલો ભાઈ. નિમિત્તના પચાસ દોડકા અને ઉપાદાનના પચાસ દોડકા. અરે..! ભગવાન! અરે..! શું કરે છે આ? કહો, સમજાણું કાંઈ?

શરીરમાં રોગ છે એ જડની અવસ્થા. એ જડની અવસ્થાના કર્તા, સાધન અને આધાર તો પરમાણુ છે. એ કાંઈ આત્મા છે? અરે..! પૂર્વનો કર્મ પણ એનો કર્તા નથી એ રોગની અવસ્થાનો. એ તો બીજી ચીજ છે. એ એના કર્તા એની પર્યાયનો કર્તા, કરણ, સાધન એ છે, આની પર્યાયનો કર્તા, કરણ, સાધન એ છે. ભગવાનજીભાઈ! તો આ પૈસા-બૈસા મળ્યા, એમાંથી સુખની કલ્પના થાય, એમાં પૈસાનું કાંઈ એક પાંચ-પચ્ચીસ દોકડા કર્તાપણાનું સાધન ખરું કે નહિ? નહિ? એની કલ્પના કરી એનો કર્તા તો દ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જુઓ! આ અસત્ ઉત્પાદની વ્યાખ્યા ચાલે છે. એટલે કે દ્રવ્યમાં પહેલી અવસ્થા નહોતી અને અનેરી થઈ, એ દ્રવ્ય પર્યાયને પ્રાપ્ત કરે છે, અસત્ પર્યાયને. તો એ અસત્ પર્યાય નહોતી ને થઈ, તો એમાં મૂળ કારણ કોણ? કે કર્તા, કરણ અને સાધન પોતે જ છે. આધાર બીજો કોઈ છે નહિ. આહા..હા..! અનાદિ-અનંત દ્રવ્ય એ અનેરી અનેરી જે જે સમયે પર્યાય થાય, તે તે સમયનો કર્તા, સાધન અને આધાર તે દ્રવ્ય છે. સમજાણું કાંઈ? એ પર્યાયનું કારણ પૂર્વ પર્યાય પણ નહિ. શું કીધું સમજાણું કાંઈ? કે ભાઈ પહેલો જે રાગ તીવ્ર હતો, માટે એને મંદ થયો કે તીવ્ર થયો. પૂર્વે હતો એના સંસ્કાર આવ્યા અહીં. કાંઈ એમ પણ નથી.

તે સમયનો રાગ પહેલો નહોતો તેવો અસત્-ઉત્પાદ થયો, એ અસત્-ઉત્પાદનું કારણ કર્તા પૂર્વ પર્યાય નહિ, પૂર્વ પર્યાય સાધન નહિ, પૂર્વ પર્યાય આધાર નહિ. બીજું તો નહિ, પૂર્વ પર્યાય પણ એનો કર્તા, સાધન અને આધાર નહિ. આહા..હા..! કેવી ચીજ છે જુઓને! નવી અલૌકિકપણે દ્રવ્ય પોતે તે રીતે થયું છે એમ કહે છે. કાંઈ પૂર્વની પર્યાયને લઈને થયું છે એમ નથી. સમજાણું કાંઈ? અથવા ભવિષ્યની પર્યાય પછી બહુ સારી થવાની છે માટે આ થાય છે વર્તમાન એમ પણ નથી. કારણ કે ભવિષ્યની પર્યાય જે નહોતી તે થશે તેનો કર્તા તો તે દ્રવ્ય છે અને ભવિષ્યની પર્યાય આ પર્યાયની કર્તા વર્તમાન છે એમ તો છે નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે '**તે પર્યાયોના...**' જુઓ! પૂર્વે અસત્પણું હોવાથી પહેલું ન કહ્યું. પર્યાયો અન્ય છે. એ અવસ્થા અન્ય છે. પર્યાયો બહુવચન લીધું છેને. ઘણી પર્યાયો છેને? એક સમયમાં અનંત પર્યાય છે. દરેક દ્રવ્યની અનંત પર્યાય છે. માટે પર્યાયોના અન્યપણા વડે, અવસ્થાના અસત્પણાથી અન્યપણા વડે દ્રવ્યનો અસત્-ઉત્પાદ નક્કી થાય છે. કેમ? કે જે

દ્રવ્ય છે તે પર્યાયોના સ્વરૂપનો કર્તા, પર્યાયના સ્વરૂપનું કરણ, પર્યાયના સ્વરૂપનું અધિકરણ હોવાને લીધે (એટલે) એને આ કારણે, એમ કહે છે. આ કારણે પર્યાયોથી અપૃથક્ છે. અનંત પર્યાયોથી તે સમયનું દ્રવ્ય તેનાથી જુદું નથી. જુદું નથી. અપૃથક્ નથી. બે નકાર કર્યા છેને. અપર્યાયથી અપૃથક્ છે તેનો અસત્-ઉત્પાદ નક્કી થાય છે. એ દ્રવ્યનો પર્યાયમાં અસત્-ઉત્પાદ પર્યાયથી નક્કી થાય છે. કહો, આમાં હવે કેટલા કાર્યકર્તા પરનું કરતા હશે? આ સેવા... સેવા... સેવા... કરે છે. અરે..! ભગવાન! કોની કોણ સેવા કરે? ભાઈ! એ વિકલ્પ ઉઠે શુભ. સમજાય છે? એ શુભ વિકલ્પ હોય, પણ એ શુભ દયાનો ભાવ એનો કર્તા તો જીવ છે. ઓલો જીવ જ્યાં આવ્યો છે માટે એને દેખીને થયો, માટે એમાં કાંઈક એનો દોકડો છે શુભભાવનો? કહે ના. કહો, સમજાણું કાંઈ?

ભગવાનને દેખીને શુભભાવ થયો. મૂર્તિ-પ્રતિમા કે સાક્ષાત્ ભગવાન. કહે છે કે એ શુભભાવનો કર્તાનો કાંઈ દોકડો ભગવાન સામે છે એનો ખરો એમાં? ત્યારે ભગવાન નકામા ગયા એના કામમાં? કહો, ભગવાન બીજાના કામ માટે નકામા. એની પર્યાયના કર્તા, કરણ અને આધાર તો એ પોતે છે. આહા..હા..! આવો વીતરાગ સ્વભાવ! કહે છે કે વીતરાગની પર્યાય ઉપદેશ દેશના મળ્યો માટે થઈ. પહેલા ઉપદેશ મળ્યા કાળે તો વીતરાગ પર્યાય નહોતી, પછી થઈ અસત્-ઉત્પાદ તરીકે. તો એમાં એ સાંભળ્યું, એનું જ્ઞાન, એનો વિકલ્પ એ કાંઈ સાધન ખરું? વજુભાઈ! અનેરી થઈ છેને? અનેરી થઈ છે એની તો વાત જ ચાલે છે. અસત્-ઉત્પાદની તો વાત ચાલે છે. દ્રવ્યમાં પહેલી એ પર્યાયદૃષ્ટિ નહોતી. તે પર્યાય અસત્ ઉત્પાદ થયો અનંત દ્રવ્યનો. અનાદિ-અનંત જેટલા દ્રવ્યો છે તે દરેક દ્રવ્યના અનંત ગુણો અને અનંત ગુણોની એક સમયની અનંતી પર્યાયો, પહેલે સમયે નહોતી તે બધી થઈ તેનું કારણ પૂર્વની પર્યાય નહિ, નિમિત્ત નહિ, ભવિષ્યની નહિ. દ્રવ્ય પોતે તેનો કર્તા, કરણ અને આધાર છે. હવે આ તે કેટલું સ્પષ્ટ છે!

'**સ્વરૂપનું કર્તા,...**' વળી પર્યાયોના સ્વરૂપનું કર્તા. એ છે ખરીને, થઈને એમ. કર્તા એટલે કરનારો-રચનારો, એનું સાધન '**કરણ અને અધિકરણ...**' આધાર '**હોવાને લીધે...**' દ્રવ્યનો તે પર્યાયોથી અપૃથક્ છે તેનો. એમ. અવસ્થાથી તે જુદું નથી એવા દ્રવ્યનો '**તેનો અસત્-ઉત્પાદ નક્કી થાય છે.**' કહો, સમજાણું આમાં? આટલી વાત નાખીને તો ઘણું સિદ્ધ કર્યું. અનાદિ-અનંત એક એક દ્રવ્યના અનંત ગુણો, એની એક એક સમયમાં થતી તે તે કાળની ક્રમબદ્ધ પર્યાય તે કાળે ઉત્પન્ન થતી, તેનો કર્તા, સાધન, આધાર દ્રવ્ય છે. આહા..હા..! તારે ધર્મ શોધવો હોય તો દ્રવ્યને શોધ એમ કહે છે. સમજાય છે કાંઈ? તારો પરમાત્મા ગોતવો હોય તો એ અંદર છે દ્રવ્ય. એ પરમાત્મા તારો બહાર નથી, એ રાગમાંથી મળે એવો નથી, પર્યાયમાંથી મળે એવો નથી. સમજાણું કાંઈ? અહીં મળશે જાણે સમ્મેદશિખરમાં મળશે? શેત્રુંજયમાં મળશે? આ ના પાડે છે. નવનીતભાઈ! ક્યાં સોનગઢમાં મળે છે? એ

જ્યાં હોય ત્યાંથી મળે. એ સોનગઢમાં છે? એનામાં છે ઈ. એનામાં છે ઈ. સચ્ચિદાનંદ સ્વરૂપ છેને. છે ત્યાંથી મળે અને મળેની પર્યાય થાય તેનો તે કર્તા. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વ્યવહારની વાતું છે બધી. ત્યારે નિમિત્ત કહેવાય એવી વાતું છે. શેઠીએ કીધુંને શેઠીએ. પહેલા તો સમજે, સાંભળવાનું મળે પછી થાયને? એમ ના પાડે છે અહીં. એમ નથી કહે છે. શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. નિશ્ચિત જ છે. નિશ્ચિત તો પહલે આ ગયા ન. સ્વકાળે, સ્વકાળે. જુઓ! સ્વકાળે ઉત્પાદ થાય છે. ક્રમાનુપાતી સ્વકાળે ઉત્પન્ન થાય છે. પણ નિશ્ચિત છે ઉસમેં પુરુષાર્થ હૈ, ઉસમેં પુરુષાર્થ હૈ. સ્વકાળે થાય, કિસમેં સે? દ્રવ્યમેં સે. તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેને સે પુરુષાર્થ કી ગતિ દ્રવ્ય મેં ગયી, ક્રમાનુસાર હોનેવાલી કા જાનનેવાલા રહ ગયા. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, શેઠી!

'**એ વાતને** (ઉદાહરણ વડે) **સ્પષ્ટ કરવામાં આવે છે :**' લ્યો! આ વાતને દાખલા વડે સ્પષ્ટ કરવામાં આવે છે. બહુ સરસ વાત આ. ઓહો..હો..! ત્રણકાળ ત્રણલોકના દ્રવ્યની નિર્મળ પર્યાય, દ્રવ્યની સમળ પર્યાય, એક પરમાણુની પર્યાય, સ્કંધની પર્યાય તે તે સમયે પહેલી ન હોય અને નવી દેખાય, તે નવીના દેખનારનો કર્તા તે તે દ્રવ્ય છે. સમજાણું કાંઈ? '**એ વાતને સ્પષ્ટ કરવામાં આવે છે :**' '**મનુષ્ય તે દેવ કે સિદ્ધ નથી,...**' લ્યો! મનુષ્યની પર્યાય કાળે તે દેવની પર્યાય નથી અને સિદ્ધની નથી. '**દેવ તે મનુષ્ય કે સિદ્ધ નથી;...**' દેવની પર્યાયકાળે તે મનુષ્યની પર્યાય કે સિદ્ધની પર્યાય નથી. '**એ રીતે નહિ હોતો થકો અનન્ય** (**તેનો તે જ**) **કેમ હોય,...**' તે પર્યાય તેનો તે જ કેમ હોય, એમ. પર્યાય. તે પર્યાય તેનો તે જ કેમ હોય? ન જ હોય. '**કે જેથી અન્ય જ ન હોય...**' તેનો તે કેમ હોય કે જેથી અનેરો ન હોય? એમ કહે છે. તેનો તે નથી તેથી તે અનેરો છે. ભાષા પણ... ઓહો..હો..!

શું કહ્યું? '**મનુષ્ય તે દેવ કે સિદ્ધ નથી, દેવ તે મનુષ્ય કે સિદ્ધ નથી; એ રીતે નહિ હોતો થકો....**' આ તો દાખલો છે હોં! કારણ કે કહેવું છે બધા દ્રવ્યનું. છએ દ્રવ્યનું. '**અનન્ય** (**તેનો તે જ**) **કેમ હોય,...**' સમજાણું? તેનો તે જ કેમ હોય? એમ. '**કે જેથી અન્ય જ ન હોય...**' અનેરું છે. તેનો તે પર્યાય નથી. '**જેથી મનુષ્યાદિ પર્યાયો જેને નીપજે છે...**' જેથી મનુષ્ય, દેવ, સિદ્ધ આદિ પર્યાયો જેને નીપજે છે '**એવું જીવદ્રવ્ય પણ-વલયાદિ વિકારો...**' વલય આદિ વિકારો '(**કંકણ વગેરે પર્યાયો**) **જેને ઊપજે છે એવા સુવર્ણની જેમ—પદે પદે અન્ય ન હોય?**' પદે પદે અનેરું ન હોય એમ કેમ હોય? એમ. સોનું જેમ પર્યાયે પર્યાયે ભિન્ન-ભિન્ન છે. એમ આત્મા પણ

પર્યાયે પર્યાયે ભિન્ન-ભિન્ન છે. સમજાણું કાંઈ? ઘણો આ જ્ઞેય અધિકાર... ઓહો..હો..! જૈનદર્શન અને વસ્તુદર્શનનું રહસ્ય એકલું છે. આ સમજે એને પરનું અભિમાન ઊડી જાય. હું છું ને આ થાય છે, એ છે અને મારામાં થાય છે (એમ નથી). સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, '**(કંકણ વગેરે પર્યાયો) જેને ઊપજે છે એવા સુવર્ણની જેમ—પદે પદે...**' એટલે પગલે-પગલે, પર્યાયે-પર્યાયે અન્ય ન હોય? હોય જ. એમ. '**(જેમ કંકણ, કુંડળ વગેરે પર્યાયો પણ અન્ય છે,...**' કુંડળ વખતે કંકણ નથી અને કંકણ વખતે કુંડળ નથી. '**(ભિન્ન ભિન્ન છે, તેના તે જ નથી)...**' કહો, સોનાની પર્યાય પહેલી કંકણપણે હોય, પછી વીંટીપણે થાય, તે કુંડળની પર્યાય પછી તેની તે નથી, અનેરી થઈ છે. '**તેથી તે પર્યાયો કરનારું સુવર્ણ પણ અન્ય છે,...**' લ્યો ઠીક! પર્યાય અન્ય છે તેથી તે પર્યાયનું કરનારું સોનું અન્ય છે. પહેલું જે હતું એ બીજું અને આ છે તે બીજું એમ કહે છે. કારણ કે એ પર્યાયનું કરનારું એ સમયનું સોનું છે. સમજાય છે કાંઈ?

'**તેથી તે પર્યાય કરનારું સુવર્ણ પણ અન્ય છે, તેમ મનુષ્ય, દેવ વગેરે પર્યાયો અન્ય છે તેથી તે પર્યાયો કરનારું જીવદ્રવ્ય પણ પર્યાય-અપેક્ષાએ અન્ય છે.)**' અસત્-ઉત્પાદ સિદ્ધ કરવો છેને. કહો, પોપટભાઈ! શું કર્યું ત્યારે આ અત્યાર સુધી? લાદી કરી અને આ કર્યા ને વઢવાણથી જઈને આ કર્યુંને. બધું ભેગું કર્યુંને. મેં આમ કર્યું, મેં આમ કર્યું. બુદ્ધિ કેળવી, વ્યવસ્થા કરી ત્યારે આ બધું થયું છે. સાધારણ માણસ એવો વહીવટ કરી શકે? અમારે જેઠાલાલભાઈ કહેતા. ૬૦ લાખનો વહીવટ કાંઈ બુદ્ધિ વિના થાતો હશે? કીધું, એ વાત રહેવા દ્યો. સમજવા જેવી વાત છે. કહો, બોટાદ-બોટાદ, સંઘવી. વાત કાંઈક નીકળી હતી. એ પ્રવચન મંડપમાં બોલ્યા હતા કે ૬૦-૬૦ લાખનો વહીવટ કરતા હોય.. હવે રહેવા દ્યો બાપુ! ૬૦ લાખનો વહીવટ કરનાર માટે બુદ્ધિવાળો છે એ વાત રહેવા દ્યો. કેમ હશે આમાં? જયંતિભાઈ! આ તમારા કાકા તો બધો વહીવટ કરે છેને. શીંગુ-બીંગુના રૂપિયા સંઘર્યા છે બધા. દીકરો કાંઈ નથી, પણ પૈસા તો ભેગા સંઘર્યા છે કે નહિ? એ કહે છે કે પૈસાની પર્યાય આત્મા સંઘરી શકતો નથી એમ કહે છે. કહો, સમજાણું આમાં?

ભાઈ! ધ્યાન રાખીએ તો વ્યવસ્થાથી વ્યાજ ઊપજે. અને એમાં પાછું ધ્યાન આપવું જોઈએ. વ્યાજમાં કમાણી વધારે છે કે મકાન કર્યું એમાં ભાડાની કમાણી વધારે છે? મકાનમાં નાખીએ તો મકાન પડ્યું રહે, વ્યાજમાં નાખીએ તો .. ખૂટી જાય, માટે મકાનમાં નાખીએ તો સમજ્યાને ભાડું ઊપજે. ન ઊપજે પણ કાંઈ મકાન વયું જાય એમ છે? નજર પહોંચાડીને મકાન કરવા કે જેથી આપણા... ધૂળમાંય તારું કામ આવે નહિ, સાંભળને. ઘણાને એ વિચાર હોય છેને ભાઈ! મકાનમાં નાખો. હવે અત્યારે એ વાયરો આવ્યો છે બહુ. મકાનમાં નાખો પૈસા. કારણ કે એ જાય તો નહિ. કોકને આપીએ તો દેવાળું કાઢે. ભલે દોઢ ટકાના લઈએ, બે ટકાના લઈએ. મકાન ક્યાં જાય? અરે..! મકાન પણ ચાલ્યું જાય, તારું ધાર્યું ન થાય.

એક આંચકો એવો આવે, લાખનું મકાન ફૂ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પોતે જાય. બિચારા જુઓને આ મરી ન ગયા હમણા. કેટલા મરી ગયા નહિ? પાલિતાણે. એ પર્યાય તો તે કાળે તેનો થવાનો (હતો તે થયો છે), એ મકાનથી થયું નથી. આહા..હા..! આ તે કાંઈ વાત! સમજાણું કાંઈ? પછી એને ગોતો કે આ ગોટો કેમ ઉઠ્યો? કોઈ એમ કે એના કરનારમાં વાંધો આવ્યો કે એમાં કોઈ સિમેન્ટમાં કોઈ કાંકરીવાળી આવી ગઈ? કે હવા લાગેલી ગોટા આવી ગયા, કે ભૂક્કો કરીને નાખી લાગે છે હવાવાળી. એકલી જે હોય એ જુદી, પાછી હવા લાગેલી નાખે ભૂક્કો કરીને તો પડે નીચે. આહા..હા..! કોણ પડે અને કોણ જાય? ભાઈ!

એક એક સમય-સેકન્ડના અસંખ્ય ભાગમાં, એક એક પરમાણુના અનંતા ગુણોની તે સમયે થતી પર્યાય તે અસત્-ઉત્પાદ, પહેલી નહોતી ને થઈ તેનો કર્તા તે દ્રવ્ય છે. નિમિત્ત-ફિમિત્ત એનો કર્તા છે નહિ. આહા..હા..! ભાઈ! એણે ભૂલ કરી. ત્યાં જુઓને અમરેલીમાં થયું હતુંને? ..ભાઈને. ..ભાઈને કરનારો એનો મુનિમ. મિસ્ત્રી મોટો. એ આમ ઓલો શું કહેવાય? સિમેન્ટ. સિમેન્ટના મોટા પાછડા. બધા ખાવા બેઠા હતા. આ જમતી હતી થોડું ઉપરથી પડ્યું. બેય મરી ગયા. હેમકુંવરબહેન નહિ? મુનિમ હતા ઈ. નરભેરામભાઈ અને ઓલો મિસ્ત્રી. લ્યો બેય ત્યાં મરી ગયા. કાઢતા-કાઢતા વાર લાગી. મડદાને કાઢતા વાર લાગી. કારણ કે હજારો મણનો માથે પડ્યો ઓલો. બાપુ! એના ક્રમમાં એ પર્યાય થાય તેનો કર્તા કોઈ બીજો છે નહિ. એનો એક એક પરમાણુ તેની પર્યાયનો કર્તા છે. સમજાણું કાંઈ? આહા..હા..! અકસ્માત જેવું જગતમાં છે જ નહિ. લે! સમજાણું? અકસ્માત જેવું કાંઈ છે જ નહિ કહે છે. તે તે સમયના તે પર્યાયનો કર્તા દ્રવ્ય છે એમાં વળી બીજું અકસ્માત થવું એમાં ક્યાંથી થાતું હશે? નવી પર્યાય થઈ, પણ નવી નહોતી અને થઈ, પણ થઈ છે તો દ્રવ્યે પોતે કરેલી થઈ છે. સમજાણું કાંઈ? હુશિયાર માણસ આ નામા સારા લખે, છાપા સારા કાઢે. ભાષા સારી બોલી શકે સમજાવવા માટે લ્યો!

મુમુક્ષુ :- આપ બધાની ના પાડો છો. ચોકડી મૂકો છો મોટી.

ઉત્તર :- ભાઈ! કોના દ્રવ્યની કોની પર્યાય કરે? એ દરેક પર્યાય-કાર્ય વિનાનું એ દ્રવ્ય છે? તે તે સમયના કામ અને કાર્ય-પર્યાય વિનાનું દ્રવ્ય છે કે જેથી બીજો એનું કરે? અને તે પર્યાયના ત્રણ ત્રણ બોલ આવા સિદ્ધ કર્યા છે. આહા..હા..! તારી નિર્મળ પર્યાય કરવી હોય તો શોધ જીવને. બસ, એ વાત અહીં કહે છે. સમજાણું કાંઈ? એ નિર્મળ પર્યાયનો કરનાર, સાધન તે ભગવાન આત્મા છે, ભાઈ! તે પોતે ઈશ્વર છે. તારો ઈશ્વર તારી પાસે છે. તારો ઈશ્વર ક્યાંય બીજે ગોતવા જા તો મળે એવો નથી.

ઓલો દાખલો આવે છેને ડોશીનો. ડોશીએ સોય ખોઈ હતી અંધારામાં. અંજવાળે ગોતવા

આવી બહાર. અંજવાળે ગોતાયને, કાંઈ અંધારે ગોતાય? ગોતાય સમજતે હૈ? ક્યા કહતે હૈ? ખોજે. તો અંધારે ખોવાણી. દીવો ન મળે. અંજવાળે ગોતવા ગઈ. બા! શું કરો છો? કહે, સોઈ ખોવાણી છે. ક્યાં? કે અંધારામાં. ત્યાં તો દેખાતી નથી અંધારે. અહીં ગોતું છું. પણ અહીં છે ક્યાં તે ગોતે? અંધારે પડી ગઈ અંધારે, પણ અંધારે દેખાતી નથી તો અહીં ગોતું છું. એમ રાગમાં ગોતે અને પરમાં ગોતવા જાય કે હું આત્મા ક્યાં છું? મારી શુદ્ધતા ક્યાંથી આવે? પણ અંધારામાં ગોતીશ? ખોવાણી છે રાગની આડમાં, તે રાગની આડ છોડીને અંદર ગોત તો જડે એવી છે. એ દાખલો આવે છે.

એમ આ જુઓ ખોવાણો છે પોતાની વિકલ્પની આડમાં, ગોતવા જાય છે રાગમાં, પાછો ગોતવા જાય રાગમાં. ત્યાં હશે? ભગવાન પાસે હશે? ભગવાનની મૂર્તિ પાસે જાઉં, સમ્મેદશિખર પાસે જાઉં. ત્યાંથી મળશે? ભગવાનના સમવસરણમાં જાઉં ત્યાંથી મળશે? ભગવાન જ્યાં બિરાજે ત્યાં અવતાર લઉં. ત્યાંથી મળશે? ભાઈ! તારો ભગવાન તો દ્રવ્યસ્વભાવ પડ્યો છે, એ અનેરી-અનેરી અવસ્થાપણે દ્રવ્ય ઊપજે માટે દ્રવ્યને શોધ. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો, એ થઈ ગયુંને પૂરું.

તે પર્યાયો કરનારું જીવદ્રવ્ય પણ અવસ્થાદષ્ટિએ પર્યાય અપેક્ષાએ અન્ય જ છે. દ્રવ્ય પણ અન્ય જ છે પર્યાય અપેક્ષાએ. દ્રવ્ય અપેક્ષાએ તેને તે છે અને પર્યાય અપેક્ષાએ અન્ય અન્ય છે. ઓહો..હો..! શું વાત કરી છે!

'**ભાવાર્થ :- જીવ અનાદિ-અનંત હોવા છતાં,...**' આ દાખલાની વાત કરે છે હોં! પછી દ્રવ્યને સમાડી દેશે. '**જીવ અનાદિ-અનંત હોવા છતાં,...**' ભગવાન આત્મા અનાદિ-અનંત હોવા છતાં '**મનુષ્યપર્યાયકાળે, દેવપર્યાયની કે સ્વાત્મોપલબ્ધિરૂપ સિદ્ધ પર્યાયની અપ્રાપ્તિ છે...**' મનુષ્યની પર્યાયકાળમાં સિદ્ધની પર્યાયનો અભાવ છે. જુઓ! સ્વ-આત્મ-ઉપલબ્ધિ. જયસેનાચાર્યનું છેને. સમજાણું કાંઈ? છે, ભવતિ. '**भवति स्वात्मोलब्धिरूपसिद्धपर्यायो वा**' કહે છે કે મનુષ્યની પર્યાયના કાળમાં તે દેવની પર્યાયરૂપે છે? નથી. અને સ્વાત્મોપલબ્ધિ પોતાના સ્વરૂપની પ્રાપ્તિની પૂર્ણતા એવી સિદ્ધ પર્યાય મનુષ્યની પર્યાય કાળમાં છે? એમ કહે છે. સમજાણું?

'**અપ્રાપ્તિ છે...**' મનુષ્યની પર્યાયમાં સિદ્ધની પર્યાયની અપ્રાપ્તિ, દેવની પર્યાયની અપ્રાપ્તિ. '**મનુષ્ય તે દેવ કે સિદ્ધ નથી...**' મનુષ્ય તે દેવ કે સિદ્ધ નથી '**માટે તે પર્યાયો અન્ય-અન્ય છે. આ રીતે પર્યાયો અન્ય હોવાથી, તે પર્યાયોનો કરનાર,...**' તે અનંત પર્યાયો એક સમયે થાય તેનો કરનારો, તેનું સાધન, કરણની વ્યાખ્યા સાધન. '**આધાર એવો જીવ પણ પર્યાય-અપેક્ષાએ અન્યપણાને પામે છે.**' પર્યાય અપેક્ષાએ અનેરી અવસ્થાપણાને જીવ પોતે પામે છે.

'**આ રીતે, જીવની માફક,...**' આ તો દાખલો છે. '**દરેક દ્રવ્યને પર્યાય-અપેક્ષાએ**

**અન્યપણું છે.'** લ્યો! સમજાણું કાંઈ? લોટની રોટલી થઈ એ રોટલીની પર્યાય લોટના લોંદા વખતે કે શું કહેવાય એ? ગોરણું કે કણ-કણ... બાંધે છેને લોટનો કણ. એ વખતે રોટલીની પર્યાય નહોતી. રોટલીની પર્યાય પહેલી નહોતી અને અસદ્ ઉત્પન્ન થઈ, તો એ દ્રવ્ય પોતે રજકણ જ અનેરાપણે અન્યપણે ઊપજ્યું છે. અગ્નિને લઈને, તાવડીને લઈને, સ્ત્રીને લઈને રોટલીની પર્યાય થઈ છે એમ નથી. વ્યવહાર ઊડી જાય, વ્યવહાર છે જ ક્યાં ખરેખર? વ્યવહાર તો કહેવામાત્ર છે. વસ્તુ છે નહિ. વિકલ્પનો વ્યવહાર છે. નિમિત્તનો વ્યવહાર જાણવા માટે છે. નિમિત્ત હતું એ વ્યવહાર. જોડે કોણ હતું? એ તો હોય જ. પર્યાયકાળે નિમિત્ત હોય જ. જેમ સ્વકાળનો પર્યાય છે તેમ નિમિત્તનો પણ તે વખતનો એ જ કાળ નિમિત્તપણે આવે એવો જ એનો કાળ હોય છે. આહા..હા..! લ્યો એમાં છેને.

જેવું એક જીવનું કહ્યું એમ **'દરેક દ્રવ્યને પર્યાય-અપેક્ષાએ અન્યપણું છે. આમ દ્રવ્યને અનન્યપણું હોવાથી દ્રવ્યને અસત્-ઉત્પાદ છે એમ નિશ્ચિત થાય છે.'** લ્યો! એ દ્રવ્યને પર્યાય એની કહેવી છેને. દ્રવ્ય દ્રવ્ય સત્-ઉત્પાદ અને દ્રવ્યને દ્રવ્યનો અસત્-ઉત્પાદ. પર્યાય અપેક્ષાએ આવો ઉત્પાદ. બહુ વાત ઊંચી. બહુ પરમસત્ય, નિતરતું સત્ય.

**'હવે એક દ્રવ્યને અન્યત્વ...'** અનેરી-અનેરી પર્યાય **'અને અનન્યત્વ...'** અનેરી-અનેરી નહિ છે તે ઉત્પાદ. **'હોવામાં જે વિરોધ તેને દૂર કરે છે...'** એવા હોવામાં જે વિરોધ તેને દૂર કરે છે. **'(અર્થાત્ તેમાં વિરોધ નથી આવતો એમ દર્શાવે છે) :--'**

**दव्वट्ठिएण सव्वं दव्वं तं पज्जयट्ठिएण पुणो।**
**हवदि य अण्णमणण्णं तक्काले तम्मयत्तादो।।११४।।**

**દ્રવ્યાર્થિકે બધું દ્રવ્ય છે; ને તે જ પર્યાયાર્થિકે**
**છે અન્ય, જેથી તે સમય તદ્રૂપ હોઈ અનન્ય છે. ૧૧૪.**

ઓહો..હો..! સંતોએ જંગલમાં કરૂણાથી વિકલ્પ આવ્યો છે. શાસ્ત્ર રચે છે. ઓલામાં એમ લખ્યું છે. એમાં બહુ લખ્યું છે. તો પછી કુંદકુંદાચાર્યે શાસ્ત્ર રચ્યા એ ખોટા. એમ આ ખોટા, આ ખોટા. ભાઈ! શાસ્ત્ર તો એ કહે છે, અહીંયાં એ પોતે કહે છે. શાસ્ત્રની પર્યાયની ઉત્પત્તિ પહેલા પરમાણુની પર્યાયમાં નહોતી અને પછી ઉત્પત્તિ થઈ એ દ્રવ્ય પરમાણુ જ અસત્ ઉત્પાદપણે આવ્યો છે. હું ત્યાં આવ્યો છું. પરમાણુની પર્યાયના ઉત્પન્નમાં હું આવ્યો આત્મા એમ છે? પોતે કહે છે. નવનીતભાઈ! લ્યો! આ શાસ્ત્ર તો ખોટું પડશે. બધા એવો માર્ગ છેને. આજ બધા બે-ચાર પાના આવ્યા ચોપાનિયા. શિવમાર્ગમાં એક મહેશ કોક છે. મહેશ પંડિત મહેશ છે કોક? હા એક અને એક બીજો છે. છોટાલાલ દરિયા બે કર્તા થયા છે. ... આહા..હા..! એય..! રાજમલજી! તમારા ગામના. છેને એ. એક ફેરી આપણે વ્યાખ્યાનમાં આવ્યા હતા. બોલે નહિ કાંઈ. એમ લાગે કે આ નિશ્ચય-નિશ્ચય. હોય. વિરોધ

તો એની પર્યાયમાં કરે છે. કોનો કોણ કરે છે? ભાઈ! આહા..હા..! એને પોતાને દુઃખ થાય છે. વિરોધની પર્યાય એની દશામાં થાય છે. એને લઈને કોઈને થાય છે? સમજાણું કાંઈ?

આ સ્વતંત્રતાની વાત અંતરમાં ન બેસેને ત્યાં સુધી એને એવું લાગે એકાંત... એકાંત... એકાંત... આવું નહોતું. આ નવો માર્ગ કાઢ્યો એમ કહે છે એ. એય..! નવનીતભાઈ! કહો, નવનીતભાઈ એમ કહે છે કે ભાઈ આવી શ્રદ્ધાનો વિષય કોઈ અત્યાર સુધી કહેતું નહોતું એમ કહે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? બાપુ! આ સત્ છે, ભાઈ! તારે બેસાડવું પડશે. સત્ છે તેનો સ્વીકાર કરવો પડશે. ભાઈ! તારે દુઃખ જો છોડવું હોય તો આ રીતે નક્કી કરીને સીધું થવું પડશે. સમજાણું કાંઈ? બહાર ભલે વાંકો હોય, પણ દર આવે ત્યારે? વાંકો ન ગરાય અંદર. વળ ખાતો આવે ત્યાં, પણ ત્યાં આવે .. જઈશ. એમ બાપુ! બહારમાં ગમે તેટલી વક્રતા હોય પણ સત્ય આગળ સીધું થઈ જવું પડશે. ત્યાં આગળ વક્રતા નહિ ચાલે. સમજાણું કાંઈ? શ્રીમદ્ નથી કહેતા? સત્ સરળ છે, સત્ સર્વત્ર છે. સર્વત્ર છે એટલે જ્યાં છો ત્યાં તું છો, એમ કહે છે. તું ક્યાં? બધે ક્ષેત્રે તું છો. સત્ સર્વ છે, સર્વત્ર છે, સત્‌ની પ્રાપ્તિ દુર્લભ છે. સત્ મળવા દુર્લભ છે એમ કરીને પોતે દુર્લભ છે મળવું એમ કહે છે. સમજાણું કાંઈ?

અન્વયાર્થ છે. '**દ્રવ્યાર્થિક (નય) વડે...**' જે વડે વસ્તુને જોવી (એવા) જે જ્ઞાન વડે, તે '**સઘળું દ્રવ્ય છે;...**' દ્રવ્ય વસ્તુ... વસ્તુ... વસ્તુ... '**અને વળી પર્યાયાર્થિક (નય) વડે...**' અવસ્થા... અવસ્થા... અવસ્થા... અવસ્થા... અવસ્થા... જોઈએ તો તે દ્રવ્ય અનન્ય છે. દ્રવ્યાર્થિક તે તે જ છે. પર્યાયાર્થિક તે અનન્ય છે. '**કારણ કે તે કાળે તન્મય હોવાને લીધે...**' કોણ? ઓલી પર્યાય કાળે. ભિન્ન ભિન્ન કાળે તે પર્યાય તે દ્રવ્યમાં, તે દ્રવ્ય તેમાં તન્મય હોવાને લીધે '**(દ્રવ્ય પર્યાયોથી) અનન્ય છે.**' વસ્તુ તે અવસ્થાથી એકમેક છે. જુદી છે નહિ. બીજી જુદી છે એમ પર્યાયો કાંઈ દ્રવ્યથી જુદી નથી એમ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૪, મંગળવાર, તા. ૦૭.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૧૪, પ્રવચન-૧૧૯**

ટીકા છેને. ૧૧૪ની '**ટીકા :- ખરેખર સર્વ વસ્તુ...**' જેટલા આત્માઓ છે અને જેટલા પરમાણુઓ છે એ બધી ચીજો '**સામાન્ય-વિશેષાત્મક હોવાથી...**' જેટલી ચીજ

છે એ બધી સામાન્ય અને વિશેષસ્વરૂપ છે. એક એક વસ્તુ. દરેક આત્મા, પ્રત્યેક પરમાણુ સામાન્ય અને વિશેષસ્વરૂપ છે. એવું '**વસ્તુનું સ્વરૂપ જોનારાઓને અનુક્રમે (૧) સામાન્ય અને (૨) વિશેષને જાણનારાં બે ચક્ષુઓ છે—**' વસ્તુ તો બે સ્વરૂપે છે. જેમ આત્મા છે દ્રવ્ય છે... છે... છે... છે... છેને હૈ સમજી લેવું. આત્મા છે... છે... છે... એ સામાન્ય અને આત્મા ભિન્ન ભિન્ન અવસ્થાપણે—નારકીપણે, મનુષ્યપણે, દેવપણે, સિદ્ધપણે ભિન્ન ભિન્ન અવસ્થાપણે છે એ વિશેષપણે. સામાન્યપણું પણ એનું છે અને વિશેષપણું પણ એનું છે. પ્રમાણનો આખો વિષય પહેલો બતાવે છે. ધ્રુવ પણ પોતે છે અને અન્ય-અન્ય પર્યાય થાય તોપણ એ પોતાની, પોતાના પર્યાયદૃષ્ટિથી જુઓ તો એ પર્યાય છે એની. એ પર્યાય પરની અને પરને લઈને નથી એમ સિદ્ધ કરવું છે. પરની નહિ અને પરને લઈને નહિ. કહો, શેઠી!

કોઈપણ વસ્તુ કાયમ રહેનારી ધ્રુવ, એ સામાન્ય છે... છે... છે... છે... છે... છે... અને અવસ્થામાં અનેરી-અનેરી અવસ્થા પણ છે, અનેરી-અનેરી અવસ્થા. પણ એ બેય એના ને એના છે. સામાન્યપણું તો બીજાનું હોઈ શકે નહિ એ તો વળી બીજાને એમ લાગે. ઠીક! પણ વિશેષ અનેરી-અનેરી પર્યાય થાય. અન્ય-અન્ય પર્યાય હોતી હૈ ન? દરેક દ્રવ્યમાં અન્ય-અન્ય અનેરી-અનેરી (પર્યાય થાય) એ પણ એની જ છે. અન્ય-અન્ય પર્યાય વિશેષ ચક્ષુથી દેખો તો એની જ છે, પરની નથી. એની સમજતે હૈ? માણેકચંદજી! એની કા ક્યા અર્થ? ઉસકા, ઉસકી. વહ તો પહલે આ ગયા હૈ, થોડા પરિચય તો હૈ. થોડી ગુજરાતી સીખ લેના ભૈયા યહાં તો. આજે વિચાર અંદર આવ્યો હતો થોડો, કીધું આ શેઠિયાએ મકાન કરાવ્યા પછી છોકરા ત્યાં પાછળ સંભાળશે ત્યારે રહેશે કે નહિ? હમણા ડોસા છે ત્યાં સુધી ઠીક બેય (આવે છે). એય..! શોભાલાલજી! આ મકાન બનાયા હૈ ન તુમને? તુમ હો તબતક ઠીક, પરંતુ પીછે બચ્ચા સંભાલેગા તો રહેગા કિ નહીં? કહો, શેઠી! એ તમારે ફિકર નહિ પણ એના છોકરાઓને તો એમ થાયને કે બચ્ચાને કે ભાઈ આ હૈ. અપને પિતાજી હૈ વૃદ્ધ હૈ તબતક ઠીક હૈ આયે-જાયે. ફિર જાયેંગે તબ હમેં સંભાલના પડેગા કિ નહીં? યહાં સુનને આના પડેગા ન? ક્યોં માણેકચંદજી!

અહીં કહે છે કે પ્રત્યેક આત્મા ભિન્ન ભિન્ન અને પ્રત્યેક પરમાણુ પોઈન્ટ ભિન્ન-ભિન્ન. એમાં બબ્બે પ્રકાર. સામાન્યપણું દ્રવ્ય વસ્તુપણું છે... છે... છે... એ સામાન્ય અને અનેરી-અનેરી અવસ્થા પણ એની જ છે વિશેષ. બેય રીતે એ વસ્તુને જોવાની બે આંખ, બે ચક્ષુ, બે ચક્ષુ. એક દ્રવ્યચક્ષુ, એક પર્યાયચક્ષુ. બેને એક સાથે જોવાની પ્રમાણ ચક્ષુ. સમજાણું કાંઈ? જુઓ એ રીતે સિદ્ધ કરે છે. આ સમ્યગ્દર્શનનો વિષય છે. અહીં જ્ઞાનપ્રધાન કથન છે એટલે જ્ઞાન તો સામાન્ય-વિશેષ બેયને જાણે. સમજાય છે કાંઈ? દૃષ્ટિમાં તો દ્રવ્ય લેવાનું છે ધ્રુવ. દૃષ્ટિમાં તો ધ્રુવ-ધ્રુવ એકલું સામાન્ય. પર્યાયનો વિષય જે ધ્રુવ છે એ દૃષ્ટિનો વિષય. પણ એની સાથે થયેલું જ્ઞાન સામાન્ય-વિશેષ બેયને જાણે છે. સમજ મેં આયા?

વસ્તુ છે એ ધ્રુવ, એક સમયની અવસ્થા વિશેષ છે એક સમયની. તો એક સમયની અવસ્થા... અવસ્થા... અવસ્થા... સમજ્યા? પર્યાય-પર્યાય. મનુષ્ય, દેવ, નારકી, એકેન્દ્રિય, સિદ્ધ એ અવસ્થાથી દેખો તો ભિન્ન-ભિન્ન અનેરી-અનેરી અવસ્થા છે. વસ્તુ દેખો તો દ્રવ્ય સામાન્ય છે. દૃષ્ટિના વિષયમાં તો દ્રવ્ય સામાન્ય દૃષ્ટિમાં પોતાનું લેવાનું છે, પરનું નહિ. સમજાય છે કાંઈ? પણ દૃષ્ટિના વિષયમાં ધ્રુવપણું આવ્યા છતાં તે વખતે થતું જ્ઞાન સામાન્યને જાણે અને થતી અવસ્થાને પણ જાણે. અવસ્થા મારી મારામાં છે એમ જાણે, એ અવસ્થા પરની છે અને પરમાંથી થઈ છે એમ નહિ. સમજાય છે કાંઈ? લ્યો!

'**ખરેખર સર્વ વસ્તુ સામાન્ય-વિશેષાત્મક...**' આત્મક એટલે સ્વરૂપ. સામાન્ય-વિશેષ સ્વરૂપ '**હોવાથી...**' હોને સે. સામાન્ય-વિશેષ હોને સે, એમ. હિન્દી એ છે. '**વસ્તુનું સ્વરૂપ જોનારાઓને...**' વસ્તુ કા સ્વરૂપ દેખનેવાલે કો. હૈ ઉસમેં? હિન્દી ઐસા હૈ ન ભૈયા? ..વાલે કો ઐસા. અહીં જોનારાઓને-દેખનેવાલે કો, એમ. '**અનુક્રમે...**' ભાષા દેખો! '(૧) **સામાન્ય અને** (૨) **વિશેષને જાણનારાં બે ચક્ષુઓ છે—**' સામાન્યને. અનુક્રમે છેને. બેને દેખવું છેને? ક્રમસર. પહેલું સામાન્ય અને વિશેષને બે ચક્ષુઓ છે '(૧) **દ્રવ્યાર્થિક અને** (૨) **પર્યાયાર્થિક.**' વસ્તુ સામાન્ય ધ્રુવ છે ઉસકો દેખતે હૈ ઉસકા નામ દ્રવ્યાર્થિક. દ્રવ્યકા પ્રયોજન હૈ જિસકો જ્ઞાનમેં. ઐસા દ્રવ્ય પ્રયોજન. દ્રવ્યાર્થિકનય કા દ્રવ્ય પ્રયોજન. દ્રવ્ય હૈ... હૈ... હૈ... હૈ... પર્યાયાર્થિક કા પ્રયોજન વિશેષ... વિશેષ... વિશેષ... હૈ. દો કા દો નય હૈ.

'**તેમાં પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને...**' જુઓ! પહેલેથી દ્રવ્ય લીધું છે. વસ્તુ છે આત્મા અને પરમાણુ. આ રજકણ એક પોઈન્ટ વસ્તુ એમાં, કહે છે કે પર્યાયને જોવાની આંખ બંધ કરીને, વિશેષને જોવાની આંખ-ચક્ષુને લક્ષમાં નહિ લઈને, એમ. '**સર્વથા બંધ કરીને એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે...**' દ્રવ્ય વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... એ જે જ્ઞાનનો અંશ વસ્તુને દેખનારા નયથી જોઈએ તો '**અવલોકવામાં આવે છે, ત્યારે નારકપણું,...**' જીવને નારકીપણું થઈ ગયું. ભવ થઈ ગયા છેને નારકીના. '**નારકપણું, તિર્યંચપણું,...**' પશુપણું, '**મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું—**' અહીં તો જીવને સિદ્ધપર્યાય થાય એવો જીવ લીધો ભાઈ! એય..! જુઓને! એ લીધો છે. અભવિને તો કાંઈ સિદ્ધપર્યાય આવતી નથી, કેટલાક કહે. એ અહીં વાત નથી. જુઓને કેવી રીતે વાત લીધી! પહેલી પર્યાયાર્થિકને બંધ કરીને દ્રવ્ય જોવું. એમ લીધું. દ્રવ્યાર્થિકને બંધ કરીને પર્યાયથી જોવું એમ પહેલું નથી લીધું. જુઓ! વાત સામાન્ય નથી. ગાથા દીઠ કાંઈક પ્રયોજનને સિદ્ધ કરવા ગાથા છે. સમજાય છે કાંઈ?

આત્મા વસ્તુ છે કાયમની તો એ દ્રવ્યને,.. પર્યાય જે અવસ્થાની આંખો બંધ કરી દ્યો જોવાની. અવસ્થા જે ક્ષણે ક્ષણે નારકીપણું, મનુષ્યપણું, પશુપણું દેવપણું, સિદ્ધપણું. સમજાણું કાંઈ? સિદ્ધપણું થવાનું છેને? તો સિદ્ધપણું થવાનું છે એવા જીવની અહીં વાત

લીધી છે. એય..! ભાઈ! નારકીપણું, મનુષ્યપણું, પશુપણું, દેવપણું, સિદ્ધપણું એ પર્યાયને ન જોવી, એ ઉપર લક્ષ ન કરવું. કેમકે સિદ્ધ પર્યાયો **'એ પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા...'** એ પર્યાય અવસ્થામાં વિશેષમાં રહેલો **'એક જીવસામાન્યને અવલોકનારા...'** એક જીવસ્વરૂપ... જીવસ્વરૂપ... જીવસ્વરૂપ... આ તો દાખલો છે હોં. દરેક દ્રવ્યને લાગુ પડે છેને આ? આ તો દાખલો ઉદાહરણ આપ્યું છેને?

**'એક જીવસામાન્યને અવલોકનારા અને વિશેષોને નહિ અવલોકનારા...'** દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... છે... છે... છે.. હૈ... હૈ... હૈ.. એ રીતે અવસ્થાઓની દેખનારી આંખને ચક્ષુને બંધ કરી, દ્રવ્યને દેખનારી ચક્ષુને ઉઘાડી. ઉઘાડીને છે જુઓ! **'એકલા ઉઘાડેલા ચક્ષુ વડે...'** છેને? **'એકલા ઉઘાડેલા...'** બંધ અને ઉઘાડ બે વાત લીધી છે. વસ્તુ છે આત્મા એની અવસ્થાઓને દેખનારી આંખને બંધ કરી દઈ અને વસ્તુને દેખનારી આંખને ખોલીને. જુઓ એ દશા. અંતરની આંખને, અંતર આંખને, દ્રવ્યને જોનારી આંખને ખુલ્લી કરી, પર્યાયને જોનારી આંખને બંધ કરી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દ્રવ્ય... દ્રવ્યો કો દેખના હૈ ન પહલે? દ્રવ્ય... દ્રવ્ય હૈ... હૈ... હૈ... હૈ... સબ. સબ વિશેષો મેં, પર્યાયો મેં દ્રવ્ય હૈ... હૈ... હૈ... જીવ, અજીવ હૈ. સમજ મેં આયા? દૃષ્ટાંત હૈ. એમ પરમાણુમાં પણ એમ લેવું. એક એક પોઈન્ટ પરમાણુ હૈ. ઉસમેં રંગ-ગંધ રસકી અવસ્થાઓ અનેક હોનેપર ભી ઉસકી દેખનેકી આંખ બંધ કરકે, પરમાણુ... પરમાણુ... દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... દેખનેકી આંખ ઉઘાડકર કે દ્રવ્ય કો દેખને સે સારા દ્રવ્ય હી દેખને મેં આતા હૈ. સમજાય છે કાંઈ? ઝીણું પડે. આહા..હા..!

**'પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા...'** એ પાંચેય પર્યાય છેને. નારકી, તિર્યંચ, પશુ અને દેવ અને સિદ્ધ. એ પર્યાયમાં—વિશેષોમાં-ભેદમાં રહેલો એ જીવ સામાન્યને અવલોકનારા. એક વસ્તુ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... છે... છે... છે... આહા..હા..! સમજાણું કાંઈ? **'અને વિશેષોને નહિ અવલોકનારા...'** વિશેષ દશા ઉપર લક્ષ ન રાખનારા. સામાન્ય ઉપર લક્ષ રાખનારા, જોનારા **'તે બધુંય જીવદ્રવ્ય છે એમ ભાસે છે.'** જીવવસ્તુ... જીવવસ્તુ... જીવવસ્તુ... અનાદિ જીવ... જીવ... જીવ... છે... છે... છે.. જુઓ! એનું ત્રિકાળી ધ્રુવપણું છે... છે... છે.. છે એમ સિદ્ધ કર્યું. છેનો અર્થ હૈ તમારે હિન્દીમાં. દૂસરા ફેર નહીં. હૈ કહો કે અહીં છે, અમારી ગુજરાતી ભાષામાં. છે તો બધુંય જીવદ્રવ્ય એમ ભાસે છે. એમ આ પરમાણુ. આ પરમાણુ રજકણ પોઈન્ટ. આ જુઓ અવસ્થાને છેને લોટની. લોટની આટાની હતી, પહેલી ઘઉંની હતી, માટીની હતી. એ અવસ્થા-અવસ્થા ઉપર ન જોતાં એમાં પરમાણુ-પરમાણુ દ્રવ્ય.. દ્રવ્ય... દ્રવ્ય... દેખો તો બધે પરમાણુ ભાસે છે, દ્રવ્ય જ ભાસે છે. પર્યાય ગૌણ થઈ ગઈ. અહીં તો ગુણ નથી કહ્યા. પર્યાયને આંખ બંધ કરી દીધી. આહા..હા..! કહો,

સમજાય છે કાંઈ? દરેક દ્રવ્યને પોતાનામાં આખું તેનું તે... તેનું તે... તેનું તે... છે એમ જોવું એમ કહે છે. અવસ્થા થતાં પણ બીજું થયું નથી અને સામાન્યપણે તો બીજું થતું જ નથી. શું કહ્યું? સામાન્યપણે તો દ્રવ્ય છે તે બીજું થતું નથી. પર્યાયપણે થતું નથી. છે.... છે... છે... દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... એમ ભાસે છે. આહા..હા..!

'**જ્યારે દ્રવ્યાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને...**' બીજો બોલ. જ્યારે દ્રવ્ય એટલે કાયમ દ્રવ્યને દેખનારી જ્ઞાન ચક્ષુને બંધ કરીને '**એકલા ઉઘાડેલા પર્યાયાર્થિક ચક્ષુ વડે...**' ઓલામાં એમ હતું એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક હતું. '**પર્યાયાર્થિક ચક્ષુ વડે અવલોકવામાં આવે છે, ત્યારે જીવદ્રવ્યમાં...**' અને પરમાણુ આદિ. આમાં જીવનો દાખલો આપ્યો છે. '**ત્યારે જીવદ્રવ્યમાં રહેલા નારકપણું,...**' દેખો! સમજાણું? જીવદ્રવ્યમાં રહેલું નારકીપણું. શ્રેણિક રાજા અત્યારે નારકીપણે છે. છે? શ્રેણિક રાજા અત્યારે નારકી છે. પછી મનુષ્ય થશે, તીર્થંકર થશે, પછી સિદ્ધ થશે. સમજાણું કાંઈ? અત્યારે શ્રેણિક રાજાનો જીવ પહેલી નરકમાં છે. ત્યાંથી નીકળી મનુષ્ય થશે. જુઓ! '**નારકપણું,...**' જીવદ્રવ્ય વિશેષમાં રહેલું. નારકીમાં રહેલું, મનુષ્યમાં રહેલું, સિદ્ધમાં રહેલું. પછી સિદ્ધ થશે. સમજાણું કે નહિ? સિદ્ધ થશે એની અહીં વાત લીધી છે. ભાઈ! કેટલાક જીવ તો એવા છે કે (સિદ્ધિ) નહિ થાય. એ અહીં અમારે કામ નથી કહે છે. અહીં તો જીવની અનાદિ-અનંત પર્યાયમાં સિદ્ધ થાય એવા જીવની અમે જોવાની વાત કરીએ છીએ. આહા..હા..! સમજાય છે કાંઈ?

મનુષ્યપણે, દેવપણે, વળી મનુષ્યપણે, વળી સિદ્ધપણે. એ જીવ પર્યાયમાં રહેલો, વિશેષમાં રહેલો એ જીવ નારકીપણે, પશુપણે, મનુષ્યપણે, દેવપણે અને સિદ્ધમાં '**એ પર્યાયોસ્વરૂપ અનેક વિશેષોને...**' એ અવસ્થાસ્વરૂપ અનેક વિશેષોને. ઓલામાં એક જીવ સામાન્ય અવલોકનારા હતા. આમાં અનેક વિશેષોને અવલોકનારા અને સામાન્યને નહિ અવલોકનારા. જ્ઞાન કરવું છેને, વિશેષ... વિશેષ... વિશેષ... વિશેષ... વિશેષ... વિશેષ... ઓહો..હો..! કેટલું જ્ઞાનપ્રધાન કથન! સમજાણું? ઓલી ૩૨૦મી ગાથા આવે ત્યારે કહે, દ્રવ્ય તે પર્યાયપણે પરિણમ્યું જ નથી. વાત તો જુઓ! કઈ અપેક્ષાએ વાત છે? દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય તે ઉત્પાદ-વ્યયમાં આવ્યું જ નથી. વસ્તુ છે વસ્તુ ધ્રુવ તે એક સમયની પર્યાયમાં આતા હી નહીં, આયા હી નહીં. પર્યાય મેં, પર્યાય મેં પરિણમન હોતા હૈ. ભગવાનજીભાઈ! ભગવાન આત્મા વસ્તુ... વસ્તુ.... વસ્તુ... વસ્તુ... ધ્રુવ. એ પર્યાય મેં આયા હી નહીં, વિશેષરૂપ હુઆ હી નહીં. યહાં તો કહતે હૈં કિ દ્રવ્ય.. કહતે હૈં ન? વિશેષમાં... છેને?

'**જીવદ્રવ્યમાં રહેલા નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું- એ પર્યાયોસ્વરૂપ...**' ભાઈ! એમ છેને એમાં? (જીવદ્રવ્યમાં) રહેલું. ભાષા. કઈ અપેક્ષા? અહીં જ્ઞાનપ્રધાન કથન છે. બેય અંશો એના છે એમ બતાવે છે. નારકીપણું કર્મને લઈને છે એમ નહિ, એમ સિદ્ધ કરે છે અહીંયાં. મનુષ્યપણું આત્માની પર્યાયમાં કર્મને લઈને છે

એમ નહિ. દેવપણું કર્મને લઈને છે એમ નહિ. અને ઢોર-પશુપણું, નિગોદપણું, નિગોદમાં જીવ જે છે, નિગોદમાં. નિગોદ સમજો છોને ભાઈ! શું? નિગોદ-નિગોદ નથી સમજતા? આ બટાટા, આલુ, કાય. હા એ. લ્યો, તમારા ભત્રીજા કહતે હૈ દેખો! બટાટા હોતા હૈ ન? ક્યા કહતે હૈ? આલુ, ડુંગળી, લસણ, ઉસમેં એક કટકી મેં. પ્યાજ એ ડુંગળી કહા. પ્યાજ એટલે ડુંગળી કહા ભૈયા! વો પ્યાજ મેં એક ટૂકડા મેં અસંખ્ય શરીર હૈ. એક શરીર મેં અનંત જીવ હૈ. તો કહતે હૈં કિ નરક ઔર નિગોદ કા જીવ કી જો પર્યાય ઉસકી પર્યાય હૈ. વિશેષ ઉસકી હૈ. કર્મ સે નહીં, પર સે નહીં એમ કહતે હૈં યહાં, એમ બતાતે હૈં. આહા..હા..! કેટલું સ્પષ્ટ કરે છે. સમજાય છે કાંઈ? પશુમાં આવેને? પશુપણું આવ્યુંને? તિર્યંચપણું. તો ઉસમેં વહ આયા એકેન્દ્રિય. તિર્યંચ મેં એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય, પાંચેય આતા હૈ. નિગોદ એકેન્દ્રિય, બટાટા, શક્કરકંદ, આલુ ઉસકા જો જીવ. તો જીવમેં જો પર્યાય હૈ પશુપણાકી, વહ તિર્યંચપણાકી પર્યાય હૈ. તિર્યંચપણાકી પર્યાય. ભલે આમ બડા પશુ હૈ તો વહ શરીરકી બાત ન લેના. ઉસકી જો નિગોદકી પર્યાય હૈ, જીવકી પર્યાય વહ લેના. તો વહ નિગોદકે જીવકી વિશેષ પર્યાય મેં રહનેવાલા જીવ. ઉસ પર્યાય મેં રહનેવાલા કર્મ, કિ કર્મસે હુઆ વિશેષ અવસ્થા એમ હૈ નહીં. કેટલું સ્પષ્ટ છે! તો તકરાર એટલી અત્યારે કરે છેને. અરે..! ભગવાન! શું હજી તને... અંશની સ્વતંત્રતા એની છે એટલું પણ નક્કી કરતા ન આવડે, એને અપ્રગટ ચિદાનંદ ધ્રુવ ભગવાન એનું અવલંબન કરતા એને નહિ આવડે. ચિદાનંદસ્વરૂપ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એની દૃષ્ટિ કઈ રીતે કરશે? સમજાય છે કાંઈ? એની હાલત, ઉસકી અવસ્થા જો હૈ વહ ભી અપને સે હૈ. ઐસા અવસ્થા કો પર્યાયદૃષ્ટિ સે દેખો તો જીવદ્રવ્ય મેં રહેલા નારકપના, જીવદ્રવ્ય મેં રહેલા નિગોદપના. શરીરમેં રહેલા ઐસે નહીં. શરીર કી પર્યાયમેં રહેલા પરમાણુ. શેઠી! પર્યાય હૈ ન શરીરકી અવસ્થા દેખો! તો વહ પર્યાય મેં રહનેવાલા પરમાણુ હૈ. પર્યાય કો વિશેષ (ન) દેખો તો ઉસમેં રહનેવાલા પરમાણુ હૈ, ઔર વિશેષ દેખો તો પર્યાય... પર્યાય.. પર્યાય.. દિખતી હૈ. પરંતુ વહ પર્યાય, પરમાણુકી પર્યાય પણ ઉસમેં હૈ ઔર આત્માકી પર્યાય ભી આત્મા મેં હૈ, પર્યાયમેં એમ. વહ પર્યાય પરસે હૈ નહીં. સમજ મેં આયા?

યહાં આત્મા વસ્તુ તરીકે દેખો તો પર્યાયની અવસ્થાની આંખ બંધ કરકે. આત્મા... આત્મા... આત્મા... આત્મા... આત્મા... આત્મા... આત્મા... દ્રવ્ય.. દ્રવ્ય... દ્રવ્ય.... દ્રવ્ય... દ્રવ્ય... દેખને મેં આતા હૈ. એક વાત. વહ તો ઉસકી ધ્રુવ દૃષ્ટિ હુઈ. ઔર વહી આત્મા અપની વર્તમાન અવસ્થા મેં હૈ વહ હૈ. વિશેષ મેં સામાન્ય હૈ, વિશેષ મેં સામાન્ય હૈ, દ્રવ્ય વિશેષ મેં હૈ, દ્રવ્ય વિશેષ મેં હૈ. ઐસે દેખો તો દ્રવ્ય નહીં દેખને મેં આતા હૈ. પર્યાય... પર્યાય... પર્યાય... દેખને મેં આતી હૈ. યહ જ્ઞાનકી પ્રધાનતા સે કથન હૈ ન. સમજમેં આયા?

**'અનેક વિશેષોને અવલોકનારા અને સામાન્યને નહિ અવલોકનારા...'** સામાન્યને

નહિ જોતા. દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય.. વસ્તુ... વસ્તુ... વસ્તુ નહિ જોતાં. એ અવસ્થા... અવસ્થા... અવસ્થા.. આત્માની અને પરમાણુની. '**સામાન્યને નહિ અવલોકનારા એવા એ જીવોને (તે જીવદ્રવ્ય) અન્ય-અન્ય ભાસે છે,...**' તે જીવપણું અનેરું-અનેરું ભાસે છે. નારકીપણે. જુઓ! ત્યાં મનુષ્યપણે અંદર પર્યાય હોં! એકદમ મરીને સ્વર્ગમાં જાય. સ્વર્ગમાં દેવ (થાય) એક સમય મેં. તબ જાણે બહાર સે તો બદલ ગયા, પણ અંદર પર્યાય બદલ ગઈ. વહાં ઐસા હુઆ કિ મૈં દેવ હૂં. પર્યાય મેં દેવ હૂં ઐસા હુઆ ન? મૈં પંચેન્દ્રિય હૂં, મૈં ઈસ ક્ષેત્ર મેં આયા હૂં, સ્વર્ગ મેં. લો. યહાં મનુષ્ય ક્ષેત્ર થા. વહાં ઐસા શુભભાવ હુઆ, વહ શુભભાવ સે, શુભભાવ વહી ગતિ હૈ ખરેખર હોં. શુભભાવ વહી સ્વર્ગગતિ હૈ. ગતિ વહી હૈ. અશુભભાવ વહ નરકગતિ હૈ. તીવ્ર અશુભભાવ નરકગતિ, બાકી માયા, કપટ આદિકા ભાવ તિર્યંચ ગતિ. ઔર મિશ્રભાવ કષાય આદિકા મનુષ્યગતિ. તો ઉસ ભાવમેં, વિશેષમેં રહનેવાલા તો જીવદ્રવ્ય હૈ ન? યા વિશેષ અવસ્થા કિસીને બનાયી હૈ? સમજાય છે કાંઈ?

'**કારણ કે દ્રવ્ય તે તે વિશેષોના કાળે તન્મય હોવાને લીધે...**' લ્યો! હવે શું કહે છે? અન્ય-અન્ય ભાસે છે એટલે? કે જીવ વસ્તુ ભિન્ન ભિન્ન અવસ્થામાં અનેરી-અનેરી ભાસે છે. '**કારણ કે દ્રવ્ય તે તે વિશેષોના કાળે...**' તે તે આત્મા, તે તે વિશેષની અવસ્થાના કાળે. જુઓ! '**તે તે વિશેષોના કાળે તન્યમ હોવાને લીધે...**' પર્યાયથી એ દ્રવ્ય તન્મય છે. પર્યાય જુદો કટકો છે અને દ્રવ્ય જુદો છે એમ નથી. સમજાણું કાંઈ? સમજમેં આતા હૈ? પર્યાય જો હૈ સ્વર્ગકી કિ યા નારકી કી મનુષ્ય કી એકેન્દ્રિય, કીડી, કીડી, મકોડા. કીડા હોતા હૈ ન છોટા? વહ શરીર ન દેખના. શરીર તો જડ હૈ. ઉસમેં આત્માકી પર્યાય જો હૈ. તો પર્યાય પર્યાય દેખો તો દ્રવ્ય વિશેષ પર્યાય મેં આયા હૈ. વહ પર્યાય જીવદ્રવ્યકી પર્યાય હૈ. ઉસકો દેખને સે.. ક્યોં? કિ વિશેષોના કાળે તન્મય દ્રવ્ય હૈ. એક સમયકી પર્યાય મેં તન્મય દ્રવ્ય હૈ. એય..! પારિણામિકભાવ... એય..! દેવાનુપ્રિયા! પ્રશ્ન કર્યો હતોને રાત્રે? અપરિણામિક દ્રવ્ય પરિણામ મેં કભી આતા હી નહીં.

મુમુક્ષુ :- યહાં તો આ ગયા.

ઉત્તર :- આ ગયા યહાં કહા. સિદ્ધ હો ગયા. અહીં જ્ઞાનપ્રધાન કથન પૂરા દ્રવ્યકી અપેક્ષા સે કથન હૈ. સમજમેં આયા? એક ધ્રુવ ભગવાન જે ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... જિસકા લક્ષ કરને સે આનંદ આતા હૈ, વહ આનંદકી પર્યાય મેં ભી ધ્રુવ આયા નહીં. આહા..હા..! સમજાય છે કાંઈ? ધ્રુવ તે ઉત્પાદ-વ્યય મેં આયા નહીં. યહ વિશેષ જો ઉત્પાદ-વ્યય હૈ ઉસમેં ધ્રુવ આયા નહીં. કઈ અપેક્ષા સે? કિ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... અપરિણામી સ્વભાવ દેખને સે વહ પર્યાય મેં આયા નહીં. પણ અહીંયાં પર્યાયકી દૃષ્ટિ સે ભેદ કરકે બતાતે હૈ. વહી દ્રવ્ય વિશેષ મેં આયા હૈ. તન્મય હો ગયા હૈ લો ભૈયા! આહા..હા..! ભાષા તો દેખો!

અહીં તો એના બે અંશો એના છે એમ બતાવવું છે. જ્યાં દૃષ્ટિ કા વિષય ચલે તદ્દન ધ્રુવ, એકલો ભગવાન ચૈતન્યસ્તંભ, ચૈતન્યબિંબ, ધ્રુવ પરમ પરમાત્મા—અપ્પા સો પરમઅપ્પા-વહ આતા હૈ. તારણસ્વામી મેં બહુત આતા હૈ. જ્ઞાનસમુચ્ચય સારમેં. ઉસમેં અપ્પા સો પરમઅપ્પા. આત્મા વહ પરમાત્મા હૈ.

મુમુક્ષુ :- ઉસમેં લિખા હૈ.

ઉત્તર :- લિખા હૈ પરંતુ ક્યા ખબર હૈ ઉસકી શેઠિયા હોકર? સમાજ ભૂષણ. ત્યાં ક્યાં ભગવાનદાસ ગયા છે? વહ ગજરથ ગજરથ હોતા હૈ. ગજરથ હુઆ હૈ. ભગવાનદાસનું નામ આવ્યું છે. ક્યાં ગયા છે? નથી ગયા? આજ આયા ન. ઉસમેં કુછ આયા હૈ. ઉસમેં નામ આયા હૈ તુમ્હારા. ભગવાનદાસ.. આયા હૈ. કીધું, આ ક્યાં ગરી ગયા ગજરથમાં? આજ આયા હૈ. સાગર કા ..હૈ કુછ ગાંવ. કંકોત્રી આવી હોં. હા વહ. યહાં નામ આયા હૈ દેખો! સમાજભૂષણ શેઠ ભગવાનદાસ. પરમ શ્રી શેઠ ભગવાનદાસ શોભાલાલ સાગર. અધ્યક્ષ ગજરથ સમિતિ. ગજરથ સમિતિના થઈ ગયા અધ્યક્ષ? ત્યાં ગયા જ નથીને. ગયા છે? પણ યહ ફાગણ વદ બીજ કો શુરૂ હો ગયા. યહ મહાવદી બીજ કો. યહ મહાવદી બીજ લિખા હૈ ઉસમેં. શુભતિથિ મહા કૃષ્ણ બીજ, .. ૨૪૯૫. રવિવાર. લ્યો રવિવાર સે શુરૂ હો ગયા. નહિ? વહ અભી નહીં? અભી લિખા હૈ ન. માહ કૃષ્ણ ત્રીજા. અમારી પોષ વદ ત્રીજ હો ગઈ. આજ તો ચોથ હૈ. લખ્યું નથી આ? રવિવાર તારીખ ૫. આજે તો કેટલી થઈ? સાત હુઆ. હા વહ. કહાં સે આયા હૈ? પણ ત્યાં ક્યાં ગરી ગયા? કીધું ભગવાનદાસ. નામ. એમ કે એકાદ-દો ઘંટા જાયેગા. ભાઈ કા બચાવ કરતે હૈ. નજીક હૈ. અચ્છા. મોટા બનાવ્યા. અધ્યક્ષ બનાવ્યા.

ઓલું નહોતા કહેતા આપણે શાંતિભાઈ? કાંપવાળા નહિ? શાંતિભાઈ. જ્યાં હોય ત્યાં મોઢા આગળ બેસાડે તો જાય ગમે ત્યાં ગપ્પ મારતા હોય તો જાય. અમારે શાંતિભાઈ હૈ કાંપમાં. આબરૂદાર હૈ, ગૃહસ્થ હૈ. ઘડિયાલ કા વ્યાપારી બડા. તો કોણ આવ્યું હતું? રજનીશ? રજનીશ તમારા નહિ? ત્યાં જઈને મારે ગપ્પ રજનીશ. એવા ગપ્પ મારે છે. અત્યારે તો બહુત મારતે હૈં. અભી તો બહુત ગપ્પ મારતે હૈ. ઓહો..હો..! વિષય મેં કામમેં ભી સમાધિ હૈ, ભોગ મેં બ્રહ્માનંદ હૈ. આહા..હા..! કાળા કેર કરી દીધાને. અરર..! આવા સિદ્ધાંત સમુદાયમાં મૂકીને ગજબ કરે છેને. પહેલી વાત તો ગુપ્ત હતી. હવે ખુલ્લી કરી. બહુ વિરોધ હુઆ હૈ બહુ વિરોધ. મુજે દૂસરા કહના હૈ કિ ભગવાનદાસ વહાં કહા ગયે? ઈતના કહના હૈ. કહો, સમજમેં આયા?

**'તે તે વિશેષોના કાળે તન્મય હોવાને લીધે...'** તે તે વસ્તુ, તે તે સમયમેં જો પર્યાય હુઈ (વહ) તન્મય હૈ. પર્યાય ભિન્ન હોતી નહીં. દ્રવ્યકી પર્યાય હૈ, વસ્તુકી અવસ્થા હૈ. અવસ્થા મેં વહ દ્રવ્ય તન્મય હૈ. ઓહો..! કથન શૈલીની જુઓને ક્યાંનું ક્યાં? એકકોર

કહેવું કે ધ્રુવ પર્યાયમાં આવ્યું જ નથી. પર્યાય પરિણમે છે, ધ્રુવ પરિણમતું જ નથી. ધ્રુવની પર્યાય તન્મય હોય તો બે એકાકાર થઈ જાય. એ કઈ દ્રવ્યની દૃષ્ટિની ધ્રુવ અપેક્ષાએ કથન છે અને આ દ્રવ્ય પર્યાયપણે ભેદપણે પરિણમે છે, એ રીતે લઈને આ વાત કરી છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાતું ભાઈ! વીતરાગ..

મુમુક્ષુ :- આવું વિરોધતાવાળું હોય તો મૂંઝાયને.

ઉત્તર :- બિલકુલ વિરોધતાવાળું નથી. મૂંજાય તો શું કરવા જાય? એય..! તમારો પ્રશ્ન હતોને રાત્રે.

મુમુક્ષુ :- એનો ક્યાં હતો? મારો હતો.

ઉત્તર :- પણ હવે એ કાંઈક હશે. ગમે તેમ હોય. એનું કાંઈ .. ગમે તેનું હોય એમાં શું? ગમે તેનો હોય પ્રશ્ન હોઈ શકે એમાં શું થયું? એક બાજુ આ કહો કે વસ્તુ છે એ પર્યાય સાથે તન્મય થાય છે, એક બાજુ કહો કે ધ્રુવ તે ઉત્પાદ-વ્યયમાં આવતી જ નથી. સમજ મેં આયા? ઉત્પાદ હૈ ન એક સમયકી પર્યાય. એક સમયકી અવસ્થા હૈ. ઉસમેં ધ્રુવ તો ત્રિકાલી હૈ. તો ત્રિકાલી એક સમયમેં ક્યોં આયે? દોનોં ધર્મ ભિન્ન ભિન્ન હૈ. પર્યાય મેં દ્રવ્ય કા અભાવ, દ્રવ્ય મેં પર્યાય કા અભાવ. આહા..હા..! ભારે વાતું ભાઈ! બાપુ! વીતરાગ કા માર્ગ ઐસા સ્યાદ્વાદ હૈ તો ઉસકો જૈસા હૈ વૈસા કહા હૈ. હોં! ઐસા નહીં કચરપચર કરકે નહીં હૈ. આહા..હા..! સમજમેં આયા?

તો કહતે હૈં '**વિશેષોના કાળે તન્મય હોવાને લીધે તે તે વિશેષોથી અનન્ય છે–**–' તે તે વિશેષથી જુદું નથી. દાખલો આપે છે. '**છાણાં,...**' છાણા. છાણા હોય છેને ગોબર? '**છાણા, તૃણ, પર્ણ...**' પર્ણ એટલે પાંદડા. પાન, પત્ર-પત્ર. '**કાષ્ઠમય અગ્નિની માફક (અર્થાત્ જેમ તૃણ, કાષ્ઠ વગેરેનો અગ્નિ તે તે કાળે તૃણમય, કાષ્ઠમય વગેરે હોવાને લીધે...**' દેખો! એ અગ્નિ લાકડા મય થઈ, તૃણના આકારે થઈ તૃણમય થઈ ગઈ છે. '**હોવાને લીધે તૃણ, કાષ્ઠ વગેરેથી અનન્ય છે—**' તૃણ કાષ્ઠથી અગ્નિ જુદી નથી. '**તેમ દ્રવ્ય તે તે પર્યાયોરૂપ વિશેષોના સમયે...**' આ આચાર્યો નવરા હશે આવું કહેવા? હેતુ છે એમાં દરેકમાં. દરેકનો દ્રવ્યનો પર્યાય તેનો તેનો છે. દ્રવ્ય તે સામાન્યપણે છે, વિશેષ એનું છે. એમ કહીને પરથી તદ્દન ભિન્ન બતાવે છે. પરદ્રવ્યથી એક દ્રવ્ય પરથી સર્વથા ભિન્ન છે. બિલકુલ કોઈ દ્રવ્ય કા કોઈ અંશ વિશેષ પર સે હોતા હૈ ઐસા હૈ નહીં. સમજમેં આયા? પરકી પર્યાય કે સાથ તન્મય નહીં. એક ચીજ અપની પર્યાય સે તન્મય એકરૂપ હૈ, પરંતુ પરકી પર્યાય સે, આ શરીર કી પર્યાય સે આત્મા તન્મય નહીં. શરીરકી પર્યાય સે તન્મય ઉસકા પરમાણુ હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ આવ્યું. એ પરમાણુ છેને રજકણ પોઈન્ટ? વહ ઉસકી અવસ્થા મેં

તન્મય હૈ. આત્મા નહીં. એકમેક લાગે જાણે આ બધું ચોંટ્યું છે કે નહિ? ચોંટ્યું જ નથી એમ કહે છે. તેરી દૃષ્ટિ મેં ફેર હૈ કિ શરીર હમારા, શરીરકી પર્યાય હમારી હૈ. ભિન્ન હૈ. શરીર કા અંશ જો અવસ્થા કા હૈ વહ પરમાણુ કા હૈ. તેરા નહીં. આહા..હા..! પૈસા જો હૈ પૈસા-નોટ. હવે નોટ થઈ ગઈ છેને. નહિતર ચાંદીકા થા. ચાંદી કા જો રૂપિયા હૈ, ઉસકી રૂપિયાકી અવસ્થા દિખી ન અવસ્થા. વહ ચાંદી કે પરમાણુ કે સાથે તન્મય હૈ. તુમ્હારે સાથ તન્મય નહીં. વહ પર્યાય તુમ્હારી નહીં. આહા..હા..! માણેકચંદજી! ક્યા હૈ? યહ પૈસા તુમ્હારા નહીં ઐસા કહતે હૈ. મકાનકી પર્યાય જો હૈ. મકાન બનાયા હૈ બહુત તીન-તીન, લાખ, છ લાખ કા આરસપહાણ. તો પરમાણુ કી પર્યાય મેં વહ અવસ્થા મેં પરમાણુ તન્મય હૈ. આત્મા નહીં. આહા..હા..! ભારે વાત ભાઈ! આહા..હા..!

કર્મકી અવસ્થા ઉદય. કર્મ હૈ ન, કર્મ હૈ ન જડ આઠ કર્મ. ઉસકી ઉદયકી પર્યાય મેં વહ પરમાણુ તન્મય હૈ. આત્મા નહીં. આહા..હા..! કેટલું કહીને ઘણાં સિદ્ધાંતો સમાડી દે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અપની પર્યાય જો ભિન્ન-ભિન્ન હોતી હૈ વિશેષ દશા ઉસકે સાથ તન્મય હૈ. પરમાણુ એક એક રજકણ પ્રત્યેક અવસ્થા ઉસકી હોતી હૈ ભિન્ન-ભિન્ન ઉસમેં વહ પરમાણુ તન્મય-તે રૂપે હૈ. આત્મારૂપે પરમાણુકી પર્યાય નહીં ઔર પરમાણુકી પર્યાય આત્મા મેં આતી નહીં. આહા..હા..! તો કર્મકે ઉદયકી પર્યાય આત્માકી પર્યાય મેં આવે ઐસા હૈ નહીં. વળી ત્યાં કહે કે વિકારના પરિણામ છે એ કર્મનું વ્યાપકપણું છે. કઈ અપેક્ષા છે? કે વિકલ્પ જો ઉઠતે હૈ પુણ્ય-પાપ કા વહ જડ સે તન્મય હૈ, પુદ્ગલ સે તન્મય હૈ. આત્મા સે નહીં. વહ સ્વભાવકી દૃષ્ટિ સે. પરંતુ પર્યાયકી દૃષ્ટિ મેં તો આત્મા કે સાથ તન્મય હૈ, પર કે સાથ તન્મય નહીં. ભારે વાતું ભાઈ! નવનીતભાઈ! કેટલા ભંગ પડે! એની અપેક્ષાએ એનું જ્ઞાન છે વિશેષ. આહા..હા..

સવારે એ કહ્યું હતું લ્યો! કે આત્મા ચિત્શક્તિથી રહિત જિતને વિકલ્પો ઉઠતે હૈ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, વિકલ્પ જડ હૈ, અજીવ હૈ, વહ અપની પર્યાય મેં તન્મય નહીં. વહ કિસ અપેક્ષા સે? ત્રિકાલી જ્ઞાયક સ્વભાવ ધ્રુવકી અપેક્ષા સે વહ વિકલ્પ ઉસકે સાથ યહ હૈ નહીં. યહાં તો અપની પર્યાય પરસે ભિન્ન બતાના હૈ. તો વહ અપની પર્યાય સે આત્મા તન્મય હૈ. વિકલ્પ રાગ હૈ ઉસસે ભી આત્મા (તન્મય હૈ). નારકી આ ગયા કિ નહીં? ત્રિકાળીનો દાખલો આપ્યો પહેલો ચાર. નારકીપર્યાય, દેવ પર્યાય ખરેખર એ શુભપર્યાય એ સ્વર્ગ છે, અશુભપર્યાય એ નરક છે. તો વહ પર્યાય તન્મય હૈ. એય..! પોપટભાઈ! સવારે ના પાડી અને અત્યારે હૈ. સાવ ફરી ગયો એટલે? અમારે ફાવાભાઈ કહેતા હતા બિચારા હોં. સવારે કાંઈક માનીએ ત્યાં બપોરે બીજું આવે. હવે અમારે શું જાણવું? મગજ ન મળે. ફાવાભાઈ હતાને અમારા. એ ગુજરી ગયા હમણા. એ એમ કહેતા. મગજ ન મળે. જાડી બુદ્ધિ, પુણ્યને લઈ કાંઈક કમાતા હોય, એમાં લાગે કે પૈસા મળ્યા બે-પાંચ લાખ,

ઢીંકણું, ધૂળ. થઈ ગયા. કમાનારા. કમાનારા એટલે? પૈસા કમાયા એમ કહતે હૈ કિ નહીં? ધૂલ કમાયા હૈ પૈસા કહાં? ધૂલ નામ દુઃખ. પૈસા કમાના વખતે જો દુઃખકી પર્યાય હુઈ વહ કમાયા. ઔર દુઃખકી પર્યાય કે સાથ આત્મા તન્મય હૈ. પૈસા કી પર્યાય કે સાથ તન્મય નહીં. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો!

'**તેમનાથી અનન્ય છે-જુદું નથી. અને જ્યારે તે બન્ને ચક્ષુઓ...**' હવે બેય લીધું સાથે. વસ્તુને દેખીને પર્યાયની દૃષ્ટિને બંધ કરી દે તો સામાન્ય દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... દેખવામાં આવે. દ્રવ્યાર્થિકનયનો ચક્ષુ બંધ કરીને પર્યાયથી જોઈએ તો વિશેષ... વિશેષ... વિશેષ... દ્રવ્ય હોં પોતે. વિશેષ... વિશેષ... વિશેષમાં એમ દેખાય. હવે '**બન્ને ચક્ષુઓ—દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક—તુલ્યકાળે (એકીસાથે) ખુલ્લાં કરીને તે દ્વારા અને આ દ્વારા...**' આ પ્રમાણ. દ્રવ્ય છે... છે... હૈ... પર્યાય ભી હૈ.. હૈ.. એમ દો સાથ મેં. '**(-દ્રવ્યાર્થિક ચક્ષુ દ્વારા તેમ જ પર્યાયાર્થિક ચક્ષુ દ્વારા) અવલોકવામાં આવે છે, ત્યારે નારકત્વ-તિર્યંચત્વ-મનુષ્યત્વ-દેવત્વ-સિદ્ધત્વપર્યાયોમાં રહેલો જીવસામાન્ય અને જીવસામાન્યમાં રહેલા નારકત્વ-તિર્યંચત્વ-મનુષ્યત્વ-દેવત્વ-સિદ્ધત્વપર્યાયોસ્વરૂપ વિશેષો તુલ્યકાળે દેખાય છે.**' આહા..હા..! ક્યાં સુધી વાત કરી જુઓને! સિદ્ધની પર્યાયમાં જીવ દેખાય છે અને જીવ દ્રવ્ય જોઈએ તો સિદ્ધની પર્યાય તેમાં દેખાતી નથી. દ્રવ્યને જોઈએ તો સિદ્ધની પર્યાય દેખાતી નથી. પર્યાયને જોઈએ તો એ જીવદ્રવ્ય એ વિશેષપણે સિદ્ધ થયું છે એમ દેખાય છે. આહા..હા..! અહીં તો એવા જ જીવ લીધા છે. સમજાણું? એવા જીવ લીધા છે કે જેનું ચાર ગતિને મટીને સિદ્ધપર્યાય થાય. સમજાણું કાંઈ?

જેને આવું અંતરમાં સન્મુખ થઈને જેને ભાન થાય એને તો સિદ્ધપર્યાય થાય, થાય ને થાય જ. આહા..હા..! એ સાંભળીને થયું એ જ્ઞાન નહિ હોં! એય..! શેઠી! સુનને મેં આયા વહ જ્ઞાન જ્ઞાન નહીં. યહાં તો સુનને મેં આયા હૈ વહ જ્ઞાન ભી ઉસકે સાથ તન્મય હૈ ઐસા સિદ્ધ કરના હૈ. ભારે વાત! પણ વસ્તુદૃષ્ટિએ જો સુનને સે જો જ્ઞાન હુઆ વહ આત્મા કા જ્ઞાન નહીં. આહા..હા..! કેટલી વાત! અંતર વસ્તુ ચિદાનંદ ભગવાન ઉસકા આશ્રય સે જો અવલંબ પ્રગટ અંશ વેદન કા અનુભવ હુઆ વહ જ્ઞાન હૈ. જુઓ! વસ્તુની દૃષ્ટિ સે વહ જ્ઞાન, ઔર પર્યાયકી દૃષ્ટિથી જ્યારે ભેદ પાડીને કહીએ તોપણ જે જે જ્ઞાનનો અંશ ભલે અજ્ઞાન ન હો, એની સાથે આત્મા તન્મય છે એમ કહે છે અહીં. ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાય ઐસે નહીં. યહાં તો કહતે હૈં કિ કોઈપણ જ્ઞાનકી પર્યાય હૈ, ઉસસે યહ તન્મય હૈ, બસ ઇતના. પછી સમ્યગ્જ્ઞાન કે મિથ્યાજ્ઞાન એ અહીં પ્રશ્ન નથી. અંદર મેં જ્ઞાનકી પર્યાય જો હુઈ ભલે અજ્ઞાનકી. તોપણ વહ પર્યાય વિશેષ હૈ ઉસકે સાથ જીવ ઉસમેં

આયા હૈ. જીવ ઉસકે સાથ તન્મય, એમ. ઔર યહ જો કહતે હૈ કિ સવેરેકી દૃષ્ટિકી બાત વહ તો સુનને સે જો જ્ઞાનકી પર્યાય તો ઉસસે આયી હૈ વહ સમય મેં. તો વહ પર્યાય કો યથાર્થ જ્ઞાન કહને મેં આતા નહીં. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા વહ બાત હૈ. ભારે વાતું ભાઈ! સમજાય છે કાંઈ? અહીં તો પરાલંબી જ્ઞાનનો પર્યાય વહ ભી ઉસકે સાથ દ્રવ્ય તો તન્મય હૈ. એય..! ભારે વાત ભાઈ! સમજ મેં આયા? પરંતુ જબ ચૈતન્ય દ્રવ્યકી સ્વાલંબી સ્વભાવ ઉપર દૃષ્ટિ દેખે તો ભગવાન ચિદાનંદ મૂર્તિ, ઉસકે આશ્રય સે જો જ્ઞાન કા કણ વેદન શાંતિકા હુઆ ઉસકો જ્ઞાન પર્યાય આત્મા મેં કહને મેં આતા હૈ. ગ્યારહ અંગ કા ઉઘાડ હુઆ વહ ભી જ્ઞાનકી પર્યાય નહીં. યહાં કહતે હૈં કિ ઉસકી પર્યાય હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યવહાર નહીં. વહ તો વ્યવહાર વિષય, પરંતુ હૈ તો ઉસકી પર્યાય કા અંશ નિશ્ચય. પણ વહ પરમ શુદ્ધ નિશ્ચયકી દૃષ્ટિ કરને સે વહ પર્યાય ઉસકી હૈ નહીં. ભારે વાત ભાઈ! સૂક્ષ્મ બાત હૈ ભૈયા! તત્ત્વ સમજના અલૌકિક ચૈતન્ય માર્ગ હૈ. સર્વજ્ઞ પરમેશ્વરને જો માર્ગ કહા, સાધા વહ અલૌકિક માર્ગ હૈ.

'**ત્યાં, એક ચક્ષુ વડે અવલોકન તે એકદેશ અવલોકન છે...**' દેખો! આ બાજુ આવ્યુંને? એક દ્રવ્યને દેખો તો એક ચક્ષુથી એક અવલોકન છે. પર્યાયને દેખો તો એક અવલોકન છે. બે એક સાથે ન આવ્યું. એકદેશ અવલોકન. '**અને બે ચક્ષુઓ વડે અવલોકન તે સર્વ અવલોકન છે.**' બે જાણે તો પ્રમાણ છે એક સાથે. જુઓ! ક્યા કહતે હૈ? એ સામાન્ય... સામાન્ય... સામાન્ય... સામાન્ય... સામાન્ય... સામાન્ય... દેખો તોપણ એક દેશ અવલોકન છે. કેમ? ધ્રુવ છે તો એમાં આખો દેશ આવ્યો. દ્રવ્ય તો આખું પૂર્ણ આવી ગયું. ક્યા હુઆ? શેઠી!

મુમુક્ષુ :- દ્રવ્ય પર્યાય દોનોં કો દેખે...

ઉત્તર :- તબ પૂર્ણ જ્ઞાન અવલોકન હૈ. દ્રવ્ય કો દેખના વહ ભી એકદેશ અવલોકન હૈ. સર્વદેશ નહીં. દો પડખા કા જ્ઞાન નહીં. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- દોનોં દેખે તો ...

ઉત્તર :- તો સારા પૂરા દેખને મેં આતા હૈ. દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... દેખે તો એકદેશ જ્ઞાન હૈ. ઔર પર્યાય અંશ કો દેખે વહ ભી એકદેશ જ્ઞાન. એકદેશમેં દોહી સમા જાતા હૈ. સમજાય છે કાંઈ? દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... દખો તો એકદેશ અવલોકન હૈ, ઔર પર્યાય પર્યાય દેખો તો એકદેશ અવલોકન હૈ. એકદેશ અવલોકન મેં દો સરખા આ ગયા. ઓહો..હો..!

**'માટે સર્વ અવલોકનમાં દ્રવ્યનાં અન્યત્વ અને અનન્યત્વ વિરોધ પામતાં નથી.'** સર્વ અવલોકનમાં દ્રવ્યનું અન્યત્વ એટલે તેનું તે (નહિ). અન્યત્વ એટલે અનેરાપણું, અનન્યત્વ એટલે અનેરાપણું નહિ. ત્યાં વિકલ્પમાં આયા હૈ. અરે..! આકરું કામ ભારે. વિકલ્પમાં આવ્યા છે તો દુઃખમાં આવ્યા છે એમ કહે છે. તો વિકલ્પ ઉઠા હૈ ન? વિકલ્પ વહ રાગ હૈ, રાગ વહ દુઃખ હૈ. તો ઉસકો અવલોકો કિ પર્યાય મેં હૈ, ઐસે જાનો બસ. દ્રવ્ય દ્રવ્ય મેં હૈ નહીં. એમ કહે છે. 'પ્રભુનો માર્ગ છે શુરાનો, કાયરના કામ નથી અહીં.' એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી વીતરાગ. શું કહ્યું? એ પછી પણ 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન. સમવસરણની મધ્યમાં શ્રી સીમંધર ભગવાન.' એ ભગવાન-ભગવાન આવી ગયું બેય. કહો, સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- દરેક દ્રવ્ય સામાન્ય-વિશેષાત્મક છે. તેથી દરેક દ્રવ્ય તેનું તે જ પણ રહે છે અને બદલાય પણ છે.'** એ પર્યાય. તેનું તે પણ રહે એ દ્રવ્ય, બદલાય એ પણ પર્યાય છે. **'દ્રવ્યનું સ્વરૂપ જ આવું ઉભયાત્મક હોવાથી...'** વસ્તુ જ આવી છે. **'દ્રવ્યના અનન્યપણામાં અને અન્યપણામાં વિરોધ નથી.'** દ્રવ્યનું અનન્યપણું-અનન્યપણું એકપણું. અને અનેરા-અનેરાપણું. અનન્યપણું એ દ્રવ્ય. વિશેષપર્યાય અન્યપણું. **'જેમકે મરિચી અને શ્રી મહાવીરસ્વામીનું જીવસામાન્યની અપેક્ષાએ અનન્યપણું...'** છે. દેખ! મરિચી થઈ ગયાને જ્યારે ઋષભદેવ ભગવાનના વખતમાં. મરિચીનો જીવ. વહ મહાવીર હુઆ. ઋષભદેવ ભગવાનને વખતે મરિચી કુમાર એક હતા. ભરતના રાજકુમાર. નહિ? ભરતના. ભરત હોં ભરત ચક્રવર્તીના. પછી ફેરફાર થઈ ગયો. મરિચી. એનો જીવ. ભગવાને પૂછ્યું હતું ભરત ચક્રવર્તીએ. સમજ મેં આયા? મહારાજ! સમજ મેં આયા? ભગવાને ભરત ચક્રવર્તીએ ઋષભદેવને પૂછ્યું કે પ્રભુ! આ સભામાં કોઈ ભવિષ્યના તીર્થંકર છે? કોઈ તીર્થંકર હોનેવાલા હૈ? કિ હૈ. સમજમેં આયા? મરિચી. તો મરિચીનો જીવ એ જ મહાવીરનો જીવ થયો. જીવ તો એનો એ છે. પર્યાય ભિન્ન ભિન્ન હૈ. આત્મા મરિચી વખતે પણ જીવ વહી થા અને એ મહાવીર વખતે જીવ વહી થા. તો દ્રવ્યકી અપેક્ષા તો વહી.. વહી.. વહી.. હૈ. ઔર પર્યાયની અપેક્ષાએ ભિન્ન ભિન્ન હૈ. ત્યાં મરિચીનો આત્મા જીવની પર્યાય અને ક્યાં તીર્થંકરની પર્યાય? તો પર્યાયદીઠ આત્મા અનન્ય હો જાતા હૈ, પરકે કારણ સે નહીં. યહ બાત કહતે હૈં. સમજમેં આયા? અનેરી-અનેરી પર્યાય હુઈ આત્મા મેં. યહ હૈ વહ પરદ્રવ્યને કારણે નહિ. એ વિશેષપણે દ્રવ્ય હો જાતા હૈ. દ્રવ્ય વિશેષપણે થાય છે. સામાન્યપણે દ્રવ્ય એનું એ રહે છે. કહો, સમજાણું કાંઈ?

આ તો કહે, હમારી પર્યાય પરસે હુઈ, પરકી પર્યાય હમારે સે હુઈ. મૂઢ હૈ, મિથ્યાદૃષ્ટિ હૈ ઐસા કહતે હૈં. સમજ મેં આયા? યહ શરીર હૈ ન, દેખો! જુઓ આ અંગુલી ચલતી હૈ. તો કહતે હૈં કિ કોઈ ઐસા માને કિ અંગુલી ચલતી હૈ વહ પર્યાય હમારે સે હુઈ, આત્મા

સે. મૂઢ મિથ્યાદૃષ્ટિ અજીવ કો જીવ માનતે હૈ. પોપટભાઈ! કેમકે એ પરમાણુ છે અનેરી અનેરી અવસ્થાપણે થાય છે. એ પર્યાયની સાથે એક પરમાણુ તન્મય છે. આત્માની સાથે સંબંધ છે નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ! કહે છે, મરિચી અને મહાવીર. એમ પરમાણુ. આ જેમ મરીચી અને મહાવીર લીધા, એમ પરમાણુ, દરેક પરમાણુ એક પોઈન્ટ પરમાણુ છે. આ તો ઘણા રજકણનો પિંડ છે આંગળી. એક એક પરમાણુમાં તેનું તે પરમાણુ દ્રવ્યદૃષ્ટિએ તેનું તે. અનેરી-અનેરી અવસ્થાએ તે વિશેષમાં પરમાણુ આવ્યો છે. એની અવસ્થા બીજા પરમાણુને લઈને થઈ છે, કે કર્મને લઈને અવસ્થા શરીરની થઈ છે એમ નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે કર્મ પરદ્રવ્ય ભિન્ન છે અને શરીરના રજકણો ભિન્ન છે. તો શરીરની પર્યાયપણે પરમાણુ એના રજકણ શરીરના રજકણની પર્યાયપણે આવ્યા છે. કર્મની પર્યાયથી આ શરીરની પર્યાય થઈ છે એમ નથી. આહા..હા..!

જે એમ માને કે કર્મને લઈને શરીરની પર્યાય આવી એ કર્મની પર્યાયની સાથે જડની શરીરની પર્યાય એક માને છે. મૂઢ છે. બે દ્રવ્યને એક માને છે તેની દૃષ્ટિ ખોટી છે એમ કહે છે. શોભાલાલજી! આહા..હા..! દરેક છાંટે ભિન્ન હૈ. એક એક પરમાણુ અપની પર્યાય સે વિશેષરૂપ હોતા હૈ. દૂસરા પરમાણુ કે કારણ વિશેષરૂપ હોતા હૈ ઐસા નહીં. આહા..હા..! જો ઐસે વિરૂદ્ધ માને વહ મિથ્યાદૃષ્ટિ. યહ લખાણ ઉસકા હૈ. જ્ઞેયતત્ત્વકી અવસ્થા ઔર દ્રવ્ય કો વહ જાનતા નહીં. શોભાલાલજી! ભારે વાતું ભાઈ!

**'વિશેષની અપેક્ષાએ અન્યપણું હોવામાં કોઈ પ્રકારનો વિરોધ નથી. '** મહાવીરનો આત્માની પર્યાય અને મરિચીની પર્યાય, પર્યાય અપેક્ષાએ ભિન્ન હૈ, દ્રવ્ય અપેક્ષાએ. પણ વહ ભી મરિચીની વખતે જે પર્યાય ઉસકી થી વહ કર્મ કે કારણ સે નહીં. વિપરીત માન્યતા ચલાઈ ન ઉસને. તો વિપરીત માન્યતા વહ કર્મને લઈને હુઈ હૈ ઐસા નહીં. કેમકે વિપરીત માન્યતારૂપ વિશેષમાં વહ દ્રવ્ય પરિણમા હૈ, દ્રવ્ય તન્મય છે. કર્મનો ઉદય એ વિશેષ અવસ્થામાં તન્મય નથી એમ કહે છે. આહા..હા..! ભગવાન મહાવીર જ્યારે કેવળજ્ઞાનપણે થયા તે પણ કેવળજ્ઞાનની પર્યાય જ્યારે થઈ ત્યારે તે દ્રવ્ય તો તેનું તે હતું, પણ એ પર્યાયમાં વિશેષપણે તે દ્રવ્ય આવ્યું છે. એની કેવળજ્ઞાનની પર્યાય સાથે તન્મય છે. કેવળજ્ઞાનાવરણીનો નાશ થયો માટે કેવળજ્ઞાનની પર્યાય સાથે તન્મય છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! દ્રવ્યની ખબર ન મળે. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્માએ અનંત આત્માઓ, અનંત પરમાણુઓ પ્રત્યેક દ્રવ્યની પર્યાય પર્યાય અપને સે હોતી હૈ, પરસે નહીં. ઐસા માને બિના અનંત પરમાણુ અનંત આત્મા માનતે નહીં. આહા..હા..! ભારે વાત! એ આ વાત કરે છે. અમથી વાત મફતમાં નથી. દ્રવ્યથી આમ દેખો અને પર્યાયથી આમ દેખો લ્યો! કહો, પોપટભાઈ!

**'દ્રવ્યાર્થિકનયથી એક ચક્ષુથી જોતાં દ્રવ્યસામાન્ય જ જણાય છે તેથી દ્રવ્ય**

**અનન્ય અર્થાત્ તેનું તે જ ભાસે છે અને પર્યાયાર્થિકનયરૂપી બીજા એક ચક્ષુથી જોતાં દ્રવ્યના પર્યાયોરૂપી વિશેષો જણાય છે તેથી દ્રવ્ય અન્ય-અન્ય ભાસે છે.'** બીજા દ્રવ્યને લઈને નહિ. આહા..હા..! દેખો! સમજ મેં આયા? વહ ચશ્મા ચડાયે તો જ્ઞાન હોતા હૈ. ઓલો કહેતો હતોને. કોક. અરે..! ચશ્મા ન હોય તો જ્ઞાન કેમ નહીં હોતા હૈ? ચશ્મે સે ક્યોં હોતા હૈ? સુન તો સહી! તેરી જ્ઞાનકી પર્યાય, ચશ્મા નહીં થા તો ઉસ સમય તેરી પર્યાયકી તન્મયતા તેરા દ્રવ્ય હી થા. ઔર ચશ્મા આયા તો પર્યાય વિશેષ હુઈ તેરેમેં ઐસા હૈ નહીં. એમ કહતે હૈં. સમજ મેં આયા? દેખો ભૈયા! ચશ્મા કા અસર હૈ કિ નહીં ઉસમેં દેખને મેં? મૂઢ હૈ. કોણ ઉતારે? ચશ્મા કા રજકણ કા પિંડ હૈ ચશ્મા. પરમાણુ અનંત પરમાણુ કા સ્કંધ હૈ, તો સ્કંધની પર્યાય મેં વહ પરમાણુ તન્મય હૈ, ક્યા આત્માકી પર્યાય તન્મય ઉસકે સાથ હૈ? આહા..હા..! સમજ મેં આયા? વહ કહતે હૈ યહાં. સામાન્ય પરમાણુ ઔર આત્મા દ્રવ્ય તરીકે હૈ, વહી અપની પર્યાય તરીકે હોતા હૈ. દૂસરા સે હોતા હૈ વહ બિલકુલ જૂઠ બાત હૈ, મિથ્યાદૃષ્ટિ માનતે હૈ. આહા..હા..! બહુ સરસ.

**'તેથી દ્રવ્ય અનન્ય તેમ જ અન્ય-અન્ય બન્ને ભાસે છે.'** વસ્તુથી જુઓ તો તેની તે દરેક વસ્તુ પર્યાયથી અન્ય-અન્ય ભાસે છે. એ જ એનું સ્વરૂપ સ્વતંત્ર છે. નહિતર એ દ્રવ્ય યથાર્થ સામાન્ય-વિશેષપણે દેખાતું નથી. બીજાને લઈને વિશેષ છે એમ દેખે છે એ પોતાને લઈને વિશેષ છે એમ દેખતો નથી. એની દૃષ્ટિમાં ..મિથ્યાત્વ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૫, બુધવાર, તા. ૦૮.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૧૫, પ્રવચન-૧૨૦**

૧૧૫ ગાથા ચાલે છે. ૧૧૪ થઈ. ૧૧૫ છે. ઉપર છેને ઉપોદ્ઘાત? **'હવે સર્વ વિરોધને દૂર કરનારી સપ્તભંગી પ્રગટ કરે છે :—'** છે? ક્યાં છે ભાઈ? એય..! નરેશ! ક્યાં છે? ક્યાં છે એ? **'હવે સર્વ વિરોધને દૂર કરનારી સપ્તભંગી પ્રગટ કરે છે :-'** સમજે તો ખરા, વાંચે તો ખરા કે શું છે. જુઓ, શું કહે છે? કે દરેક આત્મા અને દરેક દ્રવ્ય

રજકણ આદિ એ સામાન્યપણું કાયમ રાખીને સમય સમયની અવસ્થામાં એ સામાન્ય વિશેષપણે આવે છે. દરેક આત્મા અને દરેક પરમાણુ-પોઈન્ટ-રજકણ સામાન્ય છે એ તો એનું એ છે. કોઈપણ ગતિમાં આત્મા... આત્મા... આત્મા... આત્મા... આત્મા... અને પરમાણુ કોઈપણ અવસ્થામાં પરમાણુ... પરમાણુ... પરમાણુ... પણ એ જ આત્મા નરકમાં, મનુષ્યમાં, દેવમાં, સિદ્ધ આદિમાં હોય છે એ પર્યાય અપેક્ષાએ અન્ય-અન્ય હોય છે. દ્રવ્ય અપેક્ષાએ એની એ, પર્યાય અપેક્ષાએ અન્યોન્ય હોય છે. શોભાલાલજી! સમજાણું કાંઈ? તો કહે છે કે હવે અન્ય-અન્ય હોય છે તો એમાં કોઈ પરનો અધિકાર છે કે નહિ?

મુમુક્ષુ :- એ વાત છે?

ઉત્તર :- એ વાત છે. આત્મા પોતાની પર્યાયમાં ભિન્ન-ભિન્ન અવસ્થા કરે છે. કોઈ વખતે નારકીની, કોઈ મનુષ્યની, કોઈ દેવની, કોઈ સિદ્ધની એ અવસ્થા થાય છે એ અવસ્થા પોતાથી છે કે પરથી છે? સમજાણું કાંઈ? એ વાત ચાલે છે.

જુઓ, '**સર્વ વિરોધને દૂર કરનારી સપ્તભંગી પ્રગટ કરે છે :—**' સાત ભંગ ચાલે છે. ૧૧૫.

**अत्थि त्ति य णत्थि त्ति य हवदि अवत्तव्वमिदि पुणो दव्वं।**
**पज्जाएण दु केण वि तदुभयमादिट्ठमण्णं वा।।११५।।**

આમાં નથી ઓલું. પાછળ છે નહિ? છેને? ૧૧૫. સાથે ન નાખ્યું. એટલું ગોતવું પડે એને. ૧૧૫. આવ્યું એમાં? આ તો ગુજરાતી છે. છે ગુજરાતી.

**અસ્તિ, તથા છે નાસ્તિ, તેમ જ દ્રવ્ય અણવક્તવ્ય છે,**
**વળી ઉભય કો પર્યાયથી, વા અન્યરૂપ કથાય છે. ૧૧૫.**

એ પાછળ છે. પાછળ છે, પાછળ. એનું કાંઈ નહિ.

હવે એની ટીકા. ટીકા લ્યો ટીકા. '**દ્રવ્ય (૧) 'સ્યાત્ અસ્તિ જ' છે સ્વરૂપની અપેક્ષાએ;...**' શું કહે છે? જુઓ, આખા જૈનશાસનો સપ્તભંગી જે સાર છે. સ્યાત્-સ્વરૂપ અપેક્ષા આત્મા પોતાની સ્વરૂપ અપેક્ષાએ કથંચિત્. સ્યાત નામ '**કથંચિત્...**' નીચે છે. ''**સ્યાત્ = કથંચિત્; કોઈ પ્રકારે, કોઈ અપેક્ષાએ. (પ્રત્યેક દ્રવ્ય સ્વચતુષ્ટયની અપેક્ષાએ--સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ ઔર સ્વભાવની અપેક્ષાએ—અસ્તિ છે.**'' છે નીચે? નોટ-નોટ. એનો અર્થ શું છે? કે આ આત્મા છે એ પોતાનું દ્રવ્ય, દ્રવ્ય નામ વસ્તુ, એની શક્તિઓ, ગુણ અને અવસ્થા. એ ગુણપર્યાયના પિંડને દ્રવ્ય કહે છે. અને પોતાનું ક્ષેત્ર પહોળું. ચૌડાઈ. પહોળાઈને અહીંયાં સ્વક્ષેત્ર કહે છે અને પોતાની અવસ્થા, હાલત, દશાને અહીંયાં કાળ કહે છે અને એનો ભાવ, શક્તિ, ગુણ તેને અહીં ભાવ કહે છે. સમજાણું કાંઈ? પોતાનું દ્રવ્ય, પોતાનું ક્ષેત્ર, પોતાનો કાળ, પોતાનો ભાવ એમાં પોતાનું દ્રવ્ય છે. દરેક દ્રવ્ય. પોતાનું દ્રવ્ય પોતામાં છે, પોતાનું ક્ષેત્ર પણ પોતાથી છે, પોતાની અવસ્થા જે દશા થાય છે—નારકીની,

મનુષ્યની, દેવની, સિદ્ધની. સમ્યગ્દર્શનની, મિથ્યાદર્શન આદિની અવસ્થા જે થાય છે એ કાળ છે એનો. કાળ નામ પોતાની પર્યાય, એ પણ પોતાથી છે અને અંદર ત્રિકાળી ગુણ છે—જ્ઞાન-દર્શન-ભાવ એ પણ પોતાથી છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આત્મા પોતાથી કથંચિત્ છે. કથંચિત્‌નો અર્થ શું? પોતાની અપેક્ષાએ.

મુમુક્ષુ :- થોડોક ટાઈમ .. નથી એમ નહિ.

ઉત્તર :- એમ નહિ.. નહિ.. જુઓ, એ માટે તો બીજો ભાગ લીધો છે. 'જ'ને કાઢવા. સ્વરૂપ અપેક્ષાએ સ્યાત્ અસ્તિ. સમજાણું? છેને?

મુમુક્ષુ :- પહેલો જ બોલ છે. '**સ્યાત્ અસ્તિ જ છે...**'

ઉત્તર :- એમાં 'જ' નાખ્યો અને આમાં 'જ' નથી નાખ્યો. હિન્દીમાં.

મુમુક્ષુ :- પહેલા ગુજરાતીમાં રહી ગયો હતો એટલે

ઉત્તર :- હા, 'જ' જોઈએ. એના માટે તો આ બીજો પેરેગ્રાફ છે. કારણ કે 'જ' જે છે ત્યાં ભાઈ! એના માટે તો બીજો પેરેગ્રાફ કર્યો છે. એ 'જ'નું એકાંતપણું ટાળવા અહીં બીજો પેરેગ્રાફ એના માટે લીધો છે. બીજો પેરેગ્રાફ છેને એમાં. લ્યો! મેં કહ્યું, આમાં કેમ ન આવ્યું એ?

મુમુક્ષુ :- દ્રવ્યનું કથન કરવામાં આવશે.

ઉત્તર :- દ્રવ્યનું કથન એ બીજો પેરેગ્રાફ ઓલો 'જ'નો નિષેધ કરી. ત્યાં 'જ' નહિ આવે. ત્યાં 'જ' નહિ એ. પછી પાછળથી એનો ભાગ સમજાવશે. શું કહે છે? જુઓ, થોડું સમજાય એવી વસ્તુ છે. આજ તો હિન્દી ચાલે છે.

'**સ્યાત્ અસ્તિ જ' છે સ્વરૂપની અપેક્ષાએ;...**' 'જ' આવ્યો એમાં? નવામાં નથી. તમારે છે 'જ' ત્યાં? ત્યાં પણ નથી. 'જ' નથી. 'જ' જોઈએ. 'જ' જોઈએ. 'જ' જોઈએ. 'જ' જોઈએ. ત્યાં '**સ્યાત્ અસ્તિ જ' છે સ્વરૂપની અપેક્ષાએ;...**' પોતાથી જ છે, પોતાથી જ છે. શું કહે છે સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાની ચીજ જે છે વસ્તુ. અને એની શક્તિઓ-ગુણ અને એની દશા અને એની પહોળાઈ, ક્ષેત્રની પહોળાઈ. એ પોતાનું દ્રવ્ય, પોતાનું ક્ષેત્ર, પોતાનો ભાવ અને પોતાનો કાળ એનાથી જ છે. સમજાણું કાંઈ? પોતાથી જ પોતાનું દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી જ આત્મા છે. એમાં આ પરમાણુ-પોઈન્ટ એક પરમાણુ છેને? એ પણ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી જ છે. સમજાણું કાંઈ?

'**(૨) સ્યાત્ નાસ્તિ જ' છે પરરૂપની અપેક્ષાએ;...**' આત્મા કર્મથી, શરીરથી, વાણીથી, પૈસાથી, લક્ષ્મીથી, પરથી બિલકુલ નાસ્તિ જ છે. પરથી છે જ નહિ.

મુમુક્ષુ :- કથંચિત્ પણ નહિ?

ઉત્તર :- કથંચિત્ કહ્યુંને. પરથી નથી, સ્વથી છે. એ અપેક્ષાએ કથંચિત્-સ્યાત છે. પોતાની અપેક્ષાએ. સ્યાત્ નથી શું? પરની અપેક્ષાએ. સર્વથા છે, તો પરથી પણ છે એમ થઈ જાય,

સર્વથા નથી તો પોતામાં પણ નથી એમ થઈ જાય.

મુમુક્ષુ :- સમજાણું નહિ.

ઉત્તર :- સમજાણું નહિ? એય..! શેઠી! આત્મા છે એ સર્વથા પોતાથી સર્વથા છે એમ કહો તો પરથી પણ છે એમ થઈ જાય. તો પોતાની અપેક્ષાએ છે, પરની અપેક્ષાએ નથી. માટે સ્યાત્-કથંચિત્ પોતાની અપેક્ષાએ છે, પરની અપેક્ષાએ નથી. જો આત્મા છે જ એમ કહો તો તો પરથી પણ છે એમ થઈ જાય. એમ તો નથી. તો સ્યાત્ પોતાની અપેક્ષાએ આત્મા પોતાનું દ્રવ્ય, પોતાનું ક્ષેત્ર, પોતાનો ભાવ અને પોતાની અવસ્થા એનાથી જ છે. પરરૂપની અપેક્ષાએ સ્યાત્-કથંચિત્. નથી એ કથંચિત્. કેમ? પરની અપેક્ષાએ એમ. સમજાણું કાંઈ? શું આમાં સમજાય? આ તો બહુ સાદી ભાષા છે. જૈનદર્શનનું તો મૂળ છે આ સપ્તભંગી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પહેલાથી જ કહી દીધું છેને કે આત્મા નરકમાં હોય, મનુષ્યમાં હોય, દેવમાં હોય કે સિદ્ધમાં હોય, આત્મા તો એ જ છે. એ તો વસ્તુ અપેક્ષાએ. હવે પર્યાય તો ભિન્ન છે, તો જે પર્યાય મનુષ્યની છે એ દેવની નથી, દેવની પર્યાય સિદ્ધની નથી, સિદ્ધની પર્યાય મનુષ્યની નથી. તો પર્યાય અપેક્ષાએ અન્ય-અન્ય થયું. અન્ય-અન્ય પોતાથી થઈ, અન્ય-અન્ય પોતાથી થઈ, અન્ય-અન્ય પોતાથી છે, પરથી નથી. એ સિદ્ધ કરવા માટે સપ્તભંગી છે.

મુમુક્ષુ :- પરથી નથી?

ઉત્તર :- પરથી નથી. કર્મને કારણે નરકમાં છે એમ નથી, એમ કહે છે. કર્મને કારણે દેવગતિમાં છે એમ નથી. સમજાણું કાંઈ? પોતાની વિશેષ અવસ્થા અન્ય-અન્ય થાય એનાથી જ પોતામાં છે. કોઈપણ ગતિમાં હોય... તો કોઈ કહે છે કે ભાઈ! અમારે આ મા-બાપ, શરીરાદિ હોય તો અમારું અસ્તિપણું અમારું રક્ષણ થાય છે. તો કહે છે કે મૂઢ છે. એ તો એની અસ્તિમાં છે. તારામાં શું આવ્યું? તારા ભાવની અવસ્થા અને તારો ભાવ તો તારાથી છે. પરથી બિલકુલ નથી. સમજાણું કાંઈ? આ શરીરના એક-એક પોઈન્ટ પરમાણુ... આ તો ઘણા પરમાણુનો પિંડ છે. એક પોઈન્ટ-રજકણ છે પરમાણુ. એ કહે છે કે રજકણ તો પોતાના દ્રવ્યથી છે. પણ એની પર્યાય જે છે. આ જુઓ આ લાલ પર્યાય દેખાય છેને પરમાણુ. આ રજકણની અવસ્થા છે. તો એ પર્યાય પોતાથી છે, પરથી નથી. એ અવસ્થા પોતાથી છે. સ્વરૂપ અપેક્ષાએ સ્યાત્. કથંચિત્ એટલે સ્યાત્ એટલે પોતાની અપેક્ષાએ છે. એકલું છે એમ કહે તો તો પરની અપેક્ષાએ પણ છે એમ થઈ જાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સ્યાત્ એટલે લગાવ્યું.

ઉત્તર :- સ્યાત્ એ માટે લગાવ્યું છે.

**(૧) 'સ્યાત્ અસ્તિ જ' છે સ્વરૂપની અપેક્ષાએ; (૨) સ્યાત્ નાસ્તિ જ'**

છે **પરરૂપની અપેક્ષાએ;...'** ભગવાન આત્મા કર્મ, શરીર, વાણી, મન એનાથી બિલકુલ નથી. કહો, સમજાણું કાંઈ? કે ભાઈ જુઓ! આહાર-પાણી સારા મળે, શરીરાદિ સારું હોય તો આત્માની પર્યાય ઠીક રહે. એમ નથી. એમ કહે છે. પોતાની પર્યાય પોતાથી છે. કહો, શેઠી! મહેન્દ્રભાઈની અનુકૂળતા છે તો પોતાની પર્યાયમાં ઠીક રહે એમ છે કે નહિ? એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઘણા દૂર રહ્યા. ક્યાં દૂર રહ્યા? અહીં મકાન બનાવ્યાને. એમ કહે છે ભગવાન તીર્થંકર પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા જેણે કેવળજ્ઞાનમાં ત્રણ કાળ, ત્રણ લોક જોયા. તો કહે છે કે અમે એમ જાણીએ છીએ એવી ચીજ છે. કે આત્મા દરેક આત્મા હોં દરેક. પોતાનું દ્રવ્ય નામ ગુણ-પર્યાયનો પિંડ. જુઓ નીચે દાખલો લીધો છે.

**'શુદ્ધ જીવનું સ્વચતુષ્ટય આ પ્રમાણે છે :'** નીચે નોટમાં છે. **'શુદ્ધ ગુણ-પર્યાયોના આધારભૂત શુદ્ધાત્મદ્રવ્ય તે દ્રવ્ય છે;...'** જુઓ, સિદ્ધનો દાખલો આપ્યો છે નોટમાં. શુદ્ધ ગુણ. સિદ્ધને શુદ્ધ ગુણ તો છે જ અને એની પર્યાય શુદ્ધ છે. તેના આધારભૂત શુદ્ધાત્મદ્રવ્ય, વસ્તુ દ્રવ્ય છે એ. અને **'લોકાકાશપ્રમાણ શુદ્ધ અસંખ્ય પ્રદેશો તે ક્ષેત્ર છે;...'** સિદ્ધ. સિદ્ધ ભગવાનનો આત્મા, લોકાલોકાશ—લોક જે છે એટલો આકાશનો પ્રદેશ છે, એટલા શુદ્ધ અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર જીવના-સિદ્ધના છે. અને **'શુદ્ધપર્યાયરૂપે પરિણત વર્તમાન સમય તે કાળ છે;...'** જુઓ, સિદ્ધ ભગવાન વર્તમાન જ્ઞાન-દર્શન-આનંદની પર્યાયરૂપ પરિણમિત છે એ દ્રવ્યનો સ્વકાળ કહેવામાં આવે છે. તે સ્વકાળ પોતાથી છે. સમજાણું કાંઈ? **'અને શુદ્ધ ચૈતન્ય તે ભાવ છે.'** સિદ્ધને ચૈતન્યભાવ શુદ્ધ ગુણ. તે ભાવ જુઓ. સમજાણું કાંઈ? એ સ્વચતુષ્ટય સિદ્ધનું ઉતાર્યું, સિદ્ધ ભગવાનનું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અસંખ્ય પ્રદેશી છે. શું છે?

મુમુક્ષુ :- અસંખ્ય પ્રદેશી ... લોકાકાશ?

ઉત્તર :- લોકાકાશમાં છે જ નહિ. એ સ્વ ક્ષેત્રમાં છે, લોકાકાશ ક્ષેત્રમાં છે જ નહિ. એ તો ના પાડે છે. સિદ્ધક્ષેત્રમાં પોતાના ક્ષેત્રમાં છે. પોતાનો અસંખ્ય પ્રદેશ છે અંદર. એક પોઈન્ટ એક પરમાણુ છે. જેટલી જગ્યા રોકે તેને પ્રદેશ કહે છે. એવો આત્મા અસંખ્ય પ્રદેશી છે, અસંખ્ય પ્રદેશી. એમાં આત્મા છે. શરીરમાં નથી, કર્મમાં નથી. શરીરમાં આત્મા નથી એમ કહે છે. કર્મમાં આત્મા નથી એમ કહે છે. આત્મા આત્મામાં છે. આ બંગલામાં આત્મા નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બંગલા તો ક્યાંય દૂર રહી ગયા. આહા..હા..! અજ્ઞાની માને છે કે હું બંગલામાં

છું, હું શરીરમાં છું અને બધી વ્યવસ્થા બંગલાની એમાં છે. મૂઢ છો? તું તારામાં છો, પરમાં ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ બંગલો કોનો?

ઉત્તર :- બંગલો જડનો. બંગલો જડનો છે. જડ, પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં જડ રહે છે. બંગલાના એક-એક પરમાણુ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં રહે છે. એમાં કોઈ આત્મા રહેતો નથી. પરમાણુમાં આત્મા ક્યાંથી આવ્યો? કહો, પોપટભાઈ! બરાબર હશે? પૈસામાં તો આત્મા ખરોને? થોડા પૈસા ખરા કે નહિ તમારા? જુઓને. કહે છે કે પૈસા છે એ તો જડ છે. તો પૈસાના એક-એક પોઈન્ટ જે રજકણ છે એ પોતાનું દ્રવ્ય, એના ગુણ-પર્યાયના પિંડને દ્રવ્ય વસ્તુ કહે છે, એની અવસ્થાને કાળ કહે છે, એની શક્તિને ભાવ કહે છે અને એક પરમાણુનું એક પ્રદેશ તેનું ક્ષેત્ર છે. તો એક પરમાણુ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે. તારે લઈને છે નહિ અને તું એમાં નથી એમ કહે છે. આ તો સમજાય એવી વાત છેને? સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં? એય..! ..માં આત્મા નથી એમ કહે છે. તમારો આવ્યો છે કે નહિ એ? ..ભાઈ! કહો, શું કહે છે સમજાય છે કાંઈ?

કહે છે કે આત્મા મકાનમાં નથી. મકાનના પરમાણુમાં મકાન છે, એની પરમાણુની અવસ્થામાં મકાન છે, એના ક્ષેત્રમાં મકાન છે, એ દ્રવ્ય એમાં મકાન છે, એના ભાવમાં મકાન છે. પોતાથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે એમાં છે એમ છે નહિ, એમ કહે છે. વસ્તુ એવી છે. અજ્ઞાની બીજું માને તો મૂઢપણે ચાર ગતિમાં વિપરીત માન્યતાથી રખડે છે એ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! લ્યો! બેમાં જ છે વિશેષ તો. સ્વરૂપ અપેક્ષાએ સ્યાત્ અસ્તિ, પરરૂપની અપેક્ષાએ આત્મા, પર એ દેવ-ગુરુ-શાસ્ત્રનો જે આત્મા છે એનાથી પણ (આ) આત્મા નથી. સમજાણું કાંઈ? હે ભગવાન! મને તમારો આધાર છે. એમ કહે છેને પરમાત્માને? હે પરમાત્મા! મને તમારો આધાર છે. ભગવાન ના પાડે છે. તારો આધાર તારામાં છે અને મારો આધાર મારામાં છે. મારો આધાર તારામાં નથી લે. પોપટભાઈ! ભગવાનને તો આધાર બનાવી દો એકવાર પરમેશ્વરને. ભગવાન ના પાડે છે. ભગવાન જ ના પાડે છે. મારો આધાર તને નથી અને તારો આધાર મારાથી નથી. હું મારામાં છું અને તું તારામાં છો. સમજાણું કાંઈ? લોકના આકાશે ઉપર સિદ્ધ બિરાજે છે. સિદ્ધ છેને? તો કહે છે સિદ્ધનું તો દૃષ્ટાંત આપ્યું. સિદ્ધનો આત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળમાં રહે છે. આકાશના ક્ષેત્રમાં આત્મા નથી એમ કહે છે. આહા..હા..! ખબર ન મળે, બે ખબરો. બે ખબરો એટલે? મૂઢ. મૂઢ. કાંઈ ખબર ન મળે. હું કોણ છું? અને એ ચીજ શેમાં છે? અને એ ચીજ મારામાં બિલકુલ નથી.

અહીં તો કહે છે કે મારી અપેક્ષાએ હું છું, પરની અપેક્ષાએ હું બિલકુલ નથી. કર્મની અપેક્ષાએ હું બિલકુલ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? કે કર્મ છે તો પોતાની વિશેષ અવસ્થા થાય એમ નથી, એમ કહે છે. કર્મ છે તો પોતાની વિશેષ અવસ્થા થાય એમ નથી,

કર્મનો અભાવ છે માટે પોતાની વિશેષ અવસ્થા થાય એમ નથી. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પૂરા સ્વરાજની વાત છે.

ઉત્તર :- પૂરો સ્વરાજ એવો જ છે. માને, ન માને એથી કાંઈ વસ્તુ બદલી જાય? સમજાણું કાંઈ? લ્યો!

'**(૨) સ્યાત્ નાસ્તિ જ' છે પરરૂપની અપેક્ષાએ;...**' એક-એક પરમાણુ અહીં છે તે પોતાની પર્યાયથી, દ્રવ્ય-ક્ષેત્રથી છે, આત્માથી નથી. શું કહે છે સમજાણું? જુઓ, આ કાગળ છેને કાગળ? આ કાગળના પરમાણુ છેને એક-એક પરમાણુ. તો કહે છે કે એ પરમાણુ પોતાથી છે. નીચે જે કાગળ છે એનાથી એ નથી. સમજાણું કાંઈ? એક-એક પરમાણુ પોતાની પર્યાયથી પોતામાં વિશેષથી છે. સામાન્યથી છે દ્રવ્યથી. વિશેષથી અવસ્થાથી અથવા ક્ષેત્ર-કાળ-ભાવથી. સમજાણું કાંઈ? સામાન્ય દ્રવ્ય (અને) ક્ષેત્ર-કાળ-ભાવ એનો વિશેષ ભેદ. તો એના વિશેષમાં છે એ. પણ એક પરમાણુ બીજા પરમાણુને આધારે રહ્યો છે એમ નથી, એમ કહે છે. ભારે વાત. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- મોટામાં મોટો ચલાવે.

ઉત્તર :- કોણ ચલાવે? ધૂળ ચલાવે? આ વહીવટ ચલાવે છે કે નહિ શોભાલાલ અને ભગવાનદાસ. મોટા ચલાવે છે બીડીનું એય ધોકાધોક. શું કહેવાય એની મોટરું? લઈ જાયને મોટરુંને. જીપ લઈ જતા હશે. જીપ મોકલે અહીં જાવ, મોટર લઈને અહીં જાવ. બીડી. કેવી બાળક બીડી ને? તમારે કેવી છે? ત્યાં બનાવ્યું હતું નહિ? મઢિયા કેવું ગામ આપણે ગયા એ? મલ્હારગઢ. દરવાજો બનાવ્યો છે કાંઈક બાળબીડી. આવ્યો હતો કે નહિ નરેશ ત્યાં? આવ્યા હતા ત્યાં? ક્યું ગામ કહ્યું? મલ્હારગઢ. બે વર્ષ પહેલા નહિ મલ્હારગઢ? ભગવાનદાસ તો એકવાર જીપમાં બેઠાડીને બધું બતાવવા લઈ ગયા. આ જુઓ અમે આ બનાવ્યું... આ બનાવ્યું.. આ બનાવ્યું... મલ્હારગઢમાં. મલ્હારગઢ. તો અહીં કહે છે કે મલ્હારગઢમાં મલ્હારગઢ છે. આત્મા એમાં છે નહિ. એમ કહે છે. એ આત્માએ બનાવ્યું નથી એમ કહે છે. લ્યો! મહેનત તો બહુ કરી હતી શોભાલાલજીએ ત્યાં. સાફ રસ્તો. જંગલ હતું. શું કહેવાય ત્યાં ડાકુ બહુ. તો દોઢસો તો પોલીસ લાવ્યા હતા શેઠ. પોલીસ. સમજ્યાને? અમારું શું કહેવાય એ? તંબુ. તંબુ અમારે બે હતા આઘા બહુ દૂર. હતાને? રાજમલજી હતા કે નહિ? મલ્હારગઢ. કહો, અહીં તો કહે છે કે તંબુના એક-એક પરમાણુ પોતાથી છે. તંબુના એક પણ પરમાણુમાં આત્મા છે નહિ. આહા..હા..! ખબર નથી.

પોતાની પર્યાયમાં એની મર્યાદા છે. દ્રવ્ય છે તો દ્રવે છે. પોતાની મર્યાદા બહુ તો પર્યાયમાં ઘાલમેલ આઘી-પાછી કરવાની છે. આઘા-પાછીનો અર્થ? ભિન્ન-ભિન્ન થવાની એમ. આઘી-પાછી એમ નહિ. ભિન્ન-ભિન્ન થવાની પર્યાયમાં મર્યાદા છે, પણ ભિન્ન-ભિન્ન થવાની પરને

કારણે મર્યાદા છે એમ નથી. ભગવાનજીભાઈ! ભારે વાત ભાઈ! આ બધા મોટા-મોટા પ્લાસ્ટિકના કારખાના, આ લાદીના પથરાના કારખાના મોટા-મોટા કરે છેને લોકો. બિલકુલ જૂઠી વાત છે એમ કહે છે. એય..! માણેકચંદજી! શું કહો છો? બીડી-બીડી બહુ કરે છેને. ચલાવે છેને. ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ એમ કહે છે અને એમ છે કે તારો આત્મા તારી પર્યાય અવસ્થામાં છે. એવી અવસ્થા છોડીને બીજી અવસ્થામાં કોઈ દિ' જાતો નથી. કોઈની અવસ્થામાં જાતો નથી. અને જડની અવસ્થા પોતાના પર્યાયની મર્યાદામાં છે. આ શરીરની અવસ્થા શરીરની મર્યાદામાં છે. એ પોતાથી છે, આત્માથી નથી. કહો, સમજાણું કાંઈ? શરીરની વ્યવસ્થા થાય એ પરમાણુથી અંદર થાય છે, આત્માથી નહિ. હું આમ ખ્યાલ રાખું તો શરીરની સ્વચ્છતા રહે એવી વાત ત્રણ કાળમાં નથી એમ કહે છે. કેમકે એક-એક પરમાણુ પોતાની પર્યાયમાં અવસ્થા વિશેષ થાય છે એમાં છે. એ વિશેષ અવસ્થાનો કરનાર પરમાણુ છે. તો એ પોતાથી છે અને પરપરમાણુથી નથી અને પોતાના આત્માથી પણ એ છે નહિ. એમ કહે છે. જુઓને સત્ ઉત્પાદ લીધોને? પછી અસત્ ઉત્પાદ લઈને અન્ય-અન્ય ભાઈએ કહ્યુંને. રાતે ભાઈએ પ્રશ્ન કર્યો હતો. એમ સત્ ઉત્પાદ કરીને સત્ ઉત્પાદ છે... છે... છે... છે... છે... ઓલું નહિ તે અનેરો એમ કરીને અન્ય અનેરામાં ઉતાર્યું. હવે ઉતાર્યું આ.

મુમુક્ષુ :- .. પોતાપણે...

ઉત્તર :- એટલું ઉતાર્યું. બહુ સ્પષ્ટ કર્યું. સમજાણું કાંઈ?

જુઓ, આ ભાષા થાય છેને તો કહે છે કે એ ભાષા પરમાણુ છે જડ. તો જડ પોતામાં છે અને એની અવસ્થામાં પરમાણુ છે. આત્માને કારણે એ ભાષા થાય છે એમ નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- જીભથી તો થાય છેને.

ઉત્તર :- જીભથી પણ નથી. જીવ જડ છે, ભાષા ભિન્ન છે. આ પણ જડ છે, એ ભાષા પણ જડ ભિન્ન છે. વસ્તુ એવી છે એની એને ખબર નથી. જીભ-જીભમાં છે, આત્મામાં નથી. આત્મા આત્મામાં છે, જીભમાં નથી. સમજાણું? ભાષાની પર્યાય ભાષામાં છે, જીભથી નથી. જીભની પર્યાય જીભમાં છે, ભાષાથી નથી. કહો, શું છે? શેઠી! વસ્તુ એવી છે. દુનિયા પોતાની મેળે માને તો મૂઢ છે. મિથ્યાભ્રમ છે અને મિથ્યાભ્રમથી દુઃખી થાય છે. દુઃખી થાય છે. આહા..હા..! લ્યો! ઓહો..હો..! બે ભંગ થયા. બે થયાને? દરેક પદાર્થ. આ તો એક સિદ્ધાંત છે. એનું દૃષ્ટાંત પછી એક-એક .. સિદ્ધાંત તો એમ છે. જેટલા ભગવાને આત્મા જોયા અનંત, જેટલા અનંત પરમાણુ જોયા અને અસંખ્ય કાળાણુ. એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ. ભગવાને છ પદાર્થ જોયા. તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્માએ છ દ્રવ્ય જાતિ અપેક્ષાએ, સંખ્યા અપેક્ષાએ અનંત (જોયા છે). તો દરેક પદાર્થ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે.

પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ (નથી). પરની પર્યાયથી પોતાની પર્યાય છે એમ નથી એમ કહે છે. કર્મના ઉદયની પર્યાય થઈ તો એનાથી મારામાં વિકાર થયો એમ નથી એમ કહે છે. નવનીતભાઈ! આહા..હા..!

અને વિકાર અહીંયાં થયો તો નવા કર્મની અવસ્થા બંધાઈ એ વિકારને કારણે છે એમ નથી. કર્મની પર્યાયરૂપ થનારી અવસ્થા કર્મથી, પરમાણુથી થઈ છે. વિશેષ પરમાણુથી વિશેષ અવસ્થા થઈ છે. આ વિશેષને કારણે એ વિશેષ અવસ્થા થઈ એમ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? અરે! પ્રભુ સ્વતંત્ર પરમાત્મા પોતે છે. વસ્તુ તો ધ્રુવ ચિદાનંદ પરમાત્મા છે. હવે કહે છે કે પર્યાય છે એ પણ પોતાની પર્યાયથી પર્યાય છે. સમજાણું કાંઈ? તો એ પર્યાયથી, પોતાની પર્યાયથી પર્યાય છે. પરની પર્યાયથી આ પર્યાય છે જ નહિ. એ કહે છે અહીંયાં. એવી વસ્તુની મર્યાદા છે, વસ્તુની એવી સ્થિતિ છે. એનાથી આગળ વધીને જાય કે હું પરની અવસ્થામાં છું અને પરની અવસ્થા મારામાં છે, મિથ્યાદૃષ્ટિ મૂઢ અજ્ઞાનથી દુઃખી થાય છે. શોભાલાલજી! ઓહો..હો..! બે ભંગ થયા.

'(૩) **'સ્યાત્ અવક્તવ્ય જ' છે, સ્વરૂપ-પરરૂપના યુગપદ્‌પણાની અપેક્ષાએ;...'** **'કહી શકાય નહિ એવું. (એકીસાથે સ્વરૂપ તેમજ પરરૂપની અપેક્ષાએ દ્રવ્ય કથનમાં આવી શકતું નથી તેથી 'અવક્તવ્ય' છે.)'** શું કહે છે? આત્મા ભગવાન સ્વરૂપ આત્મા જ્ઞાનાનંદ, પર્યાયમાં ભલે વિકાર, અવિકારી દશા થાય. એ વિકારી કે અવિકારીદશા આદિ પોતાથી છે, પરથી નથી. બે વાત આવી. હવે એકીસાથે બેને કહે છે કે પોતાથી છે અને પરથી નથી. એકીસાથે કહેવામાં ન આવે તો અવક્તવ્ય છે. એક સાથે કેમ કહે? સ્વરૂપથી છે, પરરૂપથી નથી. બે ભંગ થયા. ત્રીજો ભંગ અવક્તવ્ય થયો. સ્વરૂપથી છે એ જ કાળે પરરૂપ નથી (એમ) એક સાથે કહી ન શકાય એ અપેક્ષાએ અવક્તવ્ય. કહી શકાય નહિ. જુઓ છેને? **'(એકીસાથે સ્વરૂપ તેમજ પરરૂપની અપેક્ષાએ દ્રવ્ય કથનમાં આવી શકતું નથી તેથી 'અવક્તવ્ય' છે.)'** શું કહી શકાય? એમ કહે છે. આત્મા આત્મામાં છે. આત્મા પરથી નથી. પરમાણુ પરમાણુથી છે, પરમાણુ પરથી નથી. એકી સાથે કહી શકાતું નથી તો તેને અવક્તવ્ય-કહી ન શકાય એવો પણ એક એનો ધર્મ છે. સમજાણું કાંઈ?

'(૪) **'સ્યાત્ અસ્તિ-નાસ્તિ જ' છે, સ્વરૂપ-પરરૂપના ક્રમની અપેક્ષાએ;...'** છેને? આત્મા અને પરમાણુ પોતાની અપેક્ષાએ છે, પર અપેક્ષાએ નથી. એકીસાથે સ્યાત્ અસ્તિ-નાસ્તિ. એક સાથે સ્યાત્ અસ્તિ-નાસ્તિ. છે, નથી. પોતાથી છે, પરથી નથી એમ એક સાથે. '(૫) **'સ્યાત્ અસ્તિ-અવક્ત્વ્ય જ' છે, સ્વરૂપની અને સ્વરૂપ-પરરૂપના યુગપદ્‌પણાની અપેક્ષાએ;...'** જરી ઝીણી વ્યાખ્યા છે. સ્વરૂપની અપેક્ષાએ અસ્તિ અને સ્વ અને પરની અપેક્ષાએ અવક્તવ્ય. પોતાની અપેક્ષાએ જુઓ તો છે, પણ સ્વ અને પરની અપેક્ષા સાથે લ્યો તો અવક્તવ્ય છે. તો સ્યાત્ અસ્તિ-અવક્તવ્ય. છે અને કહેવામાં આવતું નથી. એવો

પાંચમો ભંગ એને લાગુ પડે છે.

'(૬) **સ્યાત્ નાસ્તિ-અવક્તવ્ય જ' છે, સ્વરૂપની અને સ્વરૂપ-પરરૂપના યુગપદ્‌પણાની અપેક્ષાએ;...'** પરની અપેક્ષાએ નાસ્તિ, સ્વરૂપ-પરરૂપની યુગપદ્ અપેક્ષાએ અવ્યક્તવ્ય. એ છઠ્ઠો ભંગ છે. '(૭) **સ્યાત્ અસ્તિ-નાસ્તિ-અવક્તવ્ય જ' છે, સ્વરૂપની, પરરૂપની અને સ્વરૂપ-પરરૂપના યુગપદ્‌પણાની અપેક્ષાએ;...'** સાત ભંગ થયા લ્યો! સ્વની અપેક્ષાએ છે, પરની અપેક્ષાએ નથી. બેયની અપેક્ષા એક સાથે કહેવામાં નથી આવતી તો અવક્તવ્ય છે. સ્યાત્ અસ્તિ-નાસ્તિ-અવક્તવ્ય. બહુ ઝીણી વાત છે. ઓહો..હો..! વીતરાગ માર્ગનો સપ્તભંગી મૂળ તત્ત્વ છે. એ સમજે તો એમાં પરનો અંશ મારામાં નથી અને મારો અંશ પરમાં નથી. હું દ્રવ્ય તો પરમાં નથી અને પરદ્રવ્ય પણ મારામાં નથી, પણ મારો અંશ પણ પરમાં નથી અને પરનો અંશ પણ મારામાં નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ઝીણી વાત છે. બહુ ઝીણી પડશે. કહ્યુંને એ. બહુ લાંબુ કરશું તો ઝીણું પડશે તમને તો.

મુમુક્ષુ :- બેનો

ઉત્તર :- બેનો સ્વીકાર કરવો, બસ. સ્વની અપેક્ષાએ છે અને પરની અપેક્ષાએ નથી. એ તો કહેવાની રીતના પાંચ ભંગ કર્યા છે. એ બહુ લાંબુ કરવા જઈશું તો તમને સમજાશે નહિ.

'**દ્રવ્યનું કથન કરવામાં આવતાં,...**' હવે જુઓ, આમ તો સાધારણ 'જ' સહિત વાત કરી. હવે દ્રવ્યનું કથન. દ્રવ્ય નામ વસ્તુ. આત્મા, પરમાણુ તેને દ્રવ્ય કહે છે. '(૧) **જે સ્વરૂપે 'સત્' છે,...**' ત્યાં એટલું આવ્યું હવે. ઓલું સ્યાત્ કાઢી નાખ્યું અને 'જ' કાઢી નાખ્યો. એટલો ફેર પાડીને. ઓલું જનું પાછળ કરવું છેને. નહિતર આ ચર્ચા કરી હતી ભાઈ હમણા દસ વાગે. કીધું આ પેરેગ્રાફ છે એમ બીજો પેરેગ્રાફ કીધો શું કરવા? એય..! તો આ કહે કે મને સમજમાં નથી આવતું. આ .. કહે. વાંચ્યું. બધાની પાસે પુસ્તક હતા. આહાર કરીને આવ્યા ત્યારે. ચંદુભાઈને કીધું વાંચો. આ ને આ ને આ. પહેલો પેરેગ્રાફ કહ્યો અને બીજો પેરેગ્રાફ શું કામ કહ્યો? એક પેરેગ્રાફમાં નથી આવતું? તો આ કહે કે અમને સમજાતું નથી. આ કહે કે ભાઈ એમાં 'જ'નો નિષેધ કરવા, 'જ'નો ખુલાસો કરવા બીજો પેરેગ્રાફ કહ્યો છે. ઓલામાં 'જ' આવ્યો છે ખરોને એના માટે 'જ' કાઢી નાખીને હવે એનો ખુલાસો કરે છે. ભાઈ વળી કહેતા હતા કે એ વાંચતા-વાંચતા આવી જશે. આહા..હા..!

કહે છે કે, ભગવાન! તું તારા દ્રવ્યમાં છો, તારી ૠદ્ધિ તારી પાસે છે. તારી ૠદ્ધિ તારી પાસે છે. તારું જ્ઞાન-આનંદ આદિ તારી પાસે છે. તારી ૠદ્ધિ બહારમાં નથી અને તારી દશા તારી પાસે છે. તારી દશા બહારમાં નથી. આહા..હા..! આ તો પૈસા અનુકૂળ

હોય તો બોલે છેને 'સમય બદલાય છે જ્યારે...' શું એવું કાંઈક કહે છેને? એય..! 'બધું બદલાય છે...' એમ માણસ વાતું કરે. પૈસા હોય ત્યારે ખુમારી રહે, પૈસા ન હોય તો દીનતા થઈ જાય. એ વાત ખોટી-જૂઠી છે કહે છે. એ પૈસા હતા તો હૂંફ હતી એમ પણ નથી, એ હૂંફ પણ તારી તારે કારણે થઈ છે. અને પૈસા નહોતા, દીનતા આવી, પૈસા નથી એ કારણે દીનતા એમ નથી. તારી દીનતાને કારણે એ દીનતા પર્યાય તારે કારણે થઈ છે. કહો, ..ભાઈ! બરાબર હશે? આ છોકરો મરી જાય તો દુઃખી થાય એની ના પાડે છે અહીં.

મુમુક્ષુ :- મરી કે દિ' ગયો છે એ?

ઉત્તર :- એ તો અજર-અમર છે. શાંતાબહેને નહોતું કહ્યું? શાંતાબહેને કહ્યું હતું રાજકોટમાં. પ્રભુભાઈ ગયા પ્રભુભાઈ. જાવ આત્મા તો નિત્ય છે. તમે નિત્ય છો, જાવ. ઘીયા આપણા. મોહનભાઈ ઘીયાના દીકરા હતા મોટા પ્રભુભાઈ. એ ગુજરી ગયાને. એના ઘરે બૈરા હતી એણે બે શબ્દ કહ્યા હતા. એવો પણ એક કહ્યો હતો. પહેલા તો અમે ગયા અને .. પછી બોલ્યા થોડું. પગે લાગ્યા. બોલ્યા નહિ પગે લાગ્યા. એટલી સાધ્ય આવી ગયી. પછી કહ્યું કે અમારે અને મહારાજને ધર્મનો સંબંધ છે. ધર્મનો સંબંધ છે. જીવે, ન જીવે. મહારાજ આવી ગયા માટે બચી ગયા એવું અમારે કાંઈ નથી. જાગૃત થઈ ગયા કહ્યું જાવ. એય..! શાંતાબહેન છે? એ શાંતાબહેન ઓલા. પછી જ્યારે શરીર છૂટી ગયું. જાવ. તારો આત્મા નિત્ય છે એમ સાંભળ્યું પાછળથી. આત્મા નિત્ય છે, તે મરતો નથી. જાવ. એય..! મરે કોણ? આત્મા તે કાંઈ મરતો હશે? આહા..હા..! પ્રભુભાઈ! આહા..હા..! લ્યો!

કહે છે, '**દ્રવ્યનું કથન કરવામાં આવતાં, (૧) જે સ્વરૂપે 'સત્' છે,...**' જુઓ, સ્યાત્ અને જ કાઢી નાખ્યું. એનો પાછળ સરવાળો મૂકવો છે અમોઘમંત્રથી. એટલે અહીં કાઢી નાખીને સમજાવે છે હવે. '**જે સ્વરૂપે 'સત્' છે,...**' જે આત્મા, પોઈન્ટ એક-એક રજકણ... ભગવાને અનંત દ્રવ્ય દીઠા છે. એ એક-એક દ્રવ્ય પોતાથી છે. '**(૨) જે સ્વરૂપે 'અસત્' છે,...**' પરરૂપથી નથી. જુઓ, ભાષાફેર લીધી. સમજાય છે? ઓલું નાસ્તિથી અસત્ છે. શું કહ્યું? આત્મા પોતાથી છે, પરથી અસત્. પોતાથી સત્ અને પરથી અસત્.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરથી અસત્ છે. જે પોતાથી સત્ છે તો પરથી પણ સત્ છે? આત્મા પોતાથી સત્ છે, પરથી નથી, તો નહિથી અસત્ છે. જુઓ-જુઓ! સમજાણું કાંઈ? આ શરીર શરીરથી સત્ છે, આત્માની અપેક્ષાએ અસત્ છે. આહા..હા..! ભારે ભાઈ! એણે અનંતકાળમાં જ્ઞાન સાચું કર્યું જ નથી. દુનિયાની ડહાપણ અને હુશિયારી માની મરી ગયો અનંતકાળથી. પણ શું ચીજ છે અને શું ભગવાન કહે છે એનું જ્ઞાન સાચું કર્યું જ નથી કદી એણે. સમજાય છે કાંઈ? પરવસ્તુની અપેક્ષાથી આ આત્મા અસત્ છે. એટલે છે નહિ એમ હતું નાસ્તિ.

અહીં ચોખ્ખું કર્યું કે અસત્ છે.

પહેલામાં સ્યાત્ અસ્તિ, પરથી નાસ્તિ એમ કર્યું. અહીં હવે સ્યાત્ છે. સ્યાત્ કાઢી નાખ્યું. એ પછી ખુલાસો કરશે. પોતાથી છે, સત્ છે. કર્મથી આત્મા અસત્ છે. કર્મનો જે પર્યાય ઉદયમાં આવે છે એનાથી આત્મા અસત્ છે અને આત્માની અપેક્ષાએ, કર્મનો ઉદય છે એ કર્મના ઉદયથી સત્ છે, આત્માની અપેક્ષાએ સત્ છે. સમજાણું કાંઈ? લાલજીભાઈ! આવી વાતું વેપારીઓને સૂઝતી હશે? વેપારી આ દાણા આ કરો, વેપાર કરવા, પૈસા દેવા ને ધૂળ દેવા. આત્મા છે, ભાઈ! આત્માનો સ્વભાવ જ એવો છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તારી સંપદા તારામાં છે, તારી દશામાં તારામાં છે. પરની દશાથી તું અસત્ છોને. પરની દશાથી, પરના દ્રવ્યથી, પરના ક્ષેત્રથી, પરના કાળથી, પરના ભાવથી તું અસત્ છો. આહા..હા..! આત્માની અપેક્ષાએ અરિહંત ભગવાન છેને પરમાત્મા ત્રિલોકનાથ. સર્વજ્ઞ પરમેશ્વર. તો પોતાની અપેક્ષાએ આત્મા સત્ છે અને પોતાની અપેક્ષાએ એ (પરમાત્મા) અસત્ છે. પોતાની અપેક્ષાએ (પરમાત્મા) અસત્ છે, એની અપેક્ષાએ સત્ છે. પોપટભાઈ! આત્મા પોતાની અપેક્ષાએ સત્ છે, ભગવાનની અપેક્ષાએ આત્મા અસત્ છે. કહો, શિખરચંદજી! ભાઈ! અમારે તો તમારો આધાર છે. ગરીબ-બરીબ માણસો કહેને આ પૈસાવાળાને. પૈસાવાળા એ નથી. છે તો માયાવાળા. કારણ કે માયા એની પર્યાયમાં છે મમતા. કાંઈ પૈસા એની પર્યાયમાં નથી. બરાબર છે? શોભાલાલજી! તમારી પર્યાયમાં શું છે ત્યાં? અત્યારે કાંઈ છે? પૈસા બૈસા છે ત્યાં? એ મારા છે એવી જે મમતા છે એ તમારી પર્યાયમાં છે. પૈસા તમારી પર્યાયમાં નથી. તો પૈસાની અપેક્ષાએ આત્માની પર્યાય અસત્ છે એમ કહે છે. અને પોતાની પર્યાયની અપેક્ષાએ સત્, પરની અપેક્ષાએ અસત્, પૈસાની પર્યાય અપેક્ષાએ પર્યાય સત્. આત્માની અપેક્ષાએ અસત્. શું કહે છે? શેઠી! તમારા આત્માની અપેક્ષાએ તમે સત્, મહેન્દ્રભાઈના આત્માની અપેક્ષાએ મહેન્દ્રભાઈનો આત્મા સત્, તમારી અપેક્ષાએ એ અસત્. મહેન્દ્રભાઈનો આત્મા છે તમારી અપેક્ષાએ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે ભાઈ અહીં પિતાજી સાહેબ! પિતાજી સાહેબ! કરે.

મુમુક્ષુ :- બોલવાથી શું થયું?

ઉત્તર :- અરે! ભાઈ! પણ એ ભાષાની પર્યાય ક્યાં એની છે? એમાં ક્યાં ભાષાની પર્યાયમાં એ આવ્યો છે? ભાષાની પર્યાય, એ પર્યાય આત્માની અપેક્ષાએ તો અસત્ છે. આહા..હા..! ભાષાની પર્યાય, ભાષાની પર્યાયથી સત્ છે. આત્માની અપેક્ષાએ અસત્ છે. ભારે વાત! એય..!

'જે સ્વરૂપે 'સત્' છે,...' જુઓને ફેરવીને વાત? ઓલામાં સ્વરૂપની અપેક્ષાએ સ્યાત્ અસ્તિ એમ કહ્યું હતું. અહીં હવે સાધારણ વાત કરીને અને પછી પાછળથી કહેશે. જે સ્વરૂપથી

એક-એક પરમાણુ પોતાના સ્વરૂપથી સત્ છે, બીજા પરમાણુની અપેક્ષાએ તે પરમાણુ અસત્ છે. આ આત્માની અપેક્ષાએ સિદ્ધ ભગવાનનો આત્મા અસત્ છે. આ પણ છે અને એનાથી પણ છે એમ બે હોય તો બે એક થઈ જાય. આત્મા છે એ પોતાથી છે, પરથી અસત્ છે અને સિદ્ધ ભગવાન સર્વજ્ઞ પરમાત્મા એનાથી સત્ છે, આનાથી તે અસત્ છે. એ આનાથી અસત્ છે, એનાથી અહીં લાભ થાય એમ કેમ બને? એમ કહે છે. જે આનાથી અસત્ છે, એનાથી અહીં વિશેષ દશા થાય કેમ બને? સિદ્ધ ભગવાનને દેખીને એને કારણે અહીં વિશેષ દશા થાય? ના. એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ આમાં તો. ઊંડું ઉતરે તે માન ગળી જાય એવું છે બધું. પોપટભાઈ! ભાઈ! તને ખબર નથી. બહારમાં ભલે ડંફાસ કરતા હોય મોટા, કરોડોપતિઓ, અબજોપતિ અને ધૂળપતિ એમ કહીને માનતા હોય. કહે છે ભગવાન! તને તારી ખબર નથી તું શું છો? તું ક્યાં છો એની તને ખબર નથી. સમજાણું કાંઈ?

ઓલો દાખલો આવે છેને ભાઈ! અનુભવપ્રકાશમાં. ઓલો માળી-માળી. માળી હતો. દારૂ પીને આવ્યો હતો. ચાંપો. ચાંપો દારૂ પીને આવ્યો હતો. ચાંપો કોક માણસ. પછી બારણું બંધ હતું. ચાંપો નામનો માણસ હતો. માળી હોય છેને. માળી નથી હોતા? તો રાતે દારૂ પીને આવીને એના ઘરે ગયો. ચાંપો છે? એમ કહે. પણ ચાંપો તો તું છો? દારૂમાં ભાન ન રહ્યું. દાખલો આપ્યો હતો એક.

મુમુક્ષુ :- પોતાનું નામ લઈને બોલાવે છે.

ઉત્તર :- બોલાવે છે. અહીં ચાંપો છે? ઓલો દારૂ પીધોને એટલે ખબર નથી. બારણું ખખડાવે. બારણું બંધ હોયને. એની સ્ત્રી અંદર સૂતી હતી. એટલે કહે ચાંપો છે? કોણ છે? કહે ચાંપો છે? તો તું કોણ છો? પણ તારી ભાષા ચાંપાની.. આવા ને આવા. આત્મા છે? પરમાં પોકાર કરે છે. શરીરમાં અને પરમાં આત્મા છે? પણ તું તારામાં છોને. પરમાં શું પોકાર કરે છો? પોપટભાઈ! ચાંપો છે આ. એ અનુભવપ્રકાશમાં દાખલો ભાઈએ આપ્યો છે. અનુભવપ્રકાશ છેને એમાં. સમજાણું?

ઓલો દાખલો એક આપ્યો માછલીનો. માછલી-માછલીનો. એક માણસ હતો તો એને આત્મજ્ઞાન મેળવવું હતું. આત્મજ્ઞાન જોઈએ, મારું જ્ઞાન જોઈએ. તો કોઈ પુરુષ પાસે ગયો. પુરુષ પાસે જઈને કહે મને જ્ઞાન આપોને. એ પુરુષ કહે, ભાઈ અમારી પાસે નથી. એક માછલી છે એની પાસે જા. પાણીમાં માછલી છેને? દરિયામાં. માછલી પાસે જા. એ તને જ્ઞાન આપશે. ઠીક! માછલી પાસે ગયો, ભાઈ! મને ડાહ્યા માણસે મોકલ્યો છે. મને જ્ઞાન આપો. મને જ્ઞાન આપો. જ્ઞાન. માછલી કહે, મારું એક કામ કર પછી તને જ્ઞાન આપું. શું? કે મને પાણી જોઈએ છે, થોડું પાણી લાવ. હું તને જ્ઞાન આપીશ. ઠીક! ત્યારે ઓલો કહે, હું પાણી લાવ, તો પાણીમાં તો તું છોને. આમ નજર કરોને પાણીમાં. ત્યારે તું અંદર

છોને અંદર નજર કરને. ક્યાં ગયો તું? બહાર તો નથી. તું મને શિખામણ દેવા આવ્યો? મોટો દરિયો હોય ને દરિયો. એક પાણીનો લોટો લાવ માછલી કહે. તો પછી તને જ્ઞાન આપું. તો કહે એમ ઠીક! પાણી તો તમારી પાસે છેને. આમ નજર કરોને. આ પાણી (રહ્યું), આમ નજર કરોને. એમ તું આત્મા પરમાં નજર કરે છે કે હું ક્યાં છું? અંદર નજર કરને હું અહીં છું. આત્મા જ છે તું કે જે કહે છે કે હું ક્યાં છું. કે હું મારામાં છું. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન પાસે પોકાર કરે, હે ભગવાન! મારો ઉદ્ધાર કરો. તો (ભગવાન) કહે હે ભગવાન! તું તારો ઉદ્ધાર કર અંદરમાં. આવે છેને એ શું કહેવાય એ? પડઘો. પ્રતિઘાત થાય છેને પ્રતિઘાત નહિ? મોટા મકાનમાં પડઘા પડેને. સામો અવાજ આવે. પ્રતિધ્વનિ. બંધુક જેમ ફૂટે તો મોટા મકાનમાં ધ્વનિ ઉઠે છે. એમ હે ભગવાન! અમારો ઉદ્ધાર કરો. તો સામે અવાજ આવે છે કે હે ભગવાન! અમારો ઉદ્ધાર કરો. એટલે ભગવાન પોતે આત્મા એમ. પોતાનો ઉદ્ધાર કરવાની તાકાત પોતામાં છે, પરમાં નથી. પરથી તો તું અસત્ છો. એ તો અહીં કહે છે. પરથી તો અસત્ છે અને તારાથી એ ચીજ અસત્ છે. તો તારાથી અસત્ છે તો એનાથી તારો ઉદ્ધાર કેમ થશે? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો!

**'પરરૂપે 'અસત્' છે, (૩) જે સ્વરૂપે અને પરરૂપે યુગપદ્ 'કથાવું અશક્ય' છે,...'** એમ. જોયું! અશક્ય છે એમ ખુલાસો કર્યો. ત્યાં ઓલું અવક્તવ્ય હતું. પોતાનું સ્વરૂપ આત્માનું અને પરથી નહિ-અસત્. સ્વથી સત્, પરથી અસત્ (એમ). યુગપદ્ કથાવું અશક્ય. યુગપદ્ કહી ન શકાય સ્વરૂપથી સત્, પરથી અસત્. **'(૪) જે સ્વરૂપે અને પરરૂપે ક્રમથી 'સત્ અને અસત્' છે,...'** ક્રમથી બોલાય. **'(૫) જે સ્વરૂપે અને સ્વરૂપ-પરરૂપના યુગપદ્પણે 'સત્ અને કથાવું અશક્ય' છે,...'** એ બોલ લીધો પછી લીધો. ઓલો અવ્યક્ત પહેલો લીધો હતો ઓલામાં. ઓલામાં અવક્તવ્ય પહેલો લધો. અસ્તિ-નાસ્તિ એ પછી લીધો. આમાં અસ્તિ-નાસ્તિ પહેલો અને અવ્યક્તવ્ય પછી લીધો. છેને ભાઈ! શું કીધું? આમાં એ ફેર લીધો છે. ફેર લીધો. કીધું આ બોલીએ છીએ એમ છે. આ કહું છું એ પ્રમાણે છે. આમાં ચોથો કર્યો છે. ભૂલ થઈ છે. છપાવ્યું કોણે આ રીતે? આમાં ફેર છે જુઓ. ઓલામાં અવ્યક્ત ત્રીજો છે અને સ્યાત્ અસ્તિ ચોથો છે. આમાં અવક્તવ્ય ચોથો છે, સ્યાત્ અસ્તિ ત્રીજો. એમ કહ્યું. જુઓ! ભૂલ થઈ છે. બરાબર ધ્યાન રાખીને આપો.

**'(૫) જે સ્વરૂપે અને સ્વરૂપ-પરરૂપના યુગપદ્પણે 'સત્ અને કથાવું અશક્ય' છે, (૬) પરરૂપે અને સ્વરૂપ-પરરૂપના યુગપદ્પણે 'અસત્ અને કથાવું અશક્ય' છે,...' 'એવું જે અનંત ધર્મોવાળું...'** એ બે ભાગ યથાર્થ સમજવા. પછી બે એ તો કથનની પદ્ધતિ છે. **'અનંત ધર્મોવાળું દ્રવ્ય...'** હવે અહીં આવ્યું. અહીંથી લો. એવા એક-એક આત્મા અને એક-એક પરમાણુ અનંત ધર્મ. સ્યાત્ અસ્તિનો ધર્મ, સ્યાત્ નાસ્તિનો ધર્મ,

અવ્યક્ત ધર્મ, સ્યાત્ અવ્યક્ત ધર્મ, સ્યાત્ નાસ્તિ ધર્મ, સ્યાત્ અસ્તિ-નાસ્તિ ધર્મ, અવક્તવ્ય ધર્મ. એવા સાત ધર્મ. **'એવા અનંત ધર્મોવાળું...'** જુઓ, એમ કહે. સાત તો કહ્યા ભાઈ! સમજાણું કાંઈ? એ સાત પણ એની યોગ્યતા છે આત્મામાં અને પરમાણુમાં સાત ધર્મની, એમ કહે છે અહીંયાં. જુઓ, બે ધર્મ એમ નથી. આહા..હા..! બહુ ઝીણી વાત છે. .. કહી શકાય છેને. આવે છેને. ભાષા વક્તવ્ય અને અવક્તવ્ય એ છેને ૪૭ નય. નયમાં આવ્યું છે. વક્તવ્ય પણ એક ધર્મ છે અને અવક્તવ્ય પણ એક ધર્મ છે એનો.

આત્મા પોતાથી સત્, પરથી અસત્, ક્રમથી સત્-અસત્, એક સાથે કહેવામાં ન આવે તો અવક્તવ્ય, પોતાથી છે અને બેયની સાથે એક સાથે કહેવામાં ન આવે, સ્યાત્ સ્વથી અસ્તિ અને અવક્તવ્ય અને પરથી નાસ્તિ અને એક સાથે કહેવામાં ન આવે તો અવક્તવ્ય. સ્વપરથી અસ્તિ-નાસ્તિ, એક સાથે ન કહેવામાં આવે તો સ્વપર અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય. એવા સાત ધર્મ. એવા અનંત ધર્મ. આ વિશેષ નાખ્યું હવે સ્પષ્ટ કરવા એવા આત્મામાં અને પરમાણુમાં અનંત ધર્મ છે. ધર્મ નામ એનો સ્વભાવ. આત્મા પોતાથી છે એ ધર્મ છે અને પરથી નથી એ પણ પોતાનો ધર્મ છે, પોતાનો સ્વભાવ છે. પરમાણુ એનાથી છે, પરથી નથી એ પરમાણુનો સ્વભાવ છે. એવા સાત ધર્મો, એવા અનંત ધર્મોવાળું, દ્રવ્ય અનંત ધર્મવાળું છે. આહા..હા..! ક્યો ધર્મ હશે આ ધર્મ? વિષ્ણુ ધર્મ અને બ્રહ્મધર્મ જૈનધર્મ એવા? એમ નથી.

અહીંયાં તો આત્મા પોતાથી છે એવો એક ધર્મ છે અને પરથી નથી એવો ધર્મ છે. એક સાથે કહેવામાં ન આવે એવો એક અવક્તવ્ય ધર્મ છે, ક્રમસર કહેવામાં આવે એવો સ્યાત્ અસ્તિ-નાસ્તિ ધર્મ છે. એવા સ્યાત્ અવક્તવ્ય અને નાસ્તિ અવક્તવ્ય, અસ્તિ અવક્તવ્ય, અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય. એવો ધર્મ એક-એક દ્રવ્યમાં, એક-એક પરમાણુમાં એવા અનંત ધર્મો છે. આહા..હા..! કેમકે એક-એક ગુણમાં અસ્તિ-નાસ્તિનો ભંગ, એક-એક ગુણમાં સપ્તભંગી હોય છે. એક-એક પર્યાયમાં સપ્તભંગી હોય છે. આહા..હા..! ઝીણી વાત, બાપુ! એનું તત્ત્વ મોટો ભંડાર છે. આહા..હા..! એક પરમાણુ પણ, એક પોઈન્ટ પણ અનંત સ્વભાવથી સંપન્ન છે.

**'એવું જે અનંત ધર્મોવાળું દ્રવ્ય તેના એક એક ધર્મનો આશ્રય કરીને...'** જુઓ, પોતાથી સત્ એ એક ધર્મ થયોને? પરથી અસત્ બીજો ધર્મ છે. **'એક એક ધર્મનો આશ્રય કરીને વિવક્ષિત-અવિવક્ષિતના વિધિનિષેધ વડે...'** લ્યો! વિધિનિષેધ જુઓ. વિવક્ષિત નીચે નોટ છે. **'(કહેવા ધારેલા) ધર્મને મુખ્ય કરીને તેનું પ્રતિપાદન કરવાથી અને અવિવક્ષિત (નહિ કહેવા ધારેલા) ધર્મને ગૌણ કરીને તેનો નિષેધ કરવાથી સપ્તભંગી પ્રગટ થાય છે.'** જરી થોડું ઝીણું છે, પણ વાત સમજવાની છે. પોતાનું વિશેષપણું સ્વથી છે, પરનું વિશેષપણું પરથી છે. સામાન્યપણું તો છે જ, પણ વિશેષપણું સમય સમયની

અવસ્થામાં થાય છે એ પોતાથી સત્ છે અને પરથી અસત્ એ સિદ્ધ કરવા સપ્તભંગી લીધી છે લ્યો! બસ, સમજાણું કાંઈ? આ સપ્તભંગી પર્યાયની છે. પંચાસ્તિકાયમાં પ્રમાણની છે. આ નયસપ્તભંગી છે. નયસપ્તભંગી. ... જુઓ, કોઈ પર્યાયથી અસ્તિ અને કોઈ પર્યાય નાસ્તિ. અર્થમાં-અન્વયાર્થમાં ભાઈ એમ ઉતાર્યું. કોઈ પર્યાયથી અસ્તિ, કોઈ પર્યાયથી નાસ્તિ એમ ઉતાર્યું. મૂળમાં છે. પાઠ છેને માટે ઉતાર્યું. આ નયસપ્તભંગી છે. પંચાસ્તિકાયમાં પ્રમાણ સપ્તભંગી.

નયસપ્તભંગીનો અર્થ એક ધર્મ વડે એક જ ધર્મનો ખ્યાલ બતાવે એ નયસપ્તભંગી. પ્રમાણ- એક ધર્મ વડે આખા દ્રવ્યને બતાવે તે પ્રમાણ. એ જરી ઝીણી વાત છે. આમાં અભ્યાસ કરવો પડે. એમ ને એમ હાથ આવે એવું નથી. આ ઉપર ઉપરથી થોડું શીખી લે અને આવડી ગયું એમ નથી એમ કહે છે. ઊંડું ઉતરવું પડશે એમાં. ઊંડું અંદર શું તત્ત્વ છે? અને કેમ છે? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરના મુખમાંથી વસ્તુની સ્થિતિ કેવી નીકળી એવું વસ્તુનું યથાર્થ જ્ઞાન હોવું જોઈએ. જ્ઞાન થયા પછી પોતાનું દ્રવ્ય અને પોતાની પર્યાય પોતામાં છે. એ થઈને પર્યાયની દૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કરવી એ એનું તાત્પર્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ધ્રુવ ભગવાન આત્મા એનો એ... એ... એ... છે... છે... છે... અનાદિ-અનંત નિત્ય ધ્રુવ. એ પર્યાય વિશેષ છે એની લત છોડી દે. છે તો તારામાં, પણ અંશરૂપ છે. ત્રિકાળરૂપ નથી. તો ત્રિકાળ ભગવાન આત્મા ધ્રુવ આનંદકંદ છે. આનંદનો પિંડ આત્મા છે, અતીન્દ્રિય આનંદનું ધામ આત્મા છે. એના ઉપર દૃષ્ટિ લગાવો, તને આનંદ થશે. એ સિવાય આનંદ પરથી તો નહિ થાય, પણ તારી પર્યાયના લક્ષે પણ આનંદ નહિ થાય એમ કહે છે. સમજાણું કાંઈ? પરથી તો આનંદ નહિ થાય. લક્ષ કરે છે તો દુઃખ થશે. પૈસામાં, સ્ત્રીમાં, કુટુંબમાં, આબરૂમાં સુખ છે એ કલ્પના મહાભ્રમ દુઃખ છે. ભ્રમણાનું દુઃખ છે. દુઃખ છે, સુખ બિલકુલ નથી. મૂઢ કલ્પના કરે છે કે હું સુખી છું. સુખી છો કે દુઃખી છો? સમજાણું કાંઈ? પાગલ છે, દુઃખી છે. પૈસાથી સુખ છે, શરીરથી સુખ છે, કુટુંબથી સુખ છે, આબરૂથી સુખ છે, મૂઢ છે? પરવસ્તુ તો તારામાં છે જ નહિ. એ તો અસત્ છે. તો એનાથી સુખ તને ક્યાંથી થયું? તારી કલ્પનાથી તે માન્યું. એ કલ્પનાની પર્યાય દુઃખ છે. પણ દુઃખ તારી અવસ્થામાં તારાથી છે, પરથી નથી એમ બતાવે છે પહેલા. કહો, સમજાણું કાંઈ? દુઃખી જ છે. આ બધા ૩૦-૪૦ લાખ, ૫૦ લાખા ભેગા કર્યા એ દુઃખી છે એમ કહે છે.

મુમુક્ષુ :- .. ઝાઝા ભેગા કરે.

ઉત્તર :- ઝાઝા ભેગા કરે નહિ. એ તો મમતા ઉપર આધાર છે. ભેગા તો કોણ કરે ધૂળ? કોણ કરે? પૈસા પૈસામાં છે. શું પૈસામાં તું ઘૂસી ગયો? પૈસા તો, મરી જાય છે અને પૈસા રહી જાય છે, કાં જીવતા હોય ને પૈસા ચાલ્યા જાય. એ કાંઈ તારી ચીજ છે? એમાં તું છો? તારામાં એ છે? ભારે ભાઈ આ. ઓલા બિચારા માંડ-માંડ હુશિયારી કરીને આમ જાણે કે આહા..હા..! ૫૦ હજાર, લાખ. ખોટો ખોટો ચડી ગયો હતો. ખોટો ચડી

ગયો હતો. ચડાવ કરીને .. ચડાવ ધનેડા નથી હોતો? એમાં ખોટો ચડી ગયો હતો. માસ્તરે કોઈ પરીક્ષા દઈને નહિ. ઓલા ચડાવ શું કહે? ચડાવ કરે છેને શું કહે? ચડાવો. ચડાવો કરીને પછી પાસ કરે. એ પાસ ન હોય અને શેઠિયાના દીકરા હોય, તો શેઠિયો જાય માસ્તર પાસે, થોડો ચડાવો કરીને થોડી ભૂલ હોય તો .. દોકડા તો આપી દે જાણે. ૨૫ હોય તો ૧૦ દોકડા આપીને પાસ કરે. ચડાવો કરીને. ચડાવો અમારી ભાષા છે. તમારે કાંઈક હશે. પણ જ્યાં સારો માસ્તર હોય એ કહે, એલા અહીં ક્યાં બેઠો? છઠ્ઠી ચોપડીમાં કોણે બેસાડ્યો તને? ત્રીજી ચોપડીનું આવડતું નથી અને છઠ્ઠીમાં ક્યાં બેસી ગયો? એમ અહીં ભગવાન કહે છે કે તું ઉંચે ચડીને ક્યાં બેઠો? ઉતરી જા નીચે.

'થપાટ મારીને.' ભાઈએ લખ્યું છેને એકવાર નહિ? સોગાનીએ લખ્યું છે એકફેરી. અહીં જ્યાં સાંભળવા આવીએ ત્યારે થપાટ મારીને કહે તું તારામાં નજર કર. તારામાં તું છો. અમારામાં તું છો? સાંભળવા આવે તો સાંભળનારને એમ કહે. એમ અહીંયાં કહે છે કે તારી ચીજમાં અનંત ધર્મ છે. એક-એક ધર્મ કહેવામાં આવે છે વિધિ-નિષેધ દ્વારા સપ્તભંગી **'સતત સમ્યક્ રીતે ઉચ્ચારવામાં આવતા 'સ્યાત્'કારરૂપી અમોઘ મંત્રપદ વડે, 'જ'કારમાં રહેલા સઘળાય વિરોધવિષના મોહને દૂર કરે છે.'** પોતાથી છે, પરથી (નહિ) આમ થાય તો મિથ્યાત્વનો નાશ થઈ જાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૬, ગુરુવાર, તા. ૦૯.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૧૫-૧૧૬, પ્રવચન-૧૨૧**

આ પ્રવચનસાર. ૧૧૫ ગાથા. જ્ઞેયતત્ત્વ અધિકાર. જ્ઞેયનું સ્વરૂપ. કોઈપણ આત્મા, પરમાણુ, એના ગુણ પર્યાય આદિ એનું શું સ્વરૂપ છે એમ વર્ણવતા, સામાન્ય-વિશેષ વર્ણવતા-વર્ણવતા આવ્યા છેને? સત્ ઉત્પાદ, અસત્ ઉત્પાદ, અન્યત્વ અને અનન્યત્વ. એમાં આ વાત આવી જુઓ કે દરેક પદાર્થ પોતાના સ્વરૂપથી છે. બરાબર છે? અને પરસ્વરૂપથી નથી. કે પરસ્વરૂપથી છે? અને પરસ્વરૂપથી નથી એમ પોતાના સ્વરૂપથી નથી? એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આ સાત ધર્મો કહ્યાને? **'એવું જે અનંત ધર્મોવાળું દ્રવ્ય...'** પાછળ છે બીજી લીટી. શેઠી આવ્યા નથી. મોડા છે. છે એમાં? 'એવું...' એટલે જે સાત પ્રકારના ધર્મ કહ્યાને? સ્વપણે છે, પરપણે નથી, એક સાથે કહી શકાય નહિ અને ક્રમે કહેવાય એવા સાત ધર્મ કીધા.

**'એવું જે અનંત ધર્મોવાળું દ્રવ્ય...'** એવા અનંત ધર્મોવાળા પદાર્થ. કેવા અનંતવાળા? કેવા અનંતવાળા? આ ઉપર કહ્યાને? કે પોતાથી છે સત્. પદાર્થ પોતાથી ભાવરૂપ છે. પરથી અભાવરૂપ છે. બરાબર છે? કેમ બરાબર છે? નરેશ! છે. તો એ ધ્યાન રાખે. બાળક છે કે નહિ? પોતાથી છે, પરથી નથી. કહો, બરાબર છે? આત્મા છે કે નહિ? અહીંયાં તો બધા ભગવાન આત્મા છે. તો આત્મા ભગવાન છે અને અભગવાન નથી એમ કહે છે. પરમેશ્વર પોતાનું સ્વરૂપ છે, પામરતા નથી એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? એવા એટલે સાત ધર્મો જે કહ્યા. પોતાથી છે અને પરથી નથી. એવા સાત ધર્મ લેવા. પાંચ સૂક્ષ્મ છે. શેઠી કહેતા હતા ખુલાસો કરજો. શેઠી .. જાય એટલે કાલે નહોતું કર્યું. એમ શેઠી ઝટ પકડી શકે નહિ. બે ન પકડે તો સાત ક્યાં પકડવા જાય?

**'એવું જે અનંત ધર્મોવાળું દ્રવ્ય...'** કોઈપણ દ્રવ્ય હોં! આત્મા હો, પણ અહીંયાં દાખલો આત્માનો આપ્યો છે. દૃષ્ટાંત આત્માનું દીધું છે, પણ છે બધા દ્રવ્યો. **'એવું જે અનંત ધર્મોવાળું...'** ધર્મ શબ્દે સ્વભાવ, ધર્મ શબ્દે ભાવ. પોતાના ભાવસ્વભાવવાળા એવા અનંત પદાર્થ જે એક-એક દ્રવ્ય છે. **'તેના એક-એક ધર્મનો આશ્રય કરીને.'** એમાંથી એક-એક ધર્મ લેવો. જેમ આત્મા. તો આત્મા આનંદસ્વરૂપ એક ધર્મ છે. જુઓ, સમજાણું કાંઈ? **'આશ્રય કરીને વિવક્ષિત-અવિવક્ષિતના વિધિનિષેધ વડે...'** આનંદ છે, મુખ્ય આનંદ છે એ દુઃખ નથી. સમજાણું કાંઈ? આનંદભાવરૂપ છે, દુઃખભાવરૂપ નથી. કહો, શેઠી! જ્ઞાન જ્ઞાનભાવરૂપ છે. જ્ઞાન દર્શનભાવરૂપ નથી. જ્ઞાન જ્ઞાનભાવરૂપ છે તે શ્રદ્ધાભાવરૂપ નથી. શ્રદ્ધા શ્રદ્ધારૂપ ભાવરૂપ છે તે જ્ઞાનભાવરૂપ નથી. એમ દ્રવ્ય ધર્મ લ્યો એક ધર્મ દ્રવ્યનો વસ્તુ. તો વસ્તુ વસ્તુ સ્વધર્મથી છે, પરધર્મથી નથી અથવા દ્રવ્ય દ્રવ્યથી છે, તે પર્યાયધર્મથી નથી. આહા..હા..! સમજાય છે કે નહિ? થોડું-થોડું આ સમજવું. બીડી-તમાકુમાં કાંઈ નથી. સમજાણું કાંઈ?

આત્મા સ્વમાં છે, પરિપૂર્ણ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એ અપરિપૂર્ણતા એમાં નથી. જુઓ, એવા એક-એક દ્રવ્યને એક-એક ધર્મમાં બે લગાવવા. છે, નથી. સત્ છે, અસત્ છે. પોતાથી સત્ છે, પરથી અસત્ છે. આહા..હા..! આત્મા વસ્તુ એમાં અનંત ધર્મ, દ્રવ્ય ધર્મ, ગુણ ધર્મ, પર્યાય ધર્મ. એક-એક ગુણ ધર્મ, એક-એક દ્રવ્ય ધર્મ પોતાથી છે, સત્ છે, ભાવ છે, ભગવાન ચિદાનંદ ધ્રુવસ્વરૂપ ભાવ છે, તો અધ્રુવરૂપ પર્યાય ભાવરૂપ નથી. સમજાણું કાંઈ?

તો **'વિવક્ષિત (કહેવા ધારેલા) ધર્મને...'** છેને અર્થમાં? **'(કહેવા ધારેલા) ધર્મને મુખ્ય કરીને તેનું પ્રતિપાદન કરવાથી અને અવિવક્ષિત (નહિ કહેવા ધારેલા) ધર્મને ગૌણ કરીને તેનો નિષેધ કરવાથી સપ્તભંગી પ્રગટ થાય છે.)'** નીચે નોટ છે નોટ. નીચે નોટ છે. સમજાણું કાંઈ? હિન્દી છેને? હિન્દી છેને એ? ઓહો..હો..! આત્મા, આખો આત્મા લ્યો તો આત્મા પોતાના ભાવથી છે, પરમાણુ બીજા આત્મા આદિના ભાવથી નથી.

પરથી અસત્ છે અને પોતાથી સત્ છે એમ પરથી પણ સત્ હોય તો પોતાનું સત્ ભિન્ન રહેતું નથી. અને પોતાનો આત્મા પરથી નથી એમ પોતાથી પણ ન હોય તો પોતાનો અભાવ થઈ જાય છે. બહુ ઝીણું. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયાં તો અત્યારે ..માં એમ આવ્યું છે કે પરિપૂર્ણ ચૈતન્ય ભગવાન ધ્રુવસ્વરૂપ તે પરરૂપે તો નથી, રાગરૂપે નથી, ઉત્પાદ-વ્યય-પર્યાયરૂપે પણ એ ભાવધર્મ નથી. એમાં એ પર્યાયનો અભાવભાવ છે, વસ્તુનો ભાવ ભાવ છે, પર્યાયનો અભાવભાવ છે, પર્યાયમાં પર્યાયનો ભાવ ભાવ છે, પર્યાયમાં દ્રવ્યના ભાવનો અભાવ છે. કહો, સમજાણું કાંઈ? હું તો વર્તમાનમાં પરિપૂર્ણ પરિપૂર્ણ આત્મા છું. એક ભાવ. અપૂર્ણતા મારામાં નથી. એ બીજો ભાવ. અભાવ, અસત્ભાવ. આહા..હા..! જુઓ, વીતરાગમાર્ગની વસ્તુનું સપ્તભંગી સ્વરૂપ!

કહે છે કે કહેનારા ધર્મની મુખ્યતાથી એ છે. નહિ કહેનારા ધર્મની ગૌણતાથી એ નથી. એવા વિધિનિષેધ. છે, નથી. વિધિ એટલે છે, નિષેધ એટલે નથી. '**વિધિનિષેધ વડે પ્રગટ થતી...**' તમારું .. અહીં ગુજરાતીમાં આવે છે. એમાં થોડું-થોડું સમજી લેવું. '**પ્રગટ થતી સપ્તભંગી...**' સાત ભંગ હોય છે. સ્યાત્ અસ્તિ, સ્યાત્ નાસ્તિ, સ્યાત્ અસ્તિ-નાસ્તિ, સ્યાત્ અવક્તવ્ય, સ્યાત્ અસ્તિ અવક્તવ્ય, સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય, સ્યાત્ અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય. વસ્તુ એવી છે. એવા તો અનંત ધર્મો છે. આ તો સાત કહ્યા. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને કેવું! વસ્તુની સ્થિતિ પોતાથી છે અને પરથી નથી. કોઈપણ દ્રવ્ય પોતાથી છે અને પર્યાયથી નથી. પર્યાય પર્યાયથી છે, પરથી નથી, પર્યાય પર્યાયથી છે અને દ્રવ્યથી નથી. એક-એક ગુણ પોતાથી છે, બીજા ગુણથી નથી. નહિતર એ વસ્તુ સિદ્ધ નથી થતી. સમજાણું કાંઈ? આહા..હા..!

હું ભગવાન પરિપૂર્ણ છું એવો એક ધર્મ, અપરિપૂર્ણ નથી એવો પણ એક ધર્મ. સમજાણું કાંઈ? આહા..હા..! મારી સંપદાથી હું પરિપૂર્ણ છું. મારી સંપદામાં ખોડખાપણ, ખામી કાંઈ નથી. સમજાણું કાંઈ? હું તો ત્રણ લોક, ત્રણ કાળને જાણનારો જ્ઞાનથી પરિપૂર્ણ છું. એ લોકાલોક છે તો જાણનારો છું એમ પણ નથી. લોકાલોકનો તો મારામાં અભાવ છે. સમજાણું કાંઈ? હું જ્ઞાન ચૈતન્યસ્વરૂપ, ભાવ-ભાવસ્વરૂપ, ભાવસ્વરૂપ, હું જ્ઞાનસ્વરૂપ, હું આનંદસ્વરૂપ, દ્રવ્યસ્વરૂપ. કોઈપણ એક શબ્દ લ્યો, એક ભાવ લ્યો. તો એ મારા ભાવથી છે. એના વિરોધની અપેક્ષાએ અભાવસ્વરૂપ છે. તો એવી '**સપ્તભંગી સતત સમ્યક્ રીતે ઉચ્ચારવામાં આવતા...**' નિરંતર એનો ભાવ એમાં છે. એવું કથન કરવાની પદ્ધતિ છે.

'**સ્યાત્કારરૂપી અમોઘ મંત્રપદ...**' સ્યાત્ અપેક્ષાથી. હું છું, ભાવરૂપ છું અપેક્ષાથી છે. ભાવરૂપ જ છું તો સર્વરૂપ છું એમ નથી. સ્યાત્ લગાવવું. હું ભાવરૂપ છું પોતાની અપેક્ષાએ. સમજાણું કાંઈ? હું અભાવરૂપ છું પરની અપેક્ષાએ. એવો સ્યાત્કાર અમોઘ મંત્ર. રામબાણ મંત્ર. અમોઘનો અર્થ એવો થાય છે મોઘ નામ નિષ્ફળ, અમોઘ નામ સફળ. મોઘ

નામ નિષ્ફળ, અમોઘ નામ સફળ. પછી રામબાણનો દાખલો આપ્યો છે. રામ બાણ હતુંને. રામ હતાને રામ? તો એ બાણ નાખે તો એનું બાણ નાશ જ કરે. રામનું બાણ ફરે નહિ. બળદેવ હતાને બળદેવ હતા. પુણ્યવંત પ્રાણી હતા. મહાપુણ્યવંત હતા. એ ભવે મોક્ષ ગયા છે. મોક્ષ પરમાત્મા થયા. તો એની સ્થિતિ રાજકુળમાં હતા તો રામબાણ નાખે તો ફરે નહિ. એવું અમોઘમંત્ર. કોઈપણ ચીજ પોતાથી છે અને પરથી નથી, એ અમોઘમંત્ર છે સ્યાત્‌થી. કથંચિત્ પોતાથી પૂરો છે, કથંચિત્ પરથી બિલકુલ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

એવા '**સ્યાત્કારરૂપી...**' સફળ મંત્ર. અમોઘ નામ સફળમંત્ર. નીચે લખ્યું છે જુઓ. '**(અનેકાંતાત્મક વસ્તુસ્વભાવનો ખ્યાલ ચૂક્યા વિના, જે અપેક્ષાએ વસ્તુનું કથન ચાલતું હોય તે અપેક્ષાએ તેનું નિર્ણીતપણું—નિયમબદ્ધપણું—નિરપવાદપણું બતાવવા માટે જે 'જ' શબ્દ વાપરવામાં આવે છે, તેનો અહીં નિષેધ ન સમજવો.)**' પણ વિરોધ અનેકાંત છેને એમાં? એકાંતનું સત્વ જે છે. રામબાણ પહેલામાં નાખ્યું છે. '**સ્યાદ્વાદમાં અનેકાંતને સૂચવતો 'સ્યાત્' શબ્દ સમ્યક્‌પણે વપરાય છે.**' સમ્યક્ પ્રકારે એટલે જેમાં ભાવ છે એ રીતે, એમાં અભાવ છે એ રીતે. '**તે 'સ્યાત્' પદ એકાંતવાદમાં રહેલા સમસ્ત વિરોધરૂપી વિષના ભ્રમને નષ્ટ કરવામાં રામબાણ મંત્ર છે.**' કોઈપણ પર્યાય ઉપાડો, કોઈપણ દ્રવ્ય લ્યો, કોઈપણ ગુણ લ્યો એ પોતાથી ભાવરૂપ છે, પરથી અભાવરૂપ છે એ રામબાણ મંત્ર છે. સમજાણું કાંઈ? એ વચન અને એ ભાવ ફરે નહિ. ભગવાન આત્મા જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ પ્રભુ, પોતાના પૂર્ણરૂપથી, પૂર્ણરૂપે, ધ્રુવરૂપે, એકરૂપે ત્રિકાળ છે. સમજાણું કાંઈ? એમાં અપૂર્ણતા અને પર્યાય કે વિકાર એમાં છે જ નહિ. શોભાલાલજી! આહા..હા..! સમજાય છે ભગવાનજીભાઈ? પરિપૂર્ણ આ બધા લક્ષ્મીવાળા પચ્ચીસ લાખ, ધૂળ લાખ અને લાખ એ તો કોઈ પૂરું થાતું નથી એમાં.

અહીંયાં ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પરિપૂર્ણ... પરિપૂર્ણ... પરિપૂર્ણ... અખંડ અભેદ વસ્તુ હું છું. ખંડ અને ભેદ ને પર્યાય મારામાં છે જ નહિ. પોપટભાઈ! એવો મહામંત્ર છે. એવી દૃષ્ટિ કરે તેને મિથ્યાત્વરૂપી મોહનો ઝેર નાશ થઈ જાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**સઘળાય વિરોધવિષના મોહને દૂર કરે છે.**' લ્યો એટલો અર્થ થયો. કાલે ઉતાવળથી કરી નાખ્યો હતોને. વળી કાલે પૂછતા હતા. આ આવ્યું એટલું. રાતે ભાઈએ એક કલાક ખૂબ ચાલ્યું હતું. તોપણ હજી કહે મને સમજાતું નથી. કહો, સમજાણું કાંઈ?

'**હવે, જેનો નિર્ધાર કરવાનો હોવાથી...**' જુઓ, '**જેને ઉદાહરણરૂપે બનાવવામાં આવ્યો છે એવો જે જીવ...**' અહીં ઉદાહરણ જીવનું આપ્યુંને? સિદ્ધાંત તો સર્વ દ્રવ્યનો છે. ઉદાહરણરૂપે મનુષ્યનું દૃષ્ટાંત આપ્યું છે.

મુમુક્ષુ :- નિર્ધાર.. ગયું.

ઉત્તર :- નિર્ધાર ઉદાહરણરૂપે. અહીં તો નિર્ધાર કરવાનો હોવાથી જેનું ઉદાહરણરૂપે.. એમ. એવો જીવ. 'તેના **મનુષ્યાદિપર્યાયો ક્રિયાનાં ફળ હોવાથી...**' જુઓ, એ ચાર ગતિ તે મોહરૂપી ક્રિયાનું ફળ છે.

મુમુક્ષુ :- ..લખ્યું નથી.

ઉત્તર :- આ લખ્યું છે. નીચે આવશે. ટીકામાં આવશે. ટીકામાં આવશે. જુઓ, '**ક્રિયા ખરેખર સ્વભાવનિષ્પન્ન જ છે;...**' જુઓ, બીજી લીટી આવશે એમાં. '**ક્રિયા ખરેખર સ્વભાવનિષ્પન્ન જ છે;...**' સ્વભાવ એટલે મોહ. મોહરૂપી સ્વભાવ. અહીં ઓલો સ્વભાવ લેવો નથી. આવવા તો દ્યો આગળ. જુઓ, શું કહે છે જુઓ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ છે, નીચે છે જુઓ.

મુમુક્ષુ :- ૨૨૯ પાને.

ઉત્તર :- ૨૨૯. એ '**મનુષ્યાદિપર્યાયો રાગદ્વેષમયના ક્રિયાના ફળરૂપે છે...**' લ્યો! '**તેથી કોઈપણ પર્યાય પૂર્વ પર્યાયને...**' એ તો પછી આવશે. આ તો એ ક્રિયા જ મોહવાળી છે. લખ્યું છે ક્યાં? નીચે લખ્યું છે જુઓને. એમાં ટીકામાં છે જુઓને. '**ક્રિયાનું ફળ તો, મોહ સાથે મિલનનો નાશ નહિ થયો હોવાથી,...**' લ્યો! ટીકા જ છે. ટીકા અહીં તો એ વાત સિદ્ધ કરવી છેને. સફળ ક્રિયા છે. અજ્ઞાનીની મોહક્રિયા સફળ છે એમ કહે છે. શું છે? પોતાનું સ્વરૂપ શું છે એને જાણ્યા વિના મોહની ક્રિયા તેને સફળ છે. સફળનો અર્થ જે અનાદિ ગતિ મળે છે એ ગતિ એને મળશે. એ આવે છે અમારે. સૂયગડાંગમાં આવે છે. શ્વેતાંબરમાં આવે છે. સમજાણું કાંઈ?

'**ઉદાહરણરૂપ બનાવવામાં આવ્યો છે એવો જે જીવ તેના મનુષ્યાદિપર્યાયો ક્રિયાનાં ફળ હોવાથી તે પર્યાયોનું અન્યત્વ (અર્થાત્ તે પર્યાયો બદલ્યા કરે છે એમ) પ્રકાશે છે :—**' જુઓ, પછી એ અવસ્થા બદલ્યા જ કરે છે. બદલે છેને? મનુષ્યમાંથી દેવ, દેવમાંથી કોઈ મનુષ્ય, મનુષ્યમાંથી સિદ્ધ. બસ, એ ચાર ગતિની વાત છે આમાં. '**અન્યત્વ...**' અનેરા-અનેરાની વ્યાખ્યા આવી પાછી જુઓ. અસત્ ઉત્પાદથી નય, અન્ય-અન્ય ઉત્પાદ કરીને ભાવ-અભાવની સપ્તભંગી નાખીને અન્યત્વ-અન્યત્વ જે ક્રિયા થાય છે તે મોહની ક્રિયા છે. સિદ્ધની અહીં ન લેવી. સિદ્ધ તો પરમધર્મનું ફળ લેશે. જુઓ, ૧૧૬. શ્લોક.

**एसो त्ति णत्थि कोई ण णत्थि किरिया सहावणिव्वत्ता।**
**किरिया हि णत्थि अफला धम्मो जदि णिप्फलो परमो।।११६।।**

૧૦૩ પદ અને ૧૧૪ પદ છે. નીચે હરિગીત. એમાં નહિ હોય. હિન્દીમાં નથી.

**નથી 'આ જ' એવો કોઈ, જ્યાં કિરિયા સ્વભાવ-નિષ્પન્ન છે;**
**કિરિયા નથી ફળહીન, જો નિષ્ફલ ધર્મ ઉત્કૃષ્ટ છે. ૧૧૬.**

લ્યો! પહેલા અન્વયાર્થ લઈએ. ધીમેથી લેવું છેને આપણે? **'एषः इति कश्चित् नास्ति'** છેને અન્વયાર્થ. '**(મનુષ્યાદિપર્યાયોમાં)...**' મનુષ્ય, નિગોદ, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય, ઢોર અને માણસ અને દેવ. '**'આ જ' એવો કોઈ (શાશ્વત પર્યાય) નથી;...**' કે મનુષ્ય અનંતકાળથી મનુષ્ય જ છે એમ છે કોઈ? અનંતકાળથી દેવ જ છે એમ કોઈ છે? **'स्वभावनिर्वृत्ता क्रिया नास्ति न'** '**(કારણ કે સંસારી જીવને) સ્વભાવનિષ્પન્ન ક્રિયા નથી એમ નથી...**' ભાષા શું છે? '**સ્વભાવનિષ્પન્ન ક્રિયા નથી...**' જુઓ, મોહરૂપી સ્વભાવ ક્રિયા એને અહીં લેવી છે. '**(અર્થાત્ વિભાવસ્વભાવથી નીપજતી રાગદ્વેષમય ક્રિયા અવશ્ય છે).**' જુઓ, પાઠમાં એમ લીધું છે. સ્વભાવ એટલે પોતાનો વિકારીભાવ એટલું લેવું છે. ચાર ગતિમાં કોઈ જીવ વિભાવ-સ્વભાવ વિનાનો છે એમ નથી. અને વિભાવ-સ્વભાવ તેને સફળ છે. વિભાવ-સ્વભાવથી એને ગતિ મળે છે. સફળ છે. ગતિ નહિ મળે એમ નથી. ગતિ મળશે જ મળશે, એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પલટે છે.

ઉત્તર :- પલટે છે એ ઠીક, પણ સફળ છે એમ. ફળ છે. મોહની ક્રિયાનું ફળ છે. ગતિ બીજી મળે એ કહે. વિભાવનું ફળ છે કે નહિ? જુઓ, શું કહે છે? '**સ્વભાવનિષ્પન્ન ક્રિયા નથી એમ નથી...**' કોઈપણ સંસારીને વિભાવસ્વભાવરૂપી ક્રિયા નથી એમ નથી. શું શબ્દ આવ્યો? કોઈપણ સંસારી પ્રાણીને વિકારી, વિભાવી, મોહવાળી ક્રિયા નથી એમ નથી. ભારે! આહા..હા..! એ ત્રણ લીટીનું થયું. '**અને જો પરમ ધર્મ અફળ છે...**' વીતરાગી આત્માની પર્યાય હો, પરમ ધર્મ એ નિષ્ફળ છે. એનું ફળ ગતિ નથી. ગતિ નથી એ નિષ્ફળ. ભગવાન આત્મા પોતાનું શુદ્ધ ધ્રુવ ચૈતન્ય સ્વરૂપ જેમાં ગતિ નથી, ગતિનો ભાવ નથી. એવા સ્વરૂપનો અનુભવ કરીને વીતરાગી પર્યાય પ્રગટ કરી તો પરમધર્મ નિષ્ફળ છે. એ પરમધર્મ નિષ્ફળ છે એટલે કે પરમધર્મમાં સિદ્ધગતિની પ્રાપ્તિ થાય છે, સંસારની પ્રાપ્તિ થતી નથી. સંસારનું સફળપણું એ અપેક્ષાએ નિષ્ફળ છે. પોતાની પર્યાયથી સફળ છે. પણ સંસારની પર્યાય અપેક્ષાએ તે નિષ્ફળ છે. કેમ શેઠી!

'**ક્રિયા જરૂર અફળ નથી (અર્થાત્ એક વીતરાગ ભાવ જ મનુષ્યાદિપર્યાયોરૂપ ફળ ઉપજાવતો નથી,...**' છેને? ભગવાન આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ વીતરાગ પિંડ છે એવી દૃષ્ટિ કરીને વીતરાગ ભાવ પ્રગટ્યો તે વીતરાગભાવ ચાર ગતિનું ફળ ઉપજાવે છે એમ નથી. સમજાણું કે નહિ? આ તો સીધી ભાષા છે. પણ અભ્યાસ નથી, અભ્યાસ નથી. વીતરાગભાવ સફળપણું નથી. ક્યું સફળપણું? ચાર ગતિ ઉપજાવતો નથી. સંસારની અપેક્ષાએ અફળ છે. પોતાના સ્વભાવની શુદ્ધિની અપેક્ષાએ સફળ છે. લ્યો! બેય લગાવો. છે ક્યાંક. અંદર છે. અનંત **'यद्यप्यनन्तसुखादिगुणात्मकमोक्षकार्यं प्रति निष्फला तथापि नानादुःखदायकस्वकीयकार्यभूतमनुष्यादिपर्यायनिर्वर्तकत्वात्सफलेति'** છેને? સંસ્કૃત છે. એ

૨૩૦ જયસેનાચાર્યની ટીકામાં. એ તો અપેક્ષાથી કહ્યું. પોતાના વીતરાગભાવની પર્યાયની અપેક્ષાએ સિદ્ધપદ સફળ છે, પણ વીતરાગભાવની અપેક્ષાએ ચાર ગતિ નિષ્ફળ છે. ચાર ગતિનું ફળ એને હોતું નથી. સમજાણું કાંઈ?

એ સૂયગડાંગમાં એમ આવે છે. સૂયગડાંગ છેને શ્વેતાંબરનું. જે અબુધા મહાભાગા વીરા સંમતદસિણો અશુદ્ધ તેંસિ... એવો શ્લોક છે. શું કહ્યું? જે કોઈ પ્રાણી વીર છે. માસ-માસખમણના અપવાસની ક્રિયા કરે. દયા, દાન, વ્રત મોટી ક્રિયા કરે. મોટું શરીર જીર્ણ થઈ જાય. વીરા. મંદ રાગની ક્રિયાનો એટલો ઉલ્ટો પુરુષાર્થ કરે. જો વીરા. પુરુષાર્થની ક્રિયા તે રાગની ક્રિયા છે. દયા, દાન, વ્રત, અપવાસ બાર-બાર મહિનાનો અપવાસ. છે મહાભાગા, છે પુણ્યવંત. જગતમાં પ્રસિદ્ધ થાય એવો. વીરા છે, મહાભાગા છે. જે વીરા મહાભાગા. સંમતદંસિણો. વીર સમ્યગ્દર્શનરહિત છે એમ લેવું અહીં. સમ્યગ્દર્શનરહિત છે. છે પુરુષાર્થ રાગની ક્રિયા કરવામાં અને છે પુણ્યવંત અને સમ્યગ્દર્શનરહિત છે. .. એનું ફળ સફળ છે. ચાર ગતિમાં રખડશે. એ વાત છે. ભાઈ! જે અબુધા એમ છે હોં. 'જે અબુધા મહાભાગા.' તત્ત્વદષ્ટિથી, અનુભવથી રહિત છે. છે મહાભાગ્ય, પુણ્યવંત. લોકો મહાપ્રસિદ્ધ ઓહો..હો..! લાખો-કરોડો જેને માણસો માને. જેની વાણી પડે આમ ઉપાડી લે. છે અબુધા. તત્ત્વનું ભાન નથી. શીખરચંદજીએ નહિ સવારમાં ગાયું નહોતું એ દૌલતરામનું. જુઓ પહેલાના પંડિતો પણ કેવા હતા! સમજાણું કાંઈ? 'તે આપા નહિ જાણા તું જ્ઞાની કૈસા?' કૈસા જ્ઞાન? શું શબ્દ છે? 'તે આપા નહિ જાના તું કૈસે જ્ઞાનધારી?' આપા નહિ જાના. આપા પોતાનું સ્વરૂપ જાણ્યું નથી કે શું છે? કેવો જ્ઞાનધારી તું થયો? તું કેમ પંડિત થયો? જુઓ, પહેલાના દૌલતરામજી. જુઓ, અત્યારના પંડિત તો એને કાંઈ નહિ.

કહે છે અબુધા. તત્ત્વજ્ઞાનરહિત પોતાનું ભાન નથી કે હું કોણ છું. હું શુદ્ધ આનંદકંદ ચિદાનંદની મૂર્તિ હું છું. એવો જેને અનુભવ નથી, ભાન નથી, પણ છે મહાભાગા. ભાગ્યશાળી, પુણ્યશાળી લોકો કરોડોપતિ માને છે, અબજોપતિ માને છે. ઓહો..હો..! અને વીરા .. શરીરની ક્રિયા, મહિના-મહિનાના અપવાસ, એક છાશ અને ભાત ખાય. બીજું નહિ એવી એની ક્રિયા. વીરા.. પણ અસમતદંસિણો. પણ સમ્યગ્દર્શનરહિત છે. ... ભગવાન કહે છે કે તારા પરાક્રમ બધા અશુદ્ધ છે. અબુદ્ધા સમ્યગ્દર્શનરહિત વીરા મહાભાગ્યવાન. એય..! દેવાનુપ્રિયા! આમાં બોલે. અશુદ્ધં તેંસિ ... તારું પરાક્રમ અશુદ્ધ છે. .. ચાર ગતિમાં રખડવાનું ફળ તને મળે એ જ તને મળશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નામ ઉપમા મોટી આપી.

ઉત્તર :- મહાભાગ્ય એ તો પુણ્યવંત કહ્યું. આમ કરોડો લોકો ઓહો..હો..! બોલ ઝીલે આમ પડે તો. એને માનનારા લોકો પણ મૂર્ખા હોયને.

મુમુક્ષુ :- સ્વભાવ એ હોય.

ઉત્તર :- .. એ હોય. જે અબુધા, મહાભાગા. સામેસામે લીધું. તત્ત્વદૃષ્ટિ વિનાનો પુણ્યવંત છે. વીરા છે. અપવાસની ક્રિયાનો પુરુષાર્થ કરે છે. માસખમણમ, બબ્બે માસના. અને છે સમ્યગ્દર્શનરહિત. ... તેના પરાક્રમ બધા અશુદ્ધ છે. .. સર્વથા એનું ફળ સંસાર, નિગોદાદિ મળશે. કહો, સમજાણું કે નહિ ભાઈ? પછી સુલટું. સમજાણું? 'જે બુધા મહાભાગા વીરા સંમત દંસિણો, શુદ્ધં તેંસિ પરગંતમ્... સવ્વ સો. જે બુધા મહાભાગા' બુદ્ધ છે, તત્ત્વજ્ઞાની છે, તત્ત્વદૃષ્ટિ છે. જ્ઞાનનું ભાન થયું છે, અનુભવ થયો છે અને ભાગ્યવાન છે. સાથે પુણ્યશાળી પણ છે. કરોડો લોકો માને એવા પુણ્યશાળી છે, તત્ત્વજ્ઞાન છે, ભાગ્યશાળી છે. બેય લીધું. વીરા. પરાક્રમ આત્મામાં પુરુષાર્થ કરીને છે સમ્યગ્દૃષ્ટિ. પોતાના સ્વભાવસન્મુખનો પુરુષાર્થ કરે છે અને છે સમ્યગ્દૃષ્ટિ. જેટલો પુરુષાર્થ સ્વભાવસન્મુખનો છે. .. તેને ચાર ગતિ નહિ મળે. રખડવાનું ફળ નહિ મળે એમ. શેઠી! એ ભાઈ .. વીર્ય અધ્યયન છે. સૂયગડાંગમાં આવે છેને એમાં. સૂયગડાંગમાં આ તો બધું મોઢે હતુંને. કંઠસ્થ બધું કરેલું શ્વેતાંબરમાં. સૂયગડાંગનો પહેલો .. કંઠસ્થ હતો. આચારાંગ પહેલું સૂત્ર કંઠસ્થ. આ દશવૈકાલિક ઉત્તરાધ્યયન બધા છ-સાત હજાર શ્લોક શ્વેતાંબરના હતા. એમાં આ આવ્યું છે. એ અહીં કહે છે.

લ્યો હવે '**ટીકા :- (આ વિશ્વમાં), અનાદિ કર્મપુદ્ગલની ઉપાધિના સદ્ભાવને આશ્રયે...**' જુઓ, ભગવાન આત્મા પોતાનો આશ્રય ન લેતા અનાદિ કર્મપુદ્ગલ ઉપાધિ. કર્મપુદ્ગલ ઉપાધિમાં સદ્ભાવ-હયાતીને આશ્રયે '**જેને પ્રતિક્ષણ વિવર્તન વર્તે છે...**' જેને પ્રતિક્ષણ-ક્ષણે-ક્ષણે વિવર્તન-પલટો, ફેરફાર, વિકારની પર્યાયનો ફેરફાર... ફેરફાર.. મિથ્યાત્વના રસમાં ફેરફાર, રાગ-દ્વેષમાં ફેરફાર, ભાવમાં ફેરફાર. મિથ્યાત્વના ભાવમાં હોં! '**પ્રતિક્ષણ વિવર્તન વર્તે છે એવા સંસારી જીવને...**' એવા સંસારી જીવને '**ક્રિયા ખરેખર સ્વભાવનિષ્પન્ન જ છે;...**' એની ક્રિયા ખરેખર સ્વભાવનિષ્પન્ન છે. સ્વભાવ શબ્દે વિકાર. એનો ભાવ છે એમ કહે છે. જુઓ, કર્મને લઈને નહિ એ સિદ્ધ કરવું છે. આહા..હા..! અન્યત્વ ભાવ સિદ્ધ કરવો છેને? અન્યત્વ... અન્યત્વ... અન્યત્વ... પણ એનો સ્વભાવભાવ છે એની પર્યાયનો અન્યત્વ... અન્યત્વ...

મુમુક્ષુ :- એનો સ્વભાવ વિભાવમાં...

ઉત્તર :- એ સ્વભાવ એ વિભાવ છે. વિભાવ પણ એનો સ્વભાવ જ છે. એ પોતાથી થયો છે કે કર્મથી થયો છે? મિથ્યા શ્રદ્ધા, પરમાં સુખબુદ્ધિ, રાગથી લાભબુદ્ધિ, પુણ્યથી લાભબુદ્ધિ, નિમિત્તથી લાભભાવ, નિમિત્તથી પરનિમિત્તથી મારામાં લાભ થાય છે એવી બુદ્ધિ છે તો પોતાથી પોતામાં લાભ થાય એ બુદ્ધિનો ત્યાં નાશ છે. સમજાણું કાંઈ? એવો એનો સ્વભાવ થઈ ગયો. મને તો પરથી લાભ થાય છે અને હું વિકારી ભાવવાળો છું. એવું સંસાર જીવને ક્રિયા. ક્રિયા શબ્દે મોહની ક્રિયા. આ ક્રિયા મોહની ક્રિયા. સમજાણું કાંઈ? એ આપણે ભાઈએ લખ્યું છે. એ ૨૩૧ પાનું છેને? ૨૩૧ પાનામાં નીચે. ૨૩૧ છેને?

'**મૂળ ગાથામાં વપરાયેલા 'ક્રિયા' શબ્દથી મોહ સહિત ક્રિયા સમજવી;...**' એ ત્યાં જોવું હતું આપણે પહેલા. ૨૩૧. નીચે નોટ. '**મૂળ ગાથામાં વપરાયેલા...**' ક્રિયા શબ્દ ઉપર આવ્યો છેને? "**ક્રિયા' શબ્દથી મોહ સહિત ક્રિયા સમજવી; મોહ રહિત ક્રિયાને તો 'પરમ ધર્મ' નામ આપ્યું છે.**' સમજાણું કાંઈ? ક્રિયા શબ્દ મૂળ પાઠમાં છેને. '**एसो त्ति णत्थि कोई ण णत्थि किरिया सहावणिव्वत्ता**' મોહની ક્રિયા સ્વભાવ નિષ્પન્ન નથી, મોહની ક્રિયા સ્વભાવ નિષ્પન્ન નથી એમ નથી. એટલે કે આત્માનું ભાન નથી. હું જ્ઞાનાનંદ, ચિદાનંદ શુદ્ધ છું એવી દૃષ્ટિનો અભાવ છે ત્યાં મિથ્યાત્વના ભાવની ક્રિયા સફળ છે. તેની ક્રિયાસહિત મોહની ક્રિયાસહિત છે. તેનું ફળ સફળ છે. ચાર ગતિમાં રખડવાનું. ફળ આવશે એમ. એ ઝાડમાં ફળ ફૂલશે. ઝાડ ફાલશે. વાંઝિયું ઝાડ નહિ રહે. વાંઝિયા સમજો છો? વાંઝિયા નથી હોતા? વાંઝિયા એને કહે છે સમજ્યાને અમારે? જેને દીકરો-દીકરી ન હોય એને વાંઝિયા કહે છે. વાંઢા એને કહે કે જેને સ્ત્રી ન હોય. સ્ત્રી ન હોય તો વાંઢા કહે છે, દીકરો-દીકરી ન હોય તો તેને વાંઝિયા કહે છે. તમારે તો કોઈ ભાષા તો હશે હિન્દીમાં. એ ભાષા છે. આ તો અમે નાની ઉંમરમાં એવું સાંભળ્યું છે કે આ વાંઢો છે. વાંઢો એટલે શું કીધું આ? સ્ત્રી વિનાના હોય એને વાંઢા કહે છે. ઓલા વાંઝિયા છે. પૈસા તો ઘણા છે, લાખો રૂપિયા છે, ઘણા લાખો છે. એ વાંઝિયાનો અર્થ એને દીકરો-દીકરી નથી માટે વાંઝિયા કહેવાય. પૈસા ભલે કરોડ હોય, પણ દીકરા-દીકરીનું ફળ નથી એમ. સમજાણું કાંઈ? એમ મોહની ક્રિયાવાળાને ઝાડમાં ચાર ગતિનું ફળ નિષ્પન્ન થશે, થશે ને થશે જ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ફળ વિના હોય નહિ.

ઉત્તર :- ફળ વિના હોય નહિ. ઘણા પાપ કરે અને દીકરા-દીકરી હોય એને સોંપે. લ્યો મફતનું ગયું તારું. પૈસાના પાપનું .. તો કરે. પછી દીકરા-દીકરી હોય તો દીકરા હોય એને આપી દેને. સાથે તો લઈ જાય નહિ અને દાન પણ એટલું કરે નહિ. એટલું દાન કરે નહિ. પચાસ લાખ રૂપિયા હોય તો કાંઈ દસ લાખ, વીસ લાખ દાન કરી દે? ઓલા કરવા દે? છોકરા જ કરવા ન દે. નહિ, નહિ, બાપુજી એમ ન હોય. અમે છે કે નહિ? એય..! શેઠી! પાપ કરવા અને પછી એ પાપના ફળરૂપે એ પૈસા એને સોંપવા. સફળ છે તારી ક્રિયા રખડવાની કહે છે. મફતમાં તારે જાય છે. પાપ એકલું આવે છે. સમજ્યા કે નહિ? દીકરા-દીકરી ન હોય અને કાંઈ નહિ ભાઈ જો. પૈસા છે તો આપણે દાનમાં દઈ દ્યો. પુણ્ય શુભભાવ હોય. આને આપીને પાછા... એ પણ કેટલાક ક્યાં કરે છે? આ તો એક વાત છે. હા, દીકરા-દીકરી ન હોય તો કહે ભાઈ દાનમાં આપી દો. પણ એ તો એવું હોય તો થાય છેને ભાઈ અમારે આ. અમારે ત્યાં થયું હતું ઉમરાળે લ્યો. અમારા મામા હતા સાત. સાત મામા, સાત મામી. ઘણા મકાન, ઘણી દુકાન. વાંઝિયા કાંઈ ન મળે. એથી બધું ગયું પાંજરાપોળે. આ અમારી જગ્યા છે, જન્મ છે એ અમને આપેલી મામાએ. અમારી બાને. હમણા જોડે

લીધીને ૨૨ હજારની? એ અમારા બીજા મામાની. બધી જગ્યા અમારા મામાની. ઘણા ગૃહસ્થ લોકો હતા. સાત મામાને એકેય દીકરી નહિ, મામો અને મામી ને દીકરો-દીકરી નહિ. બધું સાફ. અને એની હયાતીમાં પણ એનું કોઈ લે નહિ. અમે ભાણેજ કહેવાઈએને એટલે અમને આપે. એ વાંઝિયાનું ન લેવું આપણે. કોણ જાણે શું થાશે?

અહીં કહે છે, પણ પહેલા હોય તો દાન આપી દે. આ તો પછી પાંજરાપોળમાં ચાલી ગઈ બધી ચીજ. દુકાનો એટલી હતી, મકાનો એટલા હતા પાંજરાપોળમાં. અહીં કહે છે કે ભગવાન! તારી ક્રિયા મોહની છે તે સફળ છે. સફળ છે. તારી રખડવાની ક્રિયા છે. તું મોક્ષના ફળથી તો વાંઝિયો છો. ચાર ગતિના ફળથી તારું સફળપણું છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, **'સંસારી જીવને ક્રિયા ખરેખર સ્વભાવનિષ્પન્ન જ છે;...'** અહીંયાં મૂંઝાય માણસ. પણ એ ક્રિયાનો અર્થ કર્યોને ભાઈએ કર્યોને પંડિતજીએ આપણે. એ ક્રિયા બધી મોહ-મિથ્યાત્વની ક્રિયા. રાગ મારો છે, પુણ્ય મારા છે, દીકરો મારો છે, દીકરી મારી છે, બધું મારું... મારું... મારું... કરીને મરી ગયો મોહમાં. એ મોહની ક્રિયા ખરેખર સ્વભાવનિષ્પન્ન છે. એટલે કે એની પર્યાયે નિષ્પન્ન કરી છે, કોઈ કર્મે કર્યું નથી. એ મોહનો ભાવ આત્માએ કર્યો છે. કોઈ કર્મે કર્યો નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- એની આદત પડી ગઈ છે.

ઉત્તર :- એની આદત પડી ગઈ છે. એનો ભાવ પોતે કર્યો છે. કર્મથી કર્યો નથી, પરે કરાવ્યો નથી. એ સ્વભાવ-પોતાના ભાવથી એ મોહભાવ ઉત્પન્ન થયો છે. સમજાણું કાંઈ?

**'તેથી તેને મનુષ્યાદિપર્યાયોમાંનો કોઈ પણ પર્યાય 'આ જ' એવો ટંકોત્કીર્ણ નથી;...'** શું કહે છે? મનુષ્યાદિ અનંત-અનંત ભવ થયા, પણ કોઈ ભવ શાશ્વત છે? કે અનંતકાળમાં મનુષ્યભવ, અનંતકાળમાં એકેન્દ્રિય ભવ એમ નથી. બદલતા જ જાય છે. મોહની સાથે પલટ... પલટ... પલટ... ઓહો..હો..! અનંતાનંત ભવ એવા મોહમાં ભવરહિત ભગવાન અને ભવની ક્રિયા રાગથી રહિત ભગવાન, એના અંતર અનુભવ વિના, મોહની ક્રિયાથી ચાર ગતિમાં એવી કોઈ ગતિ નથી કે જે શાશ્વતપદ એવું ને એવું રહે. એમ નથી. ચાહે તો દેવ હોય અસંખ્ય અબજ વર્ષ. ૩૩ સાગર. ૩૧ સાગર મિથ્યાદૃષ્ટિ લ્યો. ૩૧ સાગર ત્યાં નવમી ગ્રૈવેયક ૩૧ સાગર. એક સાગરમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ, એક પલ્યોપમમાં અસંખ્ય અબજ વર્ષ, પલટો ખાઈને મનુષ્યમાં ચાલ્યા ગયા નીચે. મનુષ્ય થઈને તિર્યંત થઈને નરક અને નિગોદમાં ચાલ્યા જાય. આહા..હા..!

કહે છે કે મોહસહિત પુણ્ય કર્યું, તોપણ કોઈ ફળ શાશ્વત રહે એમ નથી. કોઈ ગતિ-ભવ શાશ્વત રહે છે? કોઈ ભવ જ નથી એમ કહે છે. ભવ શાશ્વત રહે છે? દેવ તો અમર છેને. દેવને અમર કહે છે કે નહિ? પણ અમર તો ઘણું આયુષ્ય છે એ કારણે છે. પણ એ ભવ અનંતકાળનો છે? દેવનો ભવ અનંતકાળનો છે? અસંખ્ય (વર્ષ) જ્યાં ખલાસ થઈ

જાય. આહા..હા..! અરે! ક્યાં ઉપજ્યો? હાય-હાય લ્યો! એ તો નવમી ગ્રૈવેયકના દેવ તો મનુષ્ય થાય છે. પણ આઠમા દેવલોકના દેવ પશુ થાય છે પશુ. અઢાર સાગરની સ્થિતિ. એક સાગરમાં-સાગરોપમમાં... આ સાગર તમારો. એક સાગરોપમમાં અસંખ્ય દસ ક્રોડાક્રોડી પલ્યોપમ અને એક પલ્યોપમમાં અસંખ્ય અબજ વર્ષ. એવા અઢાર સાગરની સ્થિતિએ આઠમા દેવલોકને ઉપજે. પશુ કોઈ મનુષ્ય આદિ ત્યાં. પછી ત્યાંથી પશુ થાય. ગધેડીને કૂંખે અવતરે. કોઈ ભવ શાશ્વત છે? એમ કહે છે. મોહના ફળમાં કોઈ ગતિ શાશ્વત છે? આહા..હા..! પરમધર્મનું ફળ શાશ્વત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા પોતાનું શુદ્ધસ્વરૂપ ભૂલીને અરે! પોતાની પર્યાયને પણ પોતાની માને, રાગને પોતાનો માને એવી મોહની ક્રિયા એના ફળરૂપ અનંતકાળનો ભવ હોય છે, શાશ્વત ભવ રહે છે? ક્યાંથી રહે? વિકારભાવનું ફળ અલ્પકાળની ગતિ છે, પછી બીજી ગતિ પલટી જાય છે. મોટા રાજા-મહારાજા આમ ચક્રવર્તી લ્યો. બ્રહ્મદત્ત ચક્રવર્તી. આયુષ્ય સાતસો વર્ષ. છન્નું હજાર સ્ત્રી જેવી પદ્મણી જેવી. સોળ હજાર દેવ સેવા (કરે), બત્રીસ હજાર રાજા ચામર ઢાળે. છેલ્લે રતનના ઢોલિયા. ઢોલિયાને શું કહે સમજ્યા? પલંગ-પલંગ. રત્નના પલંગમાં સૂતા હતા અને દેવ ચાકરી કરતા હતા. ઓહો..! રાણીને યાદ કરીને મર્યો. અત્યારે સાતમી નરકે છે. સાતમા પાતાળે ૩૩ સાગર નરકમાં, ૩૩ સાગર સ્થિતિમાં અત્યારે છે. ઓહો..! ક્યાં ગઈ સાહેબી? ક્યાં ધૂળ સાહેબી છે? એ તો મોહનું ફળ હતું. આહા..હા..! ચક્રવર્તી રવરવ નરકે અપયઠાણે અત્યારે છે. હજી તો થોડા વર્ષ (થયા). અસંખ્ય અબજ વર્ષ, અસંખ્ય અબજ વર્ષ ચાલશે. સાતસો વર્ષના એક સમય ઉપર અસંખ્ય અબજ વર્ષ. સાતસો વર્ષના કલ્પનના સુખમાં રહ્યો, મોહની દૃષ્ટિ રાખીને, સ્વભાવને ભૂલીને. તો એક સમય(ના ફળમાં) અસંખ્ય અબજ વર્ષનું દુઃખ સાતમી નરકનું. સંયોગ તો ઠીક, પણ અંદર આકુળતાનું દુઃખ.

મુમુક્ષુ :- અહીં એક જ સમય.

ઉત્તર :- અહીં એક સમય.

મુમુક્ષુ :- એટલા દોષનું એટલું મોટું ફળ!

ઉત્તર :- ભગવાન આત્મા અનાકુળ અનંતગુણનો સમાજ શુદ્ધ પ્રભુ એનો અનાદર અને એક વિકલ્પ પાપનો અને સુખબુદ્ધિનો આદર. મહાન મહારાજા ચિદાનંદ ભગવાનનો અનાદર કર્યો. કહો, ..ભાઈ! અહીં પણ ઓલું વિક્ટોરિયાનું કાંઈક હોય છેને. શું કહેવાય? પૂતળું. કોઈ ખાસડું પહેરાવે તો એને પકડે. ખાસડું સમજ્યાને? પગના પગરખાં. જોડા-જોડા. જૂતા. જોડાનો હાર પહેરાવે રાણીનું બાવલું હોયને. ખબર પડે તો પકડે, મારે, જેલમાં નાખે. એમ આ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ અનંત પરમેશ્વર જેના પેટમાં અનંતા સિદ્ધ ભગવાન જેના પરમાત્મા સ્વભાવે બિરાજમાન એનો અનાદર કરી એક રાગ, પુણ્ય અને પાપ વિકલ્પ એનો આદર મિથ્યાત્વ ભાવનો આદર કરીને ચાર ગતિમાં રખડે છે. સમજાણું કાંઈ? એ

દુઃખ સંયોગની વાત નથી હોં! પોતાના આનંદસ્વરૂપનો ઊલટો ભાવ કરીને દુઃખ આકુળતા ભોગવે છે. તો આકુળતામાં કોઈ ભવ શાશ્વત હોય છે એમ નથી. કોઈ કહે કે આપણે પુણ્ય કરો ખુબ. ખુબ રહીશું પુણ્યમાં. પુણ્ય કરો ખુબ, પછી ખુબ પુણ્યમાં રહીશું. ધૂળમાં પણ નહિ રહે, સાંભળને! તારી પુણ્ય પ્રવૃત્તિ, પુણ્યના પરિણામની પ્રીતિ મોહ છે, પુણ્ય પલટી જશે અને પછી તને પાપ થશે. ગતિ પલટી જશે. સમજાણું કાંઈ? પુણ્યથી કદાચિત્ સ્વર્ગાદિ મળે પણ મિથ્યાત્વસહિત મળ્યું છે. જુઓ!

પરમ દિ' આવ્યું નહોતું કાલે આપણે? સમ્યગ્દષ્ટિ નરકમાં જાય તોપણ ત્યાંથી નીકળીને તીર્થંકર થશે. શ્રેણિક રાજા નરકમાં ગયા. પણ આત્માનું સમ્યગ્દર્શન ભાન લઈને ગયા ત્યાં પણ પ્રકૃતિ બાંધી. ત્યાંથી નીકળીને તીર્થંકર થશે. મિથ્યાદષ્ટિ સ્વરૂપનો અનાદર કર્યો અને રાગનું ઘૂંટણ કરી કરીને મરી ગયો. ભલે પુણ્યથી કોઈ સ્વર્ગમાં ગયા, સ્વર્ગમાંથી એકેન્દ્રિય થશે. બીજા દેવલોકમાંથી એકેન્દ્રિય. આહા..હા..! ક્યાં દેવની ગતિ અને ક્યાં એકેન્દ્રિયની. કે મોહનું ફળ જ એવું છે. એકરૂપ રહેતું નથી. સમજાણું કાંઈ?

'**કોઈ પણ પર્યાય 'આ જ' એવો ટંકોત્કીર્ણ નથી;...**' એવો ને એવો ભવ કોઈ છે? અસંખ્ય અબજ વર્ષ હોય તો અનંતકાળના હિસાબમાં તો ખલાસ... ખલાસ.. જાવ અપયઠાણે સાતમી નરક. ઓહો..હો..! ત્યાં પણ શાશ્વત છે? ત્યાંથી નીકળીને વળી ઢોર થશે પશુ. સાતમી નરકથી તો મનુષ્ય થશે જ નહિ. જે સાતમી નરકમાં જાય છે એ તો સીધા પહેલા પશુમાં જ આવે છે. એ ચક્રવર્તી છ ખંડના ધણી. છન્નું હજાર પદ્માણી જેવી સ્ત્રી. સોળ હજાર દેવ ખમ્મા-ખમ્મા કરે. અંગરક્ષક બે હજાર. અંગરક્ષક સમજ્યા? શરીરની રક્ષા કરનારા. એક હજાર આ બાજુ, એક હજાર આ બાજુ. કપડા-બપડા પહેરે તો પોતે ન પહેરે કપડા. આમ હાથ લાંબો કરે મડદાની જેમ ઉભો રહે. બીજો પહેરાવે. મોટા શેઠિયા પણ શું? પગમાં પગરખા ન નાખે. નીચે માણસ હોય એ પગરખું નાખે. પગરખામાં પગ નાખે. એ તો ઉભો રહે આમ જરી. હાથમાં લાકડી હોયને સોનાની. ઓલો પગમાં પગરખા નાખે. જોડે માણસ હોય. નાખે છેને પહેરે મોટા ગૃહસ્થમાં. આ કપડામાં હાથ એ નાખે. બટન પણ એ માણસ પહેરાવે. આ તો ભાઈસાહેબ મડદાની જેમ ઉભો રહે. કડક થઈને ઉભો રહે એમ શબ્દ લ્યો. દુઃખી... દુઃખી... દુઃખી છે. આહા..હા..!

મુમુક્ષુ :- ... કરે છે.

ઉત્તર :- .. કેવા એ જુઓ તો ખબર પડે. મોટા શેઠિયા હોય ને મોટા રાજા. જોડા ઓલા પહેરાવે. ઉંચો પગ કરીને જોડામાં પગ એ નખાવે. પણ તું તો નાખ થોડો. આ પરાધીન તે કેટલા પણ! અને માને કે અમે સુખી છીએ. તો કેટલા માણસ કામ કરે કેટલા! આહા..હા..!

કહે છે કે એ '**મનુષ્યાદિ...**' શબ્દ છેને? અરે! જુગલિયાના ભવ લીધા લ્યો. જુગલિયા

હોય છેને ભોગભૂમિ. દેવકુરુ, ઉત્તરકુરુ, ભોગભૂમિ, કર્મભૂમિ. મોટા આયુષ્ય છે પલ્યોપમના. એ પણ કોઈ શાશ્વત નથી. શાશ્વત છે? એ મરીને વળી સ્વર્ગમાં જાય, સ્વર્ગથી વળી પશુ હોય. અરે! ચાર ગતિની પર્યાયમાં કોઈપણ શરીરની પર્યાય અથવા ગતિ ''**આ જ**' **એવો ટંકોત્કીર્ણ નથી; કારણ કે તે પર્યાયો પૂર્વ પૂર્વ પર્યાયના નાશમાં પ્રવર્તતા ક્રિયાફળરૂપ હોવાથી...**' જુઓ, એ '**પૂર્વ પૂર્વ પર્યાયના નાશમાં પ્રવર્તતા...**' અને '**ઉત્તર ઉત્તર પર્યાય વડે નષ્ટ થાય છે.**' પછીની પર્યાય દ્વારા પહેલી પર્યાય નાશ થઈ જાય અને પૂર્વની પર્યાય દ્વારા નાશ થઈને નવી ઉપજે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહે છે જુઓ! '**ઉત્તર ઉત્તર = પછી પછીના. (મનુષ્યાદિપર્યાયો રાગદ્વેષમય ક્રિયાના ફળરૂપ છે તેથી કોઈ પણ પર્યાય પૂર્વ પર્યાયને નષ્ટ કરે છે...**' અહીંથી એમ કે દેવમાં જાવું હોય તો મનુષ્યની પર્યાયનો નાશ થાય છે. પછીની પર્યાયથી પોતે નષ્ટ થાય છે પાછો. પછીની પર્યાયથી એ પણ પર્યાય, દેવમાંથી જ્યારે મનુષ્ય થાય, તો દેવની પર્યાયનો પણ નાશ થાય છે. આહા..હા..! સમજાણું?

'**પૂર્વ પૂર્વ પર્યાયના નાશમાં પ્રવર્તતા...**' પૂર્વ પૂર્વ પર્યાય. '**ક્રિયાફળરૂપ હોવાથી...**' એ મોહની ક્રિયાનું ફળ છે. **ઉત્તર ઉત્તર પર્યાય વડે નષ્ટ થાય છે.**' પછી પછીની પર્યાય વડે નાશ થાય છે. '**અને ક્રિયાનું ફળ તો,...**' જુઓ, હવે આવ્યું. '**મોહ સાથે મિલનનો નાશ નહિ થયો હોવાથી,...**' મોહ શબ્દે મિથ્યાત્વ, ભ્રમણા, ભ્રમ. એકાંત માનનારાનું મિથ્યાત્વનું ફળ કહે છે જુઓ. અમોઘ મંત્ર કહ્યોને? એનાથી વિરૂદ્ધ. **મોહ સાથે મિલનનો નાશ નહિ થયો હોવાથી, માનવું જોઈએ;...**' કહો, મોહનો નાશ નથી માટે બીજી ગતિમાં જાય એમ માનવું જોઈએ. ગતિ કાંઈ શાશ્વત છે નહિ. સુંદર શરીર, માખણ જેવું શરીર હોય, ખમ્મા ખમ્મા હોય, ચાલ્યો જાય જાવ. કહો, જાદવજીભાઈ! આ એના ભાઈની જ વાત થઈ હમણા કાલે નહિ? ફઈના દીકરાની. કાંઈ રોગ નહિ, કાંઈ નહોતું કહે લ્યો! બાર વાગે ઉધરસ ઉપડી, ત્રણ વાગે ખલાસ. કલકત્તા. જાદવજીભાઈના ફઈના દીકરાને? ફઈના દીકરા. કાંઈ સૂતા હતા બાર વાગ્યે ઉઠ્યા. ઉધરસ. ઉધરસ સમજ્યાને? ખાંસી. એવી ઉધરસ ઉપડી બાર વાગે. ડોક્ટરને બોલાવ્યા. ડોક્ટર બેઠા ત્રણ કલાક. ત્રણ વાગે દેહ છૂટી ગયો. કારણ કે એ તો અંદરમાં કફ-બફ ચોંટી ગયો. ઉધરસ ઉપડી એ ઉપડી પછી શ્વાસ બંધ ન રહ્યો, ખલાસ થઈ ગયા. આહા..હા..! શાશ્વત છે. મોહ સાથેની ક્રિયા છે એ તો પલટી જાશે. આહા..હા..! એમ કહેતા, મોહનું ફળ સફળ છે ચાર ગતિમાં રખડવાનું. માટે એ ભાવ છોડી દે એમ કહેવું છે. સમજાણું કાંઈ? સમ્યક્ આત્માનું ભાન કરી લે નહિતર ચાર ગતિમાં કોઈ શાશ્વત ગતિ નથી. કે ત્યાં તું શાશ્વત રહીશ. આહા..હા..!

'**કારણ કે—પ્રથમ તો, ક્રિયા ચેતનના પૂર્વોત્તર-દશાથી વિશિષ્ટ ચૈતન્યપરિણામસ્વરૂપ છે;...**' વિકારીની વાત છે હોં આ. છેને? એ મિથ્યાત્વની ક્રિયા મનુષ્યમાં હોય, સ્વર્ગમાં

હોય, પશુમાં હોય કે દેવમાં હોય કે નરકમાં હોય. '**ક્રિયા ચેતનના પૂર્વોત્તર-દશાથી વિશિષ્ટ...**' ભેદવાળા. '**પહેલાની અને પછીની અવસ્થાના ભેદેભેદવાળા ચૈતન્ય પરિણામો તે આત્માની ક્રિયા છે.**' સમજાણું? કોની? આત્માની ક્રિયા વિકારી હોં! સ્વભાવની આ વાત નથી. ભાષા. અહીં તો પરથી ભિન્ન બતાવવાની ક્રિયાની વાત છેને? પોતાની ક્રિયા તો પોતાથી થાય છે એ સિદ્ધ કરવું છે. આહા..હા..! '**ચેતનના પૂર્વોત્તર-દશાથી વિશિષ્ટ ચૈતન્યપરિણામસ્વરૂપ છે;...**' જુઓ, એ મિથ્યાત્વ પરિણામ પણ ચૈતન્યસ્વરૂપ પરિણામ છે. વિશિષ્ટ ચૈતન્યસ્વરૂપ લીધુંને? ભેદવાળું એમ, વિશિષ્ટ એટલે. પહેલાની અને પછીની અવસ્થાના ભેદેભેદવાળા ચૈતન્ય પરિણામો તે આત્માની ક્રિયા. પણ એ વિકારી ક્રિયા એમ. વિશિષ્ટ નામ ભેદવાળી એમ લખ્યું છેને. ભેદવાળી ચૈતન્ય પરિણામસ્વરૂપ. અભેદ ચૈતન્ય પરિણામ નહિ. મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભેદવાળી ક્રિયા. ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન... વિકાર એવું જે પર્યાયમાં છે એનાથી...

'**જેમ બીજા અણુ સાથે જોડાયેલા (કોઈ) અણુની પરિણતિ દ્વિઅણુકકાર્યની નિષ્પાદક છે...**' એક પરમાણુ પોઈન્ટ, બીજા પરમાણુ સાથે જોડાવાથી બે પરમાણુના કાર્યનું નિષ્પાદક. '**સ્કંધરૂપ કાર્યની નિપજાવનારી...**' '**તેમ—મોહ સાથે મિલિત આત્માની બાબતમાં, મનુષ્યાદિકાર્યની નિષ્પાદક હોવાથી સફળ જ છે;...**' લ્યો! અજ્ઞાનીને પોતાના સ્વરૂપનું ભાન નથી. રાગ અને પુણ્યની સાથે એકત્વબુદ્ધિ એવા '**મોહ સાથે મિલિત આત્માની બાબતમાં, મનુષ્યાદિકાર્યની નિષ્પાદક...**' છે. ચાર ગતિ નિષ્પાદક છે. અહીં તો ચારેય ગતિ એક પ્રકારે છે મોહના ફળ. આહા..હા..! ચાહે તો સ્વર્ગ હોય કે નરક હોય. આ રાજા હોય કે રંક હોય, કંથવા હોય કે કીડી હોય, મોહના ફળ છે. આહા..હા..! ભગવાન આત્મા મોહના ભાવરહિત છે. એનું ભાન કરવાથી તો ભાવ વીતરાગી થાય છે અને વીતરાગી ભાવ તો પરમ ધર્મ છે, એ પરમ નિષ્ફળ છે. ચાર ગતિનું ફળ એને હોતું નથી. કહો, સફળ છે સફળ. એના મોહની ક્રિયા ફળવાળી છે. ચાર ગતિનું ફળ એને નિષ્પન્ન થશે જ. જુઓ, અહીં બધા પૈસાવાળા મોટા-મોટા લાગે. હાય.. હાય.. એક જણો કહેતો હતો કે આ એકદમ એક મિનિટમાં મરે તો સ્વર્ગમાં જાય કે નહિ? કીધું કાંઈ નહિ. એવું કોણ કહે? એક સેકન્ડમાં મરે તો સાતમી નરકમાં ચાલ્યો જાય. આ તો ઓશીકા હોય પાછળ. શું કહે તમારે? ગોળ ગોળ તકીયા. ગોળ તકીયા હોય છેને? આમ ફરે. આમ હોય તો જરીક ઓલું રહે. પાછું સીધું હોય તો આમ ન થઈ શકે. એટલે ગોળ હોય તો જરી આમ થઈ શકે. એટલે ગોળ તકીયો રાખે છે. આવડા ઉંચા રાખે તો તો આમ ન થઈ શકે પાછો. ગોળ એટલે સરખું આમ થઈ શકે, આમ થઈ શકે. એમ આ સવારમાં આઠ વાગે લાવો ચા. ફૂ... સાતમી નરકે જાય. શાતાનો ઉદય છે અને અશાતાનો નથી માટે સ્વર્ગની ગતિ મળે એમ નથી. મોહની સાથે મળેલી ક્રિયા સાથે છે. ભગવાનજીભાઈ! અને કોઈ પ્રાણી દુઃખી. આ જુઓ, બહારમાં

દુઃખી લોકો કહે છે. ..સર્વાર્થસિદ્ધમાં ચાલ્યા ગયા. સર્વાર્થસિદ્ધમાં ચાલ્યા ગયા. લ્યો! એ કોઈ બહારની ક્રિયાના આધારે એમ નથી કે બહાર અશાતાનો ઉદય નથી તો સ્વર્ગ મળે, શાતાનો ઉદય હોય તો સ્વર્ગ મળે, અશાતાનો ઘણો ઉદય હોય તો નર્કમાં જાય. એમ છે જ નહિ. મોહની સાથે જેવી ક્રિયા છે એવું ફળ મળશે. સફળ એની ક્રિયા છે. અફળક્રિયાની વાત કરશે લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૭, શુક્રવાર, તા. ૧૦.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૧૬-૧૧૭-૧૧૮, પ્રવચન-૧૨૨**

૧૧૬ ગાથા. પ્રવચનસાર, જ્ઞેય તત્ત્વ અધિકાર. ક્યાં સુધી ચાલ્યું? શેઠી નથી આવ્યા. '**મનુષ્યાદિકાર્યની નિષ્પાદક હોવાથી સફળ જ છે;...**' શું કહ્યું? કહ્યું શું? કે આ ચાર ગતિનું જે કાર્ય થાય છે, કાર્ય થાય છે ચાર ગતિ. મનુષ્ય, તિર્યંચ, એકેન્દ્રિય, દેવ, નારકી આદિ એ ચાર ગતિની જે પર્યાયનું કાર્ય છે તેની નિષ્પાદક મોહની ક્રિયા છે. મોહ સાથે મળેલી ક્રિયા. રાગાદિ વિકલ્પ એ મારા છે એવી માન્યતામાં જે ક્રિયા થાય છે તેનું નિષ્પાદ ચાર ગતિ એ કાર્ય છે એનું. એનાથી ચાર ગતિ મળે છે.

મુમુક્ષુ :- મોહનો અર્થ શું કર્યો છે?

ઉત્તર :- મિથ્યાત્વ. મૂળ મિથ્યાત્વ. રાગ સાથે મિલનની ક્રિયા એકત્વ. ભિન્ન ભગવાન આત્મા છે તેને ન જાણતા, તેની સન્મુખ ન થતાં, રાગાદિ, પુણ્યાદિ, પાપાદિના પરિણામ સંકલ્પ-વિકલ્પ એની સાથે એકત્વબુદ્ધિ. એવો મોહ સાથે મિલન થતાં રાગની ક્રિયા, વિકારની ક્રિયા એનાથી ચાર ગતિની પ્રાપ્તિ થાય છે. એ રાગની ક્રિયા સફળ છે. ચાર ગતિ પ્રાપ્ત કરાવવામાં તે સફળ છે.

મુમુક્ષુ :- .. દુઃખ માટે સફળ છે.

ઉત્તર :- આ દુઃખ માટે સફળ છે. કહો, રાગાદિ સ્વભાવ પોતાનો નથી. ચૈતન્યમૂર્તિ આનંદસ્વરૂપ એની સાવધાની, મોહ નામ (એમાં) સાવધાની છોડીને પરમાં સાવધાની કરવી, પુણ્ય-પાપના વિકલ્પ આદિ પરમાં સાવધાન થઈને મોહની ક્રિયા જે થાય છે તે જ ચાર ગતિ મેળવવામાં તે ક્રિયા સફળ છે. એ ક્રિયાનું ફળ સફળ છે. તેમાં ચાર ગતિનો લાભ

મળે છે. કહો, બરાબર છે? લાભ છેને. એ જાતનો લાભ છે કે નહિ રખડવાનો? સફળ કીધુંને સફળ. ચાર ગતિમાં રખડવાનું સફળ છે. હું પરનું કરી શકું, રાગાદિ પરિણામ એનાથી મને લાભ છે એવી જે મિથ્યાત્વ સાથે મળેલી ક્રિયા વિકારની તે સફળ છે. ચાર ગતિ પામવામાં સફળ છે. ચાહે તો દેવગતિ મળો, ચાહે તો નરક મળો, મનુષ્યાદિ. વિકારની સાથે એકત્વબુદ્ધિને ઉત્પન્ન કરનારો ભાવ તે ચાર ગતિ મળવામાં સફળ છે. એમાં આત્માની શાંતિ મળતી નથી. કહો, સમજાણું કાંઈ?

અને બીજી ક્રિયા હવે. અફળ. '**જેમ બીજા અણુ સાથેનો સંબંધ જેને નષ્ટ થયો છે...**' એક પરમાણુ છે તે બીજા પરમાણુની સાથેનો સંબંધ નાશ થયો છે. એક પોઈન્ટ છેને રજકણ? બીજા રજકણની સાથેનો સંબંધ નષ્ટ થયો છે. પહેલામાં એક પરમાણુનો બીજા પરમાણુ સાથે મિલન બરાબર સંબંધ થયો છે. એમ હતું. એ પહેલાનું દૃષ્ટાંત. આત્મા જ્ઞાયક ભગવાન સ્વભાવ તેની સાથે વિકારનો શુભાશુભભાવ મળતાં ચાર ગતિનું ફળ એને મળે છે. **અને જેમ બીજા અણુ સાથેનો સંબંધ...**' બીજો. એક રજકણની સાથે બીજા રજકણનો સંબંધ નાશ થયો છે. પરમાણુ ભિન્ન પડી ગયા. પોતાની પર્યાયની યોગ્યતાથી બીજા પરમાણુની સાથે જે સંબંધ હતો એ પોતાની યોગ્યતાથી છૂટો પડી ગયો. એવા અણુની પરિણતિ, એવા રજકણની અવસ્થા '**દ્વિઅણુકકાર્યની નિષ્પાદક નથી...**' એવા એક રજકણની ક્રિયા બીજા રજકણની સાથે મળીને બે પરમાણુના સ્કંધરૂપ કાર્ય થતું નથી. સમજાણું કાંઈ?

પહેલામાં તો એ કહ્યું હતું કે એક પરમાણુ પોઈન્ટ એક રજકણ છે (એનો) બીજા રજકણની સાથે મળ્યો તો બે પરમાણુનું સ્કંધ કાર્ય થાય છે. એવો ભગવાન આત્મા જ્ઞાયક ચિદાનંદ સ્વભાવ સ્વ અને પુણ્ય-પાપના વિકલ્પ, એ બીજા પરમાણુ જેવા પુણ્ય-પાપના વિકલ્પ તે પર. તેની સાથે મોહનો સંબંધ થયો એકત્વબુદ્ધિ, ચાર ગતિ સફળ છે. એનાથી ચાર ગતિ મળશે. અને એક પરમાણુ બીજા પરમાણુ સાથે મળતો નથી. છૂટો પડી જાય છે. સંબંધ નષ્ટ થાય છે. એમ '**મોહ સાથે મિલાનનો નાશ થતાં તે જ ક્રિયા-...**' જુઓ, ભાષા છેને? તે જ ક્રિયા. ભગવાન આત્મા જ્ઞાનાનંદ, સહજાનંદની મૂર્તિ પોતાનું સ્વરૂપ, તેનું મોહની સાથે મિલન. રાગ અને વિકલ્પની સાથે એકત્વબુદ્ધિ નાશ થઈ. સમજાણું કાંઈ?

'**મોહ સાથે મિલાનનો નાશ થતાં તે જ ક્રિયા—દ્રવ્યના પરમ સ્વભાવભૂત હોવાને લીધે...**' દ્રવ્યનું પરમ સ્વભાવભૂત કારણે '**'પરમ ધર્મ' નામથી કહેવાતી એવી—**' જુઓ, શું કહે છે? ભગવાન આત્મા પોતાનો જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ એની સાથે એકત્વ થવાથી પોતાનો દ્રવ્ય સ્વભાવ, શુદ્ધ સ્વભાવ, એની સાથે એકત્વ થવાથી અને પુણ્ય-પાપના વિકલ્પથી, પૃથક્-ભિન્ન હોવાથી જે પોતાની ક્રિયા પરમ સ્વભાવભૂત... એ પર્યાયની વાત છે. ભગવાન આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ, જ્ઞાતા ધ્રુવ ચિદાનંદ સ્વરૂપ એમાં એકાગ્ર થઈને જે સ્વભાવભૂત શુદ્ધ વીતરાગી પર્યાય, શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિની પર્યાય જે પ્રગટ થઈ તે પરમ ધર્મ.

સમજાણું કાંઈ?

**'પરમ સ્વભાવભૂત...'** એવો શબ્દ લીધો છે. પુણ્ય-પાપના વિકલ્પ એ તો અધર્મભાવ છે. સ્વભાવભૂતથી વિપરીતભાવ છે. તો એવા વિકલ્પની સાથે એકત્વપણું થઈને મિથ્યાત્વની મોહની ક્રિયા જે થાય છે એ તો ચાર ગતિના સંબંધમાં એ ભાવ સફળ છે. સમજાણું કાંઈ? અને આત્મા પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ અસલી સ્વભાવ આનંદ અને જ્ઞાન, સુખ અને શાંતિનો ભંડાર ભગવાન એની સાથે એકત્વ થઈને, પુણ્ય-પાપના વિકલ્પથી પૃથક્ થઈને એવી જે ક્રિયા, સમજાણું કાંઈ? એ તો દ્રવ્યના પરમ સ્વભાવભૂત હોવાથી... એ વસ્તુની પરમ સ્વભાવભૂત પર્યાય છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્યઘન એની સાથે સંબંધ કરીને, એકત્વ કરીને જે સમ્યગ્દર્શન-જ્ઞાન શાંતિ નામ વીતરાગી પર્યાય જે પ્રગટ થઈ તે દ્રવ્યના વર્તમાન સ્વભાવભૂત પરિણામ હોવાથી તેને પરમધર્મ કહેવામાં આવે છે. આ તો સમજાય એવી વાત છે. કહો, શોભાલાલજી! ભગવાન આત્મા... એક પરમાણુ જેમ બીજા પરમાણુની સાથે પોતાની યોગ્યતાથી સંબંધ નથી કરતા અને પરનો સંબંધ નાશ કરે છે તો પરમાણુ ભિન્ન પડી જાય છે. એમ ભગવાન આત્મા પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવની સાથે, રાગ અને વિકલ્પની સાથે એકત્વ ન કરતાં પોતાની પર્યાય નિર્મળ શુદ્ધ પોતાના સ્વભાવ સાથે એકત્વ કરે છે તો પરમસ્વભાવભૂત શુદ્ધ પર્યાય પ્રગટ થઈ તે પરમધર્મ છે. આહા..હા..! એ જન્મ-મરણ અથવા જન્મ-મરણના દુઃખના નાશનો ઉપાય છે. સમજાણું કાંઈ?

નિગોદ આદિ. નિગોદ આદિ પર્યાય. બટાટા, આલુ, શક્કરિયા એમાં જાય છે. કેમ? કે મોહ સાથે એકત્વની ક્રિયા હતી તો નિગોદનું ફળ મળ્યું. કહો, પોપટભાઈ! આહા..હા..! નિગોદમાં જઈને બિરાજે છે. ભગવાન આત્મા પોતાના પૂર્ણાનંદ સ્વરૂપમાં બિરાજમાન હોવો જોઈએ એને છોડીને પોતાના શુદ્ધસ્વભાવથી વિરૂદ્ધ પુણ્ય-પાપના શુભ-અશુભ વિકલ્પની સાથે એકત્વ કરીને નિગોદને પામે છે, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? બ્રહ્મદત્ત ચક્રવર્તી, છ ખંડનું રાજ, છન્નું હજાર પદ્મણી જેવી સ્ત્રીઓ, નવ નિધાન, સોળ હજાર દેવ સેવા કરતા હતા. પૂર્વના પુણ્યથી સંયોગમાં. ભગવાન આત્માથી વિરૂદ્ધ તેમાં પુણ્ય-પાપના ભાવમાં ખુશી થયો, રાજી થયો. એકત્વ થયું. તો એણે પરથી સંબંધ તોડ્યો નહિ, સ્વ સંબંધ તોડ્યો. પરથી સંબંધ તોડ્યો નહિ અને પોતાનો સંબંધ તોડી નાખ્યો. પુણ્ય-પાપનો સંબંધ તોડ્યો નથી અને સંબંધ જોડી દીધો, પોતાનો સ્વભાવ તોડી નાખ્યો. કહો, સીધી વાત છે કે નહિ?

ભગવાન પોતાનું સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ આનંદસ્વરૂપની સાથે... બ્રહ્મદત્ત ચક્રવર્તી. ઓહો..હો..! જુઓ તો પુણ્ય કેટલું! નવનિધાન. સોળ હજાર દેવ સેવા કરે. સોળ હજાર દેવ. અને નવ નિધાન. એક મિનિટમાં અબજો રૂપિયાની પ્રાપ્તિ નિધાનમાં હતી. ભગવાનજીભાઈ! અબજો રૂપિયા એક મિનિટના. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળ ક્યારે મળે? એમ. એ હમણા ભગવાનજીભાઈ ઓલા વિચારમાં ચડી ગયા છે થોડા ત્યાં .. થંભી જાય છે. સવારમાં થંભી ગયા થોડીવાર. અમારે ફાવાભાઈ થંભી ગયો હતોને પહેલા એવી રીતે. ત્યાં સલવાઈ ગયા રૂપિયા હવે ત્યાંથી નીકળશે શી રીતે? શું થશે? કેમ થાય?

મુમુક્ષુ :- જે નીકળવાના હોય તો નીકળે અને નહિ નીકળવાના હોય તો નહિ નીકળે એમાં શું?

ઉત્તર :- એય..! કહો, સમજાય છે? ત્યાં કોઈ આવે અને કોણ કાઢે અને નાખે કોણ ત્યાં? અરે ભગવાન! પોતાનું શુદ્ધ સ્વરૂપ ચિદાનંદનો સંબંધ તોડીને વિકલ્પની સાથે જોડી દીધો એનું ફળ નિગોદાદિ છે, ચાર ગતિ છે કહે છે. સમજાણું કાંઈ? વર્તમાન વસ્તુ તો દૂર થઈ જશે, ભવિષ્યમાં અનુકૂળ સંયોગો દૂર થઈ જશે. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? અહીં તો દેવ હોય કે કર્મભૂમિ, ભોગભૂમિ હોય છેને ભોગભૂમિમાં જુગલિયા હોય છે. ત્રણ ગાઉ ઉંચા, ત્રણ પલ્યનું આયુષ્ય. ત્રણ પલ્ય. એક પલ્યમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એવું મનુષ્યનું આયુષ્ય છે. મેરુ પર્વતની આજુબાજુમાં હોય છે. દેવકુરુ, ઉત્તરકુરુ ... આદિ ૩૦ જુગલિયા. મોટું આયુષ્ય-લાંબુ શરીર, ત્રણ-ત્રણ ગાઉ ઉંચા અને ત્રણ પલ્યોપમ-અસંખ્ય અબજો વર્ષ. તો કહે છે કે એ ફળ આત્માએ રાગની સાથે સંબંધ કર્યો એનું એ ફળ છે. સમજાણું કાંઈ? ચક્રવર્તીપદ મળ્યું તો રાગની સાથે સંબંધ કર્યો એનું ફળ તો પરિભ્રમણનું કારણ છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે '**મોહ સાથે મિલનનો નાશ થતાં તે જ ક્રિયા—દ્રવ્યના પરમ સ્વભાવભૂત હોવાને લીધે...**' કઈ ક્રિયા? એ રાગથી રહિત. આહા..હા..! જે રાગ અને વિકલ્પની સાથે ક્રિયા હતી એ જ ક્રિયા. રાગથી ભિન્ન પડતાં... એ ક્રિયા એટલે એ ભાવ નહિ એમ. પણ એની એ ક્રિયા રાગની સાથે, વિકલ્પની સાથે એકત્વ હતું એ બધી એનાથી ભિન્ન પડીને ભગવાન આત્માની સાથે એકત્વ થયું, એ જ ક્રિયા સ્વભાવભૂત હોવાથી પરમ ધર્મ નામથી કહેવામાં આવે છે. અને એ પરમ ધર્મ અફળ છે. એ પરમ ધર્મ અફળ છે. એમાં ચાર ગતિનું ફળ મળશે નહિ. અફળ કહ્યું. સમજાણું કાંઈ? આમાં નથી કહેતા? આ કર્મી છે એમ કહે છેને? અને આ અકર્મી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અહીં નથી. અહીં તો વિકાર કરે તો કર્મી. તે કર્મી છે. આ માણસ અમારા કુટુંબમાં કર્મી જાગ્યો એમ કહે છેને? ધર્મી જાગ્યો એમ કહે છે? એક કુટુંબમાં મોટો ભાઈ છે. લ્યો ભગવાનદાસ સ્વભાવમાં એવો ડાહ્યો જાગ્યો. અમારા કુટુંબમાં એટલા પૈસા નહોતા એટલા થયા જુઓ. આબરૂ કીર્તિ કેટલી! બુલંદશહેરના બાદશાહ, કહે છે લ્યો! બુલંદશહેર

તો ભાઈનું છે કૈલાસચંદજીનું. કૈલાસચંદજીનું નહિ? બુલંદશહેરમાં ગયા હતા. દિલ્હીના.. આપણે કૈલાસચંદજી ત્યાં રહે છે બુલંદશહેર. કોણ બાદશાહ કોને કહેવા? આહા..હા..! વિષ્ટાના ઢગલા ઉપર કૂતરાને બેસાડ્યો હોય.

એ નવા ખાટલા બાંધતા નથી? ખબર છે તમને? ખાટલાને શું કહે છે? ચારપાઈ. એ નવી કાથી હોય છેને કાથી? કાથી હોય છેને કાથી? રસ્સી કાથી. તો નવા ખાટલે પહેલા બાંધે. હવે તો તમારે ક્યાં કાથી હોય છે? નવો ખાટલો કાથીથી બનાવે છેને. તો પહેલા માણસ એમાં નહોતા સૂતા. એવું અમારા ગામમાં પહેલાથી બોલતા હતા. પહેલા કૂતરાને બેસાડે. જાદવજીભાઈ! ખબર છે કે નહિ? ખબર છે. અમને તો બધી. ૧૨-૧૩ વર્ષની ઉંમરની ખબર છે. બાકી પાલેજમાં ક્યાં હતા? ત્યાં તો ખાટલા તૈયાર હોય સૂતરના પાટી અને ગાદી. તળાઈએ સૂતા હતા બહાર. પણ એ નવો ખાટલો બાંધે છેને. ચારપાઈ. તો એમાં કાથીના બાંધતા. તો કાથીનો નવો હોય એમાં પહેલા ન બેસે. કારણ કે પહેલા બેસે તો મડદું કહેવાય. આ તો કાથીનું ઓલી નનામીને બાંધે એમ લાગે. અમે ગામડામાં બધું જોયું છેને. અમારું ગામ નાનું હતું. ચાર હજારની વસ્તી ઉમરાળામાં. તો બધું જોયું છે. ઓય માળા આમ કેમ કર્યું? એક રોટલી નાખે થોડી. પગરખું નાખે સૂંઘવા માટે. સૂંઘવા ચડી જાય માથે. .. પગરખું નાખે. કારણ કે મરી ન જઈએ. એકલા સૂવે તો મરી જઈશું. મારા મૂર્ખ છે? લ્યો! એવી રીતે વિકારના પુણ્ય-પાપના વિકલ્પમાં એકત્વબુદ્ધિ કરતાં આત્મા મરી જાય છે. આહા..હા..! તેને તો નિગોદાદિ ગતિ મળે છે એમ કહે છે. ચાર ગતિ મળે છે. પછી દેવ મળે તો ત્યાંથી મરીને પશુ થઈને નિગોદમાં જાશે. સમજાણું કાંઈ?

**'દ્રવ્યના પરમ સ્વભાવભાવ હોવાને લીધે 'પરમ ધર્મ' નામથી કહેવાતી એવી-'** જુઓ, કહેવાતી નામ એમ છે એમ. પરમ ધર્મ કહેવાય છેને. આત્મા પોતાનો શુદ્ધ ભગવાન સ્વભાવ એની અંતર્મુખ દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એ જ ધર્મ. એ જ પરમ ધર્મ નામથી કહેવામાં આવે છે. એ પરમ ધર્મ **'મનુષ્યાદિકાર્યની નિષ્પાદક નહિ હોવાથી અફળ જ છે.'** તેને ચાર ગતિમાં રખડવાનું ફળ નહિ મળે એમ કહે છે. અનંતકાળથી ઝેરનું ઝાડ જે ફળ દેતા હતા એ ફળ ખલાસ થઈ ગયા. અમૃતનું ફળ મળે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એ ક્રિયા કઈ? શું કહે છે? જુઓ, **'દ્રવ્યના પરમ સ્વભાવભાવભૂત...'** એમ કહ્યું. દયા, દાન વિકલ્પ એ કોઈ દ્રવ્યના સ્વભાવભૂત નથી. દ્રવ્ય વસ્તુ જ્ઞાતા-દૃષ્ટા ચિદાનંદ સ્વભાવ એની સ્વભાવભૂત ક્રિયા. આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો વિકલ્પ રાગ છે, એ તો વિભાવિક ક્રિયા છે. આત્માની સ્વભાવિક ક્રિયા છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

અરે ભગવાન! આવા મનુષ્યભવમાં નીકળવાનો અવસર છે. તો એમાં નીકળવાનો પુરુષાર્થ કરવો જોઈએ. રાગથી, પરથી નીકળીને સ્વભાવમાં આવવાનો પુરુષાર્થ કરવો જોઈએ. એ વાત

છે. નહિતર તો આ મનુષ્યપણું ચાલ્યું જશે. પાંચ, પચ્ચીસ, સો વર્ષ કેટલા? ખલાસ આંખ મીંચીને ક્યાં કોઈ છે અને ક્યાં કોઈ છે. સમજાણું? પત્ની, કીડો થઈને મરીને પત્ની આવી હોય, પતિ કોઈ થોરમાંથી મરીને પતિ આવ્યો હોય. અહીંયાં હોય પતિ-પત્ની. થોર સમજો છો? થોર કહે છેને એ? થોરમાંથી અહીંયાં આવ્યો હોય. ઓલી કીડો હોય બાવળમાં ક્યાંક. એ મરીને સ્ત્રી થઈ હોય. પતિ-પત્ની. ક્યાંય મેળ છે? ક્યાં વસ્તુ ભાઈ! ક્યો સંબંધ ક્યાં થયો? ... ચિદાનંદ સ્વરૂપ છે એ રાગની સાથે સંબંધ કર્યો તો એવો બંધ થયો, તો એવા સંબંધનો સંયોગ થયો પહેલા. એમાં આત્મા તો કાંઈ આવ્યો નથી. સમજાણું કાંઈ? કહે છે કે ચાહે તો ભક્તિનો વિકલ્પ હોય, પુણ્યનો હોય, શુભનો હોય, શાસ્ત્ર વાંચનનો હોય, શાસ્ત્ર સાંભળવાનો હોય—બધા વિકલ્પ પરભાવ છે, સ્વભાવ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મોહનો જ ભેદ છે. પરમાં સાવધાની છેને?

કહો, **'મનુષ્યાદિકાર્યની નિષ્પાદક નહિ હોવાથી અફળ જ છે.'** ચાર ગતિ ફળતી હતી અનંતકાળથી એ નહિ ફળે. આત્માનું અમૃતનું ફળ મળશે. અમૃત અતીન્દ્રિય આનંદનું ફળ સિદ્ધપદ મળશે એને. ઓહો..હો..! સમજાણું કાંઈ? આ કોઈ બહારની વાત નથી. અને દુનિયા ખુશ થઈ જાય તો એને ધર્મ થઈ જાય એવી વાત છે?

**'ભાવાર્થ :- ચૈતન્યપરિણતિ તે આત્માની ક્રિયા.'** જુઓ, છે? આત્માની અવસ્થા. પરિણતિ નામ અવસ્થા, અવસ્થા નામ દશા. ભાવાર્થ છે? એય..! બચ્ચાજી છે કે નહિ? ક્યાં છે? વાંચો ક્યાં છે? પરિણતિ. બરાબર છે. તે આત્માની ક્રિયા. ઠીક છે, બરાબર ઠીક. સારું કર્યુંને. બાળકપણે પણ આ સંસ્કાર પડે કે નહિ? ચૈતન્ય પરિણતિ... ઓલા નામા શીખવે છે. એનો બાપ શીખવે છે. એના કરતા આ શીખે તો સારું. **'ચૈતન્યપરિણતિ...'** એટલે કે આત્માની વિકારી અવસ્થા તે આત્માની ક્રિયા.

**'મોહરહિત ક્રિયા મનુષ્યાદિ પર્યાયોરૂપ ફળ નિપજાવતી નથી...'** સમજાણું કાંઈ? તે ચૈતન્યપરિણતિ ક્રિયા જે મોહરહિત છે, મોહરહિત છે (એ) ચાર ગતિને નિપજાવતી નથી. ચાર ગતિનું ફળ નથી નિપજાવતી. અને મોહસહિત જે ક્રિયા છે. જુઓ અહીં નીચે ખુલાસો કાલે બતાવ્યો હતો. **'મૂળ ગાથામાં વપરાયેલા 'ક્રિયા' શબ્દથી મોહ સહિત ક્રિયા સમજવી; મોહ રહિત ક્રિયાનો તો 'પરમ ધર્મ' નામ આપ્યું છે.'** મૂળ પાઠમાં છેને ક્રિયા? **'ક્રિયા અવશ્ય મનુષ્યાદિપર્યાયોરૂપ ફળ નિપજાવે છે. મોહ સહિત ભાવો એક પ્રકારના હોતા નથી...'** જુઓ, રાગની એકતાનો ભાવ એક પ્રકારનો હોતો નથી. અનેક પ્રકાર શુભ-અશુભની જાત તીવ્ર-મંદરસ આદિ.

તો **'તેના ફળરૂપ મનુષ્યાદિપર્યાયો પણ ટંકોત્કીર્ણ-શાશ્વત-એકરૂપ હોતા નથી.'** કહો, મનુષ્યાદિપર્યાયોમાં એકરૂપ હોતા નથી. ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન... પર્યાય. કોઈ

એકેન્દ્રિય, કોઈ બે ઇન્દ્રિય, કોઈ ત્રણ ઇન્દ્રિય, કોઈ ચૌ ઇન્દ્રિય. અહીંયાં મનુષ્ય શરીર સુંદર લાગે, લઠ્ઠ જેવું લાગે. આહા..હા..! લ્યો! એવા ઝાડા થયા હોય ઝાડા. ૧૦૦, ૨૦૦, ૫૦૦ ઝાડા એક દિવસમાં. બધું નીકળી જાય. આહા..! ઉપડો. એકત્વબુદ્ધિનો પાર નહોતો. સમજાણું કાંઈ? તો કહે એકરૂપ ભાવ છે માટે નહિ જાય એ? સમજાણું કાંઈ? છેને? '**એક પ્રકારના હોતા નથી...**' એ. વિકારી પર્યાયનું ફળ એક પ્રકારનું નથી હોતું. '**તેના ફળરૂપ મનુષ્યાદિપર્યાયો પણ ટંકોત્કીર્ણ-શાશ્વત-એકરૂપ હોતા નથી.**' કોઈ ચીજ શાશ્વત રહે? એમ કહ્યુંને પહેલા? કે એવી ક્રિયા કોઈ નથી કે જેનું ફળ મનુષ્યાદિ શાશ્વત કોઈ હોય એવી છે ક્રિયા? મોહની ક્રિયા? એ પહેલા આવ્યું હતુંને શાશ્વત નહિ? કોઈ શાશ્વત નથી. એમ કે મોહાદિની ક્રિયામાં કોઈ ગતિ શાશ્વત છે? દેવ શાશ્વત છે? મનુષ્ય શાશ્વત છે? ચક્રવર્તી ક્ષણમાં બદલીને ચાલ્યા જાય. આહા..હા..! સમજાણું કાંઈ? હેં! એમ થયું તમારે નહિ ભાણેજને? ભાવનગર. ભાઈ ગુજરી ગયા નહિ? આ અમારે ભાઈ ગુજરી ગયાને હરગોવિંદદાસ. હરગોવિંદદાસ. હિંમતભાઈના બાપ. હરગોવિંદભાઈનું શરીર બહુ જ સારું હતું. આ .. શું કહેવાય? .. આવે છેને મોટર લઈને રવિવારે. એમના પિતાજી હરગોવિંદભાઈ બહુ શરીર સારું. એકદમ ગુજરી ગયા થોડો વખતમાં. એક કોઈ ફોડકી થઈને એમાં ઝેર ચડી ગયું. અહીં નીકળી હતી નનામી. એની બહેનનો દીકરો. કોણ મરી ગયું? દશાશ્રીમાળીને નાત.. હોયને? ઠાઠડીની સાથે બધા નાતીલા હતા. કોણ? કે હરગોવિંદ. હેં! એમ થઈ ગયું એને. હેં! ઘરે જઈને ખલાસ. હેં! ત્યાં થઈ ગયું અંદરથી. ઘરે ગયા અને આહાર કર્યો પણ ... તરત ગુજરી ગયા. જુઓ આ... આહા..હા..! આ શું કહે? આવું શરીર સુંદર. એક ક્ષણમાં ખલાસ થઈ ગયું? બે દિવસમાં! એ તો ખબર પણ ન હોય નાતની લાંબા કાળની. નનામી નીકળે એટલે હેં હરગોવિંદ! હેં કરતા ઘરે જઈને કાંઈક ખાધું, ઉલટી થઈ એવું કાંઈક થયું. બસ ઉલટી થઈ. આવું શરીર એમાં ગુજરી ગયો? આવું શરીર હરગોવિંદભાઈનું શરીર બહુ સારું. હિંમતભાઈના બાપ છેને. બહુ સુંદર શરીર. અહીં આવતાને. ૯૧માં અહીંયાં પડિક્કમણું કરવા આવ્યા હતા. .. ભાઈ! ઓહો..હો..! .. છેને. શું પણ શરીર સારું એટલે શું? સમજાણું કાંઈ? એ તો નિરોગી શરીર, સુંદર રૂપાળું શરીર હતું તો શું થયું? એમ થયું જાવ તમે. એ તો શરીર ક્ષણમાં બદલી જાય છે એમાં શું? સમજાણું? સોનું જેવું શરીર લાગે. એં..એં.. મોહની ક્રિયાનું ફળ એવું છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો!

'**હવે મનુષ્યાદિપર્યાયો જીવને ક્રિયાના ફળ છે એમ વ્યક્ત કરે છે :—**' બતાવે છે. ક્રિયાનું ફળ છે એ ચાર ગતિ. ૧૧૭.

**कम्मं णामसमक्खं सभावमध अप्पणो सहावेण।**
**अभिभूय णरं तिरियं णेरइयं वा सुरं कुणदि।।११७।।**

ઉપર શ્લોક. નીચે હરિગીત.

**નામાખ્ય કર્મ સ્વભાવથી નિજ જીવદ્રવ્ય-સ્વભાવને**
**અભિભૂત કરી તિર્યંચ દેવ, મનુષ્ય વા નારક કરે. ૧૧૭.**

આહા..હા..! શબ્દાર્થ. અન્વયાર્થ. છેને? 'ત્યાં...' ત્યાં ત્યાં છેને અર્થ? ''**નામ' સંજ્ઞાવાળું કર્મ...**' નામકર્મ. આઠ કર્મ છેને? એમાં નામકર્મ છે. તે સ્વભાવ '**પોતાના સ્વભાવ વડે જીવના સ્વભાવનો પરાભવ કરીને,...**' જુઓ, પોતાનો સ્વભાવ (વડે) કર્મ જીવના સ્વભાવનો પરાભવ કરીને '**મનુષ્ય, તિર્યંચ, નારક અથવા દેવ (-એ પર્યાયોને) કરે છે.**' નામકર્મ ચાર ગતિમાં ઉપજાવે છે. લ્યો એમ કહે છે.

મુમુક્ષુ :- કર્મ કરાવે છે.

ઉત્તર :- એ તો કઈ અપેક્ષાએ બહુ આવશે અંદર. એ આ ગાથા નાખે છે એ લોકો સામાવાળા. જુઓ, અહીં પરાભવ છે. આ જ ગાથામાં. રતનચંદજી. અરે ભાઈ! શું કહે છે? જુઓને એના અર્થમાં શું છે જુઓ.

'**ટીકા :- ક્રિયા ખરેખર આત્મા વડે પ્રાપ્ય હોવાથી કર્મ છે...**' શું કહે છે? આત્મામાં પુણ્ય-પાપ આદિ મિથ્યાત્વનો ભાવ થાય છે તે ક્રિયા છે અને એ ક્રિયા એ ખરેખર આત્મા વડે પ્રાપ્ત, આત્મા તેને પ્રાપ્ત કરે છે. આત્મા તેને પ્રાપ્ત કરે છે. એનું નામ કર્મ છે. ખરેખર એ ક્રિયા જ કર્મ છે એમ કહે છે અહીંયાં. પોતાની ક્રિયા. પોતાની. કઈ? વિકારી. સમજાણું કાંઈ? ક્રિયા નામ પુણ્ય-પાપ અને મિથ્યાભાવ સુખબુદ્ધિ, પુણ્ય-પાપના ભાવમાં હિતબુદ્ધિ, સુખબુદ્ધિ એવી જે ક્રિયા. ખરેખર આત્મા વડે પ્રાપ્ય હોવાથી. આત્મા તેને પ્રાપ્ત કરે છે એ કારણે. '**(અર્થાત્ આત્મા ક્રિયાને પ્રાપ્ત કરે છે—પહોંચે છે...**' આ તો અર્થ જેવી ક્રિયા કહી ઓલી. અર્થ-અર્થ. ૮૭માં અર્થ આવે છે. '**તેથી ખરેખર ક્રિયા જ આત્માનું કર્મ છે).**' જુઓ, એ વિકારીભાવ કર્યો એ જ એનું કાર્ય છે. સમજાણું કાંઈ? લ્યો આ અર્થમાં તો આવું સ્પષ્ટ કર્યું છે અને આ ગાથા મૂકે એ લોકો. પછી આવે છે, પણ શું કહે છે જુઓ. '**તેના નિમિત્તે પરિણામ પામતું પુદ્ગલ પણ કર્મ છે.**' તેના નિમિત્તથી પુદ્ગલરૂપ પર્યાય પામતું કર્મ છે. '**તેના કાર્યભૂત મનુષ્યાદિપર્યાયો...**' જુઓ, કર્મના કાર્યભૂત મનુષ્યાદિ ચાર ગતિની દશાઓ '**મૂળકારણભૂત એવી જીવની ક્રિયાથી પ્રવર્તતા હોવાથી...**' જુઓ, આમાં તો કાઢી નાખ્યું પાછું. એય..!

મુમુક્ષુ :- .. સ્થાપન રાખશે.

ઉત્તર :- ના, ના સ્થાપન કાઢી નાખવા માટે કહે છે.

કહે છે કે '**મનુષ્યાદિપર્યાયો મૂળકારણભૂત એવી જીવની ક્રિયા...**' મિથ્યાત્વભાવ અને રાગની ક્રિયા એ મૂળભૂત ક્રિયા. તેનાથી કર્મ પરિણમન થાય છે. આ નિમિત્ત અને એ કર્મથી મનુષ્યાદિ ગતિ મળે છે. એમ કહે છે જુઓ. '**મૂળકારણભૂત એવી જીવની ક્રિયાથી પ્રવર્તતા હોવાથી ક્રિયાફળ જ છે;...**' ચાર ગતિ ખરેખર તો એ ક્રિયાનું જ

ફળ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મૂળ કારણ ચાર ગતિ.

ઉત્તર :- ના. ના. એ નહિ. મૂળ કારણ રાગ-દ્વેષની ક્રિયા. રાગ-દ્વેષની પર્યાય. એ ચાર ગતિનું મૂળ કારણ રાગ-દ્વેષની પર્યાય એમ. જુઓ.

'**મૂળકારણભૂત એવી જીવની ક્રિયા...**' કોનું? મનુષ્યાદિ પર્યાયો '**મૂળકારણભૂત એવી જીવની ક્રિયાથી પ્રવર્તતા હોવાથી...**' એ મનુષ્યાદિ (પર્યાય) ક્રિયાનું જ ફળ છે. એ વિકારી પર્યાયનું જ એ ફળ છે. એ જ ફળ છે. '**કારણ કે ક્રિયાના અભાવમાં પુદ્‌ગલોને કર્મપણાનો અભાવ થવાથી...**' જુઓ, વિકારી ક્રિયા નથી થતી તો કર્મ પરરૂપે થતું નથી. વિકારી પરિણામ ન હોય તો કર્મ પરરૂપે નથી થતું. તો વિકારી ક્રિયાના '**ક્રિયાના અભાવમાં પુદ્‌ગલોને કર્મપણાનો અભાવ થવાથી તેના (-પુદ્‌ગલકર્મના) કાર્યભૂત...**' પછી કહ્યું. એ હવે આવ્યું. પુદ્‌ગલકર્મના કાર્યભૂત. પણ મૂળ કાર્યભૂત તો પહેલી ક્રિયા કીધી. તો મૂળકારણભૂત એવી જીવની ક્રિયા. શરૂઆત ત્યાંથી થાય છે.

મુમુક્ષુ :- આ લાંબુ લાંબુ કર્યું

ઉત્તર :- એ તો સમજાવવામાં કહેને. મૂળ ચીજ સમજે. નિમિત્ત-નૈમિત્તિક સમજાવે ત્યાં. નિમિત્તમાં શું છે?

આત્મામાં જે વિકારભાવ થાય છે એ મૂળ ક્રિયા છે અને એ એનું કર્મ છે. અને એ કર્મનું નિમિત્ત પામીને પુદ્‌ગલ કર્મરૂપે પરિણમે છે. બેય ક્રિયાના અભાવમાં પુદ્‌ગલ કર્મરૂપ થતું નથી. કહો, બરાબર છે કે નહિ? તો ક્રિયાના અભાવમાં થતું નથી તો થયું આ કારણે. તો તેની ચાર ગતિ નિષ્ફળ થઈ એમ કહેવામાં આવ્યું. જુઓ, '**તેના (-પુદ્‌ગલકર્મના) કાર્યભૂત...**' આ કારણથી '**મનુષ્યાદિપર્યાયોનો અભાવ થાય છે.**' જુઓ, '**(-પુદ્‌ગલકર્મના) કાર્યભૂત મનુષ્યાદિપર્યાયોનો અભાવ થાય છે.**' જો ક્રિયા ન હોય તો કર્મરૂપ પરિણમન હોય નહિ, કર્મરૂપ પરિણમન ન હોય તો ચાર ગતિનો અભાવ થાય છે. સમજાણું કાંઈ? .. નાખે આ. પણ કઈ?

મુમુક્ષુ :- .. પોતે કૌંસમાં નાખ્યું છે.

ઉત્તર :- એ નાખ્યું છે. નાખેને પંડિતજી. ચોખ્ખું. તેના એટલે શું? એ ખુલાસો કર્યો એણે. તેના એટલે શું? એમ. કે પુદ્‌ગલકર્મનો ખુલાસો કર્યો છે.

મુમુક્ષુ :- મિથ્યાત્વને માનતા નથી.

ઉત્તર :- એય..! કયા આશયથી છપાયું છે. શું કહે છે? જુઓને. કે જુઓ, ક્રિયા ખરેખર આત્મા વડે પ્રાપ્ય હોવાથી કર્મ છે. એક વાત. અને એ ક્રિયાને આત્મા પહોંચે માટે કર્મ છે. એના નિમિત્તે પરિણામ પામતી પુદ્‌ગલની પર્યાય એ પણ કર્મ છે અને કર્મ છે તો પુદ્‌ગલ પર્યાયરૂપ એને કારણે એ પણ કર્મ છે એમ કહ્યું.

મુમુક્ષુ :- એ પુદ્ગલનું કર્મ છે?

ઉત્તર :- હા, પુદ્ગલનું કર્મ છે. અને પુદ્ગલના કર્મના કાર્યભૂત મનુષ્યાદિ પર્યાયો. એટલી વાત. પણ એ મૂળકારણભૂત એવી જીવની ક્રિયાથી પ્રવર્તતો હોવાથી. પુદ્ગલ જે ઉત્પન્ન થાય છે, કર્મરૂપ થાય છે એનું મૂળ કારણ તો જીવની ક્રિયા છે. એ ક્રિયાનું ફળ છે ખરેખર તો એ ક્રિયાનું ફળ જ ચાર ગતિ છે. સમજાણું કાંઈ?

'કારણ કે **ક્રિયાના અભાવમાં પુદ્ગલોને કર્મપણાનો અભાવ થવાથી...**' વિકારી પરિણામ ન કરે તો તેને કર્મરૂપ પરિણામ થતા નથી. અને કર્મરૂપ પરિણામ ન હોય તો ચાર ગતિ મળતી નથી. આહા..હા..! ભારે તકરાર. સ્વતંત્રતા. હજી તો એને કર્મ રઝળાવે. અહીં તો .. એ તો ઘણી વાત ચાલી છે અત્યાર સુધીમાં. ૮૭થી ચાલતા... ચાલતા... ચાલતા... સામાન્ય એ જ વિશેષપણે પરિણમે છે. કર્મથી વિશેષ નથી. કારણ કે સામાન્ય વિશેષ બેય અન્ય અનન્ય. અન્ય અને અનન્ય બેય પોતાનો સ્વભાવ છે. અનેરા-અનેરાપણે ભાવમાં થવું અને અનન્ય રહેવું સામાન્યપણે. બેય પોતામાં છે. એની તો વાત પહેલા ચાલે છે. આ ગાથા નાખે. પરાભવ કર્મે કર્યો નામકર્મે. રતનચંદજી બહુ નાખે છે. ઠીક ભાઈ! શું કરે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કર્મપણે પરિણમવાને યોગ્ય હતો તો ક્રિયાનું વિકારી પરિણામનું નિમિત્ત કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ બધું એની પર્યાયથી થાય છે. કર્મની પર્યાયથી. એનાથી નથી થતું. બસ ખલાસ. શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો નિમિત્ત છે. એમાં શું?

મુમુક્ષુ :- ... અસ્તિત્વ છે એનું?

ઉત્તર :- કોનું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કર્મની પર્યાયનું અસ્તિત્વ કર્મમાં છે. પોતાની પર્યાયમાં વિકારની પર્યાયનું અસ્તિત્વ પોતામાં છે, બસ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ રહેતી જ નથી. એ પણ નથી રહેતી. એ તો સમયે સમયે પલટે છે. કર્મ પણ એક સમય સમયમાં પલટે છે. એ ક્રોડાક્રોડી રહેતો જ નથી. એ તો દીર્ઘદૃષ્ટિથી ભગવાને જોયું કે એટલો કાળ રહેશે. પણ એક એક સમયની અવસ્થા એમાં તો છે. બીજે

સમયે બીજી એવી અવસ્થા ઉપજે થાય છે. ત્રીજે સમયે ત્રીજી અવસ્થા ઉપજે છે. એવી વાત છે. સમજાણું કાંઈ? એમ કે એટલી સ્થિતિ ત્યાં રહે તો અહીંયાં તો પરિણામ એક હતા અને એટલી સ્થિતિ ત્યાં કેમ રહી? પણ એમ છે જ નહિ. એક સમયમાં એવી સ્થિતિની ઉત્પત્તિ એમાં કર્મમાં છે, બસ. સમજાણું કાંઈ? કર્મમાં ૭૦ ક્રોડાક્રોડીની સ્થિતિ એક સમયની છે. ૭૦ ક્રોડાક્રોડીની પછી થશે એમ નહિ. વર્તમાન એક સમયમાં જ એ સ્થિતિ છે. એક સમયની પર્યાયમાં એવી સ્થિતિની મર્યાદા છે. સમજાણું કાંઈ? પરિણમન એક સમયમાં થયું છે એ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પોતામાં છે. પોતાનું પરિણામ પોતામાં છે. એમાં એ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ખરેખર તો... એય..! ગડબડ ન કરો.

કર્મની પર્યાયમાં જે સ્થિતિ, રસ, પ્રદેશ અને પ્રકૃતિ. પરમાણુમાં પ્રકૃતિ નામ સ્વભાવ, પ્રદેશ નામ પરમાણુની સંખ્યા, સ્થિતિ નામ મુદત, રસ નામ ફળ દેવાની શક્તિ. એ પરમાણુમાં પોતાને કારણે ઉપજે છે. એટલા પ્રમાણમાં અહીં પરિણામમાં પણ એવું જ નિમિત્ત થાય છે. પરિણામમાં એવી યોગ્યતા છે. જેટલા પ્રદેશ બંધ છે એટલી અહીં નિમિત્તતા છે, સ્થિતિ એવી નિમિત્તતા છે, રસ એવી નિમિત્તતા છે અને પરમાણુની સંખ્યા એવી જ નિમિત્તતા છે. એવા પરિણામ નિમિત્ત પામીને કર્મ પોતાની પર્યાયથી પરિણમન થયું છે. તો મૂળ કારણ ચાર ગતિની ક્રિયાફળનું એ ક્રિયા જ છે. જો ક્રિયા ન હોય તો પુદ્ગલ પરિણામ ન ઉપજે, માટે ક્રિયા છે તે ક્રિયાનું ફળ છે. પછી ક્રિયાનું નિમિત્ત પામીને કર્મ થયું તો કર્મનું કાર્ય મનુષ્યાદિ છે. એમ વ્યવહારથી કહેવામાં આવે છે. નિશ્ચયથી તો ક્રિયાનું ક્રિયાફળ છે. બસ એનાથી મળેલી. સમજાણું કાંઈ? કોણ કોને દે લે? સ્વતંત્ર પદાર્થ છે. કોઈ પરમાણુની પર્યાય કોઈમાં ચાલી જાય છે? સવારમાં કહ્યું હતું નહિ? કોઈપણ પદાર્થની એક સમયની જે પર્યાય છે (એ) પોતાના ક્ષેત્રમાં, પોતાની એક સમયની મુદતમાં પોતાનો ભાવ રાખીને ત્યાં રહે છે. એનાથી આગળ કાંઈ જાતી નથી. સમજાણું કાંઈ? માત્ર એવા મોહના પરિણામનું નિમિત્ત પામીને પરમાણુમાં કર્મ થવાની જે લાયકાતવાળા પરમાણુ છે તે કર્મરૂપ પરિણમી જાય છે, બસ એટલું. પણ એ જેને પોતાની યોગ્યતા એ પરિણમી જાય છે. પરમાણુ તો ઘણા છે જગતમાં. તો પરિણામથી ઉપજ્યા એમ નથી. એ તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કર્યો. કેમકે એ પરિણામ હતા તો કર્મરૂપ પુદ્ગલ પરિણમ્યા. જો ક્રિયા ન હોય તો પુદ્ગલ કર્મ પરિણમતા નથી. પરિણમતા નથી પણ આ થયું તો પરિણમ્યું અને નહિતર આ કારણે પરિણમ્યું તો પરિણમવાની યોગ્યતા નહોતી અને પરિણમ્યું—એમ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એવી પર્યાયમાં એની યોગ્યતા જ એ સમયે પુદ્ગલમાં એવી હતી. આવ્યુંને

કહ્યું લ્યો! '**ક્રિયાથી પ્રવર્તતા હોવાથી ક્રિયાફળ જ છે; કારણ કે ક્રિયાના અભાવમાં પુદ્ગલોને કર્મપણાનો અભાવ થવાથી...**' જુઓ, જો રાગની ક્રિયા ન કરે તો પુદ્ગલ કર્મરૂપે ન થાય, તો પુદ્ગલ એટલો પરાધીન છે કે નહિ? નહિ. પણ ત્યાં પરિણમવાની લાયકાતનું પરિણમન હતું જ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધી યોગ્યતા પોતામાં છે. ચાર પ્રકાર જેવા છે એવા અહીં ચાર પ્રકારની યોગ્યતાના પરિણામમાં જાય છે. કેમકે એ સ્થિતિ બંધાણી છેને. આ પરિણામમાં તો એક સમયની સ્થિતિ છે એમ કહે છે. એ પરિણામમાં એવી સ્થિતિનું નિમિત્ત છે. એવો ભાવકભાવ એને એવો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પ્રશ્ન અમારે ૮૪ની સાલમાં થઈ ગયો હતો. વીરજીભાઈ સાથે. વીરજીભાઈ હતાને વકીલ? ૮૪ની સાલ રાણપર. કે આ નિગોદ અને કર્મમાં કેમ છે? કર્મમાં એવી સ્થિતિ છે કે જેટલી સ્થિતિરસના જેટલા પરમાણુ છે એ જ પ્રકારના પરિણામમાં એટલી યોગ્યતા પોતાથી છે. પોતાના પરિણામની યોગ્યતા પોતાથી છે અને એના પરિણામની યોગ્યતા એનાથી છે. બીજો કોઈ સંબંધ છે જ નહિ. આનાથી થયું અને આનાથી થયું એમ નથી. સમજાણું કાંઈ? ભારે વાત. સ્વતંત્ર દ્રવ્યની પર્યાય એને કારણે, એના કાળે, એના કારણથી, એના ભાવથી પોતામાં થઈ છે. બસ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...અસ્તિત્વ તો પોતામાં...

ઉત્તર :- પોતામાં છે. મેલ છેને પોતાની પર્યાયમાં થયુંને. એ તો કહે છે. માટે એ મેલ જ ખરેખર તો ચાર ગતિનું ફળ છે એમ કહ્યું. પણ ક્રિયા નિમિત્ત છે અને કર્મ પરિણમન થયું તો એનું આ ફળ છે એમ કહેવામાં આવ્યું. કેમકે ક્રિયા જો ન હોય તો કર્મરૂપ ન પરિણમે તો આ ફળ હોય નહિ. એ અપેક્ષાએ પુદ્ગલનું ફળ એમ કહ્યું છે. પોપટભાઈ! આ વાંધા બધા કર્મના જગતને.

જુઓ, હવે આવ્યું. 'ત્યાં, તે **મનુષ્યાદિપર્યાયો કર્મનાં કાર્ય** કઈ રીતે છે?' ચાર ગતિનું ફળ કર્મનું કાર્ય કઈ રીતે છે? '**કર્મના સ્વભાવ વડે જીવના સ્વભાવનો પરાભવ કરીને** કરાતા **હોવાથી;**...' કર્મના સ્વભાવ વડે. જુઓ કર્મનો સ્વભાવ હવે જડ. '**જીવના સ્વભાવનો પરાભવ કરીને કરાતા હોવાથી; દીવાની જેમ.** તે આ પ્રમાણે : **જેમ જ્યોતિના સ્વભાવ વડે...**' આ અગ્નિ બળે છેને? એ '**તેલના સ્વભાવનો પરાભવ કરીને કરાતો દીવો જ્યોતિનું કાર્ય છે, તેમ કર્મના સ્વભાવ વડે જીવના સ્વભાવનો પરાભવ કરીને કરાતા મનુષ્યાદિપર્યાયો કર્મના કાર્ય છે.**' આ સરવાળો પછી લેવો છે. પણ પહેલું ક્રિયા એ જ ક્રિયાફળનું કારણ છે (એમ) સિદ્ધ કરીને પછી એ ક્રિયાથી કર્મનું નિમિત્ત થયું, એનાથી આ ભવ થયો. બસ એમ કહે છે. સમજાણું કાંઈ? એ આ ચોથો ભાગ.

મુમુક્ષુ :- આ ચોખ્ખો પેરેગ્રાફ છે?

ઉત્તર :- શું પણ ચોખ્ખું કહે? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિકારી પર્યાય પોતાથી જેટલી થઈ એનું ફળ ચાર ગતિ છે. પણ એ ક્રિયા વિકારી છે તો કર્મ પોતાથી પરિણમે છે, પોતાથી... તો એના કાર્ય તરીકે ચાર ગતિ એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! અરે! કેમ રખડે છે એની તકરાર. એ કહે કે કર્મને કારણે રખડે છે. અહીં કહે કે તારી ક્રિયાના વિકારી પરિણામથી તું ચાર ગતિમાં રખડે છે. લ્યો!

મુમુક્ષુ :- આમાં ..

ઉત્તર :- એનું કહ્યુંને. છેલ્લું નહિ? ક્રિયા ફળ જ એનું છે. એ ક્રિયાનું ફળ ચાર ગતિ છે એમ કહ્યું. માથે ન આવ્યું? '**મૂળકારણભૂત એવી જીવની ક્રિયાથી પ્રવર્તતા હોવાથી ક્રિયાફળ જ છે;...**' મનુષ્યાદિ પર્યાયો. આહા..હા..! તારું ક્રિયાનું ફળ. ખરેખર શુભ-અશુભયોગ એ ગતિ તારી છે. સમજાણું કાંઈ? અધ્યવસાન શુભ-અશુભ એ જ તારી ગતિ છે. પરગતિના સંયોગરૂપ શરીરની પર્યાય છે. તારું પરિણામ ભગવાન આત્માને ભૂલીને ચૈતન્ય ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા આનંદસ્વરૂપ પોતે પૂર્ણાનંદ પ્રભુ છે. તેને અપૂર્ણ માનીને પર્યાયની બુદ્ધિ રાખીને, રાગની બુદ્ધિ કરીને નિમિત્તના સંગમાં પડીને, પોતાનો સ્વભાવ ભૂલીને જેટલી અજ્ઞાનની ક્રિયા થાય છે તે ક્રિયાનું ફળ ચાર ગતિ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સ્વભાવ વડે.

ઉત્તર :- હા, સ્વભાવ વડે. પછી કહ્યું ને સ્વભાવ એટલે પહેલું તો ક્રિયાનું ફળ બતાવ્યું. હવે નિમિત્તથી. નિમિત્તથી વાત કરી. મૂળ સિદ્ધ કર્યું છે. નિમિત્તથી નૈમિત્તિક આવું થાય છે પોતાથી. એ નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. એનું તો નિમિત્ત છે. સ્વભાવ પોતામાં ચાર ગતિ .. પોતાને કારણે છે. એ તો નિમિત્ત છે. ઉપાદાન તો પોતાનું છે.

'**મનુષ્યાદિપર્યાયો ૧૧૬મી ગાથામાં કહેલી રાગદ્વેષમય ક્રિયાનાં ફળ છે;...** ' જુઓ, '**કારણ કે તે ક્રિયાથી કર્મ બંધાય છે...**' એમ. છેને? એ ક્રિયાથી કર્મ બંધાય છે. '**અને કર્મ જીવના સ્વભાવનો પરાભવ કરીને મનુષ્યાદિપર્યાયો નિપજાવે છે.**' એના વિશેષ ખુલાસો ૧૧૮માં આવશે. હવે સ્પષ્ટ કરવા ઉપાદાનથી કહેશે. જુઓ.

'**હવે મનુષ્યાદિપર્યાયોમાં જીવને સ્વભાવનો પરાભવ ક્યા કારણે થાય છે તેનો નિર્ધાર કરે છે :—**' જુઓ! ઠીક!

णरणारयतिरियसुरा जीवा खलु णामकम्मणिव्वत्ता।
ण हि ते लद्धसहावा परिणममाणा सकम्माणि।।११८।।

**તિર્યંચ સુર-નર-નારકી જીવ નામકર્મ-નિપન્ન છે;**

**નિજ કર્મરૂપ પરિણમનથી જ સ્વભાવલબ્ધિ ન તેમને. ૧૧૮.**

જુઓ, અન્વયાર્થ લ્યો પહેલા. '**મનુષ્ય, નારક, તિર્યંચ ને...**' જુઓ, નિગોદ આદિ. '**ને દેવરૂપ જીવો ખરેખર નામકર્મથી નિષ્પન્ન છે. ખરેખર તેઓ પોતાના કર્મરૂપે પરિણમતા હોવાથી...**' કોણ? જીવ. '**પોતાના કર્મરૂપે પરિણમતા હોવાથી તેમને સ્વભાવની ઉપલબ્ધિ નથી.**' શું કહે છે? પોતાનું નિજસ્વરૂપ ચિદાનંદ આત્મા સ્વભાવ એને ન પામીને આત્મા. વિકારરૂપ કર્મરૂપે પરિણમે છે. સમજાણું કાંઈ?

'**ટીકા :- પ્રથમ તો, આ મનુષ્યાદિ પર્યાયો નામકર્મથી નિષ્પન્ન છે.**' ચાર ગતિ નામકર્મથી પ્રાપ્તિ એટલું કહ્યું. '**પરંતુ આટલાથી પણ ત્યાં જીવને સ્વભાવનો પરાભવ નથી,...**' જુઓ, નામકર્મથી ચાર ગતિ મળી તો એટલેથી આત્માના સ્વભાવનો ઘાત છે નહિ. '**જેમ કનકબદ્ધ (-સુવર્ણમાં જડેલા) માણેકવાળાં કંકણોમાં...**' સુવર્ણમાં જડેલું માણેક. કંકણોમાં માણેક. '**માણેકના સ્વભાવનો પરાભવ નથી તેમ.**' કહો, માણેક છે સોનામાં. એ માણેકનો પરાભવ છે? સોનાની વીંટીમાં માણેક નથી જડતા? સોનાની વીંટી. માણેક તો માણેક છે. એમાં સ્વભાવનો ઘાત છે. માણેક તો માણેક છે. એ તો તદ્દન ભિન્ન છે.

મુમુક્ષુ :- અંદર માણેક હોય તો ઉપર સોનું...

ઉત્તર :- સોનું ભલે સોનું હોય. એમાં માણેકને ક્યાં ઘાત થયો? માણેકને તો કોઈ ઘાત થયો નથી.

'**(-સુવર્ણમાં જડેલા) માણેકવાળાં કંકણોમાં માણેકના સ્વભાવનો પરાભવ નથી તેમ.**' તેમ. સમજાણું? '**જે ત્યાં જીવ સ્વભાવને ઉપલબ્ધ કરતો-અનુભવ કરતો નથી,...**' હવે જુઓ, જે જીવ ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ તેને પામતો નથી તે જીવ વિકારને પામે છે. સમજાણું કાંઈ? શું વાત? ફરીને. કહ્યુંને જુઓ, '**જે ત્યાં જીવ સ્વભાવને ઉપલબ્ધ કરતો-અનુભવ કરતો નથી,...**' એટલે કે જે આત્મા પોતાનો શુદ્ધ આનંદસ્વભાવ એની પ્રાપ્તિ કરતો નથી તે જીવ. સમજાણું? '**તે સ્વકર્મરૂપે પરિણમવાને લીધે છે;...**' તે જીવ પોતાનું વિકારી પરિણામ કરવાને કારણે છે. પોતાના સ્વભાવની પ્રાપ્તિ નથી કરતો અને વિકારના પરિણામનો અનુભવ કરે છે તો વિકારી પરિણામને પામે છે. વાંક તો એનો છે. વાંક કોઈ બીજાનો નથી.

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ એની સન્મુખ ન થતાં પોતાના શુદ્ધ સ્વભાવના લબ્ધ નામ પ્રાપ્તિ નથી કરતા, તે રાગ અને પુણ્ય-પાપની પ્રાપ્તિ કરે તો એ સ્વકર્મ પરિણમન થાય છે. પોતાનું કાર્ય, રાગનું પરિણમન થયું. સમજાણું કાંઈ? સમજાણું કે નહિ ભાઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચાહે તો રાગમાં એકત્વ કરે, ચાહે તો સ્વભાવમાં એકત્વ કરે. સ્વભાવમાં

એકત્વ નથી કરતો અને રાગમાં એકત્વ કરે છે એ સીધી વાત છે. કોઈ કર્મને કારણે રાગમાં એકત્વ થાય છે એવું તો અહીં નથી કહ્યું. સમજાણું કાંઈ? પોતાનો ભગવાન એની સન્મુખ-સ્વભાવ સન્મુખ ન થતાં, સ્વભાવને લબ્ધ-સ્વભાવ પ્રાપ્ત થવો જોઈએ એ ન કરતાં રાગનો આદર છોડીને રાગની એકત્વબુદ્ધિ કરી તો સ્વકર્મ પરિણમન થયું. પોતાના રાગરૂપી કાર્યનું પરિણમન થયું. સ્વભાવ લબ્ધરૂપ કાર્યનું પરિણમન થયું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાના સ્વભાવ સન્મુખનો લાભ નથી કરતો તો વિભાવનો લાભ કરે છે. વિભાવરૂપ પરિણમે છે. ચોખ્ખી વાત છે.

મુમુક્ષુ :- વાંક તો પોતાનો

ઉત્તર :- વાંક એનો જ છેને. પણ વાંક આમાં નામકર્મનો કે દિ'? ત્યાં તો નિમિત્તથી કથન કર્યું છે. આહા..હા..! પણ બીજી વાત હોય કેમ? એની એ પર્યાય જે વિકારી છે, એ પોતાના શુદ્ધ ચૈતન્ય આનંદનો લાભ ન લે તો ત્યાં રાગની એકતા કરે છે. એ જ સ્વભાવ આમ સન્મુખ ન થતાં આમ સન્મુખ થયો. બસ. અને જો સ્વભાવ લબ્ધ હોય છે તે પરનું કાર્ય કરતા નથી, રાગનું કાર્ય કરતા નથી. પોતાના સ્વભાવનો લાભ કરે છે તે પરનું કાર્ય રાગનું કરતા નથી. તો મુક્તિ થાય છે. પોતાના સ્વભાવનો લાભ નથી કરતા એ વિકારના લાભનું કાર્ય કરે છે. સ્વકર્મ પોતાના કાર્યરૂપ પરિણમે છે. એ જ સ્વભાવનો ઘાત કરવાનો ભાવ છે. સ્વભાવનો ઘાત કરવાનો ભાવ, સ્વભાવનો લાભ ન લીધો, પરભાવરૂપ પરિણમ્યો તો સ્વભાવનો ઘાત થયો. ઘાત તો એ છે. સમજાણું કાંઈ? કર્મની માટે બાંધી ભારે. મોટા મોટા પંડિતો આ કર્મમાં સલવાણા છે. હજી તો રાગ પણ તારો નથી અને રાગ પણ તારાથી ઉપજ્યો છે, કર્મથી નથી. તોપણ રાગ તારો નથી. તારો સ્વભાવ તો શુદ્ધ ચિદાનંદ છે ભાઈ! એક સમયની પર્યાય જેટલો પણ તું નથી. આહા..હા..!

જેને, વિકારની એક સમયની પર્યાય સ્વતંત્ર મારા પુરુષાર્થની ખામીને કારણે થાય છે એટલી પણ કબુલાત નથી આવતી, તેને રાગરહિત મારી શુદ્ધ પર્યાય ક્યારે થાય? ક્યારેય નહિ થાય. અને શુદ્ધ પર્યાય તો, દ્રવ્ય ત્રિકાળી શુદ્ધ આનંદકંદ આત્મા એવો ને એવો નિર્મળાનંદ પડ્યો છે એ તરફ તો એની દૃષ્ટિ જશે જ નહિ. સમજાણું કાંઈ? રાગ પરે કરાવ્યો એ તો હજી રાગ પરે કરાવ્યો તો રાગનું ન થવું એ અમારે આધીન તો કંઈ રહ્યું નહિ. તો રાગ જ જ્યાં પરાધીન થયો તો રાગનો નાશ કરનારી દૃષ્ટિ છે એ દૃષ્ટિ ક્યાંથી લાવે?

ભગવાન આત્મા, જુઓ ભાષા એમ લીધી છે. પોતાનો લબ્ધ સ્વભાવ શુદ્ધ ચૈતન્ય સ્વભાવની પ્રાપ્તિ કરે છે તે સન્મુખ નથી કરતો એ જ સ્વભાવથી વિમુખ થઈને રાગ અને મિથ્યાત્વભાવરૂપી કર્મરૂપે પરિણમે છે એ જ ક્રિયા છે. એ ક્રિયાનું ચાર ગતિ ફળ છે. નામકર્મ એમાં નિમિત્ત છે. સમજાણું કાંઈ? દાખલો આપશે. '**સ્વકર્મરૂપ પરિણમવાને લીધે છે;...**' એનું દૃષ્ટાંત આપશે. સમય થઈ ગયો. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૮, શનિવાર, તા. ૧૧.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૧૮-૧૧૯, પ્રવચન-૧૨૩**

પ્રવચનસાર. ૧૧૮ ગાથા. ટીકા. થોડું ચાલ્યું છે. ફરીને. ગુજરાતી સમજો છોને? લીધું છે ગુજરાતી હોં! એમાંથી હિન્દી કરે છે થોડું-થોડું. થોડું હિન્દી અને થોડું ગુજરાતી એમ. શું કહે છે? કે **'પ્રથમ તો, આ મનુષ્યાદિ પર્યાયો...'** આ મનુષ્યાદિ જે ગતિ છેને. ગતિ જે જીવને મળે છે એ નામકર્મથી નિષ્પન્ન છે. નામકર્મથી પ્રાપ્ત છે. એટલા માત્રથી આત્માનો ઘાત થાય છે એમ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આત્મા આ ચાર ગતિ પામે મનુષ્યગતિ, તિર્યંચગતિ, દેવગતિ, નરકગતિ. તો કહે છે કે નામકર્મથી પમાય એટલા માત્રથી આત્માના સ્વભાવનો ઘાત નથી થતો. સમજાણું કાંઈ? કહે છે જુઓ.

**'પરંતુ આટલાથી પણ ત્યાં જીવને સ્વભાવનો પરાભવ નથી,...'** સમજાણું કાંઈ? **'જેમ કનકબદ્ધ (-સુવર્ણ જડેલા) માણેકવાળાં કંકણોમાં માણેકના સ્વભાવનો પરાભવ નથી તેમ.'** સોનાનું શું કહેવાય એનું? વીંટી. સોનાની વીંટી. એમાં માણેક જડ્યો માણેક. માણેક આવે છેને. પક્કડ રાખે છે નહિ ઉપરથી? અંદર એક પક્કડ રાખે. તો એટલા માત્રથી માણેકનો નાશ નથી થતો. બરાબર છે? મનુષ્ય ગતિ કે ચાર ગતિ નામકર્મનું ફળ છે. એ મળ્યું બસ એટલું. એટલા માત્રથી આત્માના સ્વભાવનો ઘાત નથી થતો. એ દૃષ્ટાંત આપ્યું. **(-સુવર્ણ જડેલા) માણેકવાળાં કંકણોમાં માણેકના સ્વભાવનો પરાભવ નથી તેમ.'** એ તો બરાબર છે?

**'જે ત્યાં જીવ સ્વભાવને ઉપલબ્ધ કરતો—અનુભવતો નથી,...'** આ સિદ્ધાંત. ભલે એ સોનાના કુંડળમાં અથવા કડીમાં અંદર માણેક જડ્યો હોય તો માણેકનો એટલામાત્રથી ઘાત નથી. એમ મનુષ્ય ગતિ આદિ મળી એટલાથી આત્માનો ઘાત નથી. પણ આત્મા જીવ સ્વભાવને નહિ કરતો... ભગવાન આત્મા આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનમૂર્તિ આત્મા છે એવી અંતર દૃષ્ટિ કરીને પોતાના સ્વભાવનો લાભ નથી કરતો તે જીવ. સમજાણું કાંઈ? જ્ઞાનાનંદ સ્વભાવ પોતાનો છે શુદ્ધ ચિદ્ આનંદ, આનંદઘન આત્મા. એ આનંદનો અનુભવ નથી કરતો એવા જીવને... સમજાણું કાંઈ? **'સ્વભાવને ઉપલબ્ધ કરતો—અનુભવતો નથી,...'** ભગવાન આત્મા મનુષ્યગતિ હોય, દેવગતિ હોય એનાથી પોતાનો ભિન્ન સ્વભાવ રાખે છે. શુદ્ધ જ્ઞાન આનંદસ્વરૂપ એની દૃષ્ટિ, ધ્રુવની દૃષ્ટિ કરીને પોતાના આનંદ સ્વભાવનો અનુભવ કરતા નથી તે જીવ પોતાના સ્વરૂપનો, રાગની એકતારૂપ પરિણમન કરીને તેના સ્વભાવનો ઘાત થાય છે.

મુમુક્ષુ :- .. વાત છે.

ઉત્તર :- એની જ વાત છેને. સમયે-સમયે ઘાત કરે એની વાત છે. સમજાણું કાંઈ? ગતિ મળી તો એમાં શું છે? કહે છે. હો. તેમાં પોતાનો સ્વભાવ આનંદ અને જ્ઞાન, આનંદસ્વરૂપ ઝરતો આનંદસ્વરૂપ ડુંગર-પર્વત આત્મા છે. અતીન્દ્રિય આનંદ ઝરે એવો ભગવાન આત્મા છે. શોભાલાલજી! આનંદ બહારથી નથી આવતો. આનંદ અંદરમાં છે. એ આનંદનો સ્વભાવ અનુલપબ્ધ નામ અંતર્મુખથી પ્રાપ્ત નથી કરતો તે જીવ. જુઓ.

'**તે સ્વકર્મરૂપ પરિણમવાને લીધે છે;...**' એ રાગ અને દ્વેષરૂપી મોહની ક્રિયા એવા કાર્યરૂપ થતો, પરિણમતો સ્વભાવનો ઘાત કરે છે. કહો, બરાબર છે? ભગવાનજીભાઈ ગયા? ક્યાં? પાલિતાણા ગયા હશે. મળવા જાયને આફ્રિકાથી આવ્યા છે. કહો, સમજાણું કાંઈ? શું કહ્યું? જુઓ, દૃષ્ટાંત પણ કેવું આપ્યું છે! સોનાની પક્કડમાં આવેલો માણેક પણ એ માણેકનો પ્રકાશ, એની ચળકાઈ, એનું તેજ એનાથી એનો ઘાત નથી એમ મનુષ્યગતિ આદિ મળી એટલામાત્રથી આત્માનો ઘાત નથી. એમ કહે છે. ભગવાન આત્મા ગતિના કાળે પોતાનો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એકરૂપ આનંદકંદ પરમાત્મા પોતે પોતાનું સ્વરૂપ છે એનો અંતર અનુભવ કરીને સ્વભાવે લબ્ધ-સ્વભાવથી એની પ્રાપ્તિ નથી કરતા તો પુણ્ય-પાપ રાગાદિની એકતાબુદ્ધિનો અનુભવ સ્વકર્મરૂપે પરિણમે છે. સમજાણું કાંઈ? છેને જુઓને. પાઠ છે કે નહિ સામે? એનો અર્થ થાય છે. જુઓ, આ બાળકો પણ પુસ્તક લઈને બેસી ગયા.

'**ત્યાં જીવ સ્વભાવને ઉપલબ્ધ કરતો-અનુભવતો નથી,...**' એટલે પોતાના સ્વભાવનો અનુભવ કરતો નથી. આહા..હા..! જુઓ, દોષ એનો છે એમ કહે છે, એ સમયનો. કર્મને કારણે છે. ભાઈ! કર્મના ઉદયનું બહુ જોર છે તો પોતાના સ્વભાવનો અનુભવ નથી કરતા અને મિથ્યાત્વ અને રાગરૂપ પરિણમે છે એમ છે જ નહિ. સમજાણું કાંઈ? પોતાનો શુદ્ધ આનંદસ્વભાવ, જ્ઞાનસ્વભાવ ઉપલબ્ધ નામ પ્રાપ્ત કરતો નથી એટલે કે પોતાના આનંદનો અનુભવ કરતા નથી, તે જ જીવ સ્વકર્મરૂપે રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ વિકલ્પ જે છે શુભ-અશુભ વિકલ્પ રાગ એ મારું છે. અહીંયાં આનંદ મારો છે એની તો દૃષ્ટિ કરી નથી. સમજાણું કાંઈ? હું અતીન્દ્રિય આનંદ પિંડ પ્રભુ આત્મા છું, ચૈતન્યઘન આનંદ છું. એમ અંતર્મુખ થઈને સ્વભાવની પ્રાપ્તિનો અનુભવ કર્યો નથી તો એનાથી ઉલટો, કર્મને કારણે નહિ. એનાથી ઉલટો પુણ્ય અને પાપના શુભાશુભ વિકલ્પ જે ઉઠે છે તે પોતાનું કર્મ નામ કાર્ય માનીને એ રૂપ અનુભવે છે તો સ્વભાવનો ઘાત થાય છે. બરાબર છે? શેઠી!

ધર્મ પામતા નથી તો અધર્મ પામે છે એમ કહે છે. બરાબર છે શિખરચંદજી? શું કહ્યું? આહા..હા..! ભગવાન આત્મા શરીર, વાણીથી તો ભિન્ન છે, કર્મથી ભિન્ન છે અને શુભ-અશુભ વિકલ્પ ઉઠે છે એનાથી ભિન્ન છે અને પોતાના આનંદ સ્વભાવથી આત્મા અભિન્ન છે. એવો અતીન્દ્રિય આનંદ ભગવાન, પોતાના સ્વભાવની મહિમાનો અનુભવ કરતો નથી,

એનાથી ઉલટો પુણ્યનો વિકલ્પ ઉઠે દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો તેને પોતાનો માનીને સ્વકાર્યરૂપે વિકારરૂપ થાય છે તે પોતાના સ્વભાવનો ઘાત કરે છે. કહો, બરાબર છે? કહો, માણેકચંદજી! સમજાય છે કે નહિ? શું કહે છે એ સમજાય છે કે નહિ? એટલું. ઉતારવાનું પછી એય..! જિનેન્દ્રજી! સમજાય છે કે નહિ? આવે છે લ્યો. જુવાન માણસ છે. કાલે કહ્યું હતુંને ભાઈ! પ્રશ્ન થયો હતો કે મહારાજ! તમે તો અકાય અને અણિન્દ્રિય કહ્યું એ તો આત્માનો સ્વભાવ છે અણિન્દ્રિય અને અકાય. જુઓ. તો એનાથી રહિત કેમ કહ્યું? કેમ ભાઈ! પ્રશ્ન બરાબર હતો એનો. સમજાણું કાંઈ? કાલે સવારે ચાલ્યું હતુંને કે આત્મા તો અણિન્દ્રિય પણ નથી અને ઇન્દ્રિય પણ નથી, કાયા પણ નહિ અને અકાયા પણ નથી, યોગ પણ નથી અને અયોગ પણ નથી.

મુમુક્ષુ :- ઇન્દ્રિય નથી પછી અણિન્દ્રિય...

ઉત્તર :- અણિન્દ્રિયની એક સમયની પર્યાય છે એટલો નથી એમ. સમજાણું કાંઈ? ભાઈ! ક્યા ભાઈ ગયા બીજા તમારા બિહારીલાલજીના દીકરા. પ્રેમચંદજી. સમજાણું કાંઈ? પ્રેમચંદજી! આ સમજવાની ચીજ છે.

ભગવાન આત્મા વસ્તુ તરીકે શુદ્ધ ચિદ્‌ઘન છે. એ દ્રવ્યસ્વભાવમાં વિકારની પર્યાયનો પણ અભાવ છે અને નિર્વિકારી એક સમયની મોક્ષની પર્યાય પણ દ્રવ્યમાં ક્યાં છે? એ તો ભિન્ન છે. સમજાણું કાંઈ? એ તો એક સમયની પર્યાય છે. તો આત્મા એક સમયની બંધની પર્યાય અને એક સમયની મોક્ષની એનાથી દ્રવ્યસ્વભાવ, ધ્રુવસ્વભાવ એ પર્યાયથી તો ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી અનુભવ દૃષ્ટિ નહિ કરતા પોતાના અપરાધથી મિથ્યાત્વ અને રાગરૂપ પોતે પરિણમે છે, એમ કહે છે.

મુમુક્ષુ :- ...ગતિ નથી નુકસાન કરતી?

ઉત્તર :- નુકસાન કરતી. એ વાત પકડી. સોનાની વીંટીમાં એમ પકડ્યો પણ માણેક તો એવો ને એવો છે. સમજાણું કાંઈ? એ નખ કહે છે. નક એને કહે છે. શું કહે છે? પક્કડને. આમ ખુલ્લો ભાગ રહે અને આમ પક્કડ રહે. માણેક ને ઉંચું રતન હોયને તો પક્કડ રહે. એ તો એવું ને એવું છે. એમાં લોઢાનું ટાંકણું મારીને એનું એ છે. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા ચૈતન્ય રત્ન, જેમ વીંટી આ છે એમાં જેમ માણેક છે, એ શરીરાદિ અંદર ગતિ પર્યાયનો ઉદય એમાં ચૈતન્યરૂપ ભગવાન આત્મા બિરાજમાન છે. તો કહે છે કે એટલા માત્રથી ઘાત નથી. પણ એ ભગવાન આત્મામાં ટાંકણું મારે છે. માણેક એમાં હોય અને પછી લોઢાનું ટાંકણું મારેને. લોઢાની છીણી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યબિંબ, આનંદકંદ ધ્રુવ સદાનંદ. સદાનંદી. સદાનંદી સમજ્યા? સદા આનંદમય છે. એ આનંદ સદા આનંદરૂપ જ ભગવાન આત્મા છે. એ અંતર આનંદનો અનુભવ ન કરતા શુભ વિકલ્પ આવ્યો. દયા, દાન, વ્રત આદિનો, એ મારા છે, એ મારું કાર્ય છે

અને એ મારી ચીજ છે—એવા-એવા રાગનો અનુભવ કરે છે તેને સ્વભાવનો ઘાત થાય છે. પોપટભાઈ!

મુમુક્ષુ :- .. ભૂલ છે એ.

ઉત્તર :- પોતાની દશાની ભૂલ છે. કોઈ બીજાની ભૂલ છે નહિ. એ વાત કરે છે. જ્ઞેયનો સ્વભાવ એવો. જ્ઞેય અધિકાર છે કે નહિ? તો જ્ઞેયનો સ્વભાવ એવો છે. પરને કારણે આત્મા વિકારરૂપ પરિણમે એમ નથી. એ તો લોકો કહે છેને કે કર્મનો ઉદય આવીને અમને ધક્કો દે છે. ખોટું છે. કર્મ તો જડ છે. જડની પર્યાયને આત્મા સ્પર્શતો પણ નથી અને જડની પર્યાય આત્માને અડતી પણ નથી. સમજાણું કાંઈ? તો ભગવાન આત્મા '**સ્વકર્મરૂપે પરિણમવાને લીધે...**' સ્વકર્મ શબ્દે કાર્ય. પુણ્ય વિકલ્પ ઉઠ્યો, પાપની વૃત્તિ ઉઠી એ પોતાનું કાર્ય છે, પોતાનો અનુભવ છે, એ પોતાની ચીજ છે એવા સ્વવિકારી કાર્યનું પરિણમન કરીને પોતાના સ્વભાવનો ઘાત થાય છે. કહો, બરાબર છે. એય..! ચીમનલાલજી! લ્યો આ અપરાધ પોતાનો છે એમ કહે છે. થોડો કર્મનો દોષ છે કે નહિ?

મુમુક્ષુ :- પચાસ ટકા નિમિત્તના.

ઉત્તર :- પચાસ ટકા નિમિત્તના, પચાસ ટકા આ. હવે હમણા નરેશભાઈને એ બધા શીખ્યા છેને તો હમણા ના પાડે છે એ. ચશ્માની વાત કરી હતીને, નરેશભાઈ! તો ચશ્મા તો નિમિત્ત છે. લ્યો! બાળકો પણ ના પાડે છે હવે તો. ચશ્મા નિમિત્ત છે. પોતાની પર્યાયથી છે. ચીમનભાઈ ત્યાં આવ્યા હતાને. કેમ ભાઈ? એમ કોઈ પરચીજથી પોતાને નુકસાન થતું નથી. એ તો નિમિત્તમાત્ર ચીજ પર છે. પર ક્યાં પોતાને નુકસાન કરે છે? આત્મા પરને અડે છે? અને પર વસ્તુ પોતાને અડે છે? બિલકુલ નહિ. ભિન્ન રહે છે એ વસ્તુ. સમજાણું કાંઈ? થોડા થોડા છોકરાઓને સંસ્કાર પાડતા જવા તમારે. સમજ્યાને? છોકરાઓ પણ સમજે. એ કહેતા હતા ચીમનલાલ. શોભાલાલ બરાબર સજ્જડ કરતા હતા એક કલાક કે બેઠો. શીખોને ભાઈ આ હવે. ધૂળ શીખીને તમાકુ ને બીડી. આહા..હા..! જુઓને શું કહે છે?

ભગવાન આત્મા આનંદઘન સિદ્ધનો, આનંદનું પૂર, સિદ્ધનો પૂર. જેમાંથી અનંતા સિદ્ધ વહે. આહા..હા..! ભગવાન પૂર્ણ સિદ્ધની દશા પણ જેમાં અનંતી પડી છે એમાંથી સિદ્ધપદ વહે. આહા..હા..! એવો ભગવાન આત્મા. સમજાણું કાંઈ? ઓહો..! એની સન્મુખ થઈને, તેનો અનુભવ એટલે કે પોતાની દશામાં એની પ્રાપ્તિ નહિ કરતા, હું શુદ્ધ આનંદ છું, હું જ્ઞાયકભાવ છું. શબ્દ નહિ હોં! કથનમાં તો શબ્દ એવા જ આવેને. જ્ઞાયકભાવ એ પણ વિકલ્પ છે. અંદરમાં જ્ઞાયકભાવમાં ઘૂસીને અનુભવ કરવો તે નથી કરતા એ જીવ પોતાનું કર્મ નામ પુણ્ય અને પાપના રાગભાવથી પરિણમીને, મિથ્યાત્વભાવથી પરિણમીને સ્વભાવનો ઘાત કરે છે. સમજાણું કાંઈ? કર્મ ઘાત નથી કરતા. કર્મ તો નિમિત્તમાત્ર છે. સમજાણું કાંઈ?

એ સ્તુતિમાં નથી આવતું? ચંદ્રપ્રભુની સ્તુતિ. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ'

એ આવે છે. સ્તુતિ આવે છે. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાઈ.' એકલી અગ્નિને કોઈ ઘણ મારે? પણ જો અગ્નિ લોઢામાં ઘૂસી જાય લોઢામાં, તો ઘણ પડે છે. એકલો ભગવાન શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ રાગથી ભિન્ન થઈને પોતાનો અનુભવ કરે તેને દુઃખ છે જ નહિ, ચાર ગતિ છે જ નહિ. સમજાણું કાંઈ? એ ગતિની સ્થિતિમાં પડ્યો છતાં પણ ગતિ નથી એમ કહે છે. આહા..હા..! સોનાના નખમાં-પક્કડમાં આવેલો માણક, એ માણેક તો માણેક જ છે. માણેકમાં એક અંશ પણ ઘાત થયો જ નથી. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા શરીર જડ એ નહિ. ગતિરૂપ એનો ભાવ થયો કે હું મનુષ્ય આદિ છું, દેવ આદિ છું. એવી ગતિની પર્યાયમાં આવવા છતાં પણ એટલા માત્રથી શુદ્ધ આત્મસ્વરૂપનો ઘાત થતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! જ્યાં-ત્યાં શુભભાવ દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, વિકલ્પ. એ મારું કાર્ય છે. હું કરું છું અને એ ચીજ હું છું. એ જ ચીજમાં હું છું અને મારા શુદ્ધ આનંદસ્વભાવનો ભાવ જ નથી. એવી દૃષ્ટિમાં પોતાનો મિથ્યાત્વથી પરિણમેલો પોતાના સ્વભાવનો ઘાત પોતાથી થાય છે. સમજાણું કાંઈ? 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા. અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.' ભગવાન આત્મા ચિદાનંદ સ્વરૂપ એને ભૂલીને. એ કહે છે સ્વકર્મમાં હેરાન થઈ ગયો. કહો, દીકરા-દીકરી કર્મથી નહિ એમ કહે છે. એય..! શેઠી! શેઠી તો આ મકાનોની દલાલી કરતા હતા. શ્રીચંદજી દલાલી કરતા હતા. તમારે તો પછી બે દલાલી આવી. શ્રીચંદજી અને એક અમારા આ વકીલ. આ તો એક દલાલ આવ્યા હતા. સમજાણું કાંઈ? ત્યાં મુંબઈમાં રહેવા મકાન ભાઈ નજીક છે. એ રાતે પાછા આવ્યા મારી પાસે શ્રીચંદજી કે અડધું મળે. અડધું કીધુંને શું કીધું? એમ કે તમારી અનુકૂળતા. જે હોય એ. આ તો એક હજી શું થાય છે.

અહીંયાં તો કહે છે કે આત્મા કાંઈ દૂર છે જ નહિ. એટલો નજીક છે. સેકન્ડમાત્ર દૂર નથી એમ કહે છે. સેકન્ડનો દૂર માર્ગ એટલો પણ આત્મા નથી. એ વસ્તુ છે. આહા..હા..! 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' આખા બાર અંગ, આખું શાસ્ત્ર, ચાર અનુયોગ, ભગવાન પ્રવચનસાર આ શું કહે છે? આ પ્રવચનસાર છેને. પ્ર-વચન. વચન.. વચન... પ્ર-વચન. પ્ર એટલે ઉંચામાં ઉંચું વચન એટલે દિવ્યધ્વનિ. ભગવાનની જે દિવ્યધ્વનિ છે એનો સાર છે. સમજાણું કાંઈ? તારા દોષથી તું રખડે છો. લ્યો આવેને ભાઈ! શ્રીમદ્‌માં નથી આવતું? નથી બોટાદમાં લખ્યું? તારા દોષથી તને બંધન છે. તારો દોષ એટલો કે પરને પોતાનો માનવો અને પોતાને ભૂલી જવું.

મુમુક્ષુ :- એ તો .. પહેલી શિક્ષા છે.

ઉત્તર :- પહેલી શિક્ષા એ. સમજાણું કાંઈ? શ્રીમદ્ રાજચંદ્ર થયાને. એણે બહુ થોડા ટૂકડા લખ્યા એટલા. પોતાની ભૂલથી આત્મા રખડે છે. તારી ભૂલ એટલી કે પરને પોતાના માનવા અને પોતાને ભૂલી જવું. એવી સંતની પહેલી શિક્ષા છે. સંતની એવી પહેલી શિક્ષા

એમ લીધું છે ભાઈ! બોટાદમાં લખ્યું છે ઓરડી ઉપર. હવે અહીંયાં બધા ભણી ભણીને. મોટા શાસ્ત્ર ભણીને કહે કે નહિ. કર્મની વાત છે. કર્મથી થાય છે. ભગવાન ના પાડે છે.

મુમુક્ષુ :- ભલે ના પાડે, પણ અમારો ભગવાન...

ઉત્તર :- અરે ભગવાન! તારો ભગવાન કયો વળી? તારો ભગવાન પણ ના પાડે છે અંદર કે હું તો મારા અપરાધથી થયો છું. પણ એમ મારો માનેને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ચીજ નથી. વાત તો એવી છે. કેટલું સ્પષ્ટ કરે છે! ઓહો..હો..! ઓલું અઘાતિનું ભાઈ નિમિત્ત કર્યું. ફક્ત ગતિ છે, એમ. પણ એથી ઘાત નથી એમ સિદ્ધ કરે. ભૂલથી થાય. એ તો દાખલો આપ્યો છે. ઓહો..હો..! અમૃતચંદ્રાચાર્ય.. અઘાતિ તો નિમિત્ત છે. એનાથી ભલે ગતિ મળે તો શું એનાથી ઘાત છે? એ આપશે દાખલો. સમજાણું કાંઈ?

**'ત્યાં જીવ સ્વભાવને ઉપલબ્ધ કરતો-અનુભવતો નથી.'** આમ શબ્દ લીધો છે. સીધી વાત. જે જીવ પોતાના ભગવાનને અંદર પ્રાપ્ત નામ ભેટો કરતો નથી. ભગવાન શુદ્ધ ચિદાનંદ પ્રભુ બિરાજમાન અંતર આત્મા છે. છે પોતાની પાસે, બધાની પાસે. એવો આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ ધ્રુવ છે. એનો ભેટો કરતો નથી એ અજ્ઞાની પુણ્ય-પાપના વિકલ્પનો ભેટો કરીને પોતાના દોષરૂપ પરિણમન કરે છે. એ વાત છે. કહો, પોપટભાઈ! કહો, આ છોકરાએ રોક્યો છે એમ નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- .. વાત જ નથી.

ઉત્તર :- કહે, બાપુજી કરવું પડશે થોડું. અહીં બે મહિના સાચવવું પડશે અમારું પણ થોડું પથરાનું. આટલું મોટું પાપ કરીને પૈસા પેદા કર્યા અને હવે પછી થોડું હજી રોકાવું પડશે તમારે. ઠીક ભાઈ! એવી રીતે બોલે હળવેકથી. પણ બાપુજી તમને બુદ્ધિ એટલી. અમે હજી પાપ પૂરા થયા નથી અને તમને અનુભવ છે પાપ કરવાનો.

મુમુક્ષુ :- આપના અનુભવનો અમને લાભ તો મળવો જોઈએને.

ઉત્તર :- આપના અનુભવનો અમને લાભ તો મળવો જોઈએને. ગાંડા છેને. એવું છે. એવા માખણ ચોપડેને ખાતા વખતે. પુરણપોળી ખાતા હોયને. બાપુજી! પણ તમારે આટલું તો કરવું પડશે હોં ત્યાં. ફલાણે ટાણે ત્યાં નહિ રહેવા સોનગઢ. તમારે આવવું જ પડશે. ઠીક ભાઈ! ચાલ મજુરી કરવા. એ પોતાની ભૂલે કરે છે, કાંઈ કોઈને લઈને નહિ. એ છોકરાનું કહ્યું માન્યું એમ પણ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- સ્વકર્મરૂપે પરિણમે છે.

ઉત્તર :- સ્વકર્મ અહીં તો. બરાબર છે. આમને પણ એમ કહે છેને. બાપુજી! પિતાજી સાહેબ... પિતાજી સાહેબ... અમારી સંભાળ તો લ્યો તમે. ત્યાં ને ત્યાં પડ્યા છો. એમ લખે. બે વાર ચિઠ્ઠી લખેને અહીં જઈને પડે ત્યાં મુંબઈમાં. એ તો દાખલો. મુખ્ય-મુખ્ય

માણસનો દાખલો. એ બિચારા શું કરે? અનાદિનું જગત છેને. આહા..હા..!

અરે! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સત્-શાશ્વત જ્ઞાનાનંદનો પિંડ પ્રભુ તું છો. તને ખબર નથી. પર્વત... પર્વતમાંથી જેમ પાણી ઝરે શીતળ... શીતળ... શીતળ... એવો ભગવાનમાંથી આનંદ ઝરે એવો તું ભગવાન છો. ભાન નથી... ભાન નથી... પાગલ થઈ ગયો કહે છે. એ પાગલ થવામાં કારણ કોણ? કે પોતાના પુરુષાર્થની ઉલટી દશા. બીજો કોઈ છે નહિ. આહા..હા..! જુઓને કેવી ભાષા કરી છે! આચાર્યોએ કેટલું સ્પષ્ટ કર્યું છે! આહા..હા..! અને એ સ્થિતિ જ એવી છે. જ્ઞેયસ્વભાવનો અધિકાર છેને? ક્યો અધિકાર છે આ? જ્ઞેયતત્ત્વનો અધિકાર. તો જ્ઞેય નામ તારું જ્ઞેય. જેવો સ્વભાવ છે એવો અનુભવ નથી કરતો તો રાગનો અનુભવ કરે છો તો એવો જ્ઞેયનો સ્વભાવ પોતાથી વિકારી થાય છે, એમ કહે છે. જ્ઞેય અધિકારમાં એવી વાત કરી છે. આહા..હા..! ભગવાન આત્મા પોતાની નિજ સંભાળ નથી કરતા અને વિભાવ વિકલ્પ ઉત્પન્ન થાય એ ઝેર, દુઃખ... દુઃખ... દુઃખ... એની સંભાળમાં પરિણમન કરે છે તો પોતાના સ્વરૂપનો લાભ નથી થતો. ઘાત થાય છે. બરાબર છે?

'**પાણીના પૂરની માફક.**' દૃષ્ટાંત આપ્યું. છે ભાઈ એમાં? ક્યાં છે? પાણીનું પૂર. પાણી સમજો છોને? જલ. પાણીનું પૂર હોય છેને? પાણીનો પ્રવાહ હોય છેને જળનો પ્રવાહ. દૃષ્ટાંત જુઓ લ્યો. '**જેમ પાણીનું પૂર પ્રદેશથી અને સ્વાદથી નિંબ-ચંદનાદિ વનરાજિરૂપે (લીમડો, ચંદન વગેરે વૃક્ષોની લાંબી હારરૂપે) પરિણમતું થકું...**' જુઓ, શું કહે છે? મીઠું પાણી ચાલતું હોય એ પાણીનું પૂર જ્યાં કડવો લીમડો આદિ હોય એના ઉપર પાણી ચડી જાય. લીમડામાં. દૃષ્ટાંત જુઓ. પાણીનો મીઠો સ્વાદ અને દ્રવ્યત્વ છે. દ્રવવું-દ્રવવું. એને છોડીને લીમડા. લીમડો, ચંદન વગેરે બેય લીધું છે. લીમડો કડવો છે અને ચંદન ઠંડુ છે. પણ એ પાણી ઝાડ ઉપર ચડી ગયું. પોતાનો ભિન્ન સ્વભાવ છોડીને, પોતાનો મીઠો સ્વભાવ, દ્રવસ્વભાવ, પ્રવાહ સ્વભાવ છોડીને લીમડા અને ચંદનમાં ચડી ગયું. લીમડો. નીમ સમજ્યાને? લીમડો. '**ચંદન વગેરે વૃક્ષોની લાંબી હાર...**' લાંબી હાર. હજાર ઝાડ હોય છેને તેમાં પાણી ચડી ગયું છે.

'**પરિણમતું થકું...**' વૃક્ષોની સાથે. '**(પોતાના) દ્રવ્યત્વ...**' જુઓ, દ્રવ્યત્વ એટલે પ્રવાહીપણું. પ્રવાહીપણું છોડી દીધું. પાણી ઝાડમાં પેસી ગયું. '**અને સ્વાદુત્વરૂપ સ્વભાવને...**' મીઠા પાણીની સહજ મીઠાશ તે છૂટી ગઈ. લીમડામાં કડવું થઈ ગયું, ચંદનમાં એવું થયું. અશુભભાવમાં ચડ્યો તો કડવો છે, શુભભાવમાં ચડ્યો તો ચંદન, પણ છે તો ઝેર બધું. અરર..! શુભ-અશુભભાવમાં પાણીનું પૂર ચડી ગયું. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શાંતરસનો કંદ એ પોતાના સ્વભાવને છોડીને દ્રવ્યત્વ સ્વભાવ જે પાણીનો છે, તો એ લીમડામાં ચડીને દ્રવ્યત્વ છૂટી ગયું અને ભાવમાં જે સ્વાદિષ્ટ હતું તે કડવું થઈ ગયું. સ્વાદ ફરી ગયો. બરાબર છે? લ્યો!

**'સ્વભાવને ઉપલબ્ધ કરતું નથી, તેમ...'** એ વૃક્ષમાં ચડતું પાણી પોતાના દ્રવ્યત્વપણાને પ્રાપ્ત કરતું નથી અને એના સ્વાદને પણ પ્રાપ્ત નથી કરતું. પરમાં ત્યાં ભિન્ન થઈ ગયો, ઝાડમાં ચડ્યું અને કડવું થઈ ગયું. એમ આત્મા પણ... હવે સિદ્ધાંત. એમ ભગવાન આત્મા સચ્ચિદાનંદ મૂર્તિ પ્રવાહ. આનંદનું પૂર, જ્ઞાનનું પૂર આત્મા છે. આહા..હા..! પ્રકાશ ચૈતન્યપૂર આત્મા છે અંદર. ખબર નથી કદી કાંઈપણ. ચૈતન્ય જ્ઞાન અને આનંદનું પૂર છે એ **'પ્રદેશથી...'** જુઓ હવે. એ ઝાડે ચડી ગયુંને? એમ પ્રદેશમાં **'અને ભાવથી સ્વકર્મરૂપે પરિણમવાને લીધે...'** પોતાનું અમૂર્તપણું હતું એ રૂપીપણામાં લક્ષ ઘૂસી ગયું. સમજાણું કાંઈ? રાગાદિ બધું રૂપી છે હોં! વિકાર... વિકાર... વિકાર... અને પોતાનો સ્વાદ પણ છૂટી ગયો. આનંદનો સ્વાદ હતો એ રાગમાં ઘૂસી ગયો તો ઝેરનો સ્વાદ થઈ ગયો. સમજાણું કાંઈ?

આત્મા જેમ પાણીનું પૂર લીમડામાં અને ચંદનમાં ચડવાથી પોતાનું પ્રવાહીપણું છોડી દીધું અને મીઠાશનો સ્વાદ છોડી દીધો, એમ ભગવાન આત્મા પોતાના ચૈતન્યનું જાણવા-દેખવાનું પૂર તેને છોડીને એ રાગ-દ્વેષ, પુણ્ય-પાપમાં ચડી ગયો, અચેતનમાં ચડી ગયો. આહા..હા..! અશુભમાં ચડ્યો એ લીમડો, શુભમાં ચડ્યો એ ચંદન આદિ. જુઓ, શેરડીના રસમાં પાણી ચડ્યું. પણ છે તો બધું પર. સમજાણું કાંઈ? શુભ-અશુભભાવમાં ઝેરપણું છે, દુઃખપણું છે. તો આનંદપૂર ભગવાન આત્મા પોતાના પ્રવાહની દૃષ્ટિ છોડીને એ પરમાં શુભાશુભભાવના ઝાડમાં અસંખ્ય પ્રકારના રાગ, અસંખ્ય પ્રકારના શુભભાવ અને અસંખ્ય પ્રકારના અશુભભાવ એ હાર છેને? લીમડાની હાર. હાર સમજ્યા? લાઈન. એમાં પાણી ચડી ગયું. ચંદનમાં ચડી ગયું. એવા શુભ-અશુભના અસંખ્ય પ્રકાર, અશુભ-શુભના અસંખ્ય પ્રકાર, ભગવાન એકરૂપ પ્રકાર.

આનંદસ્વભાવ અને જ્ઞાનનું પૂર એકરૂપ પ્રભુ એનું અવલંબન, દૃષ્ટિ છોડીને ગતિમાં હોવા છતાં ઘાત એનાથી નથી થયો. પોતાના રૂપી ભાવમાં ચડી ગયો તો સ્વાદ પણ ખોઈ દીધો. શું કહ્યું? રૂપી ભાવ છે. શુભ-અશુભભાવ રૂપી છે. જેમ પાણીએ પોતાનું દ્રવ્યત્વ છોડી દીધું, એમ આત્માએ રૂપીપણામાં ચડીને પોતાના શુદ્ધપણાનો પ્રવાહ છોડી દીધો. સમજાણું કાંઈ? જુઓ, આ સર્વજ્ઞ પરમાત્માએ કહેલું પ્રવચનસાર. ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગદેવ સમવસરણમાં ઈન્દ્રોની હાજરીમાં એમ ફરમાવતા હતા, એ વાત સંતો કહે છે અને એમ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન! ક્યાં તારી દૃષ્ટિ ચડી ગઈ? એમ કહે છે. તારી દૃષ્ટિમાં થાપ અહીં આનંદમાં હોવી જોઈએ. આનંદઘનમાં દૃષ્ટિ જામેલી હોવી જોઈએ, જામી જવી જોઈએ, તેને છોડીને શુભ-અશુભરાગના પ્રવાહમાં તારી ગતિ ચાલી ગઈ. શુભ-અશુભરાગ તો રૂપી છે, પાણીનો પ્રવાહ જેમ પ્રવાહરૂપ છે. ઝાડમાં જતાં ઘન થઈ ગયું. પ્રવાહપણું છૂટી ગયું. એમ ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાન અને આનંદરૂપ સૂક્ષ્મભાવ છે, તો રૂપી રાગાદિમાં ચડી જતાં સ્થૂળ થઈ ગયો. સમજાણું કાંઈ? ઓહો..હો..!

**'પ્રદેશથી અને ભાવથી...'** પ્રદેશમાં અમૂર્તપણાથી છૂટીને મૂર્ત થયો એમ અને ભાવથી આનંદરૂપ છે એ દુઃખરૂપ થઈ ગયો. સ્વાદમાં ફેર પડ્યો. શુભ-અશુભભામાં ચડ્યો તો સ્વાદ દુઃખરૂપ થયો. આનંદ સ્વાદ છે, શુભ-અશુભ વિકલ્પમાં ચડ્યો તો દુઃખ થયું. સમજાણું કાંઈ? **'પ્રદેશથી અને ભાવથી સ્વકર્મરૂપે પરિણમવાને લીધે...'** જુઓ, ત્યાં વધારે સ્પષ્ટ કર્યું. એ **'પ્રદેશથી અને ભાવથી સ્વકર્મરૂપે પરિણમવાને લીધે...'** એ મૂર્તપણામાંથી રૂપી ગયો અને સ્વાદમાંથી દુઃખમાં ગયો. એ સ્વકર્મરૂપે પરિણમવાને લીધે પોતાના વિકારીભાવથી થયો છે. પોતાના કાર્ય કરવામાં થયો છે. પરનું કાર્ય નથી અને પરથી થયો નથી. સમજાણું કાંઈ? અજ્ઞાની આ કાર્ય કરી શકે છે. પરનું તો કાંઈ કરી શકતો નથી. પર જડપદાર્થથી આત્મા ભિન્ન છે એનું શું કરે? શું એ કામ કર્યા વિના પરપદાર્થ રહે છે કે કરે એનું? પરનું કાંઈ કરી શકતો નથી. પરપદાર્થની અવસ્થાનું કાર્ય પરપદાર્થ કરે. તું અજ્ઞાનભાવે કરે છે તો તારું કાર્ય તારી મર્યાદામાં છે. સમજાણું કાંઈ? રાગ અને દ્વેષનો પ્રકાર શુભ-અશુભભાવ એ ભગવાન સૂક્ષ્મ સ્વભાવ એ રાગમાં રૂપીમાં ચડી ગયો. મૂર્ત થયો એ અપેક્ષાએ હોં! અને આનંદ સ્વભાવ છૂટીને શુભ-અશુભભાવમાં ચડી ગયો તો તારો સ્વાદ દુઃખરૂપ થઈ ગયો. લીમડામાં ચડવાથી જેમ પાણીનો સ્વાદ પલટાઈ ગયો, એમ શુભ-અશુભભાવમાં તારો સ્વાદ ચડીને દુઃખરૂપ સ્વાદ થઈ ગયો. બરાબર છે? કહો, સમજાણું કાંઈ?

**'(પોતાના) અમૂર્તત્વ અને નિરૂપરાગવિશુદ્ધિમત્ત્વરૂપ સ્વભાવને ઉપલબ્ધ કરતો નથી.'** જુઓ, આહા..હા..! કેટલી સ્પષ્ટતા કરી! જ્ઞેય, આત્મજ્ઞેય, પરજ્ઞેય એ જ્ઞેયનો એવો સ્વભાવ છે એમ બતાવે છે. આત્મા પણ જ્ઞેય છેને, જ્ઞાનમાં જ્ઞેય છે. બીજા પણ જ્ઞાનમાં જ્ઞેય છે. તો તારા જ્ઞાનમાં જ્ઞેય તારો આત્મા, એ જ્ઞેયનો એવો સ્વભાવ છે કે તું તારું જ્ઞેય ન બનાવતાં, સ્વભાવનો આનંદ ન લેતા રાગરૂપ પરિણમે એવો જ્ઞેયનો સ્વભાવ જ છે. સમજાણું કાંઈ? અમૂર્તતત્ત્વ. જુઓ એ લીમડામાં પાણી ચડ્યું તો પ્રવાહ છૂટી ગયો એમ શુભાશુભભાવમાં ચડી ગયો તો રૂપી થયો. ખરેખર એ રૂપી પરિણામ છે. પોતાના અરૂપી નથી. સમજાણું કાંઈ?

**'અને નિરૂપરાગવિશુદ્ધિમત્ત્વરૂપ સ્વભાવને...'** નિરૂપરાગ નીચે છે. **'ઉપરાગ (-મલિનતા, વિકાર) વિનાની વિશુદ્ધિવાળાપણું. (અરૂપીપણું અને નિર્વિકાર-વિશુદ્ધિવાળાપણું આત્માનો સ્વભાવ છે.)'** જુઓ, ભગવાન આત્મા અરૂપી છે અને રાગના વિકારરહિત ભગવાન આત્મા છે એ છૂટી ગયો. પુણ્ય-પાપના રાગની ગતિમાં પ્રવાહ ચડી ગયો. સમજાણું કાંઈ? અરૂપીપણાનો અભાવ થયો અને પોતાના આનંદનો અભાવ થયો. વિકારી રૂપી પરિણામ થયા, અજીવ થઈ ગયો એમ કહે છે લ્યો. અજીવ ભાઈ! એ રૂપી પરિણામ અજીવ થઈ ગયા એમ કહે છે. પરમાણુરૂપ નથી થતા. પરમાણુ તો તદ્દન ભિન્ન ચીજ છે. પણ પોતાના રૂપી પરિણામ અરૂપી સ્વભાવ જે સૂક્ષ્મ સ્વભાવ છે એથી વિપરીત

છે, સ્થૂળ સ્વભાવ છે. શુભ-અશુભભાવ સ્થૂળ સ્વભાવ છે. ઓહો..હો..! .. વિષય થાય છેને. સ્થૂળ રૂપી છેને અચેતન.. સૂક્ષ્મ સ્વભાવ લ્યો. પુણ્ય-પાપમાં લીધુંને સંક્લેશપરિણામ વિશુદ્ધમય. સ્થૂળ પરિણામ. સ્થૂળ પરિણામ, અત્યંત સ્થૂળ પરિણામ લીધા છે બેય. શુભભાવ હોય સમયસાર પુણ્ય-પાપ અધિકારમાં. શુભભાવ હોય તોપણ અત્યંત સ્થૂળ છે, અશુભ હોય તોપણ સ્થૂળ છે. ઓહો..હો..! દયા, દાન, પંચ મહાવ્રતના પરિણામ પણ અત્યંત સ્થૂળ પરિણામ છે. પોતાના સૂક્ષ્મપણાને છોડીને સ્થૂળ થયો. આહા..હા..! એમ કહે છે. છોટાભાઈ! રાડ પાડે ઓલા. અરે! એકાંત છે. બે લાવો. કર્મથી થયું અને આત્માથી થયું. બે લાવો. બે કારણથી કાર્ય થાય છે. બધાને એક જ કારણ હોય છે, હવે સાંભળ તો ખરો. એક જ કારણથી થાય છે તો બીજો છે એનું જ્ઞાન કરાવવા કહે છે કે બે કારણથી થાય છે. લે. ભારે ભાઈ! આહા..હા..! તકરાર... તકરાર... અરે ભગવાન! તારી સાથે તકરાર કરે છે હોં. બીજા કોણ કરે? કોઈ કોઈની સાથે કરતું નથી. સમજાણું કાંઈ?

કહે છે. ઓહો..હો..! કેટલું દૃષ્ટાંત આપીને (સરળ) કરી દીધું. દૃષ્ટાંત એક તો માણેકનું આપ્યું, વળી પાણીના પૂરનું આપ્યું. લ્યો! પહેલાં દૃષ્ટાંત દીધો હતું દીવાનું. જ્યોતિ. જ્યોતિ તેલને બાળી અને જ્યોતિ પ્રગટ થાય છે. સહન ઘાત કરીને પ્રગટ થાય છે. નામકર્મ લીધું છે ત્યાં. અહીં પોતાથી ઘાત કરીને ઉભું થાય છે એમ કહે છે.

'**નિરૂપરાગવિશુદ્ધમત્ત્વરૂપ...**' રાગ વિનાનો વીતરાગ નિર્મળ વિશુદ્ધિમત્વ. જુઓ, અહીં વિશુદ્ધિ શબ્દ લીધો છે. વિશુદ્ધ નહિ પણ વિશુદ્ધિ. સમજાણું કાંઈ? શુભરાગ એ વિશુદ્ધ છે, અશુદ્ધ છે, અવિશુદ્ધ છે. સમજાણું? બેય સ્થૂળ છે. વિશુદ્ધ (શુભ) અને અશુભ બેય સ્થૂળ છે. વિશુદ્ધિ તો રાગરહિત જે આત્માનો સ્વભાવ પ્રગટ થવો તે વિશુદ્ધિ છે. સમજાણું કાંઈ? 'મારે એની તલવાર.' ઓલા કહેતા હતા બિચારા ગુજરી ગયા. ભગત-ભગત. .. ભગત નહોતા? ગોંડલવાળા. અહીં કીધું હતું. મગજ અસ્થિર હતું તો થોડું ભૂલી જતા હતા. પછી વધારે કોઈ વખતે ઓલું લોહી પડતુંને. તો બાંધે એની તલવાર નહિ, મારે એની તલવાર. મેં કીધું વાત સાચી તારી. તલવાર બાંધી રાખે. તલવાર હોય છેને? એને કમરમાં બાંધી રાખે એનાથી શું? મારે એની તલવાર. બાંધી રાખે તો શું? બીજો મારી દે એને.

જુઓને રાવણ (આદિ)ના જેટલા પ્રતિવાસુદેવ હોય છે એના ચક્ર બધા એની પાસે થયા છે, પ્રતિવાસુદેવ પાસે. રાવણ, આ જરાસંઘ. ચક્ર હોય છે. એક હજાર દેવ સેવા કરે. હોય એના આયુધમાં. એ યુદ્ધમાં એને (પોતાને) મારે. જેમ લડાઈ કરવા આવે છે. લક્ષ્મણ અને રાવણ સાથે. તો છેલ્લે રાવણ પહોંચી ન શક્યો. આ તો વાસુદેવ-બળદેવ હતા. પુણ્યવંત પ્રાણી હતાને. એ રાવણ પહોંચી ન શક્યો તો છેલ્લે આયુધ ચક્ર (ચલાવ્યું) પોતાનું આયુધ .. લક્ષ્મણના હાથમાં આવી ગયું. આવ્યું અને ફેરવ્યું. એના આયુધનું ચક્રે એનો ઘાત કર્યો. ઘણી વિદ્યા સાધી હતી. ક્યાં ગઈ તારી વિદ્યા?

મુમુક્ષુ :- મારે એનું તીર.

ઉત્તર :- વાત એ છે. મારે એનું આયુધ થયું. જેનામાં ઉત્પન્ન થયું માટે એનું છે એમ નથી. સમજાણું કાંઈ? જરાસંઘ અને અહીં નથી કૃષ્ણ? શ્રીકૃષ્ણ અને જરાસંઘ બે વચ્ચે લડાઈ મોટી થઈ હતી. બહુ ઓલો જરાસંઘ રાજા મોટી વિદ્યાઓ ઘણી હતી. ઘણી વિદ્યાઓ સાધેલી. શું કરે વિદ્યા? પુણ્ય ફરે ત્યારે તારી વિદ્યા પણ કામ કરતી નથી. એ જરાસંઘ મોટો પુણ્યશાળી. શ્રી કૃષ્ણ .. લડાઈ કરતા... કરતા... કરતા... કરતા... હારવા સુધી આવી ગયા હોં કૃષ્ણ. એવું થયું. નેમિનાથ ભગવાન સાથે ઘોડે. શું કહેવાય એ? રથ-રથ. નેમિનાથ ભગવાન રથમાં સાથે હતા. એ તો ત્રણ જ્ઞાનના ધણી બોલે નહિ. ત્રણ જ્ઞાનના ધણી હતા તો ખબર હોયને કે આ સમયે આ થશે. જરાસંઘને જોર ઘણું હતું. બહુ હતું તો આમ મહારાજ! જુઓ તો ખરા આ શું થયું? અમે હારી જઈશું. તમે વાસુદેવ છો, નહિ હારો. બસ.

મુમુક્ષુ :- ભગવાને કહ્યું?

ઉત્તર :- ભગવાને કહ્યું. તમે વાસુદેવ છો. પોતે ત્રણ જ્ઞાનના ધણી ગંભીર છે. એ તો વિકલ્પ આવ્યો તો સાથે ચાલ્યા. એવી ક્રિયા થઈ. એ તો જાણનાર છે. કરે કોણ? જાણે છે-દેખે છે વિકલ્પને પણ અને ક્રિયાને પણ. સમજાણું? રાવણને પણ ત્યાં શું કહેવાય? જરાસંઘને. એ પણ ત્યાં એવો મોટા હુશિયાર માણસ હોયને એ બતાવે, કે જુઓ રથમાં નેમિનાથ ભગવાન બિરાજે છે. એમ બતાવે. ધોળા ઘોડા. ધોળા ઘોડા. ઘોડા સમજો છોને? અશ્વ. મોટા-મોટા પુણ્યવંત પ્રાણી. ઈન્દ્રો ... ત્યાં ભગવાન બિરાજે છે. શ્રી કૃષ્ણ છે, બળદેવ છે. એના જાણકાર હોયને કહે. બાકી ધ્યાન રાખજો. પણ ઓલાને ચક્ર હાથમાં શ્રી કૃષ્ણને હાથમાં આવી ગયું ચક્ર. ચક્ર માર્યું, જરાસંઘ મરી ગયો ખલાસ. એલા વિદ્યા-બિદ્યા ક્યાં ગઈ? પુણ્ય વિના તારી વિદ્યા શું કરે? સમજાણું કાંઈ? એમ હાથમાં ચક્ર હોય આત્માનો સ્વભાવ ઉપર જોર દે તો રાગનો નાશ થઈ જાય એવું આત્માનું ચક્ર અંદર પાકે છે. સમજાણું કાંઈ? પોતાનું ચક્રનો પોતાને જ લાભ થાય અહીં એમ કહે છે. એના ચક્રે પોતાને મારી દીધું. ઉલટું ચક્ર ફરે તો પોતાને મારે, એ કહે છે. સમજાણું કાંઈ? એ કહ્યુંને જુઓ.

'**નિરૂપરાગવિશુદ્ધિમત્ત્વરૂપ સ્વભાવને ઉપલબ્ધ કરતો નથી.**' ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ ભગવાનનું ચક્ર ચલાવે તો રાગનો નાશ થઈ જાય, અજ્ઞાનનો નાશ થઈ જાય, પરમેશ્વર મળી જાય. સમજાણું કાંઈ? એવું ચક્ર ન ચલાવી પુણ્ય-પાપના વિકલ્પમાં એકાકાર થઈને વિકારનું ચક્ર ચલાવ્યું, પોતાનો નાશ થયો. પોતાના સ્વભાવનો ઘાત કર્યો. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- મનુષ્યાદિપર્યાયોમાં,...**' એટલી વાત. ચાર ગતિ. મનુષ્ય, તિર્યંચ, (દેવ) અને નારકી ચાર ગતિ. '**કર્મ કાંઈ જીવના સ્વભાવને હણતું...**' નથી. '**કર્મ કાંઈ જીવના સ્વભાવને હણતું કે આચ્છાદિત કરતું નથી; પરંતુ ત્યાં જીવ પોતે જ પોતાના**

**દોષથી કર્મ અનુસાર પરિણમે છે...'** જુઓ, કર્મ અનુસારનો અર્થ કર્મ જેવા આવે એને અનુસરે એમ નથી. કર્મની સન્મુખ પોતાના પુરુષાર્થની ગતિ પ્રમાણે પરિણમે છે એમ. હવે ત્યાં એમ કાઢે છે. પોતાનો દોષ કર્મ અનુસાર .. એય..! એય..! દેવાનુપ્રિયા! આ તમારા ભાઈએ લખ્યું છે.

મુમુક્ષુ :- પોતાના ભાવકર્મ અનુસાર પરિણમે

ઉત્તર :- કર્મ અનુસાર પરિણમે છે એ પોતાના દોષથી. એ તો ભાવકર્મનો દોષ આવી ગયો.

મુમુક્ષુ :- એમાં નિમિત્ત હો.

ઉત્તર :- પણ કાંઈ એ તો એમાં જ બોલાય. લખાય શું? પોતાના સ્વભાવ સન્મુખ આમ અનુસરતો નથી તો નિમિત્ત તરફ અનુસરે છે. તો એમાં શું છે પણ?

**'તેથી તેને પોતાના સ્વભાવની ઉપલબ્ધિ નથી.'** પોતાના શુદ્ધ આનંદ સ્વભાવની આ કારણે, રાગાદિમાં એકત્વબુદ્ધિથી પરિણમતા પોતાના સ્વભાવની પ્રાપ્તિ નથી. **'જેમ પાણીનું પૂર પ્રદેશની અપેક્ષાએ વૃક્ષોરૂપે પરિણમતું થકું પોતાના પ્રવાહીપણારૂપ સ્વભાવને ઉપલબ્ધ કરતું-અનુભવતું નથી...'** પ્રવાહીપણું ત્યાં રહેતું નથી. લીમડામાં પાણીનું પ્રવાહીપણું રહેતું નથી. સમજાણું કાંઈ? **તેમ આત્મા પણ પ્રદેશની અપેક્ષાએ સ્વકર્મ અનુસાર પરિણમતો થકો પોતાના અમૂર્તપણારૂપ સ્વભાવને ઉપલબ્ધ કરતો નથી...'** અમૂર્તપણાને પ્રાપ્ત કરતો નથી. **'ભાવની અપેક્ષાએ સ્વકર્મરૂપે પરિણમતો થકો ઉપરાગ વિનાની વિશુદ્ધિવાળાપણારૂપ પોતાના સ્વભાવને ઉપલબ્ધ કરતો નથી. આથી એમ નિર્ધાર થાય છે કે મનુષ્યાદિપર્યાયમાં જીવોને પોતાના જ દોષથી પોતાના સ્વભાવની અનુપલબ્ધિ છે,...'** પોતાના અપરાધથી સ્વભાવની પ્રાપ્તિ નથી. બીજું કોઈ કારણ નથી. કહો, બરાબર છે?

**'કર્માદિક બીજા કોઈ કારણથી નહિ.'** જુઓ, લખ્યું છે. કર્માદિ બીજું કારણ નથી. હવે બે કારણમાંથી એક કારણ ઉડાડી દીધું કહે છે. પણ આચાર્યે જ કીધું છેને. માની લીધું નથી કર્મ ત્યાં. એ તો નામથી કહે. **''કર્મ જીવના સ્વભાવનો પરાભવ કરે છે' એમ કહેવું તે તો ઉપચારકથન છે, પરમાર્થે એમ નથી.'** કર્મ-બર્મ કોઈ કરતું નથી. પોતાનું નુકસાન કર્મ કોઈ કરતું નથી. આત્મા કર્મ બાંધતા નથી અને આત્મા કર્મ છોડતું નથી. આત્મા તો પોતાના સ્વરૂપની શાંતિ પ્રગટ કરે અને કા અશાંતિની પ્રગટતા કરે. બીજું કાંઈ કરી શકે નહિ. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અશાંતિ કરી લે. બસ એ તો એના અધિકારની વાત છે. કેમ ભાઈ જિનેન્દ્રજી! સમજાય છે કે નહિ? એ તો બધા આત્મા છેને. આત્મામાં બધું સમજાય એવી વાત છે.

'હવે જીવનું દ્રવ્યપણે અવસ્થિતપણું હોવા છતાં...' વસ્તુપણે એકરૂપ ટકી રહેવું, સ્થિર રહેવું એમ હોવા છતાં '**પર્યાયોથી અવસ્થિતપણું**...' છે. પર્યાયથી એકરૂપ રહેવું એમ છે નહિ. લ્યો! ૧૧૯ ગાથા ઉપડી. સમજાણું કાંઈ? કેટલી સ્પષ્ટતા કરે છે. ઓહો..હો..! ક્યાંનું ક્યાં? સત્ ઉત્પાદ, અસત્ ઉત્પાદ, અન્ય, અન્યત્વને કરતા... કરતા... કરતા... એક જ્ઞેયનું સ્વરૂપ સ્વતંત્ર કેવું છે એ વર્ણવે છે. ભગવાનની દિવ્યધ્વનિમાં એમ આવ્યું. ૧૧૯.

**जायदि णेव ण णस्सदि खणभंगसमुब्भवे जणे कोई।**
**जो हि भवो सो विलओ संभवविलय त्ति ते णाणा।।११९।।**

**નહિ કોઈ ઊપજે વિણસે ક્ષણભંગસંભવમય જગે,**
**કારણ જનમ તે નાશ છે; વળી જન્મ નાશ વિભિન્ન છે. ૧૧૯.**

'**અન્વયાર્થ :- ક્ષણે ક્ષણે ઉત્પાદ ને વિનાશવાળા જીવલોકમાં કોઈ ઉત્પન્ન થતું નથી ને નાશ પામતું નથી,...**' દ્રવ્યાર્થિકનયે, દ્રવ્યદષ્ટિએ દ્રવ્ય-વસ્તુએ ઉત્પન્ન થવું અને નાશ થવું છે નહિ. વસ્તુમાં ઉત્પન્ન શું અને વસ્તુમાં નાશ શું? વસ્તુ વસ્તુ છે. ટકનારી ચીજ તો કાયમ છે. '**કારણ કે જે ઉદ્ભવ છે તે વિલય છે;...**' કહો, ઉદ્ભવ છે તે વિલય છે. એટલે એનું એ ટકવું એમ દ્રવ્યનું. '**વળી ઉદ્ભવ અને વિલય એમ તેઓ અનેક (અર્થાત્ ભિન્ન) પણ છે.**' એ પર્યાયદષ્ટિએ, એમ. જે ઉત્પન્ન છે તે વિલય છે તે તેનું તે એટલે એક દ્રવ્ય થયું એ તો. અને ઉદ્ભવ અને વિલય જુદાં છે એ અનેકપણું પર્યાયદષ્ટિએ. એ ખુલાસો કરશે.

'**ટીકા :- પ્રથમ તો અહીં કોઈ જન્મતું નથી અને મરતું નથી...**' જુઓ, '**(અર્થાત્ આ લોકમાં કોઈ ઉત્પન્ન થતું નથી ને નાશ પામતું નથી).**' કોઈ દ્રવ્ય નાશ પામે? અને દ્રવ્ય ઉત્પન્ન થાય? દ્રવ્ય વસ્તુ છે વસ્તુ. જે વસ્તુ છે તે ઉત્પન્ન થાય? એ તો છે જ. અને વસ્તુ છે એનો નાશ થાય? વસ્તુ તો છે જ. સમજાણું કાંઈ? '**વળી (આમ છતાં) મનુષ્ય-દેવ-તિર્યંચ-નારકાત્મક જીવલોક પ્રતિક્ષણ પરિણામી હોવાથી...**' છતાં મનુષ્યપણું, દેવપણું, પશુપણું, એકેન્દ્રિય નિગોદપણું વગેરે. નારકસ્વરૂપ '**જીવલોક પ્રતિક્ષણ...**' ક્ષણે-ક્ષણે જુઓ સમયે-સમયે. પરિણામી હોવાથી. ક્ષણે-ક્ષણે પલટતો દરેક પદાર્થ પલટતો હોવાથી '**ક્ષણે ક્ષણે થતા વિનાશ અને ઉત્પાદ સાથે (પણ) જોડાયેલો છે.**' કહો, પર્યાય છે ત્યાં. '**અને આ વિરોધ પામતું નથી;...**' એ વિરોધ છે નહિ.

'**કારણ કે ઉદ્ભવ અને વિલયનું એકપણું અને અનેકપણું છે.**' શું કહે છે? વસ્તુની પર્યાય નવી ઉપજે અને જૂની જાય એનું એકપણું પણ છે અને અનેકપણું પણ છે. કહે છે જુઓ. '**ઉદ્ભવ અને વિલયનું એકપણું અને અનેકપણું છે.**' જે ઉત્પન્ન છે તે નાશ છે, એવું જ્યારે બેનું એકપણું છે ત્યારે તો પૂર્વ પક્ષ દ્રવ્યાર્થિક છે. જન્મતું અને મરતું નથી. '**અનેકપણું છે ત્યારે ઉત્તર પક્ષ છે (અર્થાત્ જ્યારે ઉદ્ભવ ને વિલયના એકપણાની**

**અપેક્ષા લેવામાં આવે ત્યારે 'કોઈ ઉત્પન્ન થતું નથી ને નાશ પામતું નથી' એ પક્ષ ફલિત થાય છે, અને જ્યારે ઉદ્‌ભવ ને વિલયના અનેકપણાની અપેક્ષા લેવામાં આવે ત્યારે ક્ષણે ક્ષણે થતા વિનાશ ને ઉત્પાદનો પક્ષ ફલિત થાય છે). તે આ પ્રમાણે :—'** દાખલો આપીને સિદ્ધ કરે ન સમજે તો.

**'જેમ 'જે ઘડો છે તે જ કૂંડું છે'...'** ધ્યાન રાખજો. ઘડો. ઘડો સમજો છો? ઘટ. કુંડું. પાણીનું કુંડું.. ઘડો છે તે જ કુંડું છે. **'એમ કહેવામાં આવતા, ઘડાના સ્વરૂપનું ને કૂંડાના સ્વરૂપનું એકપણું અસંભવિત હોવાથી...'** બેનું એકપણું અસંભવિત હોવાથી ત્યાં માટીપણું સિદ્ધ થાય છે. શું કીધું? જે ઘડો છે તે કૂંડું છે એમ કહેવામાં આવે છે, તો ઘડાના સ્વરૂપનું અને કૂંડાના સ્વરૂપનું એકપણું અસંભવિત છે. એ દ્રવ્યપણું. એ છે એમ કીધું તો દ્રવ્ય થઈ ગયું એ તો. માટી થઈ ગઈ એ. સમજાણું કાંઈ? **'તે બન્નેના આધારભૂત માટી પ્રગટ થાય છે,...'** ઘડો છે તે જ કૂંડું છે એમ કીધું ત્યારે ત્યાં માટી દ્રવ્ય પ્રસિદ્ધ થાય છે. પર્યાયની ભિન્નતા પ્રસિદ્ધ થતી નથી. સમજાય છે કાંઈ?

જે ઘડો છે તે કૂંડું છે એમ કહેતા એકપણું પ્રસિદ્ધ થાય છે. એકપણું સમજાય છે? એમાં એકપણું અસંભવિત હોવાથી. શેમાં? બેમાં એકપણું અસંભવિત હોવાથી તે **'બન્નેના આધારભૂત માટી પ્રગટ થાય છે,...'** બેપણું રહેતું નથી ત્યાં. એ છે એમાં માટી પ્રસિદ્ધ થાય છે. **'તેમ 'જે ઉદ્‌ભવ છે તે જ વિલય છે'...'** ઉત્પન્ન છે તે વિલય છે એમ કહેવામાં આવતા **'ઉદ્‌ભવના સ્વરૂપનું ને વિલયના સ્વરૂપનું એકપણું અસંભવિત હોવાથી...'** બેમાં એકપણું અસંભવિત છે માટે બે તે એકપણું એનું નામ દ્રવ્ય ઠરે છે. એમ. **'તે બન્નેના આધારભૂત ધ્રૌવ્ય પ્રગટ થાય છે;...'** ન્યાયથી, લોજિકથી બધી વાત કરી. જુઓ, શું કહ્યું સમજાણું કાંઈ? ઘડો તે કૂંડું ત્યાં એકપણું, બે છે એમાં એકપણું અસંભવિત છે. એટલે એકપણું ઘડો તે કૂંડું એમ કહેવામાં તો માટી જ પ્રગટ થાય છે. માટી તે છે. એમાં એ માટી અને એ માટી. એમ ઉત્પન્ન તે વિલય એમાં એકપણું અસંભવિત છે. સમજાય છે. ઉદ્‌ભવ તે વિલય, ઉદ્‌ભવ તે વિલય બે. એમાં એકપણું અસંભવિત છે. બેમાં એકપણું અસંભવિત છે. માટે ધ્રુવ સિદ્ધ થાય છે. જે ઉત્પન્ન તે વિલય એ તો ધ્રુવ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ... વાત આવે ત્યારે જરા કઠણ પડે.

ઉત્તર :- જરી કઠણ પડે. હવે વિશેષ આવશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૯, રવિવાર, તા. ૧૨.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૧૯-૧૨૦, પ્રવચન-૧૨૪**

૧૧૯ ગાથા ચાલે છે. પ્રવચનસાર. જ્ઞેય અધિકાર. ક્યાંથી લેવાનું છે? શેઠી! ખબર નથી? નથી ખબર. જુઓ કાલે એક પેરેગ્રાફ ચાલ્યો હતો. ફરીને એ લઈએ.

મુમુક્ષુ :- ઘડો તે કૂંડું...

ઉત્તર :- હા એ ફરીને લઈએ. ફરીને લઈએ છીએ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના આખું ચાલ્યું છે. પણ એકદમ ચાલ્યું છે.

શું કહે છે? જુઓ પહેલા એનો ઉપોદ્‌ઘાત. આત્મા આદિ જે દ્રવ્ય છે એ દ્રવ્ય તો એ જ છે. દ્રવ્યદૃષ્ટિએ તો દ્રવ્ય જ્યાં છે ત્યાં દ્રવ્ય જ છે. પર્યાયદૃષ્ટિએ અનેરી-અનેરી પર્યાયે ઉપજે છે. પૂર્વપર્યાયમાં એ હતો અને ઉત્તર પર્યાયમાં એ હતો એ તો દ્રવ્યદૃષ્ટિએ. પૂર્વ પર્યાય અને ઉત્તર અનેરી પર્યાય, અનેરી-અનેરીમાં એ છે એમ નથી. સમજાણું કાંઈ? હજી નથી આવ્યું. એ દૃષ્ટાંત છે જુઓ. દૃષ્ટાંત લ્યો. **'જેમ 'જે ઘડો છે તે જ કૂંડું છે'...'** છે? આવ્યું એ? ક્યાં આવ્યું? કાંઈ નથી આવ્યું હજી.

મુમુક્ષુ :- જે ઘડો છે તે જ કૂંડું છે.

ઉત્તર :- જેમ ઘડો હોયને ઘડો? ઘડો તે કૂંડું છે.

**'એમ કહેવામાં આવતાં, ઘડાના સ્વરૂપનું ને કૂંડાના સ્વરૂપનું એકપણું અસંભવિત હોવાથી...'** ઘડો તે કૂંડું છે એમ જ્યારે કહેવામાં આવે છે તો ઘડો અને કૂંડું એ તો અનેકપણે ભિન્ન-ભિન્ન છે. પણ ઘડો છે તે કૂંડું છે એમ કહેવામાં એકપણું અસંભવિત છે. બેમાં એકપણું અસંભવિત છે. ઘડો અને કૂંડું બે છે એમાં એકપણું અસંભવિત છે. ઘડો છે એ કૂંડું છે એમ કહેવામાં ઘડો અને કૂંડું અનેક છે એમાં એકપણું સંભવિત નથી. **'તે બન્નેના આધારભૂત માટી પ્રગટ થાય છે,...'** તો એમાં તો એક છે તો એમાં માટી પ્રગટ થઈ. ઘડામાં માટી હતી, કૂંડામાં પણ માટી... માટી... માટી... માટી... માટી... કહો, મલૂકચંદભાઈ! ક્યાં છે? એ કાંઈ પકડાય એવું બરાબર નથી નહિ વેપારી માણસને?

મુમુક્ષુ :- હમણા બીજું કામ છે.

ઉત્તર :- હમણા બીજું કામ છે. એ કહ્યુંને કે જે માટી છે એ તો ઘડામાં અને કૂંડામાં. ઘડો છે તે કૂંડું છે એમ કહ્યુંને? ઘડો છે તે કૂંડું છે. એ ઘડો અને કૂંડું તો ભિન્ન-ભિન્ન છે. પણ છે એ છે એમ કહ્યું તો માટી આધારભૂત થઈ. ત્યાં બે વચ્ચે માટી આધાર છે. સમજાણું કાંઈ? જે ઘડો છે તે જ કૂંડું છે. કૂંડું સમજો છોને? કૂંડું હોય છે. એમ કહેવામાં આવે છે

એમાં ઘડાનું સ્વરૂપ અને કૂંડાનું સ્વરૂપ એકપણા.. બેમાં એકપણાનું, પર્યાય ભિન્ન-ભિન્ન છે તો પર્યાયમાં એકપણું સંભવ નથી. પર્યાયમાં એકપણું સંભવ નથી. અસંભવ છે. તો એ બંનેના આધારરૂપ માટી પ્રગટ થાય છે. ત્યાં તો માટી ઘડામાં હતી એ જ માટી કૂંડામાં છે. તો માટી ત્યાં દૃષ્ટિમાં આવે છે. અનેકપણામાં એકપણું દૃષ્ટિમાં આવે છે એમ કહે છે. સમજાણું કાંઈ?

અને '**તેમ જે ઉદ્‌ભવ છે તે જ વિલય છે એમ...**' આ દૃષ્ટાંત થયો. **તેમ જે ઉદ્‌ભવ છે તે જ વિલય છે...**' ઉત્પન્ન થવું તે જ વિલય છે. મનુષ્યપણાનું ઉત્પન્ન થવું તે જ મનુષ્યપણાના પૂર્વનો નાશ છે એમ કહેવું. **એમ કહેવામાં આવતા, ઉદ્‌ભવના સ્વરૂપનું...**' ઉત્પાદના સ્વરૂપનું અને '**વિલયના સ્વરૂપનું એકપણું અસંભવિત હોવાથી...**' જે ઉત્પન્ન છે તે વિલય છે. સમજાણું કાંઈ? જેમ પૂર્વભવમાં મનુષ્યભવ હતો અને આ ભવમાં મનુષ્યપણું મળ્યું. તો કહે જે ઉત્પન્ન છે એ જ વિલય છે. આ ઉત્પન્ન છે તે વિલય છે. તો ઉત્પન્ન વિલય તો બે થયા. તો બેમાં એકપણું અસંભવિત છે. સમજાણું કાંઈ? પણ એમાં જીવ દ્રવ્ય છે એમ આવ્યું. કે પૂર્વે પણ જીવદ્રવ્ય હતું, અત્યારે પણ જીવદ્રવ્ય છે.

'**તે બન્નેના આધારભૂત ધ્રૌવ્ય પ્રગટ થાય છે;...**' બન્નેના આધારભૂત ધ્રુવ, દ્રવ્ય, દ્રવ્યાર્થિકનયનું દ્રવ્ય પ્રગટે છે. સમજાણું કાંઈ? શું કહ્યું સમજાણું? શોભાલાલજી! જે ઘડો છે, સમજાણું? ઘડો છે તે કૂંડું છે. ઘડો છે તે કૂંડું છે. તો ઘડો અને કૂંડું તો પર્યાયથી ભિન્ન-ભિન્ન ચીજ થઈ. પણ એ છે એ આ છે એમ કહ્યું તો ત્યાં માટી ધ્રુવ થઈ. કે જેમ માટી પણ ઘડામાં છે અને કૂંડામાં પણ માટી છે. તો માટી અને ઘડા અને કૂંડાના આધારભૂત માટી પ્રસિદ્ધ પ્રગટમાં આવે છે. ત્યાં અનેરું અનન્યપણું એ ઘડો એ કૂંડું છે. એમાં અનેરુંપણું પ્રસિદ્ધ થતું નથી. સમજાણું કાંઈ? આ ન્યાયનો વિષય થોડો કહ્યો.

તો જે ઉત્પન્ન છે તે વિલય છે એમ કહેવામાં આવતા ઉત્પન્નનું સ્વરૂપ અને વિલયનું સ્વરૂપ એકપણું અસંભવિત છે. ઉત્પન્ન અને વિલયમાં એકપણું બે પર્યાયમાં અસંભવિત છે. તો ઉત્પન્ન એ વિલય છે એમ કહેવામાં આવે છે. ત્યારે ધ્રુવ થયું. જે ધ્રુવ છે ઉત્પન્નમાં એ જ વિલયમાં ધ્રુવ હતું. સમજાણું કાંઈ? જેમ કે આ મનુષ્ય છે તે વ્યય અને દેવ ઉત્પન્ન. તો કહે છે કે જે ઉત્પન્ન છે તે વ્યય છે. ઉત્પન્ન છે એ વ્યય છે. તો ઉત્પન્ન અને વ્યય તો ભિન્ન-ભિન્ન થયા. તો ઉત્પન્ન છે એ વ્યય છે એમ કહેતા આત્મદ્રવ્યની સિદ્ધિ પ્રગટ થઈ. આત્મ દ્રવ્ય પ્રગટ થયો કે આત્મા છે. ઉત્પન્નમાં પણ આત્મા અને વ્યયમાં પણ આત્મા. આત્મા છે એમ પ્રસિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? જિનેન્દ્રજી! સમજાય છે કે નહિ?

'**તેથી...**' હવે ઉતારે છે લ્યો! '**દેવાદિપર્યાય ઉત્પન્ન થતાં...**' કેમકે એ મુનિ છેને? તો દેવમાં ઉપજશે. તો **દેવાદિપર્યાય ઉત્પન્ન થતાં ને મનુષ્યાદિપર્યાય નષ્ટ થતાં,...**' સમજાણું? દેવાદિ પર્યાય ઉપજશે તો મનુષ્ય પર્યાયનો વ્યય થયો. '**જે ઉદ્‌ભવ છે તે**

**જ વિલય છે'** જે ઉત્પન્ન થયું, જે ઉત્પન્ન થયું તે જ વિલય. તો એમ ગણવાથી, એવી અપેક્ષા લેતા **'તે બન્નેના આધારભૂત ધ્રૌવ્યવાળું...'** ધ્રૌવ્યવાળું જીવદ્રવ્ય પ્રગટ થાય છે. જીવદ્રવ્ય છે... છે... છે... એમ પ્રગટ થાય છે. દેવની ઉત્પત્તિમાં પણ જીવ, મનુષ્યપણાના વ્યયમાં પણ જીવ... જીવ... જીવ... કહો, ભગવાનજીભાઈ! દ્રવ્ય પર્યાયદષ્ટિએ અહીં નહિ. આ તો એ દેવ ઉત્પન્ન થયો તે જ વ્યય થયો, જે ઉત્પન્ન થયું તે જ વ્યય થયું એમ કહેવામાં પર્યાય ન આવી, ધ્રુવપણું આવ્યું. જે દેવપણે ઉત્પન્ન થયો તેનો મનુષ્યપણે વ્યય થયો. મુનિ, સમ્યગ્દષ્ટિ તો દેવમાં જ જાય છે. સમજાણું કાંઈ? તો દષ્ટાંત દેવનું પણ લીધું છે. તો દેવમાં ઉત્પન્ન થાય છે એનો જ મનુષ્યમાં વ્યય થયો. એ તો જીવદ્રવ્ય થયું. સમજાણું કાંઈ? ત્યાં પર્યાય ન આવી. દ્રવ્ય આવ્યું.

**'એમ ગણવાથી તે બન્નેના આધારભૂત ધ્રૌવ્યવાળું જીવદ્રવ્ય...'** એકરૂપ રહેનારું જીવદ્રવ્ય એ પ્રગટ નામ પ્રસિદ્ધમાં, જોવામાં આવે છે, ખ્યાલમાં આવે છે. **'માટે સર્વદા દ્રવ્યપણે જીવ ટંકોત્કીર્ણ રહે છે.'** ભગવાન આત્મા જીવપણે જીવદ્રવ્ય એવો ને એવો, ધ્રુવપણે એવો ને એવો રહે છે. તે દષ્ટિ ઉત્પન્ન થઈ તે જ વ્યય થઈ એમાં દ્રવ્યદષ્ટિની પ્રધાનતામાં દેવમાં જીવદ્રવ્ય જ પ્રસિદ્ધમાં, ખ્યાલમાં આવે છે. કલ્યાણજીભાઈ! ન્યાયથી આ તો મૂક્યું ભાઈ! સમજ્યા કે નહિ? જવાબ નથી પૂછ્યો. મૂંઝાવું નહિ તમારે. એમ હા પાડે તો કહે શું સમજ્યા એમ કહે.

મુમુક્ષુ :- જવાબ દેવામાં ઢીલા છે.

ઉત્તર :- ઢીલા જ છે. અત્યારે પણ ઢીલા છે. એટલે આમ જરી કીધુંને બહુ ઓલું તો હા એમ કહે. એય..!

મુમુક્ષુ :- પૂછો તો પાછું કહેવું પડેને.

ઉત્તર :- ઓલા પૈસામાં ત્યાં ક્યાં ધડાકા નથી લેતા? ત્યાં નથી લેતા? જાવ પચાસ હજાર આમ, પાંચ હજાર આમ, ધૂળ એવી કરે છે કે નહિ?

મુમુક્ષુ :- તડામાર કરે છે.

ઉત્તર :- ત્યાં તો તડામાર કરે છે. કાગળમાં આવ્યું હતું તડામાર કામ ચાલે છે. આવ્યું હતુંને? આવ્યું હતું. કહો, સમજાણું કાંઈ?

જુઓ, પહેલા તો દષ્ટાંત એ કહ્યું કે જે ઘડો એ કૂંડું, એ કૂંડું. ઘડો એ કૂંડું. તો એમાં બે પણું ન આવ્યું. ઘડો એ કૂંડું. એ બે પણું ન આવ્યું. એ કૂંડું, એ ઘડો, એ કૂંડું. માટી આવી. સમજાણું કાંઈ? એમ ઉત્પન્ન તે વ્યય. ઉત્પન્ન તે વ્યય. ઉત્પન્ન તે વ્યય. તો ઉત્પન્ન અને વ્યય બે ન આવ્યું. ઉત્પન્ન તે વ્યય દ્રવ્ય આવ્યું. એમ દેવ ઉત્પન્ન એ મનુષ્યનો વ્યય. પર્યાય ન આવી, જીવદ્રવ્ય આવ્યું. સમજાણું કાંઈ? કેટલી આચાર્યોએ સત્ સમજાવવા માટે પર્યાય ભિન્ન-ભિન્ન થાય છે, દ્રવ્ય તો એ જ રહે છે. એ બતાવવું છે. સંસાર પર્યાય નાશવાન

છે એ બતાવવું છે. કોઈપણ ચાર ગતિની પર્યાય છે તે નાશવાન છે. એ પર્યાય બીજી પર્યાયમાં રહેતી નથી, પણ એ પર્યાયમાં દ્રવ્ય તો કાયમ રહે છે એમ કહેવું છે. સમજાણું કાંઈ?

અહીં મનુષ્યપણે ઉત્પન્ન થયો તો પૂર્વ ભવમાં કોઈ ગતિમાં હતોને? તો કહે છે કે જે ઉત્પન્ન છે તે વ્યય છે. તો ઉત્પન્ન અને વ્યય બે ન આવ્યા. ઉત્પન્ન છે તે વ્યય છે અને આ જીવદ્રવ્ય આવ્યું. સમજાણું કાંઈ? મનુષ્યપણે ઉપજ્યો એ પૂર્વના મનુષ્યપણાનો વ્યય થયો. તો કહે છે કે જે ઉત્પન્ન છે તે વ્યય છે. તો એમાં ઉત્પન્ન-વ્યય બે ન આવ્યા. ઉત્પન્ન અન્ય છે, વ્યય અન્ય છે, તો બે પર્યાય આવી. પણ આ તો ઉત્પન્ન એ છે એમાં જ વ્યય છે. એનો અર્થ એ દ્રવ્ય છે. ઉત્પન્ન થયું દ્રવ્ય, વ્યય પણ દ્રવ્યપર્યાયથી નાશ થયું. દ્રવ્ય તો એનું એ છે. આહા..હા..! ભારે! આ તો બહુ સાદી ભાષા પણ જરી વેપારીને ન્યાયનો અભ્યાસ ન મળેને. ન્યાય તો આપણે ક્યાં ન્યાય શીખવા ગયા હતા વેપાર દુકાનમાં. આ તો ન્યાય એમાં ને એમાં આવ્યો.. શેઠી!

મુમુક્ષુ :- ઉપર ઉપરથી વેપાર કર્યો હતો, અંતરથી નહોતો કર્યો.

ઉત્તર :- વાત સાચી. એમાં રસ નહોતો ક્યાંય. આ તો જુઓ, આ તો રસવાળા વેપારી છે એમ કહે છે. આહા..હા..! અરે ભગવાન! તું કોણ છો? શું છો? જો તો ખરા તું. ક્યાંથી આવ્યો? ક્યાં છે? સમજાણું કાંઈ? જ્યાં છે ત્યાં તું છે એમ કહે છે. જ્યાં છે ત્યાં તું છો દ્રવ્યથી. કૂંડા અને ઘડામાં માટી છે, એમ ઉત્પન્ન અને વ્યયમાં દ્રવ્ય છે, એમ દેવની ઉત્પત્તિ અને મનુષ્યના નાશમાં જીવદ્રવ્ય છે એમ કહે છે. કહો, બાબુભાઈ! સમજાણું કાંઈ?

‘**માટે સર્વદા દ્રવ્યપણે જીવ ટંકોત્કીર્ણ રહે છે.**’ ભગવાન આત્મા સર્વદા દ્રવ્ય વસ્તુપણે જીવ ટંકોત્કીર્ણ એવો ને એવો રહે છે. ધ્રુવપણે એવો ને એવો રહે છે. એ ધ્રુવપણાનું દૃષ્ટાંત થયું. હવે પર્યાયનું દૃષ્ટાંત. ‘**અને વળી, જેમ ‘અન્ય ઘડો છે અને અન્ય કૂંડું છે’...**’ જુઓ, ઓલામાં એમ હતું કે ઘડો છે તે કૂંડું છે, એમ આવ્યું હતું. તો એ ઘડો છે તે કૂંડું છે એ તો માટી છે. માટી ઘડાપણે હતી તે માટી કૂંડાપણે થઈ એ તો માટી છે. માટીની ધ્રુવપણાની પ્રસિદ્ધિ થઈ. સમજાણું કાંઈ? ‘**વળી, જેમ ‘અન્ય ઘડો છે અને અન્ય કૂંડું છે’...**’ એમ કહેતાં ‘**તે બન્નેના આધારભૂત માટીનું અન્યપણું અસંભવિત હોવાથી...**’ જુઓ, અન્ય ઘડો અને અન્ય કૂંડું એમાં બેના આધારભૂત જે આ માટી અસંભવિત છે. કેમકે અન્ય-અન્ય કહ્યુંને? અન્ય-અન્યમાં માટી નથી આવતી, અન્ય-અન્યમાં તો પર્યાય આવે છે. એ છે. એ આ છે. એમાં માટી આવે છે. એ છે એ નહિ એમાં માટી નથી આવતી, પર્યાય આવે છે. સમજાણું કાંઈ? આ પ્રવચનસારની ભાષા તો બહુ સાદી છે, પણ એને સમજતા વાર લાગે કહો. લાલજીભાઈ!

જેમ અન્ય ઘડો છે પર્યાય અપેક્ષાએ કીધુંને? અન્ય કૂંડું છે. અનેરી-અનેરી દશા છે એમ

કહ્યુંને? એમ કહેવામાં આવતા તે બંનેના આધારભૂત માટીનું અન્યપણું અસંભવિત છે. બેમાં માટીનું અન્ય-અન્યપણું અસંભવિત છે. ધ્રુવનું અન્યપણું અસંભવિત છે, પર્યાયનું અન્યપણું સંભવિત છે. કલ્યાણજીભાઈ! છે એમાં? સમજાય છે કે નહિ? નરેશભાઈ! નરેશજી! આ સમજવું પડશે હોં! કૂંડા ને માટીને ઓલા. કહે છે કે હમણા અહીં ઉપજ્યો. કહો, સમજાણું કાંઈ? શોભાલાલને ઘરે (આવ્યો) તો પહેલા વ્યય થયો પછી ઉત્પન્ન થયો. પહેલા વ્યય થયોને ક્યાંક? પછી અહીં ઉત્પન્ન થયો. પણ જે ઉત્પન્ન થયો એ જ વ્યય છે એમાં આત્મા આવ્યો. પણ ઉત્પન્ન અનેરી અને વ્યય અનેરામાં પર્યાય આવી. શોભાલાલજી! સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં ઉત્પન્ન થયો એ જ વ્યય છે. એ જ વ્યય છે. એમ કહેવામાં બે પર્યાય ન આવી. દ્રવ્ય આવ્યું. તો દ્રવ્ય અહીંયાં ઉત્પન્ન થયું તે પૂર્વે દ્રવ્ય વ્યય થયું પૂર્વભવમાં. તો એમાં દ્રવ્ય આવ્યું. અનેરુંપણું ન આવ્યું. એકપણાનું અસંભવિત છે. એમાં એકપણું અસંભવિત છે. સમજાણું કાંઈ? એ જ હું. અન્યપણું અસંભવિત છે, એકપણું સંભવિત છે. પણ એ ઉત્પન્ન છે અન્ય, વ્યય છે અન્ય. અહીં અવસ્થા ઉત્પન્ન થઈ, પૂર્વે વ્યય થયું અન્ય. તો એમાં દ્રવ્ય ન આવ્યું. પર્યાય આવી. પોપટભાઈ! કહો, સમજાય છે કે નહિ? કહો, સૂર્યચંદજી સમજાય છે? આહા..હા..! ભારે વાત ભાઈ!

આ તો કહે છે કે ભગવાન! તું તો જે છે એ છે. જ્યાં પર્યાયમાં આવ્યો પણ પર્યાયરૂપ થયો જ નથી એમ કહે છે. અવસ્થારૂપ થયો નથી. દ્રવ્ય છે ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... છે. અને પર્યાય છે તો ધ્રુવ પર્યાયરૂપ થયો નથી. પર્યાય તો અન્ય પર્યાય ઉત્પન્ન થઈ અને અન્ય પર્યાય વ્યય થઈ એમ કહે છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાય અન્ય થઈ અને પર્યાય અન્ય વ્યય થઈ. દ્રવ્ય અન્ય ઉત્પન્ન થયું અને દ્રવ્ય અન્યનો નાશ થયો એમ નથી. બરાબર છે? આહા..હા..! એ સંસારની સંસરણ ક્રિયા કહે છે. તે ક્રિયામાં એ જ ઉત્પન્ન અને એ જ વ્યય એ તો ધ્રુવપણું પ્રસિદ્ધ કરે છે. અન્ય ઉત્પન્ન અને અન્ય વ્યય એ પર્યાયપણું પ્રસિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'માટીનું અન્યપણું અસંભવિત હોવાથી...'** કારણ કે અન્ય ઘડો અને અન્ય કૂંડું... અન્ય ઘડો અને અન્ય કૂંડું એમાં માટીનું અન્યપણું અસંભવિત. કારણ કે માટીનું એકપણું સંભવિત છે. અને આ તો અન્ય ઘડો અને અન્ય કૂંડું (એમાં) માટીનું એકપણું સંભવિત છે, પર્યાયનું અન્યપણું સંભવિત છે. કહો, પોપટભાઈ! હવે આમાં ઘરે શી રીતે વાંચતા હશો તમે? દાંત કાઢે એ તમારા. હવે અહીં સમજવામાં આવું મુશ્કેલ પડે એ ઘરે શી રીતે વાંચતા હશે? ત્યારે અત્યાર સુધી ચોપડી રાખી છે કે નહિ ઘરે? શું કહ્યું જુઓ. અન્ય ઘડો અને અન્ય કૂડું. અન્ય કહ્યુંને? એમ કહેતા બંનેના આધારભૂત અન્યપણું, બંનેના આધારભૂત માટીનું અન્યપણું અસંભવિત છે. અનેરી પર્યાયે ઉત્પન્ન થયો, અનેરી પર્યાયે વ્યય થયો.

ત્યાં અન્યપણુંમાં એકપણું ન આવ્યું. ત્યાં અન્યપણું આવ્યું. એકપણું માટી ન આવી. ત્યાં અનેરી પર્યાય આવી. અનેરી પર્યાય ઉત્પન્ન થઈ, અનેરી પર્યાયનો વ્યય થયો. એ પર્યાયમાં એ હતો અને એ પર્યાયમાં એ હતો એમ ધ્રુવ ન આવ્યું. સમજાણું કાંઈ? કહો, આ તો બહુ સાદી ભાષા પણ માણસને... કહો, રવિભાઈ!

મુમુક્ષુ :- એ તો બધે આવે.

ઉત્તર :- એ બધું આવે લ્યો! અમારે રામજીભાઈએ પાસ કર્યા હતા એને. ઘણા બુદ્ધિવાળા છે. કહો, સમજાણું?

'**ઘડાનું ને કૂંડાનું સ્વરૂપ (-બન્નેના ભિન્નભિન્ન સ્વરૂપ) પ્રગટ થાય છે,...**' જુઓ, અન્ય કૂંડું અને અન્ય ઘડો એમાં બે પર્યાયની પ્રસિદ્ધિ થાય છે. માટીની પ્રસિદ્ધિ નહિ. અન્ય-અન્ય કહ્યુંને? અન્ય અન્યમાં અનન્ય એક માટી પ્રસિદ્ધ થતી નથી. અન્ય-અન્યમાં પર્યાય પ્રસિદ્ધ થાય છે. ઓહો..! કેવી રીતે નાખ્યું છે જુઓને! તેમ. પહેલો ઘડાનો દાખલો આપ્યો. તેમ સામાન્ય પહેલો દાખલો અને પછી પાછો ગતિનો આપશે. પહેલો દાખલો, પછી એનો સિદ્ધાંત. જે ઉત્પન્ન છે, અન્ય ઉત્પન્ન છે, અન્ય વિલય છે. તે સામાન્ય દાખલો આપે છે હજી. અન્ય ઉત્પન્ન થઈ પર્યાય, અન્ય વિલય થઈ પર્યાય '**એમ કહેવામાં આવતા, તે બન્નેના આધારભૂત ધ્રૌવ્યનું અન્યત્વ અસંભવિત છે...**' અન્ય અન્યમાં ધ્રુવનું અન્ય-અન્યપણું, અન્ય-અન્યમાં તેનું તે ધ્રુવનું અસંભવિત છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- જુદાં જુદાં

ઉત્તર :- જુદાં જુદામાં એકપણું ક્યાંથી આવ્યું? એમ કહે છે. જે ઉત્પન્ન અન્ય છે વિલય, અન્ય છે એમાં અનન્ય એવું દ્રવ્ય ન આવ્યું. તો પર્યાય આવી. કલ્યાણજીભાઈ! આહા..હા..! લ્યો!

'**ઉદ્ભવનું અને વિલયનું સ્વરૂપ પ્રગટ થાય છે;...**' ત્યાં તો અન્ય-અન્યમાં તો ઉત્પન્ન અને વ્યયની દશા પ્રગટ થાય છે. ત્યાં ધ્રુવની દશા ખ્યાલમાં આવતી નથી. પર્યાયનું લક્ષ, પર્યાયનો ખ્યાલ આવે છે. અનેરી પર્યાય ઉત્પન્ન અને અનેરી વ્યય એમાં પર્યાયનો ખ્યાલ આવે છે, દ્રવ્યનો ખ્યાલ આવતો નથી. સમજાણું કાંઈ? '**તેથી...**' હવે તો પહેલું ઘડાનો દૃષ્ટાંત આપી, પછી ઉત્પન્ન-વ્યય, હવે ગતિમાં ઉતારશે. હવે ગતિમાં ઉતારે છે. ત્રણ વાત સિદ્ધ કરી જુઓ. '**દેવાદિ પર્યાય ઉત્પન્ન થતાં મનુષ્યાદિપર્યાય નષ્ટ થતાં, અન્ય ઉદ્ભવ છે અને અન્ય વિલય છે...**' સમજાણું કાંઈ? અહીંયાંથી દેવપણે ઉત્પન્ન થતાં, સમજાણું કાંઈ? મનુષ્યાદિ પર્યાય. આદિ પછી બધું છે. '**મનુષ્યાદિ પર્યાય નષ્ટ થતાં,...**' મનુષ્યાદિ પર્યાય નષ્ટ થતાં, દેવની પર્યાય ઉત્પન્ન થતાં '**અન્ય ઉદ્ભવ છે...**' અનેરી પર્યાયનો ઉત્પાદ, અનેરી પર્યાયનો વિલય—એમ ગણતાં, એવી અપેક્ષા લેતા ઉત્પન્ન અને વિલયવાળા દેવાદિ પર્યાય કે મનુષ્યાદિ પર્યાય પ્રગટ નામ ખ્યાલમાં આવે છે. અન્ય અન્યમાં પર્યાય

જણાય છે, અનન્યમાં ધ્રુવ જણાય છે. ભારે વાત ભાઈ! અનેરો ઉત્પાદ અને અનેરો વ્યય કીધું એમાં દ્રવ્યપણું ક્યાં આવે? એ પર્યાય ખ્યાલમાં આવી. આ પર્યાયે દેવ થયો, આ પર્યાયે મનુષ્ય અને નારકી. પર્યાય ખ્યાલમાં આવી. સમજાણું કાંઈ?

એ જ ઉદ્ભવ અને એ જ વિલય, તે દ્રવ્ય જણાયું. એ જ ઉત્પન્ન અને એ જ નાશ, દ્રવ્ય જણાયું. અનેરું ઉત્પન્ન અને અનેરો વિલય પર્યાય ખ્યાલમાં આવી. બરાબર છે? આટલી ટીકા કરીને જુઓને આચાર્ય ત્રણ-ત્રણ પ્રકાર. પહેલાં ઘડો-કૂંડું, ઉદ્ભવ-વિલય, પછી ગતિ દેવ અને મનુષ્ય. ત્રણ પ્રકારથી પ્રસિદ્ધ કર્યું છે. હવે યાદ રહે કે નહિ? રાતે ન કહેવાય. નહિ? લે આ તમારા છોકરા કહે છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ?

**'માટે પ્રતિક્ષણ પર્યાયોથી જીવ અનવસ્થિત છે.'** ક્ષણે ક્ષણે આત્મા પર્યાયથી અનેરું-અનેરું હોય છે. દ્રવ્યથી એનું એ રહે છે. બરાબર છેને? શોભાલાલજી! પ્રતિક્ષણ-પ્રતિક્ષણ. પ્રત્યેક ક્ષણે પર્યાય અન્ય અન્ય થાય છે અને પ્રત્યેક ક્ષણમાં દ્રવ્ય જે છે એ તો એનું એ રહે છે. આહા..હા..! ભાષા એક પ્રતિક્ષણ-દરેક ક્ષણે. એ પ્રતિક્ષણ સંસ્કૃત છે એટલે પ્રતિક્ષણ મૂક્યું છે એમને? પાઠમાં પ્રતિક્ષણ છે. પ્રતિક્ષણ છે ખરુંને. પ્રતિક્ષણ સમજી જતા હશે? આ ગુજરાતી અનુવાદ આવો હશેને?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એમ? પહેલા પૂછ્યું હતું? વાત સાચી. આ પ્રતિક્ષણનો ખ્યાલ આવ્યો મગજમાં અમથો. પ્રતિક્ષણનો અર્થ ગુજરાતીવાળા સમજતા હશે? સંસ્કૃતનું પ્રતિક્ષણ મૂકી દીધું.

મુમુક્ષુ :- પોતે ગુજરાતીવાળા નથી કે ન સમજે?

ઉત્તર :- ભાઈ હવે એ તો પ્રેમચંદભાઈ જેવા ડાહ્યા માણસ હતા અને ના પાડતા હતા કે આ તો ગુજરાતી નથી, સંસ્કૃત છે એમ. પણ એનો અર્થ આપણે સાધારણ ભાષામાં પ્રતિક્ષણ એટલે પ્રત્યેક કાળે, પ્રત્યેક સમયે, દરેક સમયે એમ લ્યો પ્રતિક્ષણનો અર્થ દરેક ક્ષણે પર્યાયોથી જીવ અનવસ્થિત છે, અવસ્થિત નથી. અનવસ્થિત છે, અસ્થિર છે. એક પર્યાય ઉત્પન્ન થઈ અને બીજી પર્યાયનો વ્યય થયો. અનવસ્થિત છે. એ એને એમ કે અનવસ્થિત શબ્દ મૂક્યો છેને એમ કહે છે. ઠીક છે એટલું તો ભાઈ, શાસ્ત્ર સમજવા માગે એને એટલો તો ખ્યાલ આવવો જોઈએને. દરેકના પાછા કાંઈ ગુજરાતી શબ્દ હોય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ .. એમ લ્યો ઠીક! ગંભીરતા શાસ્ત્રનો શબ્દ છે.

**'અનવસ્થિત છે.'** શું કહે છે? દરેક આત્મા. સમજાણું કાંઈ? અહીં જીવનો દાખલો છે. એમ દરેક દ્રવ્ય ક્ષણે ક્ષણે અન્ય અન્ય અવસ્થાએ થાય છે તો અનવસ્થિત છે. એકરૂપ રહેતું નથી. દ્રવ્યથી અવસ્થિત છે. દરેક દ્રવ્ય અવસ્થિત નામ જેવું છે એમ રહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! તારી રમત તારામાં છે એમ કહે છે. બીજાની સાથે કાંઈ સંબંધ નથી.

આહા..હા..! અનેરી-અનેરી અવસ્થા હોય તોપણ તારામાં, એમ ને એમ રહેવું હોય તોપણ તું. અનેરી-અનેરી અવસ્થા હોય તો અન્યમાં કોઈ બીજી અવસ્થા તારાથી થાય એમ નથી. અનેરી-અનેરી અવસ્થા તારામાં હોય તો એ પરથી તારામાં અનેરી-અનેરી અવસ્થા થાય એમ નથી એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? કે દેવાદિ પર્યાય થઈ તો કર્મને કારણે દેવાદિ પર્યાય થઈ એનો અહીં નિષેધ કરે છે. સમજાણું કાંઈ? નહિ. દેવાદિપર્યાયપણે તો તું જ ઉત્પન્ન થયો છો. મનુષ્ય પર્યાયે તું જ ઉત્પન્ન થયો છો. કહે છેને કે જુઓ, શ્રેણિકરાજા ક્ષાયિક સમકિતી તીર્થંકરગોત્ર બાંધ્યું છે. તો નરકમાં જવાની ઇચ્છા છે? કેમ ગયા? કે કર્મથી એને જાવું પડ્યું. એ અહીં ના પાડે છે. કે પ્રતિક્ષણ અનેરી-અનેરી અવસ્થાએ થવું તે પર્યાયનો ધર્મ છે. પરને કારણે નહિ. કર્મથી નરકમાં જાવું પડ્યું એમ છે જ નહિ એમ સિદ્ધ કરે છે. આહા..હા..! પહેલી ક્ષણે શ્રેણિક રાજાની પર્યાય હતી. અંદર ગતિની હોં! હવે બીજી ક્ષણે પાધરી નરકની ગતિ થઈ પહેલી નરકમાં. તો શું કારણ છે? ક્યા કારણે નરકનું આયુષ્યનું બંધાણું એ કારણે? ના. એ કહે છે. આહા..હા..! જુઓ તો કેટલું સિદ્ધ કરે છે! જ્ઞેયનો અધિકાર છેને જ્ઞેય. તો એ જીવ જ્ઞેય છે જ્ઞાનમાં જાણવાલાયક. તો એ જીવદ્રવ્ય એ જ રહે છે અને પ્રતિક્ષણ પોતાથી અનેરી-અનેરીપણે અવસ્થા થાય છે. એવું જ્ઞેયનું-તત્ત્વનું સ્વરૂપ છે. એવું જ્ઞાન જાણે તો જ્ઞાન સાચું. પણ એનાથી ભિન્ન જાણે કે એ પર્યાય અનેરી-અનેરી થઈ તો કર્મથી અનેરી થઈ, કર્મથી ગતિમાં જાય તો જ્ઞેયની પર્યાયનો અનેરો-અનેરો સ્વભાવ એણે માન્યો નથી. પરને કારણે મારી અવસ્થા થઈ એમ માન્યું તે વિપરીત દૃષ્ટિ છે. એ સમકિતનો અધિકાર છે. બધો સમકિતનો અધિકાર છે. સમજાણું કાંઈ?

જુઓ, કેમ સિદ્ધ કરે છે? કે ભગવાન આત્મા મનુષ્યનો વિલય થઈને સ્વર્ગમાં જાશે, પર્યાય ઉત્પન્ન થશે, તો કહે છે કે એ પર્યાયમાં આયુષ્ય નામકર્મ બંધાણું છે. દેવગતિ પડી છે એને કારણે એ દ્રવ્ય પર્યાય થાય છે? નહિ. એમ કહે છે. પોતાની દેવપણે ઉત્પન્ન થવાની પર્યાયને કારણે અન્ય-અન્ય પર્યાય થઈ છે. ઉદય એ અન્ય, વિલય અન્ય. અહીં પર્યાયનો વિલય ક્ષણે ક્ષણે નવી પર્યાય ઉત્પન્ન, પૂર્વનું વ્યય, ઉત્પન્ન-વ્યય... ઉત્પન્ન-વ્યય... એ અનેરી-અનેરી પર્યાયપણે જણાય છે. બીજાથી અનેરી પર્યાય થઈ એમ જણાતું નથી. સમજાણું કાંઈ? લોકો કહે છેને એ જમડા આવ્યા અને પછી દોરી નાખીને લઈ ગયા બીજે નરકમાં. કહે છેને. આવે છેને? ફોટામાં આવે છે. એક શંકરનું લિંગ છે. એમાં એક પાડો આવે છે. જમનો પાડો. જોયો છેને? પાડો સમજ્યાને? જમ આવે છે તો શંકરના પગ પકડી લે છે. એમ પકડીને નરકમાં લઈ જાય છે. કોને લઈ જાય? શરીર તો અહીં પડ્યું રહે છે. આત્માને લઈ જાય? કોને લઈ જાય? એ જૂઠું છે. એમ અહીંયાં કોઈ કહે કે કર્મ અહીંયાંથી નરકમાં લઈ જાય એ જૂઠું છે, એમ સિદ્ધ કરે છે. ફોટો જોયો છેને? શોભાલાલજી! ફોટો આવે છે. અમે તો સંસારમાં જોયું હતું. એક લિંગને પકડે છે. પછી એ દોરી નાખે છે એના ગળામાં.

ભેંસ ઉપર જમ બેસીને આવે છે તો નરકમાં લઈ જાય છે. કોને લઈ જાય? શરીરને? શરીર તો અહીં પડ્યું રહે છે. આત્માને? આત્મા તો અરૂપી છે. કોને ગળામાં નાખે? એવી ભ્રમણા અજ્ઞાનીઓની છે. તેની સિદ્ધિ કરે છે. એ બધી તારી વાત ખોટી છે.

એમ જૈનમાં પણ કોઈ એમ માને કે અનેરી-અનેરી સંસારની સંસરણ ક્રિયા ભિન્ન-ભિન્ન થાય છે તો અનેરી અન્ય અન્ય અવસ્થામાં એકરૂપ અવસ્થા નથી માટે કર્મથી અન્ય અન્ય અવસ્થા છે એમ કહે છે. એકરૂપ અવસ્થા કેમ ન થઈ? એકરૂપ અવસ્થા કેમ ન થઈ? કે કર્મને કારણે એકરૂપ અવસ્થા નથી. નહિતર તો એકરૂપ અવસ્થા થવાનો સ્વભાવ છે. ભાઈએ નાખ્યું છેને ઓલામાં. શું કહેવાય? ટેપરેકોર્ડિંગમાં. ઈસરી. ઈસરીમાં નાખ્યું છે. એકરૂપ અવસ્થા રહેવાનો જીવનો સ્વભાવ છે. જ્ઞાનની અવસ્થા એકરૂપ રહેવાનો સ્વભાવ છે. તો અનેકપણું ભિન્ન-ભિન્ન કેમ થયું? જ્ઞાનાવરણીય કર્મને કારણે. ખોટી વાત છે. એ અહીં સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? છેને ક્યાંક? શેમાં? પુસ્તકમાં ક્યાંય છે? આમાં? હા ઠીક. હા..હા.. લાંબુ છેને.

.. કર્મનો એ પ્રકારનો ક્ષયોપશમ છે ત્યારે તરતમ્યભાવથી આત્માનો હીનાધિક વિકાસ થાય છે. જેટલો ઉદય થાય એટલું અજ્ઞાન થાય. જેટલો જ્ઞાનાવરણીય કર્મનો ઉદય થયો એટલું અજ્ઞાન. જેટલો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થયો એટલું જ્ઞાન થયું. રતનજી! કાનજીસ્વામી એમ કહે છે કે મહારાજ! જ્ઞાનાવરણીય કર્મ કાંઈ કરતું નથી. પોતાની યોગ્યતાથી જ્ઞાનમાં ખામી છે. મારા જ્ઞાનમાં ખામી છે એ પોતાને કારણે છે? પોતાની યોગ્યતા છે? કાનજીસ્વામી એમ કહે છે કે જ્ઞાનાવરણીય કર્મ કાંઈ કરતું નથી. શું છે? આ પ્રશ્ન થયો છે. એ ઠીક છે. તમે જ સમજો કે કેમ ઠીક છે? ઠીક નથી. કોઈપણ કહે કે અમે તો કહીએ અંગધારી કહે તોપણ ઠીક નથી. અંગધારી-શાસ્ત્રના ધરનાર, અગિયાર અંગનો અભ્યાસ કરનાર એ પણ કહે કે પોતાની યોગ્યતાથી જ્ઞાનની પર્યાય ભિન્ન ભિન્ન થાય છે. એવો અંગધારી, શાસ્ત્રના બહુ જાણનારા કહે તોપણ ખોટું છે. એમ કહે છે. એનું નામ શાસ્ત્ર. શાસ્ત્ર છેને? આચારાંગ, સૂયગડાંગ. અંગધારી. એ ચેતનજી પાસે બાર અંગધારીનું, કેવળીનું કહ્યું છે. કહો, સમજાણું કાંઈ?

જુઓ, પહેલો પ્રશ્ન છે. જ્ઞાનમાં જે ખામી થઈ, જીવનો સ્વભાવ તો કેવળજ્ઞાન છે. અને વર્તમાનમાં જે અમારી સંસારી અવસ્થામાં જેટલા પણ જીવ છે એના જ્ઞાનમાં જે ખામી થઈ તો શું કર્મના ઉદયને કારણે ખામી થઈ? કે કર્મ વિના કોઈ ઉદયથી ખામી થઈ? કે નહિ, કર્મને કારણે ખામી છે. અહીં ના પાડે છે. સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાય... જ્ઞાનગુણ છે એ જ છે... એ જ છે... એ જ છે... એ એક ત્રિકાળ. પણ અન્ય-અન્ય પર્યાય થાય છે ઉત્પન્ન-વ્યય... ઉત્પન્ન-વ્યય... નવી પર્યાય ઉત્પન્ન અને પૂર્વ પર્યાયનો વ્યય. એ પર્યાયથી અનેરું-અનેરુંપણું પર્યાયધર્મથી પોતામાં થયું છે, પરથી થયું નથી. એય..! ભારે વાત ભાઈ!

આ તકરાર તે પણ. હજી તો આ સાધારણ વાતનો સ્વીકાર ન આવે હવે એને પર્યાયની સ્વતંત્રતા (કેમ બેસે)? પોતાથી ક્ષણે-ક્ષણે પ્રતિક્ષણે જ્ઞાનગુણની, દર્શનગુણની, આનંદગુણની, ચારિત્રગુણની, દરેક ગુણની. ગતિ આદિ.... સમયે સમયે જે પર્યાય ઉત્પન્ન છે તે વ્યય નથી, વ્યય છે તે ઉત્પન્ન નથી. તે પર્યાયનું પ્રસિદ્ધપણું બતાવે છે. નહિ કે કર્મના નિમિત્તની પ્રસિદ્ધિ બતાવે છે. ભાઈ! સમજાણું કાંઈ? પ્રતિક્ષણ અન્યઅન્ય પર્યાય ઉત્પન્ન થઈ, અન્ય ઉત્પન્ન, અન્ય વ્યય. એ પર્યાયની પ્રસિદ્ધિ બતાવે છે. નિમિત્તની પ્રસિદ્ધિ બતાવે એમ નથી. સમજાણું કાંઈ? જુઓ, માટી છે. એમાં ઘડાની પર્યાય પહેલા શું કહેવાય? પહેલા સાધારણ પર્યાય? પિંડની પર્યાય. તો પિંડની પર્યાય અને પછી ઘડાની પર્યાય. તો ઘડાની પર્યાય અન્ય છે, પિંડની પર્યાય અન્ય છે. માટી એની એ છે. માટીની અપેક્ષાએ એને એ. માટીની અપેક્ષાએ એ ઘડો અને એ જ પિંડ. પણ પર્યાયની અપેક્ષાએ ઘડાની ઉત્પત્તિ અન્ય, પિંડનો વ્યય અન્ય. તે પર્યાય જણાય છે. તે કુંભાર છે તો પિંડનો વ્યય થઈને ઘડો થયો એમ ખ્યાલમાં આવતું નથી એમ કહે છે. ભાઈ! જુઓને કેટલું પ્રસિદ્ધ કરે છે! આહા..હા..! સમજાણું છે?

અનંત ગુણ છે. અનંત ગુણ છે. આત્મામાં અનંતગુણ છે, તો દરેક ગુણ ગુણ પર્યાયમાં એ જ ગુણ... એ જ ગુણ... એ જ ગુણ... એ ધ્રુવપણું પ્રસિદ્ધ કરે છે અને અન્ય અન્ય પર્યાય ઉત્પન્ન, અન્ય વ્યય અન્ય. એક એક સમયમાં દરેક ગુણની. ઉત્પન્ન અન્ય, વ્યય અન્ય. એ પર્યાયની પ્રસિદ્ધિ કરે છે. અન્ય પર્યાય થઈ ખામી કે વિશેષ એ એમ સિદ્ધ નથી કરતી. જેમ કેવળજ્ઞાન પર્યાયમાં પહેલી ચાર જ્ઞાનની પર્યાય વ્યય અને કેવળજ્ઞાનનો ઉત્પાદ. તો ઉત્પાદ અન્ય છે, વ્યય અન્ય છે. તો એ પર્યાયની પ્રસિદ્ધિ કરે છે. કેવળજ્ઞાનાવરણીયનો નાશ થયો તો કેવળજ્ઞાનની પર્યાય પ્રસિદ્ધ થાય છે એની તો અહીં ના પાડે છે. કેમકે નિમિત્તની પ્રસિદ્ધિ અહીંયાં તો છે જ નહિ. સમજાય છે કે નહિ? સંભળાય છેને બરાબર? એ સમજાય પછી સંભળાય કીધું. કહો, સમજાણું કાંઈ? એક એક જ્ઞાનગુણની, એક એક દર્શનગુણની, એક એક ચારિત્રગુણની, એક એક આનંદગુણની, આનંદ (આદિ) ગુણમાં ધ્રુવ તો એનું એ છે. એ તો દ્રવ્યદૃષ્ટિ થઈ. તો અન્ય અન્ય પર્યાય અન્ય ઉત્પન્ન અને અન્ય વ્યય, અન્ય ઉત્પન્ન અન્ય વ્યય પ્રતિક્ષણે-સમય સમયમાં, સમય સમયમાં એ પર્યાયની પ્રસિદ્ધિ કરે છે. સંયોગની પ્રસિદ્ધિ કરે છે એમ નથી. એમ કહે છે. બાબુભાઈ! આહા..હા..! એવી પ્રસિદ્ધિ સ્પષ્ટ કથન. એય..! દેવાનુપ્રિયા! આહા..હા..! એવી કથનની પદ્ધતિથી જ્ઞેયનું સ્વરૂપ દ્રવ્ય અને પર્યાયરૂપ, દ્રવ્ય અને પર્યાયરૂપ પ્રસિદ્ધિ બે પ્રકારની પોતાથી છે. સમજાણું કાંઈ?

જેમકે મોક્ષની પર્યાય ઉત્પન્ન, સંસાર પર્યાયનો વ્યય—અન્ય થયું. અન્ય થયુંને? પણ મોક્ષની પર્યાય ઉત્પન્ન અને વ્યય એ જ છે એમ કહેતા તો ધ્રુવ સિદ્ધ થાય છે. મોક્ષની પર્યાય એ જ સંસાર નાશની પર્યાય તો ધ્રુવ સિદ્ધ થયું. મોક્ષની પર્યાય અન્ય, સંસાર વ્યયની પર્યાય અન્ય. પર્યાયની પ્રસિદ્ધિ થઈ. ન્યાયથી તો સિદ્ધ થાય છે કે નહિ? લોજિકથી સિદ્ધ

થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? મહાસિદ્ધાંત. અનંત દ્રવ્ય અને અનંતી પર્યાયનો સિદ્ધાંત. કહો, ભાઈ શાંતિભાઈ! બરાબર છે? આ છે? એમાં એમ છે?

જુઓ, આ આંગળી છેને આંગળી? આમ થઈ. તો પહેલી પર્યાયનો વ્યય થયો, બીજી ઉત્પાદ. એ જ ઉત્પાદ અને એ જ વ્યય. તો પરમાણુ પ્રસિદ્ધ કરે છે. પરમાણુ પ્રસિદ્ધ થાય છે. અન્ય ઉત્પન્ન અને અન્ય વ્યય (એમાં) પર્યાયની પ્રસિદ્ધિ થાય છે, પણ એ પર્યાયની પ્રસિદ્ધિ એની પર્યાયની પ્રસિદ્ધિ છે. અંદર આત્મા છે તો એણે આમ કર્યું એમ આત્માની પ્રસિદ્ધિ એમાં નથી આવતી. ઘડો કુંભાર કરે છે એમ તો અમે નથી જોતાં, એમ આવે કે નહિ? એનો અર્થ આ થયો. કુંભાર ઘડો કરે છે એ તો અમને પ્રતિભાસતું નથી. અમને તો એ પ્રતિભાસ થાય છે કે અનેરી પર્યાય જે થઈ, માટીથી અનેરી પર્યાય ઘડાની થઈ, પર્યાયદૃષ્ટિથી પિંડનો વ્યય થયો. તો કુંભારે ઘડો બનાવ્યો એવું તો અમને પ્રતિભાસતું નથી. આચાર્ય એમ કહે છે. શેઠી! આહા..હા..!

મુમુક્ષુ :- ત્યાં નિમિત્ત છે.

ઉત્તર :- નિમિત્તનો અર્થ કાંઈ છે નહિ. બીજી ચીજ છે એટલું. એનાથી થયું નથી. નિમિત્તનો અર્થ એટલો છે ભાઈ! છે. પણ એનાથી થયું એમ નથી. એમ થયું તો એ પરદ્રવ્ય થઈ જાય છે. નિમિત્તની વ્યાખ્યા શું? નિમિત્ત પણ પૂર્વની વ્યય અને નવી પર્યાયનો ઉત્પાદ. એ પણ એની પર્યાયની પ્રસિદ્ધિ કરે છે. એ ઘડાને પ્રસિદ્ધ નથી કરતા. માટીના ઘડાની પર્યાય, પિંડની પર્યાયનો વ્યય અને ઉત્પાદ. એ નિમિત્તમાં વ્યય અને ઉત્પાદ એ તો એની પર્યાયની પ્રસિદ્ધિ કરે છે, પણ ઘડાની પર્યાયનો ઉત્પાદ અને પિંડનો વ્યય તેને પ્રસિદ્ધ નથી કરતા. એ તો માટીથી ઘડો થયો અને અન્ય વ્યય થયો તે માટીની પર્યાયની પ્રસિદ્ધિ કરે છે. નિમિત્તની પ્રસિદ્ધિ કરતા નથી એમ અહીં કહે છે. મોટો ઉપાદાન-નિમિત્તનો ઝઘડો. કહો, પ્રેમચંદજી! સમજાય છે? આવું યથાર્થ સમજવું પડશે. કે અમને કોઈએ ગાળ આપી તો અમને વિકાર થયો. જૂઠું છે કહે છે. પૂર્વની પર્યાયનો વ્યય અન્ય, વિકારની ઉત્પત્તિની પર્યાય અન્ય. તે પર્યાયની પ્રસિદ્ધિ કરે છે. કોઈ બીજો છે તો અહીં થયો એમ પ્રસિદ્ધ કરતા નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..! કેટલી વાત!

પહેલા ઘડો અને કૂંડું અન્ય, ઉત્પન્ન અને વ્યય અન્ય, દેવ અને મનુષ્ય ઉત્પન્ન અને વ્યય અન્ય. ત્રણ-ત્રણ પ્રકારે સિદ્ધ કર્યું છે. આહા..હા..! આમ દીવા જેવી વાત કરી દીધી. કેમ બાબુભાઈ! બરાબર બેસે છેને? કહો, આ દેરાસરની પર્યાયનો ઉત્પાદ અને પહેલા પથરાની પર્યાયનો વ્યય એની પર્યાય પ્રસિદ્ધ કરે છે. જોડે કલ્યાણજીભાઈ અને મલૂકચંદભાઈ છે માટે થાય છે એમ નહિ એમ કહે છે. એની પર્યાય પ્રસિદ્ધ કરે છે. આહા..હા..! કેવી વાત તે પણ વાત! આહા..હા..! સ્વતંત્રતાના ઢંઢેરા પીટ્યા છેને. અને તે સાદી ભાષાથી હોં સાદી ભાષાથી. ભાઈ! તને ખ્યાલમાં નથી આવતું? કે જે અનેરી વ્યય અને અનેરો ઉત્પાદ તો

અન્ય-અન્યપણું બતાવે છે. એમાં એકપણું ધ્રુવ નથી બતાવતા. તો અન્ય-અન્યપણું પ્રસિદ્ધિ, પર્યાયની પ્રસિદ્ધિ કરે છે. તો એમાં પરદ્રવ્યની પ્રસિદ્ધિ અહીં ક્યાં આવી? આહા..હા..!

મુમુક્ષુ :- એકમાં પર્યાય અને બીજામાં ...

ઉત્તર :- દ્રવ્ય પ્રસિદ્ધિ. બીજાની વાત અહીં છે ક્યાં? ભાઈ! જિનેન્દ્રજી! સમજાણું કાંઈ? એ નિમિત્તની વાત નિમિત્ત નિમિત્તમાં રહ્યું. એ પણ અહીં નિમિત્ત પણ પદાર્થ છે કે નહિ? તો એમાં પણ પૂર્વની પર્યાયનો વ્યય, નવી પર્યાયનો ઉત્પાદ. તે અન્ય-અન્ય થયું. તે અન્ય અન્ય થયું તો નિમિત્તની પર્યાયની પ્રસિદ્ધિ થઈ. એ પર્યાયની પ્રસિદ્ધિથી આ ઘડાની પ્રસિદ્ધિ થઈ એમ નથી. સમજાણું કાંઈ?

એ આચાર્યોએ એક એક શ્લોક મૂક્યો છે એ કાંઈ મફતનો મૂક્યો છે? દરેકમાં ભિન્ન-ભિન્ન ન્યાયથી દ્રવ્ય અને પર્યાયની પ્રસિદ્ધિ કરે છે. જ્ઞેયનું સ્વરૂપ એવું છે. ચાહે તો પરમાણુ હોય, ચાહે તો આત્મા હોય, ચાહે તો નિગોદનો હોય, ચાહે તો સિદ્ધનો હોય. કહે છે કે નિગોદનો જીવ છે એક અને ત્યાંથી નીકળીને મનુષ્ય થયો, રાજકુમાર થયોને. ભરતના કુંવર હતાને કેટલા? ૯૨૭. કેટલા? ૯૨૩. આંકડો બહુ ખ્યાલ નથી. એ ૯૦૦ રાજકુમાર હતા ભરત ચક્રવર્તીને. નિગોદથી નીકળીને એકાદ ભવ વચ્ચે હશે, પણ ૯૨૩ થયા. કહે છે કે એ પર્યાયમાં જે ઉત્પન્ન થયો અને પૂર્વની પર્યાયનો વ્યય થયો તે એની પર્યાયની પ્રસિદ્ધિ કરે છે. કર્મને કારણે ઉત્પાદ વ્યય છે એમ પ્રસિદ્ધ નથી કરતા. બરાબર છે? શાંતિભાઈ! આ બધા કર્મથી થાય અને પરથી થાય એ તો બધું ઉડાવી દે છે અહીં. એય..! જયંતિભાઈ! આહા..હા..!

પ્રતિક્ષણ અહીંયાં વજન આવ્યું વધારે. અટકવું પડ્યું ઓલું સંસ્કૃત આવ્યું. વળી હિંમતભાઈની સાથે બે શબ્દ સંસ્કૃતના નાખ્યા છે. '**પ્રતિક્ષણ પર્યાયોથી જીવ અનવસ્થિત છે.**' ગુજરાતી ચોથી ચોપડી લ્યો સાધારણમાં ન પકડાય હોં ક્યાં ગયા ધર્મચંદભાઈ?

મુમુક્ષુ :- ચોપડીનું નહોતું કીધું. વ્યાખ્યાનનું કીધું હતું.

ઉત્તર :- વ્યાખ્યાનનું કહ્યું હતું? એ કહ્યું. વાત સાચી. વ્યાખ્યાનનું કહ્યું હતું. એમ વ્યાખ્યા મહારાજના એવા છે કે ચોથી ચોપડીવાળો સમજી શકે. એમ કહ્યું ધર્મચંદભાઈએ. વાત સાચી. એની વાત સાચી. આપણે અહીં સાદી ભાષાથી વાત ચાલે છે. એમાં કોઈ સંસ્કૃત અને વ્યાકરણ મોટા-મોટા એવું કાંઈ નથી. એક શબ્દ એટલો જુઓ. આ કારણે. માટે એટલે કારણે પ્રતિક્ષણ નામ સમયે-સમયે. પર્યાયોથી જીવ અનવસ્થિત પોતાની પર્યાયને કારણે રહે છે. અનેરી-અનેરી, અનવસ્થિત, એકરૂપ ન રહેવું તે પર્યાયને કારણે છે. સંયોગને કારણે છે નહિ. કહો, શેઠી! બરાબર છે? બિલકુલ બરાબર છે.

'**હવે જીવના અનવસ્થિતપણાનો હેતુ પ્રકાશે છે :—**' જુઓ, સમજાય છે? આ પર્યાયની એકરૂપ સ્થિતિ કેમ નથી? એનો ન્યાય આપે છે.

तम्हा दु णत्थि कोई सहावसमवट्ठिदो त्ति संसारे।
संसारो पुण किरिया संसरमाणस्स दव्वस्स।।१२०।।

આહા..હા..! જુઓ, કેટલું સિદ્ધ કરે છે!

**તેથી સ્વભાવે સ્થિર એવું ન કોઈ છે સંસારમાં;**
**સંસાર તો સંસરણ કરતા દ્રવ્ય કેરી છે ક્રિયા. ૧૨૦.**

સંસાર ક્રિયા દ્રવ્યની એની છે. કર્મને લઈને છે એમ છે નહિ. આહા..હા..! એ દ્રવ્યની ક્રિયા કીધી. આહા..હા..! ઓહો..હો..! આચાર્યની શૈલી તે પણ શૈલી! એક એક સ્વતંત્ર સિદ્ધ કરવાની.

'**અન્વયાર્થ :- તેથી...**' આ કારણે '**સંસારમાં...**' ચાર ગતિમાં. નિગોદથી લઈને ચાર ગતિ. '**स्वभावसमवस्थितः इति**' '**સ્વભાવથી અવસ્થિત એવું કોઈ નથી (અર્થાત્ સંસારમાં કોઈનો સ્વભાવ કેવળ એકરૂપ રહેવાનો નથી);...**' સંસારના કોઈ જીવનો એકરૂપ સ્વભાવ રહેવો એવો સ્વભાવ છે જ નહિ. પોતાને કારણે. આહા..હા..! '**સંસાર તો...**' સંસાર કોને કહે છે ભગવાન? **સંસાર તો સંસરણ કરતા દ્રવ્યની ક્રિયા છે.**' આહા..હા..! જુઓ, '**સંસરણ કરવું = ગોળ ફર્યા કરવું; પલટાયા કરવું.**' ભિન્ન-ભિન્ન મિથ્યાત્વ, અજ્ઞાન, રાગાદિની પર્યાયનું થવું તે સંસરણ-સંસાર દ્રવ્યની ક્રિયા છે. કર્મની ક્રિયા નથી. પરની ક્રિયા નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ?

**સંસાર તો સંસરણ કરતા દ્રવ્ય કેરી છે ક્રિયા. ૧૨૦.**

એક સમયની પર્યાયમાં નિગોદમાં પણ રહે છે. નિત્ય નિગોદમાં રહેનારને કર્મનું ઘણું જોર છે તો રહે છે એનો અહીં નિષેધ કરે છે. એમ છે નહિ. સમજાણું કાંઈ? બટેટા, શક્કરિયા, આલુ, કાઈ હોય છેને? લીલ-ફુગ કાઈ પાણીમાં. એમાં અનંત જીવ છે અનંત જીવ. તો એક એક જીવની સંસરણ જે ક્રિયા અન્ય અન્ય જે થાય છે તે દ્રવ્યની સંસરણ ક્રિયા પોતાથી થાય છે. શરીરથી નહિ, કર્મથી નહિ, પરદ્રવ્યથી નહિ. ઓહો..હો..! સંસાર તો, સંસાર દ્રવ્યની ક્રિયા છે. એ દ્રવ્યનું પરિણમન છે. પર્યાયની વાત ચાલે છેને. તો દ્રવ્યની પર્યાય છે. અનવસ્થિત રહેવું પર્યાયનો સ્વભાવ છે. કર્મને કારણે નહિ. બરાબર છે? આ વાંધા જૈનમાં તો મૂળ કર્મનો મોટો વાંધો. જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનને રોકે છે. જ્ઞાનાવરણીય ક્ષયોપશમ હોય તો એટલો ક્ષયોપશમ થાય, આવ્યું હતુંને અહીં? આહા..હા..! અરે ભગવાન! ક્યાં ભૂલ્યો તું પણ? સમજાણું કાંઈ? તારી જ્ઞાનની પર્યાયમાં નવી પર્યાય ઉત્પન્ન થાય છે અને જૂની પર્યાય તે સમયે વ્યય થાય છે, ધ્રુવ છે તો '**उत्पादव्ययध्रौव्ययुक्तं सत्**' તો જ્ઞાનગુણ જે છે એ ધ્રુવ છે અને નવી પર્યાય ઉત્પન્ન થાય તે ઉત્પાદ છે, એ જ સમયે પૂર્વની પર્યાય વ્યય છે—ત્રણે સત્ છે. સત્ છે તો પરને કારણે નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સત્ અણહેતુક છે.

મુમુક્ષુ :- દ્રવ્યની સ્વયં...

ઉત્તર :- સ્વયં પોતાની નિર્મળ કોઈપણ ગુણની પર્યાયપણે પૂર્વનો વ્યય થઈને ઉત્પાદ થાય છે. ઉત્પાદ અને વ્યય એમ લીધું છે. વ્યય અને ઉત્પાદ એમ નથી લીધું. ઉત્પાદ તે વ્યય એમ લીધું છે. ઉત્પન્ન થાય તે વ્યય એમ લીધું છે. વ્યય તે ઉત્પાદ એમ નથી લીધું. કેમકે ઉત્પન્ન છે તે જ વ્યય છે. એ દ્રવ્ય. અનેરું ઉત્પન્ન અને અનેરી વ્યય તે પર્યાય છે અનવસ્થિત દ્રવ્યનું રહેવું તે પર્યાયનો પોતાનો જ અન્ય અન્ય રહેવાનો સ્વભાવ છે. કર્મને કારણે છે, સંયોગને કારણે છે એવો સ્વભાવ પર્યાયધર્મનો પણ નથી, દ્રવ્ય ધર્મનું તો અન્ય અન્ય થવું છે નહિ. આહા..હા..! બરાબર છે? શાંતિભાઈ! આ ઉપાદાન-નિમિત્તના મોટા ઝઘડા છે.

જુઓ, ભાઈ! આ ચશ્મા છે. તો નિમિત્ત થયું તો જ્ઞાન ખુલી ગયું. પહેલા ખ્યાલ આવે છે. એમ કહે છે. ખોટું છે. ચડાવે કોણ અને ઉતારે કોણ? એ તો એની પર્યાય છે. કહો, સમજાણું કાંઈ? એ પર્યાય આમ થઈ ઉત્પાદ, તો પૂર્વની વ્યય થઈ. એ વ્યય-ઉત્પાદ તો એની પર્યાયની પ્રસિદ્ધિ કરે છે. શું આંગળી સાથે છે એની પ્રસિદ્ધિ કરે છે?

મુમુક્ષુ :- જરાક માણસને મૂંઝવે એવું તો છે.

ઉત્તર :- માણસને મૂંઝવે એવું કાંઈ નથી. માળાએ પકડી રાખ્યું છેને. અનેરી-અનેરી પર્યાય જોઈને સંયોગ અનેરો દેખીને અનેરી પર્યાય થઈ એવો અજ્ઞાનીને ભ્રમ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? પાણીમાં ઉષ્ણપણું થયું તે ઉત્પાદ, ઠંડાનો વ્યય. તો એ અનેરાપણે દેખાય છે તે પર્યાયનો ધર્મ છે. અગ્નિથી ઉષ્ણ થયું એમ પર્યાયમાં છે જ નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- અગ્નિથી ઉનું થયું એમ કહેવાય છે.

ઉત્તર :- કહેવામાં તો લોકને નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે. કહો, સમજાણું કાંઈ? પાણી. જલ-જલ ઉનું થયું તે પર્યાય ઉત્પાદ થઈ. પૂર્વે ઠંડી હતી તો વ્યય થયો. તો અન્ય અનવસ્થિતપણું પર્યાયનું બતાવે છે તે પર્યાય ધર્મને બતાવે છે. તે અનવસ્થિતપણું અગ્નિ છે તો એમ થયું બિલકુલ જ્ઞેયનો ધર્મ એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? તીવ્ર કર્મનો ઉદય થયો તો આત્મામાં અશુભભાવ આવે, મંદ કર્મનો ઉદય થાય તો મંદભાવ થાય એમ અહીં ના પાડે છે. લ્યો! જુઓ. ક્યાંક ક્યાંક આવે છેને અમુક? પણ એનો અર્થ એ તો પોતાની પર્યાયમાં તીવ્ર ભાવ પહેલા હતો તે વ્યય થઈને મંદ ઉત્પન્ન થયો તે ઉત્પન્ન અન્ય અવસ્થા છે, વ્યય અન્ય છે. ત્યારે અન્ય-અન્ય પર્યાયધર્મને બતાવે છે. એમાં આત્મા એ જ છે. ઉત્પન્નમાં એ જ અને વ્યયમાં એ દ્રવ્યપણાનું ધ્રુવપણું બતાવે છે. ઓહો..હો..! બે અંશનું સ્વતંત્રપણું પોતાનું બતાવે છે. પ્રતિક્ષણની પર્યાય. જુઓ, સમજાણું કાંઈ? હીરાલાલજી! સમજાય છે કે નહિ? બહુ તમે ધંધો-બંધો નથી કરી શકતા એમ કહે છે અહીંયાં.

મુમુક્ષુ :- નથી કરતા?

ઉત્તર :- કરી શકતા જ નથી. પરમાણુની પૂર્વની પર્યાયનો વ્યય, ઉત્તર પર્યાયનો ઉત્પાદ. ઉત્પાદ એ જ વ્યય તે પરમાણુ બતાવે છે. ઉત્પાદ તે વ્યય અન્ય છે તે પર્યાય બતાવે છે. શું તેમાં બીજો આત્મા હતો માટે ઉત્પાદ-વ્યય થયો? સમજાણું કાંઈ? સંભળાય છેને? નિહાલભાઈ! સંભળાય છે ત્યાં? ત્યાં છે ઓલું વાજું.

જુઓ, કહે છે કે વાણી આવી વાણી. જ્ઞાનની પર્યાયમાં ત્યાં ઉપજ્યો. એમ છે નહિ. લ્યો ભાઈ નરેશજીએ ના પાડી. બાળકને ઉત્સાહ છે. ભાઈ! અત્યારે તો એ સંસ્કાર પડેને તો આગળ વધે. શોભાલાલજીનો પૌત્ર છે. શું કહે છે? નહિ. શું કહ્યું? શું કહ્યું સમજાણું કાંઈ? વાણી નીકળે તો ભાષાની પર્યાય પૂર્વે ભાષારૂપ વર્ગણાની હતી તે ભાષાની પર્યાયે ઉત્પન્ન થઈ. તો એ ઉત્પાદ અને વ્યય પરમાણુની પર્યાયની પ્રસિદ્ધિ કરે છે. પણ એનાથી સામાની પર્યાય પ્રગટી એ પ્રસિદ્ધ નથી થતું. એની જ્ઞાનની પર્યાયે ઉત્પન્ન થયો, પણ પૂર્વથી વ્યય થઈ એ આત્માની પર્યાયની પ્રસિદ્ધિ કરે છે. ભાષાની પ્રસિદ્ધિ કરે છે એમ નથી. ઓહો..હો..! મોટા હજી તો ઉપાદાન અને નિમિત્તના ઝઘડા, પછી નિશ્ચય-વ્યવહારના ઝઘડા અને ક્રમબદ્ધના—પાંચના ઝઘડા.

મુમુક્ષુ :- બધું આવી ગયું.

ઉત્તર :- હવે બધું આવી ગયું અંદર. સમજાણું કાંઈ?

આત્મામાં લ્યો તો એમ છે. આત્મા પોતાની સમ્યગ્દર્શન પર્યાયથી ઉત્પન્ન થયો, મિથ્યાત્વની પર્યાયથી નાશ થયો તો એ ઉત્પન્ન અન્ય-અન્ય વ્યય તે પર્યાય બતાવે છે. સમજાણું કાંઈ? એમાં તો ખૂબી. પહેલા શુભ વિકલ્પ હતો તો આ પર્યાય થઈ એમ નથી. શુભ અને પહેલી જે પર્યાય હતી તેનો વ્યય થયો અને આ ઉત્પાદ થયો. તો ઉત્પાદ અને વ્યય એની પર્યાયની પ્રસિદ્ધિ કરે છે. તો વ્યય થયો કે વિકલ્પ હતો માટે સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થઈ એમ નથી. એનો વ્યય થયો, આ ઉત્પન્ન થયો તો એના વ્યય-ઉત્પાદ તો અન્ય-અન્ય પર્યાયને પ્રસિદ્ધ કરે છે. રાગ છે તો સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થઈ એમ પ્રસિદ્ધ નથી કરતા એમ કહે છે. વિશેષ કહેશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૧૦, સોમવાર, તા. ૧૩.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૨૦-૧૨૧, પ્રવચન-૧૨૫**

પ્રવચનસાર. જ્ઞેય અધિકાર. ૧૨૦ ગાથા. '**જીવના અનવસ્થિતપણાનો હેતુ પ્રકાશે છે :—**' જીવમાં અનવસ્થિતપણું ક્યા કારણે છે? આત્મામાં એકરૂપતા નથી અને અનવસ્થિત છે એનું કારણ શું? ઉપર છે ઉપોદ્ઘાત. ૧૨૦ ઉપર. જુઓ, શું કહે છે સમજાણું કાંઈ? આ આત્મા છે એ વસ્તુ તરીકે અવસ્થિત છે પદાર્થ તરીકે અને એમાં પર્યાયમાં અનવસ્થિતપણું-એકરૂપતા નથી એનું કારણ કોણ? એકરૂપતા નથી તો એનું કારણ કર્મ, સીધી વાત છે કે નહિ? કર્મ છે તો અનવસ્થિતપણું થાય છે. કર્મ ન હોય તો એકરૂપ રહે. એ ના પાડે છે કે એમ નથી. એ પોતાની સંસાર ક્રિયાનું કારણ છે અનવસ્થિતપણામાં. પોતાની પર્યાયનું કારણ છે. બીજું કોઈ કારણ નથી એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

ટીકા. શ્લોક તો કાલે આવી ગયો. '**ખરેખર...**' ટીકા ૧૨૦ની. **જીવ દ્રવ્યપણે અવસ્થિત હોવા છતાં...**' જીવવસ્તુ વસ્તુપણે તો અવસ્થિત એકરૂપ ધ્રુવ હોવા છતાં. **પર્યાયોથી અનવસ્થિત છે,...**' બરાબર છે? વસ્તુ તરીકે આત્મા ધ્રુવ તરીકે, દ્રવ્ય તરીકે તો અવસ્થિત છે. જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવ જ છે. પર્યાયમાં જે અનવસ્થિત છે એથી એમ પ્રતીતિ થાય છે કે અવસ્થામાં એકરૂપતા નથી, અનવસ્થિતપણું છે એથી એમ પ્રતીત થાય છે, '**સંસારમાં કોઈ પણ સ્વભાવથી અવસ્થિત નથી...**' સંસારમાં હોં! સંસારદશામાં પર્યાયમાં કોઈપણ સ્વભાવથી અવસ્થિત-એકરૂપતા સંસારની દશામાં નથી. '**સંસારમાં કોઈ પણ સ્વભાવથી અવસ્થિત નથી...**'

મુમુક્ષુ :- એનો સ્વભાવ જ એવો છે.

ઉત્તર :- સ્વભાવથી અવસ્થિત નથી (એટલે) એનો સ્વભાવ જ એવો છે એમ કે અનવસ્થિત છે, એમ. સંસારનો સ્વભાવ જ એવો છે કે અનવસ્થિત છે એમ. આત્માના સ્વભાવની અહીં વાત નથી. '**સંસારમાં કોઈ પણ સ્વભાવથી...**' એટલે એની પર્યાયથી. સ્વ પોતાની પર્યાયથી '**અવસ્થિત. (અર્થાત્ કોઈનો સ્વભાવ કેવળ અવિચળ—એકરૂપ રહેતો નથી).**' ચારગતિમાં. સંસારમાં કોઈપણ દ્રવ્યની પર્યાય સંસાર અવસ્થામાં એકરૂપ રહે એવો સ્વભાવ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કર્મ ક્યાં ગયું?

ઉત્તર :- કોણ જાણે? એય..! દેવાનુપ્રિયા! આ બધી રાડું તો એ પાડે લ્યો! અવસ્થિત છે. કર્મ ન હોય તો કેવળજ્ઞાનપણે તો અવસ્થિત જ અવસ્થા છે. માટે અનવસ્થિતમાં તો

કર્મનું જ કારણ છે. એવો પ્રશ્ન ઉઠ્યો તે કાલે કહ્યું હતું.

મુમુક્ષુ :- ... કર્મ કારણ.

ઉત્તર :- એ તો નિમિત્ત કારણ કહે છે. કોઈ કારણ નથી. સમજાણું? દ્રવ્યકર્મનો કર્તા દ્રવ્યકર્મ, ભાવકર્મનો કર્તા આત્મા. બેય લેશે. સ્વતંત્ર છે.

'**અને અહીં જે અનવસ્થિતપણું છે તેમાં સંસાર જ હેતુ છે;...**' જુઓ, આમાં સંસાર જ હેતુ છે. કર્મ હેતુ નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા વસ્તુ તરીકે તો જ્ઞાયક ચિદાનંદસ્વરૂપ જ્ઞાનજ્યોતિ આનંદમૂર્તિ એ દ્રવ્યસ્વભાવ તો અવસ્થિત જ છે વસ્તુ. પર્યાયમાં અવસ્થામાં, હાલતમાં બધી દશા એમાં જે અનવસ્થિત દેખાય છે એમાં સંસાર જ હેતુ છે. સંસાર સમજ્યા? એ ખુલાસો કરશે. એ સંસરણ ક્રિયા એ જ હેતુ છે. પૂર્વનો ત્યાગ અને ઉત્તરનો ગ્રહણ એ સંસાર ક્રિયા એ જ હેતુ છે અનવસ્થિતપણામાં. કર્મ-બર્મ હેતુ છે નહિ. સમજાણું કાંઈ? કેટલું સ્પષ્ટ કરતાં... કરતાં... કરતાં... કરતાં... ક્યાં લઈ ગયા! સત્ ઉત્પાદ, અસત્ ઉત્પાદ, અનન્ય અને અન્યત્વને.

જ્ઞેય એવું વસ્તુનું સ્વરૂપ ભગવાન આત્મા વસ્તુસ્થિતિએ તો અવસ્થિત જ છે. સમજાણું કાંઈ? પોતાના સ્વભાવથી, દ્રવ્યસ્વભાવથી શુદ્ધ ચિદાનંદ મૂર્તિ ધ્રુવ ટંકોત્કીર્ણ એકરૂપ જ અવસ્થિત છે. તો પર્યાયમાં અનવસ્થિતપણું સંસારમાં જે છે એનું કારણ કોણ? તો સીધું લાગે કે કર્મને કારણે અનવસ્થિત થાય છે. એમ નથી એમ કહે છે. જ્ઞેય, આત્માની પર્યાયનો જે જ્ઞેય સ્વભાવ છે એનો એવો સ્વભાવ જ નથી કે કર્મને કારણે અનવસ્થિતપણું. પોતાની પૂર્વ અવસ્થાનો ત્યાગ અને નવી અવસ્થાનું ગ્રહણ એવી સંસરણ ક્રિયા જ એનો હેતુ છે. સમજાણું કાંઈ? લ્યો!

નિગોદમાંથી નિગોદ (એમ) એક અંતર્મુહૂર્તમાં અઢાર ભવ કરે છે. નિગોદનો જીવ. સમજાણું કાંઈ? નિગોદનો જીવ અંતર્મુહૂર્તમાં અઢાર ભવ. તો કહે છે કે એનું એકરૂપ ન રહેવું તેનું કારણ કોણ? કે એમાં '**સંસાર**' જ. ભાષા એમ કરી જુઓ. '**સંસાર જ હેતુ છે.**' '**संसार एव हेतुः**' જુઓ, સંસ્કૃતમાં છે બીજી લીટી. '**यच्चात्रानवस्थितत्वं तत्र संसार एव हेतुः**' એ તો સંસ્કૃતમાં છે. નહિ દેખાય. સંસ્કૃત ત્યાં નથી. સંસ્કૃત ઉપર છે. એ ન જોવું. નીચે છે એ ન જોવું. '**કારણ કે તે (-સંસાર) મનુષ્યાદિપર્યાયાત્મક છે,...**' જુઓ, સંસાર મનુષ્ય, નારકી, તિર્યંચ, એકેન્દ્રિય, નિગોદ, બે ઇન્દ્રિય, દેવ એવા મનુષ્યાદિ પર્યાયસ્વરૂપ જ છે. સંસાર ગતિ આદિ સ્વરૂપ જ છે. સમજાણું કાંઈ?

'**કેમ કે તે સ્વરૂપથી જ તેવો છે...**' કોણ? સંસાર. સંસારનું સ્વરૂપ જ એવું છે. કે પોતાની પર્યાયમાં એકરૂપતા ન રહેવું, અનવસ્થિત રહેવું, બદલવું એ સંસારનું સ્વરૂપ જ એવું છે. પર્યાયનું, સંસારની ચાર ગતિનું, સંસારનું સ્વરૂપ જ એવું છે. સમજાણું કાંઈ? કર્મને કારણે નહિ. પર્યાયનું અનવસ્થિતપણું સંસારને કારણે છે એમ. રખડતા-રખડતા. સંસરણ...

સંસરણ... કરતાં. આહા..હા..! '**ત્યાં પરિણમતા દ્રવ્યનો...**' જુઓ, આ પલટતા દ્રવ્યનો. દ્રવ્ય તો પહેલા કહ્યું અવસ્થિત છે. પહેલા કહ્યું હતુંને? વસ્તુ જીવદ્રવ્ય સ્વરૂપ તો અવસ્થિત જ છે ત્રિકાળ. એ પરિણમતા દ્રવ્યનો. એ દ્રવ્ય પરિણમે છે એમ કહે છે અહીંયાં. સમજાણું કાંઈ? એક બાજુ કહે કે દ્રવ્ય પરિણમતું નથી, દ્રવ્ય ધ્રુવ રહે છે, પર્યાય પરિણમે છે. એ દ્રવ્ય પરિણમે છે એ પર્યાયદૃષ્ટિથી દ્રવ્ય જ પરિણમે છે એમ અહીંયાં લેવું. ધ્રુવ તો ધ્રુવ છે અને પર્યાય સ્વતંત્ર પરિણમે છે. તો ધ્રુવ અપરિણામિક સ્વભાવભાવ છે. તે વાત અહીંયાં ન લેવી. એ તો વસ્તુની ત્રિકાળી સ્વરૂપની દૃષ્ટિમાં એક વસ્તુ છે તે વસ્તુ જ છે. પરિણમતું નથી. પર્યાયરૂપ પર્યાય થાય છે.

અહીંયાં તો એ દ્રવ્ય જ પરિણમે છે એમ આવ્યુંને? '**પરિણમતા દ્રવ્યનો પૂર્વોત્તરદશાના ત્યાગગ્રહણાત્મક...**' જુઓ, પલટતા પદાર્થનો એ આત્મા. પૂર્વ નામ પહેલી અવસ્થા અને પછીની અવસ્થા. પૂર્વ નામ પહેલી. પહેલીનો ત્યાગ પછીનો ગ્રહણ. પહેલી ઉત્તરદશાના ત્યાગગ્રહણાત્મક એવી જે ક્રિયા. જુઓ. નામનો પરિણામ. પૂર્વ પર્યાયનો વ્યય, ઉત્તર પર્યાયનું ગ્રહણ ઉત્પાદ એ નામની જે ક્રિયા, નામના પરિણામ તે સંસારનું સ્વરૂપ છે. કહો, આમાં કોઈ કર્મ-ફર્મની વાત લીધી જ નથી. એ તો ઓલા લોકો કહે નિશ્ચયની આ વાત. પણ વ્યવહારે પાછું થાય છે કર્મથી.

મુમુક્ષુ :- એ હમણાં આવશે.

ઉત્તર :- એમ આવશે નહિ એમાં. સમજાણું કાંઈ? એ તો કર્મ નિમિત્ત છે એમ બતાવશે. કર્મથી થાય એમ ત્રણ કાળમાં નથી. કોઈ દ્રવ્યની પર્યાયમાં કોઈ દ્રવ્યની પર્યાયનો હાથ છે? કોઈ સ્વામી છે? એનો અધિકારી છે?

મુમુક્ષુ :- ... સ્વતંત્રતાનું શું?

ઉત્તર :- સ્વતંત્રતા છે જ નહિ એમ કહે છે. કથંચિત્ સ્વતંત્રતા, કથંચિત્ પરતંત્રતા. નહિતર અનેકાંત નથી થતું એમ કહે છે. સિદ્ધ પણ કથંચિત્ સ્વતંત્ર, કથંચિત્ પરતંત્ર.

મુમુક્ષુ :- અનેકાંત...

ઉત્તર :- એનું નામ અનેકાંત. બદલાઈ ગયું? આહા..હા..!

અહીંયાં તો કહે છે કે ભગવાન આત્મા વસ્તુ તરીકે, પદાર્થ તરીકે તો જ્ઞાતાદ્રવ્ય ચિદાનંદ સૂર્યસ્વરૂપ છે. સૂર્યસ્વરૂપ તો અવસ્થિત... અવસ્થિત... ત્રિકાળ જ્ઞાનઘન ચિદ્ઘન એ તો ત્રિકાળ એકરૂપ છે. બસ, આ ચાર ગતિમાં પરિણમન કરે એ ક્યા હેતુથી? અનવસ્થિતપણું એકરૂપ નથી રહેતું એનું શું કારણ? તો કહે છે કે મનુષ્યાદિ પર્યાય સંસાર છે અને એ સંસાર પહેલા હેતુ કહ્યોને? સંસાર હેતુ અને સંસાર મનુષ્યાદિ પર્યાય એમ લીધું, ચાર ગતિ. એ સ્વરૂપથી એવો સંસાર છે. પરિણમતા પદાર્થનું પૂર્વનું ત્યાગ અને ઉત્તરનું ગ્રહણ એવી જે ક્રિયા. શરીર નહિ હોં! ગતિ. પૂર્વની મનુષ્યગતિની પર્યાયનો ત્યાગ, દેવગતિની પર્યાયનું ગ્રહણ. એ ત્યાગ-

ગ્રહણ... ત્યાગ-ગ્રહણ જે ક્રિયા એ પરિણામ તે સંસારનું સ્વરૂપ છે. ત્યાગ-ગ્રહણનું પરિણામ એ જ સંસારનું સ્વરૂપ છે. ઓહો..હો..! લોકો તો બહુ પોકાર કરે છે. કર્મથી... કર્મથી... કર્મને લઈને ગતિમાં જાય, કર્મને લઈને રખડે. બે ઈન્દ્રિય કર્મને લઈને, ત્રણ ઈન્દ્રિય કર્મને લઈને, ચૌ ઈન્દ્રિય કર્મને લઈને, નારકી, નિગોદ કર્મને લઈને લ્યો!

પૂર્વની પર્યાયનો વ્યય કરી, ત્યાગ કરી, નવી પર્યાયનું ગ્રહણ એવી જે પોતાની ક્રિયા એ જ સંસાર પરિણામ છે. એ સંસાર છે. સમજાણું કાંઈ? પરિણામ તે સંસારનું સ્વરૂપ છે. ઓહો..હો..! કેટલી સ્પષ્ટ વાત જ્ઞેય અધિકારની. જે સમજણમાં લેતા સ્વતંત્રતાનો ખ્યાલ આવે છે એને. એક ગતિથી બીજી ગતિ, બીજી ગતિથી ત્રીજી ગતિ. એવું જે અનંતકાળથી છે,અનંતકાળ. તો કહે છે કે પૂર્વપર્યાયનો ત્યાગ ઉત્તર પર્યાયનું ગ્રહણ-વ્યય, ઉત્પાદ, પૂર્વ પર્યાયનો વ્યય, ઉત્તર પર્યાયનો સંયોગ. જુઓ, પૂર્વ પર્યાયનો નાશ, ઉત્તર પર્યાયનો જન્મ, પૂર્વ પર્યાયનો અભાવ, ઉત્તર પર્યાયનો ભાવ. એ જ ગ્રહણ-ત્યાગસ્વરૂપ પરિણામ. ક્રિયા એ સંસાર પરિણામ છે.

વળી ત્યાં એમ આવે સમયસારમાંકે જેટલા શુભાશુભ પરિણામ એ પુદ્ગલની સાથે તન્મય છે,આત્માની સાથે નહિ. સવારમાં આવ્યું હતું કે નહિ? એય..! સવારમાં બીજું હતું. સવારમાં ટાઢો પહોર હતોને એટલે બીજું હશે અને બપોરે બીજું હશે એમ છે? સવારમાં તો પોતાનું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ એમાં પુણ્ય-પાપનો વિકલ્પ આદિ સંસાર પર્યાય તે બધું ચૈતન્યની પર્યાયથી ભિન્ન છે. અચેતન છે, પુદ્ગલ છે, અજીવ છે. એમ કહ્યું હતું. એ પોતાનો ત્રિકાળી જ્ઞાયકસ્વભાવથી ભિન્ન છે એ બતાવવા ભગવાન આત્મા જ્ઞાનથી તન્મય (કહ્યો). સૂર્ય તો પોતાના પ્રકાશથી તન્મય છે. સૂર્ય તો પોતાના પ્રકાશથી તન્મય છે. એમ ભગવાન પોતાના જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવથી તન્મય છે. પુણ્ય-પાપના વિકલ્પ અને આ સંસાર જે કહે છે એ વિકલ્પ પુદ્ગલની સાથે તન્મય છે. એ વસ્તુની દૃષ્ટિમાં એ કહ્યું છે. અહીં વસ્તુ અને વસ્તુની પર્યાય મલિન થાય છે કર્મના બંધને વશ થઈને,એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? કહો, શેઠી!

સવારમાં તો એ આવ્યું હતું. આવ્યું હતું કે નહિ? રૂનું દૃષ્ટાંત. કસુંબાનો રંગ એ પરનો ભાવ છે,એને કપડાનો કહેવો એ તો વ્યવહાર છે. એમ પુણ્ય-પાપના વિકલ્પ, સંસારનો વિકલ્પને આત્માનો કહેવો એ પરનો છે. એને આત્માનો કહેવો એ વ્યવહાર છે. પુદ્ગલનો છે. પુદ્ગલની પર્યાય, પુદ્ગલનો ભાવ, પુદ્ગલની પર્યાય અવસ્થા પુદ્ગલના પરિણામ. એટલોબધો ફેર! કુંદકુંદાચાર્ય સવારે એ કહે અને બપોરે આ કહે. એય..! દેવાનુપ્રિયા! સમજાય છે કે નહિ? એક જ પક્કડ રાખે તો કામ નહિ આવે એમ કહે છે. એ દૃષ્ટિના વિષયમાં દૃષ્ટિ તો જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ છે. એમાં એ વિકારના પરિણામ પોતાના દ્રવ્યની સાથે એક નથી. સમજાણું કાંઈ? દૃષ્ટાંત આપ્યું હતુંને. અગ્નિથી ઉષ્ણતા જેમ અગ્નિથી તન્મય છે,એમ આત્માની સાથે વિકલ્પ તન્મય છે એમ નથી. પુદ્ગલની સાથે તન્મય છે. અગ્નિની ઉષ્ણતા અગ્નિની સાથે

એકરૂપ છે. એમ વિકલ્પ, સંસારનો ઉદયભાવ વિકલ્પાદિ પોતાની પર્યાયમાં હોં. એ બધું પુદ્ગલની સાથે તન્મય છે. ભગવાન ચિદાનંદ સ્વભાવથી તન્મય નથી. આહા..હા..! એ સ્વભાવમાં નથી એમ બતાવવું છે. ભગવાન જ્ઞાનમૂર્તિ દ્રવ્યસ્વભાવમાં તો છે જ નહિ એ તો પહેલા કહ્યું. દ્રવ્ય તો અવસ્થિત છે. દ્રવ્યપણે જીવ અવસ્થિત છે. સમજાણું કાંઈ? એ પહેલા કહ્યું. પર્યાય પણ અનવસ્થિત છે. એ વસ્તુના સ્વભાવમાં નથી. એ કારણે ત્યાં પર્યાય વિકલ્પને, સંસારને, ઉદયભાવને પુદ્ગલ પર્યાય કહેવામાં આવે છે. અહીંયાં એની પર્યાય એનામાં થાય છે, પરથી નહિ અને થયા વિના રહે નહિ એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની પર્યાયમાં છે. પર્યાયને કારણે છે. પણ પર્યાયદૃષ્ટિ છે ત્યાં સુધી તો એમાં જ છે. દ્રવ્યદૃષ્ટિ થઈ તો એમાં છે નહિ, એમ કહેવું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાયદૃષ્ટિથી પોતામાં છે, દ્રવ્યદૃષ્ટિથી પરમાં છે. હજી પકડવામાં થોડી વાર લાગે છે. આ પર્યાયદૃષ્ટિથી પોતામાં છે. પર્યાયદૃષ્ટિથી પરમાં છે એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વળી બીજું. એ તો ઠીક. એ પર્યાયદૃષ્ટિ છેને એમાં સંસાર છે એમ અત્યારે. દ્રવ્યદૃષ્ટિમાં સંસાર નથી, બસ એ. વાત એવી છે જરી ઝીણી છે. એકદમ સવારમાં કહેવું કે બીજાનો ભાવ બીજો. તો પુણ્ય-પાપનો વિકલ્પ છે તે બીજો પુદ્ગલનો. આત્માનો કહેવો એ વ્યવહાર છે. અહીં તો કહે કે નિશ્ચયથી એની પર્યાયનો છે. સ્વનિશ્ચય છેને. તોપણ નિશ્ચય છે પર્યાયમાં. એ અશુદ્ધ નિશ્ચયથી છે એ પણ નિશ્ચય પોતામાં છે એમ કહે છે. પર્યાયમાં અનવસ્થિપણું છે એ પોતાના અપરાધને કારણે પોતાના ગ્રહણ-ત્યાગની ક્રિયાને કારણે એ છે. સમજાણું કાંઈ? પછી વસ્તુની દૃષ્ટિ કરતાં જ્ઞાયક આત્મા .. છે. સમજાણું કાંઈ?

ચૈતન્યમૂર્તિ ચૈતન્યસૂર્ય એ તો પોતાના પ્રકાશથી તન્મય છે. ચૈતન્ય ગુણી ગુણસ્વરૂપ પ્રકાશથી તન્મય છે. ત્યાં વિકલ્પથી તન્મય છે? વસ્તુ વિકલ્પથી તન્મય હોય? છે જ નહિ. પણ જ્યાં સુધી પર્યાયદૃષ્ટિ છે તો પર્યાયમાં અનવસ્થિતપણું એની પર્યાયમાં પોતાને કારણે છે. સમજાણું કાંઈ? આવે છેને શ્રીમદ્માં એક ઠેકાણે, નહિ? દિગંબરના આચાર્યો કહે છે કે આત્માનો મોક્ષ થતો નથી. આવે છેને. મોક્ષ થતો નથી, સમજાય છે. મેં બંધન માન્યું હતું એ છોડી દીધું, બસ. હું વિકલ્પમાં હતો એમ માન્યું હતું. એ માન્યતા છોડી દીધી. વસ્તુ છે એ છે. મોક્ષ.. પણ એ નિશ્ચયનયથી છે. પર્યાયાર્થિકનયવાળા એમ માને તો રખડી મરશે. ત્યાં છેને? સમજાણું કાંઈ? છેને ક્યાં છે? પાનું પાછું કાંઈ યાદ આવે? ૩૨. 'અમુક આચાર્ય એમ કહે છે કે દિગંબરના આચાર્યે તો એમ સ્વીકાર્યું છે કે જીવનો મોક્ષ થતો નથી.'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે એ છે. ક્યાં બંધમાં આવ્યો છે એ દ્રવ્યસ્વભાવ? એ તો મુક્ત જ છે. 'પરંતુ મોક્ષ સમજાય છે.' મોક્ષ સમજાય છે કે હું સ્વરૂપથી મુક્ત જ છું એમ. 'તે એ રીતે કે જીવ શુદ્ધસ્વરૂપી જ છે. તેને બંધ થયો નથી.' શુદ્ધ ભગવાન ચિદાનંદને બંધ પણ ક્યાં છે? એ તો પર્યાયમાં બંધ છે, વસ્તુમાં બંધ ક્યાં છે? 'તો પછી મોક્ષ થવાપણું ક્યાં રહે છે? પરંતુ તેને માનેલું છે કે હું બંધાઉં છું.' જુઓ. એણે માન્યું છે કે હું બંધાયેલો છું. હું બંધાયેલો છું. 'એ માનવાપણું વિચારે કરીને સમજાય છે.' જ્ઞાન દ્વારા શુદ્ધ ચૈતન્યસૂર્ય ભિન્ન છે એમ સમજાય છે. 'મને બંધન નથી.' સમજાય છે? 'માત્ર માન્યું હતું તે માનવાપણું શુદ્ધસ્વરૂપ સમજવાથી રહેતું નથી. મોક્ષ સમજાય છે. આ વાત શુદ્ધનયની નિશ્ચનયની છે. પર્યાયાર્થિકનયવાળાઓ એ નયને વળગી આચરણ કરે તો તેને રખડી મરવાનું છે.' પર્યાયદૃષ્ટિવાળા એમ માની લે. દૃષ્ટિ પર્યાય ઉપર છે, રાગ ઉપર છે, અંશ ઉપર છે, અંશી ઉપર દૃષ્ટિ થઈ નથી, દ્રવ્યસ્વભાવ ઉપર તો ગયો નથી, તો દૃષ્ટિ રાગ અને પર્યાય ઉપર છે અને માને કે અમારો મોક્ષ છે તો રખડી મરીશ. સમજાણું કાંઈ?

સવારમાં જે વાત હતી તે દ્રવ્યદૃષ્ટિની વાત હતી શુદ્ધસ્વરૂપની. અત્યારે પર્યાયની વાત ચાલે છે. સમજાણું કાંઈ? એ ૩૨માં છે. એ ૮૦ લ્યો. ૮૦-૮૦ એનો બોલ છેને? બોલ છેને? ૩૨માં બોલ છે બધા. .. સમજાણું કાંઈ? ઓહો..હો..! ભગવાન આત્મા વસ્તુદૃષ્ટિએ, શુદ્ધનયે જે સવારમાં કહ્યું હતું એ. નિશ્ચયનયે બંધ-મોક્ષ બે પર્યાય છે પર્યાય. બંધ પણ રાગમાં રોકાવું એ પર્યાય, મોક્ષ અરાગી પર્યાય. એક સમયની પર્યાય એ તો પર્યાયનયનો વિષય થયો. વસ્તુસ્વરૂપ છે ત્રિકાળ એ તો નિશ્ચયનય શુદ્ધનયનો વિષય છે. એ દૃષ્ટિએ આત્માને મોક્ષ થાય એમ નથી. મોક્ષ થવું, સમજાય છે, સમજાય છે. પણ પર્યાય ઉપર લક્ષ રાખનારા જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર નથી ગઈ, વસ્તુ સ્વભાવ ઉપર ગઈ નથી અને પર્યાયમાં બેઠો છે, પર્યાયમાં રહે છે, પર્યાયમાં રોકાય છે. અંશબુદ્ધિમાં જેની સ્થાપના પોતાની થઈ છે એ એમ માને કે મારો મોક્ષ થઈ ગયો અને હું મોક્ષસ્વરૂપ છું. સમજાણું કાંઈ?

સવારની વાત વસ્તુની નિશ્ચયનય શુદ્ધનયની હતી. અત્યારે તો પર્યાયમાં દ્રવ્ય પરિણમે છે એમ લખ્યુંને? પરિણમતા દ્રવ્યની પૂર્વ-ઉત્તર દશાની ત્યાગ ગ્રહણાત્મકક્રિયા. એ ક્રિયા નામનું પરિણામ. જુઓ, ક્રિયા. ત્યાગ-ગ્રહણ છેને? ક્રિયા થઈને? ક્રિયા પર્યાયની ફેરની. એમ આવે છેને. ક્રિયા પર્યાયની ફેરની. પર્યાયને ફેરવે, પૂર્વનો ત્યાગ અને ગ્રહણ સંસાર હોં વિકલ્પ, ગતિ. તે જ ક્રિયા, તે જ પરિણામ એ સંસાર છે. એ કર્મની પર્યાયમાં સંસાર છે અને કર્મથી સંસાર છે એવો જ્ઞેયનો સ્વભાવ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? પરિણામ સંસાર. બસ. ૧૨૦ થઈ.

**'હવે, પરિણામાત્મક સંસારમાં...'** પરિણામ. ૧૨૧. પરિણામ. એ પરિણામ લીધુંને?

ક્યા કારણે પુદ્‌ગલનો સંબંધ થાય છે જુઓ, એવા પરિણામસ્વરૂપ સંસારમાં ક્યા કારણે સંબંધ થાય છે? **'કે જેથી તે (-સંસાર) મનુષ્યાદિપર્યાયાત્મક હોય છે—'** જેથી એ સંસાર મનુષ્ય, તિર્યંચ, એકેન્દ્રિય, નિગોદ, દેવ થાય છે. **'તેનું અહીં સમાધાન વર્ણવે છે :-'** ઉપર છે. ૧૨૧ ઉપર. કેટલું સ્પષ્ટીકરણ! ઓહો..હો..! સમજાણું કાંઈ? ૧૨૧.

आदा कम्ममलिमसो परिणामं लहदि कम्मसंजुत्तं।
तत्तो सिलिसदि कम्मं तम्हा कम्मं तु परिणामो।।१२१।।

**કર્મે મલિન જીવ કર્મસંયુત પામતો પરિણામને,**
**તેથી કરમ બંધાય છે; પરિણામ તેથી કર્મ છે. ૧૨૧.**

**'અન્વયાર્થ :- કર્મથી મલિન આત્મા...'** શું કહે છે? **'કર્મસંયુક્ત પરિણામને...'** એમ. **'(-દ્રવ્યકર્મના સંયોગે થતા અશુદ્ધ પરિણામને)'** અશુદ્ધ પરિણામ કર્મસંયુક્ત વિના થતા નથી. એટલી વાત. કર્મથી થાય એમ નથી, પણ કર્મસહિત જીવને અશુદ્ધ પરિણામ થાય છે. એમ. સમજાણું કાંઈ? **'કર્મથી મલિન આત્મા કર્મસંયુક્ત પરિણામને (-દ્રવ્યકર્મના સંયોગે થતા અશુદ્ધ પરિણામને) પામે છે,...'** જુઓ, પામે છે. આત્મા કર્મના સંયોગે લક્ષ કરીને અશુદ્ધ પરિણામને પામે છે. કેમકે કર્મનો સંયોગ ન હોય અને અશુદ્ધ પરિણામ થાય એમ થતું નથી. એટલી વાત છે. સમજાણું કાંઈ? વર્ણવ્યું છેને ક્યાં છે એ? હવેમાં આવશે? પછી આવશે ઠીક ટીકામાં. **તેથી કર્મ ચોંટે છે...'** 'શ્લિષ્યતિ' ઓલું મીંડુ પછી. શું કહે છે? કર્મથી મલિન આત્મા, કર્મના સંયોગમાં રહેલો આત્મા, કર્મસંયુક્ત જીવ અશુદ્ધ પરિણામને પામે છે. લ્યો! એટલું કહ્યું. હવે તથાવિધ પરિણામ લીધું. **'તેથી કર્મ ચોંટે છે...'** લ્યો! કર્મસંયુક્ત આત્મા અશુદ્ધ પરિણામ કરે છે તો એનાથી કર્મ બંધાય છે લ્યો! દ્રવ્યકર્મના નિમિત્તપણાના લક્ષથી અશુદ્ધ પરિણામ થાય છે અને અશુદ્ધ પરિણામના નિમિત્તે ત્યાં દ્રવ્યકર્મ બંધનમાં આવે છે. એ શબ્દાર્થ થયો.

**'ટીકા :- 'સંસાર' નામનો જે આ આત્માનો તથાવિધ પરિણામ તે જ દ્રવ્યકર્મ વળગવાનો હેતુ છે.'** સંસાર નામનો આત્માનો જે પરિણામ, સંસરણ ક્રિયાના ભાવ. એક ગતિથી બીજી ગતિમાં જાવું એવી સંસરણ જે ક્રિયા, એવા જે પરિણામ **'તે જ દ્રવ્યકર્મ વળગવાનો...'** એ પરિણામ નવા કર્મને ચોંટવાનો હેતુ છે. નવા કર્મને ચોંટવાનો એ અશુદ્ધ પરિણામ હેતુ છે. **'હવે, તથાવિધ પરિણામનો કોણ હેતુ છે?'** કહો, સમજાણું? તો તથાવિધ જે અશુદ્ધ-વિકારી પરિણામ થાય એમાં કોણ હેતુ છે? **'દ્રવ્યકર્મ તેનો હેતુ છે,...'** એ તો નિમિત્ત છે. લ્યો આ નિમિત્તના ઝઘડા. કર્મસંયુક્ત જીવ અશુદ્ધ પરિણામ. સમજાણું કાંઈ? અને એ અશુદ્ધ પરિણામ નવા કર્મનો હેતુ છે. નવા કર્મ ચોંટવામાં હેતુ છે અને દ્રવ્યકર્મનો હેતુ. **'દ્રવ્યકર્મ તેનો હેતુ છે,...'** લ્યો! એ પરિણામમાં કોણ હેતુ? દ્રવ્યકર્મ એમાં હેતુ-નિમિત્ત છે. લ્યો! આ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ.

અશુદ્ધ પરિણામ થવામાં જૂના કર્મ નિમિત્ત છે અને અશુદ્ધ પરિણામનું નિમિત્ત પામીને નવા કર્મ બંધાય છે એમાં અશુદ્ધ પરિણામ નિમિત્ત છે. સમજાણું કાંઈ? જે કર્મનો ઉદય છે, સાંભળો ધ્યાન રાખીને, એ અશુદ્ધ પરિણામનું નિમિત્ત છે અને એ જ કર્મનો ઉદય અશુદ્ધ પરિણામનું નિમિત્ત પામીને એ બંધાય છે. બરાબર છે? પકડ્યું નહિ. એ તો પહેલાથી કહ્યું હતું ધ્યાન રાખજો. પહેલા તો કહ્યું હતું કે અશુદ્ધ પરિણામ તેનો હેતુ જૂના કર્મ છે અને જૂના કર્મનો હેતુ અશુદ્ધ પરિણામ છે.

મુમુક્ષુ :- અશુદ્ધ પરિણામ તો .. તરફનો હેતુ છે.

ઉત્તર :- એમ કહેવું છે અહીં તો. જે કર્મ અશુદ્ધ પરિણામમાં હેતુ થાય છે એ જ કર્મ અશુદ્ધ પરિણામનો હેતુ થાય એમ છે જ નહિ. સમજાણું કાંઈ? પોતામાં અશુદ્ધ પરિણામ થયા એમાં તો જૂના કર્મ નિમિત્ત છે અને અશુદ્ધ પરિણામ છે તો નવા કર્મમાં હેતુ છે. જૂના કર્મમાં એ નિમિત્ત નથી. સમજાણું કાંઈ? નવું કર્મ બંધાય છે એનો હેતુ અશુદ્ધ પરિણામ અને અશુદ્ધ પરિણામનો હેતુ નવા કર્મ નથી, એમાં જૂના કર્મ નિમિત્ત છે. સમજાણું કાંઈ? ... બરાબર છે પણ કર્મનું નિમિત્ત અશુદ્ધ પરિણામ અને અશુદ્ધ પરિણામનું નિમિત્ત પામીને જૂના કર્મ ઉદયમાં આવે છે. બરાબર છે? એ વાત છે અહીંયાં. એમ કહે છે. બેમાં ફેર છે. એના એ કર્મ પરિણામમાં નિમિત્ત થાય અને એના એ પરિણામ એ પરિણામથી બંધાય એમ છે જ નહિ. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

જુઓ, પહેલેથી જુઓ. '**'સંસાર' નામનો જે આ આત્માનો તથાવિધ (-તે પ્રકારનો, તેવો)...**' એમ. તે પ્રકારના એમ. તે પ્રકારના. ઘણા પ્રકારના સંસાર પરિણામ છેને? એટલે તે પ્રકારનો એમ. તેવો-તેવો.. જે વખતે હોય તેવો. એમ. તથાવિધ છેને? તે-તે પ્રકારનો ક્રમે-ક્રમે ભિન્ન-ભિન્ન છેને? તો '**'સંસાર' નામનો જે આ આત્માનો...**' તે પ્રકારનો ભાવ જે જે સમયે હોય. ભિન્ન-ભિન્ન છેને અહીં તો? '**(તે પ્રકારનો, તેવો) પરિણામ તે જ દ્રવ્યકર્મ...**' નવા કર્મને ચોંટવાનો, વળગવાનો હેતુ છે, નિમિત્ત છે. હવે તથાવિધ પરિણામ. તો એ પ્રકારના શુદ્ધ પરિણામ સંસારની ક્રિયાના પરિણામમાં કોણ હેતુ છે? કે દ્રવ્યકર્મ તેનો હેતુ છે. સમજાણું કાંઈ? પહેલો હેતુ નવા કર્મનો હતો અશુદ્ધ પરિણામ અને એ અશુદ્ધ પરિણામનો હેતુ જૂના કર્મ હતા. અશુદ્ધ પરિણામ થયા તે નવા કર્મનો હેતુ હતો. અને અશુદ્ધ પરિણામ થયા એમાં જૂના કર્મ હેતુ છે. સમજાણું કાંઈ? વાણિયાને પણ આવું... આ તો સાધારણ વાત છે. ગોટો વળી જાય ગોટો અંદરથી. એથી પ્રશ્ન કરશે.

'**કારણ કે દ્રવ્યકર્મથી સંયુક્તપણે જ તે જોવામાં આવે છે.**' એ પહેલાની વાત કરી. કે અશુદ્ધ પરિણામ તો દ્રવ્યકર્મના સહિતપણે જોવામાં આવે છે. શું કહે છે સમજાણું? આત્મામાં સંસાર પરિણામ કર્મના સંબંધપણે જોવામાં આવે છે. કર્મનો સંબંધ ન હોય અને અશુદ્ધ પરિણામ થાય એમ જોવામાં આવતું નથી. એનો નીચે અર્થ કર્યો જુઓ. **દ્રવ્યકર્મના**

**સંયોગમાં જ અશુદ્ધ પરિણામ હોય છે,...'** સંયોગમાં. દ્રવ્યકર્મ હોય અને અશુદ્ધ પરિણામ હોય એમ પ્રશ્ન નથી અહીંયાં. દ્રવ્યકર્મ હોય અને અશુદ્ધ પરિણામ થાય એમ નથી. પણ દ્રવ્યકર્મના સંયોગમાં જ અશુદ્ધ પરિણામ હોય છે, બસ. '**દ્રવ્યકર્મ વિના કદી હોતો નથી; તેથી દ્રવ્યકર્મ અશુદ્ધ પરિણામનું કારણ છે.**' સમજાણું કાંઈ? હેતુ. હેતુ કહો કે કારણ કહો. ત્યારે એ કહે છેને જુઓ, વિકાર છે, કર્મ ઉદય ન હોય .. એમ બતાવે કોઈ. એ કહે. અરે ભગવાન! પણ એ તો કરે છે તો જૂના કર્મ નિમિત્ત કહેવામાં આવે એવી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ ક્યાં? એમ નથી. એમ બિલકુલ એનાથી નથી. એમ નહિ, બિલકુલ એમ નથી. અશુદ્ધ પરિણામનો હેતુ જૂના કર્મ નિમિત્ત, બસ એટલું. અથવા કર્મસંયુક્ત જીવને અશુદ્ધ પરિણામ થાય એમ જોવામાં આવે છે. કર્મસંયુક્ત ન હોય અને અશુદ્ધ પરિણામ થાય એમ જોવામાં આવતું નથી. એવો એનો અર્થ નથી કે દ્રવ્યકર્મ છે તો અશુદ્ધ પરિણામ એને કારણે થાય એવો એનો અર્થ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવા અર્થ કરવામાં ગોટા મોટા પછી. જુઓ, દ્રવ્યકર્મનો હેતુ છે. પણ હેતુનો અર્થ? પોતાનો અશુદ્ધભાવ કરે છે તો જૂના કર્મને નિમિત્ત કહેવામાં આવે છે, પણ નિમિત્ત અશુદ્ધ પરિણામ કરાવે એમ નથી.

મુમુક્ષુ :- .. કરતા નથી.

ઉત્તર :- કરાવતા નથી. જિનેન્દ્રજી! સમજાણું કે નહિ? એ નરેશજી! એ નિમિત્ત કહ્યું હતુંને નિમિત્ત? ચશ્મા નિમિત્ત એમ અશુદ્ધ પરિણામ જીવ કરે છે તો જૂના કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. પણ નિમિત્ત છે તો કરે છે એમ નથી. ભારે ગોટા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં બસ એ અશુદ્ધ પરિણામ છે તો કર્મનું સંયક્તપણું છે જ. કર્મસંયુક્ત ન હોય તો અશુદ્ધ પરિણામ થતા નથી. એનો અર્થ એમ નથી કે કર્મ છે તો અશુદ્ધ પરિણામ થાય છે એમ નથી. પણ કર્મસંયુક્ત જીવને અશુદ્ધ પરિણામ થાય છે. કર્મરહિત જીવને અશુદ્ધ પરિણામ થતા નથી. બસ, એટલું કહેવું છે. ત્યારે કહે જુઓ, સિદ્ધમાં વિકાર કેમ નથી? કર્મ નથી માટે. ત્યાં કેમ વિકાર? કે કર્મ છે માટે. લ્યો એવો મોટો પ્રશ્ન હતો. ઈડર-ઈડર. એય..! હતાને ઓલા વિવેકચંદજી કેવા? વિકાસચંદજી. બિચારા કોકના શબ્દ લઈ લઈને વાતું કરે. ખબર ન મળે કાંઈ. જાડી બુદ્ધિ. લ્યો! પ્રશ્ન કર્યો હતો. રાતે ઘણા માણસો હતા. સિદ્ધિને કેમ વિકાર નથી થતો? કર્મ નથી માટે. અહીં વિકાર થાય છે તો કર્મ છે માટે. એમ કોણે કહ્યું? અહીંયાં એમ નથી કહ્યું. પણ જેને વિકાર થાય છે તે કર્મસંયુક્ત જીવને જ હોય છે બસ એટલું. લખ્યું છેને જુઓ પંડિતજીએ લખ્યું છે જુઓ. '**દ્રવ્યકર્મના સંયોગમાં જ અશુદ્ધ પરિણામ હોય છે, દ્રવ્યકર્મ વિના કદી હોતો નથી;...**' તો દ્રવ્યકર્મથી વિકાર થાય

છે, દ્રવ્યકર્મ ન હોય તો વિકાર થતો નથી. એવો એનો અર્થ નથી.

મુમુક્ષુ :- એમ લખ્યું છે.

ઉત્તર :- ના, એમ લખ્યું જ નથી. દ્રવ્યકર્મ વિના કદી હોતો નથી એમ કહ્યું છે. દ્રવ્યકર્મ ન હોય અને વિકાર થાય એટલું છે. પણ દ્રવ્યકર્મથી વિકાર થાય એવું ક્યાં આવ્યું એમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તેથી દ્રવ્યકર્મ અશુદ્ધ નિમિત્ત છે. એ તો અહીં સિદ્ધ કરવું છેને (કે) નિમિત્ત છે. હેતુ છે હેતુ.

**'તેથી દ્રવ્યક્રમ અશુદ્ધ પરિણામનું કારણ છે.'** નિમિત્ત છે, પણ દ્રવ્યકર્મ છે તો અશુદ્ધ પરિણામ કરવા જ પડે એમ નથી. અશુદ્ધ પરિણામ છે તેને દ્રવ્યકર્મનું સંયુક્તપણું છે. બસ, સંયુક્તપણું છે એટલી વાત છે. ભારે વાત! હજી તો એને સ્વતંત્રતાના પરિણામની ખબર નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરી શકે છે. આ તો અશુદ્ધ પરિણામ કરે છે તો દ્રવ્યકર્મના સંયુક્તમાં જ થાય છે બસ એટલું. સમજાણું કાંઈ?

'(શંકા :-)' **'દ્રવ્યકર્મ સંયુક્તપણે જ તે જોવામાં આવે છે.'** સંયુક્ત છેને પાઠમાં? '**कम्मसंजुत्तं**' જુઓ, બીજા પદમાં છેલ્લું પદ છે. **आदा कम्ममलिमसो परिणामं लहदि कम्मसंजुत्तं।**' એ પાઠ છે. '**कम्मसंजुत्तं**' કર્મના સંયુક્તપણે અશુદ્ધ પરિણામ કરે છે. એનો અર્થ અશુદ્ધ પરિણામ કર્મસંયુક્ત છે તો એનાથી થાય છે એમ નથી. '**कम्ममलिमसो**' એમ કહ્યુંને? જુઓને પહેલેથી આવ્યું. કર્મથી મલિન આત્મા અને કર્મસંયુક્ત પરિણામમાં પામે છે, બસ એટલું. ભારે વાંધા. અરે ભગવાન! ભાઈ! અહીં તો સંસરણ ક્રિયા સંસાર આત્માના પરિણામ છે એમાં કર્મસંયુક્તને જ પરિણામ થાય છે એટલી વાત છે. પણ કર્મ છે તો પરિણામ કરવા જ પડે એ વાત અહીંયાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! બહારની વાત એમાં ઝઘડે. અનાદિ એમ ને એમ કાળ ગાળ્યો લોકોએ. ભગવાન વિકૃતમાં પોતાના પરિણામથી સ્વતંત્ર અશુદ્ધને કરનાર સ્વતંત્ર છે. નિમિત્ત હોય. કર્મસંયુક્ત કીધું, એ તો પાઠમાં કહ્યું. કર્મ મલિનતા, કર્મસહિત જીવ જ અશુદ્ધ પરિણામને પામે છે. એનો અર્થ એવો નથી કે કર્મસહિત છે તો અશુદ્ધ પરિણામ થાય જ છે એમ નથી. અશુદ્ધ પરિણામ પામે છે તો કર્મસંયુક્ત જ જીવ હોય છે એમ અર્થ છે. સમજાણું કાંઈ?

દ્રવ્યદૃષ્ટિમાં તો કર્મનું જ વ્યાપકપણું વિકારનું છે એમ કહે. એ તો કર્મરૂપ અને કર્મ વ્યાપક થઈને પ્રસરીને વિકાર થાય છે. એ સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ વાત છે. ભગવાન જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ દૃષ્ટિમાં આવ્યો, અનુભવ થયો તો પછી જે રાગ થાય છે એ સ્વભાવના વિકારથી રાગ નથી થતો. તો પછી કહ્યું કે તે કર્મ નિમિત્ત છે એના વિકાર પરિણામ એનું કર્મ છે.

વિકારનું કાર્ય કર્મનું કાર્ય છે. કેમકે આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્યાં દૃષ્ટિ અનુભવમાં આવી તો એનું કાર્ય તો શુદ્ધતા છે. અશુદ્ધતા જ્ઞાનીનું કાર્ય નથી. એ અપેક્ષાએ અશુદ્ધતા વિકારનો કર્તા કર્મ છે એમ કહેવામાં આવ્યું. કેટલી અપેક્ષા! સમજાણું કાંઈ? કરે વિકાર પોતાની દૃષ્ટિ રાખીને એમાં અને કહે કે એ વિકાર કર્મથી થયો, અમારાથી નહિ. એ ક્યાંથી આવ્યું? વિકાર ઉપર દૃષ્ટિ રાખીને, નિમિત્ત ઉપર દૃષ્ટિ રાખીને સ્વભાવની દૃષ્ટિ તો છે જ નહિ. જ્ઞાયક શુદ્ધ ભગવાન આત્માની દૃષ્ટિ છે નહિ અને વિકાર થાય છે તો કહે વિકાર તો કર્મનું કાર્ય છે. એ ક્યાંથી આવ્યું? તારું કાર્ય શુદ્ધતા, એનું કારણ દ્રવ્ય એ તો દૃષ્ટિમાં આવ્યું નથી. સમજાણું કાંઈ? અને તે વિકાર કાર્ય કર્મનું એમ કહે તો ભ્રષ્ટ થઈ જઈશ. સમજાણું કાંઈ?

'(**શંકા :-) એમ હોય તો...**' એમ કહો. '**ઈતરેતરાશ્રય દોષ આવે!**' જડ દ્રવ્યકર્મથી વિકાર અને વિકારથી કર્મ. એકને આશ્રયે એક થયો. કર્મને આશ્રયે વિકાર અને વિકારને આશ્રયે કર્મ એ તો ઈતરેતરાશ્રય એકબીજાની અપેક્ષાનો દોષ આવ્યો. કોઈ વાત સિદ્ધ ન થઈ. '**(સમાધાન :-) નથી આવતો;...**' એવા ઈતરેતરાશ્રયનો દોષ અહીંયાં લાગુ પડતો નથી. બિલકુલ નહિ. '**કારણ કે અનાદિસિદ્ધ દ્રવ્યકર્મ સાથે સંબંધ એવા આત્માનું જે પૂર્વનું દ્રવ્યકર્મ તેને ત્યાં હેતુપણે ગ્રહવામાં આવ્યું છે.**' શું કહે છે જુઓ, વિકારી પરિણામમાં જૂના કર્મના નિમિત્ત હેતુ કહેવામાં આવ્યા છે. એ જ કર્મબંધનમાં એ જ પરિણામ કહેવામાં આવે તો તો દોષ લાગે. પૂર્વનું કર્મ પોતાના વિકારી પરિણામમાં નિમિત્ત કહેવામાં આવે છે. નવા કર્મ બંધાય એમાં પોતાના અશુદ્ધ પરિણામ એમાં નિમિત્ત કહેવામાં આવ્યા છે. જૂના કર્મને પોતાના અશુદ્ધ પરિણામ નિમિત્ત છે એમ નથી. અશુદ્ધ પરિણામમાં જૂના કર્મ નિમિત્ત અને જૂના કર્મમાં અશુદ્ધ પરિણામ નિમિત્ત. તો તો ઈતર-ઈતર દોષ આવે કોઈ વાત સિદ્ધ થતી નથી. એમ તો છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કઠણ છે.

ઉત્તર :- કઠણ પડે એવું નથી. વાત તો સાદી થાય છે.

આત્મા '**कम्मसंजुत्तं**' એમ કહ્યું. કર્મસંયુક્તથી મલિન થાય છે બસ બરાબર. મલિન પરિણામ જ નિમિત્ત છે. હવે એ મલિન પરિણામ કર્મમાં હેતુ છે. પણ એ કર્મમાં શું હેતુ છે? એ જ કર્મ જે અશુદ્ધ પરિણામમાં નિમિત્ત હતું એનો જે હેતુ અશુદ્ધ પરિણામ હોય તો તો ઈતર-ઈતર દોષ આવે. એમ તો છે નહિ. અનાદિકર્મ એક છે એ વિકારી પરિણામમાં નિમિત્ત છે બસ એટલું કહ્યું. અને જે વિકાર થયો, નવા બંધનમાં હેતુ છે એમ કહ્યું. તો સ્વતંત્ર થયો. એક બીજાના આશ્રયે રહ્યા નહિ. સમજાણું કાંઈ? બોલી શકવા. આમાં બોલી શકવું કઠણ. હિંમતભાઈને સોંપ્યું છે એ બધું? શું કહ્યું? જુઓ. ત્રણ-ચારવાર તો ચાલે છે કે આત્મા વસ્તુ તરીકે તો ભગવાન શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ. તેનું સમીપપણું છોડીને પર્યાયમાં અશુદ્ધપણું, વિકારપણું, મલિનપણું થાય છે એ સંસારની ક્રિયાનું પરિણામ, એમાં જૂના કર્મ

નિમિત્ત છે. જૂના કર્મ નિમિત્ત છે. અને એ જ જૂના કર્મને અશુદ્ધ પરિણામ નિમિત્ત કહો તો તો દોષ આવે, પણ એમ તો નથી. સમજાણું કાંઈ?

જુઓ, '**અનાદિસિદ્ધ દ્રવ્યકર્મ સાથે સંબંધ એવા આત્માનું જે પૂર્વનું દ્રવ્યકર્મ તેને ત્યાં હેતુપણે ગ્રહવામાં આવ્યું છે.**' બગડો છેને જુઓ, '**એક અસિદ્ધ બાબતને સિદ્ધ કરવા માટે બીજી અસિદ્ધ બાબતનો આશ્રય લેવામાં આવે...**' એ જરી ન્યાયનો વિષય છે. '**અને વળી તે બીજી બાબતને સિદ્ધ કરવા માટે પહેલીનો આશ્રય લેવામાં આવે—**' એમ. અશુદ્ધ પરિણામને સિદ્ધ કરવા જૂના કર્મને સિદ્ધ કરવા નિમિત્તપણું આવે અને એ કર્મને સિદ્ધ કરવા માટે એના એ અશુદ્ધ પરિણામ જે થયા તેને હેતુ કહેવામાં આવે તો તો દોષ આવે. સમજાણું? તો ઈતરેતરાશ્રય દોષ કહેવામાં આવે.

'**દ્રવ્યકર્મનું કારણ અશુદ્ધ પરિણામ કહ્યો;...**' દ્રવ્યકર્મનું કારણ અશુદ્ધ પરિણામ તે નવાને માટે થયા. નવા કર્મ બંધાય એમાં અશુદ્ધ પરિણામ નિમિત્ત. '**પછી તે અશુદ્ધ પરિણામના કારણ વિષે પૂછવામાં આવતાં, તેનું કારણ પાછું દ્રવ્યકર્મ કહ્યું, તેથી શંકાકારને શંકા થાય છે કે આ વાતમાં તો ઈતરેતરાશ્રય દોષ આવે છે.**' હૈ, નહિ. '**પૂર્વનું દ્રવ્યકર્મ તેને...**' છેને? જુઓ! બગડો જુઓ. '**નવા દ્રવ્યકર્મનું કારણ અશુદ્ધ આત્મપરિણામ છે,...**' નવા કર્મ બંધાય છે એમાં અશુદ્ધ પરિણામ કારણ છે. '**અને તે અશુદ્ધ આત્મપરિણામનું કારણ તો તેનું તે જ દ્રવ્યકર્મ નહિ...**' નવું કર્મ આવે તેનું તે કારણ અશુદ્ધ પરિણામનું કારણ નથી. '**(અર્થાત્ નવું દ્રવ્યકર્મ નહિ) પણ પહેલાનું (જૂનું) દ્રવ્યકર્મ છે; માટે ત્યાં ઈતરેતરાશ્રય દોષ આવતો નથી.**' દ્રવ્યકર્મ સિદ્ધ હોય તો ભાવકર્મ સિદ્ધ થાય અને ભાવકર્મ હોય તો દ્રવ્યકર્મ સિદ્ધ થાય. એનું એ દ્રવ્યકર્મ. એ તો વાત છે નહિ. આહા..હા..! '**कम्ममलिमसो**' '**कम्मसंजुत्तं**' કહ્યું ને? ભાઈ! કર્મસંયુક્ત છે તો મલિન પરિણામ થાય છે. અને મલિન પરિણામ છે તો કર્મમાં નિમિત્ત છે, પણ કયા કર્મમાં નિમિત્ત છે? જો જૂના કર્મ અશુદ્ધ પરિણામમાં નિમિત્ત છે, તેને અશુદ્ધ પરિણામ નિમિત્ત નથી. નવા કર્મમાં નિમિત્ત છે. સમજાણું કે નહિ? શિખરચંદજી! શું કહ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પછી? એ જૂના કર્મનું કારણ નથી. જૂનું કર્મનું કારણ અશુદ્ધ પરિણામ અને અશુદ્ધ પરિણામનું કારણ જૂનું કર્મ—અશુદ્ધ પરિણામનું કારણ દ્રવ્યકર્મ અને દ્રવ્યકર્મનું કારણ અશુદ્ધ પરિણામ એના એ. એમ હોય તો દોષ આવે. સમજાણું કાંઈ? મલિન પરિણામ થયા એમાં કર્મ નિમિત્ત અને એના એ કર્મમાં અશુદ્ધ પરિણામ નિમિત્ત. એમ હોય તો દોષ આવે. એમ તો નથી. અશુદ્ધ પરિણામ થયા એમાં જૂના કર્મ નિમિત્ત અને અશુદ્ધ પરિણામ થયા એ નવા કર્મબંધનમાં નિમિત્ત છે. એમાં સ્વતંત્ર છે. એના એ જૂના કર્મમાં નિમિત્ત અશુદ્ધ પરિણામ છે એમ તો નથી. સમજાણું કાંઈ? હવે ભાઈ દયા પાળો અને વ્રત પાળો, થઈ

રહ્યું જુઓ આમાં કાંઈ માથાકૂટ સમજાય એવી? પણ ભાઈ! એ દયાના પરિણામ છે એ રાગ છે અને એ રાગ અશુદ્ધતા કર્મસુયંક્ત ભાવને હોય એમ કહે છે. દયાનો ભાવ એક શુભરાગ છે, અશુદ્ધ છે. એમાં કર્મસંયુક્ત જીવને જ અશુદ્ધ હોય છે. કર્મરહિતને અશુદ્ધ હોતું નથી. પણ એનો અર્થ એમ નથી કે કર્મથી અશુદ્ધ રાગ થયો એમ નથી અને કર્મ નિમિત્તથી અશુદ્ધ રાગ થયો એ જ અશુદ્ધ રાગ એ જ કર્મમાં હેતુ થયો એમ છે નહિ. સમજાણું કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ હોય. દ્રવ્યકર્મમાં ઉદય આવ્યો એમાં અશુદ્ધ પરિણામ હેતુ થતા નથી. અશુદ્ધ પરિણામમાં દ્રવ્યકર્મ હેતુ થાય છે. પણ એ દ્રવ્યકર્મ ઉદય આવ્યો એમાં અશુદ્ધ પરિણામ હેતુ નથી થતા. પોપટભાઈ! એ નથી. બહુ ફેં ફેં થઈ જાય એવું છે. એ કોઈ દિ' ધ્યાન રાખ્યું છે જ કે દિ'? પથરામાં એમ ને એમ. એય..! શેઠી! શેઠી કહે કે ભાઈ અમે મોટા માણસને જરી આમ કહેવું? મોટા કોને કહેવા? શોભાલાલજી! આ તો વાત કેટલી વાત ત્રણ-ચારવાર સિદ્ધ-સાબિત થાય છે. સમજાણું કાંઈ?

આત્મા. પાઠમાં તો એમ છેને. '**कम्मसंजुत्तं**' તે અશુદ્ધ મેલ જે વિકારી સંસાર પરિણામ જે થાય છે મિથ્યાત્વ, રાગ-દ્વેષ આદિ ક્રિયા. તો કહે છે કે એ વિકારી પરિણામમાં જૂના કર્મ નિમિત્ત છે, નવા કર્મ નહિ. અને નવા કર્મ બંધાય છે એમાં આ અશુદ્ધ પરિણામ નિમિત્ત છે, જૂના કર્મમાં નહિ. ચાર-પાંચ વાર તો વાત થઈ ગઈ હોં! પહેલીવાર થઈ લ્યો! આહા..હા..! એક છોકરા ઉપર ચડે બીજો છોકરો, પછી ઓલો કહે તારો વારો પહેલો અને મારો વારો પછી. એમ હશે આ? છોકરા નથી માથે? ઓલા કરતા રમતા પહેલા નહિ માથે આમ ચડાવે. કાંધ આમ ચડાવે. અત્યારે પહેલો હું ચડું અને પછી તું. એમ કર્મ વિકારમાં એ થાય પછી વિકાર એના એ કર્મને નિમિત્ત થાય એમ હશે આ? એમ નથી. સમજાણું કાંઈ?

એ છોકરાઓની રમત હોય છેને. આ તો પહેલાની વાત છે. નાની ઉંમરની વાત છે. નથી એવી રમત? કાંઈક કરે. ઘોડો થાય. એક ઘોડો પહેલો હું થાવ, પછી ઘોડો તું થા. એમ હશે આ? કે વિકાર પરિણામમાં એ કર્મ પહેલા નિમિત્ત થયા અને એ કર્મને વિકાર પરિણામ પછી નિમિત્ત થયા. એમ નથી. સમજાણું કાંઈ? મલિન પરિણામ કર્યા તે પોતે સ્વતંત્રથી, ઉપાદાનથી, પોતાથી. જૂના કર્મને હેતુ કહેવામાં આવે છે બસ એટલું. અને જે અશુદ્ધ પરિણામ મેલ થયા, એનાથી બંધન થયું તો નવા કર્મબંધ થયા. પહેલાની ક્યાં વાત છે? નવા કર્મબંધન થયા. કોઈને આશ્રયે કોઈ નથી. એ તો સ્વતંત્ર છે.

'**માટે ત્યાં ઈતરેતરાશ્રય દોષ આવતો નથી.**' એ આવ્યું હતું આપણે મોક્ષમાર્ગપ્રકાશકમાં. '**પૂર્વનું દ્રવ્યકર્મ તેને ત્યાં હેતુપણે ગ્રહવામાં આવ્યું છે.**' છે? મોક્ષમાર્ગપ્રકાશકમાં છે કર્મના અધિકારમાં. એટલે? વિકારી પરિણામ થાય છે પર્યાયમાં અનવસ્થિતપણું તેમાં ઉપાદાન

તો પોતાની યોગ્યતાએ થાય છે. પોતાની એક સમયની યોગ્યતાથી થાય છે, પણ એમાં જૂના કર્મ નિમિત્ત છે. અને નવા કર્મ પોતાની યોગ્યતાએ બંધાય છે. પોતાની યોગ્યતાએ નવા કર્મ બંધાય છે. એમાં અશુદ્ધ પરિણામ થયા, જેને જૂના કર્મ નિમિત્ત હતા એ અશુદ્ધ પરિણામ નવા કર્મ પોતાની યોગ્યતાએ બંધાણા તેમાં નિમિત્ત થયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જેટલા-તેટલાનો પ્રશ્ન અહીં છે નહિ. અહીં તો અહીંયાં થયું તેને નિમિત્ત એટલું. જેટલો ઉદય આવે એની તો વાત જ નથી. એ પ્રશ્ન જ નથી. એ તો પહેલા કહ્યુંને. પોતાની યોગ્યતાએ જેટલા અશુદ્ધ પરિણામ થયા એમાં જૂના કર્મ નિમિત્ત અને પોતાની યોગ્યતાથી નવા કર્મ બંધાય એમાં અશુદ્ધ પરિણામ નિમિત્ત એમ. એ વિશેષ કહેશે લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૧૧, મંગળવાર, તા. ૧૪.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૨૧-૧૨૨, પ્રવચન-૧૨૬**

પ્રવચનસાર. ૧૨૧ ગાથા. ક્યાં સુધી આવ્યા યાદ છે? શેઠી! કાલે ગયાને કાલે? ક્યાં સુધી આવ્યું પણ? કાલની ખબર નથી? ૨૩ કલાક થયા આજે. નીચે છે બીજો પેરેગ્રાફ. ૧૨૧નો બીજો પેરેગ્રાફ. તમારું હિન્દી છેને. નવામાં. ૧૨૧ ગાથા. એક પેરેગ્રાફ પછી બીજો પેરેગ્રાફ છે. '**આ રીતે નવું દ્રવ્યકર્મ...**' હા, એ. નીચે છે નીચે. જુઓ, બસ એ નીચે છે એ. જુઓ, શું કહે છે જુઓ. '**આ રીતે...**' આ રીતે '**નવું દ્રવ્યકર્મ...**' જે નવા નવા કર્મ બંધાય છેને નવા? તેનું કાર્યભૂત. દ્રવ્યકર્મ જેના કાર્યભૂત એમ. જે પૂર્વના પરિણામ જે તથાવિધ વિકારી પરિણામ છે તેનું કાર્યભૂત પણ કોણ? દ્રવ્યકર્મ નવા. બરાબર છે? નવા કર્મનું કાર્ય જે છે તેનું કારણ કોણ? એનું પરિણમન એ સમયનો વિકારીભાવ. વિકારીભાવ નવા કર્મનું કારણ. એ ભાવનું કાર્ય. વિકારીભાવ નવા કર્મનું કારણ અને વિકારીભાવનું નવું કર્મ કાર્ય. બરાબર છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આ તો સાધારણ વાત છે. કાંઈ વાંચન જ કરતા નથી. દરકાર કરતા નથી દરકાર. નવું એ રીતે... પૂર્વે કહ્યું કે નહિ? તથાપ્રકારના વિકારીભાવ જે આત્મા પોતામાં તથાપ્રકાર નામ તે પ્રકારના જેવો વિકારીભાવ કરે છે તેનું કાર્ય કોણ? નવા કર્મ. નવા કર્મ વિકારી પરિણામનું કાર્ય અને નવા કર્મનું વિકારી પરિણામ કારણ. બરાબર છે? વિકારીભાવનું

નવું કર્મ કાર્ય અને નવા કર્મનું વિકારી પરિણામ કારણ.

મુમુક્ષુ :- .. વિકારી ભાવ...

ઉત્તર :- કેમ કારણ નથી? નિમિત્ત છે કે નહિ? નિમિત્તકારણ છેને. ભાવકર્મ છે એ તે નવા કર્મનું કારણ, નિમિત્તકારણ છે. કહ્યુંને નિમિત્ત કારણ. હેતુ કહ્યુંને માથે. નવા કર્મ થાય છે પોતાથી, પણ એનું નિમિત્તકારણ વિકારી પરિણામ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ વિકારી પરિણામ અહીં તો એટલું જ લેવું છેને. ઉદયની વાત નથી. જ્યાં વિકારી પરિણામ થાય છે તે નવા કર્મનું કારણ અને દ્રવ્યકર્મ જેનું કાર્ય છે. એમ છેને? દ્રવ્યકર્મ જેનું કાર્ય છે. દ્રવ્યકર્મ જેનું કાર્ય છે. જેનું સમજ્યા? જેનું શું કહે છે તમારે હિન્દીમાં? જિસકા. કોનું? નવું કર્મ જેનું કાર્ય છે. કોનું? આત્માના વિકારી પરિણામનું. સમજાણું કાંઈ? નવા કર્મ બંધાય છે એમાં વિકારી પરિણામ નિમિત્તકારણ પડે છે. એ તો સીધી વાત છે, પણ વેપારીએ મહેનત જ નથી કરી. આ તો સાધારણ વાત છે. ભાષા સાદી આવે છે. એમાં કોઈ અઘરું નથી. નવા કર્મ જે રજકણ બંધાય છે આઠ કર્મ એ જેનું કાર્ય. જેનું કાર્ય. કોનું? કે વિકારી પરિણામ કારણ, દ્રવ્યકર્મ બંધાવું એ કાર્ય. નિમિત્ત-નૈમિત્તિકની વાત કરે છેને. સમજાણું કાંઈ?

**'અને જૂનું દ્રવ્યકર્મ જેના કારણભૂત છે...'** જૂનું દ્રવ્યકર્મ જેનું કારણ. વિકારી પરિણામનું જૂનું કર્મ કારણ. વિકારી પરિણામનું જૂનું પરિણામ કારણ અને વિકારી પરિણામ એનું કાર્ય દ્રવ્યકર્મ નવા પડ્યા એ. અભ્યાસ ન મળે એમ ને એમ માથા ફોડ્યા વખતમાં. ઉપર ઉપરથી જાણે મળી જશે. પૈસા મળી ગયાને જાણે. અહીં નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું વર્ણન છે. નિમિત્ત એ કારણ અને નૈમિત્તિક તે કાર્ય. સમજાણું કાંઈ? તો કહે છે કે આ પ્રકારે નવા દ્રવ્યકર્મ જેનું કાર્ય છે. જેનું નામ વિકારી પરિણામનું નવું કર્મ કાર્ય છે. કહો, સમજાણું કે નહિ? નથી, નથી આવ્યું હજી બરાબર. નવું કર્મ છે એ કારણ અને વિકારી પરિણામ કાર્ય. બરાબર છે?

મુમુક્ષુ :- વિકારી પર્યાય કારણ.

ઉત્તર :- વિકારી પરિણામ કારણ કોનું? કાર્ય કોણ? કે નવું કર્મ. આ બે જણા જતા હતા...

મુમુક્ષુ :- પણ ભેદ પાડ્યોને.

ઉત્તર :- અહીં તો કેટલા વર્ષથી આવો છો. કહો, સમજાણું કાંઈ? નિમિત્ત-નૈમિત્તિક કાર્ય. જેનું નિમિત્ત છે. કોનું કાર્ય છે? કે પૂર્વકર્મનું અને નિમિત્તનું કાર્ય કોણ છે? નવું કર્મ. નવા કર્મરૂપી નૈમિત્તિક કાર્યનું કારણ પરિણામ અને વિકારી પરિણામનું કારણ જૂનું કર્મ. બરાબર છે? જુઓ, આ પ્રકારે નવા દ્રવ્યકર્મ, નવા આઠ કર્મ જે બંધાય છે તે જેનું કાર્ય. જેનું કાર્ય. અહીં તો નિમિત્ત-નૈમિત્તિક વ્યવહારની વાત કરે છેને. વ્યવહારથી વાત નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છેને? નિશ્ચયથી તો કર્મની પર્યાય પોતાનું કાર્ય છે. કર્મનું કાર્ય પોતાથી છે. પણ વ્યવહારમાં

વિકારી પરિણામ એનું કારણ છે અને વિકારી પરિણામ પોતાનું જ કાર્ય કર્તાકૃત કાર્ય છે. પણ વિકારી પરિણામનું નિમિત્ત કારણ જૂનું કર્મ છે. તો જૂનું કર્મ કારણ છે તે પરિણામ. નવા કર્મ જેનું કાર્ય છે એવા વિકારી પરિણામ. આહા..હા..! આ દ્રવ્યકર્મરૂપી કાર્યનું ભાવરૂપ કર્મરૂપી કારણ, નવા દ્રવ્યકર્મરૂપી કાર્યનું ભાવકર્મરૂપી કારણ અને જૂના દ્રવ્યકર્મરૂપી કારણ. કારણ કોનું? વિકારી પરિણામનું.

આ રીતે એ માથે કહ્યુંને જુઓને. 'સંસાર' **નામનો જે આ આત્માનો તથાવિધ પરિણામ તે જ દ્રવ્યકર્મ વળગવાનો હેતુ છે.'** નવા દ્રવ્યકર્મના બાંધવાનું નિમિત્ત છે. એ આવ્યુંને ઉપર? અને તથાવિધ પરિણામનો કોણ હેતુ? તે દ્રવ્યકર્મ તેનો હેતુ. એનો અહીં ખુલાસો કર્યો છે. ખુલાસો કર્યો છે. સમજાણું કાંઈ? જેના કારણભૂત એવા આત્માના તથાવિધ પરિણામ હોવાથી ... જુઓ, આત્માના તથાવિધ વિકારી પરિણામ હોવાથી... મિથ્યાત્વ કરો, રાગ-દ્વેષ કરો એ તથાવિધ આત્માની યોગ્યાતાના પોતાના પરિણામ છે. એ નવા કર્મનું કારણ છે અથવા નવું કર્મ કાર્ય એનું આ કારણ છે અને જૂના કર્મનું કાર્ય છે. જૂનું કર્મ કારણ છે અને વિકારી પરિણામ કાર્ય છે. આમાં આવડે કે નહિ? મોહનભાઈ! એય..! મોહનભાઈ! આ આવડે કે નહિ બોલતા? બોલતા ન આવડે નહિ? એં..એં.. થઈ જાય. એય..! મોહનભાઈ! તમારે બુદ્ધિવાળાને નાખો એમાં.

અમારી સાધારણ ભાષા છે. ઓલા કારણકાર્યમાં ઓલા નિશ્ચયની વાત બહુ થાય છેને એટલે મગજમાં રહી ગયું. એમ (થાય) કે આ શું? (નિશ્ચય) કારણકાર્ય નહિ, વ્યવહારથી. પણ અત્યારે વ્યવહાર નિમિત્ત અને વ્યવહાર કાર્ય નૈમિત્તિક એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? નિશ્ચયમાં તો પોતાના વિકારી પરિણામ પોતાનું જ કાર્ય છે. નિશ્ચયથી તો પોતાનું જ કાર્ય અને કારણ છે. વિકારી પરિણામ પોતાનું કારણ અને એ જ કાર્ય ખરેખર તો એમ છે. અને જડકર્મ જે બંધાય છે એ પણ નવું બંધાણું એની પર્યાયનું કારણકાર્ય તે જ છે. એ તો ઉપાદાન સ્વતંત્ર થયું. હવે બેનો સંબંધ. નવા કર્મરૂપી કાર્ય એનું કારણ વિકારી પરિણામ. વિકારી પરિણામનું એ કાર્ય. વિકારી પરિણામનું એ કાર્ય. કોણ? નવું કર્મ બંધાણું એ. અને વિકારી પરિણામનું કારણ કોણ? જૂના કર્મ. આ બધા શીખેલા વકીલને આ સહેલું પડે. ઓલાને બધું આકરું પડે છે.

**'એવો (આત્માનો તથાવિધ પરિણામ) હોવાથી આત્માનો તથાવિધ પરિણામ ઉપચારથી દ્રવ્યકર્મ જ છે,...'** જુઓ, ઉપચારથી દ્રવ્યકર્મ છે. ખરેખર દ્રવ્યકર્મ નથી. કેમકે દ્રવ્યકર્મનું એ કારણ છે અને દ્રવ્યકર્મ જૂનાનું એ કાર્ય છે. સમજાણું કાંઈ? એ કારણે વિકારી પરિણામને વ્યવહારે કર્મ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? કહો, સમજાણું કે નહિ ભાણિયા? બરાબર ન આવ્યું? લ્યો! આ તો અભ્યાસી છેને ઘણા વખતથી. ક્યાં મગનભાઈ? આ તમારા ભાણેજ તો ઘણા વખતથી અભ્યાસ. એં..એં.. થઈ જાય. મોટાને થઈ જાય.

બોલવું કેમ? બોલવું કાંઈ નહિ. એના ખ્યાલમાં આવવું જોઈએ કે આત્માના વિકારી પરિણામ, સમજાય છે? નવા કર્મનું કારણ છે. અને વિકારી પરિણામનું કારણ જૂના કર્મ છે. લ્યો! આમાં કાંઈ સાદી ભાષા છે. કહ્યુંને જુઓને. ભાષા આવી કે નહિ?

**'દ્રવ્યકર્મ જેના કાર્યભૂત છે...'** જિસકા નામ જેનું. જેના નામ વિકારી પરિણામનું. આત્માના વિકારી પરિણામનું કાર્ય નવા કર્મ બંધાણા એ. અને જૂના કર્મ છે એ વિકારી પરિણામનું કારણ. સીધી વાત છે. એવા તથાવિધ પરિણામ ઉપચારથી એ જ જડકર્મ છે એમ કહે છે અહીં તો. સમજ્યાને? નિશ્ચયથી તો જડકર્મ પર છે. પણ પરમાં અહીંયાં નિમિત્ત થાય છે અથવા પર જડકર્મ એમાં કારણ થાય છે. એ કારણે વિકારી પરિણામને જડકર્મ, દ્રવ્યકર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અહીંયાં એ વાત એમ નથી લેવી કે વિકારી પરિણામ પોતાનું કાર્ય છે, કર્મ તો કાંઈ કરતું નથી. કરતું નથી તો એમ જ છે. પણ અહીં તો નિમિત્ત છે એટલું સિદ્ધ કરવું છે. કરે છે એની વાત અહીંયાં નથી. કેમ સમજાણું કાંઈ? ભાઈ! .. નિમિત્ત-નૈમિત્તિકની વાત ચાલે છે. તો નવા કર્મ બંધાવામાં નવા કર્મના કાર્યમાં એ વિકારી પરિણામ કારણ છે અને વિકારી પરિણામમાં જૂના કર્મ કારણ છે. નિમિત્ત. નિમિત્ત.

મુમુક્ષુ :- વિકારી પરિણામમાં .. આવ્યા.

ઉત્તર :- આવ્યા છે. નવા કાર્ય કરવામાં. નવા કાર્યને માટે વિકારી પરિણામને નિમિત્ત કહેવામાં આવ્યા અને વિકારી પરિણામને જૂના કર્મનું એ કાર્ય કહેવામાં આવ્યું. કારણ કે પરિણામમાં જૂના કર્મ નિમિત્ત છે. વિકારી પરિણામમાં જૂના કર્મ નિમિત્ત છે અને નવા કર્મમાં વિકારી પરિણામ નિમિત્ત છે. કહો, આમાં .. ઓલામાં તો ન્યાય. એય..! લાલજીભાઈ પણ સમજે નહિ એમાં તો, કીધું.

**'અને આત્મા પણ પોતાના પરિણામનો કર્તા હોવાથી...'** જુઓ, આત્મા પોતાના પરિણામનો કર્તા છે. વિકારી પરિણામનો. **'દ્રવ્યકર્મનો કર્તા પણ ઉપચારથી છે.'** જુઓ, પોતાના ભાવકર્મને ઉપચારથી જડકર્મ કહ્યું અને જડકર્મનો કર્તા પણ આત્મા ઉપચારથી છે. વ્યવહાર છેને. ઉપચાર કહો કે વ્યવહાર કહો. ભારે અટપટું. બે લીટીમાં તો અટપટું લાગે. હીરા-માણેકમાં એવું અટપટું નહિ લાગ્યું હોય બહુ અભ્યાસ કર્યો છે એનો. પન્ના ને હીરા ને આ ને આને આ. જુઓ, કહે છે કે નવા કર્મનું કાર્ય જે થયું તેનું કારણ વિકારી પરિણામ અને એ વિકારી પરિણામનું કારણ જૂનું કર્મ. એ અપેક્ષાએ પરિણામને જ દ્રવ્યકર્મ કહેવામાં આવે છે ઉપચારથી. વિકારી પરિણામને જ વ્યવહારથી, ઉપચારથી દ્રવ્યકર્મ કહેવામાં આવે છે. અને કર્મનો-દ્રવ્યકર્મનો કર્તા એ ઉપચારથી કહેવામાં આવે છે. એ કર્મનો ઉપચાર અહીં આવ્યો અને અહીંનો ઉપચાર ત્યાં આવ્યો. સમજાણું કાંઈ? એ ૧૨૧ થઈ લ્યો. છેલ્લી બે લીટી તો આકરી પડી. ભારે આકરી. એય..! ..ભાઈ! હવે એ પરિણામને દ્રવ્યકર્મ કહેવું, એ દ્રવ્યકર્મનો વળી કર્તા ઉપચારથી કહેવું વળી અરસપરસ ઉપચાર, પણ એ ઉપાચર તો

અહીં સિદ્ધ કરવું છે નિમિત્ત-નૈમિત્તિકથી.

મુમુક્ષુ :- શેમાંથી?

ઉત્તર :- એમાં છે નહિ. એ તો વાત છે. અભ્યાસ કરવો પડશે આમાં. એમ ને એમ ઉપરથી નહિ ચાલે. ઉપરથી ઓલા પૈસા કર્યા અને જાણે થઈ ગયું એમ.

૧૨૨. '**પરમાર્થે આત્માને દ્રવ્યકર્મનું અકર્તાપણું પ્રકાશે છે :—**' જુઓ, વ્યવહાર કર્તા કહ્યું. ખરેખર જડકર્મનો આત્મા અકર્તા છે. હવે નિશ્ચયથી. સમજાણું કાંઈ? એ લોકોને મૂંઝવણ ક્યાં હતી? અરે! એકબાજુ એમ કહો કે વિકારી પરિણામ આત્માનું કાર્ય નથી. આત્મા જ્ઞાનમૂર્તિ છે. તો ભાવનું કાર્ય તો જ્ઞાન હોવું જોઈએ, પણ એ તો સ્વભાવની દૃષ્ટિથી વાત છે. અહીંયાં તો અનાદિ પર્યાયદૃષ્ટિમાં શું છે એ વાત ચાલે છે. સમજાણું કાંઈ? જ્યાં સુધી પર્યાયદૃષ્ટિ છે ત્યાં સુધી વિકારી પરિણામનો કર્તા જીવ જ છે. અને એ પરિણામનું નિમિત્ત કારણ પૂર્વનું કર્મ છે અને એ પરિણામ નવા કર્મનું કારણ છે. ત્યાં સુધી. જ્યાં સુધી પર્યાયદૃષ્ટિમાં પડ્યો છે. ત્યાં સુધી નિશ્ચયથી રાગનો કર્તા છે. વ્યવહારથી પરનો કર્તા છે એમ કહેવામાં આવ્યું. સ્વભાવની દૃષ્ટિ જુદી વાત છે. સમજાણું કાંઈ?

અહીં તો પર્યાયમાં કરે છે તો એનું જ કાર્ય છે એમ સિદ્ધ કરવું છે. પણ આત્મા સ્વભાવ ચૈતન્યમૂર્તિ સૂર્યનો પ્રકાશ જેવો પ્રકાશ છે. તો એ પ્રકાશ રાગરૂપી અંધકારને કેમ કરે? એ બીજી દૃષ્ટિ થઈ. શેઠી! સમજાણું કાંઈ? તો પોતાના વિકારી કાર્યનો કર્તા ન હોય તો પરનો ઉપચારથી કર્તા ક્યાંથી આવે? એ અહીં સિદ્ધ કરવું છે. ભારે અટપટું. અમારે ફાવાભાઈ કહેતા સવારે કાંઈક સાંભળીએ, બપોરે કાંઈક પકડીએ. બુદ્ધિ ન મળે. પૈસા ઓલા પુણ્યને લઈને રળી ખાતા હોય. પાંચ, પચાસ, પચ્ચીસ હજાર પેદા કરે આમ થાય ત્યાં હો..હા.. હો..હા.. ધૂળમાંય નથી. ત્યાં બુદ્ધિ શું કામ કરે? એ તો પૂર્વના પુણ્યને લઈને સોગઠી ગોઠવાઈ જાય. સોગઠી સમજ્યા કે નહિ? ત્યાં થઈ ગયા પાંચ-પચ્ચીસ લાખ મળ્યા છે ઓહો..હો..! આપણે ઘણી વ્યવસ્થા કરી અને મગજનું કામ બરાબર કર્યું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધૂળની વ્યવસ્થા કરી શકે નહિ. એક રજકણની અવસ્થા કરી શકે નહિ. કોનું કરે? અજ્ઞાનભાવે વિકારની અવસ્થાની વ્યવસ્થા કરે. અજ્ઞાનભાવે વિકારની અવસ્થાની વ્યવસ્થા કરે. પરની વ્યવસ્થા તો કરી શકતો નથી. એટલે તો કહે છે. સમજાણું કાંઈ? એણે નિર્ણય કરવો જોઈએ પાક્કો નિર્ણય, સમજીને. એમ ને એમ ધારી લે. એ ક્યાં સુધી કરશે એ? લ્યો પોપટભાઈનું નામ ભૂલાઈ જાય છે? રાતે સૂતા હોય... ત્રણ કાળમાં નથી પોપટભાઈનું નામ. નામ કોનું છે? નામ આનું છે? કોનું છે? તો આનું નામ નાક છે, આનું નામ આંખ છે, આનું નામ કાન છે, આનું નામ મોઢું છે, આનું નામ માથું છે, આનું નામ મોઢું છે, આ નાક છે, આ હાથ છે. શરીર પણ કોને કહેવું કહો? આને શરીર કહેવું? આને નાક

કહેવાય, આને આંખ કહેવાય, આને કાન કહેવાય, આને ચામડી કહેવાય. તો આખાનું નામ એક શરીર નામ આપ્યું. ખોટું છે. વસ્તુમાં ક્યાં છે? સમજાણું કાંઈ? એમ નામ આપ્યું પોપટભાઈ! કોને કહેવું પોપટભાઈ આમાં? જડને? ચેતનને?

નિહાલભાઈ લખે છે. નિહાલભાઈ લખે છેને એમાં. જડ નિહાલભાઈ ત્યાં આવવાનું થશે તો થાશે. ભાવ નિહાલભાઈ તો પોતામાં જ રહે છે. સમજાણું કાંઈ? જડ નિહાલભાઈ. .. નિહાલભાઈ તમે જડને કહો તો એ આવવાની ચીજ હશે તો આવશે. સમજાણું કાંઈ? ભાવ નિહાલભાઈ તો પોતામાં છે. એ તો ક્યાંય આવતા-જતા નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

આત્મા જ્યાં સુધી એની દૃષ્ટિ પોતાની પર્યાય ઉપર છે અને દ્રવ્યસ્વભાવ શું છે એની ખબર નથી. વસ્તુસ્વભાવ શું છે? ચૈતન્યમૂર્તિ ત્રિકાળ આનંદકંદ. સવારમાં આવ્યું હતુંને કે આકાશ ઉપર થોડો કાળ રહેતા વસ્તી લૂંટાય છે તો આકાશ લૂંટાય છે એમ કહેવામાં આવે છે. આકાશ લૂંટાણું એમ કહેવામાં આવે. ભગવાન આત્મા અનાદિ-અનંત ચૈતન્ય ધ્રુવ. .. શબ્દ શું છે હિન્દીમાં? એવો ને એવો રહ્યો. એમાં વિકારની પર્યાય અને કર્મનો એક સમયનો સંબંધ, એક સમયનો, એક સમય. પલક મારે એમાં અસંખ્ય સમય જાય છે. એક સમયનો સંબંધ દેખીને વ્યવહારથી કહે છે કે એનો છે. સ્વભાવમાં નથી. અહીં એ વાત નથી લેવી. અહીં તો એક સમયના વિકારી પરિણામનો કર્તા જીવ જ છે. સમજાણું કાંઈ? દ્રવ્યસ્વભાવનું તો દૃષ્ટિ ભાન નથી. તો કાંઈક કરશે તો ખરો કે નહિ? સમજાણું કાંઈ?

જ્ઞાનીને પણ દ્રવ્યસ્વભાવનું ભાન હોવા છતાં જે વિકારના પરિણામ થાય છે એને જાણે છે કે મારી પર્યાયમાં છે. જડમાં છે એમ એમ જ્ઞાન નથી જાણતું. દૃષ્ટિની અપેક્ષાએ પરની સાથે તન્મય છે. સમજાણું કાંઈ? જ્ઞાનની અપેક્ષાએ જ્ઞાન જાણે છે કે મારી પર્યાયમાં રાગનું પરિણમન છે. એમ જાણે છે. જ્ઞાની પણ એમ જાણે છે. કર્તા નથી થતો. મને કરવાલાયક છે અને મારું કર્તૃત્વ છે એમ નથી. પણ પરિણમન તો મારી પર્યાયમાં છે. એમ જ્ઞાની પણ જાણે છે. અને અજ્ઞાની પોતાના સ્વભાવનું ભાન નથી, તો વિકાર ઉપર દૃષ્ટિ, પર્યાય ઉપર દૃષ્ટિ છે. તો પર્યાય ઉપર દૃષ્ટિમાં રાગ-દ્વેષ અને પુણ્ય અને પાપ એ જ એને થાય છે. એને કરનાર કર્તા એ જ છે. અને એ વિકારનું પરિણામ એનું કાર્ય છે. કેમકે એને પ્રાપ્ત કરે છે. વિકારી પરિણામને જ પામે છે. સમજાણું કાંઈ?

**'પરમાર્થે આત્માને દ્રવ્યકર્મનું અકર્તાપણું પ્રકાશે છે :—'** જુઓ. ૧૨૨.

**परिणामो सयमादा सा पुण किरिय त्ति होदि जीवमया।**
**किरिया कम्म त्ति मदा तम्हा कम्मस्स ण दु कत्ता।।१२२।।**

**પરિણામ પોતે જીવ છે, ને છે ક્રિયા એ જીવમયી;**
**કિરિયા ગણી છે કર્મ; તેથી કર્મનો કર્તા નથી. ૧૨૨.**

'**અન્વયાર્થ :— પરિણામ...**' વિકારી પરિણામ. અન્વયાર્થમાં. '**પોતે આત્મા છે,...**' સ્વયં આત્મા છે. એ પરિણામ આત્મા જ છે. વિકારી પરિણામ આત્મા જ છે. સવારે બીજી વાત છે. એ તો સમ્યગ્દર્શનના સ્વભાવમાં ચિદાનંદ ચૈતન્ય સૂર્ય જ્યાં અનુભવમાં આવ્યો તો વિકારનું તન્મયપણું પોતામાં નથી, તે જડની સાથે તન્મય છે. એવો પરથી ભિન્ન પડતાં ભેદજ્ઞાનની વાતમાં એ વાત કરી. સમજાણું કાંઈ? હજી તો કહે છે કે જેટલા વિકારી મિથ્યાત્વ. ૫૫ ગાથા. એક ૫૦ થી ૫૫ (ગાથા)માં ૨૯ બોલ આવ્યા. સમજાણું કાંઈ? એ બધા બોલ આત્માની પર્યાયમાં છે એમ અહીંયાં સિદ્ધ કરવું છે. એ જડ-બડની વાત એકકોર રાખો. સમજાણું કાંઈ? રાગ-દ્વેષ, રાગ, શુભ પરિણામ, અશુભ પરિણામ, ગુણસ્થાનભેદ આદિ બધા. તે પરિણામ. પોતે સમજ્યા? પોતે એટલે શું? ખુદ. પોતે આત્મા છે. વિકારી પરિણામ જીવમાં થાય છે તે પોતે આત્મા છે. કેમકે આત્માના છે તો આત્મા છે. આહા..હા..!

કહેતા હતાને એ નહિ? અત્યાર સુધી એવું શીખવ્યું, એમ કહે. એ પ્રશ્નનારદ. સાધારણ વાત અહીં છે. એ પ્રશ્નનારદ, નહિ? અત્યાર સુધી એમ કહ્યું કે દ્રવ્ય પોતે વિકારરૂપ થાય છે, પોતે નિર્વિકારરૂપ પરિણમન થાય છે, દ્રવ્ય પરિણમન કરે છે. હવે એ નવી વાત કાઢી. ૩૨૦મી ગાથા. દ્રવ્ય પરિણમતું જ નથી, પરિણમે તે પર્યાય. પરિણામી ભગવાન અપરિણામી પરિણામી પોતે અપરિણામી આત્મા ધ્રુવ. પરિણમે તે પર્યાય દ્રવ્ય નથી. એ દૃષ્ટિના વિષયમાં દ્રવ્યની ધ્રુવતા સિદ્ધ કરવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૩૨૦ વંચાણીને આપણે ત્યાં? અહીં પણ વંચાઈ ગઈ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ધ્રુવ-ધ્રુવસ્વરૂપ એકરૂપ ચિદ્ઘન તે પરિણામી એટલે સહજસ્વભાવ. અપરિણામી એટલે પરિણમતો નથી. સમજાણું કાંઈ? ધ્રુવસ્વભાવ એક સમયનો ઉત્પાદ વ્યય પર્યાયથી ભિન્ન છે. ધ્રુવસ્વભાવ પરિણામી સહજસ્વરૂપ અપરિણામી. પરિણમન શું? સાંભળો. ભગવાન આત્મા એક સમયનો જે ઉત્પાદ-વ્યય એક સમયની પર્યાય છે. સવારમાં એ એક સમયની પર્યાયનો સંબંધ કહ્યો હતોને? પરની સાથે સંબંધ હતો અને એક સમયની અવસ્થા એમાં હતી. એ પર્યાય નિર્મળ હોય કે સમળ હોય, એ પર્યાયનું પરિણમન પર્યાયનું છે. વસ્તુ છે તે પરિણામી છે, ધ્રુવ છે તે પરિણામી છે. પરિણામીનો અર્થ સહજસ્વરૂપ છે. સહજસ્વરૂપનો અર્થ તે અપરિણામી છે. લે! પરિણામીનો અર્થ? તે સહજ છે માટે. અપરિણામીનો અર્થ તે પરિણમતી નથી માટે. આમાં તો મગજ કાંઈક ગંભીર જોઈએ. સમજાણું કાંઈ?

વસ્તુ છે ધ્રુવ. નિત્યાનંદ નિત્ય ભગવાન આત્મા નિત્ય પ્રભુ, નિત્યાનંદ સ્વભાવ એ તો પરિણામિકભાવ છે. પરિણામિકભાવનો અર્થ? એમાં કોઈ નિમિત્તની કે નિમિત્તના અભાવની અપેક્ષા છે જ નહિ અને પરિણમનની અપેક્ષા નથી માટે અપરિણામી છે. ધ્રુવ. અને પરિણમે તે પર્યાય છે. તે વ્યવહાર છે. નિશ્ચય અપરિણામી-પરિણામિક ભાવ છે. નિશ્ચય અપરિણામિક-પરિણામિકભાવ છે. કહો, દાસ! આહા..હા..! એ વાત દૃષ્ટિના ધ્રુવપણામાં પર્યાય ભિન્ન છે

એમ બતાવવું છે. દૃષ્ટિનો વિષય એકદમ ધ્રુવ. દૃષ્ટિ છે પર્યાય. દૃષ્ટિ છે પર્યાય, પણ એનો વિષય તદ્દન એકરૂપ ત્રિકાળ ધ્રુવમય. સમજાણું કાંઈ? એ અપેક્ષાએ દ્રવ્ય નામ સામાન્ય ધ્રુવ પરિણામી કહેવા છતાં સહજભાવ હોવાથી પરિણામી કહ્યું. પરની અપેક્ષા અને પરિણમન નથી માટે એ ભાવને અપરિણામી કહ્યો. કેટલું યાદ રાખે આમાં? યાદ તો કાંઈ રાખવાનું નથી. એવી ચીજ જ છે. વર્તમાનમાં ઘણી ગડબડ થઈ ગઈ. બહારની ચીજમાં ગડબડ... ગડબડ... ગડબડ... આહા..હા..!

આ વાત તો બીજી કહે છે અહીં. એ વસ્તુ છે એ જ પરિણમે છે એમ અહીં કહે છે. પર્યાયથી વાત છેને. દ્રવ્ય છે. દ્રવતિ ઈતિ દ્રવ્યં. દ્રવે છે. જુઓ, છે ને પંચાસ્તિકાયમાં? ૯મી. ૯મી પંડિતજીએ .. બીજી જગ્યાએ. એની પર્યાયમાં જે વિકાર થાય છે, ભ્રમ થાય છે કે હું સુખી છું. પરથી સુખી છું, પરથી દુઃખી છું, હું વિકારી છું. એવી જે પર્યાય છે તે જીવના જ પરિણામ છે, આત્માના જ પરિણામ છે. સમજાણું કાંઈ? થોડો અભ્યાસ અને મહેનત કરવી પડશે. એમ ને એમ થોડું સાંભળી લ્યો કલાક, બે કલાક. પછી જાવ ત્યાં પથરામાં રોકાવા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ત્યાં ત્યાં. ત્યાં કીધુંને. ત્યાં કીધુંને. ત્યાં કીધું. આ ..ને ત્યાં કીધું ત્યાં જાય પથરામાં ત્યાં, એમ કીધું. અત્યારે નહિ. પણ અહીં ક્યાં કાયમ રહેવાના? ઝાઝું તો ત્યાં ઓલા છોકરામાં. બાપુજી! બાપુજી! કરે ત્યાં આહા..હા..! આહા..હા..! જુઓને અત્યારે બહુ અસાધ્યમાં પડ્યા છે કસ્તુરબેન. અસાધ્ય છે. કાલે નવ વાગ્યાથી અસાધ્ય થઈ ગયા છે. રાતે કાલે નવ વાગેથી. એ બહેન... ત્યાં પહેલા અમૃત પ્રિન્ટિંગપ્રેસ નહોતું? પુસ્તક છપાવતા હતા. અમૃતલાલ ભાવનગરવાળા. એ ગુજરી ગયા. રાતના નવ વાગ્યાથી અસાધ્ય થઈ ગયા. હજી અસાધ્ય છે. અસાધ્ય... અસાધ્ય... કાંઈ ભાન નથી. એકદમ વાત કરતા હતા, ચર્ચા કરતા હતા. ગુણીબહેન આવ્યા. વાત સાંભળો. એકદમ એમાં ઉલટી થઈ. રાડ પાડી. અસાધ્ય. એ ચૌદ ઓરડા છેને ચૌદ ઓરડા? ઓહો..હો..! એક એક રજકણની અવસ્થા કોણ કરે? ... કરો તો આજ. રાજકોટ .. રાજકોટવાળા ડોક્ટરને બોલાવતા હતા. અહીં છોકરા... શું થાય? દવા નથી લેતા. જુઓ ૨૪ કલાક, ૪૮ કલાક શું થાય છે. આ શરીરની અવસ્થા! ભગવાન આત્મા ઓહો..હો..! ચિદાનંદ જ્યોતિ પડ્યો છે ભગવાનસ્વરૂપે આત્મા. અસાધ્ય થઈ ગયા. આહા..હા..! ખબર પણ નથી. આમ તો અસાધ્ય મિથ્યાત્વમાં છે જ. સમજાણું કાંઈ? મિથ્યાશ્રદ્ધામાં આત્માની સાધ્યતા તો નથી. પ્રવીણભાઈ! મિથ્યાશ્રદ્ધામાં રાગ મારો, પુણ્ય મારા, રાગની મીઠાશ મારી. એમાં અસાધ્ય છે. ચિદાનંદ ભગવાન સાધ્યમાં તો આવ્યો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો બહારથી અસાધ્ય. અરે ભગવાન! તારી આ ગતિ! ઓહો..હો..! ત્રણ લોકનો નાથ જે એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક સોડમાં સમાડી

લે. સોડ સમજો છો? સોડ નથી સમજતા? પણ ગુજરાતી બહુ રહે છેને. આ સોડ ઓઢવાની ચાદર હોયને. એવી એક જ્ઞાનની એક સમયની પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક સમાડી દે એવો ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન, કેવળદર્શનસ્વભાવ, સ્વસ્વભાવ જ્ઞાનાવરણીયથી રોકાણો નથી, પરથી રોકાણો નથી. એ તો એવો જ છે. ... સાક્ષાત્ ભગવાનસ્વરૂપ જ આત્મા છે. પરથી વિમુખ, સ્વભાવરૂપ, ભાવરૂપ. એ તો પર્યાયમાં આવતો જ નથી. વસ્તુની દૃષ્ટિની ધ્રુવપણાની ચોંટ એ પર્યાયમાં આવે છે.

અહીંયાં તો કહે છે કે પર્યાય એની છે, પરિણમન એનું છે. બે મળીને આખું દ્રવ્ય છે. પર્યાય અને સામાન્ય બે થઈને દ્રવ્ય છે. એવું અહીં પ્રમાણ છે. ત્યાં પ્રમાણનું દ્રવ્ય બતાવવું છે. ત્યાં દૃષ્ટિનું દ્રવ્ય-દ્રવ્યાર્થિકનું દ્રવ્ય બતાવવું છે. ઓહો..હો..! ભગવાનની ગહન લીલા, પોતાની હોં! આહા..હા..! કહે છે જુઓ, **'પરિણામ પોતે આત્મા છે,...'** અહીંથી આ ઉપડ્યું છે. પરિણામ પોતાનો આત્મા. પરિણામ શબ્દે વિકારી. સમજાણું કાંઈ? એ આત્મા જ છે. શુભ-અશુભભાવ આત્મા જ છે. **'અને તે જીવમયી ક્રિયા છે;...'** એ વિકારી પલટતી જીવની ક્રિયા છે. પહેલા રાગ હતો, પછી રાગ થયો, પહેલા દ્વેષ હતો, પછી રાગ થયો. તો રાગથી મિથ્યાત્વભાવ થયો. તો મિથ્યાત્વની પર્યાયની પ્રવૃત્તિ પરિણતિ કેવી છે એ પરિણામ એ જીવની ક્રિયા છે. પરિણામ એ જીવની ક્રિયા છે. સમજાણું કાંઈ?

અને એ **'ક્રિયાને કર્મ માનવામાં આવી છે;...'** એ ક્રિયા તે જ કર્મ નામ કાર્ય છે. પરિણામને ક્રિયા કહી અને ક્રિયાને કર્મ કહ્યું. ત્રણ બોલ લઈ લીધા. પરિણામને આત્મા કહ્યો, પરિણામને ક્રિયા કહી અને એ ક્રિયાને કર્મ કહ્યું. સમજાણું કાંઈ? **માટે...'** એ કારણે **'આત્મા દ્રવ્યકર્મનો કર્તા તો નથી.'** જુઓ, પોતાની ક્રિયા પોતાના પરિણામરૂપી ક્રિયાનું કાર્યનો કર્તા આત્મા છે. જડના કર્મની અવસ્થાનો આત્મા કર્તા નથી. પરનું શું કરે? નિમિત્ત કહ્યું એ બીજી વાત છે, પણ કર્તા છે નહિ. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? માણેકચંદજી! આ સમજવું હોં. આમાં કાંઈ નથી, મફતનો મારો હેરાન થાય છે. કોણ જાણે પાંચ-પચ્ચીસ લાખ મળે જ્યાં દેખાયને ત્યાં. શરીર કાંઈક રૂપાળુ, સુંદર હોય તો ત્યાં... ધૂળ પણ આ તો માટીનો પિંડ છે. એની પર્યાયનો કર્તા તું છો જ નહિ. એની અવસ્થાનો કર્તા આત્મા છે જ નહિ. કેમ રહેવું એ તો એનું કાર્ય છે. તારું કાર્ય એમાં છે? શરીરની અવસ્થા કેમ રહેવી એ તો પરમાણુનું કાર્ય છે. કહો, સમજાણું કાંઈ? ...

કાનજીસ્વામી કહે છે કે ખાય નહિ, પીવે નહિ. ખાય-પીવે નહિ. જડ ખાય છે? બહુ લખ્યું છે. ખૂબ લખ્યું છે. વ્યવહાર મોક્ષમાર્ગ. પુણ્ય છે તે વ્યવહાર મોક્ષમાર્ગ છે, તે સાધન છે. પંચાસ્તિકાયમાં લખ્યું છેને? સાધન છે. નિશ્ચય સાધ્ય છે. એકાંતી માનતા નથી, પણ એની શું ગતિ થશે એ ભગવાન જાણે. અરેરે..! શું થાય? જીવ શું કરે છે? પુણ્ય એ વ્યવહાર મોક્ષમાર્ગ. એનું નામ જ 'વ્યવહાર મોક્ષમાર્ગ' પુસ્તકનું. વ્યવહાર.. પરિણામથી મોહનીય કર્મ

તૂટી જાય છે, અંદર ઘટી જાય છે, સ્થિતિરસ ઘટી જાય છે, તૂટી જાય છે એવો દાખલો આપ્યો છે. શુભભાવથી તો મોહકર્મની સ્થિતિરસ તૂટી જાય છે. સ્થિતિરસ તૂટવાથી ઉદય મંદ આવે છે. સમજાણું કાંઈ? તો એટલો લાભ થયો. પછી ગોટા ઘણા વાળ્યા હતા. ઓહો..હો..!

અહીંયાં તો કહે છે કે દ્રવ્યકર્મનો કર્તા તો નથી. 'ટીકા :- **પ્રથમ તો આત્માનો પરિણામ...**' મૂળ વાત એ છે કે એમ પ્રથમ એટલે. મૂળ વાત એ છે. 'तावत्' 'तावत्' પહેલી વાત એ છે કે આત્માના પરિણામ ખરેખર પોતે આત્મા છે. પોતાનું પરિણામ પોતાનું સ્વરૂપ હોવાથી એ આત્મા જ છે. બરાબર છે? એ રાગ-દ્વેષના પરિણામ આત્માના છે તો આત્મા જ છે એમ કહે છે. મહેન્દ્રભાઈનું મકાન આત્માનું નથી. આત્માના પરિણામ... એમ કહ્યુંને? પરિણમન એનું છે એમ કહેવું છે. આત્માનું પરિણામ છે રાગ-દ્વેષ મિથ્યાત્વ. '**પોતે આત્મા જ છે,...**' ભાષા જુઓ, વળી ત્યાં ઓલામાં સમ્મુચય હતું, પરિણામ પોતે આત્મા છે. હવે આત્મા જ છે. ભારે વાત ભાઈ! સવારમાં કહે કે પુદ્ગલના પરિણામ છે, નિશ્ચય પુદ્ગલના જ પરિણામ છે. એય..! કઈ અપેક્ષા છે એ સમજવું જોઈએને. સમજાણું કાંઈ? ભાઈ! આહા..!

આત્મા પરિણમે છે, બદલે છે તો પરિણામ તો ક્રિયા છે અને ક્રિયા એનું કર્મ છે અને એ તો વિકારીભાવ છે. એ તો આત્મા જ છે. આત્માથી ભિન્ન છે? પરમાણુ છે એ? સમજાણું કાંઈ? સવારમાં કહ્યું એ બીજી વાત છે. એ આત્માના વિકારી પરિણામ પુદ્ગલ છે તો પુદ્ગલનો અર્થ જડ રજકણ છે એમ નથી. પણ એ અચેતન છે. રાગ-દ્વેષના પરિણામમાં ચૈતન્યના કિરણનું નૂર નથી. તો ચૈતન્ય કિરણનું નૂર અને તેજ સ્વભાવ નથી એ અપેક્ષાએ તેને અચેતન કહ્યું. તો અચેતન પુદ્ગલની સાથે તન્મય લઈ લીધું. સમજાણું કાંઈ? અહીંયાં તો પરથી ભિન્ન બતાવવું છે. ત્યાં તો વિકારથી ભિન્ન બતાવવું છે. સમજાણું કાંઈ? જેને વિકારથી પરથી ભિન્નની શક્તિની માન્યતા નથી. એ કર્મ છે તો વિકાર થાય છે, કર્મ છે તો વિકાર થાય છે, હું છું તો કર્મ થાય છે—એ તો બે દ્રવ્યની એકતાબુદ્ધિ છે. એ તો પરદ્રવ્યથી ભિન્ન પાડવાની પણ શક્તિ નથી. તો પરથી ભિન્ન પાડવાની શક્તિ નથી તો વિકારી પરિણામથી હું ભિન્ન છું એવી અસ્તિ એને હોતી નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**કારણ કે પરિણામી પરિણામના સ્વરૂપનો કરનાર હોવાને લીધે...**' જુઓ, પરિણામી. પરિણામી કોણ? આત્મા. એ '**કારણ કે પરિણામી પરિણામના સ્વરૂપનો કરનાર હોવાને લીધે...**' પોતાના વિકારી પરિણામના સ્વરૂપનો પરિણામી આત્મા કરનાર હોવાથી, તે '**પરિણામથી અનન્ય છે;...**' તે કરનાર હોવાથી પોતાના પરિણામથી પરિણામી અનન્ય છે, એકમેક છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? ત્યાં તો કહે ૩૨૦માં કે પરિણામી પરિણામથી તન્મય છે જ નહિ. તે વસ્તુદૃષ્ટિ. એકલો સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... તે પરિણામ-નિર્મળ પરિણામથી તન્મય દ્રવ્ય નથી. અહીં તો એક સમયની પર્યાયમાં

આખું દ્રવ્ય જો આવી જાય, તો જેમ એક સમયની પર્યાય પલટે છે તેમ દ્રવ્ય પણ બીજે સમયે નાશ થઈ જાય. એ અપેક્ષાએ (કહ્યું). ઓહો..હો..!

તો કહે છે કે અહીં ભાષા જુઓ, પરિણામી. પરિણામી શબ્દે દ્રવ્ય. '**પરિણામના સ્વરૂપનો કરનાર...**' પરિણામી વસ્તુ આત્મા વિકારી પરિણામના સ્વરૂપનો કરનાર. પરિણામના સ્વરૂપનો કરનાર જુઓ. પરિણામ, પરિણામરૂપ એનું સ્વરૂપ પર્યાયનું. એનો કરનાર હોવાથી. '**પરિણામથી અનન્ય છે;...**' પરિણામી દ્રવ્ય પરિણામથી અનન્ય છે, એકમેક છે, અન્ય નથી. પરિણામી પરિણામથી અન્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-...

ઉત્તર :- પર્યાય તો એવી છે. એ પર્યાયદૃષ્ટિ અહીં આખા પરથી ભિન્ન પાડવાની વાત છે, પરથી ભિન્ન પાડવાની. પણ પોતાનું પરિણામ સ્વતંત્ર છે અને પરથી ભિન્ન એટલો હજી નિર્ણય નથી તેને વિકારી પરિણામથી ભિન્ન છું એવો નિર્ણય ક્યાંથી આવશે? પહેલા સ્વચ્છંદ થાય છે. નહિ, વિકારથી તો કર્મથી થાય છે... કર્મથી થાય છે... શાસ્ત્રમાં આવ્યું નહિ? વિકારી કામ અમારું નથી. સમજાણું કાંઈ? પહેલા કહેતા હતા ઓલા નહિ એ? જ્ઞાનચંદજી હતાને. જ્ઞાનચંદજી ને? કોટાવાળા. પહેલા ઓલું ક્રમબદ્ધનું આવતું હતુંને ત્યારે પહેલા સમજ્યા વિના કહેતા હતા. આપણે કાંઈ વિકારી કરવાનો ભાવ છે? એ તો વિકારી પરિણામ તો પરને લઈને આવે. ક્રમબદ્ધની વાત ચાલતી. કહે એમ નહિ. સમજે નહિ પછી ગોટા વાળે. ઘણા વર્ષ પહેલાની વાત છે હોં! પછી તો સમજી ગયા. ઘણા વર્ષની વાત છે. અમે બેઠા હતા. ક્રમબદ્ધની શરૂઆત થઈને વાત? ત્યારે તો આવતા હતાને. એ જ્ઞાનચંદજી. બહેન! તમારે ત્યાં રહેતા હતાને? જ્ઞાનચંદજી નહિ? કોટા. એના ઘરે રહેતા હતા બહેનને ત્યાં. ગુજરી ગયા. જ્ઞાનચંદજી અહીં બહુ .. હતા. મગજ હતું હોં! પછી ક્રમબદ્ધ આવ્યુંને. આપણે ક્યાં વિકાર કરવાનો ભાવ છે? વિકાર તો ક્રમે આવે જ છે. ક્રમમાં આવે જ છે. કીધું, એમ નથી. વિકારનો અર્થ જ્ઞાયકસ્વભાવ હું છું એવી દૃષ્ટિ થઈ તેને ક્રમે ક્રમે જે રાગ આવે છે એ આવે તેને જાણનાર છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

જ્યાં સુધી વીતરાગી દૃષ્ટિ નથી થઈ ત્યાં સુધી આ ક્રમ છે, આ યોગ્યતા છે, આ રાગને હું જ્ઞેય કરું છું એમ ક્યાંથી આવ્યું? રાગ જ્ઞેય છે. મારી યોગ્યતાથી આ થયું છે, આ ક્રમથી આવ્યું એવું ક્યારે એને આવે છે? વસ્તુદૃષ્ટિએ જ્ઞાયક ચિદાનંદ મૂર્તિ છું. એવી દૃષ્ટિ થઈ તો પર્યાયમાં જે યોગ્યતા છે એવી પર્યાય થશે. સમજાણું કાંઈ? ક્રમે આવવાનું હશે તે આવશે. અને રાગરૂપ મારા (જ્ઞાન)નું પરજ્ઞેય છે, મારું સ્વજ્ઞેય તો આ આત્મા છે. બધા રાગ પરજ્ઞેય છે એમ હોય છે. આહા..હા..! શું કરે? આમ જો પકડવા જાય તો આમ .. અને આમ પકડવા જાય તો આમ... સમજે નહિને. ભાઈ! આ તો સમજવાની ચીજ છે. એમ સ્વચ્છંદ થવાની અને જેમ છે એમ ન માને તો એનો ભ્રમ નહિ ટળે. સમજાણું

કાંઈ? કર્મનો ઉદય આવ્યો તો અમને વિકાર થાય છે. પહેલા નહોતું કહ્યું? પુદ્ગલની સાથે તન્મય છે. અમારે શું છે? સમજાણું કાંઈ? અમને એવો ભાવ થયો, પુનર્લગ્ન કરવાનો થયો. એ તો ક્રમબદ્ધમાં આવવાનું હતું તે આવ્યું. અમારે શું? એ શું કરે છે તું? ગડબડ કરે છો. સમજાણું કાંઈ? ક્યાં તારી દૃષ્ટિ પડી છે? સમજાણું કાંઈ? આવનાર છે એનાથી જાણનાર જુદો છે? આવવાના ભાવથી આત્મા જુદો પડ્યો એ કહે છે કે અમારા ક્રમમાં આવ્યું છે. રાજમલજી! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ તો એકરૂપ થઈ ગયો એમાં. ભિન્ન પડે છે એને એમ કહે છે. એ થાય છે એ સમયે એને જાણનારો છું. મારી યોગ્યતા હતી એ સમયની તો એ થયો, પણ યોગ્યતાનું જ્ઞાન, સ્વભાવનું જ્ઞાન થયું છે એની યોગ્યતાનું જ્ઞાન સાચું છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! 'અજર પ્યાલા પીઓ મતવાલા ચિન્હી અધ્યાત્મ વાસા' એવી ચીજ છે, ભાઈ! 'આનંદઘન ચેતન વ્હૈ ખેલે, દેખે લોક તમાશા.' આહા..હા..!

કહે છે. કેટલું શબ્દમાં સમાડી દીધું છે! ઓહો..હો..! કાલે શેઠી કહેતા હતા હોં કે છોકરાને લખ્યું છે કે આ જ સમજવાની ચીજ છે. આ ભવમાં અને એ ભવમાં કામની છે. મેં કીધું એ વાત ઠીક લખી. આ ધંધામાં તો પાપ છે. એમાં કાંઈ લાભ નથી, નુકસાન થશે. ધંધો કરવામાં તો આ ભવમાં નુકસાન છે, પાપ છે. આ જ્ઞેય અધિકાર. આહા..હા..! અમૃતચંદ્રાચાર્યે કુંદકુંદાચાર્યનું પેટ ખોલીને કેવળજ્ઞાનનું પેટ ખોલી નાખ્યું લ્યો! એવી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? એ કાલે આવ્યું હતુંને. દિલ્હીમાં. ... હિંમતભાઈ. એક જુવાન બાઈ અને ઓરડામાં ચાર રાત બેસી રહ્યા. ઓલા લોકો કહે આમ નહિ રહેવાય. તો કરો ચર્ચા. સભા છોડીશ પણ એ નહિ છોડું. લ્યો! ... કહેતા હતા. આમાં આવ્યું છે. એર ઓરડામાં બે જણા રહ્યા. બીજાએ કહ્યું આ ઓરડામાં તમારે બેસી નહિ રહેવાય. કરો ચર્ચા એવું હોય તો. ચર્ચા અમારે કરવી નથી. તો બહાર નીકળી જાવ. નીકળી ગયા. બીજા ઓલામાં રહ્યા. પણ બે ભેગા રહ્યા. પણ આ તે કાંઈ... એમ કે અમારે તો વિશ્વાસ છે એની સાથે. ભાઈ! પણ આવું ક્યાં ...? એ તો નીતિ વિરૂદ્ધ છે. સમજાણું કાંઈ? એવો ભાવ કેમ થયો કે સ્ત્રી હોય મારી સન્મુખ... સમજાણું કાંઈ? એવો ભાવ જ કેમ થયો? ભાવ જ વિરૂદ્ધ છે. શેઠી! એ ભાવ પોતાનો છે, પોતાને કારણે આવ્યો છે, પરને કારણે નહિ. આહા..હા..! બ્રહ્મચારીને તો નવ વાડે બ્રહ્મચર્ય રહેવું એવી વાત છે. જ્યાં સ્ત્રી છે ત્યાં બ્રહ્મચારી રહેતા જ નથી. વ્યવહાર માનતો નથી. પણ વ્યવહારનો અર્થ શું? સમજાણું કાંઈ? હમ બ્રહ્મચારી મુનિ, આદિ સંત હોય ત્યાં સ્ત્રીના સંગમાં રહેવું જ નહિ. જે મકાનમાં સ્ત્રી હોય, નપુંસક હોય. નપુંસકના વિચાર પણ બહુ ઉલટા હોય છે. નપુંસક હોય છેને નપુંસક. પાવૈયા નહિ? હીજડાને એ. એ મલિન બહુ હોય, જ્યાં નપુંસક હોય, સ્ત્રી હોય અને પશુ હોય એમ ત્રણ

લખ્યું છે. ત્યાં બ્રહ્મચારીએ એ સ્થાનમાં ન રહેવું. એ તો વ્યવહાર થયો. ઓલું પરદ્રવ્યથી નુકસાન માન્યું. આવતું નથી સમયસારમાં? અરે સાંભળ તો ખરો. પરદ્રવ્યથી નુકસાન છે જ નહિ, પણ તારો ભાવ કેમ એના સંગમાં રહેવાનો થયો? જ્યાં અસંગ રહેવાનું છે. તદ્દન સિદ્ધપણું થવું છે જ્યાં રાગનો પણ સંગ કરવાનો નથી. એવી ચીજમાં રહેવું છે તો એકલા રહો. આમાં ક્યાં રોકા છો? સમજાણું કાંઈ? ખરેખર તો વિકલ્પથી રહિત અસંગમાં રહેવું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધાને. બ્રહ્મચારીને, મુનિઓને બધાને. સમજાણું કાંઈ? આહા..! એવી ગડબડ કરાવે. પરદ્રવ્યથી નુકસાન થાય છે? તમે એમ માન્યું? અરે સાંભળ તો ખરો, ભગવાન! પરદ્રવ્યથી નુકસાનની શું વાત? એ તો આપણે આવે છે નહિ નિર્જરા અધિકારમાં? નિર્જરા અધિકાર. પરદ્રવ્યથી નુકસાન નથી, પણ એ પરદ્રવ્યના સંગમાં તારી રુચિ કેમ થઈ? ભાવ કેમ થયો એવી વાત છે. સમજાણું કાંઈ? એ બીજી વાત છે. કોઈ એવું આવી જાય, થઈ જાય તો બીજી વાત છે. મુનિ બેઠા હોય અને હજારો રાણી આવે. એમાં એને શું? પણ એનો સંગ કરવાનો ભાવ જે છે. એમાં શું છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંગ નહિ. એ સંગનો ભાવ જ હોવો ન જોઈએ એટલી વાત. .. નથી. અરે..! ભારે માર્ગ ભાઈ! ઓહો..હો..! માર્ગ તો માર્ગ છેને. ઓહો..હો..! ઉજળો માર્ગ છે ભગવાનનો તો. નિર્મળ... નિર્મળ... નિર્મળ... ભગવાન આત્મા. ઓહો..! અંતે તો તારે સિદ્ધપદમાં એકપણે સાદિ-અનંત રહેવું છે કે નહિ ભગવાન! એકલો... એકલો... એકલો... કોઈ નહિ. અને અનંતકાળથી સિદ્ધ થયા, કોઈ યાદ કરે છે? કે આ સિદ્ધ છે .. એમ કોઈ યાદ નથી કરતા, પ્રશંસા નથી કરતા તો શું સિદ્ધપણું એનું ચાલ્યું જાય છે? બહારમાં ન પડે, દુનિયામાં પ્રસિદ્ધિ ન હોય, દુનિયા ન માને, પ્રસિદ્ધમાં ન આવે તો શું એનું સિદ્ધપદ ચાલ્યું જાય છે? સમજાણું કાંઈ? અહીંયાં થોડો એક સાધારણ થયો ગુણ.. બહારમાં દેખાવ કરીને બીજો પ્રસિદ્ધ કરો. તો એની પ્રસિદ્ધિમાં અસંગપણું રહે છે? તો એ પ્રસિદ્ધમાં બહાર આવવું છે. એ તો તારે સંગમાં આવવાનું છે. સમજાણું કાંઈ? આવી વાત છે.

અહીં તો કહે છે કે એ પરિણામ પરિણામીથી અનન્ય છે. અનન્ય સમજ્યા? શોભાલાલજી! ભિન્ન નથી બસ. અનન્ય છે, અનેરો નથી. અનન્ય છે, અભિન્ન છે. ભગવાન આત્મા તેનાથી વિકારી પરિણામ જુદા નથી. સવારે જુદું એ બીજી વાત હતી, અત્યારે જુદું.. અત્યારે પર્યાયની વાત કરીને ભિન્ન કરવાની વાત છે. સમજાણું કાંઈ? પણ હજી પરથી ભિન્નની શ્રદ્ધાનો નિર્ણય નથી તેને વિકારથી ભિન્નનું મહાસામર્થ્ય હોવું જોઈએ એ ક્યાંથી આવશે એમાં? આહા..હા..! સમજાણું કાંઈ? હવે એ પરિણામની વિશેષ વાત છે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પાઠકોની નોંધ માટે



: પ્રકાશક :
**શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
વિલે પાર્લા, મુંબઈ.
www.vitragvani.com